ભગવાનશ્રી કુંદકુંદકહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ–૧૭

ૐ

શ્રી वीतरागाय नमः

શ્રી ઉમાસ્વામી આચાર્ય વિરચિત

શ્રી

# મોક્ષશાસ્ત્ર

અર્થાત્

# તત્ત્વાર્થ સૂત્ર

f

: ટીકા સંગ્રાહક :

રામજીભાઈ માણેકચંદ દોશી
(એડવોકેટ)

i

: પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

[ ૨ ]


| | | | |
|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત ??? | વીર સં. ૨૪૮૬ | ઈ.સ. ??? |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત ??? | વીર સં. ૨૫૩૪ | ઈ.સ. ??? |
| તૃતીય આવૃત્તિ | પ્રત ??? | વીર સં. ૨૫૩૪ | ઈ.સ. ??? |


**શ્રી મોક્ષશાસ્ત્ર અર્થાત્ તત્ત્વાર્થસૂત્ર (ગુજરાતી)ના**
**✻ સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા ✻**

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા??=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા??=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા??=૦૦ રાખવામાં આવી છે.

કિંમત રૂા. ??=૦૦

મુદ્રક

**કહાન મુદ્રણાલય**
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
✆ **(02846) 244081**

# અર્પણ

## कल्याणमूर्तिश्रीसद्‌गुरुदेवने

જેમણે આ પામર પર અપાર ઉપકાર કર્યો છે. જેઓ સ્વયં મોક્ષમાર્ગે વિચરી રહ્યા છે અને પોતાની દિવ્ય–શ્રુતધારાવડે ભરતભૂમિના જીવોને સતત્‌પણે મોક્ષમાર્ગ દર્શાવી રહ્યા છે, જેમની પવિત્ર વાણીમાં મોક્ષમાર્ગના મૂળરૂપ કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય નિરંતર વરસી રહ્યું છે, અને જેમની પરમ કૃપાવડે આ ગ્રંથ તૈયાર થયો છે એવા, કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવનાર, કલ્યાણમૂર્તિ શ્રી સદ્‌ગુરુદેવને આ ગ્રંથ અત્યંત ભક્તિભાવે અર્પણ કરું છું....

દાસાનુદાસ
રામજી

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો^! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો^! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના^!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર^! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર^! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ^! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી^! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ^! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી^!

[ ૫ ]

# જૈનશાસ્ત્રની કથનપદ્ધતિ સમજીને સાચી શ્રદ્ધા કરવાની રીત

**નિશ્ચયનયવડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું, તથા વ્યવહારનયવડે જે નિરૂપણ કર્યું હોય તેને સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું.** શ્રી સમયસાર કલશ ૧૭૩માં પણ એ જ કહ્યું છે કે—'જેથી બધાય હિંસાદિ વા અહિંસાદિમાં અધ્યવસાય છે તે બધાય છોડવા એવું શ્રીજિનદેવે કહ્યું છે, તેથી હું (–આચાર્યદેવ) એમ માનું છું કે–જે પરાશ્રિત વ્યવહાર તે સઘળોય છોડાવ્યો છે; તો સત્પુરુષ એક નિશ્ચયને જ ભલા પ્રકારે નિશ્ચયપણે અંગીકાર કરી શુદ્ધજ્ઞાનઘનરૂપ પોતાના મહિમામાં સ્થિતિ કેમ કરતા નથી? (ભાવાર્થ–) અહીં વ્યવહારનો તો ત્યાગ કરાવ્યો છે, માટે નિશ્ચયને અંગીકાર કરી નિજમહિમારૂપ પ્રવર્તવું યુક્ત છે. વળી અષ્ટપ્રાભૃતમાં મોક્ષપ્રાભૃતની ૩૧મી ગાથામાં કહ્યું છે કે 'જે વ્યવહારમાં સૂતા છે તે યોગી પોતાના કાર્યમાં જાગે છે તથા જે વ્યવહારમાં જાગે છે તે પોતાના કાર્યમાં સૂતા છે, માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે. વ્યવહારનય સ્વદ્રવ્ય–પરદ્રવ્યે વા તેના ભાવોને વા કારણ–કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે **માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે, તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી, તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન કરવું.**

પ્રશ્ન :—જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે, તેનું શું કારણ?

ઉત્તર :—જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે, તેને તો **''સત્યાર્થ એમ જ છે''** એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને **''એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે''** એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ જ બન્ને નયોનું ગ્રહણ છે. પણ બન્ને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી **''આ પ્રમાણે પણ છે તથા એ પ્રમાણે પણ છે''** એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બન્ને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

✾

[ ૬ ]

# આભાર અને અભિનંદન

આ ગ્રંથને તૈયાર કરનાર માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી (એડવૉકેટ) આ સંસ્થાના પ્રમુખ છે. સદ્ધર્મની પ્રભાવના માટે તેમને ઘણી ઉચ્ચ ભાવના છે. અને તે માટે તેઓશ્રી સતતપણે પરિશ્રમ લઈ રહ્યા છે.

સં. ૧૯૯૯માં પૂ. ગુરુદેવશ્રીનું ચોમાસું રાજકોટ હતું તે વખતે 'સનાતન જૈન બ્રહ્મચર્યાશ્રમ'ના વિદ્યાર્થીઓને 'મોક્ષશાસ્ત્ર' શીખવવામાં આવતું હતું, તે વખતે તેઓશ્રીને એવી સદ્‌ભાવના જાગી કે આ શાસ્ત્રના ખરા અંતર રહસ્યને જો ગુજરાતી ભાષામાં પ્રગટ કરવામાં આવ તો સર્વે જિજ્ઞાસુઓ સહેલાઈથી તેનો લાભ પણ લઈ શકે. અને તેમની એ સદ્‌ભાવનાના ફળરૂપે જ આજે આ વિસ્તૃત ગ્રંથ પ્રસિદ્ધ થયો છે.

આ વિસ્તૃત ગ્રંથ તૈયાર કરવા માટે તેઓએ ઘણા લાંબા વખત સુધી એકધારો અત્યંત પરિશ્રમ લીધો છે અને પોતાના બહોળા શાસ્ત્રાભ્યાસનું તેમાં દોહન કર્યું છે. જ્યારે આ ટીકાનું કાર્ય ચાલતું હતું ત્યારે તો લગભગ હંમેશા પરોઢીએ ચાર વાગ્યા પહેલાં પણ ઉઠીને તેઓ લખવા બેસી જતા, અને અત્યારે પણ ઘણી વખત તેમ જોવામાં આવે છે. આવા સત્કાર્યોમાં તેમને કદી થાક લાગતો નથી. તેમની ઉંમર ૬૫ વર્ષ લગભગ હોવા છતાં પણ તેમની કાર્યશક્તિ ઘણી અજબ છે! સં. ૨૦૦૨ના માગશર સુદ ૧૦થી તેઓશ્રીએ નવી વકીલાત બંધ કરીને નિવૃત્તિ લીધી છે અને ત્યારથી તેઓ લગભગ બધો જ વખત સોનગઢમાં જ રહે છે. તેમનામાં સૂક્ષ્મ ન્યાયોને ઝીલવાની શક્તિ, વિશાળ બુદ્ધિ, ઉદારતા અને આ સંસ્થા પ્રત્યેની તેમની તીવ્ર લાગણી એ વગેરેની પ્રશંસા પૂજ્ય ગુરુદેવશ્રીના મુખેથી પણ મુમુક્ષુઓએ અનેકવાર સાંભળી છે.

તેઓશ્રીએ આ પહેલાં 'મોક્ષની ક્રિયા' નામનું પુસ્તક લખ્યું છે. તે મુમુક્ષુઓમાં ઘણું પ્રિય થયું છે, તેની બીજી આવૃત્તિ સુધારા વધારા સાથે 'ધર્મની ક્રિયા' એ નામથી પ્રગટ થઈ છે. આ સંસ્થા તરફથી પ્રગટ થતું કોઈ લખાણ તેઓશ્રી વાંચી ગયા પછી જ છપાવવામાં આવે છે.

એ ઉપરાંત, છેલ્લાં છ વર્ષથી પ્રગટ થતા 'આત્મધર્મ માસિક'ના તેઓ સંપાદક છે. 'આત્મધર્મ'ને સરળ અને સુંદર બનાવીને સદ્ધર્મ પ્રચાર કરવા માટે તેઓશ્રીએ જે પરિશ્રમ લીધો છે તેના પરિણામે આજે આત્મધર્મનો ઘણો વિસ્તૃત પ્રચાર થયો છે, અને તેના દ્વારા


હજારો મુમુક્ષુઓ તત્ત્વજ્ઞાનનો લાભ મેળવે છે. જૈન પત્રોમાં 'આત્મધર્મ'નું સ્થાન સૌથી અગ્રસ્થાને છે.

તેઓશ્રીએ અનેક પ્રકારે આ સંસ્થાની ઘણી ઘણી સેવા કરી છે, તેઓ આ સંસ્થાના એક આધાર છે, તેમનાથી આ સંસ્થા ગૌરવવંત છે. આવા પ્રમુખ મળ્યા છે તે મુમુક્ષુઓનાં પણ મહાભાગ્ય છે. આ ગ્રંથદ્વારા તો તેઓએ ગુજરાતી જૈનસાહિત્યમાં એક અત્યંત ઉપયોગી ગ્રંથનો ઉમેરો કરીને મોટી ખોટ પૂરી છે અને એ રીતે તેઓએ સમગ્ર જૈનસમાજની સેવા કરી છે.

તેઓ જૈનશાસનની જે સેવા કરી રહ્યા છે તે બદલ આ સંસ્થાના ટ્રસ્ટીઓ અને સમસ્ત મુમુક્ષુઓ તેમનો અત્યંત આભાર માને છે અને તેમને બહુમાન પૂર્વક અભિનંદન આપે છે.

વીર સં. ૨૪૭૫
અષાઢ સુદ–૨
સોનગઢ

સર્વે ટ્રસ્ટીઓ વતી
(ટ્રસ્ટી)
પ્રેમચંદ મગનલાલ



[ ૮ ]

## મોક્ષશાસ્ત્ર-ગુજરાતી ટીકા

# પ્રસ્તાવના

### (૧) શાસ્ત્રના કર્તા તથા શાસ્ત્રની ટીકાઓ

આ મોક્ષશાસ્ત્રના કર્તા ભગવાન **શ્રી ઉમાસ્વામીઆચાર્ય** છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના તેઓ મુખ્ય શિષ્ય હતા અને તેઓ 'શ્રી ઉમાસ્વાતિ' નામથી પણ ઓળખાય છે. ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય પછી તેઓશ્રી આચાર્યપદે બિરાજમાન થયા હતા. તેઓશ્રી વિક્રમ સંવતા બીજા સૈકામાં થઈ ગયા છે.

જૈન સમાજમાં આ શાસ્ત્ર અત્યંત પ્રસિદ્ધ છે. આની એક એ વિશેષતા છે કે જૈન આગમોમાં સંસ્કૃત ભાષામાં સર્વ પ્રથમ આ શાસ્ત્ર રચાયું છે; આ શાસ્ત્ર ઉપર શ્રીપૂજ્યપાદસ્વામી, શ્રીઅકલંકસ્વામી અને શ્રીવિદ્યાનંદીસ્વામી જેવા સમર્થ આચાર્યદેવોએ વિસ્તૃત ટીકાની રચના કરી છે. શ્રીસર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક, શ્લોકવાર્તિક, અર્થપ્રકાશિકા આદિ ગ્રંથો આ શાસ્ત્ર ઉપરની જ ટીકાઓ છે, બાળકથી માંડીને મહાપંડિત એ સર્વેને આ શાસ્ત્ર ઉપયોગી છે. આ શાસ્ત્રની રચના ઘણી જ આકર્ષક છે, ઘણા અલ્પ શબ્દોમાં દરેક સૂત્રની રચના છે અને તે સૂત્રો સહેલાઈથી યાદ રાખી શકાય તેવાં છે, ઘણા જૈનો તેના સૂત્રો મોઢે કરે છે. જૈન પાઠશાળાઓના પાઠ્ય-પુસ્તકોમાં આ એક મુખ્ય છે. હિંદીમાં આ શાસ્ત્રની ઘણી આવૃત્તિઓ છપાઈ ગઈ છે.

### (૨) શાસ્ત્રના નામની સાર્થકતા

આ શાસ્ત્રમાં પ્રયોજનભૂત તત્ત્વોનું વર્ણન ઘણી જ ખૂબીથી આચાર્યભગવાને ભરી દીધું છે. પથભ્રાન્ત સંસારી જીવોને આચાર્યદેવે મોક્ષનો માર્ગ દર્શાવ્યો છે; શરૂઆતમાં જ 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે' એમ જણાવીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું વર્ણન કર્યું છે. એ રીતે મોક્ષમાર્ગનું પ્રરૂપણ હોવાથી આ શાસ્ત્ર **'મોક્ષશાસ્ત્ર'** નામથી ઓળખાય છે. તેમજ આમાં જીવ-અજીવાદિ સાત તત્ત્વોનું વર્ણન હોવાથી **'તત્ત્વાર્થસૂત્ર'** નામથી પણ આ શાસ્ત્ર પ્રસિદ્ધ છે.

### (૩) શાસ્ત્રના વિષયો

આ શાસ્ત્ર કુલ ૧૦ અધ્યાયોમાં વિભક્ત છે અને તેમાં કુલ ૩૫૭ સૂત્રો છે. પહેલાં અધ્યાયમાં ૩૩ સૂત્રો છે; તેમાં પહેલા જ સૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેની એકતાને મોક્ષમાર્ગ તરીકે જણાવીને પછી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું વિવેચન કર્યું છે. બીજા અધ્યાયમાં ૫૩ સૂત્રો છે, તેમાં જીવતત્ત્વનું વર્ણન છે. જીવના પાંચ અસાધારણ ભાવો, જીવનું લક્ષણ તથા

ઈન્દ્રિય, યોનિ, જન્મ, શરીરાદિ સાથેના સંબંધનું વિવેચન કર્યું છે. ત્રીજા અધ્યાયમાં ૩૯ સૂત્રો છે તથા ચોથા અધ્યાયમાં ૪૨ સૂત્રો છે. આ બંને અધ્યાયોમાં સંસારી જીવને રહેવાનાં સ્થાનરૂપ અધો, મધ્ય અને ઊર્ધ્વ એ ત્રણ લોકનું વર્ણન છે અને નરક, તિર્યંચ, મનુષ્ય તથા દેવ એ ચાર ગતિઓનું વિવેચન છે. પાંચમા અધ્યાયમાં ૪૨ સૂત્રો છે અને તેમાં અજીવતત્ત્વનું વર્ણન છે; તેથી પુદ્‌ગલાદિ અજીવદ્રવ્યોનું વર્ણન કર્યું છે; એ ઉપરાંત દ્રવ્ય, ગુણ, પર્યાયના લક્ષણનું વર્ણન ઘણું ટૂંકામાં વિશિષ્ટ રીતે જણાવ્યું છે—એ આ અધ્યાયની ખાસ વિશેષતા છે. છટ્ઠા અધ્યાયમાં ૨૭ તથા સાતમા અધ્યાયમાં ૩૯ સૂત્રો છે; આ બન્ને અધ્યાયોમાં આસ્રવતત્ત્વનું વર્ણન છે. છટ્ઠા અધ્યાયમાં પ્રથમ આસ્રવનું સ્વરૂપ વર્ણવીને પછી આઠે કર્મોના આસ્રવનાં કારણો જણાવ્યાં છે. સાતમા અધ્યાયમાં શુભાસ્રવનું વર્ણન છે, તેમાં બાર વ્રતોનું વર્ણન કરીને તેના આસ્રવના કારણમાં સમાવેશ કર્યો છે, આ અધ્યાયમાં શ્રાવકાચારના વર્ણનનો સમાવેશ થઈ જાય છે. આઠમા અધ્યાયમાં ૨૬ સૂત્રો છે અને તેમાં બંધતત્ત્વનું વર્ણન છે. બંધના કારણોનું તથા તેના ભેદોનું અને સ્થિતિનું વર્ણન કર્યું છે. નવમા અધ્યાયમાં ૪૭ સૂત્રો છે અને તેમાં સંવર તથા નિર્જરા એ બે તત્ત્વોનું ઘણું સુંદર વિવેચન છે, તથા નિર્ગ્રંથ મુનિઓનું સ્વરૂપ પણ જણાવ્યું છે. એટલે આ અધ્યાયમાં સમ્યક્ચારિત્રના વર્ણનનો સમાવેશ થઈ જાય છે. પહેલા અધ્યાયમાં સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનનું વર્ણન કર્યું હતું અને આ નવમા અધ્યાયમાં સમ્યક્ચારિત્રનું (–સંવર, નિર્જરાનું) વર્ણન કર્યું. એ રીતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું વર્ણન પૂરું થતાં છેલ્લે દશમા અધ્યાયમાં નવસૂત્રો દ્વારા મોક્ષતત્ત્વનું વર્ણન કરીને શ્રીઆચાર્યદેવે આ શાસ્ત્ર પૂર્ણ કર્યું છે.

સંક્ષેપથી જોતાં આ શાસ્ત્રમાં સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગ, પ્રમાણ–નય–નિક્ષેપ, જીવ–અજીવાદિ સાત તત્ત્વો, ઊર્ધ્વ–મધ્ય–અધો એ ત્રણ લોક, ચાર ગતિઓ, છ દ્રવ્યો અને દ્રવ્ય–ગુણ–પર્યાય–એ બધાનું સ્વરૂપ આવી જાય છે. એ રીતે આચાર્યભગવાને આ શાસ્ત્રમાં તત્ત્વજ્ઞાનનો ભંડાર ઘણી ખૂબીથી ભરી દીધો છે.

## (૪) શાસ્ત્રના કથનનો પ્રકાર

આ શાસ્ત્રમાં પર્યાયાર્થિકનયની મુખ્યતાથી વસ્તુસ્વરૂપનું કથન કરવામાં આવ્યું છે, તેથી તેમાં એક દ્રવ્યનો બીજા દ્રવ્યની સાથે સંબંધ પણ જણાવ્યો છે, પરંતુ વર્તમાન જૈન સમાજમાં 'નય'–સંબંધીના યથાર્થજ્ઞાનની પ્રાયઃ શૂન્યતા દેખાય છે, તેથી સમાજનો મોટો ભાગ આ શાસ્ત્રના સાચા મર્મથી અજ્ઞાત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ–એવું વસ્તુસ્વરૂપ છે, તેથી જ્યાં જ્યાં એક દ્રવ્યને બીજા દ્રવ્યની સાથે સંબંધ જણાવવામાં આવે ત્યાં ત્યાં એમ સમજવું કે તે સંબંધ માત્ર નિમિત્તનૈમિત્તિકપણાનો છે, પણ જુદાં દ્રવ્યોને કર્તાકર્મસંબંધ જરા પણ હોઈ શકતો નથી. જ્યાં પર્યાયનું અને તેના નિમિત્તનું જ્ઞાન કરાવવું હોય ત્યાં ઘણી વાર નિમિત્તની મુખ્યતાથી કથન કરવામાં આવે છે. પણ નિમિત્તથી કોઈ કાર્ય થતું નથી. આ શાસ્ત્રમાં પણ ઘણી જગ્યાએ નિમિત્તની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું છે. સાધકદશાની ભૂમિકાનુસાર અમુક પ્રકારનો જ રાગ અને

નિમિત્ત–નૈમિત્તિકનો મેળ હોય છે. એનાથી વિરુદ્ધ હોય નહીં એમ જ્ઞાન કરાવવા માટે વ્યવહારનય અને તેનો વિષય જાણવા માટે તેનું કથન હોય છે. અને તેવા સૂત્રોની ટીકામાં તે કથનના ભાવોને સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તેના અભ્યાસથી ધર્મી જિજ્ઞાસુઓને સત્યસ્વરૂપ સમજવું સુગમ થશે.

## (૫) આ શાસ્ત્રની ગુજરાતી ટીકાના આધારભૂત શાસ્ત્રો

આ ટીકાનો સંગ્રહ મુખ્યપણે શ્રીસર્વાર્થસિદ્ધિ, શ્રીતત્ત્વાર્થરાજવાર્તિક, શ્રીશ્લોકવાર્તિક, શ્રીઅર્થપ્રકાશિકા, શ્રીસમયસાર, શ્રીપ્રવચનસાર, શ્રીપંચાસ્તિકાય, શ્રીનિયમસાર, શ્રીધવલાશાસ્ત્ર તથા શ્રીમોક્ષમાર્ગપ્રકાશક વગેરે અનેક સત્‌શાસ્ત્રોના આધારે કરવામાં આવેલ છે.

## (૬) પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાનું ફળ

પરમપૂજ્ય સત્‌પુરુષ અધ્યાત્મયોગી પરમસત્ય જૈનધર્મના મર્મના પારગામી અને અદ્વિતીય ઉપદેશક શ્રી કાનજીસ્વામીને, આ ગ્રંથનું લખાણ તૈયાર કર્યા પછી વાંચી જવા માટે મેં વિનંતિ કરતાં તેઓશ્રીએ તે સ્વીકારવા કૃપા કરી; તેના ફળરૂપે તેઓશ્રીએ જે જે સુધારાઓ સૂચવ્યા તે દાખલ કરી આ ગ્રંથનું લખાણ પ્રેસમાં મોકલવામાં આવ્યું હતું. એ રીતે આ ગ્રંથ તેઓશ્રીની કૃપાનું ફળ છે—એમ જણાવવા રજા લઉં છું. તેઓશ્રીની આ કૃપા માટે તેઓશ્રીનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે એમ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

## (૭) મુમુક્ષુ વાંચકોને ભલામણ

મુમુક્ષુઓએ આ ગ્રંથનો સૂક્ષ્મદ્રષ્ટિથી અને મધ્યસ્થપણે અભ્યાસ કરવો. સત્શાસ્ત્રનો ધર્મબુદ્ધિવડે અભ્યાસ કરવો તે સમ્યગ્દર્શનનું કારણ છે. આ ઉપરાંત શાસ્ત્રાભ્યાસમાં નીચેની બાબતો ખાસ લક્ષમાં રાખવી :—

૧. સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે.

૨. સમ્યગ્દર્શન પ્રગટ કર્યા સિવાય કોઈ પણ જીવને સાચાં વ્રત, સામાયિક, પ્રતિક્રમણ, તપ, પ્રત્યાખ્યાન વગેરે ક્રિયાઓ હોય નહિ, કેમ કે તે ક્રિયાઓ પ્રથમ પાંચમા ગુણસ્થાને શુભભાવરૂપે હોય છે.

૩. શુભભાવ જ્ઞાની અને અજ્ઞાની બંનેને થાય છે, પણ અજ્ઞાની જીવ એમ માને છે કે–તેનાથી ધર્મ થશે. પણ જ્ઞાનીઓને તે હેયબુદ્ધિએ હોવાથી, તેનાથી ધર્મ થશે એમ તેઓ કદી માનતા નથી.

૪. આ ઉપરથી શુભભાવ કરવાની ના પાડવામાં આવે છે એમ સમજવું નહિ; પણ તે શુભભાવને ધર્મ માનવો નહિ, તેમ જ તેનાથી ક્રમેક્રમે ધર્મ થશે એમ માનવું નહિ; કેમ કે તે વિકાર હોવાથી અનંત વીતરાગદેવોએ તેને બંધનું કારણ કહ્યું છે.

૫. દરેક વસ્તુ દ્રવ્ય–ગુણ–પર્યાયથી સ્વતંત્ર છે; એક વસ્તુ બીજી વસ્તુનું કાંઈ કરી શકે નહિ, પરિણમાવી શકે નહિ, પ્રેરણા કરી શકે નહિ અસર–મદદ કે ઉપકાર કરી શકે નહિ, લાભ–નુકશાન કરી શકે નહિ, મારી–જીવાડી શકે નહિ, સુખ–દુઃખ આપી શકે નહિ—એવી દરેક દ્રવ્ય–ગુણ–પર્યાયની સ્વતંત્રતા અનંત જ્ઞાનીઓએ પોકારી પોકારીને કહી છે.

૬. જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય; હવે સમ્યક્ત્વ તો સ્વ–પરનું શ્રદ્ધાન થતાં થાય છે, માટે યથાર્થ શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થવું.

૭. પહેલા ગુણસ્થાને જિજ્ઞાસુ જીવોને જ્ઞાની પુરુષના ધર્મોપદેશનું શ્રવણ, નિરંતર તેમનો સમાગમ, સત્શાસ્ત્રનો અભ્યાસ, વાંચન–મનન, દેવદર્શન, પૂજા, ભક્તિ, દાન વગેરે શુભભાવો હોય છે. પરંતુ પહેલા ગુણસ્થાને સાચાં વ્રત–તપ વગેરે હોતાં નથી.

આ શાસ્ત્ર તૈયાર કરવામાં ભાઈશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ તથા બ્રહ્મચારી ગુલાબચંદભાઈ વગેરે ભાઈઓએ અનેક પ્રકારની મદદ આપી છે તે બદલ તે સર્વેનો આભાર માનવાની રજા લઉં છું.

વીર નિર્વાણ સં. ૨૪૭૫
અષાઢ સુદ–૨

રામજી માણેકચંદ દોશી
–પ્રમુખ–
**શ્રી દિ૦ જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
સોનગઢ



[ ૧૨ ]

## મોક્ષશાસ્ત્ર ગુજરાતી ત્રીજી આવૃત્તિની

# પ્રસ્તાવના

આ શાસ્ત્રમાં આવેલા વિષયો અને તેની સાથે સંબંધ રાખતા બીજા વિષયોની સ્પષ્ટતાની જરૂરિયાત હોવાથી આ પ્રસ્તાવના લખવામાં આવી છે.

### તત્ત્વાર્થોની યથાર્થ શ્રદ્ધા કરવા માટે કેટલાક વિષયો ઉપર પ્રકાશ

૧. અ. ૧ સૂત્ર ૧. ''સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ'' આ સૂત્રના સંબંધમાં શ્રી નિયમસારશાસ્ત્ર ગા. ૨ની ટીકામાં શ્રી પદ્મપ્રભમલધારીદેવે કહ્યું છે કે 'સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એવું વચન હોવાથી માર્ગ તો શુદ્ધ રત્નત્રય છે. નિજપરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન–જ્ઞાન–અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રય માર્ગ **પરમનિરપેક્ષ હોવાથી** મોક્ષનો ઉપાય છે......તેથી આ સૂત્રમાં શુદ્ધરત્નત્રય અર્થાત્ નિશ્ચય મોક્ષમાર્ગની વ્યાખ્યા છે, વ્યવહારમોક્ષમાર્ગની આ વ્યાખ્યા નથી.

૨. સૂત્ર ૨. 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' અહીં સમ્યગ્દર્શન શબ્દ છે તે નિશ્ચયસમ્યગ્દર્શન છે અને તે જ પહેલાં સૂત્ર સાથે સુસંગત અર્થ વાળો છે. શાસ્ત્રોમાં જ્યારે સાત તત્ત્વોને ભેદરૂપ દેખાડવાનું પ્રયોજન હોય છે ત્યારે પણ 'તત્ત્વાર્થશ્રદ્ધાન' આવા શબ્દો લખેલા હોય છે, ત્યાં તેનો અર્થ 'વ્યવહાર સમ્યગ્દર્શન' કરવો જોઈએ.

આ સૂત્રમાં તો 'તત્ત્વાર્થશ્રદ્ધાન' શબ્દ સાત તત્ત્વોને અભેદરૂપ દેખાડવાને માટે છે તેથી સૂત્ર ૨માં નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે.

આ સૂત્રમાં 'નિશ્ચય સમ્યગ્દર્શન'ની વ્યાખ્યા કરી છે, તેના કારણો આ શાસ્ત્રમાં પાના ૧૦ થી ૧૭ સુધીમાં સ્પષ્ટપણે જણાવ્યાં છે. તે જિજ્ઞાસુઓને સાવધાની પૂર્વક વાંચવાની ભલામણ કરવામાં આવે છે.

૩. પ્રશ્ન :—વસ્તુસ્વરૂપ અનેકાન્તાત્મક છે અને જૈન શાસ્ત્રો અનેકાન્ત વિદ્યાનું પ્રતિપાદન કરે છે, તો સૂત્ર ૧માં કહેલ નિશ્ચયમોક્ષમાર્ગ અર્થાત્ શુદ્ધ રત્નત્રય અને બીજા સૂત્રમાં કહેલ નિશ્ચય સમ્યગ્દર્શનને અનેકાન્ત કઈ રીતે ઘટે છે?

ઉત્તર :—(૧) નિશ્ચય મોક્ષમાર્ગ જ ખરો મોક્ષમાર્ગ છે અને વ્યવહાર મોક્ષમાર્ગ સાચો મોક્ષમાર્ગ નથી અને નિશ્ચય સમ્યગ્દર્શન તે જ સાચું સમ્યગ્દરશન છે, વ્યવહાર સમ્યગ્દર્શન સાચું સમ્યગ્દર્શન નથી. આવું અનેકાન્ત છે.

(૨) તે સ્વાશ્રયે જ પ્રગટી શકે છે અને પરાશ્રયે કદી પ્રગટી શકતું નથી એવું અનેકાન્ત છે.

(૩) મોક્ષમાર્ગ **પરમ નિરપેક્ષ** છે અર્થાત્ તેને પરની અપેક્ષા નથી અને તે ત્રણે કાળે પોતાની અપેક્ષાથી જ પ્રગટ થઈ શકે છે, આ અનેકાન્ત છે.

(૪) તેથી તે પ્રગટ થવામાં આંશિક સ્વાશ્રયપણું અને આંશિક પરાશ્રયપણું છે—(એટલે તેને નિમિત્ત, વ્યવહાર, ભેદ વગેરેનો આશ્રય છે) એમ માનવું તે સાચું અનેકાન્ત નથી પણ મિથ્યા–અનેકાન્ત છે, એ પ્રમાણે નિઃસંદેહ નિર્ણય કરવો તે જ અનેકાન્ત વિદ્યા છે.

(૫) નિશ્ચય મોક્ષમાર્ગ સ્વાશ્રયે પણ પ્રગટે અને પરાશ્રયે પણ પ્રગટે, એમ માનવામાં આવે તો નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ (કે જે પરસ્પર વિરુદ્ધતા લક્ષણ સહિત છે તે તેવું ન રહીને) એકમેક થઈ જાય અને તેથી નિશ્ચય અને વ્યવહાર બન્નેનો નાશ થઈ જાય.

(૬) અ. ૧. સૂ. ૭–૮માં નિશ્ચય સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરવાના અમુખ્ય–(ગૌણ) ઉપાયોનું વર્ણન કર્યું છે. તેવા ઉપાયો અમુખ્ય અર્થાત્ ભેદ અને નિમિત્તમાત્ર છે. જો તેમના આશ્રયથી અંશ માત્ર પણ નિશ્ચય ધર્મ પ્રગટ થઈ શકે છે એમ માનવામાં આવે તો તે ઉપાયો અમુખ્ય ન રહીને, મુખ્ય (નિશ્ચય) થઈ જાય એમ સમજવું, અમુખ્ય એટલે ગૌણ અને ગૌણ (ઉપાય) ને હેય = છોડવાયોગ્ય કહેલ છે (જુઓ, પ્રવચનસાર ગાથા ૫૩ની ટીકા.)

જે જીવે સ્વસન્મુખ થઈને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હોય તેવા જીવને નિમિત્ત–જે અમુખ્ય ઉપાય છે તે કેવાં કેવાં હોય છે તે આ સૂત્રમાં બતાવ્યું છે. નિમિત્ત પરપદાર્થ છે તેને જીવ મેળવી શકે નહીં; લાવી શકે કે ગ્રહણ કરી શકે નહીં.

''उपादान निश्चय जहाँ, तहँ निमित्त पर होय.''

(बनारसीदासजी)

વળી આ વિષયમાં મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૩૩૧માં એમ કહ્યું છે કે "માટે જે જીવ પુરુષાર્થ કરીને મોક્ષનો ઉપાય કરે છે, **તેને તો સર્વ કારણો મળે છે, અને તેને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે, એમ નક્કી કરવું.''**

શ્રી પ્રવચનસાર ગા. ૧૬ની ટીકામાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ પણ કહે છે કે—

"નિશ્ચયથી પર (દ્રવ્ય) સાથે આત્માને કારકતાનો સંબંધ નથી, કે જેથી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિને માટે સામગ્રી (બાહ્ય સાધન) ગોતવાની વ્યગ્રતાથી જીવ (વ્યર્થ) પરતંત્ર થાય છે."

(૭) આ શાસ્ત્રના આઠમા પાનામાં નિયમસારશાસ્ત્રનો આધાર આપીને નિશ્ચયસમ્યગ્દર્શન–જ્ઞાન-ચારિત્ર પર પરમનિરપેક્ષ છે એમ દર્શાવ્યું છે તેથી તેનું એક અંગ જે નિશ્ચયસમ્યગ્દર્શન છે તે પણ પરમનિરપેક્ષ છે એટલે કે તે આત્માના આશ્રયે જ અને પરથી નિરપેક્ષ જ થાય છે એમ સમજવું. **'જ'** શબ્દ વસ્તુસ્થિતિની મર્યાદારૂપે સાચો નિયમ બતાવવાને માટે છે.

અ. ૧ સૂત્ર ૩૩, નૈગમનયના ત્રણભેદ તેમાં ભૂતનૈગમનયની મુખ્યતા.

## નૈગમનય

આ શાસ્ત્રમાં નયો સાત કહેવામાં આવ્યા છે તેમાં પહેલો નય નૈગમનય છે. એ નૈગમનય ત્રણ પ્રકારનો છે. ભૂતનૈગમનય, વર્તમાનનૈગમ અને ભાવિનૈગમ. આ નયોનાં દૃષ્ટાંતો નીચે મુજબ છે.

## ભૂતનૈગમનય

૧. શ્રી નિયમસાર ગા. ૧૯ની ટીકામાં કહ્યું છે કે "અહીં ભૂતનૈગમનયની અપેક્ષાએ ભગવંત સિદ્ધોને પણ વ્યંજનપર્યાયવાળાપણું અને અશુદ્ધપણું સંભવે છે, કેમકે પૂર્વ કાળે તે ભગવંતો સંસારી હતા એવો વ્યવહાર છે.

જુઓ, સિદ્ધ ભગવંતો વર્તમાનમાં સંસારી નથી પણ સિદ્ધ છે છતાં તેમને ભૂતનૈગમનય લાગુ પાડી તેઓ વર્તમાનમાં સંસારી છે એમ કહેવામાં આવે છે. તેનું પ્રયોજન એ બતાવવાનું છે કે તેઓ ભૂતકાળમાં સંસારી હતા અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા કરી, મોક્ષમાર્ગ પ્રગટ કરી મોક્ષ પામ્યા. માટે ભવ્ય જીવોએ તે નિશ્ચયમોક્ષમાર્ગ અંગીકાર કરવો જોઈએ.

૨. શ્રી પરમાત્મપ્રકાશ અ. ૨ ગા. ૧૪ની ટીકા પૃ. ૧૨૯ ત્રીજી આવૃત્તિમાં કહ્યું છે કે :—

"xxx અથવા સાધક વ્યવહાર મોક્ષમાર્ગ, સાધ્ય નિશ્ચય મોક્ષમાર્ગ. અહીં શિષ્ય કહે છે કે નિશ્ચયમોક્ષમાર્ગ નિર્વિકલ્પ છે, તે કાળે સવિકલ્પ મોક્ષમાર્ગ નથી. નથી તે સાધક કેવી રીતે થાય? ત્યાં તેનો પરિહાર એ છે કે **ભૂતનૈગમનયે પરંપરાએ છે.**"

જુઓ, આ સ્વરૂપ બરાબર ધ્યાનમાં રાખવા જેવું છે. શ્રી તત્ત્વજ્ઞાન તરંગિણીશાસ્ત્ર અ. ૭, ગા. ૫માં કહ્યું છે કે હે આત્મન્! આ વ્યવહારમાર્ગ ચિંતા, ક્લેશ, કષાય અને શોકથી જટિલ (મુંઝવણ ભરેલો) છે. દેહાદિ દ્વારા સાધ્ય હોવાથી પરાધીન છે, કર્મોને લાવવાનું કારણ છે, અત્યંત વિકટમય તેમ જ આશાથી વ્યાપ્ત છે અને વ્યામોહ કરવાવાળો છે; પરંતુ શુદ્ધનિશ્ચયનયરૂપ માર્ગમાં એવી કોઈ વિપત્તિ નથી. તેથી **તું વ્યવહારનયનો ત્યાગ કરી** શુદ્ધનિશ્ચયનયરૂપ માર્ગનું અવલંબન કર, કેમ કે આ લોકની તો શું વાત! પરલોકમાં પણ તે સુખનો દેવાવાળો છે અને સમસ્ત દોષોથી રહિત નિર્દોષ છે.

**ભાવાર્થ :**—વ્યવહારનયરૂપ માર્ગમાં ગમન કરવાથી નાના પ્રકારની ચિંતાઓનો–જુદી જુદી જાતનાં ક્લેશ–કષાય–શોકોનો સામનો કરવો પડે છે. તેમાં દેહ–ઇન્દ્રિય–મન આદિની આવશ્યકતા પડે છે **તેથી તે પરાધીન છે. શુભ–અશુભ બંને** પ્રકારના કર્મ પણ વ્યવહારનયના અવલંબનમાં આવે છે, અત્યંત વિષમ છે, તેને અનુસરનારા પુરુષોને અનેક પ્રકારના ભય અને આશાઓથી ઉત્પન્ન થતું દુઃખ ભોગવવું પડે છે. પરંતુ શુદ્ધ નિશ્ચયનયરૂપ માર્ગમાં ગમન કરતાં **તે સ્વાધીન છે.** તેમાં શરીરાદિકની આવશ્યકતા પડતી નથી. **તેના અવલંબનમાં કોઈ પણ પ્રકારનાં કર્મોનો પણ આસ્રવ થતો નથી.** તેમાં વિકટ અને ભય તથા આશાજન્ય દુઃખ પણ ભોગવવાનું હોતું નથી. **તે વ્યામોહ પણ ઉત્પન્ન કરતો નથી,** તે બન્ને લોકમાં સુખ દેવાવાળો અને નિર્દોષ છે. **માટે એવા ભયંકર** વ્યવહાર માર્ગને છોડી સર્વોત્તમ નિશ્ચય મોક્ષમાર્ગમાં ગમન કરવું જોઈએ. ૫.''

૩. એ બરાબર ખ્યાલમાં રાખવું જોઈએ કે સમ્યગ્દ્રષ્ટિ જીવને આંશિકશુદ્ધ પરિણતિ સહિત ઉપર કહ્યો તેવો વ્યવહાર મોક્ષમાર્ગ ગુણસ્થાનકમાં જબરજસ્તીથી પોતાની ભૂમિકા અનુસાર આવ્યા વિના રહેતો નથી તે પ્રત્યે તેને હેયબુદ્ધિ હોય છે–વિયોગબુદ્ધિએ અતન્મયપણે હોય છે. તેને તે દૂરથી ઓળંગી જઈને, નિર્વિકલ્પદશા પ્રગટ કરે છે; બીજા શબ્દોમાં કહીએ તો તેનો તે પરિહાર કરે છે. (જુઓ, શ્રી પ્રવચનસાર ગા. ૫. નીચેની બન્ને આચાર્યોની ટીકા).

૪. તે સમ્યગ્દ્રષ્ટિ જીવ, વ્યવહારનું આલંબન પુરુષાર્થ વધારી છોડે છે અને નિર્વિકલ્પ દશા પ્રગટ કરે છે, ત્યારે તેને તે શાસ્ત્રના નય અધિકારની ગા. ૧૬–૧૭ લાગુ પડે છે.

તે ગાથાઓનો અર્થ નીચે પ્રમાણે છે—

૫. ''જે મહાનુભાવ મોક્ષરૂપી સંપત્તિને પ્રાપ્ત થયા–પ્રાપ્ત કરે છે અને કરશે તે સહુએ પ્રથમ વ્યવહારનયનું આલંબન કર્યું હતું; કેમ કે વિના કારણ, કાર્ય કદાપિ થઈ શકતું નથી. વ્યવહારનય કારણ છે અને નિશ્ચયનય કાર્ય છે તેથી વિના વ્યવહાર, નિશ્ચય પણ કદાપિ હોઈ શકતો નથી. ।।૧૬–૧૭।।

૬. અહીં જે જીવોને હેયબુદ્ધિએ, જે વ્યવહાર માર્ગરૂપ સરાગ ચારિત્ર હતું તેનો તેમણે અભાવ કર્યો ત્યારે વ્યવહારને ભૂતનૈગમનયે કારણ કહ્યું. જેઓ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટશે એમ માને છે તે તો વ્યવહારનો ત્યાગ કરી શકે નહીં, તે તો વ્યવહારને દૂર ઓળંગી જવા માગતા નથી, તે તો પરાધીનતામાં રહેતાં રહેતાં, સ્વાધીનતા પ્રગટશે એમ માને છે–એ માન્યતા વિપરીત હોવાથી, તેમને નિર્વિકલ્પ દશારૂપ નિશ્ચય ચારિત્ર કદી થાય નહીં–તે કદી પ્રગટે જ નહીં. મિથ્યા માન્યતા સાથે યથાર્થ વ્યવહાર કદી હોતો નથી; તેથી તેને વ્યવહારનો અભાવ થાય નહીં. તેથી તેવો વ્યવહાર કારણ છે તે ભૂતનૈગમનયનું કથન છે. તે ભૂતનૈગમનયનું કથન હોવાથી, વ્યવહારનો અભાવ તે કારણ છે અને તેનો અભાવ થાય ત્યારે વ્યવહારને બહિરંગ કારણ કહેવાય છે. (જુઓ, શ્રી પંચાસ્તિકાય ગા. ૧૬૦, શ્રી જયસેન આચાર્યકૃત ટીકા)

૭. આ ગાથાઓ પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ કહે છે. ત્યાં વ્યવહારનો અભાવ થતાં થતાં નિશ્ચય થાય છે એમ સમજવું. જેમ પ્રથમ બાળકપણું, પછી યુવાનપણું-તેમાં જે જીવ બાળકપણામાં ગુજરી ન જાય તેને યુવાનપણું થતાં બાળકપણાનો અભાવ થાય છે-તેથી બાળકપણું કારણ અને યુવાનપણું કાર્ય-તેની માફક ભૂતનૈગમનયે પરંપરાએ વ્યવહાર (અભાવ થતાં) કારણ અને નિશ્ચય કાર્ય એમ સમજવું.

## ઉપરના કથનનો સાર

(૧) સમ્યગ્દષ્ટિ જીવોને અંશે નિશ્ચય દશા અને અંશે વ્યવહાર દશા એકી સાથે હોય છે.

(૨) તેનાથી ક્રમે ક્રમે વ્યવહાર દશાનો અભાવ અને નિશ્ચય દશાની વૃદ્ધિ પોતપોતાના ગુણસ્થાન અનુસાર થયા કરે છે; એ પ્રમાણે પૂર્ણ વીતરાગરૂપ નિશ્ચયદશારૂપ બારમા ગુણસ્થાનમાં હોય છે, ત્યાં વ્યવહાર ચારિત્રનો અભાવ હોય છે; બીજા વ્યવહાર હોય છે તે જુદી વાત છે.

(૩) તેમાં જે દશાઓ અભાવ થયો તે વર્તમાન અંશ છે એમ ગણી તેને **ભૂતનૈગમનયે** વ્યવહારસાધન, કારણસાધક-બહિરંગસાધક-નિમિત્તકારણ કહેવામાં આવે છે.

(૪) વ્યવહારદશાનો અંશે પણ અભાવ ન થાય તો નિશ્ચયદશામાં વૃદ્ધિ ન થાય તેથી વ્યવહાર વિના નિશ્ચય ન થાય એમ કહેવામાં આવે છે પણ ખરેખર તો વ્યવહારના અભાવથી જ નિશ્ચયદશામાં વૃદ્ધિ થાય છે.

(૫) ભૂતનૈગમનયનું જ્ઞાન કરાવવાનું એક પ્રયોજન એ પણ છે કે અનેક સંપ્રદાયો સાધકદશાની ભૂમિકાથી વિરુદ્ધ-અનેકપ્રકારના વ્યવહારો કહે છે તે યથાર્થ નથી. પણ ભગવાન સર્વજ્ઞના જ્ઞાનમાં આવ્યા પ્રમાણેનો જ વ્યવહાર (-નિમિત્તપણે-સહચરહેતુપણે) હોવો જોઈએ અને આ જાતના વ્યવહારનો અભાવ કરી નિશ્ચયદશાની વૃદ્ધિ થાય છે.

(૬) વ્યવહાર પંચાચારરૂપ સહકારી કારણથી ઉત્પન્ન નિશ્ચય પંચાચાર કહેવામાં આવે છે તે ભૂતનૈગમનયનું કથન છે. નિમિત્ત કારણો બતાવતાં વર્તમાન કારણો બતાવે તે તો ઋજુસૂત્રનયનો વિષય છે તથા ભૂતકાળમાં વ્યવહાર હતો તેનો વર્તમાનમાં અભાવ થયો તેને બતાવે તે ભૂતનૈગમનયનો વિષય છે એમ બે નયના વિષયનું જ્ઞાન કરાવવામાં આવે તો જ નિમિત્તકારણ (વ્યવહાર)ના વિષયનું પૂરું જ્ઞાન (-પ્રમાણજ્ઞાન) થાય છે.

(૭) સમ્યક્‌મતિજ્ઞાનપૂર્વક સમ્યક્‌શ્રુતજ્ઞાન થાય છે તે ભૂતનૈગમનયનું કથન છે.

## ભૂતનૈગમનય સંબંધી વિશેષ

શ્રી તત્ત્વાર્થસૂત્ર અ. ૧૦માં મોક્ષ અધિકારનું વર્ણન છે, તેના નવમા સૂત્રમાં સિદ્ધ

ભગવંતોને લગતું અલ્પબહુત્વ, ક્ષેત્ર કાળ આદિ બાર પ્રકારે સાધ્ય કરવાનું કહ્યું છે. તેની સંસ્કૃત ટીકામાં ભૂતનૈગમનય જુદા જુદા બોલ સંબંધી ૧૦ પ્રકારે લાગુ પાડેલ છે તે મૂળટીકામાંથી તથા પં. શ્રી જયચંદ્રજીકૃત સર્વાર્થસિદ્ધિ વચનિકામાંથી જોઈ લેવા. અહીં તેના વિસ્તારની જરૂર નથી.

વર્તમાનનૈગમ અને ભાવીનૈગમનયની ચર્ચા જરૂરી નથી પરન્તુ ભાવીનૈગમનું સ્વરૂપ જાણવા માટે પ્રવચનસાર ચરણાનુયોગ અધિકાર ગા. ૭, સીરીઅલ ગાથા નં. ૨૦૭ની શ્રી જયસેનાચાર્યકૃત સં. ટીકા વાંચી લેવી.

## નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગના સ્વરૂપમાં કેવો નિર્ણય કરવો જોઈએ

(૮) "નિશ્ચયે વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે, વીતરાગભાવો અને વ્રતાદિકમાં કથંચિત્ કાર્ય-કારણપણું છે★ માટે વ્રતાદિકને મોક્ષમાર્ગ કહે છે, પણ તે કહેવામાત્ર જ છે."

(મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૫૭)

ધર્મપરિણત જીવને વીતરાગ ભાવની સાથે જે શુભભાવરૂપ રત્નત્રય (વ્યવહારદર્શન-જ્ઞાન-ચારિત્ર) હોય છે તેને વ્યવહારનય દ્વારા ઉપચારથી વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે. જોકે તેનો રાગભાવ હોવાથી બંધમાર્ગ જ છે એવો નિર્ણય કરવો જોઈએ.

(૯) -વ્યવહાર મોક્ષમાર્ગ ખરેખર બાધક હોવા છતાં પણ તેનું નિમિત્તપણું બતાવવાને માટે તેને વ્યવહારનયથી સાધક કહ્યું છે. આ કથન ઉપરથી કેટલાક (જીવો) એમ માને છે કે-નિશ્ચય મોક્ષમાર્ગથી વ્યવહાર મોક્ષમાર્ગ વિપરીત (વિરુદ્ધ) નથી પણ બન્ને હિતકારી છે, તો તેઓની આ માન્યતા જૂઠી છે. આ સંબંધમાં મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૨૫૩-૨૫૪માં કહ્યું છે કે—

"**મોક્ષમાર્ગ તો બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે.** જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે કારણ કે નિશ્ચયવ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે. અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ છે, પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે તથા એક વ્યવહાર મોક્ષમાર્ગ છે, એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે.

'વળી તે નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને છે તે પણ ભ્રમ છે, કારણ કે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધતા સહિત છે.' શ્રી સમયસાર (ગાથા ૧૧માં) પણ એમ કહ્યું છે—

'ववहारोऽभूयत्थो, भूयत्थो देसिदो दु सुद्धणओ'

★ નૈમિત્તિક (કાર્ય), નિમિત્ત (કારણ)

અર્થ :—વ્યવહાર અભૂતાર્થ છે, સત્યસ્વરૂપને નિરૂપતો નથી પણ કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપે છે; તથા શુદ્ધનય છે તે નિશ્ચય છે, ભૂતાર્થ છે. કારણ કે તે જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું નિરૂપે છે; એ પ્રમાણે એ બન્નેનું (બે નયોનું) સ્વરૂપ તો વિરુદ્ધતા સહિત છે. (મો. માર્ગ પ્ર. પાનું ૨૫૪). બે નયો સમકક્ષ નથી પણ **''પ્રતિપક્ષ છે''** (સમયસાર ગા. ૧૪ ભાવાર્થ).

પ્રવચનસાર ગાથા ૨૭૩–૨૭૪માં તથા ટીકામાં પણ કહ્યું છે કે 'મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ 'શુદ્ધ જ છે' અને તે જ ચારે અનુયોગોનો સાર છે.

(૧૦) નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી તો મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્ર વિરુદ્ધ છે જ, પરંતુ નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી વ્યવહાર સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સ્વરૂપ તથા ફળ પણ પરસ્પર વિરુદ્ધ છે. આનો નિર્ણય કરવાને માટે કેટલાક આધારો નીચે આપવામાં આવે છે—

૧. શ્રી નિયમસારજી (ગુજરાતી) પાનું ૧૪૯ નિશ્ચય પ્રતિક્રમણ અધિકારની ગાથા ૭૭ થી ૮૧ની ભૂમિકા.

૨. નિયમસાર ગાથા ૯૧ પાનું ૧૭૩ કળશ ૧૨૨

૩. નિયમસાર ગાથા ૯૨ પાનું ૧૭૫ ટીકા

૪. નિયમસાર ગાથા ૧૦૯ પાનું ૨૧૫ કળશ ૧૫૫ નીચેની ટીકા,

૫. નિયમસાર ગાથા ૧૨૧ પાનું ૨૪૪ ટીકા,

૬. નિયમસાર ગાથા ૧૨૩ પાનું ૨૪૯ ટીકા

૭. નિયમસાર ગાથા ૧૨૮ પાનું ૧૫૯, ૬૦ ટીકા તથા ફૂટનોટ,

૮. નિયમસાર ગાથા ૧૪૧ પાનું ૨૮૨ ગાથા ૧૪૧ની ભૂમિકા,

## પ્રવચનસારજી

૯. ગાથા ૧૧ ટીકા, ૧૦. ગાથા ૪–૫, ૧૧. ગાથા ૧૩ની ભૂમિકા તથા ટીકા, ૧૨. ગાથા ૭૮ ટીકા, ૧૩. ગાથા ૯૨ ટીકા.

૧૪. ગાથા ૧૫૯ તથા ટીકા પાનું ૨૭૧ (તથા શ્રી રાયચંદ્ર જૈનશાસ્ત્રમાળાના આ ગ્રંથની આ ગાથામાં નીચે પં. શ્રી હેમરાજજીની ટીકા પાનું નં. ૨૨૦)

૧૫. ગાથા ૨૪૮ તથા ટીકા (તથા શ્રી રા. શાસ્ત્રમાળાના આ ગ્રંથની તે ગાથામાં નીચે પં. હેમરાજીની ટીકા)

૧૬. ગાથા ૨૪૫ તથા ટીકા,

૧૭. ગાથા ૧૫૬ તથા ટીકા,

શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત સમયસાર કળશ ઉપર શ્રી રાજમલ્લજીની ટીકા (સૂરતથી પ્રકાશિત) પુણ્ય–પાપ અધિકાર કલશ ૪ પાનું ૧૦૩–૧૦૪

કળશ, ૫ પાનું ૧૦૪–૧૦૫

કળશ ૬ પાનું ૧૦૬ (આમાં ધર્મીના શુભભાવને બંધમાર્ગ કહ્યો છે.)

કળશ ૮ પાનું ૧૦૮

કળશ ૯ પાનું ૧૦૯

કળશ ૧૧ પાનું ૧૧૨–૧૧૩ આ બધા કળશો શ્રી સમયસાર પુણ્ય–પાપ અધિકારમાં છે, તે વાંચવાની વાંચકોને ભલામણ કરવામાં આવે છે.

૧૮. યોગેન્દ્રદેવકૃત યોગસાર દોહા નં. ૭૧માં (પુણ્યને પણ નિશ્ચયથી પાપ કહ્યું છે.)

૧૯. યોગેન્દ્રદેવકૃત યોગસાર દોહા નં. ૩૨, ૩૩, ૩૪, ૩૭,

૨૦. શ્રી કુન્દકુન્દાચાર્યકૃત મોક્ષપાહુડ ગાથા ૩૧,

૨૧. સમાધિ શતક ગાથા ૧૯

૨૨. પુરુષાર્થ સિદ્ધિ ઉપાય ગાથા ૨૨૦

૨૩. પંચાસ્તિકાય ગાથા ૧૬૫, ૧૬૬–૬૭–૬૮–૬૯,

૨૪. શ્રી સમયસારજી કળશ ઉપર પં. બનારસી નાટકમાં પુણ્ય–પાપ અ.

કળશ, ૧૨ પૃ. ૧૩૧, ૩૨

કળશ ૭ પાનું ૨૨૬–૨૭

કળશ ૮ પાનું ૨૨૭–૨૮

૨૫. શ્રી સમયસારજી મૂળ ગાથા ટીકા ગાથા ૬૯–૭૦–૭૧–૭૨–૭૪–૯૨, ગાથા ૩૮ તથા ટીકા, ગાથા ૨૧૦, ૨૧૪, ૨૭૬–૨૭૭–૨૯૭ ગાથા ટીકા સહિત વાંચવી.

૨૬. ગાથા ૧૪૫ થી ૧૫૧, ૧૮૧ થી ૧૮૩ પાનું ૨૯૫ (–પરસ્પર અત્યન્ત સ્વરૂપવિપરીતતા હોવાથી....)

૨૭. ગાથા ૩૦૬–૭, (શુભભાવ–વ્યવહારચારિત્ર નિશ્ચયથી વિષકુંભ, ૨૯૭ ગાથામાં શ્રી જયસેનાચાર્યની ટીકામાં પણ સ્પષ્ટ ખુલાસો છે.

૨૮. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક (ગુજરાતી) પાનું નં. ૩, ૨૭–૨૮–૩૦–૩૧–૩૨–૩૩–૩૫–૩૬–૩૭–૩૮, ૨૫૦, ૨૫૩ થી ૨૫૭ (૨૫૭ થી ૨૬૧ સુધી ખાસ વાત છે) ૨૭૩, ૨૮૦, ૩૧૨, ૩૨૦–૩૨૧.

## વ્યવહાર નયના સ્વરૂપની મર્યાદા

(૧૧) સમયસાર ગાથા ૮ની ટીકામાં કહ્યું છે કે "વ્યવહારનય મ્લેચ્છ ભાષાના સ્થાને હોવાથી પરમાર્થને કહેનાર છે માટે, વ્યવહારનય સ્થાપિત કરવા યોગ્ય છે પરંતુ xxx તે વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી." પછી ગા. ૧૧ની ટીકામાં કહ્યું કે વ્યવહારનય બધોય અભૂતાર્થ છે માટે તે અવિદ્યમાન, અસત્ય અર્થને, અભૂત અર્થને પ્રગટ કરે છે; શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે. xx પછી કહ્યું કે xx તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય છે કરે તેઓ જ સમ્યક્ અવલોકન કરવાથી સમ્યગ્દૃષ્ટિ છે, અન્ય સમ્યગ્દૃષ્ટિ નથી. માટે કર્મોથી ભિન્ન આત્માને દેખનારાઓ માટે વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી."

૧૧મી ગાથાના ભાવાર્થમાં પં. જયચંદ્રજીએ કહ્યું છે કે—

**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી છે જ અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે અને જિનવાણીમાં વ્યવહારનયનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબન (સહાયક) જાણી બહુ કર્યો છે; પરંતુ તેનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો આવ્યો જ નથી અને તેનો ઉપદેશ પણ વિરલ છે, શાસ્ત્રોમાં કોઈ કોઈ ઠેકાણે જ છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણી તેનો ઉપદેશ પ્રધાનતાથી આપ્યો છે, કે–''શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી (જીવ) સમ્યગ્દૃષ્ટિ થઈ શકે છે; એને જાણ્યા વગર જ્યાંસુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાંસુધી આત્માનું જ્ઞાન–શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન થઈ શકતું નથી.'' એવો આશય સમજવો જોઈએ.**

(૧૨) અમુક જીવો એમ માને છે કે પહેલાં વ્યવહારનય પ્રગટ થાય છે, પછી વ્યવહારનયના આશ્રયે નિશ્ચયનય પ્રગટ થાય છે; અથવા તો પ્રથમ વ્યવહારધર્મ કરતાં નિશ્ચયધર્મ પ્રગટ થાય છે. તો તે માન્યતા ઠીક નથી, કારણ કે નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરુદ્ધ છે. (જુઓ, મો. મા. પ્ર. પાનું ૨૫૪)

(૧) નિશ્ચય સમ્યગ્જ્ઞાન વગર આ જીવે અનંતવાર મુનિવ્રતોનું પાલન કર્યું પરંતુ તે મુનિવ્રતના પાલનને નિમિત્ત કારણ પણ કહેવામાં આવતું નથી કારણ કે સત્યાર્થ કાર્ય પ્રગટ થયા વગર સાધક (નિમિત્ત) કોને કહેવું?

પ્રશ્ન :—દ્રવ્યલિંગી મુનિ મોક્ષના અર્થે ગૃહસ્થપણું છોડી તપશ્ચરણાદિ કરે છે, ત્યાં તેણે પુરુષાર્થ તો કર્યો, છતાં કાર્ય સિદ્ધ ન થયું, માટે પુરુષાર્થ કરવાથી તો કાંઈ સિદ્ધિ નથી?

તેનું સમાધાન :—અન્યથા પુરુષાર્થ કરી ફળ ઇચ્છે છે પણ તેથી કેવી રીતે ફળ સિદ્ધિ થાય? **તપશ્ચરણાદિ વ્યવહાર સાધનમાં અનુરાગી થઈ પ્રવર્તવાનું** ફળ તો શાસ્ત્રમાં શુભબંધ કહ્યું છે અને આ તેનાથી મોક્ષ ઇચ્છે છે તે કેવી રીતે સિદ્ધ થાય? એ જ તો ભ્રમ છે (મો. મા. પ્ર. પાનું ૩૧૨)

(૨) મિથ્યાત્વની અવસ્થામાં કોઈ પણ જીવને કદી 'સમ્યગ્ શ્રુતજ્ઞાન' હોતું નથી, જેને 'સમ્યગ્ શ્રુતજ્ઞાન' પ્રગટ થયું હોય તેને જ 'નય' હોય છે, કારણ કે 'નય' જ્ઞાન તે સમ્યક્ શ્રુતજ્ઞાનનો એક અંશ છે; **અંશી વિના અંશ કેવો?** ''સમ્યક્ શ્રુતજ્ઞાન'' (ભાવશ્રુતજ્ઞાન) થતાં જ બન્ને નયો એકી સાથે હોય છે. પ્રથમ અને પછી નહીં એમ સાચા જૈનીઓ માને છે.

(૩) વસ્તુસ્વરૂપ તો એમ છે કે ચોથા ગુણસ્થાનથી જ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને તે જ સમયે સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે. સમ્યક્ શ્રુતજ્ઞાનમાં બન્ને નયોના અંશનો સદ્‌ભાવ એકી સાથે છે, આગળપાછળ નહીં. નિજ આત્મના આશ્રયે જ્યારે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું ત્યારે પોતાનો જ્ઞાયક સ્વભાવ તથા ઉત્પન્ન થયેલ જે શુદ્ધ દશા તે આત્મા સાથે અભેદ રૂપ છે તેથી તે નિશ્ચયનયનો વિષય છે અને પોતાની પર્યાયમાં જે અશુદ્ધતા અને અલ્પતા બાકી છે તે વ્યવહાર નયનો વિષય છે. એ પ્રમાણે બન્ને નયો જીવને એકી સાથે હોય છે તેથી પ્રથમ વ્યવહારનય અથવા વ્યવહારધર્મ અને તે પછી નિશ્ચયનય અથવા નિશ્ચયધર્મ આમ વસ્તુસ્વરૂપ નથી.

(૧૩) પ્રશ્ન :—નિશ્ચયનય અને વ્યવહારનય સમકક્ષી છે એમ માનવું બરાબર છે?

ઉત્તર :—નહીં, સમયસાર ગા.૧૧માં એ વાત સ્પષ્ટ કરેલ છે; ગા. ૧૪ના ભાવાર્થમાં બે નયોને પ્રતિપક્ષી કહેલ છે. બન્ને નયોને સમકક્ષી માનનાર એક બીજો સમ્પ્રદાય★ છે, તેઓ બન્નેને સમકક્ષી અને બન્ને નયોના આશ્રયથી ધર્મ થાય છે એમ નિરૂપણ કરે છે. પરંતુ શ્રી કુંદકુંદાચાર્ય દેવ તો સ્પષ્ટપણે ફરમાવે છે કે ભૂતાર્થના (નિશ્ચયના) આશ્રયે જ હંમેશા ધર્મ થાય

★ તે સમ્પ્રદાયની વ્યવહારનયના સંબંધમાં કેવી માન્યતા છે? જુઓ—(૧) શ્રી મેઘવિજયજી ગણી કૃત યુક્તપ્રબોધ નાટક (આ ગણીજી કવિવર શ્રી બનારસીદાસજીના સમકાલીન હતા.) તેમણે વ્યવહારનયના આલંબન વડે આત્મહિત થાય છે એમ કહીને શ્રી સમયસાર નાટક તથા શ્રી દિગંબર જૈનમતના સિદ્ધાંતોનું ખંડન કર્યું છે, (જેઓ લગભગ ૧૬મી શતીમાં થયા) વળી શ્રી યશોવિજયજી મહામહ ઉપાધ્યાયે 'ગુર્જર સાહિત્ય સંગ્રહ'માં પાનું ૨૦૭, ૨૧૯, ૨૨૨, ૫૮૪, ૫૮૫માં દિ. જૈન ધર્મના ખાસ સિદ્ધાન્તોનું ઉગ્ર (કડક) ભાષા વડે ખંડન કર્યું છે, તેઓ મોટા ગ્રંથકાર–વિદ્વાન હતા; તેમણે દિગંબર આચાર્યોનો મત આ પ્રમાણે બતાવ્યો છે કે :—

(૧) નિશ્ચયનય થયા પછી જ વ્યવહારનય હોઈ શકે છે–વ્યવહારનય પ્રથમ હોઈ શકતો નથી.

(૨) પ્રથમ વ્યવહારનય તથા વ્યવહારધર્મ અને પછી નિશ્ચયનય તથા નિશ્ચયધર્મ–એમ નથી.

(૩) નિશ્ચયનય અને વ્યવહારનય બન્ને સમકક્ષી નથી–પરસ્પર વિરુદ્ધ છે, તેમના વિષય અને ફળમાં વિપરીતતા છે.

(૪) નિમિત્તનો પ્રભાવ પડતો નથી.

ઉપર મુજબ દિગંબર આચાર્યોનો મત છે. આ મૂળ સિદ્ધાન્તોનું તે સમ્પ્રદાયે ઉગ્રતાથી, જોરથી ખંડન કર્યું છે–માટે ધર્મી જિજ્ઞાસુઓને વિનંતિ કરવામાં આવે છે કે તેમાં કયો મત સાચો છે, તેનો નિર્ણય સાચા શ્રદ્ધાનને માટે કરો, કે જે પ્રયોજનવાન છે, જરૂરી છે.

છે પરાશ્રયે (વ્યવહારથી) કદી અંશમાત્ર પણ સત્યધર્મ–હિતરૂપધર્મ થતો નથી. હા, બન્ને નયોનું તથા તેમના વિષયોનું જ્ઞાન અવશ્ય કરવું જોઈએ. ગુણસ્થાન અનુસાર કેવા ભેદ આવે છે તે જાણવું પ્રયોજનવાન છે. પરંતુ બન્ને (નયો) સમાન છે–સમકક્ષી છે એમ કદી નથી, કારણ કે બન્ને નયોના વિષયમાં અને ફળમાં પરસ્પર વિરોધ છે માટે વ્યવહારનયના આશ્રયે કદી પણ ધર્મની ઉત્પત્તિ, વૃદ્ધિ અને ટકવું બનતું જ નથી એવો દૃઢ નિર્ણય કરવો જોઈએ. ભગવાન કુંદકુંદાચાર્યકૃત સમયસારની ગાથા ૧૧મીને સાચા જૈન ધર્મનો પ્રાણ કહેલ છે માટે તે ગાથા અને ટીકાનું મનન કરવું જોઈએ તે ગાથા નિમ્નોક્ત છે :—

**“વ્યવહાર નય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

(૧૪) પ્રશ્ન :—વ્યવહાર મોક્ષમાર્ગને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે તો ત્યાં શું પ્રયોજન છે?

સમાધાન :—(૧) સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના શુદ્ધાત્મ દ્રવ્યના અવલંબન વડે પોતની શુદ્ધતા વધારીને જેમ જેમ શુદ્ધતા વડે ગુણસ્થાનમાં આગળ વધશે તેમ તેમ અશુદ્ધતાનો (શુભાશુભનો) અભાવ થશે અને ક્રમે ક્રમે શુભભાવનો અભાવ કરીને શુક્લધ્યાન વડે કેવળજ્ઞાન પ્રગટ કરશે એમ બતાવવાને માટે વ્યવહાર મોક્ષમાર્ગને પરંપરા (નિમિત્ત) કારણ કહેલ છે. અહીં નિમિત્તને દેખાડવાનું પ્રયોજન હોવાથી વ્યવહાર નયનું કથન છે.

**(૨) જ્ઞાનીનો શુભભાવ પણ આસ્રવ (બંધનું કારણ) હોવાથી તે નિશ્ચય નય પરંપરાએ પણ મોક્ષનું કારણ થઈ શકતું નથી. શ્રી કુંદકુંદાચાર્યદેવકૃત દ્વાદશાનુપ્રેક્ષા** ગાથા ૫૯માં કહ્યું છે કે **કર્મોનો આસ્રવ કરવાવાળી ક્રિયાથી પરંપરાએ પણ નિર્વાણ પ્રાપ્ત થઈ શકતો નથી તેથી સંસારપરિભ્રમણના કારણરૂપ આસ્રવને નિંદ્ય જાણો. ।।૫૯।।**

(૩) પંચાસ્તિકાય ગાથા ૧૬૭માં શ્રી જયસેન આચાર્યે કહ્યું છે કે—“શ્રી અર્હંતાદિમાં પણ જે રાગ થાય છે તે રાગ પણ છોડવા યોગ્ય છે.” પછી ગાથા ૧૬૮માં કહ્યું છે કે, **ધર્મી જીવનો રાગ પણ (નિશ્ચયનયથી) સર્વ અનર્થનું પરંપરા કારણ છે.**

(૪) આ વિષયમાં સ્પષ્ટીકરણ :—શ્રી નિયમસારની ગાથા ૬૦ (ગુજરાતી) પાનું ૧૧૭ ફૂટનોટ નં. ૩માં કહ્યું છે કે “શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે અને શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે એમ જાણીને અહીં ઉપચારથી વ્યવહાર વ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેલ છે, ખરેખર તો શુભોપયોગી મુનિને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ જ (શુદ્ધાત્મ દ્રવ્યને અવલંબતી હોવાથી) વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે અને તે શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ થાય છે. આ રીતે આ શુદ્ધપરિણતિમાં રહેલા મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ તેની સાથે રહેલા શુભોપયોગમાં કરીને વ્યવહાર વ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેવામાં આવે છે. જ્યાં શુદ્ધપરિણતિ જ ન હોય ત્યાં

વર્તતા શુભોપયોગમાં મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ પણ કરી શકાતો નથી, કેમ કે જ્યાં મોક્ષનો યથાર્થ પરંપરાહેતુ પ્રગટ્યો જ નથી–વિદ્યમાન જ નથી ત્યાં શુભોપયોગમાં આરોપ કોનો કરવો?

(૫) અને પંચાસ્તિકાય ગાથા–૧૫૯ (ગુજ. અનુ.) પાનું ૨૩૩–૩૪માં ફૂટનોટ નં. ૪માં કહ્યું છે કે–''જિન ભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા નિરૂપણ હોય છે. ત્યાં નિશ્ચયનય દ્વારા તો સત્યાર્થ નિરૂપણ કરવામાં આવે છે અને વ્યવહારનય દ્વારા અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.

પ્રશ્ન :—સત્યાર્થ નિરૂપણ જ કરવું જોઈએ; અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ શા માટે કરવામાં આવે છે?

ઉત્તર :—જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને સિંહના સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા અર્થાત્ બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે, તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને વસ્તુસ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા વસ્તુસ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે. વળી **લાંબા કથનને બદલે સંક્ષિપ્ત કથન કરવા માટે પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.** અહીં એટલું લક્ષમાં રાખવા યોગ્ય છે કે–જે પુરુષ બિલાડીના નિરૂપણને જ સિંહનું નિરૂપણ માની બિલાડીને જ સિંહ સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી, તેમ જે પુરુષ ઉપચરિત નિરૂપણને જ સત્યાર્થ નિરૂપણ માની વસ્તુસ્વરૂપને ખોટી રીતે સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી.

[અહીં એક ઉદાહરણ લેવામાં આવે છે :—

સાધ્ય–સાધન વિષેનું સત્યાર્થ નિરૂપણ એમ છે કે 'છટ્ઠા ગુણસ્થાને વર્તતી આંશિક શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે. હવે, 'છટ્ઠા ગુણસ્થાને કેવી અથવા કેટલી શુદ્ધિ હોય છે'–એ વાતનો પણ સાથે સાથે ખ્યાલ કરાવવો હોય તો, વિસ્તારથી એમ નિરૂપણ કરાય કે 'જે શુદ્ધિના સદ્ભાવમાં, તેની સાથે સાથે મહાવ્રતાદિના શુભ વિકલ્પો હઠ વિના સહજપણે વર્તતા હોય છે તે છટ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.' આવા લાંબા કથનને બદલે, એમ કહેવામાં આવે કે 'છટ્ઠા ગુણસ્થાને વર્તતા મહાવ્રતાદિના શુભ વિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે,' તો એ ઉપચરિત નિરૂપણ છે, આવા ઉપચરિત નિરૂપણમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે 'મહાવ્રતાદિના શુભ વિકલ્પો નહિ પણ તેમના દ્વારા સૂચવવા ધારેલી છટ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ ખરેખર સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે'.]

(૬) પરંપરા કારણનો અર્થ નિમિત્ત કારણ છે, વ્યવહારમોક્ષમાર્ગને નિશ્ચયમોક્ષમાર્ગને માટે

ભિન્ન સાધ્યસાધનરૂપથી કહેલ છે, તેનો અર્થ પણ નિમિત્ત માત્ર છે. જો નિમિત્તનું જ્ઞાન ન કરીએ તો પ્રમાણ જ્ઞાન થતું નથી. માટે જ્યાં જ્યાં તેને સાધક, સાધન, કારણ, ઉપાય, માર્ગ, સહકારી કારણ, બહિરંગહેતુ કહેલ છે તે સર્વ તે તે ભૂમિકાના સંબંધમાં જાણવા યોગ્ય નિમિત્તકારણ કેવું હોય છે, તેનું યથાર્થ જ્ઞાન કરાવવાને માટે છે.

જે કોઈ જીવ ગુણસ્થાન અનુસાર યથાયોગ્ય સાધક ભાવ, બાધકભાવ અને નિમિત્તોને યથાર્થ ન જાણે તેનું જ્ઞાન મિથ્યા છે, કારણ કે તે સંબંધમાં સાચા જ્ઞાનના અભાવમાં અજ્ઞાની એમ કહે છે કે ભાવલિંગી મુનિપણું નગ્ન દિગંબર દશામાં જ હોવું જોઈએ એવું એકાંત નથી અર્થાત્ વસ્ત્ર રહિત મુનિપદ હોય તો બાધા નથી પણ તેની એ વાત મિથ્યા જ છે, કારણ કે ભાવલિંગી મુનિને તે ભૂમિકામાં પ્રથમના ત્રણ જાતિના કષાયોનો અભાવ હોય છે. અને સર્વ સાવદ્યયોગ (–પાપક્રિયા)ના ત્યાગ સહિત ૨૮ મૂલગુણોનું પાલન હોય છે તેથી તેને વસ્ત્રના સંબંધવાળો રાગ અથવા તે પ્રકારનો શરીરનો રાગ કદી હોતો જ નથી એવો નિરપવાદ નિયમ છે. **વસ્ત્ર રાખીને પોતાને જૈનમુનિ માનનારને શાસ્ત્રમાં નિગોદગામી કહ્યા છે.** એ પ્રમાણે ગુણસ્થાનાનુસાર ઉપાદાન–નિમિત્ત બન્નેનું યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. સાધક જીવનું જ્ઞાન એવું જ હોય છે કે જે તે તે ભેદને જાણતું થકું પ્રગટ થાય છે. સમયસાર શાસ્ત્રમાં ગા. ૧૨માં માત્ર, આ હેતુથી વ્યવહારનયને તે કાળે જાણવાને માટે પ્રયોજનવાન છે એમ બતાવ્યું છે. એ રીતે બન્ને નયો જ્ઞાન કરવા માટે ઉપાદેય છે, પણ આશ્રય લેવા માટે નિશ્ચયનય ઉપદેશ અને વ્યવહારનય હેય છે.

સ્વ. શ્રી દીપચંદજીકૃત જ્ઞાનદર્પણમાં પૃ. ૨૯–૩૦, માં કહ્યું છે કે—

યાહી જગમાંહી જ્ઞેય ભાવકો લખૈયા જ્ઞાન,
તાકૌ ધરિ ધ્યાન આન કાહે પર હેર હૈ ।
પરકે સંયોગ તે અનાદિ દુઃખ પાએ અબ,
દેખિ તૂં સંભારિ જો અખંડ નિધિ તેરૈ હૈ ।
વાણી ભગવાનકી કૌ સકલ નિચૌર યહૈ,
સમૈસાર આપ પુન્ય પાપ નાહી નેરૈ હૈ ।
યાતૈં યહ ગ્રન્થ શિવ પંથ કો સધૈયા મહા,
અરથ વિચારિ ગુરુદેવ યૌ પરે રહૈં ।।૮૫।।

વ્રત તપ શીલ સંયમાદિ ઉપવાસ કિયા,
દ્રવ્ય ભાવરૂપ દોઉ બંધકો કરતુ હૈ ।
કરમ જનિત તાતૈં કરમકો હેતુ મહા,
બંધ હી કો કરે મોક્ષ પંથકૌ હરતુ હૈ ।

આપ જૈસો હોઈ તાકૌં આપકે સમાન કરૈ,
બંધ હી કૌ મૂલ યાતૈં બંધકૌ ભરતુ હે।
**યાકૌ પરંપરા અતિ માનિ [૧]કરતૂતિ કરૈ,**
**તેઈ મહા મૂઢ ભવસિંધુમૈં પરતુ હૈં** ।।૮૬।।

કારણ સમાન કાજ સબ હી બખાનતુ હૈ,
યાતૈં પરક્રિયા માંહિ પરકી ધરણિ હે।
યાહિ તૈં અનાદિ દ્રવ્ય ક્રિયા તો અનેક કરી,
કછુ નાહિં સિદ્ધિ ભઈ જ્ઞાનકી પરણિ હે।
કરમકો વંસ જામૈ જ્ઞાનકો ન અંશ કોઉ,
બઢૈ ભવવાસ મોક્ષપંથકી હરણિ હે।
યાતૈં પરક્રિયા તો ઉપાદેય ન કહી જાય,
તાતૈં સદા કાલ એક બંધ કી ઢરણિ હે।।૮૭।।

પરાધીન બાધાયુત બંધકી કરૈયા મહા,
સદા વિનાસીક જાકૌ ઐસો હી સુભાવ હે।

બંધ, ઉદૈ, રસ, ફલ જીમૈ ચાર્યોં એકરૂપ,
શુભ વા અશુભ ક્રિયા, એક હી લખાવ હે।
કરમકી ચેતનામૈં કૈસૈં મોક્ષપંથ સધૈ,
માને તેઈ મૂઢ હીએ જિનકે વિભાવ હે।
જૈસો બીજ હોય તાકૌ તૈસો ફલ લાગૈ જહાં,
યહ જગ માંહિ જિન આગમ કહાવ હે।।૮૮।।

## શુભોપયોગના સંબંધમાં સમ્યગ્દષ્ટિની કેવી માન્યતા હોય છે?

(૧૫)—શ્રી પ્રવચનસાર ગાથા ૧૧ તથા ટીકામાં ધર્મ પરિણત જીવના શુભોપયોગને શુદ્ધોપયોગથી વિરુદ્ધ શક્તિ સહિત હોવાથી સ્વકાર્ય (ચારિત્રનું કાર્ય) કરવાને માટે અસમર્થ કહેલ છે. હેય કહેલ છે. આથી એમ સિદ્ધ થાય છે કે–**જ્ઞાની (ધર્મી)ના શુભભાવમાં પણ, કિંચિત્ માત્ર પણ શુદ્ધનો અંશ નથી,** નિશ્ચયનયે તે વીતરાગ ભાવરૂપ મોક્ષમાર્ગ નથી–બંધમાર્ગ જ છે, પણ જ્ઞાનીને (ધર્મીને) શુભભાવ હેયબુદ્ધિએ હોવાથી તેને વ્યવહારનયે વ્યવહાર મોક્ષમાર્ગ કહેલ છે.

પ્રશ્ન :—કઈ અપેક્ષાએ તે કથન કર્યું છે?

ઉત્તર :—વ્યવહાર ચારિત્રની સાથે નિશ્ચય ચારિત્ર હોય તો તે (શુભભાવ) નિમિત્તમાત્ર છે એટલું જ્ઞાન કરાવવાની અપેક્ષાએ તે કથન છે.

---

૧ કરતૂતિ = શુભરાગની ક્રિયા

પ્રશ્ન :—તેવું કથન પણ કંઈક હેતુથી કરવામાં આવે છે, તો અહીં તે હેતુ કયો છે?

ઉત્તર :—નિશ્ચય ચારિત્રના ધારક જીવને છટ્ઠા ગુણસ્થાનમાં તેવો જ શુભરાગ હોય છે પરંતુ એવા વ્યવહારથી વિરુદ્ધ પ્રકારનો રાગ કદી પણ હોતો જ નથી, કારણ કે તે ભૂમિકામાં ત્રણ પ્રકારની કષાયશક્તિના અભાવ સહિત મહામંદ પ્રશસ્ત રાગ હોય છે, તેને મહામુનિ છૂટતો નથી એમ જાણીને તેનો ત્યાગ કરતા નથી, ભાવલિંગી મુનિઓને કદાચિત્ મંદરાગના ઉદયથી વ્યવહારચારિત્રનો ભાવ થાય છે, પરંતુ તે શુભભાવને પણ હેય જાણીને દૂર કરવા માગે છે, અને તે તે કાળે એવો જ રાગ થવો ઘટે છે. પુરુષાર્થની મંદતાથી એવો રાગ આવે છે, આવ્યા વિના રહેતો નથી, પરંતુ મુનિ તેને દૂરથી ઓળંગી જાય છે. એ હેતુથી આ કથન કર્યું છે એમ સમજવું. કોઈ જડકર્મના ઉદયથી કોઈ પરદ્રવ્ય–પરક્ષેત્ર–કાળ અને પરભાવ વડે જીવને રાગ–દ્વેષ, સુખ–દુઃખ, જ્ઞાન–અજ્ઞાન કદી થતું જ નથી. આ પ્રમાણે સમ્યગ્દ્રષ્ટિને શ્રદ્ધાન હોય છે.

આ સંબંધમાં મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૨૬૦માં કહ્યું છે કે–નીચલી દશામાં કોઈ જીવોને શુભોપયોગ અને શુદ્ધોપયોગનું યુક્તપણું હોય છે, તેથી એ વ્રતાદિ શુભોપયોગને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે, પણ **વસ્તુવિચારથી જોતાં શુભોપયોગ મોક્ષનો ઘાતક જ છે. આ રીતે જે બંધનું કારણ છે તે જ મોક્ષનું ઘાતક છે, એવું શ્રદ્ધાન કરવું.** શુદ્ધોપયોગને જ ઉપાદેય માની તેનો ઉપાય કરવો તથા શુભોપયોગ–અશુભોપયોગને હેય જાણી, તેના ત્યાગનો ઉપાય કરવો અને જ્યાં શુદ્ધોપયોગ ન થઈ શકે ત્યાં અશુભોપયોગને છોડી શુભમાં જ પ્રવર્તવું, કારણ કે–શુભોપયોગથી અશુભોપયોગમાં અશુદ્ધતાની અધિકતા છે.

વળી શુદ્ધોપયોગ હોય ત્યારે તો તે પરદ્રવ્યનો સાક્ષીભૂત જ રહે છે, એટલે તો ત્યાં કોઈ પર દ્રવ્યનું પ્રયોજન જ નથી. વળી શુભોપયોગ હોય ત્યાં બાહ્ય વ્રતાદિકની પ્રવૃત્તિ થાય છે તથા અશુભોપયોગ હોય ત્યાં બાહ્ય અવ્રતાદિકની પ્રવૃત્તિ થાય છે. કારણ કે અશુદ્ધોપયોગને અને પર દ્રવ્યની પ્રવૃત્તિને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હોય છે, તેથી પહેલાં અશુભોપયોગ છૂટી શુભોપયોગ થાય, પછી શુભોપયોગ છૂટી શુદ્ધોપયોગ થાય એવી ક્રમ પરિપાટી છે. પરન્તુ કોઈ એમ માને કે શુભોપયોગ છે તે શુદ્ધોપયોગનું કારણ છે. જેમ અશુભ છૂટીને શુભોપયોગ થાય છે તેમ શુભોપયોગ છૂટીને શુદ્ધોપયોગ થાય છે. એમ જ કારણ–કાર્યપણું હોય તો શુભોપયોગનું કારણ અશુભોપયોગ પણ ઠરે. (તો એમ નથી) દ્રવ્યલિંગીને શુભોપયોગ તો ઉત્કૃષ્ટ હોય છે, ત્યારે શુદ્ધોપયોગ હોતો જ નથી, **તેથી પરમાર્થથી એ બન્નેમાં કારણ–કાર્યપણું નથી.** જેમ અલ્પરોગ નીરોગ થવાનું કારણ નથી અને ભલો પણ નથી, તેમ શુભોપયોગ પણ રોગ સમાન છે, ભલો નથી. (મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૬૦)

સર્વ સમ્યગ્દ્રષ્ટિઓને એવું જ શ્રદ્ધાન હોય છે, પરંતુ તેનો અર્થ એમ નથી કે–તેઓ વ્યવહાર ધર્મને મિથ્યાત્વ સમજે છ ે; અને એમ પણ નથી કે તેઓ તેને સાચો મોક્ષમાર્ગ સમજતા હશે.

(૧૬) પ્રશ્ન :—શાસ્ત્રમાં પ્રથમના ત્રણ ગુણસ્થાનોમાં અશુભોપયોગ અને ૪-૫-૬ ગુણસ્થાનમાં એકલો શુભોપયોગ કહ્યો છે તે તારતમ્યતાની અપેક્ષાથી છે કે મુખ્યતાની અપેક્ષાથી છે?

ઉત્તર :—તે કથન તારતમ્યતાની અપેક્ષાએ નથી પરંતુ મુખ્યતાની અપેક્ષાથી કહ્યું છે (મોક્ષમાર્ગ પ્ર. પાનું ૨૮૦) આ સંબંધમાં વિસ્તારથી જાણવું હોય તો જુઓ પ્રવચનસાર (રાયચંદ્ર ગ્રંથમાલા) અ. ૩ ગા. ૪૮ શ્રી જયસેનાચાર્યની ટીકા પાનું ૩૪૨.

(૧૭) પ્રશ્ન :—શાસ્ત્રમાં કોઈ જગ્યાએ "શુભ અને શુદ્ધ પરિણામથી કર્મોનો ક્ષય થાય છે" એવું કથન છે, હવે શુભભાવ તો ઔદયિકભાવ છે, બંધનું કારણ છે એમ હોવા છતાં શુભભાવથી કર્મોનો ક્ષય બતાવવાનું શું પ્રયોજન છે?

ઉત્તર :—૧-શુભ પરિણામ-રાગભાવ (મલિન ભાવ) હોવાથી તે ગમે તે જીવના હો-સમ્યગ્દષ્ટિના હો કે મિથ્યાદષ્ટિના હો-તે મોહયુક્ત ઉદયભાવ હોવાથી બંધનું જ કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી અને એ વાત સત્ય જ છે. આ વાતને આ જ શાસ્ત્રમાં પૃ. ૫૬૨ થી ૫૭૦માં અનેક શાસ્ત્રોના પ્રમાણ વડે સિદ્ધ કરી બતાવી છે.

૨-શાસ્ત્રના કોઈ પણ કથનનો અર્થ યથાર્થ સમજવો હોય તો સર્વ પ્રથમ એ નિર્ણય કરવો જોઈએ કે **તે કયા નયનું કથન છે?** આમ વિચાર કરતાં-સમ્યગ્દષ્ટિના શુભભાવથી કર્મોનો ક્ષય થાય છે-**એ કથન વ્યવહારનયનું છે,** તેથી આનો અર્થ એમ થાય છે કે-**એમ નથી પણ નિમિત્તન અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે.** એટલે ખરેખર તો શુભભાવ કર્મબંધનનું જ કારણ છે પરંતુ સમ્યગ્દષ્ટિને નીચલી ભૂમિકામાં—૪ થી ૧૦ ગુણસ્થાન સુધી શુદ્ધ પરિણામની સાથે તે તે ભૂમિકાને યોગ્ય—શુભભાવ નિમિત્તરૂપ હોય છે, તેનું જ્ઞાન કરાવવું તે આ કથનનું પ્રયોજન છે એમ સમજવું.

૩-એકી સાથે શુભ અને શુદ્ધ પરિણામથી કર્મોનો ક્ષય જ્યાં કહ્યો હોય ત્યાં **ઉપાદાન અને નિમિત્ત બન્ને તે તે ગુણસ્થાનના સમયમાં હોય છે અને આ પ્રકારના જ હોય છે-વિરુદ્ધ નહીં એમ બતાવીને તેમાં જીવના શુદ્ધ ભાવ તો ઉપાદાનકારણ છે અને શુભભાવ નિમિત્તકારણ છે એમ આ બંને કારણોનું જ્ઞાન કરાવ્યું છે, તેમાં નિમિત્ત કારણ અભૂતાર્થ કારણ છે**-સાચું કારણ નથી માટે શુભ પરિણામથી કર્મોનો ક્ષય કહેવો તે ઉપચારકથન છે એમ સમજવું.

૪-પ્રવચનસાર (પાટની ગ્રંથમાલા) ગાથા ૨૪૫ની ટીકા પાનું ૩૦૧માં જ્ઞાનીના શુભોપયોગરૂપ વ્યવહારને "આસ્રવ જ" કહેલ છે, માટે તેનાથી સંવર અંશમાત્ર પણ નથી.

શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૬૮માં પણ કહ્યું છે કે "તેનાથી આસ્રવનો નિરોધ થઈ શકતો નથી" અને ગાથા ૧૬૬માં પણ કહ્યું છે કે "વ્યવહાર મોક્ષમાર્ગ સૂક્ષ્મ પરસમય છે અને તે

બંધનો હેતુ હોવાથી તેનું મોક્ષમાર્ગપણું નિરસ્ત કરવામાં આવ્યું છે. ગાથા ૧૫૭ તથા તેની ટીકામાં ''શુભાશુભ પરચારિત્ર છે, બંધમાર્ગ છે, મોક્ષમાર્ગ નથી.''

૫–આ સંબંધમાં ખાસ ખ્યાલમાં રાખવા યોગ્ય વાત એ છે કે પુરુષાર્થસિદ્ધિઉપાય શાસ્ત્રની ગાથા ૧૧૧નો અર્થ ઘણા લાંબા વખતથી કેટલાક અસંગત (અયથાર્થ) કરે છે, તેની સ્પષ્ટતાને માટે જુઓ આ શાસ્ત્રમાં પાનું ૫૫૯.

ઉપરોક્ત સર્વ કથનનો અભિપ્રાય સમજીને એમ શ્રદ્ધાન કરવું જોઈએ કે–ધર્મી જીવ પ્રથમથી જ શુભ રાગનો પણ નિષેધ કરે છે. માટે ધર્મપરિણત જીવનો શુભોપયોગ પણ હેય છે, ત્યાજ્ય છે, નિષેધ્ય છે; કારણ કે તે બંધનનું જ કારણ છે. જે જીવો પ્રથમથી જ એવું શ્રદ્ધાન નથી કરતા તેમને આસ્રવ અને બંધ તત્ત્વની સાચી શ્રદ્ધા થઈ શકતી નથી અને એવા જીવો આસ્રવને સંવરરૂપ માને છે, શુભભાવને હિતકર માને છે, માટે તેઓ બધા જૂઠી માન્યતાવાળા છે. આ વિષયને વિશેષ સમજવાને માટે જુઓ આ શાસ્ત્રમાં પૃ. ૫૬૨ થી ૫૭૦.

## વ્યવહારમોક્ષમાર્ગથી લાભ નથી એવી શ્રદ્ધા કરવી યોગ્ય છે.

(૧૮) કેટલાક લોકો એમ માની રહ્યા છે કે શુભોપયોગથી અર્થાત્ વ્યવહાર મોક્ષમાર્ગથી આત્માને ખરેખર લાભ થાય છે, તો તે વાત મિથ્યા છે; કારણ કે તેઓ વ્યવહાર મોક્ષમાર્ગને વાસ્તવમાં બહિરંગ નિમિત્તકારણ નથી માનતા પરંતુ ઉપાદાનકારણ માને છે. જુઓ, શ્રી રાયચંદ્ર ગ્રંથમાલા પંચાસ્તિકાય ગાથા ૮૬માં જયસેનાચાર્યની ટીકા–

ત્યાં ધર્માસ્તિકાયનું નિમિત્તકારણપણું કેમ છે તે વાત સિદ્ધ કરવાને માટે કહ્યું છે કે–''शुद्धात्मस्वरूपे या स्थितिस्तस्य निश्चयेन वीतराग निर्विकल्प स्वसंवेदन कारणं, व्यवहारेण पुनरर्हत्सिद्धादि परमेष्ठि गुणस्मरणं च यथा, तथा जीव पुद्‌गलानां निश्चयेन स्वकीय स्वरूपमेव स्थितेरुपादान कारणं, व्यवहारेण पुनरधर्मद्रव्य चेति सूत्रार्थः।

અર્થ :—અથવા **જેમ શુદ્ધાત્મસ્વરૂપમાં ઠરવાને માટે નિશ્ચયનયથી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન કારણ છે** તથા વ્યવહારનયથી અર્હંત–સિદ્ધાદિ પંચપરમેષ્ઠિઓના ગુણોનું સ્મરણ છે તેમ જીવ અને પુદ્‌ગલોનાં સ્થિર રહેવામાં નિશ્ચયનયથી તેમનો સ્વભાવ જ ઉપાદાન કારણ છે અને વ્યવહારનયથી અધર્મદ્રવ્ય–એવો આ સૂત્રનો અર્થ છે.''

આ કથનથી એમ સિદ્ધ થાય છે કે ધર્મપરિણત જીવને શુભોપયોગનું નિમિત્તપણું અને ગતિપૂર્વક સ્થિર થનારને માટે અધર્માસ્તિકાયનું નિમિત્તપણું સમાન છે. નિમિત્તથી ખરેખર લાભ (હિત) માનવાવાળો નિમિત્તને ઉપાદાન જ માને છે, વ્યવહારને નિશ્ચય જ માને છે અર્થાત્ વ્યવહાર મોક્ષમાર્ગથી વાસ્તવમાં (ખરેખર) લાભ માને છે તેથી તેઓ બધા મિથ્યાદ્રષ્ટિ છે. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૨૬૧માં પણ કહ્યું છે કે–''આ જીવ નિશ્ચયાભાસને જાણે–માને છે, **પરંતુ વ્યવહાર**

**સાધનને ભલાં જાણે છે**.....વ્રતાદિ શુભોપયોગરૂપ પ્રવર્તે છે, તેથી અંતિમ ગ્રૈવેયક સુધીનાં પદ પામે છે, પરંતુ સંસારનો જ ભોક્તા રહે છે.''

## કેવળજ્ઞાન,–ક્રમબદ્ધ–ક્રમવર્તી

(૧૯) કેવળજ્ઞાન સંબંધી અનેક પ્રકારની વિપરીત માન્યતાઓ ચાલી રહી છે, માટે તેનું સાચું સ્વરૂપ શું છે તે આ શાસ્ત્રમાં પાનાં ૨૦૬ થી ૨૧૯ સુધીમાં દર્શાવ્યું છે. આ મૂળ વાત તરફ આપનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

૧—કેવળી ભગવાન આત્મજ્ઞ છે, પરજ્ઞ નથી–એવી પણ એક જૂઠી માન્યતા ચાલી રહી છે, પરંતુ શ્રી પ્રવચનસારની ગા. ૧૩ થી ૫૪ સુધીની ટીકામાં તેનું સ્પષ્ટ સમાધાન કર્યું છે, તેમાં ગાથા ૪૮માં કહ્યું છે કે ''જે એકી સાથે ત્રૈકાલિક ત્રિભુવનસ્થ પદાર્થોને નથી જાણતો તેને પર્યાયસહિત એક દ્રવ્યને પણ જાણવું શક્ય નથી,'' એથી સિદ્ધ થાય છે કે જે સર્વને નથી જાણતો તે પોતાને (આત્માને) નથી જાણતો.'' પ્રવચનસાર ગા. ૪૯માં પણ ઘણી સ્પષ્ટતાથી કહેલ છે. ગાથા ઉપર ટીકાની સાથે જે કળશ છે તે ખાસ સૂક્ષ્મતાથી વાંચવા યોગ્ય છે.

શુદ્ધોપયોગનું ફળ કેવળજ્ઞાન છે તેથી કેવળજ્ઞાન પ્રગટ કરવાને માટે શુદ્ધોપયોગ અધિકાર શરૂ કરતાં આચાર્યદેવે પ્રવચનસાર ગાથા ૧૩ની ભૂમિકામાં કહ્યું છે કે ''એ પ્રમાણે આ (ભગવાન કુન્દકુન્દાચાર્યદેવ), **સમસ્ત શુભાશુભોપયોગવૃત્તિને અપાસ્ત કરીને, (હેય માનીને, તિરસ્કાર કરીને, દૂર કરીને)** શુદ્ધોપયોગ વૃત્તિને આત્મસાત્ (પોતાપણે) કરતા થકા શુદ્ધોપયોગ અધિકારનો પ્રારંભ કરે છે. તેમાં (શરૂઆતમાં) શુદ્ધોપયોગના ફળની આત્માના પ્રોત્સાહનને માટે પ્રશંસા કરે છે,'' કારણ કે શુદ્ધોપયોગનું ફળ જ કેવળજ્ઞાન છે.

તે કેવળજ્ઞાનના સંબંધમાં વિસ્તારથી સ્પષ્ટ આધાર સહિત સમજવાને માટે જુઓ આ શાસ્ત્રમાં પાનાં ૨૦૬ થી ૨૧૯ સુધી.

૨–પ્રવચનસાર ગાથા ૪૭ની ટીકામાં સર્વજ્ઞના જ્ઞાનસ્વભાવનું વર્ણન કરતાં કહે છે કે ''અતિવિસ્તારથી બસ થાઓ, જેનો અનિવારિત પ્રસાર (ફેલાવ) છે, ક્ષાયિકજ્ઞાન એવું પ્રકાશમાન હોવાથી અવશ્યમેવ સર્વદા, સર્વત્ર, સર્વથા સર્વને જાણે છે.'' આથી જ સાબિત થાય છે કે સર્વ જ્ઞેયોનું સંપૂર્ણ સ્વરૂપ–પ્રત્યેક સમયમાં કેવળજ્ઞાન પ્રત્યે સુનિશ્ચિત હોવાથી અનાદિ અનંત ક્રમબદ્ધક્રમવર્તી પર્યાયો કેવળજ્ઞાનીના જ્ઞાનમાં સ્પષ્ટ પ્રતિભાસિત છે અને તે સુનિશ્ચિત હોવાથી બધાં દ્રવ્યોની બધી પર્યાયો ક્રમબદ્ધ જ થાય છે, આઘીપાછી, અગમ્ય અથવા અનિશ્ચિત થતી નથી.

૩—પર્યાયને ક્રમવર્તી પણ કહેવામાં આવે છે તેનો અર્થ શ્રી પંચાસ્તિકાયની ગાથા ૧૮ની ટીકામાં એવો કરેલ છે કે–**''કારણ કે તે (પર્યાયો) ક્રમવર્તી હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે અને વીતી જાય છે''** પછી ગાથા ૨૧ની ટીકામાં કહ્યું છે કે ''જ્યારે જીવ, દ્રવ્યની ગૌણતાથી તથા પર્યાયની મુખ્યતાથી વિવક્ષિત થાય છે ત્યારે તે (૧) ઊપજે છે,

(૨) વિણસે છે, **(૩) જેનો સ્વકાળ વીતી ગયો છે એવા સત્ (વિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કરે છે અને (૪) જેનો સ્વકાળ ઉપસ્થિત થયો છે (આવ્યો છે) એવા અસત્‌ને (અવિદ્યમાન પર્યાયસમૂહને)** ઉત્પન્ન કરે છે.

૪—પંચાધ્યાયી ભાગ ૧ ગાથા ૧૬૭–૬૮માં કહેલ છે કે ''ક્રમ ધાતુ છે તે પાદવિક્ષેપ અર્થમાં પ્રસિદ્ધ છે.'' ગમન કરતી વખતે પગ ડાબો–જમણો ક્રમસર જ ચાલે છે, ઊલટા ક્રમથી નથી ચાલતો. એ પ્રમાણે દ્રવ્યની પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે, જે પોતપોતાના કાળમાં પ્રગટ થાય છે, તેમાં કોઈ કાળે પહેલાંની પછી અને પછી થવાવાળી પ્રથમ–એમ થતી નથી, માટે પ્રત્યેક પર્યાય પોતાના સમયમાં જ ક્રમાનુસાર પ્રગટ થતી રહે છે.

૫–પર્યાયને ક્રમભાવી પણ કહેવામાં આવે છે. શ્રી પ્રમેયકમલમાર્તણ્ડ ન્યાયશાસ્ત્રમાં [૩, પરોક્ષ પરિ. સૂ. ૩ ગા. ૧૭–૧૮ની ટીકામાં] કહ્યું છે કે–

पूर्वोत्तर चारिणोः कृतिकाशकटोदयादिस्वरूपयोः कार्यकारणयोश्चाग्निधूमादिस्वरूपयोः इति।

નક્ષત્રોના દૃષ્ટાન્તથી પણ સિદ્ધ થાય છે કે જેમ નક્ષત્રોના ગમનનું ક્રમભાવીપણું કદી પણ નિશ્ચિત ક્રમને છોડીને આડું અવળું થતું નથી, તેમ જ દ્રવ્યોની પ્રત્યેક પર્યાયનો ઉત્પાદ–વ્યયરૂપ પ્રવાહનો ક્રમ પોતાના નિશ્ચિત ક્રમને છોડીને કદી પણ આડોઅવળો થતો નથી પરન્તુ તેનો નિશ્ચિત સ્વસમયમાં ઉત્પાદ થતો રહે છે.

૬—કેવળી–સર્વજ્ઞના જ્ઞાનપ્રતિ સર્વજ્ઞેયો—સર્વ દ્રવ્યોની ત્રિકાલવર્તી સર્વ પર્યાયો જ્ઞેયપણે નિશ્ચિત જ છે અને ક્રમબદ્ધ છે, તેની સિદ્ધિ કરવાને માટે પ્રવચનસાર ગાથા ૯૯ની ટીકામાં ઘણું સ્પષ્ટ કથન છે. વિશેષ જુઓ, પાટની ગ્રંથમાલા દ્વારા પ્રકાશિત પ્ર૦ સાર ગાથા—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ગાથા | ૧૦ | પાનું | ૧૨ | ટીકા | અને | ભાવાર્થ |
| ગાથા | ૨૩ | પાનું | ૨૭–૨૮ | ટીકા | અને | ભાવાર્થ |
| ગાથા | ૩૭ | પાનું | ૪૪ | ટીકા | અને | ભાવાર્થ |
| ગાથા | ૩૮ | પાનું | ૪૫ | ટીકા | અને | ભાવાર્થ |
| ગાથા | ૩૯ | પાનું | ૪૬ | ટીકા | અને | ભાવાર્થ |
| ગાથા | ૪૧ | પાનું | ૪૮ | ટીકા | અને | ભાવાર્થ |
| ગાથા | ૪૮–૪૯ | પાનું | ૫૫–૫૮ | ટીકા | અને | ભાવાર્થ |
| ગાથા | ૫૧ | પાનું | ૫૯ | ટીકા | અને | ભાવાર્થ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ગાથા | ૯૯ | પાનું | ૧૨૪–૨૬ | ટીકા | અને | ભાવાર્થ |
| ગાથા | ૧૧૩ | પાનું | ૧૪૭–૪૮ | ટીકા | અને | ભાવાર્થ |
| ગાથા | ૨૦૦ | પાનું | ૨૪૩ | ટીકા | અને | ભાવાર્થ |

૭—શ્રી સમયસારજી શાસ્ત્રના કળશોની શ્રી રાજમલ્લજી કૃત ટીકા (સુરતથી પ્રકાશિત)માં પાન ૧૦માં કહેલ છે કે **''આ જીવ આટલો કાળ વીતી ગયા પછી મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.''**

૮—અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાનીઓ, પણ ભવિષ્યની પર્યાયોને નિશ્ચિતરૂપથી સ્પષ્ટ જાણે જ છે અને નક્ષત્ર, સૂર્ય, ચંદ્ર તથા તારાઓની ગતિ, ઉદય–અસ્ત, ગ્રહણકાળ વગેરેને નિશ્ચિતરૂપથી અલ્પજ્ઞ જીવો પણ જાણી શકે છે તો સર્વજ્ઞ વીતરાગ પૂર્ણજ્ઞાની હોવાથી સર્વ દ્રવ્યોની સર્વ પર્યાયોને નિશ્ચિતરૂપથી (તેના ક્રમમાં નિયત) કેમ નથી જાણી શકતા?—ચોક્કસ જાણે જ છે.

૯—આ કથનનું પ્રયોજન—સ્વતંત્ર વસ્તુસ્વરૂપના જ્ઞાન વડે કેવળજ્ઞાનસ્વભાવી પોતાના આત્માનું જે પૂર્ણ સ્વરૂપ છે તેનો નિશ્ચય કરીને, સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વાર્થોનું વાસ્તવિક શ્રદ્ધાન કરીને મિથ્યાશ્રદ્ધાન છોડવું જોઈએ. ક્રમબદ્ધના સાચા શ્રદ્ધાનમાં કર્તાપણાનો અને પર્યાયનો આશ્રય છૂટીને પોતાના ત્રિકાળી જ્ઞાતાસ્વભાવની દૃષ્ટિ અને આશ્રય થાય છે, તેમાં સ્વસન્મુખ જ્ઞાતાપણાનો સાચો પુરુષાર્થ, સ્વભાવ, કાળલબ્ધિ, નિયતિ અને કર્મના ઉપશમાદિ પાંચે સમવાયો એકી સાથે હોય છે, આ નિયમ છે. એવો વસ્તુનો અનેકાન્ત છે એમ શ્રદ્ધાન કરવું, કારણ કે તેની શ્રદ્ધા કર્યા વગર સાચી મધ્યસ્થતા આવી શકતી નથી.

(૨૦) તત્ત્વજ્ઞાની સ્વ. શ્રી પં. બનારસીદાસજીએ 'પરમાર્થ વચનિકામાં' જ્ઞાન અને અજ્ઞાનીનો ભેદ સમજવાને માટે કહ્યું છે કે :—

**૧–''હવે મૂઢ તથા જ્ઞાની જીવનું વિશેષપણું અન્ય પણ સાંભળો.''**

જ્ઞાતા તો મોક્ષમાર્ગ સાધી જાણે, પરંતુ મૂઢ મોક્ષમાર્ગ સાધી જાણે નહિ. શા માટે? તે સાંભળો—મૂઢ જીવ [1]આગમપદ્ધતિને વ્યવહાર કહે છે અને અધ્યાત્મપદ્ધતિને નિશ્ચય કહે છે તેથી તે આગમ અંગને એકાંતપણે સાધીને તેને મોક્ષમાર્ગ બતાવે છે, [2]**અધ્યાતમઅંગને** વ્યવહારથી પણ જાણે નહિ એવો મૂઢદૃષ્ટિ જીવનો સ્વભાવ છે, તેને (મૂઢને) આ પ્રમાણે સૂઝે જ ક્યાંથી? કારણ

---

૧. આગમ પદ્ધતિ બે પ્રકારે છે—(૧) ભાવરૂપ–પુદ્‌ગલાકાર આત્માની અશુદ્ધ પરિણતિરૂપ–અર્થાત્ અવ્રતાદિના અશુભ પરિણામ તથા દયા, દાન, પૂજા, અનુકંપા, અણુવ્રત–મહાવ્રત, મુનિના ૨૮ મૂલગુણોનું પાલનાદિ શુભભાવરૂપ જીવના મલિન પરિણામ અને (૨) દ્રવ્યરૂપ પુદ્‌ગલપરિણામ.

૨. અંતર્દષ્ટિ વડે મોક્ષમાર્ગને સાધવો તે અધ્યાત્મ અંગનો વ્યવહાર છે. મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર અને શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય.

કે—આગમ અંગ બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણ છે, તેનું સ્વરૂપ સાધવું તેને સુગમ છે, તે બાહ્ય ક્રિયા કરતો થકો મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે, પરંતુ અંતર્ગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા જે અંતર્દષ્ટિગ્રાહ્ય છે તે ક્રિયાને મૂઢ જીવ જાણે નહીં, કારણ—અંતર્દષ્ટિના અભાવથી અંતરક્રિયા દૃષ્ટિગોચર આવે નહિ; માટે મિથ્યાદૃષ્ટિ જીવ મોક્ષમાર્ગને સાધવાને અસમર્થ છે.''

## ૨—હવે સમ્યગ્દષ્ટિનો વિચાર સાંભળો

''સમ્યગ્દૃષ્ટિ કોણ કહેવાય તે સાંભળો :—સંશય, વિમોહ, વિભ્રમ એ ત્રણ ભાવ જેનામાં નથી તે સમ્યગ્દૃષ્ટિ. સંશય, વિમોહ અને વિભ્રમ શું છે તેનું સ્વરૂપ દૃષ્ટાન્તથી બતાવીએ છીએ તે સાંભળો, જેમ કોઈ સ્થાનમાં ચાર માણસો ઊભા હતા, તે બધાયની સામે બીજા એક માણસે સીપનો કટકો લાવી બતાવ્યો, પછી દરેકને પૂછ્યું કે આ શું છે? સીપ છે કે રૂપું છે? ત્યાં એ કે–જેના મનમાં સંશય હતો તેણે કહ્યું–મને તો કાંઈ ખબર પડતી નથી કે આ સીપ છે કે રૂપું? મારી દૃષ્ટિમાં તો એનો કશો નિર્ણય થતો નથી. ત્યારે બીજો વિમોહવાળો બોલ્યો કે મને તો એ જ નથી સમજાતું કે તમે સીપ કોને કહો છો અને રૂપું કોને કહો છો? મારી દૃષ્ટિમાં તો કશું જ આવતું નથી તેથી હું નથી જાણતો કે તમે શું કહેવા માગો છો? અથવા તે ચૂપ રહે, ઘેલછાથી બોલે નહીં. હવે ત્રીજો વિભ્રમવાળો પુરુષ બોલ્યો કે આ તો પ્રત્યક્ષ પ્રમાણ રૂપું જ દેખાય છે માટે સર્વ પ્રકારે આ રૂપું છે. પરંતુ તે ત્રણેય પુરુષોએ તો સીપના સ્વરૂપને જાણ્યું નહીં. તેથી તે ત્રણેય મિથ્યાવાદી છે. હવે ચોથો પુરુષ બોલ્યો કે–આ તો પ્રત્યક્ષ પ્રમાણ સીપનો કટકો છે તેમાં સંશય શો? સીપ, સીપ, સીપ, ચોક્કસ સીપ છે. જો કોઈ આને સત્ય કહે તો તે પ્રત્યક્ષપ્રમાણભ્રમિત અથવા અંધ છે. તેમ સમ્યગ્દૃષ્ટિને સ્વ–પરના સ્વરૂપ વિષે ન તો સંશય છે, ન વિમોહ છે, ન તો વિભ્રમ છે, યથાર્થ દૃષ્ટિ છે; માટે સમ્યગ્દૃષ્ટિ જીવ અન્તર્દૃષ્ટિ વડે મોક્ષપદ્ધતિ સાધી જાણે છે. **તે બાહ્યભાવને [1]બાહ્ય નિમિત્તરૂપ માને; બાહ્ય નિમિત્ત તો અનેક છે, એક નથી. તેથી અંતર્દષ્ટિના પ્રમાણમાં મોક્ષમાર્ગને સાધે છે. સમ્યગ્જ્ઞાન (સ્વસંવેદન) અને સ્વરૂપાચરણની કણિકા જાગ્યે મોક્ષમાર્ગ સાચો. મોક્ષમાર્ગ સાધવો [2]તે વ્યવહાર અને**

---

૧. વ્યવહારનય અશુદ્ધ દ્રવ્યને કહેવાવાળો હોવાથી જેટલા અલગ અલગ, એક એક ભાવસ્વરૂપ અનેક ભાવ બતાવવામાં આવ્યા છે તે બધા અનેક વિચિત્ર વર્ણમાળા સમાન હોવાથી, જાણવામાં આવતા હોવાથી તે કાળે પ્રયોજનવાન છે, પરંતુ ઉપાદેયસ્વરૂપથી પ્રયોજનવાન નથી એવા જ્ઞાન સહિત સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની ચારિત્ર ગુણની પર્યાયમાં આંશિક શુદ્ધતાની સાથે જે શુભઅંશ છે તેને બાહ્ય ભાવ અને બાહ્ય નિમિત્તરૂપથી જાણે છે. શાસ્ત્રમાં કોઈ કોઈ ઠેકાણે તે શુભભાવને શુદ્ધપર્યાયનો વ્યવહારનયથી સાધક પણ કહેલ છે, તેનો અર્થ એ છે કે તે (શુભભાવ) બાહ્ય નિમિત્ત માત્ર છે–હેય છે. આશ્રય કરવા યોગ્ય અથવા હિતકર નથી પણ બાધક જ છે એમ જ્ઞાની માને છે.

૨. પાટની ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત શ્રી પ્રવચનસાર ગાથા ૯માં ''અવિચલિત ચેતનામાત્ર આત્મવ્યવહાર છે'' એમ ટીકામાં પાનાં ૧૧૧–૧૨માં કહ્યું છે, તેને અહીં મોક્ષમાર્ગને સાધવો તે વ્યવહાર એમ નિરૂપણ કર્યું છે.

**[1]શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય. એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ જાણે છે, પણ મૂઢ જીવ જાણે નહીં અને માને પણ નહીં.**

મૂઢ જીવ બંધપદ્ધતિને સાધતો થકો તેને મોક્ષમાર્ગ કહે છે **પરંતુ તે વાત જ્ઞાતા માનતો નથી;** કેમ કે, બંધને સાધવાથી બંધ સધાય પણ મોક્ષ સધાય નહીં. જ્યારે જ્ઞાતા કદાચિત્ બંધપદ્ધતિનો વિચાર કરે ત્યારે તે એમ જાણે છે કે આ [2]બંધપદ્ધતિથી મારું દ્રવ્ય અનાદિ કાળથી બંધરૂપ ચાલ્યું આવ્યું છે. હવે એ [3]પદ્ધતિનો મોહ તોડી વર્ત!

આ બંધપદ્ધતિનો રાગ પહેલાંની જેમ હે નર! તું શા માટે કરે છે?''

જ્ઞાતા ક્ષણમાત્ર પણ બંધપદ્ધતિમાં મગ્ન થાય નહીં. તે પોતાનું સ્વરૂપ વિચારે, અનુભવે, ધ્યાવે, ગાવે, શ્રવણ કરે તથા નવધાભક્તિ, તપ, ક્રિયા વગેરે પોતાના શુદ્ધસ્વરૂપસન્મુખ થઈને કરે એ જ્ઞાતાનો આચાર છે. એનું નામ મિશ્ર વ્યવહાર છે.

(૩) હવે, હેય જ્ઞેય ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલનો વિચાર-''હેય-ત્યાગવાયોગ્ય તો પોતાના દ્રવ્યની અશુદ્ધતા, જ્ઞેય-વિચારરૂપ અન્ય છ દ્રવ્યનું સ્વરૂપ અને ઉપાદેય-આચરણરૂપ પોતાના દ્રવ્યની શુદ્ધતા. તેનું વિવેચન—ગુણસ્થાન પ્રમાણે હેય જ્ઞેય ઉપાદેયરૂપ શક્તિ જ્ઞાતાની હોય, જ્ઞાતાની હેય જ્ઞેય ઉપાદેયરૂપ શક્તિ જેમ જેમ વર્ધમાન થતી જાય તેમ તેમ ગુણસ્થાનની વૃદ્ધિ થાય એમ કહેલ છે. તેને ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન અનુસાર ક્રિયા હોય છે. તેમાં પણ આટલી વિશેષતા છે કે એક ગુણસ્થાનવર્તી અનેક જીવો હોય તો તે દરેકનું જ્ઞાન અનેકરૂપે હોય છે. તેમ જ ક્રિયા પણ અનેકરૂપ હોય છે. દરેકની ભિન્ન ભિન્ન સત્તા હોવાને લીધે એકતા-સમાનતા હોય નહીં. દરેક જીવદ્રવ્યના ઔદયિક ભાવ જુદા જુદા હોય છે. તે ઔદયિક ભાવ અનુસાર જ્ઞાનની પણ ભિન્નતા જાણવી. પરંતુ તેમાં વિશેષતા એ છે કે કોઈપણ જ્ઞાનીનું કોઈપણ જાતનું જ્ઞાન એવું ન હોય કે જ્ઞાન પરસત્તાવલંબનશીલ થઈને સાક્ષાત્ મોક્ષમાર્ગ થાય એમ કહે, કેમ કે અવસ્થાના પ્રમાણમાં પરસત્તાવલંબન છે, પણ પરસત્તાવલંબી જ્ઞાનને પરમાર્થતા (મોક્ષમાર્ગ) કહેતો નથી. જે જ્ઞાન સ્વસત્તાવલંબનશીલ હોય તે જ ખરું જ્ઞાન છે. તે જ્ઞાનને સહકારભૂત-

---

૧. ત્રિકાળી એકરૂપ રહેવાવાળો આત્માનો જે ધ્રુવ જ્ઞાયકભાવ છે તે ભૂતાર્થ અને નિશ્ચયનયનો વિષય હોવાથી તેને 'શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ' કહ્યું છે. તેને પરમ પારિણામિકભાવ પણ કહેવામાં આવે છે અને તે નિત્ય સામાન્ય દ્રવ્યરૂપ હોવાથી નિષ્ક્રિય છે અને ક્રિયા છે તે પર્યાય છે તેથી તે વ્યવહારનયનો વિષય છે.

૨. અહીં સમ્યગ્દષ્ટિ જીવને તેની ભૂમિકાનુસાર થવાવાળા શુભભાવને પણ બંધપદ્ધતિમાં ગણેલ છે. બંધમાર્ગ, બંધનનું કારણ, બંધનનો ઉપાય અને બંધનપદ્ધતિ સમાન અર્થવાચક છે.

૩. સમકિતી જીવો શુભભાવને બંધપદ્ધતિમાં ગણે છે તેથી તેઓ તેનાથી લાભ અથવા કિંચિત્‌માત્ર પણ હિત માનતા નથી અને તેનો અભાવ કરવાનો પુરુષાર્થ કરે છે માટે આ બંધપદ્ધતિનો મોહ તોડીને સ્વસન્મુખ થવાનો ઉદ્યમ કરીને શુદ્ધતાની વૃદ્ધિ કરવાની ભલામણ કરી છે.

નિમિત્તરૂપ અનેક પ્રકારના ઔદયિક ભાવ હોય છે. તે ઔદયિક ભાવોને જ્ઞાની તમાશો જોનારની જેમ સાક્ષીપણે જાણે છે પરંતુ તેનો કર્તા, ભોક્તા કે અવલંબી નથી, માટે કોઈ એમ કહે કે "આ પ્રકારના જ ઔદયિકભાવ હોય તો (તે જીવને) અમુક ગુણસ્થાન છે" તો તે વાત ખોટી છે. તેણે દ્રવ્યના સ્વરૂપને બિલકુલ જાણ્યું નથી, કેમ કે અન્ય ગુણસ્થાનની તો વાત શું કરવી? કેવળી ભગવાનના ઔદયિક ભાવોની પણ ભિન્નતા (અનેકતા) છે.

કેવળીઓના પણ ઔદયિક ભાવ એકસરખા ન હોય. કોઈ કેવળીને દંડ–કબાટરૂપ ક્રિયાનો ઉદય હોય, તો કોઈ અન્ય કેવળીને તે ન પણ હોય. એ પ્રમાણે કેવળીઓના ઉદયભાવોની પણ જ્યારે ભિન્નતા છે તો પછી બીજા ગુણસ્થાનોની શું વાત કરીએ? માટે ઔદયિક★ ભાવોના ભરોસે જ્ઞાન નથી. જ્ઞાન સ્વશક્તિપ્રમાણ છે. સ્વ–પરપ્રકાશક જ્ઞાનશક્તિ, જ્ઞાયકપ્રમાણ જ્ઞાન તથા યથાનુભવપ્રમાણ સ્વરૂપાચરણ ચારિત્ર, એ જ્ઞાતાનું સામર્થ્ય છે."

"આ વાર્તાનો વિસ્તાર ક્યાં સુધી લખીએ–ક્યાં સુધી કહીએ? આ તો વચનાતીત, ઇન્દ્રિયાતીત, જ્ઞાનાતીત છે, માટે આ વિચારને વધારે શું લખીએ. જે જ્ઞાતા હશે તે તો થોડું લખ્યું ઘણું સમજશે અને જે અજ્ઞાની હશે તે આ ચિઠ્ઠી સાંભળશે ખરો, પરંતુ સમજશે નહીં. આ વચનિકા યથાયોગ્ય સુમતિ પ્રમાણે કેવળીના વચનાનુસાર છે. જે કોઈ આને સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેનું કલ્યાણ થશે અને તે જ ખરેખર ભાગ્યશાળી છે. ઇતિ પરમાર્થ વચનિકા."

## (૨૧) સમાજમાં આત્મજ્ઞાનના વિષયમાં અપૂર્વ જિજ્ઞાસા અને જાગૃતિ

૧–જેને સત્યની તરફ રુચિ થઈ રહી છે, જે સત્યતત્ત્વને સમજવાનો અને નિર્ણય કરવાનો ઇચ્છક છે તેવો સમાજ મધ્યસ્થતાથી શાસ્ત્રોનો સ્વાધ્યાય કરીને નયાર્થ, અનેકાન્ત, ઉપાદાન–નિમિત્ત, નિશ્ચય–વ્યવહાર બંને નયોની સાચી વ્યાખ્યા અને પ્રયોજન તથા મોક્ષમાર્ગનું બે પ્રકારથી નિરૂપણ, હેય–ઉપાદેય અને પ્રત્યેક દ્રવ્યના પર્યાયોની પણ સ્વતંત્રતા, કેવળજ્ઞાન અને ક્રમબદ્ધપર્યાય વગેરે પ્રયોજનભૂત વિષયોમાં ઉત્સાહપૂર્વક અભ્યાસ કરી રહ્યો છે અને તત્ત્વનિર્ણયના વિષયમાં સમાજમાં ખાસ વિચારોની પ્રવાહધારા ચાલી રહી છે એમ નીચેના આધાર ઉપરથી પણ સિદ્ધ થાય છે.

૨–શ્રી ભારત દિ. જૈન સંઘ (મથુરા) તરફથી ઇ.સ. ૧૯૯૪માં પ્રકાશિત મોક્ષમાર્ગ પ્રકાશક (પં. ટોડરમલ્લજી)ની પ્રસ્તાવના પા. ૯માં શાસ્ત્રીજીએ કહ્યું છે કે—

"આજ સુધી શાસ્ત્ર સ્વાધ્યાય અને પારસ્પરિક ચર્ચાઓમાં એકાન્ત નિશ્ચયી અને એકાન્ત વ્યવહારીને જ મિથ્યાદૃષ્ટિ કહેતા સાંભળતાં આવ્યા છીએ, પરંતુ બન્ને નયોનું અવલંબન કરનાર પણ મિથ્યાદૃષ્ટિ હોઈ શકે છે. આ આપની (સ્વ. પ. ટોડરમલ્લજીની) નવી અને વિશેષ ચર્ચા

---

★ અહીંયા સમ્યગ્દૃષ્ટિના શુભોપયોગને ઔદયિક ભાવ કહેલ છે અને તે ઔદયિક ભાવથી સંવર નિર્જરા નથી પરંતુ બંધ થાય છે.

છે. એવા મિથ્યાદ્રષ્ટિઓના સૂક્ષ્મ ભાવોનું વિશ્લેષણ કરતાં આપે અનેક અપૂર્વ વાતો જણાવી છે. ઉદાહરણ માટે–આપે એ વાતનું ખંડન કર્યું છે કે મોક્ષમાર્ગ નિશ્ચય–વ્યવહારરૂપ બે પ્રકારનો છે. ત્યાં તેઓ લખે છે કે આ માન્યતા નિશ્ચય–વ્યવહારાવલંબી મિથ્યાદ્રષ્ટિઓની છે. વાસ્તવમાં પાઠક જોઈ શકશે કે જે લોકો નિશ્ચયસમ્યગ્દર્શન, વ્યવહારસમ્યગ્દર્શન, નિશ્ચયરત્નત્રય, વ્યવહારરત્નત્રય, નિશ્ચયમોક્ષમાર્ગ, વ્યવહારમોક્ષમાર્ગ વગેરે ભેદોની રાત–દિવસ ચર્ચાઓ કરે છે તેમની માન્યતાથી પં.જીની માન્યતા કેટલી ભિન્ન છે? એ જ પ્રમાણે આગળ તેઓએ લખ્યું છે કે **''નિશ્ચય અને વ્યવહાર બન્ને ઉપાદેય માનવા તે પણ ભ્રમ છે, કારણ કે બન્ને નયોનું સ્વરૂપ તો પરસ્પર વિરુદ્ધ છે. માટે બન્ને નયોનું ઉપાદેયપણું બનતું નથી. ''અત્યાર સુધી તો અમારી એ જ ધારણા હતી કે એકલો નિશ્ચય પણ ઉપાદેય નથી અને એકલો વ્યવહાર પણ ઉપાદેય નથી; પરંતુ બન્નેય ઉપાદેય છે,'' પરંતુ પંડિતજીએ એને મિથ્યાદ્રષ્ટિઓની પ્રવૃત્તિ કહી છે.''**

આગળ પૃ. ૩૦માં પણ લખ્યું છે કે 'જે એમ માને છે કે શ્રદ્ધાન તો નિશ્ચયનું કરવું જોઈએ અને પ્રવૃત્તિ વ્યવહારની રાખવી જોઈએ' તેને પણ મિથ્યાદ્રષ્ટિ જ કહ્યા છે.

આ આવૃત્તિ આત્માર્થી વિદ્વાનભાઈ શ્રી ખીમચંદભાઈ જેઠાલાલ શેઠની દેખરેખ નીચે તૈયાર થઈ છે તથા બ્ર. ગુલાબચંદભાઈએ તેને લગતું તમામ કાર્ય કર્યું છે તે માટે બન્નેનો આભાર માનું છું.

વીર સં. ૨૪૮૯, વિ.સં. ૨૦૧૯ **—રામજી માણેકચંદ દોશી**
શ્રાવણ સુદી ૮



## શ્રી મોક્ષશાસ્ત્ર–ગુજરાતી ટીકા

# વિષયાનુક્રમણિકા


સૂત્ર નં. | વિષય | પાનું

મંગલાચરણ ---------- ૧
શાસ્ત્રના વિષયોનું સંક્ષિપ્ત અવલોકન ----- ૧

**પ્રથમ અધ્યાય**

૧ **મોક્ષપ્રાપ્તિનો ઉપાય ---------- ૪**
પહેલા સૂત્રનો સિદ્ધાંત ---------- ૫
૨ **સમ્યગ્દર્શનનું લક્ષણ ---------- ૬**
'તત્ત્વ' શબ્દનો મર્મ ---------- ૭
સમ્યગ્દર્શનનું માહાત્મ્ય ---------- ૭
સમ્યગ્દર્શનનું બળ ---------- ૧૦
સમ્યગ્દર્શનના ત્રણ ભેદો ---------- ૧૦
સમ્યગ્દર્શનના બીજી રીતે બે ભેદો----- ૧૧
સરાગ સમ્યગ્દષ્ટિને પ્રશમાદિ ભાવો --- ૧૧
સમ્યગ્દર્શનનો વિષય–લક્ષ ---------- ૧૨
બીજા સૂત્રનો સિદ્ધાંત ---------- ૧૨
3 **સમ્યગ્દર્શનના ઉત્પત્તિ અપેક્ષાએ ભેદો ૧૩**
ત્રીજા સૂત્રનો સિદ્ધાંત ---------- ૧૩
૪ **તત્ત્વોનાં નામ ---------- ૧૪**
સાત તત્ત્વોનું સ્વરૂપ ---------- ૧૪
ચોથા સૂત્રનો સિદ્ધાંત ---------- ૧૬
૫ **સાત તત્ત્વો, સમ્યગ્દર્શનાદિ તથા બીજા શબ્દોના અર્થ સમજવાની રીત - ૧૭**
નિક્ષેપના ભેદોની વ્યાખ્યા ---------- ૧૭
સ્થાપનાનિક્ષેપ અને દ્રવ્યનિક્ષેપ વચ્ચેનો ભેદ ---------- ૧૮
પાંચમા સૂત્રનો સિદ્ધાંત ---------- ૧૮
૬ **સમ્યગ્દર્શનાદિ તથા તત્ત્વોને જાણવાનો ઉપાય ---------- ૧૯**
પ્રમાણની વ્યાખ્યા ---------- ૧૯
નયની વ્યાખ્યા ---------- ૧૯
યુક્તિ ---------- ૨૦
અનેકાંત તથા એકાંત ---------- ૨૦
સમ્યક્ અને મિથ્યા અનેકાંતના સ્વરૂપ - ૨૦
સમ્યક્ અને મિથ્યા અનેકાંતનાં દૃષ્ટાંતો ૨૦
સમ્યક્ અને મિથ્યા એકાંતનું સ્વરૂપ --- ૨૧
સમ્યક્ અને મિથ્યા એકાંતના દૃષ્ટાંતો -- ૨૨
પ્રમાણના પ્રકારો ---------- ૨૨
નયના પ્રકારો ---------- ૨૨
દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એટલે શું? ---------- ૨૩
ગુણાર્થિકનય શા માટે નહિ ---------- ૨૩
દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયના બીજાં નામો ---------- ૨૩
સમ્યગ્દષ્ટિનાં બીજા નામો ---------- ૨૪
મિથ્યાદષ્ટિના બીજાં નામો ---------- ૨૪
જ્ઞાન બન્ને નયોનું કરવું, પણ પરમાર્થે આદરણીય નિશ્ચયનય છે–એવી શ્રદ્ધા કરવી ---------- ૨૪
વ્યવહાર અને નિશ્ચયનું ફળ ---------- ૨૪
શાસ્ત્રોમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તે કઈ રીતે?
જૈન શાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ ---- ૨૪
નિશ્ચયાભાસીનું સ્વરૂપ ---------- ૨૫
વ્યવહારાભાસીનું સ્વરૂપ ---------- ૨૫
નયના બે પ્રકારો (રાગરહિત અને રાગસહિત) ---------- ૨૫
પ્રમાણ સપ્તભંગી અને નય સપ્તભંગી ---------- ૨૬

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | આ શાસ્ત્રમાં મુખ્યપણે વ્યવહારનયનું કથન છે | ૨૬ |
| | વીતરાગી વિજ્ઞાનનું પ્રતિપાદન | ૨૬ |
| | મિથ્યાદ્રષ્ટિનાં નયો | ૨૬ |
| | સમ્યગ્દ્રષ્ટિનાં નયો | ૨૭ |
| | રત્નત્રયનો વિષય | ૨૭ |
| | નીતિનું સ્વરૂપ | ૨૭ |
| | પરિગ્રહનું સ્વરૂપ | ૨૮ |
| | નિશ્ચય અને વ્યવહારનો બીજો અર્થ | ૨૮ |
| | આત્માનું સ્વરૂપ સમજવા માટે નય વિભાગ | ૨૮ |
| | નિશ્ચયનય અને દ્રવ્યાર્થિકનય તથા વ્યવહારનય અને પર્યાયાર્થિકનય જુદા જુદા અર્થમાં પણ વપરાય છે | ૨૯ |
| | છઠ્ઠા સૂત્રનો સિદ્ધાંત | ૨૯ |
| ૭. | **સમ્યગ્દર્શનાદિ તથા તત્ત્વોને જાણવાના અમુખ્ય (ગૌણ) ઉપાય** | **૨૯** |
| | સમ્યગ્દર્શનનું નિર્દેશ તથા સ્વામિત્વ | ૨૯ |
| | સમ્યગ્દર્શનનું સાધન | ૨૯ |
| | સમ્યગ્દર્શનનું અધિકરણ, તથા સ્થિતિ અને વિધાન | ૨૯ |
| ૮. | **સમ્યગ્દર્શનાદિ જાણવાના બીજા પણ અમુખ્ય ઉપાય** | **૩૧** |
| | સત્, સંખ્યા વગેરે આઠ બોલની વ્યાખ્યા | ૩૨ |
| | સત્ અને નિર્દેશમાં તફાવત | ૩૨ |
| | આ સૂત્રમાં 'સત્' શબ્દ વાપરવાનું કારણ | ૩૨ |
| | સંખ્યા અને વિધાનમાં તફાવત | ૩૩ |
| | ક્ષેત્ર અને અધિકરણમાં તફાવત | ૩૩ |
| | ક્ષેત્ર અને સ્પર્શનમાં તફાવત | ૩૩ |
| | કાળ અને સ્થિતિમાં તફાવત | ૩૪ |
| | સૂત્રમાં વિસ્તાર બતાવવાનું કારણ | ૩૪ |
| | જિનબિંબદર્શન ઇત્યાદિ સમ્યગ્દર્શનના કારણો સંબંધી પ્રશ્નોત્તર | ૩૪ |
| | સૂત્ર ૪ થી ૮ નો એકંદર સિદ્ધાંત | ૩૬ |
| ૯ | **સમ્યગ્જ્ઞાનના ભેદો** | **૩૬** |
| | મતિજ્ઞાન વગેરે પાંચ પ્રકારનું સ્વરૂપ | ૩૬ |
| | નવમા સૂત્રનો સિદ્ધાંત | ૩૭ |
| ૧૦ | **ક્યા જ્ઞાન પ્રમાણ છે?** | **૩૭** |
| | સૂત્ર ૯-૧૦નો સિદ્ધાંત | ૩૯ |
| ૧૧ | **પરોક્ષ પ્રમાણના ભેદ** | **૩૯** |
| | સમ્યક્મતિજ્ઞાની જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન હોવાનું જાણી શકે છે. | ૩૯ |
| | મતિ અને શ્રુતજ્ઞાનને અહીં પરોક્ષ કહ્યાં છે તે સંબંધે વિશેષ ખુલાસો | ૪૧ |
| ૧૨ | **પ્રત્યક્ષ પ્રમાણના ભેદ** | **૪૨** |
| ૧૩. | **મતિજ્ઞાનનાં બીજાં નામો** | ૪૨ |
| ૧૪. | **મતિજ્ઞાનની ઉત્પત્તિ સમયે નિમિત્ત** | ૪૩ |
| | મતિજ્ઞાનમાં જ્ઞેયપદાર્થ અને પ્રકાશ નિમિત્ત કેમ નથી? | ૪૪ |
| | ઉપાદાન-નિમિત્ત સંબંધી ખુલાસો | ૪૫ |
| | ઉપાદાન-નિમિત્ત કારણો | ૪૬ |
| ૧૫ | **મતિજ્ઞાનના ભેદો અને તેનો ક્રમ** | ૪૭ |
| | અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાનું સ્વરૂપ | ૪૭ |
| | આત્માનું જ્ઞાન થવામાં અવગ્રહાદિ કઈ રીતે છે? | ૪૭ |
| ૧૬. | **અવગ્રહાદિ મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થો** | ૪૮ |
| | બહુ, બહુવિધ ઇત્યાદિ બાર પ્રકારોની વ્યાખ્યા | ૪૮ |
| | દરેક ઇન્દ્રિય દ્વારા થતા બાર પ્રકારના મતિજ્ઞાન અને તે સંબંધી કેટલાક શંકા-સમાધાન | ૫૦ |
| ૧૭ | **ઉપર કહેલા બહુ, બહુવિધાદિ ભેદો કોના છે?** | **૫૫** |
| ૧૮ | **અવગ્રહજ્ઞાનમાં વિશેષતા** | **૫૬** |
| | અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહનાં દ્રષ્ટાંતો | ૫૬ |
| | અવ્યક્ત અને વ્યક્તનો અર્થ | ૫૭ |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | અવ્યક્ત અને વ્યક્તજ્ઞાન અર્થાત્ વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ | ૫૭ |
| | ઈહા, અવાય અને ધારણાનું વિશેષ સ્વરૂપ | ૫૭ |
| | અવગ્રહાદિ જ્ઞાનોમાં એક પછી એક બીજું જ્ઞાન થાય જ કે કેમ ? | ૫૮ |
| | 'ઈહા' જ્ઞાન સત્ય કે મિથ્યા ? | ૫૮ |
| | ધારણા અને સંસ્કાર સંબંધી ખુલાસો | ૫૮ |
| | અવગ્રહાદિ ચાર ભેદોની વિશેષતા | ૫૯ |
| **૧૯** | **વ્યંજનાવગ્રહજ્ઞાન નેત્ર અને મનથી થતું નથી** | **૫૯** |
| **૨૦** | **શ્રુતજ્ઞાન, તેની ઉત્પત્તિનો ક્રમ અને તેના ભેદ** | **૬૦** |
| | શ્રુતજ્ઞાનની ઉત્પત્તિનાં દૃષ્ટાંતો | ૬૦ |
| | શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં મતિજ્ઞાન નિમિત્તમાત્ર છે | ૬૦ |
| | મતિજ્ઞાન સમાન શ્રુતજ્ઞાન શા માટે નહિ? | ૬૦ |
| | એક શ્રુતજ્ઞાન લંબાઈને બીજું શ્રુતજ્ઞાન થાય તેને મતિપૂર્વક કઈ રીતે કહેવાય? | ૬૧ |
| | ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત | ૬૧ |
| | અનક્ષરાત્મક અને અક્ષરાત્મક શ્રુતજ્ઞાન | ૬૧ |
| | પ્રમાણના બે પ્રકાર | ૬૨ |
| | 'શ્રુતનો' અર્થ | ૬૨ |
| | અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય અર્થાત્ બાર અંગ અને ચૌદ પૂર્વ | ૬૨ |
| | મતિ અને શ્રુતજ્ઞાન વચ્ચે ભેદ | ૬૩ |
| | મતિ અને શ્રુતજ્ઞાન સંબંધી વિશેષ ખુલાસો | ૬૩ |
| | સૂત્ર ૧૧ થી ૨૦ સુધીનો સિદ્ધાંત | ૬૪ |
| **૨૧** | **અવધિજ્ઞાનનું વર્ણન** | **૬૪** |
| | ભવપ્રત્યય અને ગુણપ્રત્યય અવધિજ્ઞાન | ૬૫ |
| **૨૨** | **ક્ષયોપશમનૈમિત્તિક અવધિજ્ઞાનના ભેદ તથા તેના સ્વામી** | ૬૫ |
| | અવધિજ્ઞાનના અનુગામી આદિ છ ભેદોની વ્યાખ્યા | ૬૫ |
| | અવધિજ્ઞાનના અન્ય પ્રકારો | ૬૬ |
| | દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અપેક્ષાએ અવધિજ્ઞાનનો વિષય | ૬૬ |
| | ક્ષયોપશમનો અર્થ | ૬૬ |
| | ગુણપ્રત્યય અવધિજ્ઞાન સંબંધી | ૬૬ |
| | સૂત્ર ૨૧–૨૨નો સિદ્ધાંત | ૬૬ |
| **૨૩** | **મનઃપર્યયજ્ઞાનના ભેદ** | ૬૮ |
| | દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ મનઃપર્યયજ્ઞાનનો વિષય | ૬૮ |
| | 'મનઃપર્યય' તથા ઋજુમતિ વિપુલમતિની વ્યાખ્યા | ૬૮ |
| | દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અપેક્ષાએ ઋજુમતિમનઃપર્યય તથા વિપુલમતિમનઃપર્યયનો વિષય | ૬૯ |
| **૨૪** | **ઋજુમતિ અને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાનમાં અંતર** | **૭૦** |
| **૨૫** | **અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનમાં વિશેષતા ({તફાવત)** | **૭૦** |
| **૨૬** | **મતિ અને શ્રુતજ્ઞાનનો વિષય** | **૭૧** |
| **૨૭** | **અવધિજ્ઞાનનો વિષય** | **૭૧** |
| **૨૮** | **મનઃપર્યયજ્ઞાનનો વિષય** | ૭૨ |
| | સૂત્ર ૨૭-૨૮નો સિદ્ધાંત | ૭૨ |
| **૨૯** | **કેવળજ્ઞાનનો વિષય** | ૭૩ |
| | કેવળી ભગવાનને એક જ જ્ઞાન હોય કે પાંચ ? | ૭૩ |
| | સૂત્ર ૨૯નો સિદ્ધાંત | ૭૪ |
| **૩૦** | **એક જીવને એક સાથે કેટલાં જ્ઞાન હોઈ શકે છે ?** | ૭૪ |
| | સૂત્ર ૯ થી ૩૦ સુધીનો સિદ્ધાંત | ૭૫ |
| **૩૧** | **મતિ, શ્રુત અને અવધિજ્ઞાનમાં મિથ્યાપણું પણ હોય છે** | **૭૫** |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| ૩૨ | **જેમ સમ્યગ્દષ્ટિ પદાર્થોને જાણે છે તેમ મિથ્યાદષ્ટિ પણ જાણે છે છતા તેના જ્ઞાનને મિથ્યાજ્ઞાન શા માટે કહો છો? એ સંબંધી પ્રશ્ન અને તેનો ઉત્તર** | ૭૬ |
| | અત્યાર સુધીના કથનનો ટુંક સાર | ૭૬ |
| | સત્ અસત્‌ના ભેદજ્ઞાનવડે મિથ્યાત્વ ટાળવું જોઈએ | ૭૭ |
| | જ્ઞાનમાં ત્રણ પ્રકારની વિપરીતતા અને તે ટાળવાનો ઉપાય | ૭૮ |
| | સમ્યગ્જ્ઞાન થતાં ત્રણ પ્રકારની વિપરીતતા ટળે છે તેનું વર્ણન | ૭૯ |
| | સત્ અને અસત્‌ની વ્યાખ્યા | ૭૯ |
| | જ્ઞાનનું કાર્ય | ૮૦ |
| | વિપરીત જ્ઞાનના દૃષ્ટાંતો | ૮૦ |
| 33 | **પ્રમાણનું સ્વરૂપ પૂરું થતાં, હવે શ્રુતજ્ઞાનના અંશરૂપ નયનું સ્વરૂપ કહે છે** | ૮૧ |
| | અનેકાંત, સ્યાદ્‌વાદ અને નયની વ્યાખ્યા | ૮૧ |
| | નૈગમ આદિ સાત નયોનું સ્વરૂપ | ૮૧ |
| | નયના ત્રણ પ્રકાર—જ્ઞાન, શબ્દ અને અર્થનય | ૮૩ |
| | શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મા સંબંધમાં ઉતારેલા સાત નયોના અર્થ | ૮૩ |
| | ખરા ભાવો લૌકિક ભાવોથી વિરુદ્ધ હોય છે | ૮૪ |
| | જ્ઞાન સંબંધી વિશેષ ખુલાસો (સૂત્ર ૮) | ૮૪ |

## પ્રથમ અધ્યાયનું પરિશિષ્ટ–૧

### સમ્યગ્દર્શન સંબંધી કેટલીક જાણવા જેવી વિગતો

| | | |
|---|---|---|
| (૧) | સમ્યગ્દર્શનની જરૂરિયાત | ૮૭ |
| (૨) | સમ્યગ્દર્શન શું છે? | ૮૭ |
| (૩) | શ્રદ્ધાગુણની મુખ્યતાએ નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા | ૮૭ |
| (૪) | જ્ઞાનગુણની મુખ્યતાએ નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા | ૮૮ |
| (૫) | ચારિત્રગુણની મુખ્યતાએ નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા | ૯૦ |
| (૬) | અનેકાન્ત સ્વરૂપ | ૯૧ |
| (૭) | દર્શન (શ્રદ્ધા), જ્ઞાન, ચારિત્ર એ ત્રણે ગુણોની અભેદદૃષ્ટિએ નિશ્ચયસમ્યગ્દર્શનની વ્યાખ્યા | ૯૧ |
| (૮) | નિશ્ચયસમ્યગ્દર્શનનું ચારિત્રના ભેદઅપેક્ષાએ કથન | ૯૨ |
| (૯) | નિશ્ચયસમ્યગ્દર્શન સંબંધે પ્રશ્નોત્તર | ૯૨ |
| (૧૦) | વ્યવહારસમ્યગ્દર્શનની વ્યાખ્યા | ૯૩ |
| (૧૧) | વ્યવહારાભાસ સમ્યગ્દર્શનને કોઈવાર વ્યવહારસમ્યગ્દર્શન પણ કહે છે | ૯૩ |
| (૧૨) | સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ઉપાય | ૯૪ |
| (૧૩) | નિર્વિકલ્પ અનુભવની શરૂઆત | ૯૬ |
| (૧૪) | સમ્યક્ત્વ પર્યાય હોવા છતાં ગુણ કેમ કહેવાય છે? | ૯૬ |
| (૧૫) | બધા સમ્યગ્દષ્ટિઓનું સમ્યગ્દર્શન સમાન છે | ૯૬ |
| (૧૬) | સમ્યગ્દર્શનના ભેદ શા માટે? | ૯૭ |
| (૧૭) | સમ્યક્ત્વની નિર્મળતાનું સ્વરૂપ | ૯૭ |
| (૧૮) | સમ્યક્ત્વની નિર્મળતામાં નીચે પ્રમાણે પાંચ ભેદ પણ પાડવામાં આવે છે. | ૯૮ |
| (૧૯) | સમ્યગ્દષ્ટિ જીવ પોતાને સમ્યક્ત્વ પ્રગટ્યાનું શ્રુતજ્ઞાન વડે બરાબર જાણે છે. | ૯૮ |
| (૨૦) | સમ્યગ્દર્શન સંબંધી કેટલાક પ્રશ્નો અને ઉત્તર | ૧૦૩ |
| (૨૧) | જ્ઞાનચેતનાના વિધાનમાં ફેર કેમ છે? | ૧૦૮ |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| (૨૨) | આ સંબંધમાં વિચારવા લાયક નવ વિષયો | ૧૦૮ |
| (૨૩) | સમ્યગ્દર્શન અને જ્ઞાનચેતનામાં ફેર | ૧૧૭ |
| (૨૪) | સમ્યક્શ્રદ્ધા કરવી જ જોઈએ ચારિત્ર ન પળાય તોપણ તેની શ્રદ્ધા કરવી | ૧૧૭ |
| (૨૫) | નિશ્ચયસમ્યગ્દર્શનનો બીજો અર્થ | ૧૧૮ |
| | ....એ વાત ધર્મની મર્યાદા બહાર છે | ૧૧૯ |

## પ્રથમ અધ્યાયનું પરિશિષ્ટ-૨

### સમ્યગ્દર્શન

| | | |
|---|---|---|
| સમ્યગ્દર્શન શું અને તેને કોનું અવલંબન | ૧૨૦ |
| ભેદના વિકલ્પ આવે ખરા છતાં તેનાથી સમ્યગ્દર્શન નથી | ૧૨૧ |
| વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ. | ૧૨૨ |
| સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંબંધ કોની સાથે છે? | ૧૨૩ |
| શ્રદ્ધા અને જ્ઞાન ક્યારે સમ્યક્ થયાં ? | ૧૨૩ |
| સમ્યગ્દર્શનનો વિષય શું? મોક્ષનું પરમાર્થકારણ કોણ? | ૧૨૪ |
| સમ્યગ્દર્શન એ જ શાંતિનો ઉપાય છે. | ૧૨૪ |
| સંસારનો અભાવ સમ્યગ્દર્શનથી થાય છે | ૧૨૫ |

## પ્રથમ અધ્યાયનું પરિશિષ્ટ-3

### જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

| | |
|---|---|
| પાત્ર જીવનું લક્ષણ | ૧૨૬ |
| સમ્યગ્દર્શનના ઉપાય માટે જ્ઞાનીઓએ બતાવેલી ક્રિયા | ૧૨૬ |
| શ્રુતજ્ઞાન કોને કહેવું......? | ૧૨૭ |
| શ્રુતજ્ઞાનનું વાસ્તવિક લક્ષણ-અનેકાન્ત | ૧૨૭ |
| ભગવાન પણ બીજાનું કરી શક્યા નહિ | ૧૨૭ |
| પ્રભાવનાનું સાચું સ્વરૂપ | ૧૨૮ |
| ખરી દયાનું (અહિંસાનું) ભગવાને કહેલું સ્વરૂપ | ૧૨૮ |
| આનંદ પ્રગટાવવાની ભાવનાવાળો શું કરે? | ૧૨૮ |
| શ્રુતજ્ઞાનનું અવલંબન–એ જ પહેલી ક્રિયા | ૧૨૯ |
| ધર્મ ક્યાં છે અને કેમ થાય? | ૧૩૦ |
| સુખનો ઉપાય—જ્ઞાન અને સત્સમાગમ | ૧૩૦ |
| જે તરફની રુચિ તે તરફનું ઘોલન | ૧૩૨ |
| શ્રુતજ્ઞાનના અવલંબનનું ફળ—આત્મ-અનુભવ | ૧૩૩ |
| સમ્યગ્દર્શન થયા પહેલાં....... | ૧૩૩ |
| ધર્મ માટે પહેલાં શું કરવું ? | ૧૩૫ |
| સુખનો રસ્તો સાચી સમજણ; વિકારનું ફળ જડ | ૧૩૫ |
| અસાધ્ય કોણ? અને શુદ્ધાત્મા કોણ ? | ૧૩૫ |
| ધર્મની રુચિવાળા જીવ કેવા હોય? | ૧૩૬ |
| ઉપાદાન–નિમિત્ત અને કારણ–કાર્ય | ૧૩૬ |
| અંતર્અનુભવનો ઉપાય અર્થાત્ જ્ઞાનની ક્રિયા | ૧૩૭ |
| જ્ઞાનમાં ભવ નથી | ૧૩૭ |
| —આ રીતે અનુભવમાં આવતો શુદ્ધાત્મા કેવો છે? | ૧૩૮ |
| નિશ્ચય અને વ્યવહાર | ૧૩૮ |
| સમ્યગ્દર્શન થતાં શું થાય? | ૧૩૮ |
| વારંવાર જ્ઞાનમાં એકાગ્રતાનો અભ્યાસ કરવો | ૧૩૯ |
| છેલ્લી ભલામણો | ૧૪૦ |

સૂત્ર નં. વિષય પાનું

**અધ્યાય : ૧ પરિશિષ્ટ ૪.**

**બીજા સૂત્રમાં 'તત્ત્વાર્થશ્રદ્ધાન'ને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું, તેમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ દોષનો પરિહાર**

અવ્યાપ્તિ દૂષણનો પરિહાર ----------- ૧૪૧
અતિવ્યાપ્તિ દૂષણનો પરિહાર --------- ૧૪૪
અસંભવ દૂષણનો પરિહાર ------------ ૧૪૪
સમ્યગ્દર્શનનું લક્ષણ 'તત્ત્વાર્થશ્રદ્ધાન' કહ્યું તે સંબંધી વિસેષ ખુલાસો -- ૧૪૫
સમ્યગ્દર્શન માટે અભ્યાસનો ક્રમ ---- ૧૪૯

**અધ્યાય : ૧ પરિશિષ્ટ ૫**

કેવળજ્ઞાનનું સ્વરૂપ ------------------- ૧૫૨
ષટ્ખંડાગમ-ધવલા ટીકા તથા પ્રવચનસારના આધાર

**અધ્યાય બીજો**

૧ જીવના અસાધારણ ભાવો ------------ ૧૬૪
૧) ઔપશમાદિ પાંચ ભાવોની વ્યાખ્યા ૧૬૪
૨) આ પાંચ ભાવો શું બતાવે છે? --- ૧૬૫
૪) પાંચ ભાવો સંબંધી કેટલાક પ્રશ્નોત્તર ૧૬૬
૪) ઔપશમિકભાવ ક્યારે થાય ? ----- ૧૬૭
૫) ઔપશમિકભાવનું માહાત્મ્ય --------- ૧૬૮
૬) પાંચ ભાવો સંબંધી કેટલુંક સ્પષ્ટીકરણ ----------------------- ૧૬૯
૭) જીવનું કર્તવ્ય ----------------------- ૧૭૧
૮) પાંચ ભાવો સંબંધી વધારે ખુલાસો ૧૭૧
૯) આ સૂત્રમાં રહેલી નય–પ્રમાણ વિવક્ષા --------------------------- ૧૭૨
૨ પાંચ ભાવોના ભેદો ------------------- ૧૭૨
૩ ઔપશમિકભાવના બે ભેદો ----------- ૧૭૩
ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્રની વ્યાખ્યા --------------- ૧૭૩

સૂત્ર નં. વિષય પાનું

૪ ક્ષાયિકભાવના નવ ભેદો -------------- ૧૭૩
કેવળજ્ઞાનાદિ નવ ક્ષાયિકભાવોની વ્યાખ્યા --------------------------- ૧૭૪
૫ ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદો ----- ૧૭૫
ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-ચારિત્ર અને સંયમાસંયમની વ્યાખ્યા ----------- ૧૭૫
૬ ઔદયિકભાવના એકવીસ ભેદો ------- ૧૭૫
ગતિને ઔદયિકભાવમાં કેમ ગણી? -- ૧૭૬
લેશ્યાનું સ્વરૂપ અને ભેદો ------------ ૧૭૬
૭ પારિણામિકભાવના ત્રણ ભેદો -------- ૧૭૭
૧) ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ તથા પારિણામિકનો અર્થ ------------- ૧૭૭
૨) તે સંબંધી વિશેષ ખુલાસો ---------- ૧૭૭
૩) અનાદિ અજ્ઞાની જીવને ક્યા ભાવો કદી થયા નથી ? --------- ૧૭૮
૪) ઉપરના ઔપશમિકાદિ ત્રણ ભાવો ક્યા વિધિથી પ્રગટે ? ------------ ૧૭૮
૫) પાંચ ભાવોમાંથી કયા ભાવ બંધરૂપ છે અને કયા ભાવ બંધરૂપ નથી? ----- ૧૭૯
૮ જીવનું લક્ષણ ------------------------- ૧૭૯
ઉપયોગનું સ્વરૂપ --------------------- ૧૭૯
આઠમા સૂત્રનો સિદ્ધાંત -------------- ૧૮૦
૯ ૧) ઉપયોગના ભેદો ------------------- ૧૮૧
૨) 'દર્શન' શબ્દના જુદા જુદા અર્થો અને તેમાંથી અહીં લાગુ પડતો અર્થ ----- ૧૮૧
૩) સાકાર અને નિરાકાર સંબંધી ખુલાસો -------------------------- ૧૮૨
આકાર સંબંધી વિશેષ ખુલાસો -- ૧૮૩
૪) દર્શન અને જ્ઞાન વચ્ચે ભેદ ------- ૧૮૩
દર્શનની વ્યાખ્યા સંબંધી શંકા–સમાધાન ---------------------- ૧૮૪
દર્શન અને જ્ઞાન વચ્ચે ભેદ સમજાવ્યો છે, તે કઈ અપેક્ષાએ છે ? ------------ ૧૮૪

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | ૫) અભેદઅપેક્ષાએ દર્શન અને જ્ઞાનનો અર્થ | ૧૮૪ |
| | ૬) દર્શન અને જ્ઞાનઉપયોગ કેવળીપ્રભુને યુગપત્ અને છદ્મસ્થને ક્રમે હોય છે. | ૧૮૪ |
| ૧૦ | જીવના ભેદ | ૧૮૫ |
| | 'સંસાર'નો અર્થ | ૧૮૫ |
| | ૭) દ્રવ્ય પરિવર્તનનું સ્વરૂપ | ૧૮૬ |
| | ૮) ક્ષેત્રપરિવર્તનનું સ્વરૂપ | ૧૮૭ |
| | ૯) કાળપરિવર્તનનું સ્વરૂપ | ૧૮૭ |
| | ૧૦) ભવપરિવર્તનનું સ્વરૂપ | ૧૮૭ |
| | ભવભ્રમણનું કારણ મિથ્યાદૃષ્ટિપણું છે. | ૧૮૮ |
| | ૧૧) ભાવપરિવર્તનનું સ્વરૂપ | ૧૮૮ |
| | ભાવપરિવર્તનનું કારણ મિથ્યાત્વ છે | ૧૮૯ |
| | ૧૬) મનુષ્યભવ સફળ કરવા માટે ખાસ લક્ષમાં રાખવા લાયક વિષયો | ૧૯૦ |
| ૧૧ | સંસારી જીવોના ભેદ (સંજ્ઞી, અસંજ્ઞી) | ૧૯૨ |
| | દ્રવ્યમન અને ભાવમન સંબંધી | ૧૯૨ |
| ૧૨ | સંસારી જીવોના બીજા પ્રકારે ભેદ (ત્રસ, સ્થાવર) | ૧૯૩ |
| | હલનચલન અપેક્ષાએ ત્રસ કે સ્થાવરપણું નથી | ૧૯૩ |
| ૧૩ | સ્થાવર જીવોના ભેદ | ૧૯૩ |
| ૧૪ | ત્રસ જીવોના ભેદ | ૧૯૪ |
| ૧૫ | ઇન્દ્રિયોની સંખ્યા | ૧૯૫ |
| ૧૬ | ઇન્દ્રિયોના મૂળ ભેદ | ૧૯૬ |
| ૧૭ | દ્રવ્યેન્દ્રિયનું સ્વરૂપ | ૧૯૬ |
| ૧૮ | ભાવેન્દ્રિયનું સ્વરૂપ | ૧૯૭ |
| | લબ્ધિ અને ઉપયોગ સંબંધી ખુલાસો | ૧૯૭ |
| | આ સૂત્રનો સિદ્ધાંત | ૧૯૮ |
| ૧૯ | પાંચ ઇન્દ્રિયોનાં નામ અને તેનો અનુક્રમ | ૧૯૮ |
| ૨૦ | ઇન્દ્રિયોના વિષય | ૧૯૯ |
| | આ જીવ અધિકાર હોવા છતાં પુદ્ગલની વાત કેમ લીધી? | ૧૯૯ |
| | સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના ભેદો | ૨૦૦ |
| ૨૧ | મનનો વિષય | ૨૦૦ |
| ૨૨-૨૩ | ક્યા જીવોને કેટલી ઇન્દ્રિયો હોય છે | ૨૦૧ |
| ૨૪ | સંજ્ઞી કોને કહે છે ? | ૨૦૨ |
| ૨૫ | વિગ્રહગતિમાં મન વગર કર્માસ્રવ થવાનું કારણ | ૨૦૨ |
| ૨૬ | વિગ્રહગતિમાં જીવ અને પુદ્ગલનું ગમન કેવી રીતે થાય છે? | ૨૦૩ |
| ૨૭ | મુક્ત જીવોની ગતિ કેવી રીતે થાય છે ? | ૨૦૩ |
| ૨૮ | સંસારી જીવોની ગતિ અને તેનો સમય | ૨૦૪ |
| ૨૯ | અવિગ્રહગતિનો સમય | ૨૦૪ |
| ૩૦ | વિગ્રહગતિમાં આહારક–અનાહારકની વ્યવસ્થા | ૨૦૫ |
| ૩૧ | જન્મના ભેદ | ૨૦૬ |
| ૩૨ | યોનિઓના ભેદ | ૨૦૬ |
| ૩૩ | ગર્ભજન્મ કોને કહે છે ? | ૨૦૭ |
| ૩૪ | ઉપપાદ જન્મ કોને કહે છે ? | ૨૦૮ |
| ૩૫ | સમ્મૂર્ચ્છન જન્મ કોને હોય છે ? | ૨૦૮ |
| ૩૬ | શરીરોના નામો તથા ભેદ | ૨૦૯ |
| ૩૭ | શરીરોની સૂક્ષ્મતાનું વર્ણન | ૨૧૦ |
| ૩૮-૩૯ | શરીરના પ્રદેશો (-પરમાણુઓ)ની સંખ્યા | ૨૧૦ |
| ૪૦-૪૧-૪૨ | તૈજસ અને કાર્મણ શરીરની વિશેષતા | ૨૧૦ |
| ૪૩ | એક જીવને એક સાથે કેટલાં શરીરનો સંબંધ હોય છે ? | ૨૧૨ |
| ૪૪ | કાર્મણ શરીરની વિશેષતા | ૨૧૩ |
| ૪૫ | ઔદારિક શરીરનું લક્ષણ | ૨૧૪ |
| ૪૬ | વૈક્રિયિક શરીરનું લક્ષણ | ૨૧૪ |
| ૪૭ | દેવ અને નારકી સિવાય બીજાને વૈક્રિયિક શરીર હોય કે નહિ ? | ૨૧૪ |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| ૪૮ | વૈક્રિયિક સિવાય બીજા કોઈ શરીરને લબ્ધિનું નિમિત્ત છે ? | ૨૧૫ |
| ૪૯ | આહારક શરીરના સ્વામી તથા તેનું લક્ષણ | ૨૧૫ |
| ૫૦-૫૧-૫૨ | ક્યા જીવને ક્યું લિંગ (વેદ) હોય છે તેનું કથન | ૨૧૭ |
| ૫૩ | કોનું આયુષ્ય અપવર્તન (–અકાળ મૃત્યુ) રહિત છે? | ૨૧૮ |

**ઉપસંહાર**

| | | |
|---|---|---|
| | ૧) બીજા અધ્યાયના વિષયોનું ટૂંકુ અવલોકન | |
| | ૨) પારિણામિકભાવ સંબંધી | ૨૨૦ |
| | ૩) ઉત્પાદ અને વ્યયપર્યાય | ૨૨૧ |
| | ૪) પાંચભાવોનું જ્ઞાન ધર્મ કરવામાં શી રીતે ઉપયોગી છે ? | ૨૨૧ |
| | ૫) ઉપાદાનકારણ અને નિમિત્તકારણ સંબંધી | ૨૨૧ |
| | ૬) આ પાંચ ભાવો સાથે આ અધ્યાયના સૂત્રો શી રીતે સંબંધ રાખે છે તેનો ખુલાસો | ૨૨૩ |
| | ૭) નિમિત્ત-નૈમિત્તિકસંબંધ | ૨૨૫ |
| | ૮) તાત્પર્ય | ૨૨૮ |

## અધ્યાય ત્રીજો

| | | |
|---|---|---|
| | ભૂમિકા | ૨૨૯ |

**અધોલોકનું વર્ણન**

| | | |
|---|---|---|
| ૧ | સાત નરક–પૃથ્વીઓ | ૨૩૦ |
| | ત્રણ લોકની રચના (નકશો) | |
| ૨ | સાત પૃથ્વીઓના બિલોની સંખ્યા | ૨૩૨ |
| | નરકગતિની સાબિતી | ૨૩૨ |
| ૩-૪-૫ | નારકીઓનાં દુ:ખનું વર્ણન | ૨૩૩ |
| ૬ | નરકના ઉત્કૃષ્ટ આયુનું પ્રમાણ | ૨૩૪ |
| | નરકમાં પણ સમ્યગ્દર્શન થાય છે | ૨૩૫ |
| | નરકમાં ચોથા ગુણસ્થાન ઉપરની ભૂમિકા કેમ નહિ? | ૨૩૫ |
| | સમ્યગ્દષ્ટિને નરકમાં કેવું દુ:ખ હશે? | ૨૩૬ |
| | નરકમાંથી નીકળેલા જીવોની પાત્રતા કેટલી | ૨૩૬ |
| | કોઈક સમ્યગ્દષ્ટિઓ પણ નરકમાં શા માટે જાય છે? | ૨૩૬ |
| | સાગર કાળનું માપ— | ૨૩૭ |

**મધ્યલોકનું વર્ણન**

| | | |
|---|---|---|
| ૭-૮ | કેટલાક દ્વીપ–સમુદ્રોનાં નામો, દ્વીપો અને સમુદ્રોનો વિસ્તાર અને આકાર | ૨૩૮ |
| | જંબૂદ્વીપનો નકશો | |
| ૯ | જંબૂદ્વીપનો વિસ્તાર તથા આકાર | ૨૩૮ |
| ૧૦ | જંબૂદ્વીપના સાત ક્ષેત્રોનાં નામ | ૨૩૯ |
| ૧૧ | ક્ષેત્રોના સાત વિભાગ કરનારા છ પર્વતનાં નામ | ૨૩૯ |
| ૧૨-૧૩ | કુલાચલોનો રંગ | ૨૩૯ |
| ૧૪-૧૫ | કુલાચલોનું વિશેષસ્વરૂપ | ૨૩૯ |
| ૧૬-૧૮ | કુલાચલો ઉપર સ્થિર સરોવરોનાં નામ | ૨૪૦ |
| | પહેલા સરોવરની લંબાઈ–પહોળાઈ | ૨૪૦ |
| | પહેલા સરોવરની જાડાઈ (–ઊંડાઈ) | ૨૪૦ |
| | તે સરોવરની વચ્ચેના કમળનું પ્રમાણ | ૨૪૦ |
| | મહાપદ્માદિ સરોવરો તથા તેમાંનાં કમળનું પ્રમાણ | ૨૪૦ |
| ૧૯ | છ કમળોમાં રહેનાર છ દેવીઓ | ૨૪૧ |
| ૨૦-૨૨ | ચૌદ મહા નદીઓનાં નામ | ૨૪૧ |
| | નદીઓનાં વહેણનો ક્રમ | ૨૪૧ |
| ૨૩ | આ ચૌદ મહા નદીઓની સહાયક નદીઓ | ૨૪૨ |
| ૨૪-૨૬ | ભરતક્ષેત્રનો વિસ્તાર, આગળનાં ક્ષેત્રો અને પર્વતોનો વિસ્તાર | ૨૪૩ |
| | વિદેહક્ષેત્રથી આગળનાં પર્વત અને ક્ષેત્રોનો વિસ્તાર | ૨૪૩ |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| ૨૭ | ભરત અને ઐરાવત ક્ષેત્રમાં કાળચક્રનું પરિવર્તન | ૨૪૪ |
| | અઢાઈ દ્વીપનો નકશો | |
| | ભરત–ઐરાવતક્ષેત્રના મનુષ્યોનું આયુષ્ય તથા ઊંચાઈ, મનુષ્યનો આહાર | ૨૪૫ |
| ૨૭-૩૧ | અન્ય ભૂમિઓની કાળઅવસ્થા તથા આયુષ્યનું માપ | ૨૪૬ |
| ૩૨ | ભરતક્ષેત્રના વિસ્તારની બીજી રીતે માપ | ૨૪૭ |
| ૩૩ | ધાતકીખંડનું વર્ણન | ૨૪૭ |
| ૩૪ | પુષ્કરાર્દ્ધદ્વીપનું વર્ણન | ૨૪૭ |
| ૩૫ | મનુષ્ય ક્ષેત્રની હદ | ૨૪૮ |
| ૩૬ | મનુષ્યોના ભેદ (આર્ય અને મ્લેચ્છ) | ૨૪૮ |
| | ઋદ્ધિપ્રાપ્તઆર્યની આઠ પ્રકારની ઋદ્ધિઓનું વર્ણન | ૨૪૮ |
| | અનૃદ્ધિપ્રાપ્ત આર્યના પાંચ પ્રકારનું વર્ણન | |
| | મ્લેચ્છ મનુષ્યોનું વર્ણન | ૨૫૫ |
| ૩૭ | કર્મભૂમિનું વર્ણન | ૨૫૬ |
| | મનુષ્યોનું ઉત્કૃષ્ટ તથા જઘન્ય આયુષ્ય | ૨૫૬ |
| | તિર્યંચોની આયુષ્યસ્થિતિ અને તેનું કોષ્ટક | ૨૫૭ |
| | ક્ષેત્રના માપનું કોષ્ટક | ૨૫૮ |
| | મધ્યલોકના વર્ણનનું ટૂંક અવલોકન— | ૨૫૯ |
| | ઉપસંહાર | ૨૬૧ |


## અધ્યાય ચોથો


| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | ભૂમિકા (પહેલા ચાર અધ્યાયનું ટૂંક અવલોકન) | ૨૬૩ |


### ઊર્ધ્વલોકનું વર્ણન


| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| ૧ | દેવોના ભેદ | ૨૬૩ |
| ૨ | પહેલા ત્રણ પ્રકારના દેવોની લેશ્યા | ૨૬૪ |
| ૩ | ચાર નિકાય દેવોના પેટા ભેદો | ૨૬૪ |
| ૪-૫ | ચાર પ્રકારના દેવોના સામાન્યપણે ઈન્દ્ર વગેરે ભેદો | ૨૬૪ |
| ૬ | દેવોમાં ઈન્દ્રોની વ્યવસ્થા | ૨૬૬ |
| ૭-૮-૯ | દેવોમાં કામસેવન સંબંધી વર્ણન | ૨૬૭ |
| | નવમા સૂત્રનો સિદ્ધાંત | ૨૬૯ |
| ૧૦ | ભવનવાસી દેવોનું વર્ણન | ૨૬૯ |
| ૧૧ | વ્યંતર દેવોનું વર્ણન | ૨૭૧ |
| ૧૨-૧૫ | જ્યોતિષી દેવોના પાંચ ભેદો તથા તેનું વર્ણન | ૨૭૨ |
| ૧૬-૨૧ | વૈમાનિક દેવોનું વર્ણન | ૨૭૩ |
| | શુભ પરિણામને લીધે થતા પુણ્યબંધથી કોણ ક્યાં ઊપજે તેનો વિશેષ ખુલાસો | ૨૭૬ |
| | દેવમાંથી ચ્યવીને કેવો પર્યાય ધારણ કરે તેની વિગત | ૨૭૭ |
| | આ સૂત્રનો સિદ્ધાન્ત | ૨૭૮ |
| | શું દેવગતિમાં સુખ છે?– તેનો ખુલાસો | ૨૭૯ |
| ૨૨ | વૈમાનિકદેવોમાં લેશ્યાનું વર્ણન | ૨૭૯ |
| ૨૩ | કલ્પસંજ્ઞા ક્યાં સુધી છે ? | ૨૮૦ |
| ૨૪-૨૫ | લૌકાંતિક દેવોનું વર્ણન | ૨૮૦ |
| ૨૬ | અનુદિશ અને અનુત્તરવાસી દેવોના અવતારનો નિયમ | ૨૮૧ |
| ૨૭ | તિર્યંચ કોણ છે ? | ૨૮૨ |
| ૨૮-૩૪ | ભવનવાસી અને વૈમાનિક દેવોના આયુષ્યનું વર્ણન | ૨૮૨ |
| ૩૫-૩૬ | નારકીઓના જઘન્ય આયુષ્યનું વર્ણન | ૨૮૫ |
| ૩૭ | ભવનવાસીદેવોનું જઘન્ય આયુષ્ય | ૨૮૫ |
| ૩૮-૪૨ | વ્યંતર, જ્યોતિષી અને લૌકાંતિક દેવોના આયુષ્યનું વર્ણન | ૨૮૫ |


### ઉપસંહાર


| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | જીવના સ્વરૂપસંબંધી સપ્તભંગી (સ્યાત્ અસ્તિ-સ્યાત્નાસ્તિ) | ૨૮૭ |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | સાધક જીવને અસ્તિ–નાસ્તિના જ્ઞાનથી થતું ફળ | ૨૮૮ |
| | બીજાથી ચોથા અધ્યાય સુધીમાં આ અસ્તિ–નાસ્તિનું સ્વરૂપ | ૨૮૯ |
| | સપ્તભંગીના બાકીના પાંચ ભંગોની સમજણ | ૨૯૦ |
| | જીવમાં ઊતરતી સપ્તભંગી | ૨૯૦ |
| | સપ્તભંગને તથા 'અસ્તિ'માં લાગુ પડતા નયો | ૨૯૧ |
| | પ્રમાણ, નિક્ષેપ અને સ્વજ્ઞેય | ૨૯૧ |

## અનેકાંત

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | સપ્તભંગી અને અનેકાંત | ૨૯૨ |
| | નય | ૨૯૩ |
| | અધ્યાત્મ નય | ૨૯૪ |
| | ઉપચાર નય | ૨૯૪ |
| | સમ્યગ્દષ્ટિનું અને મિથ્યાદષ્ટિનું જ્ઞાન | ૨૯૫ |
| | અનેકાન્ત શું બતાવે છે ? | ૨૯૫ |
| | શાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ | ૨૯૬ |
| | મુમુક્ષુઓનું કર્તવ્ય | ૨૯૭ |
| | દેવગતિની વ્યવસ્થા સંબંધી જાણવાયોગ્ય વિગતોનું કોષ્ટક | ૨૯૮ |

## અધ્યાય પાંચમો

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | ભૂમિકા | ૩૦૨ |
| ૧ | ચાર અજીવકાય તત્ત્વનું વર્ણન | ૩૦૩ |
| ૨ | તે અજીવકાય શું છે ? તેનું વર્ણન | ૩૦૪ |
| ૩ | દ્રવ્યમાં જીવની ગણના | ૩૦૪ |
| ૪ | પુદ્‌ગલદ્રવ્ય સિવાયનાં દ્રવ્યોની વિશેષતા | ૩૦૫ |
| | 'નિત્ય' અને 'અવસ્થિત'નો વિશેષ ખુલાસો | ૩૦૬ |
| ૫ | પુદ્‌ગલદ્રવ્યનું રૂપીપણું | ૩૦૭ |
| ૬ | ધર્મ, અધર્મ અને આકાશ—એ ત્રણે દ્રવ્યોની સંખ્યા | ૩૦૮ |
| ૭ | તે ત્રણે દ્રવ્યોનું ગમનરહિતપણું | ૩૦૮ |
| ૮-૯-૧૦ | ધર્માદિ પાંચ દ્રવ્યોના પ્રદેશોની સંખ્યા | ૩૦૯ |
| ૧૧ | અણુ અપ્રદેશી છે | ૩૧૧ |
| | દ્રવ્યોનું અનેકાંત સ્વરૂપ | ૩૧૧ |
| | અનેકાંતમાં સંશય નથી પણ બંને પક્ષ નિશ્ચિત છે | |
| | દ્રવ્યપરમાણુ તથા ભાવપરમાણુનો બીજો અર્થ | ૩૧૩ |
| ૧૨ | સમસ્ત દ્રવ્યોને રહેવાનું સ્થાન | ૩૧૪ |
| ૧૩-૧૬ | ધર્મ, અધર્મ, પુદ્‌ગલ અને જીવના અવગાહનું વર્ણન | ૩૧૫ |
| ૧૭ | ધર્મ અને અધર્મદ્રવ્યનો જીવ–પુદ્‌ગલ સાથેનો વિશેષ સંબંધ | ૩૧૭ |
| ૧૮ | આકાશનો બીજા દ્રવ્યો સાથેનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ | ૩૧૯ |
| ૧૯ | પુદ્‌ગલદ્રવ્યનો જીવ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ | ૩૧૯ |
| ૨૦ | જીવનો પુદ્‌ગલ સાથેનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ | ૩૨૦ |
| ૨૧-૨૨ | જીવનો ઉપકાર તથા કાળદ્રવ્યનો ઉપકાર | ૩૨૨ |
| | સૂત્ર ૧૭ થી ૨૨ સુધીનો સિદ્ધાંત | ૩૨૩ |
| ૨૩-૨૪-૨૫ | પુદ્‌ગલનાં લક્ષણો, પર્યાયો અને ભેદો | ૩૨૩ |
| ૨૬-૨૭-૨૮ | સ્કંધોની તથા અણુની ઉત્પત્તિનું કારણ | ૩૨૯ |
| ૨૯ | દ્રવ્યોનું સામાન્ય લક્ષણ | ૩૩૦ |
| ૩૦ | સત્‌નું લક્ષણ | ૩૩૨ |
| | ઉત્પાદ-વ્યય-ધ્રુવનું સ્વરૂપ | ૩૩૩ |
| | અજ્ઞાનીના વિચાર અને તેને સત્યમાર્ગનો ઉપદેશ | ૩૩૪ |
| ૩૧ | નિત્યનું લક્ષણ | ૩૩૬ |
| ૩૨ | એક વસ્તુમાં બે વિરુદ્ધ ધર્મો કેવી રીતે રહે છે તેનો ખુલાસો | ૩૩૬ |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | અર્પિત અને અનર્પિત કથન દ્વારા અનેકાન્તસ્વરૂપ અને તેના દૃષ્ટાંતો --- | ૩૩૭ |
| | અનેકાંતનું પ્રયોજન -------------------- | ૩૪૦ |
| | એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરી શકે–એ માન્યતામાં આવતા દોષોનું વર્ણન ---------------------------- | ૩૪૦ |
| | સંકર દોષ, વ્યતિકર, અધિકરણ, પરસ્પરાશ્રય, સંશય, અનવસ્થા, અપ્રતિપત્તિ, વિરોધ અને અભાવ દોષ એ નવ દોષનું વર્ણન ------ | ૩૪૩ |
| | અર્પિત (–મુખ્ય) અને અનર્પિત (–ગૌણ)ની વિશેષ સમજણ ----- | ૩૪૩ |
| ૩૩ | પરમાણુઓમાં બંધ થવાનું કારણ ----- | ૩૪૩ |
| ૩૪-૩૫ | પરમાણુઓમાં બંધ ક્યારે થતો નથી ? -------------------------- | ૩૪૪ |
| ૩૬ | બંધ ક્યારે થાય છે? ---------------- | ૩૪૬ |
| ૩૭ | બંધ થતાં નવી અવસ્થા કેવી થાય છે? ------------------------------ | ૩૪૬ |
| ૩૮ | દ્રવ્યનું અન્ય લક્ષણ ------------------- | ૩૪૭ |
| | ગુણ અને પર્યાયની વ્યાખ્યા ---------------- | |
| ૩૯-૪૦ | કાળદ્રવ્યનું વર્ણન ----------------- | ૩૪૮ |
| ૪૧ | ‘ગુણ’નું લક્ષણ ------------------------ | ૩૪૯ |
| ૪૨ | ‘પર્યાય’નું લક્ષણ ---------------------- | ૩૫૦ |
| | આ સૂત્રનો સિદ્ધાંત -------------------- | ૩૫૧ |


**ઉપસંહાર**


| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | પાંચમાં અધ્યાયમાં લેવામાં આવેલા વિષયો | |
| | ૧) છએ દ્રવ્યોને લાગુ પડતું સ્વરૂપ ---- | ૩૫૧ |
| | ૨) દ્રવ્યોની સંખ્યા અને તેનાં નામો ---- | ૩૫૧ |
| | ૩) જીવનું સ્વરૂપ ----------------------- | ૩૫૨ |
| | ૪) અજીવ દ્રવ્યોનું સ્વરૂપ --------------- | ૩૫૨ |
| | ૫) સ્યાદ્વાદ સિદ્ધાંત --------------------- | ૩૫૪ |
| | ૬) અસ્તિકાય --------------------------- | ૩૫૫ |
| | ૭) જીવ અને પુદ્‌ગલ દ્રવ્યની સિદ્ધિ ૧–૨. ---------------------- | ૩૫૫ |
| | (૮) ઉપાદાન–નિમિત્ત સંબંધી સિદ્ધાંત -- | ૩૫૯ |
| | (૯) ઉપર્યુકત સિદ્ધાંતના આધારે જીવ, પુદ્‌ગલ સિવાયનાં ચાર દ્રવ્યોની સિદ્ધિ --------------------- | ૩૬૦ |
| | છ દ્રવ્યોના હોવાપણાંની અન્ય પ્રકારે સિદ્ધિ ------------------------------ | |
| | ૧૦) આ છ દ્રવ્યો એક જ જગ્યાએ હોવાની સિદ્ધિ -------------------------------- | ૩૬૩ |
| | ૧૧) છ દ્રવ્યોના હોવાપણાની અન્ય પ્રકારે સિદ્ધિ -------------------------------- | ૩૬૩ |
| | છ દ્રવ્યો વિષે કેટલીક માહિતી ---------- | ૩૬૫ |
| | ટોપી ઉપરથી છ દ્રવ્યોની સિદ્ધિ ---------- | ૩૬૬ |
| | મનુષ્ય શરીર ઉપરથી છ દ્રવ્યોની સિદ્ધિ | ૩૬૭ |
| | કર્મો ઉપરથી છ દ્રવ્યોની સિદ્ધિ --------- | ૩૬૯ |
| | —દ્રવ્યોની સ્વતંત્રતા— ---------------- | ૩૬૯ |
| | ઉત્પાદ–વ્યય–ધ્રુવ ------------------------ | ૩૬૯ |
| | દ્રવ્યની શકિત (-ગુણ) -------------------- | ૩૭૦ |
| | છ સામાન્ય ગુણ ------------------------- | ૩૭૦ |
| | છ કારક -------------------------------- | ૩૭૧ |
| | કારણ-કાર્ય ઉપાદાન-નિમિત્તના સાત દોહા | ૩૭૩ |
| | નિમિત્ત–નૈમિત્તિક સંબંધના દૃષ્ટાંત— ---- | ૩૭૬ |
| | નિમિત્ત કર્તાનું વજન કેટલું ? ------------ | ૩૭૭ |
| | છ દ્રવ્યમાંથી પ્રયોજનભૂત ------------- | ૩૭૭ |
| | હવે બાકી રહ્યો જાણનારો જીવ ------ | ૩૭૮ |


## અધ્યાય છઠ્ઠો


| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | ભૂમિકા— ------------------------- | ૩૭૯ |
| | સાત તત્ત્વોની સિદ્ધિ ------------------- | ૩૭૯ |
| | સાત તત્ત્વોનું પ્રયોજન ----------------- | ૩૮૦ |
| | તત્ત્વની શ્રદ્ધા ક્યારે થઈ કહેવાય ? -- | ૩૮૧ |
| ૧ | યોગના ભેદનું સ્વરૂપ ----------------- | ૩૮૨ |
| ૨ | આસ્રવનું સ્વરૂપ ---------------------- | ૩૮૩ |
| ૩ | ૧. યોગના નિમિત્તથી આસ્રવના ( પુણ્ય-પાપ એવા બે) ભેદ ------------------- | ૩૮૫ |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | ૨. પુણ્ય આસ્રવ અને પાપ આસ્રવ સંબંધમાં થતી વિપરીતતા | ૩૮૫ |
| | ૩. શુભયોગ તથા અશુભયોગના અર્થો | ૩૮૬ |
| | ૪. આસ્રવમાં શુભ અને અશુભ એવા ભેદ શા માટે? | ૩૮૬ |
| | ૫. શુભ તેમ જ અશુભ બંને ભાવોથી સાત કે આઠ કર્મો બંધાય છે, છતાં અહીં તેમ કેમ કહ્યું નથી ? | ૩૮૬ |
| | ૬. શુભ–અશુભ કર્મો બંધાવાના કારણે શુભ–અશુભયોગ એવા ભેદ નથી | ૩૮૭ |
| | ૭. શુભભાવથી પાપની નિર્જરા થતી નથી | ૩૮૭ |
| | ૮. ત્રીજા સૂત્રનો સિદ્ધાંત | ૩૮૭ |
| ૪ | આસ્રવ સર્વે સંસારીઓને સમાન ફળનો હેતુ થાય છે કે તેમાં વિશેષતા છે, તેનો ખુલાસો | ૩૮૮ |
| | કર્મબંધના ચાર પ્રકાર | ૩૮૮ |
| ૫ | સામ્પરાયિક આસ્રવના ૩૯ ભેદ | ૩૮૯ |
| | સમ્યક્ત્વાદિ પચીસ પ્રકારની ક્રિયાનું વર્ણન | ૩૯૦ |
| ૬ | આસ્રવમાં વિશેષતા (–હીનાધિકતા)નું કારણ | ૩૯૨ |
| ૭ | આસ્રવનાં અધિકરણના ભેદ | ૩૯૩ |
| ૮ | જીવ–અધિકરણના ભેદ | ૩૯૩ |
| | અનંતાનુબંધી આદિ ચાર પ્રકારની ક્રિયાનું વર્ણન | |
| ૯ | અજીવ–અધિકરણ આસ્રવના ભેદો | ૩૯૫ |
| ૧૦ | જ્ઞાનાવરણ અને દર્શનાવરણના આસ્રવનું કારણ | ૩૯૬ |
| ૧૧ | અસાતાવેદનીયના આસ્રવનું કારણ | ૩૯૮ |
| ૧૨ | સાતાવેદનીયના આસ્રવનાં કારણો | ૩૯૯ |
| ૧૩ | અનંત સંસારનું કારણ જે દર્શનમોહ–તેના આસ્રવનું કારણ કહે છે. | ૪૦૧ |
| | કેવળી ભગવાનના અવર્ણવાદનું સ્વરૂપ | ૪૦૨ |
| | શ્રુતના અવર્ણવાદનું સ્વરૂપ. | ૪૦૫ |
| | સંઘના અવર્ણવાદનું સ્વરૂપ | ૪૦૬ |
| | ધર્મના અવર્ણવાદનું સ્વરૂપ | ૪૦૬ |
| | દેવના અવર્ણવાદનું સ્વરૂપ | ૪૦૭ |
| | આ સૂત્રનો સિદ્ધાંત | ૪૦૭ |
| ૧૪ | ચારિત્રમોહના આસ્રવનું કારણ | ૪૦૮ |
| ૧૫ | નરકાયુના આસ્રવનું કારણ | ૪૧૦ |
| | આરંભ–પરિગ્રહની વ્યાખ્યા | ૪૧૦ |
| ૧૬ | તિર્યંચાયુના આસ્રવનું કારણ | ૪૧૧ |
| ૧૭-૧૮ | મનુષ્યાયુના આસ્રવનું કારણ | ૪૧૨ |
| ૧૯ | બધાં આયુઓના આસ્રવનું કારણ | ૪૧૪ |
| ૨૦-૨૧ | દેવાયુના આસ્રવનું કારણ | ૪૧૫ |
| ૨૨ | અશુભનામકર્મના આસ્રવનું કારણ | ૪૧૬ |
| ૨૩ | શુભનામકર્મના આસ્રવનું કારણ | ૪૧૭ |
| ૨૪ | તીર્થંકરનામકર્મના આસ્રવનાં કારણો | ૪૧૮ |
| | દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાનું સ્વરૂપ | ૪૧૮ |
| | તીર્થંકરોના ત્રણ પ્રકાર | ૪૨૨ |
| | અરિહંતોના સાત પ્રકાર | ૪૨૨ |
| | આ સૂત્રનો સિદ્ધાંત | ૪૨૩ |
| ૨૫-૨૬ | ગોત્રકર્મના આસ્રવનાં કારણો | ૪૨૩ |
| ૨૭ | અંતરાયકર્મના આસ્રવનું કારણ | ૪૨૪ |
| | ઉપસંહાર | ૪૨૫ |

## અધ્યાય સાતમો

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | ભૂમિકા | ૪૨૭ |
| ૧. | વ્રતનું લક્ષણ | ૪૨૮ |
| | આસ્રવતત્ત્વની ભૂલ અને તે ટાળવા માટે ખાસ શાસ્ત્રાધારે પ્રયોજનભૂત સ્પષ્ટીકરણ | ૪૨૯ |
| | આ સૂત્રનો સિદ્ધાંત | ૪૩૫ |
| ૨ | વ્રતના ભેદ | ૪૩૫ |
| | આ સૂત્રમાં કહેલા ત્યાગનું સ્વરૂપ અને તે સંબંધી દૃષ્ટાંતો | ૪૩૬ |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| ૩ | વ્રતોમાં સ્થિરતાનાં કારણો | ૪૩૮ |
| ૪ | અહિંસા વ્રતની પાંચ ભાવનાઓ | ૪૩૮ |
| ૫ | સત્ય વ્રતની પાંચ ભાવનાઓ | ૪૩૯ |
| ૬ | અચૌર્ય વ્રતની પાંચ ભાવનાઓ | ૪૪૦ |
| ૭ | બ્રહ્મચર્ય વ્રતની પાંચ ભાવનાઓ | ૪૪૧ |
| ૮ | પરિગ્રહત્યાગ વ્રતની પાંચ ભાવનાઓ | ૪૪૧ |
| ૯-૧૦ | હિંસા વગેરેથી વિરકત થવાની ભાવના | ૪૪૨ |
| ૧૧ | વ્રતધારી સમ્યગ્દષ્ટિની ભાવના | ૪૪૪ |
| ૧૨ | વ્રતોની રક્ષા અર્થે સમ્યગ્દષ્ટિની વિશેષ ભાવના | ૪૪૫ |
| | ૧. જગતનો સ્વભાવ | ૪૪૫ |
| | ૨. શરીરનો સ્વભાવ | ૪૪૭ |
| | ૩. સંવેગ તથા વૈરાગ્યનું સ્વરૂપ | ૪૪૮ |
| | ૫. જીવ ન હોય ત્યારે શરીર કેમ ચાલતું નથી તેનો ખુલાસો | ૪૪૮ |
| ૧૩ | હિંસા–પાપનું લક્ષણ | ૪૪૯ |
| | તેરમા સૂત્રનો સિદ્ધાંત | ૪૫૧ |
| ૧૪ | અસત્યનું સ્વરૂપ | ૪૫૧ |
| | સત્યનું પરમાર્થ સ્વરૂપ | ૪૫૨ |
| ૧૫ | સ્તેય (-ચોરી)નું સ્વરૂપ | ૪૫૪ |
| ૧૬ | કુશીલ (-બ્રહ્મચર્ય)નું સ્વરૂપ | ૪૫૪ |
| ૧૭ | પરિગ્રહનું સ્વરૂપ | ૪૫૫ |
| ૧૮ | વ્રતીની વિશેષતા | ૪૫૬ |
| | દ્રવ્યલિંગીનું અન્યથાપણું | ૪૫૬ |
| | અઢારમાં સૂત્રનો સિદ્ધાંત | ૪૫૭ |
| ૧૯ | વ્રતીના ભેદ | ૪૫૮ |
| ૨૦ | સાગારનું લક્ષણ | ૪૫૮ |
| ૨૧ | અણુવ્રતના સહાયક સાત શીલવ્રતો | ૪૫૯ |
| | ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનું સ્વરૂપ | ૪૫૯ |
| | લક્ષમાં રાખવા લાયક સિદ્ધાંત | ૪૬૦ |
| ૨૨ | વ્રતીને સંલ્લેખના ધારણ કરવાનો ઉપદેશ | ૪૬૦ |
| ૨૩ | સમ્યગ્દર્શનના પાંચ અતિચારોનું સ્વરૂપ | ૪૬૧ |
| | શંકા, કાંક્ષા, આદિ પાંચ અતિચારોનું સ્વરૂપ | ૪૬૨ |
| ૨૪-૩૬ | પાંચ વ્રત તથા સાત શીલ એ દરેકના પાંચ પાંચ અતિચારોનું વર્ણન | ૪૬૩ |
| ૩૭ | સલ્લેખનાના પાંચ અતિચાર | ૪૬૮ |
| ૩૮ | દાનનું સ્વરૂપ | ૪૬૯ |
| ૩૯ | દાનમાં વિશેષતા | ૪૭૧ |
| | નવધા ભકિતનું સ્વરૂપ | ૪૭૧ |
| | દ્રવ્ય વિશેષ, દાતૃવિશેષ અને પાત્રવિશેષનું સ્વરૂપ | ૪૭૩ |
| | દાન સંબંધી જાણવા યોગ્ય વિશેષ બાબતો | ૪૭૩ |
| | ઉપસંહાર | ૪૭૪ |
| | અહિંસાદિ વ્રતો આસ્રવ છે, સંવર–નિર્જરા નથી | ૪૭૪-૪૭૬ |

## અધ્યાય આઠમો

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | ભૂમિકા | ૪૭૭ |
| ૧ | બંધના કારણો | ૪૭૭ |
| | બંધના કારણો ટાળવાનો ક્રમ | ૪૭૮ |
| | બંધના પાંચ કારણોના અંતરંગ ભાવ ઓળખવા જોઈએ | ૪૭૮ |
| | મિથ્યાદર્શનનું સ્વરૂપ | ૪૭૮ |
| | મિથ્યાદર્શનની ટૂંકી વ્યાખ્યાઓ | ૪૮૧ |
| | મિથ્યાદર્શનના બે પ્રકાર અને તેની વ્યાખ્યાઓ | ૪૮૧ |
| | ગૃહીતમિથ્યાત્વના (એકાંતમિથ્યાત્વાદિ) પાંચ ભેદોનું સ્વરૂપ | ૪૮૩ |
| | અવિરતિ, પ્રમાદ અને કષાયનું સ્વરૂપ | ૪૮૬ |
| | યોગનું સ્વરૂપ | ૪૮૬ |
| | ક્યા ગુણસ્થાને કેટલા પ્રકારના બંધ હોય? | ૪૮૬ |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | મહાપાપ–મિથ્યાત્વ | ૪૮૬ |
| | આ સૂત્રનો સિદ્ધાંત | ૪૮૭ |
| ૨ | બંધનું લક્ષણ | ૪૮૭ |
| | જીવ અને પુદ્‌ગલના નિમિત્ત-નૈમિત્તિકસંબંધનું સ્પષ્ટીકરણ | ૪૮૭ |
| ૩ | બંધના ચાર ભેદ અને તેની વ્યાખ્યા | ૪૮૯ |
| ૪ | પ્રકૃતિબંધના આઠ મૂળ ભેદો (-જ્ઞાનાવરણાદિ)નું વર્ણન | ૪૯૦ |
| ૫-૧૩ | જ્ઞાનાવરણાદિ આઠ કર્મના પેટા ભેદોનું વર્ણન | ૪૯૧ |
| ૧૪-૨૦ | જ્ઞાનાવરણાદિ આઠ કર્મોની સ્થિતિનું વર્ણન | ૪૯૭ |
| ૨૧-૨૨ | અનુભવબંધનું વર્ણન | ૪૯૯ |
| ૨૩ | ફળ આપ્યા પછી કર્મોનું શું થાય છે ? | ૫૦૦ |
| | નિર્જરાના ચાર પ્રકારોનું વર્ણન | ૫૦૦ |
| ૨૪ | પ્રદેશબંધનું સ્વરૂપ | ૫૦૦ |
| ૨૫-૨૬ | પુણ્ય પ્રકૃતિઓના તથા પાપપ્રકૃતિઓનાં નામ | ૫૦૧ |
| | ઉપસંહાર | ૫૦૩ |


## અધ્યાય નવમો


| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | ભૂમિકા | ૫૦૬ |
| | સંવરનું સ્વરૂપ | ૫૦૬ |
| | લક્ષમાં રાખવાયોગ્ય કેટલીક બાબતો | ૫૦૯ |
| | નિર્જરાનું સ્વરૂપ | ૫૧૧ |
| ૧ | સંવરનું લક્ષણ | ૫૧૩ |
| ૨ | સંવરના કારણો | ૫૧૪ |
| | ગુપ્તિનું સ્વરૂપ | ૫૧૫ |
| ૩ | નિર્જરા અને સંવરનું કારણ | ૫૧૬ |
| | તપનું સ્વરૂપ અને તે સંબંધી થતી ભૂલ | ૫૧૭ |
| | તપના ફળ સંબંધી ખુલાસો | ૫૧૮ |
| ૪ | ગુપ્તિનું લક્ષણ અને ભેદ | ૫૧૯ |
| ૫ | સમિતિનું સ્વરૂપ અને તેના પાંચ ભેદો, ધર્મનું સ્વરૂપ અને તે સંબંધી થતી ભૂલ | ૫૨૦ |
| ૬ | ઉત્તમક્ષમાદિ દશ ધર્મ અને તેનું સ્વરૂપ | ૫૨૨ |
| ૭ | અનિત્યાદિ બાર અનુપ્રેક્ષા અને તેનું સ્વરૂપ | ૫૨૬ |
| ૮ | પરિષહ સહન કરવાનો ઉપદેશ | ૫૩૦ |
| | દસ–અગિયાર અને બારમા ગુણસ્થાને પરિષહ સંબંધી કેટલોક ખુલાસો | ૫૩૨ |
| | પરિષહનું સ્વરૂપ અને તે સંબંધી થતી ભૂલ | ૫૩૨ |
| ૯ | પરિષહના બાવીસ પ્રકાર અને તેનું સ્વરૂપ નવમા સૂત્રનો સિદ્ધાંત | ૫૩૩ |
| ૧૦ | દસમાથી બારમા ગુણસ્થાન સુધીના પરિષહોનું વર્ણન | ૫૩૯ |
| ૧૧ | તેરમા ગુણસ્થાનના પરિષહો | ૫૪૦ |
| | કેવળી ભગવાનને આહાર ન હોય તે સંબંધી કેટલાક ખુલાસા | ૫૪૨ |
| | કર્મસિદ્ધાંત પ્રમાણે કેવળીને અન્નાહાર હોય જ નહિ. | ૫૪૪ |
| | સૂત્ર ૧૦-૧૧નો સિદ્ધાંત અને સૂત્ર ૮ સાથેનો સંબંધ | ૫૪૫ |
| ૧૨ | છઠ્ઠાથી નવમા ગુણસ્થાન સુધીના પરિષહો | ૫૪૫ |
| ૧૩-૧૬ | ક્યા કર્મના ઉદયથી ક્યા ક્યા પરિષહો થાય છે તેનું વર્ણન | ૫૪૬ |
| ૧૭ | એક જીવને એક સાથે થતા પરિષહોની સંખ્યા | ૫૪૭ |
| ૧૮ | ચારિત્રના સામાયિકાદિ પાંચ પ્રકારો અને તેની વ્યાખ્યા | ૫૪૯ |
| | છઠ્ઠા ગુણસ્થાનની દશા | ૫૫૦ |
| | ચારિત્રનું સ્વરૂપ | ૫૫૦ |
| | ચારિત્રમાં ભેદો શા માટે બતાવ્યા? | ૫૫૧ |

| સૂત્ર નં. | વિષય | પાનું |
|---|---|---|
| | સામાયિકનું સ્વરૂપ | ૫૫૧ |
| | વ્રત અને ચારિત્ર વચ્ચે તફાવત | ૫૫૩ |
| | **નિર્જરાતત્ત્વનું વર્ણન** | |
| | ભૂમિકા | ૫૫૩ |
| | નિર્જરાના કારણો સંબંધી થતી ભૂલો અને તેનું નિરાકરણ | ૫૫૩ |
| ૧૯ | બાહ્ય તપના છ પ્રકારો | ૫૫૪ |
| | સમ્યક્ તપની વ્યાખ્યા | ૫૫૬ |
| | તપના ભેદો શા માટે? | ૫૫૬ |
| ૨૦ | અભ્યંતર તપના છ પ્રકારો | ૫૫૭ |
| | સમ્યક્ પ્રાયશ્ચિત્તાદિ છ પ્રકારોની વ્યાખ્યા | ૫૫૮ |
| ૨૧ | આભ્યંતર તપના પેટા ભેદો | |
| ૨૨ | સમ્યક્ પ્રાયશ્ચિત તપના નવ ભેદો | |
| | નિશ્ચયપ્રાયશ્ચિત્તનું સ્વરૂપ | ૫૫૯ |
| | નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ | ૫૫૯ |
| | નિશ્ચયઆલોચનાનું સ્વરૂપ | ૫૫૯ |
| ૨૩ | સમ્યક્ વિનયતપના ચાર ભેદ | ૫૬૦ |
| | જ્ઞાનવિનયાદિનું સ્વરૂપ | ૫૬૦ |
| | નિશ્ચયવિનયનું સ્વરૂપ | ૫૬૦ |
| ૨૪ | સમ્યક્ વૈયાવૃત્યતપના દસ ભેદ | ૫૬૦ |
| | દસ પ્રકારના મુનિઓની વ્યાખ્યા | ૫૬૦ |
| | સંઘના ચાર ભેદ તથા તેના અર્થ | ૫૬૧ |
| ૨૫ | સમ્યક્ સ્વાધ્યાયતપના પાંચ ભેદ | ૫૬૧ |
| ૨૬ | સમ્યક્ વ્યુત્સર્ગતપના બે ભેદ | ૫૬૨ |
| ૨૭ | સમ્યક્ ધ્યાનતપનું લક્ષણ | ૫૬૩ |
| ૨૮ | ધ્યાનના ભેદ | ૫૬૪ |
| ૨૯ | મોક્ષના કારણરૂપ ધ્યાન | ૫૬૫ |
| ૩૦-૩૩ | આર્ત્ત ધ્યાનના ચાર પ્રકારોનું વર્ણન | ૫૬૫ |
| ૩૪ | ગુણસ્થાન અપેક્ષાએ આર્તધ્યાનના સ્વામી | ૫૬૬ |
| ૩૫ | રૌદ્રધ્યાનના ચાર ભેદ તથા તેના સ્વામી | ૫૬૭ |
| ૩૬ | ધર્મધ્યાનના ચાર ભેદ | ૫૬૭ |
| ૩૭-૩૮ | શુકલધ્યાનના સ્વામી | ૫૬૯ |
| ૩૯ | શુકલધ્યાનના ચાર ભેદ | ૫૭૦ |
| ૪૦ | યોગ અપેક્ષાએ શુકલધ્યાનના સ્વામી | ૫૭૦ |
| | કેવળીના મનોયોગસંબંધી સ્પષ્ટીકરણ | ૫૭૦ |
| | કેવળીને બે પ્રકારના વચનયોગ | ૫૭૧ |
| | ક્ષપક તથા ઉપશમક જીવોને ચારે મનોયોગ કઈ રીતે છે. | ૫૭૧ |
| | ક્ષપક અને ઉપશમક જીવોના વચનયોગ સંબંધી | ૫૭૨ |
| ૪૧-૪૨ | શુકલધ્યાનના પહેલા બે ભેદોની વિશેષતા | ૫૭૨ |
| ૪૩ | વિતર્કનું લક્ષણ | ૫૭૩ |
| ૪૪ | વિચારનું લક્ષણ | ૫૭૩ |
| | યોગસંક્રાન્તિ વગેરેનું સ્વરૂપ | |
| | અનુપ્રેક્ષા તથા ધ્યાન | ૫૭૪ |
| | વ્રત, ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા; પરિષહજય, બાર પ્રકારના તપ વગેરે સંબંધી ખાસ લક્ષમાં રાખવા લાયક સ્પષ્ટીકરણ | ૫૭૪ |
| ૪૫ | પાત્રની અપેક્ષાએ નિર્જરામાં થતી ન્યૂનાધિકતા | ૫૭૭ |
| | આ સૂત્રનો સિદ્ધાંત | ૫૭૯ |
| ૪૬ | નિર્ગ્રંથ (–સાધુઓ)ના ભેદ | ૫૭૯ |
| | પુલાક, બકુશ વગેરે મુનિઓની વ્યાખ્યા | |
| | પરમાર્થનિર્ગ્રંથ અને વ્યવહારનિર્ગ્રંથ | ૫૮૦ |
| | પુલાક મુનિ સંબંધી કેટલાક ખુલાસા | ૫૮૦ |
| ૪૭ | પુલાકાદિ મુનિઓમાં આઠ પ્રકારે વિશેષતા | ૫૮૧ |
| | **ઉપસંહાર** | **૫૮૩** |
| | ‘જિન’ના સ્વરૂપ સંબંધી સ્પષ્ટીકરણ | ૫૮૩ |
| | ‘જિનધર્મ’ | |
| | **‘પારસોઢવ્યા’** શબ્દ ઉપરથી પરિષહ સંબંધી સ્પષ્ટીકરણ | ૫૮૬ |

સૂત્ર નં. વિષય પાનું

બકુશમુનિને પણ વસ્ત્ર હોતા નથી–તે
બાબત સ્પષ્ટીકરણ --------------- ૫૮૬

## અધ્યાય દસમો

ભૂમિકા -------------------------------- ૫૮૮
૧ કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ --------- ૫૮૮
'કેવળી' કઈ રીતે કહેવાય છે
તેનો ખુલાસો --------------------- ૫૮૯
ભાવમોક્ષ અને દ્રવ્યમોક્ષ --------------------
કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં જ મોક્ષ
કેમ થતો નથી ? ----------------- ૫૯૧
૨ મોક્ષનું કારણ અને લક્ષણ ------------ ૫૯૨
મોક્ષ યત્નથી સાધ્ય છે.--------------- ૫૯૩
૩-૪ મોક્ષદશામાં ક્યા ક્યા ભાવોનો
અભાવ થાય છે? ---------------- ૫૯૫
૫ મુક્ત જીવોનું સ્થાન -------------------------
૬ મુક્તજીવના ઊર્ધ્વગમનનું કારણ ------ ૫૯૬
૭ પૂર્વ પ્રયોગાદિ ચાર પ્રકારનાં દ્રષ્ટાંતો - ૫૯૬
૮ મુક્ત જીવો લોકાગ્રથી આગળ નહિ
જવાનું કારણ --------------------- ૫૯૭
૯ મુક્ત જીવોમાં વ્યવહારનયે ભેદ ------ ૫૯૮
સિદ્ધોમાં ક્ષેત્ર વગેરે બાર તથા બીજા
૧૧ ભેદનું વર્ણન ---------------- ૫૯૮

### ઉપસંહાર

મોક્ષતત્ત્વની માન્યતા સંબંધી થતી ભૂલ
અને તેનું નિરાકરણ -------------- ૬૦૨
અનાદિ કર્મબંધન નષ્ટ થવાની સિદ્ધિ ૬૦૨
આત્માને બંધન છે તેની સિદ્ધિ ------- ૬૦૫
મુકત થયા પછી ફરી બંધ કે જન્મ
ન થાય -------------------------- ૬૦૫
બંધ તે જીવનો સ્વાભાવિક ધર્મ નથી - ૬૦૬
સિદ્ધોનું લોકાગ્રથી સ્થાનાંતર થતું નથી. ૬૦૭

સૂત્ર નં. વિષય પાનું

અધિક જીવો થોડા ક્ષેત્રમાં રહે છે. -- ૬૦૭
સિદ્ધ જીવોને આકાર છે -------------- ૬૦૮

### પરિશિષ્ટ–૧

**(મોક્ષશાસ્ત્રના આધારે શ્રી અમૃતચંદ્રસૂરિએ જે તત્ત્વાર્થસાર શાસ્ત્ર રચ્યું છે, તેના ઉપસંહારમાં ૨૩ ગાથા દ્વારા આપેલો ગ્રંથનો સારાંશ)**

(૧) ગ્રંથનો સારાંશ ---------------------- ૬૦૯
(૨) મોક્ષમાર્ગ બે નથી. ----------------- ૬૧૦
(૩-૪) નિશ્ચય તથા વ્યવહાર મોક્ષમાર્ગનું
સ્વરૂપ -------------------------------- ૬૧૦
(૫-૬) વ્યવહારી તથા નિશ્ચયી મુનિનું
સ્વરૂપ -------------------------------- ૬૧૧
(૭) નિશ્ચયીનું અભેદસમર્થન ------------ ૬૧૧
(૮-૨૦) નિશ્ચયરત્નત્રયનું કર્તા, કર્મ વગેરે
સાથે અભેદપણું---------------------- ૬૧૩
(૨૧) નિશ્ચય વ્યવહાર માનવાનું તાત્પર્ય ૬૧૬
(૨૨) તત્ત્વાર્થસાર ગ્રંથનું પ્રયોજન ------ ૬૧૭
(૨૩) આ ગ્રંથના કર્તા પુદ્‌ગલો છે,
આચાર્ય નથી. -------------------- ૬૧૭

### પરિશિષ્ટ–૨

**(સ્વતંત્રતાનો ઢંઢેરો)**

દ્રવ્યની લાયકાત સંબંધી સ્પષ્ટીકરણ -- ૬૧૯

### પરિશિષ્ટ–3

**સાધક જીવની દૃષ્ટિનું સળંગ ધોરણ**

અધ્યાત્મનું રહસ્ય --------------------- ૬૨૨
વસ્તુસ્વભાવ અને તેમાં કઈ તરફ
ઢળવું ! -------------------------- ૬૨૩

### પરિશિષ્ટ–૪

શાસ્ત્રનો ટૂંક સાર --------------------- ૬૨૪
કક્કાવાર સૂચી પત્રક --------------------------૬૨૬

C

✽ नमः श्रीसर्वज्ञवीतरागाय। ✽

# शास्त्र-स्वाध्यायका प्रारंभिक मंगलाचरण

✽

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥१॥

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्॥२॥

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः॥३॥

## ॥ श्रीपरमगुरवे नमः, परम्पराचार्यगुरवे नमः ॥

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्रीमोक्षशास्त्र नामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीउमास्वामिविरचितं, श्रोतारः सावधानतया शृणवन्तु॥

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्॥१॥

सर्वमङ्गलमाङ्गल्यं सर्वकल्याणकारकं।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्॥२॥

✿

ॐ

શ્રી સર્વજ્ઞ વીતરાગાય નમઃ
શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

**શ્રી ઉમાસ્વામી વિરચિત**

# મોક્ષશાસ્ત્ર–ગુજરાતી ટીકા

## પ્રથમ અધ્યાય

(મંગલાચરણ)

**मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम्।**
**ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये॥**

**અર્થ** :—મોક્ષમાર્ગના પ્રવર્તાવનાર અર્થાત્ ચલાવનાર, કર્મરૂપી પર્વતોના ભેદનાર અર્થાત્ નાશ કરનાર, વિશ્વના અર્થાત્ બધાં તત્ત્વોના જાણનાર–તેને તે ગુણોની પ્રાપ્તિ માટે હું પ્રણામ કરું છું—વંદન કરું છું.

## સંક્ષિપ્ત અવલોકન

(૧) આ શાસ્ત્ર શરૂ કરતાં પહેલાં આ શાસ્ત્રનો વિષય શું છે, તે ટૂંકમાં જણાવવાની જરૂર છે.

(૨) આચાર્ય ભગવાને આ શાસ્ત્રનું નામ **'મોક્ષશાસ્ત્ર'** અથવા **'તત્ત્વાર્થસૂત્ર'** રાખ્યું છે. જગતના જીવો અનંત પ્રકારના દુઃખો ભોગવી રહ્યા છે, તે દુઃખોથી હંમેશને માટે મુક્ત થવા એટલે કે અવિનાશી સુખ મેળવવા તેઓ અહર્નિશ ઉપાયો કરી રહ્યા છે; પણ તેઓના તે ઉપાયો ખોટા હોવાથી જીવોને દુઃખ મટતું નથી, એક કે બીજા પ્રકારે દુઃખ ચાલ્યા જ કરે છે. દુઃખોની પરંપરાથી જીવો શી રીતે મુક્ત થાય તેનો ઉપાય અને તેનું વીતરાગ વિજ્ઞાન આ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યા છે, તેથી તેનું નામ **'મોક્ષશાસ્ત્ર'** રાખવામાં આવ્યું છે. મૂળભૂત ભૂલ વિના દુઃખ હોય નહિ અને તે ભૂલ ટળતાં સુખ થયા વગર રહે જ નહિ, એવો અબાધિત સિદ્ધાંત છે. વસ્તુનું સાચું સ્વરૂપ સમજ્યા વિના એ ભૂલ ટળે નહિ; તેથી વસ્તુનું સાચું સ્વરૂપ આ શાસ્ત્રમાં સમજાવવામાં આવ્યું હોવાથી તેનું નામ **'તત્ત્વાર્થસૂત્ર'** પણ આપવામાં આવ્યું છે.

(૩) વસ્તુના સાચા સ્વરૂપ સંબંધી જીવને જો ખોટી માન્યતા (Wrong Belief) ન હોય તો જ્ઞાનમાં ભૂલ થાય નહિ. જ્યાં માન્યતા સાચી હોય ત્યાં જ્ઞાન સાચું જ હોય. સાચી માન્યતા અને સાચા જ્ઞાનપૂર્વક જે કાંઈ વર્તન થાય તે યથાર્થ જ હોય; તેથી સાચી માન્યતા અને સાચા જ્ઞાનપૂર્વક થતા સાચા વર્તન દ્વારા જ જીવો દુ:ખથી મુક્ત થઈ શકે છે. એ સિદ્ધાંત આચાર્ય ભગવાને આ શાસ્ત્રની શરૂઆત કરતાં પહેલા અધ્યાયના પહેલા જ સૂત્રમાં જણાવ્યો છે.

(૪) **'પોતે કોણ છે'** તે સંબંધી જગતના જીવોની મહાન ભૂલ ચાલી આવે છે. ઘણાં જીવો શરીરને પોતાનું સ્વરૂપ માને છે, તેથી શરીરની સંભાળ રાખવા તેઓ સતત્ પ્રયત્ન અનેક પ્રકારે કર્યા કરે છે. શરીરને જીવ પોતાનું માને છે તેથી શરીરની સગવડ જે ચેતન કે જડ પદાર્થો તરફથી મળે છે એમ તે માને તે તરફ તેને રાગ થાય જ; અને જે ચેતન કે જડ પદાર્થો તરફથી અગવડ મળે છે એમ તે માને તે તરફ તેને દ્વેષ થાય જ. જીવની આ માન્યતાથી જીવને આકુળતા રહ્યા જ કરે છે.

(૫) જીવની આ મહાન ભૂલને શાસ્ત્રમાં 'મિથ્યાદર્શન' કહેવામાં આવે છે; જ્યાં મિથ્યા માન્યતા હોય ત્યાં જ્ઞાન અને ચારિત્ર પણ મિથ્યા હોય જ; તેથી મિથ્યાદર્શનરૂપ મહાન ભૂલને મહાપાપ પણ કહેવામાં આવે છે. મિથ્યાદર્શન એ મહાન ભૂલ છે અને તે સર્વ દુ:ખનું મહા બળવાન મૂળિયું છે, એવું જીવોને લક્ષ નહિ હોવાથી તે લક્ષ કરાવવા અને તે ભૂલ ટાળી જીવો અવિનાશી સુખ તરફ પગલાં માંડે તે હેતુથી આચાર્ય ભગવાને આ શાસ્ત્રમાં પહેલો જ શબ્દ **'સમ્યગ્દર્શન'** વાપર્યો છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ તે જ સમયે જ્ઞાન સાચું થાય છે. તેથી બીજો શબ્દ **'સમ્યગ્જ્ઞાન'** વાપર્યો છે; અને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ સમ્યક્ચારિત્ર હોઈ શકે, તેથી **'સમ્યક્ચારિત્ર'** એ શબ્દ ત્રીજો મૂક્યો છે. એ પ્રમાણે ત્રણ શબ્દો વાપરતાં 'સાચું સુખ મેળવવાના રસ્તા ત્રણ છે' એમ જીવો ન માની બેસે માટે એ ત્રણેની એકતા જ મોક્ષમાર્ગ છે, એમ પહેલા જ સૂત્રમાં જણાવી દીધું છે.

(૬) **જીવને સાચું સુખ જોઈતું હોય તો પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ;** જગતમાં ક્યા ક્યા પદાર્થો છે? તેનું સ્વરૂપ શું છે? તેનાં કાર્ય-ક્ષેત્ર શું છે? જીવ શું છે? જીવ કેમ દુ:ખી થાય છે?–તેની યથાર્થ સમજણ હોય તો જ સમ્યગ્દર્શન પ્રગટ થાય; તેથી સાત તત્ત્વો દ્વારા આચાર્ય ભગવાને વસ્તુસ્વરૂપ દસ અધ્યાયોમાં જણાવ્યું છે.

(૭) આ શાસ્ત્રના દસ અધ્યાયોમાં નીચેના વિષયો લેવામાં આવ્યા છે :—

૧–આ અધ્યાયમાં મોક્ષનો ઉપાય અને જીવના જ્ઞાનની અવસ્થાઓનું વર્ણન છે.

૨–આ અધ્યાયમાં જીવના ભાવો, લક્ષણ અને જીવનો શરીર સાથેનો સંબંધ–તેનું વર્ણન છે.

૩–૪–વિકારી જીવને રહેવાનાં ક્ષેત્રો; એ પ્રમાણે પહેલા ચાર અધ્યાયોમાં પ્રથમ **જીવતત્ત્વનું** વર્ણન કરવામાં આવ્યું છે.

૫–આ અધ્યાયમાં બીજા **અજીવતત્ત્વનું** વર્ણન છે.

૬–૭–આ અધ્યાયોમાં જીવના નવા વિકારીભાવો (આસ્રવો) તથા તેનું નિમિત્ત પામીને જીવ સૂક્ષ્મ જડ કર્મ સાથે થતો સંબંધ જણાવ્યો છે; એ રીતે ત્રીજા **આસ્રવતત્ત્વનું** વર્ણન કર્યું છે.

૮–આ અધ્યાયમાં જીવને જડ કર્મ સાથે કેવા પ્રકારે બંધ થાય છે અને તે જડ કર્મ કેટલો વખત જીવ સાથે રહે છે તે જણાવ્યું છે; એ રીતે ચોથા **બંધતત્ત્વનું** આ અધ્યાયમાં વર્ણન કર્યું છે.

૯–આ અધ્યાયમાં–જીવને અનાદિથી નહિ થયેલ ધર્મની શરૂઆત સંવરથી થાય છે, જીવની આ અવસ્થા થતાં તેને સાચા સુખની શરૂઆત થાય છે અને ક્રમે-ક્રમે શુદ્ધિ વધતાં વિકાર ટળે છે, તેથી નિર્જરા એટલે કે જડકર્મ સાથેના બંધનો અંશે અંશે અભાવ થાય છે–એ જણાવ્યું છે; એ રીતે પાંચમું અને છઠ્ઠું એટલે **સંવર** અને **નિર્જરાતત્ત્વ** નવમા અધ્યાયમાં જણાવ્યાં છે.

૧૦–જીવની શુદ્ધિની પૂર્ણતા, સર્વ દુઃખોથી અવિનાશી મુક્તિ અને સંપૂર્ણ પવિત્રતા તે મોક્ષતત્ત્વ હોવાથી આચાર્ય ભગવાને સાતમું **મોક્ષતત્ત્વ** આ અધ્યાયમાં જણાવ્યું છે.

(૮) મંગલાચરણમાં ભગવાનને 'કર્મરૂપી પર્વતોના ભેદનાર' કહ્યા છે. કર્મ બે પ્રકારના છે :—૧–ભાવકર્મ, ૨–દ્રવ્યકર્મ. જીવ જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી ભાવકર્મરૂપી પર્વતોને ટાળે છે ત્યારે દ્રવ્યકર્મ સ્વયં પોતાથી ટળી જાય છે—નાશ પામે છે, એવો જીવની શુદ્ધતાને અને કર્મના ક્ષયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે—એમ અહીં બતાવ્યું છે. જીવ જડ કર્મનો પરમાર્થે નાશ કરી શકે છે–એમ કહેવાનો હેતુ નથી.

(૯) મંગલાચરણમાં નમસ્કાર કરતાં તીર્થંકર ભગવાન પાસે દેવાગમન, સમોસરણ, ચામર, દિવ્ય શરીરાદિ જે પુણ્યની વિભૂતિ છે તે લીધી નથી, કેમ કે પુણ્ય તે ગુણ નથી.

(૧૦) મંગલાચરણમાં ગુણથી ઓળખાણ કરીને ભગવાનને નમસ્કાર કર્યા છે. એટલે કે–ભગવાન વિશ્વના અર્થાત્ બધા તત્ત્વોના જાણનાર છે, મોક્ષમાર્ગના નેતા છે અને તેમણે સર્વ વિકારનો (દોષનો) નાશ કર્યો છે–એમ ભગવાનના ગુણોનું સ્વરૂપ બતાવી ગુણોની ઓળખાણ કરીને તેમની સ્તુતિ કરી છે.

# મોક્ષપ્રાપ્તિનો ઉપાય

## सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।।१।।

**અર્થ** :—[सम्यग्दर्शनज्ञानचारित्राणि] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને [मोक्षमार्गः] મોક્ષનો માર્ગ છે અર્થાત્ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે.

### ટીકા

(૧) **સમ્યક્**–આ શબ્દ પ્રશંસાવાચક છે, તે યથાર્થપણું સૂચવે છે. વિપરીત આદિ દોષોનો અભાવ તે 'સમ્યક્' છે.

**દર્શન–શ્રદ્ધા;** 'આમ જ છે–અન્યથા નથી' એવો પ્રતીતિભાવ.

**સમ્યગ્જ્ઞાન**–સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત પોતાના આત્માનું તથા પરનું યથાર્થ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન.

**સંશય**=विरुद्धानेककोटिस्पर्शि ज्ञानं संशयः = 'આ પ્રમાણે છે કે આ પ્રમાણે છે' એવું જે પરસ્પર વિરુદ્ધતાપૂર્વક બે પ્રકારરૂપ જ્ઞાન તેને સંશય કહે છે; જેમ કે આત્મા પોતાના કાર્યને કરી શકતો હશે કે જડના કાર્યને કરી શકતો હશે! એવું જાણવું તે સંશય છે.

**વિપર્યય**=विपरीतैककोटि निश्चयो विपर्ययः = વસ્તુસ્વરૂપથી વિરુદ્ધતાપૂર્વક 'આમ જ છે' એવું એકરૂપ જ્ઞાન તેનું નામ વિપર્યય છે; જેમ કે શરીરને આત્મા જાણવો તે વિપર્યય છે.

**અનધ્યવસાય**=किमित्यालोचनमात्रमनध्यवसायः = 'કંઈક છે' એવો નિર્ધારરહિત વિચાર તેનું નામ અનધ્યવસાય છે. જેમ કે 'હું કોઈક છું' એમ જાણવું તે અનધ્યવસાય છે.

[નોંધ :–'જીવ' અને 'આત્મા' એ બંને શબ્દો એક જ અર્થમાં વપરાય છે.]

**સમ્યક્ચારિત્ર**—(અહીં 'સમ્યક્' પદ અજ્ઞાનપૂર્વકના આચરણની નિવૃત્તિ માટે વાપર્યો છે.) સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક આત્મામાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે.

આ ત્રણે અનુક્રમે આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ગુણોના શુદ્ધ પર્યાય (હાલતો) છે.

**મોક્ષમાર્ગ** :—આ શબ્દ એકવચનમાં છે; તે એમ સૂચવે છે કે મોક્ષના ત્રણ માર્ગ નથી, પણ આ ત્રણનું એકત્વ તે મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ એટલે પોતાના આત્માની શુદ્ધિનો પંથ–રસ્તો–માર્ગ–ઉપાય; તેને અમૃતમાર્ગ, સ્વરૂપમાર્ગ અથવા કલ્યાણમાર્ગ પણ કહેવાય છે.

(૨) આ કથન 'હકાર'થી છે, તે એમ સૂચવે છે કે આનાથી વિરુદ્ધભાવો જેવાં કે રાગ, પુણ્ય વગેરેથી ધર્મ થાય કે તે ધર્મમાં સહાયરૂપ થાય એવી માન્યતા, જ્ઞાન અને આચરણ તે મોક્ષમાર્ગ નથી.

(૩) આ સૂત્રમાં ''सम्यग्दर्शनज्ञानचारित्राणि'' તે નિશ્ચયરત્નત્રય છે, વ્યવહારરત્નત્રય નથી; તેનું કારણ એ છે કે વ્યવહારરત્નત્રય રાગ હોવાથી બંધરૂપ છે.

(૪) આ સૂત્રમાં મોક્ષમાર્ગ શબ્દ નિશ્ચયમોક્ષમાર્ગ બતાવવા માટે કહેલ છે, એમ સમજવું.

(૫) **મોક્ષમાર્ગ પરમ નિરપેક્ષ છે**—''નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મકમાર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષમાર્ગ છે અને તે શુદ્ધરત્નત્રયનું ફળ નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિ છે.'' (નિયમસાર ગા. ૨ ની ટીકા.)

આ સૂત્રમાં 'સમ્યગ્દર્શન' કહ્યું છે તે નિશ્ચયસમ્યગ્દર્શન છે એ વાત ત્રીજા સૂત્રથી સિદ્ધ થાય છે, તેમાં જ નિસર્ગજ અને અધિગમજ એવા ભેદ કહ્યા છે. તે નિશ્ચયસમ્યગ્દર્શનના જ ભેદ છે અને આ સૂત્રની સંસ્કૃત ટીકા શ્રી તત્ત્વાર્થ રાજવાર્તિકમાં જે કારિકા તથા વ્યાખ્યા દ્વારા વર્ણન કર્યું છે. તે આધારે આ સૂત્ર તથા બીજા સૂત્રમાં કહેલ સમ્યગ્દર્શન છે, તે નિશ્ચયસમ્યગ્દર્શન છે; એમ સિદ્ધ થાય છે.

તથા આ સૂત્રમાં ''જ્ઞાન'' કહ્યું છે તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે. અધ્યાય ૧ સૂત્ર ૬માં તેના જ પાંચ ભેદ કહ્યા છે. તેમાં જ મનઃપર્યય અને કેવળજ્ઞાન પણ આવી જાય છે. તેથી સિદ્ધ થાય કે અહીં નિશ્ચયસમ્યગ્જ્ઞાન કહ્યું છે, પછી આ સૂત્રમાં ''ચારિત્રાણિ'' શબ્દ નિશ્ચયસમ્યક્ચારિત્ર બતાવવા માટે કહેલ છે. શ્રી તત્ત્વાર્થ રાજવાર્તિકમાં આ સૂત્રકથિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માનેલ છે. કેમ કે વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (વ્યવહારરત્નત્રય) આસ્રવ અને બંધરૂપ છે, તેથી આ સૂત્રનો અર્થ કરવામાં આ ત્રણે આત્માની શુદ્ધપર્યાય એકત્વરૂપ પરિણમેલ છે. આ પ્રકારે શાસ્ત્રકારે જ બતાવ્યું છે, એમ સ્પષ્ટ થાય છે.

## પહેલા સૂત્રનો સિદ્ધાંત

(૬) અજ્ઞાનદશામાં જીવ દુઃખ ભોગવી રહ્યા છે તેનું કારણ એ છે કે–તેઓને પોતાના સ્વરૂપની ભ્રમણા છે. આ ભ્રમણાને **'મિથ્યાદર્શન'** કહેવામાં આવે છે. 'દર્શન'નો એક અર્થ માન્યતા થાય છે, તેથી મિથ્યાદર્શનનો અર્થ ખોટી માન્યતા થાય છે. પોતાના સ્વરૂપની ખોટી માન્યતા હોય ત્યાં પોતાના સ્વરૂપનું જ્ઞાન જીવને ખોટું જ હોય; તે ખોટા

જ્ઞાનને 'મિથ્યાજ્ઞાન' કહેવામાં આવે છે. જ્યાં સ્વરૂપની ખોટી માન્યતા અને ખોટું જ્ઞાન હોય ત્યાં ચારિત્ર પણ ખોટું જ હોય; આ ખોટા ચારિત્રને 'મિથ્યાચારિત્ર' કહેવામાં આવે છે. અનાદિથી જીવોને 'મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર' ચાલ્યાં આવે છે, તેથી જીવો અનાદિથી દુઃખ ભોગવી રહ્યા છે.

પોતાની આ દશા જીવ પોતે કરતો હોવાથી પોતે તેને ટાળી શકે. એ ટાળવાનો ઉપાય 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર' જ છે, બીજો નથી એમ અહીં કહ્યું છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે બીજા જે ઉપાયો જીવ સતત્ કર્યા કરે છે તે બધા ખોટા છે. જીવ ધર્મ કરવા માગે છે પણ તેને સાચા ઉપાયની ખબર નહિ હોવાથી તે ખોટા ઉપાયો કર્યા વિના રહે નહિ; માટે જીવોએ આ મહાન ભૂલ ટાળવા માટે **પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ.** તે વિના ધર્મની શરૂઆત કદી કોઈને થાય જ નહિ. ૧.

## સમ્યગ્દર્શનનું લક્ષણ

## तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ।।२।।

**અર્થ** :–[तत्त्वार्थश्रद्धानं] તત્ત્વ (વસ્તુ)ના સ્વરૂપ સહિત અર્થ–જીવાદિ પદાર્થોની શ્રદ્ધા કરવી તે [सम्यग्दर्शनम्] સમ્યગ્દર્શન છે.

### ટીકા

(૧) તત્ત્વોની સાચી શ્રદ્ધાનું નામ સમ્યગ્દર્શન છે. 'અર્થ' એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય; 'તત્ત્વ' એટલે તેનો ભાવ–સ્વરૂપ; સ્વરૂપ (ભાવ) સહિત પ્રયોજનભૂત પદાર્થોનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે.

(૨) આ ગાથામાં સમ્યગ્દર્શનને ઓળખવાનું લક્ષણ આપ્યું છે. સમ્યગ્દર્શન લક્ષ્ય અને તત્ત્વાર્થશ્રદ્ધા તેનું લક્ષણ છે.

(૩) કોઈ જીવને 'આ જાણપણું છે, આ શ્વેત વર્ણ છે' ઈત્યાદિ પ્રતીતિ તો હોય, પરંતુ દર્શન-જ્ઞાન આત્માનો સ્વભાવ છે અને હું આત્મા છું તથા પુદ્‌ગલ મારાથી ભિન્ન (જુદો) પદાર્થ છે, એવું શ્રદ્ધાન ન હોય તો ઉપર કહેલા માત્ર 'ભાવ'નું શ્રદ્ધાન જરા પણ કાર્યકારી નથી. 'હું આત્મા છું' એવું શ્રદ્ધાન કર્યું પણ આત્માનું જેવું સ્વરૂપ છે તેવું શ્રદ્ધાન કર્યું નહિ, તો 'ભાવ'ના શ્રદ્ધાન વિના આત્માનું શ્રદ્ધાન ખરું નથી; માટે 'તત્ત્વ' અને તેના 'અર્થ'નું શ્રદ્ધાન હોય તે જ કાર્યકારી છે.

(૪) **બીજો અર્થ** :—જીવાદિને જેમ 'તત્ત્વ' કહેવામાં આવે છે તેમ 'અર્થ' પણ

કહેવામાં આવે છે; જે તત્ત્વ છે તે જ અર્થ છે અને તેનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે. જે પદાર્થ જેમ અવસ્થિત છે તેમ તેનું હોવું તે તત્ત્વ છે અને 'अर्यते' કહેતાં નિશ્ચય કરીએ તે અર્થ છે. તેથી તત્ત્વસ્વરૂપનો નિશ્ચય તે તત્ત્વાર્થ છે. તત્ત્વાર્થની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

(૫) વિપરીત અભિનિવેશ (ઊંધા અભિપ્રાય) રહિત જીવાદિનું તત્ત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. સમ્યગ્દર્શનમાં વિપરીત માન્યતા હોતી નથી, એમ બતાવવા માટે 'દર્શન' પહેલાં 'સમ્યક્' પદ વાપર્યું છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વો છે–એમ ચોથા સૂત્રમાં કહેશે.

(૬) નિશ્ચયથી શુદ્ધ આત્માનો પ્રતિભાસ તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. અભેદદૃષ્ટિમાં આત્મા તે જ સમ્યગ્દર્શન છે.

## (૭) 'તત્ત્વ' શબ્દનો મર્મ–

'તત્ત્વ' શબ્દનો અર્થ 'તત્‌પણું-તેપણું' થાય છે. દરેક વસ્તુને–તત્ત્વને સ્વરૂપથી તત્‌પણું છે અને પરરૂપથી અતત્‌પણું છે. જીવ વસ્તુ હોવાથી તેને પોતાના સ્વરૂપથી તત્‌પણું છે અને પરના સ્વરૂપથી અતતપણું છે. જીવ ચૈતન્યસ્વરૂપ હોવાથી તે જ્ઞાતા છે અને અન્ય સર્વ વસ્તુઓ જ્ઞેય છે, તેથી જીવ બીજા સર્વ પદાર્થોથી તદ્દન ભિન્ન છે. જીવ પોતાથી તત્ હોવાથી તેનું જ્ઞાન તેને પોતાથી થાય છે; જીવ પરથી અતત્ હોવાથી તેને પરથી જ્ઞાન થઈ શકે નહિ. 'ઘડાનું જ્ઞાન ઘડાના આધારે થાય છે'–એમ કેટલાક જીવો માને છે પણ તે ભૂલ છે. જ્ઞાન જીવનું સ્વરૂપ હોવાથી તે જ્ઞાન પોતાથી તત્ છે અને પરથી અતત્ છે. જીવને દરેક સમયે પોતાની લાયકાત અનુસાર જ્ઞાનની અવસ્થા થાય છે; પરજ્ઞેય સંબંધી પોતાનું જ્ઞાન થતી વખતે પરજ્ઞેય હાજર હોય છે, પણ તે પરવસ્તુથી જીવને જ્ઞાન થાય છે એમ માનનારે જીવને 'તત્ત્વ' માન્યું નથી. જો ઘડાથી ઘડા સંબંધી જ્ઞાન થતું હોય તો અણસમજુ જીવ હોય તેની પાસે ઘડો હોય ત્યારે તેને તે ઘડાનું જ્ઞાન થવું જોઈએ, પણ તેમ થતું નથી; માટે જ્ઞાન પોતાથી થાય છે એમ સમજવું. **જીવને જો પરથી જ્ઞાન થાય તો જીવ અને પર એક તત્ત્વ થઈ જાય, પણ તેમ બને નહિ.**

## (૮) સમ્યગ્દર્શનનું માહાત્મ્ય–

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગ એ જો મિથ્યાદર્શન સહિત હોય તો ગુણ થવાને બદલે સંસારમાં દીર્ઘકાળ સુધી પરિભ્રમણ કરાવવાવાળા દોષોને ઉત્પન્ન કરે છે. જેમ ઝેર સહિતના ઔષધથી લાભ થતો નથી, તેમ મિથ્યાત્વ સહિત અહિંસાદિથી જીવનો સંસાર રોગ મટતો નથી. મિથ્યાત્વ હોય ત્યાં નિશ્ચયથી (ખરેખર) તો અહિંસાદિ હોતાં જ નથી.

**''આત્મભ્રાંતિ સમ રોગ નહિ''** એ પદ ખાસ લક્ષમા રાખવા લાયક છે. અનાદિકાળથી જીવને મિથ્યાત્વદશા ચાલી આવતી હોવાથી જીવને સમ્યગ્દર્શન નથી; માટે પહેલાં **સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવા આચાર્ય ભગવાન વારંવાર ઉપદેશ કરે છે.**

સમ્યગ્દર્શન વિના જ્ઞાન, ચારિત્ર અને તપમાં સમ્યક્પણું આવતું નથી; સમ્યગ્દર્શન જ જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને તપનો આધાર છે. આંખોથી જેમ મોઢાને શોભા–સુંદરતા પ્રાપ્ત થાય છે, તેમ સમ્યગ્દર્શનથી જ્ઞાનાદિકમાં સમ્યક્પણું–શોભા–સુંદરતા પ્રાપ્ત થાય છે.

આ સંબંધી રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું છે કે :—

**न सम्यक्त्वसमं किंचित्त्रैकाल्ये त्रिजगत्यपि।**
**श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमं नान्यत्तनुभृताम्।।३४।।**

**અર્થ** :—સમ્યગ્દર્શન સમાન આ જીવને ત્રણકાળ ત્રણલોકમાં બીજું કોઈ કલ્યાણ નથી અને મિથ્યાત્વ સમાન ત્રણકાળ અને ત્રણલોકમાં બીજું કોઈ અકલ્યાણ નથી.

**ભાવાર્થ** :–અનંતકાળ વીતી ગયો, એક સમય વર્તમાન ચાલે છે અને ભવિષ્યમાં અનંતકાળ આવશે–એ ત્રણે કાળમાં અને અધોલોક તથા મધ્યલોક તથા ઊર્ધ્વલોક—એ ત્રણે લોકમાં જીવને સર્વોત્કૃષ્ટ ઉપકાર કરનાર સમ્યક્ત્વ સમાન બીજું કોઈ છે નહિ, થયું નથી અને થશે નહિ. ત્રણલોકમાં રહેલા ઇન્દ્ર, અહમિન્દ્ર, ભુવનેન્દ્ર, ચક્રવર્તી, નારાયણ, બલભદ્ર કે તીર્થંકર વગેરે ચેતન અને મણિ, મંત્ર, ઔષધ વગેરે જડ દ્રવ્ય—એ કોઈ સમ્યક્ત્વ સમાન ઉપકાર કરનાર નથી; અને આ જીવનું સૌથી મહાન અહિત–બૂરું જેવું મિથ્યાત્વ કરે છે એવું અહિત બૂરું કરનાર કોઈ ચેતન કે અચેતન દ્રવ્ય ત્રણકાળ-ત્રણલોકમાં છે નહિ, થયું નથી અને થશે નહિ; તેથી મિથ્યાત્વને છોડવા માટે પરમ પુરુષાર્થ કરો. સમસ્ત સંસારના દુઃખનો નાશ કરનાર, આત્મકલ્યાણ પ્રગટ કરનાર એક સમ્યક્ત્વ છે; માટે તે પ્રગટ કરવાનો જ પુરુષાર્થ કરો.

**વળી સમ્યક્ત્વ એ જ પ્રથમ કર્તવ્ય છે.** એ સંબંધમાં શ્રી અષ્ટપાહુડમાં નીચે પ્રમાણે કહ્યું છે :—

શ્રાવકે પ્રથમ શું કરવું તે કહે છે–

**गहिऊण य सम्मत्तं सुणिम्मलं सुरगिरीव णिक्कंपं।**
**तं जाणे झाइज्जइ सावय! दुक्खक्खयट्ठाए।।**

(મોક્ષપાહુડ ગાથા ૮૬)

**અર્થ** :—પ્રથમ તો શ્રાવકે સુનિર્મળ એટલે કે સારી રીતે નિર્મળ અને મેરુવત્ નિષ્કંપ,

અચળ અને ચળ, મલિન તથા અગાઢ દૂષણ રહિત અત્યંત નિશ્ચળ એવા સમ્યક્ત્વને ગ્રહણ કરીને તેને (સમ્યક્ત્વના વિષયભૂત એકરૂપ આત્માને) ધ્યાનમાં ધ્યાવવું; શા માટે ધ્યાવવું? દુઃખના ક્ષય અર્થે ધ્યાવવું.

**ભાવાર્થ** :—શ્રાવકે પહેલાં તો નિરતિચાર નિશ્ચળ સમ્યક્ત્વને ગ્રહણ કરી તેનું ધ્યાન કરવું કે જે સમ્યક્ત્વની ભાવનાથી ગૃહસ્થને ગૃહકાર્ય સંબંધી આકુળતા, ક્ષોભ, દુઃખ હોય તે મટી જાય, કાર્યના બગડવા–સુધરવામાં વસ્તુના સ્વરૂપનો વિચાર આવે ત્યારે દુઃખ મટી જાય. સમ્યગ્દષ્ટિને એવો વિચાર હોય છે કે સર્વજ્ઞે જેવું વસ્તુનું સ્વરૂપ જાણ્યું છે, તેમ નિરંતર પરિણમે છે અને તેમ થાય છે તેમાં ઇષ્ટ-અનિષ્ટ માની સુખી–દુઃખી થવું તે નિષ્ફળ છે. આવા વિચારથી દુઃખ મટે, તે પ્રત્યક્ષ અનુભવગોચર છે; તેથી સમ્યક્ત્વનું ધ્યાન કરવાનું કહ્યું છે.

હવે સમ્યક્ત્વના ધ્યાનનો મહિમા કહે છે :–

**सम्मत्तं जो झायइ सम्माइट्ठी हवेइ सो जीवो।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माणि॥**

(મોક્ષપાહુડ ગાથા ૮૭)

**અર્થ** :—જે જીવ સમ્યક્ત્વને ધ્યાવે છે તે જીવ સમ્યગ્દષ્ટિ છે; વળી તે સમ્યક્ત્વરૂપ પરિણમતાં દુષ્ટ જે આઠ કર્મો તેનો ક્ષય થાય છે.

**ભાવાર્થ** :—સમ્યક્ત્વનું ધ્યાન એવું છે કે, જો પહેલાં સમ્યક્ત્વ ન થયું હોય તોપણ, તેના સ્વરૂપને જાણી તેને ધ્યાવે તો તે સમ્યગ્દષ્ટિ થઈ જાય છે. વળી સમ્યક્ત્વ પ્રાપ્ત થયે જીવનાં પરિણામ એવાં હોય છે કે સંસારના કારણરૂપ જે દુષ્ટ આઠ કર્મો તેનો ક્ષય થાય છે; સમ્યક્ત્વ થતાં જ કર્મની ગુણશ્રેણી નિર્જરા થતી જાય છે. અનુક્રમે મુનિ થાય ત્યારે, ચારિત્ર અને શુક્લધ્યાન તેના સહકારી હોય ત્યારે સર્વ કર્મોનો નાશ થાય છે.

હવે તે વાતને સંક્ષેપમાં કહે છે :—

**किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले।**
**सिज्झिहहि जे वि भविया तंजाणइ सम्ममाहप्पं॥**

(મોક્ષપાહુડ ગાથા ૮૮)

**અર્થ** :—**શ્રી કુંદકુંદાચાર્યદેવ** કહે છે કે–"ઘણું કહેવાથી શું સાધ્ય છે? જે નરપ્રધાન ભૂતકાળમાં સિદ્ધ થયા તથા ભવિષ્યમાં સિદ્ધ થશે, તે સમ્યક્ત્વનું જ માહાત્મ્ય જાણો!"

**ભાવાર્થ** :—આ સમ્યક્ત્વનું એવું માહાત્મ્ય છે કે આઠ કર્મોનો નાશ કરી જે

ભૂતકાળમાં મુક્તિ–પ્રાપ્ત થયા છે તથા ભવિષ્યમાં થશે, તે આ સમ્યક્ત્વથી જ થયા છે અને થશે; તેથી આચાર્યદેવ કહે છે કે વિશેષ શું કહેવું? સંક્ષેપમાં સમજો કે મુક્તિનું પ્રધાન કારણ આ સમ્યક્ત્વ જ છે. એમ ન જાણો કે ગૃહસ્થીઓને શું ધર્મ હોય! આ સમ્યક્ત્વ–ધર્મ એવો છે કે જે સર્વધર્મના અંગને સફળ કરે છે.

જે નિરંતર સમ્યક્ત્વ પાળે છે તે ધન્ય છે–એમ હવે કહે છે :—

**ते धण्णा सुकयत्था ते सूरा ते वि पंडिया मणुया।**
**सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं॥**

(મોક્ષપાહુડ ગાથા ૮૯)

**અર્થ** :—જે પુરુષને મુક્તિનું કરવાવાળું સમ્યક્ત્વ છે અને તે સમ્યક્ત્વને સ્વપ્નાવસ્થા વિષે પણ મલિન કર્યું નથી–અતિચાર લગાવ્યો નથી, તે પુરુષ ધન્ય છે, તે જ મનુષ્ય છે, તે જ કૃતાર્થ છે, તે જ શૂરવીર છે અને તે જ પંડિત છે.

**ભાવાર્થ** :—લોકમાં કંઈ દાનાદિક કરે તેને ધન્ય કહીએ તથા વિવાહ, યજ્ઞાદિક કરે છે તેને કૃતાર્થ કહીએ, યુદ્ધમાં પાછો ન ફરે તેને શૂરવીર કહીએ, ઘણા શાસ્ત્રો ભણે તેને પંડિત કહીએ–આ બધું કથનમાત્ર છે. મોક્ષનું કારણ જે સમ્યક્ત્વ તેને જે મલિન ન કરે, નિરતિચાર પાળે તે જ ધન્ય છે, તે જ કૃતાર્થ છે, તે જ શૂરવીર છે, તે જ પંડિત છે, તે જ મનુષ્ય છે; એ (સમ્યક્ત્વ) વિના મનુષ્ય પશુસમાન છે. એવું સમ્યક્ત્વનું માહાત્મ્ય કહ્યું છે.

(૯) **સમ્યગ્દર્શનનું બળ–**

કેવળી અને સિદ્ધ ભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસાર અવસ્થા ઈચ્છતા નથી, તે આ સમ્યગ્દર્શનનું જ બળ જાણવું.

(૧૦) **સમ્યગ્દર્શનના ભેદો–**

જ્ઞાનાદિકની હીનતા–અધિકતા હોવા છતાં પણ, તિર્યંચાદિકના (ઢોર વગેરેના) અને કેવળી તથા સિદ્ધ ભગવાનના સમ્યગ્દર્શનને સમાન કહ્યું છે. તેઓને આત્માની પ્રતીતિ એક જ પ્રકારની હોય છે; પણ સ્વપર્યાયને લાયકાતની અપેક્ષાએ સમ્યગ્દર્શનના ત્રણ ભેદ પડે છે, તેનાં નામ– (૧) ઔપશમિક સમ્યગ્દર્શન, (૨) ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન, (૩) ક્ષાયિક સમ્યગ્દર્શન.

**ઔપશમિક સમ્યગ્દર્શન**—તે દશામાં મિથ્યાત્વકર્મનાં તથા અનંતાનુબંધી કષાયના જડ રજકણો સ્વયં ઉપશમરૂપ હોય છે, જેમ મેલા પાણીમાંથી મેલ નીચે બેસી જાય છે તેમ, અથવા જેમ અગ્નિને રાખથી ઢાંક્યો હોય તેમ; આત્માના પુરુષાર્થ વડે જીવ પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ

કરે છે ત્યારે ઔપશમિક સમ્યગ્દર્શન જ હોય છે.★

**ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન**—તે દશામાં મિથ્યાત્વ અને મિશ્રમિથ્યાત્વ કર્મના રજકણો આત્મપ્રદેશોથી છૂટા પડતાં તેનું ફળ આવતું નથી અને સમ્યક્‌મોહનીય કર્મના રજકણો ઉદયરૂપે હોય છે, તથા અનંતાનુબંધી કષાયકર્મના રજકણો વિસંયોજનરૂપે હોય છે.

**ક્ષાયિક સમ્યગ્દર્શન**—તે દશામાં મિથ્યાત્વપ્રકૃતિના (ત્રણ પેટા વિભાગોના) રજકણો આત્મપ્રદેશેથી તદ્દન ખસી જાય છે, તેથી મિથ્યાત્વ તથા અનંતાનુબંધીની સાતે પ્રકૃતિનો ક્ષય થયો કહેવાય છે.

(૧૧) **સમ્યગ્દર્શનના બીજા પ્રકારે ભેદો–**

સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને આત્માની–તત્ત્વની પ્રતીત એક સરખી હોય છે તોપણ ચારિત્રદશાની અપેક્ષાએ તેઓમાં બે ભેદો પડે છે : (૧) વીતરાગ સમ્યગ્દર્શન, (૨) સરાગ સમ્યગ્દર્શન.

સમ્યગ્દષ્ટિ જીવ જ્યારે પોતાના આત્મામાં સ્થિર હોય છે ત્યારે તેને નિર્વિકલ્પ દશા હોય છે; ત્યારે રાગ સાથે બુદ્ધિપૂર્વક જોડાણ હોતું નથી; જીવની આ દશાને 'વીતરાગ સમ્યગ્દર્શન' કહેવામાં આવે છે; અને જ્યારે સમ્યગ્દષ્ટિ જીવ પોતામાં સ્થિર ન રહી શકે ત્યારે રાગમાં તેનું અનિત્ય-જોડાણ થતું હોવાના કારણે તે દશાને 'સરાગ સમ્યગ્દર્શન' કહેવામાં આવે છે. શુભરાગથી ધર્મ થાય કે ધર્મમાં સહાય થાય એમ સમ્યગ્દષ્ટિ જીવ કદી માનતા નથી– એ ખાસ લક્ષમાં રાખવું.

(૧૨) **સરાગ સમ્યગ્દષ્ટિને પ્રશમાદિ ભાવો–**

સમ્યગ્દષ્ટિને રાગ સાથે જોડાણ હોય ત્યારે ચાર પ્રકારના શુભભાવ હોય છે; તેનાં નામ–(૧) પ્રશમ, (૨) સંવેગ, (૩) અનુકંપા અને (૪) આસ્તિક્ય.

**પ્રશમ** = ક્રોધ-માન-માયા-લોભ સંબંધી રાગ-દ્વેષાદિકનું મંદપણું.

**સંવેગ** = સંસાર એટલે કે વિકારી ભાવનો ભય.

**અનુકંપા** = પોતે અને પર એમ સર્વ પ્રાણીઓ પર દયાનો પ્રાદુર્ભાવ.

★ નોંધ—અનાદિ મિથ્યાદષ્ટિને ઔપશમિક સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીની ચાર, એમ પાંચ પ્રકૃતિ ઉપશમરૂપ હોય છે અને સાદિમિથ્યાદષ્ટિને ઔપશમિક સમ્યગ્દર્શન થતાં, જેને મિથ્યાત્વની ત્રણ પ્રકૃતિ સત્તારૂપે હોય છે; તેને મિથ્યાત્વની ત્રણ અને અનંતાનુબંધીની ચાર, એમ સાત પ્રકૃતિ ઉપશમરૂપે હોય છે; અને જે સાદિ મિથ્યાદષ્ટિને એક મિથ્યાત્વ પ્રકૃતિ જ સત્તામાં હોય છે તેને મિથ્યાત્વની એક અને અનંતાનુબંધીની ચાર, એમ પાંચ પ્રકૃતિ ઉપશમરૂપે હોય છે.

**આસ્તિક્ય** = જીવાદિ તત્ત્વોનું જેવું અસ્તિત્વ છે, તેવું આગમ અને યુક્તિ વડે માનવું તે આસ્તિક્ય.

સરાગ સમ્યગ્દષ્ટિને આ ચાર પ્રકારના રાગમાં જોડાણ હોય છે, તેથી એ ચાર ભાવોને ઉપચારથી સમ્યગ્દર્શનનાં લક્ષણ કહેવામાં આવે છે. જીવને સમ્યગ્દર્શન ન હોય તો તે શુભભાવો પ્રશમાભાસ, સંવેગાભાસ, અનુકંપાભાસ અને આસ્તિક્યાભાસ છે–એમ સમજવું. પ્રશમાદિ સમ્યગ્દર્શનનાં ખરાં (નિશ્ચય) લક્ષણ નથી, તેનું ખરું લક્ષણ પોતાના શુદ્ધાત્માની પ્રતીતિ છે.

(૧૩) **સમ્યગ્દર્શનનો વિષય–લક્ષ–**

**પ્રશ્ન** :—સમ્યગ્દષ્ટિ પોતાના આત્માને કેવો માને છે?

**ઉત્તર** :—સમ્યગ્દષ્ટિ પોતાના આત્માને પરમાર્થે ત્રિકાળી શુદ્ધ, ધ્રુવ, અખંડ ચૈતન્યસ્વરૂપ માને છે.

**પ્રશ્ન** :—તે વખતે જીવની વિકારી અવસ્થા તો હોય છે તેનું શું?

**ઉત્તર** :—વિકારી અવસ્થા સમ્યગ્જ્ઞાનનો વિષય છે, તેથી તેને સમ્યક્દષ્ટિ જાણે છે ખરા પણ સમ્યગ્દષ્ટિનું લક્ષ અવસ્થા (પર્યાય, ભેદ) ઉપર હોતું નથી; કારણ કે અવસ્થાના લક્ષે જીવને રાગ થાય છે અને ધ્રુવસ્વરૂપના લક્ષે શુદ્ધ પર્યાય પ્રગટે છે.

(૧૪) **બીજા સૂત્રનો સિદ્ધાંત–**

સંસાર-સમુદ્રથી રત્નત્રયરૂપી (સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી) જહાજને પાર કરવા માટે સમ્યગ્દર્શન ચતુર ખેવટિયો (નાવિક) છે. જે જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તે અનંત સુખને પામે છે; જે જીવને સમ્યગ્દર્શન નથી તે પુણ્ય કરે તોપણ તે અનંત દુઃખ ભોગવે છે; માટે **ખરું સુખ પ્રાપ્ત કરવા જીવોએ તત્ત્વનું સ્વરૂપ યથાર્થ સમજી સમ્યગ્દર્શન પ્રગટ કરવું.** તત્ત્વનું સ્વરૂપ સમજ્યા વિના કોઈ જીવને સમ્યગ્દર્શન થાય નહિ; જે જીવ તત્ત્વનું સ્વરૂપ યથાર્થપણે સમજે તેને સમ્યગ્દર્શન થાય જ–એમ આ સૂત્ર પ્રતિપાદન કરે છે. ૨.

## સમ્યગ્દર્શનના ઉત્પત્તિની અપેક્ષાએ ભેદો

## तन्निसर्गादधिगमाद्वा ।।३।।

**અર્થ** :—[तत्] તે સમ્યગ્દર્શન [निसर्गात्] સ્વ ભાવથી [वा] અથવા [अधिगमात्] પરના ઉપદેશ વગેરેથી ઉત્પન્ન થાય છે.

## ટીકા

(૧) ઉત્પત્તિની અપેક્ષાએ સમ્યગ્દર્શનના બે ભેદ છે-(૧) નિસર્ગજ, (૨) અધિગમજ.

**નિસર્ગજ**-જે પરના ઉપદેશ વિના આપોઆપ (પૂર્વના સંસ્કારથી) ઉત્પન્ન થાય, તેને નિસર્ગજ સમ્યક્દર્શન કહે છે.

**અધિગમજ**—પરના ઉપદેશાદિથી જે સમ્યગ્દર્શન થાય, તેને અધિગમજ સમ્યગ્દર્શન કહે છે.

(૨) જે જીવને સમ્યગ્દર્શન પ્રગટે છે તે જીવે તે વખતે અથવા પૂર્વ ભવે સમ્યગ્જ્ઞાની આત્મા પાસેથી ઉપદેશ સાંભળેલ હોય છે, [તેને દેશનાલબ્ધિ કહેવામાં આવે છે.] તે વિના કોઈને સમ્યગ્દર્શન થાય નહિ; આ ઉપરથી એમ ન સમજવું કે તે ઉપદેશ સમ્યગ્દર્શનને ઉત્પન્ન કરે છે. સમ્યગ્દર્શન તો જીવ પોતાથી જ પોતાનામાં પ્રગટ કરે છે, જ્ઞાનીનો ઉપદેશ તો નિમિત્તમાત્ર છે. અજ્ઞાનીનો ઉપદેશ સાંભળીને કોઈ સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે નહિ. વળી, જો સદ્ગુરુનો ઉપદેશ સમ્યગ્દર્શન ઉત્પન્ન કરતો હોય તો, જે જે જીવો તે ઉપદેશ સાંભળે તેને તે થવું જોઈએ, પણ તેમ થતું નથી; સદ્ગુરુના ઉપદેશથી સમ્યગ્દર્શન થયું એમ કહેવું તે વ્યવહાર છે—નિમિત્તનું જ્ઞાન કરાવવા માટેનું કથન છે.

(૩) અધિગમનું સ્વરૂપ આ અધ્યાયના છઠ્ઠા સૂત્રમાં આપવામાં આવ્યું છે, ત્યાં જણાવ્યું છે કે 'પ્રમાણ અને નય વડે અધિગમ થાય છે'. (પ્રમાણ અને નયનું સ્વરૂપ તે સૂત્રની ટીકામાં આપ્યું છે, માટે ત્યાંથી જાણી લેવું.)

(૪) **ત્રીજા સૂત્રનો સિદ્ધાંત**-

જીવને પોતાની ભૂલના કારણે અનાદિથી પોતાના સ્વરૂપની ભ્રમણા છે; તેથી જ્યારે ભ્રમણા પોતે ટાળે ત્યારે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. જીવ જ્યારે પોતાનું સાચું સ્વરૂપ સમજવાની જિજ્ઞાસા કરે છે ત્યારે તેને આત્મજ્ઞાની પુરુષના ઉપદેશનો યોગ મળે છે; તે ઉપદેશ સાંભળી જીવ પોતાના સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરે તો તેને સમ્યગ્દર્શન થાય છે. કોઈ જીવને આત્મજ્ઞાની પુરુષનો ઉપદેશ સાંભળે ત્યારે તુરત સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે અને કોઈને તે ભવમાં લાંબે વખતે કે પછીના ભવમાં ઉત્પન્ન થાય છે; જેને તુરત સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે તેને **અધિગમજ** સમ્યગ્દર્શન થયું એમ કહેવામાં આવે છે, અને જેને પૂર્વના સંસ્કારથી ઉત્પન્ન થાય છે તેને **નિસર્ગજ** સમ્યગ્દર્શન થયું એમ કહેવામાં આવે છે.

જેમ વૈદક સંબંધીનું જ્ઞાન મેળવવું હોય તો વૈદકના જ્ઞાની ગુરુની શિક્ષા દ્વારા તે

પ્રાપ્ત કરી શકાય, પણ વેદકના અજ્ઞાની દ્વારા પ્રાપ્ત કરી શકાય નહિ; તેમ આત્મજ્ઞાની ગુરુના ઉપદેશ દ્વારા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકાય છે, પણ આત્માના અજ્ઞાની એવા ગુરુના ઉપદેશ દ્વારા પ્રાપ્ત કરી શકાતું નથી; માટે સાચા સુખના ઉમેદવાર જીવોએ ઉપદેશકની પસંદગી કરવામાં કાળજી રાખવાની જરૂર છે. જો ઉપદેશકની પસંદગી કરવામાં ભૂલ કરે તો જીવ સમ્યગ્દર્શન પામી શકે નહિ-એમ સમજવું. ૩.

## તત્ત્વોનાં નામ

## जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ।।४।।

**અર્થ** :—[जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षाः] ૧-જીવ, ૨-અજીવ, ૩-આસ્રવ, ૪-બંધ, ૫-સંવર, ૬-નિર્જરા અને ૭-મોક્ષ એ સાત [तत्त्वम्] તત્ત્વ છે.

### ટીકા

**૧. જીવ** :—જીવ એટલે આત્મા, તે સદાય જાણનારો, પરથી જુદો ને ત્રિકાળ ટકનારો છે. જ્યારે તે પરનિમિત્તના શુભ અવલંબનમાં જોડાય છે ત્યારે તેને શુભભાવ (પુણ્ય) થાય છે; અશુભ અવલંબનમાં જોડાય છે ત્યારે અશુભભાવ (પાપ) થાય છે; અને જ્યારે સ્વાવલંબી થાય ત્યારે શુદ્ધભાવ (ધર્મ) થાય છે.

**૨. અજીવ** :—જેમાં ચેતના-જાણપણું નથી; તેવાં દ્રવ્યો પાંચ છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તે ચાર અરૂપી છે અને પુદ્‌ગલ રૂપી-સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સહિત છે.

અજીવ વસ્તુઓ આત્માથી જુદી છે તેમ જ અનંત આત્માઓ પણ એકબીજાથી સ્વતંત્ર-જુદા છે. પર લક્ષ વગર જીવમાં વિકાર થાય નહિ; પર તરફ વલણ કરતાં જીવને પુણ્ય-પાપની શુભાશુભ વિકારી લાગણી થાય છે.

**૩. આસ્રવ** :—વિકારી શુભાશુભ ભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થાય તે ભાવ-આસ્રવ અને તે સમયે નવાં કર્મ યોગ્ય રજકણોનું આવવું (આત્મા સાથે એકક્ષેત્રે રહેવું) તે દ્રવ્ય-આસ્રવ છે.

પુણ્ય-પાપ તે બન્ને આસ્રવના પેટા ભાગ છે.

**પુણ્ય** :—દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત વગેરેના શુભભાવ જીવની પર્યાયમાં થાય છે તે અરૂપી વિકારી ભાવ છે-તે પુણ્યભાવ છે અને તે સમયે કર્મ યોગ્ય જડ

પરમાણુઓનો જથ્થો સ્વયં (પોતાના કારણે પોતાથી) એકક્ષેત્રાવગાહ સંબંધે જીવની સાથે બંધાય છે તે દ્રવ્યપુણ્ય છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.)

**પાપ** :—હિંસા, અસત્ય, ચોરી, અવ્રત વગેરેનું અશુભભાવ તે ભાવપાપ છે અને તે સમયે કર્મ યોગ્ય જડની શક્તિથી પરમાણુઓનો જથ્થો સ્વયં બંધાય તે દ્રવ્ય–પાપ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.) પરમાર્થે–ખરેખર આ પુણ્ય–પાપ (શુભાશુભભાવ) આત્માને અહિતકર છે, આત્માની ક્ષણિક અશુદ્ધદશા છે, આત્માનું અસલી સ્વરૂપ નથી. દ્રવ્ય પુણ્ય–પાપ પુદ્‌ગલ દ્રવ્યની અશુદ્ધ અવસ્થા છે તે આત્માનું હિત–અહિત કરી શકે નહીં.

**૪. બંધ** :—આત્માનું અજ્ઞાન, રાગ–દ્વેષ, પુણ્ય–પાપના ભાવમાં અટકી જવું તે ભાવબંધ છે અને તે સમયે કર્મ યોગ્ય પુદ્‌ગલનું સ્વયં કર્મરૂપ બંધાવું તે દ્રવ્યબંધ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.)

**૫. સંવર** :—પુણ્ય–પાપના વિકારી ભાવને (આસ્રવને) આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા તે ભાવસંવર છે અને તે અનુસાર નવાં કર્મ બંધાતાં અટકે તે દ્રવ્યસંવર છે.

**૬. નિર્જરા** :—અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના અવલંબનના બળથી સ્વરૂપસ્થિરતાની વૃદ્ધિ વડે અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો તે ભાવનિર્જરા અને તે સમયે ખરવા યોગ્ય જડ કર્મોનું અંશે ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે.

**૭. મોક્ષ** :—સમસ્ત કર્મોના ક્ષયના કારણભૂત તથા નિશ્ચયરત્નત્રયસ્વરૂપ પરમ વિશુદ્ધ પરિણામો તે ભાવમોક્ષ છે અને પોતાની યોગ્યતાથી સ્વયં સ્વતઃ દ્રવ્યકર્મોનો આત્મપ્રદેશોથી અત્યંત અભાવ થવો તે દ્રવ્યમોક્ષ છે. જીવ અત્યંત શુદ્ધ થઈ જાય તે દશાને મોક્ષતત્ત્વ કહે છે.

(૧) આ પ્રમાણે જેવું સાત તત્ત્વોનું (પુણ્ય–પાપને આસ્રવના પેટામાં ગણ્યા છે, તેથી અહીં સાત તત્ત્વો કહ્યાં છે.) સ્વરૂપ છે તેવું જે જીવ શુભભાવથી વિચારે છે તેને શુદ્ધનું લક્ષ હોય તો વ્યવહારસમકિત છે. વ્રતાદિના શુભભાવ સંવર–નિર્જરામાં ગણે તો આસ્રવતત્ત્વની શ્રદ્ધામાં ભૂલ આવે. વ્યવહારશ્રદ્ધામાં કોઈ પડખે ભૂલ ન આવે તેમ સાત તત્ત્વમાંથી શુદ્ધનય વડે એકરૂપ અખંડ જ્ઞાયકસ્વભાવી આત્માને તારવી લેવો, (તેનું લક્ષ કરવું) તે પરમાર્થશ્રદ્ધા એટલે કે સમ્યગ્દર્શન છે. [સમયસાર પ્રવચનો ભાગ ૧, પૃષ્ઠ ૪૬૧ થી ૪૬૩]

(૨) સાત તત્ત્વોમાં પહેલાં બે તત્ત્વો–'જીવ' અને 'અજીવ' એ દ્રવ્યો છે અને બીજાં પાંચ તત્ત્વો તેમના (જીવ અને અજીવના) સંયોગી અને વિયોગી પર્યાયો (વિશેષ અવસ્થાઓ) છે. આસ્રવ અને બંધ તે સંયોગી છે તથા સંવર, નિર્જરા અને મોક્ષ તે જીવ–અજીવના વિયોગી

પર્યાય છે. જીવ અને અજીવ તત્ત્વો **સામાન્ય** છે અને બીજાં પાંચ તત્ત્વો, પર્યાયો હોવાથી **વિશેષ** કહેવાય છે.

(૩) જેની દશાને અશુદ્ધમાંથી શુદ્ધ કરવી છે તેનું નામ તો જરૂર પ્રથમ દેખાડવું જ જોઈએ, તેથી **'જીવ'** તત્ત્વ પ્રથમ કહ્યું; પછી જે તરફના લક્ષે અશુદ્ધતા અર્થાત્ વિકાર થાય છે તેનું નામ આપવું જરૂરી છે, તેથી **'અજીવ'** તત્ત્વ કહ્યું. અશુદ્ધદશાનાં કારણકાર્યનું જ્ઞાન કરવા માટે **'આસ્રવ'** અને **'બંધ'** તત્ત્વ કહ્યાં. એ કહ્યા પછી મુક્તિનું કારણ કહેવું જોઈએ; અને મુક્તિનું કારણ તે જ થઈ શકે કે જે બંધ અને બંધના કારણથી ઊલટા પ્રકારે હોય; તેથી આસ્રવનો નિરોધ થવો તે **'સંવર'** તત્ત્વ કહ્યું. અશુદ્ધતા-વિકારના નીકળી જવાના કાર્યને **'નિર્જરા'** તત્ત્વ કહ્યું. જીવ અત્યંત શુદ્ધ થઈ જાય તે દશા **'મોક્ષ'** તત્ત્વ છે-એ કહ્યું. આ તત્ત્વો સમજવાની અત્યંત જરૂર છે માટે તે કહ્યાં છે. તેને સમજવાથી જીવ મોક્ષઉપાયમાં લાગી શકે છે. માત્ર જીવ-અજીવને જાણનારું જ્ઞાન ઉપયોગી થતું નથી, માટે જેઓ ખરા સુખના માર્ગમાં પ્રવેશ કરવા માગે છે તેમણે આ તત્ત્વો યથાર્થપણે જાણવાં જોઈએ.

(૪) સાત તત્ત્વો હોવા છતાં આ સૂત્રમાં છેડે 'तत्त्वम्' એવો એકવચન બતાવનાર શબ્દ વાપર્યો છે; તે એમ બતાવે છે કે આ સાત તત્ત્વોનું જ્ઞાન કરી, ભેદ ઉપરનું લક્ષ ટાળી, જીવના ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય કરવાથી જીવ શુદ્ધતા પ્રગટ કરી શકે છે.

(૫) **ચોથા સૂત્રનો સિદ્ધાંત-**

આ સૂત્રમાં સાત તત્ત્વો કહ્યાં છે; તેમાં પુણ્ય અને પાપનો સમાવેશ આસ્રવ અને બંધ તત્ત્વોમાં થઈ જાય છે. જે વડે સુખ ઊપજે અને દુઃખનો નાશ થાય એ કાર્યનું નામ પ્રયોજન છે. જીવ અને અજીવના વિશેષો (ભેદ) ઘણા છે, તેમાં જે વિશેષોસહિત જીવ-અજીવનું યથાર્થ શ્રદ્ધાન કરતાં સ્વ-પરનું શ્રદ્ધાન થાય, રાગાદિક દૂર કરવાનું શ્રદ્ધાન થાય અને તેથી સુખ ઊપજે, તથા જેનું અયથાર્થ શ્રદ્ધાન કરતાં સ્વ-પરનું શ્રદ્ધાન ન થાય, રાગાદિક દૂર કરવાનું શ્રદ્ધાન ન થાય અને તેથી દુઃખ ઊપજે, એ વિશેષોસહિત જીવ-અજીવ પદાર્થ પ્રયોજનભૂત સમજવા. આસ્રવ અને બંધ દુઃખનાં કારણો છે, તથા સંવર, નિર્જરા અને મોક્ષ એ સુખનાં કારણો છે; માટે જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવાની જરૂરિયાત છે. આ સાત તત્ત્વોની શ્રદ્ધા વગર શુદ્ધભાવ પ્રગટ થઈ શકે નહિ. 'સમ્યક્દર્શન' તે જીવના શ્રદ્ધા ગુણની શુદ્ધ અવસ્થા છે; માટે તે શુદ્ધભાવ પ્રગટ કરવા માટે સાત તત્ત્વોનાં શ્રદ્ધા-જ્ઞાન અનિવાર્ય છે. જે જીવ આ સાત તત્ત્વોની શ્રદ્ધા કરે તે જ પોતાના જીવ એટલે શુદ્ધાત્માને જાણી તે તરફ પોતાનો પુરુષાર્થ વાળી સમ્યગ્દર્શન પ્રગટાવી શકે છે. આ સાત (અથવા પુણ્ય-પાપ સહિત નવ) તત્ત્વ સિવાય બીજાં કોઈ 'તત્ત્વ' નથી-એમ સમજવું. ૪.

# સાત તત્ત્વો, સમ્યગ્દર્શનાદિ તથા બીજા શબ્દોના અર્થ સમજવાની રીત

## नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः ॥५॥

**અર્થ** :—[नामस्थापनाद्रव्यभावतः] નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી [तत् न्यासः] તે સાત તત્ત્વો તથા સમ્યગ્દર્શનાદિનો લોકવ્યવહાર થાય છે.

## ટીકા

(૧) બોલનારના મુખથી નીકળેલા શબ્દોના, અપેક્ષાના વશે જુદા-જુદા અર્થો થાય છે; તે અર્થોમાં વ્યભિચાર (દોષ) ન આવે અને સાચો અર્થ કેમ થાય, તે બતાવવા આ સૂત્ર કહ્યું છે.

(૨) એ અર્થોના સામાન્ય પ્રકાર ચાર કરવામાં આવ્યા છે. પદાર્થના ભેદને ન્યાસ અથવા નિક્ષેપ કહેવામાં આવે છે. [પ્રમાણ અને નયના અનુસારે પ્રચલિત થયેલા લોકવ્યવહારને નિક્ષેપ કહે છે.] જ્ઞેયપદાર્થ અખંડ છે છતાં તેને જાણતાં જ્ઞેયપદાર્થના જે ભેદ (-અંશ, પડખાં) કરવામાં આવે છે તેને **નિક્ષેપ** કહે છે. તે અંશને જાણનાર જ્ઞાનને **નય** કહે છે. નિક્ષેપ નયનો વિષય છે. નય નિક્ષેપનો વિષય કરનાર (વિષયી) છે.

(૩) **નિક્ષેપના ભેદોની વ્યાખ્યા-**

**નામનિક્ષેપ** :—ગુણ, જાતિ કે ક્રિયાની અપેક્ષારહિત માત્ર ઈચ્છાનુસાર કોઈનું નામ રાખવું તે નામનિક્ષેપ છે. જેમ કોઈનું નામ 'જિનદત્ત' રાખ્યું, ત્યાં જોકે તે જિનદેવનો દીધેલો નથી તોપણ લોકવ્યવહાર (ઓળખવા) માટે તેનું 'જિનદત્ત' નામ રાખવામાં આવ્યું છે. એક વસ્તુની ઓળખાણ થઈ જાય **તેટલા જ માટે માત્ર જે સંજ્ઞા** આપવામાં આવી હોય, તેને નામનિક્ષેપ કહેવામાં આવે છે.

**સ્થાપનાનિક્ષેપ** :—અનુપસ્થિત (હાજર ન હોય એવી) કોઈ વસ્તુનો બીજી ઉપસ્થિત વસ્તુમાં **સંબંધ** યા **મનોભાવના** જોડીને આરોપ કરી દેવો કે 'આ તે જ છે'-એવી ભાવનાને **સ્થાપના** કહેવામાં આવે છે. આ આરોપ જ્યાં થાય છે ત્યાં જીવોને એવી મનોભાવના થવા લાગે છે એ 'આ તે જ છે.'

સ્થાપના બે પ્રકારની થાય છે—તદાકાર અને અતદાકાર. જે પદાર્થનો જેવો આકાર હોય તેવો આકાર તેની સ્થાપનામાં કરવો તે 'તદાકાર સ્થાપના' છે અને ગમે તે આકાર કરવામાં આવ્યો હોય તે 'અતદાકાર' સ્થાપના છે. સદૃશતાને સ્થાપનાનિક્ષેપનું કારણ સમજવું નહિ, પણ

**કેવળ મનોભાવના જ તેનું કારણ છે.** જનસમુદાયની એ માનસિક ભાવના જ્યાં થાય છે ત્યાં સ્થાપનાનિક્ષેપ માનવો જોઈએ. વીતરાગ-પ્રતિમા જોતાં ઘણા જીવોને ભગવાન અને તેમની વીતરાગતાની મનોભાવના થાય છે, માટે તે સ્થાપનાનિક્ષેપ છે.★

**દ્રવ્યનિક્ષેપ** :—ભૂત, ભવિષ્ય પર્યાયની મુખ્યતા લઈ તેને વર્તમાનમાં કહેવી-જાણવી તે દ્રવ્યનિક્ષેપ છે. જેમ શ્રેણીક રાજા ભવિષ્યમાં તીર્થંકર થવાના છે તેને વર્તમાનમાં તીર્થંકર કહેવા-જાણવા, અને મહાવીર ભગવાનાદિ ભૂતકાળમાં થયેલા તીર્થંકરોને વર્તમાન તીર્થંકરો ગણી સ્તુતિ કરવી તે દ્રવ્યનિક્ષેપ છે.

**ભાવનિક્ષેપ** :—કેવળ વર્તમાન પર્યાયની મુખ્યતાથી જે પદાર્થ વર્તમાન જે દશામાં છે, તે-રૂપ કહેવો-જાણવો તે ભાવનિક્ષેપ છે. જેમ સીમંધર ભગવાન વર્તમાન તીર્થંકરપદે મહાવિદેહમાં બિરાજે છે તેમને તીર્થંકર કહેવા-જાણવા, અને મહાવીર ભગવાન હાલ સિદ્ધ છે તેમને સિદ્ધ કહેવા-જાણવા તે ભાવનિક્ષેપ છે.

(૪) 'સમ્યગ્દર્શનાદિ' કે 'જીવાજીવાદિ' એવા શબ્દો જ્યાં વાપર્યા હોય ત્યાં કયો નિક્ષેપ લાગુ પડે છે, તે નક્કી કરી જીવે સાચો અર્થ સમજી લેવો જોઈએ.

**(૫) સ્થાપનાનિક્ષેપ અને દ્રવ્યનિક્ષેપ વચ્ચેનો ભેદ-**

``In Sthapna the connotation is merely attributed. It is never there It cannot be there. In Dravya it will be there or has been there. The common factor between the two is that it is not there now, and to that extent connotation is fictitious in both." (English Tatvarth Sutram page-11)

**અર્થ :—સ્થાપનાનિક્ષેપ**માં બતાવણી માત્ર આરોપિત છે, તેમાં તે (મૂળ વસ્તુ) કદી નથી, તે ત્યાં કદી હોઈ શકતી નથી. **દ્રવ્યનિક્ષેપ**માં તે (મૂળ વસ્તુ) ભવિષ્યમાં પ્રગટશે અથવા ભૂતમાં હતી. બે વચ્ચેનું સામાન્યપણું એટલું છે કે-વર્તમાનકાળમાં તે બંનેમાં વિદ્યમાન નથી, અને તેટલે દરજ્જે બંનેમાં આરોપ છે. (ઈંગ્લિશ તત્ત્વાર્થસૂત્ર પાનું-૧૧).

**(૬) પાંચમા સૂત્રનો સિદ્ધાંત-**

ભગવાનના નામનિક્ષેપ અને સ્થાપનાનિક્ષેપ તે શુભભાવનાં નિમિત્ત છે, તેથી વ્યવહાર છે; દ્રવ્યનિક્ષેપ તે નિશ્ચયપૂર્વક વ્યવહાર હોવાથી પોતાનો શુદ્ધ પર્યાય થોડા વખતમાં પ્રગટશે એમ સૂચવે છે. ભાવનિક્ષેપ તે નિશ્ચયપૂર્વક પોતાનો શુદ્ધ પર્યાય હોવાથી ધર્મ છે, એમ સમજવું. નિશ્ચય અને વ્યવહારનયનો ખુલાસો હવે પછીના સૂત્રની ટીકામાં કરવામાં આવ્યો છે. ૫.

★ નોંધ :—નામનિક્ષેપ અને સ્થાપનાનિક્ષેપમાં એ અંતર છે કે નામનિક્ષેપમાં પૂજ્ય-અપૂજ્યનો વ્યવહાર થતો નથી, પણ સ્થાપનાનિક્ષેપમાં પૂજ્યનો વ્યવહાર થાય છે.

## સમ્યગ્દર્શનાદિ તથા તત્ત્વોને જાણવાનો ઉપાય

## प्रमाणनयैरधिगमः ॥६॥

**અર્થ** :—સમ્યગ્દર્શનાદિ રત્નત્રય અને જીવાદિ તત્ત્વોનું [अधिगमः] જ્ઞાન [प्रमाणनयैः] પ્રમાણ અને નયોથી થાય છે.

### ટીકા

**(૧) પ્રમાણ** :—સાચા જ્ઞાનને–નિર્દોષ જ્ઞાનને અર્થાત્ સમ્યગ્જ્ઞાનને પ્રમાણ કહે છે. અનંત ગુણ યા ધર્મના સમુદાયરૂપ પોતાનું તથા પરવસ્તુનું સ્વરૂપ પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે. પ્રમાણ વસ્તુના સર્વ દેશને (બધાં પડખાંને) ગ્રહણ કરે છે–જાણે છે.

**નય** :—પ્રમાણ દ્વારા નક્કી થયેલી વસ્તુના એક દેશને જે જ્ઞાન ગ્રહણ કરે તેને નય કહે છે. પ્રમાણ દ્વારા નક્કી થયેલ અનંત ધર્માત્મક વસ્તુના એક એક અંગનું જ્ઞાન મુખ્યપણે કરાવે તે નય છે. વસ્તુઓમાં ધર્મ અનંત છે તેથી તેના અવયવો અનંત સુધી થઈ શકે છે, અને તેથી અવયવના જ્ઞાનરૂપ નય પણ અનંત સુધી થઈ શકે છે. શ્રુતપ્રમાણના વિકલ્પ, ભેદ કે અંશને નય કહેવામાં આવે છે. શ્રુતજ્ઞાનમાં જ નયરૂપ અંશ પડે છે. જે નય છે તે **પ્રમાણસાપેક્ષરૂપ હોય** છે. (મતિ, અવધિ કે મનઃપર્યયજ્ઞાનમાં નયના ભેદ પડતા નથી.)

**(૨)** ``Right belief is not identical with blind faith. Its authority is neither external nor autocratic. It is reasoned knowledge. It is a sort of a sight of a thing. You cannot doubt its testimony. So long as there is doubt, there is no right belief. But doubt must not be suppressed, it must be destroyed. Things have not to be taken on trust They must be tested and tried by every one him-self. This Sutra lays down the mode in which it can be done. It refers the inquirer to the first laws of thought and to the universal principles of all reasoning, that is to logic under the names of PRAMAN and NAYA. (English Tatvarth Sutram page–15)

**અર્થ** :—સમ્યગ્દર્શન તે આંધળી શ્રદ્ધા સાથે એકરૂપ નથી, તેનો અધિકાર આત્માની બહાર કે સ્વચ્છંદી નથી; તે યુક્તિપૂર્વકના જ્ઞાન સહિત હોય છે; તેનો પ્રકાર (વસ્તુના દર્શન) દેખવા સમાન છે. જ્યાં સુધી (સ્વસ્વરૂપની) શંકા છે ત્યાં સુધી માન્યતા નથી. તે શંકાને દબાવવી ન જોઈએ, પરંતુ તેનો નાશ કરવો જોઈએ. (કોઈને) ભરોસે વસ્તુ ગ્રહણ કરવાની નથી. દરેકે પોતે પોતાથી તેની પરીક્ષા કરી તેને માટે યત્ન કરવો જોઈએ. તે કયા પ્રકારે થઈ શકે છે તે આ સૂત્ર બતાવે છે. વિચારણાના પ્રાથમિક નિયમો તથા તમામ યુક્તિઓને લગતા

વિશ્વના સિદ્ધાંતોને પ્રમાણ અને નયનું નામ આપી, તેનો આશ્રય લેવા સત્યના શોધકને આ સૂત્ર સૂચવે છે. *(ઈંગ્લિશ તત્ત્વાર્થસૂત્ર પાનું-૧૫)*

**(૩) યુક્તિ–**

પ્રમાણ અને નય તે યુક્તિનો વિષય છે. સત્શાસ્ત્રનું જ્ઞાન તે આગમજ્ઞાન છે. આગમમાં જણાવેલા તત્ત્વોનું યથાર્થપણું યુક્તિ દ્વારા નક્કી કર્યા સિવાય તત્ત્વોના ભાવોનું યથાર્થ ભાસન થાય નહિ, માટે અહીં યુક્તિ દ્વારા નિર્ણય કરવા જણાવ્યું છે.

**(૪) અનેકાન્ત-એકાંત–**

જૈનશાસ્ત્રોમાં અનેકાન્ત અને એકાંત એ શબ્દો ખૂબ વાપરવામાં આવે છે; તેથી તેનું ટૂંક સ્વરૂપ અહીં જણાવવામાં આવે છે.

**અનેકાન્ત** = (અનેક + અંત) અનેક ધર્મો;

**એકાંત** = (એક + અંત) એક ધર્મ;

અનેકાન્ત અને એકાંત એ બન્નેના બબ્બે ભેદો છે; અનેકાન્તના બે ભેદો (૧) સમ્યક્ અનેકાન્ત, અને (૨) મિથ્યા અનેકાન્ત; તથા એકાંતના બે ભેદો (૧) સમ્યક્ એકાંત, અને (૨) મિથ્યા એકાંત; સમ્યક્ અનેકાન્ત તે પ્રમાણ છે અને મિથ્યા અનેકાન્ત તે પ્રમાણાભાસ છે. સમ્યક્ એકાંત તે નય છે અને મિથ્યા એકાંત તે નયાભાસ છે.

**(૫) સમ્યક્ અને મિથ્યા અનેકાન્તનું સ્વરૂપ–**

પ્રત્યક્ષ, અનુમાન તથા આગમપ્રમાણથી અવિરુદ્ધ એક વસ્તુમાં જે અનેક ધર્મો છે, તેને નિરૂપણ કરવામાં તત્પર છે તે સમ્યક્ અનેકાન્ત છે. દરેક ચીજ પોતાપણે છે અને પરપણે નથી. આત્મા સ્વસ્વરૂપે છે-પરસ્વરૂપે નથી; પર તેના સ્વરૂપે છે અને આત્માના સ્વરૂપે નથી-આ પ્રમાણે જાણવું તે સમ્યક્ અનેકાન્ત છે. અને તત્-અતત્ સ્વભાવની જે ખોટી કલ્પના કરવામાં આવે તે મિથ્યા અનેકાન્ત છે. જીવ પોતાનું કરી શકે અને બીજા જીવનું પણ કરી શકે-એમાં જીવનું પોતાથી અને પરથી એમ બન્નેથી તત્પણું થયું તેથી, તે મિથ્યા-અનેકાન્ત છે.

**(૬) સમ્યક્ અને મિથ્યા અનેકાન્તના દૃષ્ટાંતો–**

૧-આત્મા પોતાપણે છે અને પરપણે નથી, એમ જાણવું તે સમ્યક્ (સાચું) અનેકાન્ત; આત્મા પોતાપણે છે અને પરપણે પણ છે, એમ જાણવું તે મિથ્યા અનેકાન્ત.

૨-આત્મા પોતાનું કરી શકે છે અને શરીરાદિ પર વસ્તુઓનું કાંઈ કરી શકતો નથી -એમ જાણવું તે સમ્યક્ અનેકાન્ત;

આત્મા પોતાનું કરી શકે છે અને શરીરાદિ પરનું પણ કરી શકે છે, એમ જાણવું તે મિથ્યા અનેકાન્ત.

૩–આત્માને શુદ્ધભાવથી ધર્મ થાય અને શુભભાવથી ધર્મ ન થાય, એમ જાણવું તે સમ્યક્ અનેકાન્ત.
આત્માને શુદ્ધભાવથી ધર્મ થાય અને શુભભાવથી પણ ધર્મ થાય, એમ જાણવું તે મિથ્યા અનેકાન્ત.

૪–નિશ્ચયસ્વરૂપને આશ્રયે ધર્મ થાય અને વ્યવહારના આશ્રયે ધર્મ ન થાય, એમ જાણવું તે સમ્યક્ અનેકાન્ત.
નિશ્ચયસ્વરૂપને આશ્રયે ધર્મ થાય અને વ્યવહારના આશ્રયે પણ ધર્મ થાય, એમ જાણવું તે મિથ્યા અનેકાન્ત.

૫–વ્યવહારનો અભાવ થતાં નિશ્ચય પ્રગટે, એમ જાણવું તે સમ્યક્ અનેકાન્ત.
વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે, એમ જાણવું તે મિથ્યા અનેકાન્ત.

૬–આત્માને પોતાની શુદ્ધ ક્રિયાથી લાભ થાય અને શરીરની ક્રિયાથી લાભ કે નુકશાન ન થાય, એમ જાણવું તે સમ્યક્ અનેકાન્ત.
આત્માને પોતાની શુદ્ધ ક્રિયાથી લાભ થાય અને શરીરની ક્રિયાથી પણ લાભ થાય, એમ જાણવું તે મિથ્યા અનેકાન્ત.

૭–એક વસ્તુમાં પરપસ્પર બે વિરોધી શક્તિઓ (સત્–અસત્, તત્–અતત્, નિત્ય –અનિત્ય, એક–અનેક વગેરે) પ્રકાશીને વસ્તુને સિદ્ધ કરે તે સમ્યક્ અનેકાન્ત.
એક વસ્તુમાં બીજી વસ્તુની શક્તિ પ્રકાશીને, એક વસ્તુ બે વસ્તુનું કાર્ય કરે એમ માનવું તે મિથ્યા અનેકાન્ત; અથવા તો સમ્યક્ અનેકાન્તથી વસ્તુનું જે સ્વરૂપ નિશ્ચિત છે તેનાથી વિપરીત વસ્તુસ્વરૂપની કેવળ કલ્પના કરી, તેમાં ન હોય તેવા સ્વભાવોની કલ્પના કરવી તે મિથ્યા અનેકાન્ત છે.

૮–જીવ પોતાના ભાવ કરી શકે અને પરવસ્તુને કાંઈ ન કરી શકે, એમ જાણવું તે સમ્યક્ અનેકાન્ત.
જીવ સૂક્ષ્મ પુદ્‌ગલોનું કાંઈ ન કરી શકે પણ સ્થૂળ પુદ્‌ગલોનું કરી શકે, એમ જાણવું તે મિથ્યા અનેકાન્ત.

**(૭) સમ્યક્ અને મિથ્યા એકાન્તનું સ્વરૂપ–**

પોતાના સ્વરૂપે હોવાપણું અને પરરૂપે નહિ હોવાપણું–આદિ વસ્તુનું જે સ્વરૂપ છે, તેની

અપેક્ષા રાખીને પ્રમાણ દ્વારા જાણેલ પદાર્થના એક દેશનો (એક પડખાંનો) વિષય કરનાર નય તે સમ્યક્ એકાંત છે; અને કોઈ વસ્તુના એક ધર્મનો નિશ્ચય કરી તે વસ્તુમાં રહેલા અન્ય ધર્મોનો નિષેધ કરવો તે મિથ્યા એકાંત છે.

**(૮) સમ્યક્ અને મિથ્યા એકાન્તનાં દ્રષ્ટાંતો–**

૧–'સિદ્ધ ભગવાનો એકાંત સુખી છે'–એમ જાણવું તે સમ્યક્ એકાંત છે, કેમ કે 'સિદ્ધ જીવોને બિલકુલ દુઃખ નથી' એમ ગર્ભિતપણે તેમાં આવી જાય છે. સર્વ જીવો એકાંત સુખી છે–એમ જાણવું તે મિથ્યા એકાંત છે, કેમ કે તેમાં અજ્ઞાની જીવો વર્તમાન દુઃખી છે તેનો નકાર થાય છે.

૨–'એકાંત બોધબીજરૂપ જીવનો સ્વભાવ છે'–એમ જાણવું તે સમ્યક્ એકાંત છે, કેમ કે 'છદ્મસ્થ જીવની વર્તમાન જ્ઞાનઅવસ્થા ઓછા ઉઘાડવાળી છે'–એમ તેમાં ગર્ભિતપણે આવી જાય છે.

૩–'સમ્યગ્જ્ઞાન તે ધર્મ છે'–એમ જાણવું તે સમ્યક્ એકાંત છે, કેમ કે 'સમ્યગ્જ્ઞાનપૂર્વક વૈરાગ્ય હોય છે'–એમ ગર્ભિતપણે તેમાં આવી જાય છે; સમ્યગ્જ્ઞાન વિનાનો 'ત્યાગ તે જ ધર્મ છે'–એમ જાણવું તે મિથ્યા એકાંત છે, કેમ કે તે સમ્યગ્જ્ઞાન વિનાનો હોવાથી મિથ્યા ત્યાગ છે.

**(૯) પ્રમાણના પ્રકારો–**

પ્રમાણના બે પ્રકાર છે—પરોક્ષ અને પ્રત્યક્ષ.

**પરોક્ષ** :—જે ઇન્દ્રિયોથી સ્પર્શાઈ પ્રવર્તે તથા જે ચક્ષુ અને મનથી વગર સ્પર્શ્યે પ્રવર્તે –એમ બે પરદ્વારોથી પ્રવર્તે તે પરોક્ષ છે.

**પ્રત્યક્ષ** :—કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે. પ્રમાણ તે સાચું જ્ઞાન છે, તેના પાંચ ભેદો છે–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ. તેમાં મતિ અને શ્રુત મુખ્યપણે પરોક્ષ છે, અવધિ અને મનઃપર્યય એ વિકલ (અંશ) પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન તે સકલ પ્રત્યક્ષ છે.

**(૧૦) નયના પ્રકારો–**

નય બે પ્રકારના છે–દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. તેમાં જે દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિકનય છે અને જે પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે તે પર્યાયાર્થિકનય છે.

## દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એટલે શું ? ગુણાર્થિકનય શા માટે નહિ?

શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એમ બે નયો વાપર્યા છે, પણ 'ગુણાર્થિકનય' એમ ક્યાંય વાપરવામાં આવ્યું નથી, તેનું કારણ શું? તે કહેવાય છે :—

**તર્ક :—૧.** દ્રવ્યાર્થિકનય કહેતાં તેનો વિષય ગુણ અને પર્યાયાર્થિકનય કહેતાં તેનો વિષય પર્યાય. તથા એ બન્ને ભેગું થઈને પ્રમાણ તે દ્રવ્ય, આ રીતે ગણીને ગુણાર્થિકનય વાપર્યો નથી; આ પ્રમાણે કોઈ કહે–તો એ બરાબર નથી. કેમ કે એકલા ગુણ તે દ્રવ્યાર્થિકનયનો વિષય નથી.

**તર્ક :—૨.** દ્રવ્યાર્થિકનયનો વિષય દ્રવ્ય અને પર્યાયાર્થિકનયનો વિષય પર્યાય, તથા તે પર્યાય ગુણનો અંશ હોવાથી પર્યાયમાં ગુણ આવી ગયા, એ રીતે ગણીને ગુણાર્થિકનય વાપર્યો નથી; આ પ્રમાણે કોઈ કહે–તો તેમ પણ નથી. કેમ કે પર્યાયમાં આખો ગુણ આવી જતો નથી.

## ગુણાર્થિકનય ન વાપરવાનું વાસ્તવિક કારણ–

શાસ્ત્રોમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એ બે જ નયો વાપરવામાં આવ્યા છે, તે બે નયોનું ખરું સ્વરૂપ એ છે કે—

પર્યાયાર્થિકનયનો વિષય જીવનો અપેક્ષિત બંધ–મોક્ષનો પર્યાય છે, અને તે રહિત (બંધ–મોક્ષની અપેક્ષા રહિત) ત્રિકાળી ગુણ અને ત્રિકાળી નિરપેક્ષ પર્યાય સહિત ત્રિકાળી જીવદ્રવ્ય-સામાન્ય તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે–આ અર્થમાં શાસ્ત્રોમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય વાપરવામાં આવ્યા છે. એટલે ગુણાર્થિકનયની જરૂર રહેતી નથી. જીવ સિવાયના પાંચ દ્રવ્યોના ત્રિકાળી ધ્રુવસ્વરૂપમાં તેના ગુણ સમાઈ જાય છે, માટે જુદા ગુણાર્થિકનયની જરૂર નથી.

શાસ્ત્રોમાં દ્રવ્યાર્થિકનય વાપરે છે તેમાં ઊંડું રહસ્ય છે.

દ્રવ્યાર્થિકનયનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે અને પર્યાયાર્થિકનયનો વિષય ક્ષણિક પર્યાય છે. દ્રવ્યાર્થિકનયના વિષયમાં જુદો ગુણ નથી, કેમ કે ગુણને જુદો પાડી લક્ષમાં લેતાં વિકલ્પ ઊઠે છે અને વિકલ્પ તે પર્યાયાર્થિકનયનો વિષય છે.★

### (૧૧) દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયનાં બીજાં નામો–

**દ્રવ્યાર્થિકનયને** નિશ્ચય, શુદ્ધ, સત્યાર્થ, પરમાર્થ, ભૂતાર્થ, સ્વાલંબી, સ્વાશ્રિત, સ્વતંત્ર, સ્વાભાવિક, ત્રિકાળી, ધ્રુવ, અભેદ અને સ્વલક્ષી નય કહેવામાં આવે છે.

★ નયનું વિશેષ સ્વરૂપ જાણવું હોય તેણે પ્રવચનસારમાં છેલ્લે ૪૭ નયો આપ્યા છે, તેનો અભ્યાસ કરવો.

**પર્યાયાર્થિકનયને** વ્યવહાર, અશુદ્ધ, અસત્યાર્થ, અપરમાર્થ, અભૂતાર્થ, પરાલંબી, પરાશ્રિત, પરતંત્ર, નિમિત્તાધીન, ક્ષણિક, ઉત્પન્નધ્વંસી, ભેદ અને પરલક્ષી નય કહેવામાં આવે છે.

### (૧૨) સમ્યગ્દષ્ટિનાં બીજાં નામો–

સમ્યગ્દષ્ટિને દ્રવ્યદષ્ટિ, શુદ્ધદષ્ટિ, ધર્મદષ્ટિ, નિશ્ચયદષ્ટિ, પરમાર્થદષ્ટિ, અંતરાત્મા વગેરે નામો આપવામાં આવે છે.

### (૧૩) મિથ્યાદ્રષ્ટિનાં બીજાં નામો–

મિથ્યાદષ્ટિને પર્યાયબુદ્ધિ, સંયોગીબુદ્ધિ, પર્યાયમૂઢ, વ્યવહારદષ્ટિ, વ્યવહારમૂઢ, સંસારદષ્ટિ, પરાવલંબીબુદ્ધિ, પરાશ્રિતબુદ્ધિ, બહિરાત્મા વગેરે નામો આપવામાં આવે છે.

### (૧૪) જ્ઞાન બન્ને નયોનું કરવું પણ તેમાં પરમાર્થે આદરણીય નિશ્ચયનય છે–એમ શ્રદ્ધા કરવી.

વ્યવહારનય સ્વદ્રવ્ય–પરદ્રવ્યને અથવા તેના ભાવોને અથવા કારણ–કાર્યાદિને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે તેથી એવાં જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે, માટે તેનો ત્યાગ કરવો.

નિશ્ચયનય સ્વદ્રવ્ય–પરદ્રવ્યને અથવા તેના ભાવોને અથવા કારણ–કાર્યાદિને યથાવત્ નિરૂપણ કરે છે, તથા કોઈને કોઈમાં મેળવતો નથી. તેથી એવાં જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન કરવું. એ બન્ને નયોને સમકક્ષી (સરખી હદના) માનવા તે મિથ્યાત્વ છે.

### (૧૫) વ્યવહાર અને નિશ્ચયનું ફળ–

વીતરાગે કહેલો વ્યવહાર અશુભમાંથી બચાવી જીવને શુભભાવમાં લઈ જાય છે; તેનું દ્દષ્ટાંત દ્રવ્યલિંગી મુનિ છે; તે ભગવાને કહેલાં વ્રત વગેરે નિરતિચાર પાળે છે અને તેથી શુભભાવ વડે નવમી ગ્રૈવેયકે જાય છે, પણ તેનો સંસાર ઊભો રહે છે; અને ભગવાને કહેલો નિશ્ચય શુભ અને અશુભ બન્નેથી બચાવી જીવને શુદ્ધભાવમાં–મોક્ષમાં લઈ જાય છે, તેનું દ્દષ્ટાંત સમ્યગ્દષ્ટિ છે કે જે નિયમા (ચોક્કસ) મોક્ષ પ્રાપ્ત કરે છે.

### (૧૬) શાસ્ત્રોમાં બન્ને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તે કઈ રીતે?

જૈનશાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ :—જૈનશાસ્ત્રોમાં વસ્તુનું સ્વરૂપ સમજાવવાના બે પ્રકાર છે : નિશ્ચયનય અને વ્યવહારનય.

(૧) નિશ્ચયનય એટલે કે વસ્તુ સત્યાર્થપણે જેમ હોય તેમ જ કહેવું તે; માટે નિશ્ચયનયની મુખ્યતાથી જ્યાં કથન હોય ત્યાં તેને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું. અને—

(૨) વ્યવહારનય એટલે કે વસ્તુ સત્યાર્થપણે તેમ ન હોય પણ પર વસ્તુ સાથેનો સંબંધ બતાવવા માટે કથન હોય-જેમ કે 'ઘીનો ઘડો'. ઘડો તે ઘીનો નથી પણ માટીનો છે, છતાં ઘી અને ઘડો બન્ને એક જગ્યાએ રહેલાં છે તેટલું બતાવવા તેને 'ઘીનો ઘડો' કહેવામાં આવે છે; એ રીતે જ્યાં વ્યવહારથી કથન હોય ત્યાં **'ખરેખર તેમ નથી પણ નિમિત્તાદિ બતાવવા માટે ઉપચારથી તે કથન છે'** એમ સમજવું.

બન્ને નયોના કથનને સત્યાર્થ જાણવું અર્થાત્ 'આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે' એમ માનવું તે ભ્રમ છે. માટે નિશ્ચય કથનને સત્યાર્થ જાણવું અને વ્યવહારકથનને સત્યાર્થ ન જાણવું, પણ નિમિત્તાદિ બતાવનારું તે કથન છે-એમ સમજવું.

આ પ્રમાણે બન્ને નયોના કથનનો અર્થ કરવો તે બન્ને નયોનું ગ્રહણ છે. બન્નેને આદરવાલાયક ગણવા તે ભ્રમ છે. સત્યાર્થને જ આદરવાલાયક ગણવું જોઈએ.

[નય = શ્રુતજ્ઞાનનું પડખું; નિમિત્ત = [1]હાજરરૂપ અનુકૂળ પરવસ્તુ.]

*(મોક્ષમાર્ગ પ્રકાશક-પૃષ્ઠ ૨૫૬ના આધારે.)*

### (૧૭) નિશ્ચયાભાસીનું સ્વરૂપ-

જે જીવ આત્માના ત્રિકાળી સ્વરૂપને સ્વીકારે પણ વર્તમાન પર્યાયમાં પોતાને વિકાર છે તે ન સ્વીકારે-તે નિશ્ચયાભાસી છે, તેને શુષ્કજ્ઞાની પણ કહેવામાં આવે છે.

### (૧૮) વ્યવહારાભાસીનું સ્વરૂપ-

જીવને શુભભાવથી ધર્મ થાય એમ સ્વીકારે, પણ જીવના ત્રિકાળી ધ્રુવસ્વભાવને ન સ્વીકારે અને તેથી તે તરફ પોતાનું વલણ ન ફેરવે તે વ્યવહારાભાસી છે; તેને ક્રિયાજડ પણ કહેવામાં આવે છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય એમ માને તે તો વ્યવહારાભાસથી પણ ઘણે દૂર છે.

### (૧૯) નયના બે પ્રકારો-

નય 'રાગવાળા' તથા 'રાગવગરના' એમ બે પ્રકારના છે; તેમાં આગમનો પ્રથમ અભ્યાસ કરતાં નયોનું જે જ્ઞાન થાય તે રાગસહિત નય છે; ત્યાં તે રાગ હોવા **છતાં રાગથી ધર્મ નથી એમ જીવ માને તો** તે નયનું જ્ઞાન સાચું છે, પણ જો રાગથી ધર્મ થાય એમ માને તો તે જ્ઞાન નયાભાસ છે. બન્ને નયોનું સાચું જ્ઞાન કર્યા પછી પોતાના પર્યાય ઉપરનું લક્ષ છોડી પોતાના ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વભાવ તરફ જીવ લક્ષ કરે ત્યારે સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ પ્રગટે છે તેથી તે નય રાગરહિત નય છે; તેને 'શુદ્ધ નયનો આશ્રય અથવા શુદ્ધનયનું અવલંબન' પણ કહેવામાં આવે

૧. ઉપસ્થિત; વિદ્યમાન.

છે; તે દશાને **'નયાતિક્રાંત'** પણ કહેવામાં આવે છે, તેને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે અને 'આત્માનો અનુભવ' પણ તેને જ કહેવામાં આવે છે.

### (૨૦) પ્રમાણ સપ્તભંગી–નય સપ્તભંગી–

સપ્તભંગી બે પ્રકારની છે. આ સાત ભંગનું સ્વરૂપ ચોથા અધ્યાયના ઉપસંહારમાં આપેલ છે ત્યાંથી જાણી લેવું. બે પ્રકારની સપ્તભંગી છે, તેમાં જે સપ્તભંગીથી એક ગુણ કે પર્યાય દ્વારા આખું દ્રવ્ય જાણવામાં આવે તે પ્રમાણે–સપ્તભંગી છે; અને જે સપ્તભંગીથી કહેવામાં આવેલ ગુણ અથવા પર્યાય દ્વારા તે ગુણ કે પર્યાયનું જ્ઞાન થાય તે નયસપ્તભંગી છે. આ સપ્તભંગીનું જ્ઞાન કરતાં, દરેક દ્રવ્ય સ્વતંત્ર છે અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ—એવી ખાતરી થવાથી, અનાદિની જીવની ઊંધી માન્યતા ટળી જાય છે.

### (૨૧) આ શાસ્ત્રમાં મુખ્યપણે વ્યવહારનયનું કથન છે–

મોક્ષમાર્ગ નિશ્ચયરૂપ અને વ્યવહારરૂપ એમ બે પ્રકારનો નથી, છતાં બે પ્રકારે માનવો તે ભૂલ છે. મોક્ષમાર્ગ બે નથી, પરંતુ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું છે તે નિશ્ચયમોક્ષમાર્ગ છે; તથા જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે–તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આ શાસ્ત્રમાં મુખ્યપણે વ્યવહારનયથી કથન છે. કેમ કે તેમાં જિજ્ઞાસુઓને સમજાવવા માટે ભેદો અને નિમિત્તોના વર્ણન દ્વારા કથન કરવામાં આવ્યું છે. **એ લક્ષમાં રાખવું કે** વ્યવહારનયનાં શાસ્ત્રો ભેદમાં રોકવા માટે નથી પણ ભેદ દ્વારા અભેદ આત્માને સમજાવે છે, તેથી તેને વ્યવહાર શાસ્ત્રો કહેવામાં આવે છે. જો આત્માનું અભેદપણું જીવ ન સમજે અને માત્ર ભેદને જ જાણે તો તેને રાગ ટળે નહિ અને ધર્મ થાય નહિ; માટે આત્માનું અભેદપણું સમજવાની જરૂર છે. જો ભેદ પાડીને કહેવામાં ન આવે તો જીવો વસ્તુસ્વરૂપ સમજી શકે નહિ, માટે ભેદો દ્વારા વસ્તુસ્વરૂપ સમજાવવામાં આવે છે.

### (૨૨) વીતરાગી–વિજ્ઞાનનું પ્રતિપાદન–

જૈનશાસ્ત્રોમાં અનેકાન્ત સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે, તથા સાચો રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ બતાવ્યો છે; માટે જો જીવ તેની ઓળખાણ કરે તો મિથ્યાદૃષ્ટિ રહે નહિ. તેમાં વીતરાગભાવ પોષવાનું જ પ્રયોજન છે, પણ રાગભાવ (પુણ્ય–પાપભાવ) પોષવાનું પ્રયોજન નથી; માટે જેઓ રાગથી–પુણ્યથી ધર્મ થાય એમ માને છે તેઓ જૈનશાસ્ત્રના મર્મને જાણતા નથી.

### (૨૩) મિથ્યાદૃષ્ટિના નયો–

જે મનુષ્ય શરીરને પોતાનું માને, હું મનુષ્ય છું એમ માને, શરીર તે હું છું અથવા શરીર મારું છે; એમ માને છે એટલે કે શરીરનું કાંઈ કાર્ય જીવ કરી શકે એમ માને છે તે આત્મા

અને અનંત રજકણોને એકરૂપ માનતો હોવાથી (અર્થાત્ 'અનંત'ના મેળાપને 'એક' માનતો હોવાથી) મિથ્યાદૃષ્ટિ છે; અને તેનું જ્ઞાન તે નિશ્ચયકુનય છે. હું મનુષ્ય છું એવી માન્યતા પૂર્વક વર્તન કરવું તે તેનો (મિથ્યાદૃષ્ટિનો) વ્યવહાર છે, તેથી તે વ્યવહાર-કુનય છે. ખરી રીતે તો તે વ્યવહારને નિશ્ચય ગણે છે જેમ કે-'શરીર તે હું'.-આ દૃષ્ટાંતમાં શરીર પર છે, તે જીવ સાથે માત્ર એકક્ષેત્રાવગાહે છે છતાં તેને પોતારૂપ માન્યું તેથી તેણે વ્યવહારને નિશ્ચય ગણ્યો. 'હું તે શરીર' એમ પણ તે માને છે, તેથી તેણે નિશ્ચયને વ્યવહાર ગણ્યો છે. પર દ્રવ્યોનું પોતે કરી શકે અને પર પોતાને લાભ-નુકશાન કરી શકે, એમ માનતા હોવાથી તેઓ મિથ્યા એકાંતી છે.

### (૨૪) સમ્યગ્દૃષ્ટિના નયો-

સમસ્ત સાચી વિદ્યાના મૂળરૂપ પોતાના ભગવાન આત્માના સ્વભાવને પ્રાપ્ત થવું, આત્માના સ્વભાવની ભાવનામાં જોડાવું અને આત્મસ્વભાવમાં સ્થિરતા વધારવી તે સમ્યક્ અનેકાન્તદૃષ્ટિ છે. સમ્યક્દૃષ્ટિ જીવ પોતાના એકરૂપ-ધ્રુવસ્વભાવરૂપ આત્માનો આશ્રય કરે છે તે તેનો નિશ્ચય-સુનય છે, અને એને અચલિત ચૈતન્યવિલાસરૂપ આત્મવ્યવહાર (શુદ્ધપર્યાય) જે પ્રગટ થાય તે તેનો વ્યવહાર-સુનય છે.

### (૨૫) રત્નત્રયનો વિષય-

**સમ્યગ્દર્શન** તે શ્રદ્ધાગુણનો શુદ્ધપર્યાય છે, તેનો વિષય આત્માનો ત્રિકાળી શુદ્ધ ચૈતન્યભાવ છે. **સમ્યગ્જ્ઞાન** તે જ્ઞાનગુણનો શુદ્ધ પર્યાય છે, તેનો વિષય આત્માનો ત્રિકાળી ચૈતન્યભાવ તથા વર્તમાન પર્યાય એ બન્ને છે. **સમ્યક્ચારિત્ર** તે ચારિત્રગુણનો શુદ્ધ પર્યાય છે, તેનું કાર્ય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક પોતાના સ્વરૂપમાં સ્થિરતા કરવી અને સિદ્ધદશારૂપ કાર્યને ઉત્પન્ન કરવું તે છે.

### (૨૬) નીતિનું સ્વરૂપ-

દરેક વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવે પોતાથી છે અને પર વસ્તુના દ્રવ્ય -ક્ષેત્ર-કાળ-ભાવે તે વસ્તુ નથી, તેથી દરેક વસ્તુ પોતાનું જ કાર્ય કરી શકે-એમ જાણવું તે ખરી નીતિ છે. જિનેન્દ્રદેવે કહેલું અનેકાન્તસ્વરૂપ, પ્રમાણ અને નિશ્ચય-વ્યવહારરૂપ નય એ જ નીતિ છે. જે સત્પુરુષો અનેકાન્ત સાથે સુસંગત દૃષ્ટિ વડે અનેકાન્તમય વસ્તુસ્થિતિને દેખે છે, તેઓ સ્યાદ્વાદની શુદ્ધિને પામીને-જાણીને એટલે કે જિનેશ્વરના માર્ગને-ન્યાયને નહિ ઉલ્લંઘતા થકા જ્ઞાનસ્વરૂપ થાય છે.

નોંધ :—(૧) અનેકાન્તને સમજાવવાની રીતને 'સ્યાદ્વાદ' કહેવામાં આવે છે. (૨) સમ્યક્-અનેકાન્તને પ્રમાણ કહેવામાં આવે છે તે ટૂંકું કથન છે; ખરી રીતે સમ્યક્-અનેકાન્તનું જ્ઞાન તે પ્રમાણ છે. તેમ જ સમ્યક્ એકાંતને નય કહેવામાં આવે છે તે ટૂંકું કથન છે, ખરી રીતે સમ્યક્ એકાંતનું જ્ઞાન તે નય છે.

### (૨૭) પરિગ્રહનું સ્વરૂપ–

મિથ્યા એકાંતદૃષ્ટિને વીતરાગ ભગવાન પરિગ્રહ કહે છે, અને તે સમ્યક્ અનેકાન્તદૃષ્ટિ વડે દૂર થઈ શકે છે.

### (૨૮) નિશ્ચય અને વ્યવહારનો બીજો અર્થ–

નિશ્ચય એ પોતાનું દ્રવ્ય અને પોતાના શુદ્ધ કે અશુદ્ધ પર્યાય બતાવવા માટે પણ વપરાય છે; જેમ કે સર્વ જીવો દ્રવ્યઅપેક્ષાએ સિદ્ધસમાન છે,[1] આત્માના સિદ્ધપર્યાયને 'નિશ્ચયપર્યાય'[2] કહેવામાં આવે છે, અને આત્મામાં થતાં વિકારી ભાવને 'નિશ્ચયબંધ'[3] કહેવામાં આવે છે.

પોતાના દ્રવ્ય કે પર્યાયને જ્યારે નિશ્ચય કહેવામાં આવે છે, ત્યારે આત્માની સાથે પરદ્રવ્યનો જે સંબંધ હોય તેને આત્માના કહેવામાં આવે તે વ્યવહાર છે—તે ઉપચારકથન છે; જેમ કે–જડ કર્મને આત્માનાં કહેવાં તે વ્યવહાર છે; જડ કર્મ તે પરદ્રવ્યની અવસ્થા છે, આત્માની અવસ્થા નથી–છતાં તેને આત્માનાં કહેવામાં આવે છે, તે કથન નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવવા માટે હોવાથી તે વ્યવહારનય છે–ઉપચારકથન છે.

આ અધ્યાયના ૩૩મા સૂત્રમાં આપેલા નય તે આત્માને તથા દરેક દ્રવ્યને લાગુ પડતા હોવાથી તેને વ્યવહારશાસ્ત્રમાં નિશ્ચયનયના વિભાગ ગણવામાં આવે છે. એ સાત નયોમાંથી પહેલા ત્રણ, દ્રવ્યાર્થિકનયના વિભાગ છે અને પછીના ચાર, પર્યાયાર્થિકનયના વિભાગ છે; પણ તે સાતે નયો ભેદ હોવાથી, અને તેના લક્ષે રાગ થતો હોવાથી–અને તે રાગ ટાળવા યોગ્ય હોવાથી અધ્યાત્મ શાસ્ત્રોમાં તે બધાને વ્યવહારનયના પેટા વિભાગો ગણવામાં આવે છે.

## આત્માનું સ્વરૂપ સમજવા માટે નય–વિભાગ

શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આત્મા ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે–અહીં (ત્રિકાળ શુદ્ધ કહેવામાં) વર્તમાન વિકારી પર્યાય ગૌણ કરવામાં આવે છે. તે વિકારી પર્યાય–અવસ્થા હોવાથી તે પર્યાયાર્થિકનયનો વિષય છે; અને જ્યારે તે વિકારી દશા આત્મામાં થાય છે, એમ બતાવવું હોય ત્યારે તે વિકારી પર્યાય અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય થાય છે. તે પર્યાય પરદ્રવ્યના સંયોગે થાય છે, એમ બતાવવું હોય ત્યારે તે વિકારી પર્યાય વ્યવહારનયનો વિષય થાય છે.

આત્માનો અધૂરો પર્યાય પણ વ્યવહારનો વિષય છે, ત્યાં વ્યવહારનો અર્થ **ભેદ** થાય છે–એમ સમજવું.

## નિશ્ચયનય અને દ્રવ્યાર્થિકનય તથા વ્યવહારનય અને પર્યાયાર્થિકનય જુદા જુદા અર્થમાં પણ વપરાય છે.

રત્નત્રય જીવથી અભિન્ન છે એમ જ્ઞાન કરવું તે દ્રવ્યાર્થિકનયનું સ્વરૂપ છે તથા રત્નત્રય જીવથી ભિન્ન છે, એમ જ્ઞાન કરવું તે પર્યાયાર્થિકનયનું સ્વરૂપ છે અને રત્નત્રયમાં અભેદપૂર્વક પ્રવૃત્તિ હોવી તે નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે, તથા ભેદપૂર્વક પ્રવૃત્તિ હોવી તે વ્યવહારનયથી મોક્ષમાર્ગ છે.

નિશ્ચયરત્નત્રયનું જે સમર્થન કરવામાં આવે છે તેનું તાત્પર્ય એ છે કે–ભેદપ્રવૃત્તિ તે વ્યવહારરત્નત્રય છે અને અભેદપ્રવૃત્તિ તે નિશ્ચયરત્નત્રય છે.

**(૨૯) છઠ્ઠા સૂત્રનો સિદ્ધાંત–**

હે જીવ! પ્રથમ તારે ધર્મ કરવો છે કે નહિ તે નક્કી કર. જો ધર્મ કરવો હોય તો 'પરને આશ્રયે મારો ધર્મ નથી' એવી શ્રદ્ધા દ્વારા પરાશ્રય ઉપર અભિપ્રાયમાં પ્રથમ કાપ મૂક. પરથી જે જે પોતામાં થતું આવ્યું છે તે તે માન્યતાને સાચા ભાન વડે બાળી નાખ. જેમ સાત (પુણ્ય–પાપ સહિત નવ) તત્ત્વોને જાણી તેમાંથી જીવનો જ આશ્રય કરવો ભૂતાર્થ છે, તેમ અધિગમના ઉપાયો જે પ્રમાણ, નય, નિક્ષેપ છે તેને જાણી, તેમાંથી એક જીવનો જ આશ્રય કરવો ભૂતાર્થ છે અને તે જ સમ્યગ્દર્શન છે–એમ સમજવું. ૬.

## સમ્યગ્દર્શનાદિ તથા તત્ત્વ જાણવાના અમુખ્ય ઉપાય

## निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ।।७।।

**અર્થ** :—[निर्देश स्वामित्व साधन अधिकरण स्थिति विधानतः] નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાન–તેનાથી પણ સમ્યગ્દર્શનાદિ તથા જીવાદિક તત્ત્વોનો વ્યવહાર થાય છે.

### ટીકા

**૧–નિર્દેશ**–વસ્તુસ્વરૂપના કથનને નિર્દેશ કહે છે.

**૨–સ્વામિત્વ**–વસ્તુના અધિકારીપણાને સ્વામિત્વ કહે છે.

**૩–સાધન**–વસ્તુની ઉત્પત્તિના કારણને સાધન કહે છે.

**૪–અધિકરણ**–વસ્તુના આધારને અધિકરણ કહે છે.

**૫–સ્થિતિ**–વસ્તુના કાળની અવધિને સ્થિતિ કહે છે.

૬–**વિધાન**–વસ્તુના ભેદોને વિધાન કહે છે.

ઉપર કહ્યા તે છ પ્રકારે સમ્યગ્દર્શનનું વર્ણન નીચે પ્રમાણે છે :

૧–**નિર્દેશ**—જીવાદિ સાત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધાપૂર્વક નિજ શુદ્ધાત્માનો પ્રતિભાસ –વિશ્વાસ–પ્રતીતિ.

૨–**સ્વામિત્વ**—ચારેય ગતિના સંજ્ઞી–પંચેન્દ્રિય ભવ્ય જીવો.

૩–**સાધન**—સાધનના બે ભેદ છે–અંતરંગ અને બાહ્ય. અંતરંગ સાધન (અંતરંગ કારણ) તો પોતાના શુદ્ધાત્માના ત્રિકાળી જ્ઞાયકભાવ (પારિણામિકભાવ)નો આશ્રય છે; અને બાહ્ય કારણ જુદા જુદા પ્રકારના હોય છે. તિર્યંચ અને મનુષ્યગતિમાં ૧–જાતિસ્મરણ, ૨–ધર્મશ્રવણ અગર ૩–જિનબિંબદર્શન–એ નિમિત્તો હોય છે; દેવગતિમાં બારમા સ્વર્ગ પહેલાં ૧–જાતિસ્મરણ, ૨–ધર્મશ્રવણ, ૩–જિનકલ્યાણકદર્શન અગર ૪–દેવઋદ્ધિદર્શન હોય છે અને તેનાથી આગળ સોળમા સ્વર્ગ સુધી ૧–જાતિસ્મરણ, ૨–ધર્મશ્રવણ અગર ૩–જિનકલ્યાણકદર્શન હોય છે. નવ ગ્રૈવેયકોમાં ૧–જાતિસ્મરણ અગર ૨–ધર્મશ્રવણ હોય છે. નરકગતિમાં ત્રીજી નરક સુધી જાતિસ્મરણ, ધર્મશ્રવણ અગર દુઃખાનુભવ નિમિત્ત હોય છે અને ચોથીથી સાતમી નરક સુધી જાતિસ્મરણ અગર દુઃખાનુભવ નિમિત્ત હોય છે.

**નોંધ** :—ઉપર જે ધર્મશ્રવણ જણાવ્યું છે તે ધર્મશ્રવણ સમ્યગ્જ્ઞાનીઓ પાસેથી કર્યું હોવું જોઈએ.

**શંકા** :—સર્વે નારકી જીવો વિભંગજ્ઞાન દ્વારા એક, બે યા ત્રણાદિ ભવ જાણે છે, તેથી બધાને જાતિસ્મરણ થાય છે માટે બધા નારકી જીવો સમ્યગ્દષ્ટિ થઈ જવા જોઈએ ને?

**સમાધાન** :—સામાન્યરૂપે ભવસ્મરણ દ્વારા સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી, પણ પૂર્વભવમાં ધર્મબુદ્ધિથી કરેલાં અનુષ્ઠાનો ઊંધાં (વિફળ) હતાં, એવી પ્રતીતિ પ્રથમ સમ્યક્ત્વની ઉત્પત્તિનું કારણ થાય છે. એ લક્ષમાં રાખી ભવસ્મરણને સમ્યક્ત્વની ઉત્પત્તિનું કારણ કહ્યું છે. નારકી જીવોને પૂર્વભવનું સ્મરણ હોવા છતાં ઉપર કહેલા ઉપયોગનો ઘણાને અભાવ હોય છે. ઉપર કહેલા પ્રકારવાળું જાતિસ્મરણ પ્રથમ સમ્યક્ત્વની ઉત્પત્તિનું કારણ થાય છે.

**શંકા** :—નારકી જીવોને ધર્મશ્રવણ કેવી રીતે સંભવે છે, ત્યાં તો ઋષિઓના (સાધુઓના) ગમનનો અભાવ છે?

**સમાધાન** :—પોતાના પૂર્વભવના સંબંધીઓને ધર્મ ઉત્પન્ન કરાવવામાં પ્રવૃત્ત અને તમામ બાધાઓ રહિત સમ્યગ્દષ્ટિ દેવોનું ત્યાં (ત્રીજી નરક સુધી) ગમન હોય છે.

**શંકા** :—જો વેદનાનો અનુભવ સમ્યક્ત્વની ઉત્પત્તિનું કારણ હોય તો બધા નારકીઓને વેદનાનો અનુભવ છે, માટે બધાને સમ્યક્ત્વ થવું જોઈએ ને?

**સમાધાન** :—વેદના સામાન્ય સમ્યક્ત્વની ઉત્પત્તિનું કારણ નથી; પણ જે જીવોને એવો ઉપયોગ હોય છે કે–આ વેદનાની મિથ્યાત્વને કારણે ઉત્પત્તિ થઈ છે–તે જીવોને વેદના સમ્યક્ત્વની ઉત્પત્તિનું કારણ થાય છે; બીજા જીવોને વેદના, સમ્યક્ત્વની ઉત્પત્તિનું કારણ થતું નથી. (શ્રી ધવલા. પુસ્તક છઠ્ઠું, પૃષ્ઠ ૪૨૨–૪૨૩)

**શંકા** :—જિનબિંબદર્શન પ્રથમ સમ્યક્ત્વની ઉત્પત્તિનું કારણ કેવી રીતે થાય છે?

**સમાધાન** :—જિનબિંબદર્શનથી [જે જીવ પોતાના સંસ્કાર શુદ્ધ આત્મા તરફ વાળે તેને] નિધત્ત અને નિકાચિતરૂપ મિથ્યાત્વાદિ કર્મકલાપનો પણ ક્ષય દેખવામાં આવે છે; તેથી જિનબિંબદર્શન પ્રથમ સમ્યક્ત્વની ઉત્પત્તિનું કારણ થાય છે.

[શ્રીધવલા. પુસ્તક છઠ્ઠું, પૃષ્ઠ ૪૨૭–૪૨૮]

**૪–અધિકરણ** :—સમ્યગ્દર્શનનું આભ્યંતર અધિકરણ આત્મા છે અને બાહ્ય અધિકરણ ત્રસનાડી છે. [લોકાકાશની મધ્યમાં ચૌદ રાજુ લાંબી અને એક રાજુ પહોળી જે સળંગ જગ્યા છે, તેને ત્રસનાડી કહેવાય છે.]

**૫–સ્થિતિ** :—ત્રણે પ્રકારના સમ્યગ્દર્શનની નાનામાં નાની સ્થિતિ અંતર્મુહૂર્ત છે. ઔપશમિકની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ તેટલી જ છે, ક્ષાયોપશમિકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગર છે અને ક્ષાયિકની સ્થિતિ સાદિ–અનંત છે, તથા સંસારમાં રહેવાની અપેક્ષાએ તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગર તથા અંતર્મુહૂર્ત સહિત આઠ વર્ષ કમ–બે ક્રોડીપૂર્વ છે.

**૬–વિધાન**—સમ્યગ્દર્શન એક પ્રકારે, અથવા સ્વપર્યાયની લાયકાતની અપેક્ષાએ ત્રણ પ્રકારે–ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક; અથવા આજ્ઞા, માર્ગ, બીજ, ઉપદેશ, સૂત્ર, સંક્ષેપ, વિસ્તાર, અર્થ અવગાઢ અને પરમ–અવગાઢ એમ દશ પ્રકારે છે. ૭.

## બીજા પણ અમુખ્ય ઉપાય બતાવે છે

## सत्संख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ॥८॥

**અર્થ** :—[च] અને [सत् संख्या क्षेत्र स्पर्शन काल अन्तर भाव अल्पबहुत्वैः] સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ એ આઠ અનુયોગ દ્વારા પણ પદાર્થનું જ્ઞાન થાય છે.

### ટીકા

**સત્ અને સંખ્યા**–તે દ્રવ્ય, ગુણ, પર્યાયના સત્ત્વની અપેક્ષાએ પેટા ભેદ છે. સત્ સામાન્ય છે, સંખ્યા વિશેષ છે.

**ક્ષેત્ર અને સ્પર્શન**–તે ક્ષેત્રના પેટા ભેદ છે. ક્ષેત્ર સામાન્ય છે, સ્પર્શન વિશેષ છે.

**કાળ અને અંતર**–તે કાળના પેટા ભેદ છે. કાળ સામાન્ય છે, અંતર વિશેષ છે.

**ભાવ અને અલ્પબહુત્વ**–તે ભાવના પેટા ભેદ છે. ભાવ સામાન્ય છે, અલ્પબહુત્વ વિશેષ છે.

**સત્**–વસ્તુના અસ્તિત્વને સત્ કહે છે.

**સંખ્યા**–વસ્તુના પરિણામોની ગણતરીને સંખ્યા કહે છે.

**ક્ષેત્ર**–વસ્તુના વર્તમાન કાળના નિવાસને ક્ષેત્ર કહે છે.

**સ્પર્શન**–વસ્તુના ત્રણેકાળ સંબંધી નિવાસને સ્પર્શન કહે છે.

**કાળ**–વસ્તુની સ્થિર રહેવાની મર્યાદાને કાળ કહે છે.

**અંતર**–વસ્તુના વિરહકાળને અંતર કહે છે.

**ભાવ**–ગુણને અથવા ઔપશમિક, ક્ષાયિક આદિ પાંચ ભાવોને ભાવ કહે છે.

**અલ્પબહુત્વ**–અન્ય પદાર્થની અપેક્ષાથી વસ્તુની હીનતા–અધિકતાના વર્ણનને અલ્પબહુત્વ કહે છે.

**અનુયોગ**–ભગવાને કહેલો ઉપદેશ વિષય અનુસાર જુદા જુદા અધિકારમાં આવેલો છે, તે દરેક અધિકારને અનુયોગ કહે છે. સમ્યક્જ્ઞાનનો ઉપદેશ આપવા અર્થે પ્રવૃત્ત થયેલો અધિકાર તે અનુયોગ છે.

## સત્ અને નિર્દેશમાં તફાવત

જો 'સત્' શબ્દ સામાન્યથી સમ્યગ્દર્શનાદિનું હોવાપણું કહેનારો હોય તો નિર્દેશમાં તેનો સમાવેશ થઈ જાય, પણ ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ વગેરે ચૌદ માર્ગણાઓ છે તેમાં કઈ જગ્યાએ કયા પ્રકારનું સમ્યગ્દર્શન છે અને કયા પ્રકારનું નથી. તે પ્રકારના વિશેષનું જ્ઞાન 'સત્'થી થાય છે, 'નિર્દેશ'થી એ જ્ઞાન થતું નથી; એ પ્રમાણે સત્ અને નિર્દેશમાં તફાવત છે.

## આ સૂત્રમાં 'સત્' શબ્દ વાપરવાનું કારણ

'સત્' શબ્દનું એવું સામર્થ્ય છે કે, તે અનધિકૃત પદાર્થોનું (જેનો અધિકાર ન હોય તેવા પદાર્થોનું) પણ જ્ઞાન કરાવી શકે છે. જો 'સત્' શબ્દ ન વાપર્યો હોત તો આગલા સૂત્રમાં સમ્યગ્દર્શન વગેરે તથા જીવ આદિ સાત તત્ત્વોનું જ અસ્તિત્વ ('નિર્દેશ' શબ્દને કારણે) છે. એવું જ્ઞાન થાત અને જીવના ક્રોધ, માન આદિ પર્યાય તથા પુદ્ગલના વર્ણ, ગંધ આદિ તથા

ઘટ પટ આદિ પર્યાય–જેનો આ અધિકાર નથી–તેનું અસ્તિત્વ નથી–એવો અર્થ થાત; માટે જીવમાં ક્રોધાદિ છે તથા પુદ્‌ગલમાં વર્ણાદિ છે એવા અનધિકૃત પદાર્થો છે એવું જ્ઞાન કરાવવા માટે 'સત્' શબ્દ આ સૂત્રમાં વાપર્યો છે.

## સંખ્યા અને વિધાનમાં તફાવત

પ્રકારની ગણના તે વિધાન છે અને તે ભેદની ગણનાને (ભેદને) સંખ્યા કહે છે; જેમ કે સમ્યગ્દ્રષ્ટિના ત્રણ પ્રકાર છે–(૧) ઔપશમિક સમ્યગ્દ્રષ્ટિ અને (૨) ક્ષાયોપશમિક સમ્યગ્દ્રષ્ટિ અને (૩) ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ. એ ત્રણ તો પ્રકાર છે, તેની ગણતરી કરવી કે ઔપશમિક સમ્યગ્દ્રષ્ટિ કેટલા, ક્ષાયોપશમિક સમ્યગ્દ્રષ્ટિ કેટલા અથવા ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ કેટલા–એ ભેદગણના છે. આ વિશેષતાનું જ્ઞાન 'સંખ્યા' શબ્દથી થાય છે; ભેદોની ગણતરીની વિશેષતા જણાવવાનું જે કારણ થાય છે, તે 'સંખ્યા' છે.

**'વિધાન'** શબ્દમાં મૂળ પદાર્થના ભેદો ગ્રહણ કરવા જ માન્યા છે, તેથી ભેદોના અનેક પ્રકારના ભેદોનું ગ્રહણ કરવા માટે 'સંખ્યા' શબ્દ વપરાય છે.

'વિધાન' કહેવાથી ભેદ–પ્રભેદ આવી જાય એમ ગણવામાં આવે, તો વિશેષ સ્પષ્ટતા માટે 'સંખ્યા' શબ્દ વાપરવામાં આવ્યો છે; એમ સમજવું.

## ક્ષેત્ર અને અધિકરણમાં તફાવત

'અધિકરણ' શબ્દ થોડીક જગ્યા સૂચવે છે તેથી તે વ્યાપ્ય છે. 'ક્ષેત્ર' શબ્દ વ્યાપક છે, તે અધિક જગ્યા સૂચવે છે. 'અધિકરણ' કહેવાથી સંપૂર્ણ પદાર્થોનું જ્ઞાન થતું નથી. ક્ષેત્ર કહેવાથી સંપૂર્ણ પદાર્થોનું જ્ઞાન થાય છે; માટે સમસ્ત પદાર્થોના જ્ઞાન માટે 'ક્ષેત્ર' શબ્દ આ સૂત્રમાં વાપર્યો છે.

## ક્ષેત્ર અને સ્પર્શનમાં તફાવત

'ક્ષેત્ર' શબ્દ અધિકરણથી વિશેષતા સૂચવે છે, તોપણ તે એકદેશનો વિષય કરે છે અને 'સ્પર્શન' શબ્દ સર્વદેશનો વિષય કરે છે. જેમ–કોઈએ પૂછ્યું કે 'રાજા ક્યાં રહે છે?' ઉત્તર આપ્યો કે 'અમુક નગરમાં રહે છે.' અહીં સંપૂર્ણ નગરમાં રાજા રહેતો નથી, પરંતુ નગરના એક પ્રદેશમાં રહે છે, તેથી રાજાનો નિવાસ નગરના એકદેશમાં હોવાથી 'નગર' ક્ષેત્ર છે. કોઈએ પૂછ્યું કે 'તેલ ક્યાં છે?' ઉત્તર આપ્યો કે 'તેલ તલમાં રહે છે.' અહીં સર્વત્ર તેલ રહેવાના કારણે તલ તે તેલનું સ્પર્શન છે; એવી રીતે ક્ષેત્ર અને સ્પર્શન વચ્ચે એક તફાવત છે.

ક્ષેત્ર વર્તમાન કાળનો વિષય છે, સ્પર્શન ત્રિકાળગોચર વિષય છે. વર્તમાન અપેક્ષાએ જળ ઘડામાં છે, પણ તે ત્રિકાળ નથી. ત્રણેકાળ જે જગ્યાએ પદાર્થની સત્તા રહે તેનું નામ સ્પર્શન છે; એવી રીતે ક્ષેત્ર અને સ્પર્શનનો બીજો તફાવત છે.

## કાળ અને સ્થિતિમાં તફાવત

'સ્થિતિ' શબ્દ વ્યાપ્ય છે; તે કેટલાક પદાર્થોના કાળની મર્યાદા બતાવે છે. 'કાળ' શબ્દ વ્યાપક છે. તે બધા પદાર્થોની મર્યાદા બતાવે છે. 'સ્થિતિ' થોડા જ પદાર્થોનું જ્ઞાન કરાવે છે. 'કાળ' સર્વ પદાર્થોનું જ્ઞાન કરાવે છે. 'કાળ'ના બે પ્રકાર છે—(૧) નિશ્ચયકાળ, (૨) વ્યવહારકાળ. નિશ્ચયકાળ તે મુખ્યકાળ છે અને પર્યાયવિશિષ્ટ પદાર્થોની હદ બતાવનારો અર્થાત્ કલાક, ઘડી, પળ આદિ વ્યવહારકાળ છે–એમ 'કાળ' શબ્દ બતાવે છે. 'સ્થિતિ'નો અર્થ કાળની મર્યાદા છે અર્થાત્ 'અમુક પદાર્થ અમુક જગ્યાએ આટલો કાળ રહે' તે વાતને 'સ્થિતિ' શબ્દ બતાવે છે; એટલે કાળ અને સ્થિતિ એ બેમાં તફાવત છે.

## 'ભાવ' શબ્દ નિક્ષેપના સૂત્રમાં છે છતાં અહીં શા માટે?

નિક્ષેપના સૂત્ર (સૂત્ર–૫)માં 'ભાવ'નો અર્થ એવો છે કે–વર્તમાનમાં જે અવસ્થા મોજૂદ હોય તેને ભાવનિક્ષેપ જાણવો અને ભવિષ્યમાં જે અવસ્થા થવાની હોય તેને વર્તમાનમાં છે –એમ કહેવું તે દ્રવ્યનિક્ષેપ છે અને અહીં (સૂત્ર–૮માં) 'ભાવ' શબ્દના ઉલ્લેખથી ઔપશમિક, ક્ષાયિક આદિ ભાવોનું ગ્રહણ છે. જેમ કે ઔપશમિક પણ સમ્યગ્દર્શન અને ક્ષાયિક આદિ પણ સમ્યગ્દર્શન કહેવાય છે; એમ બન્ને ઠેકાણે (સૂત્ર ૫માં તથા સૂત્ર ૮માં) 'ભાવ' શબ્દનું જુદું જુદું પ્રયોજન છે.

## વિસ્તાર બતાવવાનું કારણ

કેટલાક શિષ્યો તો થોડું કહેવાથી વિશેષ તાત્પર્યને સમજી લે છે અને કેટલાક શિષ્યો એવા હોય હોય છે, કે જ્યારે વિસ્તારથી કહેવામાં આવે ત્યારે તે સમજી શકે. પરમ કલ્યાણમય આચાર્યનો ઉદ્દેશ દરેકને તત્ત્વોનું સ્વરૂપ સમજાવવાનો છે. પ્રમાણ–નયથી જ સમસ્ત પદાર્થોનું જ્ઞાન થઈ શકે છે છતાં વિસ્તારકથનથી સમજી શકે તેવા જીવોને નિર્દેશ આદિ તથા સત્ સંખ્યાદિકનું જ્ઞાન કરાવવા માટે જુદાં જુદાં સૂત્રો કહ્યાં છે; માટે 'એક સૂત્રમાં બીજાનો સમાવેશ થઈ જાય છે માટે વિસ્તાર વ્યર્થ છે'—એવી શંકા વ્યાજબી નથી.

**પ્રશ્ન** :—જિનબિંબ (જિનપ્રતિમા)ના દર્શનથી સમ્યગ્દર્શનરૂપ ફળ થવું શાસ્ત્રમાં કહ્યું છે તો દર્શન કરનાર બધાંને તે ફળ થવું જોઈએ, છતાં બધાંને તે ફળ કેમ થતું નથી?

**ઉત્તર** :—સર્વજ્ઞની સત્તા (હોવાપણા)નો જેણે નિર્ણય કર્યો હોય છે તેને જિનપ્રતિમાના દર્શનથી સમ્યગ્દર્શન ફળ થાય છે, બીજાને થતું નથી. બીજાઓએ સર્વજ્ઞનો નિશ્ચય તો કર્યો નથી, પણ માત્ર કુળપદ્ધતિથી, સંપ્રદાયના આશ્રયથી અગર મિથ્યાધર્મબુદ્ધિથી દર્શનપૂજનાદિરૂપ તેઓ પ્રવર્તે છે, કેટલાક મતપક્ષના હઠાગ્રહીપણાથી અન્યદેવને માનતા નથી, માત્ર જિનદેવાદિના

સેવક બની રહ્યા છે. એ બધાને નિયમથી પોતાના આત્મકલ્યાણરૂપ કાર્યની સિદ્ધિ થતી નથી.

**પ્રશ્ન** :—સર્વજ્ઞની સત્તાનો નિશ્ચય અમારાથી ન થયો તેથી શું થયું? એ દેવ તો સાચા છે માટે પૂજનાદિ કરવાં અફળ થોડાં જ જાય છે?

**ઉત્તર** :—કિંચિત્ મંદકષાયરૂપ પરિણતિ થશે તો પુણ્યબંધ થશે, પરંતુ જિનમતમાં તો દેવના દર્શનથી સમ્યગ્દર્શનરૂપ ફળ થવું કહ્યું છે તે તો નિયમથી સર્વજ્ઞની સત્તા જાણવાથી જ થશે, અન્ય પ્રકારે નહિ થાય. તેથી જેને સાચા જૈની થવું છે તેણે તો સત્‌દેવ, સત્‌ગુરુ અને સત્‌શાસ્ત્રને આશ્રયે સર્વજ્ઞની સત્તાનો તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે; પણ જેઓ તત્ત્વનિર્ણય તો નથી કરતા અને પૂજા, સ્તોત્ર, દર્શન, ત્યાગ, તપ, વૈરાગ્ય, સંયમ, સંતોષ આદિ બધાંય કાર્યો કરે છે તેનાં એ બધાંય કાર્યો અસત્ય છે. માટે સત્ આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર સદ્‌ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે.

**પ્રશ્ન** :—મિથ્યાદૃષ્ટિ દેવ ચાર કારણોથી પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પ્રગટ કરે છે, એમ કહ્યું–તેમાં એક કારણ 'જિનમહિમા' કહ્યું છે, પણ જિનબિંબદર્શન ન કહ્યું તેનું શું કારણ?

**ઉત્તર** :—જિનબિંબદર્શનનો જિનમહિમાદર્શનમાં સમાવેશ થઈ જાય છે, કેમકે જિનબિંબ વિના જિનમહિમાની ઉત્પત્તિ થતી નથી.

**પ્રશ્ન** :—સ્વર્ગાવતરણ, જન્માભિષેક અને પરિનિષ્ક્રમણરૂપ જિનમહિમા જિનબિંબ વિના કરવામાં આવે છે, તેથી જિનમહિમાદર્શનમાં જિનબિંબપણાનું અવિનાભાવીપણું ન આવ્યું?

**ઉત્તર** :—સ્વર્ગાવતરણ, જન્માભિષેક અને પરિનિષ્ક્રમણરૂપ જિનમહિમામાં પણ ભાવી જિનબિંબનું દર્શન થાય છે. બીજી રીતે જોતાં એ મહિમામાં ઉત્પન્ન થતું પ્રથમ સમ્યક્ત્વ માટે જિનબિંબદર્શન નિમિત્ત નથી, પણ જિનગુણશ્રવણ નિમિત્ત છે.

**પ્રશ્ન** :—દેવઋદ્ધિદર્શનમાં જાતિસ્મરણનો સમાવેશ કેમ ન થાય?

**ઉત્તર** :—પોતાની અણિમાદિક ઋદ્ધિઓને દેખીને જ્યારે એવો વિચાર ઉત્પન્ન થાય છે કે–આ ઋદ્ધિઓ જિનભગવાને ઉપદેશેલા ધર્માનુષ્ઠાનથી ઉત્પન્ન થઈ છે, ત્યારે પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જાતિસ્મરણનિમિત્ત થાય છે; પણ જ્યારે સૌધર્માદિક દેવોની મહાઋદ્ધિઓ દેખીને એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે, કે–સમ્યગ્દર્શન સહિતના સંયમના ફળથી–શુભભાવથી–તે ઉત્પન્ન થઈ છે અને હું સમ્યક્ત્વરહિતના દ્રવ્યસંયમના ફળથી વાહનાદિક નીચ દેવોમાં ઉત્પન્ન થયો છું ત્યારે પ્રથમ સમ્યક્ત્વનું ગ્રહણ દેવઋદ્ધિદર્શનનિમિત્તક થાય છે. એ રીતે જાતિસ્મરણ અને દેવઋદ્ધિદર્શન એ બે કારણોમાં ફેર છે.

નોંધ :—નારકીઓમાં જાતિસ્મરણ અને વેદનારૂપ કારણોમાં પણ આ વિવેક લાગુ પાડી દેવો.

**પ્રશ્ન** :—આણત, પ્રાણત, આરણ અને અચ્યુત આ ચાર કલ્પોના મિથ્યાદૃષ્ટિ દેવોને પ્રથમ સમ્યક્ત્વમાં દેવઋદ્ધિદર્શન કારણ કેમ કહ્યું નથી?

**ઉત્તર** :—એ ચાર કલ્પોમાં મહાઋદ્ધિવાળા ઉપરના દેવોનું આગમન હોતું નથી, તેથી ત્યાં મહાઋદ્ધિદર્શનરૂપ પ્રથમ સમ્યક્ત્વની ઉત્પત્તિનું કારણ કહેવામાં આવ્યું નથી. તે જ કલ્પોમાં સ્થિત દેવોની મહાઋદ્ધિનું દર્શન પ્રથમ સમ્યક્ત્વની ઉત્પત્તિનું નિમિત્ત થતું નથી; કેમ કે તે ઋદ્ધિઓને વારંવાર જોવાથી વિસ્મય થતું નથી. વળી તે કલ્પોમાં શુક્લલેશ્યાના સદ્ભાવને કારણે મહાઋદ્ધિના દર્શનથી કોઈ સંક્લેશભાવ ઉત્પન્ન થતો નથી.

નવ ગ્રૈવેયકોમાં મહાઋદ્ધિદર્શન નથી, કેમ કે ત્યાં ઉપરના દેવોના આગમનનો અભાવ છે. જિનમહિમાદર્શન પણ ત્યાં નથી, કેમ કે તે વિમાનવાસી દેવો નંદીશ્વરાદિક મહોત્સવ જોવા જતા નથી. અવધિજ્ઞાનથી જિનમહિમાઓ તેઓ દેખે છે, તોય તે દેવોને રાગ ઓછો હોવાથી જિનમહિમાદર્શનથી તેમને વિસ્મય ઉત્પન્ન થતું નથી.

*(શ્રીધવલા. પુસ્તક ૬ પૃષ્ઠ ૪૩૨ થી ૪૩૬)*

## સૂત્ર ૪ થી ૮ નો એકંદર સિદ્ધાંત

જિજ્ઞાસુ જીવોએ જીવાદિ દ્રવ્યો તથા તત્ત્વોને પિછાણવાં; ત્યાગવા યોગ્ય એવાં મિથ્યાત્વ–રાગાદિ તથા ગ્રહણ કરવા યોગ્ય એવાં સમ્યક્દર્શનનું સ્વરૂપ ઓળખવું, પ્રમાણ–નયો વડે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું, તથા નિર્દેશ, સ્વામિત્વાદિ વડે અને સત્–સંખ્યાદિ વડે તેમના વિશેષો જાણવા. ૮.

## હવે સમ્યગ્જ્ઞાનના ભેદ કહે છે

## मतिश्रुतावधिमनः पर्ययकेवलानि ज्ञानम् ॥९॥

**અર્થ** :—[मति, श्रुत अवधि मनःपर्यय केवलानि] મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એ પાંચ [ज्ञानम्] જ્ઞાન છે.

### ટીકા

**(૧) મતિજ્ઞાન**—પાંચ ઇન્દ્રિયો અને મન દ્વારા (પોતાની શક્તિ અનુસાર) જે જ્ઞાન થાય છે તે મતિજ્ઞાન છે.

**શ્રુતજ્ઞાન**—મતિજ્ઞાન દ્વારા જાણવામાં આવેલા પદાર્થને વિશેષરૂપથી જાણવો તે શ્રુતજ્ઞાન છે.

**અવધિજ્ઞાન**—જે ઈન્દ્રિય કે મનના નિમિત્ત વિના રૂપી પદાર્થોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાસહિત પ્રત્યક્ષ જાણે તે અવધિજ્ઞાન છે.

**મનઃપર્યયજ્ઞાન**—જે ઈન્દ્રિય કે મનના નિમિત્ત વિના જ અન્ય પુરુષના મનમાં સ્થિત રૂપી પદાર્થોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા સહિત પ્રત્યક્ષ જાણે તે મનઃપર્યયજ્ઞાન છે.

**કેવળજ્ઞાન**—જે સર્વ દ્રવ્યો અને તેના સર્વ પર્યાયોને યુગપત્ (એક સાથે) પ્રત્યક્ષ જાણે તે કેવળજ્ઞાન છે.

(૨) આ સૂત્રમાં 'ज्ञानम्' એવો એકવચનનો શબ્દ છે, તે એમ સૂચવે છે કે જ્ઞાનગુણ એક છે; તેના પર્યાયના આ પાંચ પ્રકાર છે; તેમાં એક પ્રકાર જ્યારે ઉપયોગરૂપ હોય ત્યારે બીજો પ્રકાર ઉપયોગરૂપ હોય નહિ, તેથી એ પાંચમાંથી એક સમયે એક જ જ્ઞાનનો પ્રકાર ઉપયોગરૂપ હોય છે.

સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શનપૂર્વક હોય છે; સમ્યગ્દર્શન કારણ છે અને સમ્યગ્જ્ઞાન કાર્ય છે. સમ્યગ્જ્ઞાન એ આત્માના જ્ઞાનગુણનો શુદ્ધ પર્યાય છે, આત્માથી કોઈ જુદી તે ચીજ નથી. સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :—

''सम्यग्ज्ञानं पुनः स्वार्थव्यवसायात्मकं वदुः''

*(તત્ત્વાર્થસાર ગાથા-૧૮ પૂર્વાર્ધ, પાનું ૧૪)*

**અર્થ** :—स्व = પોતાનું સ્વરૂપ. अर्थ = વિષય. व्यवसाय = યથાર્થ નિશ્ચય. જો જ્ઞાનમાં એ ત્રણે શરતો પૂરી પડતી હોય તે સમ્યગ્જ્ઞાન છે; અર્થાત્ જો જ્ઞાનમાં વિષયપ્રતિબોધ સાથે સાથે પોતાનું સ્વરૂપ પ્રતિભાસિત થાય અને તે પણ યથાર્થ હોય તો તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.

### નવમા સૂત્રનો સિદ્ધાંત

શ્રીજિનેન્દ્રદેવે કહેલા જ્ઞાનના સમસ્ત ભેદને જાણીને, પરભાવોને છોડીને, નિજસ્વરૂપમાં સ્થિર થઈ, જીવ—જે ચૈતન્યચમત્કારમાત્ર છે—તેમાં જે પ્રવેશે છે તે તુરત જ મોક્ષને પામે છે. ૯.

*(જુઓ, શ્રી નિયમસાર ગાથા ૧૦ની ટીકાનો શ્લોક)*

## ક્યા જ્ઞાનો પ્રમાણ છે?

## तत्प्रमाणे ॥१०॥

**અર્થ** :—[तत्] તે-ઉપર કહ્યાં તે પાંચ પ્રકારનાં જ્ઞાન જ [प्रमाणे] પ્રમાણ (સાચાં જ્ઞાન)છે.

## ટીકા

નવમા સૂત્રમાં કહ્યાં તે પાંચ જ્ઞાન જ પ્રમાણ છે, બીજાં કોઈ પણ પ્રમાણ-જ્ઞાન નથી. તેના (પ્રમાણના) બે ભેદ છે-(૧) પ્રત્યક્ષ અને (૨) પરોક્ષ. ઇન્દ્રિયો કે ઇન્દ્રિયો અને પદાર્થોનો સંબંધ (સન્નિકર્ષ) એ કોઈ પ્રમાણ નથી-એમ સમજવું; એટલે કે ઇન્દ્રિયોથી જ્ઞાન થતું નથી અગર તો ઇન્દ્રિયો અને પદાર્થોના સંબંધથી જ્ઞાન થતું નથી પણ ઉપર કહેલાં મતિ આદિ જ્ઞાન પોતાથી થાય છે, માટે જ્ઞાન પ્રમાણ છે.

**પ્રશ્ન** :—ઇન્દ્રિયો પ્રમાણ છે, કેમકે તે વડે જ્ઞાન થાય છે?

**ઉત્તર** :—નહિ, ઇન્દ્રિયો જડ છે અને જ્ઞાન તો ચેતનનો પર્યાય છે તે જડ નથી; માટે આત્મા વડે જ જ્ઞાન થાય છે. *(જુઓ, શ્રી જયધવલા પુસ્તક ૧ પાનું ૫૪-૫૫)*

**પ્રશ્ન** :—સામો જ્ઞેય પદાર્થ હોય તેનાથી જ્ઞાન થાય-એ તો ખરું ને?

**ઉત્તર** :—તે સાચું નથી; જો સામો પદાર્થ (જ્ઞેય) અને આત્મા એ બે મળીને જ્ઞાન થાય તો જ્ઞાતા અને જ્ઞેય એ બન્નેનું ફળ જ્ઞાન થયું-તો બન્નેને જ્ઞાન થવું જોઈએ, પણ તેમ થતું નથી. *(જુઓ, સર્વાર્થસિદ્ધિ પાનું ૩૩૨)*

ઉપાદાન અને નિમિત્ત એ બે થઈને એક કાર્ય કરે તો ઉપાદાન અને નિમિત્તનું સ્વતંત્રપણું રહ્યું નહિ; ઉપાદાન નિમિત્તને કાંઈ કરે નહિ અને નિમિત્ત ઉપાદાનને કાંઈ કરે નહિ. તે વખતે એકબીજાને અનુકૂળ દરેક પોતપોતાથી પોતપોતાને કારણે પોતા માટે હાજર હોય છે. ઉપાદાન નિમિત્ત બન્ને ભેગાં થઈને કામ કરે તો બન્ને ઉપાદાન થઈ જાય-પણ તેમ બને નહિ.

આ બાબતમાં એવો નિયમ છે કે-અપૂર્ણ જ્ઞાનનો ઉઘાડ જે વખતે પોતાનો વ્યાપાર કરે ત્યારે તેને લાયક બાહ્ય પદાર્થો એટલે કે ઇન્દ્રિયો, અજવાળું, જ્ઞેય પદાર્થો, ગુરુ, શાસ્ત્ર વગેરે (પર દ્રવ્યો) પોતપોતાને કારણે હાજર હોય જ, જ્ઞાનને તેની વાટ જોવી પડે નહિ. નિમિત્ત -[૧]નૈમિત્તિકનો તથા [૨]ઉપાદાન-નિમિત્તનો એવો મેળ હોય છે.

**પ્રશ્ન** :—સમ્યગ્જ્ઞાનનું ફળ તમે અધિગમ કહો છો, પણ તે (અધિગમ) તો જ્ઞાન જ છે, તેથી સમ્યગ્જ્ઞાનનું કાંઈ ફળ ન હોય તેમ લાગે છે?

**ઉત્તર** :—આનંદ (સંતોષ), ઉપેક્ષા (રાગ-દ્વેષ રહિતપણું) અને અજ્ઞાનનો નાશ એ સમ્યગ્જ્ઞાનનું ફળ છે. (સર્વાર્થસિદ્ધિ પાનું-૩૩૪)

---

૧. જે કાર્ય થયું તેને નિમિત્ત અપેક્ષાએ કહેવું હોય, ત્યારે તે કાર્ય નૈમિત્તિક કહેવાય છે.

૨. જે કાર્ય થયું તેના નિશ્ચય અને વ્યવહાર કારણો બતાવવાં હોય, ત્યારે 'ઉપાદાન-નિમિત્ત' કહેવાય છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે જ્ઞાન પોતાથી જ થાય છે, પરપદાર્થથી થતું નથી.

## સૂત્ર ૯–૧૦નો સિદ્ધાંત

નવમાં સૂત્રમાં કહેલાં પાંચ સમ્યગ્જ્ઞાન એ જ પ્રમાણ છે, તે સિવાય બીજાઓ જુદાં જુદાં પ્રમાણો કહે છે પણ તે વાત ખરી નથી. જે જીવને સમ્યગ્જ્ઞાન થયું હોય તે પોતાના સમ્યક્મતિ અને સમ્યક્શ્રુતજ્ઞાન વડે પોતાને સમ્યક્ત્વ થયાનો નિર્ણય કરી શકે છે અને તે જ્ઞાન પ્રમાણ અર્થાત્ સાચું જ્ઞાન છે. ૧૦.

## પરોક્ષ પ્રમાણના ભેદ

## आद्ये परोक्षम् ।।११।।

**અર્થ** :—[आद्ये] શરૂઆતના બે અર્થાત્ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન [परोक्षम्] પરોક્ષ પ્રમાણ છે.

### ટીકા

અહીં પ્રમાણ અર્થાત્ સાચાં જ્ઞાનના ભેદોમાંથી શરૂઆતના બે એટલે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તે પરોક્ષ પ્રમાણ છે. એ જ્ઞાન પરોક્ષ છે તેથી સંશયવાળાં કે ભૂલવાળાં છે–એમ માનવું નહિ; એ તો તદ્દન સાચાં જ છે. એ જ્ઞાનના ઉપયોગ વખતે ઇન્દ્રિય કે મન નિમિત્ત છે, તેથી પર અપેક્ષાએ તેને પરોક્ષ કહ્યાં છે. સ્વ અપેક્ષાએ પાંચે પ્રકારનાં જ્ઞાન પ્રત્યક્ષ છે.

**પ્રશ્ન** :—ત્યારે સમ્યક્મતિજ્ઞાનવાળો જીવ પોતાને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે, એમ જાણી શકે?

**ઉત્તર** :—જ્ઞાન સમ્યક્ છે, માટે પોતાને સમ્યગ્જ્ઞાન થયાનો નિર્ણય બરાબર કરી શકે અને સમ્યગ્જ્ઞાન હોય ત્યાં સમ્યગ્દર્શન અવિનાભાવી છે, માટે તેનો નિર્ણય કરી શકે જ. જો નિર્ણય ન કરી શકે તો પોતાનો અનિર્ણય એટલે અનધ્યવસાય થયો અને એમ થાય તો તેવું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

**પ્રશ્ન** :—સમ્યક્મતિજ્ઞાની દર્શનમોહનીય પ્રકૃતિના પુદ્ગલોને પ્રત્યક્ષ જોઈ શકતો નથી અને તેનાં પુદ્ગલો ઉદયરૂપ હોય અને જીવ તેમાં જોડાતો હોય તો તેની ભૂલ ન થાય?

**ઉત્તર** :—જો ભૂલ થાય તો જ્ઞાન વિપરીત થયું અને તેથી તે જ્ઞાન 'સમ્યક્' ન કહેવાય. જેમ શરીર બગડતાં અશાતાવેદનીયનો ઉદય છે અને શાતાવેદનીયનો ઉદય નથી, તેવું કર્મના રજકણો પ્રત્યક્ષ દેખ્યા વગર શ્રુતજ્ઞાનના બળ વડે સાચું જાણી શકે છે, તેમ પોતાના જ્ઞાન

–અનુભવથી શ્રુતજ્ઞાનના બળ વડે દર્શનમોહનીય કર્મ ઉદયરૂપ નથી, એમ સમ્યક્ (યથાર્થ) જાણી શકે છે.

**પ્રશ્ન** :—સમ્યક્મતિજ્ઞાન બીજો જીવ ભવ્ય છે કે અભવ્ય છે તે જાણી શકે?

**ઉત્તર** :—આ બાબતમાં શ્રી ધવલાશાસ્ત્રમાં (પુસ્તક છટ્ઠું–પાનું ૧૭) નીચે પ્રમાણે જણાવ્યું છે :—

"અવગ્રહથી ગ્રહણ કરવામાં આવેલ અને અર્થને વિશેષ જાણવાની આકાંક્ષા તે **'ઈહા'** છે. જેમ કોઈ પુરુષને દેખી 'શું આ ભવ્ય છે કે અભવ્ય છે?' એ પ્રકારની વિશેષ પરીક્ષા કરવાને **'ઈહાજ્ઞાન'** કહે છે. ઈહાજ્ઞાન સંદેહરૂપ નથી, કેમ કે ઈહાત્મક વિચારબુદ્ધિથી સંદેહનો વિનાશ થઈ જાય છે. સંદેહથી ઉપર અને અવાયથી નીચે તથા અંતરાળમાં પ્રવૃત્ત થતી વિચારબુદ્ધિનું નામ **'ઇહા'** છે.

* * *

ઈહાજ્ઞાનથી જાણેલા પદાર્થવિષયક સંદેહનું દૂર થઈ જવું તે **'અવાય'** (નિર્ણય) છે. પહેલાં ઈહાજ્ઞાનથી 'શું આ ભવ્ય છે કે અભવ્ય છે' એ પ્રકારે જે સંદેહરૂપી બુદ્ધિ દ્વારા વિષય કરવામાં આવેલો જીવ છે તે 'અભવ્ય' નથી, ભવ્ય જ છે, કેમ કે તેમાં ભવ્યત્વના અવિનાભાવી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ગુણ પ્રગટ્યા છે'—એ પ્રકારે ઉત્પન્ન થયેલ 'ચય' (નિશ્ચય) જ્ઞાનનું નામ **'અવાય'** છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે સમ્યક્મતિજ્ઞાન પોતાને તથા પરને સમ્યગ્દર્શન છે–એમ યથાર્થપણે નક્કી કરે છે.

આ મોક્ષશાસ્ત્ર વ્યવહારશાસ્ત્ર હોવાથી સમ્યગ્દ્રષ્ટિ જીવનો ઉપયોગ પર તરફ રોકાયો હોય ત્યારે જે મતિ–શ્રુતજ્ઞાન થાય છે, તે સંબંધનું આ સૂત્ર છે.

સમ્યગ્દ્રષ્ટિનો તે વખતનો જ્ઞાન–ઉપયોગ પરોક્ષ છે. ગૌણપણે તે બંને જ્ઞાનો નિર્વિકલ્પતા વખતે પ્રત્યક્ષ છે એ તેમાં આવી જાય છે. સમ્યગ્દ્રષ્ટિ જે વખતે પોતાના ઉપયોગમાં જોડાયો હોય ત્યારે તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે. આ દશા ચોથા ગુણસ્થાનથી હોય છે. મતિ–શ્રુતાત્મક ભાવમન સ્વાનુભૂતિ વખતે વિશેષ દશાવાળું છે, છતાં શ્રેણિસમાન તો નહિ પણ પોતાની ભૂમિકાને યોગ્ય નિર્વિકલ્પ હોય છે; તેથી મતિ–શ્રુતાત્મક ભાવમન સ્વાનુભૂતિ સમયે પ્રત્યક્ષ માનવામાં આવ્યું છે. મતિ–શ્રુતજ્ઞાન વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ થતી નથી તેનું આ કારણ છે. (અવધિ–મનઃપર્યયજ્ઞાન વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ શકે છે.) [પંચાધ્યાયી ભાગ પહેલો, ગાથા ૭૦૮ થી ૭૧૯ સુધી આ સૂત્રની ચર્ચા કરી છે. દેવકીનંદન શાસ્ત્રીકૃત પંચાધ્યાયી પાનું –૩૬૩ થી ૩૬૮ ]

## મતિ અને શ્રુતજ્ઞાનને અહીં પરોક્ષ કહ્યાં છે તે સંબંધે વિશેષ ખુલાસો

અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ મતિજ્ઞાનને 'સાંવ્યવહારિક પ્રત્યક્ષ' પણ કહેવામાં આવે છે. "ઘડાના રૂપને મેં પ્રત્યક્ષ દીઠું" એમ લોકો કહે છે, તેથી તે જ્ઞાન સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે.

શ્રુતજ્ઞાનમાં ત્રણ પ્રકાર પડે છે–(૧) સંપૂર્ણ પરોક્ષ, (૨) અંશે પરોક્ષ અને (૩) પરોક્ષ બિલકુલ નહિ પણ પ્રત્યક્ષ.

(૧) શબ્દરૂપ શ્રુતજ્ઞાન છે તે પરોક્ષ જ છે; તેમ જ દૂર એવાં સ્વર્ગ–નરકાદિ બાહ્ય વિષયોનું જ્ઞાન કરાવવાવાળું વિકલ્પરૂપ જે જ્ઞાન છે તે પણ પરોક્ષ જ છે.

(૨) આભ્યંતરમાં સુખ–દુઃખના વિકલ્પરૂપ જે જ્ઞાન થાય છે તે, અથવા "હું અનંત જ્ઞાનાદિરૂપ છું" એવું જે જ્ઞાન તે ઈષત્–પરોક્ષ છે. (ઈષત્ = કિંચિત્).

(૩) જે નિશ્ચય ભાવશ્રુતજ્ઞાન છે તે શુદ્ધાત્માની સન્મુખ હોવાથી સુખસંવિત્તિ (જ્ઞાન) સ્વરૂપ છે. તે જ્ઞાન જોકે પોતાને જાણે છે તોપણ ઈન્દ્રિયો તથા મનથી ઉત્પન્ન થતા વિકલ્પોના સમૂહથી રહિત હોવાના કારણે નિર્વિકલ્પ છે; (અભેદનયે) તેને 'આત્મજ્ઞાન' શબ્દથી ઓળખવામાં આવે છે; તે જોકે કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ છે તોપણ છદ્મસ્થોને ક્ષાયિક જ્ઞાનની પ્રાપ્તિ ન હોવાથી, ક્ષાયોપશમિક હોવા છતાં તેને 'પ્રત્યક્ષ' કહેવામાં આવે છે.

**પ્રશ્ન** :—આ સૂત્રમાં મતિ અને શ્રુતજ્ઞાનને પરોક્ષ કહેલ છે છતાં ઉપર તમે તેને 'પ્રત્યક્ષ' કેમ કહો છો?

**ઉત્તર** :—આ સૂત્રમાં શ્રુતને પરોક્ષ કહ્યું છે તે સામાન્ય કથન છે; ઉપર જે ભાવશ્રુતજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું છે તે વિશેષ કથન છે. પ્રત્યક્ષનું કથન વિશેષની અપેક્ષાએ છે, એમ સમજવું.

આ સૂત્રમાં જો ઉત્સર્ગ કથન ન હોત તો મતિજ્ઞાનને પરોક્ષ ન કહેત; મતિજ્ઞાન જો પરોક્ષ જ હોત તો તર્કશાસ્ત્રમાં તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કેમ કહેત? તેથી જેમ વિશેષ કથનમાં તે મતિજ્ઞાનને પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે તેમ જ નિજ આત્મ-સન્મુખ જે ભાવશ્રુતજ્ઞાન છે (તે જોકે કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ છે તોપણ) તેને વિશેષ કથનમાં પ્રત્યક્ષ કહ્યું છે.

જો મતિ અને શ્રુત બંને માત્ર પરોક્ષ જ હોત તો સુખ–દુઃખાદિનું જે સંવેદન (જ્ઞાન) થાય છે તે પણ પરોક્ષ હોત, પણ તે સંવેદન પ્રત્યક્ષ છે, એમ દરેક જાણે છે. (જુઓ, શ્રી બૃહત્–દ્રવ્યસંગ્રહ ગાથા ૫–નીચે ટીકા, હિંદી પાનું ૧૩ થી ૧૫, ઈંગ્લિશ પાનું ૧૭–૧૮.)

ઉત્સર્ગ = સામાન્ય, General ordinance-સામાન્ય નિયમ; અપવાદ = ખાસ નિયમ, Exception- વિશેષ.

**નોંધ** :—આવું ઉત્સર્ગકથન 'ધ્યાન' સંબંધમાં અધ્યાય ૯ સૂત્ર ૨૭-૫૭માં કહ્યું છે ત્યાં અપવાદનું કથન નથી કર્યું. [જુઓ, બૃહત્ દ્રવ્યસંગ્રહ ગાથા ૫૭ નીચે હિંદી ટીકા પાનું-૨૧૧] એ રીતે જ્યાં ઉત્સર્ગકથન હોય ત્યાં અપવાદકથન ગર્ભિત છે-એમ સમજવું. ૧૧.

## પ્રત્યક્ષ પ્રમાણના ભેદ

## प्रत्यक्षमन्यत् ॥१२॥

**અર્થ** :—[अन्यत्] બાકીનાં ત્રણ અર્થાત્ અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન [प्रत्यक्षम्] પ્રત્યક્ષ પ્રમાણ છે.

### ટીકા

અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન વિકલ-પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સકલ-પ્રત્યક્ષ છે. [પ્રત્યક્ષ = પ્રતિ × અક્ષ] 'અક્ષ'નો અર્થ આત્મા છે. આત્મા પ્રતિ જેનો નિયમ હોય એટલે પર નિમિત્ત-ઈંદ્રિયો, મન, આલોક, ઉપદેશ વગેરે રહિત આત્માને આશ્રયે જે ઊપજે, જેમાં બીજું કાંઈ નિમિત્ત ન હોય એવું જ્ઞાન તે પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે. ૧૨.

## મતિજ્ઞાનનાં બીજાં નામો

## मतिःस्मृतिःसंज्ञाचिंताभिनिबोधइत्यनर्थांतरम् ॥१३॥

**અર્થ** :—[मतिः] મતિ, [स्मृतिः] સ્મૃતિ, [संज्ञा] સંજ્ઞા, [चिंता] ચિંતા, [अभिनिबोध] અભિનિબોધ, [इति] ઈત્યાદિ [अनर्थांतरम्] અન્ય પદાર્થો નથી અર્થાત્ તે મતિજ્ઞાનનાં નામાંતર છે.

### ટીકા

**મતિ** :—મન અગર ઈન્દ્રિયોથી, વર્તમાનકાળવર્તી પદાર્થને અવગ્રહાદિરૂપ સાક્ષાત્ જાણવો તે મતિ છે.

**સ્મૃતિ** :—પહેલાં જાણેલા, સાંભળેલા કે અનુભવ કરેલા પદાર્થનું વર્તમાનમાં સ્મરણ આવે તે સ્મૃતિ છે.

**સંજ્ઞા** :—તેનું બીજું નામ પ્રત્યભિજ્ઞાન છે. વર્તમાનમાં કોઈ પદાર્થને જોતાં 'આ પદાર્થ

તે જ છે કે જેને પહેલાં જોયો હતો,' એ રીતે સ્મરણ અને પ્રત્યક્ષના જોડરૂપ જ્ઞાનને સંજ્ઞા કહે છે.

**ચિંતા** :—ચિંતવન જ્ઞાન અર્થાત્ કોઈ ચિહ્નને દેખીને 'અહીં તે ચિહ્નવાળો જરૂર હોવો જોઈએ' એવો વિચાર તે ચિંતા છે. આ જ્ઞાનને ઊહ, ઊહા, તર્ક અથવા વ્યાપ્તિજ્ઞાન પણ કહે છે.

**અભિનિબોધ** :—સ્વાર્થાનુમાન-અનુમાન એ તેનાં બીજાં નામ છે. સન્મુખ ચિહ્નાદિ દેખી તે ચિહ્નવાળા પદાર્થનો નિર્ણય કરવો તે 'અભિનિબોધ' છે.

જોકે આ બધાનો અર્થભેદ છે પણ પ્રસિદ્ધ રૂઢિના બળથી તે મતિના નામાંતર કહેવાય છે. તે બધાંના પ્રગટ થવામાં મતિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ નિમિત્તમાત્ર છે, તે લક્ષમાં રાખી તેને મતિજ્ઞાનનાં નામાંતર કહેવામાં આવે છે.

આ સૂત્ર સિદ્ધ કરે છે કે જેણે આત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કર્યું ન હોય તે આત્માનું સ્મરણ કરી શકે નહિ; કેમ કે સ્મૃતિ તો પૂર્વે અનુભવેલા પદાર્થની જ હોય છે તેથી અજ્ઞાનીને પ્રભુસ્મરણ (આત્મસ્મરણ) હોતું જ નથી; પરંતુ 'રાગ મારો' એવી પક્કડનું સ્મરણ હોય છે, કેમ કે તેનો તેને અનુભવ છે. એ રીતે અજ્ઞાની ધર્મના નામે ગમે તે કાર્યો કરે, તોપણ તેનું જ્ઞાન મિથ્યા હોવાથી તેને ધર્મનું સ્મરણ થતું નથી, પણ રાગની પક્કડનું સ્મરણ થાય છે.

સંવેદન, બુદ્ધિ, મેધા, પ્રતિભા, પ્રજ્ઞા એ વગેરે પણ મતિજ્ઞાનના ભેદો છે.

**સ્વસંવેદન** :—સુખાદિ અંતરંગ વિષયોનું જ્ઞાન તે સ્વસંવેદન છે.

**બુદ્ધિ** :—બોધનમાત્રપણું તે બુદ્ધિ છે. બુદ્ધિ, પ્રતિભા, પ્રજ્ઞા એ મતિજ્ઞાનની તારતમ્યતા (હીન-અધિકપણું) સૂચક જ્ઞાનના ભેદો છે.

અનુમાન બે પ્રકારનાં છે. એક મતિજ્ઞાનનો ભેદ છે, બીજો શ્રુતજ્ઞાનનો ભેદ છે. સાધન દેખતાં પોતાથી સાધ્યનું જ્ઞાન થવું તે મતિજ્ઞાન છે. બીજાના હેતુ અને તર્કના વાક્ય સાંભળીને જે અનુમાનજ્ઞાન થાય તે શ્રુતઅનુમાન છે. ચિહ્નાદિ ઉપરથી તે જ પદાર્થનું અનુમાન થવું તે મતિજ્ઞાન છે અને ચિહ્નાદિ ઉપરથી બીજા પદાર્થનું અનુમાન થવું તે શ્રુતજ્ઞાન છે. ૧૩.

## મતિજ્ઞાનની ઉત્પત્તિ સમયે નિમિત્ત

## तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ।।१४।।

**અર્થ** :—[इन्द्रियानिन्द्रिय] ઇન્દ્રિયો અને મન [तत्] તે મતિજ્ઞાનમાં [निमित्तम्] નિમિત્ત છે.

## ટીકા

**ઇન્દ્રિય**–આત્મા (ઈન્દ્ર = આત્મા) પરમ ઐશ્વર્યરૂપ પ્રવર્તે છે. એમ અનુમાન કરાવનારું શરીરનું ચિહ્ન.

**નોઇન્દ્રિય**–મન; જે સૂક્ષ્મ પુદ્‌ગલસ્કંધ મનોવર્ગણા નામથી ઓળખાય છે તેનું બનેલું શરીરનું અંતરનું અંગ, તે આઠ પાંખડીના કમળના આકારે હૃદયસ્થાન પાસે છે.

મતિજ્ઞાન થવામાં ઈન્દ્રિય–મન નિમિત્ત થાય છે એમ આ સૂત્રમાં કહ્યું છે, તે પરદ્રવ્યોના થતા જ્ઞાનની અપેક્ષાએ કહ્યું છે એમ સમજવું. અંદર સ્વલક્ષમાં મન–ઈન્દ્રિય નિમિત્ત નથી. જીવ તેનાથી (મન–ઈન્દ્રિયના અવલંબનથી) અંશે જુદા પડે ત્યારે સ્વતંત્રતત્ત્વનું જ્ઞાન કરી તેમાં ઠરી શકે છે. [સમયસાર–પ્રવચનો ભાગ ૧ પાનું–૫૧૩]

ઈન્દ્રિયોનો ધર્મ તો એ છે કે સ્પર્શ, રસ, ગંધ, વર્ણને જાણવામાં નિમિત્ત થાય; આત્મામાં તે નથી તેથી સ્વલક્ષમાં ઈન્દ્રિયો નિમિત્ત નથી. મનનો ધર્મ એ છે કે–અનેક વિકલ્પમાં તે નિમિત્ત થાય, તે વિકલ્પ પણ અહીં (સ્વલક્ષમાં) નથી. જે જ્ઞાન ઈન્દ્રિયો દ્વારા તથા મન દ્વારા પ્રવર્તતું તે જ જ્ઞાન નિજઅનુભવમાં વર્તે છે; એ રીતે આ મતિજ્ઞાનમાં મન–ઈન્દ્રિય નિમિત્ત નથી. આ જ્ઞાન અતીન્દ્રિય છે. મનનો વિષય મૂર્તિક–અમૂર્તિક પદાર્થો છે, તેથી મન સંબંધી પરિણામ સ્વરૂપ વિષે એકાગ્ર થઈ અન્ય ચિંતવનનો નિરોધ કરે છે એ કારણે તેને (ઉપચારથી) મન દ્વારા થયું કહેવામાં આવે છે. [મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૩૪૫–૩૪૬] આવો અનુભવ ચોથા ગુણસ્થાનથી જ થાય છે. [મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૩૪૯]

આ સૂત્રમાં મતિજ્ઞાનને ઈન્દ્રિય–મન નિમિત્ત છે એમ જણાવ્યું છે, પણ મતિજ્ઞાનમાં જણાતા અર્થ (વસ્તુ) અને પ્રકાશ (અજવાળું, આલોક) ને નિમિત્ત કહ્યાં નથી; તેનું કારણ એ છે કે અર્થ અને પ્રકાશ મતિજ્ઞાનમાં નિમિત્ત નથી. તેમને નિમિત્ત માનવાં એ ભૂલ છે. આ વિષય ખાસ સમજવા જેવો હોવાથી તે શ્રી પ્રમેયરત્નમાળા હિંદી પાનું ૫૦ થી ૫૫ માંથી અહીં ટૂંકમાં આપવામાં આવે છે :—

**પ્રશ્ન** :—સાંવ્યવહારિક મતિજ્ઞાનનું નિમિત્તકારણ ઈંદ્રિયાદિ કહ્યું તેમ (જ્ઞેય) પદાર્થ અને અજવાળાને નિમિત્તકારણ કેમ કહ્યાં નથી?

પ્રશ્નકારની દલીલ :—અર્થ–વસ્તુથી પણ જ્ઞાન ઊપજે છે અને પ્રકાશથી પણ જ્ઞાન ઊપજે છે; તેને નિમિત્ત કહેવામાં ન આવે તો બધાં નિમિત્તકારણો આવી જતાં નથી, તેથી સૂત્ર અપૂર્ણ રહે છે.

**સમાધાન** :—આચાર્ય ભગવાન કહે છે કે—

नार्थालोकौकारणं परिच्छेद्यत्वात्तमोवत् ॥ *(બીજો સમુદ્દેશ)*

**અર્થ** :—અર્થ (વસ્તુ) અને આલોક (પ્રકાશ) એ બંને સાંવ્યવહારિક પ્રત્યક્ષનું કારણ નથી, પણ તે માત્ર પરિચ્છેદ્ય (જ્ઞેય-જાણવા યોગ્ય) છે, જેમ અંધકાર જ્ઞેય છે તેમ જ તે જ્ઞેય છે.

આ ન્યાય સમજાવવા માટે ત્યારપછી સાતમું સૂત્ર આપ્યું છે, તેમાં જણાવ્યું છે કે- અર્થ અને આલોક હોય ત્યારે જ્ઞાન ઊપજે જ અને ન હોય ત્યારે ન ઊપજે એવો નિયમ નથી. તેનાં દૃષ્ટાંતો :—

દૃષ્ટાંત-(૧) :—એક માણસના માથા ઉપર મચ્છરનો સમૂહ ઊડતો હતો પણ બીજાએ તેને વાળનો ઝૂમખો દીઠો-જાણ્યો; અહીં અર્થ (વસ્તુ) જ્ઞાનનું કારણ ન થયું.

દૃષ્ટાંત-(૨) :—અંધારામાં બિલાડી, ચોર, રાતના ચરનારા વગેરે દેખે છે, તેથી જ્ઞાન થવામાં પ્રકાશ કારણ આવ્યું નહિ.

ઉપર દૃષ્ટાંત ૧માં તો મચ્છરોનો સમૂહ હતો છતાં જ્ઞાન તો કેશ (વાળ)ના ઝૂમખાનું થયું; જો અર્થ જ્ઞાનનું કારણ હોય તો કેશના ઝૂમખાનું જ્ઞાન કેમ થયું અને મચ્છરોના સમૂહનું જ્ઞાન કેમ ન થયું? અને દૃષ્ટાંત ૨માં બિલાડી આદિને અંધારામાં જ્ઞાન થયું; જો પ્રકાશ જ્ઞાનનું કારણ હોય તો તેને અંધારામાં જ્ઞાન કેમ થયું?

**પ્રશ્ન** :—ત્યારે આ મતિજ્ઞાન શું કારણે થાય છે?

**ઉત્તર** :—ક્ષાયોપશમિક જ્ઞાન (ઉઘાડ)ની યોગ્યતાને અનુસરીને જ્ઞાન થાય છે; જ્ઞાન થવાનું એ કારણ છે. જ્ઞાનના તે ઉઘાડને અનુસરીને આ જ્ઞાન થાય છે, વસ્તુને અનુસરીને થતું નથી, તેથી વસ્તુ જ્ઞાન થવામાં નિમિત્તકારણ નથી એમ સમજવું. આગળ સૂત્ર ૯માં આ ન્યાય સિદ્ધ કર્યો છે.

જેમ દીપક ઘટ વગેરે પદાર્થોથી ઊપજતો નથી તોપણ તે અર્થનો પ્રકાશક છે. [સૂત્ર-૮]

જે જ્ઞાનની ક્ષયોપશમલક્ષણયોગ્યતા છે તે જ વિષય પ્રત્યે નિયમરૂપ જ્ઞાન થવાનું કારણ છે-એમ સમજવું. [સૂત્ર ૯]

જ્યારે આત્માને મતિજ્ઞાન થાય છે ત્યારે ઇન્દ્રિય અને મન એ બંને નિમિત્તમાત્ર છે, તે માત્ર એટલું બતાવે છે કે 'આત્મા' ઉપાદાન છે. નિમિત્ત પોતામાં (નિમિત્તમાં) સોએ સો ટકા કાર્ય કરે છે પણ ઉપાદાનમાં તે અંશમાત્ર કાર્ય કરતું નથી. નિમિત્ત પર દ્રવ્ય છે, આત્મા તેનાથી જુદું દ્રવ્ય છે; તેથી આત્મામાં (ઉપાદાનમાં) તેનો (નિમિત્તનો) અત્યંત અભાવ છે. એક

દ્રવ્ય બીજા દ્રવ્યના ક્ષેત્રમાં પેસી શકતું નથી, તેથી નિમિત્ત ઉપાદાનને કાંઈ કરી શકે નહિ; ઉપાદાન પોતામાં પોતાનું કાર્ય પોતાથી સોએ સો ટકા કરે છે. મતિજ્ઞાન તે પરોક્ષજ્ઞાન છે એમ ૧૧માં સૂત્રમાં કહ્યું છે;–તે પરોક્ષજ્ઞાન હોવાથી તે જ્ઞાન વખતે નિમિત્તની પોતાથી પોતાને કારણે હાજરી હોય છે. તે હાજર રહેલું નિમિત્ત કેવા પ્રકારનું હોય છે તેનું જ્ઞાન કરાવવા માટે આ સૂત્ર કહ્યું છે, પણ 'નિમિત્ત આત્મામાં કાંઈ પણ કરી શકે છે' એમ બતાવવા આ સૂત્ર કહ્યું નથી. જો નિમિત્ત આત્મામાં કાંઈ કરતું હોય તો નિમિત્ત પોતે જ ઉપાદાન થઈ જાય.

વળી 'નિમિત્ત' એ પણ ઉપાદાનને કારણે માત્ર **આરોપ** છે; જો જીવ ચક્ષુ દ્વારા જ્ઞાન કરે તો ચક્ષુ ઉપર નિમિત્તનો આરોપ આવે, અને જો જીવ બીજી ઇન્દ્રિય કે મન દ્વારા જ્ઞાન કરે તો તેના ઉપર નિમિત્તનો આરોપ આવે.

એક દ્રવ્ય પરમાં અકિંચિત્કર છે અર્થાત્ કાંઈ કરી શકતું નથી. અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ છે જ નહિ; અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના પર્યાયનો ઉત્પાદક છે જ નહિ; કેમ કે દરેક વસ્તુ પોતાના અંતરંગમાં અત્યંત (સંપૂર્ણ) પ્રકાશે છે, પરમાં લેશમાત્ર નહિ; તેથી નિમિત્તભૂત વસ્તુ ઉપાદાનભૂત વસ્તુને કાંઈ કરી શકે નહિ. ઉપાદાનમાં નિમિત્તની દ્રવ્યે–ક્ષેત્રે –કાળે અને ભાવે નાસ્તિ છે, અને નિમિત્તમાં ઉપાદાનની દ્રવ્યે–ક્ષેત્રે–કાળે અને ભાવે નાસ્તિ છે; એટલે એક બીજાનું શું કરી શકે? જો એક વસ્તુ બીજી વસ્તુનું કાંઈ કરે તો વસ્તુ પોતાનું વસ્તુપણું જ ખોઈ બેસે પણ તેમ બને જ નહિ.

**[નિમિત્ત = સંયોગરૂપ કારણ; ઉપાદાન = વસ્તુની સહજ શક્તિ.]** સૂત્ર ૧૦ની ટીકામાં નિમિત્ત–ઉપાદાન સંબંધી ખુલાસો કર્યો છે, માટે ત્યાંથી વાંચી સમજી લેવો.

## ઉપાદાન–નિમિત્ત કારણો

દરેક કાર્યમાં બે કારણો હોય છે–(૧) ઉપાદાન, (૨) નિમિત્ત. તેમાં ઉપાદાન તો નિશ્ચય (ખરું) કારણ છે અને નિમિત્ત તે વ્યવહારકારણ છે, એટલે કે તે (જ્યારે ઉપાદાન કાર્ય કરતું હોય ત્યારે તેને) અનુકૂળ [૧]હાજરરૂપ હોય છે. કાર્ય વખતે નિમિત્ત હોય છે પણ ઉપાદાનમાં તે કંઈ કાર્ય કરી શકતું નથી, તેથી તેને 'વ્યવહારકારણ' કહેવામાં આવે છે. કાર્ય થાય ત્યારે નિમિત્તની હાજરીના બે પ્રકાર છે : (૧) ખરેખર હાજરી, (૨) કલ્પિત હાજરી. જ્યારે છદ્મસ્થ જીવ વિકાર કરે ત્યારે દ્રવ્યકર્મનો ઉદય હાજરરૂપ હોય જ, ત્યાં દ્રવ્યકર્મનો ઉદય તે વિકારનું ખરેખર હાજરીરૂપ નિમિત્ત કારણ છે, (જો જીવ વિકાર ન કરે તો તે જ દ્રવ્યકર્મની નિર્જરા થઈ કહેવાય છે,) તથા જીવ વિકાર કરે ત્યારે નોકર્મની હાજરી ખરેખર હોય અથવા કલ્પનારૂપ હોય.

---

૧ ઉપસ્થિતિ; વિદ્યમાન.

નિમિત્ત હોતું જ નથી, એમ કહી કોઈ નિમિત્તના અસ્તિત્વનો નકાર કરે ત્યારે, 'ઉપાદાન અપૂર્ણ હોય ત્યારે નિમિત્ત હાજર હોય જ.' એ બતાવાય, પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. તેથી નિમિત્તનું જ અસ્તિત્વ જે કબૂલ ન કરે તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન નથી. અહીં સમ્યગ્જ્ઞાનનો વિષય હોવાથી આચાર્યભગવાને નિમિત્ત કેવું હોય તેનું જ્ઞાન કરાવ્યું છે. નિમિત્ત ઉપાદાનને કાંઈ કરે એમ જે માને તેની માન્યતા ખોટી છે, તેથી તેને સમ્યગ્દર્શન નથી-એમ સમજવું. ૧૪.

## મતિજ્ઞાનના ક્રમના ભેદો

## अवग्रहेहावायधारणाः ।।१५।।

**અર્થ** :—(अवग्रह ईहा अवाय धारणाः) અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એમ ચાર ભેદો છે.

### ટીકા

**અવગ્રહ**—ચેતનામાં જે થોડો વિશેષાકાર ભાસવા લાગે છે તે પહેલાં થનારું જ્ઞાન-તેને 'અવગ્રહ' કહે છે. વિષય અને વિષયી (વિષય કરનાર)નું યોગ્ય સ્થાનમાં આવ્યા પછી આદ્યગ્રહણ તે અવગ્રહ છે. સ્વ અને પર બન્નેનો (જે વખતે જે વિષય હોય તેનો) પહેલાં અવગ્રહ થાય છે. [Perception]

**ઇહા**—અવગ્રહ દ્વારા જાણવામાં આવેલા પદાર્થને વિશેષરૂપ જાણવાની ચેષ્ટાને 'ઈહા' કહે છે. ઈહાનું વિશેષ વર્ણન ૧૧મા સૂત્રની નીચે આપ્યું છે. [Conception]

**અવાય**—વિશેષ ચિહ્ન દેખવાથી તેનો નિશ્ચય થઈ જાય તે અવાય છે. [Judgement]

**ધારણા**—અવાયથી નિર્ણય કરેલા પદાર્થને કાળાંતરે ન ભૂલવો તે ધારણા છે. [Retention]

### આત્માના અવગ્રહ-ઇહા-અવાય અને ધારણા

જીવને અનાદિથી પોતાના સ્વરૂપની ભ્રમણા છે, માટે પ્રથમ આત્મજ્ઞાની પુરુષ પાસેથી આત્માનું સ્વરૂપ સાંભળીને, યુક્તિ દ્વારા આત્મા જ્ઞાનસ્વભાવી છે એવો નિર્ણય કરવો.....**પછી**—

પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિય દ્વારા તથા મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિ તેને મર્યાદામાં લાવીને એટલે પર પદાર્થો તરફથી પોતાનું લક્ષ ખેંચી આત્મા પોતે જ્યારે સ્વસન્મુખ લક્ષ કરે છે, ત્યારે પ્રથમ સામાન્ય સ્થૂળપણે આત્માસંબંધી જ્ઞાન થયું; તે આત્માનો અર્થાવગ્રહ

થયો. પછી વિચારના નિર્ણય તરફ વળ્યો તે ઈહા, નિર્ણય થયો તે અવાય અર્થાત્ ઈહાથી જાણેલા આત્મામાં આ તે જ છે, અન્ય નથી એવા મજબૂત જ્ઞાનને અવાય કહે છે. આત્મા સંબંધી કાળાંતરમાં સંશય તથા વિસ્મરણ ન થાય તેને ધારણા કહે છે. ત્યાં સુધી તો પરોક્ષ એવા મતિજ્ઞાનમાં ધારણા સુધીનો છેલ્લો ભેદ થયો. પછી આ આત્મા અનંત જ્ઞાનાનંદ શાંતિસ્વરૂપે છે તેમ મતિમાંથી લંબાતું તાર્કિક જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. અંદર સ્વલક્ષમાં મન-ઈન્દ્રિય નિમિત્ત નથી. જીવ તેનાથી અંશે જુદો પડે ત્યારે સ્વતંત્ર તત્ત્વનું જ્ઞાન કરી તેમાં ઠરી શકે છે.

અવગ્રહ કે ઈહા થાય, પરંતુ જો તે લક્ષ ચાલુ ન રહે તો આત્માનો નિર્ણય ન થાય; એટલે કે અવાયજ્ઞાન ન થાય, માટે અવાયની ખાસ જરૂર છે. આ જ્ઞાન થતી વખતે વિકલ્પ, રાગ, મન કે પરવસ્તુ તરફ લક્ષ હોતું જ નથી, પણ સ્વસન્મુખ લક્ષ હોય છે.

સમ્યગ્દષ્ટિને પોતાનું (આત્માનું) જ્ઞાન થતી વખતે આ ચારે પ્રકારનું જ્ઞાન થાય છે. ધારણા એ સ્મૃતિ છે; જે આત્માને સમ્યગ્જ્ઞાન અપ્રતિહત ભાવે થયું હોય તેને આત્માનું જ્ઞાન ધારણારૂપ રહ્યા જ કરે છે. ૧૫.

## અવગ્રહાદિના વિષયભૂત પદાર્થ

### बहुबहुविधक्षिप्रानिःसृतानुक्तध्रुवाणां सेतराणां ॥१६॥

**અર્થ** :—[बहु] બહુ [बहुविध] બહુ પ્રકાર [क्षिप्र] ક્ષિપ્ર-જલદી, [अनिःसृत] અનિસૃત [अनुक्त] અનુક્ત, [ध्रुवाणां] ધ્રુવ, [सइतराणाम्] તેમના ઊલટા ભેદો સહિત અર્થાત્ એક, એકવિધ, અક્ષિપ્ર, નિઃસૃત, ઉક્ત અને અધ્રુવ એમ બાર પ્રકારના પદાર્થોનું અવગ્રહ, ઈહાદિરૂપ જ્ઞાન થાય છે.

### ટીકા

**૧. બહુ**—એકી સાથે ઘણા પદાર્થોનું અથવા ઘણા જથ્થાનું અવગ્રહાદિ થવું (જેમ લોકોનાં ટોળાંનું અથવા ખડની ગંજીનું), ઘણા પદાર્થો જ્ઞાનગોચર થવા.

**૨. એક**—અલ્પ અથવા એક પદાર્થનું જ્ઞાન થવું (જેમ-એક માણસનું અથવા પાણીના પ્યાલાનું), થોડા પદાર્થ જ્ઞાનગોચર થવા.

**૩. બહુવિધ**—ઘણા પ્રકારના પદાર્થોનું અવગ્રહાદિ જ્ઞાન થવું (જેમ કૂતરા સાથેનો માણસ અથવા ઘઉં-ચણા-ચોખા વગેરે ઘણી જાતના પદાર્થો), યુગપત્ ઘણા પ્રકારના પદાર્થો જ્ઞાનગોચર થવા.

૪. **એકવિધ**—એક પ્રકારના પદાર્થોનું જ્ઞાન થવું (જેમ–એક જાતના ઘઉંનું જ્ઞાન); એક પ્રકારના પદાર્થો જ્ઞાનગોચર થવા.

૫. **ક્ષિપ્ર**—શીઘ્રતાથી પદાર્થનું જ્ઞાન થવું.

૬. **અક્ષિપ્ર**—કોઈ પદાર્થને ધીરે ધીરે ઘણા વખતે જાણવો—ચિરગ્રહણ.

૭. **અનિઃસૃત**—એક ભાગના જ્ઞાનથી સર્વભાગનું જ્ઞાન થવું (જેમ બહાર નીકળેલી સૂંઢને દેખી પાણીમાં ડૂબેલા પૂરા હાથીનું જ્ઞાન થવું), એક ભાગ અવ્યક્ત રહ્યા છતાં જ્ઞાનગોચર થવું.

૮. **નિઃસૃત**—બહાર નીકળેલા પ્રગટ પદાર્થોનું જ્ઞાન થવું, પૂર્ણ વ્યક્ત હોય તેવા પદાર્થનું જ્ઞાનગોચર થવું.

૯. **અનુક્ત**—(નહિ કહેલ)–જે વસ્તુનું વર્ણન આપ્યું નથી તેને જાણવી, જેનું વર્ણન ન સાંભળવા છતાં પદાર્થ જ્ઞાનગોચર થવો.

૧૦. **ઉક્ત**—કહેલા પદાર્થનું જ્ઞાન થવું, વર્ણન સાંભળ્યા પછી પદાર્થ જ્ઞાનગોચર થવો.

૧૧. **ધ્રુવ**—ઘણા કાળ સુધી જ્ઞાન એવું ને એવું રહેવું, દૃઢતાવાળું જ્ઞાન.

૧૨. **અધ્રુવ**—જે ક્ષણે ક્ષણે હીન–અધિક થાય તેવું જ્ઞાન, અસ્થિર જ્ઞાન.

આ બધા ભેદો સમ્યક્‌મતિજ્ઞાનના છે. જેને સમ્યગ્જ્ઞાન થયું હોય તે જાણે છે કે–આત્મા ખરેખર પોતાના જ્ઞાન પર્યાયને જાણે છે, પર તો તે જ્ઞાનનું નિમિત્તમાત્ર છે. 'પરને જાણ્યું' એમ કહેવું તે વ્યવહાર છે. જો 'પરને જાણે છે' એમ પરમાર્થદૃષ્ટિએ કહીએ તો તે ખોટું છે, કેમ કે તેમ થતાં આત્મા અને પર (જ્ઞાન અને જ્ઞેય) બન્ને એક થઈ જાય; કેમકે **''જેનું જે હોય તે તે જ હોય''** તેથી ખરેખર 'પુદ્‌ગલનું જ્ઞાન' છે એમ કહીએ તો જ્ઞાન પુદ્‌ગલરૂપ –જ્ઞેયરૂપ થઈ જાય, માટે નિમિત્ત સંબંધી પોતાના જ્ઞાનના પર્યાયને આત્મા જાણે છે એમ સમજવું. (જુઓ, શ્રી સમયસાર ગાથા–૩૫૬ થી ૩૬૫ પાનું ૪૨૩ થી ૪૩૦).

**પ્રશ્ન** :—અનુક્ત વિષય શ્રોત્રજ્ઞાનનો વિષય કેમ સંભવે?

**ઉત્તર** :—શ્રોત્રજ્ઞાનમાં 'અનુક્ત'નો અર્થ 'ઈષત્ (થોડું) અનુક્ત' કરવો જોઈએ; અને 'ઉક્ત'નો અર્થ 'વિસ્તારથી લક્ષણાદિ દ્વારા વર્ણન કર્યું છે' એવો કરવો, કે જેથી નામમાત્ર સાંભળતાં જ જીવને વિશદ (વિસ્તારરૂપ) જ્ઞાન થઈ જાય તો તે જીવને અનુક્તજ્ઞાન જ થયું એમ કહેવું જોઈએ. તે જ પ્રમાણે બીજી ઈન્દ્રિયો દ્વારા અનુક્તનું જ્ઞાન જ થાય છે એમ સમજવું.

**પ્રશ્ન** :—નેત્રજ્ઞાનમાં 'ઉક્ત' વિષય કેમ સંભવે?

**ઉત્તર** :—કોઈ વસ્તુને વિસ્તારથી સાંભળી લીધી હોય અને પછી તે દેખવામાં આવે તો તે સમયનું નેત્રજ્ઞાન 'ઉક્તજ્ઞાન' કહેવાય છે. તેમ જ શ્રોત્ર ઇન્દ્રિય સિવાયની બીજી ઇન્દ્રિયો દ્વારા પણ 'ઉક્ત'નું જ્ઞાન થાય છે.

**પ્રશ્ન** :—'અનુક્ત'નું જ્ઞાન પાંચ ઇન્દ્રિયો દ્વારા શી રીતે થાય?

**ઉત્તર** :—શ્રોત્ર ઇન્દ્રિય સિવાય ચાર ઇન્દ્રિયો દ્વારા થતું જ્ઞાન હમેશાં અનુક્ત હોય છે. શ્રોત્ર ઇન્દ્રિય દ્વારા અનુક્તનું જ્ઞાન કેમ થાય, તેનો ખુલાસો પહેલા ઉત્તરમાં કરવામાં આવ્યો છે.

**પ્રશ્ન** :—અનિઃસૃત અને અનુક્ત પદાર્થોની સાથે શ્રોત્ર વગેરે ઇન્દ્રિયોનો સંયોગ થાય છે એમ અમે દેખી શકતા નથી, માટે અમે તે સંયોગનો સ્વીકાર કરી શકતા નથી?

**ઉત્તર** :—તે પણ ઠીક નથી; જેમ જન્મથી જમીનની અંદર રાખવામાં આવેલો પુરુષ કોઈ કારણે બહાર નીકળે તો તેને ઘટપટાદિ સમસ્ત પદાર્થોનો આભાસ થાય છે, પરંતુ 'આ ઘટ છે, આ પટ છે' ઇત્યાદિ જે વિશેષજ્ઞાન તેને થાય છે તે તેને પરના ઉપદેશથી જ થાય છે, તે સ્વયં તેવું જ્ઞાન કરી શકતો નથી; તેવી રીતે સૂક્ષ્મ અવયવોની સાથે જે ઇન્દ્રિયોનો ભિડાવ થાય છે અને તેનાથી અવગ્રહાદિ જ્ઞાન થાય છે તે વિશેષ જ્ઞાન પણ વીતરાગના ઉપદેશથી જ જાણવામાં આવે છે. આપણી અંદર એવું સામર્થ્ય નથી કે આપણે સ્વયં જાણી શકીએ; માટે કેવળજ્ઞાનીના ઉપદેશથી જ્યારે અનિઃસૃત અને અનુક્ત પદાર્થોના અવગ્રહ વગેરે સિદ્ધ છે ત્યારે તેનો અભાવ કદી કહી શકાય નહિ.

## દરેક ઇન્દ્રિય દ્વારા થતા આ બાર પ્રકારના મતિજ્ઞાનનો ખુલાસો

### ૧—શ્રોત્રેન્દ્રિય દ્વારા

**બહુ–એક**—તત (તાંતનો શબ્દ), વિતત (તાલનો શબ્દ), ઘન (કાંસાના વાદ્યનો શબ્દ) અને સુષિર (વાંસળી આદિનો શબ્દ) વગેરે શબ્દોનું એક સાથે અવગ્રહજ્ઞાન થાય છે, તેમાં તત વગેરે જુદા જુદા શબ્દોનું ગ્રહણ અવગ્રહથી થતું નથી પણ તેના સમુદાયરૂપ સામાન્યને તે ગ્રહણ કરે છે, એવો અર્થ અહીં સમજવો; અહીં બહુ પદાર્થનો અવગ્રહ થયો.

**પ્રશ્ન** :—સંભિન્ન સંશ્રોતૃઋદ્ધિના ધારક જીવને તત વગેરે શબ્દેશબ્દનું સ્પષ્ટપણે ભિન્ન-ભિન્ન રૂપથી જ્ઞાન હોય છે તો તેને આ અવગ્રહજ્ઞાન હોવાનું બાધિત છે?

**ઉત્તર** :—તે બરાબર નથી; સામાન્ય મનુષ્યની માફક તેને પણ ક્રમથી જ જ્ઞાન થાય

છે, માટે તેને પણ અવગ્રહજ્ઞાન થાય છે. જે જીવને વિશુદ્ધ જ્ઞાન મંદ હોય તેને તત આદિ શબ્દોમાંથી કોઈ એક શબ્દનો અવગ્રહ થાય છે; આ એક પદાર્થનો અવગ્રહ થયો.

**બહુવિધ–એકવિધ**—ઉપરના દૃષ્ટાંતમાં 'તત' આદિ શબ્દોમાં દરેક શબ્દના બે, ત્રણ, ચાર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ભેદોને જીવ ગ્રહણ કરે છે ત્યારે તેને 'બહુવિધ' પદાર્થને અવગ્રહ થાય છે.

વિશુદ્ધતા મંદ રહેતા જીવ તત આદિ શબ્દોમાંથી કોઈ એક પ્રકારના શબ્દને ગ્રહણ કરે છે, તેને 'એકવિધ' પદાર્થોનો અવગ્રહ થાય છે.

**ક્ષિપ્ર–અક્ષિપ્ર**—વિશુદ્ધિના બળથી કોઈ જીવ ઘણો શીઘ્ર શબ્દને ગ્રહણ કરે છે, તેને 'ક્ષિપ્ર' અવગ્રહ કહેવામાં આવે છે.

વિશુદ્ધિની મંદતા હોવાથી શબ્દને ગ્રહણ કરવામાં જીવને ઢીલ થાય છે, તેને 'અક્ષિપ્ર' અવગ્રહ કહેવામાં આવે છે.

**અનિઃસૃત–નિઃસૃત**—વિશુદ્ધિના બળથી જીવ જ્યારે કહ્યા વિના અથવા બતાવ્યા વિના શબ્દને ગ્રહણ કરે છે ત્યારે તેને 'અનિઃસૃત પદાર્થનો અવગ્રહ કહેવામાં આવે છે.

વિશુદ્ધિની મંદતાને લીધે મોઢામાંથી નીકળેલા શબ્દને જીવ ગ્રહણ કરે છે ત્યારે 'નિઃસૃત' પદાર્થનો અવગ્રહ થયો કહેવામાં આવે છે.

**શંકા** :—મોઢેથી પૂરા શબ્દના નીકળવાને 'નિઃસૃત' કહ્યો અને 'ઉક્ત'નો અર્થ પણ તે જ થાય છે, તો પછી બેમાંથી એક ભેદ કહેવો જોઈએ, બન્ને કેમ કહો છો?

**સમાધાન** :—જ્યાં કોઈ અન્યના કહેવાથી શબ્દનું ગ્રહણ થાય છે, જેમ કે–કોઈએ 'ગો' શબ્દનું એવું ઉચ્ચારણ કર્યું કે 'અહીં આ ગો શબ્દ છે,' તે ઉપરથી જે જ્ઞાન થાય છે તે 'ઉક્ત' જ્ઞાન છે; અને તે પ્રમાણે અન્યના બતાવ્યા વિના શબ્દ સામે હોય તેનું 'આ અમુક શબ્દ છે' એમ જ્ઞાન થવું તે નિઃસૃત જ્ઞાન છે.

**અનુક્ત–ઉક્ત**—જે વખતે સમસ્ત શબ્દનું ઉચ્ચારણ કરવામાં ન આવ્યું હોય, પણ મોઢામાંથી એક વર્ણ નીકળતાં જ વિશુદ્ધતાના બળ વડે અભિપ્રાય માત્રથી સમસ્ત શબ્દને કોઈ અન્યના કહ્યા વગર ગ્રહણ કરી લે કે 'તે આ કહેવા માગે છે'—તે સમયે તેને 'અનુક્ત' પદાર્થનો અવગ્રહ થયો કહેવાય છે.

વિશુદ્ધિની મંદતાથી જે સમયે સમસ્ત શબ્દ કહે ત્યારે કોઈ અન્યના કહેવા ઉપરથી જીવ ગ્રહણ કરે છે, તે સમયે 'ઉક્ત' પદાર્થનો અવગ્રહ થયો કહેવાય છે. **અથવા**—

તંત્રી વા મૃદંગાદિકમાં કયો સ્વર ગાવામાં આવશે તેનો સ્વરસંચાર કર્યો ન હોય, તે પહેલાં જ કેવળ તે વાજિંત્રમાં ગાવામાં આવનારા સ્વરનો મિલાપ થાય, તે જ સમયે જીવને વિશુદ્ધિના બળથી એવું જ્ઞાન થઈ જાય કે 'તે આ સ્વર વાજિંત્રમાં વગાડશે,' તે જ સમયે 'અનુક્ત' પદાર્થનો અવગ્રહ થાય છે.

વિશુદ્ધિની મંદતાને કારણે વાજિંત્રો દ્વારા તે સ્વરને ગાવામાં આવે તે સમયે જાણવો, તે 'ઉક્ત' પદાર્થનો અવગ્રહ છે.

**ધ્રુવ–અધ્રુવ**—વિશુદ્ધિના બળથી જીવ જે પ્રકારે પ્રથમ સમયમાં શબ્દને ગ્રહણ કર્યો તે પ્રકારે નિશ્ચયરૂપથી કેટલોક કાળ ગ્રહણ કરવાનું ચાલુ રહે–તેમાં કિંચિત્ માત્ર પણ ઓછું–અધિક ન થાય, તે 'ધ્રુવ' પદાર્થનો અવગ્રહ છે.

વારંવાર થતા સંકલેશ તથા વિશુદ્ધ પરિણામોરૂપ કારણોથી જીવને શ્રોત્રેન્દ્રિયાદિકનું કાંઈક આવરણ અને કાંઈક ઉઘાડ (ક્ષયોપશમ) પણ રહે છે, એવી રીતે શ્રોત્રેન્દ્રિયાદિના આવરણની ક્ષયોપશમરૂપ વિશુદ્ધિની કાંઈક પ્રકર્ષ અને કાંઈક અપ્રકર્ષ દશા રહે છે, તે વખતે અધિકતા –હીનતાથી જાણવાને કારણે કાંઈક ચલ–વિચલપણું રહે છે તેથી તે 'અધ્રુવ' પદાર્થનો અવગ્રહ કહેવાય છે; તથા ક્યારેક તત વગેરે ઘણા શબ્દોનું ગ્રહણ કરવું, ક્યારેક થોડાનું, ક્યારેક ઘણાનું, ક્યારેક ઘણા પ્રકારના શબ્દોનું ગ્રહણ કરવું, ક્યારેક એક પ્રકારનું, ક્યારેક જલદી, ક્યારેક ઢીલથી, ક્યારેક અનિઃસૃત શબ્દનું ગ્રહણ કરવું, ક્યારેક નિઃસૃતનું, ક્યારેક અનુક્ત શબ્દનું ગ્રહણ કરવું, ક્યારેક ઉક્તનું—એમ જે ચલ–વિચલપણે શબ્દનું ગ્રહણ કરવું તે સર્વે 'અધ્રુવાવગ્રહ'નો વિષય છે.

## શંકા–સમાધાન

**શંકા**–'બહુ' શબ્દોના અવગ્રહમાં તત આદિ શબ્દોનું ગ્રહણ માન્યું અને 'બહુવિધ' શબ્દોના અવગ્રહમાં પણ તત્ આદિ શબ્દોનું ગ્રહણ માન્યું, તો તેમાં શું ફેર છે?

**ઉત્તર** :—જેમ વાચાળતારહિત કોઈ વિદ્વાન ઘણા શાસ્ત્રોના વિશેષ-વિશેષ અર્થ કરતો નથી અને એક સામાન્ય (સંક્ષેપ) અર્થ જ પ્રતિપાદન કરે છે, અન્ય વિદ્વાન ઘણા શાસ્ત્રોમાં રહેલા એકબીજાથી ફેર બતાવનારા ઘણા પ્રકારના અર્થોને પ્રતિપાદન કરે છે. તેમ બહુ અને બહુવિધ બન્ને પ્રકારના અવગ્રહમાં સામાન્યરૂપે તત આદિ શબ્દોનું ગ્રહણ છે, તોપણ જે અવગ્રહમાં તત આદિ શબ્દોના એક, બે, ચાર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત પ્રકારના ભેદોનું ગ્રહણ છે અર્થાત્ અનેક પ્રકારના ભેદ–પ્રભેદયુક્ત તત આદિ શબ્દોનું ગ્રહણ છે તે બહુવિધ –બહુ પ્રકારના શબ્દોને ગ્રહણ કરવાવાળો અવગ્રહ કહેવાય છે; અને જે અવગ્રહમાં ભેદ–પ્રભેદ રહિત સામાન્યરૂપથી તત આદિ શબ્દોનું ગ્રહણ છે તે બહુ શબ્દોનો અવગ્રહ કહેવાય છે.

## ૨-ચક્ષુ-ઇન્દ્રિય દ્વારા

**બહુ-એક**—જે સમયે વિશુદ્ધિના બળથી જીવ ધોળા, કાળા, લીલા આદિ વર્ણોને (રંગોને) ગ્રહણ કરે છે તે સમયે તેને 'બહુ' પદાર્થોનો અવગ્રહ થાય છે. જે સમયે મંદતાના કારણે જીવ એક વર્ણને ગ્રહણ કરે છે તે સમયે તેને 'એક' પદાર્થનો અવગ્રહ થાય છે.

**બહુવિધ-એકવિધ**—જે સમયે વિશુદ્ધિના બળથી જીવ શુક્લ-કૃષ્ણાદિ દરેક વર્ણના બે, ત્રણ, ચાર, સંખ્યાત, અસંખ્યાત અને અનંત ભેદ-પ્રભેદોને ગ્રહણ કરે છે તે સમયે તેને 'બહુવિધ' પદાર્થનો અવગ્રહ થાય છે.

જે સમયે મંદતાના કારણે જીવ શુક્લ, કૃષ્ણાદિ વર્ણોમાંથી એક પ્રકારના વર્ણને ગ્રહણ કરે છે તે સમયે તેને 'એકવિધ' પદાર્થનો અવગ્રહ થાય છે.

**ક્ષિપ્ર-અક્ષિપ્ર**—જે સમયે તીવ્ર ક્ષયોપશમ (વિશુદ્ધિ)ના બળથી જીવ શુક્લાદિ વર્ણને જલદી ગ્રહણ કરે છે તે સમયે તેને 'ક્ષિપ્ર' પદાર્થનો અવગ્રહ છે.

વિશુદ્ધિની મંદતાના કારણે જે સમયે ઢીલથી પદાર્થને ગ્રહણ કરે છે તે સમયે તેને 'અક્ષિપ્ર' પદાર્થનો અવગ્રહ થાય છે.

**અનિઃસૃત-નિઃસૃત**—જે સમયે વિશુદ્ધિના બળે જીવ કોઈ પચરંગી વસ્ત્ર, કામળી, ચિત્ર વગેરેના એકવાર કોઈ ભાગમાંથી પાંચ રંગને દેખે છે તે સમયે જોકે શેષ ભાગનું પચરંગીપણું તેણે દીઠું નથી તથા તે સમયે તેની સામે આખું વસ્ત્ર ખુલ્લું કર્યા વગરનું જ રાખ્યું છે, તોપણ તે વસ્ત્રના સમસ્ત ભાગોને પચરંગીપણું છે એમ તે ગ્રહણ કરે છે, તે 'અનિઃસૃત' પદાર્થનો અવગ્રહ છે.

જે સમયે વિશુદ્ધિની મંદતાને કારણે જીવની સામે બહાર કાઢીને રાખેલ પચરંગી વસ્ત્રના પાંચે રંગોને જીવ ગ્રહણ કરે છે, તે સમયે તેને 'નિઃસૃત' પદાર્થનો અવગ્રહ થાય છે.

## ૩-૪-૫—ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય

ઘ્રાણ, રસના અને સ્પર્શન એ ત્રણે ઇન્દ્રિયો દ્વારા ઉપર્યુક્ત બાર પ્રકારના અવગ્રહના ભેદો શ્રોત્ર અને ચક્ષુ ઇન્દ્રિયની માફક સમજી લેવા.

## ઇહા, અવાય અને ધારણા

ચાલુ સૂત્રનું મથાળું 'અવગ્રહાદિના વિષયભૂત પદાર્થ' એમ છે; તેમાં અવગ્રહ-આદિ કહેતાં, જેવી રીતે બાર ભેદ અવગ્રહના કહ્યા તેવી જ રીતે ઇહા, અવાય અને ધારણા જ્ઞાનોનો પણ વિષય માનવો.

## શંકા–સમાધાન

**શંકા**—જે ઇન્દ્રિયો પદાર્થને સ્પર્શીને જ્ઞાન કરાવે છે તે પદાર્થોના જેટલા ભાગો (અવયવો) સાથે સંબંધ થાય તેટલા જ ભાગોનું જ્ઞાન કરાવી શકે, અધિક અવયવોનું નહિ. શ્રોત્ર, ઘ્રાણ, સ્પર્શન અને રસના એ ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે માટે જેટલા અવયવોની સાથે તે ભિડાય તેટલા જ અવયવોનું જ્ઞાન કરાવી શકે, અધિકનું નહિ. છતાં અનિઃસૃત અને અનુક્તમાં તેમ થતું નથી, કેમ કે ત્યાં પદાર્થનો એક ભાગ દેખી લેવાથી કે કહેવાથી સમસ્ત પદાર્થનું જ્ઞાન માનવામાં આવે છે, તેથી શ્રોત્ર વગેરે ચાર ઇન્દ્રિયોથી જે અનિઃસૃત તથા અનુક્ત પદાર્થોનો અવગ્રહ, ઇહાદિક માને છે તે વ્યર્થ છે?

**સમાધાન**—એ શંકા ઠીક નથી. જેમ કીડી આદિ જીવોના નાક તથા જીભ સાથે ગોળ આદિ દ્રવ્યોનો ભિડાવ નથી થતો, તોપણ તેના ગંધ અને રસનું જ્ઞાન કીડી આદિને થાય છે; કેમ કે ત્યાં અત્યંત સૂક્ષ્મ–જેને આપણે દેખી શકતા નથી–તેવા ગોળ વગેરેના અવયવોની સાથે કીડી આદિ જીવોના નાક તથા જીભ ઇન્દ્રિયોનો એકબીજા સાથે સ્વાભાવિક સંયોગસંબંધ રહે છે; તે સંબંધમાં કોઈ બીજા પદાર્થની અપેક્ષા રહેતી નથી, તેથી સૂક્ષ્મ અવયવોની સાથે સંબંધ રહેવાથી તે પ્રાપ્ત થઈને જ પદાર્થને ગ્રહણ કરે છે. તેવી રીતે અનિઃસૃત અને અનુક્ત પદાર્થોના અવગ્રહ વગેરેમાં પણ અનિઃસૃત અને અનુક્ત પદાર્થોના સૂક્ષ્મ અવયવોની સાથે શ્રોત્ર આદિ ઇન્દ્રિયોનો પોતાની ઉત્પત્તિમાં પર પદાર્થોની અપેક્ષા નહિ રાખવાવાળો સ્વાભાવિક સંયોગસંબંધ છે, તેથી અનિઃસૃત અને અનુક્ત સ્થળો પર પણ પ્રાપ્ત થઈને ઇન્દ્રિયો પદાર્થોનું જ્ઞાન કરાવે છે, અપ્રાપ્ત થઈને નહિ.

**અનુક્ત–ઉક્ત**—સફેદ–કાળા અથવા સફેદ–પીળા આદિ રંગોની મેળવણી કરતા કોઈ પુરુષને દેખીને 'તે આ પ્રકારના રંગોને મેળવીને અમુક પ્રકારનો રંગ તૈયાર કરવાનો છે'–એમ, વિશુદ્ધિના બળથી કહ્યા વિના જ જાણી લે છે તે સમયે તેને 'અનુક્ત' પદાર્થનો અવગ્રહ થાય છે; **અથવા**—

બીજા દેશમાં બનેલા કોઈ પચરંગી પદાર્થને કહેતી વખતે, કહેનાર પુરુષ કહેવાનો પ્રયત્ન જ કરી રહ્યો છે, પણ તેના કહ્યા પહેલાં જ, વિશુદ્ધિના બળથી જીવ જે સમયે તે વસ્તુના પાંચ રંગોને જાણી લે છે તે સમયે તેને પણ 'અનુક્ત' પદાર્થનો અવગ્રહ થાય છે.

વિશુદ્ધિની મંદતાને કારણે પચરંગી પદાર્થને કહેવાથી જે સમયે જીવ પાંચ રંગોને જાણે છે ત્યારે તેને 'ઉક્ત' પદાર્થનો અવગ્રહ થાય છે.

**ધ્રુવ–અધ્રુવ**—સંક્લેશ પરિણામ રહિત અને યથાયોગ્ય વિશુદ્ધતા સહિત જીવ જેમ પહેલામાં પહેલો રંગને જે જે પ્રકારે ગ્રહણ કરે છે તે જ પ્રકારે નિશ્ચળરૂપથી કાંઈક કાળ તેવા

રંગને ગ્રહણ કરવાનું બન્યું રહે છે, કાંઈ પણ ઓછું-વધારે થતું નથી, તે વખતે તેને 'ધ્રુવ' પદાર્થનો અવગ્રહ થાય છે.

વારંવાર થતા સંક્લેશ પરિણામ અને વિશુદ્ધિ પરિણામોને કારણે જીવને જે વખતે કાંઈક આવરણ રહે છે અને કાંઈક ઉઘાડ પણ રહે છે તથા ઉઘાડ કંઈક ઉત્કૃષ્ટ કંઈક અનુત્કૃષ્ટ એવી બે દશા રહે છે ત્યારે, જે સમયે કાંઈક હીનતા અને કાંઈક અધિકતાને કારણે ચલ-વિચલપણું રહે છે તે સમયે તેને 'અધ્રુવ' અવગ્રહ થાય છે. **અથવા—**

કૃષ્ણ આદિ ઘણા રંગોને જાણવા અથવા એક રંગને જાણવો, બહુવિધ રંગોને જાણવા કે એકવિધ રંગને જાણવા, જલદી રંગને જાણવા કે ઢીલથી જાણવા, અનિઃસૃત રંગને જાણવો કે નિઃસૃત રંગને જાણવો, અનુક્તરૂપને જાણવો કે ઉક્તરૂપને જાણવો—એવો જે ચલ-વિચલરૂપે જીવ જાણે છે, **તે અધ્રુવ અવગ્રહનો વિષય** છે.

**વિશેષ સમાધાન**—આગમમાં કહ્યું છે કે—ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, રસના, સ્પર્શન અને મન-એ છે પ્રકારનું **લબ્ધ્યક્ષર** શ્રુતજ્ઞાન છે. **'લબ્ધિ'** એટલે ક્ષાયોપશમિક (ઉઘાડરૂપ) શક્તિ અને **'અક્ષર'**નો અર્થ અવિનાશી છે. જે ક્ષાયોપશમિક શક્તિનો કદી નાશ ન થાય તેને લબ્ધ્યક્ષર કહેવામાં આવે છે. આ ઉપરથી સિદ્ધ થઈ જાય છે કે અનિઃસૃત અને અનુક્ત પદાર્થોનું પણ અવગ્રહાદિ જ્ઞાન થાય છે. લબ્ધ્યક્ષર જ્ઞાન એ શ્રુતજ્ઞાનનો ઘણો સૂક્ષ્મ ભેદ છે. જ્યારે એ જ્ઞાનને માનવામાં આવે છે ત્યારે અનિઃસૃત અને અનુક્ત પદાર્થોના અવગ્રહાદિ માનવામાં કોઈ દોષ નથી.

આ સૂત્ર પ્રમાણે મતિજ્ઞાનના ભેદોની સંખ્યા નીચે મુજબ છે :—

અવગ્રહ-ઈહા-અવાય અને ધારણા એ ૪.

પાંચ ઈન્દ્રિય અને મન એ છ દ્વારા ઉપરના ચાર પ્રકારે જ્ઞાન, [૪ × ૬] = ૨૪ તથા વિષયોની અપેક્ષાએ બહુ-બહુવિધ આદિ ૧૨ = [૨૪ × ૧૨] = ૨૮૮ ભેદો છે. ૧૬.

## અવગ્રહાદિના વિષયભૂત પદાર્થભેદો જે ઉપર કહ્યા તે ભેદો કોના છે?

## अर्थस्य ॥१७॥

**અર્થ** :—ઉપર કહેલા બાર અથવા ૨૮૮ ભેદો (अर्थस्य) પદાર્થના (દ્રવ્યના-વસ્તુના) છે.

## ટીકા

આ ભેદો વ્યક્ત પદાર્થના કહ્યા છે; અવ્યક્ત પદાર્થને માટે અઢારમું સૂત્ર કહેશે.

કોઈ કહે કે–'રૂપાદિ ગુણો જ ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ કરી શકાય છે, માટે રૂપાદિ ગુણોનો જ અવગ્રહ થાય છે–નહિ કે દ્રવ્યોનો.' આ કહેવું બરાબર નથી–એમ અહીં બતાવ્યું છે. 'ઇન્દ્રિયો દ્વારા રૂપાદિ જણાય છે' એમ બોલવાનો માત્ર વ્યવહાર છે; રૂપાદિગુણ દ્રવ્યથી અભિન્ન છે તેથી એવો વ્યવહાર થયો છે કે 'મેં રૂપ જોયું, મેં ગંધ સૂંઘી;' પણ ગુણ–પર્યાય દ્રવ્યથી જુદા નહિ હોવાથી પદાર્થનું જ્ઞાન થાય છે. ઇન્દ્રિયોનો સંબંધ પદાર્થો સાથે થાય છે, માત્ર ગુણ –પર્યાયો સાથે થતો નથી. ૧૭.

# અવગ્રહજ્ઞાનમાં વિશેષતા

## व्यञ्जनस्यावग्रहः ॥१८॥

**અર્થ** :—[व्यञ्जनस्य] અપ્રગટરૂપ શબ્દાદિ પદાર્થોનું [अवग्रहः] માત્ર અવગ્રહજ્ઞાન થાય છે–ઈહાદિક ત્રણ જ્ઞાન થતાં નથી.

## ટીકા

અવગ્રહના બે ભેદ છે—(૧) વ્યંજન–અવગ્રહ (૨) અર્થ–અવગ્રહ.

**વ્યંજનાવગ્રહ** :—અવ્યક્ત–અપ્રગટ અર્થના અવગ્રહને વ્યંજનાવગ્રહ કહે છે.

**અર્થાવગ્રહ** :—વ્યક્ત–પ્રગટ પદાર્થના અવગ્રહને અર્થાવગ્રહ કહે છે.

### અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહનાં દૃષ્ટાંતો

૧–ચામડીને ચોપડી સ્પર્શી ત્યારે થોડોક વખત (તે વસ્તુનું જ્ઞાન શરૂ થવા છતાં) તે જ્ઞાન પોતાને પ્રગટરૂપ હોતું નથી, તેથી તે ચોપડીનું જ્ઞાન જીવને અવ્યક્ત–અપ્રગટ હોવાથી તે જ્ઞાનને વ્યંજનાવગ્રહ કહેવામાં આવે છે.

૨–ચોપડી ઉપર દૃષ્ટિ પડતાં, પ્રથમ જે જ્ઞાન પ્રગટરૂપ થાય છે તે વ્યક્ત અથવા પ્રગટ પદાર્થનો અવગ્રહ (અર્થાવગ્રહ) કહેવાય છે.

વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મન સિવાયની ચાર ઇન્દ્રિયો દ્વારા હોય છે; વ્યંજનાવગ્રહ પછી જ્ઞાન પોતાને પ્રગટરૂપ થાય છે તેને અર્થાવગ્રહ કહે છે. ચક્ષુ અને મન દ્વારા અર્થાવગ્રહ જ થાય છે.

## 'અવ્યક્ત'નો અર્થ

જેમ એક માટીના કોરા વાસણને પાણીના છાંટા નાખી ભીંજાવવું શરૂ કરવામાં આવે ત્યારે થોડાક છાંટા પડવા છતાં પણ તે એવા સૂકાઈ જાય છે, કે જોનાર તે ઠામને ભીંજાએલું કહી શકતા નથી, તોપણ યુક્તિથી તો 'તે ભીનું છે' એ વાત માનવી જ પડે છે; તેવી રીતે કાન, નાક, જીભ અને ત્વચા એ ચાર ઇન્દ્રિયો પોતાના વિષયો સાથે ભિડાવાથી જ્ઞાન પેદા થઈ શકે છે તેથી પ્રથમ જ, થોડો વખત સુધી વિષયનો મંદ સંબંધ રહેતો હોવાથી જ્ઞાન (થવાની શરૂઆત થયા છતાં) પ્રગટ જણાતું નથી, તોપણ વિષયનો સંબંધ શરૂ થઈ ગયો છે તેથી જ્ઞાનનું થવું પણ શરૂ થઈ ગયું છે–એ વાત યુક્તિથી અવશ્ય માનવી પડે છે. **તેને (તે શરૂ થઈ ગયેલા જ્ઞાનને) અવ્યક્ત જ્ઞાન અથવા વ્યંજનાવગ્રહ કહે છે.**

જ્યારે વ્યંજનાવગ્રહમાં વિષયનું સ્વરૂપ જ સ્પષ્ટ જાણવામાં નથી આવતું ત્યારે પછી વિશેષતાની શંકા તથા સમાધાનરૂપ ઈહાદિજ્ઞાન તો ક્યાંથી જ થઈ શકે? તેથી અવ્યક્તનો અવગ્રહમાત્ર જ હોય છે–ઈહાદિક હોતાં નથી.

## 'વ્યક્ત'નો અર્થ

મન તથા ચક્ષુ દ્વારા થતું જ્ઞાન વિષય સાથે ભિડાઈને (સ્પર્શાઈને) થતું નથી પણ દૂર રહેવાથી જ થાય છે; તેથી મન અને ચક્ષુ દ્વારા જે જ્ઞાન થાય તે જ્ઞાન 'વ્યક્ત' કહેવાય છે. ચક્ષુ તથા મન દ્વારા થતું જ્ઞાન અવ્યક્ત હોતું જ નથી, તેથી તે દ્વારા અર્થાવગ્રહ જ થાય છે.

## અવ્યક્ત અને વ્યક્તજ્ઞાન

ઉપર કહેલ અવ્યક્તજ્ઞાનનું નામ વ્યંજનાવગ્રહ છે. જ્યારથી વિષયની વ્યક્તતા ભાસવા લાગે છે ત્યારથી તે જ્ઞાનને વ્યક્તજ્ઞાન કહે છે–તેનું નામ અર્થાવગ્રહ છે. આ અર્થાવગ્રહ (અર્થ સહિત અવગ્રહ) બધી ઇન્દ્રિયો તથા મન દ્વારા થાય છે.

## ઇહા

તે અર્થાવગ્રહ પછી ઈહા થાય છે. અર્થાવગ્રહજ્ઞાનમાં કોઈ પદાર્થની જેટલી વિશેષતા ભાસી ચૂકી છે તેનાથી અધિક જાણવાની ઈચ્છા થાય તો તે જ્ઞાન સત્ય (નક્કી કરવા) તરફ વધારે ઝૂકે છે તેને ઈહાજ્ઞાન કહેવામાં આવે છે; તે (ઈહા) સુદૃઢ હોતી નથી. ઈહામાં પ્રાપ્ત થયેલ સત્ય વિષયનો જોકે પૂર્ણ નિશ્ચય નથી હોતો, તોપણ જ્ઞાનનો અધિકાંશ ત્યાં થાય છે. તે (જ્ઞાનના અધિકાંશ) વિષયના સત્યાર્થગ્રાહી જ હોય છે, તેથી ઈહાને સત્ય જ્ઞાનોમાં ગણવામાં આવ્યું છે.

### અવાય

'અવાય'નો અર્થ નિશ્ચય અથવા નિર્ણય થાય છે; ઈહા પછીના કાળ સુધી ઈહાના વિષય પર લક્ષ્ય રહે તો જ્ઞાન સુદૃઢ થઈ જાય છે અને તેને અવાય કહે છે. જ્ઞાનના અવગ્રહ, ઈહા અને અવાય એ ત્રણે ભેદોમાંથી અવાય ઉત્કૃષ્ટ અથવા સર્વથી અધિક વિશેષજ્ઞાન છે.

### ધારણા

ધારણા એ અવાય પછી થાય છે, પરંતુ તેમાં કાંઈક અધિક દૃઢતા ઉત્પન્ન થવા સિવાય બીજી વિશેષતા નથી. ધારણાની સુદૃઢતાને કારણે એક એવો સંસ્કાર ઉત્પન્ન થાય છે, કે જે થઈ જવાથી પૂર્વના અનુભવનું સ્મરણ થઈ શકે.

## એક પછી બીજું જ્ઞાન થાય જ કે કેમ ?

અવગ્રહ થયા પછી ઈહા થાય અગર ન પણ થાય. અવગ્રહ પછી ઈહા થાય તો એક ઈહા જ થઈ છૂટી જાય અને ક્યારેક ક્યારેક અવાય પણ થાય. અવાય થયા પછી ધારણા થાય અગર ન પણ થાય.

## ઇહાજ્ઞાન સત્ય કે મિથ્યા ?

જે જ્ઞાનમાં બે વિષય એવા આવી પડે કે જેમાં એક સત્ય હોય અને બીજો મિથ્યા હોય, તો (તેવા પ્રસંગે) જે અંશની ઉપર જ્ઞાન કરવાનું અધિક ધ્યાન હોય તેને અનુસાર એ જ્ઞાનને સત્ય કે મિથ્યા માની લેવું જોઈએ. જેમ–એક ચંદ્રમાને દેખતાં જો બે ચંદ્રમાનું જ્ઞાન થાય અને ત્યાં જો દેખનારનું લક્ષ્ય કેવળ ચંદ્રમાને સમજી લેવાની તરફ હોય, તો તે જ્ઞાનને સત્ય માનવું જોઈએ અને જો દેખનારનું લક્ષ્ય એક–બે એવી સંખ્યા નક્કી કરવા તરફ હોય, તો તે જ્ઞાનને અસત્ય (મિથ્યા) માનવું જોઈએ.

આ નિયમને અનુસરીને ઈહામાં જ્ઞાનનો અધિકાંશ વિષયનો સત્યાંશગ્રાહી જ હોય છે, તેથી ઈહાને સત્યજ્ઞાનમાં ગણવામાં આવ્યું છે.

## 'ધારણા' અને 'સંસ્કાર' સંબંધી ખુલાસો

**શંકા**–ધારણા નામ કોઈ ઉપયોગ જ્ઞાનનું છે કે સંસ્કારનું?

**શંકાકારની દલીલ :**—જો ઉપયોગરૂપ જ્ઞાનનું નામ ધારણા હોય તો, તે ધારણા સ્મરણને ઉત્પન્ન કરવાને સમર્થ નહિ થાય, કેમ કે કાર્ય–કારણરૂપ પદાર્થોમાં પરસ્પર કાળનું અંતર રહી શકતું નથી. ધારણા ક્યારે થાય છે અને સ્મરણ ક્યારે, તેમાં કાળનું મોટું જ અંતર પડે છે; જો તેને (ધારણાને) સંસ્કારરૂપ માની સ્મરણના સમય સુધી વિદ્યમાન માનવીની કલ્પના

કરીએ તો તે પ્રત્યક્ષનો ભેદ થતો નથી, કેમ કે સંસ્કારરૂપ જ્ઞાન પણ સ્મરણની અપેક્ષાએ મલિન છે; સ્મરણ ઉપયોગરૂપ હોવાથી પોતાના સમયમાં તે બીજો ઉપયોગ થવા દેતું નથી અને પોતે કાંઈક વિશેષ જ્ઞાન ઉત્પન્ન કરે છે; પરંતુ ધારણા સંસ્કારરૂપ હોવાથી તેના રહેવા છતાં પણ અન્ય-અન્ય અનેક જ્ઞાનો ઉત્પન્ન થતા રહે છે અને સ્વયં તે ધારણા તો અર્થનું જ્ઞાન જ કરાવી શકતી નથી. [આ શંકાકારની દલીલ છે, હવે તેનું સમાધાન કરે છે.]

**સમાધાન** :—'ધારણા' ઉપયોગરૂપ જ્ઞાનનું નામ પણ છે અને સંસ્કારનું પણ નામ છે. ધારણાને પ્રત્યક્ષ જ્ઞાનમાં ગણી છે અને તેની ઉત્પત્તિ પણ અવાયની પછી જ થાય છે; તેનું સ્વરૂપ પણ અવાયની અપેક્ષાએ અધિક દ્રઢરૂપ છે, તેથી તેને ઉપયોગરૂપ જ્ઞાનમાં ગર્ભિત કરવું જોઈએ.

તે ધારણા સ્મરણને ઉત્પન્ન કરે છે અને કાર્યના પૂર્વ ક્ષણમાં કારણ રહેવું જ જોઈએ, માટે તેને સંસ્કારરૂપ પણ કહી શકાય છે. તાત્પર્ય એ છે કે જે સ્મરણના સમય સુધી રહે છે, તેને કોઈ કોઈ જગ્યાએ ધારણાથી જુદું ગણાવ્યું છે અને કોઈ કોઈ જગ્યાએ ધારણાના નામથી કહ્યું છે. ધારણા તથા તે સંસ્કારમાં કારણ-કાર્ય સંબંધ છે. તેથી જ્યાં ભેદવિવક્ષા મુખ્ય હોય ત્યાં જુદાં ગણવામાં આવે છે અને જ્યાં અભેદવિવક્ષા મુખ્ય હોય ત્યાં જુદાં નહિ ગણતાં કેવળ ધારણાને જ સ્મરણનું કારણ કહ્યું છે.

## ચાર ભેદોની વિશેષતા

એ રીતે અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એ ચાર મતિજ્ઞાનના ભેદો છે; તેનું સ્વરૂપ ઉત્તરોત્તર તરતમ-વધારે શુદ્ધ હોય છે અને તેને પૂર્વ-પૂર્વ જ્ઞાનનું કાર્ય સમજવું જોઈએ. એક વિષયની ઉત્તરોત્તર વિશેષતા તેના દ્વારા જાણવામાં આવે છે, તેથી તે ચારે જ્ઞાનોને એક જ જ્ઞાનના વિશેષ પ્રકાર પણ કહી શકાય છે. મતિ સ્મૃતિ આદિની માફક તેમાં કાળનો અસંબંધ નથી તથા બુદ્ધિ-મેધાદિની માફક વિષયનો અસંબંધ તેમાં નથી. ૧૮.

## न चक्षुरनिन्द्रियाभ्याम् ॥१९॥

**અર્થ** :—વ્યંજનાવગ્રહ [चक्षुः अनिन्द्रियाभ्याम्] નેત્ર અને મનથી [न] થતો નથી.

## ટીકા

મતિજ્ઞાનના ૨૨૮ ભેદ ૧૬મા સૂત્રમાં આપ્યા છે અને વ્યંજનાવગ્રહ ચાર ઈન્દ્રિયો દ્વારા થાય છે, તેથી તેના બહુ, બહુવિધ આદિ ૧૨ ભેદ ગણાતાં ૪૮ ભેદ થાય છે. એ રીતે મતિજ્ઞાનના ૩૩૬ પ્રભેદ થાય છે. ૧૯.

## શ્રુતજ્ઞાનનું વર્ણન, ઉત્પત્તિનો ક્રમ તથા તેના ભેદ

## श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् ॥२०॥

**અર્થ** :—[श्रुतम्] શ્રુતજ્ઞાન [मतिपूर्वं] મતિજ્ઞાનપૂર્વક હોય છે–અર્થાત્ મતિજ્ઞાન પછી થાય છે; તે શ્રુતજ્ઞાન [द्व्यनेकद्वादशभेदम्] બે, અનેક અને બાર ભેદવાળું છે.

### ટીકા

(૧) સમ્યગ્જ્ઞાનનો વિષય ચાલે છે, [જુઓ, સૂત્ર ૯] માટે આ સમ્યક્શ્રુતજ્ઞાનને લગતું સૂત્ર છે–એમ સમજવું. મિથ્યાશ્રુતજ્ઞાન સંબંધમાં ૩૧મું સૂત્ર છે.

**(૨) શ્રુતજ્ઞાનઃ**—મતિજ્ઞાનથી ગ્રહણ કરવામાં આવેલા પદાર્થથી, તેનાથી જુદા પદાર્થને ગ્રહણ કરનારું જ્ઞાન શ્રુતજ્ઞાન છે. તેનાં દૃષ્ટાંતો :—

૧–સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળી, આત્માનું યથાર્થ જ્ઞાન થવું–તેમાં ઉપદેશ સાંભળવો તે મતિજ્ઞાન છે, પછી વિચાર કરી આત્માનું ભાન પ્રગટ કરવું તે શ્રુતજ્ઞાન છે.

૨–શબ્દથી ઘટાદિ પદાર્થોનું જાણવું–તેમાં 'ઘટ' શબ્દ સાંભળવો તે મતિજ્ઞાન છે અને તે ઉપરથી ઘડા પદાર્થનું જ્ઞાન થવું તે શ્રુતજ્ઞાન છે.

૩–ધૂમાડાથી અગ્નિનું ગ્રહણ કરવું–તેમાં ધૂમાડો આંખે દેખી જ્ઞાન થયું તે મતિજ્ઞાન છે અને ધૂમાડા ઉપરથી અગ્નિનું અનુમાન કરવું તે શ્રુતજ્ઞાન છે.

૪–એક માણસ 'વહાણ' એવો શબ્દ સાંભળે છે, તે મતિજ્ઞાન છે. પૂર્વે વહાણના ગુણો સાંભળ્યા અથવા વાંચ્યા હતા તે સંબંધી ['વહાણ' શબ્દ સાંભળી] જે વિચારો ઉત્પન્ન કરે છે, તે વિચારો શ્રુતજ્ઞાન છે.

(૩) મતિજ્ઞાન દ્વારા જાણેલા વિષયનું અવલંબન લઈ જે ઉત્તર તર્કણા (બીજા વિષય સંબંધી વિચારો) જીવ કરે છે તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાનના બે પ્રકાર છે—૧–અક્ષરાત્મક, ૨–અનક્ષરાત્મક. 'આત્મા' શબ્દ સાંભળી આત્માના ગુણોનું હૃદયમાં પ્રગટ કરવું તે અક્ષરાત્મક શ્રુતજ્ઞાન છે. અક્ષર અને પદાર્થને વાચક-વાચ્ય સંબંધ છે. 'વાચક' તે શબ્દ છે તેનું જ્ઞાન મતિજ્ઞાન છે; અને તેના નિમિત્તે 'વાચ્ય'નું જ્ઞાન થવું તે શ્રુતજ્ઞાન છે. પરમાર્થે જ્ઞાન કોઈ અક્ષર નથી, અક્ષર તો જડ છે, તે પુદ્‌ગલસ્કંધનો પર્યાય છે; તે નિમિત્ત માત્ર છે. 'અક્ષરાત્મક શ્રુતજ્ઞાન' કહેવામાં આવ્યું તે કાર્યમાં કારણનો (નિમિત્તનો) માત્ર ઉપચાર કર્યો છે–એમ સમજવું.

(૪) શ્રુતજ્ઞાન તે જ્ઞાનગુણનો પર્યાય છે, તે થવામાં મતિજ્ઞાન નિમિત્ત માત્ર છે. શ્રુતજ્ઞાન

પહેલાં જ્ઞાનગુણનો મતિજ્ઞાનરૂપ પર્યાય હોય છે અને તે પર્યાયનો વ્યય થતાં શ્રુતજ્ઞાન પ્રગટે છે; તેથી મતિજ્ઞાનનો વ્યય શ્રુતજ્ઞાનનું નિમિત્ત છે, તે 'અભાવરૂપ નિમિત્ત' છે; એટલે કે મતિજ્ઞાનનો જે વ્યય થાય છે તે શ્રુતજ્ઞાનને ઉત્પન્ન કરતું નથી, શ્રુતજ્ઞાન તો પોતાના ઉપાદાન કારણે ઉત્પન્ન થાય છે. [મતિજ્ઞાનથી શ્રુતજ્ઞાન અધિક વિશુદ્ધ હોય છે.]

(૫) **પ્રશ્ન** :—જગતમાં કારણની સમાન કાર્ય થાય છે, તેથી મતિજ્ઞાન સમાન શ્રુતજ્ઞાન હોવું જોઈએ?

**ઉત્તર** :—ઉપાદાન કારણની સમાન કાર્ય થાય છે, પણ નિમિત્તકારણ સમાન કાર્ય થતું નથી. જેમ ઘડો થવામાં દંડ, ચક્ર, કુંભાર, આકાશ આદિ નિમિત્ત કારણો છે, પણ ઉત્પન્ન થયેલો ઘડો તે દંડ, ચક્ર, કુંભાર, આકાશ આદિની સમાન નથી, ભિન્ન સ્વરૂપે જ (માટી સ્વરૂપે જ) છે. તેમ શ્રુતજ્ઞાનના ઉત્પન્ન થવામાં મતિ નામ (ફક્ત નામ) માત્ર બાહ્ય કારણ છે, વળી તેનું સ્વરૂપ શ્રુતજ્ઞાનથી ભિન્ન છે.

(૬) શ્રુતજ્ઞાન એકવાર થયા પછી વિચાર લંબાય ત્યારે બીજું શ્રુતજ્ઞાન મતિજ્ઞાન વચ્ચે આવ્યા વિના પણ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન** :—તેવા શ્રુતજ્ઞાનને 'मतिपूर्वं......' (મતિપૂર્વક) એ સૂત્રમાં આપેલી વ્યાખ્યા કેમ લાગુ પડે?

**ઉત્તર** :—તેમાં પહેલું શ્રુતજ્ઞાન મતિપૂર્વક થયું હતું, તેથી બીજું શ્રુતજ્ઞાન મતિપૂર્વક છે એવો ઉપચાર કરી શકાય છે. સૂત્રમાં 'પૂર્વં' પહેલાં 'સાક્ષાત્' શબ્દ વાપર્યો નથી, માટે શ્રુતજ્ઞાન સાક્ષાત્ મતિપૂર્વક અને પરંપરા મતિપૂર્વક–એમ બે પ્રકારે થાય છે–એમ સમજવું.

### (૭) ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત

શ્રુતજ્ઞાનમાં તારતમ્યતાની અપેક્ષાએ ભેદ પડે છે અને તેના નિમિત્તમાં પણ ભેદ પડે છે. ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત એ બન્નેમાં બે, અનેક અને બાર ભેદ પડે છે. ભાવશ્રુતને ભાવાગમ પણ કહી શકાય છે અને તેમાં દ્રવ્યઆગમ નિમિત્ત હોય છે. દ્રવ્યઆગમ (શ્રુત)ના બે ભેદ— ૧–અંગપ્રવિષ્ટ અને ૨–અંગબાહ્ય છે; અંગપ્રવિષ્ટના બાર ભેદ છે.

### (૮) અનક્ષરાત્મક અને અક્ષરાત્મક શ્રુતજ્ઞાન

અનક્ષરાત્મક શ્રુતજ્ઞાનના બે ભેદ—પર્યાયજ્ઞાન અને પર્યાયસમાસ છે. સૂક્ષ્મ નિગોદિયા જીવને ઉત્પન્ન થતી વખતે જે પહેલે સમયે સર્વ જઘન્ય શ્રુતજ્ઞાન હોય છે તે પર્યાયજ્ઞાન છે. બીજો ભેદ પર્યાયસમાસ છે. સર્વ જઘન્ય જ્ઞાનથી અધિક જ્ઞાનને પર્યાયસમાસ કહે છે. [તેના અસંખ્યાત લોકપ્રમાણ ભેદ છે.] નિગોદિયા જીવને સમ્યક્ શ્રુતજ્ઞાન હોતું નથી, પણ મિથ્યાશ્રુત

હોય છે; માટે આ બે ભેદ સામાન્ય શ્રુતજ્ઞાનની અપેક્ષાએ કહ્યા છે એમ સમજવું.

**(૯)** સમ્યક્ અને મિથ્યા એવા બે ભેદ નહિ લેતાં, સામાન્ય મતિશ્રુતજ્ઞાનનો વિચાર કરીએ તો દરેક છદ્મસ્થ જીવને મતિ અને શ્રુતજ્ઞાન હોય છે. સ્પર્શ વડે કોઈ વસ્તુનું જાણવું થયું તે મતિજ્ઞાન છે; અને તેના સંબંધથી 'આ હિતકારી નથી' ઈત્યાદિ જ્ઞાન થવું તે શ્રુતજ્ઞાન છે, તે અનક્ષરાત્મક શ્રુતજ્ઞાન છે. એકેન્દ્રિયાદિક અસંજ્ઞી જીવોને અનક્ષરાત્મક શ્રુતજ્ઞાન જ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને બન્ને પ્રકારનું શ્રુતજ્ઞાન હોય છે.

### (૧૦) પ્રમાણના બે પ્રકાર

પ્રમાણના બે પ્રકાર છે—૧–સ્વાર્થ પ્રમાણ, ૨–પરાર્થ પ્રમાણ. સ્વાર્થ પ્રમાણ તો જ્ઞાનસ્વરૂપ છે અને પરાર્થ પ્રમાણ વચનરૂપ છે. શ્રુત સિવાયના ચાર જ્ઞાન સ્વાર્થ પ્રમાણ છે. શ્રુત પ્રમાણ સ્વાર્થ–પરાર્થ બંનેરૂપ છે, તેથી જ્ઞાનરૂપ અને વચનરૂપ છે. શ્રુત ઉપાદાન છે, વચન તેનું નિમિત્ત છે. [ વિકલ્પનો સમાવેશ વચનમાં થઈ જાય છે. ] પરાર્થ પ્રમાણનો અંશ તે 'નય' છે.

[જુઓ, પંચાધ્યાયી ભાગ–૧ પૃ.–૩૪૪ શ્રી દેવકીનંદનકૃત; જૈન સિદ્ધાંત દર્પણ પાનું–૨૨; રાજવાર્તિક–પાનું–૧૫૩; સર્વાર્થસિદ્ધિ પાનું–૫૬ અધ્યાય–૧ સૂત્ર–૬]

### (૧૧) 'શ્રુત'નો અર્થ

શ્રુતનો અર્થ 'સાંભળેલો વિષય' અથવા 'શબ્દ' એવો થાય છે. જોકે શ્રુતજ્ઞાન મતિજ્ઞાન પછી થઈ શકે છે. તોપણ વર્ણવવા લાયક તથા શિક્ષાયોગ્ય સર્વ વિષયો તેમાં (શ્રુતજ્ઞાનમાં) આવે છે અને તે સાંભળીને જાણી શકાય છે. એ રીતે 'શ્રુતજ્ઞાન'માં શ્રુતનો (શબ્દનો) સંબંધ મુખ્યતાથી છે; તે કારણે શ્રુતજ્ઞાનને શાસ્ત્રજ્ઞાન (ભાવશાસ્ત્રજ્ઞાન) પણ કહેવામાં આવે છે. (શબ્દો સાંભળીને જે શ્રુતજ્ઞાન થાય છે તે સિવાય બીજા પ્રકારનું પણ શ્રુતજ્ઞાન થાય છે.) સમ્યગ્જ્ઞાની પુરુષનો ઉપદેશ સાંભળવા ઉપરથી પાત્ર જીવોને આત્માનું યથાર્થ જ્ઞાન થઈ શકે છે તે અપેક્ષાએ તેને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે.

**(૧૨)** રૂઢિના બળથી પણ મતિપૂર્વક થતા આ વિશેષ જ્ઞાનને 'શ્રુતજ્ઞાન' કહેવામાં આવે છે.

**(૧૩)** શ્રુતજ્ઞાનને વિતર્ક પણ કહેવામાં આવે છે. [અધ્યાય ૯, સૂત્ર–૩૯]

### (૧૪) અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય

**અંગપ્રવિષ્ટ બાર ભેદનાં નામ**—૧–આચારાંગ, ૨–સૂત્રકૃતાંગ, ૩–સ્થાનાંગ, ૪–સમવાયાંગ, ૫–વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અંગ, ૬–જ્ઞાતૃધર્મકથા અંગ, ૭–ઉપાસક અધ્યયનાંગ, ૮–અન્તકૃતદશાંગ, ૯–અનુત્તરૌપપાદિક અંગ, ૧૦–પ્રશ્નવ્યાકરણ અંગ, ૧૧–વિપાકસૂત્રાંગ અને ૧૨–દૃષ્ટિપ્રવાદ અંગ.

**અંગબાહ્ય** શ્રુતમાં ચૌદ પ્રકીર્ણક હોય છે.

આ બાર અંગ અને ચૌદ પૂર્વની રચના, જે દિવસે તીર્થંકર ભગવાનનો દિવ્યધ્વનિ છૂટે છે ત્યારે ભાવશ્રુતરૂપ પર્યાયથી પરિણત ગણધરભગવાન એક જ મુહૂર્તમાં ક્રમથી કરે છે.

**(૧૫)** આ બધાં શાસ્ત્રો નિમિત્ત માત્ર છે; ભાવશ્રુતજ્ઞાનમાં તેને અનુસરીને તારતમ્યતા હોય છે–એમ સમજવું.

### (૧૬) મતિ અને શ્રુતજ્ઞાન વચ્ચેનો ભેદ–

**પ્રશ્ન** :—જેમ મતિજ્ઞાન ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થાય છે. તેમ શ્રુતજ્ઞાન પણ ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થાય છે–તો પછી તેમાં ભેદ શું છે?

**શંકાકારનાં કારણો**—ઇન્દ્રિય અને મનથી મતિજ્ઞાનની ઉત્પત્તિ થાય છે, તે પ્રસિદ્ધ છે અને શ્રુતજ્ઞાન વક્તાના કહેવાથી અને શ્રોતાના સાંભળવાથી ઉત્પન્ન થાય છે, તેથી વક્તાની જીભ અને શ્રોતાના કાન તથા મન એ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં કારણો છે; એ રીતે મતિ–શ્રુત બન્નેના ઉત્પાદક કારણ ઇન્દ્રિયો અને મન થયાં, માટે તેને એક માનવાં જોઈએ.

**ઉત્તર** :—મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને એક માનવાં તે બરાબર નથી. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંને ઇન્દ્રિયો અને મનથી ઉત્પન્ન થાય છે એ હેતુ અસિદ્ધ છે; કેમ કે જીભ અને કાનને શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ માનવાં તે ભૂલ છે. જીભ તો શબ્દનું ઉચ્ચારણ કરવામાં કારણ છે, શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ નથી. કાન પણ જીવને થતા મતિજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ છે, શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ નથી; તેથી શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં બે ઇન્દ્રિયોને કારણ બતાવવી, મતિ અને શ્રુતજ્ઞાન બંને ઇન્દ્રિયો અને મનથી ઉત્પન્ન થાય છે એમ કહીને બન્નેની એકતા માનવી તે મિથ્યા છે. તે બે ઇન્દ્રિયો શ્રુતજ્ઞાનમાં નિમિત્ત નથી. એ રીતે મતિ અને શ્રુતજ્ઞાનની ઉત્પત્તિના કારણમાં ભેદ છે. મતિજ્ઞાન ઇન્દ્રિયો અને મનના કારણે ઉત્પન્ન થાય છે, અને જે પદાર્થનો ઇન્દ્રિયો તથા મન દ્વારા મતિજ્ઞાનથી નિર્ણય થઈ ગયો હોય તે પદાર્થનું મન દ્વારા જે વિશેષતાથી જ્ઞાન થાય છે તે શ્રુતજ્ઞાન છે; માટે બન્ને જ્ઞાન એક નથી પણ જુદાં જુદાં છે.

### (૧૭) વિશેષ ખુલાસો–

૧–ઇન્દ્રિય અને મન દ્વારા 'આ ઘડો છે' એમ નિશ્ચય કર્યો તે મતિજ્ઞાન છે; ત્યારપછી એ ઘડાથી જુદા, અનેક સ્થળો અને અનેક કાળમાં રહેવાવાળા અથવા ભિન્ન રંગોના સમાન જાતિના બીજા ઘડાનું જ્ઞાન કરવું તે શ્રુતજ્ઞાન છે. એક પદાર્થને જાણ્યા બાદ સમાન જાતિના બીજા પ્રકારને જાણવા તે શ્રુતજ્ઞાનનો વિષય છે. અથવા–

૨-ઈન્દ્રિય અને મન દ્વારા જે ઘડાનો નિશ્ચય કર્યો, ત્યારપછી તેના ભેદોનું જ્ઞાન કરવું તે શ્રુતજ્ઞાન છે; જેમ કે-અમુક ઘડો અમુક રંગનો છે, અથવા અમુક ઘડો માટીનો છે-અમુક ઘડો તાંબા પિત્તળનો છે; એવી રીતે ઈન્દ્રિય અને મન દ્વારા નિશ્ચય કરી તેના ભેદ-પ્રભેદને જાણનારું જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. તે જ (મતિજ્ઞાને જાણેલા) પદાર્થના ભેદ-પ્રભેદનું જ્ઞાન તે પણ શ્રુતજ્ઞાન છે. અથવા-

૩-'આ જીવ છે' કે 'આ અજીવ છે' એવો નિશ્ચય કર્યા પછી જે જ્ઞાનથી સત્-સંખ્યાદિ દ્વારા તેનું સ્વરૂપ જાણવામાં આવે છે તે શ્રુતજ્ઞાન છે; કેમ કે તે વિશેષસ્વરૂપનું જ્ઞાન ઈન્દ્રિય દ્વારા થઈ શકતું નથી, તેથી તે મતિજ્ઞાનનો વિષય નથી પણ શ્રુતજ્ઞાનનો વિષય છે. જીવ-અજીવ જાણ્યા પછી તેના સત્-સંખ્યાદિ વિશેષોનું જ્ઞાન માત્ર મનના નિમિત્તથી થાય છે. મતિજ્ઞાનમાં એક પદાર્થ સિવાય બીજા પદાર્થનું કે તે જ પદાર્થના વિશેષોનું જ્ઞાન થતું નથી; માટે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જુદા જુદા છે. અવગ્રહ પછી ઈહાજ્ઞાનમાં તે જ પદાર્થનું વિશેષજ્ઞાન છે અને ઈહા પછી અવાયમાં તે જ પદાર્થનું વિશેષ જ્ઞાન છે; પણ તેમાં (ઈહા કે અવાયમાં) તે જ પદાર્થના ભેદ-પ્રભેદનું જ્ઞાન નથી, માટે તે મતિજ્ઞાન છે-શ્રુતજ્ઞાન નથી. (અવગ્રહ, ઈહા, અવાય એ મતિજ્ઞાનના ભેદો છે.)

## સૂત્ર ૧૧ થી ૨૦ સુધીનો સિદ્ધાંત

જીવને સમ્યગ્દર્શન થતાં જ સમ્યક્મતિ અને સમ્યક્શ્રુતજ્ઞાન થાય છે. સમ્યગ્દર્શન કારણ છે અને સમ્યગ્જ્ઞાન કાર્ય છે-એમ સમજવું. આ સમ્યક્મતિ અને શ્રુતજ્ઞાનના જે ભેદ આપ્યા છે તે જ્ઞાનની વિશેષ નિર્મળતા થવા માટે આપ્યા છે; પણ તે ભેદમાં અટકી, રાગમાં રોકાઈ રહેવા માટે આપ્યા નથી; માટે તે ભેદોનું સ્વરૂપ જાણી જીવે પોતાના ત્રિકાળી અખંડ અભેદ ચૈતન્યસ્વભાવ તરફ વળી નિર્વિકલ્પ થવાની જરૂર છે. ૨૦.

# અવધિજ્ઞાનનું વર્ણન

## भवप्रत्ययोऽवधिर्देवनारकाणाम् ॥२१॥

**અર્થ** :—[भवप्रत्ययः] ભવપ્રત્યય નામનું [अवधिः] અવધિજ્ઞાન [देवनारकाणाम्] દેવ અને નારકીઓને હોય છે.

## ટીકા

(૧) અવધિજ્ઞાનના બે ભેદ છે :—૧-ભવપ્રત્યય, ૨-ગુણપ્રત્યય. કારણ અને નિમિત્ત એ ત્રણ એકાર્થવાચક શબ્દો છે. અહીં 'ભવપ્રત્યય' શબ્દ બાહ્ય નિમિત્તની અપેક્ષાએ કહેલ છે,

અંતરંગ નિમિત્ત તો દરેક પ્રકારના અવધિજ્ઞાનમાં અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોય છે.

(૨) દેવ અને નારકપર્યાય ધારણ કરતાં, જીવને જે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે ભવપ્રત્યય કહેવાય છે. જેમ પક્ષીઓમાં જન્મ થવો તે જ આકાશમાં ગમનનું નિમિત્ત છે, નહિ કે શિક્ષા, જપ, તપ આદિક; તેમ જ નારકી અને દેવના પર્યાયમાં ઉત્પત્તિમાત્રથી અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. [અહીં સમ્યગ્જ્ઞાનનો વિષય છે તોપણ અહીં સમ્યક્ કે મિથ્યાના ભેદ વગર સામાન્ય અવધિજ્ઞાનને માટે 'ભવપ્રત્યય' શબ્દ વાપર્યો છે.]

(૩) ભવપ્રત્યય અવધિજ્ઞાન દેવ, નારકી તથા તીર્થંકરોને (છદ્મસ્થ દશામાં) હોય છે, તે નિયમથી દેશાવધિ હોય છે; તે સમસ્ત પ્રદેશથી ઉત્પન્ન થાય છે.

(૪) 'ગુણપ્રત્યય'—કોઈ ખાસ પર્યાય (ભવ)ની અપેક્ષા ન રાખતાં, જીવના પુરુષાર્થ વડે જે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે ગુણપ્રત્યય અથવા ક્ષયોપશમનિમિત્તક કહેવાય છે. ૨૧.

## ક્ષયોપશમ-નિમિત્તક અવધિજ્ઞાનના ભેદ તથા તેના સ્વામી

### क्षयोपशमनिमित्तः षड्विकल्पः शेषाणाम् ॥२२॥

**અર્થ** :—[क्षयोपशमनिमित्तः] ક્ષયોપશમ-નિમિત્તક અવધિજ્ઞાન [षड्विकल्पः] અનુગામી, અનનુગામી, વર્દ્ધમાન, હીયમાન, અવસ્થિત, અનવસ્થિત-એવા છ ભેદવાળું છે અને તે [शेषाणाम्] મનુષ્ય તથા તિર્યંચને થાય છે.

### ટીકા

(૧) **અનુગામી**—જે અવધિજ્ઞાન સૂર્યના પ્રકાશની માફક જીવની સાથે સાથે જાય, તેને અનુગામી કહે છે.

**અનનુગામી**—જે અવધિજ્ઞાન જીવની સાથે સાથે ન જાય, તેને અનનુગામી કહે છે.

**વર્દ્ધમાન**—જે અવધિજ્ઞાન શુક્લપક્ષના ચંદ્રની કળાની માફક વધતું રહે, તેને વર્દ્ધમાન કહે છે.

**હીયમાન**—જે અવધિજ્ઞાન કૃષ્ણપક્ષના ચંદ્રની કળાની માફક ઘટતું રહે, તેને હીયમાન કહે છે.

**અવસ્થિત**—જે અવધિજ્ઞાન એક સરખું રહે, ન વધે-ન ઘટે, તેને અવસ્થિત કહે છે.

**અનવસ્થિત**—પાણીના તરંગોની માફક ઘટતું-વધતું રહે, એકસરખું ન રહે, તેને અનવસ્થિત કહે છે.

(૨) મનુષ્યોને આ અવધિજ્ઞાન થાય છે એમ કહ્યું છે તેમાં તીર્થંકરો ન લેવા, બીજા મનુષ્યો સમજવા; તે પણ બહુ થોડા મનુષ્યોને થાય છે. આ અવધિજ્ઞાનને 'ગુણપ્રત્યય' પણ કહેવામાં આવે છે. તે નાભિની ઉપર શંખ, પદ્મ, વજ્ર, સ્વસ્તિક, કલશ, માછલાં આદિ શુભ ચિહ્ન દ્વારા થાય છે.

(૩) અવધિજ્ઞાનના [૧]પ્રતિપાતિ, [૨]અપ્રતિપાતિ, દેશાવધિ, પરમાવધિ અને સર્વાવધિ એવા ભેદો પણ પડે છે.

(૪) [+]જઘન્ય દેશાવધિ સંયત તથા અસંયત મનુષ્યો અને તિર્યંચને થાય છે; (દેવ–નારકીને થતું નથી.) ઉત્કૃષ્ટ દેશાવધિ સંયત ભાવમુનિને જ થાય છે, અન્ય તીર્થંકરાદિક ગૃહસ્થ –મનુષ્ય, દેવ, નારકીને નહિ; તેમને દેશાવધિ થાય છે.

(૫) દેશાવધિ એ ઉપર [પારા ૧માં] કહેલા છ પ્રકાર તથા પ્રતિપાતિ તથા અપ્રતિપાતિ એમ આઠ પ્રકારનું હોય છે. પરમાવધિ અનુગામી, અનનુગામી, વર્દ્ધમાન, અવસ્થિત, અનવસ્થિત અને અપ્રતિપાતી હોય છે.

(૬) અવધિજ્ઞાન રૂપી–પુદ્‌ગલ તથા તે પુદ્‌ગલના સંબંધવાળા સંસારી જીવ (ના વિકારી ભાવ)ને પ્રત્યક્ષ જાણે છે.

(૭) **દ્રવ્ય અપેક્ષાએ જઘન્ય અવધિજ્ઞાનનો વિષય**—એક જીવના ઔદારિક શરીર સંચયના લોકાકાશ–પ્રદેશપ્રમાણ ખંડ કરતાં તેના એક ખંડ સુધીનું જ્ઞાન હોય છે.

**દ્રવ્ય અપેક્ષાએ સર્વાવધિજ્ઞાનનો વિષય**—એક પરમાણુ સુધી જાણે છે. [જુઓ, સૂત્ર ૨૮ની ટીકા]

**દ્રવ્ય અપેક્ષાએ મધ્યમ અવધિજ્ઞાનનો વિષય**—જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેના દ્રવ્યોના ભેદોને જાણે છે.

**ક્ષેત્ર અપેક્ષાએ ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનો વિષય**—ઉત્સેધાંગુલના [આઠ યવ મધ્યના] અસંખ્યાતમા ભાગ સુધીના ક્ષેત્રને જાણે છે;

**ક્ષેત્ર અપેક્ષાએ ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનો વિષય**—અસંખ્યાત લોકપ્રમાણ સુધી ક્ષેત્રને જાણે છે.

**ક્ષેત્ર અપેક્ષાએ મધ્યમ અવધિજ્ઞાનનો વિષય**—જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેના ક્ષેત્રભેદોને જાણે છે.

---

૧. પ્રતિપાતિ = પડી જાય તેવું; ૨. અપ્રતિપાતિ = ન પડે તેવું.

+ જઘન્ય = સૌથી થોડું.

**કાળ અપેક્ષાએ જઘન્ય અવધિજ્ઞાનનો વિષય**—(જઘન્યથી) આવલિના અસંખ્યાતભાગપ્રમાણ ભૂત અને ભવિષ્યને જાણે છે.

**કાળ અપેક્ષાએ ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનો વિષય**—અસંખ્યાત લોકપ્રમાણ અતીત અને અનાગત કાળને જાણે છે.

**કાળ અપેક્ષાએ મધ્યમ અવધિજ્ઞાનનો વિષય**—જઘન્ય અને ઉત્કૃષ્ટ વચ્ચેના કાળભેદોને જાણે છે.

**ભાવની અપેક્ષાએ અવધિજ્ઞાનનો વિષય**—પહેલાં દ્રવ્યપ્રમાણ નિરૂપણ કરેલ દ્રવ્યોની શક્તિને જાણે છે. [શ્રી ધવલા પુસ્તક ૧, પાનું–૯૩–૯૪]

(૮) કર્મનો ક્ષયોપશમ નિમિત્તમાત્ર છે એમ સમજવું, એટલે કે જીવ પોતાના પુરુષાર્થથી પોતાના જ્ઞાનનો વિશુદ્ધ અવધિજ્ઞાનપર્યાય પ્રગટ કરે છે તેમાં પોતે જ કારણ છે. અવધિજ્ઞાન વખતે અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ સ્વયં હોય એટલો સંબંધ બતાવવા નિમિત્ત જણાવ્યું છે. કર્મની તે વખતની સ્થિતિ કર્મના પોતાના કારણે ક્ષયોપશમરૂપ હોય છે, એટલો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે તે અહીં બતાવ્યો છે.

(૯) **ક્ષયોપશમનો અર્થ**—(૧) સર્વઘાતિ સ્પર્દ્ધકોનો ઉદયાભાવી ક્ષય; (૨) દેશઘાતિ સ્પર્દ્ધકોમાં ગુણનો સર્વથા ઘાત કરવાની શક્તિનો ઉપશમ તેને ક્ષયોપશમ કહે છે. તથા—

ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનમાં વેદક સમ્યક્‌ત્વપ્રકૃતિના સ્પર્દ્ધકોને 'ક્ષય' અને મિથ્યાત્વ તથા સમ્યક્‌મિથ્યાત્વ પ્રકૃતિઓના ઉદયભાવને ઉપશમ કહે છે. પ્રકૃતિઓનો ક્ષય તથા ઉપશમને ક્ષયોપશમ કહે છે. [શ્રી ધવલા, પુસ્તક ૫, પાનું–૨૦૦–૨૧૧–૨૨૧]

(૧૦) ગુણપ્રત્યય અવધિજ્ઞાન, સમ્યગ્દર્શન, દેશવ્રત અથવા મહાવ્રતના નિમિત્તથી થાય છે તોપણ તે બધા સમ્યગ્દષ્ટિ, દેશવ્રતી કે મહાવ્રતી જીવોને હોતું નથી; કેમ કે અસંખ્યાત લોકપ્રમાણ સમ્યક્‌ત્વ, સંયમાસંયમ અને સંયમરૂપ પરિણામોમાં, અવધિજ્ઞાનાવરણના ક્ષયોપશમના કારણભૂત પરિણામ બહુ થોડા હોય છે. [શ્રી જયધવલા પાનું–૧૭]. ગુણપ્રત્યય સુ–અવધિજ્ઞાન સમ્યગ્દષ્ટિ જીવોને જ થઈ શકે છે, પરંતુ બધા સમ્યગ્દષ્ટિ જીવોને તે હોતું નથી–એમ સમજવું.

## સૂત્ર ૨૧–૨૨નો સિદ્ધાંત

"જે જીવોને અવધિજ્ઞાન થયું હોય તે જ જીવો, અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી દર્શનમોહકર્મના રજકણોની અવસ્થા જોઈને તે ઉપરથી પોતાને સમ્યગ્દર્શન થયું છે–એમ યથાર્થપણે જાણી શકે"—એવી માન્યતા બરાબર નથી, કેમ કે બધા જ સમ્યગ્દષ્ટિ જીવોને

અવધિજ્ઞાન હોતું નથી, પણ સમ્યગ્દ્રષ્ટિ જીવોમાંથી ઘણા જ ઓછા જીવોને અવધિજ્ઞાન થાય છે. 'પોતાને સમ્યગ્દર્શન થયું છે' તે જો અવધિજ્ઞાન વગર નક્કી ન થઈ શકતું હોય તો, જે જીવોને અવધિજ્ઞાન ન થાય તેઓને હંમેશાં એ સંબંધની શંકા-સંશય રહ્યા જ કરે, પરંતુ નિઃશંકપણું એ સમ્યગ્દર્શનનો પહેલો જ આચાર છે; તેથી જે જીવોને સમ્યગ્દર્શન સંબંધી શંકા રહ્યા કરે તે જીવ ખરી રીતે સમ્યગ્દ્રષ્ટિ હોય જ નહિ, પણ મિથ્યાદ્રષ્ટિ હોય છે. માટે અવધિજ્ઞાનનું, મનઃપર્યયજ્ઞાનનું તથા તેના ભેદોનું સ્વરૂપ જાણી, ભેદો તરફના રાગને ટાળી, અભેદ જ્ઞાનસ્વરૂપ પોતાના સ્વભાવ તરફ જીવે વળવું. ૨૨.

## મનઃપર્યયજ્ઞાનના ભેદ

## ऋजुविपुलमती मनःपर्ययः ॥२३॥

**અર્થ** :—[मनःपर्ययः] મનઃપર્યયજ્ઞાન [ऋजुमति विपुलमति] ઋજુમતિ અને વિપુલમતિ-એવા બે પ્રકારનું છે.

### ટીકા

(૧) મનઃપર્યયજ્ઞાનની વ્યાખ્યા નવમા સૂત્રની ટીકામાં આપી છે. બીજાના મનોગત (મનમાં રહેલાં) મૂર્તિક દ્રવ્યોને, તે મનની સાથે જે પ્રત્યક્ષ જાણે તે મનઃપર્યયજ્ઞાન છે.

(૨) **દ્રવ્ય અપેક્ષાએ મનઃપર્યયજ્ઞાનનો વિષય**—જઘન્યરૂપથી એક સમયમાં થતા ઔદારિક શરીરના નિર્જરારૂપ દ્રવ્ય સુધી જાણી શકે; ઉત્કૃષ્ટરૂપે આઠ કર્મોના એક સમયમાં બંધાયેલા સમય પ્રબદ્ધરૂપ★ દ્રવ્યના અનંત ભાગોમાંથી એક ભાગ સુધી જાણી શકે.

**ક્ષેત્ર અપેક્ષાએ આ જ્ઞાનનો વિષય**—જઘન્યરૂપે બે, ત્રણ કોશ સુધીના ક્ષેત્રને જાણે; અને ઉત્કૃષ્ટરૂપે મનુષ્યક્ષેત્રની અંદર જાણી શકે. [વિષ્કંભરૂપ મનુષ્યક્ષેત્ર સમજવું.]

**કાળ અપેક્ષાએ આ જ્ઞાનનો વિષય**—જઘન્યરૂપે બે, ત્રણ ભવોનું ગ્રહણ કરે છે; ઉત્કૃષ્ટરૂપે અસંખ્યાત ભવોનું ગ્રહણ કરે છે-જાણે છે.

**ભાવ અપેક્ષાએ આ જ્ઞાનનો વિષય**—દ્રવ્યપ્રમાણમાં કહેલા દ્રવ્યોની શક્તિને (ભાવને) જાણે છે. *[શ્રી ધવલા પુસ્તક ૧ પાનું-૯૪]*

આ જ્ઞાન થવામાં મન અપેક્ષામાત્ર (-નિમિત્તમાત્ર) કારણ છે, ઉત્પત્તિનું તે કારણ નથી. આ જ્ઞાનની ઉત્પત્તિ આત્માની શુદ્ધિથી થાય છે. આ જ્ઞાન દ્વારા સ્વ તથા પર બંનેના મનમાં સ્થિત રૂપી પદાર્થો જાણી શકાય છે. [શ્રી સર્વાર્થસિદ્ધિ પાનું-૪૪૮-૪૫૧-૪૫૨] બીજાના

★ **સમયપ્રબદ્ધ** = એક સમયમાં જેટલા કર્મપરમાણુ અને નોકર્મપરમાણુ બંધાય, તે સર્વને સમયપ્રબદ્ધ કહે છે.

મનમાં સ્થિત પદાર્થને પણ 'મન' કહેવામાં આવે છે; તેના પર્યાયો (વિશેષો)ને મનઃપર્યય કહે છે, તેને જે જ્ઞાન જાણે તે મનઃપર્યયજ્ઞાન છે. મનઃપર્યયજ્ઞાનના ઋજુમતિ અને વિપુલમતિ એવા બે ભેદ છે.

**ઋજુમતિ** :—મનમાં ચિંતવન કરેલા પદાર્થોને જાણે છે, અચિંતિત પદાર્થને નહિ; અને તે પણ સરલરૂપથી ચિંતિત પદાર્થને જાણે છે. *[જુઓ, સૂત્ર ૨૮–નીચે ટીકા]*

**વિપુલમતિ** :—ચિંતિત અને નહિ ચિંતિત પદાર્થને તથા વક્રચિંતિત અને અવક્રચિંતિત પદાર્થને પણ જાણે છે. *[જુઓ, સૂત્ર ૨૮ નીચે ટીકા]*

મનઃપર્યયજ્ઞાન વિશિષ્ટ સંયમધારીને થાય છે. [શ્રી ધવલા પુસ્તક ૬ પાનું–૨૮–૨૯] 'વિપુલ'નો અર્થ વિસ્તીર્ણ–વિશાળ–ગંભીર થાય છે. [તેમાં કુટિલ, અસરળ, વિષમ, સરળ વગેરે ગર્ભિત છે.] વિપુલમતિજ્ઞાનમાં ઋજુ અને વક્ર (એટલે સરળ અને આડા) સર્વ પ્રકારના રૂપી પદાર્થનું જ્ઞાન થાય છે. પોતાનાં તથા પરનાં જીવિત, મરણ, સુખ, દુઃખ, લાભ, અલાભનું પણ જ્ઞાન થાય છે. વ્યક્ત મન કે અવ્યક્ત મનથી ચિંતવન કરેલા કે નહિ ચિંતવેલા કે આગળ જઈ જેનું ચિંતવન કરશે એવા સર્વ પ્રકારના પદાર્થોને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની જાણે છે.

*[સર્વાર્થસિદ્ધિ પાનું ૪૪૮–૪૫૧–૪૫૨]*

**કાળ અપેક્ષાએ ઋજુમતિનો વિષય**—જઘન્યપણે ભૂત–ભવિષ્યના બે–ત્રણ ભવ પોતાના અને બીજાના જાણે, ઉત્કૃષ્ટપણે સાત–આઠ ભવ તે મુજબ જાણે.

**ક્ષેત્ર અપેક્ષાએ** આ જ્ઞાન જઘન્યપણે ત્રણથી ઉપર અને નવથી નીચે કોશ અને ઉત્કૃષ્ટપણે ત્રણથી ઉપર અને નવથી નીચે યોજનની અંદર જાણે છે, તેથી બહાર નહિ.

[કોશ = ૧ ગાઉ; યોજન = ૨૦૦૦ ગાઉ]

**કાળ અપેક્ષાએ વિપુલમતિનો વિષય**—જઘન્યથી સાત–આઠ ભવ આગલા–પાછલા જાણે અને ઉત્કૃષ્ટ અસંખ્યાત ભવ આગલા-પાછલા જાણે.

**ક્ષેત્ર અપેક્ષાએ આ જ્ઞાન**—જઘન્યપણે ત્રણથી ઉપર અને નવથી નીચે યોજન પ્રમાણ જાણે; ઉત્કૃષ્ટપણે માનુષોત્તર પર્વતની અંદર જાણે–તેથી બહાર નહિ. [સર્વાર્થસિદ્ધિ પાનું–૪૫૪]

વિપુલમતિનો અર્થ ઈંગ્લિશ તત્ત્વાર્થસૂત્રમાં નીચે પ્રમાણે આપ્યો છે :—

Complex direct knowledge of complex mental things. e.g. of what a man is thinking of now along with what he has thought of it in the past and will think of it in the future. [પાનું–૪૦]

**અર્થ** :—આંટીઘૂંટી વાળી મનમાં સ્થિત વસ્તુઓનું આંટીઘૂંટી સહિત પ્રત્યક્ષજ્ઞાન જેમ કે–એક માણસ વર્તમાનમાં શું વિચારે છે, તેની સાથે ભૂતકાળમાં તેણે શું વિચાર્યું છે અને ભવિષ્યમાં તે શું વિચારશે તે જ્ઞાનનો મનોગત વિકલ્પ તે મનઃપર્યયજ્ઞાનનો વિષય છે. (બાહ્ય વસ્તુની અપેક્ષા મનોગતભાવ એક અતિ સૂક્ષ્મ અને વિજાતીય ચીજ છે.) ૨૩.

## ૠજુમતિ અને વિપુલમતિમાં અંતર

## विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ॥२४॥

**અર્થ** :—[विशुद्ध्यप्रतिपाताभ्यां] પરિણામોની શુદ્ધતા અને અપ્રતિપાત અર્થાત્ કેવળજ્ઞાન થયા પહેલાં ન છૂટવું [तद्विशेषः], એ બે વાતોથી ૠજુમતિ અને વિપુલમતિ જ્ઞાનમાં વિશેષતા –તફાવત છે.

### ટીકા

ૠજુમતિ અને વિપુલમતિ એ બે પ્રકારના મનઃપર્યયના ભેદ સૂત્ર ૨૩ની ટીકામાં આપ્યા છે. આ સૂત્રમાં સ્પષ્ટ જણાવે છે કે વિપુલમતિ વિશુદ્ધ શુદ્ધ છે, વળી તે કદી પડી જતું નથી પણ કેવળજ્ઞાન થતાં સુધી ચાલુ રહે છે. ૠજુમતિ જ્ઞાન તો થઈને છૂટી પણ જાય. ચારિત્રની તીવ્રતાના ભેદના કારણે આ ભેદ પડે છે. સંયમપરિણામનું ઘટવું–તેની હાનિ થવી તે પ્રતિપાત છે, તે (પ્રતિપાત) ૠજુમતિવાળા કોઈને હોય છે. ૨૪.

## અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનમાં વિશેષતા

## विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनःपर्यययोः ॥२५॥

**અર્થ** :—[अवधिमनःपर्यययोः] અવધિ અને મનઃપર્યય જ્ઞાનમાં [विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्यः] વિશુદ્ધતા, ક્ષેત્ર, સ્વામી અને વિષયની અપેક્ષાથી–વિશેષતા હોય છે.

### ટીકા

મનઃપર્યયજ્ઞાન ઉત્તમ ૠદ્ધિધારી ભાવ–મુનિઓને જ હોય છે અને અવધિજ્ઞાન ચારે ગતિના સંજ્ઞી જીવને હોય છે; એ સ્વામી અપેક્ષાએ ભેદ છે.

ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનું ક્ષેત્ર અસંખ્યાત લોકપ્રમાણ સુધી છે, મનઃપર્યયનું અઢી દ્વીપ મનુષ્યક્ષેત્ર છે. આ ક્ષેત્ર અપેક્ષાએ ભેદ છે.

સ્વામી તથા વિષયના ભેદથી વિશુદ્ધિમાં અંતર જાણી શકાય છે, અવધિજ્ઞાનનો વિષય પરમાણુપર્યંત રૂપી પદાર્થ છે અને મનઃપર્યયજ્ઞાનનો વિષય મનોગત વિકલ્પ છે.

વિષયનો ભેદ સૂત્ર ૨૭–૨૮ની ટીકામાં આપ્યો છે; તથા સૂત્ર ૨૨ની ટીકામાં અવધિજ્ઞાનનો અને સૂત્ર ૨૩ની ટીકામાં મનઃપર્યયજ્ઞાનનો વિષય આપ્યો છે, તે ઉપરથી આ ભેદ સમજી લેવો. ૨૫.

## મતિ–શ્રુત જ્ઞાનનો વિષય

## मतिश्रुतयोर्निबंधो द्रव्येष्वसर्वपर्यायेषु ।।२६।।

**અર્થ** :—[मतिश्रुतयोः] મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો [निबंधः] વિષયસંબંધ [असर्वपर्यायेषु] સર્વ પર્યાયોથી રહિત [द्रव्येषु] જીવ–પુદ્‌ગલાદિ સર્વે દ્રવ્યો છે.

### ટીકા

મતિ અને શ્રુતજ્ઞાન રૂપી–અરૂપી સર્વે દ્રવ્યોને જાણે છે, પણ તેના સર્વે પર્યાયોને જાણતાં નથી, તેનો વિષય–સંબંધ સર્વે દ્રવ્યો અને તેના કેટલાક પર્યાયો સાથે હોય છે.

આ સૂત્રમાં ‘द्रव्येषु’ શબ્દ વાપર્યો છે તેથી જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ સમસ્ત દ્રવ્યો સમજવાં; તેના કેટલાક પર્યાયો આ જ્ઞાન જાણે છે, સર્વ પર્યાયોને નહિ.

**પ્રશ્ન** :—જીવ, ધર્માસ્તિકાય વગેરે અમૂર્તદ્રવ્યો છે તેને મતિજ્ઞાન કેમ જાણે કે જેથી મતિજ્ઞાન સર્વ દ્રવ્યોને જાણે એમ કહી શકાય?

**ઉત્તર** :—અનિન્દ્રિય (મન)ના નિમિત્તે અરૂપી દ્રવ્યોનું અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ મતિજ્ઞાન પ્રથમ ઊપજે છે, પછી તે મતિજ્ઞાન પૂર્વક શ્રુતજ્ઞાન સર્વ દ્રવ્યને જાણે છે; અને પોતપોતાને યોગ્ય પર્યાયોને તે જાણે છે–એમ સમજવું.

આ બંને જ્ઞાનો વડે જીવને પણ યથાર્થપણે જાણી શકાય છે. ૨૬.

## અવધિજ્ઞાનનો વિષય

## रूपिष्ववधेः ।।२७।।

**અર્થ** :—[अवधेः] અવધિજ્ઞાનનો વિષય–સંબંધ [रूपिषु] રૂપી દ્રવ્યોમાં છે અર્થાત્ અવધિજ્ઞાન રૂપી પદાર્થોને જાણે છે.

### ટીકા

જેને રૂપ, રસ, ગંધ, સ્પર્શ હોય તે પુદ્‌ગલ દ્રવ્ય (રૂપી દ્રવ્ય) છે; પુદ્‌ગલ દ્રવ્યથી

સંબંધ રાખવાવાળા સંસારી જીવને પણ આ જ્ઞાનના હેતુ માટે રૂપી કહેવામાં આવે છે. [જુઓ સૂત્ર ૨૮ નીચે ટીકા]

જીવના પાંચ ભાવોમાંથી ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક એ ત્રણ ભાવો (પરિણામો) જ અવધિજ્ઞાનનો વિષય થાય છે; અને જીવના બાકીના-ક્ષાયિક તથા પારિણામિક એ બે ભાવો તથા ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય અને કાળદ્રવ્ય અરૂપી પદાર્થ છે, તે અવધિજ્ઞાનના વિષયભૂત થતા નથી.

આ જ્ઞાન સર્વ રૂપી પદાર્થોને અને તેના કેટલાક પર્યાયોને જાણે છે, એમ સમજવું. ૨૭.

## મનઃપર્યયજ્ઞાનનો વિષય

## तदनंतभागे मनःपर्ययस्य ॥२८॥

**અર્થ** :—[तत् अनंतभागे] સર્વાવધિજ્ઞાનના વિષયભૂત રૂપી દ્રવ્યના અનંતમા ભાગે [मनःपर्ययस्य] મનઃપર્યયજ્ઞાનનો વિષય-સંબંધ છે.

### ટીકા

પરમઅવધિજ્ઞાનના વિષયભૂત જે પુદ્‌ગલસ્કંધ છે તેનો અનંતમો ભાગ કરતાં જે એક પરમાણુ માત્ર થાય છે તે સર્વાવધિનો વિષય છે, તેનો અનંતમો ભાગ ઋજુમતિમનઃપર્યયજ્ઞાનનો વિષય છે અને તેનો અનંતમો ભાગ વિપુલમતિમનઃપર્યયનો વિષય છે.

*(સર્વાર્થસિદ્ધિ પાનું-૪૭૩)*

## સૂત્ર ૨૭-૨૮નો સિદ્ધાંત

અવધિજ્ઞાનનો અને મનઃપર્યયજ્ઞાનનો વિષય રૂપી છે એમ અહીં કહ્યું છે. અધ્યાય ૨ના સૂત્ર ૧માં આત્માના પાંચ ભાવો કહ્યા છે તેમાંથી ઔદયિક, ઔપશમિક તથા ક્ષાયોપશમિક એ ત્રણ ભાવો આ જ્ઞાનનો વિષય થાય છે એમ સૂત્ર ૨૭માં કહ્યું છે, તેથી નક્કી થાય છે કે પરમાર્થે તે ત્રણ ભાવો રૂપી છે-એટલે કે અરૂપી આત્માનું સ્વરૂપ તે નથી. કેમ કે આત્મામાંથી તે ભાવો ટળી શકે છે અને જે ટળી શકે તે પરમાર્થે આત્માનું હોય નહિ. 'રૂપી'ની વ્યાખ્યા અધ્યાય ૫ ના સૂત્ર ૫ માં આપી છે, ત્યાં પુદ્‌ગલ 'રૂપી' છે-એમ કહ્યું છે; અને પુદ્‌ગલ સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા છે એમ અધ્યાય ૫ સૂત્ર ૨૩ માં કહ્યું છે. શ્રી સમયસારની ગાથા ૫૦ થી ૬૮ તથા ૨૦૩ માં વર્ણાદિથી ગુણસ્થાન પર્યંતના ભાવો પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી

જીવની અનુભૂતિથી ભિન્ન છે માટે તે જીવ નથી એમ કહ્યું છે; તે જ સિદ્ધાંત આ (વ્યવહાર) શાસ્ત્રમાં ઉપર કહેલાં ટૂંકાં સૂત્રો દ્વારા પ્રતિપાદન કર્યો છે.

*[જુઓ, સમયસાર પૃ. ૮૨ થી ૧૦૨ તથા ૨૬૧]*

અધ્યાય ૨ સૂત્ર ૧માં તે ભાવોને જીવના કહ્યા છે તે વ્યવહારે કહ્યા છે. જો ખરેખર તે જીવના હોય તો જીવમાંથી કદી ટળે નહિ અને એક સરખા રહે; પણ એક સરખા રહેતા નથી અને ટાળી શકાય છે, માટે તે જીવસ્વરૂપ—જીવના નિજભાવ નથી. ૨૮.

## કેવળજ્ઞાનનો વિષય

## सर्वद्रव्यपर्यायेषु केवलस्य ॥२९॥

**અર્થ** :—[केवलस्य] કેવળજ્ઞાનનો વિષય-સંબંધ [सर्वद्रव्यपर्यायेषु] સર્વદ્રવ્યો અને તેના સર્વે પર્યાયો છે—અર્થાત્ કેવળજ્ઞાન એક સાથે સર્વ પદાર્થોને અને તેના સર્વ પર્યાયોને જાણે છે.

### ટીકા

**કેવળજ્ઞાન** = અસહાય જ્ઞાન; એટલે કે ઇન્દ્રિય, મન કે આલોકની અપેક્ષારહિત આ જ્ઞાન છે. ત્રિકાળગોચર અનંત પર્યાયોને પ્રાપ્ત અનંત વસ્તુઓને તે જાણે છે, અસંકુચિત (સંકોચ વગરનું) છે, અને પ્રતિપક્ષીરહિત છે; કેવળજ્ઞાન અમર્યાદિત છે.

**શંકા** :—જે પદાર્થનો નાશ થઈ ચૂક્યો છે અને જે પદાર્થ હજી ઉત્પન્ન નથી થયો, તેને કેવળજ્ઞાન કેમ જાણી શકે?

**સમાધાન** :—કેવળજ્ઞાન નિરપેક્ષ હોવાથી બાહ્ય પદાર્થોની અપેક્ષા વિના તેને એટલે કે નષ્ટ અને અનુત્પન્ન પદાર્થોને જાણે તેમાં કાંઈ વિરોધ નથી. કેવળજ્ઞાનને વિપર્યયજ્ઞાનપણાનો પણ પ્રસંગ નથી, કેમ કે યથાર્થ સ્વરૂપથી તે પદાર્થોને જાણે છે. નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓનો જોકે વર્તમાનમાં સદ્ભાવ નથી, તોપણ તેનો અત્યંત અભાવ નથી.

સર્વદ્રવ્ય અને તે દ્રવ્યના ત્રિકાળવર્તી અનંતાનંત પર્યાયોને અક્રમથી એક કાળે કેવળજ્ઞાન જાણે છે; તે જ્ઞાન સહજ (ઇચ્છા વિના) જાણે છે. કેવળજ્ઞાનમાં એવી શક્તિ છે કે અનંતાનંત લોક-અલોક હોય, તોપણ તેને જાણવાને કેવળજ્ઞાન સમર્થ છે.

**શંકા** :—કેવળી ભગવાનને એક જ જ્ઞાન હોય છે, કે પાંચે જ્ઞાન હોય છે?

**સમાધાન** :—પાંચે જ્ઞાનોનું એકી સાથે રહેવું માની શકાય નહિ, કેમ કે મતિજ્ઞાનાદિ

આવરણીય જ્ઞાન છે અને કેવળજ્ઞાની ભગવાન ક્ષીણ આવરણીય છે, તેથી ભગવાનને આવરણીય જ્ઞાન હોવું સંભવે નહિ; કેમ કે આવરણના નિમિત્તથી થતાં જ્ઞાનોનું (આવરણનો અભાવ થયા પછી) રહેવાનું બની શકે; એમ માનવું તે ન્યાયવિરુદ્ધ છે.

*[શ્રી ધવલા પુસ્તક ૬ પાનું ૨૯-૩૦]*

મતિ આદિ જ્ઞાનોનું આવરણ કેવળજ્ઞાનાવરણના નાશ થવાની સાથે જ પૂરેપૂરું નષ્ટ થાય છે. [જુઓ, સૂત્ર ૩૦ની ટીકા]

એક સાથે સર્વથા જાણવાનું એક એક જીવમાં સામર્થ્ય છે.

## ૨૯મા સૂત્રનો સિદ્ધાંત

'હું પરને જાણું તો મોટો' એમ નહિ, પણ મારું બેહદ સામર્થ્ય અનંતજ્ઞાન-ઐશ્વર્યપણે હોવાથી હું પૂર્ણજ્ઞાનઘન સ્વાધીન આત્મા છું-એમ પૂર્ણ સાધ્યને દરેક જીવે નક્કી કરવું જોઈએ; એમ નક્કી કરી સ્વથી એકત્વ અને પરથી વિભક્ત (ભિન્ન) પોતાના એકાકાર સ્વરૂપ તરફ જીવે વળવું જોઈએ, પોતાના એકાકાર સ્વરૂપ તરફ વળતાં સમ્યગ્દર્શન પ્રગટી ક્રમે-ક્રમે જીવ આગળ વધે છે અને તેની પૂર્ણ જ્ઞાનદશા થોડા વખતમાં પ્રગટે છે. ૨૯.

## એક જીવને એક સાથે કેટલાં જ્ઞાન હોઈ શકે છે?

## एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ॥३०॥

**અર્થ :—**[एकस्मिन्] એક જીવમાં [युगपत्] એક સાથે [एकादीनि] એકથી શરૂ કરીને [आचतुर्भ्यः] ચાર જ્ઞાન સુધી [भाज्यानि] વિભક્ત કરવા યોગ્ય છે અર્થાત્ હોઈ શકે છે.

## ટીકા

(૧) એક જીવને એક સાથે એકથી શરૂ કરી ચાર જ્ઞાન સુધી હોઈ શકે છે; એક જ્ઞાન હોય તો કેવળજ્ઞાન હોય છે; બે હોય તો મતિ અને શ્રુત હોય છે; ત્રણ હોય તો મતિ, શ્રુત અને અવધિ અગર મતિ, શ્રુત અને મનઃપર્યયજ્ઞાન હોય છે; ચાર હોય તો મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યયજ્ઞાન હોય છે. એકી સાથે પાંચ જ્ઞાનો કોઈને હોતાં નથી. વળી એક જ જ્ઞાન **એકવખતે** ઉપયોગરૂપ હોય છે. કેવળજ્ઞાન પ્રગટ્યું ત્યારથી તે કાયમ માટે ટકે છે; બીજાં જ્ઞાનોનો ઉપયોગ વધારેમાં વધારે અંતર્મુહૂર્ત હોય છે, તેથી વધારે હોતો નથી, પછી જ્ઞાનના ઉપયોગનો વિષય બદલે જ છે. કેવળી સિવાય બધા સંસારી જીવોને ઓછામાં ઓછા બે એટલે કે મતિ અને શ્રુતજ્ઞાન હોય જ છે.

(૨) ક્ષાયોપશમિક જ્ઞાન ક્રમવર્તી છે, એક કાળમાં એક જ પ્રવર્તે છે; પણ અહીં જે ચાર જ્ઞાન એકી સાથે કહ્યાં છે તે ચારનો ઉઘાડ એકી વખતે હોવાથી ચાર જ્ઞાનની જાણનરૂપ લબ્ધિ એ કાળમાં હોય એમ કહેવું છે, ઉપયોગ તો એક કાળે એક સ્વરૂપે જ હોય છે. ૩૦.

## સૂત્ર ૯ થી ૩૦ સુધીનો સિદ્ધાંત

આત્મા ખરેખર પરમાર્થ છે અને તે જ્ઞાન છે; આત્મા પોતે જ પદાર્થ છે; તેથી જ્ઞાન પણ એક જ પદ છે. જે આ જ્ઞાન નામનું **એક** પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષઉપાય છે. આ સૂત્રોમાં જ્ઞાનના જે ભેદો કહ્યા છે તે આ એક પદને અભિનંદે છે.

જ્ઞાનના હીનાધિકરૂપ ભેદો, તેના સામાન્ય જ્ઞાનસ્વભાવને ભેદતા નથી, પણ અભિનંદે છે; માટે જેમાં સમસ્ત ભેદનો અભાવ છે એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું–એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનું જ અવલંબન કરવું. જ્ઞાનસ્વરૂપ આત્માના અવલંબનથી જ નીચે મુજબ પ્રાપ્તિ થાય છે :—

૧–નિજપદની પ્રાપ્તિ થાય છે. ૨–ભ્રાંતિનો નાશ થાય છે. ૩–આત્માનો લાભ થાય છે. ૪–અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે. ૫–ભાવકર્મ જોરાવર થઈ શકતું નથી. ૬–રાગ, દ્વેષ, મોહ ઉત્પન્ન થતા નથી. ૭–ફરી કર્મ આસ્રવતું નથી. ૮–ફરી કર્મ બંધાતું નથી. ૯–પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે. ૧૦–સમસ્ત કર્મોનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે. આવું જ્ઞાનસ્વરૂપ આત્માના આલંબનનું માહાત્મ્ય છે.

ક્ષયોપશમ અનુસાર જ્ઞાનમાં જે ભેદો થાય છે તે કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા, ઊલટા જ્ઞાનને પ્રગટ કરે છે; માટે આ બધા ભેદો ઉપરનું લક્ષ ગૌણ કરી જ્ઞાનસામાન્યનું અવલંબન લેવું. સૂત્ર ૯માં છેડે એકવચન સૂચક 'ज्ञानम्' શબ્દ વાપર્યો છે, તે ભેદોનું સ્વરૂપ જાણી, ભેદો ઉપરનું લક્ષ છોડી, શુદ્ધનયના વિષયભૂત અભેદ અખંડ જ્ઞાનસ્વરૂપ આત્મા તરફ પોતાનું લક્ષ વાળવા–લઈ જવા માટે વાપર્યો છે, એમ જાણવું.

*[જુઓ, શ્રી સમયસાર ગાથા–૨૦૪ પાનું ૩૨૧]*

## મતિ, શ્રુત અને અવધિ જ્ઞાનમાં મિથ્યાપણું

## मतिश्रुतावधयो विपर्ययश्च ॥३१॥

**અર્થ** :—[मतिश्रुतअवधयः] મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન [विपर्ययाश्च] વિપર્યય પણ હોય છે.

## ટીકા

(૧) ઉપર કહેલાં પાંચે જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે, પરંતુ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન મિથ્યાજ્ઞાન પણ હોય છે, તે મિથ્યાજ્ઞાનને કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન તથા કુઅવધિ (વિભંગ) જ્ઞાન કહે છે. અત્યાર સુધી સમ્યગ્જ્ઞાનનો અધિકાર ચાલતો આવ્યો છે; હવે આ સૂત્રમાં 'च' શબ્દથી એમ સૂચવ્યું છે કે આ ત્રણ જ્ઞાન સમ્યક્ પણ હોય છે અને મિથ્યા પણ હોય છે. સૂત્રમાં '**विपर्ययः**' શબ્દ વાપર્યો છે તેમાં સંશય અને અનધ્યવસાય ગર્ભિતપણે આવી જાય છે –એમ જાણવું. મતિ અને શ્રુતજ્ઞાનમાં સંશય, વિપર્યય અને અનધ્યવસાય એ ત્રણ દોષો છે; અવધિજ્ઞાનમાં સંશય હોતો નથી, પણ અનધ્યવસાય અથવા વિપર્યય બે દોષો હોય છે, તેથી તેને કુઅવધિ અથવા વિભંગ કહે છે. વિપર્યય સંબંધી વિશેષ હકીકત ૩૨મા સૂત્રની ટીકામાં આપી છે.

(૨) અનાદિ મિથ્યાદૃષ્ટિને કુમતિ અને કુશ્રુત હોય છે અને તેને દેવ અને નારકીના ભવમાં કુઅવધિ પણ હોય છે. જ્યાં જ્યાં મિથ્યાદર્શન હોય છે ત્યાં ત્યાં મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર અવિનાભાવીપણે હોય છે. ૩૧.

**પ્રશ્ન** :—સમ્યગ્દૃષ્ટિ જેમ નેત્રાદિક ઇન્દ્રિયોથી રૂપાદિને સુમતિથી જાણે છે તેમ મિથ્યાદૃષ્ટિ પણ કુમતિજ્ઞાનથી તેને જાણે છે, તથા જેમ સમ્યગ્દૃષ્ટિ શ્રુતજ્ઞાનથી તેને જાણે છે, તથા કથન કરે છે તેમ મિથ્યાદૃષ્ટિ પણ કુશ્રુતજ્ઞાનથી જાણે છે અને કથન કરે છે, તથા જેમ સમ્યગ્દૃષ્ટિ અવધિજ્ઞાનથી રૂપી વસ્તુઓને જાણે છે તેમ મિથ્યાદૃષ્ટિ કુઅવધિજ્ઞાનથી જાણે છે—તો પછી મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને મિથ્યાજ્ઞાન શા માટે કહો છો?

## —ઉત્તર—

## सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत् ।।३२।।

**અર્થ** :—[**यदृच्छ उपलब्धेः**] પોતાની ઇચ્છા દ્વારા જેમ તેમ (Whims) ગ્રહણ કરવાને કારણે [**सत् असतोः**] વિદ્યમાન અને અવિદ્યમાન પદાર્થોનું [**अविशेषात्**] ભેદરૂપ જ્ઞાન (યથાર્થ વિવેક) ન હોવાને કારણે [**उन्मत्तवत्**] પાગલ પુરુષોના જ્ઞાનની માફક મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન વિપરીત અર્થાત્ મિથ્યાજ્ઞાન જ હોય છે.

## ટીકા

(૧) આ સૂત્ર ઘણું ઉપયોગી છે. આ '**મોક્ષશાસ્ત્ર**' હોવાથી, અવિનાશી સુખ માટે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ એક જ રસ્તો છે એમ પહેલા સૂત્રમાં જણાવીને, બીજા સૂત્રમાં

સમ્યગ્દર્શનનું લક્ષણ બતાવ્યું; જેની શ્રદ્ધા વડે સમ્યગ્દર્શન થાય તે સાત તત્ત્વો ચોથા સૂત્રમાં જણાવ્યાં; તત્ત્વોને જાણવા માટે પ્રમાણ અને નયના જ્ઞાનની જરૂરિયાત છે એમ છઠ્ઠા સૂત્રમાં કહ્યું; પાંચ જ્ઞાનો સમ્યક્ હોવાથી તે પ્રમાણ છે એમ સૂત્ર ૯–૧૦માં જણાવ્યું અને તે પાંચ સમ્યગ્જ્ઞાનોનું સ્વરૂપ સૂત્ર ૧૧ થી ૩૦ સુધીમાં બતાવ્યું......

(૨) એટલી ભૂમિકા બાંધ્યા પછી મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ મિથ્યાજ્ઞાન પણ હોય છે; અને જીવ અનાદિનો મિથ્યાદૃષ્ટિ હોવાથી તે સમ્યક્ત્વ ન પામે ત્યાં સુધી તેનું જ્ઞાન વિપર્યય છે, એમ સૂત્ર ૩૧માં બતાવ્યું. **સુખના સાચા અભિલાષીએ તે મિથ્યાદર્શન પહેલું જ ટાળવું જોઈએ**—એમ બતાવવા આ સૂત્રમાં મિથ્યાજ્ઞાન—કે જે જ્ઞાન હંમેશાં મિથ્યાદર્શનપૂર્વક જ હોય છે—તેનું સ્વરૂપ બતાવ્યું છે.

(૩) સુખના સાચા અભિલાષીને મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ સમજાવવા માટે કહ્યું કે—

૧–મિથ્યાદૃષ્ટિ જીવ સત્ અને અસત્ વચ્ચેનો ભેદ (વિવેક) જાણતો નથી; તેથી સિદ્ધ થયું કે દરેક ભવ્ય જીવે પ્રથમ સત્ શું અને અસત્ શું તેનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી મિથ્યાજ્ઞાન ટાળવું જોઈએ.

૨–જ્યાં સત્ અને અસત્ ભેદનું અજ્ઞાન હોય ત્યાં અણસમજણપૂર્વક પોતાને ઠીક પડે તેમ ગાંડા પુરુષની માફક (મદિરા પીધેલા માણસની માફક) ખોટી કલ્પનાઓ જીવ કર્યા જ કરે છે; તેથી એમ સમજાવ્યું કે સુખના સાચા અભિલાષી જીવોએ **સાચી સમજણ** કરી ખોટી કલ્પનાઓનો નાશ કરવો જ જોઈએ.

(૪) પહેલેથી ત્રીસ સુધીના સૂત્રોમાં મોક્ષમાર્ગ અને સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ સમજાવી તે ગ્રહણ કરવાનું કહ્યું, તે ઉપદેશ 'અસ્તિ'થી આપ્યો; અને ૩૧મા સૂત્રમાં મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ બતાવી તેનું કારણ ૩૨મા સૂત્રમાં કહી તે મિથ્યાજ્ઞાનનો નાશ કરવા ઉપદેશ આપ્યો; એટલે આ સૂત્રમાં 'નાસ્તિ'થી સમજાવ્યું. આ રીતે 'અસ્તિ–નાસ્તિ' વડે એટલે કે અનેકાન્ત વડે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરી મિથ્યાજ્ઞાનની નાસ્તિ કરવા માટે ઉપદેશ આપ્યો.

**(૫) સત્** = વિદ્યમાન (વસ્તુ).

**અસત્** = અવિદ્યમાન—અણછતી (વસ્તુ),

**અવિશેષાત્** = એ બેનો યથાર્થ વિવેક ન હોવાથી.

**યદ્દચ્છ (વિપર્યય) ઉપલબ્ધે** : = [વિપર્યય શબ્દની ૩૧મા સૂત્રથી અનુવૃત્તિ આવે છે.] વિપરીત—પોતાની મનમાની ઈચ્છા મુજબ કલ્પનાઓ—હોવાથી તે મિથ્યાજ્ઞાન છે.

**'ઉન્મત્તવત્'** = મદિરા પીધેલા માણસની જેમ.

**વિપર્યય =** વિપરીતતા; તે ત્રણ પ્રકારે છે. ૧–કારણવિપરીતતા, ૨–સ્વરૂપવિપરીતતા, ૩–ભેદાભેદવિપરીતતા.

**કારણવિપરીતતા** :—મૂળ કારણોને ન ઓળખે અને અન્યથા કારણ માને તે.

**સ્વરૂપવિપરીતતા** :—જેને જાણે છે તેના મૂળવસ્તુભૂત સ્વરૂપને ન ઓળખે અને અન્યથા સ્વરૂપ માને તે.

**ભેદાભેદવિપરીતતા** :—જેને તે જાણે છે તેને 'એ આનાથી ભિન્ન છે' અને 'એ આનાથી અભિન્ન છે'—એમ યથાર્થ ન ઓળખતાં અન્યથા ભિન્ન–અભિન્નપણું માને તે ભેદાભેદ વિપરીતતા છે.

**એ ત્રણ વિપરીતતા ટાળવાનો ઉપાય—**

સાચા ધર્મની તો એવી પરિપાટી છે કે, પહેલાં જીવ સમ્યક્ત્વ પ્રગટ કરે, પછી વ્રતરૂપ શુભભાવ હોય. હવે સમ્યક્ત્વ તો સ્વ અને પરનું શ્રદ્ધાન થતાં થાય છે; તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગ (અધ્યાત્મશાસ્ત્રો)નો અભ્યાસ કરવાથી થાય છે, માટે **પહેલાં** જીવે દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધા કરી સમ્યગ્દૃષ્ટિ થવું અને **ત્યારપછી** પોતે ચરણાનુયોગ અનુસાર સાચાં વ્રતાદિક ધારણ કરી વ્રતી થવું.

એ પ્રમાણે મુખ્યપણે તો નીચલી દશામાં જ દ્રવ્યાનુયોગ કાર્યકારી છે. યથાર્થ અભ્યાસને પરિણામે વિપરીતતા ટળતાં નીચે મુજબ યથાર્થપણે માને છે—

૧—એક દ્રવ્ય, તેના ગુણ કે પર્યાય બીજા દ્રવ્ય, તેના ગુણ કે પર્યાયમાં કાંઈ પણ કરી શકતા નથી. દરેક દ્રવ્ય પોતપોતાના કારણે પોતાનો પર્યાય ધારણ કરે છે. વિકારી અવસ્થા વખતે પરદ્રવ્ય નિમિત્તરૂપ એટલે કે હાજર હોય ખરું પણ તે કોઈ બીજા દ્રવ્યમાં વિક્રિયા (કાંઈપણ) કરી શકતું નથી. દરેક દ્રવ્યમાં અગુરુલઘુત્વ નામનો ગુણ છે, તેથી તે દ્રવ્ય બીજારૂપ થતું નથી. એક ગુણ બીજારૂપ થતો નથી અને એક પર્યાય બીજારૂપ થતો નથી. એક દ્રવ્યના ગુણ કે પર્યાય તે તે દ્રવ્યથી છૂટા પડી શકતા નથી; હવે તે પ્રમાણે પોતાના ક્ષેત્રથી છૂટા પડે નહિ અને પરદ્રવ્યમાં જાય નહિ તો પછી તેને શું કરી શકે? કાંઈ જ ન કરી શકે. એક દ્રવ્ય, ગુણ કે પર્યાય બીજા દ્રવ્યના પર્યાયમાં કારણ થાય નહિ, તેમ તે બીજાનું કાર્ય થાય નહિ, એવી **અકારણકાર્યત્વશક્તિ** દરેક દ્રવ્યમાં રહેલી છે; આ રીતે સમજતાં કારણવિપરીતતા ટળે છે.

૨—દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. જીવદ્રવ્ય ચેતનાગુણસ્વરૂપ છે; પુદ્‌ગલદ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ અને વર્ણસ્વરૂપ છે. જીવ પોતે 'હું પરનું કરી શકું, પર મારું કરી શકે અને શુભવિકલ્પથી

લાભ થાય' એવી ઊંધી પક્કડ કરે ત્યાં સુધી તેનો અજ્ઞાનરૂપ પર્યાય થાય છે. જીવ યથાર્થ સમજે એટલે કે સત્ સમજે ત્યારે સાચી માન્યતાપૂર્વક તેને સાચું જ્ઞાન થાય છે, તેના પરિણામે ક્રમે ક્રમે શુદ્ધતા વધી સંપૂર્ણ વીતરાગતા પ્રગટે છે. બીજાં ચાર દ્રવ્યો (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ) અરૂપી છે, તેને કદી અશુદ્ધ અવસ્થા હોતી નથી; આ પ્રમાણે સમજતાં સ્વરૂપવિપરીતતા ટળે છે.

૩—પરદ્રવ્યો, જડ કર્મ અને શરીરથી જીવ ત્રણેકાળે ભિન્ન છે; એકક્ષેત્રાવગાહસંબંધે રહે ત્યારે પણ જીવ સાથે એક થઈ શકતાં નથી. એક દ્રવ્યનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બીજા દ્રવ્યમાં નાસ્તિરૂપે છે, કેમ કે બીજા દ્રવ્યથી તે દ્રવ્ય ચારે પ્રકારે ભિન્ન છે. દરેક દ્રવ્ય પોતે પોતાના ગુણથી અભિન્ન છે, કેમ કે તેનાથી કદી તે દ્રવ્ય જુદું થઈ શકતું નથી; આ પ્રમાણે સમજતાં ભેદાભેદવિપરીતતા ટળે છે.

**સત્ =** ત્રિકાળ ટકનાર, સત્યાર્થ, પરમાર્થ, ભૂતાર્થ, નિશ્ચય, શુદ્ધ; એ બધા એકાર્થવાચક શબ્દો છે. જીવનો જ્ઞાયકભાવ ત્રિકાળી અખંડ છે; તેથી તે સત્, સત્યાર્થ, પરમાર્થ, ભૂતાર્થ, નિશ્ચય અને શુદ્ધ છે. આ દૃષ્ટિને દ્રવ્યદૃષ્ટિ, વસ્તુદૃષ્ટિ, શિવદૃષ્ટિ, તત્ત્વદૃષ્ટિ, કલ્યાણકારીદૃષ્ટિ પણ કહેવામાં આવે છે.

**અસત્ =** ક્ષણિક, અભૂતાર્થ, અપરમાર્થ, વ્યવહાર, ભેદ, પર્યાય, ભંગ, અવિદ્યમાન; જીવમાં થતો વિકારભાવ અસત્ છે, કેમ કે તે ક્ષણિક છે અને ટાળ્યો ટાળી શકાય છે.

જીવ અનાદિથી આ અસત્ વિકારી ભાવ ઉપર દૃષ્ટિ રાખી રહ્યો છે તેથી તેને પર્યાયબુદ્ધિ, વ્યવહારવિમૂઢ, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ, મોહી અને મૂઢ પણ કહેવામાં આવે છે. અજ્ઞાની આ અસત્ ક્ષણિક ભાવને પોતાનો માની રહ્યો છે, એટલે કે તે અસત્‌ને સત્ માની રહ્યો છે; માટે આ ભેદ જાણી જે અસત્‌ને ગૌણ કરી સત્‌સ્વરૂપ ઉપર વજન રાખી પોતાના જ્ઞાયકભાવ તરફ વળે છે તે મિથ્યાજ્ઞાન ટાળી સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે છે; તેનું ઉન્મત્તપણું ટળે છે.

**વિપર્યય** પણ બે પ્રકારે હોય છે—સહજ અને આહાર્ય.

(૧) સહજ—જે પોતાથી-પોતાની ભૂલથી એટલે કે પરોપદેશ વિના વિપરીતતા ઉત્પન્ન થાય છે તે.

(૨) આહાર્ય—પરના ઉપદેશથી ગ્રહેલ વિપરીતતા. આ શ્રોત્રેન્દ્રિય દ્વારા થતા કુમતિજ્ઞાનપૂર્વક ગ્રહણ કરેલ કુશ્રુતજ્ઞાન છે.

**શંકા :**—દયાધર્મના જાણવાવાળા જીવોને ભલે આત્માની ઓળખાણ ન હોય તોપણ દયાધર્મની શ્રદ્ધા હોય છે, તો પછી તેના જ્ઞાનને અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) કેમ મનાય?

**સમાધાન** :—દયાધર્મના જ્ઞાતાઓમાં પણ આપ્ત, આગમ અને પદાર્થ (નવતત્ત્વ)ની યથાર્થ શ્રદ્ધાથી રહિત જે જીવો છે તેમને દયાધર્મ આદિમાં યથાર્થ શ્રદ્ધા હોવાનો વિરોધ છે; તેથી તેમનું જ્ઞાન અજ્ઞાન જ છે. જ્ઞાનનું કાર્ય જે હોવું જોઈએ તે ન હોય ત્યાં જ્ઞાનને અજ્ઞાન ગણવાનો લોકમાં પણ પ્રસિદ્ધ છે, જેમ કે પુત્રનું કાર્ય નહિ કરનાર એવા પુત્રને પણ લોકોમાં કુપુત્ર કહેવાનો વ્યવહાર જોવામાં આવે છે.

**શંકા** :—જ્ઞાનનું કાર્ય શું છે?

**સમાધાન** :—જાણેલા પદાર્થની શ્રદ્ધા કરવી તે જ્ઞાનનું કાર્ય છે. એ પ્રકારનું જ્ઞાનનું કાર્ય મિથ્યાદૃષ્ટિ જીવમાં થતું નથી, તેથી તેના જ્ઞાનને અજ્ઞાન કહ્યું છે. [શ્રી ધવલા પુસ્તક ૫ પાનું–૨૨૪]

વિપર્યયમાં સંશય અને અનધ્યવસાય સમાઈ જાય છે એમ સૂત્ર ૩૧ની ટીકામાં કહ્યું છે, તે સંબંધે હવે થોડું જણાવવામાં આવે છે :—

૧–કેટલાકને ધર્મ કે અધર્મ એ કાંઈ હશે કે નહિ તેવો સંશય હોય છે.

૨–કેટલાકને સર્વજ્ઞના અસ્તિત્વ–નાસ્તિત્વનો સંશય હોય છે.

૩–કેટલાકને પરલોકના અસ્તિત્વ–નાસ્તિત્વનો સંશય હોય છે.

૪–કેટલાકને અનધ્યવસાય (અનિર્ણય) હોય છે; તેઓ કહે છે કે–હેતુવાદરૂપ તર્કશાસ્ત્ર છે, તેથી તેનાથી કાંઈ નિર્ણય થઈ શકતો નથી અને આગમો છે તે ભિન્ન ભિન્ન રીતે વસ્તુના સ્વરૂપને કહે છે. કોઈ કાંઈ કહે છે અને કોઈ કાંઈ કહે છે; તેથી તેની પરસ્પર વાત મળતી નથી.

૫–કેટલાકને એવો અનધ્યવસાય (અનિર્ણય) હોય છે કે કોઈ જ્ઞાતા સર્વજ્ઞ અથવા કોઈ મુનિ કે જ્ઞાની પ્રત્યક્ષ દેખાતા નથી કે જેમનાં વચન અમે પ્રમાણ કરી શકીએ; વળી ધર્મનું સ્વરૂપ ઘણું સૂક્ષ્મ છે તેથી કેમ નિર્ણય થાય? માટે મોટા જે માર્ગે જાય તે માર્ગે આપણે જવું.

૬–કોઈ વીતરાગધર્મનો લૌકિક વાદો સાથે સમન્વય કરે છે; શુભભાવોના વર્ણનનું સમાનપણું કેટલાક અંશે દેખી જગતમાં ચાલતી બધી ધાર્મિક માન્યતાઓ એક છે એમ માને છે (તે વિપર્યય છે).

૭–કોઈ મંદ કષાયથી ધર્મ (શુદ્ધતા) થાય એમ માને છે (તે પણ વિપર્યય છે).

૮–આ જગત કોઈ એક ઈશ્વરે પેદા કર્યું છે, એ તેનો નિયામક છે—એમ ઈશ્વરનું સ્વરૂપ વિપર્યય સમજે છે.

એમ સંશય, વિપર્યય અને અનધ્યવસાય અનેક પ્રકારે મિથ્યાજ્ઞાનમાં હોય છે; માટે સત્ અને અસત્‌નો યથાર્થ ભેદ સમજી, સ્વચ્છંદે કરવામાં આવતી કલ્પનાઓ અને ઉન્મત્તપણું ટાળવાનું આ સૂત્ર કહે છે. [ મિથ્યાત્વને ઉન્મત્તપણું કહ્યું છે, કારણ કે મિથ્યાત્વથી અનંત પાપ બંધાય છે તેનો જગતને ખ્યાલ નથી. ] ૩૨.

## પ્રમાણનું સ્વરૂપ કહ્યું, હવે શ્રુતજ્ઞાનના અંશરૂપ નયનું સ્વરૂપ કહે છે.

**नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दसमभिरूढैवंभूतानयाः ।।३३।।**

**અર્થ** :—[नैगम ] નૈગમ, [संग्रह ] સંગ્રહ, [व्यवहार ] વ્યવહાર [ऋजुसूत्र ] ઋજુસૂત્ર, [शब्द ] શબ્દ, [समभिरूढ ] સમભિરૂઢ, [एवंभूता ] એવંભૂત—એ સાત [नयाः ] નયો [Viewpoints] છે.

### ટીકા

વસ્તુના અનેક ધર્મોમાંથી કોઈ એકની મુખ્યતા કરી, અન્ય ધર્મોનો વિરોધ કર્યા વગર તેમને ગૌણ કરી સાધ્યને જાણવો તે નય છે.

દરેક વસ્તુમાં અનેક ધર્મો રહેલા છે, તેથી તે અનેકાન્તસ્વરૂપ છે. ['અંત'નો અર્થ 'ધર્મ' થાય છે.] અનેકાંતસ્વરૂપ સમજાવવાની પદ્ધતિને 'સ્યાદ્વાદ' કહેવામાં આવે છે. સ્યાદ્વાદ દ્યોતક છે, અનેકાંત દ્યોત્ય છે. 'સ્યાત્'નો અર્થ 'કથંચિત્' થાય છે, એટલે કે કોઈ યથાર્થ પ્રકારની વિવક્ષાનું કથન તે સ્યાદ્વાદ. અનેકાંતનો પ્રકાશ કરવા માટે 'સ્યાત્' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

હેતુ અને વિષયના સામર્થ્યની અપેક્ષાએ પ્રમાણથી નિરૂપણ કરવામાં આવેલા અર્થના એકદેશને કહેવો તે નય છે, તેને 'સમ્યક્ એકાંત' પણ કહેવામાં આવે છે. શ્રુતપ્રમાણ સ્વાર્થ અને પરાર્થ બે પ્રકારે છે, તેમાં પરાર્થ શ્રુતપ્રમાણનો અંશ તે નય છે. શાસ્ત્રના ભાવો સમજવા માટે નયોનું સ્વરૂપ સમજવાની જરૂર છે. સાત નયોનું સ્વરૂપ નીચે મુજબ છે :—

૧. **નૈગમનય** :—જે ભૂતકાળના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે અથવા ભવિષ્યના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે તથા વર્તમાન પર્યાયમાં કંઈક નિષ્પન્ન (પ્રગટરૂપ) છે અને કંઈક નિષ્પન્ન નથી, તેનો નિષ્પન્નરૂપ સંકલ્પ કરે તે જ્ઞાનને તથા વચનને નૈગમનય કહે છે. [Figurative]

૨. **સંગ્રહનય** :—જે સમસ્ત વસ્તુઓને તથા સમસ્ત પર્યાયને સંગ્રહરૂપ કરી જાણે તથા કહે તે સંગ્રહનય છે. જેમ–સત્, દ્રવ્ય ઇત્યાદિ. [General, Common]

૩. **વ્યવહારનય** :—અનેક પ્રકારના ભેદ કરી વ્યવહાર કરે–ભેદે તે વ્યવહારનય છે. સંગ્રહનય દ્વારા ગ્રહણ કરેલ પદાર્થોનો **વિધિપૂર્વક** ભેદ કરે તેને વ્યવહાર કહે છે. જેમ સત્ બે પ્રકારે છે–દ્રવ્ય અને ગુણ. દ્રવ્યના છ ભેદ છે–જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. ગુણના બે ભેદ છે–સામાન્ય અને વિશેષ. આ રીતે જ્યાં સુધી ભેદ થઈ શકે છે ત્યાં સુધી આ નય પ્રવર્તેછે. [Distributive]

૪. **ઋજુસૂત્રનય** :—[ઋજુ એટલે વર્તમાન, હાજર, સરળ] જે જ્ઞાનનો અંશ વર્તમાન પર્યાય માત્રને ગ્રહણ કરે તે ઋજુસૂત્રનય છે. [Present condition]

૫. **શબ્દનય** :—જે નય લિંગ, સંખ્યા, કારક આદિના વ્યભિચારને દૂર કરે છે તે શબ્દનય છે. આ નય લિંગાદિકના ભેદથી પદાર્થને ભેદરૂપ ગ્રહણ કરે છે; જેમ–દાર (પુ૦), ભાર્યા (સ્ત્રી૦), કલત્ર (ન૦), એ દાર, ભાર્યા, અને કલત્ર ત્રણે શબ્દો ભિન્ન લિંગવાળા હોવાથી, જોકે એક જ પદાર્થના વાચક છે તોપણ આ નય સ્ત્રી પદાર્થને લિંગના ભેદથી ત્રણ ભેદરૂપ જાણે છે. [Destriptive]

૬. **સમભિરૂઢ નય** :—(૧) જે જુદાજુદા અર્થોને ઉલ્લંઘી એક અર્થને રૂઢિથી ગ્રહણ કરે તે. જેમ કે–ગાય. [Usage] (૨) પર્યાયના ભેદથી અર્થને ભેદરૂપ ગ્રહણ કરે તે. જેમ –ઈંદ્ર, પુરંદર, શક્ર, એ ત્રણે શબ્દો ઈન્દ્રનાં નામ છે પણ આ નય ત્રણેનો જુદો જુદો અર્થ કરે છે. [Specific]

૭. **એવંભૂતનય** :—જે શબ્દનો જે ક્રિયારૂપ અર્થ છે તે ક્રિયારૂપ પરિણમતા પદાર્થને જે નય ગ્રહણ કરે છે, તેને એવંભૂતનય કહે છે. જેમ કે–પૂજારીને પૂજા કરતી વખતે જ પૂજારી કહેવો. [Active]

પહેલા ત્રણ ભેદ દ્રવ્યાર્થિકનયના છે. તેને સામાન્ય, ઉત્સર્ગ અથવા અનુવૃત્તિ એવા નામથી પણ કહેવામાં આવે છે.

પાછળના ચાર ભેદ પર્યાયાર્થિકનયના છે. તેને વિશેષ, અપવાદ અથવા વ્યાવૃત્તિ એવા નામથી પણ કહેવામાં આવે છે.

પહેલા ચાર નય **અર્થનય** છે, પછીના ત્રણ **શબ્દનય** છે.

**પર્યાય** બે પ્રકારના છે–(૧) સહભાવી–જેને ગુણ કહેવામાં આવે છે; (૨) ક્રમભાવી –જેને પર્યાય કહેવામાં આવે છે.

**દ્રવ્ય** એ નામ વસ્તુઓનું પણ છે અને વસ્તુઓના સામાન્યસ્વભાવમય એક સ્વભાવનું પણ છે. જ્યારે દ્રવ્ય પ્રમાણનો વિષય હોય ત્યારે તેનો અર્થ વસ્તુ (દ્રવ્ય, ગુણ અને ત્રણેકાળના

પર્યાયો સહિત) એવો કરવો; નયોના પ્રકરણમાં જ્યારે દ્રવ્યાર્થિક વપરાય ત્યારે 'સામાન્ય સ્વભાવમય એક સ્વભાવ' (સામાન્યાત્મક ધર્મ) એવો તેનો અર્થ કરવો.

દ્રવ્યાર્થિકમાં નીચે પ્રમાણે ત્રણ ભેદ થાય છે :—

૧–સત્ અને અસત્ પર્યાયના સ્વરૂપમાં **પ્રયોજનવશ** પરસ્પર ભેદ ન માની બંનેને વસ્તુનું સ્વરૂપ માનવું તે નૈગમયનય છે.

૨–સત્‌ના અંતર્ભેદોમાં ભેદ ન ગણવો તે સંગ્રહનય છે.

૩–સત્‌માં અંતર્ભેદો માનવા તે વ્યવહારનય છે.

નયના જ્ઞાનનય, શબ્દનય અને અર્થનય એવા પણ ત્રણ પ્રકાર પડે છે.

૧–વાસ્તવિક પ્રમાણજ્ઞાન છે; અને એકદેશગ્રાહી તે હોય ત્યારે તેને નય કહે છે, તેથી જ્ઞાનનું નામ નય છે અને તેને **જ્ઞાનનય** કહેવામાં આવે છે.

૨–જ્ઞાન દ્વારા જાણેલા પદાર્થનું પ્રતિપાદન શબ્દ દ્વારા થાય છે, તેથી તે શબ્દને **શબ્દનય** કહેવામાં આવે છે.

૩–જ્ઞાનનો વિષય પદાર્થ છે, તેથી નયથી પ્રતિપાદન કરવામાં આવતા પદાર્થને પણ નય કહેવામાં આવે છે, તે **અર્થનય** છે.

આત્માના સંબંધમાં આ સાત નયો નીચેના ચૌદ બોલમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ ઉતારેલા છે તે સાધકને ઉપયોગી હોવાથી અહીં અર્થ સાથે આપવામાં આવે છે :—

૧. એવંભૂતદૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર = પૂર્ણતાને લક્ષે શરૂઆત કર.

૨. ઋજુસૂત્રદૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર = સાધકદૃષ્ટિ દ્વારા સાધ્યમાં સ્થિતિ કર.

૩. નૈગમદૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર. = તું પૂર્ણ છો એવી સંકલ્પદૃષ્ટિ વડે પૂર્ણતાને પ્રાપ્ત કર.

૪. એવંભૂતદૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર. = પૂર્ણદૃષ્ટિથી અવ્યક્ત અંશ વિશુદ્ધ કર.

૫. સંગ્રહદૃષ્ટિથી એવંભૂત થા. = ત્રિકાળી સત્ દૃષ્ટિથી પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ કર.

૬. એવંભૂતદૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર. = નિશ્ચયદૃષ્ટિથી સત્તાને વિશુદ્ધ કર.

૭. વ્યવહારદૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા. = ભેદદૃષ્ટિ છોડીને અભેદ પ્રત્યે જા.

૮. એવંભૂતદૃષ્ટિથી વ્યવહારનિવૃત્તિ કર. = અભેદદૃષ્ટિથી ભેદને નિવૃત્ત કર.

૯. શબ્દદૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા. = શબ્દના રહસ્યભૂત પદાર્થની દૃષ્ટિથી પૂર્ણતા પ્રત્યે જા.

૧૦. એવંભૂતદૃષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર. = નિશ્ચયદૃષ્ટિથી શબ્દના રહસ્યભૂત પદાર્થમાં નિર્વિકલ્પ થા.

૧૧. સમભિરૂઢદૃષ્ટિથી એવંભૂત અવલોક. = સાધકઅવસ્થાના આરૂઢભાવથી નિશ્ચયને જો.

૧૨. એવંભૂતદૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર. = નિશ્ચયદૃષ્ટિથી સમસ્વભાવ પ્રત્યે આરૂઢ સ્થિતિ કર.

૧૩. એવંભૂતદૃષ્ટિથી એવંભૂત થા. = નિશ્ચયદૃષ્ટિથી નિશ્ચયરૂપ થા.

૧૪. એવંભૂત સ્થિતિથી એવંભૂતદૃષ્ટિ શમાવ. = નિશ્ચયસ્થિતિથી નિશ્ચયદૃષ્ટિના વિકલ્પને શમાવી દે.

## ખરા ભાવો લૌકિક ભાવોથી વિરુદ્ધ હોય છે.

**પ્રશ્ન** :—જો વ્યવહારનયથી એટલે કે વ્યાકરણને અનુસરીને જે પ્રયોગ (અર્થ) થાય છે, તેને તમે શબ્દનયથી દૂષિત કહેશો તો લોક અને શાસ્ત્રને વિરોધ આવશે?

**ઉત્તર** :—લોક ન સમજે તેથી વિરોધ ભલે કરે; અહીં યથાર્થ સ્વરૂપ (તત્ત્વ) વિચારવામાં આવે છે—પરીક્ષા કરવામાં આવે છે. ઔષધિ રોગીની ઇચ્છાનુસાર હોતી નથી. (સર્વાર્થસિદ્ધિ પાનું–૫૩૪.) જગત રોગી છે, તેને અનુકૂળ આવે એમ જ્ઞાનીઓ તત્ત્વનું સ્વરૂપ (ઔષધિ) ન કહે, પણ જેમ યથાર્થ સ્વરૂપ હોય તેમ તેઓ કહે. ૩૩.

* * *

## જ્ઞાન સંબંધી વિશેષ ખુલાસો (સૂત્ર–૮)

**પ્રશ્ન** :—આઠમા સૂત્રમાં (પાનું ૪૨) જ્ઞાનના સત્‌–સંખ્યાદિ આઠ ભેદો જ કેમ કહેવામાં આવ્યા છે, ઓછા કે વધારે કેમ કહ્યા નથી?

**ઉત્તર** :—નીચેના આઠ પ્રકારનો નિષેધ કરવા માટે તે આઠ ભેદો કહેવામાં આવ્યા છે :—

૧. નાસ્તિક કહે છે કે 'કોઈ વસ્તુ છે જ નહિ.' તેથી 'સત્‌' સાબિત કરવાથી તે નાસ્તિકની દલીલ તોડી નાંખી.

૨. કોઈ કહે છે કે 'વસ્તુ એક જ છે, તેમાં કોઈ પ્રકારના ભેદ નથી.' 'સંખ્યા' સાબિત કરવાથી તે દલીલ તોડી નાંખી.

૩. કોઈ કહે છે કે 'વસ્તુને પ્રદેશ (આકાર) નથી.' 'ક્ષેત્ર' સાબિત કરવાથી તે દલીલ તોડી નાંખી.

૪. કોઈ કહે છે કે 'વસ્તુ ક્રિયારહિત છે.' 'સ્પર્શન' સાબિત કરવાથી તે દલીલ તોડી નાંખી. [નોંધ :—એક જગ્યાથી બીજી જગ્યાએ જવું તે ક્રિયા છે.]

૫. 'વસ્તુનો પ્રલય (સર્વથા નાથ) થાય છે' એમ કોઈ માને છે. 'કાળ' સાબિત કરવાથી તે દલીલ તોડી નાંખી.


૬. 'વસ્તુ ક્ષણિક છે' એમ કોઈ માને છે. 'અંતર' સાબિત કરવાથી તે દલીલ તોડી નાંખી.

૭. 'વસ્તુ કૂટસ્થ છે' એમ કોઈ માને છે. 'ભાવ' સાબિત કરવાથી તે દલીલ તોડી નાંખી. [જેની હાલત ન બદલાય, તેને કૂટસ્થ કહે છે.]

૮. 'વસ્તુ સર્વથા એક જ છે અથવા તો વસ્તુ સર્વથા અનેક જ છે' એમ કોઈ માને છે. 'અલ્પ–બહુત્વ' સિદ્ધ કરવાથી તે દલીલ તોડી નાંખી.

*[જુઓ, 'પ્રશ્નોત્તર–સર્વાર્થસિદ્ધિ' પા. ૨૭૭–૨૭૮]*

**એ પ્રમાણે શ્રી ઉમાસ્વામીવિરચિત મોક્ષશાસ્ત્રના પ્રથમ અધ્યાયની ગુજરાતી ટીકા પૂરી થઈ.**



ભગવાન્ શ્રી ઉમાસ્વામી વિરચિત

# મોક્ષશાસ્ત્ર–તત્ત્વાર્થસૂત્ર

## (ગુજરાતી ટીકા)

j

પ્રથમ અધ્યાયનાં

# પરિશિષ્ટ

❁

**ટીકા સંગ્રાહક**

રામજી માણેકચંદ દોશી

# [ ૧ ]

# સમ્યગ્દર્શન સંબંધી કેટલીક જાણવા જેવી વિગતો

## (૧)

## સમ્યગ્દર્શનની જરૂરિયાત

**પ્રશ્ન** :—સમ્યગ્દર્શનથી ધર્મની શરૂઆત થાય છે એમ જ્ઞાનીઓ કહે છે, તો સમ્યગ્દર્શન વિનાનાં જ્ઞાન અને ચારિત્ર કેવાં હોય?

**ઉત્તર** :—સમ્યગ્દર્શન ન હોય તો અગિયાર અંગનો જ્ઞાતા પણ મિથ્યાજ્ઞાની છે અને તેનું ચારિત્ર પણ મિથ્યાચારિત્ર છે. અહીં આશય એ છે કે સમ્યગ્દર્શન વિના વ્રત, તપ જપ, ભક્તિ, પ્રત્યાખ્યાન આદિ જે કાંઈ આચરણ છે તે સર્વે મિથ્યાચારિત્ર છે; માટે સમ્યગ્દર્શન શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે? તે જાણવાની જરૂર છે.

## (૨)

## સમ્યગ્દર્શન શું છે?

**પ્રશ્ન** :—સમ્યગ્દર્શન શું છે? તે દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય છે?

**ઉત્તર** :—સમ્યગ્દર્શન તે જીવદ્રવ્યના શ્રદ્ધાગુણનો એક નિર્મળ પર્યાય છે. આ જગતમાં છ દ્રવ્યો છે, તેમાં એક ચેતનદ્રવ્ય (જીવ) છે અને પાંચ અચેતન-જડ દ્રવ્યો (પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ) છે. જીવદ્રવ્ય અર્થાત્ આત્મવસ્તુમાં અનંત ગુણો છે, તેમાં એક ગુણ **શ્રદ્ધા** (માન્યતા-વિશ્વાસ-પ્રતીતિ) છે, તે ગુણની અવસ્થા અનાદિથી ઊંધી છે તેથી જીવને પોતાના સ્વરૂપની ભ્રમણા છે, તે અવસ્થાને મિથ્યાદર્શન કહેવામાં આવે છે; તે શ્રદ્ધાગુણની સવળી (શુદ્ધ) અવસ્થા તે સમ્યગ્દર્શન છે. આ રીતે આત્માના શ્રદ્ધાગુણનો શુદ્ધ પર્યાય સમ્યગ્દર્શન છે.

## (3)

## શ્રદ્ધાગુણની મુખ્યતાએ
## નિશ્ચયસમ્યગ્દર્શનની વ્યાખ્યા

(૧) શ્રદ્ધાગુણની જે અવસ્થા પ્રગટ થવાથી પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ થાય, તે સમ્યગ્દર્શન છે.

(૨) સર્વજ્ઞ ભગવાનની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે, તેવું શ્રદ્ધાન તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. [ નિશ્ચયસમ્યગ્દર્શન નિમિત્તને, અધૂરા કે વિકારી પર્યાયને, ભંગ-ભેદને કે ગુણભેદને સ્વીકારતું નથી-લક્ષમાં લેતું નથી. ]

નોંધ :—ઘણા માણસો માત્ર એક સર્વવ્યાપક આત્મા છે એમ માને છે અને તે આત્માને કૂટસ્થ માત્ર માને છે, પણ તેમના કહેવા મુજબ ચૈતન્ય માત્ર આત્માને માનવો તે સમ્યગ્દર્શન નથી.

(૩) સ્વરૂપનું શ્રદ્ધાન.

(૪) આત્મશ્રદ્ધાન. *[પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા- ૨૧૬]*

(૫) સ્વરૂપની યથાર્થ પ્રતીતિ. *[મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૩૨૨-૩૨૮]*

(૬) પરથી ભિન્ન પોતાના આત્માની શ્રદ્ધા-રુચિ. *[સમયસાર કલશ ૬; છહઢાળા- ત્રીજી ઢાળ, ગાથા- ૨]*

નોંધ :—અહીં 'પરથી ભિન્ન' એ શબ્દો એમ સૂચવે છે કે સમ્યગ્દર્શનને પરવસ્તુ, નિમિત્ત, અશુદ્ધપર્યાય, ઊણી શુદ્ધપર્યાય કે ભંગ-ભેદ એ કાંઈ સ્વીકાર્ય નથી. સમ્યગ્દર્શનનો વિષય (લક્ષ્ય) પૂર્ણ જ્ઞાનઘન ત્રિકાળી આત્મા છે. [પર્યાયની અપૂર્ણતા વગેરે સમ્યગ્જ્ઞાનનો વિષય છે.]

(૭) વિશુદ્ધજ્ઞાન-દર્શનસ્વભાવસ્વરૂપ નિજ પરમાત્માની રુચિ તે સમ્યગ્દર્શન. *[જયસેનાચાર્ય કૃત ટીકા-હિંદી સમયસાર પાનું-૮]*

નોંધ :—અહીં 'નિજ' શબ્દ છે, તે અનેક આત્માઓ છે તેમનાથી પોતાની ભિન્નતા બતાવે છે.

(૮) શુદ્ધ જીવાસ્તિકાયની રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વ.

*[જયસેનાચાર્ય કૃત ટીકા-પંચાસ્તિકાય ગાથા- ૧૦૭ પાનું ૧૭૦]*

## (૪)

## જ્ઞાનગુણની મુખ્યતાએ

## નિશ્ચયસમ્યગ્દર્શનની વ્યાખ્યા

(૧) વિપરીત અભિનિવેશ રહિત જીવાદિ તત્ત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. [મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૩૧૭-૩૨૦ તથા પુરુષાર્થસિદ્ધિઉપાય ગાથા-૨૨]

**નોંધ** :—આ વ્યાખ્યા પ્રમાણદૃષ્ટિએ છે, તેમાં નાસ્તિ-અસ્તિ બન્ને પડખાં બતાવ્યાં છે.

(૨) 'જીવાદિનું શ્રદ્ધાન સમ્યક્ત્વ છે' એટલે કે જીવાદિ પદાર્થોના યથાર્થ શ્રદ્ધાન સ્વરૂપે

આત્માનું પરિણમન તે સમ્યક્ત્વ છે. *[સમયસાર ગાથા-૧૫૫ હિંદી પાનું ૨૨૫, ગુજરાતી પાનું-૨૪૯]*

(૩) ભૂતાર્થે જાણેલા પદાર્થોથી શુદ્ધાત્માના જુદાપણાનું સમ્યક્અવલોકન. *[જયસેનાચાર્ય કૃત ટીકા-હિંદી સમયસાર પાનું-૨૨૬]*

નોંધ :—કોલમ નં. ૨ તથા ૩ એમ સૂચવે છે, કે જેને નવ પદાર્થોનું સમ્યગ્જ્ઞાન હોય તેને જ સમ્યગ્દર્શન હોય. આ રીતે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનનું અવિનાભાવીપણું બતાવે છે. આ કથન દ્રવ્યાર્થિકનયે છે.

(૪) પંચાધ્યાયી ભાગ બીજામાં જ્ઞાન અપેક્ષાએ નિશ્ચયસમ્યગ્દર્શનની વ્યાખ્યા ગાથા-૧૮૬ થી ૧૮૯માં આપી છે, તે કથન પર્યાયાર્થિકનયે છે. તે ગાથામાં નીચે પ્રમાણે કહ્યું છે—

[ગાથા-૧૮૬]-"તેથી શુદ્ધતત્ત્વ કાંઈ તે નવતત્ત્વથી વિલક્ષણ અર્થાંતર નથી, પરંતુ કેવળ નવતત્ત્વસંબંધી વિકારોને છોડીને નવતત્ત્વ જ શુદ્ધ છે.

ભાવાર્થ :—તેથી સિદ્ધ થાય છે કે કેવળ વિકારની ઉપેક્ષા કરવાથી નવતત્ત્વ જ શુદ્ધ છે, નવતત્ત્વોથી કાંઈ સર્વથા ભિન્ન શુદ્ધત્વ નથી."

[ગાથા-૧૮૭]-"તેથી સૂત્રમાં તત્ત્વાર્થની શ્રદ્ધા કરવી તેને સમ્યગ્દર્શન માનવામાં આવ્યું છે અને તે પણ જીવ-અજીવાદિરૂપ નવ છે; ××× **ભાવાર્થ** :—વિકારની ઉપેક્ષા કરતાં શુદ્ધત્વ નવતત્ત્વોથી અભિન્ન છે, તેથી સૂત્રકારે [તત્ત્વાર્થસૂત્રમાં] નવતત્ત્વોના યથાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે. ×××."

[ગાથા-૧૮૮]-આ ગાથામાં જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોનાં નામ આપ્યાં છે.

[ગાથા-૧૮૯]-"પુણ્ય અને પાપની સાથે એ સાત તત્ત્વને નવ પદાર્થ કહેવામાં આવે છે અને તે નવ પદાર્થ, ભૂતાર્થને આશ્રયે, સમ્યગ્દર્શનનો વાસ્તવિક વિષય છે. **ભાવાર્થ** :— તથા પુણ્ય અને પાપની સાથે એ સાત તત્ત્વ જ નવ પદાર્થ કહેવાય છે અને તે નવ પદાર્થ યથાર્થપણાને આશ્રયે સમ્યગ્દર્શનનો યથાર્થ વિષય છે."

**નોંધ** :—એ ખ્યાલમાં રાખવું કે આ કથન જ્ઞાન અપેક્ષાએ છે; દર્શન અપેક્ષાએ સમ્યગ્દર્શનનો વિષય પોતાનો અખંડ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરિપૂર્ણ આત્મા છે-તે બાબત ઉપર જણાવી છે.

(૫) "શુદ્ધચેતના એક પ્રકારની છે, કેમ કે શુદ્ધનો એક પ્રકાર છે. શુદ્ધચેતનામાં શુદ્ધતાની ઉપલબ્ધિ થાય છે, તેથી તે શુદ્ધરૂપ છે અને તે જ્ઞાનરૂપ છે, તેથી તે જ્ઞાનચેતના છે."
*[પંચાધ્યાયી અ. ૨, ગાથા-૧૯૪]*

“બધા સમ્યગ્દૃષ્ટિઓને આ જ્ઞાનચેતના પ્રવાહરૂપથી અથવા અખંડ એકધારારૂપ રહે છે. *[પંચાધ્યાયી અ. ૨, ગાથા–૮૫૧]*

(૬) જ્ઞેય–જ્ઞાતૃત્ત્વની યથાવત્ પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય. *[પ્રવચનસાર અધ્યાય ૩ ગાથા–૪૨. શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત ટીકા પાનું ૩૩૫]*

(૭) આત્માને આત્માથી જાણતો જીવ તે નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ છે. *[પરમાત્મપ્રકાશ ગાથા–૮૨]*

(૮)–‘तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्’ *[તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૧, સૂત્ર ૨]*

## (૫)

## ચારિત્રગુણની મુખ્યતાએ

## નિશ્ચયસમ્યગ્દર્શનની વ્યાખ્યા

(૧) “જ્ઞાનચેતનામાં ‘જ્ઞાન’ શબ્દથી જ્ઞાનમય હોવાના કારણે શુદ્ધાત્માનું ગ્રહણ છે અને તે શુદ્ધાત્મા જે–દ્વારા અનુભૂત થાય, તેને જ્ઞાનચેતના કહે છે.” *[પંચાધ્યાયી અ. ૨, ગાથા ૧૯૬—ભાવાર્થ ]*

(૨) “તેનો ખુલાસો એ છે કે–આત્માનો જ્ઞાનગુણ સમ્યક્ત્વયુક્ત થતાં આત્મસ્વરૂપની જે ઉપલબ્ધિ થાય છે, તેને જ્ઞાનચેતના કહે છે.” *[પંચાધ્યાયી ગા.– ૧૯૭]*

(૩) “નિશ્ચયથી આ જ્ઞાનચેતના સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. *[પંચાધ્યાયી ગા.– ૧૯૮]*

**નોંધ :**—અહીં આત્માનો જે શુદ્ધોપયોગ છે—અનુભવ છે, તે ચારિત્રગુણનો પર્યાય છે.

(૪) આત્માની શુદ્ધ ઉપલબ્ધિ સમ્યગ્દર્શનનું લક્ષણ છે. *[પંચાધ્યાયી ગાથા– ૨૧૫]*

**નોંધ :**—અહીં એટલું લક્ષમાં રાખવું કે જ્ઞાનની મુખ્યતાએ તથા ચારિત્રની મુખ્યતાએ જે કથન છે તેને સમ્યગ્દર્શનનું બાહ્ય લક્ષણ જાણવું, કેમ કે સમ્યગ્જ્ઞાન અને અનુભવની સાથે સમ્યગ્દર્શન અવિનાભાવી હોવાથી તે સમ્યગ્દર્શનને અનુમાનથી સિદ્ધ કરે છે. એ અપેક્ષાએ તેને વ્યવહારકથન કહેવામાં આવે છે અને દર્શન (શ્રદ્ધા) ગુણ અપેક્ષાએ જે કથન છે, તેને નિશ્ચયકથન કહેવામાં આવે છે.

(૫) દર્શનનું નિશ્ચય સ્વરૂપ એવું છે કે–ભગવાન પરમાત્મસ્વભાવના અતીન્દ્રિય સુખની રુચિ કરવાવાળા જીવમાં શુદ્ધ અંતરંગ આત્મિક તત્ત્વના આનંદને ઊપજવાનું ધામ એવા શુદ્ધ જીવાસ્તિકાયનું (પોતાના જીવસ્વરૂપનું) પરમ શ્રદ્ધાન, દૃઢ પ્રતીતિ અને સાચો નિશ્ચય એ જ દર્શન છે. (આ વ્યાખ્યા સુખ ગુણની મુખ્યતાથી છે.)

## (૬)

## અનેકાન્ત સ્વરૂપ

દર્શન–જ્ઞાન–ચારિત્ર સંબંધી અનેકાન્ત સ્વરૂપ સમજવા લાયક હોવાથી અહીં કહેવામાં આવે છે.

(૧) **સમ્યગ્દર્શન**—તમામ સમ્યગ્દૃષ્ટિઓને એટલે ચોથા ગુણસ્થાનકથી સિદ્ધ સુધી બધાને એકસરખું છે. એટલે કે શુદ્ધાત્માની માન્યતા તે બધાને એકસરખી છે—માન્યતામાં કાંઈ ફેરફાર નથી.

(૨) **સમ્યગ્જ્ઞાન**—તમામ સમ્યગ્દૃષ્ટિઓને સમ્યક્પણાની અપેક્ષાએ જ્ઞાન એક જાતનું છે, પણ જ્ઞાન કોઈને હીન, કોઈને અધિક હોય છે. તેરમે ગુણસ્થાનથી સિદ્ધ સુધીનું જ્ઞાન સંપૂર્ણ હોવાથી સર્વ વસ્તુઓને યુગપત્ જાણે છે. નીચેના ગુણસ્થાનોમાં [ચારથી બાર સુધીમાં] જ્ઞાન ક્રમે-ક્રમે થાય છે અને ત્યાં જોકે જ્ઞાન સમ્યક્ છે,–તોપણ ઓછું–વધતું છે. તે અવસ્થામાં જે જ્ઞાન ઉઘાડરૂપ નથી તે અભાવરૂપ છે; આ રીતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં તફાવત છે.

(૩) **સમ્યગ્ચારિત્ર**—તમામ સમ્યગ્દૃષ્ટિઓને જે કાંઈ ચારિત્ર પ્રગટ્યું હોય તે સમ્યક્ છે અને દસમા ગુણસ્થાન સુધી જે પ્રગટ્યું નથી તે વિભાવરૂપ છે. તેરમા ગુણસ્થાને અનુજીવી યોગ ગુણ કંપનરૂપ હોવાથી વિભાવરૂપ છે અને ત્યાં પ્રતિજીવી ગુણો બિલકુલ પ્રગટ નથી. ચૌદમા ગુણસ્થાને પણ ઉપાદાનની કચાશ છે, તેથી ત્યાં ઔદયિકભાવ છે.

(૪) જ્યાં સમ્યગ્દર્શન છે ત્યાં સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણચારિત્રનો અંશ અભેદરૂપ હોય છે અને ઉપર કહ્યા પ્રમાણે દર્શનગુણથી જ્ઞાનગુણનું જુદાપણું અને તે બંને ગુણથી ચારિત્રગુણનું જુદાપણું સિદ્ધ થયું, એ રીતે અનેકાંત સ્વરૂપ થયું.

(૫) આ ભેદ પર્યાયાર્થિકનયથી છે, દ્રવ્ય અખંડ હોવાથી દ્રવ્યાર્થિકનયે બધા ગુણો અભેદ છે—અખંડ છે, એમ સમજવું.

## (૭)

## દર્શન (શ્રદ્ધા), જ્ઞાન, ચારિત્ર એ ત્રણે ગુણોની અભેદદષ્ટિએ નિશ્ચયસમ્યગ્દર્શનની વ્યાખ્યા

(૧) અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્માસ્વરૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે–[અર્થાત્ શ્રદ્ધાય છે] અને જણાય છે, તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. નયોના પક્ષપાતને છોડીને એક અખંડ

પ્રતિભાસનો અનુભવ કરવો તે જ 'સમ્યગ્દર્શન' અને 'સમ્યગ્જ્ઞાન' એવાં નામ પામે છે. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદાં નથી. [ગુજરાતી સમયસાર ગાથા–૧૪૪ ટીકા–ભાવાર્થ, પાનું–૧૮૪]

(૨) **વર્તે નિજ સ્વભાવનો અનુભવ લક્ષ પ્રતીત,**
**વૃત્તિ વહે નિજભાવમાં પરમાર્થે સમકિત.**

*[આત્મસિદ્ધિ ગાથા– ૧૧૧]*

**અર્થ** :—પોતાના સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન અને અનુભવ વર્તે અને પોતાના ભાવમાં પોતાની વૃત્તિ વહે, તે પરમાર્થસમ્યક્ત્વ છે.

## (૮)

## નિશ્ચયસમ્યગ્દર્શનનું ચારિત્રના ભેદઅપેક્ષાએ કથન

નિશ્ચયસમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનકથી શરૂ થાય છે, ચોથા અને પાંચમા ગુણસ્થાન કે ચારિત્રમાં મુખ્યપણે રાગ હોય છે, તેથી તેને 'સરાગસમ્યક્ત્વ' કહેવાય છે. છટ્ઠા ગુણસ્થાનકે ચારિત્રમાં રાગ ગૌણ છે અને પછીનાં ગુણસ્થાનકોમાં તે ટળતાં ટળતાં છેવટે સંપૂર્ણ વીતરાગચારિત્ર થાય છે, તેથી છટ્ઠા ગુણસ્થાનકથી 'વીતરાગસમ્યક્ત્વ' કહેવાય છે.

## (૯)

## નિશ્ચયસમ્યગ્દર્શન સંબંધે પ્રશ્નોત્તર

**પ્રશ્ન** :—મિથ્યાત્વ અને અનંતાનુબંધીના નિમિત્તે થતા વિપરીત અભિનિવેશ રહિત જે શ્રદ્ધા છે, તે નિશ્ચયસમ્યક્ત્વ છે કે વ્યવહારસમ્યક્ત્વ છે?

**ઉત્તર** :—તે નિશ્ચયસમ્યક્ત્વ છે, વ્યવહારસમ્યક્ત્વ નથી.

**પ્રશ્ન** :—પંચાસ્તિકાયની ગાથા ૧૦૭ની સંસ્કૃત ટીકામાં તેને વ્યવહારસમ્યક્ત્વ કહ્યું છે?

**ઉત્તર** :—ના, તેમાં આ પ્રમાણે શબ્દો છે–'मिथ्यात्वोदयजनित विपरिताभिनिवेश रहितं श्रद्धानं; અહીં 'श्रद्धानं' કહીને શ્રદ્ધાનની ઓળખાણ આપી છે, પણ તેને વ્યવહારસમ્યક્ત્વ કહ્યું નથી. વ્યવહાર અને નિશ્ચયસમ્યક્ત્વની વ્યાખ્યા તો ગાથા ૧૦૭માં કહેલ 'भावाणं' શબ્દના અર્થમાં કહી છે.

**પ્રશ્ન** :—'અધ્યાત્મ કમલમાર્તંડ'ની ૭મી ગાથામાં તેને વ્યવહારસમ્યક્ત્વ કહ્યું છે એ ખરું?

**ઉત્તર** :—ના, ત્યાં નિશ્ચયસમ્યક્ત્વની વ્યાખ્યા છે; દ્રવ્યકર્મના ઉપશમ, ક્ષય વગેરેનાં

નિમિત્તથી સમ્યક્ત્વ પેદા થાય છે-એમ નિશ્ચયસમ્યક્ત્વની વ્યાખ્યા કરવી તે વ્યવહારનયથી છે, કેમ કે તે વ્યાખ્યા પરદ્રવ્યની અપેક્ષાએ કહી છે. પોતાના પુરુષાર્થથી નિશ્ચયસમ્યક્ત્વ પ્રગટે છે, એ નિશ્ચયનયનું કથન છે. હિંદીમાં જે 'વ્યવહારસમ્યક્ત્વ' એવો અર્થ કર્યો છે, તે મૂળ ગાથા સાથે બંધ બેસતો નથી.

## (૧૦)

## વ્યવહારસમ્યગ્દર્શનની વ્યાખ્યા

(૧) પાંચ અસ્તિકાય, છ દ્રવ્યો તથા જીવ-પુદ્‌ગલના સંયોગી પરિણામોથી ઉત્પન્ન આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ એ રીતે નવ પદાર્થોના **વિકલ્પરૂપ** વ્યવહારસમ્યક્ત્વ છે. *[પંચાસ્તિકાય ગાથા-૧૦૭ જયસેનાચાર્યકૃત ટીકા પા. ૧૭૦]*

(૨) જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોની જેમ છે તેમ યથાર્થ અટળ શ્રદ્ધા કરવી; તે વ્યવહારસમ્યગ્દર્શન છે. *[છહઢાળા-ઢાળ-૩ ગાથા-૩]*

(૩) **પ્રશ્ન** :—વ્યવહારસમ્યગ્દર્શન નિશ્ચયસમ્યગ્દર્શનનું સાધક છે?

**ઉત્તર** :—પ્રથમ નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે વિકલ્પરૂપ વ્યવહારસમ્યગ્દર્શનનો અભાવ થાય છે. તેથી તે (વ્યવહારસમ્યગ્દર્શન) ખરેખર નિશ્ચયસમ્યગ્દર્શનનું સાધક નથી, તોપણ તેને ભૂતનૈગમનયથી સાધક કહેવામાં આવે છે, એટલે કે પૂર્વે જે વ્યવહારસમ્યગ્દર્શન હતું, તે નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ થતી વખતે અભાવરૂપ થાય છે, તેથી જ્યારે તેનો અભાવ થાય છે ત્યારે પૂર્વેની વિકલ્પ સહિતની શ્રદ્ધાને વ્યવહારસમ્યગ્દર્શન કહેવામાં આવે છે. (પરમાત્મપ્રકાશ-ગાથા-૧૪૦ પાનું-૧૪૩ આવૃત્તિ પહેલી, સંસ્કૃત ટીકા) આ રીતે વ્યવહારસમ્યગ્દર્શન તે નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ નથી, પણ તેનો અભાવ તે કારણ છે.

## (૧૧)

## વ્યવહારાભાસ સમ્યગ્દર્શનને કોઈવાર વ્યવહારસમ્યગ્દર્શન પણ કહે છે

દ્રવ્યલિંગી મુનિને આત્મજ્ઞાનશૂન્ય આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયમભાવની એકતા પણ કાર્યકારી નથી. [જુઓ, મોક્ષમાર્ગપ્રકાશક પાનું ૨૩૭-૨૩૮-૨૪૧] અહીં જે 'તત્ત્વાર્થશ્રદ્ધાન' શબ્દ વાપર્યો છે, તે ભાવનિક્ષેપે નથી પણ નામનિક્ષેપે છે.

'જેને સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન નથી પણ વીતરાગે કહેલા દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેને માને છે તથા અન્યમતમાં કહેલાં દેવાદિ તથા તત્ત્વાદિને માને નહિ-તો એવા કેવળ

વ્યવહારસમ્યક્ત્વ વડે તે નિશ્ચયસમ્યક્ત્વી નામ પામે નહિ.' *[મોક્ષમાર્ગ પ્રકાશક પાનું- ૩૪૩.]* તેને ગૃહીત મિથ્યાત્વ ટળ્યું છે એ અપેક્ષાએ વ્યવહારસમ્યક્ત્વ થયું છે એમ કહેવાય છે; પણ તેને અગૃહીત મિથ્યાદર્શન છે માટે ખરી રીતે તેને વ્યવહારાભાસ સમ્યગ્દર્શન છે.

મિથ્યાદૃષ્ટિ જીવને દેવ–ગુરુ–ધર્માદિનું શ્રદ્ધાન આભાસ માત્ર હોય છે, તેના શ્રદ્ધાનમાંથી વિપરીતાભિનિવેશનો અભાવ થયો નથી; વળી તેને વ્યવહારસમ્યક્ત્વ આભાસમાત્ર છે, તેથી તેને જે દેવ–ગુરુ–ધર્મ, નવ તત્ત્વાદિનું શ્રદ્ધાન છે તે વિપરીતાભિનિવેશના અભાવ માટે કારણ ન થયું અને કારણ થયા વિના તેમાં [સમ્યગ્દર્શનનો] ઉપચાર સંભવતો નથી; તેથી તેને વ્યવહારસમ્યગ્દર્શન પણ સંભવતું નથી, તેને વ્યવહારસમ્યક્ત્વ માત્ર નામનિક્ષેપથી કહેવામાં આવે છે. *[મોક્ષમાર્ગ પ્રકાશક– પાનું- ૩૨૪–૩૩૨]*

## (૧૨)

## સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ઉપાય

**પ્રશ્ન** :—સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ઉપાય શું છે?

**—૧—**

**ઉત્તર** :—આત્મા અને પર દ્રવ્યો તદ્દન જુદાં છે, એકનો બીજામાં અત્યંત અભાવ છે. એક દ્રવ્ય, તેના કોઈ ગુણ કે તેના કોઈ પર્યાય બીજા દ્રવ્યમાં, તેના ગુણમાં કે તેના પર્યાયમાં પ્રવેશ કરી શકતાં નથી; માટે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એવી વસ્તુસ્થિતિની મર્યાદા છે. વળી દરેક દ્રવ્યમાં અગુરુલઘુત્વ ગુણ છે, કેમ કે તે સામાન્યગુણ છે. તે ગુણને લીધે કોઈ કોઈનું કરી શકે નહિ. તેથી આત્મા પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહિ, શરીરને હલાવી–ચલાવી શકે નહિ, દ્રવ્યકર્મો કે કોઈ પણ પરદ્રવ્ય જીવને કદી નુકશાન કરી શકે નહિ, આ પ્રથમ નક્કી કરવું. આ પ્રમાણે નક્કી કરવાથી જગતના પર પદાર્થોના કર્તાપણાનું જે અભિમાન આત્માને અનાદિથી ચાલ્યું આવે છે, તે માન્યતામાંથી [અભિપ્રાયમાંથી] અને જ્ઞાનમાંથી ટળી જાય છે.

શાસ્ત્રોમાં દ્રવ્યકર્મો જીવના ગુણોનો ઘાત કરે છે એવું કથન આવે છે, તેથી તે કર્મોનો ઉદય જીવના ગુણોનો ખરેખર ઘાત કરે છે એમ ઘણા માને છે અને તેનો તેવો અર્થ કરે છે; પણ તે અર્થ ખરો નથી. કેમ કે તે કથન વ્યવહારનયનું છે–માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવનારું તે કથન છે. તેનો ખરો અર્થ એવો થાય છે કે—જ્યારે જીવ પોતાના પુરુષાર્થના દોષ વડે પોતાના પર્યાયમાં વિકાર કરે છે–અર્થાત્ પોતાના પર્યાયનો ઘાત કરે છે ત્યારે તે ઘાતમાં અનુકૂળ નિમિત્તરૂપ જે દ્રવ્યકર્મ આત્મપ્રદેશોથી ખરવા તૈયાર થયું છે તેને 'ઉદય' કહેવાનો ઉપચાર છે; એટલે કે તે કર્મ પર નિમિત્તનો આરોપ આવે છે અને જો જીવ પોતે પોતાના સત્ય પુરુષાર્થ

વડે વિકાર કરતો નથી–પોતાના પર્યાયનો ઘાત કરતો નથી, તો દ્રવ્યકર્મોના તે જ સમૂહને 'નિર્જરા' નામ આપવામાં આવે છે. આ રીતે નિમિત્ત–નૈમિત્તિકસંબંધનું જ્ઞાન કરવા પૂરતો તે વ્યવહારકથનનો અર્થ થાય છે. જો બીજી રીતે (શબ્દો પ્રમાણે) અર્થ કરવામાં આવે તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધને બદલે કર્તા-કર્મનો સંબંધ માનવા બરાબર થાય છે; અર્થાત્ ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર એકરૂપ થઈ જાય છે; અથવા તો એક બાજુ જીવ દ્રવ્ય અને બીજી બાજુએ અનંત પુદ્‌ગલ દ્રવ્યો (કર્મો)—તે અનંત દ્રવ્યોએ મળી જીવમાં વિકાર કર્યો, એમ તેનો અર્થ થઈ જાય છે–કે જે બની શકે નહિ. આ નિમિત્ત–નૈમિત્તિકસંબંધ બતાવવા કર્મના ઉદયે જીવને અસર કરી–નુકશાન કર્યું–પરિણમાવ્યો વગેરે પ્રકારે ઉપચારથી કહેવાય છે, પણ તેનો જો તે શબ્દ પ્રમાણે જ અર્થ કરવામાં આવે તો તે ખોટો છે.

*[જુઓ, શ્રી સમયસાર ગાથા–૧૨૨ થી ૧૨૫ તથા*
*૩૩૭ થી ૩૪૪–નીચે અમૃતચન્દ્રાચાર્યની ટીકા]*

આ રીતે સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પહેલાં તો સ્વદ્રવ્ય–પરદ્રવ્યની ભિન્નતા નક્કી કરવી, પછી શું કરવું તે હવે કહેવાય છે.

**—૨—**

સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતા નક્કી કરી, પરદ્રવ્યો ઉપરનું લક્ષ છોડી સ્વદ્રવ્યના વિચારમાં આવવું, ત્યાં આત્મામાં બે પડખાં છે તે જાણવાં. એક પડખું—આત્માનું દરેક સમયે ત્રિકાળી અખંડ પરિપૂર્ણ ચૈતન્ય સ્વભાવરૂપપણું દ્રવ્યે–ગુણે–પર્યાયે (વર્તમાન પર્યાયને ગૌણ કરતાં) છે, આત્માનું આ પડખું 'નિશ્ચયનય'નો વિષય છે. આ પડખાંને નક્કી કરનાર જ્ઞાનનું પડખું તે 'નિશ્ચયનય' છે.

બીજું પડખું—વર્તમાન પર્યાયમાં દોષ છે—વિકાર છે, તે નક્કી કરવું. આ પડખું વ્યવહારનયનો વિષય છે. આમ બે નય દ્વારા આત્માનાં બંને પડખાંને નક્કી કર્યા પછી, વિકારી પર્યાય ઉપરનું વલણ-લક્ષ છોડીને પોતાના ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ તરફ વળવું. એ રીતે ત્રિકાળી દ્રવ્ય તરફ વળતાં—તે ત્રિકાળી નિત્ય પડખું હોવાથી—તેને આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે.

જોકે નિશ્ચયનય અને સમ્યગ્દર્શન એ બંને જુદા જુદા ગુણોના પર્યાય છે, તોપણ તે બંનેનો વિષય એક છે–અર્થાત્ તે બંનેનો વિષય એક અખંડ, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યસ્વરૂપ આત્મા છે, તેને બીજા શબ્દોમાં **'ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ'** કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન કોઈ પરદ્રવ્ય, દેવ–ગુરુ–શાસ્ત્ર, નિમિત્ત, પર્યાય, ગુણભેદ કે ભંગ વગેરેને સ્વીકારતું નથી, કેમ કે તેનો વિષય ઉપર કહ્યા મુજબ ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ આત્મા છે.

## (૧૩)

## નિર્વિકલ્પ અનુભવની શરૂઆત

નિર્વિકલ્પ અનુભવની શરૂઆત ચોથા ગુણસ્થાનથી જ થાય છે, પરંતુ ચોથા ગુણસ્થાને તે ઘણા કાળના અંતરાયે થાય છે અને ઉપરનાં ગુણસ્થાનોએ શીઘ્ર-શીઘ્ર થાય છે. નીચેના અને ઉપરનાં ગુણસ્થાનોની નિર્વિકલ્પતામાં ભેદ એ છે, કે પરિણામોની મગ્નતા ઉપરનાં ગુણસ્થાનોમાં વિશેષ છે. *[ગુજરાતી મોક્ષમાર્ગપ્રકાશક સાથેની ચિટ્ઠી- પાનું- ૩૫૩]*

## (૧૪)

## સમ્યક્ત્વ પર્યાય હોવા છતાં ગુણ કેમ કહેવાય છે?

**પ્રશ્ન** :—સમ્યગ્દર્શન તો પર્યાય છે છતાં કોઈ કોઈ ઠેકાણે તેને સમ્યક્ત્વ ગુણ કેમ કહે છે?

**ઉત્તર** :—ખરી રીતે સમ્યગ્દર્શન પર્યાય છે, પણ જેવો ગુણ છે તેવો જ તેનો પર્યાય પ્રગટ્યો છે-એમ ગુણપર્યાયોનું અભેદપણું બતાવવા તેને સમ્યક્ત્વ ગુણ પણ કોઈ કોઈ ઠેકાણે કહેવામાં આવે છે; પણ ખરી રીતે સમ્યક્ત્વ તે પર્યાય છે-ગુણ નથી. ગુણ હોય તે ત્રિકાળ રહે છે. સમ્યક્ત્વ ત્રિકાળ નથી, પણ તે તો જીવ પોતાના સત્ય પુરુષાર્થથી પ્રગટ કરે છે ત્યારે થાય છે, માટે તે પર્યાય છે.

## (૧૫)

## બધા સમ્યગ્દ્રષ્ટિઓનું સમ્યગ્દર્શન સમાન છે

**પ્રશ્ન** :—છદ્મસ્થને સમ્યગ્દર્શન હોય છે અને કેવળી તથા સિદ્ધ ભગવાનને સમ્યગ્દર્શન હોય છે, તે બંનેને સમાન હોય કે અસમાન હોય છે?

**ઉત્તર** :—જેમ છદ્મસ્થ (અપૂર્ણ) જીવને શ્રુતજ્ઞાન અનુસાર પ્રતીતિ હોય છે, તેમ કેવળી ભગવાન અને સિદ્ધ ભગવાનને કેવળજ્ઞાન અનુસાર જ પ્રતીતિ હોય છે. જેવું તત્ત્વશ્રદ્ધાન છદ્મસ્થને હોય છે તેવું જ કેવળી-સિદ્ધ ભગવાનને પણ હોય છે, માટે જ્ઞાનાદિકની હીનતા -અધિકતા હોવા છતાં પણ **તિર્યંચાદિકને તથા કેવળી અને સિદ્ધ ભગવાનને સમ્યગ્દર્શન તો સમાન જ છે;** કેમ કે જેવી આત્મસ્વરૂપની શ્રદ્ધા સમ્યગ્દ્રષ્ટિને છે તેવી જ કેવળી ભગવાનને છે. ચોથા ગુણસ્થાને શુદ્ધ આત્માની શ્રદ્ધા એક પ્રકારની હોય અને કેવળી થતાં જુદા પ્રકારની થાય એમ બને નહિ; જો બને તો ચોથા ગુણસ્થાને જે શ્રદ્ધા છે તે ખરી ઠરે નહિ પણ મિથ્યા ઠરે. *[મોક્ષમાર્ગ પ્રકાશક- પાનું- ૩૨૬]*

## (૧૬)

## સમ્યગ્દર્શનના ભેદ શા માટે?

**પ્રશ્ન** :—જો બધા સમ્યગ્દ્રષ્ટિઓનું સમ્યગ્દર્શન સમાન છે, તો આત્માનુશાસનની ૧૧મી ગાથામાં સમ્યગ્દર્શનના દશ પ્રકારના ભેદ કેમ કહેવામાં આવે છે?

**ઉત્તર** :—સમ્યગ્દર્શનના એ ભેદો નિમિત્તાદિની અપેક્ષાએ કહેવામાં આવ્યા છે. આત્માનુશાસનમાં દશ પ્રકારે સમ્યક્ત્વના ભેદ કહ્યા છે તેમાં આઠ ભેદ સમ્યગ્દર્શન પ્રગટ થવા પહેલાં જે નિમિત્તો હોય છે, તે નિમિત્તોનું જ્ઞાન કરાવવા માટે કહ્યા છે અને બે ભેદ જ્ઞાનના સહકારીપણાની અપેક્ષાએ કહ્યા છે. શ્રુતકેવળીને જે તત્ત્વશ્રદ્ધાન છે, તેને અવગાઢ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે અને કેવળી ભગવાનને જે તત્ત્વશ્રદ્ધાન છે, તેને પરમ અવગાઢ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે; એ રીતે આઠ ભેદ નિમિત્તોની અપેક્ષાએ અને બે ભેદ જ્ઞાનની અપેક્ષાએ છે. '**દર્શન**'ની પોતાની અપેક્ષાએ તે ભેદો નથી. તે દશે પ્રકારમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ એક જ પ્રકારે હોય છે–એમ જાણવું. *[મોક્ષમાર્ગ પ્રકાશક પાનું–૩૩૩]*

**પ્રશ્ન** :—જો ચોથા ગુણસ્થાનથી તે સિદ્ધ ભગવાન સુધી બધા સમ્યગ્દ્રષ્ટિઓને સમ્યગ્દર્શન સરખું છે, તો કેવળી ભગવાનને પરમ અવગાઢ સમ્યગ્દર્શન કેમ કહ્યું?

**ઉત્તર** :—જેમ છદ્મસ્થને શ્રુતજ્ઞાન અનુસાર પ્રતીતિ હોય છે તેમ કેવળી અને સિદ્ધ ભગવાનને કેવળજ્ઞાન અનુસાર જ પ્રતીતિ હોય છે. સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાને પ્રગટતાં જે આત્મસ્વરૂપ નિર્ણીત કર્યું હતું તે જ કેવળજ્ઞાન વડે જાણ્યું એટલે ત્યાં પ્રતીતિમાં પરમ અવગાઢપણું થયું, તેથી જ ત્યાં પરમ અવગાઢ સમ્યક્ત્વ કહ્યું છે. પણ પૂર્વે જે શ્રદ્ધાન કર્યું હતું તેને જો કેવળજ્ઞાનમાં જૂઠું જાણ્યું હોત તો તો છદ્મસ્થની શ્રદ્ધા અપ્રતીતિરૂપ ગણાત; પરંતુ આત્મસ્વરૂપનું શ્રદ્ધાન જેવું છદ્મસ્થને હોય છે તેવું જ કેવળી અને સિદ્ધ ભગવાનને પણ હોય છે—એટલે કે મૂળભૂત જીવાદિના સ્વરૂપનું શ્રદ્ધાન જેવું છદ્મસ્થને હોય છે તેવું જ કેવળીને પણ હોય છે.

## (૧૭)

## સમ્યક્ત્વની નિર્મળતાનું સ્વરૂપ

ઔપશમિક સમ્યક્ત્વ વર્તમાનમાં ક્ષાયિકવત્ નિર્મળ છે. ક્ષાયોપમિક સમ્યક્ત્વમાં સમલ તત્ત્વાર્થશ્રદ્ધાન થાય છે. અહીં જે મલપણું છે તેનું તારતમ્યસ્વરૂપ કેવળજ્ઞાનગમ્ય છે. આ અપેક્ષાએ તે સમ્યક્ત્વ નિર્મળ નથી. અત્યંત નિર્મળ તત્ત્વાર્થશ્રદ્ધાન થાય, તે ક્ષાયિક સમ્યગ્દર્શન છે. *[મોક્ષમાર્ગ પ્રકાશક પાનું–૩૩૫–૩૩૬–૩૪૬]*

આ બધાં સમ્યક્ત્વમાં જ્ઞાનાદિકની હીનતા–અધિકતા હોવા છતાં પણ તુચ્છ તિર્યંચાદિકને તથા કેવળી ભગવાને અને સિદ્ધ ભગવાનને સમ્યક્ત્વ ગુણ તો સમાન જ કહ્યો છે, કારણ કે બધાને પોતાના આત્માની અથવા તો સાત તત્ત્વોની સમાન માન્યતા છે.

*[મોક્ષમાર્ગ પ્રકાશક પાનું–૩૨૩]*

સમ્યગ્દષ્ટિને વ્યવહારસમ્યક્ત્વમાં નિશ્ચયસમ્યક્ત્વ ગર્ભિત છે–નિરંતર ગમન (પરિણમન)રૂપ છે. *[મોક્ષમાર્ગ પ્રકાશક પાનું— ૩૫૦]*

**(૧૮)**

## સમ્યક્ત્વની નિર્મળતામાં નીચે પ્રમાણે પાંચ ભેદ પણ પાડવામાં આવે છે.

૧-સમલ અગાઢ, ૨–નિર્મળ, ૩–ગાઢ, ૪–અવગાઢ અને ૫–પરમ અવગાઢ.

વેદક સમ્યક્ત્વ સમલ અગાઢ છે, ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વ નિર્મળ છે, ક્ષાયિક સમ્યક્ત્વ ગાઢ છે. અંગ અને અંગબાહ્ય સહિત જૈનશાસ્ત્રોના અવગાહન વડે નીપજેલી દૃષ્ટિ તે અવગાઢ સમ્યક્ત્વ છે; શ્રુતકેવળીને જે તત્ત્વશ્રદ્ધાન છે તેને અવગાઢ સમ્યક્ત્વ કહે છે. પરમાવધિ જ્ઞાનીને અને કેવળજ્ઞાનીને જે તત્ત્વશ્રદ્ધાન છે, તેને પરમાવગઢ સમ્યક્ત્વ કહે છે. આ બે ભેદ જ્ઞાનના સહકારીપણાની અપેક્ષાએ છે. *[મોક્ષમાર્ગ પ્રકાશક પાનું–૩૩૩–૩૩૪]*

“ઔપશમિક સમકિત કરતાં ક્ષાયિક સમકિત અધિક વિશુદ્ધ છે.”

*[જુઓ, તત્ત્વાર્થ રાજવાર્તિક અધ્યાય ૨ સૂત્ર ૧ નીચેની કારિકા ૧૦–૧૧, તથા તેની નીચે સંસ્કૃત ટીકા]*

“ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી ક્ષાયિક સમ્યક્ત્વની વિશુદ્ધિ અનંતગુણી અધિક છે.”

*[જુઓ, તત્ત્વાર્થ રાજવાર્તિક અધ્યાય ૨ સૂત્ર ૧, કારિકા ૧૨ નીચેની સંસ્કૃત ટીકા.]*

**(૧૯)**

## સમ્યગ્દષ્ટિ જીવ પોતાને સમ્યક્ત્વ પ્રગટ્યાનું શ્રુતજ્ઞાન વડે બરાબર જાણે છે.

**પ્રશ્ન** :—પોતાને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે, તેની કયા જ્ઞાન વડે ખબર પડે?

**ઉત્તર** :—ચોથા ગુણસ્થાને ભાવશ્રુતજ્ઞાન હોય છે, તે જ્ઞાન વડે પોતાને સમ્યગ્દર્શન પ્રગટ્યાની સમ્યગ્દષ્ટિને ખબર પડે છે. જો તે જ્ઞાન વડે ખબર ન પડે એમ માનીએ તો તે શ્રુતજ્ઞાનને સમ્યક્ [યથાર્થ] કેમ કહી શકાય? જો પોતાને પોતાના સમ્યગ્દર્શનની ખબર ન પડતી હોય તો તેનામાં અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીમાં કાંઈ ફેર પડ્યો નહિ!

**પ્રશ્ન** :—અહીં તમે સમ્યગ્દર્શનને શ્રુતજ્ઞાન દ્વારા જણાય એમ કહ્યું છે, પણ પંચાધ્યાયી અધ્યાય ૨માં તેને અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનગોચર કહ્યું છે–તે ગાથાઓ નીચે પ્રમાણે છે :—

**सम्यक्त्वं वस्तुतः सूक्ष्मं केवलज्ञानगोचरम्।**
**गोचरं स्वावधिस्वान्तःपर्ययज्ञानयोर्द्वयोः।।३७५।।**

**અર્થ** :—[સમ્યક્ત્વ વાસ્તવમાં સૂક્ષ્મ છે અને કેવળજ્ઞાનગોચર છે તથા અવધિ અને મનઃપર્યય એ બંને ગોચર છે;] અને અધ્યાય ૨ ગાથા ૩૭૬માં, તે મતિ અને શ્રુતજ્ઞાનગોચર નથી–એમ કહ્યું છે; અને અહીં તમે સમ્યગ્દર્શન શ્રુતજ્ઞાનગોચર છે, એમ કહો છો તેનો શું ખુલાસો છે?

**ઉત્તર** :—સમ્યગ્દર્શન તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનગોચર નથી, એમ જે ૩૭૬મી ગાથામાં કહ્યું છે તેનો અર્થ એટલો છે કે–સમ્યગ્દર્શન તે–તે જ્ઞાનનો પ્રત્યક્ષ વિષય નથી એમ સમજવું; પણ તે–તે જ્ઞાનથી સમ્યગ્દર્શન કોઈ પ્રકારે જાણી ન જ શકાય એમ કહેવાનો હેતુ નથી. આ બાબતમાં પંચાધ્યાયી અ. ૨ની ૩૭૧ અને ૩૭૩ ગાથા નીચે પ્રમાણે છે :—

**इत्येवं ज्ञाततत्त्वासौ सम्यग्दृष्टिर्निजात्मदृक्।**
**वैषयिके सुखे ज्ञाने रागद्वेषौ परित्यजेत्।।३७१।।**

**અર્થ** :—એવી રીતે તત્ત્વોના જાણવાવાળા સ્વાત્મદર્શી સમ્યગ્દષ્ટિ જીવ ઇન્દ્રિયજન્ય સુખ અને જ્ઞાનમાં રાગદ્વેષને છોડે છે.

**अपराण्यपि लक्ष्माणि सन्ति सम्यग्दृगात्मनः।**
**सम्यक्त्वेनाविनाभूतैर्यै (श्च) संलक्ष्यते सुदृक्।।३७३।।**

**અર્થ** :—સમ્યગ્દષ્ટિ જીવનું બીજું લક્ષણ પણ છે કે–સમ્યક્ત્વનાં અવિનાભાવી લક્ષણો દ્વારા સમ્યગ્દષ્ટિ જીવ લક્ષિત થાય છે.

તે લક્ષણ ગાથા ૩૭૪માં કહે છે :—

**उक्तमाक्ष्यं सुखं ज्ञानमनादेयं दृगात्मनः।**
**नादेयं कर्म सर्वं च (स्वं) तद्वद् दृष्टोपलब्धितः।।३७४।।**

**અર્થ** :—જેમ ઉપર કહ્યું તે રીતે સમ્યગ્દષ્ટિને ઇન્દ્રિયજન્ય સુખ અને જ્ઞાનનો આદર નથી, તેમ જ આત્મપ્રત્યક્ષ હોવાને લીધે સર્વ કર્મોનો પણ આદર નથી.

ગાથા–૩૭૫–૩૭૬નો એટલો જ અર્થ છે કે–સમ્યગ્દર્શન તે કેવળજ્ઞાનાદિનો પ્રત્યક્ષ

વિષય છે અને મતિ–શ્રુતજ્ઞાનનો તે પ્રત્યક્ષ વિષય નથી. પરંતુ મતિ–શ્રુતજ્ઞાનમાં તે તેનાં લક્ષણો દ્વારા જાણી શકાય છે અને કેવળજ્ઞાનાદિ જ્ઞાનમાં લક્ષણ–લક્ષ્યનો ભેદ પાડ્યા સિવાય પ્રત્યક્ષ જાણી શકાય છે.

**પ્રશ્ન** :—આ વિષયને દૃષ્ટાંતપૂર્વક સમજાવો.

**ઉત્તર** :—સ્વાનુભવદશામાં આત્માને જાણવામાં આવે છે, તે શ્રુતજ્ઞાન વડે જાણવામાં આવે છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ હોય છે, તે મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન પરોક્ષ છે, તેથી ત્યાં આત્માનું જાણવું પ્રત્યક્ષ હોતું નથી. અહીં આત્માને જે સારી રીતે સ્પષ્ટ જાણે છે તેમાં પારમાર્થિક પ્રત્યક્ષપણું નથી, તથા જેમ પુદ્ગલ પદાર્થ નેત્રાદિ દ્વારા જાણવામાં આવે છે તેમ એકદેશ (અંશે) નિર્મળતાપૂર્વક પણ આત્માના અસંખ્યાત પ્રદેશાદિ જાણવામાં આવતા નથી, તેથી સાંવ્યવહારિક પ્રત્યક્ષ પણ નથી.

અનુભવમાં આત્મા તો પરોક્ષ જ છે, કાંઈ આત્માના પ્રદેશોનો આકાર ભાસતો નથી, પરંતુ સ્વરૂપમાં પરિણામ મગ્ન થતાં જે સ્વાનુભવ થયો તે સ્વાનુભવ પ્રત્યક્ષ છે; એ સ્વાનુભવનો સ્વાદ કાંઈ આગમ–અનુમાનાદિક પરોક્ષ પ્રમાણ વડે જણાતો નથી–પોતે જ એ અનુભવના રસાસ્વાદને પ્રત્યક્ષ વેદે છે; જેમ કોઈ અંધ મનુષ્ય સાકરનો આસ્વાદ કરે છે, ત્યાં સાકરના આકારાદિ પરોક્ષ છે પણ જીભ વડે જે સ્વાદ લીધો તે સ્વાદ પ્રત્યક્ષ છે–એમ અનુભવ સંબંધમાં જાણવું. [ગુજરાતી મોક્ષમાર્ગ પ્રકાશકમાં પાનું–૩૪૭–૩૪૮, ટોડરમલ્લજીની રહસ્યપૂર્ણ ચિટ્ઠી.] આ દશા ચોથા ગુણસ્થાને હોય છે.

આ પ્રમાણે આત્માનો અનુભવ જાણી શકાય છે અને જે જીવને તેનો અનુભવ હોય, તે જીવને સમ્યગ્દર્શન અવિનાભાવી હોય છે, માટે મતિ–શ્રુતજ્ઞાનથી સમ્યગ્દર્શન બરાબર જાણી શકાય છે.

**પ્રશ્ન** :—આ બાબતમાં પંચાધ્યાયીકારે શું કહ્યું છે?

**ઉત્તર** :—પંચાધ્યાયીના પહેલા અધ્યાયમાં મતિ–શ્રુતજ્ઞાનનું સ્વરૂપ જણાવતાં ૭૦૬મી ગાથામાં નીચે પ્રમાણે કહ્યું છે :—

**अपि किंचाभिनिबोधिकबोधद्वैतं तदादिमं यावत्।**
**स्वात्मानुभूतिसमये प्रत्यक्षं तत्समक्षमिव नान्यत्॥७०६॥**

**અર્થ** :—અને વિશેષ એ છે કે–સ્વાનુભૂતિના સમયે જેટલું પણ પહેલું તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું દ્વૈત રહે છે તેટલું તે બધું સાક્ષાત્ પ્રત્યક્ષની માફક પ્રત્યક્ષ છે, બીજું નથી –પરોક્ષ નથી.

**ભાવાર્થ** :—તથા તે મતિ અને શ્રુતજ્ઞાનમાં પણ એટલી વિશેષતા છે, કે જે વખતે તે બે જ્ઞાનોમાંથી કોઈ એક જ્ઞાન દ્વારા સ્વાનુભૂતિ થાય છે તે વખતે એ બંને જ્ઞાનો પણ અતીન્દ્રિય સ્વાત્માને પ્રત્યક્ષ કરે છે, તેથી આ બંને જ્ઞાનો પણ સ્વાનુભૂતિ વખતે પ્રત્યક્ષ છે–પરોક્ષ નથી.

**પ્રશ્ન** :—આ બાબતમાં બીજા કોઈ શાસ્ત્ર–આધારો છે?

**ઉત્તર** :—હા, મોક્ષમાર્ગ પ્રકાશકમાં ૩૪૮મા પાને નીચે પ્રમાણે કહ્યું છે :—

"જે પ્રત્યક્ષ જેવું હોય તેને પણ પ્રત્યક્ષ કહીએ છીએ. જેમ લોકમાં પણ કહીએ છીએ કે 'અમે સ્વપ્નમાં વા ધ્યાનમાં ફલાણા પુરુષને પ્રત્યક્ષ દીઠો,' હવે તેને પ્રત્યક્ષ દીઠો તો નથી, પરંતુ પ્રત્યક્ષ માફક–પ્રત્યક્ષવત્ [તે પુરુષને] યથાર્થ દેખ્યો, તેથી તેને પ્રત્યક્ષ કહી શકાય; તેમ અનુભવમાં આત્મા પ્રત્યક્ષ માફક યથાર્થ પ્રતિભાસે છે."

**પ્રશ્નકાર** :—શ્રી કુંદકુંદાચાર્યકૃત શ્રી સમયસાર પરમાગમ છે, તેમાં આ બાબતમાં શું કહ્યું છે તે જણાવો?

**ઉત્તર** :—(૧) શ્રી સમયસારની ગાથા ૪૯ની ટીકામાં નીચે પ્રમાણે કહ્યું છે :—

"આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યક્તપણાનો અભાવ હોવા છતાં પણ **સ્વસંવેદનના બળથી સદા પ્રત્યક્ષ હોવાથી** અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે (જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે."

"પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદા અંતરંગમાં પ્રકાશમાન છે, તેથી (જીવ) ચેતનાગુણવાળો છે."

(૨) શ્રી સમયસારની ગાથા ૧૪૩ની ટીકામાં નીચે પ્રમાણે કહ્યું છે :—

**ટીકા** :—જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે, પરંતુ નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી, તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનય પક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે, પરંતુ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા નિર્મળ, નિત્ય, ઉદિત, ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,

શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રવરજ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.

**ભાવાર્થ** :—જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના, સ્વરૂપના સાક્ષી (જ્ઞાતા–દ્રષ્ટા) છે તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે. એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય; પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય ચારિત્રમોહનો રાગ રહે; અને જ્યારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે, એમ જાણવું.

(૩) શ્રી સમયસારની ગાથા–પમાં આચાર્ય ભગવાન કહે છે કે, 'તે એકત્વવિભક્ત આત્માને હું આત્માના નિજવૈભવ વડે દેખાડું છું, જો હું દેખાડું તો પ્રમાણ કરવું.' તેની **ટીકા** કરતાં આચાર્ય ભગવાન શ્રી અમૃતચન્દ્રસૂરિ કહે છે કે, "એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વિભવ છે તે સમસ્ત વિભવથી દર્શાવું છું. જો દર્શાવું તો સ્વયમેવ (પોતે જ) પોતાના અનુભવ–પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું.' આગળ જતાં **ભાવાર્થમાં** જણાવે છે કે, 'આચાર્ય આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુનો ઉપદેશ અને સ્વસંવેદન—એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ–વિભકત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. તેને સાંભળનારા, હે શ્રોતાઓ! પોતાના સ્વસંવેદન–પ્રત્યક્ષથી પ્રમાણ કરો.' આ ઉપરથી સિદ્ધ થાય છે કે, પોતાને સમ્યક્ત્વ થયું છે તેની સ્વસંવેદન પ્રત્યક્ષથી શ્રુતપ્રમાણ (સાચા જ્ઞાન) વડે પોતાને ખબર પડે છે.

*[જુઓ, સમયસાર ગુજરાતી પાનું–૧૪]*

(૪) કલશ ૯માં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ જણાવે છે કે :—

[માલિની]

**उदयति नयश्रीरस्तमेति प्रमाणम्**
**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मि-**
**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।**

**અર્થ** :—આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે–આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય–ચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા તેનો અનુભવ થતાં નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે અને નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે

છે, તે અમે જાણતા નથી. આથી અધિક શું કહીએ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.

ભાવાર્થ :—××× ××× શુદ્ધ અનુભવ થતાં દ્વૈત જ ભાસતું નથી, એકાકાર ચિન્માત્ર જ દેખાય છે.

આ ઉપરથી પણ સિદ્ધ થાય છે, કે ચોથા ગુણસ્થાને પણ આત્માને પોતાને પોતાના ભાવશ્રુત દ્વારા શુદ્ધ અનુભવ થાય છે. સમયસારજીમાં લગભગ દરેક ગાથામાં આ અનુભવ થાય છે–એમ જણાવી અનુભવ કરવાનો ઉપદેશ કર્યો છે.

સમ્યક્ત્વ એ સૂક્ષ્મ પર્યાય છે એ ખરું, પણ સમ્યગ્જ્ઞાની પોતાને સુમતિ અને સુશ્રુતજ્ઞાન થયું છે, એમ નક્કી કરી શકે છે અને તેથી તેનું (સમ્યગ્જ્ઞાનનું) અવિનાભાવી સમ્યગ્દર્શન પોતાને થયું છે, એમ શ્રુતજ્ઞાનમાં નક્કી કરે છે. કેવળજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને પરમ અવધિજ્ઞાન સમ્યગ્દર્શનને પ્રત્યક્ષ જાણી શકે છે–એટલો જ માત્ર તફાવત છે.

મખ્ખનલાલજી કૃત પંચાધ્યાયીની ગાથા–૧૯૬–૧૯૭–૧૯૮માં કહ્યું છે કે–"જ્ઞાન શબ્દથી આત્મા સમજવો જોઈએ, કેમ કે આત્મા જ્ઞાનરૂપ સ્વયં છે; તે આત્મા જેના દ્વારા શુદ્ધ જાણવામાં આવે છે તેનું નામ જ્ઞાનચેતના છે અર્થાત્ જે સમયે જ્ઞાનગુણ સમ્યક્ અવસ્થાને પ્રાપ્ત થાય છે–**કેવળ શુદ્ધાત્માનો અનુભવ કરે તે સમયે તેને જ્ઞાનચેતના કહેવામાં આવે છે.** જ્ઞાનચેતના નિશ્ચયથી સમ્યગ્દષ્ટિને જ હોય છે, મિથ્યાદષ્ટિને કદી પણ હોઈ શકે નહીં."★

સમ્યક્મતિ અને સમ્યક્શ્રુતજ્ઞાન છે તે કથંચિત્ અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે; અને સંપૂર્ણ જ્ઞાન જે કેવળજ્ઞાન છે તે જોકે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી, તોપણ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે. એ રીતે સમ્યગ્દર્શનનું યથાર્થ જ્ઞાન સમ્યક્મતિ અને શ્રુતજ્ઞાન અનુસાર થઈ શકે છે. *[શ્રી સમયસાર ગુજરાતી પાનું–૪૧ ગાથા ૧૪ નીચેનો ભાવાર્થ]*

## (૨૦)

## કેટલાક પ્રશ્નો અને ઉત્તર

(૧) **પ્રશ્ન :**—જ્ઞાનગુણ જ્યારે આત્માભિમુખી થઈ આત્મલીન થઈ જાય છે, ત્યારે તે જ્ઞાનની વિશેષ અવસ્થાને સમ્યગ્દર્શન કહે છે–એ ખરું છે?

**ઉત્તર :**—ના, એ ખરું નથી. સમ્યગ્દર્શન તે દર્શન (શ્રદ્ધા) ગુણનો પર્યાય છે, તે જ્ઞાનનો વિશેષ પર્યાય નથી. જ્ઞાનની આત્માભિમુખ અવસ્થા વખતે સમ્યગ્દર્શન હોય છે–એટલું ખરું, પણ સમ્યગ્દર્શન તે જ્ઞાનનો પર્યાય નથી.

★ આ કથન પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટે છે તેને લાગુ પડે છે. ત્યાર પછી સાધકની અવસ્થા કેવી હોય છે, તે પૃ.–૧૪૮ માં જણાવ્યું છે ત્યાંથી વાંચી લેવું.

(૨) **પ્રશ્ન** :—સુદેવ, સુગુરુ અને સુશાસ્ત્રની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે?

**ઉત્તર** :—તે નિશ્ચયસમ્યગ્દર્શન નથી, વ્યવહારસમ્યગ્દર્શન છે, કેમ કે ત્યાં રાગમિશ્રિત વિચાર (વિકલ્પ) સહિત શ્રદ્ધા છે; આવી શ્રદ્ધા (વ્યવહારસમ્યગ્દર્શન) થયા પછી જીવ જ્યારે પોતાના ત્રિકાળી અખંડ ચૈતન્યસ્વરૂપ તરફ વળે છે ત્યારે રાગ-વિકલ્પનો સંબંધ અંશે ટળતાં નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટે છે.

(૩) **પ્રશ્ન** :—વ્યવહારસમ્યગ્દર્શન તે નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ છે?

**ઉત્તર** :—ના, વ્યવહારસમ્યગ્દર્શન તે નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ નથી. વ્યવહારસમ્યગ્દર્શન તો વિકાર છે અને નિશ્ચયસમ્યગ્દર્શન તો શુદ્ધ પર્યાય છે. વિકાર તે અવિકારનું કારણ કેમ થઈ શકે? એટલે વ્યવહારસમ્યગ્દર્શન નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ થઈ શકે નહિ, પણ તેનો વ્યય (અભાવ) થઈ નિશ્ચયસમ્યગ્દર્શનનો ઉત્પાદ સુપાત્ર જીવોને પોતાના પુરુષાર્થથી થાય છે.

શાસ્ત્રમાં જ્યાં વ્યવહારસમ્યગ્દર્શનને નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ કહ્યું છે, ત્યાં વ્યવહારસમ્યગ્દર્શનને **અભાવરૂપ** કારણ કહ્યું છે-એમ સમજવું. કારણ બે પ્રકારનાં છે-(૧) નિશ્ચય, (૨) વ્યવહાર. નિશ્ચય કારણ તો અવસ્થારૂપે થનાર દ્રવ્ય પોતે છે અને વ્યવહારકારણ પૂર્વના પર્યાયનો વ્યય થાય છે તે છે.

(૪) **પ્રશ્ન** :—શ્રદ્ધા, રુચિ અને પ્રતીતિ આદિ જેટલા ગુણ છે તે બધા સમ્યક્ત્વ નથી અને જ્ઞાનના પર્યાય છે—એમ પંચાધ્યાયી અધ્યાય ૨ ગાથા ૩૮૬-૩૮૭ માં કહ્યું છે, તેનું શું કારણ?

**ઉત્તર** :—આત્મા જ્યારે જીવાદિ સાત તત્ત્વોને વિચારે છે ત્યારે તેને જ્ઞાનમાં રાગથી ભેદ પડે છે, તેથી એ જ્ઞાનના પર્યાય છે અને તે સમ્યક્ત્વ નથી એમ કહ્યું છે.

સાત તત્ત્વો અને નવ પદાર્થોનું નિર્વિકલ્પ જ્ઞાન તે નિશ્ચયસમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન છે. [જુઓ, પંચાધ્યાયી અ. ૨ ગાથા ૧૮૬-૧૮૯]

શ્રી મખ્ખનલાલજી કૃત પંચાધ્યાયી પાનું-૧૧૦ ગાથા-૩૮૬ના ભાવાર્થમાં કહ્યું છે કે :—

''પરંતુ વાસ્તવમેં જ્ઞાન ભી યહી હૈ કિ જૈસે કો તૈસા જાનના ઔર **''સમ્યક્ત્વ ભી યહી હૈ કિ જૈસે કા તૈસા શ્રદ્ધાન કરના.''**

આ ઉપરથી સમજવું કે રાગ મિશ્રિત શ્રદ્ધા તે જ્ઞાનનો પર્યાય છે. રાગ રહિત જે

તત્ત્વાર્થશ્રદ્ધા છે તે સમ્યગ્દર્શન છે, તેને સમ્યક્ માન્યતા અથવા સમ્યક્ પ્રતીતિ પણ કહેવામાં આવે છે. ગાથા–૩૮૭માં જ્ઞાનચેતના તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે એમ કહ્યું છે–તેનો અર્થ એવો છે કે, અનુભૂતિ પોતે સમ્યગ્દર્શન નથી પણ તે હોય ત્યારે સમ્યગ્દર્શન અવિનાભાવીરૂપ હોય છે, તેથી તેને બાહ્ય લક્ષણ કહ્યું છે. [જુઓ, પંચાધ્યાયી અધ્યાય ૨ ગાથા–૪૦૧–૪૦૨–૪૦૩]. સમ્યગ્દર્શન પ્રથમ પ્રગટ થતાં જ જ્ઞાન સમ્યક્ થઈ જાય છે અને આત્માની અનુભૂતિ થાય છે– એટલે કે જ્ઞાન સ્વજ્ઞેયમાં સ્થિર થાય છે, પણ તે સ્થિરતા થોડો વખત ટકે છે અને રાગ હોવાથી **જ્ઞાન** સ્વમાંથી છૂટીને પર તરફ જાય છે, ત્યારે પણ સમ્યગ્દર્શન હોય છે અને જોકે જ્ઞાનનો ઉપયોગ પરને જાણવામાં રોકાયો છે, તોપણ તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે તે વખતે અનુભૂતિ નથી, તોપણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; એમ જાણવું.

(૫) **પ્રશ્ન** :—'સમ્યગ્દર્શનનું એક લક્ષણ જ્ઞાનચેતના છે'–એ બરાબર છે?

**ઉત્તર** :—જ્ઞાનચેતના સાથે સમ્યગ્દર્શન અવિનાભાવી હોય જ છે, તેથી તે વ્યવહાર અથવા બાહ્ય લક્ષણ છે.

(૬) **પ્રશ્ન** :—અનુભૂતિનું નામ ચેતના છે–એ બરાબર છે?

**ઉત્તર** :—જ્ઞાનની સ્થિરતા એટલે કે શુદ્ધોપયોગ (અનુભૂતિ)ને ઉપયોગરૂપ જ્ઞાનચેતના કહેવામાં આવે છે.

(૭) **પ્રશ્ન** :—સમ્યગ્દર્શનનો અર્થ શુદ્ધાત્માવલોકન વા શુદ્ધાત્મોપલબ્ધિ યા શુદ્ધાત્માનુભૂતિ છે, એ બરાબર છે?

**ઉત્તર** :—એ ત્રણે શબ્દોનો અર્થ આત્માની આત્મામાં સ્થિરતા એવો થાય છે, અને તે ચારિત્રગુણનો પર્યાય છે માટે પ્રશ્નમાં કહેવામાં આવેલો અર્થ ઘટતો નથી, પણ અવિનાભાવી સંબંધથી તેને સમ્યગ્દર્શનનું લક્ષણ કહી શકાય.

(૮) **પ્રશ્ન** :—પૂર્ણ શુદ્ધાત્માની અનુભૂતિ ૧૩–૧૪ ગુણસ્થાને તથા સિદ્ધોને હોય છે, તેથી પૂર્ણ સમ્યગ્દર્શન પણ ત્યાં થાય છે–એ બરાબર છે? એટલે કે તે પૂર્વનાં જેટલાં સમ્યગ્દર્શન છે, તે સમ્યગ્દર્શન પૂર્ણ નથી એ બરાબર છે?

**ઉત્તર** :—સિદ્ધ ભગવાનનું સમ્યગ્દર્શન અને તિર્યંચનું સમ્યગ્દર્શન વિષયઅપેક્ષાએ એક સરખું હોય છે, એટલે કે આત્માને જેવો સિદ્ધ ભગવાન માને છે તેવો જ સમ્યગ્દષ્ટિ તિર્યંચ માને છે, તેમાં લેશમાત્ર ફેર નથી. સમ્યગ્દષ્ટિ તિર્યંચ પોતાના આત્માને એક પ્રકારે માને અને સિદ્ધ ભગવાન કોઈ બીજા પ્રકારે માને એમ બની શકે નહિ, પરંતુ પર્યાયમાં ફેર છે. સમ્યગ્દર્શન–પર્યાયની પૂર્ણતા કેવળજ્ઞાન થતાં પ્રગટે છે. તે અપૂર્ણતાનું ઉપાદાનકારણ

સંસ્કારવશપણું છે અને નિમિત્ત લેવું હોય તો ચારિત્રમોહનીય તથા ઘાતિકર્મના ઉદયને ઉપચારથી લેવાય છે. આ સંબંધે તત્ત્વાર્થસૂત્રમાં પૃષ્ઠ ૩૦૪માં આ પ્રમાણે કહ્યું છે, ''અથવા એ કહેવું જોઈએ કે ચારિત્રમોહનીય, મિથ્યાત્વના અભાવમાં રહે તો છે, પરંતુ જ્યાં સુધી ચારિત્રમોહનીય રહે છે ત્યાં સુધી સમ્યક્ત્વની પણ પૂર્તિ થતી નથી—ક્ષાયિક સમ્યક્ત્વ પણ 'કેવળસમ્યક્ત્વ' નામ પામતું નથી,—કે જે રત્નત્રયની પૂર્ણતાનું એક ચિહ્ન છે. **ભાવાર્થ** :—કાંઈક સંસ્કારવશ હો યા ચારિત્રમોહના સંબંધથી હો, ચારિત્રમોહનીય તથા ઘાતિકર્મો રહે છે ત્યાં સુધી સમ્યક્ત્વ પૂર્ણ થતું નથી.'' વળી જુઓ શ્લોકવાર્તિક પા. ૬૮–૬૯.

આ પ્રકારે પૂર્ણતામાં અનેકાંત છે. નીચલાં ગુણસ્થાનોમાં વિષયઅપેક્ષાએ સમ્યગ્દર્શન પૂર્ણ છે, પણ પર્યાય અપેક્ષાએ અપૂર્ણ છે. સિદ્ધ ભગવાનને વિષય અને પર્યાય બંને અપેક્ષાએ સમ્યગ્દર્શનની પૂર્ણતા છે.

**પ્રશ્ન** :—સમ્યક્ત્વગુણ સર્વથા ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને થયો છે કે નથી થયો? તેનું સમાધાન કહો. [પ્રશ્નકારની દલીલ] જો કહેશો કે સર્વથા થયો છે તો (તેને) સિદ્ધ કહો, શાથી? કે એક ગુણ સર્વથા વિમળ થતાં સર્વ શુદ્ધ થાય, સમ્યક્ગુણ સર્વ ગુણોમાં ફેલાયેલો છે, તેથી સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન બધા ગુણ સમ્યક્ થયા પણ સર્વથા સમ્યગ્જ્ઞાન નથી–એકદેશ સમ્યગ્જ્ઞાન છે. સર્વથા જ્ઞાન સમ્યક્ હોય તો સર્વથા ગુણ શુદ્ધ હોય તેથી સર્વથા કહેતા નથી; વળી જો કિંચિત્ સમ્યક્ત્વગુણ શુદ્ધ કહીએ તો સમ્યક્ત્વગુણનું ઘાતક મિથ્યાત્વ–અનંતાનુબંધી કર્મ હતું, તે તો રહ્યું. જે ગુણનું આવરણ જાય તે ગુણ શુદ્ધ હોય માટે કિંચિત્ શુદ્ધ પણ બનતું નથી. તો કેવી રીતે છે?

**ઉત્તર** :—એ આવરણ તો ગયું પણ બધા ગુણો સર્વથા સમ્યક્ થયા નથી. આવરણ જવાથી સર્વ ગુણો સમ્યક્ સર્વથા ન થયા, તેથી પરમસમ્યક્ નથી. બધા ગુણો સાક્ષાત્ સર્વથા શુદ્ધ સમ્યક્રૂપ થાય ત્યારે 'પરમસમ્યક્' એવું નામ હોય છે. વિવક્ષાપ્રમાણથી કથન પ્રમાણ છે. એ દર્શન ઉપરની પૌદ્ગલિક સ્થિતિ જ્યારે નાશ થઈ ત્યારે જ આ જીવનો જે સમ્યક્ત્વગુણ મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો તે જ સમ્યક્ત્વગુણ સંપૂર્ણ સ્વભાવરૂપ થઈ પરિણમ્યો–પ્રગટ થયો. ચેતન–અચેતનની જુદી પ્રતીતિથી સમ્યક્ત્વગુણ નિજજાતિસ્વરૂપ થઈ પરિણમ્યો; તેનું લક્ષણ –જ્ઞાનગુણ અનંત શક્તિએ કરી વિકારરૂપ થઈ રહ્યો હતો તે ગુણની અનંત શક્તિમાં કેટલીક શક્તિ પ્રગટ થઈ, સામાન્યથી નામ થયું તેને મતિ–શ્રુતિ કહીએ છીએ અથવા નિશ્ચયજ્ઞાન શ્રુતપર્યાય કહીએ, જઘન્યજ્ઞાન કહીએ છીએ; બાકીની સર્વજ્ઞાનશક્તિ રહી તે અજ્ઞાન–વિકારરૂપ વર્ગમાં છે. એ વિકારશક્તિને કર્મધારારૂપ કહીએ છીએ. એ જ પ્રમાણે જીવને દર્શનશક્તિ અદર્શનરૂપ રહી છે, એ જ પ્રમાણે જીવના ચારિત્રની કેટલીક ચારિત્રરૂપ તથા કેટલીક અન્ય વિકારરૂપ છે, એ પ્રમાણે ભોગગુણની સમજવી. બધા ગુણ જેટલા નિરાવરણ તેટલા શુદ્ધ,

બાકીના વિકારરૂપ, એ બધો મિશ્રભાવ થયો. પ્રતીતિરૂપ જ્ઞાનમાં સર્વશુદ્ધ શ્રદ્ધાભાવ થયો છે પણ આવરણ જ્ઞાનનું તથા અન્ય ગુણોનું લાગ્યું છે, માટે તે મિશ્રભાવ છે.

[અનુભવ પ્રકાશ પાનું-૭૮-૭૯]

આ સંબંધમાં શ્રી પદ્મનંદિપંચવિંશતિકામાં 'સુપ્રભાત-અષ્ટક' સ્તોત્ર છે, તેની પહેલી ગાથામાં પણ આ જ ભાવથી કહ્યું છે કે :—

(શાર્દૂલવિક્રીડિત)

**निश्शेषावरणद्वयस्थितिनिशाप्रान्तेन्तरायक्षया(यो)**
**द्‌घोते मोहकृते गते च सहसा निद्राभरे दुरतः।**
**सम्यग्ज्ञानदृगक्षियुग्ममभितो विस्फारितं यत्र त-**
**ल्लब्धं यैरिह सुप्रभातमचलं तेभ्यो जिनेभ्यो नमः॥१॥**

**અર્થ** :—જ્ઞાનાવરણ અને દર્શનાવરણ એ બંનેની હયાતીરૂપ જે રાત્રિ તેનો નાશ થવાથી, તથા અંતરાય કર્મના ક્ષય થવાથી પ્રકાશ થતાં, તેને મોહનીયકર્મના નિમિત્તથી કરવામાં આવેલ જે નિદ્રાનો ભાર તે તુરત જ દૂર થતાં જે સુપ્રભાતમાં **સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્દર્શનરૂપ બંને નેત્રો વિશેષ સ્ફુરાયમાન થયા**-એવા અચળ સુપ્રભાતને જે યતિઓએ પ્રાપ્ત કરી લીધું છે, તે યતિઓને નમસ્કાર છે.

**ભાવાર્થ** :—જેમ પ્રભાત થતાં રાત્રિનો સર્વથા અંત આવે છે તથા પ્રકાશ પ્રગટ થાય છે અને નિદ્રાનો નાશ થાય છે અર્થાત્ સૂતેલાં પ્રાણીઓ જાગૃત થાય છે અને તેમનાં બંને નેત્રો ખૂલી જાય છે, તેમ જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો સર્વથા નાશ થવાથી તથા મોહનીય કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલી નિદ્રાના સર્વથા દૂર થઈ જવાથી **જે સુપ્રભાતમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન વિશેષ સ્ફુરાયમાન થાય છે એવા** સુપ્રભાતને પ્રાપ્ત કરી લેનારા મુનિઓને મસ્તક ઝુકાવીને નમસ્કાર છે. *[પદ્મનંદિ-પંચવિંશતિકા-પાનું-૩૨૫]*

કેવળજ્ઞાન થતાં સમ્યગ્જ્ઞાન તેમ જ સમ્યગ્દર્શન પણ વિશેષ સ્ફુરાયમાન થાય છે, તેમ આ ગાથામાં જણાવ્યું છે.

(૯) **પ્રશ્ન** :—જો સમ્યક્ત્વનો વિષય બધાને સરખો છે તો પછી સમ્યગ્દર્શનના ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એવા ભેદો કેમ પડ્યા?

**ઉત્તર** :—દર્શનમોહનીય કર્મના અનુભાગબંધની અપેક્ષાએ તે ભેદ નથી પણ સ્થિતિબંધની અપેક્ષાએ તે ભેદ છે, પણ તે કારણે તેઓમાં આત્માની માન્યતામાં કાંઈ ફેર પડતો નથી. દરેક પ્રકારના સમ્યગ્દર્શનમાં આત્માની માન્યતા એક જ પ્રકારની છે.

આત્માના સ્વરૂપની જે માન્યતા ઔપશમિક સમ્યગ્દર્શનમાં હોય છે તે જ માન્યતા ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યગ્દર્શનમાં હોય છે. કેવળી ભગવાનને પરમ અવગાઢ સમ્યગ્દર્શન હોય છે તેમને પણ આત્માના સ્વરૂપની તે જ પ્રકારની માન્યતા હોય છે. એ રીતે બધા સમ્યગ્દષ્ટિ જીવોને આત્મસ્વરૂપની માન્યતા એક જ પ્રકારની હોય છે.

[જુઓ–પંચાધ્યાયી અધ્યાય ૨ ગાથા–૯૩૪–૯૩૮]

## (૨૧)

## જ્ઞાનચેતનાના વિધાનમાં ફેર કેમ છે?

**પ્રશ્ન** :—પંચાધ્યાયી અને પંચાસ્તિકાયમાં જ્ઞાનચેતનાના વિધાનોમાં ફેર છે?

**ઉત્તર** :—પંચાધ્યાયીમાં ચોથા ગુણસ્થાનથી જ્ઞાનચેતનાનું વિધાન કરેલ છે, [જુઓ, અધ્યાય ૨ ગાથા–૮૫૪] પંચાસ્તિકાયમાં તેરમા ગુણસ્થાનથી જ્ઞાનચેતનાનો સ્વીકાર કરેલ છે, પણ તેથી તેમાં કાંઈ વિરોધ નથી. સમ્યગ્દષ્ટિ જીવને શુભાશુભ ભાવનું સ્વામિત્વ નથી, એ અપેક્ષાએ ચોથા ગુણસ્થાનથી જ્ઞાનચેતના પંચાધ્યાયીમાં કહી છે. ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવે ક્ષાયોપશમિકભાવમાં કર્મ નિમિત્ત હોય છે તે અપેક્ષાએ નીચેનાં ગુણસ્થાનોમાં તેનો સ્વીકાર કરેલ નથી. બંને કથનો વિવક્ષા આધીન હોવાથી સત્ય છે.

## (૨૨)

## આ સંબંધમાં વિચારવા લાયક નવ વિષયો

(૧) **પ્રશ્ન** :—ગુણના સમુદાયને દ્રવ્ય કહ્યું છે અને સંપૂર્ણ ગુણો દ્રવ્યના પ્રત્યેક પ્રદેશમાં રહે છે, તેથી જો આત્માનો એક ગુણ (સમ્યગ્દર્શન) ક્ષાયિક થઈ જાય તો સંપૂર્ણ આત્મા જ ક્ષાયિક થઈ જવો જોઈએ અને તે જ ક્ષણે તેની મુક્તિ થઈ જવી જોઈએ, એમ કેમ નથી થતું?

**ઉત્તર** :—જીવદ્રવ્યમાં અનંતગુણ છે, તે દરેક ગુણ અસહાય અને સ્વાધીન છે, તેથી એક ગુણની શુદ્ધિ થતાં બીજા ગુણની શુદ્ધિ થવી જ જોઈએ, તેવો નિયમ નથી. આત્મા અખંડ હોવાથી એક ગુણ બીજા ગુણની સાથે અભેદ છે એ ખરું છે પણ તેથી પર્યાયઅપેક્ષાએ દરેક ગુણનો પર્યાય જુદે-જુદે વખતે શુદ્ધ થવામાં કાંઈ દોષ નથી; દ્રવ્યઅપેક્ષાએ સંપૂર્ણ શુદ્ધિ પ્રગટે ત્યારે દ્રવ્યની આખી શુદ્ધિ પ્રગટી ગણાય; પણ ક્ષાયિક સમ્યગ્દર્શન થતાં સંપૂર્ણ આત્મા ક્ષાયિક થવો જોઈએ અને મુક્તિ તરત થવી જોઈએ, એમ માનવું યોગ્ય નથી.

(૨) **પ્રશ્ન** :—એક ગુણ સર્વ ગુણાત્મક છે અને સર્વ ગુણ એક ગુણાત્મક છે; માટે

એક ગુણ સંપૂર્ણ પ્રગટ થવાથી અન્ય સંપૂર્ણ ગુણ પણ પૂર્ણ રીતે તે જ સમયે પ્રગટ થવા જોઈએ–એ ખરું છે?

**ઉત્તર :**—એ માન્યતા ખરી નથી. ગુણ અને ગુણી અખંડ છે એટલી અપેક્ષાએ એટલે કે અભેદ અપેક્ષાએ ગુણો અભેદ છે–પણ તેથી એક ગુણ બીજા બધા ગુણરૂપ છે એમ કહી શકાય નહિ; એમ કહેતાં દરેક દ્રવ્ય એક જ ગુણાત્મક થાય–પણ તેમ બને નહિ. ભેદ અપેક્ષાએ દરેક ગુણ ભિન્ન, સ્વતંત્ર, અસહાય છે, એક ગુણમાં બીજા ગુણની નાસ્તિ છે; વસ્તુનું સ્વરૂપ ભેદાભેદ છે–તેમ માનવામાં ન આવે તો દ્રવ્ય અને ગુણ સર્વથા અભિન્ન થઈ જાય. એક ગુણને બીજા ગુણ સાથે નિમિત્તનૈમિત્તિકસંબંધ છે–એ અપેક્ષાએ એક ગુણ બીજા ગુણને સહાયક કહેવામાં આવે છે. [જેમ કે–સમ્યગ્દર્શન કારણ અને સમ્યગ્જ્ઞાન કાર્ય.]

(૩) **પ્રશ્ન :**—આત્માના એક ગુણનો ઘાત થવામાં તે ગુણના ઘાતમાં નિમિત્તરૂપ જે કર્મ છે, તે ઉપરાંત બીજાં કર્મો નિમિત્તરૂપ ઘાતક છે કે કેમ?

**ઉત્તર :**—ના, તેમ નથી.

**પ્રશ્ન :**—અનંતાનુબંધી ચારિત્રમોહનીયની પ્રકૃતિ છે, તેથી તે ચારિત્રના ઘાતમાં નિમિત્ત હોય પણ સમ્યગ્દર્શનના ઘાતમાં તે કેમ નિમિત્ત ગણાય છે?

**ઉત્તર :**—અનંતાનુબંધીના ઉદયમાં જોડાતાં ક્રોધાદિરૂપ પરિણામ થાય છે પણ કાંઈ અતત્ત્વશ્રદ્ધાન થતું નથી, માટે તે ચારિત્રના ઘાતનું જ નિમિત્ત થાય છે પણ સમ્યક્ત્વના ઘાતમાં તે નિમિત્ત નથી. પરમાર્થથી તો આમ જ છે; પરંતુ અનંતાનુબંધીના ઉદયથી જેવા ક્રોધાદિક થાય છે તેવા ક્રોધાદિક સમ્યક્ત્વના સદ્ભાવમાં થતા નથી. એવો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે, તેથી ઉપચારથી અનંતાનુબંધીમાં સમ્યક્ત્વનું ઘાતકપણું કહેવામાં આવે છે.

[મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૩૪૧]

(૪) **પ્રશ્ન :**—ત્રિલોકસારની ૭૧મી ગાથામાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તિર્યંચને સમ્યગ્દર્શનના અવિભાગ પ્રતિચ્છેદો કેટલા હોય છે એ બતાવ્યું છે, માટે ક્ષાયિક સમ્યગ્દર્શન અપૂર્ણ શા માટે ન ગણાય?

**ઉત્તર :**—'ક્ષાયિક' સમ્યગ્દર્શન પ્રગટ થયું એમ કહેવું તે આત્માના શ્રદ્ધાગુણનું પ્રગટવું અને સાત પ્રકૃતિઓનો ક્ષય થવો તે બતાવવા એટલે કે નિમિત્તનૈમિત્તિકસંબંધ બતાવવા પૂરતું છે, તે પરની અપેક્ષાએ છે, ત્યાં મિથ્યાદર્શન અને અનંતાનુબંધીની સાત પ્રકૃતિ આત્મપ્રદેશે સત્તામાં પણ રહેતી નથી. જો સ્વદ્રવ્યના બીજા ગુણોની સાથે અભેદપણું લક્ષમાં લઈએ તો તે અપેક્ષાએ તે ગુણનો પૂર્ણ પર્યાય કેવળજ્ઞાન થતાં પ્રગટ થાય છે, એમ કહી શકાય. વળી દ્રવ્ય અખંડ છે,

તેથી દ્રવ્યઅપેક્ષાએ આખા દ્રવ્યની સંપૂર્ણ સિદ્ધિ સિદ્ધપણામાં થાય છે, એમ કહી શકાય છે. સમ્યગ્દર્શન એકવાર પ્રગટ થયા પછી તે મેળવવા માટે પુરુષાર્થ કરવાનો રહેતો નથી, પણ તેની દૃઢતા માટે તથા ચારિત્ર માટે પુરુષાર્થ કરવાનો રહે છે અને તેને અનુસરીને સંપૂર્ણજ્ઞાન તેરમા ગુણસ્થાને પ્રગટે છે અને પરમયથાખ્યાતચારિત્ર ચૌદમા ગુણસ્થાનના અંતમાં પ્રગટે છે-એ રીતે દ્રવ્યઅપેક્ષાએ અખંડ પૂર્ણ શુદ્ધિ સિદ્ધદશામાં થાય છે.

ત્રિલોકસાર ગાથા-૭૧માં અવિભાગ પ્રતિચ્છેદનું જે કથન છે, તે તેના પર્યાયની અપેક્ષાએ છે પણ વિષયની અપેક્ષાએ તે કથન નથી; કેમ કે સ્વરૂપની માન્યતા તો તમામ પ્રકારના સમ્યગ્દર્શનમાં એક જ પ્રકારની હોય છે એટલે તેમાં ક્રમ કે ભેદ પડી શકતા નથી; ચારિત્રમાં ભેદ પડે છે. સમ્યગ્દર્શન પ્રગટતાં અભિપ્રાય (શ્રદ્ધા-માન્યતા) અપેક્ષાએ જીવનો મોક્ષ થયો-એમ જ્ઞાનીઓ કહે છે.

(૫) **પ્રશ્ન :**—સંસારમાં એવો નિયમ છે કે દરેક ગુણનો ક્રમિક વિકાસ થાય છે, માટે સમ્યગ્દર્શનનો પણ ક્રમિક વિકાસ થવો જોઈએ?

**ઉત્તર :**—એવો એકાંત સિદ્ધાંત નથી. વિકાસમાં પણ અનેકાંતસ્વરૂપ લાગુ પડે છે -એટલે કે આત્માનો શ્રદ્ધાગુણ તેના વિષયની અપેક્ષાએ એક સાથે ઊઘડે છે અને આત્માના જ્ઞાનાદિ કેટલાક ગુણોમાં ક્રમિક વિકાસ થાય છે.

## અક્રમિક ઉઘાડનું દૃષ્ટાંત

મિથ્યાદર્શન ટળી એક સમયમાં સમ્યગ્દર્શન પ્રગટે છે ત્યાં ક્રમ પડતો નથી. સમ્યગ્દર્શન પ્રગટે ત્યારથી જ તે પોતાના વિષય પરત્વે પૂર્ણ અને ક્રમરહિત હોય છે.

## ક્રમિક વિકાસનું દૃષ્ટાંત

સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રમાં ક્રમે ક્રમે વિકાસ થાય છે. આ રીતે વિકાસમાં ક્રમિક અને અક્રમિકપણું આવે છે, તેથી વિકાસનું સ્વરૂપ અનેકાંત છે-એમ સમજવું.

(૬) **પ્રશ્ન :**—સમ્યક્ત્વના આઠ અંગ કહ્યાં છે, તેમાં એક અંગ 'નિઃશંકિત' છે અને તેનો અર્થ નિર્ભયતા કહ્યો છે; નિર્ભયતા આઠમા ગુણસ્થાને થાય છે માટે જ્યાં સુધી ભય છે ત્યાં સુધી સમ્યગ્દર્શન પૂર્ણ નથી-એમ જાણવું તે બરાબર છે? જો સમ્યગ્દર્શન પૂર્ણ હોત તો શ્રેણિક રાજા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતા તે આપઘાત ન કરત-એ ખરું કે નહિ?

**ઉત્તર :**—એ ખરું નથી; સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનના વિષયની માન્યતા પૂર્ણ જ હોય છે, કેમ કે તેનો વિષય અખંડ શુદ્ધાત્મા છે. સમ્યગ્દૃષ્ટિને શંકા-કાંક્ષા-વિચિકિત્સાનો અભાવ દ્રવ્યાનુયોગમાં કહ્યો છે, અને કરણાનુયોગમાં ભયનો આઠમો ગુણસ્થાન સુધી, લોભનો દસમા

સુધી અને જુગુપ્સાનો આઠમા સુધી સદ્ભાવ કહ્યો છે, ત્યાં વિરોધ નથી, કારણકે–શ્રદ્ધાનપૂર્વકના તીવ્ર શંકાદિકનો સમ્યગ્દ્રષ્ટિને અભાવ થયો છે અથવા મુખ્યપણે સમ્યગ્દ્રષ્ટિ શંકાદિક કરે નહિ –એ અપેક્ષાએ સમ્યગ્દ્રષ્ટિને શંકાદિકનો અભાવ કહ્યો, પણ સૂક્ષ્મ શક્તિની અપેક્ષાએ ભયાદિકનો ઉદય આઠમાદિ ગુણસ્થાન સુધી હોય છે, તેથી કરણાનુયોગમાં ત્યાં સુધી સદ્ભાવ કહ્યો. [મોક્ષમાર્ગ પ્રકાશક પાનું–૨૯૬]

સમ્યગ્દ્રષ્ટિને 'નિર્ભયતા' કહી છે તેનો અર્થ એવો છે કે અનંતાનુબંધીનો કષાય સાથે જે જાતનો ભય હોય તે જાતનો ભય સમ્યગ્દ્રષ્ટિને નથી, એટલે કે 'પરવસ્તુથી મને ભય થાય છે' એમ અજ્ઞાનદશામાં જીવ માનતો હતો તે માન્યતા સમ્યગ્દ્રષ્ટિ થતાં ટળી ગઈ, હવે જે ભય થાય છે તે પોતાના પુરુષાર્થની નબળાઈને કારણે થાય છે, એટલે કે ભયમાં પોતાના વર્તમાન પર્યાયનો દોષ છે–પરવસ્તુનો દોષ નથી, એમ તે માને છે. એટલે પર પ્રત્યેની તેને નિર્ભયતા પ્રગટી છે, આ અપેક્ષાએ તે કથન છે. સર્વથા ભય ટળ્યો નથી, તે આઠમે ગુણસ્થાને ટળે છે.

શ્રેણિક રાજાને જે ભય ઉત્પન્ન થયો, તે પોતાની નબળાઈને કારણે હતો. એવી તેની માન્યતા હોવાથી સમ્યગ્દર્શન અપેક્ષાએ તે નિર્ભય છે. ચારિત્ર અપેક્ષાએ અલ્પ ભય થતાં આત્મઘાતનો વિકલ્પ આવ્યો.

**પ્રશ્ન** :—ક્ષાયિક લબ્ધિની સ્થિતિ રાખવા માટે વીર્યાંતરાયના કર્મના ક્ષયની જરૂર પડશે, કેમ કે ક્ષાયિક શક્તિ વગર કોઈ પણ ક્ષાયિક લબ્ધિ ટકી શકે નહિ. આ માન્યતા બરાબર છે?

**ઉત્તર** :—એ માન્યતા ભૂલ ભરેલી છે. વીર્યાંતરાયના ક્ષયોપશમના નિમિત્તે અનેક પ્રકારના ક્ષાયિક પર્યાય પ્રગટે છે : ૧–ક્ષાયિક સમ્યગ્દર્શન (ચોથેથી સાતમે ગુણસ્થાને), ૨–ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર (બારમા ગુણસ્થાને), ૩–ક્ષાયિક ક્ષમા (દસમા ગુણસ્થાને),★ ૪–ક્ષાયિક નિર્માનતા (દસમા ગુણસ્થાને), ૫–ક્ષાયિક નિષ્કપટતા (દસમા ગુણસ્થાને) અને ૬–ક્ષાયિક નિર્લોભતા (બારમા ગુણસ્થાને) હોય છે. બારમા ગુણસ્થાને વીર્ય ક્ષયોપશમરૂપ હોય છે, છતાં કષાયનો ક્ષય છે.

બીજી રીતે જોઈએ તો તેરમા ગુણસ્થાને ક્ષાયિક અનંતવીર્ય અને સંપૂર્ણ જ્ઞાન પ્રગટે છે, છતાં યોગનું કંપન અને ચાર પ્રતિજીવી ગુણોનું અપ્રગટપણું [વિભાવભાવ] હોય છે. ચૌદમા ગુણસ્થાને કષાય અને યોગ બંને ક્ષયરૂપ છે છતાં અસિદ્ધત્વ છે, તે વખતે પણ જીવની પોતાના ઉપાદાનની કચાશને લઈને કર્મો સાથેનો સંબંધ અને સંસારીપણું છે.

---

★ દ્રવ્યક્રોધની ૯મા ગુણસ્થાનકના ૭મા ભાગમાં વ્યુચ્છિત્તિ (નાશ) થાય છે. દ્રવ્યમાનની ૯મા ગુણસ્થાનકના ૮મા ભાગમાં વ્યુચ્છિત્તિ (નાશ) થાય છે. દ્રવ્યમાયાની ૯મા ગુણસ્થાનકના ૯મા ભાગમાં વ્યુચ્છિત્તિ (નાશ) થાય છે.

ઉપરની હકીકતથી એમ સિદ્ધ થાય છે કે; ભેદઅપેક્ષાએ દરેક ગુણ સ્વતંત્ર છે; જો તેમ ન હોય તો એક ગુણ બીજા ગુણરૂપ થઈ જાય અને તે ગુણનું પોતાનું સ્વતંત્ર કાર્ય રહે નહિ; દ્રવ્યઅપેક્ષાએ બધા ગુણ અભેદ છે એ ઉપર કહેવાઈ ગયું છે.

**પ્રશ્ન** :—જ્ઞાન અને દર્શન એ ચેતનાગુણના વિભાગ છે, તે બંનેના ઘાતમાં નિમિત્તપણે જુદાં જુદાં કર્મ માન્યાં છે, પરંતુ સમ્યક્‌ત્વ અને ચારિત્ર એ બંને જુદાં જુદાં ગુણ છે છતાં તે બંનેના ઘાતમાં નિમિત્તકર્મ એક મોહ જ માનવામાં આવ્યું છે; તેનું શું કારણ?

## –: પ્રશ્નનો વિસ્તાર :–

આ પ્રશ્ન ઉપરથી ઉઠતા સવાલો નીચે મુજબ છે :—

૧–મોહનીયકર્મ જ્યારે સમ્યક્‌ત્વ અને ચારિત્ર એ બંને ગુણોના ઘાતમાં નિમિત્ત છે ત્યારે મૂળ પ્રકૃતિઓમાં તેના બે ભેદ માની કર્મ નવ કહેવાં જોઈએ, પરંતુ આઠ જ કેમ કહ્યાં?

૨–જ્યારે મોહનીય બે ગુણોના ઘાતમાં નિમિત્ત છે તો ચાર ઘાતિ કર્મો ચાર જ ગુણોના ઘાતમાં નિમિત્ત કેમ બતાવ્યાં? પાંચ ગુણોનો ઘાત કહેવો જોઈએ?

૩–શુદ્ધ જીવોને કર્મ નષ્ટ થતાં પ્રગટ થવાવાળા જે આઠ ગુણ કહ્યા છે, તેમાં ચારિત્રને ન કહેતાં સમ્યક્‌ત્વને જ કહ્યું છે, તેનું શું કારણ? ત્યાં ચારિત્રને કેમ છોડી દીધું?

૪–કોઈ કોઈ જગ્યાએ ચારિત્ર અગર સમ્યક્‌ત્વમાંથી એકેયને નહિ કહેતાં સુખગુણનો જ ઉલ્લેખ કર્યો છે, તે શા કારણે?

## ઉત્તર

જ્યારે જીવ પોતાનું નિજસ્વરૂપ પ્રગટ ન કરે–સાંસારિકદશાને વધારે–ત્યારે મોહનીયકર્મ નિમિત્ત છે, પણ કર્મ જીવને કાંઈ પણ કરી શકે એમ માનવું તે તદ્દન મિથ્યા છે. સાંસારિકદશાનો અર્થ એ છે કે જીવમાં આકુળતા થાય–અશાંતિ થાય–ક્ષોભ થાય. એ અશાંતિમાં ત્રણ વિભાગો પડે છે : ૧–અશાંતિરૂપ વેદનનું જ્ઞાન, ૨–તે વેદન તરફ જીવ ઝૂકે ત્યારે નિમિત્તકારણ અને ૩–અશાંતિરૂપ વેદન. તે વેદનનું જ્ઞાન તો જ્ઞાનગુણમાં ગર્ભિત થઈ જાય છે. તે જ્ઞાનના કારણમાં જ્ઞાનાવરણનો ક્ષયોપશમ નિમિત્ત છે. તે વેદન તરફ જીવ લાગે ત્યારે વેદનીય કર્મ તે કાર્યમાં નિમિત્ત છે અને વેદનમાં મોહનીય નિમિત્ત છે. અશાંતિ, મોહ, આત્મજ્ઞાન –પરાઙ્‌મુખતા તથા વિષયાસક્તિ એ સર્વ કાર્ય મોહનાં જ છે. **કારણના નાશથી કાર્ય પણ નષ્ટ થઈ જાય છે, તેથી વિષયાસક્તિ ઘટાડવા પહેલાં જ આત્મજ્ઞાન ઉત્પન્ન કરવાનો ભગવાન ઉપદેશ આપે છે.**

મોહના કાર્યને બે પ્રકારે વિભક્ત કરી શકાય છે :—૧–દૃષ્ટિની વિમુખતા અને ૨–ચારિત્રની વિમુખતા. બંનેમાં વિમુખતા સામાન્ય છે. તે બંને સામાન્યપણે 'મોહ' નામથી ઓળખાય છે, માટે તે બંનેને અભેદપણે એક કર્મ જણાવી, તેના બે પેટા વિભાગ 'દર્શનમોહ' અને 'ચારિત્રમોહ' કહ્યા છે. દર્શનમોહ તે અપરિમિત મોહ છે અને ચારિત્રમોહ તે પરિમિત મોહ છે. મિથ્યાદર્શન તે સંસારની જડ છે. સમ્યગ્દર્શન પ્રગટતાં જ મિથ્યાદર્શનનો અભાવ થાય છે. મિથ્યાદર્શનમાં દર્શનમોહ નિમિત્ત છે; દર્શનમોહનો અભાવ થતાં તે જ વખતે ચારિત્રમોહનો એક પેટા વિભાગ જે અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભ છે, તેનો એકસાથે અભાવ થાય છે અને ત્યારપછી ક્રમે-ક્રમે વીતરાગતા વધતાં ચારિત્રમોહનો ક્રમે-ક્રમે અભાવ થતો જાય છે, તે કારણે દર્શન કારણ અને ચારિત્ર કાર્ય એમ પણ કહેવામાં આવે છે, આ રીતે ભેદઅપેક્ષાએ તે જુદા છે; તેથી પ્રથમ ભેદઅપેક્ષાએ 'મોહ' કર્મ એક હોવાથી તેને એક કર્મ ગણીને પછી તેના બે પેટા વિભાગ–દર્શનમોહ અને ચારિત્રમોહ ગણવામાં આવ્યા છે.

ચાર ઘાતિયા કર્મોને ચાર ગુણોના ઘાતમાં નિમિત્ત કહ્યાં તેનું કારણ એ છે, કે–મોહકર્મને અભેદઅપેક્ષાએ જ્યારે એક ગણ્યું ત્યારે શ્રદ્ધા અને ચારિત્ર ગુણને અભેદઅપેક્ષાએ શાંતિ (સુખ) ગણી ચાર ગુણોના ઘાતમાં ચાર ઘાતિયા કર્મોને નિમિત્તપણે કહ્યાં.

**શંકા** :—જો મિથ્યાત્વ અને કષાય એક જ હોય તો મિથ્યાત્વનો નાશ થતાં કષાયનો અભાવ પણ થવો જ જોઈએ, કે જે કષાયના અભાવને ચારિત્રની પ્રાપ્તિ કહે છે–પરંતુ તેમ તો થતું નથી અને સમ્યક્ત્વ પ્રાપ્ત હોવા છતાં ચોથા ગુણસ્થાને ચારિત્ર પ્રાપ્ત થતું નથી, તેથી ચોથા ગુણસ્થાનને અવ્રતરૂપ કહેવાય છે. અણુવ્રત થતાં પાંચમું ગુણસ્થાન થાય છે, પૂર્ણ વ્રત થતાં 'વ્રતી' સંજ્ઞા થવા છતાં યથાખ્યાતચારિત્ર પ્રાપ્ત થતું નથી. એ પ્રકારે વિચારવાથી માલૂમ પડશે કે સમ્યક્ત્વ ક્ષાયિકરૂપ પૂર્ણ થવા છતાં પણ ચારિત્રની પ્રાપ્તિમાં અથવા પૂર્ણતામાં વિલંબ થાય છે, તેથી સમ્યક્ત્વ અને ચારિત્રમાં અથવા મિથ્યાત્વ અને કષાયોમાં એકતા તથા કારણ–કાર્યપણું કેમ ઠીક થઈ શકે?

**સમાધાન** :—મિથ્યાત્વ ન રહેવાથી જે કષાય રહે છે તે મિથ્યાત્વની સાથે રહેવાવાળા અતિ તીવ્ર અનંતાનુબંધી કષાયોની સમાન હોતો નથી, પણ અતિ મંદ થઈ જાય છે; તેથી તે કષાય ગમે તેવો બંધ કરે તોપણ દીર્ઘ સંસારના કારણભૂત તે બંધ થતો નથી અને તેથી જ્ઞાનચેતના પણ સમ્યગ્દર્શન થતાં જ શરૂ થઈ જાય છે–કે જે બંધના નાશનું કારણ છે; તેથી પ્રથમ મિથ્યાત્વ હોય ત્યારે જે ચેતના હોય છે, તે કર્મચેતના અને કર્મફળચેતના હોય છે–કે જે પૂર્ણ બંધનું કારણ છે. આનો સારાંશ એ છે કે કષાય તો સમ્યગ્દૃષ્ટિને પણ શેષ રહે છે, પરંતુ મિથ્યાત્વનો નાશ થવાથી અતિમંદ થઈ જાય છે અને તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ કેટલાક અંશે અબંધ રહે છે અને નિર્જરા કરે છે, તેથી મિથ્યાત્વ અને કષાયનો કેટલોક અવિનાભાવ જરૂર છે.

હવે શંકાની એ વાત રહી કે-મિથ્યાત્વના નાશની સાથે જ કષાયનો પૂર્ણ નાશ કેમ થતો નથી? તેનું સમાધાન એ છે કે-મિથ્યાત્વ અને કષાય સર્વથા એક ચીજ તો નથી; સામાન્ય સ્વભાવ બંનેનો એક છે, પરંતુ વિશેષ અપેક્ષાએ કાંઈક ભેદ પણ છે. વિશેષ-સામાન્યની અપેક્ષાએ ભેદ-અભેદ બંનેને અહીં માનવા જોઈએ. એ ભાવ દેખાડવાને માટે જ શાસ્ત્રકારે સમ્યક્ત્વ અને આત્મશાંતિના ઘાતનું નિમિત્ત મૂળપ્રકૃતિ એક 'મોહ' રાખી છે અને ઉત્તરપ્રકૃતિમાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એ બે ભેદ કર્યા છે. [આ ખુલાસામાં પહેલી અને બીજી શંકાનું સમાધાન આવી ગયું.] જ્યારે ઉત્તરપ્રકૃતિમાં ભેદ છે ત્યારે તેના નાશનો પૂર્ણ અવિનાભાવ કેમ થઈ શકે? [ન થાય.] હા, પણ મૂળ કારણ ન રહેતાં ચારિત્રમોહનીયનો ટકાવ પણ અધિક રહેતો નથી. દર્શનમોહનીયની સાથે નહિ, તોપણ થોડા જ વખતમાં ચારિત્રમોહનીય પણ નષ્ટ થઈ જાય છે......

-અથવા એમ કહેવું જોઈએ, કે ચારિત્રમોહનીય મિથ્યાત્વના અભાવમાં જોકે રહે તો છે, પરંતુ જ્યાં સુધી ચારિત્રમોહનીય રહે છે ત્યાં સુધી સમ્યક્ત્વની પણ પૂર્તિ થતી નથી, ક્ષાયિકસમ્યક્ત્વ પણ 'કેવળસમ્યક્ત્વ' નામ પામતું નથી કે જે રત્નત્રયની પૂર્ણતાનું ચિહ્ન છે.

**ભાવાર્થ** :—અસ્થિરતા વગેરેના કારણે ઘાતિકર્મોના સમય સુધી સમ્યક્ત્વ પૂર્ણ થતું નથી.....

અથવા સમ્યક્ત્વ થઈ જવા છતાં પણ જ્ઞાન સદા સ્વાનુભૂતિમાં જ તો નથી રહેતું. જ્ઞાનનું જ્યારે બાહ્ય લક્ષ થઈ જાય છે ત્યારે સ્વાનુભૂતિથી ખસી જવાના કારણે સમ્યગ્દૃષ્ટિ પણ વિષયોમાં અલ્પ તન્મય થઈ જાય છે; પરંતુ એ છદ્મસ્થજ્ઞાનની ચંચળતાનો દોષ છે અને તેનું કારણ પણ કષાય જ છે; પણ જ્ઞાનની કેવળ કષાય-નૈમિત્તિક ચંચળતા થોડા વખત સુધી જ રહી શકે છે અને તે પણ તીવ્ર બંધનું કારણ થતી નથી.

**ભાવાર્થ** :—સમ્યક્ત્વની ઉત્પત્તિથી સંસારની જડ તો તૂટી જાય છે, પરંતુ બીજાં કર્મોનો તે જ ક્ષણે સર્વનાશ થતો નથી. કર્મ પોતપોતાની યોગ્યતા અનુસાર બંધાય છે તથા ઉદયમાં આવે છે. જુઓ, મિથ્યાત્વના સાથી ચારિત્રમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ચાલીસ ક્રોડાકોડી સાગરની હોય છે. એ ઉપરથી એમ નક્કી થાય છે કે મિથ્યાત્વ જ બધા દોષોમાં અધિક બળવાન દોષ છે અને તે જ દીર્ઘ અને અસલી સંસારની સ્થાપના કરે છે, તેથી તેનો નાશ કર્યો કે સંસારનો કિનારો આવી ગયો સમજવો; પરંતુ સાથે એ પણ ભૂલવું ન જોઈએ કે મોહ તો બંને છે, એક (દર્શનમોહ) અમર્યાદિત છે અને બીજો (ચારિત્રમોહ) મર્યાદિત છે-પરંતુ બંને સંસારનાં જ કારણો છે.

સંસારનું સંક્ષેપમાં સ્વરૂપ કહીએ તો તે દુઃખમય છે, તેથી આનુષંગિક ભલે દુઃખનાં

નિમિત્તકારણ બીજાં કર્મ પણ હોય તોપણ મુખ્ય નિમિત્તકારણ મોહનીયકર્મ છે, જ્યારે સર્વ દુઃખનું કારણ (નિમિત્તપણે) મોહનીય કર્મ માત્ર છે તો મોહના નાશને સુખ કહેવું જોઈએ. જે ગ્રંથકાર મોહના નાશને સુખગુણની પ્રાપ્તિ માને છે તેનું માનવું મોહના સંયુક્ત કાર્યની અપેક્ષાએ વ્યાજબી છે. તે માનવું અભેદ–વ્યાપક દૃષ્ટિથી છે; તેથી જે સુખને અનંત ચતુષ્ટયમાં ગર્ભિત કરે છે તે ચારિત્ર તથા સમ્યક્ત્વને જુદા ગણતા નથી, કેમ કે સમ્યક્ત્વ તથા ચારિત્રના સામુદાયિક સ્વરૂપને સુખ કહી શકાય છે.

ચારિત્ર અને સમ્યક્ત્વ બંનેનો સમાવેશ (છેડો–ફળ) સુખગુણમાં અથવા સ્વરૂપલાભમાં જ થાય છે; તેથી ચારિત્ર અને સમ્યક્ત્વનો અર્થ સુખ પણ થઈ શકે છે. જ્યાં સુખ અને વીર્યગુણનો ઉલ્લેખ અનંત ચતુષ્ટયમાં કરે છે ત્યાં તે ગુણોની મુખ્યતા ગણી કહે છે અને બીજાને ગૌણ ગણી કહેતા નથી, તોપણ તેમને તેમાં સંગ્રહિત થયેલ સમજી લેવા જોઈએ, કેમ કે સુખગુણના તે બંને વિશેષાકાર છે. આ કથનથી મોહનીયકર્મ કયા ગુણના ઘાતમાં નિમિત્ત છે તેનો ખુલાસો થઈ જાય છે; તથા વેદનીયનું અઘાતકપણું પણ સિદ્ધ થાય છે, કેમ કે વેદનીય કોઈને ઘાતવામાં નિમિત્ત નથી, માત્ર ઘાત થયેલ સ્વરૂપનો જીવ જ્યારે અનુભવ કરે ત્યારે નિમિત્તરૂપ છે. [આ ખુલાસામાં ત્રીજી અને ચોથી શંકાનું સમાધાન આવી ગયું.]

[આ વાત ખાસ ખ્યાલમાં રાખવી કે જીવમાં થતા વિકારભાવ જીવ પોતે કરે છે, ત્યારે કર્મનો ઉદય હાજરરૂપે નિમિત્ત છે, પણ તે કર્મના રજકણોએ જીવને કાંઈ પણ કર્યું કે કાંઈ અસર કરી એમ માનવું તે સર્વથા મિથ્યા છે; તેમ જ જીવ વિકાર કરે ત્યારે પુદ્‌ગલકાર્માણવર્ગણા સ્વયં કર્મરૂપે પરિણમે છે–એવો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે. જીવને વિકારીપણે કર્મ પરિણમાવે અને કર્મને જીવ પરિણમાવે એ નિમિત્તનૈમિત્તિકસંબંધ બતાવનારું વ્યવહારકથન છે. ખરી રીતે જડને કર્મ તરીકે જીવ પરિણમાવી શકે નહિ અને કર્મ જીવને વિકારી કરી શકે નહિ–એમ સમજવું. ગોમ્મટસાર આદિ કર્મશાસ્ત્રોના આ પ્રમાણે અર્થ કરવા તે જ ન્યાયસર છે.]

(૮) **પ્રશ્ન :**—બંધનાં કારણોમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ મોક્ષશાસ્ત્રમાં કહ્યાં છે, અને બીજા આચાર્યો કષાય અને યોગ એ બે જ બતાવે છે; આ રીતે તેઓ મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદને કષાયના ભેદ માને છે. કષાય ચારિત્રમોહનીયનો ભેદ છે; તો પછી એમ પ્રતીત થાય છે કે ચારિત્રમોહનીય જ બધાં કર્મોનું કારણ છે, માટે જ્યાં સુધી કષાય વિદ્યમાન છે ત્યાં સુધી કોઈ પણ ગુણની પૂર્ણ શુદ્ધિ થઈ શકે નહિ, માટે સમ્યગ્દર્શનની પણ પૂર્ણ શુદ્ધિ ત્યાં ન થાય એમ જણાય છે, તે બરાબર છે?

**ઉત્તર :**—કષાયના મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદ પેટા–ભાગ છે, પણ તેથી 'કષાય'

ચારિત્રમોહનીયનો ભેદ છે, એમ માનવું બરાબર નથી. મિથ્યાત્વ તે મહા કષાય છે. 'કષાય'ને જ્યારે સામાન્ય અર્થમાં વાપરીએ ત્યારે દર્શનમોહ અને ચારિત્રમોહ બંનેરૂપ છે, કેમ કે કષાયમાં મિથ્યાદર્શનનો સમાવેશ થઈ જાય છે. કષાયને જ્યારે વિશેષ અર્થમાં વાપરીએ ત્યારે તે ચારિત્રમોહનીયનો ભેદ છે. ચારિત્રમોહનીયકર્મ તે બધાં કર્મોનું કારણ નથી, પણ જીવનો મોહભાવ તે સાત અથવા આઠ કર્મોના બંધનું નિમિત્ત છે. જીવને ક્ષાયિક ચારિત્ર ન પ્રગટે ત્યાં સુધી સમ્યક્ત્વગુણની પૂરી શુદ્ધિ કઈ અપેક્ષાએ થઈ અને કઈ અપેક્ષાએ થઈ નથી, એ આગળ બતાવાઈ ગયું છે. (જુઓ, પારા ૨૧ પ્રશ્ન–૮)

(૯) **પ્રશ્ન** :—સાત પ્રકૃતિનો ક્ષય અથવા ઉપશમાદિ થાય, તે વ્યવહારસમ્યગ્દર્શન છે કે નિશ્ચયસમ્યગ્દર્શન છે?

**ઉત્તર** :—તે નિશ્ચયસમ્યગ્દર્શન છે.

**પ્રશ્ન** :—સિદ્ધ ભગવંતોને વ્યવહારસમ્યગ્દર્શન હોય છે કે નિશ્ચયસમ્યગ્દર્શન હોય છે?

**ઉત્તર** :—સિદ્ધોને નિશ્ચયસમ્યગ્દર્શન હોય છે.

**પ્રશ્ન** :—વ્યવહારસમ્યગ્દર્શન અને નિશ્ચયસમ્યગ્દર્શનમાં શું ફેર છે?

**ઉત્તર** :—જીવાદિ નવ તત્ત્વોની તથા સુદેવ, સુગુરુ અને સુશાસ્ત્રની વિકલ્પસહિતની શ્રદ્ધા તેને વ્યવહારસમ્યક્ત્વ કહેવામાં આવે છે; જે જીવ તે વિકલ્પનો અભાવ કરી પોતાના શુદ્ધાત્મા તરફ વલણ કરી નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ કરે, તેને પૂર્વે વ્યવહારસમ્યક્ત્વ હતું એમ કહેવામાં આવે છે. જે જીવ નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ ન કરે તેને તે વ્યવહારાભાસ સમ્યક્ત્વ છે. વ્યવહારસમ્યગ્દર્શનનો અભાવ કરીને જે જીવ નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ કરે તેને વ્યવહારસમ્યગ્દર્શન ઉપચારથી (–એટલે કે વ્યય તરીકે–અભાવ તરીકે) નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ કહેવામાં આવે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને વિપરીત અભિનિવેશરહિત આત્માનું શ્રદ્ધાન છે તે નિશ્ચયસમ્યગ્દર્શન છે; તથા દેવ–ગુરુ–ધર્માદિનું શ્રદ્ધાન તે વ્યવહારસમ્યગ્દર્શન છે; એ પ્રમાણે એક કાળમાં સમ્યગ્દૃષ્ટિને બંને સમ્યગ્દર્શન હોય છે. કેટલાક મિથ્યાદૃષ્ટિને–દ્રવ્યલિંગી મુનિને અને કેટલાક અભવ્ય જીવને દેવ–ગુરુ–ધર્માદિનું શ્રદ્ધાન હોય છે પણ તે આભાસમાત્ર હોય છે; કેમ કે તેમને નિશ્ચયસમ્યક્ત્વ નથી, તેથી તેમનું વ્યવહારસમ્યક્ત્વ પણ આભાસરૂપ છે. [મોક્ષમાર્ગ પ્રકાશક પાનું–૩૩૭]

દેવ–ગુરુ–ધર્મના શ્રદ્ધાનમાં પ્રવૃત્તિની મુખ્યતા છે. જે પ્રવૃત્તિમાં અરિહંતાદિકને દેવાદિક માને, અન્યને ન માને તેને દેવાદિકનો શ્રદ્ધાની કહેવામાં આવે છે. તત્ત્વશ્રદ્ધામાં વિચારની મુખ્યતા

છે. જે જ્ઞાનમાં જીવાદિ તત્ત્વોને વિચારે છે તેને તત્ત્વશ્રદ્ધાની કહેવામાં આવે છે. એ બંને સમજ્યા પછી કોઈ જીવ રાગનો અંશે અભાવ કરી સમ્યક્ત્વ પ્રગટ કરે છે; તેથી એ બંને કોઈ જીવને સમ્યક્ત્વનાં (ઉપચારથી) કારણ કહેવામાં આવે છે; પરંતુ તેનો સદ્ભાવ મિથ્યાદ્રષ્ટિને પણ સંભવે છે, તેથી તેનો વ્યવહાર વ્યવહારાભાસ છે. [મોક્ષમાર્ગપ્રકાશક પાનું-૩૩૨]

## (૨૩)

## સમ્યગ્દર્શન અને જ્ઞાનચેતનામાં ફેર

**પ્રશ્ન** :—આત્માની શુદ્ધોપલબ્ધિ જ્યાં સુધી છે ત્યાં સુધી જ્ઞાન જ્ઞાનચેતના છે અને તેટલું જ સમ્યગ્દર્શન છે, એ ખરું છે?

**ઉત્તર** :—આત્માના અનુભવને શુદ્ધોપલબ્ધિ કહેવામાં આવે છે, તે ચારિત્રગુણનો પર્યાય છે. જ્યારે સમ્યગ્દ્રષ્ટિ પોતાના શુદ્ધોપયોગમાં જોડાયો હોય એટલે કે સ્વાનુભવરૂપ પ્રવર્તે ત્યારે તેને સમ્યક્ત્વ હોય છે; અને જ્યારે શુદ્ધોપયોગમાં જોડાયો ન હોય ત્યારે પણ તેને જ્ઞાનચેતના લબ્ધરૂપ હોય છે. જ્ઞાનચેતના અનુભવરૂપ હોય ત્યારે જ સમ્યગ્દર્શન હોય છે અને અનુભવરૂપ ન હોય ત્યારે હોતું નથી-એમ માનવું તે ભૂલ છે.

ક્ષાયિક સમ્યક્ત્વમાં જીવ શુભાશુભરૂપે પ્રવર્તે કે સ્વાનુભવરૂપ પ્રવર્તે પણ સમ્યક્ત્વગુણ તો સામાન્ય છે. [મોક્ષમાર્ગપ્રકાશક પાનું-૩૪૬]

સમ્યગ્દર્શન તે શ્રદ્ધાગુણનો શુદ્ધ પર્યાય છે, તે ક્રમે-ક્રમે ખીલતો નથી પણ અક્રમપણે એક સમયમાં પ્રગટે છે અને સમ્યગ્જ્ઞાનમાં તો હીનતા અધિકતા હોય છે, પણ તેમાં વિભાવપણું હોતું નથી. ચારિત્રગુણ પણ ક્રમે-ક્રમે ઉઘડે છે, તે અંશે શુદ્ધ અને અંશે અશુદ્ધ (રાગદ્વેષવાળો) નીચલી દશામાં હોય છે, એટલે એ પ્રમાણે ત્રણે ગુણના શુદ્ધ પર્યાયના વિકાસમાં તફાવત છે.

## (૨૪)

## સમ્યક્શ્રદ્ધા કરવી જ જોઈએ

## ચારિત્ર ન પળાય તોપણ તેની શ્રદ્ધા કરવી

દર્શનપાહુડની ૨૨મી ગાથામાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે કે-"જો (અમે કહીએ છીએ તે) કરવાને સમર્થ હો તો કરજે, પણ જો કરવાને સમર્થ ન હો તો સાચી શ્રદ્ધા તો જરૂર કરવી, કેમ કે કેવળી ભગવાને શ્રદ્ધા કરવાવાળાને સમ્યક્ત્વ કહ્યું છે."

આ ગાથા એમ બતાવે છે કે-જેણે નિજસ્વરૂપને ઉપાદેય જાણી શ્રદ્ધાન કર્યું તેને મિથ્યાભાવ તો મટ્યો, પણ પુરુષાર્થની નબળાઈથી ચારિત્ર અંગીકાર કરવાનું સામર્થ્ય ન હોય

તો જેટલું સામર્થ્ય હોય તેટલું કરે અને તે સિવાયને માટે શ્રદ્ધા કરે; એવી શ્રદ્ધા કરવાવાળાને ભગવાને સમ્યક્ત્વ કહ્યું છે. *[અષ્ટપાહુડ હિંદી પાનું-૩૩, દર્શનપાહુડ ગાથા-૨૨]*

આ જ મતલબે નિયમસારજી ગાથા ૧૫૪માં પણ કહેવામાં આવ્યું છે, કેમ કે **સમ્યગ્દર્શન તે ધર્મનું મૂળ છે.**

## (૨૫)

## નિશ્ચયસમ્યગ્દર્શનનો બીજો અર્થ

મિથ્યાત્વભાવ દૂર થતાં સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને પ્રગટે છે. તે શ્રદ્ધાગુણનો શુદ્ધ પર્યાય હોવાથી નિશ્ચયસમ્યક્ત્વ છે, પરંતુ તે સમ્યગ્દર્શનની સાથેના ચારિત્રગુણના પર્યાયનો વિચાર કરવામાં આવે તો ચારિત્રગુણના રાગવાળો પર્યાય હોય અથવા તો સ્વાનુભવરૂપ નિર્વિકલ્પ પર્યાય હોય, ત્યાં ચારિત્રગુણના નિર્વિકલ્પ પર્યાય સાથેના નિશ્ચયસમ્યગ્દર્શનને વીતરાગસમ્યગ્દર્શન કહેવામાં આવે છે અને સવિકલ્પ (રાગસહિત) પર્યાય સાથેના નિશ્ચયસમ્યગ્દર્શનને સરાગસમ્યક્ત્વ કહેવામાં આવે છે, આ વિષય ઉપર (૮)મા વિભાગમાં કહેવાઈ ગયો છે.

જ્યારે સાતમા ગુણસ્થાને અને તેથી આગળ વધતી દશામાં નિશ્ચયસમ્યગ્દર્શન અને વીતરાગચારિત્રનું અવિનાભાવીપણું હોય, ત્યારે તે અવિનાભાવીપણું બતાવવા માટે બન્ને ગુણનું એકત્વપણું લઈ તે વખતના સમ્યગ્દર્શનને તે એકત્વની અપેક્ષાએ **'નિશ્ચયસમ્યક્ત્વ'** કહેવામાં આવે છે અને નિશ્ચયસમ્યગ્દર્શન સાથેની વિકલ્પદશા બતાવવા, તે વખતે જોકે નિશ્ચયસમ્યગ્દર્શન છે, તોપણ તે નિશ્ચયસમ્યગ્દર્શનને 'વ્યવહારસમ્યક્ત્વ' કહેવામાં આવે છે. માટે જ્યાં 'નિશ્ચયસમ્યગ્દર્શન' શબ્દ વાપર્યો હોય ત્યાં તે શ્રદ્ધા અને ચારિત્રની એકત્વઅપેક્ષાએ છે કે એકલા શ્રદ્ધાગુણની અપેક્ષાએ છે, તે નક્કી કરી તેનો અર્થ સમજવો; તેમ જ 'વ્યવહારસમ્યગ્દર્શન' શબ્દ વાપર્યો હોય ત્યાં તે શ્રદ્ધા અને ચારિત્રની એકત્વઅપેક્ષાએ છે કે એકલી શ્રદ્ધાની અપેક્ષાએ છે તે નક્કી કરી તેનો અર્થ સમજવો.

**પ્રશ્ન :**—કેટલાક જીવોને ગૃહસ્થદશામાં મિથ્યાત્વ ટળી સમ્યગ્દર્શન થયું હોય છે, તો તે સમ્યગ્દર્શન કેવું સમ્યગ્દર્શન સમજવું?

**ઉત્તર :**—એકલા શ્રદ્ધાગુણની અપેક્ષાએ તેને નિશ્ચયસમ્યગ્દર્શન અને શ્રદ્ધા તથા ચારિત્રગુણના એકત્વની અપેક્ષાએ તેને વ્યવહારસમ્યગ્દર્શન સમજવું. એ પ્રમાણે ગૃહસ્થદશામાં જે નિશ્ચયસમ્યગ્દર્શન છે, તે કથંચિત્ નિશ્ચય અને કથંચિત્ વ્યવહારસમ્યગ્દર્શન છે-એમ જાણવું.

**પ્રશ્ન :**—તે નિશ્ચયસમ્યગ્દર્શનને શ્રદ્ધા અને ચારિત્રની એકત્વઅપેક્ષાએ વ્યવહારસમ્યગ્દર્શન શા માટે કહ્યું?


**ઉત્તર** :—સમ્યગ્દ્રષ્ટિ જીવ શુભરાગને તોડી વીતરાગચારિત્ર સાથે અલ્પકાળમાં તન્મય થઈ જશે, એટલો સંબંધ બતાવવા માટે તે નિશ્ચયસમ્યગ્દર્શનને શ્રદ્ધા અને ચારિત્રની એકત્વઅપેક્ષાએ વ્યવહારસમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

સાતમે અને આગળના ગુણસ્થાને સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની એકતા હોય છે, તેથી તે વખતના સમ્યક્ત્વમાં નિશ્ચય અને વ્યવહાર એવા બે ભેદ પડતા નથી, તેથી ત્યાં જે સમ્યક્ત્વ વર્તે છે તેને 'નિશ્ચયસમ્યગ્દર્શન' જ કહેવામાં આવે છે.

(જુઓ, પરમાત્મપ્રકાશ અધ્યાય ૧ ગાથા ૮૫ નીચેની સંસ્કૃત તથા હિંદી ટીકા. આવૃત્તિ બીજી પા. ૯૦; તથા પરમાત્મપ્રકાશ અધ્યાય ૨ ગાથા ૧૭–૧૮ નીચેની સંસ્કૃત તથા હિંદી ટીકા, આવૃત્તિ બીજી પા. ૧૪૬–૧૪૭; અને હિંદી સમયસારમાં જયસેનઆચાર્યની સંસ્કૃત ટીકા, ગાથા ૧૨૧–૧૨૫ નીચે, પાનું ૧૮૬ તથા હિંદી સમયસાર ટીકામાં જયસેનઆચાર્યની ટીકાનો અનુવાદ પા. ૧૧૬.)

## છેવટ

**પુણ્યથી મોક્ષમાર્ગરૂપી ધર્મ થાય અને આત્મા પરદ્રવ્યનું કાંઈ પણ કરી શકે –એ વાત શ્રી વીતરાગદેવોએ પ્રરૂપેલા ધર્મની મર્યાદા બહાર છે.**



# મોક્ષશાસ્ત્ર-ગુજરાતી ટીકા

## અધ્યાય : ૧ પરિશિષ્ટ ૨.

## [ ૨ ]

## સ મ્ય ગ્દ ર્શ ન

### સમ્યગ્દર્શન શું અને તેને કોનું અવલંબન

સમ્યગ્દર્શન પોતે આત્માના શ્રદ્ધાગુણનો નિર્વિકારી પર્યાય છે. અખંડ આત્માના લક્ષે સમ્યગ્દર્શન પ્રગટે છે. સમ્યગ્દર્શનને કોઈ વિકલ્પનું અવલંબન નથી, પણ નિર્વિકલ્પ સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટે છે. આ સમ્યગ્દર્શન જ આત્માના સર્વ સુખનું કારણ છે. 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, બંધરહિત છું'—આવો વિકલ્પ કરવો તે પણ શુભરાગ છે, તે શુભરાગનું અવલંબન પણ સમ્યગ્દર્શનને નથી; તે શુભ વિકલ્પને અતિક્રમતાં સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન પોતે રાગ અને વિકલ્પ રહિત નિર્મળ ગુણ છે, તેને કોઈ વિકારનું અવલંબન નથી– પણ આખા આત્માનું અવલંબન છે—આખા આત્માને તે સ્વીકારે છે.

એક વાર વિકલ્પ રહિત થઈને અખંડ જ્ઞાયકસ્વભાવને લક્ષમાં લીધો ત્યાં સમ્યગ્ભાન થયું. અખંડ સ્વભાવનું લક્ષ એ જ સ્વરૂપની શુદ્ધિ માટે કાર્યકારી છે. અખંડ સત્ય સ્વરૂપને જાણ્યા વિના–શ્રદ્ધા કર્યા વિના, 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, અબદ્ધસ્પૃષ્ટ છું'–એ વગેરે વિકલ્પો પણ શરીરની શુદ્ધિ માટે કાર્યકારી નથી. એકવાર અખંડ જ્ઞાયકસ્વભાવનું લક્ષ કર્યું પછી તે વૃત્તિ ઊઠે તે વૃત્તિઓ અસ્થિરતાનું કાર્ય કરે, પરંતુ તે સ્વરૂપને રોકવા સમર્થ નથી, કેમ કે શ્રદ્ધામાં તો વૃત્તિ–વિકલ્પરહિત સ્વરૂપ છે; તેથી વૃત્તિ ઊઠે તે શ્રદ્ધાને ફેરવી શકે નહિ.....જો વિકલ્પમાં જ અટકી જાય તો તે મિથ્યાદૃષ્ટિ છે. વિકલ્પ રહિત થઈને અભેદનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન છે; આ બાબતમાં કહ્યું છે કે :—

**कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।**
**पक्खातिक्कंतो पुण भण्णदि जो सो समयसारो।।१४२।।** *(-સમયસાર)*

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

'આત્મા કર્મથી બંધાયેલો છે કે આત્મા કર્મથી બંધાયેલો નથી' એવા બે પ્રકારના ભેદના વિચારોમાં રોકાવું તે તો નયનો પક્ષ છે; 'હું આત્મા છું, પરથી જુદો છું' એવો વિકલ્પ તે પણ રાગ છે, એ રાગની વૃત્તિને–નયના પક્ષને ઓળંગે તો સમ્યગ્દર્શન પ્રગટે. "હું બંધાયેલો છું અથવા હું બંધ રહિત મુક્ત છું" એવી વિચારશ્રેણીને ઓળંગી જઈને જે આત્માનો અનુભવ કરે છે, તે જ સમ્યગ્દૃષ્ટિ છે અને તે જ શુદ્ધાત્મા છે.

'હું અબંધ છું, બંધ મારું સ્વરૂપ નથી' એવા ભંગની વિચારશ્રેણીના કાર્યમાં અટકવું તો અજ્ઞાન છે અને તે ભંગના વિચારને ઓળંગીને અભંગ સ્વરૂપને સ્પર્શી લેવું [અનુભવી લેવું], તે જ પહેલો આત્મધર્મ એટલે કે સમ્યગ્દર્શન છે. 'હું પરાશ્રય રહિત, અબંધ, શુદ્ધ છું' એવા નિશ્ચયનયના પડખાંનો વિકલ્પ તે રાગ છે અને તે રાગમાં રોકાય [રાગને જ સમ્યગ્દર્શન માની લ્યે પણ રાગરહિત સ્વરૂપને ન અનુભવે] તો તે મિથ્યાદૃષ્ટિ છે.

## ભેદના વિકલ્પ આવે ખરા છતાં તેનાથી સમ્યગ્દર્શન નથી

અનાદિથી આત્મસ્વરૂપનો અનુભવ નથી, પરિચય નથી; તેથી આત્માનો અનુભવ કરવા જતાં પહેલાં તે સંબંધી વિકલ્પ આવ્યા વગર રહેતા નથી. અનાદિથી આત્માના સ્વરૂપનો અનુભવ નથી, તેથી વૃત્તિઓનું ઉત્થાન થાય છે કે–'હું આત્મા કર્મના સંબંધવાળો છું કે કર્મના સંબંધ વગરનો છું,' આમ બે નયોના બે વિકલ્પ ઊઠે છે; પરંતુ–'કર્મના સંબંધવાળો કે કર્મના સંબંધ વગરનો એટલે કે બદ્ધ છું કે અબદ્ધ છું' એવા બે પ્રકારના ભેદનો પણ એક સ્વરૂપમાં ક્યાં અવકાશ છે? સ્વરૂપ તો નયપક્ષની અપેક્ષાઓથી પાર છે. એક પ્રકારના સ્વરૂપમાં બે પ્રકારની અપેક્ષાઓ નથી. હું શુભાશુભભાવ રહિત છું એવા વિચારમાં અટકવું તે પણ પક્ષ છે. તેનાથી પણ પેલેપાર સ્વરૂપ છે, સ્વરૂપ તો પક્ષાતિક્રાંત છે. એ જ સમ્યગ્દર્શનો વિષય છે, એટલે કે તેના જ લક્ષે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તે સિવાય બીજો કોઈ સમ્યગ્દર્શનનો ઉપાય નથી.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું? દેહની કોઈ ક્રિયાથી તો સમ્યગ્દર્શન નથી, જડ કર્મોથી નથી, અશુભ રાગ કે શુભરાગ થાય તેના લક્ષે પણ સમ્યગ્દર્શન નથી અને 'હું પુણ્ય–પાપના પરિણામોથી રહિત જ્ઞાયકસ્વરૂપ છું' એવો જે વિચાર તે પણ સ્વરૂપનો અનુભવ કરાવવા સમર્થ નથી. 'હું જ્ઞાયક છું' એવા વિચારમાં અટક્યો તે ભેદના વિચારમાં અટક્યો છે, પરંતુ સ્વરૂપ તો જ્ઞાતા દ્રષ્ટા છે તેનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે. ભેદના વિચારમાં અટકવું તે સમ્યગ્દર્શનનું સ્વરૂપ નથી.

જે વસ્તુ છે તે પોતાથી પરિપૂર્ણ સ્વભાવે ભરેલ છે. આત્માનો સ્વભાવ પરની અપેક્ષા વિનાનો એકરૂપ છે. કર્મના સંબંધવાળો છું કે કર્મના સંબંધ વગરનો છું, એવી અપેક્ષાઓથી તે

સ્વભાવનું લક્ષ થતું નથી; જોકે આત્મસ્વભાવ તો અબંધ જ છે, પરંતુ 'હું અબંધ છું' એવા વિકલ્પને પણ છોડીને નિર્વિકલ્પ જ્ઞાતાદ્રષ્ટા નિરપેક્ષ સ્વભાવનું લક્ષ કરતાં જ સમ્યગ્દર્શન પ્રગટે છે.

આત્માની પ્રભુતાનો મહિમા અંદર પરિપૂર્ણ છે, અનાદિથી તેની સમ્યક્ પ્રતીતિ વગર તેનો અનુભવ નથી, અનાદિથી પરલક્ષ કર્યું છે પણ સ્વભાવનું લક્ષ કર્યું નથી. શરીરાદિમાં તો આત્માનું સુખ નથી, શુભરાગમાં પણ સુખ નથી અને 'શુભરાગ રહિત મારું સ્વરૂપ છે' એવા ભેદના વિચારમાં પણ આત્માનું સુખ નથી. માટે તે ભેદના વિચારમાં અટકવું તે પણ અજ્ઞાનીનું કાર્ય છે. માટે તે નય-પક્ષના ભેદનું લક્ષ મૂકી દઈને અભેદ જ્ઞાતાસ્વભાવનું લક્ષ કરવું તે જ સમ્યગ્દર્શન છે અને તેમાં જ સુખ છે. અભેદ સ્વભાવનું લક્ષ કહો, જ્ઞાતાસ્વરૂપનો અનુભવ કહો, સુખ કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન કહો-તે આ જ છે.

## વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ.

અખંડાનંદ અભેદ આત્માનું લક્ષ નય દ્વારા થતું નથી. કોઈ મહેલમાં જવા માટે મોટર ગમે તેવી દોડાવે, પણ તે મહેલના બારણાં સુધી આવી શકે, મોટર સહિત મહેલમાં પેસી શકાય નહિ. ગમે ત્યાં સુધી આગળ લઈ જાય પણ છેવટે તો મોટરમાંથી ઊતરીને જાતે અંદર જવું પડે; તેવી રીતે નયપક્ષના વિકલ્પોરૂપી મોટર ગમે તેટલી દોડાવે, 'હું જ્ઞાયક છું, અભેદ છું, શુદ્ધ છું'-એવા વિકલ્પ કરે તોપણ તે વિકલ્પ સ્વરૂપના આંગણાં સુધી લઈ જવાય, પરંતુ સ્વરૂપના અનુભવ વખતે તો તે બધા વિકલ્પ છોડી જ દેવા પડે. વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ. નયપક્ષોનું જ્ઞાન તે સ્વરૂપના આંગણે આવવા માટે જરૂરનું છે. "હું સ્વાધીન જ્ઞાનસ્વરૂપી આત્મા છું, કર્મો જડ છે, જડ કર્મો મારા સ્વરૂપને રોકી શકે નહિ, હું વિકાર કરું તો કર્મોને નિમિત્ત કહેવાય, પણ કર્મો મને વિકાર કરાવે નહિ; કેમ કે બંને દ્રવ્યો જુદાં છે, તે કોઈ એકબીજાનું કરી શકે નહિ. હું જડનું કાંઈ ન કરું જડ મારું કાંઈ ન કરે, રાગ-દ્વેષ થાય છે તે કર્મ કરાવતું નથી, તેમ જ પરવસ્તુમાં થતા નથી પણ મારી અવસ્થામાં થાય છે, તે રાગદ્વેષ મારો સ્વભાવ નથી, નિશ્ચયથી મારો સ્વભાવ રાગરહિત જ્ઞાનસ્વરૂપ છે." આ પ્રમાણે બધાં પડખાંનું (નયોનું) જ્ઞાન પહેલાં કરવું જોઈએ, પરંતુ આટલું કરે ત્યાં સુધી પણ ભેદનું લક્ષ છે, ભેદના લક્ષથી અભેદ આત્મસ્વરૂપનો અનુભવ થતો નથી, છતાં પહેલાં તે ભેદ જાણવા જોઈએ. એટલું જાણે ત્યારે તે સ્વરૂપના આંગણાં સુધી આવ્યો છે. પછી જ્યારે અભેદનું લક્ષ કરે ત્યારે ભેદનું લક્ષ છૂટી જાય અને સ્વરૂપનું અનુભવન થાય એટલે કે અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટે. આ રીતે જોકે સ્વરૂપમાં ઢળતાં પહેલાં નયપક્ષના વિચારો હોય છે ખરા, પરંતુ તે નયપક્ષના કોઈ પણ વિચારો સ્વરૂપના અનુભવમાં મદદગાર નથી.

## સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંબંધ કોની સાથે છે?

સમ્યગ્દર્શન નિર્વિકલ્પ સામાન્ય શ્રદ્ધાગુણનો શુદ્ધપર્યાય છે, તેને એકલા નિશ્ચય-અખંડ સ્વભાવ સાથે જ સંબંધ છે, અખંડ દ્રવ્ય જે ભંગ-ભેદ રહિત છે તે જ સમ્યગ્દર્શનને માન્ય છે; સમ્યગ્દર્શન પર્યાયને સ્વીકારતું નથી, પણ સમ્યગ્દર્શન સાથે રહેતું જે સમ્યગ્જ્ઞાન છે તેનો સંબંધ નિશ્ચય-વ્યવહાર બંને સાથે છે, એટલે કે નિશ્ચય-અખંડ સ્વભાવને તથા વ્યવહારમાં પર્યાયના જે ભંગ-ભેદ પડે છે, તે બધાને સમ્યગ્જ્ઞાન જાણી લે છે.

સમ્યગ્દર્શન એક નિર્મળ પર્યાય છે, પણ 'હું એક નિર્મળ પર્યાય છું'-એમ સમ્યગ્દર્શન પોતે પોતાને જાણતું નથી. સમ્યગ્દર્શનનો અખંડ વિષય એક દ્રવ્ય જ છે, પર્યાય તે સમ્યગ્દર્શનનો વિષય નથી.

**પ્રશ્ન** :—સમ્યગ્દર્શનનો વિષય અખંડ છે અને તે પર્યાયને સ્વીકારતું નથી, તો પછી સમ્યગ્દર્શન વખતે પર્યાય ક્યાં ગઈ? સમ્યગ્દર્શન પોતે જ પર્યાય છે, શું પર્યાય દ્રવ્યથી જુદો પડી ગયો?

**ઉત્તર** :—સમ્યગ્દર્શનનો વિષય તો અખંડ દ્રવ્ય જ છે. સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય -ગુણ-પર્યાયના ભેદ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ વસ્તુ તે જ સમ્યગ્દર્શનને માન્ય છે. (અભેદ વસ્તુનું લક્ષ કરતાં જે નિર્મળ પર્યાય પ્રગટ્યો તે સામાન્ય વસ્તુ સાથે અભેદ થઈ જાય છે.) સમ્યગ્દર્શનરૂપ જે પર્યાય છે તેને પણ સમ્યગ્દર્શન સ્વીકારતું નથી. એક સમયમાં અભેદ પરિપૂર્ણ દ્રવ્ય તે જ સમ્યગ્દર્શનને માન્ય છે. એકલા આત્માને સમ્યગ્દર્શન પ્રતીતમાં લ્યે છે.....પરંતુ સમ્યગ્દર્શન સાથે પ્રગટતું સમ્યગ્જ્ઞાન સામાન્ય-વિશેષ સર્વને જાણે છે, સમ્યગ્જ્ઞાન છે તે પર્યાયને અને નિમિત્તને પણ જાણે છે. સમ્યગ્દર્શનને પણ જાણનારું તો સમ્યગ્જ્ઞાન જ છે.

## શ્રદ્ધા અને જ્ઞાન ક્યારે સમ્યક્ થયાં?

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવ એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી, કેમ કે તે બધા પર્યાય છે. સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ દ્રવ્ય છે, પર્યાયને સમ્યગ્દર્શન સ્વીકારતું નથી, એકલી વસ્તુનું જ્યારે લક્ષ કર્યું ત્યારે શ્રદ્ધા સમ્યક્ થઈ.

**પ્રશ્ન** :—તે વખતે થતું સમ્યગ્જ્ઞાન કેવું હોય છે?

**ઉત્તર** :—જ્ઞાનનો સ્વભાવ સામાન્ય-વિશેષ સર્વને જાણવાનો છે. જ્યારે જ્ઞાને આખા દ્રવ્યને, ઊઘડેલા પર્યાયને અને વિકારને જેમ છે તેમ જાણીને, 'પરિપૂર્ણ સ્વભાવ તે હું, વિકાર રહ્યો તે હું નહિ' એમ વિવેક કર્યો ત્યારે તે સમ્યક્ થયું છે. સમ્યગ્દર્શનરૂપ ઊઘડેલા પર્યાયને

(૧) સમ્યગ્દર્શનના વિષયભૂત પરિપૂર્ણ વસ્તુને (૨) અને અવસ્થાની ઊણપને (૩)–એ ત્રણેને જેમ છે તેમ સમ્યગ્જ્ઞાન જાણે છે; અવસ્થાનો સ્વીકાર જ્ઞાનમાં છે. આ રીતે સમ્યગ્દર્શન તો એક નિશ્ચયને જ (અભેદ સ્વરૂપને જ) સ્વીકારે છે અને સમ્યગ્દર્શનનું અવિનાભાવી (સાથે જ રહેતું) સમ્યગ્જ્ઞાન નિશ્ચય અને વ્યવહાર બંનેને બરાબર જાણીને વિવેક કરે છે. જો નિશ્ચય –વ્યવહાર બંનેને ન જાણે તો જ્ઞાન પ્રમાણ (સમ્યક્) થતું નથી. જો વ્યવહારનું લક્ષ કરે તો દૃષ્ટિ ખોટી ઠરે છે અને જો વ્યવહારને જાણે જ નહિ તો જ્ઞાન ખોટું ઠરે છે. જ્ઞાન નિશ્ચય–વ્યવહારનો વિવેક કરે છે ત્યારે તે સમ્યક્ છે અને દૃષ્ટિ વ્યવહારનું લક્ષ છોડીને નિશ્ચયને અંગીકાર કરે તો તે સમ્યક્ છે.

## સમ્યગ્દર્શનનો વિષય શું? મોક્ષનું પરમાર્થકારણ કોણ?

સમ્યગ્દર્શનના વિષયમાં મોક્ષપર્યાય અને દ્રવ્ય એવા ભેદ જ નથી, દ્રવ્ય જ પરિપૂર્ણ છે તે સમ્યગ્દર્શનને માન્ય છે. બંધ–મોક્ષ પણ સમ્યગ્દર્શનને માન્ય નથી. બંધ–મોક્ષનો પર્યાય, સાધકદશાના ભંગ–ભેદ એ બધાને સમ્યગ્જ્ઞાન જાણે છે.

સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ દ્રવ્ય છે તે જ મોક્ષનું પરમાર્થકારણ છે. પંચમહાવ્રતાદિને કે વિકલ્પને મોક્ષનું કારણ કહેવું તે તો સ્થૂળ વ્યવહાર છે અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સાધકઅવસ્થાને મોક્ષનું કારણ કહેવું તે પણ વ્યવહાર છે, કેમ કે તે સાધકઅવસ્થાનો પણ જ્યારે અભાવ થાય છે ત્યારે મોક્ષદશા પ્રગટે છે, એટલે તે પણ અભાવરૂપ કારણ છે; માટે વ્યવહાર છે.

ત્રિકાળી અખંડ વસ્તુ છે તે જ મોક્ષનું નિશ્ચયકારણ છે. પરમાર્થે તો વસ્તુમાં કારણ –કાર્યના ભેદ પણ નથી, કાર્ય–કારણના ભેદ પણ વ્યવહાર છે. એક અખંડ વસ્તુમાં કાર્ય–કારણના ભેદના વિચારથી વિકલ્પ આવે છે, તેથી તે પણ વ્યવહાર છે; છતાં વ્યવહારપણે પણ કાર્ય–કારણના ભેદ સર્વથા ન જ હોય તો મોક્ષદશા પ્રગટાવવાનું પણ કહી શકાય નહિ. એટલે અવસ્થામાં સાધકસાધ્યના ભેદ છે; પરંતુ અભેદના લક્ષ વખતે વ્યવહારનું લક્ષ હોય નહિ, કેમ કે વ્યવહારના લક્ષમાં ભેદ આવે છે અને ભેદના લક્ષે પરમાર્થ–અભેદ સ્વરૂપ લક્ષમાં આવતું નથી; તેથી સમ્યગ્દર્શનના લક્ષ્યમાં ભેદ આવતા નથી. એકરૂપ અભેદ વસ્તુ જ સમ્યગ્દર્શનનો વિષય છે.

## સમ્યગ્દર્શન એ જ શાંતિનો ઉપાય છે.

અનાદિથી આત્માના અખંડ રસને સમ્યગ્દર્શન વડે જાણ્યો નથી, એટલે પરમાં અને વિકલ્પમાં જીવ રસ માની રહ્યો છે; પણ હું અખંડ એકરૂપ સ્વભાવ છું તેમાં જ મારો રસ

છે, પરમાં ક્યાંય મારો રસ નથી–એમ સ્વભાવદૃષ્ટિના જોરે એકવાર બધાને નિરસ બનાવી દે! શુભવિકલ્પ ઊઠે તે પણ મારી શાંતિનું સાધન નથી, મારી શાંતિ મારા સ્વરૂપમાં છે, આમ સ્વરૂપના રસના અનુભવમાં સમસ્ત સંસારને નિરસ બનાવી દે! તને સહજાનંદ સ્વરૂપના અમૃતરસની અપૂર્વ શાંતિનો અનુભવ પ્રગટ થશે. તેનો ઉપાય સમ્યગ્દર્શન જ છે.

## સંસારનો અભાવ સમ્યગ્દર્શનથી થાય છે

અનંતકાળથી અનંત જીવો સંસારમાં રખડે છે અને અનંત કાળમાં અનંત જીવો સમ્યગ્દર્શન વડે પૂર્ણ સ્વરૂપનું ભાન કરીને મુક્તિ પામ્યા છે. જીવોએ સંસારપક્ષ તો અનાદિથી ગ્રહણ કર્યો છે, પરંતુ સિદ્ધનો પક્ષ કદી ગ્રહણ કર્યો નથી. હવે સિદ્ધનો પક્ષ ગ્રહણ કરીને પોતાના સિદ્ધસ્વરૂપને જાણીને સંસારનો અભાવ કરવાનો અવસર આવ્યો છે.....**અને તેનો ઉપાય એક માત્ર સમ્યગ્દર્શન છે.**

# મોક્ષશાસ્ત્ર–ગુજરાતી ટીકા

## અધ્યાય : ૧ પરિશિષ્ટ ૩.

## [ ૩ ]

## જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

જે જીવ જિજ્ઞાસુ થઈ સ્વભાવ સમજવા માગે છે તે સુખ લેવા અને દુઃખ ટાળવા માગે છે. સુખ પોતાનો સ્વભાવ છે અને વર્તમાનમાં જે દુઃખ છે તે ક્ષણિક છે, તેથી ટળી શકે છે. વર્તમાન દુઃખ અવસ્થા ટાળીને સુખરૂપ અવસ્થા પોતે પ્રગટ કરી શકે છે; આટલું તો, જે સત્ સમજવા માગે છે તેણે સ્વીકારી લીધું જ છે. આત્માએ પોતાના ભાવમાં પુરુષાર્થ કરી વિકાર રહિત સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. વર્તમાન વિકાર હોવા છતાં વિકાર રહિત સ્વભાવની શ્રદ્ધા કરી શકાય છે, એટલે કે આ વિકાર અને દુઃખ મારું સ્વરૂપ નથી, એમ નક્કી થઈ શકે છે.

### પાત્ર જીવનું લક્ષણ

જિજ્ઞાસુ જીવોને સ્વરૂપનો નિર્ણય કરવા માટે પહેલી જ જ્ઞાનક્રિયા શાસ્ત્રોએ બતાવી છે. સ્વરૂપનો નિર્ણય કરવા માટે બીજું કાંઈ દાન, પૂજા, ભક્તિ કે વ્રત–તપાદિ કરવાનું કહ્યું નથી, પરંતુ શ્રુતજ્ઞાનથી આત્માનો નિર્ણય કરવાનું જ કહ્યું છે. કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર તરફનો આદર અને તે તરફનું વલણ તો ખસી જ જવું જોઈએ તથા વિષયાદિ પરવસ્તુમાં સુખબુદ્ધિ ટળી જવી જોઈએ, બધા તરફથી રુચિ ટળીને પોતાની તરફ રુચિ વળવી જોઈએ અને દેવ, ગુરુ, શાસ્ત્રને યથાર્થપણે ઓળખી તે તરફ આદર કરે અને આ બધું જો સ્વભાવના લક્ષે થયેલ હોય તો તે જીવને પાત્રતા થઈ કહેવાય. આટલી પાત્રતા તે હજી સમ્યગ્દર્શનનું મૂળ કારણ નથી. સમ્યગ્દર્શનનું મૂળ કારણ તો ચૈતન્યસ્વભાવનું લક્ષ કરવું તે છે, પરંતુ પ્રથમ તો કુદેવાદિનો સર્વથા ત્યાગ તથા સત્‌દેવ–ગુરુ–શાસ્ત્ર અને સત્સમાગમનો પ્રેમ તો પાત્ર જીવોને હોય જ. એવા પાત્ર થયેલા જીવોએ આત્માનું સ્વરૂપ સમજવા શું કરવું? તે અહીં સ્પષ્ટ બતાવ્યું છે.

### સમ્યગ્દર્શનના ઉપાય માટે જ્ઞાનીઓએ બતાવેલી ક્રિયા

“પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિના કારણો જે ઈન્દ્રિયો દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તેમને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન–તત્ત્વને આત્મસન્મુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના પક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની

બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવી શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મસન્મુખ કરતો, અત્યંત વિકલ્પ રહિત થઈને, તત્કાળ.....પરમાત્મરૂપ આત્માને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે [અર્થાત્ શ્રદ્ધાય છે] અને જણાય છે, તે જ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે.''
*[જુઓ, સમયસાર ગાથા-૧૪૪ની ટીકા]*

આ પેરેગ્રાફ ઉપરનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે :—

## શ્રુતજ્ઞાન કોને કહેવું......?

''પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો''—આમ કહ્યું છે. શ્રુતજ્ઞાન કોને કહેવું? સર્વજ્ઞ ભગવાને કહેલું શ્રુતજ્ઞાન અસ્તિ-નાસ્તિ દ્વારા વસ્તુસ્વરૂપને સિદ્ધ કરે છે. અનેકાન્તસ્વરૂપ વસ્તુને 'સ્વપણે છે અને પરપણે નથી'-એમ જે વસ્તુને સ્વતંત્ર સિદ્ધ કરે છે તે શ્રુતજ્ઞાન છે.

પર વસ્તુને છોડવાનું કહે અથવા પર ઉપરના રાગને ઘટાડવાનું કહે-એ કાંઈ ભગવાને કહેલા શ્રુતજ્ઞાનનું લક્ષણ નથી. એક વસ્તુ પોતાપણે છે અને તે વસ્તુ અનંત પરદ્રવ્યથી છૂટી છે, આમ અસ્તિ-નાસ્તિરૂપ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ પ્રકાશીને વસ્તુસ્વરૂપને જે બતાવે છે, તે અનેકાન્ત છે અને તે જ શ્રુતજ્ઞાનનું લક્ષણ છે. વસ્તુ સ્વપણે છે અને પરપણે નથી-એમાં વસ્તુ કાયમ સિદ્ધ કરી છે.

## શ્રુતજ્ઞાનનું વાસ્તવિક લક્ષણ-અનેકાન્ત

એક વસ્તુમાં 'છે' અને 'નથી' એવી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ જુદી-જુદી અપેક્ષાથી પ્રકાશીને વસ્તુનું પરથી ભિન્ન સ્વરૂપ જે બતાવે તે શ્રુતજ્ઞાન છે; આત્મા સર્વ પરદ્રવ્યોથી જુદી વસ્તુ છે, એમ પ્રથમ શ્રુતજ્ઞાનથી નક્કી કરવું જોઈએ.

અનંત પરવસ્તુથી આ આત્મા જુદો છે એમ સિદ્ધ થતા હવે પોતાના દ્રવ્ય-પર્યાયમાં જોવાનું આવ્યું. મારું ત્રિકાળી દ્રવ્ય તે એક સમય પૂરતી અવસ્થારૂપે નથી; એટલે કે વિકાર ક્ષણિક પર્યાયપણે છે, પરંતુ ત્રિકાળી સ્વરૂપપણે વિકાર નથી-આમ વિકાર રહિત સ્વભાવની સિદ્ધિ પણ અનેકાંત વડે જ થાય છે. ભગવાનના કહેલાં સત્શાસ્ત્રોની મહત્તા અનેકાંતથી જ છે. ભગવાને પર જીવોની દયા પાળવાનું કહ્યું કે અહિંસા બતાવી અથવા કર્મોનું વર્ણન કર્યું-એ કાંઈ ભગવાનને કે ભગવાનના કહેલા શાસ્ત્રને ઓળખવાનું ખરું લક્ષણ નથી.

## ભગવાન પણ બીજાનું કરી શક્યા નહિ

ભગવાને પોતાનું કાર્ય પૂરેપૂરું કર્યું પણ બીજાનું ભગવાને કાંઈ કર્યું નહિ, કેમ કે એક

તત્ત્વ પોતાપણે છે અને પરપણે નથી, તેથી તે કોઈ બીજાનું કાંઈ કરી શકે નહિ. દરેક દ્રવ્ય જુદાં-જુદાં સ્વતંત્ર છે, કોઈ કોઈનું કાંઈ કરી શકે નહિ-આમ જાણવું તે જ ભગવાનના શાસ્ત્રની ઓળખાણ છે; તે જ શ્રુતજ્ઞાન છે.

## પ્રભાવનાનું સાચું સ્વરૂપ

કોઈ જીવ પરદ્રવ્યની પ્રભાવના કરી શકતો નથી, પરંતુ જૈનધર્મ એટલે કે આત્માનો વીતરાગ સ્વભાવ તેની પ્રભાવના ધર્મી જીવો કરે છે. આત્માને જાણ્યા વગર આત્માના સ્વભાવની વૃદ્ધિરૂપ પ્રભાવના કેવી રીતે કરે? પ્રભાવના કરવાનો વિકલ્પ ઊઠે તે પણ પરના કારણે નથી; બીજા માટે કાંઈ પણ પોતામાં થાય એમ કહેવું તે જૈનશાસનની મર્યાદામાં નથી. જૈનશાસન તો વસ્તુને સ્વતંત્ર, સ્વાધીન, પરિપૂર્ણ સ્થાપે છે.

## ખરી દયાનું (અહિંસાનું) ભગવાને કહેલું સ્વરૂપ

ભગવાને બીજા જીવોની દયા સ્થાપી-એ વાત ખોટી છે. પરજીવની ક્રિયા આ જીવ કરી જ શકતો નથી, તો પછી તેને બચાવવાનું ભગવાન કેમ કહે? ભગવાને તો આત્માના સ્વભાવને ઓળખીને કષાયભાવથી પોતાના આત્માને બચાવવો તે કરવાનું કહ્યું છે; તે જ ખરી દયા છે. પોતાના આત્માનો નિર્ણય કર્યા વગર જીવ શું કરશે? ભગવાનના શ્રુતજ્ઞાનમાં તો એમ કહ્યું છે કે-તું તારાથી પરિપૂર્ણ વસ્તુ છો, દરેક તત્ત્વ પોતાથી જ સ્વતંત્ર છે, કોઈ તત્ત્વને બીજા તત્ત્વનો આશ્રય નથી-આ પ્રમાણે વસ્તુના સ્વરૂપને છૂટું રાખવું તે અહિંસા છે અને એકબીજાનું કરી શકે એમ વસ્તુને પરાધીન માનવી, તે હિંસા છે.

## આનંદ પ્રગટાવવાની ભાવનાવાળો શું કરે?

જગતના જીવોને સુખ જોઈએ છે, સુખ કહો કે ધર્મ કહો. ધર્મ કરવો છે એટલે આત્મશાંતિ જોઈએ છે, સારું કરવું છે. સારું ક્યાં કરવું છે? આત્માની અવસ્થામાં દુઃખનો નાશ કરીને વીતરાગી આનંદ પ્રગટ કરવો છે. એ આનંદ એવો જોઈએ કે જો સ્વાધીન હોય -જેના માટે પરનું અવલંબન ન હોય....આવો આનંદ પ્રગટાવવાની જેને યથાર્થ ભાવના હોય તે જિજ્ઞાસુ કહેવાય. પોતાનો પૂર્ણાનંદ પ્રગટાવવાની ભાવનાવાળો જિજ્ઞાસુ પહેલાં એ જુએ કે એવો પૂર્ણાનંદ કોને પ્રગટ્યો છે. પોતાને હજી તેવો આનંદ પ્રગટ નથી, પણ પોતાને જેની ભાવના છે તેવો આનંદ બીજા કોઈકને પ્રગટ્યો છે અને જેમને તે આનંદ પ્રગટ્યો છે, એવાઓના નિમિત્તથી પોતે તે આનંદ પ્રગટાવવાનો સાચો માર્ગ જાણે-આમ જાણ્યું તેમાં સાચાં નિમિત્તોની ઓળખાણ પણ આવી ગઈ. આટલું કરે ત્યાં સુધી હજી જિજ્ઞાસુ છે.

પોતાની અવસ્થામાં અધર્મ-અશાંતિ છે તે ટાળીને ધર્મ-શાંતિ પ્રગટાવવી છે. તે શાંતિ

પોતાને આધારે અને પરિપૂર્ણ જોઈએ છે. આવી જેને જિજ્ઞાસા થાય તે પ્રથમ એમ નક્કી કરે છે કે–હું એક આત્મા મારું પરિપૂર્ણ સુખ પ્રગટાવવા માગું છું, તો તેવું પરિપૂર્ણ સુખ કોઈને પ્રગટ્યું હોવું જોઈએ; જો પરિપૂર્ણ સુખ–આનંદ પ્રગટ ન હોય તો દુઃખી કહેવાય. જેને પરિપૂર્ણ અને સ્વાધીન આનંદ પ્રગટ્યો હોય તે જ સંપૂર્ણ સુખી છે; તેવા સર્વજ્ઞ છે......આ રીતે જિજ્ઞાસુ પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞનો નિર્ણય કરે છે. પરનું કરવા–મૂકવાની વાત તો છે જ નહિ,–જ્યારે પરથી જરા છૂટો પડ્યો ત્યારે તો આત્માની જિજ્ઞાસા થઈ છે. આ તો પરથી ખસીને જેને પોતાનું હિત કરવાની ઝંખના જાગી છે એવા જિજ્ઞાસુ જીવની વાત છે. પરદ્રવ્ય પ્રત્યેની સુખબુદ્ધિ અને રુચિ ટાળી તે પાત્રતા, તેમ જ સ્વભાવની રુચિ અને ઓળખાણ થવી તે પાત્રતાનું ફળ છે.

દુઃખનું મૂળ ભૂલ છે. જેણે પોતાની ભૂલથી દુઃખ ઉત્પન્ન કર્યું છે તે પોતાની ભૂલ ટાળે તો તેનું દુઃખ ટળે. બીજા કોઈએ ભૂલ કરાવી નથી, તેથી બીજો કોઈ પોતાનું દુઃખ ટાળવા સમર્થ નથી.

## શ્રુતજ્ઞાનનું અવલંબન–એ જ પહેલી ક્રિયા

જે આત્મકલ્યાણ કરવા તૈયાર થયો છે, એવા જિજ્ઞાસુએ પ્રથમ શું કરવું–તે બતાવાય છે. આત્મકલ્યાણ એની મેળે થઈ જતું નથી, પણ પોતાના જ્ઞાનમાં રુચિ અને પુરુષાર્થથી આત્મકલ્યાણ થાય છે. પોતાનું કલ્યાણ કરવા માટે, જેઓને પૂર્ણ કલ્યાણ પ્રગટ્યું છે તે કોણ છે, તેઓ શું કહે છે, તેઓએ પ્રથમ શું કર્યું હતું–એનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરવો પડશે; એટલે કે સર્વજ્ઞનું સ્વરૂપ જાણીને તેમના કહેલા શ્રુતજ્ઞાનના અવલંબનથી પોતાના આત્માનો નિર્ણય કરવો જોઈએ, એ જ પ્રથમ કર્તવ્ય છે. કોઈ પરના અવલંબનથી ધર્મ પ્રગટતો નથી, છતાં જ્યારે પોતે પોતાના પુરુષાર્થથી સમજે છે ત્યારે સામે નિમિત્ત તરીકે સત્દેવ–ગુરુ જ હોય છે.

આ રીતે પહેલો જ નિર્ણય એ આવ્યો કે કોઈ પૂર્ણ પુરુષ સંપૂર્ણ સુખી છે અને સંપૂર્ણ જ્ઞાતા છે; તે જ પુરુષ પૂર્ણ સુખનો પૂર્ણ સત્ય માર્ગ કહી શકે છે; પોતે તે સમજીને પોતાનું પૂર્ણ સુખ પ્રગટ કરી શકે છે અને પોતે સમજે ત્યારે સાચાં દેવ–ગુરુ–શાસ્ત્રો જ નિમિત્તરૂપ હોય છે. જેને સ્ત્રી, પુત્ર, પૈસા વગેરેની એટલે કે સંસારનાં નિમિત્તો તરફની તીવ્ર રુચિ હશે, તેને ધર્મનાં નિમિત્તો–દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યેની રુચિ નહિ થાય એટલે તેને શ્રુતજ્ઞાનનું અવલંબન ટકશે નહિ અને શ્રુતજ્ઞાનના અવલંબન વગર આત્માનો નિર્ણય થાય નહિ, કેમ કે આત્માના નિર્ણયમાં સત્ નિમિત્તો જ હોય, પરંતુ કુદેવ–કુગુરુ–કુશાસ્ત્ર એ કોઈ આત્માના નિર્ણયમાં નિમિત્તરૂપ થાય જ નહિ. જે કુદેવાદિને માને તેને આત્મનિર્ણય હોય જ નહિ.

બીજાની સેવા કરીએ તો ધર્મ થાય–એ માન્યતા તો જિજ્ઞાસુને હોય જ નહિ. પણ યથાર્થ ધર્મ કેમ થાય? તે માટે પ્રથમ પૂર્ણ જ્ઞાની ભગવાન અને તેમનાં કહેલાં શાસ્ત્રોના અવલંબનથી

જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવાનો ઉદ્યમી થાય. ધર્મની કળા જ જગત સમજ્યું નથી. જો ધર્મની એક કળા પણ શીખે તો તેનો મોક્ષ થયા વગર રહે નહિ.

જિજ્ઞાસુ જીવ પહેલાં સુદેવાદિનો અને કુદેવાદિનો નિર્ણય કરીને કુદેવાદિને છોડે છે અને સત્‌દેવ–ગુરુની એવી લગની લાગી છે કે–સત્પુરુષો શું કહે છે તે સમજવાનું જ લક્ષ છે, એટલે અશુભથી તો હઠી જ ગયો છે. જો સાંસારિક રુચિથી પાછો નહિ હઠે તો શ્રુતના અવલંબનમાં ટકી શકશે નહિ.

## ધર્મ ક્યાં છે અને કેમ થાય?

ઘણા જિજ્ઞાસુઓને આ જ પ્રશ્ન ઊઠે છે કે ધર્મ માટે પ્રથમ શું કરવું? શું ડુંગરા ઉપર ચડવું કે સેવા–પૂજા કર્યા કરવી કે ગુરુની ભક્તિ કરીને તેમની કૃપા મેળવવી કે દાન કરવું? તો તેનો જવાબ એ છે કે એમાં ક્યાંય આત્માનો ધર્મ નથી. ધર્મ તો પોતાનો સ્વભાવ છે, ધર્મ પરાધીન નથી, કોઈના અવલંબને ધર્મ થતો નથી, ધર્મ કોઈનો આપ્યો અપાતો નથી; પણ પોતાની ઓળખાણથી જ ધર્મ થાય છે. જેને પોતાનો પૂર્ણાનંદ જોઈએ છે તેણે પૂર્ણઆનંદનું સ્વરૂપ શું છે, તે કોને પ્રગટ્યો છે તે નક્કી કરવું જોઈએ. જે આનંદ હું ઈચ્છું છું તે પૂર્ણ અબાધિત ઈચ્છું છું, એટલે કોઈ આત્માઓ તેવી પૂર્ણાનંદ દશા પામ્યા છે અને તેઓને પૂર્ણાનંદ દશામાં જ્ઞાન પણ પૂર્ણ જ છે; કેમ કે જો જ્ઞાન પૂર્ણ ન હોય તો રાગ–દ્વેષ રહે અને રાગ–દ્વેષ રહે તો દુઃખ રહે, જ્યાં દુઃખ હોય ત્યાં પૂર્ણાનંદ ન હોઈ શકે. માટે જેમને પૂર્ણાનંદ પ્રગટ્યો છે એવા સર્વજ્ઞ ભગવાન છે તેમનો અને તેઓ શું કહે છે તેનો જિજ્ઞાસુએ નિર્ણય કરવો જોઈએ. તેથી જ કહ્યું છે કે 'પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબન વડે આત્માનો નિર્ણય કરવો......' આમાં ઉપાદાન–નિમિત્તની સંધિ રહેલી છે. જ્ઞાની કોણ છે? સત્‌ વાત કોણ કહે છે?–એ બધું નક્કી કરવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. જો સ્ત્રી–કુટુંબ–લક્ષ્મીનો પ્રેમ અને સંસારની રુચિમાં ઓછપ નહિ થાય, તો તે સત્સમાગમ માટે નિવૃત્તિ લઈ શકશે નહિ. શ્રુતનું અવલંબન લેવાનું કહ્યું ત્યાં જ તીવ્ર અશુભ ભાવનો તો ત્યાગ આવી ગયો અને સાચાં નિમિત્તોની ઓળખાણ કરવાનું પણ આવી ગયું.

## સુખનો ઉપાય—જ્ઞાન અને સત્સમાગમ

તારે સુખ જોઈએ છે ને? જો તારે સુખ જોઈતું હોય તો તું પહેલાં સુખ ક્યાં છે અને તે કેમ પ્રગટે તેનો નિર્ણય કર, જ્ઞાન કર. સુખ ક્યાં છે અને કેમ પ્રગટે છે તેના વગર સુકાઈ જાય તોપણ સુખ ન મળે–ધર્મ ન થાય. સર્વજ્ઞ ભગવાનના કહેલા શ્રુતજ્ઞાનના અવલંબન વડે એ નિર્ણય થાય છે અને તે નિર્ણય કરવો એ જ પ્રથમ ધર્મ છે. જેને ધર્મ કરવો હોય તે ધર્મીને ઓળખી તેઓ શું કહે છે તેનો નિર્ણય કરવા માટે સત્સમાગમ કરે. સત્સમાગમે જેને શ્રુતજ્ઞાનનું

અવલંબન થયું કે અહો! પરિપૂર્ણ આત્મવસ્તુ, આ જ ઉત્કૃષ્ટ મહિમાવંત છે, આવું પરમ સ્વરૂપ મેં અનંતકાળમાં સાંભળ્યું પણ નથી–આમ થતાં તેને સ્વરૂપની રુચિ જાગે અને સત્સમાગમનો રંગ લાગે, એટલે તેને કુદેવાદિ કે સંસાર પ્રત્યેની રુચિ હોય જ નહિ.

જો વસ્તુને ઓળખે તો પ્રેમ જાગે અને તે તરફનો પુરુષાર્થ વળે. આત્મા અનાદિથી સ્વભાવને ચૂકીને પરભાવરૂપી પરદેશમાં રખડે છે. સ્વરૂપની બહાર–સંસારમાં રખડતાં રખડતાં પરમ પિતા સર્વજ્ઞ પરમાત્મા અને પરમ હિતકારી શ્રી પરમ ગુરુ ભેટ્યા અને તેઓ પૂર્ણ હિત કેમ થાય તે સંભળાવે છે અને આત્માના સ્વરૂપની ઓળખાણ કરાવે છે. પોતાનું સ્વરૂપ સાંભળતાં કયા ધર્મીને ઉલ્લાસ ન આવે? આવે જ. આત્મસ્વભાવની વાત સાંભળતાં જિજ્ઞાસુ જીવોને મહિમા આવે જ......અહો! અનંતકાળથી આ અપૂર્વ જ્ઞાન ન થયું, સ્વરૂપની બહાર પરભાવમાં ભમીને આ અનંતકાળ દુઃખી થયો, આ અપૂર્વ જ્ઞાન પૂર્વે જો કર્યું હોત તો આ દુઃખ ન હોત.....આમ સ્વરૂપની ઝંખના લાગે, રસ આવે, મહિમા જાગે....અને એ મહિમાને યથાર્થપણે ઘૂંટતાં સ્વરૂપનો નિર્ણય કરે. આ રીતે જેને ધર્મ કરીને સુખી થવું હોય, તેણે પ્રથમ શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને આત્માનો નિર્ણય કરવો.

ભગવાનની શ્રુતજ્ઞાનરૂપી દોરીને દ્રઢપણે પકડીને તેના અવલંબનથી સ્વરૂપમાં પહોંચી જવાય છે. શ્રુતજ્ઞાનનું અવલંબન એટલે શું? સાચા શ્રુતજ્ઞાનનો જ રસ છે, અન્ય કુશ્રુતજ્ઞાનનો રસ નથી. સંસારની વાતોનો તીવ્ર રસ ટળી ગયો છે અને શ્રુતજ્ઞાનનો તીવ્ર રસ લાગ્યો છે –આ રીતે શ્રુતજ્ઞાનના અવલંબન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવા માટે જે તૈયાર થયો છે, તેને અલ્પકાળમાં આત્મભાન થશે......સંસારનો તીવ્ર લોહવાટ જેના હૃદયમાં ઘોળાતો હોય તેને તો આ પરમ શાંત સ્વભાવની વાત સમજવાની પાત્રતા નહિ જાગે.....અહીં જે 'શ્રુતનું અવલંબન' મૂક્યું છે તે અવલંબન તો સ્વભાવના લક્ષે છે, પાછા ન ફરવાના લક્ષે છે. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવા માટે જેણે શ્રુતનું અવલંબન ઉપાડ્યું છે, તે આત્મસ્વભાવનો નિર્ણય કરે જ કરે. પાછો ફરે એવી વાત શાસ્ત્રમાં લીધી નથી.

સંસારની રુચિ ઘટાડીને આત્માનો નિર્ણય કરવાના લક્ષે જે અહીં સુધી આવ્યો તેને શ્રુતજ્ઞાનના અવલંબને નિર્ણય થવાનો જ, નિર્ણય ન થાય તેમ બને જ નહિ. શાહુકારના ચોપડે દેવાળાની વાત જ ન હોય, તેમ અહીં દીર્ઘસંસારીની વાત જ સાચી નથી. અહીં તો સાચા જિજ્ઞાસુ જીવોની જ વાત છે. બધી વાતની હા જી હા ભણે અને એકેય વાતનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરે નહિ, એવા 'ધજાની પૂંછડી' જેવા જીવોની વાત નથી લીધી. ટંકણખોર જેવી વાત છે. જે અનંતકાળના સંસારનો અંત લાવવા માટે પૂર્ણ સ્વભાવના લક્ષે શરૂઆત કરવા નીકળ્યો છે, એવા જીવની શરૂઆત પાછી નહિ ફરે–એવાની જ અહીં વાત છે. આ તો અપ્રતિહત માર્ગ

છે. 'પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' પૂર્ણતાના લક્ષે ઊપડેલી શરૂઆત પાછી ન ફરે; પૂર્ણતાના લક્ષે પૂર્ણતા થાય જ.

## જે તરફની રુચિ તે તરફનું ઘોલન

એક ને એક વાત ફેરવી ફેરવીને કહેવાય છે, તેથી રુચિવંત જીવને કંટાળો ન આવે. નાટકની રુચિવાળો નાટકમાં 'વન્સમોર' કરીને પણ પોતાની રુચિવાળી વસ્તુને વારંવાર જુએ છે; તેમ જે ભવ્યજીવોને આત્માની રુચિ થઈ અને આત્માનું કરવા માટે નીકળ્યા તે વારંવાર રુચિપૂર્વક દરેક વખતે-ખાતાં, પીતાં, ચાલતાં, સૂતાં, બેસતાં, બોલતાં, વિચારતાં-નિરંતર શ્રુતનું જ અવલંબન, સ્વભાવના લક્ષે કરે છે; તેમાં કોઈ કાળ કે ક્ષેત્રની મર્યાદા કરતા નથી. શ્રુતજ્ઞાનની રુચિ અને જિજ્ઞાસા એવી જામી છે કે ક્યારેય પણ તે ખસતી નથી. અમુક કાળ અવલંબન કરવું-પછી મૂકી દેવું એમ નથી કહ્યું, પરંતુ શ્રુતજ્ઞાનના અવલંબન વડે આત્માનો નિર્ણય કરવાનું કહ્યું છે. જેને સાચા તત્ત્વની રુચિ થઈ છે તે બીજાં સર્વ કાર્યોની પ્રીતિને ગૌણ જ કરે છે.

**પ્રશ્ન** :—ત્યારે શું સત્‌ની પ્રીતિ થાય એટલે ખાવા-પીવાનું અને ધંધો-વેપાર બધું છોડી દેવું? શ્રુતજ્ઞાન સાંભળ્યા જ કરવું—પરંતુ સાંભળીને કરવું શું?

**ઉત્તર** :—સત્‌ની પ્રીતિ થાય એટલે તરત જ ખાવાપીવાનું બધું છૂટી જ જાય એવો નિયમ નથી, પરંતુ તે તરફની રુચિ તો અવશ્ય ઘટે જ. પરમાંથી સુખબુદ્ધિ ઊડી જાય અને બધામાં એક આત્મા જ આગળ હોય એટલે નિરંતર આત્માની જ ધગશ અને ઝંખના હોય. માત્ર શ્રુતજ્ઞાન સાંભળ્યા જ કરવું એમ કહ્યું નથી, પરંતુ શ્રુતજ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરવો. શ્રુતના અવલંબનની ધૂન ચડતાં ત્યાં દેવ, ગુરુ, શાસ્ત્ર, ધર્મ, નિશ્ચય, વ્યવહાર વગેરે અનેક પડખાંથી વાતો આવે તે બધાં પડખાં જાણીને એક જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો જોઈએ. આમાં ભગવાન કેવા, તેમનાં શાસ્ત્રો કેવાં અને તેઓ શું કહે છે એ બધાનું અવલંબન એમ નિર્ણય કરાવે છે કે તું જ્ઞાન છો. આત્મા જ્ઞાનસ્વરૂપી જ છે, જ્ઞાન સિવાય બીજું કાંઈ તે કરી શકતો નથી.

દેવ-ગુરુ-શાસ્ત્ર કેવાં હોય અને તે દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેમનું અવલંબન લેનાર પોતે શું સમજ્યો હોય તે આમાં બતાવ્યું છે. 'તું જ્ઞાનસ્વભાવી આત્મા છો, તારો સ્વભાવ જાણવાનો જ છે, કાંઈ પરનું કરવું કે પુણ્ય-પાપના ભાવ કરવા તે તારું સ્વરૂપ નથી'-આમ જે બતાવતાં હોય તે સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર છે અને આ પ્રમાણે જે સમજે તે જ દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબને શ્રુતજ્ઞાનને સમજ્યો છે. પણ જે રાગથી ધર્મ મનાવતા હોય, શરીરાશ્રિત ક્રિયા આત્મા કરે એમ મનાવતા હોય, જડ કર્મ આત્માને હેરાન કરે એમ કહેતા હોય, તે કોઈ દેવ -ગુરુ-શાસ્ત્ર સાચાં નથી.

જે શરીરાદિ સર્વ પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવી આત્માનું સ્વરૂપ બતાવતાં હોય અને પુણ્ય–પાપનું કર્તવ્ય આત્માનું નથી, એમ બતાવતાં હોય તે જ સત્‌શ્રુત છે, તે જ સાચા દેવ છે અને તે જ સાચા ગુરુ છે. જે પુણ્યથી ધર્મ બતાવે, શરીરની ક્રિયાનો કર્તા આત્મા છે એમ બતાવે અને રાગથી ધર્મ બતાવે તે બધા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર છે; કેમ કે તેઓ જેમ છે તેમ વસ્તુસ્વરૂપના જાણકાર નથી પણ ઊલટું સ્વરૂપ બતાવે છે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ ન બતાવે અને જરાપણ વિરુદ્ધ બતાવે તે કોઈ દેવ, કોઈ ગુરુ કે કોઈ શાસ્ત્ર સાચાં નથી.

## શ્રુતજ્ઞાનના અવલંબનનું ફળ—આત્મ-અનુભવ

'હું આત્મા તો જ્ઞાયક છું, પુણ્ય–પાપની વૃત્તિઓ મારું જ્ઞેય છે, તે મારા જ્ઞાનથી જુદી છે', આમ પહેલાં વિકલ્પ દ્વારા દેવ–ગુરુ–શાસ્ત્રના અવલંબને યથાર્થ નિર્ણય કરવો; આ તો હજી જ્ઞાનસ્વભાવનો અનુભવ થયો નથી ત્યાર પહેલાંની વાત છે. જેણે સ્વભાવના લક્ષે શ્રુતનું અવલંબન લીધું છે, તે અલ્પકાળમાં આત્મ–અનુભવ કરશે જ. પ્રથમ વિકલ્પમાં એમ નક્કી કર્યું કે પરથી તો હું જુદો, પુણ્ય–પાપ પણ મારું સ્વરૂપ નહિ, મારા શુદ્ધ સ્વભાવ સિવાય દેવ –ગુરુ–શાસ્ત્રનું પણ અવલંબન પરમાર્થે નહિ, હું તો સ્વાધીન જ્ઞાનસ્વભાવી છું; આમ જેણે નિર્ણય કર્યો તેને અનુભવ થયા વગર રહેશે જ નહિ.

પુણ્ય–પાપ મારું સ્વરૂપ નથી, હું જ્ઞાયક છું–આવી જેણે નિર્ણય દ્વારા હા પાડી તેનું પરિણમન પુણ્ય–પાપ તરફથી પાછું ખસીને જ્ઞાયકસ્વભાવ તરફ ઢળ્યું એટલે તેને પુણ્ય–પાપનો આદર ન રહ્યો, તેથી તે અલ્પકાળમાં પુણ્ય–પાપ રહિત સ્વભાવનો નિર્ણય કરીને અને તેની સ્થિરતા કરીને વીતરાગ થઈ પૂર્ણ થઈ જશે. પૂર્ણની જ વાત છે–શરૂઆત અને પૂર્ણતા વચ્ચે આંતરો પાડ્યો જ નથી, કેમ કે શરૂઆત થઈ છે તે પૂર્ણતાને લક્ષમાં લઈને જ થઈ છે; સત્ય સંભળાવનાર અને સાંભળનાર બંનેની પૂર્ણતા જ છે; જેઓ પૂર્ણ સ્વભાવની વાત કરે છે તે દેવ, ગુરુ અને શાસ્ત્ર એ ત્રણે તો પવિત્ર જ છે, તેના અવલંબને જેણે હા પાડી તે પણ પૂર્ણ પવિત્ર થયા વગર રહે જ નહિ....પૂર્ણની હા પાડીને આવ્યો છે તે પૂર્ણ થશે જ......આ રીતે ઉપાદાન –નિમિત્તની સંધિ સાથે જ છે.

## સમ્યગ્દર્શન થયા પહેલાં.......

આત્માનંદ પ્રગટ કરવા માટેની પાત્રતાનું સ્વરૂપ શું? તારે ધર્મ કરવો છે ને! તો તું તને ઓળખ. પહેલામાં પહેલાં સાચો નિર્ણય કરવાની વાત છે. અરે, તું છો કોણ? શું ક્ષણિક પુણ્ય–પાપનો કરનાર તે જ તું છો? ના, ના. તું તો જ્ઞાન કરનાર જ્ઞાનસ્વભાવી છો. પરને ગ્રહનાર કે છોડનાર તું નથી. જાણનાર જ તું છો. આવો નિર્ણય તે જ ધર્મની પહેલી શરૂઆતનો (સમ્યગ્દર્શનનો) ઉપાય છે. શરૂઆતમાં એટલે કે સમ્યગ્દર્શન પહેલાં આવો નિર્ણય ન કરે તો

તે પાત્રતામાં પણ નથી. મારો સહજ સ્વભાવ જાણવાનો છે—આવો શ્રુતના અવલંબને જે નિર્ણય કરે છે તે પાત્ર જીવ છે. જેને પાત્રતા પ્રગટી તેને અંતર્‌અનુભવ થવાનો જ છે. સમ્યગ્દર્શન થયા પહેલાં જિજ્ઞાસુ જીવ—ધર્મસન્મુખ થયેલો જીવ—સત્સમાગમે આવેલો જીવ શ્રુતજ્ઞાનના અવલંબને જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરે છે.

હું જ્ઞાનસ્વભાવી જાણનાર છું, જ્ઞેયમાં ક્યાંય રાગ-દ્વેષ કરી અટકે તેવો મારો જ્ઞાનસ્વભાવ નથી; પર ગમે તેમ હો, હું તો તેનો માત્ર જાણનાર છું, મારો જાણનાર સ્વભાવ પરનું કાંઈ કરનાર નથી; હું જેમ જ્ઞાનસ્વભાવી છું તેમ જગતના બધા આત્માઓ જ્ઞાનસ્વભાવી છે, તેઓ પોતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય ચૂક્યા છે, તેથી દુઃખી છે. તેઓ જાતે નિર્ણય કરે તો તેઓનું દુઃખ ટળે, હું કોઈને ફેરવવા સમર્થ નથી. પર જીવોનું દુઃખ હું ટાળી શકું નહિ. કેમ કે દુઃખ તેઓએ પોતાની ભૂલથી કર્યું છે અને તેઓ પોતાની ભૂલ ટાળે તો તેમનું દુઃખ ટળે. કોઈ પરના લક્ષે અટકવાનો જ્ઞાનનો સ્વભાવ નથી.

પ્રથમ શ્રુતનું અવલંબન બતાવ્યું તેમાં પાત્રતા થઈ છે, એટલે કે શ્રુતના અવલંબનથી આત્માનો અવ્યક્ત નિર્ણય થયો છે, ત્યાર પછી પ્રગટ અનુભવ કેમ થાય તે નીચે કહેવામાં આવે છે :—

સમ્યગ્દર્શન પહેલાં શ્રુતજ્ઞાનના અવલંબનના જોરે આત્માના જ્ઞાનસ્વભાવને અવ્યક્તપણે લક્ષમાં લીધો છે, હવે પ્રગટરૂપ લક્ષમાં લ્યે છે—અનુભવ કરે છે—આત્મસાક્ષાત્કાર અર્થાત્ સમ્યગ્દર્શન કરે છે, તે કઈ રીતે? તેની રીત એ છે કે "......પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇંદ્રિય અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તેમને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાનતત્ત્વને આત્મસુખ કર્યું છે એવો......" **અપ્રગટરૂપ નિર્ણય થયો હતો તે હવે પ્રગટરૂપ કાર્ય લાવે છે.** જે નિર્ણય કર્યો હતો તેનું ફળ પ્રગટે છે.

આ નિર્ણય જગતના બધા સંજ્ઞી આત્માઓ કરી શકે છે. બધા આત્માઓ પરિપૂર્ણ ભગવાન જ છે, તેથી બધા પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરી શકવા સમર્થ છે. જે આત્માનું કરવા માગે તેને તે થઈ શકે છે, પરંતુ અનાદિથી પોતાની દરકાર કરી નથી. ભાઈ રે! તું કોણ વસ્તુ છો તે જાણ્યા વિના તું કરીશ શું? પહેલાં આ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો જોઈએ. એ નિર્ણય થતાં અવ્યક્તપણે આત્માનું લક્ષ આવ્યું, પછી પરના લક્ષથી અને વિકલ્પથી ખસીને સ્વનું લક્ષ પ્રગટ અનુભવપણે કરવું.

આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે ઇંદ્રિય અને મનથી જે પર લક્ષ જાય છે, તેને ફેરવીને તે મતિજ્ઞાનને સ્વમાં એકાગ્ર કરતાં આત્માનું લક્ષ થાય છે, એટલે કે આત્માની પ્રગટપણે પ્રસિદ્ધિ થાય છે; આત્માનો પ્રગટરૂપ અનુભવ થવો તે જ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન એ જ ધર્મ છે.

## ધર્મ માટે પહેલાં શું કરવું ?

માણસો કહે છે, કે આત્માનું કાંઈ ન સમજાય તો પુણ્યના શુભભાવ તો કરવા કે નહિ? તેનો ઉત્તર :—પ્રથમ સ્વભાવ સમજવો તે જ ધર્મ છે, ધર્મ વડે જ સંસારનો અંત છે. શુભભાવથી ધર્મ થાય નહિ અને ધર્મ વગર સંસારનો અંત આવે નહિ. ધર્મ તો પોતાનો સ્વભાવ છે, માટે પહેલાં સ્વભાવ સમજવો જોઈએ.

**પ્રશ્ન** :—સ્વભાવ ન સમજાય તો શું કરવું? સમજતાં વાર લાગે તો શું અશુભ ભાવ કરીને દુર્ગતિ જવું? શુભથી તો ધર્મ થવાની ના કહો છો?

**ઉત્તર** :—પ્રથમ તો આ વાત ન સમજાય એમ બને જ નહિ. સમજતાં વાર લાગે ત્યાં **સમજણના લક્ષે** અશુભભાવ ટાળી શુભભાવ કરવાની ના નથી, પરંતુ શુભભાવથી ધર્મ થતો નથી–એમ જાણવું. જ્યાં સુધી કોઈ પણ જડ વસ્તુની ક્રિયા અને રાગની ક્રિયાને જીવ પોતાની માને, ત્યાં સુધી સાચી સમજણના માર્ગે નથી.

## સુખનો રસ્તો સાચી સમજણ; વિકારનું ફળ જડ

જો આત્માની સાચી રુચિ થાય તો સમજણનો રસ્તો લીધા વગર રહે નહિ; સત્ય જોઈતું હોય, સુખ જોઈતું હોય તો આ જ રસ્તો છે. સમજતાં ભલે વાર લાગે, પરંતુ માર્ગ તો સાચી સમજણનો લેવો જોઈએ ને! સાચી સમજણનો માર્ગ લ્યે તો સત્ય સમજાયા વગર રહે જ નહિ. જો આવા મનુષ્યદેહમાં અને સત્સમાગમના યોગે પણ સત્ય ન સમજે તો ફરી આવાં સત્યનાં ટાણાં મળતાં નથી. હું કોણ છું તેની જેને ખબર નથી અને અહીં જ સ્વરૂપ ચૂકીને જાય છે તે જ્યાં જશે ત્યાં શું કરશે? શાંતિ ક્યાંથી લાવશે? આત્માના ભાન વગર કદાચ શુભભાવ કર્યા હોય; તોપણ તે શુભનું ફળ જડમાં જાય છે, આત્મામાં પુણ્યનું ફળ આવતું નથી. આત્માની દરકાર કરી નથી અને અહીંથી જ જે મૂઢ થઈ ગયો છે, તેણે કદાચ શુભભાવ કર્યા તો રજકણો બંધાણા અને તે રજકણોના ફળમાં પણ રજકણોનો સંયોગ મળવાનો, રજકણોનો સંયોગ મળે તેમાં આત્માને શું? આત્માની શાંતિ તો આત્મામાં છે, પરંતુ તેની તો દરકાર કરી નથી.

## અસાધ્ય કોણ ? અને શુદ્ધાત્મા કોણ ?

અજ્ઞાની જડનું લક્ષ કરીને જડ જેવો થઈ ગયો છે, મરતાં જ પોતાને ભૂલીને સંયોગદૃષ્ટિથી મરે છે, અસાધ્યપણે વર્તે છે એટલે ચૈતન્યસ્વરૂપનું ભાન નથી, તે જીવતાં જ અસાધ્ય જ છે. ભલે, શરીર હાલે, ચાલે, બોલે, પણ એ તો જડની ક્રિયા છે. તેનો ધણી થયો પણ અંતરમાં સાધ્ય જે જ્ઞાનસ્વરૂપ તેની જેને ખબર નથી, તે અસાધ્ય (જીવતું મુડદું) છે. વસ્તુનો સ્વભાવ યથાર્થપણે સમ્યગ્દર્શન પૂર્વકના જ્ઞાનથી ન સમજે તો જીવને સ્વરૂપનો કિંચિત્

લાભ નથી; સમ્યગ્દર્શન–જ્ઞાન વડે સ્વરૂપની ઓળખાણ અને નિર્ણય કરીને જે ઠર્યો તેને જ 'શુદ્ધ આત્મા' એવું નામ મળે છે અને શુદ્ધાત્મા એ જ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન છે. 'હું શુદ્ધ છું'—એવો વિકલ્પ છૂટીને એકલો આત્મ-અનુભવ રહી જાય તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે, એ કાંઈ આત્માથી જુદાં નથી.

સત્ય જેને જોઈતું હોય તેવા જિજ્ઞાસુ–સમજુ જીવને કોઈ અસત્ય કહે, તો તે અસત્યની હા પાડી દે નહિ—અસત્‌નો સ્વીકાર ન કરે, જેને સત્‌ભાવ જોઈતો હોય તે સ્વભાવથી વિરુદ્ધ ભાવની હા ન પાડે–તેને પોતાના ન માને. વસ્તુનું સ્વરૂપ શુદ્ધ છે તેનો બરાબર નિર્ણય કર્યો અને વૃત્તિ છૂટી જતાં જે અભેદ શુદ્ધ અનુભવ થયો, તે જ ધર્મ છે. આવો ધર્મ કેવી રીતે થાય, ધર્મ કરવા માટે પ્રથમ શું કરવું? તે સંબંધી આ કથન ચાલે છે.

## ધર્મની રુચિવાળા જીવ કેવા હોય?

ધર્મને માટે પહેલાંમાં પહેલાં શ્રુતજ્ઞાનનું અવલંબન લઈ શ્રવણ મનનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો, કે હું એક જ્ઞાનસ્વભાવ છું. જ્ઞાનસ્વભાવમાં જ્ઞાન સિવાય કાંઈ કરવા –મૂકવાનો સ્વભાવ નથી. આ પ્રમાણે સત્‌ સમજવામાં જે કાળ જાય છે તે પણ અનંતકાળે નહિ કરેલો એવો અપૂર્વ અભ્યાસ છે. જીવને સત્‌ તરફની રુચિ થાય એટલે વૈરાગ્ય જાગે અને આખા સંસાર તરફની રુચિ ઊડી જાય, ચોરાશીના અવતારનો ત્રાસ થઈ જાય કે 'આ ત્રાસ શા? સ્વરૂપનું ભાન નહિ અને ક્ષણે ક્ષણે પરાશ્રયભાવમાં રાચવું–આ તે કાંઈ મનુષ્યના જીવન છે? તિર્યંચ વગેરેનાં દુઃખની તો વાત જ શી, પરંતુ આ મનુષ્યમાં પણ આવાં જીવન? અને મરણ ટાણે સ્વરૂપના ભાન વગર અસાધ્ય થઈને મરવું?–આ પ્રમાણે સંસારનો ત્રાસ થતાં સ્વરૂપ સમજવાની રુચિ થાય. વસ્તુ સમજવા માટે જે કાળ જાય તે પણ જ્ઞાનની ક્રિયા છે, સત્‌નો માર્ગ છે.

જિજ્ઞાસુઓએ પ્રથમ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો; હું એક જાણનાર છું, મારું સ્વરૂપ જ્ઞાન છે, તે જાણવાવાળું છે, પુણ્ય–પાપના ભાવ કે સ્વર્ગ–નરક આદિ કોઈ મારો સ્વભાવ નથી–એમ શ્રુતજ્ઞાન વડે આત્માનો પ્રથમ નિર્ણય કરવો તે જ પ્રથમ ઉપાય છે.

## ઉપાદાન–નિમિત્ત અને કારણ–કાર્ય

૧–સાચા શ્રુતજ્ઞાનના અવલંબન વિના અને ૨–શ્રુતજ્ઞાનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યા વિના આત્મા અનુભવમાં આવે નહિ. આમાં આત્માનો અનુભવ કરવો તે કાર્ય છે, આત્માનો નિર્ણય તે ઉપાદાનકારણ છે અને શ્રુતનું અવલંબન તે નિમિત્ત છે. શ્રુતના અવલંબનથી જ્ઞાનસ્વભાવનો જે નિર્ણય કર્યો, તેનું ફળ તે નિર્ણય અનુસાર આચરણ અર્થાત્‌ અનુભવ કરવો

તે છે. આત્માનો નિર્ણય તે કારણ અને આત્માનો અનુભવ તે કાર્ય–એ રીતે અહીં લીધું છે, એટલે જે નિર્ણય કરે તેને અનુભવ થાય જ એમ વાત કરી છે.

## અંતર્‌અનુભવનો ઉપાય અર્થાત્ જ્ઞાનની ક્રિયા

હવે, આત્માનો નિર્ણય કર્યા પછી તેનો પ્રગટ અનુભવ કઈ રીતે કરવો તે બતાવે છેઃ— નિર્ણય અનુસાર શ્રદ્ધાનું આચરણ તે અનુભવ છે. પ્રગટ અનુભવમાં શાંતિનું વેદન લાવવા માટે એટલે આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણોને છોડી દેવાં જોઈએ. પ્રથમ 'હું જ્ઞાનાનંદસ્વરૂપી આત્મા છું'–એમ નિશ્ચય કર્યા પછી આત્માના આનંદનો પ્રગટ ભોગવટો કરવા (વેદન કરવા–અનુભવ કરવા) માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો–જે ઈન્દ્રિય અને મન દ્વારા પરલક્ષે પ્રવર્તતું જ્ઞાન તેને સ્વ તરફ વાળવું; દેવ–ગુરુ–શાસ્ત્ર વગેરે પર પદાર્થ તરફનું લક્ષ તથા મનના અવલંબને પ્રવર્તતી બુદ્ધિ અર્થાત્ મતિજ્ઞાન તેને સંકોચીને–મર્યાદામાં લાવીને પોતા તરફ વાળવું, તે અંતર્‌અનુભવનો પંથ છે. સહજ શીતળ સ્વરૂપ અનાકુળ સ્વભાવની છાયામાં પેસવાનું પગથિયું છે.

પ્રથમ, આત્મા જ્ઞાનસ્વભાવી છે એવો બરાબર નિશ્ચય કરીને, પછી પ્રગટ અનુભવ કરવા માટે પર તરફ વળતા ભાવ જે મતિ અને શ્રુતજ્ઞાન તેમને સ્વ તરફ એકાગ્ર કરવા, **જે જ્ઞાન પરમાં વિકલ્પ કરીને અટકે છે તે જ જ્ઞાનને ત્યાંથી ખસેડીને સ્વભાવમાં વાળવું.** મતિ અને શ્રુતજ્ઞાનના જે ભાવ છે તે તો જ્ઞાનમાં જ રહે છે, પરંતુ પહેલાં તે ભાવો પર તરફ વળતા, હવે તેને આત્મસન્મુખ કરતાં સ્વભાવનું લક્ષ થાય છે. આત્માના સ્વભાવમાં એકાગ્ર થવાનાં આ ક્રમસર પગથિયાં છે.

## જ્ઞાનમાં ભવ નથી

જેણે મનના અવલંબને પ્રવર્તતા જ્ઞાનને મનથી છોડાવી સ્વતરફ વાળ્યું છે અર્થાત્ મતિજ્ઞાન પર તરફ વળતું તેને મર્યાદામાં લઈને આત્મસન્મુખ કર્યું છે, તેના જ્ઞાનમાં અનંત સંસારનો નાસ્તિભાવ અને જ્ઞાનસ્વભાવનો અસ્તિભાવ છે. આવી સમજણ અને આવું જ્ઞાન કરવું તેમાં અનંત પુરુષાર્થ છે. સ્વભાવમાં ભવ નથી, તેથી જેને સ્વભાવ તરફનો પુરુષાર્થ ઊગ્યો તેને ભવની શંકા રહેતી નથી. જ્યાં ભવની શંકા છે ત્યાં સાચું જ્ઞાન નથી અને જ્યાં સાચું જ્ઞાન છે ત્યાં ભવની શંકા નથી—આ રીતે 'જ્ઞાન' અને 'ભવ'ની એકબીજામાં નાસ્તિ છે.

પુરુષાર્થ વડે સત્સમાગમથી એકલા જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યા પછી 'હું અબંધ છું કે બંધવાળો છું, શુદ્ધ છું કે અશુદ્ધ છું, ત્રિકાળ છું કે ક્ષણિક છું'–એવી જે વૃત્તિઓ ઊઠે તેમાં પણ હજી આત્મશાંતિ નથી, તે વૃત્તિઓ આકુળતામય—આત્મશાંતિની વિરોધિની છે. નયપક્ષોના અવલંબનથી થતા મનસંબંધી અનેક પ્રકારના વિકલ્પો તેને પણ મર્યાદામાં લાવીને

અર્થાત્ તે વિકલ્પોને રોકવાના પુરુષાર્થ વડે શ્રુતજ્ઞાનને પણ આત્મસન્મુખ કરતાં શુદ્ધાત્માનો અનુભવ થાય છે; આ રીતે મતિ અને શ્રુતજ્ઞાનને આત્મસન્મુખ કરવા તે જ સમ્યગ્દર્શન છે. ઇન્દ્રિય અને મનના અવલંબને મતિજ્ઞાન પરલક્ષે પ્રવર્તતું તેને અને મનના અવલંબને શ્રુતજ્ઞાન અનેક પ્રકારના નયપક્ષોના વિકલ્પોમાં અટકતું તેને—એટલે કે પરાલંબને પ્રવર્તતાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને મર્યાદામાં લાવીને—અંતર્સ્વભાવસન્મુખ કરીને, તે જ્ઞાનો દ્વારા એક જ્ઞાનસ્વભાવને પકડીને (લક્ષમાં લઈને), નિર્વિકલ્પ થઈને, તત્કાળ નિજરસથી જ પ્રગટ થતા શુદ્ધાત્માનો અનુભવ કરવો, તે અનુભવ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

## —આ રીતે અનુભવમાં આવતો શુદ્ધાત્મા કેવો છે?

શુદ્ધાત્મા આદિ–મધ્ય–અંત રહિત ત્રિકાળ એકરૂપ છે, તેમાં બંધ-મોક્ષ નથી, તે અનાકુળતાસ્વરૂપ છે, 'હું શુદ્ધ છું કે અશુદ્ધ છું'–એવા વિકલ્પથી થતી જે આકુળતા તેનાથી રહિત છે. લક્ષમાંથી પુણ્ય–પાપનો આશ્રય છૂટીને એકલો આત્મા જ અનુભવરૂપ છે, કેવળ એક આત્મામાં પુણ્ય–પાપના કોઈ ભાવો નથી. જાણે કે આખાય વિશ્વ પર તરતો હોય એટલે કે સમસ્ત વિભાવોથી જુદો થઈ ગયો હોય, તેવો ચૈતન્યસ્વભાવ છૂટો અખંડ પ્રતિભાસમય અનુભવાય છે. આત્માનો સ્વભાવ પુણ્ય–પાપની ઉપર તરતો છે, તરતો એટલે તેમાં ભળી જતો નથી, તે–રૂપ થતો નથી; પરંતુ તેનાથી છૂટો ને છૂટો રહે છે. અનંત છે એટલે કે જેના સ્વભાવનો કદી અંત નથી; પુણ્ય–પાપ તો અંતવાળાં છે, જ્ઞાનસ્વરૂપ અનંત છે અને વિજ્ઞાનઘન છે—એકલા જ્ઞાનનો જ પિંડ છે. એકલા જ્ઞાનપિંડમાં રાગ–દ્વેષ જરાપણ નથી. રાગનો અજ્ઞાનભાવે કર્તા હતો પણ સ્વભાવભાવે રાગનો કર્તા નથી. અખંડ આત્મસ્વભાવનો અનુભવ થતાં જે જે અસ્થિરતાના વિભાવો હતા તે બધાથી છૂટીને જ્યારે આ આત્મા, વિજ્ઞાનઘન એટલે જેમાં કોઈ વિકલ્પો પ્રવેશ કરી શકે નહિ, એવા જ્ઞાનના નિબિડ પિંડરૂપ પરમાત્મસ્વરૂપ આત્માને અનુભવે છે ત્યારે તે પોતે જ સમ્યગ્દર્શનસ્વરૂપ છે.

## નિશ્ચય અને વ્યવહાર

આમાં નિશ્ચય–વ્યવહાર બંને આવી જાય છે. અખંડ વિજ્ઞાનઘનસ્વરૂપ જ્ઞાનસ્વભાવી આત્મા તે નિશ્ચય છે અને પરિણતિને સ્વભાવસન્મુખ કરવી તે વ્યવહાર છે. મતિ–શ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળવાના પુરુષાર્થરૂપી પર્યાય તે વ્યવહાર છે અને અખંડ આત્મસ્વભાવ તે નિશ્ચય છે. જ્યારે મતિ–શ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળ્યાં અને આત્માનો અનુભવ કર્યો તે જ વખતે આત્મા સમ્યક્પણે દેખાય છે—શ્રદ્ધાય છે. આ સમ્યગ્દર્શન પ્રગટવા વખતની વાત કરી છે.

## સમ્યગ્દર્શન થતાં શું થાય?

સમ્યગ્દર્શન થતાં સ્વરસનો અપૂર્વ આનંદ અનુભવાય છે. આત્માનો સહજ આનંદ પ્રગટ

થાય છે, આત્મિક આનંદનો ઉછાળો આવે છે, અંતરમાં આત્મશાંતિનું વેદન થાય છે, આત્માનું સુખ અંતરમાં છે તે અનુભવવામાં આવે છે; એ અપૂર્વ સુખનો રસ્તો સમ્યગ્દર્શન જ છે. 'હું ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ છું'–એમ જે નિર્વિકલ્પ શાંતરસ અનુભવાય છે તે જ શુદ્ધાત્મા અર્થાત્ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન છે. અહીં તો સમ્યગ્દર્શન અને આત્મા બંને અભેદ લીધાં છે. આત્મા પોતે સમ્યગ્દર્શનસ્વરૂપ છે.

## વારંવાર જ્ઞાનમાં એકાગ્રતાનો અભ્યાસ કરવો

સૌથી પહેલાં આત્માનો નિર્ણય કરીને પછી અનુભવ કરવાનું કહ્યું છે. પહેલામાં પહેલાં, 'નિશ્ચયજ્ઞાનસ્વરૂપ છું, બીજું કાંઈ રાગાદિ મારું સ્વરૂપ નથી'–એવો નિર્ણય જ્યાં સુધી ન થાય ત્યાં સુધી સાચા શ્રુતજ્ઞાનને ઓળખીને તેનો પરિચય કરવો. સત્શ્રુતના પરિચયથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યા પછી મતિ–શ્રુતજ્ઞાનને તે જ્ઞાનસ્વભાવ તરફ વાળવાનો પ્રયત્ન કરવો, નિર્વિકલ્પ થવાનો પુરુષાર્થ કરવો. આ જ પ્રથમનો એટલે કે સમ્યક્ત્વનો માર્ગ છે, આમાં તો વારંવાર જ્ઞાનમાં એકાગ્રતાનો અભ્યાસ જ કરવાનો છે. બહારમાં કાંઈ કરવાનું ન આવ્યું; પણ જ્ઞાનમાં જ સમજણ અને એકાગ્રતાનો પ્રયાસ કરવાનું આવ્યું. જ્ઞાનમાં અભ્યાસ કરતાં કરતાં જ્યાં એકાગ્ર થયો ત્યાં તે જ વખતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપે આ આત્મા પ્રગટ થાય છે. આ જ જન્મ–મરણ ટાળવાનો ઉપાય છે. એકલો જાણકસ્વભાવ છે. તેમાં બીજું કાંઈ કરવાનો સ્વભાવ નથી. નિર્વિકલ્પ અનુભવ થયા પહેલાં આવો નિશ્ચય કરવો જોઈએ. આ સિવાય બીજું માને તેને વ્યવહારે પણ આત્માનો નિશ્ચય નથી. અનંત ઉપવાસ કરે તોય આત્માનું જ્ઞાન ન થાય, બહારમાં દોડાદોડી કરે તેનાથી પણ જ્ઞાન ન થાય, પણ જ્ઞાનસ્વભાવની પક્કડથી જ જ્ઞાન થાય. આત્મા તરફ લક્ષ અને શ્રદ્ધા કર્યા વગર સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન થાય ક્યાંથી? પહેલાં દેવ–ગુરુ–શાસ્ત્રનાં નિમિત્તોથી અનેક પ્રકારે શ્રુતજ્ઞાન જાણે અને તે બધામાંથી એક આત્માને તારવે, પછી તેનું લક્ષ કરી પ્રગટ અનુભવ કરવા માટે, મતિ–શ્રુતજ્ઞાનના બહાર વળતા પર્યાયોને સ્વસન્મુખ કરતો તત્કાળ નિર્વિકલ્પ નિજસ્વભાવરસ આનંદનો અનુભવ થાય છે. પરમાત્મસ્વરૂપનું દર્શન જે વખતે કરે છે તે જ વખતે આત્મા પોતે સમ્યગ્દર્શનરૂપ પ્રગટ થાય છે. આત્માની પ્રતીત જેને થઈ ગઈ છે તેને પાછળથી વિકલ્પ આવે ત્યારે પણ જે આત્મદર્શન થઈ ગયું છે તેનું તો ભાન છે, એટલે કે આત્માનુભવ પછી વિકલ્પ ઊઠે, તેથી સમ્યગ્દર્શન ચાલ્યું જતું નથી. કોઈ વેશમાં કે વાડામાં સમ્યગ્દર્શન નથી, પણ સ્વરૂપ એ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

સમ્યગ્દર્શનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કર્યા પછી પણ શુભભાવ આવે ખરા, પરંતુ આત્મહિત તો જ્ઞાનસ્વભાવનો નિશ્ચય કરવાથી જ થાય છે. જેમ જેમ જ્ઞાનસ્વભાવની દૃઢતા વધતી જાય, તેમ તેમ શુભભાવ પણ ટળતા જાય છે. બહારના લક્ષે જે વેદન થાય, તે બધું

દુઃખરૂપ છે, અંદરમાં શાંતરસની જ મૂર્તિ આત્મા છે તેના લક્ષે જે વેદન થાય તે જ સુખ છે. સમ્યગ્દર્શન તે આત્માનો ગુણ છે, ગુણ તે ગુણીથી જુદો ન હોય. એક અખંડ પ્રતિભાસમય આત્માનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે.

## છેલ્લી ભલામણો

આ આત્મકલ્યાણનો નાનામાં નાનો (બધાથી થઈ શકે તેવો) ઉપાય છે. બીજા બધા ઉપાય છોડીને આ જ કરવાનું છે. હિતનું સાધન બહારમાં લેશમાત્ર નથી. સત્સમાગમે એક આત્માનો જ નિશ્ચય કરવો. વાસ્તવિક તત્ત્વની શ્રદ્ધા વગર અંદરના વેદનની રમઝટ નહિ જામે. પ્રથમ અંતરથી સત્નો હકાર આવ્યા વગર સત્ સ્વરૂપનું જ્ઞાન થાય નહિ અને સત્ સ્વરૂપના જ્ઞાન વગર ભવબંધનની બેડી તૂટે નહિ. ભવબંધનના અંત વગરનાં જીવન શા કામનાં? ભવના અંતની શ્રદ્ધા વગર કદાચ પુણ્ય કરે તો તેનું ફળ રાજપદ કે ઈન્દ્રપદ મળે, પરંતુ તેમાં આત્માને શું? આત્માના ભાન વગરના તો એ પુણ્ય અને ઈન્દ્રપદ બધાંય ધૂળધાણી જ છે, તેમાં આત્માની શાંતિનો અંશ પણ નથી. માટે પહેલાં શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવનો દૃઢ નિશ્ચય કરતાં પ્રતીતિમાં ભવની શંકા જ રહેતી નથી અને જેટલી જ્ઞાનની દૃઢતા થાય તેટલી શાંતિ વધતી જાય છે.

પ્રભુ! તું કેવો છે, તારી પ્રભુતાનો મહિમા કેવો છે, એ તેં જાણ્યો નથી. તારી પ્રભુતાના ભાન વગર તું બહારમાં જેનાં તેનાં ગાણાં ગાયા કરે, તો તેમાં કંઈ તને તારી પ્રભુતાનો લાભ નથી. પરનાં ગાણાં ગાયાં પણ પોતાના ગાણાં ગાયાં નહિ; ભગવાનની પ્રતિમા સામે કહે કે 'હે નાથ, હે ભગવાન! આપ અનંત જ્ઞાનના ધણી છો.' ત્યાં સામો પણ એવો જ પડઘો પડે છે કે 'હે નાથ, હે ભગવાન! આપ અનંત જ્ઞાનના ધણી છો'.......અંતરમાં ઓળખાણ હોય તો એ સમજે ને! ઓળખાણ વગર અંતરમાં સાચો પડઘો (નિઃશંકતા) જાગે નહિ.

શુદ્ધાત્મસ્વરૂપનું વેદન કહો, જ્ઞાન કહો, શ્રદ્ધા કહો, ચારિત્ર કહો, અનુભવ કહો કે સાક્ષાત્કાર કહો–જે કહો તે આ એક આત્મા જ છે. વધારે શું કહેવું? જે કાંઈ છે તે આ એક આત્મા જ છે, તેને જ જુદા જુદા નામથી કહેવાય છે. કેવળીપદ, સિદ્ધપદ કે સાધુપદ એ બધાં એક આત્મામાં જ સમાય છે. સમાધિમરણ, આરાધના એ વગેરે નામો પણ સ્વરૂપની સ્થિરતા જ છે. આ પ્રમાણે આત્મસ્વરૂપની સમજણ એ જ સમ્યગ્દર્શન છે અને એ સમ્યગ્દર્શન જ સર્વ ધર્મનું મૂળ છે, સમ્યગ્દર્શન જ આત્માનો ધર્મ છે.



# મોક્ષશાસ્ત્ર-ગુજરાતી ટીકા

## અધ્યાય : ૧ પરિશિષ્ટ ૪.

## [ ૪ ]

### મોક્ષશાસ્ત્ર અધ્યાય ૧, સૂત્ર ૨માં 'તત્ત્વાર્થશ્રદ્ધાન'ને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે તે લક્ષણમાં અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ-અસંભવ દોષનો પરિહાર

### અવ્યાપ્તિ દૂષણનો પરિહાર

(૧) **પ્રશ્ન** :—તિર્યંચાદિ તુચ્છજ્ઞાની કેટલાક જીવો સાત તત્ત્વોનાં નામ પણ જાણી શકતા નથી, છતાં તેમને પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી છે, માટે તત્ત્વાર્થશ્રદ્ધાનપણું સમ્યક્ત્વનું લક્ષણ તમે કહ્યું તેમાં અવ્યાપ્તિ દૂષણ લાગે છે?

**ઉત્તર** :—જીવ-અજીવાદિનાં નામાદિક જાણો, ન જાણો વા અન્યથા જાણો, પરંતુ તેનું સ્વરૂપ યથાર્થ ઓળખી શ્રદ્ધાન કરતાં સમ્યક્ત્વ થાય છે. ત્યાં કોઈ તો સામાન્યપણે સ્વરૂપ ઓળખી શ્રદ્ધાન કરે છે તથા કોઈ વિશેષપણે સ્વરૂપ ઓળખી શ્રદ્ધાન કરે છે. તિર્યંચાદિ તુચ્છજ્ઞાની સમ્યગ્દષ્ટિઓ જીવાદિકનાં નામ પણ જાણતાં નથી, તોપણ તેઓ સામાન્યપણે તેનું સ્વરૂપ ઓળખી શ્રદ્ધાન કરે છે, તેથી તેમને સમ્યક્ત્વની પ્રાપ્તિ હોય છે. જેમ કોઈ તિર્યંચ પોતાનું વા બીજાઓનું નામાદિક તો ન જાણે, પરંતુ પોતાનામાં જ પોતાપણું તથા અન્યને પર માને છે, તેમ તુચ્છજ્ઞાની જીવ-અજીવનાં નામ ન જાણે, તોપણ તે જ્ઞાનાદિસ્વરૂપ આત્મા છે તેમાં સ્વપણું માને છે તથા શરીરાદિકને પર માને છે, એવું શ્રદ્ધાન તેને હોય છે અને એ જ જીવ-અજીવનું શ્રદ્ધાન છે. વળી જેમ તે જ તિર્યંચ, સુખાદિનાં નામાદિ તો ન જાણે તોપણ સુખઅવસ્થાને ઓળખી તેના અર્થે ભાવિદુઃખનાં કારણોને પિછાણી તેનો ત્યાગ કરવા ઇચ્છે છે તથા વર્તમાનમાં જે દુઃખનાં કારણો બની રહ્યાં છે તેના અભાવનો ઉપાય કરે છે; તેમ તુચ્છજ્ઞાની, મોક્ષાદિનાં નામ જાણતો નથી, તોપણ સર્વથા સુખરૂપ મોક્ષઅવસ્થાનું શ્રદ્ધાન કરી તેના અર્થે ભાવિબંધના કારણરૂપ રાગાદિ આસ્રવભાવ છે તેના ત્યાગરૂપ સંવરને કરવા ઇચ્છે છે, તથા જે સંસારદુઃખનાં કારણ છે તેની શુદ્ધભાવ વડે નિર્જરા કરવા ઇચ્છે છે. એ રીતે આસ્રવાદિકનું તેને શ્રદ્ધાન છે. એ પ્રકારે તેને સાત તત્ત્વોનું શ્રદ્ધાન હોય છે. જો તેને એવું શ્રદ્ધાન ન હોય તો રાગાદિક છોડી શુદ્ધભાવ કરવાની ઇચ્છા ન થાય. એ જ અહીં કહેવામાં આવે છે.

જો જીવની જાતિ ન જાણે-સ્વપરને ન ઓળખે તો તે પરમાં રાગાદિક કેમ ન કરે?

જો રાગાદિકને ન ઓળખે તો તેનો ત્યાગ કરવો તે કેમ ઇચ્છે? અને રાગાદિક જ આસ્રવ છે, વળી રાગાદિકનું ફળ બૂરું છે એમ ન જાણે તો તે રાગાદિક છોડવા શા માટે ઇચ્છે? અને રાગાદિકનું ફળ તે જ બંધ છે. રાગાદિરહિત પરિણામોને ઓળખે તો તે-રૂપ થવા ઇચ્છે અને રાગાદિરહિત પરિણામનું નામ જ સંવર છે, વળી પૂર્વસંસારઅવસ્થાનું જે કારણ વિભાવભાવ છે, તેની હાનિને તે ઓળખે છે તથા તેના અર્થે શુદ્ધભાવ કરવા ઇચ્છે છે, હવે પૂર્વસંસારઅવસ્થાનું કારણ વિભાવભાવ છે, તેની હાનિ થવી તે જ નિર્જરા છે. જો સંસારઅવસ્થાના અભાવને ન ઓળખે તો તે સંવર-નિર્જરારૂપ શા માટે પ્રવર્તે? અને સંસારઅવસ્થાનો અભાવ તે જ મોક્ષ છે. એ પ્રમાણે સાત તત્ત્વોનું શ્રદ્ધાન થતાં જ રાગાદિક છોડી શુદ્ધભાવરૂપ થવાની ઇચ્છા ઊપજે છે; જો એમાંના એક પણ તત્ત્વનું શ્રદ્ધાન ન હોય તો એવી ઇચ્છા ન થાય. એવી ઇચ્છા એ તુચ્છજ્ઞાની તિર્યંચાદિક સમ્યગ્દષ્ટિને હોય છે જ, તેથી તેને સાત તત્ત્વોનું શ્રદ્ધાન હોય છે એવો નિશ્ચય કરવો. જ્ઞાનાવરણનો ક્ષયોપશમ (ઉઘાડ) થોડો હોવાથી તેને વિશેષપણે તત્ત્વોનું જ્ઞાન હોતું નથી, તોપણ મિથ્યાદર્શનના ઉપશમાદિકથી સામાન્યપણે તત્ત્વશ્રદ્ધાનની શક્તિ પ્રગટ હોય છે. એ પ્રમાણે એ લક્ષણમાં અવ્યાપ્તિદૂષણ નથી.

(૨) **પ્રશ્ન :**—જે કાળમાં સમ્યગ્દષ્ટિ વિષય-કષાયોનાં કાર્યોમાં પ્રવર્તે છે તે કાળમાં તેને સાતતત્ત્વોનો વિચાર જ નથી, તો ત્યાં શ્રદ્ધાન કેવી રીતે સંભવે? અને સમ્યક્ત્વ તો તેને રહે જ છે, માટે એ લક્ષણમાં અવ્યાપ્તિદૂષણ આવે છે.

**ઉત્તર :**—વિચાર છે તે તો ઉપયોગને આધીન છે, જ્યાં ઉપયોગ જોડાય તેનો જ વિચાર થાય; પણ શ્રદ્ધાન છે તે તો પ્રતીતિરૂપ છે, માટે અન્ય જ્ઞેયનો વિચાર થતાં વા શયનાદિ ક્રિયા થતાં તત્ત્વોનો વિચાર નથી, તોપણ તેની પ્રતીતિ તો કાયમ જ રહે છે, નષ્ટ થતી નથી; તેથી તેને સમ્યક્ત્વનો સદ્ભાવ છે. જેમ કોઈ રોગી પુરુષને એવી પ્રતીતિ તો છે કે-'હું મનુષ્ય છું, તિર્યંચ નથી, મને આ કારણથી રોગ થયો છે અને હવે મારે એ કારણ મટાડી રોગને ઘટાડી નિરોગ થવું જોઈએ.' હવે તે જ મનુષ્ય જ્યારે અન્ય વિચારાદિરૂપ પ્રવર્તે છે ત્યારે તેને એવો વિચાર હોતો નથી, પરંતુ શ્રદ્ધાન તો એમ જ રહ્યા કરે છે; તેમ આ આત્માને એવી પ્રતીતિ તો છે કે-'હું આત્મા છું-પુદ્ગલાદિ નથી. મને આસ્રવથી બંધ થયો છે પણ હવે મારે સંવર વડે નિર્જરા કરી મોક્ષરૂપ થવું.' હવે તે જ આત્મા અન્ય વિચારાદિરૂપ પ્રવર્તે છે ત્યારે તેને એવો વિચાર હોતો નથી, પરંતુ શ્રદ્ધાન તો એવું જ રહ્યા કરે છે.

**પ્રશ્ન :**—જો તેને એવું શ્રદ્ધાન રહે છે, તો તે બંધ થવાનાં કારણોમાં કેમ પ્રવર્તે છે?

**ઉત્તર :**—જેમ કોઈ મનુષ્ય કોઈ કારણવશથી રોગ વધવાનાં કારણોમાં પણ પ્રવર્તે છે, વ્યાપારાદિ કાર્ય વા ક્રોધાદિ કાર્ય કરે છે; તોપણ તે શ્રદ્ધાનનો તેને નાશ થતો નથી; તેમ આ

આત્મા પુરુષાર્થની નબળાઈને વશ થવાથી બંધ થવાનાં કારણોમાં પણ પ્રવર્તે છે, વિષયસેવનાદિ કાર્ય વા ક્રોધાદિ કાર્ય કરે છે, તોપણ તેને એ શ્રદ્ધાનનો નાશ થતો નથી. એ પ્રમાણે સાત તત્ત્વોનો વિચાર ન હોવા છતાં પણ તેનામાં શ્રદ્ધાનનો સદ્ભાવ છે, તેથી ત્યાં અવ્યાપ્તિપણું નથી.

(૩) **પ્રશ્ન** :—ઉચ્ચદશામાં જ્યાં નિર્વિકલ્પ આત્માનુભવ હોય છે ત્યાં તો સાત તત્ત્વાદિના વિકલ્પનો પણ નિષેધ કર્યો છે, હવે સમ્યક્ત્વના લક્ષણનો નિષેધ કરવો કેમ સંભવે અને ત્યાં નિષેધ સંભવે છે, તો ત્યાં અવ્યાપ્તિપણું આવ્યું?

**ઉત્તર** :—નીચેની દશામાં સાત તત્ત્વોના વિકલ્પમાં ઉપયોગ લગાવી પ્રતીતિને દ્રઢ કરી તથા વિષયાદિથી ઉપયોગને છોડાવી રાગાદિક ઘટાડ્યા, હવે એ કાર્ય સિદ્ધ થતાં એ જ કારણોનો પણ નિષેધ કરીએ છીએ. કારણ કે જ્યાં પ્રતીતિ પણ દ્રઢ થઈ તથા રાગાદિ પણ દૂર થયા ત્યાં હવે ઉપયોગને ભમાવવાનો ખેદ શા માટે કરીએ? માટે ત્યાં એ વિકલ્પોનો નિષેધ કર્યો છે. વળી સમ્યક્ત્વનું લક્ષણ તો પ્રતીતિ જ છે. એ પ્રતીતિનો તો ત્યાં નિષેધ કર્યો નથી. જો પ્રતીતિ છોડાવી હોય તો એ લક્ષણનો નિષેધ કર્યો કહેવાય, પણ એમ તો નથી. તત્ત્વોની પ્રતીતિ તો ત્યાં પણ કાયમ જ રહે છે, માટે અહીં અવ્યાપ્તિપણું નથી.

(૪) **પ્રશ્ન** :—છદ્મસ્થને તો પ્રતીતિ–અપ્રતીતિ કહેવી સંભવે છે, તેથી ત્યાં સાત તત્ત્વોની પ્રતીતિને સમ્યક્ત્વનું લક્ષણ કહ્યું તે અમે માન્યું, પણ કેવળી અને સિદ્ધભગવાનને તો સર્વનું જાણપણું સમાનરૂપ છે, તેથી ત્યાં સાત તત્ત્વોની પ્રતીતિ કહેવી સંભવતી નથી, અને તેમને સમ્યક્ત્વગુણ તો હોય છે જ. માટે ત્યાં એ લક્ષણમાં અવ્યાપ્તિપણું આવ્યું?

**ઉત્તર** :—જેમ છદ્મસ્થને શ્રુતજ્ઞાન અનુસાર પ્રતીતિ હોય છે, તેમ કેવળી અને સિદ્ધભગવાનને કેવળજ્ઞાન અનુસાર જ પ્રતીતિ હોય છે. જે સાતતત્ત્વોનું સ્વરૂપ પહેલાં નિર્ણીત કર્યું હતું તે જ હવે કેવળજ્ઞાન વડે જાણ્યું એટલે ત્યાં પ્રતીતિમાં પરમ અવગાઢપણું થયું, તેથી જ ત્યાં પરમાવગાઢ સમ્યક્ત્વ કહ્યું છે. પણ પૂર્વે શ્રદ્ધાન કર્યું હતું તેને જો જૂઠ જાણ્યું હોત તો ત્યાં અપ્રતીતિ થાત, પરંતુ જેવું સાતતત્ત્વોનું શ્રદ્ધાન છદ્મસ્થને થયું હતું તેવું જ કેવળી સિદ્ધભગવાનને પણ હોય છે, માટે જ્ઞાનાદિકની હીનતા–અધિકતા હોવા છતાં પણ તિર્યંચાદિક અને કેવળી–સિદ્ધભગવાનને સમ્યક્ત્વગુણ તો સમાન જ કહ્યો. વળી પૂર્વઅવસ્થામાં તે એમ માનતો હતો કે—'સંવર–નિર્જરા વડે મોક્ષનો ઉપાય કરવો,' હવે મુક્તઅવસ્થા થતાં એમ માનવા લાગ્યો કે—'સંવર–નિર્જરા વડે મને મુક્તદશા પ્રાપ્ત થઈ.' પહેલાં જ્ઞાનની હીનતાથી જીવાદિકના થોડા ભેદો જાણતો હતો અને હવે કેવળજ્ઞાન થતાં તેના સર્વ ભેદો જાણે છે, પરંતુ મૂળભૂત જીવાદિકના સ્વરૂપનું શ્રદ્ધાન જેવું છદ્મસ્થને હોય છે તેવું જ કેવળીને પણ હોય છે. જોકે કેવળી–સિદ્ધભગવાન અન્ય પદાર્થોને પણ પ્રતીતિસહિત જાણે છે, તોપણ તે પદાર્થો પ્રયોજનભૂત નથી, તેથી

સમ્યક્‌ત્વગુણમાં સાત તત્ત્વોનું શ્રદ્ધાન જ ગ્રહણ કર્યું છે. કેવળી સિદ્ધભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસારઅવસ્થાને ઇચ્છતા નથી, તે આ શ્રદ્ધાનનું જ બળ જાણવું.

**પ્રશ્ન** :—સમ્યગ્દર્શનને તો મોક્ષમાર્ગ કહ્યો હતો, તો મોક્ષમાં તેનો સદ્‌ભાવ કેવી રીતે કહો છો?

**ઉત્તર** :—કોઈ કારણો એવાં પણ હોય છે કે–કાર્ય સિદ્ધ થવા છતાં પણ નષ્ટ થતાં નથી. જેમ કે કોઈ વૃક્ષને કોઈ એક શાખા વડે અનેક શાખાયુક્ત અવસ્થા થઈ હોય, તેના હોવા છતાં પણ તે એક શાખા નષ્ટ થતી નથી; તેમ કોઈ આત્માને સમ્યક્‌ત્વગુણ વડે અનેક ગુણયુક્ત મોક્ષઅવસ્થા પ્રગટ થઈ, હવે તે હોવા છતાં પણ સમ્યક્‌ત્વગુણ નષ્ટ થતો નથી. એ પ્રમાણે કેવળી–સિદ્ધભગવાનને પણ તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ હોય છે જ, માટે ત્યાં અવ્યાપ્તિપણું નથી.

## અતિવ્યાપ્તિ દૂષણનો પરિહાર

**પ્રશ્ન** :—મિથ્યાદૃષ્ટિને પણ તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણ હોય છે, એમ શાસ્ત્રમાં નિરૂપણ છે અને શ્રી પ્રવચનસારમાં આત્મજ્ઞાનશૂન્ય તત્ત્વાર્થશ્રદ્ધાન અકાર્યકારી કહ્યું છે. માટે સમ્યક્‌ત્વનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું, તેમાં અતિવ્યાપ્તિદૂષણ લાગે છે?

**ઉત્તર** :—મિથ્યાદૃષ્ટિને જે તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું છે એ નામનિક્ષેપથી કહ્યું છે, જેમાં તત્ત્વશ્રદ્ધાનનો ગુણ તો નથી પણ વ્યવહારમાં જેનું નામ તત્ત્વશ્રદ્ધાન કહીએ છીએ તે મિથ્યાદૃષ્ટિને હોય છે અથવા આગમદ્રવ્યનિક્ષેપથી હોય છે, અર્થાત્ તત્ત્વાર્થશ્રદ્ધાનનાં પ્રતિપાદક શાસ્ત્રોનો અભ્યાસ છે પણ તેના સ્વરૂપનો નિશ્ચય કરવામાં ઉપયોગ લગાવતો નથી, એમ જાણવું; અને અહીં જે સમ્યક્‌ત્વનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું, **તે તો ભાવનિક્ષેપથી કહ્યું છે** એટલે ગુણ સહિત સાચું તત્ત્વાર્થશ્રદ્ધાન મિથ્યાદૃષ્ટિને કદી પણ હોતું નથી. વળી આત્મજ્ઞાનશૂન્ય તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું છે ત્યાં પણ એ જ અર્થ જાણવો; કારણ કે–જેને જીવ–અજીવાદિનું સાચું શ્રદ્ધાન હોય તેને આત્મજ્ઞાન કેમ ન હોય? અવશ્ય હોય જ. એ પ્રમાણે કોઈ પણ મિથ્યાદૃષ્ટિને સાચું તત્ત્વાર્થશ્રદ્ધાન સર્વથા હોતું નથી, માટે એ લક્ષણમાં અતિવ્યાપ્તિ દૂષણ લાગતું નથી.

## અસંભવ દૂષણનો પરિહાર

વળી આ તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ કહ્યું છે તે અસંભવદૂષણયુક્ત પણ નથી. કારણ કે સમ્યક્‌ત્વનું પ્રતિપક્ષી મિથ્યાત્વ જ છે અને તેનું લક્ષણ આનાથી વિપરીતતા સહિત છે.

એ પ્રમાણે અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અને અસંભવપણાથી રહિત તત્ત્વાર્થશ્રદ્ધાન સર્વ સમ્યગ્દૃષ્ટિઓને તો હોય છે તથા કોઈ પણ મિથ્યાદૃષ્ટિઓને હોતું નથી, તેથી સમ્યગ્દર્શનનું સાચું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન જ છે.

## વિશેષ ખુલાસો

(૧) **પ્રશ્ન** :—અહીં સાત તત્ત્વોના શ્રદ્ધાનનો નિયમ કહ્યો પણ તે બનતો નથી, કારણ કે-કોઈ ઠેકાણે પરથી ભિન્ન પોતાના શ્રદ્ધાનને પણ સમ્યક્ત્વ કહે છે. શ્રી સમયસારમાં 'एकत्वे नियतस्य' ઈત્યાદિ કળશ લખ્યા છે, તેમાં એમ કહ્યું છે કે-'આત્માનું પરદ્રવ્યથી ભિન્ન અવલોકન તે જ નિયમથી સમ્યગ્દર્શન છે, તેથી નવતત્ત્વની સંતતિને છોડી અમારે તો આ એક આત્મા જ પ્રાપ્ત થાઓ.' વળી કોઈ ઠેકાણે એક આત્માના નિશ્ચયને જ સમ્યક્ત્વ કહે છે. શ્રી પુરુષાર્થસિદ્ધ્યુપાયમાં 'दर्शनमात्मविनिश्चितिः' એવું પદ છે તેનો પણ એ જ અર્થ છે, માટે જીવ-અજીવનું જ વા કેવળ જીવનું જ શ્રદ્ધાન થતાં પણ સમ્યક્ત્વ હોય છે. જો સાત તત્ત્વોના શ્રદ્ધાનનો નિયમ હોત, તો આમ શા માટે લખત?

**ઉત્તર** :—પરથી ભિન્ન જે પોતાનું શ્રદ્ધાન હોય છે, તે આસ્રવાદિકના શ્રદ્ધાનથી રહિત હોય છે કે સહિત હોય છે? જો રહિત હોય છે તો મોક્ષના શ્રદ્ધાન વિના તે કયા પ્રયોજન અર્થે આવો ઉપાય કરે છે? સંવર-નિર્જરાના શ્રદ્ધાન વિના રાગાદિ રહિત થઈ પોતાના સ્વરૂપમાં ઉપયોગ લગાવવાનો ઉદ્યમ તે શા માટે રાખે છે? આસ્રવ-બંધના શ્રદ્ધાન વિના તે પૂર્વ અવસ્થાને શા માટે છોડે છે? કારણ કે—આસ્રવાદિના શ્રદ્ધાનરહિત સ્વ-પરનું શ્રદ્ધાન કરવું સંભવતું નથી; અને જો આસ્રવાદિના શ્રદ્ધાનસહિત છે તો ત્યાં સ્વયં સાતે તત્ત્વોના શ્રદ્ધાનનો નિયમ થયો. વળી કેવળ આત્માનો નિશ્ચય છે ત્યાં પણ પરનું પરરૂપ શ્રદ્ધાન થયા વિના આત્માનું શ્રદ્ધાન થાય નહિ, માટે અજીવનું શ્રદ્ધાન થતાં જ જીવનું શ્રદ્ધાન થાય છે અને પ્રથમ કહ્યા પ્રમાણે આસ્રવાદિનું શ્રદ્ધાન પણ ત્યાં અવશ્ય હોય છે; તેથી અહીં પણ સાતે તત્ત્વોના જ શ્રદ્ધાનનો નિયમ જાણવો. બીજું આસ્રવાદિના શ્રદ્ધાન વિના સ્વ-પરનું શ્રદ્ધાન વા કેવળ આત્માનું શ્રદ્ધાન સાચું હોતું નથી, કારણ કે—આત્મદ્રવ્ય છે તે શુદ્ધ-અશુદ્ધપર્યાય સહિત છે, તેથી જેમ તંતુના અવલોકન વિના પટનું અવલોકન ન થાય, તેમ શુદ્ધ-અશુદ્ધપર્યાય પ્રથમ ઓળખ્યા વિના આત્મદ્રવ્યનું શ્રદ્ધાન પણ ન થાય. હવે શુદ્ધ-અશુદ્ધ અવસ્થાની ઓળખાણ આસ્રવાદિની ઓળખાણથી થાય છે. આસ્રવાદિના શ્રદ્ધાન વિના સ્વ-પરનું શ્રદ્ધાન વા કેવળ આત્માનું શ્રદ્ધાન કાર્યકારી પણ નથી, કારણ કે-એવું શ્રદ્ધાન કરો વા ન કરો 'પોતે છે તે પોતે જ છે અને પર છે તે પર જ છે.' વળી આસ્રવાદિનું શ્રદ્ધાન હોય તો આસ્રવ-બંધનો અભાવ કરી સંવર-નિર્જરારૂપ ઉપાયથી તે મોક્ષપદને પામે, સ્વ-પરનું શ્રદ્ધાન કરાવીએ છીએ તે પણ એ જ પ્રયોજન અર્થે કરાવીએ છીએ; માટે આસ્રવાદિના શ્રદ્ધાન સહિત સ્વ-પરનું જાણવું વા સ્વનું જાણવું કાર્યકારી છે.

(૨) **પ્રશ્ન** :—જો એમ છે તો શાસ્ત્રોમાં સ્વ-પરના શ્રદ્ધાનને વા કેવળ

આત્માના શ્રદ્ધાનને જ સમ્યક્ત્વ કહ્યું વા કાર્યકારી કહ્યું તથા નવતત્ત્વની સંતતિ છોડી અમારે તો એક આત્મા જ પ્રાપ્ત થાઓ, એમ કેમ કહ્યું છે?

**ઉત્તર** :—જેને સ્વ-પરનું વા આત્માનું સત્યશ્રદ્ધાન હોય તેને સાતે તત્ત્વોનું શ્રદ્ધાન અવશ્ય હોય જ તથા જેને સાતે તત્ત્વોનું સત્યશ્રદ્ધાન હોય તેને સ્વ-પરનું વા આત્માનું શ્રદ્ધાન અવશ્ય હોય જ, એવું પરસ્પર અવિનાભાવપણું જાણી સ્વ-પરના શ્રદ્ધાનને વા આત્મશ્રદ્ધાન હોવાને સમ્યક્ત્વ કહ્યું છે. પણ કોઈ સામાન્યપણે સ્વ-પરને જાણી વા આત્માને જાણી કૃતકૃત્યપણું માને એ તો ભ્રમ છે; કારણ કે એમ કહ્યું છે કે **'निर्विशेषो हि सामान्ये भवेत्खरविषाणवत्'** એનો અર્થ-વિશેષરહિત સામાન્ય છે, તે ગધેડાનાં શિંગડા સમાન છે. માટે પ્રયોજનભૂત આસ્રવાદિ વિશેષોસહિત સ્વ-પરનું વા આત્માનું શ્રદ્ધાન કરવા યોગ્ય છે; અથવા સાતે તત્ત્વાર્થોના શ્રદ્ધાનથી જે રાગાદિક મટાડવા અર્થે પરદ્રવ્યોને ભિન્ન ચિંતવે છે વા પોતાના આત્માને ચિંતવે છે, તેને પ્રયોજનની સિદ્ધિ થાય છે, તેથી મુખ્યપણે ભેદવિજ્ઞાનને વા આત્મજ્ઞાનને કાર્યકારી કહ્યું છે. વળી તત્ત્વાર્થશ્રદ્ધાન કર્યા વિના સર્વ જાણવું કાર્યકારી નથી, કારણ કે-પ્રયોજન તો રાગાદિ મટાડવાનું છે. હવે આસ્રવાદિના શ્રદ્ધાન વિના એ પ્રયોજન ભાસતું નથી, ત્યારે કેવળ જાણવાથી તો માનને જ વધારે પણ રાગાદિ છોડે નહિ, તો તેનું કાર્ય કેવી રીતે સિદ્ધ થાય? બીજું જ્યાં નવતત્ત્વની સંતતિ છોડવાનું કહ્યું છે ત્યાં પૂર્વે નવતત્ત્વના વિચાર વડે સમ્યગ્દર્શન થયું અને પાછળથી નિર્વિકલ્પદશા થવા અર્થે નવતત્ત્વોનો વિકલ્પ પણ છોડવાની ઇચ્છા કરી, પણ જેને પહેલાંથી જ નવતત્ત્વોનો વિચાર નથી, તેને તે વિકલ્પો છોડવાનું શું પ્રયોજન છે? એ કરતાં તો પોતાને અન્ય અનેક વિકલ્પો થાય છે તેનો જ ત્યાગ કરો. એ પ્રમાણે સ્વ-પરના શ્રદ્ધાનમાં વા આત્મશ્રદ્ધાનમાં વા નવતત્ત્વના શ્રદ્ધાનમાં સાત તત્ત્વોના શ્રદ્ધાનની સાપેક્ષતા હોય છે, માટે તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યક્ત્વનું લક્ષણ છે.

(૩) **પ્રશ્ન** :—ત્યારે કોઈ ઠેકાણે શાસ્ત્રોમાં અર્હંતદેવ, નિર્ગ્રંથગુરુ અને હિંસાદિ રહિત ધર્મના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે, તે કેવી રીતે?

**ઉત્તર** :—અરહંતદેવાદિકનું શ્રદ્ધાન થવાથી વા કુદેવાદિકનું શ્રદ્ધાન દૂર થવાથી ગૃહીતમિથ્યાત્વનો અભાવ થાય છે. એ અપેક્ષાએ તેને સમ્યગ્દ્રષ્ટિ કહ્યો છે પણ સમ્યક્ત્વનું સર્વથા લક્ષણ એ નથી, કારણ કે-દ્રવ્યલિંગી મુનિ આદિ વ્યવહારધર્મના ધારક મિથ્યાદ્રષ્ટિઓને પણ એવું શ્રદ્ધાન હોય છે. અરહંતદેવાદિકનું શ્રદ્ધાન થતાં તો સમ્યક્ત્વ હોય વા ન હોય, પરંતુ અરહંતાદિકના શ્રદ્ધાન થયા વિના તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ કદી પણ હોય નહિ; માટે અરહંતાદિકના શ્રદ્ધાનને અન્વયરૂપ કારણ જાણી કારણમાં કાર્યનો ઉપચાર કરી એ શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે અને એટલા માટે જ તેનું નામ વ્યવહારસમ્યક્ત્વ છે. અથવા જેને

તત્ત્વાર્થશ્રદ્ધાન હોય તેને સાચા અરહંતાદિકના સ્વરૂનું શ્રદ્ધાન અવશ્ય હોય જ. તત્ત્વાર્થશ્રદ્ધાન વિના અરહંતાદિકનું શ્રદ્ધાન પક્ષથી કરે, તોપણ યથાવત્ સ્વરૂપની ઓળખાણસહિત શ્રદ્ધાન થાય નહિ, તથા જેને સાચા અરહંતાદિકના સ્વરૂપનું શ્રદ્ધાન હોય તેને તત્ત્વાર્થશ્રદ્ધાન અવશ્ય હોય જ, કારણ કે અરહંતાદિના સ્વરૂપને ઓળખતાં જીવ–અજીવ–આસ્રવાદિની ઓળખાણ થાય છે, એ પ્રમાણે તેને પરસ્પર અવિનાભાવી જાણી કોઈ ઠેકાણે અરહંતાદિના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે.

(૪) **પ્રશ્ન** :—નરકાદિકના જીવોને દેવ–કુદેવાદિનો વ્યવહાર નથી છતાં તેમને સમ્યક્ત્વ તો હોય છે, માટે સમ્યક્ત્વ થતાં અરહંતાદિનું શ્રદ્ધાન હોય જ, એવો નિયમ સંભવતો નથી?

**ઉત્તર** :—સાતતત્ત્વોના શ્રદ્ધાનમાં અરહંતાદિનું શ્રદ્ધાન ગર્ભિત છે, કારણ કે– તત્ત્વશ્રદ્ધાનમાં મોક્ષતત્ત્વને તે સર્વોત્કૃષ્ટ માને છે, હવે મોક્ષતત્ત્વ તો અરહંત–સિદ્ધનું જ લક્ષણ છે અને જે લક્ષણને ઉત્કૃષ્ટ માને છે તે તેના લક્ષ્યને પણ ઉત્કૃષ્ટ અવશ્ય માને જ; તેથી તેમને જ સર્વોત્કૃષ્ટ માન્યા પણ અન્યને ન માન્યા એ જ તેને દેવનું શ્રદ્ધાન થયું. વળી મોક્ષનું કારણ સંવર–નિર્જરા છે, તેથી તેને પણ તે ઉત્કૃષ્ટ માને છે અને સંવર–નિર્જરાના ધારક મુખ્યપણે મુનિરાજ છે, તેથી તે મુનિરાજને ઉત્તમ માને છે પણ અન્યને ઉત્તમ માનતો નથી, એ જ તેને ગુરુનું શ્રદ્ધાન થયું. બીજું રાગાદિરહિત ભાવનું નામ અહિંસા છે તેને તે ઉપાદેય માને છે પણ અન્યને માનતો નથી, એ જ તેને ધર્મનું શ્રદ્ધાન થયું. એ પ્રમાણે તત્ત્વાર્થશ્રદ્ધાનમાં અરહંતદેવાદિકનું શ્રદ્ધાન પણ ગર્ભિત છે. અથવા જે નિમિત્તથી તેને તત્ત્વાર્થશ્રદ્ધાન થાય છે તે જ નિમિત્તથી અરહંતદેવાદિકનું પણ શ્રદ્ધાન થાય છે, માટે સમ્યગ્દર્શનમાં દેવાદિકના શ્રદ્ધાનનો નિયમ છે.

(૫) **પ્રશ્ન** :—કોઈ જીવ અરહંતાદિકનું શ્રદ્ધાન કરે છે, તેના ગુણોને ઓળખે છે છતાં તેને તત્ત્વશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ હોતું નથી, માટે જેને સાચું અરહંતાદિકનું શ્રદ્ધાન હોય તેને તત્ત્વશ્રદ્ધાન અવશ્ય હોય જ, એવો નિયમ સંભવતો નથી?

**ઉત્તર** :—તત્ત્વશ્રદ્ધાન વિના અરહંતાદિકના છેતાળીસ આદિ ગુણો તે જાણે છે ત્યાં પર્યાયાશ્રિત ગુણોને પણ તે જાણતો નથી. કારણ કે જીવ–અજીવની જાતિ ઓળખ્યા વિના અરહંતાદિકના આત્માશ્રિત અને શરીરાશ્રિત ગુણોને તે ભિન્ન જાણતો નથી. જો જાણે તો તે પોતાના આત્માને પરદ્રવ્યથી ભિન્ન કેમ ન માને? તેથી જ શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે—

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्ञयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं॥८०॥**

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦

**અર્થ** :—જે અરહંતને દ્રવ્યત્વ, ગુણત્વ અને પર્યાયત્વ વડે જાણે છે તે આત્માને જાણે છે અને તેનો મોહ નાશને પ્રાપ્ત થાય છે. માટે જેને જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન નથી, તેને અરહંતાદિકનું પણ સાચું શ્રદ્ધાન નથી. વળી તે મોક્ષાદિક તત્ત્વોના શ્રદ્ધાન વિના અરહંતાદિનું માહાત્મ્ય પણ યથાર્થ જાણતો નથી, માત્ર લૌકિક અતિશયાદિ વડે અરહંતનું, તપશ્ચરણાદિ વડે ગુરુનું અને પરજીવોની અહિંસાદિ વડે ધર્મનું માહાત્મ્ય જાણે છે. પણ એ તો પરાશ્રિતભાવ છે અને અરહંતાદિકનું સ્વરૂપ તો આત્માશ્રિતભાવો વડે તત્ત્વશ્રદ્ધાન થતાં જ જણાય છે, માટે જેને અરહંતાદિકનું સાચું શ્રદ્ધાન હોય તેને તત્ત્વશ્રદ્ધાન અવશ્ય હોય જ, એવો નિયમ જાણવો. એ પ્રમાણે સમ્યક્ત્વનું લક્ષણ નિર્દેશ કર્યું.

(૬) **પ્રશ્ન** :—સાચું તત્ત્વાર્થશ્રદ્ધાન, સ્વ–પરનું શ્રદ્ધાન, આત્મશ્રદ્ધાન તથા દેવ-ગુરુ -ધર્મનું શ્રદ્ધાન સમ્યક્ત્વનું લક્ષણ કહ્યું અને એ સર્વ લક્ષણોની પરસ્પર એકતા પણ દર્શાવી તે તો જાણ્યું, પરંતુ આમ અન્ય અન્ય પ્રકારથી લક્ષણ કરવાનું શું પ્રયોજન?

**ઉત્તર** :—ચાર લક્ષણો કહ્યાં તેમાં સાચી દૃષ્ટિપૂર્વક કોઈ એક લક્ષણ ગ્રહણ કરતાં ચારે લક્ષણોનું ગ્રહણ થાય છે, તોપણ મુખ્યપ્રયોજન જુદું જુદું વિચારી અન્ય અન્ય પ્રકારથી એ લક્ષણો કહ્યાં છે.

૧–જ્યાં તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ કહ્યું છે ત્યાં તો આ પ્રયોજન છે કે, જો એ તત્ત્વોને ઓળખે તો વસ્તુના યથાર્થ સ્વરૂપનું વા હિત–અહિતનું શ્રદ્ધાન કરી મોક્ષમાર્ગમાં પ્રવર્તે.

૨–જ્યાં સ્વ-પરભિન્નતાશ્રદ્ધાનરૂપ લક્ષણ કહ્યું છે ત્યાં જે વડે તત્ત્વાર્થશ્રદ્ધાનનું પ્રયોજન સિદ્ધ થાય, તે શ્રદ્ધાનને મુખ્ય લક્ષણ કહ્યું છે. કારણ કે જીવ–અજીવના શ્રદ્ધાનનું પ્રયોજન તો સ્વ–પરને ભિન્ન શ્રદ્ધાન કરવાં એ છે અને આસ્રવાદિકના શ્રદ્ધાનનું પ્રયોજન રાગાદિક છોડવા એ છે, એટલે સ્વ–પરની ભિન્નતાનું શ્રદ્ધાન થતાં પરદ્રવ્યોમાં રાગાદિક ન કરવાનું શ્રદ્ધાન થાય છે. એ પ્રમાણે તત્ત્વાર્થશ્રદ્ધાનનું પ્રયોજન સ્વ–પરના ભિન્ન શ્રદ્ધાનથી સિદ્ધ થવું જાણી, એ લક્ષણ કહ્યું છે.

૩–જ્યાં આત્મશ્રદ્ધાન લક્ષણ કહ્યું છે ત્યાં સ્વ–પરના ભિન્ન શ્રદ્ધાનનું પ્રયોજન તો એટલું જ છે કે–પોતાને પોતારૂપ જાણવો. પોતાને પોતારૂપ જાણતાં પરનો પણ વિકલ્પ કાર્યકારી નથી, એવા મૂળભૂત પ્રયોજનની પ્રધાનતા જાણી આત્મશ્રદ્ધાનને મુખ્ય લક્ષણ કહ્યું છે. તથા

૪–જ્યાં દેવગુરુધર્મના શ્રદ્ધાનરૂપ લક્ષણ કહ્યું છે ત્યાં બાહ્યસાધનની પ્રધાનતા કરી છે, કારણ કે અરહંતદેવાદિકનું શ્રદ્ધાન સાચા તત્ત્વાર્થશ્રદ્ધાનનું કારણ છે તથા કુદેવાદિકનું શ્રદ્ધાન કલ્પિત અતત્ત્વાર્થશ્રદ્ધાનનું કારણ છે, એ બાહ્યકારણની પ્રધાનતાથી કુદેવાદિકનું શ્રદ્ધાન છોડાવી સુદેવાદિકનું શ્રદ્ધાન કરાવવા અર્થે દેવગુરુધર્મના શ્રદ્ધાનને મુખ્ય લક્ષણ કહ્યું છે. એ પ્રમાણે જુદાં જુદાં પ્રયોજનોની મુખ્યતાપૂર્વક જુદાં જુદાં લક્ષણ કહ્યાં છે.

(૭) **પ્રશ્ન :—**એ જુદાં જુદાં ચાર લક્ષણો કહ્યાં તેમાં આ જીવ કયા લક્ષણને અંગીકાર કરે?

**ઉત્તર :—**જ્યાં પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન પ્રગટતાં વિપરીતાભિનિવેશનો અભાવ થાય છે ત્યાં તો એ ચારે લક્ષણો એકસાથે હોય છે. તથા વિચારઅપેક્ષાએ મુખ્યપણે તત્ત્વાર્થોને વિચારે છે, કાં તો સ્વ-પરનું ભેદવિજ્ઞાન કરે છે, કાં તો આત્મસ્વરૂપને જ સંભાળે છે અગર કાં તો દેવાદિકના સ્વરૂપને વિચારે છે. એ પ્રમાણે જ્ઞાનમાં તો નાનાપ્રકારના વિચાર થાય, પરંતુ શ્રદ્ધાનમાં સર્વત્ર પરસ્પર સાપેક્ષપણું હોય છે. જેમ તત્ત્વવિચાર કરે છે તો ભેદવિજ્ઞાનાદિકના અભિપ્રાય સહિત કરે છે, એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ પરસ્પર સાપેક્ષપણું છે. માટે સમ્યગ્દષ્ટિના શ્રદ્ધાનમાં તો ચારે લક્ષણોનો અંગીકાર છે, પણ જેને વિપરીતાભિનિવેશ હોય છે તેને એ લક્ષણો આભાસમાત્ર હોય છે, સાચાં હોતાં નથી. તે જિનમતનાં જીવાદિતત્ત્વોને માને છે, અન્યનાં માનતો નથી તથા તેનાં નામ-ભેદાદિને શીખે છે, એ પ્રમાણે તેને તત્ત્વાર્થશ્રદ્ધાન હોય છે, પરંતુ તેના યથાર્થભાવનું શ્રદ્ધાન થતું નથી. વળી એ સ્વ-પરના ભિન્નપણાની વાતો કરે છે તથા વસ્ત્રાદિમાં પરબુદ્ધિ ચિંતવન કરે છે, પરંતુ જેવી પર્યાયમાં અહંબુદ્ધિ છે તથા વસ્ત્રાદિમાં પરબુદ્ધિ છે, તેવી આત્મામાં અહંબુદ્ધિ અને શરીરમાં પરબુદ્ધિ તેને થતી નથી. તે આત્માને જિનવચનાનુસાર ચિંતવે છે, પરંતુ પ્રતીતિપણે આપને આપરૂપ શ્રદ્ધાન કરતો નથી; તથા અરહંતાદિ વિના અન્ય કુદેવાદિકને તે માનતો નથી; પરંતુ તેના સ્વરૂપને યથાર્થ ઓળખી શ્રદ્ધાન કરતો નથી. એ પ્રમાણે એ લક્ષણાભાસો મિથ્યાદૃષ્ટિને હોય છે; તેમાં કોઈ હોય, કોઈ ન હોય; પરંતુ તેને અહીં ભિન્નપણું પણ સંભવતું નથી. બીજું એ લક્ષણાભાસોમાં એટલું વિશેષ છે કે-પહેલાં તો દેવાદિકનું શ્રદ્ધાન થાય, પછી તત્ત્વોનો વિચાર થાય, પછી સ્વ-પરનું ચિંતવન કરે અને પછી કેવળ આત્માને ચિંતવે, એ અનુક્રમથી જો સાધન કરે તો પરંપરા સાચા મોક્ષમાર્ગને પામી જીવ સિદ્ધપદને પણ પામે, તથા એ અનુક્રમનું ઉલ્લંઘન કરે તેને દેવાદિકની માન્યતાનું પણ કાંઈ ઠેકાણું રહેતું નથી. માટે જે જીવ પોતાનું ભલું કરવા ઇચ્છે છે, તેણે તો જ્યાં સુધી સાચા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી એને પણ અનુક્રમથી અંગીકાર કરવાં.

## સમ્યગ્દર્શન માટે અભ્યાસનો ક્રમ

પ્રથમ તો આજ્ઞાદિ વડે વા કોઈ પરીક્ષા વડે કુદેવાદિની માન્યતા છોડી અરહંતદેવાદિનું શ્રદ્ધાન કરવું, કારણ કે-એનું શ્રદ્ધાન થતાં ગૃહીતમિથ્યાત્વનો તો અભાવ થાય છે, કુદેવાદિકનું નિમિત્ત દૂર થાય છે અને અરહંતદેવાદિકનું નિમિત્ત મળે છે, માટે પ્રથમ દેવાદિકનું શ્રદ્ધાન કરવું. પછી જિનમતમાં કહેલાં જીવાદિ તત્ત્વોનો વિચાર કરવો, તેનાં નામ-લક્ષણાદિ શીખવાં, કારણ કે-એના અભ્યાસથી તત્ત્વશ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે. પછી સ્વ-પરનું ભિન્નપણું જેથી

ભાસે તેવા વિચારો કર્યા કરવા, કારણ કે–એ અભ્યાસથી ભેદવિજ્ઞાન થાય છે. ત્યાર પછી એક સ્વમાં સ્વપણું માનવા અર્થે સ્વરૂપનો વિચાર કર્યા કરવો. કારણ કે–એ અભ્યાસથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે અનુક્રમથી તેને અંગીકાર કરી પછી તેમાંથી જ કોઈ વેળા દેવાદિના વિચારમાં, કોઈ વેળા તત્ત્વવિચારમાં, કોઈ વેળા સ્વ–પરના વિચારમાં તથા કોઈ વેળા આત્મવિચારમાં ઉપયોગને લગાવવો. એ પ્રમાણે અભ્યાસથી સત્ય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

(૮) **પ્રશ્ન** :—સમ્યક્ત્વનાં લક્ષણ તો અનેક પ્રકારનાં કહ્યાં છે, તેમાં અહીં તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણને જ મુખ્ય કહ્યું, તેનું શું કારણ?

**ઉત્તર** :—તુચ્છબુદ્ધિવાનને અન્ય લક્ષણોમાં તેનું પ્રયોજન પ્રગટ ભાસતું નથી વા ભ્રમ ઊપજે છે તથા આ તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણમાં પ્રયોજન પ્રગટ ભાસે છે તથા કાંઈ પણ ભ્રમ ઉપજતો નથી, તેથી એ લક્ષણને મુખ્ય કર્યું છે. એ જ અહીં દર્શાવવામાં આવે છે—

દેવગુરુધર્મના શ્રદ્ધાનમાં તુચ્છબુદ્ધિવાનને એમ ભાસે છે કે અરહંતદેવાદિકને જ માનવા તથા અન્યને ન માનવા એટલું જ સમ્યક્ત્વ છે, પણ ત્યાં જીવ–અજીવના બંધ–મોક્ષના કારણ–કાર્યનું સ્વરૂપ ભાસે નહિ અને તેથી મોક્ષમાર્ગરૂપ પ્રયોજનની સિદ્ધિ થાય નહિ, વા જીવાદિનું શ્રદ્ધાન થયા વિના માત્ર એ જ શ્રદ્ધાનમાં સંતુષ્ટ થઈ પોતાને સમ્યગ્દષ્ટિ માને, વા એક કુદેવાદિ પ્રત્યે દ્વેષ તો રાખે પણ અન્ય રાગાદિ છોડવાનો ઉદ્યમ ન કરે, એવો ભ્રમ ઊપજે. વળી સ્વ–પરના શ્રદ્ધાનમાં તુચ્છબુદ્ધિવાનને એમ ભાસે કે–એક સ્વ–પરનું જાણવું જ કાર્યકારી છે અને તેનાથી જ સમ્યક્ત્વ થાય છે. પણ ત્યાં આસ્રવાદિકનું સ્વરૂપ ભાસતું નથી અને તેથી મોક્ષમાર્ગરૂપ પ્રયોજનની સિદ્ધિ પણ થતી નથી, વા આસ્રવાદિકનું શ્રદ્ધાન થયા વિના માત્ર એટલું જ જાણવામાં સંતુષ્ટ થઈ પોતાને સમ્યગ્દષ્ટિ માની સ્વચ્છંદી થાય પણ રાગાદિ છોડવાનો ઉદ્યમ કરે નહિ, એવો ભ્રમ ઊપજે, તથા આત્મશ્રદ્ધાનલક્ષણમાં તુચ્છબુદ્ધિવાનને એમ ભાસે કે–એક આત્માનો જ વિચાર કાર્યકારી છે અને તેનાથી જ સમ્યક્ત્વ થાય છે, પણ ત્યાં જીવ–અજીવાદિના વિશેષો વા આસ્રવાદિનું સ્વરૂપ ભાસતું નથી અને તેથી મોક્ષમાર્ગરૂપ પ્રયોજનની સિદ્ધિ પણ થતી નથી, વા જીવાદિના વિશેષોનું અને આસ્રવાદિના સ્વરૂપનું શ્રદ્ધાન થયા વિના માત્ર એટલા જ વિચારથી પોતાને સમ્યગ્દષ્ટિ માની સ્વચ્છંદી બની રાગાદિ છોડવાનો ઉદ્યમ કરે નહિ, એવો ભ્રમ ઊપજે. એમ જાણી એ લક્ષણોને મુખ્ય કર્યાં નહિ, અને તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણમાં જીવ–અજીવાદિ વા આસ્રવાદિનું શ્રદ્ધાન થયું ત્યાં તે સર્વનું સ્વરૂપ જો બરાબર ભાસે તો મોક્ષમાર્ગરૂપ પ્રયોજનની સિદ્ધિ થાય. વળી એ શ્રદ્ધાન થતાં સમ્યગ્દર્શન થવા છતાં પણ પોતે સંતુષ્ટ થતો નથી, પરંતુ આસ્રવાદિનું શ્રદ્ધાન થવાથી રાગાદિક છોડી મોક્ષનો ઉદ્યમ રાખે છે. એ પ્રમાણે તેને ભ્રમ ઊપજતો નથી, માટે તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણને મુખ્ય કર્યું છે. અથવા

તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણમાં દેવાદિકનું શ્રદ્ધાન, સ્વ–પરનું શ્રદ્ધાન, વા આત્મશ્રદ્ધાન ગર્ભિત હોય છે; તે તુચ્છબુદ્ધિવાનને પણ ભાસે છે પણ અન્ય લક્ષણોમાં તત્ત્વાર્થશ્રદ્ધાનનું ગર્ભિતપણું છે તે વિશેષ બુદ્ધિવાન હોય તેને જ ભાસે છે, પણ તુચ્છબુદ્ધિવાનને ભાસતું નથી; માટે તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણને મુખ્ય કર્યું છે. અથવા મિથ્યાદ્રષ્ટિને એ આભાસમાત્ર હોય છે; ત્યાં તત્ત્વાર્થોનો વિચાર તો વિપરીતાભિનિવેશ દૂર કરવામાં શીઘ્ર કારણરૂપ થાય છે પણ અન્ય લક્ષણો શીઘ્ર કારણરૂપ થતાં નથી વા વિપરીતાભિનિવેશમાં પણ કારણ થઈ જાય છે, તેથી અહીં સર્વપ્રકારથી પ્રસિદ્ધ જાણી વિપરીતાભિનિવેશરહિત જીવાદિતત્ત્વાર્થોનું શ્રદ્ધાન જ સમ્યક્ત્વનું લક્ષણ છે, એવો નિર્દેશ કર્યો. એવું લક્ષણ જે આત્માના સ્વભાવમાં હોય તે જ સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

# મોક્ષશાસ્ત્ર-ગુજરાતી ટીકા

## અધ્યાય : ૧ પરિશિષ્ટ ૫.

## [ ૫ ]

## કેવળજ્ઞાનનું સ્વરૂપ

(૧) ષટ્‌ખંડાગમ-ધવલાટીકા પુસ્તક ૧૩ સૂત્ર ૮૧-૮૨ દ્વારા આચાર્યદેવે કહ્યું છે કે :—

“તે કેવળજ્ઞાન સકલ છે, સંપૂર્ણ છે અને અસપત્ન છે. (૮૧). અખંડ હોવાથી તે સકળ છે.”

**શંકા** :—એ અખંડ કેવી રીતે છે?

**સમાધાન** :—સમસ્ત બાહ્ય પદાર્થમાં પ્રવૃત્તિ ન થવાથી જ્ઞાનમાં ખંડપણું આવે છે, તે આ જ્ઞાનમાં સંભવ નથી; કેમ કે આ જ્ઞાનનો વિષય ત્રિકાળગોચર સંપૂર્ણ બાહ્ય પદાર્થો છે.

અથવા દ્રવ્ય, ગુણ અને પર્યાયોના ભેદનું જ્ઞાન અન્યથા ન બની શકવાથી જેમનું અસ્તિત્વ નિશ્ચિત છે એવા જ્ઞાનના અવયવોનું નામ કળા છે; આ કળાઓ સાથે તે અવસ્થિત રહે છે, તેથી સકળ છે. **‘સમ’**નો અર્થ સમ્યક્ છે, સમ્યક્ એટલે પરસ્પર પરિહાર લક્ષણવાળો વિરોધ હોવા છતાં પણ સહાનઅવસ્થાન લક્ષણવાળો વિરોધ ન હોવાથી કારણ કે તે અનંતદર્શન, અનંતવીર્ય, વિરતિ અને ક્ષાયિકસમ્યક્ત્વ આદિ અનંત ગુણોથી પૂર્ણ છે; તેથી તેને સંપૂર્ણ કહેવામાં આવે છે. તે સકળ ગુણોનું નિધાન છે, એ ઉક્ત કથનનું તાત્પર્ય છે. સપત્નનો અર્થ શત્રુ છે, કેવળજ્ઞાનના શત્રુ કર્મ છે. તે એને રહ્યાં નથી, તેથી કેવળજ્ઞાન અસપત્ન છે. તેણે પોતાના પ્રતિપક્ષી ઘાતિચતુષ્કનો મૂળમાંથી નાશ કરી નાખ્યો છે, એ ઉક્ત કથનનું તાત્પર્ય છે. આ કેવળજ્ઞાન સ્વયં જ ઉત્પન્ન થાય છે, એ વાતનું જ્ઞાન કરાવવા માટે અને તેના વિષયનું કથન કરવા માટે આગળનું સૂત્ર કહે છે—

સ્વયં ઉત્પન્ન થયેલ જ્ઞાન અને દર્શનથી યુક્ત ભગવાન દેવલોક અને અસુરલોક સહિત મનુષ્યલોકની આગતિ, ગતિ, ચયન, ઉપપાદ, બંધ, મોક્ષ, ૠદ્ધિ, સ્થિતિ, યુતિ, અનુભાગ, તર્ક, કળ, મન, માનસિક, ભુક્ત, કૃત, પ્રતિસેવિત, આદિકર્મ, અરહઃકર્મ, સર્વ લોક, સર્વ જીવો અને સર્વ ભાવોને સમ્યક્ પ્રકારે યુગપદ્ જાણે છે, દેખે છે અને વિહાર કરે છે. ૮૨

જ્ઞાન ધર્મના માહાત્મ્યનું નામ ભગ છે, તે જેમને હોય છે તે ભગવાન કહેવાય છે. ઉત્પન્ન થયેલ જ્ઞાન દ્વારા દેખવાનો જેમનો સ્વભાવ છે તેને ઉત્પન્નજ્ઞાનદર્શી કહે છે. સ્વયં ઉત્પન્ન થયેલ જ્ઞાનદર્શન સ્વભાવવાળા ભગવાન સર્વ લોકને જાણે છે.

**શંકા** :—જ્ઞાનની ઉત્પત્તિ સ્વયં કેવી રીતે થઈ શકે છે?

**સમાધાન** :—નહિ, કારણ કે કાર્ય અને કારણનું એકાધિકરણ હોવાથી એમાં કોઈ ભેદ નથી.

## દેવાદિ લોકમાં જીવની ગતિ, આગતિ તથા ચયન અને ઉપપાદને પણ સર્વજ્ઞ ભગવાન જાણે છે

સૌધર્માદિક દેવ અને ભવનવાસી અસુર કહેવાય છે. અહીં દેવાસુર વચન દેશામર્શક છે, તેથી તેનાથી જ્યોતિષી, વ્યંતર અને તિર્યંચોનું પણ ગ્રહણ કરવું જોઈએ. દેવલોક અને અસુરલોક સાથે મનુષ્યલોકની આગતિને જાણે છે. અન્ય ગતિમાંથી આવવું તે આગતિ છે. ઈચ્છિત ગતિમાંથી અન્ય ગતિમાં જવું તે ગતિ છે. સૌધર્માદિક દેવોને પોતાની સંપત્તિનો વિરહ થવો તે ચયન છે. વિવક્ષિત ગતિમાંથી અન્ય ગતિમાં ઉત્પન્ન થવું તે ઉપપાદ છે. જીવોના વિગ્રહ સહિત અને વિગ્રહ વિના આગમન, ગમન, ચયન અને ઉપપાદને જાણે છે.

## પુદ્‌ગલોના આગમન, ગમન, ચયન અને ઉપપાદ સંબંધી

તથા પુદ્‌ગલોના આગમન, ગમન, ચયન અને ઉપપાદને જાણે છે; પુદ્‌ગલોમાં વિવક્ષિત પર્યાયનો નાશ થવો તે ચયન છે. અન્ય પર્યાયરૂપ પરિણમવું તે ઉપપાદ છે.

## ધર્મ, અધર્મ, કાળ અને આકાશના ચયન અને ઉપપાદ

ધર્મ, અધર્મ, કાળ અને આકાશના ચયન અને ઉપપાદને જાણે છે, કેમ કે એમનું ગમન અને આગમન થતું નથી. જેમાં જીવાદિ પદાર્થો દેખવામાં આવે છે અર્થાત્ ઉપલબ્ધ થાય છે, તેનું નામ લોક છે. અહીં 'લોક' શબ્દ વડે આકાશ લેવામાં આવ્યું છે. તેથી આધેયમાં આધારનો ઉપચાર કરવાથી ધર્માદિક પણ લોક સિદ્ધ થાય છે.

## બંધને પણ ભગવાન જાણે છે

બંધાવાનું નામ બંધ છે. અથવા જેના દ્વારા કે જેમાં બંધાય છે તેનું નામ બંધ છે. તે બંધ ત્રણ પ્રકારનો છે—જીવબંધ, પુદ્‌ગલબંધ અને જીવ-પુદ્‌ગલબંધ. એક શરીરમાં રહેનાર અનંતાનંત નિગોદના જીવોનો જે પરસ્પર બંધ છે, તે જીવબંધ કહેવાય છે. બે-ત્રણ વગેરે પુદ્‌ગલોનો જે સમવાય સંબંધ થાય છે, તે પુદ્‌ગલબંધ કહેવાય છે. તથા ઔદારિક વર્ગણાઓ,

વૈક્રિયિક વર્ગણાઓ, આહારક વર્ગણાઓ, તૈજસ વર્ગણાઓ અને કાર્માણ વર્ગણાઓ એનો અને જીવોનો જે બંધ થાય છે, તે જીવ–પુદ્ગલ બંધ કહેવાય છે. જે કર્મના કારણે અનંતાનંત જીવ એક શરીરમાં રહે છે, તે કર્મનું નામ જીવબંધ છે. જે સ્નિગ્ધ અને રૂક્ષ વગેરે ગુણોને લીધે પુદ્ગલોનો બંધ થાય છે, તેનું નામ પુદ્ગલ બંધ છે. જે મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ આદિના નિમિત્તે જીવ અને પુદ્ગલોનો બંધ થાય છે, તે જીવ–પુદ્ગલ બંધ કહેવાય છે. આ બંધને પણ તે ભગવાન જાણે છે.

## મોક્ષઋદ્ધિ, સ્થિતિ તથા યુતિ અને તેમના કારણો પણ જાણે છે

છૂટવાનું નામ મોક્ષ છે અથવા જેના દ્વારા કે જેમાં મુક્ત થાય છે, તે મોક્ષ કહેવાય છે. તે મોક્ષ ત્રણ પ્રકારનો છે—જીવમોક્ષ, પુદ્ગલમોક્ષ અને જીવ–પુદ્ગલમોક્ષ.

એ જ પ્રમાણે મોક્ષના કારણો પણ ત્રણ પ્રકારના કહેવા જોઈએ. બંધ, બંધનું કારણ, બંધ પ્રદેશ, બદ્ધ અને બધ્યમાન જીવ અને પુદ્ગલ; તથા મોક્ષ, મોક્ષનું કારણ, મોક્ષપ્રદેશ, મુક્ત અને મુચ્યમાન જીવ અને પુદ્ગલ; આ સર્વ ત્રિકાળવિષયક પદાર્થોને જાણે છે, એ ઉક્ત કથનનું તાત્પર્ય છે.

ભોગ અને ઉપભોગરૂપ ઘોડા, હાથી, મણિ અને રત્ન, રૂપ, સંપદા, તથા તે સંપદાની પ્રાપ્તિના કારણનું નામ ઋદ્ધિ છે. ત્રણ લોકમાં રહેનારી સર્વ સંપદાઓ તથા દેવ, અસુર અને મનુષ્યભવની સંપ્રાપ્તિના કારણોને પણ જાણે છે; એ ઉક્ત કથનનું તાત્પર્ય છે. છ દ્રવ્યોનું વિવક્ષિત ભાવે અવસ્થાન અને અવસ્થાનના કારણનું નામ સ્થિતિ છે. દ્રવ્યસ્થિતિ, કર્મસ્થિતિ, કાયસ્થિતિ, ભવસ્થિતિ અને ભાવસ્થિતિ આદિ સ્થિતિને સકારણ જાણે છે, એ ઉક્ત કથનનું તાત્પર્ય છે.

## ત્રિકાળવિષયક સર્વ પ્રકારના સંયોગ અથવા સમીપતાના સર્વ ભેદને જાણે છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવસહિત જીવાદિ દ્રવ્યોના સંમેલનનું નામ યુતિ છે.

**શંકા** :—યુતિ અને બંધમાં શું તફાવત છે?

**સમાધાન** :—એકીભાવનું નામ બંધ છે અને સમીપતા અથવા સંયોગનું નામ યુતિ છે.

અહીં દ્રવ્યયુતિ ત્રણ પ્રકારની છે—જીવયુતિ, પુદ્ગલયુતિ અને જીવ–પુદ્ગલયુતિ. એમાંથી એક કુળ, ગામ, નગર, બિલ (–દર), ગુફા કે જંગલમાં જીવોનું મળવું તે જીવયુતિ છે. પવનને લીધે હાલતાં પાંદડાંઓની જેમ એક સ્થાનમાં પુદ્ગલોનું મળવું તે પુદ્ગલયુતિ છે. જીવ અને પુદ્ગલોનું મળવું તે જીવ–પુદ્ગલયુતિ છે. અથવા જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ

અને આકાશ એમના એક વગેરેના સંયોગ દ્વારા દ્રવ્યયુતિ ઉત્પન્ન કરાવવી જોઈએ. જીવાદિ દ્રવ્યોનું નારકાદિ ક્ષેત્રો સાથે મળવું તે ક્ષેત્રયુતિ છે. તે જ દ્રવ્યોનો દિવસ, મહિના, વર્ષ આદિ કાળ સાથેનો જે મિલાપ તે કાળયુતિ છે. ક્રોધ, માન, માયા અને લોભાદિક સાથે તેમનો મિલાપ થવો તે ભાવયુતિ છે. ત્રિકાળવિષયક આ સર્વ યુતિઓના ભેદોને તે ભગવાન જાણે છે.

## છ દ્રવ્યોના અનુભાગ તથા ઘટોત્પાદનરૂપ અનુભાગને પણ જાણે છે.

છ દ્રવ્યોની શક્તિનું નામ અનુભાગ છે. તે અનુભાગ છ પ્રકારનો છે–જીવાનુભાગ, પુદ્ગલાનુભાગ, ધર્માસ્તિકાયાનુભાગ, અધર્માસ્તિકાયાનુભાગ. આકાશાસ્તિકાયાનુભાગ અને કાળદ્રવ્યાનુભાગ. એમાંથી સર્વ દ્રવ્યોનું જાણવું તે જીવાનુભાગ છે. જ્વર, કુષ્ઠ અને ક્ષયાદિનો વિનાશ કરવો અને તેમને ઉત્પન્ન કરવા તેનું નામ પુદ્ગલાનુભાગ છે. યોનિ પ્રાભૃતમાં કહેલા મંત્ર–તંત્રરૂપ શક્તિઓનું નામ પુદ્ગલાનુભાગ છે, એમ અહીં ગ્રહણ કરવું જોઈએ. જીવ અને પુદ્ગલોના ગમન અને આગમનમાં હેતુ થવું, તે ધર્માસ્તિકાયાનુભાગ છે. તેમના જ અવસ્થાનમાં હેતુ થવું, તે અધર્માસ્તિકાયાનુભાગ છે. જીવાદિ દ્રવ્યોનો આધાર થવું, તે આકાશાસ્તિકાયાનુભાગ છે. અન્ય દ્રવ્યોના ક્રમ અને યુગપદ્ પરિણામમાં હેતુ થવું, તે કાળદ્રવ્યાનુભાગ છે. એ જ રીતે દ્વિસંયોગાદિ રૂપે અનુભાગનું કથન કરવું જોઈએ. જેમ કે–માટીનો પિંડ, દંડ, ચક્ર, ચીવર, જળ અને કુંભાર આદિનો ઘટોત્પાદનરૂપ અનુભાગ. એ અનુભાગને પણ જાણે છે.

## તર્ક, કળા, મન, માનસિક જ્ઞાન અને મનથી ચિંતિત પદાર્થોને પણ જાણે છે.

તર્ક, હેતુ અને જ્ઞાપક, એ એકાર્થવાચી શબ્દો છે. એને પણ જાણે છે. ચિત્રકર્મ અને પત્રછેદન આદિનું નામ કળા છે. કળાને પણ તેઓ જાણે છે. મનોવર્ગણાથી બનેલ હૃદય–કમળનું નામ મન છે અથવા મનથી ઉત્પન્ન થયેલ જ્ઞાનને મન કહે છે. મન વડે ચિંતિત પદાર્થોનું નામ માનસિક છે. તેમને પણ જાણે છે.

## ભુક્ત, કૃત, પ્રતિસેવિત, આદિકર્મ, અરહઃકર્મ, સર્વ લોક, સર્વ જીવો અને સર્વ ભાવોને સમ્યક્ પ્રકારે યુગપદ જાણે છે.

રાજ્ય અને મહાવ્રતાદિનું પરિપાલન કરવું તેનું નામ ભુક્તિ છે. તે ભુક્તને જાણે છે. જે કાંઈ ત્રણે કાળે અન્ય દ્વારા નિષ્પન્ન થાય છે, તેનું નામ કૃત છે. પાંચે ઈન્દ્રિયો દ્વારા ત્રણે કાળમાં જે સેવવામાં આવે છે, તેનું નામ પ્રતિસેવિત છે. આદ્યકર્મનું નામ આદિકર્મ છે. અર્થપર્યાય અને વ્યંજનપર્યાયરૂપે સર્વ દ્રવ્યોના આદિને જાણે છે, એ ઉક્ત કથનનું તાત્પર્ય છે.

રહસ્ શબ્દનો અર્થ અંતર્ અને અરહસ્ શબ્દનો અર્થ અનન્તર છે. અરહસ્ એવું જે

કર્મ તે અરહઃકર્મ કહેવાય છે. તેમને જાણે છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયરૂપે સર્વ દ્રવ્યોના અનાદિપણાને જાણે છે, એ ઉક્ત કથનનું તાત્પર્ય છે. આખાય લોકમાં સર્વ જીવો અને સર્વ ભાવોને જાણે છે.

**શંકા** :—અહીં 'સર્વ જીવ' પદ ગ્રહણ ન કરવું જોઈએ, કેમ કે બદ્ધ અને મુક્ત પદથી તેના અર્થનું જ્ઞાન થઈ જાય છે.

**સમાધાન** :—ના, કેમ કે એક સંખ્યા વિશિષ્ટ બદ્ધ અને મુક્તનું ગ્રહણ ત્યાં ન થાય, તેથી તેનો પ્રતિષેધ કરવા માટે 'સર્વ જીવ' પદને નિર્દેશ કર્યો છે.

જીવ બે પ્રકારના છે—સંસારી અને મુક્ત. એમાં મુક્ત જીવ અનંત પ્રકારના છે, કેમ કે સિદ્ધલોકના આદિ અને અંત પ્રાપ્ત થતા નથી.

**શંકા** :—સિદ્ધ લોકના આદિ અને અંતનો અભાવ કેવી રીતે છે?

**સમાધાન** :—કેમ કે તેમનો પ્રવાહ સ્વરૂપે ધારાવાહી છે તથા 'સર્વ સિદ્ધ જીવ સિદ્ધિની અપેક્ષાએ સાદિ છે અને સંતાનની અપેક્ષાએ અનાદિ છે', એવું સૂત્ર વચન પણ છે.

## સર્વ જીવોને જાણે છે

સંસારી જીવ બે પ્રકારનાં છે–ત્રસ અને સ્થાવર. ત્રસ જીવ ચાર પ્રકારના છે—દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય. પંચેન્દ્રિય જીવ બે પ્રકારના છે—સંજ્ઞી અને અસંજ્ઞી. આ બધા જીવો ત્રસપર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે પ્રકારનાં છે. અપર્યાપ્ત જીવ લબ્ધ્યપર્યાપ્ત અને નિર્વૃત્ત્યપર્યાપ્તના ભેદથી બે પ્રકારનાં છે. સ્થાવર જીવ પાંચ પ્રકારના છે –પૃથ્વીકાયિક, જળકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક. આ પાંચેય સ્થાવરકાયિક જીવોમાં પ્રત્યેક બે પ્રકારના છે–બાદર અને સૂક્ષ્મ. એમાં બાદર વનસ્પતિકાયિક જીવ બે પ્રકારના છે—પ્રત્યેક શરીર અને સાધારણ શરીર. અહીં પ્રત્યેક શરીર જીવ બે પ્રકારનાં છે—બાદર નિગોદ પ્રતિષ્ઠિત અને બાદર નિગોદ અપ્રતિષ્ઠિત. આ બધા સ્થાવરકાયિક જીવ પણ પ્રત્યેક બે પ્રકારના છે—પર્યાપ્ત અને અપર્યાપ્ત. અપર્યાપ્ત બે પ્રકારના છે—લબ્ધ્યપર્યાપ્ત અને નિર્વૃત્ત્યપર્યાપ્ત. એમાંથી વનસ્પતિકાયિક અનંત પ્રકારના અને શેષ અસંખ્યાત પ્રકારનાં છે. કેવળી ભગવાન સમસ્ત લોકમાં સ્થિત આ સર્વ જીવોને જાણે છે, એ ઉક્ત કથનનું તાત્પર્ય છે.

## સર્વ ભાવોને જાણે છે

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષના ભેદથી પદાર્થ નવ પ્રકારના છે. તેમાંથી જીવોનું કથન કરી દીધું છે. અજીવ બે પ્રકારનાં છે–મૂર્ત અને અમૂર્ત.

તેમાંથી મૂર્ત પુદ્ગલ ઓગણીસ પ્રકારનાં છે. જેમ કે, એકપ્રદેશી વર્ગણા, સંખ્યાતપ્રદેશી વર્ગણા, અસંખ્યાત પ્રદેશી વર્ગણા, અનંત પ્રદેશી વર્ગણા, આહાર વર્ગણા, અગ્રહણ વર્ગણા, તૈજસ શરીર વર્ગણા, અગ્રહણ વર્ગણા, ભાષા વર્ગણા, અગ્રહણ વર્ગણા, મનો વર્ગણા, અગ્રહણ વર્ગણા, કાર્મણશરીર વર્ગણા, સ્કન્ધવર્ગણા, સાન્તર નિરન્તર વર્ગણા, ધ્રુવશૂન્ય વર્ગણા, પ્રત્યેક શરીર વર્ગણા, ધ્રુવશૂન્ય વર્ગણા, બાદરનિગોદ વર્ગણા, ધ્રુવશૂન્ય વર્ગણા, સૂક્ષ્મ નિગોદ વર્ગણા, ધ્રુવશૂન્ય વર્ગણા અને મહાસ્કન્ધ વર્ગણા. આ તેવીસ વર્ગણાઓમાંથી ચાર ધ્રુવશૂન્ય વર્ગણાઓ કાઢી નાખતાં ઓગણીસ પ્રકારના પુદ્ગલ હોય છે અને તે પ્રત્યેક અનંત ભેદો સહિત છે. અમૂર્ત ચાર પ્રકારના છે–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. કાળ ઘનલોક પ્રમાણ છે બાકીના એક એક છે. આકાશ અનંત પ્રદેશી છે, કાળ અપ્રદેશી છે અને બાકીના અસંખ્યાત પ્રદેશી છે.

## સર્વ ભાવોની અંતર્ગત–શુભાશુભ કર્મપ્રકૃતિઓ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ બધાને કેવળી જાણે છે.

શુભ પ્રકૃતિઓનું નામ પુણ્ય છે અને અશુભ પ્રકૃતિઓનું નામ પાપ છે. અહીં ઘાતિચતુષ્ક પાપરૂપ છે. અઘાતિચતુષ્ક મિશ્રરૂપ છે, કેમ કે એમાં શુભ અને અશુભ બંને પ્રકૃતિઓ સંભવે છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ એ આસ્રવ છે. એમાંથી મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે. અસંયમ બેતાળીસ પ્રકારનો છે. કહ્યું પણ છે–પાંચ રસ, પાંચ વર્ણ, બે ગંધ, આઠ સ્પર્શ, સાત સ્વર, મન અને ચૌદ પ્રકારના જીવ; એમની અપેક્ષાએ અવિરમણ અર્થાત્ ઇન્દ્રિય અને પ્રાણીરૂપ અસંયમ બેંતાળીસ પ્રકારનો છે. ૩૩.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ; પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા અને લોભ; અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા અને લોભ; સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ; હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા તથા સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદના ભેદથી કષાય પચીસ પ્રકારનો છે. યોગ પંદર પ્રકારનો છે. આસ્રવના પ્રતિપક્ષનું નામ સંવર છે. અગ્યાર ભેદરૂપ ગુણશ્રેણિ દ્વારા કર્મોનું ગાળવું તે નિર્જરા છે. જીવો અને કર્મ–પુદ્ગલોના સમવાયનું નામ બંધ છે. જીવ અને કર્મનો સંપૂર્ણ વિશ્લેષ થવો તે મોક્ષ છે. આ બધા ભાવોને કેવળી જાણે છે.

સમં અર્થાત્ અક્રમે (યુગપદ) અહીં જે 'સમં' પદનું ગ્રહણ કર્યું છે, તે કેવળજ્ઞાન અતીન્દ્રિય છે અને વ્યવધાન આદિથી રહિત છે એ વાત સૂચિત કરે છે; કેમ કે નહિ તો સર્વ પદાર્થોનું યુગપદ ગ્રહણ કરવાનું બની શકે નહિ; સંશય, વિપર્યય અને અનધ્યવસાયનો અભાવ હોવાથી અથવા ત્રિકાળગોચર સર્વ દ્રવ્યો અને તેમની પર્યાયોનું ગ્રહણ હોવાથી કેવળી ભગવાન સમ્યક્ પ્રકારે જાણે છે. કેવળી દ્વારા સર્વ બાહ્યપદાર્થોનું ગ્રહણ થવા છતાં પણ તેમનું સર્વજ્ઞ હોવું

સંભવ નથી, કેમ કે તેમને સ્વરૂપ પરિચ્છિતિ અર્થાત્ સ્વસંવેદનનો અભાવ છે, એવી આશંકા થતાં સૂત્રમાં 'पश्यति' દેખે છે-કહ્યું છે અર્થાત્ તેઓ ત્રિકાળગોચર અનંત પર્યાયો સહિત આત્માને પણ દેખે છે.

કેવળજ્ઞાનની ઉત્પત્તિ થયા પછી સર્વ કર્મોનો ક્ષય થઈ જવાથી શરીરરહિત થયેલ કેવળી ઉપદેશ આપી શકતા નથી, તેથી તીર્થનો અભાવ પ્રાપ્ત થાય છે; એમ કહેવાથી સૂત્રમાં 'विहरदि' કહ્યું છે અર્થાત્ ચાર અઘાતિ કર્મોની સત્તા રહેવાથી તેઓ કાંઈક કમ એક કરોડ પૂર્વ સુધી વિહાર કરે છે. **આવું કેવળજ્ઞાન હોય છે.** ૮૩.

**આ જાતના ગુણોવાળું કેવળજ્ઞાન હોય છે.**

**શંકા** :—ગુણમાં ગુણ કેવી રીતે હોઈ શકે?

**સમાધાન** :—અહીં કેવળજ્ઞાન દ્વારા કેવળજ્ઞાનીનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આવા કેવળી હોય છે, એ ઉક્ત કથનનું તાત્પર્ય છે.

(૨) શ્રી કુન્દકુન્દાચાર્યકૃત પ્રવચનસાર ગાથા ૩૭માં કહ્યું છે—

तक्कालिगेव सव्वे सदसब्भूदा हि पज्जया तासिं।
वट्टते ते णाणे विसेसदो दव्वजादीणं।।३७।।

**અર્થ :—"તે (જીવાદિ) દ્રવ્ય જાતિઓની સમસ્ત વિદ્યમાન અને અવિદ્યમાન પર્યાયો તાત્કાળિક (વર્તમાન) પર્યાયોની જેમ વિશિષ્ટતા પૂર્વક (પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વરૂપે) જ્ઞાનમાં વર્તે છે."**

આ શ્લોકની શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત ટીકામાં કહ્યું છે કે—

ટીકા :—"(જીવાદિ) સમસ્ત દ્રવ્ય જાતિઓની પર્યાયોની ઉત્પત્તિની મર્યાદા ત્રણે કાળની મર્યાદા જેટલી હોવાથી (તેઓ ત્રણે કાળે ઉત્પન્ન થયા કરે છે તેથી) તેમની (-તે સમસ્ત દ્રવ્ય જાતિઓની) **ક્રમપૂર્વક તપતી સ્વરૂપસંપદાવાળી,** (એક પછી બીજી પ્રગટ થનાર), **વિદ્યમાનતા અને અવિદ્યમાનતાને પ્રાપ્ત જે જેટલી પર્યાયો છે, તે બધી તાત્કાલિક (વર્તમાનકાલીન) પર્યાયોની જેમ, અત્યંત મિશ્રિત હોવા છતાં પણ સર્વ પર્યાયોના વિશિષ્ટ લક્ષણ સ્પષ્ટ જણાય તેવી રીતે એક ક્ષણમાં જ જ્ઞાનમંદિરમાં સ્થિતિ પામે છે."**

આ ગાથાની સં. ટીકામાં શ્રી જયસેનાચાર્યે કહ્યું છે કે—"........જ્ઞાનમાં સમસ્ત દ્રવ્યોની ત્રણે કાળની પર્યાયો એકસાથે જણાવા છતાં પણ **પ્રત્યેક પર્યાયનું વિશિષ્ટ સ્વરૂપ, પ્રદેશ, કાળ, આકારાદિ વિશેષતાઓ સ્પષ્ટ જણાય છે;** સંકર-વ્યતિકર થતાં નથી......"

"તેમને (કેવળી ભગવાનને) **સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું અક્રમિક ગ્રહણ હોવાથી** પ્રત્યક્ષ સંવેદનના (પ્રત્યક્ષ જ્ઞાનના) **આલંબનભૂત સમસ્ત (સર્વ) દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.''** *(પ્રવચનસાર ગાથા ૨૧ની ટીકા)*

"જે (પર્યાયો) હજી સુધી પણ ઉત્પન્ન થયેલ નથી, તથા જે ઉત્પન્ન થઈને નષ્ટ થઈ ગયેલ છે, તે (પર્યાયો) વાસ્તવમાં અવિદ્યમાન હોવા છતાં પણ **જ્ઞાનને પ્રતિનિયત હોવાથી** (જ્ઞાનમાં નિશ્ચિત્-ચોંટેલા-હોવાથી, જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી) જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા, પથ્થરના થાંભલામાં કોતરાયેલા ભૂત અને ભાવી દેવોની (તીર્થંકરદેવોની) જેમ પોતાનું સ્વરૂપ અકંપપણે (જ્ઞાનને) અર્પણ કરતી થકી (તે પર્યાયો) વિદ્યમાન જ છે."

(પ્ર. સા. ગાથા-૩૮ની ટીકા)

(૫) ટીકા :—"ક્ષાયિકજ્ઞાન વાસ્તવમાં એક સમયમાં જ સર્વતઃ (સર્વ આત્મપ્રદેશોથી) વર્તમાનમાં વર્તતા તથા ભૂત-ભવિષ્ય કાળમાં વર્તતા તે સર્વ પદાર્થોને જાણે છે જેમાં પૃથક્પણે વર્તતા સ્વલક્ષણરૂપ લક્ષ્મીથી આલોકિત અનેક પ્રકારોને કારણે વિચિત્રતા પ્રગટ થઈ છે અને જેમનામાં પરસ્પર વિરોધથી ઉત્પન્ન થવાવાળી અસમાનજાતીયતાને કારણે વિષમતા પ્રગટ થઈ છે.....તેને જાણે છે. જેનો ફેલાવ અનિવાર છે, એવું પ્રકાશમાન હોવાથી ક્ષાયિકજ્ઞાન, અવશ્યમેવ, સર્વદા, સર્વત્ર, સર્વથા, સર્વને (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે) જાણે છે."

*(પ્રવચનસાર ગા. ૪૭ની ટીકા)*

(૬) "જે એક જ સાથે (-યુગપદ) ત્રૈકાલિક ત્રિભુવનસ્થ (ત્રણે કાળ અને ત્રણે લોકના) પદાર્થોને જાણતું નથી, તેને પર્યાય સહિત એક દ્રવ્ય પણ જાણવું શક્ય નથી."

*(પ્રવચનસાર ગાથા ૪૮)*

(૭) "એક જ્ઞાયકભાવનો સમસ્ત જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી ક્રમે-ક્રમે પ્રવર્તતા, અનંત, ભૂત-વર્તમાન-ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળા અગાધ સ્વભાવવાળા અને ગંભીર સમસ્ત દ્રવ્યમાત્રને-જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય, ચિતરાઈ ગયા હોય, દટાઈ ગયા હોય, ખોડાઈ ગયા હોય, ડૂબી ગયા હોય, સમાઈ ગયા હોય, પ્રતિબિમ્બિત થયા હોય એવી રીતે એક ક્ષણમાં જ જે શુદ્ધાત્મા પ્રત્યક્ષ કરે છે......."

*(પ્ર. સાર ગા. ૨૦૦ની ટીકા)*

(૮) "ઘાતિકર્મનો નાશ થતાં અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય-એ અનંતચતુષ્ટય પ્રગટ થાય છે. ત્યાં અનંતદર્શન-જ્ઞાનથી તો, છ દ્રવ્યોથી ભરપૂર જે આ લોક છે, તેમાં જીવ અનંતાનંત અને પુદ્ગલ એનાથી પણ અનંતગુણા છે; અને ધર્મ, અધર્મ તથા આકાશ

એ ત્રણ દ્રવ્ય અને અસંખ્ય કાળદ્રવ્ય છે–તે સર્વ દ્રવ્યોની ભૂત–ભવિષ્ય–વર્તમાનકાળ સંબંધી અનંત પર્યાયોને ભિન્ન–ભિન્ન એક સમયમાં દેખે અને જાણે છે.''

[અષ્ટપાહુડ–ભાવપાહુડ ગા. ૧૫૦ની પં. જયચંદ્રજીકૃત ટીકા]

(૯) શ્રી પંચાસ્તિકાયની શ્રી જયસેનાચાર્યકૃત સં. ટીકા પૃ. ૮૭ ગાથા ૫માં કહ્યું છે, કે—

**णाणाणाणं च णत्थि केवलिणो**–(ગાથા ૫)

''કેવળી ભગવાનને જ્ઞાનાજ્ઞાન હોતું નથી, અર્થાત્ તેમને કોઈ વિષયમાં જ્ઞાન અને કોઈ વિષયમાં અજ્ઞાન વર્તે છે–એમ હોતું નથી, પણ સર્વત્ર જ્ઞાન જ વર્તે છે.''

(૧૦) ભગવંત ભૂતબલિ આચાર્ય પ્રણીત મહાબંધ પ્રથમ ભાગ, પ્રકૃતિબંધ અધિકાર પૃ. ૨૭–૨૮માં કેવળજ્ઞાનનું સ્વરૂપ નીચે પ્રમાણે કહ્યું છે :—

''કેવળી ભગવાન ત્રિકાળાવચ્છિન્ન લોક–અલોક સંબંધી સંપૂર્ણ ગુણ–પર્યાયોથી સમન્વિત અનંત દ્રવ્યોને જાણે છે.'' એવું કોઈ જ્ઞેય હોઈ શકતું નથી, કે જે કેવળી ભગવાનના જ્ઞાનનો વિષય ન હોય. જ્ઞાનનો ધર્મ જ્ઞેયને જાણવાનો છે અને જ્ઞેયનો ધર્મ છે જ્ઞાનનો વિષય થવાનો. એમાં વિષયવિષયિભાવ સંબંધ છે. જ્યારે મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા પણ આ જીવ વર્તમાન સિવાય ભૂત તથા ભવિષ્યકાળની વાતોનું પરિજ્ઞાન કરે છે, ત્યારે કેવળી ભગવાન દ્વારા અતીત, અનાગત, વર્તમાન સર્વ પદાર્થોનું ગ્રહણ (–જ્ઞાન) કરવું યુક્તિયુક્ત જ છે......જો ક્રમપૂર્વક કેવળીભગવાન અનંતાનંત પદાર્થોને જાણત તો સર્વ પદાર્થોનો સાક્ષાત્કાર ન થઈ શકત. અનંતકાળ વ્યતીત થવા છતાં પણ પદાર્થોની અનંત ગણના અનંત જ રહેત. આત્માની અસાધારણ નિર્મળતા થવાને લીધે એક સમયમાં જ સર્વ પદાર્થોનું ગ્રહણ (–જ્ઞાન) થાય છે.

''જ્યારે જ્ઞાન એક સમયમાં સંપૂર્ણ જગતનો અથવા વિશ્વના તત્ત્વોનો બોધ કરી લે છે, તો આગળ તે કાર્યહીન થઈ જશે'—એ આશંકા પણ યોગ્ય નથી; કારણ કે કાળદ્રવ્યના નિમિત્તે તથા અગુરુલઘુગુણના કારણે સમસ્ત વસ્તુઓમાં ક્ષણે ક્ષણે પરિણમન–પરિવર્તન થાય છે. જે કાલે ભવિષ્યકાળ હતો, તે આજે વર્તમાન બનીને આગળ અતીતનું રૂપ ધારણ કરે છે. આ રીતે પરિવર્તનનું ચક્ર સદા ચાલવાને કારણ જ્ઞેયના પરિણમન અનુસાર જ્ઞાનમાં પણ પરિણમન થાય છે. **જગતના જેટલા પદાર્થો છે, તેટલી જ કેવળજ્ઞાનની શક્તિ કે મર્યાદા નથી. કેવળજ્ઞાન અનંત છે. જો લોક અનંતગુણો પણ હોત, તો ય કેવળજ્ઞાનસમુદ્રમાં તે બિંદુની જેમ સમાઈ જાત.....**અનંત કેવળજ્ઞાન દ્વારા અનંત જીવ તથા અનંત આકાશાદિનું ગ્રહણ થવા છતાં પણ તે પદાર્થો સાન્ત થતાં નથી. અનંત જ્ઞાન અનંત પદાર્થ અથવા પદાર્થોને

અનંતરૂપે બતાવે છે, તે કારણે જ્ઞેય અને જ્ઞાનની અનંતતા અબાધિત રહે છે.

*[મહાબંધ પ્રથમ ભાગ પૃ. ૨૭ તથા ધવલા પુસ્તક ૧૩ પૃ. ૩૪૬ થી ૩૫૩]*

**ઉપરોક્ત આધારોથી નીચે પ્રમાણેના મંતવ્ય મિથ્યા સિદ્ધ થાય છે :**

(૧) કેવળી ભગવાન ભૂત અને વર્તમાન કાળવર્તી પર્યાયોને જ જાણે છે અને ભવિષ્યની પર્યાયોને તે થાય ત્યારે જાણે છે.

(૨) સર્વજ્ઞ ભગવાન અપેક્ષિત ધર્મોને જાણતા નથી.

(૩) કેવળી ભગવાન ભૂત ભવિષ્યની પર્યાયોને સામાન્યરૂપે જાણે છે, પણ વિશેષરૂપે જાણતા નથી.

(૪) કેવળી ભગવાન ભવિષ્યની પર્યાયોને સમગ્રરૂપે (સમૂહરૂપે) જાણે છે, ભિન્ન ભિન્નરૂપે જાણતા નથી.

(૫) જ્ઞાન ફક્ત જ્ઞાનને જ જાણે છે.

(૬) સર્વજ્ઞના જ્ઞાનમાં પદાર્થો ઝળકે છે, પરંતુ ભૂતકાળ તથા ભવિષ્યકાળની પર્યાયો સ્પષ્ટરૂપે ઝળકતી નથી.–ઈત્યાદિ મંતવ્યો સર્વજ્ઞને અલ્પજ્ઞ માનવા બરાબર છે.

## કેવળજ્ઞાન (–સર્વજ્ઞનું જ્ઞાન) દ્રવ્ય–પર્યાયોનાં શુદ્ધત્વ–અશુદ્ધત્વ આદિ અપેક્ષિત ધર્મોને પણ જાણે છે.

(૧૧) શ્રી સમયસારજીમાં અમૃતચંદ્રાચાર્યકૃત કળશ નં. ૨માં કેવળજ્ઞાનમય સરસ્વતીનું સ્વરૂપ આવી રીતે કહ્યું છે, '......તે મૂર્તિ એવી છે કે જેમાં **અનંત ધર્મ છે** એવા અને પ્રત્યેક –પરદ્રવ્યોથી, પરદ્રવ્યોના ગુણ–પર્યાયોથી ભિન્ન તથા પરદ્રવ્યના નિમિત્તથી થયેલ પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન એકાકાર એવો જે આત્મા તેના તત્ત્વને અર્થાત્ અસાધારણ–સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ નિજસ્વરૂપને **પશ્યંતી**—દેખે છે.'

**ભાવાર્થ :**—×××...તેમાં અનંત ધર્મ ક્યા ક્યા છે? તેનો ઉત્તર કહે છે—જે વસ્તુમાં સત્પણું, વસ્તુપણું, પ્રમેયપણું, પ્રદેશપણું, ચેતનપણું, અચેતનપણું, મૂર્તિકપણું, અમૂર્તિકપણું ઈત્યાદિ ધર્મ તો ગુણ છે અને તે ગુણોનું ત્રણે કાળે સમય સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે, તે અનંત છે. તથા એકપણું, અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું, ભેદપણું, અભેદપણું, શુદ્ધપણું, અશુદ્ધપણું આદિ અનેક ધર્મ છે તે સામાન્યરૂપે તો વચનગોચર છે અને વિશેષરૂપે વચનના અવિષય છે, એવા તે અનંત છે તે જ્ઞાનગમ્ય છે (–અર્થાત્ કેવળજ્ઞાનના વિષય છે.)

*[શ્રી રાયચંદ જૈન શાસ્ત્રમાળા મુંબઈથી પ્રકાશિત સમયસાર પાનું-૪]*

## સર્વજ્ઞ વ્યવહારથી પરને જાણે છે તેનો અર્થ

(૧૨) પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ગા. ૫૨ની સં. ટીકામાં (પાનું નં. ૫૫) કહ્યું છે કે "આ આત્મા વ્યવહારનયથી કેવળજ્ઞાન દ્વારા લોકાલોકને જાણે છે અને શરીરમાં રહેવા છતાં પણ નિશ્ચયનયથી પોતાના આત્મસ્વરૂપને જાણે છે, એ કારણે જ્ઞાનની અપેક્ષાએ તો વ્યવહારનયથી સર્વગત છે, પ્રદેશોની અપેક્ષાએ નહિ. જેવી રીતે રૂપવાન પદાર્થોને નેત્ર દેખે છે, પરંતુ તેનાથી તન્મય થતાં નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જો વ્યવહારનયથી લોકાલોકને જાણે છે અને નિશ્ચયનયથી નહિ તો સર્વજ્ઞપણું વ્યવહારનયથી થયું નિશ્ચયનયથી ન થયું? તેનું સમાધાન કરે છે–જેવી રીતે પોતાના આત્માને તન્મય થઈને જાણે છે, તેવી જ રીતે પરદ્રવ્યને તન્મયપણે જાણતો નથી, ભિન્ન સ્વરૂપે જાણે છે, તે કારણે વ્યવહારનયથી કહ્યું, [न च परिज्ञानाभावात् ] કાંઈ પરિજ્ઞાનના અભાવથી કહ્યું નથી. (જ્ઞાનથી જાણપણું તો નિજ અને પરનું સમાન છે). જેવી રીતે નિજને તન્મય થઈને નિશ્ચયથી જાણે છે, તેવી જ રીતે જો પરને પણ તન્મય થઈને જાણે તો પરના સુખ, દુઃખ, રાગ, દ્વેષનું જ્ઞાન થતાં સુખી, દુઃખી, રાગી, દ્વેષી થાય એ મોટું દૂષણ પ્રાપ્ત થાય."

(૧૩) આ રીતે સમયસારજી પાનું ૪૪૬–૬૭, ગાથા ૩૫૬ થી ૩૬૫ની સં. ટીકામાં શ્રી જયસેનાચાર્યે પણ કહ્યું છે ''......यदि व्यवहारेण परद्रव्यं जानाति तर्हि निश्चयेन सर्वज्ञो न भवतीति पूर्वपक्षे परिहारमाह यथा स्वकीय सुखादिकं तन्मयो भूत्वा जानाति तथा बहिर्द्रव्यं न जानाति तेन कारणेन व्यवहारः। यदि पुनः परकीय सुखादिकमात्मसुखादिवत्तन्मयो भूत्वा जानाति तर्हि यथा स्वकीय संवेदने सुखी भवति तथा परकीय सुख दुःख संवेदनकाले सुखी दुःखी च प्राप्नोति न च तथा। व्यवहारस्तथापि छद्मस्थ जनापेक्षया सोऽपि निश्चय एवेति''।

## કેવળજ્ઞાન નામની પર્યાયનો નિશ્ચયસ્વભાવ

(૧૪) પંચાસ્તિકાય શાસ્ત્રની ગાથા ૪૯ની ટીકામાં શ્રી જયસેનાચાર્યે કહ્યું છે કે– .....''तथा जीवे निश्चयनयेन क्रमकरण व्यवधानरहितं त्रैलोक्योदर विवरणवर्ति समस्त वस्तुगतानंतधर्मप्रकाशकमखंड प्रतिभासमयं केवलज्ञानं पूर्वमेव तिष्ठति''। તથા ગાથા ૨૯ની ટીકામાં પણ કહ્યું છે કે ''.....अत्र स्वयं जातमिति वचनेन पूर्वोक्तमेव निरुपाधित्वं समर्थितं। तथा च स्वयमेव सर्वज्ञो जातः सर्वदर्शी च जातो निश्चयनयेनेति पूर्वोक्तमेव सर्वज्ञत्वं सर्वदर्शीत्वं च समर्थितमिति''। તથા ગાથા ૧૫૪ની ટીકામાં કહ્યું છે કે......''समस्त वस्तुगतानंत धर्माणां युगपद्विशेष परिच्छित्ति समर्थ केवलज्ञानं''।

(૫) પરમાત્મપ્રકાશ અ. ૨ ગા. ૧૦૧ની સં. ટીકામાં કહ્યું છે કે–''जगत्त्रय

कालत्रयवर्ति समस्त द्रव्यगुणपर्यायाणां क्रमकरण व्यवधानरहित्वेन परिच्छित्ति समर्थ विशुद्ध दर्शनं ज्ञानं च'' ।

(૬) સમયસારજી શાસ્ત્રમાં આત્મદ્રવ્યની ૪૭ શક્તિ કહી છે, તેમાં સર્વજ્ઞશક્તિનું સ્વરૂપ એવું કહ્યું છે કે, ''विश्वविश्व विशेषभाव परिणतात्मज्ञानमयी सर्वज्ञशक्तिः। **અર્થ :—સમસ્ત વિશ્વના (છયે દ્રવ્યના) વિશેષ ભાવોને જાણવા રૂપે પરિણમેલ આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વ શક્તિ.'' ૧૦.**

નોંધ :—સર્વજ્ઞમાત્ર આત્મજ્ઞ જ છે એમ કહેવું યોગ્ય નથી, કારણ કે–સંપૂર્ણ આત્મજ્ઞ થનાર, પરદ્રવ્યોને પણ સર્વથા, સર્વ વિશેષ ભાવો સહિત જાણે છે. વિશેષ માટે જુઓ—આત્મધર્મ માસિક વર્ષ ૯ અંક નં. ૮ સર્વજ્ઞત્વ શક્તિનું વર્ણન. કોઈ અસત્ કલ્પનાથી સર્વજ્ઞનું સ્વરૂપ અન્યથા માને છે. તેનું તથા સર્વજ્ઞ વસ્તુઓના અનંત ધર્મોને જાણતા નથી, એમ માને છે. તેમનું ઉપરોક્ત કથનના આધારે નિરાકરણ થઈ જાય છે.

# મોક્ષશાસ્ત્ર-ગુજરાતી ટીકા

## અધ્યાય બીજો

પ્રથમ અધ્યાયમાં, સમ્યગ્દર્શનના વિષયનો ઉપદેશ આપતાં શરૂઆતમાં [અ. ૧ સૂ. ૪માં] જીવાદિક તત્ત્વો કહ્યાં, તેમાંથી જીવતત્ત્વના ભાવો, તેનું લક્ષણ અને શરીર સાથેના સંબંધનું આ બીજા અધ્યાયમાં વર્ણન છે; પ્રથમ જીવના સ્વતત્ત્વ (નિજભાવ) બતાવવા સૂત્ર કહે છે.

### જીવના અસાધારણ ભાવો

**औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ च ।।१।।**

અર્થ :—[जीवस्य] જીવના [औपशमिकक्षायिकौ] ઔપશમિક અને ક્ષાયિક [भावौ] ભાવ [च मिश्र] અને મિશ્ર તથા [औदयिकपारिणामिकौ च] ઔદયિક અને પારિણામિક એ પાંચ ભાવો [स्वतत्त्वम्] નિજભાવ છે અર્થાત્ જીવ સિવાય બીજા કોઈમાં હોતા નથી.

### ટીકા

### (૧) પાંચ ભાવોની વ્યાખ્યા

૧. **ઔપશમિકભાવ**—આત્માના પુરુષાર્થથી અશુદ્ધતાનું પ્રગટ ન થવું અર્થાત્ દબાઈ જવું તે; આત્માના આ ભાવને ઉપશમભાવ અથવા ઔપશમિકભાવ કહે છે. આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને જડ કર્મનું પ્રગટરૂપ ફળ જડકર્મમાં ન આવવું તે કર્મનો ઉપશમ છે. આ, જીવની એક સમય પૂરતી પર્યાય છે, તે સમય સમય કરીને અંતર્મુહૂર્ત રહે છે પણ એક સમયે એક જ અવસ્થા હોય છે.

૨. **ક્ષાયિકભાવ**—આત્માના પુરુષાર્થથી કોઈ ગુણની શુદ્ધ અવસ્થા પ્રગટે તે ક્ષાયિકભાવ છે. આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મઆવરણનો નાશ થવો તે કર્મનો ક્ષય છે. આ પણ જીવની એક સમય પૂરતી અવસ્થા છે. સમય સમય કરીને તે સાદિઅનંત રહે છે તોપણ એક સમયે એક જ અવસ્થા હોય છે. સાદિઅનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુક્ત ફળરૂપ અનંતચતુષ્ટયની સાથે રહેલી પરમ ઉત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે-તેને ક્ષાયિકભાવ પણ કહેવાય છે.

૩-**ક્ષાયોપશમિકભાવ**—આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મનો સ્વયં અંશે ક્ષય

અને સ્વયં અંશે ઉપશમ તે કર્મનો ક્ષયોપશમ છે અને ક્ષાયોપશમિકભાવ તે આત્માનો પર્યાય છે. આ પણ આત્માની એક સમય પૂરતી અવસ્થા છે, તેની લાયકાત પ્રમાણેના ઉત્કૃષ્ટ કાળ સુધી પણ તે રહે છે, પરંતુ સમયે સમયે બદલીને રહે છે.

૪. **ઔદયિકભાવ**—કર્મોદયના નિમિત્તે આત્મામાં જે વિકારભાવ આત્મા કરે છે તે ઔદયિકભાવ છે. આ પણ આત્માની એક સમય પૂરતી અવસ્થા છે.

૫. **પારિણામિકભાવ**—'પારિણામિક' એટલે સહજ સ્વભાવ; ઉત્પાદ-વ્યય વગરનો ધ્રુવ એકરૂપ કાયમ રહેનાર ભાવ તે પારિણામિકભાવ છે. પારિણામિકભાવ બધા જીવોને સામાન્ય હોય છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો રહિતનો જે ભાવ તે પારિણામિકભાવ છે. 'પારિણામિક' કહેતાં જ 'પરિણમે છે' એવો ધ્વનિ આવે છે. પરિણમે છે એટલે કે દ્રવ્ય-ગુણનું નિત્ય વર્તમાનરૂપ નિરપેક્ષપણું છે, આવી દ્રવ્યની પૂર્ણતા છે. દ્રવ્ય-ગુણ અને નિરપેક્ષપર્યાયરૂપ વસ્તુની જે પૂર્ણતા છે તેને પારિણામિકભાવ કહે છે.

૬. જેનો નિરંતર સદ્ભાવ રહે તેને પારિણામિકભાવ કહે છે. સર્વ ભેદ જેમાં ગર્ભિત છે એવો ચૈતન્યભાવ તે જ જીવનો પારિણામિકભાવ છે. મતિજ્ઞાનાદિ તથા કેવળજ્ઞાનાદિ જે અવસ્થાઓ છે તે પારિણામિકભાવ નથી.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન એ અવસ્થાઓ ક્ષાયોપશિકભાવ છે, કેવળજ્ઞાન અવસ્થા ક્ષાયિકભાવ છે. કેવળજ્ઞાન પ્રગટ થયા પહેલાં જ્ઞાનના ઉઘાડનો જેટલો અભાવ છે તે ઔદયિકભાવ છે. જ્ઞાન, દર્શન અને વીર્યગુણની અવસ્થામાં ઔપશમિકભાવ હોતો જ નથી. મોહનો જ ઉપશમ થાય છે, તેમાં પ્રથમ મિથ્યાત્વનો (દર્શનમોહનો) ઉપશમ થતાં જે સમ્યક્ત્વ પ્રગટે છે, તે શ્રદ્ધાગુણનો ઔપશમિકભાવ છે.

## (૨) આ પાંચ ભાવો શું બતાવે છે?

આ પાંચ ભાવો નીચેની બાબતો સિદ્ધ કરે છે :—

૧. જીવનો અનાદિ અનંત શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે, એમ પારિણામિકભાવ સાબિત કરે છે.

૨. જીવનો અનાદિ અનંત શુદ્ધ ચૈતન્યસ્વભાવ હોવા છતાં તેની અવસ્થામાં વિકાર છે, એમ ઔદયિકભાવ સાબિત કરે છે.

૩. જડ કર્મની સાથે જીવને અનાદિનો સંબંધ છે અને જીવ તેને વશ થાય છે, તેથી વિકાર થાય છે પણ કર્મના કારણે વિકારભાવ થતો નથી, એમ પણ ઔદયિકભાવ સાબિત કરે છે.

૪. જીવ અનાદિથી વિકાર કરતો હોવા છતાં તે જડ થઈ જતો નથી અને તેનાં જ્ઞાન, દર્શન અને વીર્યનો અંશે ઉઘાડ તો સદા રહે છે, એમ ક્ષાયોપશમિકભાવ સાબિત કરે છે.

૫. આત્માનું સ્વરૂપ યથાર્થપણે સમજીને જ્યારે પોતાના પારિણામિકભાવનો જીવ આશ્રય કરે છે ત્યારે ઔદયિકભાવ ટળવાની શરૂઆત થાય છે અને પ્રથમ શ્રદ્ધાગુણનો ઔદયિકભાવ ટળે છે, એમ ઔપશમિકભાવ સાબિત કરે છે.

૬. સાચી સમજણ પછી જીવ જેમ જેમ સત્ય પુરુષાર્થ વધારે છે તેમ તેમ મોહ અંશે ટળતો જાય છે, એમ ક્ષાયોપશમિકભાવ સાબિત કરે છે.

૭. જીવ જો પ્રતિહતભાવે પુરુષાર્થમાં આગળ વધે તો ચારિત્રમોહ સ્વયં દબાઈ જાય છે, [–ઉપશમ પામે છે] એમ ઔપશમિકભાવ સાબિત કરે છે.

૮. અપ્રતિહત પુરુષાર્થ વડે પારિણામિકભાવનો આશ્રય વધતાં વિકારનો નાશ થઈ શકે છે, એમ ક્ષાયિકભાવ સાબિત કરે છે.

૯. જોકે કર્મ સાથેનો સંબંધ પ્રવાહથી અનાદિનો છે, તોપણ સમયે સમયે જૂનાં કર્મ જાય છે અને નવાં કર્મનો સંબંધ થતો રહે છે, તે અપેક્ષાએ તેમાં શરૂઆતપણું રહેતું હોવાથી [–સાદિ હોવાથી] તે કર્મ સાથેનો સંબંધ સર્વથા ટળી જાય છે, એમ ક્ષાયિકભાવ સાબિત કરે છે.

૧૦. કોઈ નિમિત્ત વિકાર કરાવતું નથી પણ જીવ પોતે નિમિત્તાધીન થઈને વિકાર કરે છે. જીવ જ્યારે પારિણામિકભાવરૂપ પોતાના સ્વભાવ તરફનું લક્ષ કરી સ્વાધીનપણું પ્રગટ કરે છે ત્યારે નિમિત્તાધીનપણું ટળી શુદ્ધતા પ્રગટે છે–એમ ઔપશમિકભાવ, સાધકદશાનો ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ એ ત્રણે સાબિત કરે છે.

## (૪) પાંચ ભાવો સંબંધી કેટલાક પ્રશ્નોત્તર

૧. **પ્રશ્ન** :—ભાવના વખતે આ પાંચમાંથી કયો ભાવ ધ્યાન કરવા યોગ્ય છે અર્થાત્ ધ્યેય છે?

**ઉત્તર** :—ભાવના વખતે પારિણામિકભાવ ધ્યાન કરવા યોગ્ય છે અર્થાત્ ધ્યેય છે. ધ્યેયભૂત દ્રવ્યરૂપ જે શુદ્ધપારિણામિકભાવ છે તે ત્રિકાળ રહે છે, તેથી તે ધ્યાન કરવા યોગ્ય છે.

૨. **પ્રશ્ન** :—પારિણામિકભાવના આશ્રયે જે ધ્યાન થાય છે તે ધ્યાન ભાવના સમયે ધ્યેય કેમ નથી?

**ઉત્તર** :—તે ધ્યાન પોતે પર્યાય છે, તેથી વિનશ્વર છે. પર્યાયના લક્ષે શુદ્ધ અવસ્થા પ્રગટે નહિ, માટે તે ધ્યેય નથી.

*[હિંદી સમયસાર ટીકા. જયસેનાચાર્યની ટીકાનો અનુવાદ, પાનું-૩૩૦-૩૩૧]*

૩. **પ્રશ્ન** :—શુદ્ધ અને અશુદ્ધભેદે પારિણામિકભાવ બે પ્રકારના નથી પણ પારિણામિકભાવ શુદ્ધ જ છે, એમ કહેવું તે બરાબર છે?

**ઉત્તર** :—ના, તે બરાબર નથી, જોકે સામાન્યરૂપે (-દ્રવ્યાર્થિકનયે અગર ઉત્સર્ગકથનથી) પારિણામિકભાવ શુદ્ધ છે, તોપણ વિશેષરૂપે (પર્યાયાર્થિકનયે અગર અપવાદકથનથી) અશુદ્ધપારિણામિકભાવ પણ છે. આ કારણે **जीवभव्याभव्यत्वानि च** એવા આ અધ્યાયના સાતમા સૂત્રથી પારિણામિકભાવને જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એવા ત્રણ પ્રકારનો કહ્યો છે, તેમાંથી શુદ્ધ ચૈતન્યરૂપ જે જીવત્વ છે તે અવિનાશી શુદ્ધ દ્રવ્યાશ્રિત છે, તેથી તેને શુદ્ધદ્રવ્યાશ્રિત નામનો શુદ્ધપારિણામિકભાવ જાણવો; અને (દશ પ્રકારના દ્રવ્યપ્રાણોથી ઓળખાતું જે જીવત્વસ્વરૂપ છે તે) જીવત્વ, ભવ્યત્વ તથા અભવ્યત્વ એ ત્રણ પ્રકારો પર્યાયાશ્રિત છે, તે કારણે તેને પર્યાયાર્થિક નામના અશુદ્ધપારિણામિકભાવો જાણવા.

૪. **પ્રશ્ન** :—એ ત્રણ ભાવોની અશુદ્ધતા કઈ અપેક્ષાએ છે?

**ઉત્તર** :—એ અશુદ્ધપારિણામિકભાવ વ્યવહારથી સાંસારિક જીવોમાં છે તોપણ '**सव्वे सुद्धा हु सुद्धणया**' અર્થાત્ સર્વે જીવો શુદ્ધનયે શુદ્ધ છે, તેથી એ ત્રણ ભાવો શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ કોઈ જીવને નથી. (મુક્ત જીવોને તો તે સર્વથા જ નથી.) સંસારી જીવોમાં પર્યાયઅપેક્ષાએ અશુદ્ધત્વ છે.

૫. **પ્રશ્ન** :—આ શુદ્ધ અને અશુદ્ધ પારિણામિકભાવોમાંથી કયો ભાવ ધ્યાન સમયે ધ્યેયરૂપ છે?

**ઉત્તર** :—જે દ્રવ્યરૂપ શુદ્ધ પારિણામિકભાવ છે તે અવિનાશી છે, તેથી તે ધ્યેયરૂપ છે; અર્થાત્ તે ત્રિકાળી શુદ્ધપારિણામિકભાવના લક્ષે શુદ્ધ અવસ્થા પ્રગટે છે.

[બૃહત્-દ્રવ્યસંગ્રહ પા. ૩૪-૩૫]

## (૪) ઔપશમિકભાવ ક્યારે થાય ?

અધ્યાય ૧ સૂત્ર ૩૨માં જણાવ્યું છે, કે જીવને 'સત્ અને અસત્'ઈ સમજણ રહિતની જે દશા છે તે 'ઉન્મત્ત' જેવી છે. પોતાની આવી દશા અનાદિની છે, એમ પહેલા અધ્યાયના સૂત્ર ૪માં કહેલાં તત્ત્વોનો રાગમિશ્રિત વિચાર કરતાં જીવને ખ્યાલ આવે છે; વળી તેને એવો પણ ખ્યાલ આવે છે, કે જીવને પુદ્‌ગલકર્મ તથા શરીર સાથે પ્રવાહરૂપે અનાદિથી સંબંધ છે;

અર્થાત્ જીવ પોતે તેને તે જ છે પણ કર્મ અને શરીર જૂનાં જાય છે અને નવાં આવે છે; તથા આ સંયોગસંબંધ અનાદિથી ચાલ્યો આવે છે. અ. ૧. સૂત્ર ૩૨માં જણાવેલી અજ્ઞાનદશા હોય ત્યારે આ સંયોગસંબંધને જીવ એકરૂપે (તાદાત્મ્ય સંબંધપણે) માને છે અને એ રીતે અજ્ઞાનપણે જીવ શરીરને પોતાનું માનતો હોવાથી, શરીર સાથે માત્ર નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હોવા છતાં પણ, તેની સાથે કર્તા-કર્મસંબંધ માને છે; આ કારણે 'હું શરીરનાં કાર્ય કરી શકું' એમ તે માનતો આવે છે. તત્ત્વનો વિચાર કરતાં કરતાં જીવને માલૂમ પડે છે, કે હું **જીવતત્ત્વ** છું અને શરીર તથા જડ કર્મો મારાથી તદ્દન જુદાં **અજીવતત્ત્વ** છે, હું તે અજીવમાં નથી ને તે અજીવ મારામાં નથી, તેથી હું તે અજીવનું કાંઈ કરી શકું નહિ, મારા જ ભાવ હું કરી શકું, તથા અજીવ તેમના ભાવ કરી શકે પણ તે મારા કોઈ ભાવ કરી શકે નહિ. આ પ્રમાણે જિજ્ઞાસુ આત્માઓ પ્રથમ રાગમિશ્રિત વિચાર દ્વારા જીવ–અજીવતત્ત્વોનું સ્વરૂપ જાણીને પોતામાં જે કાંઈ વિકાર થાય છે, તે પોતાના જ દોષના કારણે છે–એમ નક્કી કરે છે; આટલું જાણતાં અવિકારી ભાવ શું છે? તેનો પણ તેને ખ્યાલ આવે છે; આ રીતે વિકારભાવ **(પુણ્ય, પાપ, આસ્રવ, બંધ)**નું તથા અવિકારભાવ **(સંવર, નિર્જરા, મોક્ષ)**નું સ્વરૂપ તે જિજ્ઞાસુ આત્મા નક્કી કરે છે. પ્રથમ રાગમિશ્રિત વિચાર દ્વારા આ તત્ત્વોનું જ્ઞાન કરીને પછી જ્યારે તે ભેદો તરફનું લક્ષ ટાળીને જીવ પોતાના ત્રિકાળી પારિણામિકભાવનો–જ્ઞાયકભાવનો યથાર્થ આશ્રય કરે છે ત્યારે તેને શ્રદ્ધાગુણનો ઔપશમિકભાવ પ્રગટે છે. શ્રદ્ધાગુણના ઔપશમિકભાવને ઔપશમિક સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આ સમ્યગ્દર્શન પ્રગટતાં જીવને ધર્મની શરૂઆત થાય છે; ત્યારે જીવની અનાદિથી ચાલી આવતી શ્રદ્ધાગુણની મિથ્યાદશા ટળીને સમ્યક્દશા પ્રગટ થાય છે.

## (૫) ઔપશમિકભાવનું માહાત્મ્ય

આ ઔપશમિકભાવ અર્થાત્ સમ્યગ્દર્શનનું એવું માહાત્મ્ય છે, કે જે જીવ પુરુષાર્થ વડે તેને એક વખત પ્રગટ કરે તે જીવને પોતાની પૂર્ણ પવિત્ર દશા (ક્ષાયિકભાવ) પ્રગટ થયા વગર રહે જ નહિ. પ્રથમ ઔપશમિકભાવ પ્રગટતાં અ. ૧ સૂત્ર ૩૨માં કહેલી 'ઉન્મત્તદશા' ટળે છે અર્થાત્ જીવની મિથ્યાજ્ઞાનદશા ટળીને તે સમ્યક્મતિ–શ્રુતજ્ઞાનરૂપ થઈ જાય છે અને જો તે જીવને પૂર્વે મિથ્યા અવધિજ્ઞાન હોય તો તે પણ ટળી જઈને સમ્યક્અવધિજ્ઞાનરૂપ થઈ જાય છે; આ ઔપશમિકભાવ તે 'સંવર' છે.

સમ્યગ્દર્શનનું માહાત્મ્ય બતાવવા માટે આચાર્ય ભગવાને આ શાસ્ત્રની શરૂઆત કરતાં જ પહેલા અધ્યાયના પહેલા સૂત્રમાં પહેલો જ શબ્દ **'સમ્યગ્દર્શન'** વાપર્યો છે અને પ્રથમ સમ્યગ્દર્શન ઔપશમિક ભાવે જ થતું હોવાથી ઔપશમિકભાવનું માહાત્મ્ય બતાવવા માટે અહીં પણ બીજો અધ્યાય શરૂ કરતાં તે ભાવ પહેલાં સૂત્રમાં પહેલા જ શબ્દમાં બતાવ્યો છે.

## (૬) પાંચ ભાવો સંબંધી કેટલુંક સ્પષ્ટીકરણ

૧. **પ્રશ્ન** :—દરેક જીવમાં પારિણામિકભાવ અનાદિનો છે, છતાં તેને ઔપશમિકભાવ અર્થાત્ સમ્યગ્દર્શન કેમ પ્રગટ્યું નથી?

**ઉત્તર** :—જીવને અનાદિથી પોતાના સ્વરૂપનું ભાન નથી અને તેથી પોતે પારિણામિકભાવસ્વરૂપ છે, એમ તે જાણતો નથી અને 'શરીર મારું અને શરીરને અનુકૂળ જણાતી પરવસ્તુઓ મને લાભકારી છે તથા શરીરને પ્રતિકૂળ જણાતી પરવસ્તુઓ મને નુકશાનકારી છે' એમ અજ્ઞાનદશામાં માન્યા કરે છે, તેથી તેનું વલણ પરવસ્તુઓ, શરીર અને વિકારીભાવો તરફ રહ્યા જ કરે છે. અહીં, જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી એવા પારિણામિકભાવનું જ્ઞાન કરાવીને, પોતાના ગુણ-પર્યારૂપ ભેદોને અને પરવસ્તુઓને ગૌણ કરીને આચાર્યભગવાન તે ઉપરનું લક્ષ છોડાવે છે; ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પદશા થતી નથી, માટે અભેદદૃષ્ટિ કરાવી છે, કે જેથી નિર્વિકલ્પદશા પ્રગટે. ઔપશમિકભાવ પણ એક પ્રકારની નિર્વિકલ્પદશા છે.

૨. **પ્રશ્ન** :—આ સૂત્રમાં કહેલાં પાંચ ભાવોમાંથી કયા ભાવ તરફના વલણ વડે ધર્મની શરૂઆત અને પૂર્ણતા થાય?

**ઉત્તર** :—પારિણામિકભાવ સિવાયના ચારે ભાવો ક્ષણિક છે, એક સમય પૂરતા છે, વળી તેમાં પણ ક્ષાયિકભાવ તો વર્તમાન છે નહિ, ઔપશમિકભાવ પણ હોય તો થોડો વખત ટકે છે અને ઔદયિકક્ષાયોપશમિકભાવો પણ સમયે સમયે પલટે છે, માટે તે ભાવો ઉપર લક્ષ કરે તો ત્યાં એકાગ્રતા થઈ શકે નહિ અને ધર્મ પ્રગટે નહિ. ત્રિકાળ સ્વભાવી પારિણામિકભાવનું માહાત્મ્ય જાણીને તે તરફ જીવ પોતાનું વલણ કરે તો ધર્મની શરૂઆત થાય છે અને તે ભાવની એકાગ્રતાના જોરે જ ધર્મની પૂર્ણતા થાય છે.

૩. **પ્રશ્ન** :—પંચાસ્તિકાયમાં કહ્યું છે કે—

**मोक्षं कुर्वन्ति मिश्रौपशमिकक्षायिकाभिधाः।**
**बंधमौदयिका भावा निःक्रियाः पारिणामिकाः॥**

*[ગાથા- ૫૬ જયસેનાચાર્યકૃત ટીકા]*

**અર્થ** :—મિશ્ર, ઔપશમિક અને ક્ષાયિક એ ત્રણે ભાવો મોક્ષ કરે છે, ઔદયિકભાવ બંધ કરે છે અને પારિણામિકભાવ બંધમોક્ષની ક્રિયા રહિત છે.

**પ્રશ્ન** :—ઉપરના કથનનો શું આશય છે?

**ઉત્તર** :–એ શ્લોકમાં કયો ભાવ ઉપાદેય અર્થાત્ આશ્રય કરવા યોગ્ય છે એ કહ્યું નથી, પરંતુ એમાં તો મોક્ષ કે જે કર્મના અભાવરૂપ નિમિત્તની અપેક્ષા રાખે છે તે ભાવ જ્યારે પ્રગટે ત્યારે જીવનો કેવો ભાવ હોય તે બતાવ્યું છે અર્થાત્ મોક્ષ કે જે સાપેક્ષપર્યાય છે તેનું અને તે પ્રગટતી વખતે તથા તે પહેલાં સાપેક્ષપર્યાય કેવી હોય તેનું સ્વરૂપ બતાવ્યું છે. આ શ્લોક એમ બતાવે છે, કે ક્ષાયિક ભાવ મોક્ષને કરે છે, એટલે કે તે ભાવનું નિમિત્ત પામીને આત્મપ્રદેશેથી દ્રવ્યકર્મનો સ્વયં અભાવ થાય છે. મોક્ષ તો આ અપેક્ષાએ ક્ષાયિક પર્યાય છે અને ક્ષાયિકભાવ તો જડ કર્મનો અભાવ સૂચવે છે. ક્ષાયિકભાવ થયા પહેલાં મોહના ઔપશમિક તથા ક્ષાયોપશમિક ભાવો હોવા જ જોઈએ અને ત્યાર પછી જ ક્ષાયિકભાવ પ્રગટે છે તથા ક્ષાયિકભાવ પ્રગટે ત્યારે જ જડ કર્મોનો સ્વયં અભાવ થાય છે—આવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવવા માટે 'એ ત્રણે ભાવો મોક્ષ કરે છે' એમ કહ્યું છે. આ શ્લોકમાં કયા ભાવને આશ્રયે ધર્મ પ્રગટે છે, એ કાંઈ પ્રતિપાદન કર્યું નથી. એ ખ્યાલમાં રાખવું કે પહેલા ચારે ભાવો સ્વઅપેક્ષાએ પારિણામિકભાવો છે.

*(જુઓ, જયધવલ પુસ્તક ૧–પાનું ૩૧૯, ધવલ ભાગ ૫–પાનું ૧૯૭)*

૪. **પ્રશ્ન** :—ઉપરના શ્લોકમાં કહ્યું છે, કે—ઔદયિકભાવ બંધનું કારણ છે. જો એમ સ્વીકારીએ તો ગતિ, જાતિ આદિ નામકર્મ સંબંધી ઔદયિકભાવો પણ બંધનાં કારણ થાય?

**ઉત્તર** :—શ્લોકમાં કહેલ 'ઔદયિકભાવ'માં સર્વ ઔદયિકભાવો બંધનું કારણ છે, એમ ન સમજવું, પણ માત્ર મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ–એ ચાર ભાવો બંધનું કારણ છે, એમ સમજવું. *(શ્રી ધવલા પુસ્તક ૭ પા. ૯–૧૦)*

૫. **પ્રશ્ન** :—'औदयिका भावाः बंधकारणम्' એમ કહ્યું છે, તેનો અર્થ શું છે?

**ઉત્તર** :—તેનો અર્થ એટલો જ છે, કે જો જીવ મોહના ઉદયમાં જોડાય તો બંધ થાય. દ્રવ્યમોહનો ઉદય હોવા છતાં જો જીવ શુદ્ધાત્મભાવનાના બળ વડે **ભાવમોહરૂપે** ન પરિણમે તો બંધ થતો નથી. જો જીવને કર્મના ઉદયના કારણે બંધ થતો હોય તો સંસારીને સર્વદા કર્મનો ઉદય વિદ્યમાન છે, તેથી સર્વદા બંધ થાય, કદી મોક્ષ થાય જ નહિ, માટે એમ સમજવું કે કર્મનો ઉદય બંધનું કારણ નથી, પણ જીવનું **ભાવમોહરૂપે પરિણમન** તે બંધનું કારણ છે.

*(હિંદી પ્રવચનસાર પા. ૫૮–૫૯ જયસેનાચાર્યકૃત ટીકા)*

૬. **પ્રશ્ન** :—પારિણામિકભાવને પર્યાયરૂપે કોઈ ગુણસ્થાને વર્ણવેલ છે?

**ઉત્તર** :—હા, બીજું ગુણસ્થાન દર્શનમોહનીયકર્મની ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય–એ ચાર અવસ્થાઓમાંથી કોઈપણ અવસ્થાની અપેક્ષા રાખતું નથી, એટલું બતાવવા ત્યાં શ્રદ્ધા અપેક્ષાએ પારિણામિક ભાવ કહેવામાં આવે છે. આ જીવ ચારિત્રમોહ સાથે જોડાય છે તે તો

ઔદયિક ભાવ છે, તે જીવને જ્ઞાન–દર્શન અને વીર્યનો ક્ષાયોપશમિકભાવ છે અને સર્વ જીવોને (દ્રવ્યાર્થિકનયે) અનાદિ–અનંત પારિણામિક ભાવ હોય છે, તે આ ગુણસ્થાને વર્તતા જીવને પણ હોય છે.

૭. **પ્રશ્ન** :—સમ્યગ્દષ્ટિ જીવો વિકારી ભાવોને–અપૂર્ણદશાને આત્માનું સ્વરૂપ માનતા નથી અને આ સૂત્રમાં તેવા ભાવને આત્માનું સ્વતત્ત્વ કહ્યું, તેનું શું કારણ?

**ઉત્તર** :—વિકારી ભાવ અને અપૂર્ણ અવસ્થા આત્માની વર્તમાન ભૂમિકામાં આત્માના પોતાના દોષના કારણે થાય છે, પણ કોઈ જડ કર્મના કારણે કે પરદ્રવ્યના કારણે થતી નથી, એમ બતાવવા માટે આ સૂત્રમાં તે ભાવને 'સ્વતત્ત્વ' કહેલ છે.

## (૭) જીવનું કર્તવ્ય

જીવે તત્ત્વાદિકનો નિશ્ચય કરવાનો ઉદ્યમ કરવો, તેનાથી ઔપશમિકાદિ સમ્યક્ત્વ સ્વયં થાય છે. દ્રવ્યકર્મના ઉપશમાદિક તે તો પુદ્ગલની શક્તિ (પર્યાય) છે; જીવ તેનો કર્તા-હર્તા નથી. પુરુષાર્થ પૂર્વક ઉદ્યમ કરવાનું કામ જીવનું છે; જીવે પોતે તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાવવો જોઈએ. એ પુરુષાર્થથી મોક્ષના ઉપાયની સિદ્ધિ આપોઆપ થાય છે. જીવ પુરુષાર્થ વડે જ્યારે તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાવવાનો અભ્યાસ રાખે છે ત્યારે તેને વિશુદ્ધતા વધે છે, કર્મોનો રસ સ્વયં હીન થાય છે અને કેટલાક કાળે જ્યારે પોતાના પુરુષાર્થ વડે જીવમાં પ્રથમ ઔપશમિકભાવે પ્રતીતિ પ્રગટે છે ત્યારે દર્શનમોહનો આપોઆપ ઉપશમ થાય છે. જીવનું કર્તવ્ય તો તત્ત્વના નિર્ણયનો અભ્યાસ છે; જીવ જ્યારે તત્ત્વનિર્ણયમાં ઉપયોગ લગાવે ત્યારે દર્શનમોહનો ઉપશમ સ્વયં જ થાય છે, કર્મના ઉપશમમાં જીવનું કાંઈ જ કર્તવ્ય નથી.

## (૮) પાંચ ભાવો સંબંધી વધારે ખુલાસો

કેટલાક લોકો આત્માને સર્વથા (એકાંત) ચૈતન્યમાત્ર માને છે અર્થાત્ સર્વથા શુદ્ધ માને છે, વર્તમાન અવસ્થામાં અશુદ્ધતા હોવા છતાં તેને સ્વીકારતા નથી; વળી કોઈ સર્વથા આનંદમાત્ર આત્માનું સ્વરૂપ માને છે, વર્તમાન અવસ્થામાં દુઃખ હોવા છતાં તેને સ્વીકારતા નથી; તેમની તે માન્યતા અને તેના જેવી બીજી માન્યતાઓ બરાબર નથી, એમ આ સૂત્ર સિદ્ધ કરે છે. જો આત્મા સર્વથા શુદ્ધ જ હોય તો સંસાર, બંધ, મોક્ષ, મોક્ષનો ઉપાય એ સર્વ મિથ્યા ઠરે. આત્માનું ત્રિકાળી સ્વરૂપ અને વર્તમાન અવસ્થાનું સ્વરૂપ (અર્થાત્ દ્રવ્યે અને પર્યાયે આત્માનું સ્વરૂપ) કેવું હોય તે યથાર્થપણે આ પાંચ ભાવો બતાવે છે. જો આ પાંચ ભાવોમાંથી એક પણ ભાવનું અસ્તિત્વ ન સ્વીકારવામાં આવે તો આત્માના શુદ્ધ–અશુદ્ધ સ્વરૂપનું સત્ય કથન થતું નથી અને તેથી જ્ઞાનમાં દોષ આવે છે. આ સૂત્ર જ્ઞાનનો દોષ ટાળીને, આત્માનું ત્રિકાળી સ્વરૂપ અને નિગોદથી સિદ્ધ સુધીની તેની તમામ અવસ્થાઓ બહુ જ અલ્પ શબ્દોમાં ચમત્કારિક રીતે દર્શાવે

છે, તે પાંચ ભાવોમાં ચૌદ ગુણસ્થાનો તથા સિદ્ધદશા પણ આવી જાય છે.

આ શાસ્ત્રમાં અનાદિથી ચાલ્યો આવતો ઔદયિકભાવ પહેલો લીધો નથી પણ ઔપશમિકભાવ પહેલો લીધો છે, તે એમ સૂચવે છે કે આ શાસ્ત્રમાં સ્વરૂપ સમજાવવા માટે ભેદો બતાવવામાં આવ્યા છે, તોપણ ભેદના આશ્રયે એટલે કે ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક—એ ભાવોના લક્ષે વિકલ્પ ચાલુ રહે છે અર્થાત્ અનાદિથી ચાલ્યો આવતો ઔદયિકભાવ જ ચાલુ રહે છે, માટે તે ભાવો તરફનું લક્ષ છોડીને ધ્રુવરૂપ પારિણામિકભાવ તરફ લક્ષ કરી એકાગ્ર થવું; તેમ કરતાં પ્રથમ ઔપશમિકભાવ પ્રગટે છે અને ક્રમે-ક્રમે શુદ્ધતા વધતાં ક્ષાયિકભાવની પૂર્ણતા થાય છે.

## (૯) આ સૂત્રમાં રહેલી નય–પ્રમાણ વિવક્ષા

(૧) વર્તમાન પર્યાય અને (૨) તે બાદ કરતાં જે દ્રવ્ય સામાન્ય તથા તેના ગુણોનું સાદૃશ્યપણે ત્રિકાળ ધ્રુવરૂપે ટકી રહેવું—આવાં બે પડખાં દરેક દ્રવ્યમાં છે. આત્મા પણ એક દ્રવ્ય છે, તેથી તેમાં પણ એવાં બે પડખાં છે, તે બે પડખાંથી વર્તમાન પર્યાયનો વિષય કરનાર પર્યાયાર્થિકનય છે. આ સૂત્રમાં કહેલા પાંચ ભાવોમાંથી ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ—વર્તમાન હાલત પૂરતા—છે, તેથી તે પર્યાયાર્થિકનયનો વિષય છે; તે વર્તમાન પર્યાયને બાદ કરતાં દ્રવ્ય–સામાન્ય તથા તેના અનંતગુણોનું સાદૃશ્યપણે ત્રિકાળ ધ્રુવરૂપ ટકી રહેવું છે તેને પારિણામિક ભાવ કહે છે, તે ભાવને કારણપરમાત્મા, કારણ સમયસાર કે જ્ઞાયકભાવ પણ કહેવામાં આવે છે; તે ત્રિકાળ સાદૃશ્યરૂપ હોવાથી દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આ બંને પડખાં (પર્યાયાર્થિકનયનો વિષય અને દ્રવ્યાર્થિકનયનો વિષય તે બંને) થઈને આખું જીવદ્રવ્ય છે, તેથી તે બન્ને પડખાં પ્રમાણનો વિષય છે.

આ બંને પડખાંનું નય અને પ્રમાણ દ્વારા યથાર્થ જ્ઞાન કરીને જે જીવ પોતાના વર્તમાન પર્યાયને ત્રિકાળી પારિણામિકભાવ તરફ વાળે છે, તેને સમ્યગ્દર્શન થાય છે અને તે ક્રમે-ક્રમે આગળ વધીને મોક્ષદશારૂપ ક્ષાયિકભાવ પ્રગટ કરે છે. ૧.

# ભાવોના ભેદો

## द्विनवाष्टादशैकविंशतित्रिभेदाः यथाक्रमम् ॥२॥

**અર્થ** :—ઉપર કહેલા પાંચ ભાવો [**यथाक्रमम्**] અનુક્રમથી [**द्वि नव अष्टादश एकविंशति त्रिभेदाः**] બે, નવ, અઢાર, એકવીસ અને ત્રણ ભેદવાળા છે.

તે ભેદોનું વર્ણન આગળના સૂત્રો દ્વારા કરે છે. ૨.

## ઔપશમિકભાવના બે ભેદો

## सम्यक्त्वचारित्रे ॥३॥

**અર્થ** :—[सम्यक्त्व] ઔપશમિક સમ્યક્ત્વ અને [चारित्रे] ઔપશમિક ચારિત્ર એમ ઔપશમિકભાવના બે ભેદો છે.

### ટીકા

**ઔપશમિક સમ્યક્ત્વ**—જીવને પોતાના સત્ય પુરુષાર્થથી જ્યારે ઔપશમિક સમ્યક્ત્વ પ્રગટે છે ત્યારે જડ કર્મો સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ એવો હોય છે, કે મિથ્યાત્વ કર્મનો અને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ કર્મનો સ્વયં ઉપશમ થાય છે. અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવોને તથા કોઈ સાદિમિથ્યાદ્રષ્ટિને મિથ્યાત્વની એક અને અનંતાનુબંધીની ચાર એમ કુલ પાંચ પ્રકૃતિ ઉપશમરૂપ થાય છે અને બાકીના સાદિમિથ્યાદ્રષ્ટિને મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ત્વ પ્રકૃતિ એ ત્રણ તથા અનંતાનુબંધીની ચાર, એમ કુલ સાત પ્રકૃતિનો ઉપશમ થાય છે. જીવના આ ભાવને ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય છે.

**ઔપશમિક ચારિત્ર**—જીવ જે ચારિત્રભાવ વડે ઉપશમશ્રેણીને લાયક ભાવ પ્રગટ કરે તેને ઔપશમિક ચારિત્ર કહે છે; તે વખતે મોહનીય કર્મની અપ્રત્યાખ્યાનાવરણાદિ ૨૧ પ્રકૃતિઓનો સ્વયં ઉપશમ થાય છે.

**પ્રશ્ન** :—જડ કર્મપ્રકૃતિનું નામ 'સમ્યક્ત્વ' કેમ છે?

**ઉત્તર** :—સમ્યગ્દર્શનની સાથે—સહચરિત ઉદય હોવાના કારણે ઉપચારથી કર્મપ્રકૃતિને 'સમ્યક્ત્વ' નામ આપવામાં આવે છે. ૩. *(શ્રી ધવલા પુસ્તક ૬ પાનું ૩૯)*

## ક્ષાયિકભાવના નવ ભેદો

## ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ॥४॥

**અર્થ** :—[ज्ञान दर्शन दान लाभ भोग उपभोग वीर्याणि] કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિકદાન, ક્ષાયિકલાભ, ક્ષાયિકભોગ, ક્ષાયિકઉપભોગ, ક્ષાયિકવીર્ય તથા [च] 'च' કહેતાં ક્ષાયિકસમ્યક્ત્વ અને ક્ષાયિકચારિત્ર-એમ ક્ષાયિકભાવના નવ ભેદ છે.

### ટીકા

જીવ જ્યારે આ ભાવ પ્રગટ કરે છે ત્યારે દ્રવ્યકર્મો સ્વયં-પોતાની મેળે આત્મપ્રદેશેથી

અત્યંત વિયોગપણે છૂટા પડે છે અર્થાત્ કર્મો ક્ષય પામે છે, તેથી આ ભાવને 'ક્ષાયિકભાવ' કહેવામાં આવે છે.

**કેવળજ્ઞાન** :—સંપૂર્ણ જ્ઞાનનું પ્રગટવું તે કેવળજ્ઞાન છે, ત્યારે જ્ઞાનાવરણીય કર્મની અવસ્થા ક્ષયપણે સ્વયં હોય છે.

**કેવળદર્શન** :—સંપૂર્ણ દર્શનનું પ્રગટવું તે કેવળદર્શન છે, ત્યારે દર્શનાવરણી કર્મનો ઉપર પ્રમાણે ક્ષય હોય છે.

**ક્ષાયિકદાનાદિ પાંચ ભાવો**—સંપૂર્ણપણે પોતાના ગુણનું પોતાને માટે દાનાદિ પાંચ ભાવોરૂપે પ્રગટવું થાય છે, ત્યારે દાનાંતરાય વગેરે પાંચ પ્રકારનાં અંતરાય કર્મનો ઉપર પ્રમાણે ક્ષય હોય છે.

**ક્ષાયિકસમ્યક્ત્વ** :—પોતાના અસલી સ્વરૂપની પાકી પ્રતીતિરૂપ પર્યાય તે ક્ષાયિક સમ્યક્ત્વ છે, તે પ્રગટે ત્યારે મિથ્યાત્વની ત્રણ અને અનંતાનુબંધીની ચાર એમ કુલ સાત કર્મપ્રકૃતિઓનો ઉપર પ્રમાણે ક્ષય હોય છે.

**ક્ષાયિકચારિત્ર**—પોતાના સ્વરૂપનું પૂર્ણ ચારિત્ર પ્રગટવું તે ક્ષાયિકચારિત્ર છે, ત્યારે મોહનીય કર્મની બાકીની ૨૧ પ્રકૃતિઓનો ક્ષય હોય છે. આ પ્રમાણે કર્મનો સ્વયં ક્ષય થાય ત્યારે 'જીવે કર્મનો ક્ષય કર્યો' એમ માત્ર ઉપચારથી કહેવામાં આવે છે. પરમાર્થથી તો જીવે પોતાની અવસ્થામાં પુરુષાર્થ કર્યો છે, જડમાં પુરુષાર્થ કર્યો નથી.

આ નવ ક્ષાયિકભાવને નવ લબ્ધિ પણ કહેવામાં આવે છે.

**ક્ષાયિકદાન**—પોતાના શુદ્ધ સ્વરૂપનું પોતાને દાન તે ઉપાદાન છે અને અનંત જીવોને નિમિત્તપણે થાય તે ક્ષાયિક અભયદાન છે.

**ક્ષાયિકલાભ**—પોતાના શુદ્ધ સ્વરૂપનો પોતાને લાભ તે ઉપાદાન છે અને નિમિત્તપણે શરીરના બળને ટકાવવાના કારણરૂપ, અન્ય મનુષ્યને ન હોય તેવા અત્યંત શુભ સૂક્ષ્મ નોકર્મરૂપે પરિણમતા અનંત પુદ્‌ગલ પરમાણુઓનો સમયે સમયે સંબંધ હોવો તે.

**ક્ષાયિક ભોગ**—પોતાના શુદ્ધ સ્વરૂપનો ભોગ તે ક્ષાયિક ભોગ છે અને નિમિત્તપણે પુષ્પવૃષ્ટિ આદિક વિશેષોનું પ્રગટ થવું તે.

**ક્ષાયિક ઉપભોગ**—પોતાના શુદ્ધ સ્વરૂપનો સમયે સમયે ભોગવટો થવો તે ક્ષાયિક ઉપભોગ છે અને નિમિત્તપણે સિંહાસન, ચામર, ત્રણ છત્ર આદિ વિભૂતિનું હોવું તે.

**ક્ષાયિક વીર્ય**—પોતાના શુદ્ધ સ્વરૂપમાં ઉત્કૃષ્ટ સામર્થ્યપણે પ્રવૃત્તિ તે ક્ષાયિક વીર્ય છે. ૪.

## ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદો

**ज्ञानाज्ञानदर्शनलब्धयश्चतुस्त्रित्रिपंचभेदाः सम्यक्त्वचारित्रसंयमासंयमाश्च ॥५॥**

**અર્થ** :—[ज्ञान अज्ञान] મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ ચાર જ્ઞાન, કુમતિ, કુશ્રુત, કુઅવધિ એ ત્રણ અજ્ઞાન, [दर्शन] ચક્ષુ, અચક્ષુ, અવધિ એ ત્રણ દર્શન, [लब्धयः] ક્ષાયોપશમિકદાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય એ પાંચ લબ્ધિ, [चतुः त्रि त्रि पंचभेदाः] એમ ચાર + ત્રણ + ત્રણ અને પાંચ ભેદો (તેમ જ) [सम्यक्त्व] ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, [चारित्र] ક્ષાયોપશમિક ચારિત્ર [च] અને [संयमासंयमाः] સંયમાસંયમ-એમ ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે.

### ટીકા

**ક્ષાયોપશમિક સમ્યક્ત્વ**—મિથ્યાત્વની તથા અનંતાનુબંધીની કર્મપ્રકૃતિઓના ઉદયભાવી ક્ષય તથા ઉપશમની અપેક્ષાએ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે; અને સમ્યક્ત્વપ્રકૃતિનો ઉદય છે તે અપેક્ષાએ તેને જ વેદસમ્યક્ત્વ કહેવામાં આવે છે.

**ક્ષાયોપશમિક ચારિત્ર**—સમ્યગ્દર્શનપૂર્વકના ચારિત્ર વખતે જે રાગ છે, તેની અપેક્ષાએ તે સરાગચારિત્ર કહેવાય છે પણ તેમાં જે રાગ છે તે ચારિત્ર નથી, જેટલો વીતરાગભાવ છે તેટલું જ ચારિત્ર છે, આ ચારિત્રને ક્ષાયોપશમિક ચારિત્ર કહેવાય છે.

**સંયમાસંયમ**—આ ભાવને દેશવિરત અથવા વિરતાવિરત ચારિત્ર પણ કહેવામાં આવે છે.

**મતિજ્ઞાન**—વગેરેનું સ્વરૂપ પહેલા અધ્યાયમાં કહેવાઈ ગયું છે, ત્યાંથી જોઈ લેવું. [જુઓ, પાનું-૪૦ તથા ૮૪]

**દાન-લાભ** વગેરે લબ્ધિનું સ્વરૂપ ઉપરના સૂત્રમાં કહ્યું છે, ત્યાં ક્ષાયિકભાવે તે લબ્ધિ હતી, અહીં તે લબ્ધિ ક્ષાયોપશમિકભાવે છે-એમ સમજવું. ૫.

## ઔદયિકભાવના એકવીસ ભેદો

**गतिकषायलिंगमिथ्यादर्शनाज्ञानासंयतासिद्धलेश्या-श्चतुश्चतुस्त्र्येकैकैकैकषड्भेदाः ॥६॥**

**અર્થ** :—[गति] તિર્યંચ, નરક, મનુષ્ય અને દેવ એ ચાર ગતિ, [कषाय] ક્રોધ, માન,

માયા, લોભ એ ચાર કષાય, [लिंग] સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એ ત્રણ લિંગ, [मिथ्यादर्शन] મિથ્યાદર્શન, [अज्ञान] અજ્ઞાન, [असंयत] અસંયમ, [असिद्ध] અસિદ્ધત્વ તથા [लेश्याः] કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુક્લ એ છ લેશ્યા—એમ [चतुः चतुः त्रि एक एक एक एक षड्भेदाः] ચાર + ચાર + ત્રણ + એક + એક + એક + એક અને છ—એ બધા મળીને ઔદયિકભાવના એકવીસ ભેદો છે.

## ટીકા

**પ્રશ્ન** :—ગતિ તો અઘાતિકર્મના ઉદયથી થાય છે, જીવના અનુજીવી ગુણના ઘાતનું તે નિમિત્ત નથી, છતાં તેને ઔદયિકભાવમાં કેમ ગણી છે?

**ઉત્તર** :—જીવને જે પ્રકારની ગતિનો સંયોગ થાય છે તેમાં તે મમત્વપણું કરે છે, જેમ કે–'હું મનુષ્ય, હું ઢોર, હું દેવ, હું નારકી' એમ તે માને છે. આ રીતે **જ્યાં મોહભાવ હોય ત્યાં** વર્તમાન ગતિમાં જીવ પોતાપણાની કલ્પના કરે છે, તેથી આ અપેક્ષાએ ગતિને ઔદયિકભાવમાં ગણેલ છે.

**લેશ્યા** :—કષાયથી અનુરંજિત યોગને લેશ્યા કહેવામાં આવે છે. લેશ્યા બે પ્રકારની છે–દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા, અહીં ભાવલેશ્યાનો વિષય છે. ભાવલેશ્યા છ પ્રકારની છે. 'લેશ્યા વખતે આત્મામાં તે તે પ્રકારનો રંગ થાય છે' એમ ન સમજવું. પણ જીવના વિકારી કાર્યો ભાવઅપેક્ષાએ છ પ્રકારના થાય છે, તે ભાવમાં વિકારની તારતમ્યતા બતાવવા માટે એ છ પ્રકારો કહ્યા છે. લોકમાં કોઈ માણસ ખરાબ કામ કરે તો 'કાળું કાર્ય કર્યું' એમ કહેવાય છે, ત્યાં તેના કાર્યનો કાળો રંગ નથી પણ તે કાર્યમાં તેનો તીવ્ર માઠો ભાવ હોવાથી તેને 'કાળું' કહેવામાં આવે છે અને એ ભાવઅપેક્ષાએ તેને કૃષ્ણલેશ્યા કહેવામાં આવે છે. જેમ જેમ વિકારની તીવ્રતામાં ઓછાપણું હોય છે તેમ તેમ તે ભાવને 'નીલ લેશ્યા' વગેરે નામ આપવામાં આવે છે. શુક્લલેશ્યા એ પણ શુભ ઔદયિકભાવમાં હોય છે. શુક્લલેશ્યા એ કાંઈ ધર્મ નથી, તે લેશ્યા તો મિથ્યાદ્રષ્ટિઓને પણ થાય છે. પુણ્યની તારતમ્યતામાં ઊંચો પુણ્યભાવ હોય ત્યારે શુક્લલેશ્યા હોય છે, તે ઔદયિકભાવ છે અને તેથી તે સંસારનું કારણ છે, ધર્મનું કારણ નથી.

**પ્રશ્ન** :—ભગવાનને તેરમા ગુણસ્થાને કષાય નથી, છતાં તેમને શુક્લલેશ્યા કેમ કહી છે?

**ઉત્તર** :—ભગવાનને શુક્લલેશ્યા ઉપચારથી કહી છે. પૂર્વે યોગ સાથે લેશ્યાનું સહકારીપણું હતું, તે યોગ તેરમા ગુણસ્થાને વિદ્યમાન હોવાથી ઉપચારથી ત્યાં લેશ્યા પણ કહી છે. લેશ્યાનું કાર્ય કર્મબંધ છે, ભગવાનને કષાય નથી તોપણ યોગ હોવાથી એક સમયનો બંધ છે, તે અપેક્ષા લક્ષમાં રાખી ઉપચારથી શુક્લલેશ્યા કહી છે.

**અજ્ઞાન** :—જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન–એ અર્થમાં અહીં અજ્ઞાન લીધું છે, કુજ્ઞાનને અહીં લીધું નથી, કુજ્ઞાનને તો ક્ષાયોપશમિકભાવમાં લીધું છે. ૬.

## પારિણામિકભાવના ત્રણ ભેદો

## जीवभव्याभव्यत्वानि च ॥७॥

**અર્થ** :—[जीव भव्य अभव्यत्वानि च] જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એમ પારિણામિકભાવના ત્રણ ભેદો છે.

### ટીકા

(૧) સૂત્રમાં છેડે 'च' શબ્દથી અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ સામાન્યગુણોનું પણ ગ્રહણ થાય છે.

**ભવ્યત્વ**–મોક્ષ પામવાને લાયક જીવને 'ભવ્યત્વ' હોય છે.

**અભવ્યત્વ**–મોક્ષ પામવાને કદી લાયક થતા નથી, એવા જીવને 'અભવ્યત્વ' હોય છે.

ભવ્યત્વ અને અભવ્યત્વ ગુણો છે, તે બંને અનુજીવી ગુણો છે; કર્મના સદ્ભાવ કે અભાવની અપેક્ષાએ તે નામો આપવામાં આવ્યાં નથી.

**જીવત્વ**–ચૈતન્યપણું, જીવનપણું; જ્ઞાનાદિ ગુણયુક્ત રહેવું તે જીવન કહેવાય છે.

**પારિણામિક શબ્દનો અર્થ** :—કર્મના ઉદયાદિની અપેક્ષા વગર આત્મામાં જે ગુણ મૂળથી રહેવાવાળા છે, તેને 'પારિણામિક' કહે છે.

### (૨) વિશેષ ખુલાસો

૧. પાંચ ભાવોમાં ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ (વર્તમાન વર્તતી દશારૂપ) છે અને પાંચમો શુદ્ધ પારિણામિકભાવ છે, તે ત્રિકાળી એકરૂપ ધ્રુવ છે તેથી તે દ્રવ્યરૂપ છે; આ રીતે આત્મપદાર્થ દ્રવ્ય અને પર્યાય સહિત (–જે વખતે જે પર્યાય હોય તે સહિત) છે.

૨. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ પારિણામિકભાવોમાં જે શુદ્ધ જીવત્વભાવ છે, તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ શુદ્ધ પારિણામિકભાવ છે અને તે બંધ–મોક્ષ પર્યાય (–પરિણતિ) રહિત છે; એમ સમજવું.

૩. જે દશ પ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ છે, તે વર્તમાન વર્તતી અવસ્થાના

આશ્રયે હોવાથી (–પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી) અશુદ્ધ પારિણામિકભાવ સમજવા. જેમ સર્વ સંસારી જીવો શુદ્ધનયે શુદ્ધ છે તેમ જો અવસ્થાદૃષ્ટિએ પણ શુદ્ધ છે, એમ માનવામાં આવે તો દશ પ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વનો અભાવ જ થાય.

૪. ભવ્યત્વ અને અભવ્યત્વમાં ભવ્યત્વ નામનો જે અશુદ્ધપારિણામિકભાવ છે તે ભવ્ય જીવોને હોય છે; તે ભાવ જોકે દ્રવ્યકર્મની અપેક્ષા રાખતો નથી, તોપણ તે જીવના સમ્યક્ત્વાદિ ગુણ જ્યારે ઢંકાએલા હોય છે ત્યારે તેમાં જે જડકર્મ નિમિત્ત છે તે કર્મને ભવ્યત્વની અશુદ્ધતામાં ઉપચારથી નિમિત્ત કહેવાય છે. તે જીવ જ્યારે પોતાની પાત્રતા વડે જ્ઞાનીની દેશના સાંભળી સમ્યગ્દર્શન પ્રગટ કરે છે અને પોતાના ચારિત્રમાં સ્થિર થાય છે ત્યારે તેને ભવ્યત્વ શક્તિ પ્રગટ (–વ્યક્ત) થાય છે,—તે જીવ સહજ શુદ્ધ પારિણામિકભાવ જેનું લક્ષણ છે એવા પોતાના પરમાત્મદ્રવ્યમય સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન અને અનુચરણરૂપ અવસ્થા (–પર્યાય પ્રગટ) કરે છે.

*(જુઓ, સમયસાર–હિંદી જયસેનાચાર્યકૃત સંસ્કૃત ટીકા, પા–૪૨૩)*

૫. પર્યાયાર્થિકનયે કહેવામાં આવતો ભવ્યત્વભાવનો અભાવ મોક્ષદશામાં થાય છે, એટલે કે જ્યારે જીવમાં સમ્યગ્દર્શનાદિ ગુણની પૂર્ણતા થઈ જાય છે ત્યારે ભવ્યત્વનો વ્યવહાર મટી જાય છે. *[જુઓ, અધ્યાય ૧૦ સૂત્ર–૩]*

## (૩) અનાદિ અજ્ઞાની જીવને ક્યા ભાવો કદી થયા નથી ?

૧. એ વાત લક્ષમાં રાખવી કે જીવને અનાદિથી જ્ઞાન, દર્શન અને વીર્ય ક્ષાયોપશમિકભાવો છે, પણ તે કાંઈ ધર્મનું કારણ નથી.

૨. પોતાના સ્વરૂપને લગતી અસાવધાની (મોહ) સંબંધનો **ઔપશમિકભાવ** અનાદિ અજ્ઞાની જીવને કદી પ્રગટ્યો નથી. જીવ જ્યારે સમ્યગ્દર્શન પ્રગટ કરે છે ત્યારે દર્શનમોહનો (મિથ્યાત્વનો) ઉપશમ થાય છે; સમ્યગ્દર્શન અપૂર્વ છે, કેમ કે તે જીવને પૂર્વે કદી પણ તે ભાવ થયેલો ન હતો. આ ઔપશમિકભાવ થયા પછી મોહને લગતા ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવ તે જીવને પ્રગટ થયા વગર રહેતા નથી; તે જીવ મોક્ષાવસ્થા અવશ્ય પ્રગટ કરે છે.

## (૪) ઉપરના ઔપશમિકાદિ ત્રણ ભાવો ક્યા વિધિથી પ્રગટે ?

૧. જ્યારે જીવ પોતાના આ ભાવોનું સ્વરૂપ સમજીને ત્રિકાળી ધ્રુવરૂપ (સકળ નિરાવરણ) અખંડ એક અવિનશ્વર શુદ્ધ પારિણામિકભાવ તરફ પોતાનું વલણ–લક્ષ સ્થિર કરે ત્યારે ઉપરના ત્રણ ભાવો પ્રગટે છે; ‘હું ખંડ–જ્ઞાનરૂપ છું’ એવી ભાવના વડે ઔપશમિકાદિભાવો પ્રગટતા નથી. *[શ્રી સમયસાર–હિંદી જયસેનાચાર્યકૃત ટીકા—પા. ૪૮૩]*

૨. પોતાના અવિનશ્વર શુદ્ધ પારિણામિકભાવ તરફના વલણને અધ્યાત્મભાષામાં 'નિશ્ચયનયનો આશ્રય' કહેવામાં આવે છે. નિશ્ચયનયના આશ્રયે શુદ્ધપર્યાય પ્રગટે છે. નિશ્ચયનયનો વિષય અખંડ; અવિનશ્વર શુદ્ધપારિણામિકભાવ અર્થાત્ જ્ઞાયકભાવ છે. વ્યવહારનયના આશ્રયે શુદ્ધતા પ્રગટતી નથી, પણ અશુદ્ધતા પ્રગટે છે.

*[શ્રી સમયસાર ગાથા-૧૧]*

## (૫) પાંચ ભાવોમાંથી કયા ભાવ બંધરૂપ છે અને કયા ભાવ બંધરૂપ નથી?

૧. આ પાંચ ભાવોમાંથી એક ઔદયિકભાવ (મોહ સાથેનો જોડાણભાવ) બંધરૂપ છે; જ્યારે જીવ મોહભાવ કરે ત્યારે કર્મનો ઉદય બંધનું કારણ ઉપચારથી કહેવાય અને જો જીવ મોહભાવરૂપે ન પરિણમે તો બંધ થાય નહિ અને ત્યારે તે જ જડ-કર્મની નિર્જરા થઈ, એમ ઉપચારથી કહેવાય.

૨. જેમાં પુણ્ય, પાપ, દાન, પૂજા, વ્રતાદિ ભાવોનો સમાવેશ થાય છે, એવા આસ્રવ અને બંધ એ બે ઔદયિકભાવ છે; સંવર અને નિર્જરા તે મોહના ઔપશમિક અને ક્ષાયોપશમિકભાવ છે, તે શુદ્ધતાના અંશો હોવાથી બંધરૂપ નથી; અને મોક્ષ તે ક્ષાયિકભાવ છે, તે સર્વથા પવિત્ર પર્યાય છે, એટલે તે પણ બંધરૂપ નથી.

૩. શુદ્ધ ત્રિકાળી પારિણામિકભાવ તો બંધ અને મોક્ષથી નિરપેક્ષ છે. ૭.

## જીવનું લક્ષણ

## उपयोगो लक्षणम् ॥८॥

**અર્થ** :—[लक्षणम्] જીવનું લક્ષણ [उपयोगः] ઉપયોગ છે.

### ટીકા

**લક્ષણ**—ઘણા મળેલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને જુદો કરવાવાળા હેતુને (સાધનને) લક્ષણ કહે છે. (શ્રી જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા. પ્રશ્ન-૨.)

**ઉપયોગ**—ચૈતન્યગુણ સાથે સંબંધ રાખવાવાળા જીવના પરિણામને ઉપયોગ કહે છે.

ઉપયોગને 'જ્ઞાન-દર્શન' પણ કહેવાય છે, તે બધા જીવોમાં હોય છે અને જીવ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં હોતા નથી, તેથી તેને જીવનો અસાધારણ ગુણ અથવા લક્ષણ કહે છે; વળી

તે સદ્‌ભૂત (આત્મભૂત) લક્ષણ છે, તેથી બધા જીવોમાં સદાય હોય છે. આ સૂત્રમાં બધા જીવોને લાગુ પડે તેવું સામાન્ય લક્ષણ આપ્યું છે.

*[તત્ત્વાર્થસાર પા. ૫૪ : અંગ્રેજી તત્ત્વાર્થસૂત્ર પા. ૫૮].*

જેમ સોના અને ચાંદીનો એક પિંડ હોવા છતાં તેમાં સોનું તેના પીળાશાદિ લક્ષણ વડે અને ચાંદી તેના શુકલાદિ લક્ષણ વડે બંને જુદાં છે, એમ તેનો ભેદ જાણી શકાય છે, તેમ જીવ અને કર્મ–નોકર્મ (શરીર) એકક્ષેત્રે હોવા છતાં જીવ તેના ઉપયોગ-લક્ષણ વડે કર્મ–નોકર્મથી જુદો છે અને દ્રવ્યકર્મ–નોકર્મ તેમના સ્પર્શાદિ લક્ષણ વડે જીવથી જુદાં છે–એમ તેનો ભેદ જાણી શકાય છે.

જીવ અને પુદ્‌ગલને અનાદિથી એકક્ષેત્રાવગાહરૂપે સંબંધ છે, તેથી અજ્ઞાનદશામાં તે બન્ને એકરૂપ ભાસે છે. જીવ અને પુદ્‌ગલ એક આકાશક્ષેત્રે હોવા છતાં જો સાચાં લક્ષણો વડે નિર્ણય કરવામાં આવે તો તે બંને ભિન્ન છે, તેવું જ્ઞાન થાય છે. ઘણા મળેલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને જુદો કરનાર હેતુને લક્ષણ કહે છે. અનંત પરમાણુઓનું બનેલું શરીર અને જીવ એમ ઘણા મળેલા પદાર્થો છે, તેમાં અનંત પુદ્‌ગલો છે અને એક જીવ છે, તેને જ્ઞાનમાં જુદા કરવા માટે અહીં જીવનું લક્ષણ બતાવવામાં આવ્યું છે, 'જીવનું લક્ષણ ઉપયોગ છે' એમ અહીં કહ્યું છે.

**પ્રશ્ન** :—ઉપયોગ એટલે શું?

**ઉત્તર** :—ચૈતન્ય તે આત્માનો સ્વભાવ છે, તે ચૈતન્યસ્વભાવને અનુસરતો આત્માનો જે પરિણામ તેને ઉપયોગ કહેવામાં આવે છે. ઉપયોગ જીવનું નિર્બાધ લક્ષણ છે.

## આઠમા સૂત્રનો સિદ્ધાંત

શરીરાદિનાં કાર્યો હું કરી શકું, હું તેને હલાવી–ચલાવી શકું એમ જે જીવો માને છે તે ચેતન અને જડદ્રવ્યને એકરૂપ માને છે, તેઓની એ ખોટી માન્યતા છોડાવવા અને જીવદ્રવ્ય જડથી સર્વથા જુદું છે, એમ બતાવવા જીવનું અસાધારણ લક્ષણ ઉપયોગ છે; એમ આ સૂત્રમાં બતાવ્યું છે.

નિત્ય ઉપયોગ લક્ષણવાળું જીવદ્રવ્ય કદી પુદ્‌ગલદ્રવ્યપણે (શરીરાદિપણે) થતું જોવામાં આવતું નથી અને નિત્ય જડ લક્ષણવાળું શરીરાદિ પુદ્‌ગલદ્રવ્ય કદી જીવદ્રવ્યપણે થતું જોવામાં આવતું નથી; કારણ કે ઉપયોગ અને જડપણાને એકરૂપ થવામાં, પ્રકાશ અને અંધકારની માફક વિરોધ છે. જડ અને ચેતન કદી પણ એક થઈ શકે નહિ. જડ અને ચેતન એ બંને સર્વથા જુદાં જુદાં છે, કદાચિત્ કોઈ પણ રીતે એકરૂપ થતાં નથી; તેથી હે જીવ! તું સર્વ પ્રકારે પ્રસન્ન

થા! તારું ચિત્ત ઉજ્જ્વળ કરી સાવધાન થા અને સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ. આવો શ્રીગુરુઓનો ઉપદેશ છે.

જીવ, શરીર અને દ્રવ્યકર્મ એક આકાશપ્રદેશે બંધરૂપ રહ્યાં છે, તેથી તે ઘણા મળેલા પદાર્થોમાંથી એક જીવપદાર્થને જુદો જાણવા માટે આ સૂત્રમાં જીવનું લક્ષણ કહેવામાં આવ્યું છે. ૮. (સર્વાર્થસિદ્ધિ ભાગ બીજો. પા. ૨૭–૨૮)

## ઉપયોગના ભેદો

## स द्विविधोऽष्टचतुर्भेदः ॥९॥

**અર્થ** :—[सः] તે ઉપયોગના [द्विविधः] જ્ઞાનઉપયોગ અને દર્શનઉપયોગ એવા બે ભેદ છે; વળી તેઓ ક્રમથી [अष्ट चतुः भेदः] આઠ અને ચાર ભેદસહિત છે અર્થાત્ જ્ઞાનઉપયોગના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ (એ પાંચ સમ્યગ્જ્ઞાન) અને કુમતિ, કુશ્રુત તથા કુઅવધિ (એ ત્રણ મિથ્યાજ્ઞાન) એમ આઠ ભેદ છે, તેમ જ દર્શનઉપયોગના ચક્ષુ, અચક્ષુ, અવધિ તથા કેવળ એમ ચાર ભેદ છે. આ રીતે જ્ઞાનના આઠ અને દર્શનના ચાર ભેદો મળી ઉપયોગના કુલ બાર ભેદ છે.

### ટીકા

(૧) આ સૂત્રમાં 'ઉપયોગના ભેદ બતાવ્યા છે, કેમ કે ભેદ બતાવ્યા હોય તો જિજ્ઞાસુઓ જલદી સમજી શકે છે, તેથી કહ્યું છે કે–'सामान्य शास्त्रतो नूनं, विशेषो बलवान् भवेत्' અર્થાત્ સામાન્ય શાસ્ત્રથી વિશેષ બળવાન છે. સામાન્ય એટલે ટૂંકામાં કહેનારું અને વિશેષ એટલે ભેદો પાડીને બતાવનારું. સાધારણ માણસો વિશેષથી બરાબર નિર્ણય કરી શકે છે. [મોક્ષમાર્ગ પ્રકાશક–પા. ૨૦૮]

### (૨) 'દર્શન' શબ્દના જુદા જુદા અર્થો અને તેમાંથી અહીં લાગુ પડતો અર્થ

શાસ્ત્રમાં એક જ શબ્દનો કોઈ ઠેકાણે તો કોઈ અર્થ થાય છે તથા કોઈ ઠેકાણે કોઈ અર્થ થાય છે. 'દર્શન' શબ્દના પણ અનેક અર્થ થાય છે. (૧) અધ્યાય ૧, સૂત્ર ૧–૨માં મોક્ષમાર્ગ સંબંધી કથન કરતાં 'સમ્યગ્દર્શન શબ્દ કહ્યો છે ત્યાં દર્શન શબ્દનો અર્થ શ્રદ્ધા છે. (૨) ઉપયોગના વર્ણનમાં 'દર્શન' શબ્દનો અર્થ વસ્તુનું સામાન્યગ્રહણ માત્ર છે અને (૩) ઈંદ્રિયના વર્ણનમાં 'દર્શન શબ્દનો અર્થ નેત્ર વડે દેખવા માત્ર છે. આ ત્રણ અર્થોમાંથી અહીં ચાલતા સૂત્રમાં બીજો અર્થ લાગુ પડે છે. *[મોક્ષમાર્ગ પ્ર. પા. ૩૦૧]*

**દર્શન ઉપયોગ**—કોઈ પણ પદાર્થને જાણવાની યોગ્યતા (લબ્ધિ) થતાં તે પદાર્થ તરફ સન્મુખતા, પ્રવૃત્તિ અથવા બીજા પદાર્થો તરફથી હઠીને વિવક્ષિત પદાર્થ તરફ ઉત્સુકતા પ્રગટ થાય છે તે દર્શન છે, તે ઉત્સુકતા ચેતનામાં જ થાય છે. વિવક્ષિત પદાર્થને થોડો પણ જાણવામાં આવતો નથી ત્યાં સુધીના ચેતનાના વ્યાપારને 'દર્શન ઉપયોગ' કહેવામાં આવે છે. દૃષ્ટાંત :— એક માણસનો ઉપયોગ ભોજન કરવામાં લાગી રહ્યો છે અને તેને એકદમ ઈચ્છા થઈ કે બહાર મને કોઈ બોલાવતું તો નથી ને? હું તે જાણી લઉં; અથવા કોઈનો અવાજ કાનમાં પડવાથી તેનો ઉપયોગ ભોજન તરફથી હઠીને શબ્દ તરફ લાગી જાય છે. આમાં ચેતનાના ઉપયોગનું ભોજનથી ખસવું અને શબ્દ તરફનું લાગવું થયું, પણ જ્યાં સુધી શબ્દ તરફનું કાંઈ પણ જ્ઞાન ન થાય ત્યાં સુધીનો વ્યાપાર તે 'દર્શન ઉપયોગ' છે.

પૂર્વ વિષયથી હઠવું અને પછીના વિષય તરફ ઉત્સુક થવું તે જ્ઞાનનો પર્યાય નથી, તેથી તે ચેતનાપર્યાયને 'દર્શન ઉપયોગ' કહેવામાં આવે છે. *[તત્ત્વાર્થસાર-પા. ૩૧૦-૩૧૧]*

આત્માના ઉપયોગનું પદાર્થ તરફ ઝૂકવું, તે દર્શન છે. *[ગુજરાતી દ્રવ્યસંગ્રહ પા. ૫૯]*

દ્રવ્યસંગ્રહની ૪૩મી ગાથામાં 'સામાન્ય' શબ્દ વાપર્યો છે, તેનો અર્થ 'આત્મા' થાય છે. સામાન્યગ્રહણ એટલે આત્મગ્રહણ; આત્મગ્રહણ તે દર્શન છે. *[હિંદી બૃહત્ દ્રવ્યસંગ્રહ પા. ૧૭૫]*

## (3) સાકાર અને નિરાકાર

જ્ઞાનને સાકાર અને દર્શનને નિરાકાર કહેવામાં આવે છે; ત્યાં 'આકાર'નો અર્થ 'લંબાઈ-પહોળાઈ અને જાડાઈ' એમ થતો નથી, પણ જે પ્રકારનો પદાર્થ હોય તે પ્રકાર જ્ઞાનમાં જણાય, તેને આકાર કહેવામાં આવે છે. અમૂર્તિક આત્માનો ગુણ હોવાથી જ્ઞાન પોતે ખરી રીતે અમૂર્ત છે. જે પોતે તો અમૂર્ત હોય અને વળી દ્રવ્ય ન હોય, માત્ર ગુણ હોય તેને પોતાનો જુદો આકાર હોઈ શકે નહિ; પોતપોતાના આશ્રયભૂત દ્રવ્યનો જે આકાર હોય તે જ આકાર ગુણોનો હોય છે. જ્ઞાનગુણનો આધાર આત્મદ્રવ્ય છે, તેથી આત્માનો જે આકાર તે જ જ્ઞાનનો આકાર છે, આત્મા ગમે તેવા આકારના પદાર્થને જાણે તોપણ આત્માના આકાર તો (સમુદ્ઘાત સિવાયના પ્રસંગે) બહારના શરીરાકારે રહે છે, તેથી વાસ્તવિક રીતે જ્ઞેય પદાર્થના આકારે જ્ઞાન થતું નથી, પણ આત્માના આકારે જ્ઞાન રહે છે; પણ જ્ઞેય પદાર્થ જેવો છે તેવો જ્ઞાન જાણી લે છે, તેથી જ્ઞાનને સાકાર કહેવાય છે (તત્ત્વાર્થસાર-પા. ૩૦૮-૩૦૯). દર્શન એક પદાર્થથી બીજાને જુદો પાડતું નથી, તેથી તેને નિરાકાર કહેવાય છે.

પંચાધ્યાયી ભાગ બીજો ગાથા-૩૯૧ માં આકારનો અર્થ નીચે પ્રમાણે કહ્યો છે—

**आकारोर्थविकल्पः स्वादर्थः स्वपरगोचरः।**
**सोपयोगो विकल्पो वा ज्ञानस्यैतद्धि लक्षणम्॥**

**અર્થ** :—અર્થવિકલ્પને આકાર કહે છે, સ્વ-પર પદાર્થને અર્થ કહેવામાં આવે છે, ઉપયોગાવસ્થાને વિકલ્પ કહે છે અને તે જ્ઞાનનું લક્ષણ છે.

**ભાવાર્થ** :—આત્મા અથવા બીજા પદાર્થોનું ઉપયોગાત્મક ભેદવિજ્ઞાન થવું તેને જ આકાર કહે છે. પદાર્થોના ભેદાભેદને માટે થયેલા નિશ્ચયાત્મક બોધને જ આકાર કહે છે; અર્થાત્ પદાર્થોનું જાણવું તે જ આકાર કહેવાય છે અને તે જ્ઞાનનું સ્વરૂપ છે.

**વિકલ્પ** :—અર્થ = સ્વ અને પર વિષય; વિકલ્પ = વ્યવસાય; અર્થવિકલ્પ = સ્વ-પર વ્યવસાયાત્મક જ્ઞાન, એ જ્ઞાનને પ્રમાણ કહેવાય છે.

*[પં. દેવકીનંદનકૃત પંચાધ્યાયી. ભાગ પહેલો, ગાથા, ૬૬૬ની ફૂટનોટ]*

## આકાર સંબંધી વિશેષ ખુલાસો

જ્ઞાન અમૂર્તિક આત્માનો ગુણ છે, તેમાં જ્ઞેય પદાર્થનો આકાર ઊતરતો નથી. માત્ર વિશેષ પદાર્થ તેમાં ભાસવા લાગે છે-તેને આકૃતિ માનવી, એ મતલબ છે. સારાંશ :—જ્ઞાનમાં પરપદાર્થની આકૃતિ વાસ્તવિક રીતે માની શકાય નહિ, પરંતુ જ્ઞાન-જ્ઞેયસંબંધના કારણે જ્ઞેયનો આકૃતિધર્મ ઉપચાર નયથી જ્ઞાનમાં કલ્પિત કરવામાં આવે છે, તે ઉપચારનું કારણ એટલું જ સમજવું કે પદાર્થોની વિશેષ આકૃતિ નક્કી કરનાર જે ચૈતન્યપરિણામ છે તે જ્ઞાન કહેવાય છે, પણ તે પદાર્થના વિશેષ આકારતુલ્ય જ્ઞાન સ્વયં થઈ જાય છે, એવો સાકારનો અર્થ નથી.

*(તત્ત્વાર્થસાર પા. ૫૪-૩૦૮)*

## (૪) દર્શન અને જ્ઞાન વચ્ચે ભેદ

અંતર્મુખ ચિત્પ્રકાશને દર્શન અને બહિર્મુખ ચિત્પ્રકાશને જ્ઞાન કહેવામાં આવે છે. સામાન્ય-વિશેષાત્મક બાહ્ય પદાર્થને ગ્રહણ કરનારું જ્ઞાન છે અને સામાન્ય-વિશેષાત્મક આત્મસ્વરૂપને ગ્રહણ કરનારું દર્શન છે.

**શંકા** :—આ પ્રમાણે દર્શન અને જ્ઞાનનું સ્વરૂપ માનવાથી 'વસ્તુનું જે સામાન્યગ્રહણ થાય છે, તેને દર્શન કહે છે' એવા શાસ્ત્રના વચન સાથે વિરોધ આવશે?

**સમાધાન** :—બધા બાહ્ય પદાર્થો સાથે સાધારણપણું હોવાથી, તે વચનમાં જ્યાં 'સામાન્ય' સંજ્ઞા આપવામાં આવી છે ત્યાં સામાન્ય પદથી આત્માને જ ગ્રહણ કરવો.

**શંકા** :—એમ શા ઉપરથી જાણવું, કે અહીં સામાન્ય પદથી આત્મા જ સમજવો?

**સમાધાન** :—એ શંકા કરવી ઠીક નથી, કેમ કે ''પદાર્થના આકાર અર્થાત્ ભેદને કર્યા વિના'' એ શાસ્ત્રવચનથી તેની પુષ્ટિ થઈ જાય છે; તે સ્પષ્ટ કહેવામાં આવે છે.-બાહ્ય પદાર્થોને

આકારરૂપ પ્રતિકર્મ વ્યવસ્થાને નહિ કરતાં (અર્થાત્ ભેદરૂપથી પ્રત્યેક પદાર્થને ગ્રહણ કર્યા વિના) જે સામાન્યગ્રહણ થાય છે, તેને 'દર્શન' કહે છે. વળી તે અર્થને દૃઢ કરવા માટે કહે છે કે– 'આ અમુક પદાર્થ છે, આ અમુક પદાર્થ છે' ઈત્યાદિરૂપે પદાર્થોની વિશેષતા કર્યા વિના જે ગ્રહણ થાય છે, તેને દર્શન કહે છે.

**શંકા** :—ઉપર કહ્યું તેવું દર્શનનું લક્ષણ માનશો, તો 'અનધ્યવસાય'ને દર્શન માનવું પડશે?

**સમાધાન** :—નહિ, કેમ કે દર્શન બાહ્ય પદાર્થોનો નિશ્ચય ન કરતાં છતાં પણ સ્વરૂપનો નિશ્ચય કરવાવાળું છે, તેથી અનધ્યવસાયરૂપ નથી. વિષય અને વિષયીને યોગ્યદેશમાં હોવા પહેલાંની અવસ્થાને દર્શન કહે છે.

[શ્રી ધવલા, પુસ્તક પહેલું–પા. ૧૪૫ થી ૧૪૮; ૩૮૦ થી ૩૮૩; તથા બૃહત્દ્રવ્યસંગ્રહ હિંદી–ટીકા–પા. ૧૭૦ થી ૧૭૫. ગાથા ૪૪ નીચેની ટીકા]

## ઉપર જે દર્શન અને જ્ઞાન વચ્ચે ભેદ સમજાવ્યો છે, તે કઈ અપેક્ષાએ છે?

આત્માના જ્ઞાન અને દર્શન એમ બે જુદા ગુણ લઈ, તે જ્ઞાન અને દર્શન ગુણનું જુદું જુદું કાર્ય શું છે? તે ઉપર બતાવ્યું છે, તેથી એક ગુણથી બીજા ગુણના ભેદની અપેક્ષાએ (ભેદનયે) તે કથન છે, એમ જાણવું.

## (૫) અભેદઅપેક્ષાએ દર્શન અને જ્ઞાનનો અર્થ

દર્શન અને જ્ઞાન એ બંને ગુણ આત્માના છે, તે આત્માથી અભિન્ન છે, તેથી અભેદઅપેક્ષાએ આત્મા દર્શનજ્ઞાનસ્વરૂપ છે, એટલે કે દર્શન તે આત્મા અને જ્ઞાન તે આત્મા છે, એમ જાણવું. દ્રવ્ય અને ગુણ એકબીજાથી જુદા પડી શકે નહિ અને દ્રવ્યનો એક ગુણ તેના બીજા ગુણથી જુદો પડી શકે નહિ; આ અપેક્ષા લક્ષમાં રાખતાં દર્શન સ્વ–પરદર્શક છે અને જ્ઞાન સ્વ–પરજ્ઞાયક છે. અભેદદૃષ્ટિની અપેક્ષાએ આ પ્રમાણે અર્થ થાય છે.

[જુઓ, શ્રી નિયમસાર ગાથા ૧૭૧ તેમ જ શ્રી સમયસારમાં દર્શન તથા જ્ઞાનના નિશ્ચયનયે અર્થ પા. ૪૨૦ થી ૪૨૭]

## (૬) દર્શન અને જ્ઞાનઉપયોગ કેવળીપ્રભુને યુગપત્ અને છદ્મસ્થને ક્રમે હોય છે.

કેવળીપ્રભુને દર્શન અને જ્ઞાનઉપયોગ એક સાથે (યુગપત્) હોય છે અને છદ્મસ્થને ક્રમે ક્રમે હોય છે, કેવળીપ્રભુને ઉપયોગ ઉપચારથી કહેવામાં આવે છે. ૯.

# જીવના ભેદ

## संसारिणो मुक्ताश्च ॥१०॥

**અર્થ** :—જીવ [संसारिणः] સંસારી [च] અને [मुक्ताः] મુક્ત એવા બે ભેદવાળા છે. કર્મસહિત જીવોને સંસારી અને કર્મરહિત જીવોને મુક્ત કહેવામાં આવે છે.

### ટીકા

(૧) આ ભેદો જીવોની વર્તમાન વર્તતી દશાથી છે, માટે તે ભેદો અવસ્થા (પર્યાય) દૃષ્ટિએ છે. દ્રવ્ય (નિશ્ચય, સ્વરૂપ) દૃષ્ટિએ બધા જીવો સરખા છે. આ વ્યવહાર-શાસ્ત્ર છે, તેથી તેમાં મુખ્યપણે પર્યાયદૃષ્ટિએ કથન છે. વ્યવહાર પરમાર્થ સમજાવવા માટે કહેવામાં આવે છે પણ તેને પકડી રાખવા માટે કહેવામાં આવતો નથી, તેથી એમ સમજવું કે પર્યાયમાં ગમે તેવા ભેદ હોય, તોપણ ત્રિકાળી ધ્રુવસ્વરૂપમાં કદી ફેર પડતો નથી. **'સર્વ જીવ છે સિદ્ધસમ,** જે સમજે તે થાય.' *[શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર ગાથા ૧૩૫]*

(૨) સંસારી જીવો અનંતાનંત છે. 'मुक्ताः' શબ્દ બહુવચનસૂચક છે, માટે મુક્ત જીવો અનંત છે, એમ સમજવું. 'मुक्ताः' શબ્દ એમ પણ સૂચવે છે, કે પૂર્વે તે જીવની સંસારી અવસ્થા હતી પણ તેઓએ સાચી સમજણ કરીને તે અવસ્થાનો વ્યય કર્યો અને મુક્તઅવસ્થા પ્રગટ કરી.

(૩) **સંસારનો અર્થ** :—'सं' = સારી રીતે, 'सृ + घञ्' = સરી જવું. પોતાના શુદ્ધ સ્વરૂપમાંથી સારી રીતે સરી જવું-ખસી જવું તે સંસાર છે; જીવનો સંસાર સ્ત્રી, પુત્ર, લક્ષ્મી, મકાન વગેરે નથી, તેઓ તો જગતના સ્વતંત્ર પદાર્થો છે; જીવ તે પદાર્થો ઉપર પોતાપણાની કલ્પના કરીને તે પદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માને છે, તે વિકારી ભાવને સંસાર કહેવામાં આવે છે.

(૪) સૂત્રમાં 'च' શબ્દ છે. 'च' શબ્દના સમુચ્ચય અને અન્વાચય એમ બે અર્થો થાય છે. તેમાં અહીં અન્વાચય અર્થ બતાવવા 'च' શબ્દ વાપર્યો છે. (એકને પ્રધાનરૂપે અને બીજાને ગૌણરૂપે બતાવવું, એ 'અન્વાચય' શબ્દનો અર્થ છે.) સંસારી અને મુક્ત જીવોમાં સંસારી જીવ પ્રધાનતાએ ઉપયોગવાન છે અને મુક્ત જીવ ગૌણરૂપથી ઉપયોગવાન છે, એમ સૂચવવા આ સૂત્રમાં 'च' શબ્દ વાપર્યો છે, ('ઉપયોગ'નું અનુસંધાન સૂત્ર ૮ તથા ૯ થી લીધું છે, એમ સમજવું.)

(૫) જીવને સંસારી દશા હોવાનું કારણ પોતાના સ્વરૂપની ભ્રમણા છે; તે ભ્રમણાને મિથ્યાદર્શન કહેવામાં આવે છે. એ મિથ્યાદર્શનના સંસર્ગથી જીવને પાંચ પ્રકારના પરિવર્તનો થાય છે—સંસારચક્ર ચાલે છે.

(૬) જીવ અનાદિથી મિથ્યાદૃષ્ટિ હોય છે; તે પોતાની પાત્રતા કેળવી સત્સમાગમે સમ્યગ્દૃષ્ટિ થાય છે. મિથ્યાદૃષ્ટિરૂપ અવસ્થાને કારણે પરિભ્રમણ અર્થાત્ પરિવર્તન થાય છે, તે પરિભ્રમણને સંસાર કહેવામાં આવે છે. જીવને પર પ્રત્યેની એકત્વબુદ્ધિના કારણે મિથ્યાદૃષ્ટિપણું હોય છે. જ્યાં સુધી જીવનું લક્ષ પર ઉપર હોય છે, એટલે કે પરથી મને લાભ-નુકશાન થાય, એમ તે માને છે ત્યાં સુધી તેને પરવસ્તુરૂપ કર્મ અને નોકર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ થાય છે. આ પરિવર્તનના પાંચ ભેદો પડે છે-૧. દ્રવ્યપરિવર્તન, ૨. ક્ષેત્રપરિવર્તન, ૩. કાળપરિવર્તન, ૪. ભવપરિવર્તન અને ૫. ભાવપરિવર્તન. પરિવર્તનને સંસરણ અથવા પરાવર્તન પણ કહેવાય છે.

## (૭) દ્રવ્ય પરિવર્તનનું સ્વરૂપ

અહીં દ્રવ્યનો અર્થ પુદ્‌ગલદ્રવ્યો છે. જીવને વિકારી અવસ્થામાં પુદ્‌ગલો સાથે જે સંબંધ થાય છે, તેને દ્રવ્યપરિવર્તન કહે છે; તેના બે પેટા ભેદ છે-૧. નોકર્મદ્રવ્યપરિવર્તન અને ૨. કર્મદ્રવ્યપરિવર્તન.

**૧. નોકર્મદ્રવ્યપરિવર્તનનું સ્વરૂપ :—**ઔદારિક, તૈજસ અને કાર્મણ અથવા વૈક્રિયિક, તૈજસ અને કાર્મણ-એ ત્રણ શરીર અને છ પર્યાપ્તિને લાયક જે પુદ્‌ગલસ્કંધો એક સમયમાં એક જીવે ગ્રહણ કર્યા તે જીવ ફરી તે જ પ્રકારના સ્નિગ્ધ-રૂક્ષ સ્પર્શ, વર્ણ, રસ, ગંધ આદિથી તથા તીવ્ર, મંદ કે મધ્યમ ભાવવાળા સ્કંધો ગ્રહણ કરે ત્યારે એક નોકર્મ દ્રવ્યપરિવર્તન થાય. (વચમાં બીજાં જે નોકર્મનું ગ્રહણ કરવામાં આવે, તે હિસાબમાં ગણવા નહિ.) તેમાં પુદ્‌ગલોની સંખ્યા અને જાત (Quality) બરાબર તે જ પ્રકારના નોકર્મોની હોવી જોઈએ.

**૨. કર્મદ્રવ્યપરિવર્તનનું સ્વરૂપ :—**એક જીવે એક સમયમાં આઠ પ્રકારના કર્મસ્વભાવવાળાં જે પુદ્‌ગલો ગ્રહણ કર્યાં તેવાં જ કર્મસ્વભાવવાળાં પુદ્‌ગલો ફરી ગ્રહણ કરે ત્યારે એક કર્મદ્રવ્યપરિવર્તન થાય. (વચમાં તે ભાવોમાં જરાપણ ફેરવાળા બીજા જે જે રજકણો ગ્રહણ કરવામાં આવે, તે હિસાબમાં ગણવા નહિ.) તે આઠ પ્રકારનાં કર્મપુદ્‌ગલોની સંખ્યા અને જાત બરાબર તે જ પ્રકારનાં કર્મપુદ્‌ગલોની હોવી જોઈએ.

**ખુલાસો—**આજે એક સમયે શરીર ધારણ કરતાં નોકર્મ અને દ્રવ્યકર્મનાં પુદ્‌ગલોનો સંબંધ એક અજ્ઞાની જીવને થયો, ત્યારપછી નોકર્મ અને દ્રવ્યકર્મોનો સંબંધ તે જીવને બદલાયા કરે છે; એ પ્રમાણે ફેરફાર થતાં જ્યારે તે જીવ ફરીને તેવું જ શરીર ધારણ કરી તેવાં જ નોકર્મ અને દ્રવ્યકર્મોને પ્રાપ્ત કરે ત્યારે એક દ્રવ્યપરિવર્તન પૂરું કર્યું કહેવાય છે. (નોકર્મદ્રવ્યપરિવર્તન અને કર્મદ્રવ્યપરિવર્તનનો કાળ સમાન જ હોય છે.)

## (૮) ક્ષેત્રપરિવર્તનનું સ્વરૂપ

જીવને વિકારી અવસ્થામાં આકાશના ક્ષેત્ર સાથે થતાં સંબંધને ક્ષેત્રપરિવર્તન કહેવાય છે. લોકના આઠ મધ્યપ્રદેશોને પોતાના શરીરના આઠ મધ્યપ્રદેશ બનાવીને કોઈ જીવ સૂક્ષ્મનિગોદમાં અપર્યાપ્ત સર્વજઘન્ય શરીરવાળો થયો અને ક્ષુદ્રભવ (શ્વાસના અઢારમા ભાગની સ્થિતિ) પામ્યો; પછી ઉપર કહેલ આઠ પ્રદેશોની અડોઅડ એકેક અધિક પ્રદેશને સ્પર્શી સમસ્ત લોકને પોતાના જન્મક્ષેત્રરૂપે પ્રાપ્ત કરે ત્યારે એક ક્ષેત્રપરિવર્તન પૂરું થયું કહેવાય. (વચ્ચે ક્ષેત્રનો ક્રમ છોડીને બીજે જ્યાં જ્યાં જન્મ્યો તે ક્ષેત્રોને ગણવાં નહિ.)

**ખુલાસો**—મેરૂ પર્વતના તળિયેથી શરૂ કરીને ક્રમે ક્રમે એકેક પ્રદેશ આગળ વધતાં, આખા લોકમાં જન્મ ધારણ કરતાં એક જીવને જેટલો વખત લાગે, તેટલા વખતમાં એક ક્ષેત્રપરિવર્તન પૂરું થયું કહેવાય છે.

## (૯) કાળપરિવર્તનનું સ્વરૂપ

એક જીવ એક અવસર્પિણીના પહેલા સમયે જન્મ્યો, ત્યાર પછી હરકોઈ અન્ય અવસર્પિણીના બીજા સમયે જન્મ્યો, પછી અન્ય અવસર્પિણીના ત્રીજા સમયે જન્મ્યો, એ રીતે એકેક સમય આગળ ચાલતાં નવી અવસર્પિણીના છેલ્લા સમયે જન્મ્યો, તથા તેવી જ રીતે ઉત્સર્પિણીકાળમાં તે મુજબ જ જન્મ્યો; અને ત્યાર પછી ઉપર મુજબ જ અવસર્પિણી અને ઉત્સર્પિણીકાળના દરેક સમયે અનુક્રમે મરણ કરે; આ પ્રમાણે ભ્રમણ કરતાં જે કાળ લાગે તેને કાળપરિવર્તન કહેવામાં આવે છે. (આ કાળક્રમરહિત વચમાં જે જે સમયોમાં જન્મ-મરણ કરવામાં આવે, તે સમયો હિસાબમાં ગણવા નહિ.) અવસર્પિણી અને ઉત્સર્પિણીકાળનું સ્વરૂપ ત્રીજા અધ્યાયના ૨૭મા સૂત્રમાં કહ્યું છે, ત્યાંથી જાણી લેવું.)

## (૧૦) ભવપરિવર્તનનું સ્વરૂપ

નરકમાં સર્વજઘન્ય આયુ દસ હજાર વર્ષનું છે. તેટલા આયુવાળો એક જીવ પહેલી નરકના પહેલા પાઠડે જન્મ્યો, પછી કોઈ કાળે તેટલું જ આયુ પામી તે જ પાઠડે જન્મ્યો; (વચમાં બીજી ગતિઓમાં ભ્રમણ કર્યું તે ભવ હિસાબમાં લેવા નહિ.) એ પ્રમાણે દસ હજાર વર્ષના જેટલા સમય થાય તેટલીવાર તે જીવ તેટલા (દસ હજાર વર્ષના) જ આયુસહિત ત્યાં જ જન્મ્યો (વચમાં અન્ય સ્થાનોમાં જન્મ્યો, તે હિસાબમાં લેવા નહિ), ત્યાર પછી દસ હજાર વર્ષ અને એક સમયના આયુસહિત જન્મ્યો, ત્યાર પછી દસ હજાર વર્ષ અને બે સમય એમ અનુક્રમે એકેક સમય આયુ વધતાં વધતાં છેવટ તેત્રીસ સાગરના આયુસહિત નરકમાં જન્મ્યો અને મર્યો (આ ક્રમરહિત જન્મ થાય, તે ગણતરીમાં લેવા નહિ); નરકનું ઉત્કૃષ્ટ આયુ ૩૩

સાગરનું છે, તેટલા આયુસહિત જન્મે-એ પ્રમાણે ગણતાં જે કાળ થાય તેટલા કાળમાં એક નારકીભવપરિવર્તન પૂરું થાય છે.

પછી ત્યાંથી નીકળી તિર્યંચગતિમાં અંતર્મુહૂર્તમાં આયુસહિત ઉત્પન્ન થાય છે, એટલે કે જઘન્ય અંતર્મુહૂર્ત આયુ પામી તે પૂરું કરી તે અંતર્મુહૂર્તના જેટલા સમય છે તેટલી વાર જઘન્ય આયુ ધારે; પછી અનુક્રમે એક એક સમય અધિક આયુ પામી ત્રણ પલ્ય સુધી તમામ સ્થિતિ (આયુ)માં જન્મ ધારી તે પૂરું કરે ત્યારે એક તિર્યંચગતિ ભવપરિવર્તન પૂરું થાય. (આ ક્રમરહિત જન્મ થાય તે ગણતરીમાં લેવા નહિ.) તિર્યંચગતિમાં જઘન્ય આયુ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આયુ ત્રણ પલ્યનું હોય છે.

મનુષ્યગતિ ભવપરિવર્તન સંબંધમાં પણ તિર્યંચગતિની માફક જ સમજવું.

દેવગતિમાં નરકગતિની માફક છે પણ તેમાં એટલો ફેર છે, કે—દેવગતિમાં ઉપર કહેલા ક્રમ પ્રમાણે એકત્રીસ સાગર સુધી આયુ ધારણ કરી તે પૂરું કરે છે. એ પ્રમાણે ચારે ગતિમાં પરિવર્તન પૂરું કરે ત્યારે એક ભવપરિવર્તન પૂરું થાય છે.

**નોંધ** :—એકત્રીસ સાગરથી અધિક આયુના ધારક નવ અનુદિશ અને પાંચ અનુત્તર એવા ચૌદ વિમાનમાં ઊપજતા દેવોને પરિવર્તન હોતું નથી, કેમ કે તે બધા સમ્યગ્દષ્ટિ છે.

## ભવભ્રમણનું કારણ મિથ્યાદષ્ટિપણું છે.

આ સંબંધમાં કહ્યું છે કે—

**णिरयादि जहण्णादिसु जावदु उवरिल्लिया दु गेवेज्ञा।**
**मिच्छतसंसिदेण हु बहुसो वि भवट्ठिदी भमिदो॥१॥**

**અર્થ :—મિથ્યાત્વના સંસર્ગસહિત** નરકાદિના જઘન્ય આયુષ્યથી શરૂ કરીને ઉત્કૃષ્ટ ગ્રૈવેયક (નવમી ગ્રૈવેયક) સુધીના ભવોની સ્થિતિ (આયુ) આ જીવ અનેકવાર પામ્યો છે.

## (૧૧) ભાવપરિવર્તનનું સ્વરૂપ

૧. અસંખ્યાત યોગસ્થાનો એક અનુભાગ બંધ (અધ્યવસાય) સ્થાનને કરે છે. [કષાયના જે પ્રકાર (degree)થી કર્મોના બંધમાં ફલદાનશક્તિની તીવ્રતા આવે છે, તેને અનુભાગબંધ (અધ્યવસાય) સ્થાન કહેવાય છે.]

૨. અસંખ્યાત × અસંખ્યાત અનુભાગબંધ અધ્યવસાયસ્થાનો એક કષાયભાવ (અધ્યવસાય) સ્થાનને કરે છે. [કષાયનો એક પ્રકાર (degree) જે કર્મોની સ્થિતિ નક્કી કરે છે, તેને કષાયઅધ્યવસાયસ્થાન કહેવામાં આવે છે.]

૩. અસંખ્યાત × અસંખ્યાત કષાયઅધ્યવસાયસ્થાનો *પંચેન્દ્રિય સંજ્ઞી પર્યાપ્તક મિથ્યાદૃષ્ટિ જીવનાં કર્મોની જઘન્યસ્થિતિબંધ કરે છે; આ સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગરની હોય છે, એટલે કે ક્રોડાક્રોડી સાગરથી નીચે અને ક્રોડીની ઉપર તેની સ્થિતિ હોય છે.

૪. એક જઘન્યસ્થિતિબંધ થવા માટે જરૂરનું છે, કે–જીવે અસંખ્યાત યોગસ્થાનોમાંથી (એક-એક યોગસ્થાનોમાંથી) એક અનુભાગબંધસ્થાન થવા માટે પસાર થવું જોઈએ અને ત્યારપછી એકેએક અનુભાગબંધસ્થાનમાંથી એક કષાયસ્થાન થવા માટે પસાર થવું જોઈએ અને એક જઘન્યસ્થિતિબંધ થવા માટે એકેએક કષાયસ્થાનોમાંથી પસાર થવું જોઈએ.

૫. ત્યારપછી તે જઘન્યસ્થિતિબંધમાં એકેક સમય અધિક એમ વધતાં (નાનામાં નાના જઘન્યબંધથી આગળ દરેક પગલે) જવું જોઈએ. એ પ્રમાણે આઠે કર્મો અને (મિથ્યાદૃષ્ટિને લાયક) બધી ઉત્તર કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂરી થાય ત્યારે એક ભાવપરિવર્તન પૂરું થાય છે.

૬. ઉપર પારા ૩માં કહેલ જઘન્યસ્થિતિબંધને તથા પારા ૨માં કહેલ સર્વજઘન્ય કષાયભાવસ્થાને તથા પારા ૧માં કહેલ અનુભાગબંધસ્થાનને પ્રાપ્ત થવાવાળું તેને લાયક સર્વજઘન્ય યોગસ્થાન હોય છે. અનુભાગ A, કષાય B અને સ્થિતિ C એ ત્રણેનો તો જઘન્ય જ બંધ હોય પણ યોગસ્થાન પલટીને જઘન્યયોગસ્થાન પછી ત્રીજું યોગસ્થાન થાય અને અનુભાગસ્થાન A, કષાયસ્થાન B, સ્થિતિસ્થાન C જઘન્ય જ બંધાય; પછી ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું વગેરે યોગસ્થાન થતાં થતાં અનુક્રમે અસંખ્યાત પ્રમાણ સુધી પલટાય તોપણ તે કોઈ ગણતરીમાં લેવા નહિ, અથવા કોઈ બે જઘન્યયોગસ્થાનની વચમાં અન્ય કષાયસ્થાન A, અન્યઅનુભાગસ્થાન B કે અન્ય યોગસ્થાન C આવી જાય, તો તે ગણતરીમાં લેવા નહિ.*

## ભાવપરિવર્તનનું કારણ મિથ્યાત્વ છે

આ સંબંધમાં કહ્યું છે કે—

**सव्वा पयडिट्ठिदिओ अणुभागपदेसबंधठाणाणि।**
**मिच्छत्तसंसिदेण य भमिदा पुण भावसंसारे॥१॥**

★ જઘન્યસ્થિતિબંધનાં કારણ જે કષાયભાવસ્થાન છે તેની સંખ્યા અસંખ્યાત લોકના પ્રદેશો જેટલી છે; એક એક સ્થાનમાં અનંતાનંત અવિભાગ પ્રતિચ્છેદ છે, જે અનંતભાગ હાનિ, અસંખ્યાતભાગ હાનિ, સંખ્યાતભાગ હાનિ, સંખ્યાતગુણ હાનિ, અસંખ્યાતગુણ હાનિ, અનંતગુણ હાનિ, તથા અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનંતગુણ વૃદ્ધિ, એ પ્રકારની છ સ્થાનવાળી હાનિ–વૃદ્ધિ સહિત હોય છે.

* યોગસ્થાનોમાં પણ અવિભાગપ્રતિચ્છેદ પડે છે; તેમાં અસંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ અને અસંખ્યાતગુણ વૃદ્ધિ, એમ ચાર સ્થાનરૂપ જ હોય છે.

**અર્થ** :—સમસ્ત પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધનાં સ્થાનરૂપ **મિથ્યાત્વના સંસર્ગથી** નિશ્ચયે (ખરેખર) ભાવસંસારમાં જીવ ભ્રમે છે.

(૧૨) સંસારના ભેદ પાડતાં ભાવપરિભ્રમણ તે ઉપાદાન અર્થાત્ નિશ્ચયસંસાર છે અને દ્રવ્ય–ક્ષેત્ર–કાળ તથા ભવપરિભ્રમણ તે નિમિત્તમાત્ર છે અર્થાત્ વ્યવહારસંસાર છે, કેમ કે તે પરવસ્તુ છે; નિશ્ચય એટલે ખરેખર અને વ્યવહાર એટલે કથનરૂપ. નિમિત્તમાત્ર નિશ્ચયસમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટતાં ભાવસંસાર ટળી જાય છે અને ત્યારથી બીજાં ચાર નિમિત્તોનો સ્વયં અભાવ થાય છે.

(૧૩) મોક્ષનો ઉપદેશ સંસારીને હોય છે; જો સંસાર ન હોત તો મોક્ષ, મોક્ષમાર્ગ કે તેનો ઉપદેશ હોત જ નહિ, તેથી આ સૂત્રમાં પહેલાં સંસારી જીવો અને પછી મુક્ત જીવો એવો ક્રમ લીધો છે.

(૧૪) અસંખ્યાત અને અનંત એ સંખ્યા સમજવા માટે ગણિતશાસ્ત્ર ઉપયોગી છે; તેમાં ૧૦/૩ એટલે કે દસને ત્રણથી ભાંગતાં = ૩. ૩૩૩........(અંત ન આવે ત્યાં સુધી ત્રગડા) આવે છે પણ તેનો છેડો આવતો નથી, તે 'અનંત'નું દૃષ્ટાંત છે; અને અસંખ્યાતની સંખ્યા સમજવા માટે એક ગોળના પરિઘ અને વ્યાસનું પ્રમાણ ૨૨/૭ હોય છે. [વ્યાસ કરતાં પરિઘ ૨૨/૭ ગણો હોય છે.] તેનો હિસાબ શતાંશ (Decimal)માં મૂકતાં જે સંખ્યા આવે છે, તે 'અસંખ્યાત' છે. ગણિતશાસ્ત્રમાં આ સંખ્યાને `Irrational' કહેવામાં આવે છે.

(૧૫) વ્યવહારરાશિના જીવોને આ પાંચ પરિવર્તન લાગુ પડે છે; આવા અનંતપરિવર્તનો દરેક જીવોએ કર્યાં છે અને જે જીવો મિથ્યાદૃષ્ટિપણું ચાલુ રાખશે તેમને હજી ચાલ્યા કરશે. નિત્યનિગોદના જીવો અનાદિ નિગોદમાંથી નીકળ્યા જ નથી, તેમનામાં આ પાંચ પરિવર્તનની શક્તિ રહેલી છે, તેથી તેમને પણ ઉપચારથી આ પાંચ પરિવર્તન લાગુ પડે છે. વ્યવહારરાશિના જે જીવો હજુ સુધી બધી ગતિમાં ગયા નથી, તેમને પણ ઉપર પ્રમાણે ઉપચારથી આ પરિવર્તનો લાગુ પડે છે. નિત્યનિગોદને અવ્યવહારરાશિના (નિશ્ચયરાશિના) જીવો પણ કહેવામાં આવે છે.

## (૧૬) મનુષ્યભવ સફળ કરવા માટે ખાસ લક્ષમાં રાખવા લાયક વિષયો

૧. અનાદિકાળથી માંડી પ્રથમ તો આ જીવને નિત્યનિગોદરૂપ શરીરનો સંબંધ હોય છે; તે શરીરનું આયુ પૂર્ણ થતાં મરીને ફરી ફરી નિત્યનિગોદશરીરને જ જીવ ધારે છે. એ પ્રમાણે અનંતાનંત જીવરાશિ અનાદિકાળથી નિગોદમાં જ જન્મ-મરણ કરે છે.

૨. વળી નિગોદમાંથી છ મહિના અને આઠ સમયમાં છસો આઠ (૬૦૮) જીવો નીકળે છે; તે પૃથ્વી, જળ, અગ્નિ, પવન અને **પ્રત્યેક** વનસ્પતિરૂપ એકેન્દ્રિય પર્યાયોમાં અગર બેથી

ચાર ઇન્દ્રિયોરૂપ શરીરોમાં કે ચારગતિરૂપ પંચેન્દ્રિય શરીરોમાં ભ્રમણ કરે છે અને ફરી પાછો નિગોદશરીરને પ્રાપ્ત કરે છે. (આ ઇતરનિગોદ છે.)

**૩. જીવને ત્રસમાં એકીસાથે રહેવાનો ઉત્કૃષ્ટ કાળ માત્ર બે હજાર સાગર છે. જીવને ઘણું તો એકેન્દ્રિય પર્યાયો અને તેમાં પણ ઘણો વખત નિગોદમાં જ રહેવાનું બને છે; ત્યાંથી નીકળી ત્રસશરીર પામવું એ કાકતાલિયન્યાયવત્ છે, ત્રસમાં પણ મનુષ્યપણું પામવાનું તો ભાગ્યે જ બને છે.**

૪. આ પ્રમાણે જીવની મુખ્ય બે સ્થિતિ છે–નિગોદપણું અને સિદ્ધપણું. વચલો ત્રસપર્યાયનો કાળ તો ઘણો જ થોડો અને તેમાં પણ મનુષ્યપણાનો કાળ તો અતિ અતિ ઘણો જ થોડો છે.

૫. ૧–સંસારમાં જીવને મનુષ્યભવોમાં રહેવાનો કાળ સર્વથી થોડો છે. ૨–નારકીના ભવોમાં રહેવાનો કાળ તેનાથી અસંખ્યાતગુણો છે. **૩–દેવના ભવોમાં રહેવાનો કાળ તેનાથી (નારકીથી) અસંખ્યાતગુણો** છે અને ૪–તિર્યંચભવોમાં (મુખ્યપણે નિગોદમાં) રહેવાનો કાળ તેનાથી (દેવથી) અનંતગુણો છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે, કે જીવ અનાદિથી મિથ્યાત્વદશામાં શુભ તેમ જ અશુભભાવો કરતો રહે છે, તેમાં પણ જીવે નરકને લાયક તીવ્ર અશુભભાવો કરતાં દેવને લાયક શુભભાવો અસંખ્યાતગુણા કર્યા છે. શુભભાવ કરીને અનંતવાર નવમી ગ્રૈવેયકે આ જીવ જઈ આવ્યો છે–તે પૂર્વે પારા ૧૦માં કહેવાઈ ગયું છે.

૬. નવમી ગ્રૈવેયકને લાયક શુભભાવો કરનાર જીવે ગૃહીતમિથ્યાત્વ છોડ્યું હોય છે, સાચાં દેવ–ગુરુ–શાસ્ત્રને નિમિત્તરૂપે સ્વીકાર્યા હોય છે; પાંચ મહાવ્રતો, ગુપ્તિ, સમિતિ આદિના ઉત્કૃષ્ટ શુભભાવો અતિચારરહિત પાળ્યા હોય છે; આટલું કરે ત્યારે જ જીવને નવમી ગ્રૈવેયકમાં જવા લાયક શુભભાવ હોય છે. આત્મભાન વિના **મિથ્યાદૃષ્ટિને લાયક ઉત્કૃષ્ટ શુભભાવો** જીવે અનંતવાર કર્યા છતાં મિથ્યાત્વ ગયું નહિ; માટે **શુભભાવ–પુણ્ય કરતાં કરતાં ધર્મ–સમ્યગ્દર્શન થાય કે મિથ્યાત્વ ટળે એ અશક્ય છે, તેથી—**

**૭. આ મનુષ્યભવમાં જ આત્માનું સાચું સ્વરૂપ સમજીને જીવોએ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું.** `Strike the iron while it is hot' લોઢું ગરમ છે ત્યાં સુધીમાં તેને ટીપી લો–ઘડી લો. એ કહેવત અનુસાર મનુષ્યભવ છે તેમાં તુરત આત્માનું સ્વરૂપ સમજી લો, નહિ તો ત્રસકાળ થોડા વખતમાં પૂરો થઈને એકેન્દ્રિય–નિગોદ–પર્યાય પ્રાપ્ત થશે અને અનંતકાળ તેમાં રહેવાનું થશે. ૧૦.

# સંસારી જીવોના ભેદ

## समनस्काऽमनस्काः ।।११।।

**અર્થ** :—સંસારી જીવો [समनस्काः] મનસહિત-સંજ્ઞી અને [अमनस्काः] મનરહિત -અસંજ્ઞી એમ બે પ્રકારના હોય છે.

### ટીકા

(૧) એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવો નિયમથી અસંજ્ઞી જ હોય છે. પંચેન્દ્રિયમાં તિર્યંચો સંજ્ઞી અને અસંજ્ઞી બંને પ્રકારના હોય છે; બાકીના મનુષ્ય, દેવ અને નારકીના જીવો નિયમથી સંજ્ઞી જ હોય છે.

(૨) મનવાળા—સંજ્ઞી જીવો સત્ય-અસત્યનો વિવેક કરી શકે છે.

(૩) મન બે પ્રકારનાં છે—દ્રવ્યમન અને ભાવમન. પુદ્‌ગલદ્રવ્યના-મનોવર્ગણા-સ્કંધોનું આઠ પાંખડીવાળા કમળના આકારનું મન હૃદયસ્થાનમાં હોય છે તે દ્રવ્યમન છે; તે સૂક્ષ્મપુદ્‌ગલસ્કંધ હોવાથી ઇન્દ્રિયગ્રાહ્ય નથી. આત્માની ખાસ પ્રકારની વિશુદ્ધિ તે ભાવમન છે; તે વડે જીવ શિક્ષા લેવા, ક્રિયા (કૃત્ય) સમજવા, ઉપદેશ તથા આલાપ (Recitation) માટે લાયક છે, તેના નામથી બોલાવતાં તે પાસે આવે છે.

(૪) હિતમાં પ્રવર્તવાની અથવા અહિતથી દૂર રહેવાની શિક્ષા જે ગ્રહણ કરે છે, તે સંજ્ઞી છે અને હિત-અહિતની શિક્ષા, ક્રિયા, ઉપદેશ વગેરેનું જે ગ્રહણ નથી કરતા, તે અસંજ્ઞી છે.

(૫) નોઇન્દ્રિયાવરણના ક્ષયોપશમ સહિત અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા આત્મપ્રદેશો ભાવમન છે. સંજ્ઞી જીવોને ભાવમનને લાયક નિમિત્તરૂપ વીર્યાંતરાય તથા મન -નોઇંદ્રિયાવરણ નામના જ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ સ્વયં હોય છે.

(૬) દ્રવ્યમન-જડ પુદ્‌ગલ છે, તે પુદ્‌ગલવિપાકીકર્મ-ઉદયના ફળરૂપ છે. જીવની વિચારાદિ ક્રિયામાં ભાવમન ઉપાદાન છે અને દ્રવ્યમન નિમિત્તમાત્ર છે. ભાવમનવાળા પ્રાણી મોક્ષના ઉપદેશ માટે લાયક છે. તીર્થંકર ભગવાન કે સમ્યગ્જ્ઞાનીઓ પાસેથી ઉપદેશ સાંભળી સંજ્ઞી મનુષ્યો સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. સંજ્ઞીતિર્યંચો પણ તીર્થંકર ભગવાનનો ઉપદેશ સાંભળી સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. દેવો પણ તીર્થંકર ભગવાનનો તથા સમ્યગ્જ્ઞાનીઓનો ઉપદેશ સાંભળી સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. નરકના કોઈ જીવને પૂર્વના મિત્રાદિ સમ્યગ્જ્ઞાની દેવ હોય તે ત્રીજી નરક સુધી જાય છે અને તેના ઉપદેશથી ત્રીજી નરક સુધીના જીવો સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.

ચોથીથી સાતમી નરક સુધીના જીવો પૂર્વના સત્‌સમાગમના સંસ્કારો યાદ લાવી

સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, તે નિસર્ગજ સમ્યગ્દર્શન છે; પૂર્વે સત્સમાગમના સંસ્કાર પામેલ મનુષ્યો, સંજ્ઞી તિર્યંચો અને દેવો પણ નિસર્ગજ સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે. ૧૧.

## સંસારી જીવોના બીજા પ્રકારે ભેદ

## संसारिणस्त्रसस्थावराः ॥१२॥

**અર્થ** :—[संसारिणः] સંસારી જીવ [त्रस] ત્રસ અને [स्थावराः] સ્થાવરના ભેદથી બે પ્રકારના છે.

### ટીકા

(૧) આ ભેદો પણ અવસ્થાદૃષ્ટિએ પાડવામાં આવ્યા છે.

(૨) જીવવિપાકી ત્રસનામકર્મના ઉદયથી જીવ ત્રસ કહેવાય છે અને જીવવિપાકી સ્થાવરનામકર્મના ઉદયથી જીવ સ્થાવર કહેવાય છે. ત્રસ જીવોને બે ઇન્દ્રિયથી પાંચ ઇન્દ્રિયો હોય છે અને સ્થાવર જીવોને એક સ્પર્શન ઇન્દ્રિય જ હોય છે. (સ્થિર રહે તે સ્થાવર અને હાલે-ચાલે તે ત્રસ, એવી વ્યાખ્યા બરાબર નથી—એ ધ્યાન રાખવું.)

(૩) બે ઇન્દ્રિયથી અયોગકેવળી ગુણસ્થાન સુધીના જીવો ત્રસ છે, મુક્ત (સિદ્ધ) જીવો ત્રસ કે સ્થાવર નથી, કેમ કે ત્રસ અને સ્થાવર એ ભેદો સંસારી જીવોના છે.

(૪) **પ્રશ્ન** :—ડરે–ભયભીત થાય અથવા હલન–ચલન કરે તે ત્રસ અને સ્થિર રહે તે સ્થાવર–એવો અર્થ કેમ કરતા નથી?

**ઉત્તર** :—જો હલન–ચલન અપેક્ષાએ ત્રસપણું અને સ્થિરતા અપેક્ષાએ સ્થાવરપણું એમ હોય, તો (૧) ગર્ભમાં રહેલા, ઇંડામાં રહેલા, મૂર્છિત સૂતેલા વગેરે જીવો હલન–ચલન રહિત છે, તેથી તેઓ ત્રસ નહિ ઠરે; અને (૨) પવન, અગ્નિ તથા જલ એક જગ્યાએથી બીજી જગ્યાએ જતાં દેખાય છે, તેમ જ ધરતીકંપ વગેરે વખતે પૃથ્વી ધ્રૂજે છે અને વૃક્ષો પણ ધ્રૂજે છે. વૃક્ષનાં પાંદડાં પવન વખતે હલે છે, તેથી તેમને સ્થાવરપણું ઠરશે નહિ અને તેથી કોઈ પણ જીવ સ્થાવર રહેશે નહિ. ૧૨.

## સ્થાવર જીવોના ભેદ

## पृथिव्यप्तेजोवायुवनस्पतयः स्थावराः ॥१३॥

**અર્થ** :—[पृथिवी अप् तेजः वायु वनस्पतयः] પૃથ્વીકાયિક, જળકાયિક, અગ્નિકાયિક,

વાયુકાયિક અને વનસ્પતિકાયિક એ પાંચ પ્રકારના [स्थावराः] સ્થાવર જીવો છે. [આ જીવને માત્ર સ્પર્શન ઇન્દ્રિય હોય છે.

## ટીકા

(૧) આત્મા જ્ઞાનસ્વભાવ છે, પણ જ્યારે તેને પોતાની વર્તમાન લાયકાતના કારણે એક સ્પર્શનઇન્દ્રિય દ્વારા જ્ઞાન કરી શકવા પૂરતો ઉઘાડ હોય છે ત્યારે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિરૂપે પરિણમેલા રજકણો (પુદ્‌ગલસ્કંધો)ના બનેલા જડ શરીરનો સંયોગ થાય છે.

(૨) પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુકાયિક જીવોનાં શરીરનું માપ (અવગાહના) અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે, તેથી તે દેખાતું નથી; આપણે તેના સમૂહો (mass) ને જોઈ શકીએ છીએ. પાણીના દરેક ટીપામાં જળકાયિક ઘણા જીવોનો સમૂહ હોય છે. સૂક્ષ્મદર્શકયંત્ર વડે પાણીમાં જે ઝીણા જીવો દેખાય છે તે જીવો જળકાયિક નથી, પણ ત્રસ જીવો છે.

(૩) ૧. પૃથ્વીનું શરીર ધારણ કર્યું તે જીવો પૃથ્વીકાયિક છે. ૨. જીવ ગયા પછી રહેલ તે શરીરને પૃથ્વીકાય કહે છે. ૩. પૃથ્વીનું શરીર ધારણ કરવા પહેલાં વિગ્રહગતિમાં જે જીવ હોય તેને પૃથિવીજીવ કહેવાય છે; એ પ્રમાણે જળકાયિક વગેરે બીજા ચાર સ્થાવર જીવોનું પણ સમજી લેવું.

(૪) આ સ્થાવર જીવો તે ભવે સમ્યગ્દર્શન પામવા લાયક નથી, કેમ કે સંજ્ઞીપર્યાપ્તક જીવો સમ્યગ્દર્શન પામવા લાયક છે.

(૫) પૃથિવીકાયિકનું શરીર મસુરના દાણાના આકારે લંબગોળ (oval-ઈંડાકારે), જળકાયિકનું શરીર પાણીના ટીપાના આકારે ગોળ, અગ્નિકાયિકનું શરીર સોયના સમૂહના આકારે અને પવનકાયિકનું શરીર ધજાના આકારે લાંબુ-ત્રાંસુ હોય છે. વનસ્પતિકાયિકના અને ત્રસજીવોના શરીર અનેક જુદા જુદા આકારે હોય છે. ૧૩.

*(ગોમ્મટસાર-જીવકાંડ, ગાથા ૨૦૧)*

## ત્રસ જીવોના ભેદ

## द्वीन्द्रियाद्यस्त्रसाः ॥१४॥

**અર્થ** :—[द्वि इन्द्रिय आदयः] બે ઇન્દ્રિયથી શરૂ કરીને અર્થાત્ બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય અને પાંચ ઇન્દ્રિય જીવો [त्रसः] ત્રસ કહેવાય છે.

## ટીકા

(૧) એકેન્દ્રિય જીવ સ્થાવર છે અને તેને એક સ્પર્શન-ઈન્દ્રિય જ હોય છે; તેને સ્પર્શન-ઈન્દ્રિય, કાયબળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ એ ચાર પ્રાણો હોય છે.

(૨) બે ઈન્દ્રિય જીવને સ્પર્શન અને રસના એ બે ઈન્દ્રિયો જ હોય છે; તેને રસના અને વચનબળ એ બે પ્રાણો વધતાં કુલ છ પ્રાણો હોય છે.

(૩) ત્રણ ઈન્દ્રિય જીવને સ્પર્શન, રસના અને ઘ્રાણ (નાક)એ ત્રણ ઈન્દ્રિયો જ હોય છે; તેને ઘ્રાણ ઈન્દ્રિય વધતાં કુલ સાત પ્રાણો હોય છે.

(૪) ચાર ઈન્દ્રિય જીવને સ્પર્શન, રસના, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઈન્દ્રિયો હોય છે; તેને ચક્ષુ ઈન્દ્રિય વધતાં કુલ આઠ પ્રાણો હોય છે.

(૫) પંચેન્દ્રિય જીવને સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર (કાન) એ પાંચ ઈન્દ્રિયો હોય છે; તેને કર્ણ ઈન્દ્રિય વધતાં કુલ નવ પ્રાણો અસંજ્ઞીને હોય છે. આ પાંચ ઈન્દ્રિયોમાં ઉપર જે ક્રમ કહ્યો તેનાથી આડી અવળી ઈન્દ્રિયો કોઈ જીવને હોતી નથી; જેમ કે સ્પર્શન અને ચક્ષુ એ બે ઈન્દ્રિયો કોઈ જીવને હોઈ શકે નહિ, પણ જો બે હોય તો તે સ્પર્શ અને રસના જ હોય. સંજ્ઞી જીવને મનબળ હોય છે, તેથી તેને કુલ દશ પ્રાણો હોય છે.

(૬) ઈન્દ્રિયો ભાવ અને દ્રવ્ય એમ બે પ્રકારે હોય છે, તે સૂત્ર ૧૬ થી ૧૯ સુધીમાં કહેવામાં આવશે. ઈન્દ્રિયોનો ક્રમ સૂત્ર ૧૯માં આપ્યો છે. ૧૪.

## ઇન્દ્રિયોની સંખ્યા

## पंचेन्द्रियाणि ॥१५॥

**અર્થ** :—[इन्द्रियाणि] ઈન્દ્રિયો [पंच] પાંચ છે.

## ટીકા

(૧) ઈન્દ્રિયો પાંચ હોય છે, વધારે હોતી નથી. 'ઈન્દ્ર' કહેતાં આત્માને એટલે સંસારી જીવને ઓળખાવનારું જે ચિહ્ન તેને ઈન્દ્રિય કહે છે. દરેક દ્રવ્ય-ઈન્દ્રિય પોતપોતાના વિષયનું જ્ઞાન ઊપજે તેમાં નિમિત્તકારણ છે, કોઈ ઈન્દ્રિય બીજી કોઈ ઈન્દ્રિયને આધીન નથી. જુદી જુદી એકેક ઈન્દ્રિય પરની અપેક્ષારહિત છે—એટલે કે અહમિન્દ્રની જેમ દરેક પોતપોતાને આધીન છે, એવી ઐશ્વર્યતા (મોટાઈ) ધરે છે.

**પ્રશ્ન** :—વચન, હાથ, પગ, ગુદા અને લિંગને પણ ઈન્દ્રિય ગણવી જોઈએ?

**ઉત્તર :**—નહિ, અહીં ઉપયોગનું પ્રકરણ છે. ઉપયોગમાં સ્પર્શાદિ ઈન્દ્રિયો નિમિત્ત છે, તેથી તેને ઈન્દ્રિય માનવી વ્યાજબી છે. વચન વગેરે ઉપયોગમાં નિમિત્ત નથી, તે તો (જડ) ક્રિયાનાં સાધન છે; અને ક્રિયાનાં કારણ હોવાથી જો તેને ઈન્દ્રિય કહીએ તો મસ્તક વગેરે બધાં અંગોપાંગ (ક્રિયાનાં સાધન) છે, તેમને ઈન્દ્રિયો કહેવી જોઈએ. માટે ઉપયોગમાં જે નિમિત્તકારણ હોય તે ઈન્દ્રિયનું લક્ષણ છે, એમ માનવું વ્યાજબી છે.

(૨) જડ ઈન્દ્રિયો જ્ઞાનના ઉપયોગ વખતે નિમિત્ત હોય છે, પણ જ્ઞાન તે ઈન્દ્રિયોથી થતું નથી, જ્ઞાન આત્મા પોતે પોતાથી કરે છે. ક્ષાયોપશમિકજ્ઞાનનું સ્વરૂપ એવું છે, કે તે જ્ઞાન જે વખતે જે પ્રકારનો ઉપયોગ કરવા લાયક હોય ત્યારે તેને લાયક ઈન્દ્રિયાદિ બાહ્યનિમિત્તો પોતે પોતાથી હાજર હોય છે, પણ નિમિત્તની રાહ જોવી પડતી નથી. આવો નિમિત્ત–નૈમિત્તિકસંબંધ છે. ઈન્દ્રિયો છે, તેથી જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે; જ્ઞાની તો જ્ઞાન પોતાથી થયું એમ માને છે અને જડ ઈન્દ્રિયો તે વખતે સંયોગરૂપ (હાજરરૂપ) સ્વયં હોય જ છે, એમ જાણે છે. ૧૫. *[જુઓ, અધ્યાય ૧ સૂત્ર ૧૪ની ટીકા. પાનું ૬૩ થી ૬૭]*

## ઇન્દ્રિયોના મૂળ ભેદ

## द्विविधानि ॥१६॥

**અર્થ :**—બધી ઈન્દ્રિયો [द्विविधानि] દ્રવ્યઈન્દ્રિય અને ભાવઈન્દ્રિય—એવા ભેદથી બબ્બે પ્રકારની છે.

**નોટ :**—દ્રવ્યેન્દ્રિયસંબંધી સૂત્ર ૧૭મું છે અને ભાવેન્દ્રિયસંબંધી સૂત્ર ૧૮મું છે. ૧૬.

## દ્રવ્યેન્દ્રિયનું સ્વરૂપ

## निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ॥१७॥

**અર્થ :**—[निर्वृत्ति उपकरणे] નિર્વૃત્તિ અને ઉપકરણને [द्रव्येन्द्रियम्] દ્રવ્યેન્દ્રિય કહે છે.

### ટીકા

**નિર્વૃત્તિ**—પુદ્‌ગલવિપાકી નામકર્મના ઉદયથી પ્રતિનિયતસ્થાનમાં થતી ઈન્દ્રિયરૂપ પુદ્‌ગલની રચનાવિશેષને બાહ્યનિર્વૃત્તિ કહે છે; અને ઉત્સેધ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણે થતા આત્માના જે વિશુદ્ધપ્રદેશ તેને આભ્યંતરનિવૃત્તિ કહે છે; એમ નિવૃત્તિના બે ભેદ છે.

*[જુઓ, અધ્યાય- ૨ સૂત્ર ૪૪ની ટીકા]*

જે આત્મપ્રદેશો નેત્રાદિ ઈન્દ્રિયાકારે થાય છે, તે આભ્યંતરનિવૃત્તિ છે અને તે જ આત્મપ્રદેશે નેત્રાદિ આકારે જે પુદ્‌ગલસમૂહ રહે છે, તે બાહ્યનિર્વૃત્તિ છે. કર્ણેન્દ્રિયના તથા નેત્રેન્દ્રિયના આત્મપ્રદેશો અનુક્રમે જવની નળી તથા મસુરના આકારે હોય છે અને પુદ્‌ગલઈન્દ્રિયો પણ તે તે આકારે હોય છે.

**ઉપકરણ**—નિર્વૃત્તિનો ઉપકાર કરવાવાળો પુદ્‌ગલસમૂહ તે ઉપકરણ છે. તેના બાહ્ય અને આભ્યંતર એવા બે ભેદ છે. જેમ—નેત્રમાં ધોળું અને કાળું મંડળ તે આભ્યંતર ઉપકરણ છે અને પાંપણ, ડોળા વગેરે બાહ્ય ઉપકરણ છે તેમ. 'ઉપકાર'નો અર્થ નિમિત્તમાત્ર સમજવો, પણ તે લાભ કરે છે, એમ ન સમજવું. [જુઓ, અર્થપ્રકાશિકા પાનું ૨૦૨–૨૦૩] આ બંને ઉપકરણો જડ છે. ૧૭.

## ભાવેન્દ્રિયનું સ્વરૂપ

## लब्ध्युपयोगौ भावेन्द्रियम् ॥१८॥

**અર્થ** :—[लब्धि उपयोगौ] લબ્ધિ અને ઉપયોગને [भावेन्द्रियम्] ભાવેન્દ્રિય કહેવામાં આવે છે.

### ટીકા

(૧) **લબ્ધિ**—લબ્ધિનો અર્થ પ્રાપ્તિ અથવા લાભ થાય છે. આત્માના ચૈતન્યગુણનો ક્ષયોપશમરૂપ ઉઘાડ તે લબ્ધિ છે. *[જુઓ, સૂત્ર ૪૪ની ટીકા]*

**ઉપયોગ**—ઉપયોગનો અર્થ ચૈતન્યવ્યાપાર થાય છે. આત્માના ચૈતન્યગુણનો જે ક્ષયોપશમરૂપ ઉઘાડ છે, તેના વ્યાપારને ઉપયોગ કહે છે.

(૨) આત્મા જ્ઞેયપદાર્થની સન્મુખ થઈને પોતાના ચૈતન્યવ્યાપારને તે તરફ જોડે તે ઉપયોગ છે. ઉપયોગ ચૈતન્યનું પરિણમન છે; તે કોઈ અન્ય જ્ઞેયપદાર્થ તરફ લાગી રહ્યો હોય તો, આત્માની સાંભળવાની શક્તિ હોય તોપણ, સાંભળે નહિ. લબ્ધિ અને ઉપયોગ બંને મળીને જ્ઞાનની સિદ્ધિ થાય છે.

(૩) **પ્રશ્ન** :—ઉપયોગ તો લબ્ધિરૂપ ભાવેન્દ્રિયનું ફળ (અથવા કાર્ય) છે, તેને ભાવેન્દ્રિય શા માટે કહી?

**ઉત્તર** :—કાર્યમાં કારણનો ઉપચાર કરીને ઉપયોગને (ઉપચારથી) ભાવેન્દ્રિય કહેવામાં આવે છે. ઘટ–આકારે પરિણમેલ જ્ઞાનને ઘટ કહેવામાં આવે છે, એ ન્યાયે લોકમાં કાર્યને પણ કારણ માનવામાં આવે છે. આત્માનું લિંગ ઈન્દ્રિય (ભાવેન્દ્રિય) છે; આત્મા તે સ્વઅર્થ છે, તેમાં

ઉપયોગ મુખ્ય છે અને તે જીવનું લક્ષણ છે, તેથી ઉપયોગને ભાવ-ઈન્દ્રિયપણું કહી શકાય છે.

**(૪)** ઉપયોગ અને લબ્ધિ એ બંનેને ભાવેન્દ્રિય એ માટે કહે છે કે તેઓ દ્રવ્યપર્યાય નથી, પણ ગુણપર્યાય છે. ક્ષયોપશમહેતુક લબ્ધિ પણ એક પર્યાય યા ધર્મ છે અને ઉપયોગ પણ એક ધર્મ છે, કેમ કે તે આત્માનો પરિણામ છે. તે ઉપયોગ દર્શન અને જ્ઞાન એવા બે પ્રકારનો છે.

**(૫)** ધર્મ, સ્વભાવ, ભાવ, ગુણપર્યાય, ગુણ એ શબ્દો એકાર્થવાચક છે.

**(૬)** પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરવા યોગ્ય જ્ઞાનની ક્ષયોપશમલબ્ધિ તો સર્વ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને હોય છે; પણ જે જીવ પરનું લક્ષ ટાળી સ્વ (આત્મા) તરફ ઉપયોગને વાળે છે, તેને આત્માનું જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) થાય છે અને જે જીવ પર તરફ જ ઉપયોગને વાળ્યા કરે છે, તેને મિથ્યાજ્ઞાન થાય છે અને તેથી તેનું અવિનાશી કલ્યાણ થતું નથી.

**(૭) આ સૂત્રનો સિદ્ધાંત**

જીવને છદ્મસ્થદશામાં જ્ઞાનનો ઉઘાડ અર્થાત્ ક્ષયોપશમહેતુક લબ્ધિ ઘણી હોય, તોપણ તે બધા ઉઘાડનો ઉપયોગ એકસાથે કરી શકતો નથી, કેમ કે તેનો ઉપયોગ રાગમિશ્રિત છે. તેથી રાગમાં રોકાઈ જાય છે, તે કારણે જ્ઞાનનો ઉઘાડ (લબ્ધિ) ઘણો હોય તોપણ વ્યાપાર (ઉપયોગ) તો અલ્પ હોય છે. જ્ઞાનગુણ તો દરેક જીવને પરિપૂર્ણ છે; વિકારી દશામાં તે જ્ઞાનગુણની પૂર્ણ પર્યાય ઊઘડતી નથી, એટલું જ નહિ પણ પર્યાયમાં જેટલો ઉઘાડ હોય તેટલો પણ વ્યાપાર એક સાથે કરી શકતો નથી. આત્માનું લક્ષ પર તરફ હોય ત્યાં સુધી તેની આવી દશા હોય છે, માટે જીવે સ્વ અને પરનું યથાર્થ ભેદવિજ્ઞાન કરવું જોઈએ. ભેદવિજ્ઞાન થતાં તે પોતાનો પુરુષાર્થ સ્વ તરફ વાળ્યા જ કરે છે અને તેથી ક્રમે ક્રમે રાગ ટાળીને બારમા ગુણસ્થાને સર્વથા રાગ ટળી જતાં વીતરાગતા થાય છે. ત્યાર પછી થોડા જ વખતમાં પુરુષાર્થ વધતાં જ્ઞાનગુણ જેટલો પરિપૂર્ણ છે તેટલો જ પરિપૂર્ણ તેનો પર્યાય ઊઘડે છે; જ્ઞાનપર્યાય પૂર્ણ ઊઘડી ગયા પછી જ્ઞાનના વ્યાપારને એકબાજુથી બીજી તરફ વાળવાનું રહેતું નથી; માટે દરેક મુમુક્ષુ જીવોએ યથાર્થ ભેદવિજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ–કે જેનું ફળ કેવળજ્ઞાન છે. ૧૮.

## પાંચ ઇન્દ્રિયોનાં નામ અને તેનો અનુક્રમ

### स्पर्शरसनाघ्राणचक्षुःश्रोत्राणि ।।१९।।

**અર્થ** :–[स्पर्शन] સ્પર્શન, [रसना] રસના, [घ्राण] ઘ્રાણ–નાક, [चक्षुः] ચક્ષુ અને [श्रोत] શ્રોત્ર–કાન એ પાંચ ઈન્દ્રિયો છે.

## ટીકા

(૧) આ ઈન્દ્રિયો ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય એમ બંને પ્રકારની સમજવી. એકેન્દ્રિય જીવને પહેલી (સ્પર્શન) ઈન્દ્રિય, બે-ઈન્દ્રિય જીવને પહેલી બે-એમ અનુક્રમે હોય છે. આ અધ્યાયના સૂત્ર ૧૪ ની ટીકામાં આ સંબંધી વિગતથી જણાવ્યું છે, માટે ત્યાંથી જોઈ લેવું.

(૨) આ પાંચ ભાવેન્દ્રિયોમાં ભાવશ્રોત્રેન્દ્રિયને ઘણી લાભદાયક ગણવામાં આવી છે, કેમ કે તે ભાવ-ઈન્દ્રિયના બળથી સમ્યગ્જ્ઞાની પુરુષનો ઉપદેશ શ્રવણ કરીને ત્યારબાદ વિચાર કરીને યથાર્થ નિર્ણય કરી હિતની પ્રાપ્તિ અને અહિતનો ત્યાગ જીવ કરી શકે છે. જડ-ઈન્દ્રિય તો સાંભળવામાં નિમિત્તમાત્ર છે.

(૩) ૧–શ્રોત્રેન્દ્રિય (કાન)નો આકાર જવની વચલી નળી જેવો, ૨–નેત્રનો આકાર મસુર જેવો, ૩–નાકનો આકાર તલના ફૂલ જેવો, ૪–રસનાનો આકાર અર્ધચંદ્ર જેવો હોય છે અને સ્પર્શેન્દ્રિય શરીરાકારે હોય છે. ૧૯.

## ઇન્દ્રિયોના વિષય

## स्पर्शरसगन्धवर्णशब्दास्तदर्थाः ॥२०॥

**અર્થ** :—[**स्पर्शरसगन्धवर्णशब्दाः**] સ્પર્શ, રસ, ગંધ, વર્ણ (રૂપ, રંગ) અને શબ્દ એ પાંચ ક્રમથી [**तत् अर्थाः**] ઉપર કહેલી પાંચ ઈન્દ્રિયોનો વિષય છે અર્થાત્ ઉપર કહેલી પાંચ ઈન્દ્રિયો તે તે વિષયને જાણે છે.

## ટીકા

(૧) જાણવાનું કામ ભાવેન્દ્રિયનું છે, પુદ્ગલ ઈન્દ્રિય નિમિત્ત છે. દરેક ઈન્દ્રિયનો વિષય શું છે તે અહીં કહ્યું છે; આ વિષયો જડ–પુદ્ગલો છે.

(૨) **પ્રશ્ન** :–આ અધિકાર જીવનો છે, છતાં તેમાં પુદ્ગલદ્રવ્યની વાત શા માટે લીધી?

**ઉત્તર** :–જીવને ભાવેન્દ્રિયથી થતાં ઉપયોગરૂપ જ્ઞાનમાં જ્ઞેય શું છે તે જણાવવા માટે કહ્યું છે. જ્ઞેય નિમિત્ત માત્ર છે, જ્ઞેયથી જ્ઞાન થતું નથી પણ ઉપયોગરૂપ ભાવેન્દ્રિયથી જ્ઞાન થાય છે, એટલે કે જ્ઞાન વિષયી (વિષય કરનાર) છે અને જ્ઞેય વિષય છે, એ બતાવવા આ સૂત્ર કહ્યું છે.

(૩) **સ્પર્શ** :–આઠ પ્રકારના છે—૧–શીત, ૨–ઉષ્ણ, ૩–લૂખો, ૪–ચીકણો, ૫–કોમળ, ૬–કઠોર, ૭–હળવો અને ૮–ભારે.

**રસ** :–પાંચ પ્રકારના છે—૧–તીખો, ૨–આમ્લ (ખાટો), ૩–કડવો, ૪–મધુર અને ૫–કષાયેલો.

**ગંધ** :–બે પ્રકારની છે—૧–સુગંધ અને ૨–દુર્ગંધ.

**વર્ણ (રંગ)** :–પાંચ પ્રકારના છે—૧–કૃષ્ણ, ૨–નીલ (આસમાની), ૩–પીળો, ૪–રાતો અને ૫–શુક્લ (ધોળો).

**શબ્દ (સ્વર)** :–સાત પ્રકારના છે—૧–ષડજ, ૨–ૠષભ, ૩–ગંધાર, ૪–મધ્યમ, ૫–પંચમ, ૬–ધૈવત, ૭–નિષાદ.

એ પ્રમાણે કુલ ૨૭ ભેદો છે, તેમના સંયોગના અસંખ્યાત ભેદો પડે છે.

**(૪)** સંજ્ઞી પ્રાણીઓને ઇન્દ્રિય દ્વારા થતા ચૈતન્યવેપારમાં મન નિમિત્તરૂપ હોય છે.

**(૫)** સ્પર્શ, રસ, ગંધ અને શબ્દ એ વિષયોનું જ્ઞાન તે તે વિષયને જાણનાર ઇન્દ્રિય સાથે તે વિષયનો સંયોગ થવાથી જ થાય છે. આત્મા ચક્ષુ દ્વારા જે રૂપને દેખે છે તે રૂપથી યોગ્ય ક્ષેત્રે દૂર રહીને દેખી શકે છે. ૨૦.

## મનનો વિષય

## श्रुतमनिन्द्रियस्य ॥२१॥

**અર્થ** : [अनिन्द्रियस्य] મનનો વિષય [श्रुतम्] શ્રુતજ્ઞાનગોચર પદાર્થ છે અથવા મનનું પ્રયોજન શ્રુતજ્ઞાન છે.

### ટીકા

(૧) દ્રવ્યમન આંઠ પાંખડીવાળા ખીલેલા કમળના આકારે છે. (જુઓ અધ્યાય ૨, સૂત્ર ૧૧ની ટીકા) જીવે શ્રવણ કરેલા પદાર્થને વિચારવામાં મન દ્વારા પ્રવૃત્તિ થાય છે. કર્ણેન્દ્રિય દ્વારા શ્રવણ કરેલા શબ્દનું જ્ઞાન તે મતિજ્ઞાન છે; તે મતિજ્ઞાનપૂર્વકનો વિચાર તે શ્રુતજ્ઞાન છે. સમ્યગ્જ્ઞાની પુરુષોનો ઉપદેશ શ્રવણ કરવામાં કર્ણેન્દ્રિય નિમિત્ત છે અને તેનો વિચાર કરીને યથાર્થ નિર્ણય કરવામાં મન નિમિત્ત છે. હિતની પ્રાપ્તિ અને અહિતનો ત્યાગ મન દ્વારા થાય છે. (જુઓ, અધ્યાય ૨, સૂત્ર ૧૧ તથા ૧૯ની ટીકા) પ્રથમ રાગસહિત મન દ્વારા આત્માનું સાચું જ્ઞાન કરી શકાય છે અને પછી (રાગને અંશે તોડતાં) મનના અવલંબન વગર સમ્યગ્જ્ઞાન પ્રગટે છે; તેથી સંજ્ઞી જીવો જ ધર્મ પામવાને લાયક છે. (જુઓ, અધ્યાય ૨, સૂત્ર ૨૪ની ટીકા)

(૨) મન વિનાના (અસંજ્ઞી) જીવોને પણ એક પ્રકારનું શ્રુતજ્ઞાન હોય છે. (જુઓ

અધ્યાય ૧, સૂત્ર ૧૧ તથા ૩૦ની ટીકા) તેઓને આત્મજ્ઞાન નહિ હોવાથી તે જ્ઞાનને 'કુશ્રુત' કહેવામાં આવે છે.

(૩) શ્રુતજ્ઞાન જે વિષયને જાણે છે તેમાં મન સ્વતંત્ર નિમિત્ત છે, કોઈ ઈન્દ્રિયને આધીન મન નથી, એટલે કે શ્રુતજ્ઞાનમાં કોઈ પણ ઈન્દ્રિયનું નિમિત્ત નથી. ૨૧.

## ઇન્દ્રિયોનો સ્વામી

## वनस्पत्यन्तानामेकम् ॥२२॥

**અર્થ** :-[वनस्पति अन्तानाम्] વનસ્પતિકાય જેના અંતમાં છે એવા જીવોને અર્થાત્ પૃથ્વીકાયિક, જળકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવોને [एकम्] એક સ્પર્શનઈન્દ્રિય જ હોય છે.

### ટીકા

આ સૂત્રમાં કહેલા જીવો એક સ્પર્શન ઈન્દ્રિય દ્વારા જ જ્ઞાન કરે છે. આ સૂત્રમાં 'ઈન્દ્રિયોના સ્વામી' એવું મથાળું બાંધ્યું છે, તેમાં ઈન્દ્રિયના બે પ્રકાર છે—જડઈન્દ્રિય અને ભાવેન્દ્રિય. જડઈન્દ્રિયની સાથે જીવને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવવા માટે વ્યવહારથી સ્વામી કહેલ છે, ખરેખર તો કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યનો સ્વામી છે જ નહિ અને ભાવેન્દ્રિય તે આત્માનો તે વખતનો પર્યાય છે, એટલે કે અશુદ્ધનયે તેનો સ્વામી આત્મા છે. ૨૨.

## कृमिपिपीलिकाभ्रमरमनुष्यादिनामेकैकवृद्धानि ॥२३॥

**અર્થ** :-[कृमि पिपीलिका भ्रमर मनुष्यादिनाम्] કરમિયાં વગેરે, કીડી વગેરે, ભમરો વગેરે તથા મનુષ્ય વગેરેને [एकैक वृद्धानि] ક્રમથી એકેક ઈન્દ્રિય વધતી વધતી છે અર્થાત્ કરમિયાં વગેરેને બે, કીડી વગેરેને ત્રણ, ભમરા વગેરેને ચાર તથા મનુષ્ય વગેરેને પાંચ ઈન્દ્રિય હોય છે.

### ટીકા

**પ્રશ્ન** :-કોઈ મનુષ્ય જન્મથી જ આંધળો અને કાને બહેરો હોય છે, તો એવા જીવને ત્રણ ઈન્દ્રિય જીવ કહેવો કે પંચેન્દ્રિય જીવ કહેવો?

**ઉત્તર** :-તે પંચેન્દ્રિય જીવ છે, તેને પાંચ ઈન્દ્રિયો છે, પણ ઉપયોગરૂપ શક્તિ નથી, તેથી તે દેખતો અને સાંભળતો નથી.

**નોટ** :—આ પ્રમાણે સંસારી જીવોના ઈન્દ્રિયદ્વારનું વર્ણન કર્યું. હવે તેના મનદ્વારનું વર્ણન ૨૪મા સૂત્રમાં કહે છે. ૨૩.

## સંજ્ઞી કોને કહે છે ?

## संज्ञिनः समनस्काः ॥२४॥

**અર્થ** :–[समनस्काः] મનસહિત જીવોને [संज्ञिनः] સંજ્ઞી કહેવાય છે.

### ટીકા

સંજ્ઞી જીવો પંચેન્દ્રિય જ હોય છે. (જુઓ, અધ્યાય–૨, સૂત્ર ૧૧ તથા ૨૧ની ટીકા) જીવના હિતાહિતની પ્રવૃત્તિ મન દ્વારા થાય છે. પંચેન્દ્રિય જીવમાં સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે પ્રકાર છે. સંજ્ઞી એટલે સંજ્ઞાવાળા પ્રાણી સમજવા. 'સંજ્ઞા'ના ઘણા અર્થો થાય છે, તેમાંથી અહીં 'મન' એવો અર્થ લેવો. ૨૪.

## મન દ્વારા હિતાહિતની પ્રવૃત્તિ થાય છે પણ શરીર છૂટતાં વિગ્રહગતિમાં મન વિના શરીરની પ્રાપ્તિ માટે જીવ ગમન કરે છે ત્યારે કર્મનો આસ્રવ થાય છે, તેનું કારણ શું ?

## विग्रहगतौ कर्मयोगः ॥२५॥

**અર્થ** :–[विग्रहगतौ] વિગ્રહગતિમાં અર્થાત્ નવીન શરીર માટે ગમન કરવામાં [कर्मयोगः] કાર્મણ કાયયોગ હોય છે.

### ટીકા

**(૧) વિગ્રહગતિ**—એક શરીરને છોડીને બીજા શરીરની પ્રાપ્તિ માટે ગમન કરવું તે વિગ્રહગતિ છે. અહીં વિગ્રહનો અર્થ શરીર છે.

**કર્મયોગ**—કર્મોના સમૂહને કાર્મણશરીર કહે છે; આત્માના પ્રદેશોના પરિસ્પંદનને યોગ કહે છે. આ પરિસ્પંદન વખતે કાર્મણશરીર નિમિત્તરૂપ છે, તેથી તેને કર્મયોગ કહે છે અને તે કારણે નવાં કર્મોનો તે વખતે આસ્રવ થાય છે. (જુઓ, સૂત્ર ૪૪ની ટીકા)

(૨) મરણ થતાં નવીન શરીર ગ્રહણ કરવા માટે જીવ ગમન કરે છે ત્યારે રસ્તામાં એક, બે, ત્રણ કે ચાર સમય લાગે છે, તે સમયમાં કાર્મણયોગના કારણે પુદ્‌ગલકર્મનું તથા તૈજસવર્ગણાનું ગ્રહણ થાય છે પણ નોકર્મપુદ્‌ગલોનું ગ્રહણ થતું નથી. ૨૫.

## વિગ્રહગતિમાં જીવ અને પુદ્ગલનું ગમન કેવી રીતે થાય છે?

### अनुश्रेणी गतिः॥२६॥

**અર્થ** :-[गति] જીવ-પુદ્ગલોનું ગમન [अनुश्रेणि] શ્રેણિ અનુસાર જ થાય છે.

### ટીકા

(૧) શ્રેણિ :-લોકના મધ્યભાગથી ઉપર, નીચે તથા તિર્યગ્દિશામાં ક્રમથી હારબંધ રચનાવાળા પ્રદેશોની પંક્તિ **(Line)**ને શ્રેણિ કહે છે.

(૨) વિગ્રહગતિમાં આકાશપ્રદેશોની સીધી પંક્તિએ જ ગમન થાય છે, વિદિશામાં ગમન થતું નથી. પુદ્ગલનો શુદ્ધ પરમાણુ જ્યારે અતિ શીઘ્ર ગમન કરી એક સમયમાં ચૌદ રાજુ ગમન કરે છે ત્યારે તે સીધો જ ગમન કરે છે.

(૩) ઉપર પ્રમાણે શ્રેણિની છ દિશા થાય છે :—૧-પૂર્વથી પશ્ચિમ, ૨-ઉત્તરથી દક્ષિણ, ૩-ઉપરથી નીચે, તથા બીજા ત્રણ તેનાથી ઊલટી રીતે; એટલે કે ૪-પશ્ચિમથી પૂર્વ, ૫-દક્ષિણથી ઉત્તર અને નીચેથી ઉપર.

(૪) **પ્રશ્ન** :-આ જીવ અધિકાર છે, તેમાં પુદ્ગલનો વિષય શા માટે લીધો?

**ઉત્તર** :-જીવ અને પુદ્ગલનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવવા તથા જીવ તેમ જ પુદગલ બંને ગમન કરે છે, એમ બતાવવા માટે પુદ્ગલનો વિષય પણ લીધો છે. ૨૬.

## મુક્ત જીવોની ગતિ કેવી રીતે થાય છે ?

### अविग्रहा जीवस्य॥२७॥

**અર્થ** :-[जीवस्य] મુક્ત જીવની ગતિ [अविग्रहा] વક્રતા રહિત (સીધી) થાય છે.

### ટીકા

સૂત્રમાં 'जीवस्य' શબ્દ લખ્યો છે પણ આગળના સૂત્રમાં સંસારી જીવનો વિષય હતો, તેથી અહીં 'जीवस्य'નો અર્થ 'મુક્ત જીવ' થાય છે. આ અધ્યાયના ૨૫મા સૂત્રમાં વિગ્રહનો અર્થ 'શરીર' કર્યો હતો, અહીં તેનો અર્થ 'વક્રતા' કરવામાં આવ્યો છે; વિગ્રહ શબ્દના એ બંને અર્થો થાય છે. ૨૫મા સૂત્રમાં શ્રેણિનો વિષય ન હતો, તેથી ત્યાં 'વક્રતા' અર્થ લાગુ થતો નહિ, પણ આ સૂત્રમાં શ્રેણિનો વિષય હોવાથી 'अविग्रहा'નો અર્થ વક્રતા રહિત (મોડા રહિત) થાય છે, એમ સમજવું. મુક્ત જીવો શ્રેણિબદ્ધ ગતિથી એક સમયમાં સીધા સાત રાજુ ઊંચા ગમન કરી સિદ્ધક્ષેત્રમાં જઈ સ્થિર થાય છે. ૨૭.

## સંસારી જીવોની ગતિ અને તેનો સમય

## विग्रहवती च संसारिणः प्राक्चतुर्भ्यः ॥२८॥

**અર્થ** :–[संसारिणः] સંસારી જીવની ગતિ [चतुर्भ्यः प्राक्] ચાર સમયથી પહેલાં પહેલાં [विग्रहवती च] વક્રતા–મોડાસહિત તથા રહિત થાય છે.

### ટીકા

(૧) સંસારી જીવની ગતિ મોડાસહિત અને મોડારહિત હોય છે જો મોડારહિત હોય તો તેને એક સમય લાગે છે; જો એક મોડો લેવો પડે, તો બે સમય, બે મોડા લેવા પડે તો ત્રણ સમય અને ત્રણ મોડા લેવા પડે તો ચાર સમય લાગે છે. જીવ ચોથા સમયે તો ક્યાંક નવું શરીર નિયમથી ધારણ કરી લે છે; તેથી વિગ્રહગતિનો સમય વધારેમાં વધારે ચાર સમય સુધી હોય છે. તે ગતિઓનાં નામ—૧–ૠજુગતિ (ઈષુગતિ), ૨–પાણીમુક્તાગતિ, ૩–લાંગલિકાગતિ અને ૪–ગૌમુત્રિકાગતિ એ પ્રમાણે છે.

(૨) એક પરમાણુને મંદગતિએ એક આકાશ પ્રદેશથી તેની નજીકના બીજા આકાશપ્રદેશ સુધી જતાં જે વખત લાગે છે તે એક સમય છે, આ નાનામાં નાનો કાળ છે.

(૩) લોકમાં એવું કોઈ સ્થળ નથી, કે જ્યાં જતાં જીવને ત્રણ કરતાં વધારે મોડા લેવા પડે.

(૪) વિગ્રહગતિમાં એક સમયથી વધારે વખત રહે ત્યારે જીવને ચૈતન્યનો ઉપયોગ હોતો નથી. જ્યારે જીવની તે પ્રકારની લાયકાત હોતી નથી ત્યારે દ્રવ્યઈન્દ્રિયો પણ હોતી નથી, એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. જીવનો ઉપયોગ હોવા લાયક હોય છે ત્યારે દ્રવ્યઈન્દ્રિયો પોતાના કારણે સ્વયં હાજર હોય છે, તે એમ સાબિત કરે છે કે જીવની પાત્રતા હોય ત્યારે તેને અનુસાર નિમિત્ત સ્વયં હાજર હોય છે, નિમિત્ત માટે રાહ જોવી પડતી નથી; અને જીવ લાયક ન હોય ત્યારે નિમિત્તનો તેના પોતાના કારણે સ્વયં અભાવ હોય છે. ૨૮.

## અવિગ્રહગતિનો સમય

## एकसमयाऽविग्रहा ॥२९॥

**અર્થ** :–[अविग्रहा] મોડારહિત ગતિ [एकसमया] એક સમયમાત્ર જ હોય છે અર્થાત્ તેમાં એક સમય જ લાગે છે.

## ટીકા

(૧) જે સમયે જીવનો એક શરીર સાથેનો સંયોગ બંધ પડ્યો તે જ સમયે, જો જીવ અવિગ્રહગતિને લાયક હોય તો બીજા ક્ષેત્રે.......રહેલા બીજા શરીરને લાયક પુદ્‌ગલો સાથે (શરીર સાથે) સંબંધ શરૂ થાય છે. મુક્ત જીવોને પણ સિદ્ધગતિમાં જતાં એક જ સમય લાગે છે. આ ગતિ સીધી લાઈનમાં જ હોય છે.

(૨) એક પુદ્‌ગલને ઉત્કૃષ્ટ ઝડપથી ગતિ કરતાં ચૌદ રાજલોક અર્થાત્ લોકના એક છેડેથી બીજા છેડા સુધી (સીધી લાઈનમાં ઉપર કે નીચે) જતાં એક સમય જ લાગે છે. ૨૯.

## વિગ્રહગતિમાં આહારક-અનાહારકની વ્યવસ્થા

### एकं द्वौ त्रीन्वानाहारकः ॥३०॥

**અર્થ** :-વિગ્રહગતિમાં [एकं द्वौ वा त्रीन्] એક, બે અથવા ત્રણ સમય સુધી [अनाहारक] જીવ અનાહારક હોય છે.

## ટીકા

(૧) **આહાર** :-ઔદારિક, વૈક્રિયિક અને આહારક શરીર તથા છ પર્યાપ્તિને યોગ્ય પુદ્‌ગલપરમાણુઓના ગ્રહણને આહાર કહેવામાં આવે છે.

(૨) ઉપર કહેલા આહારને જીવ જ્યાં સુધી ગ્રહણ નથી કરતો ત્યાં સુધી તે અનાહારક હોય છે; પરંતુ એક, બે કે ત્રણ મોડાવાળી ગતિમાં એક, બે કે ત્રણ સમય સુધી અનાહારક રહે છે; ચોથા સમયે નિયમથી આહારક થઈ જાય છે.

(૩) એ વાત લક્ષમાં રાખવાની કે આ સૂત્રમાં નોકર્મની અપેક્ષાએ અનાહારકપણું કહ્યું છે. કર્મગ્રહણ તથા તૈજસપરમાણુનું ગ્રહણ તેરમા ગુણસ્થાન સુધી હોય છે. જો આ કર્મ અને તૈજસ પરમાણુના ગ્રહણને આહારકપણું ગણવામાં આવે, તો તે અયોગી ગુણસ્થાને હોતું નથી.

(૪) વિગ્રહગતિ સિવાયના વખતમાં જીવ દરેક સમયે નોકર્મરૂપ આહાર કરે છે.

(૫) અહીં આહાર, અનાહાર અને ગ્રહણ શબ્દો વાપર્યા છે. તે માત્ર નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવવા માટે છે. ખરી રીતે (નિશ્ચયદૃષ્ટિએ) આત્માને કોઈ પણ સમયે કોઈ પણ પરદ્રવ્યનાં ગ્રહણ કે ત્યાગ હોતાં નથી, પછી તે નિગોદમાં હો કે સિદ્ધ હો! ૩૦.

## જન્મના ભેદ

## सम्मूर्च्छनगर्भोपपादा जन्म ॥३१॥

**અર્થ** :–[सम्मूर्च्छनगर्भउपपादाः] સમ્મૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાદ એવા ત્રણ પ્રકારના [जन्म] જન્મ હોય છે.

### ટીકા

(૧) **જન્મ** :–નવીન શરીર ધારણ કરવું તે જન્મ છે.

**સમ્મૂર્ચ્છન જન્મ** :–પોતાના શરીરને યોગ્ય પુદ્ગલો દ્વારા, માતા-પિતાના રજ અને વીર્ય વિના જ શરીરની રચના થવી, તેને સમ્મૂર્ચ્છન જન્મ કહે છે.

**ગર્ભ જન્મ** :–સ્ત્રીના ઉદરમાં રજ અને વીર્ય મળવાથી જે જન્મ **(Conception)** થાય તેને ગર્ભ જન્મ કહે છે.

**ઉપપાદ જન્મ** :–માતા-પિતાના રજ અને વીર્ય વિના દેવ અને નારકીઓના નિશ્ચિતસ્થાનવિશેષમાં ઉત્પન્ન થવાને ઉપપાદ જન્મ કહે છે. આ ઉપપાદ જન્મવાળું શરીર વૈક્રિયિક રજકણોનું બને છે.

(૨) समन्ततः मूर्च्छनं—એ વડે સમ્મૂર્ચ્છન શબ્દ બન્યો છે; તેમાં समन्ततः નો અર્થ 'ચારે બાજુ'–અથવા 'જ્યાં–ત્યાં' થાય છે અને 'मूर्च्छनंનો અર્થ 'શરીરનું બની જવું' એવો થાય છે.

(૩) જીવ અનાદિ-અનંત છે એટલે તેને જન્મ-મરણ હોતાં નથી, પણ અનાદિથી જીવને પોતાના સ્વરૂપની ભ્રમણા (મિથ્યાદર્શન) હોવાથી તેને શરીર સાથે એક ક્ષેત્રાવગાહસંબંધ થાય છે અને અજ્ઞાનથી શરીરને પોતાનું માને છે. વળી શરીરને હું હલાવી-ચલાવી શકું, શરીરની ક્રિયા હું કરી શકું એ વગેરેથી ઊંધી માન્યતા જીવને અનાદિથી ચાલી આવે છે; તે વિકારભાવ હોય ત્યાં સુધી જીવને નવાં નવાં શરીરો સાથે સંબંધ થાય છે. તે નવા શરીરના સંબંધને (સંયોગને) જન્મ કહે છે અને જૂના શરીરના વિયોગને મરણ કહે છે. સમ્યગ્દૃષ્ટિ થયા પછી ચારિત્રની પૂર્ણતા ન થાય ત્યાં સુધી જીવને નવું શરીર પ્રાપ્ત થાય છે, તેમાં જીવનો કષાયભાવ નિમિત્ત છે. ૩૧.

## યોનિઓના ભેદ

## सचित्तशीतसंवृताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ॥३२॥

**અર્થ** :–[सचित्त शीत संवृताः] સચિત્ત, શીત, સંવૃત [सेतरा] તેનાથી ઊલટી ત્રણ –અચિત્ત, ઉષ્ણ, વિવૃત્ત [च एकशः मिश्राः] અને ક્રમથી એક-એકથી મળેલી ત્રણ અર્થાત્ સચિત્તાચિત્ત, શીતોષ્ણ અને સંવૃત્તવિવૃત [तत् योनयः] એ નવ જન્મયોનિઓ છે.

## ટીકા

(૧) જીવોના ઉત્પત્તિસ્થાનને યોનિ કહે છે; યોનિ આધાર અને જન્મ આધેય છે.

(૨) **સચિત્તયોનિ**—જીવસહિત યોનિને સચિત્તયોનિ કહે છે.

**સંવૃતયોનિ**–જે કોઈના દેખવામાં ન આવે એવા ઉત્પત્તિસ્થાનને સંવૃત્ત (ઢંકાયેલી) યોનિ કહે છે.

**વિવૃતયોનિ**–જે સર્વના દેખવામાં આવે એવા ઉત્પત્તિસ્થાનને વિવૃત્ત (ખુલ્લી) યોનિ કહે છે.

(૩) ૧–માણસ કે બીજા પ્રાણીના પેટમાં જીવો (કરમિયાં) ઉત્પન્ન થાય, તેની સચિત્તયોનિ છે. ૨–દીવાલ, ટેબલ વગેરેમાં જીવો ઉત્પન્ન થાય છે, તેની અચિત્તયોનિ છે. ૩–માણસે પહેરેલ ટોપી વગેરેમાં જીવો ઉત્પન્ન થાય, તેની સચિત્તાચિત્ત યોનિ છે. ૪–ઠંડીમાં જીવો ઉત્પન્ન થાય, તેની શીતયોનિ છે. ૫–ગરમીમાં જીવો ઉત્પન્ન થાય, તેની ઉષ્ણયોનિ છે. ૬–પાણીના ખાડામાં સૂર્યની ગરમીથી પાણી ઊનું થતાં જીવો ઉત્પન્ન થાય, તેની શીતોષ્ણયોનિ છે. ૭–પેકબંધ ટોપલામાં રહેલા ફળમાં જીવો ઉત્પન્ન થાય, તેની સંવૃત્તયોનિ છે. ૮–પાણીમાં જીવો (લીલફૂગ વગેરે) ઉત્પન્ન થાય, તેની વિવૃતયોનિ છે અને ૯–થોડો ભાગ ઉઘાડો તથા થોડો ઢંકાયેલો એવા સ્થાનમાં જીવો ઊપજે, તેની સંવૃતવિવૃતયોનિ છે.

(૪) **ગર્ભ**–યોનિના આકારના ત્રણ ભેદ છે : ૧–શંખાવર્ત, ૨–કૂર્મોન્નત અને ૩–વંશપત્ર. શંખાવર્તયોનિમાં ગર્ભ રહેતો નથી. કૂર્મોન્નતયોનિમાં તીર્થંકર, ચક્રવર્તી, બળભદ્ર અને તેના ભાઈઓ સિવાય કોઈ ઉત્પન્ન થતું નથી. વંશપત્રયોનિમાં બાકીના ગર્ભજન્મવાળા સર્વ જીવો ઉત્પન્ન થાય છે. ૩૨.

## ગર્ભજન્મ કોને કહે છે ?

## जरायुजाण्डजपोतानां गर्भः ॥३३॥

**અર્થ** :–[जरायुज अण्डज पोतानां] જરાયુજ, અંડજ અને પોતજ એ ત્રણ પ્રકારના જીવોને [गर्भः] ગર્ભજન્મ જ હોય છે અર્થાત્ તે જીવોને જ ગર્ભજન્મ હોય છે.

## ટીકા

(૧) **જરાયુજ** :–જાળની સમાન માંસ અને લોહીથી વ્યાપ્ત એક પ્રકારની થેલીથી લપેટાયેલ જે જીવ જન્મે છે તેને જરાયુજ કહે છે. જેમ કે—ગાય, ભેંસ, મનુષ્ય વગેરે.

**અંડજ** :–જે જીવ ઈંડામાંથી જન્મે છે, તેને અંડજ કહે છે. જેમ કે–ચકલી, કબૂતર, મોર વગેરે પક્ષીઓ.

**પોતજ** :–જન્મતી વખતે જે જીવોનાં શરીર ઉપર કોઈ પણ પ્રકારનું આવરણ ન હોય તેને પોતજ કહે છે. જેમ કે સિંહ, વાઘ, હાથી, હરણ, વાંદરો વગેરે.

(૨) અસાધારણ ભાષા અને અધ્યયનાદિ જરાયુજ જીવોમાં જ હોય છે. ચક્રધર, વાસુદેવાદિ મહા પ્રભાવશાળી જીવો જરાયુજ છે, મોક્ષ પણ જરાયુજને જ થાય છે. ૩૩.

## ઉપપાદ જન્મ કોને કહે છે ?

## देवनारकाणामुपपादः ।।३४।।

**અર્થ** :–[देवनारकाणाम्] દેવ અને નારકીઓને [उपपादः] ઉપપાદજન્મ જ હોય છે અર્થાત્ ઉપપાદજન્મ તે જીવોને જ હોય છે.

## ટીકા

(૧) દેવના પ્રસૂતિસ્થાનમાં શુદ્ધ સુગંધી કોમળ સંપુટના આકારે શય્યા હોય છે, તેમાં ઉત્પન્ન થઈ અંતર્મુહૂર્તમાં પરિપૂર્ણ યુવાન જેવો થઈ, જેમ કોઈ શય્યામાં સૂતેલો જાગૃત થાય તેમ, આનંદ સહિત જીવ બેઠો થાય છે–આ દેવનો ઉપપાદજન્મ છે.

(૨) નારકી જીવો બીલમાં ઉત્પન્ન થાય છે. મધુછત્તાની જેમ ઊંધું મોઢું વગેરે આકારે નાનાં મોઢાંવાળાં ઉત્પત્તિસ્થાન છે, તેમાં નારકી જીવ ઊપજે છે અને ઊંધું માથુ, ઊંચા પગ એ રીતે ઘણી આકરી વેદનાથી નીકળી વિલાપ કરતો જમીન ઉપર પડે છે—આ નારકીનો ઉપપાદજન્મ છે. ૩૪.

## સમ્મૂર્ચ્છન જન્મ કોને હોય છે ?

## शेषाणां सम्मूर्च्छनम् ।।३५।।

**અર્થ** :–[शेषाणाम्] ગર્ભ અને ઉપપાદ જન્મવાળા સિવાયના બાકી રહેલા જીવોને [सम्मूर्च्छनम्] સમ્મૂર્ચ્છન જન્મ જ હોય છે અર્થાત્ સમ્મૂર્ચ્છન જન્મ બાકીના જીવોને જ હોય છે.

## ટીકા

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને નિયમથી સમ્મૂર્ચ્છન જન્મ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને ગર્ભ અને સમ્મૂર્ચ્છન બંને પ્રકારના જન્મ હોય છે એટલે કે કેટલાક ગર્ભજ હોય છે અને કેટલાક સમ્મૂર્ચ્છન હોય છે. લબ્ધિ-અપર્યાપ્ત મનુષ્યોને પણ સમ્મૂર્ચ્છન જન્મ હોય છે. ૩૫.

## શરીરોનાં નામો તથા ભેદ

### औदारिकवैक्रियिकाहारकतैजसकार्मणानि शरीराणि ॥३६॥

**અર્થ** :-[औदारिक वैक्रियिक आहारक तैजस कार्मणानि] ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ [शरीराणि] એ પાંચ શરીરો છે.

**ઔદારિક શરીર**—મનુષ્ય અને તિર્યંચોનાં શરીર—કે જે સડે છે, ગળે છે તથા ઝરે છે, તે—ઔદારિક શરીર છે. આ શરીર સ્થૂળ છે, તેથી 'ઉદાર' કહેવાય છે. સૂક્ષ્મનિગોદનું શરીર ઇન્દ્રિયો વડે ન દેખાય, બાળ્યું બળે નહિ, કાપ્યું કપાય નહિ તોપણ તે સ્થૂળ છે, કેમ કે બીજાં શરીરો તેનાથી ક્રમે ક્રમે સૂક્ષ્મ છે.

(જુઓ, હવે પછીનું સૂત્ર)

**વૈક્રિયિક શરીર**—જેમાં હલકું, ભારે તથા અનેક પ્રકારનાં રૂપ બનાવવાની શક્તિ હોય, તેને વૈક્રિયિક શરીર કહે છે. તે દેવ અને નારકીઓને જ હોય છે.

**નોંધ** :—એ વાત લક્ષમાં રાખવી કે ઔદારિક શરીરવાળા જીવો ઋદ્ધિના કારણે જે વિક્રિયા કરી શકે છે, તે ઔદારિક શરીરનો પ્રકાર છે.

**આહારક શરીર**—સૂક્ષ્મપદાર્થના નિર્ણય માટે અથવા સંયમની રક્ષા વગેરે માટે છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવને મસ્તકમાંથી એક હાથનું પૂતળું નીકળે છે, તેને આહારક શરીર કહે છે. (તત્ત્વોમાં કાંઈ શંકા થતાં કેવળી અગર શ્રુતકેવળી પાસે જવા માટે આવા મુનિના મસ્તકમાંથી એક હાથનું પૂતળું નીકળે છે, તેને આહારક શરીર કહે છે.)

**તૈજસ શરીર**—જેના કારણે શરીરમાં તેજ રહે, તેને તૈજસ શરીર કહે છે.

**કાર્મણ શરીર**—જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના સમૂહને કાર્મણ શરીર કહે છે.

**નોંધ** :—પહેલાં ત્રણ શરીરો આહારવર્ગણામાંથી બને છે. ૩૬.

## શરીરોની સૂક્ષ્મતાનું વર્ણન

### परं परं सूक्ष्मम् ॥३७॥

**અર્થ** :–પૂર્વે કહ્યાં તેનાથી [परं परं] આગળ આગળનાં શરીર [सूक्ष्मम्] સૂક્ષ્મ સૂક્ષ્મ છે અર્થાત્ ઔદારિકથી વૈક્રિયિક સૂક્ષ્મ, વૈક્રિયિકથી આહારક સૂક્ષ્મ, આહારકથી તૈજસ સૂક્ષ્મ અને તૈજસથી કાર્મણ શરીર સૂક્ષ્મ છે. ૩૭.

## પહેલા, પહેલા શરીર કરતાં આગળ આગળના શરીરના પ્રદેશો થોડા હશે, એવી વિરુદ્ધ માન્યતા દૂર કરવા માટે સૂત્ર કહે છે :

### प्रदेशतोऽसंख्येयगुणं प्राक्तैजसात् ॥३८॥

**અર્થ** :–[प्रदेशतः] પ્રદેશોની અપેક્ષાએ [तैजसात् प्राक्] તૈજસ પહેલાંનાં શરીરો [असंख्येयगुणं] અસંખ્યાતગુણા છે.

### ટીકા

ઔદારિક શરીરના પ્રદેશો કરતાં અસંખ્યાતગુણા વૈક્રિયિક શરીરના પ્રદેશો છે અને વૈક્રિયિક શરીરથી અસંખ્યાતગુણા આહારક શરીરના પ્રદેશો છે. ૩૮.

### अनन्तगुणे परे ॥३९॥

**અર્થ** :–[परे] બાકીનાં બે શરીરો [अनन्तगुणे] અનંતગુણા પરમાણુ (–પ્રદેશો)વાળાં છે અર્થાત્ આહારક શરીરથી અનંતગુણા પ્રદેશો તૈજસ શરીરમાં છે અને તૈજસથી અનંતગુણા કાર્મણ શરીરમાં પ્રદેશો છે.

### ટીકા

આગળ આગળના શરીરમાં પ્રદેશોની સંખ્યામાં અધિકતા હોવા છતાં તેનો મેળાપ લોઢાના પિંડની માફક સઘન હોય છે, તેથી તે અલ્પરૂપ હોય છે. પ્રદેશો કહેતાં અહીં પરમાણુઓ સમજવા. ૩૯.

## તૈજસ અને કાર્મણ શરીરની વિશેષતા

### अप्रतिघाते ॥४०॥

**અર્થ** :-તૈજસ અને કાર્મણ એ બંને શરીરો [अप्रतिघाते] અપ્રતિઘાત અર્થાત્ બાધારહિત છે.

## ટીકા

આ બે શરીરો લોકના છેડા સુધી હરકોઈ જગ્યાએ જઈ શકે છે અને ગમે ત્યાંથી પસાર થઈ શકે છે. વૈક્રિયિક અને આહારક શરીરો હરકોઈમાં પ્રવેશ કરી શકે છે પણ વૈક્રિયિક શરીર ત્રસનાલિ સુધી જ ગમન કરી શકે છે. આહારક શરીરનું ગમન અધિકમાં અધિક અઢી દ્વીપપર્યંત જ્યાં કેવળી અને શ્રુતકેવળી હોય ત્યાં સુધી થાય છે. મનુષ્યનું વૈક્રિયિક શરીર મનુષ્યલોક (-અઢીદ્વીપ) સુધી જાય છે, તેથી અધિક જતું નથી. ૪૦.

# તૈજસ અને કાર્મણશરીરની વધારે વિશેષતા

## अनादिसम्बन्धे च ॥४१॥

**અર્થ** :-[च] વળી એ બંને શરીરો [अनादिसम्बन्धे] આત્માની સાથે અનાદિકાળથી સંબંધવાળાં છે.

## ટીકા

(૧) આ કથન સામાન્ય તૈજસ અને કાર્મણશરીરની અપેક્ષાએ છે. વિશેષ અપેક્ષાએ આ પ્રકારનાં પહેલાં પહેલાંના શરીરોનો સંબંધ બંધ પડીને નવાં નવાં શરીરોનો સંબંધ થતો રહે છે. અર્થાત્ અયોગી ગુણસ્થાન પહેલાં દરેક સમયે જીવ આ તૈજસ અને કાર્મણ શરીરનાં નવાં નવાં રજકણો ગ્રહણ કરે છે અને જૂનાં છોડે છે. (જે સમયે તેનો તદ્દન અભાવ થાય છે તે જ સમયે જીવ સીધી શ્રેણિએ સિદ્ધસ્થાને પહોંચી જાય છે.) સૂત્રમાં 'च' શબ્દ આપ્યો છે, તેમાંથી આ અર્થ નીકળે છે.

(૨) 'જીવને આ શરીરોનો સંબંધ પ્રવાહરૂપે અનાદિથી નથી પણ નવો (-સાદિ) છે', એમ માનવું તે ભૂલભરેલું છે, કેમ કે જો એમ હોય તો પૂર્વે જીવ અશરીરી હતો, એટલે કે શુદ્ધ હતો અને પાછળથી અશુદ્ધ થયો એમ ઠરે; પરંતુ શુદ્ધ જીવને અનંત પુરુષાર્થ હોવાથી તેને અશુદ્ધતા આવે નહિ અને અશુદ્ધતા જ્યાં ન હોય ત્યાં આ શરીરો હોય જ નહિ. એ રીતે જીવને આ શરીરનો સંબંધ સામાન્યઅપેક્ષાએ (-પ્રવાહરૂપે) અનાદિથી છે. વળી જો તે ને તે જ શરીરોનો સંબંધ અનાદિથી માને તો તે સંબંધ અનંતકાળ રહે અને તેથી જીવ વિકાર ન કરે, તોપણ તેનો મોક્ષ કદી થાય જ નહિ. અવસ્થાદૃષ્ટિએ જીવ અનાદિથી અશુદ્ધ છે, એમ આ સૂત્ર સિદ્ધ કરે છે. [જુઓ, હવે પછીના સૂત્રની ટીકા.] ૪૧.

## આ શરીરો અનાદિથી સર્વ જીવોને હોય છે.

## सर्वस्य ॥४२॥

**અર્થ** :–આ તૈજસ અને કાર્મણ એ બંને શરીરો [सर्वस्य ] સર્વે સંસારી જીવોને હોય છે.

### ટીકા

જેને આ શરીરોનો સંબંધ ન હોય, તેને સંસારીપણું હોતું નથી—સિદ્ધપણું હોય છે. એટલું લક્ષમાં રાખવું કે કોઈપણ **જીવને ખરેખર** (પરમાર્થે) શરીર હોતું નથી. જો જીવને ખરેખર શરીર હોય તો જીવ જડ–શરીરરૂપ થઈ જાય, પણ તેમ બને નહિ. જીવ અને શરીર બંને એક આકાશક્ષેત્રે (એકક્ષેત્રાવગાહસંબંધે) હોય છે, તેથી અજ્ઞાની શરીરને પોતાનું માને છે. અવસ્થાદૃષ્ટિએ જીવ અનાદિથી અજ્ઞાની છે, તેથી **'અજ્ઞાનીના આ પ્રતિભાસ'**ને વ્યવહાર જણાવી, તેને 'જીવનું શરીર' કહેવામાં આવે છે. એ રીતે જીવના વિકારીભાવનો અને આ શરીરનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવ્યો છે, પણ જીવ અને શરીર એક દ્રવ્યરૂપ, એક ક્ષેત્રરૂપ, એક પર્યાય (–કાળ)રૂપ કે એક ભાવરૂપ થઈ જાય છે—એમ બતાવવાનો શાસ્ત્રોનો હેતુ નથી; તેથી આગલા સૂત્રમાં 'સંબંધ' શબ્દ વાપર્યો છે. જો એમ જીવ અને શરીર એકરૂપ થાય, તો બંને દ્રવ્યોનો સર્વથા નાશ થાય. ૪૨.

## એક જીવને એક સાથે કેટલાં શરીરનો સંબંધ હોય છે ?

## तदादीनि भाज्यानि युगपदेकस्याचतुर्भ्यः ॥४३॥

**અર્થ** :–[तत् आदीनि ] તે તૈજસ અને કાર્મણ શરીરોથી શરૂ કરીને [युगपद् ] એકસાથે [एकस्य ] એક જીવને [आचतुर्भ्यः ] ચાર શરીરો સુધી [भाज्यानि ] વિભક્ત કરવા જોઈએ અર્થાત્ જાણવા.

### ટીકા

જીવને જો બે શરીરો હોય તો તૈજસ અને કાર્મણ; ત્રણ હોય તો તૈજસ, કાર્મણ અને ઔદારિક અથવા તો તૈજસ, કાર્મણ અને વૈક્રિયિક; ચાર હોય તો તૈજસ, કાર્મણ, ઔદારિક અને આહારક અથવા તો તૈજસ, કાર્મણ ઔદારિક અને (લબ્ધિવાળા જીવને) ઔદારિક વૈક્રિયિક શરીરો હોય છે. આમાં (લબ્ધિવાળા જીવને) ઔદારિક સાથે જે વૈક્રિયિક શરીર હોવાનું જણાવ્યું છે, તે શરીર ઔદારિક જાતનું છે. દેવના વૈક્રિયિક શરીરના રજકણોની જાતનું તે નથી. ૪૩.

*(જુઓ, સૂત્ર ૩૬ તથા ૪૭ની ટીકા)*

## કાર્મણ શરીરની વિશેષતા

## निरुपभोगमन्त्यम् ॥४४॥

**અર્થ** :-[अन्त्यम् ] અનંતનું કાર્મણશરીર [निरुपभोगम् ] ઉપભોગ રહિત હોય છે.

### ટીકા

**ઉપભોગ** :-ઇન્દ્રિયો દ્વારા શબ્દાદિને જ્ઞાનમાં ગ્રહણ કરવા તે ઉપભોગ કહેવાય છે.

(૨) વિગ્રહગતિમાં જીવને ભાવેન્દ્રિયો હોય છે. (જુઓ સૂત્ર ૧૮); જડ ઇન્દ્રિયોની રચનાનો ત્યાં અભાવ છે (જુઓ સૂત્ર ૧૭); તે સ્થિતિમાં શબ્દ, રૂપ, રસ, ગંધ કે સ્પર્શનો અનુભવ (-જ્ઞાન) થતો નથી, તેથી કાર્મણ શરીરને નિરુપભોગ કહ્યું છે.

(૩) **પ્રશ્ન** :-તૈજસ શરીર પણ નિરુપભોગ જ છે, છતાં તેને અહીં કેમ ન ગણ્યું?

તૈજસ શરીર તો કોઈ યોગનું પણ કારણ નથી, તેથી નિરુપભોગના પ્રકરણમાં તેને સ્થાન જ નથી. વિગ્રહગતિમાં કાર્મણ શરીર તો કાર્મણયોગનું કારણ છે (જુઓ, સૂત્ર ૨૫), તેથી તે ઉપભોગને લાયક છે, કે નહિ—એ પ્રશ્ન ઊઠે. તેનું નિરાકરણ કરવા માટે આ સૂત્ર કહ્યું છે. તૈજસ શરીર ઉપભોગને લાયક છે કે કેમ એ સવાલ જ ઊઠી શકતો નથી, કેમ કે તે તો નિરુપભોગ જ છે, તેથી અહીં તેને લીધું નથી.

(૪) જીવની પોતાની પાત્રતા (-ઉપાદાન) મુજબ બાહ્ય નિમિત્ત સંયોગરૂપ (હાજરરૂપ) હોય છે અને પોતાની પાત્રતા ન હોય ત્યારે હાજર હોતાં નથી, એમ આ સૂત્ર બતાવે છે. જ્યારે જીવ શબ્દાદિકનું જ્ઞાન કરવાને લાયક હોતો નથી ત્યારે જડ શરીરરૂપ ઇન્દ્રિયો હાજર હોતી નથી; અને જ્યારે જીવ તે જ્ઞાન કરવાને લાયક હોય છે ત્યારે જડ શરીરરૂપ ઇન્દ્રિયો-સ્વયં હાજર હોય છે, એમ સમજવું.

(૫) પરવસ્તુ જીવને વિકારભાવ કરાવતી નથી, એમ સૂત્ર ૨૫ તથા આ સૂત્ર બતાવે છે, કેમ કે વિગ્રહગતિમાં સ્થૂળ શરીર, સ્ત્રી, પુત્ર વગેરે કોઈ હોતાં નથી. દ્રવ્યકર્મ જડ છે. તેને જ્ઞાન નથી, વળી તે પોતાનું સ્વક્ષેત્ર છોડી જીવના ક્ષેત્રમાં જઈ શકતું નથી, તેથી તે કર્મ જીવને વિકારભાવ કરાવી શકે નહિ. જ્યારે જીવ પોતાના દોષથી અજ્ઞાનદશામાં ક્ષણેક્ષણે નવો વિકારભાવ કર્યા કરે છે ત્યારે જે કર્મો છૂટા પડે તેના ઉપર ઉદયનો આરોપ આવે છે; અને જીવ જ્યારે વિકારભાવ કરતો નથી ત્યારે છૂટાં પડતાં કર્મો (-રજકણો) ઉપર નિર્જરાનો આરોપ આવે છે અર્થાત્ તેને 'નિર્જરા' નામ આપવામાં આવે છે. ૪૪.

## ઔદારિક શરીરનું લક્ષણ

### गर्भसम्मूर्च्छनजमाद्यम् ।।४५।।

**અર્થ** :–[गर्भ] ગર્ભ [सम्मूर्च्छनजम्] અને સમ્મૂર્ચ્છનજન્મથી ઉત્પન્ન થતું શરીર [आद्यम्] પહેલું—ઔદારિક શરીર કહેવાય છે.

### ટીકા

**પ્રશ્ન** :–શરીર તો જડ પુદ્‌ગલદ્રવ્ય છે અને આ અધિકાર જીવનો છે, છતાં તેમાં આ વિષય કેમ લીધો છે?

**ઉત્તર** :–જીવના જુદા જુદા પ્રકારના વિકારી ભાવો હોય ત્યારે તેને કેવા કેવા પ્રકારનાં શરીરો સાથે એકક્ષેત્રાવગાહ સંબંધ હોય, તે બતાવવા માટે શરીરોનો વિષય અહીં (આ સૂત્રમાં તેમ જ આ અધ્યાયના બીજાં કેટલાંક સૂત્રોમાં) લીધો છે. ૪૫.

## વૈક્રિયિક શરીરનું લક્ષણ

### औपपादिकं वैक्रियिकम् ।।४६।।

**અર્થ** :–[औपपादिकं] ઉપપાદ જન્મવાળા એટલે કે દેવ અને નારકીઓનાં શરીર [वैक्रियिकम्] વૈક્રિયિક હોય છે.

**નોંધ** :–ઉપપાદ જન્મનો વિષય સૂત્ર ૩૪માં અને વૈક્રિયિક શરીરનો વિષય સૂત્ર ૩૬માં આવી ગયો છે, તે સૂત્રો તથા તેની ટીકા અહીં પણ વાંચવી. ૪૬.

## દેવ અને નારકી સિવાય બીજાને વૈક્રિયિક શરીર હોય કે નહિ ?

### लब्धिप्रत्ययं च ।।४७।।

**અર્થ** :–વૈક્રિયિક શરીર [लब्धिप्रत्ययं च] લબ્ધિનૈમિત્તિક પણ હોય છે.

### ટીકા

વૈક્રિયિક શરીર ઊપજવામાં ઋદ્ધિનું નિમિત્ત છે. સાધુને તપના વિશેષપણાથી પ્રાપ્ત થતી ઋદ્ધિને 'લબ્ધિ' કહેવામાં આવે છે. 'પ્રત્યય'નો અર્થ નિમિત્ત થાય છે. કોઈ તિર્યંચને પણ વિક્રિયા

હોય છે. વિક્રિયા તે શુભભાવનું ફળ છે, પણ ધર્મનું ફળ નથી. ધર્મનું ફળ શુદ્ધભાવ છે. શુભભાવનું ફળ બાહ્યસંયોગ છે. મનુષ્ય તથા તિર્યંચનું વૈક્રિયિક શરીર દેવ તથા નારકીના શરીરથી જુદી જાતનું છે; ઔદારિક શરીરનો જ એક પ્રકાર છે. (જુઓ, સૂત્ર ૩૬ તથા ૪૩ની ટીકા) ૪૭.

## વૈક્રિયિક સિવાય બીજા કોઈ શરીરને લબ્ધિનું નિમિત્ત છે ?

## तैजसमपि ।।४८।।

**અર્થ** :–[तैजसम्] તૈજસ શરીર [अपि] પણ લબ્ધિનિમિત્તક છે.

### ટીકા

(૧) તૈજસ શરીરના બે ભેદ છે—અનિઃસરણ અને નિઃસરણ. અનિઃસરણ સર્વ સંસારી જીવોને દેહની દીપ્તિનું કારણ છે, તે લબ્ધિપ્રત્યય નથી. તેનું સ્વરૂપ સૂત્ર ૩૬ની ટીકામાં આવી ગયું છે.

(૨) નિઃસરણ—તૈજસ શુભ અને અશુભ એમ બે પ્રકારનું છે. તપશ્ચરણના ધારક મુનિને કોઈ ક્ષેત્રમાં રોગ, દુષ્કાળાદિ વડે લોકોને દુઃખી દેખીને જો અત્યંત કરુણા ઊપજી આવે, તો તેમના જમણા ખભામાંથી એક તૈજસ પિંડ નીકળી બાર યોજન સુધીના જીવોનું દુઃખ મટાડી મૂળ શરીરમાં પ્રવેશ કરે છે, તેને નિઃસરણશુભતૈજસશરીર કહેવાય છે; અને કોઈ ક્ષેત્રે મુનિ અત્યંત ક્રોધિત થાય તો ઋદ્ધિના પ્રભાવથી તેમના ડાબા ખભામાંથી સિંદૂરસમાન રાતા અગ્નિરૂપ એક શરીર નીકળી બાર યોજન સુધીના બધા જીવોનાં શરીરને તથા બીજા પુદ્‌ગલોને બાળી ભસ્મ કરી મૂળ શરીરમાં પ્રવેશ કરી તે મુનિને પણ દગ્ધ કરે છે, (તે મુનિ નરકને પ્રાપ્ત થાય છે,) તેને નિઃસરણઅશુભતૈજસશરીર કહેવાય છે. ૪૮.

## આહારક શરીરના સ્વામી તથા તેનું લક્ષણ

## शुभं विशुद्धमव्याघाति चाहारकं प्रमत्तसंयतस्यैव ।।।४९।।

**અર્થ** :–[आहारकं] આહારક શરીર [शुभम्] શુભ છે અર્થાત્ તે શુભકાર્ય કરે છે, [विशुद्धम्] વિશુદ્ધ છે અર્થાત્ તે વિશુદ્ધકર્મ (મંદકષાયથી બંધાતા કર્મ)નું કાર્ય છે [च अव्याघाति] અને વ્યાઘાત–બાધારહિત છે તથા [प्रमत्तसंयतस्य एव] પ્રમત્તસંયત (છઠ્ઠા ગુણસ્થાનવર્તી) મુનિને જ તે શરીર હોય છે.

## ટીકા

(૧) આ શરીર ચંદ્રકાંતમણિ સમાન શ્વેતવર્ણનું એક હાથ પ્રમાણ હોય છે; તે પર્વત, વજ્ર વગેરેથી રોકાતું નથી, તેથી અવ્યાઘાત છે. આ શરીર પ્રમત્તસંયમી મુનિના મસ્તકમાંથી નીકળે છે, પ્રમત્તસંયત ગુણસ્થાને જ આ શરીર હોય છે, બીજે હોતું નથી; તેમ જ બધા પ્રમત્તસંયત મુનિઓને આ શરીર હોતું નથી.

(૨) તે આહારકશરીર ૧–કદાચિત્ લબ્ધિવિશેષનો સદ્ભાવ જાણવા માટે, ૨–કદાચિત્ સૂક્ષ્મપદાર્થના નિર્ણય માટે તથા ૩–કદાચિત્ તીર્થગમન કે સંયમની રક્ષા અર્થે કેવળી ભગવાન અગર શ્રુતકેવળી ભગવાન પાસે જતાં સ્વયં નિર્ણય કરી અંતર્મુહૂર્તમાં પાછું આવી સંયમી મુનિના શરીરમાં પ્રવેશ કરે છે.

(૩) જે વખતે ભરત–ઐરાવત ક્ષેત્રોમાં તીર્થંકર ભગવાનની, કેવળીની કે શ્રુતકેવળીની વિદ્યમાનતા ન હોય અને તેના વિના મુનિનું સમાધાન થઈ શકે નહિ ત્યારે મહાવિદેહક્ષેત્રમાં જ્યાં તીર્થંકર ભગવાન વગેરે બિરાજમાન હોય ત્યાં તે (ભરત કે ઐરાવતક્ષેત્રના) મુનિનું આહારક શરીર જાય; ભરત–ઐરાવત ક્ષેત્રમાં તીર્થંકર ભગવાનાદિ હોય ત્યારે તે નજીકના ક્ષેત્રે જાય છે. મહાવિદેહમાં તીર્થંકરો ત્રણેકાળ હોય છે, તેથી ત્યાંના મુનિને તેવો પ્રસંગ આવે તો તેમનું આહારક શરીર તે ક્ષેત્રના તીર્થંકરાદિ પાસે જાય છે.

(૪) ૧–દેવો અનેક વૈક્રિયિક શરીર કરી શકે છે, મૂળ શરીરસહિત દેવ સ્વર્ગલોકમાં વિદ્યમાન રહે અને વિક્રિયા વડે અનેક શરીર કરી બીજા ક્ષેત્રમાં જાય છે. કોઈ સામર્થ્યધારક દેવ પોતાનાં એક હજાર રૂપો કરી શકે છે, તે હજારે શરીરોમાં તે દેવના આત્માના પ્રદેશો છે. મૂળ વૈક્રિયિક શરીર જઘન્ય દસહજાર વર્ષ સુધી રહે છે, અગર વધારે જેટલું આયુષ્ય હોય તેટલો કાળ રહે છે. ઉત્તરવૈક્રિયિકશરીરનો કાળ જઘન્ય તથા ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત જ છે. તીર્થંકર ભગવાનના જન્મ વખતે તથા નંદીશ્વરાદિકનાં જિનમંદિરોની પૂજા માટે દેવો જાય છે, ત્યારે વારંવાર વિક્રિયા કરે છે.

૨–પ્રમત્તસંયત મુનિનું આહારક શરીર દૂર ક્ષેત્ર વિદેહાદિકમાં જાય છે.

૩–તૈજસ શરીર બાર જોજન (૪૮ ગાઉ) જાય છે.

૪–આત્મા અખંડ છે, તેના ખંડ થતાં નથી. આત્માના અસંખ્યાતપ્રદેશો છે તે કાર્મણશરીર સાથે નીકળે છે. મૂળ શરીર તો જેવું બન્યું છે, તેવું જ બન્યું રહે છે અને તેમાં પણ દરેક સ્થળે આત્માના પ્રદેશો રહે જ છે.

(૫) જેમ અન્નને પ્રાણ કહેવા તે ઉપચાર છે, તેમ આ સૂત્રમાં આહારકશરીરને 'શુભ'

કહેલું છે, તે પણ ઉપચાર છે. બંને સ્થાનોમાં કારણમાં કાર્યનો ઉપચાર (અર્થાત્ વ્યવહાર) કરવામાં આવ્યો છે. જેમ અન્નનું ફળ પ્રાણ છે તેમ શુભનું ફળ આહારકશરીર છે, તેથી તે ઉપચાર છે. ૪૯.

## લિંગ અર્થાત્ વેદના સ્વામી

## नारकसम्मूर्च्छिनो नपुंसकानि ॥५०॥

**અર્થ** :–[नापर सम्मूर्च्छिनो] નારકી અને સમ્મૂર્ચ્છન જન્મવાળા [नपुंसकानि] નપુંસક હોય છે.

### ટીકા

(૧) લિંગ–વેદ બે પ્રકારનાં છે :—૧–**દ્રવ્યલિંગ**=પુરુષ, સ્ત્રી કે નપુંસકત્વ બતાવનારું શરીરનું ચિહ્ન; અને ૨–**ભાવલિંગ**=સ્ત્રી, પુરુષ કે સ્ત્રી-પુરુષ બંને ભોગવવાની અભિલાષારૂપ આત્માના વિકારી પરિણામ. નારકી અને સમ્મૂર્ચ્છન જીવોને દ્રવ્યલિંગ અને ભાવલિંગ બંને નપુંસક હોય છે.

(૨) નારકી તથા સમ્મૂર્ચ્છન જીવો નપુંસક જ હોય છે, કેમ કે તે જીવોને સ્ત્રી –પુરુષસંબંધી મનોજ્ઞ શબ્દનું સાંભળવું, મનોજ્ઞ ગંધનું સૂંઘવું, મનોજ્ઞ રૂપનું દેખવું, મનોજ્ઞ રસનું ચાખવું, મનોજ્ઞ સ્પર્શનું સ્પર્શવું એ કાંઈ હોતું નથી, તેથી થોડું કલ્પિત સુખ પણ તે જીવોને હોતું નથી, માટે નિશ્ચય કરવામાં આવે છે, કે તે જીવો નપુંસક છે. ૫૦.

## દેવોનાં લિંગ

## न देवाः ॥५१॥

**અર્થ** :—[देवो] દેવો [न] નપુંસક હોતા નથી અર્થાત્ દેવોને પુરુષલિંગ અને દેવીઓને સ્ત્રીલિંગ હોય છે.

### ટીકા

(૧) દેવગતિમાં દ્રવ્યલિંગ તથા ભાવલિંગ સરખાં હોય છે.

(૨) મ્લેચ્છ ખંડના મનુષ્યો સ્ત્રીવેદ અને પુરુષવેદ એ બે વેદને જ ધારણ કરે છે, ત્યાં નપુંસક ઊપજતા નથી. ૫૧.

## બીજાઓનાં લિંગ

## शेषास्त्रिवेदाः ।।५२।।

**અર્થ** :–[शेषाः] બાકી રહેલા ગર્ભજ મનુષ્ય અને તિર્યંચો [त्रि वेदाः] ત્રણે વેદવાળા હોય છે.

### ટીકા

ભાવવેદના પણ ત્રણ પ્રકાર છે—૧. પુરુષવેદનો કામાગ્નિ તૃણના અગ્નિ સમાન જલદી શાંત થઈ જાય છે, ૨. સ્ત્રીવેદનો કામાગ્નિ અંગારના અગ્નિ સમાન ગુપ્ત અને કાંઈક કાળ પછી શાંત થાય છે અને ૩. નપુંસકવેદનો કામાગ્નિ ઈંટના અગ્નિ સમાન લાંબા કાળ સુધી રહે છે. ૫૨.

## કોનું આયુષ્ય અપવર્તન (–અકાળ મૃત્યુ) રહિત છે ?

## औपपादिकचरमोत्तमदेहाऽसंख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ।।५३।।

**અર્થ** :–[औपपादिक] ઉપપાદ જન્મવાળા—દેવ અને નારકી, [चरम उत्तम देहाः] ચરમ ઉત્તમ દેહવાળા એટલે તે ભવે મોક્ષગામીઓ તથા [असंख्येय वर्ष आयुष्यः] અસંખ્યાત વર્ષોના આયુષ્યવાળા ભોગભૂમિના જીવોનાં [आयुषः अनपवर्ति] આયુષ્ય અપવર્તન રહિત હોય છે.

### ટીકા

**(૧)** આઠ કર્મોમાં આયુષ્ય નામનું એક કર્મ છે. ભોગ્યમાન (ભોગવાતાં) આયુષ્યકર્મના રજકણો બે પ્રકારનાં હોય છે–સોપક્રમ અને નિરુપક્રમ. તેમાં આયુષ્યના પ્રમાણમાં દરેક સમયે સરખા નિષેકો નિર્જરે તે પ્રકારનું આયુષ્ય નિરુપક્રમ એટલે કે અપવર્તન રહિત છે; અને જે આયુષ્યકર્મ ભોગવવામાં પહેલાં તો સમયે સમયે સરખા નિષેકો નિર્જરતા હોય પણ તેના છેલ્લા ભાગમાં ઘણાં નિષેકો એક સાથે નિર્જરી જાય તે પ્રકારના આયુષ્ય ને સોપક્રમ આયુષ્ય કહેવાય છે. આયુષ્યકર્મના બંધની એવી વિચિત્રતા છે, કે જેને નિરુપક્રમ આયુષ્યનો ઉદય હોય તેને સમયે સમયે સરખું નિર્જરે, તેથી તે ઉદય કહેવાય છે અને સોપક્રમ આયુષ્યવાળાને પહેલાં અમુક વખત તો ઉપર પ્રમાણે જ નિર્જરે, ત્યારે ઉદય કહેવાય, પણ છેલ્લા અંતર્મુહૂર્તમાં બધાં નિષેકો ભેગાં નિર્જરી જાય, તેથી તેને 'ઉદીરણા' કહે છે. ખરેખર કોઈનું આયુષ્ય વધતું કે ઘટતું નથી પણ નિરુપક્રમ આયુષ્યથી સોપક્રમ આયુષ્યનો ભેદ બતાવવા માટે સોપક્રમવાળા જીવોને 'અકાળ મૃત્યુ પામ્યા' એમ વ્યવહારથી કહેવાય છે.

(૨) ઉત્તમ એટલે ઉત્કૃષ્ટ; ચરમદેહ ઉત્કૃષ્ટ હોય છે, કેમ કે જે જે જીવો કેવળજ્ઞાન પામે તેમનું શરીર કેવળજ્ઞાન પ્રગટતાં પરમૌદારિક થાય છે. જે દેહે જીવો કેવળજ્ઞાન પામતા નથી તે દેહ ચરમ હોતો નથી, તેમ જ પરમૌદારિક હોતો નથી. મોક્ષ જનાર જીવને શરીર સાથેનો નિમિત્તનૈમિત્તિકસંબંધ કેવળજ્ઞાન પામતાં કેવો હોય છે, તે બતાવવા આ સૂત્રમાં ચરમ અને ઉત્તમ– એવા બે વિશેષણો વાપર્યાં છે. કેવળજ્ઞાન પ્રગટે ત્યારે તે દેહ 'ચરમ' સંજ્ઞા પામે છે; તેમ જ પરમૌદારિકરૂપ થઈ જાય છે, તેથી 'ઉત્તમ' સંજ્ઞા પામે છે; પણ વજ્રર્ષભનારાચસંહનન તથા સમચતુરસ્રસંસ્થાનને કારણે શરીરને 'ઉત્તમ' સંજ્ઞા આપવામાં આવતી નથી.

**(૩) સોપક્રમ**—કદલીઘાત અર્થાત્ વર્તમાન અપવર્તન થતા આયુષ્યવાળાને બાહ્યમાં વિષ, વેદના, રક્તક્ષય, ભય, શસ્ત્રઘાત, શ્વાસાવરોધ, કંટક, અગ્નિ, જળ, સર્પ, અજીર્ણભોજન, વજ્રપાત, શૂળી, હિંસક જીવ, તીવ્ર ભૂખ કે પિપાસા આદિ કોઈ નિમિત્ત હોય છે. (કદલીઘાતના અર્થ માટે જુઓ, અ. ૪. સૂ. ૨૯ ની ટીકા)

(૪) કેટલાક અંતકૃત–કેવળી એવા હોય છે, કે જેમનાં શરીર ઉપસર્ગથી વિદીર્ણ થાય છે પણ તેમનું આયુષ્ય અપવર્તન રહિત છે. ચરમદેહવાળા ગુરુદત્ત, પાંડવો વગેરેને ઉપસર્ગ થયા હતા પણ તેમનું આયુષ્ય અપવર્તન રહિત હતું.

**(૫)** 'ઉત્તમ' શબ્દનો અર્થ ત્રેસઠ શલાકાપુરુષ અથવા કામદેવાદિ ઋદ્ધિયુક્ત પુરુષો એવો કરવો તે ઠીક નથી, કેમ કે સુભૌમ ચક્રવર્તી, છેલ્લા બ્રહ્મદત્ત ચક્રવર્તી તથા છેલ્લા અર્ધચક્રવર્તી વાસુદેવ આયુષ્ય અપવર્તન થતાં મરણ પામ્યા છે.

**(૬)** ભરત અને બાહુબલી તે ભવે મોક્ષગામી જીવો હતા, તેથી અંદરોઅંદર લડતાં તેમનું આયુષ્ય બગડી શકે નહિ—એમ કહ્યું છે. તે બતાવે છે, કે 'ઉત્તમ' શબ્દ તે ભવે મોક્ષગામી જીવો માટે જ વપરાયો છે.

**(૭)** બધા સકલચક્રી અને અર્ધચક્રીને અનપવર્તનાયુ હોય એવો નિયમ નથી.

**(૮)** સર્વાર્થસિદ્ધિમાં શ્રી પૂજ્યપાદ આચાર્યદેવે 'ઉત્તમ' શબ્દનો અર્થ કર્યો છે, તેથી મૂળ સૂત્રમાં તે શબ્દ છે; એમ સિદ્ધ થાય છે. અમૃતચંદ્રાચાર્યદેવે તત્ત્વાર્થસાર બનાવતાં બીજા અધ્યાયની ૧૩૫ મી ગાથામાં 'ઉત્તમ' શબ્દ વાપર્યો છે, તે ગાથા નીચે પ્રમાણે છે—

**असंख्येयसमायुक्ताश्चरमोत्तममूर्तयः।**
**देवाश्च नारकाश्चैषाम् अपमृत्युर्नविद्यते॥१३५॥** ૫૩.

## ઉપસંહાર

**(૧)** આ અધ્યાયમાં જીવતત્ત્વનું નિરૂપણ છે, તેમાં પ્રથમ જ જીવના ઔપશમિકાદિક

પાંચ ભાવો વર્ણવ્યા [સૂત્ર ૧]. પાંચ ભાવોના ત્રેપન ભેદો સાત સૂત્રમાં કહ્યા [સૂત્ર ૭]. પછી જીવનું પ્રસિદ્ધ લક્ષણ 'ઉપયોગ' જણાવીને તેના ભેદ કહ્યા [સૂત્ર ૯]. જીવના બે ભેદ સંસારી અને મુક્ત કહ્યા [સૂત્ર ૧૦]. તેમાં સંસારી જીવોના ભેદ સંજ્ઞી–અસંજ્ઞી, તથા ત્રસ–સ્થાવર કહ્યા અને ત્રસના ભેદ બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જણાવ્યા; પાંચ ઇન્દ્રિયોના દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એવા બે પ્રકાર કહ્યા અને તેના વિષય જણાવ્યા [સૂત્ર ૨૧]. એકેન્દ્રિયાદિ જીવોને કેટલી ઇન્દ્રિયો હોય તેનું નિરૂપણ કર્યું [સૂત્ર ૨૩]. વળી સંજ્ઞી જીવોનું તથા જીવ પરભવગમન કરે છે, તે ગમનનું સ્વરૂપ કહ્યું [સૂત્ર ૩૦].

પછી જન્મના ભેદ, યોનિના ભેદ, તથા ગર્ભજ, દેવ, નારકી અને સમ્મૂર્ચ્છન જીવો કેમ ઊપજે તેનો નિર્ણય કહ્યો [સૂત્ર ૩૫]; પાંચ શરીરનાં નામ કહી તેની સ્થૂળતા અને સૂક્ષ્મતાનું સ્વરૂપ કહ્યું અને તે કેમ ઊપજે તેનું નિરૂપણ કર્યું [સૂત્ર ૪૯]; પછી ક્યા જીવને ક્યા વેદ હોય છે તે કહ્યું [સૂત્ર ૫૨]; પછી ઉદય-મરણ અને ઉદીરણા-મરણનો નિયમ બતાવ્યો [સૂત્ર ૫૩].

જ્યાં સુધી જીવની અવસ્થા વિકારી હોય છે ત્યાં સુધી આવા પરવસ્તુના સંયોગ હોય છે; અહીં તેનું જ્ઞાન કરાવ્યું છે અને સમ્યગ્દર્શન પામી, વીતરાગતા પ્રાપ્ત કરી સંસારી જીવ મટી મુક્ત જીવ થવા માટે જણાવ્યું છે.

## (૨) પારિણામિકભાવ સંબંધી

જીવ અને તેના અનંતગુણો ત્રણેકાળ અખંડ અભેદ છે, તેથી તે પારિણામિકભાવે છે. દરેક દ્રવ્યના દરેક ગુણોનું ક્ષણે ક્ષણે પરિણમન થાય છે; જીવ પણ દ્રવ્ય હોવાથી અને તેમાં દ્રવ્યત્વ નામનો ગુણ હોવાથી સમયે સમયે તેને અનંત ગુણોનું પરિણમન થાય છે; તે પરિણમનને પર્યાય કહેવામાં આવે છે. તેમાં જે પર્યાયો અનાદિથી જ શુદ્ધ છે, તે પણ પારિણામિકભાવે છે.

જીવની અનાદિથી સંસારી અવસ્થા છે એમ આ અધ્યાયના ૧૦મા સૂત્રમાં કહ્યું છે, કેમ કે પોતાની અવસ્થામાં અનાદિથી ક્ષણે ક્ષણે નવો વિકાર જીવ કરતો આવે છે; પરંતુ એ ખ્યાલમાં રાખવું કે તેના બધા ગુણોના પર્યાયોમાં વિકાર નથી પણ અનંત ગુણોમાંથી ઘણાં અલ્પ ગુણોની અવસ્થામાં વિકાર થાય છે. જેટલા ગુણોની અવસ્થામાં વિકાર થતો નથી તેટલા પર્યાયો શુદ્ધ છે.

હવે જે વિકારી પર્યાયો થાય છે, તેનું સ્વરૂપ વિચારીએ. દરેક દ્રવ્ય સત્ હોવાથી તેના પર્યાયમાં સમયે સમયે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યને પર્યાય અવલંબે છે. તે ત્રણ અંશોમાંથી જે ધ્રૌવ્ય અંશ છે, તે અંશ સદૃશ રહેતો હોવાથી તે અંશ પણ પારિણામિકભાવે છે, તે અંશ

અનાદિઅનંત એકપ્રવાહપણે છે. તે એકપ્રવાહપણે રહેતો ધ્રૌવ્યપર્યાય પણ પારિણામિકભાવે છે.

આ ઉપરથી નીચે પ્રમાણે પારિણામિકભાવપણું સિદ્ધ થયું—

૧. દ્રવ્યનું ત્રિકાળીપણું તથા અનંતગુણો અને તેના પર્યાયનો એકપ્રવાહરૂપે રહેતો અનાદિઅનંત ધ્રૌવ્ય અંશ-એ ત્રણે અભેદપણે પારિણામિકભાવે છે અને તેને **પરમ પારિણામિકભાવ** અથવા દ્રવ્યદૃષ્ટિએ પારિણામિકભાવ કહેવામાં આવે છે.

૨. જે અનાદિઅનંત ધ્રૌવ્ય અંશ છે, તેને એકપ્રવાહપણે ઉપર લીધો છે પણ તે દરેક સમયે છે, તેથી દરેક સમયનો જે ધ્રૌવ્ય અંશ છે તે પર્યાયાર્થિકનયે પારિણામિકભાવ છે.

## (૩) ઉત્પાદ અને વ્યયપર્યાય

હવે ઉત્પાદ અને વ્યયપર્યાય સંબંધી :—તેમાં વ્યયપર્યાય તો અભાવરૂપે છે, તેથી તેને આ અધ્યાયના પહેલા સૂત્રમાં કહેલા પાંચ ભાવોમાંથી કોઈ પણ ભાવ લાગુ પડી શકે નહિ.

ઉત્પાદપર્યાય સમયે સમયે અનંત ગુણોનો છે તેમાં જે ગુણોનો પર્યાય અનાદિથી અવિકારી છે, તે પારિણામિકભાવે છે અને તે પર્યાય હોવાથી પર્યાયાર્થિકનયે પારિણામિકભાવ છે.

પરની અપેક્ષા રાખનારા જીવના ભાવોનાં ચાર વિભાગ પડે છે– ૧. ઔપશમિકભાવ, ૨. ક્ષાયોપશમિકભાવ, ૩. ક્ષાયિકભાવ અને ૪. ઔદયિકભાવ. એ ચાર ભાવોનું સ્વરૂપ પૂર્વે આ અધ્યાયના સૂત્ર ૧ ની ટીકામાં કહ્યું છે.

## (૪) આ પાંચ ભાવોનું જ્ઞાન ધર્મ કરવામાં શી રીતે ઉપયોગી છે ?

જો જીવ આ પાંચ ભાવોનું સ્વરૂપ જાણે તો ક્યા ભાવને આધારે ધર્મ થાય તે પોતે સમજી શકે. પાંચ ભાવોમાંથી પારિણામિકભાવ સિવાયના ચાર ભાવોમાંથી કોઈના લક્ષે ધર્મ થતો નથી અને પર્યાયાર્થિકનયે જે પારિણામિકભાવ છે, તેના આશ્રયે પણ ધર્મ થતો નથી—એમ તે સમજે. હવે જ્યારે પોતાના પર્યાયાર્થિકનયે વર્તતા પારિણામિકભાવના આશ્રયે પણ ધર્મ ન થાય તો પછી નિમિત્ત—કે જે પર દ્રવ્ય છે—તેના આશ્રયે કે લક્ષે તો ધર્મ ન જ થઈ શકે, એમ પણ તે સમજે છે.

## (૫) ઉપાદાનકારણ અને નિમિત્તકારણ સંબંધી

**પ્રશ્ન** :–જૈન ધર્મ તો વસ્તુનું સ્વરૂપ અનેકાંત કહે છે, માટે કોઈ વખતે ઉપાદાન (–પરમપારિણામિકભાવ) ની મુખ્યતાએ ધર્મ થાય અને કોઈ વખતે નિમિત્ત (–પરદ્રવ્ય)ની મુખ્યતાએ ધર્મ થાય એમ હોવું જોઈએ; ઉપર કહ્યું તેમ એકલા ઉપાદાન (–પરમ-પારિણામિકભાવ)થી ધર્મ થાય, એમ કહેતાં એકાંત થઈ જશે?

**ઉત્તર** :–આ પ્રશ્ન સમ્યક્‌અનેકાંત અને મિથ્યાઅનેકાંત તથા સમ્યક્–મિથ્યાએકાંતના સ્વરૂપની અજ્ઞાનતા બતાવે છે. પારિણામિકભાવના આશ્રયે ધર્મ થાય અને બીજા કોઈ ભાવના આશ્રયે ધર્મ ન થાય, એમ અસ્તિ–નાસ્તિસ્વરૂપ તે સમ્યક્‌અનેકાંત છે. પ્રશ્નમાં જણાવેલ અનેકાંત તો મિથ્યા અનેકાંત છે; વળી જો તે પ્રશ્નમાં જણાવેલ સિદ્ધાંત સ્વીકારવામાં આવે તો તે મિથ્યા એકાંત થાય છે, કેમ કે જો કોઈ વખતે નિમિત્તની મુખ્યતાએ (એટલે કે પરદ્રવ્યની મુખ્યતાએ) ધર્મ થાય, તો પરદ્રવ્ય અને સ્વદ્રવ્ય એ બે એક થઈ જાય અને તેથી મિથ્યાએકાંત થાય છે.

**પ્રશ્ન** :–તો પછી સત્‌દેવ-ગુરુ-શાસ્ત્ર અને ભગવાનના દિવ્યધ્વનિના આશ્રયે ધર્મ થાય છે એમ તો શાસ્ત્રમાં કહ્યું છે, માટે કોઈ વખતે તે નિમિત્તોની મુખ્યતાએ ધર્મ થાય, એમ માનવામાં શું દોષ આવે છે?

**ઉત્તર** :–શાસ્ત્રમાં એમ જ કહ્યું છે, કે–પરમશુદ્ધનિશ્ચયનયના ગ્રાહક પારિણામિકભાવે (અર્થાત્ નિજ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય પરમાત્મભાવે–જ્ઞાયકભાવે) ધર્મ થાય. સત્‌દેવ, સદ્‌ગુરુ, સત્‌શાસ્ત્ર કે ભગવાનનો દિવ્યધ્વનિ તે તો જીવ અશુભ ભાવ ટાળી શુભભાવરૂપ રાગનું અવલંબન લે છે તેમાં નિમિત્ત માત્ર છે; વળી તેમના તરફના રાગવિકલ્પને પણ ટાળીને જીવ જ્યારે પારિણામિકભાવનો (જ્ઞાયકભાવનો) આશ્રય લે છે ત્યારે તેને ધર્મ પ્રગટે છે અને તે વખતે રાગનું અવલંબન છૂટી જાય છે. ધર્મ પ્રગટ્યા પહેલાં રાગ કઈ દિશામાં ઢળ્યો હતો, તે બતાવવા માટે દેવ-ગુરુ-શાસ્ત્ર કે દિવ્યધ્વનિ વગેરેને નિમિત્ત કહેવામાં આવે છે પણ નિમિત્તની મુખ્યતાએ કોઈ પણ વખતે ધર્મ થાય, એમ બતાવવા માટે નિમિત્તનું જ્ઞાન કરાવવામાં આવતું નથી.

કોઈ વખતે ઉપાદાનકારણની મુખ્યતાએ ધર્મ થાય અને કોઈ વખતે નિમિત્તકારણની મુખ્યતાએ ધર્મ થાય–એમ જો માની લઈએ તો ધર્મ કરવા માટે કોઈ ત્રિકાળી અબાધિત નિયમ રહેતો નથી; અને જો કોઈ નિયમરૂપ સિદ્ધાંત ન હોય તો ધર્મ ક્યા વખતે ઉપાદાનકારણની મુખ્યતાથી થાય અને ક્યા વખતે નિમિત્તકારણની મુખ્યતાથી થાય, એ નક્કી નહિ હોવાથી જીવ કદી ધર્મ કરી શકે નહિ.

ધર્મ કરવા માટે ત્રિકાળી એકરૂપ નિયમ ન હોય એમ બની શકે નહિ; માટે એમ સમજવું કે જે કોઈ જીવો પૂર્વે ધર્મ પામ્યા છે, વર્તમાનમાં ધર્મ પામે છે અને ભવિષ્યમાં ધર્મ પામશે તે બધાયને પરમપારિણામિકભાવનો જ આશ્રય છે. પણ બીજો કોઈ આશ્રય નથી.

**પ્રશ્ન** :—સમ્યગ્દ્રષ્ટિ જીવો પણ સમ્યગ્દર્શન થયા પછી સત્‌દેવ, સદ્‌ગુરુ, સત્‌શાસ્ત્રનું અવલંબન લે છે અને તેના આશ્રયે તેમને ધર્મ થાય છે, તો ત્યાં નિમિત્તની મુખ્યતાએ ધર્મનું કાર્ય થયુ કે નહિ?

**ઉત્તર** :–ના, નિમિત્તની મુખ્યતાએ ક્યાંય પણ કાર્ય થતું જ નથી. સમ્યગ્દ્રષ્ટિને જે

શુભભાવ થાય છે તેમાં રાગનું અવલંબન છે અને તેનો પણ સમ્યગ્દ્રષ્ટિને ખેદ વર્તે છે. સત્‌દેવ–ગુરુ કે શાસ્ત્રનું તો કોઈ જીવ અવલંબન લઈ જ શકે નહિ, કેમ કે તે પરદ્રવ્ય છે; છતાં જ્ઞાનીઓ સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન લે છે, એવું જે કથન કરવામાં આવે છે તે તો માત્ર ઉપચારકથન છે, ખરી રીતે પરદ્રવ્યનું અવલંબન નથી પણ રાગભાવનું ત્યાં અવલંબન છે.

હવે તે શુભભાવ વખતે સમ્યગ્દ્રષ્ટિને જે શુભભાવ વધે છે તે, અભિપ્રાયમાં પરમપારિણામિકભાવનો આશ્રય છે તેના જ બળે વધે છે, બીજી રીતે કહીએ તો સમ્યગ્દર્શનના જોરે તે શુદ્ધભાવ વધે છે, પરંતુ શુભરાગ કે પરદ્રવ્યના અવલંબને શુદ્ધતા વધતી નથી.

**પ્રશ્ન** :—દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્તમાત્ર કહ્યાં તથા તેમના અવલંબનને ઉપચારમાત્ર કહ્યું—તેનું કારણ શું?

**ઉત્તર** :—આ વિશ્વમાં અનંત દ્રવ્યો છે, તેમાંથી રાગ વખતે છદ્મસ્થ જીવનું વલણ ક્યા દ્રવ્ય તરફ ગયું તે બતાવવા માટે તે દ્રવ્યને 'નિમિત્ત' કહેવામાં આવે છે; તે વખતે તે જીવને 'અનુરૂપ અશુદ્ધભાવ' કરવામાં અનુકૂળ તે દ્રવ્ય છે, તેથી તે દ્રવ્યને 'નિમિત્ત' કહેવામાં આવે છે, એ રીતે દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તમાત્ર છે અને દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન ઉપચારમાત્ર છે.

નિમિત્ત–નૈમિત્તિકસંબંધ જીવને જ્ઞાન કરવા માટે છે, પણ 'ધર્મ કરવામાં કોઈ વખતે નિમિત્તની મુખ્યતા છે'–એવી માન્યતા કરવા માટે તે જ્ઞાન નથી. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માગતા જીવે નિમિત્ત-નૈમિત્તિકસંબંધના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ, તે જ્ઞાન કરવાની જરૂર એટલા માટે છે, કે જો તે જ્ઞાન ન હોય તો 'કોઈ વખતે નિમિત્તની મુખ્યતાએ પણ કાર્ય થાય' એવું વલણ જીવને રહે અને તેથી તેનું અજ્ઞાન ટળે નહિ.

## (૬) આ પાંચ ભાવો સાથે આ અધ્યાયના સૂત્રો શી રીતે સંબંધ રાખે છે તેનો ખુલાસો

**સૂત્ર–૧.** આ સૂત્ર પાંચે ભાવો બતાવે છે, તેમાંથી શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયરૂપ પોતાના પારિણામિકભાવના આશ્રયે જ ધર્મ થાય છે.

**સૂત્ર ૨-૬.** આ સૂત્રો પહેલા ચાર ભાવોના ભેદો જણાવે છે, તેમાં ત્રીજા સૂત્રમાં ઔપશમિકભાવના ભેદો વર્ણવતાં પ્રથમ સમ્યક્ત્વ લીધું છે, કેમ કે ધર્મની શરૂઆત ઔપશમિકસમ્યક્ત્વથી થાય છે; સમ્યક્ત્વ પામ્યા પછી આગળ વધતાં કેટલાક જીવોને ઔપશમિકચારિત્ર થાય છે, તેથી બીજું ઔપશમિકચારિત્ર કહ્યું છે. આ બે સિવાય બીજા કોઈ ઔપશમિકભાવો નથી. [સૂત્ર–૩]

જે જે જીવો ધર્મની શરૂઆતમાં પ્રગટ થતું ઔપશમિકસમ્યક્ત્વ, પારિણામિકભાવના

આશ્રયે પામે છે તે જીવો પોતામાં શુદ્ધિ વધારતાં વધારતાં છેવટે સંપૂર્ણ શુદ્ધતા પામે છે, તેથી તેમને સમ્યક્ત્વ અને ચારિત્રની પૂર્ણતા થવા ઉપરાંત જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ ગુણોની પૂર્ણતા પ્રગટે છે; એ નવ ભાવોની પ્રાપ્તિ ક્ષાયિકભાવે પર્યાયમાં થાય છે, તેથી ફરી કદી વિકાર થતો નથી અને તે જીવો સમયે સમયે સંપૂર્ણ આનંદ અનંતકાળ સુધી ભોગવે છે; તેથી ચોથા સૂત્રમાં એ નવ ભાવો જણાવ્યા છે. તેને નવ લબ્ધિ પણ કહેવામાં આવે છે.

સમ્યગ્જ્ઞાનનો ઉઘાડ ઓછો હોવા છતાં સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્રના બળ વડે વીતરાગતા પ્રગટે છે, તેથી તે બે શુદ્ધ પર્યાયો પ્રગટ થયા પછી બાકીના સાત ક્ષાયિક પર્યાયો એક સાથે પ્રગટે છે; ત્યારે સમ્યગ્જ્ઞાન પૂર્ણ થતાં કેવળજ્ઞાન પણ પ્રગટે છે. [સૂત્ર–૪]

જીવમાં અનાદિથી વિકાર થાય છે પણ તેના જ્ઞાન, દર્શન અને વીર્યગુણ સર્વથા નાશ પામતાં નથી, તેનો ઉઘાડ ઓછા કે વધારે અંશે રહે છે; અનાદિનું અજ્ઞાન ટાળ્યા પછી સાધક જીવને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય છે અને તેમને ક્રમે ક્રમે ચારિત્ર પ્રગટે છે, તે બધા ક્ષાયોપશમિકભાવો છે. [સૂત્ર–૫]

જીવ અનેક પ્રકારનો વિકાર કરે છે અને તેના પરિણામે ચતુર્ગતિમાં રખડે છે; તેમાં તેના સ્વસ્વરૂપની ઊંધી માન્યતા, ઊંધું જ્ઞાન અને ઊંધુ વર્તન હોય છે અને તેથી તેને કષાય પણ થાય છે; વળી સમ્યગ્જ્ઞાન થયા પછી પૂર્ણતા પ્રાપ્ત કર્યા પહેલાં અંશે કષાય હોય છે અને તેથી તેને જુદી જુદી લેશ્યાઓ થાય છે. જીવ સ્વલક્ષને ચૂકીને પરલક્ષ કરે છે, તેથી આ વિકારો થાય છે, તેને ઔદયિકભાવ કહેવાય છે. મોહસંબંધી આ ભાવ જ સંસાર છે. [સૂત્ર–૬]

**સૂત્ર ૭**—જીવમાં શુદ્ધ અને અશુદ્ધ એવા બે પ્રકારના પારિણામિકભાવ છે. [સૂત્ર ૭ તથા તે નીચેની ટીકા]

**સૂત્ર ૮-૯**—જીવનું લક્ષણ ઉપયોગ છે. છદ્મસ્થ જીવની અનેક દશા હોવાથી તેનો જ્ઞાન-દર્શનનો ઉપયોગ ઓછો કે વધારે હોય છે અને કેવળજ્ઞાન પ્રગટ થતાં પૂર્ણ હોય છે. છદ્મસ્થ જીવોને જ્ઞાનદર્શનનો ઉપયોગ ક્ષાયોપશમિક ભાવે છે અને કેવળી ભગવાનને તે ઉપયોગ ક્ષાયિકભાવે છે. [સૂત્ર ૮-૯]

**સૂત્ર-૧૦**—જીવોના સંસારી અને મુક્ત એવા બે પ્રકાર છે; તેમાં અનાદિ અજ્ઞાની સંસારી જીવને (ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક) ત્રણ ભાવો હોય છે. પ્રથમ ધર્મ પામતાં (ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક અને પારિણામિક) ચાર ભાવો થાય છે. ક્ષાયિકસમ્યક્ત્વ પામ્યા પછી ઉપશમશ્રેણી માંડનાર જીવને એ પાંચે ભાવો હોય છે અને મુક્ત જીવોને ક્ષાયિક તથા પારિણામિક એ બે જ ભાવ હોય છે. [સૂત્ર–૧૦]

**સૂત્ર ૧૧**—જીવે પોતે જે પ્રકારના જ્ઞાન, વીર્યાદિના ઉઘાડની લાયકાત પ્રાપ્ત કરી હોય તે ક્ષાયોપશમિકભાવને અનુકૂળ જડ મનનો સદ્‌ભાવ કે અભાવ હોય છે; જ્યારે જીવ મન તરફ પોતાનો ઉપયોગ વાળે છે ત્યારે તેને વિકાર થાય છે, કેમ કે મન પરવસ્તુ છે. જ્યારે જીવ પોતાનો પુરુષાર્થ મન તરફ વાળી જ્ઞાન કે દર્શનનો વ્યાપાર કરે છે ત્યારે દ્રવ્યમન ઉપર નિમિત્તપણાનો આરોપ આવે છે. દ્રવ્યમન કાંઈ લાભ-નુકશાન કરતું નથી, કેમ કે તે પરદ્રવ્ય છે. [સૂત્ર–૧૧]

**સૂત્ર ૧૨ થી ૨૦**—પોતાના ક્ષાયોપશમિક જ્ઞાનાદિના અનુસાર અને નામકર્મના ઉદય અનુસાર જ જીવ ત્રસ કે સ્થાવરદશા સંસારમાં પામે છે; આ રીતે ક્ષાયોપશમિકભાવ અનુસાર જીવની દશા હોય છે. પૂર્વે જે નામકર્મ બંધાયેલું તેનો ઉદય થતાં ત્રસ કે સ્થાવરપણાનો તેમ જ જડ ઇન્દ્રિયો અને મનનો સંયોગ હોય છે. [સૂત્ર ૧૨ થી ૧૭ તથા ૧૯-૨૦]

જ્ઞાનના ક્ષાયોપશમિકભાવના લબ્ધ અને ઉપયોગ એવા બે પ્રકાર છે. [સૂત્ર–૧૮]

**સૂત્ર ૨૧ થી ૫૩**—સંસારી જીવોને ઔદયિકભાવ થતાં જે કર્મો એકક્ષેત્રાવગાહપણે બંધાય છે, તેના ઉદયને નિમિત્તનૈમિત્તિકસંબંધ જીવના ક્ષાયોપશમિક તથા ઔદયિકભાવની સાથે તેમ જ મન, ઇન્દ્રિયો, શરીર, કર્મ નવા ભવ માટેના ક્ષેત્રાંતર, આકાશની શ્રેણી, ગતિ, નોકર્મનું સમયે સમયે ગ્રહણ તેમ જ તેનો અભાવ, જન્મ, યોનિ તથા આયુ સાથે કેવો હોય છે તે બતાવેલ છે. [સૂત્ર ૨૧ થી ૨૬ તથા ૨૮ થી ૫૩]

સિદ્ધદશા થતાં જીવને આકાશની કઈ શ્રેણીની સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, તે ૨૭મા સૂત્રમાં બતાવ્યું છે. [સૂત્ર–૨૭]

આ ઉપરથી સમજી લેવું કે જીવને વિકારી અવસ્થામાં કે અવિકારી અવસ્થામાં જે જે પર વસ્તુઓની સાથે સંબંધ થાય છે, તે તે પરવસ્તુઓને જગતની બીજી પરવસ્તુઓથી છૂટી ઓળખવા માટે તે તે સમય પૂરતી તેમને 'નિમિત્ત' નામ આપીને સંબોધવામાં આવે છે; પણ તેથી નિમિત્તની મુખ્યતાએ કોઈ પણ વખતે કાર્ય થાય છે, એમ સમજવું નહિ. આ અધ્યાયનું ૨૭મું સૂત્ર આ સિદ્ધાંત સ્પષ્ટપણે સાબિત કરે છે. મુક્ત જીવ સ્વયં લોકાકાશના અગ્રે જવાની લાયકાત ધરાવે છે ત્યારે આકાશની જે શ્રેણીમાંથી તે જીવ પસાર થાય તે શ્રેણીને આકાશના બીજા ભાગોથી તથા જગતના બીજા પદાર્થોથી જુદી પાડીને ઓળખાવવા માટે 'નિમિત્ત' એવું નામ (–આરોપ) આપવામાં આવે છે.

## (૭) નિમિત્ત-નૈમિત્તિકસંબંધ

આ સંબંધ ૨૬-૨૭ સૂત્રમાં ઘણી ચમત્કારિક રીતે ટુંકામાં ટુંકા શબ્દોથી કહેવામાં આવ્યો છે. તે અહીં બતાવવામાં આવે છે—

૧. જીવની સિદ્ધાવસ્થામાં પ્રથમ સમયે તે લોકાગ્રે સીધી આકાશશ્રેણીએ મોડા લીધા સિવાય જાય છે, એમ સૂત્ર ૨૬-૨૭ પ્રતિપાદન કરે છે. જીવ જે વખતે લોકાગ્રે જાય છે તે વખતે જે આકાશશ્રેણીમાંથી જાય છે તે જ ક્ષેત્રે ધર્માસ્તિકાયના અને અધર્માસ્તિકાયના પ્રદેશો છે, અનેક પ્રકારની પુદ્‌ગલવર્ગણાઓ છે, છૂટા પરમાણુઓ છે, સૂક્ષ્મ સ્કંધો છે, કાલાણુદ્રવ્યો છે, મહાસ્કંધના પ્રદેશો છે, નિગોદના જીવોના તથા તેમના શરીરના પ્રદેશો છે તથા છેવટે (સિદ્ધશિલાથી ઉપર) પૂર્વે મુક્ત થયેલા જીવોના કેટલાક પ્રદેશો છે; એ તમામમાંથી પસાર થઈ તે જીવ લોકાગ્રે જાય છે. તો હવે તેમાં તે આકાશશ્રેણીને નિમિત્તપણાનો આરોપ આવ્યો અને બીજાઓને ન આવ્યો તેનું કારણ તપાસવું જોઈએ; તે તપાસમાં માલૂમ પડે છે કે તે મુક્ત થનાર જીવ કઈ આકાશશ્રેણીમાંથી થઈને જાય છે તેનું જ્ઞાન કરાવવા માટે તે આકાશશ્રેણીને 'નિમિત્ત' સંજ્ઞા આપી, કેમ કે પહેલા સમયની સિદ્ધદશાને આકાશ સાથેનો સંબંધ બતાવવા માટે તે શ્રેણીનો ભાગ જ અનુકૂળ છે, પણ બીજું દ્રવ્ય, ગુણ કે પર્યાય તે માટે અનુકૂળ નથી.

૨. સિદ્ધ ભગવાનના તે સમયના જ્ઞાનના વ્યાપારમાં આખું આકાશ તથા બીજાં તમામ દ્રવ્યો, તેના ગુણો તથા તેના ત્રણે કાળના પર્યાયો જ્ઞેય છે, તેથી તે જ સમયે જ્ઞાન પૂરતાં તે બધાં જ્ઞેયો 'નિમિત્ત' સંજ્ઞા પામે છે.

૩. સિદ્ધ ભગવાનના તે સમયે પરિણમનગુણને કાળનો તે જ (તે સમયે વર્તતો) સમય 'નિમિત્ત' સંજ્ઞા પામે છે, કેમ કે પરિણમનમાં તે અનુકૂળ છે, બીજા અનુકૂળ નથી.

૪. સિદ્ધ ભગવાનની તે સમયની ક્રિયાવતીશક્તિના ગતિપરિણામને તથા ઊર્ધ્વગમનસ્વભાવને ધર્માસ્તિકાયના તે જ આકાશક્ષેત્રે રહેલા પ્રદેશો તે જ સમયે 'નિમિત્ત' સંજ્ઞા પામે છે, કેમ કે ગતિમાં તે જ અનુકૂળ છે, બીજા અનુકૂળ નથી.

૫. સિદ્ધ ભગવાનના ઊર્ધ્વગમન સમયે બીજાં દ્રવ્યો (જે તે આકાશક્ષેત્રે છે તે તથા બાકીના દ્રવ્યો) પણ 'નિમિત્ત' સંજ્ઞા પામે છે, કેમ કે તે બધાં દ્રવ્યોને જોકે સિદ્ધાવસ્થા સાથેનો કાંઈ સંબંધ નથી, તોપણ વિશ્વને સદા ટકાવી રાખે છે, એટલું બતાવવા માટે તે અનુકૂળ નિમિત્ત છે.

૬. સિદ્ધ ભગવાનને તેમની સંપૂર્ણ શુદ્ધતા સાથે કર્મનો અભાવસંબંધ છે–એટલું અનુકૂળપણું બતાવવા માટે કર્મનો અભાવ પણ 'નિમિત્ત' સંજ્ઞા પામે છે; આ રીતે અસ્તિ અને નાસ્તિ બંને પ્રકારે નિમિત્તપણાનો આરોપ કરવામાં આવે છે. પણ નિમિત્તને કોઈ પણ રીતે મુખ્યપણે કે ગૌણપણે કાર્યસાધક માનવું તે ગંભીર ભૂલ છે, શાસ્ત્રની પરિભાષામાં તેને મિથ્યાત્વ અને અજ્ઞાન કહેવામાં આવે છે.

૭. નિમિત્ત જનક અને નૈમિત્તિ કજન્ય છે, એમ જીવ અજ્ઞાનદશામાં માને છે, તેથી

અજ્ઞાનીઓની કેવી માન્યતા હોય છે તે બતાવવા માટે નિમિત્તને જનક અને નૈમિત્તિકને જન્ય વ્યવહારે કહેવામાં આવે છે, પણ સમ્યગ્જ્ઞાની જીવો તેમ માનતા નથી; એમનું તે જ્ઞાન સાચું છે એમ ઉપરના પાંચ પારા બતાવે છે, કેમ કે તેમાં જણાવેલાં અનંત નિમિત્તો કે તેમાંનું કોઈ અંશે પણ સિદ્ધદશાનું જનક થયું નથી અને તે નિમિત્તો કે તેમાંના કોઈના અનંતમાં અંશથી પણ નૈમિત્તિક સિદ્ધદશા જન્ય થઈ નથી.

૮. સંસારી જીવો જુદી-જુદી ગતિના ક્ષેત્રોએ જાય છે તે પણ જીવોની ક્રિયાવતી શક્તિના તે તે સમયના પરિણમનને કારણે જાય છે; તેમાં પણ ઉપરના પારા ૧ થી ૫માં જણાવ્યા મુજબ નિમિત્તો હોય છે, પણ ક્ષેત્રાંતરમાં તો ધર્માસ્તિકાયના પ્રદેશોના તે સમયના પર્યાય સિવાય બીજું કોઈ દ્રવ્ય, ગુણ કે પર્યાય 'નિમિત્ત' સંજ્ઞા પામતું નથી; તે વખતે અનેક કર્મોનો ઉદય હોવા છતાં એક વિહાયોગતિ કર્મનો ઉદય જ 'નિમિત્ત' નામ પામે છે. ગત્યાનુપૂર્વી કર્મના ઉદયને તો જીવના પ્રદેશોના તે સમયના આકારની સાથે ક્ષેત્રાંતર વખતે નિમિત્તપણું છે અને જ્યારે જીવ જે ક્ષેત્રે સ્થિર થઈ જાય છે તે સમયે અધર્માસ્તિકાયના તે ક્ષેત્રના પ્રદેશોનો તે સમયનો પર્યાય 'નિમિત્ત' નામ પામે છે.

સૂત્ર ૨૫ જણાવે છે, કે ક્રિયાવતી શક્તિના તે સમયના પરિણમન વખતે યોગગુણનો જે પર્યાય વર્તે છે તેને કાર્મણશરીર નિમિત્ત છે, કેમ કે કાર્મણશરીરનો ઉદય તેને અનુકૂળ છે. કાર્મણશરીર અને તૈજસશરીર પોતાની ક્રિયાવતી શક્તિના તે સમયના પરિણમનના કારણે જાય છે, તેમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે.

૯. આ શાસ્ત્રમાં નિમિત્તને કોઈ જગ્યાએ 'નિમિત્ત' નામથી જ કહેલ છે [જુઓ અધ્યાય ૧ સૂત્ર ૧૪] અને કોઈ જગ્યાએ ઉપકાર, ઉપગ્રહ વગેરે નામથી કહેલ છે. [જુઓ અધ્યાય ૫ સૂત્ર ૧૭-૨૦] શાસ્ત્રની પરિભાષામાં તેનો એક જ અર્થ થાય છે; પણ અજ્ઞાની જીવો એક વસ્તુથી બીજી વસ્તુનું ભલુ–ભૂંડું થાય છે એમ માને છે, તે બતાવવા માટે તેને 'ઉપકાર, સહાયક, બલાધાન, બહિરંગસાધન, બહિરંગકારણ, નિમિત્ત, નિમિત્તકારણ, એ આદિ નામથી સંબોધે છે; પણ તેથી તેઓ ખરેખરાં કારણ કે સાધન છે, એમ માનવું નહિ. એક દ્રવ્યને, તેના ગુણને કે તેના પર્યાયને બીજાથી જુદા પાડી બીજા સાથેનો તેનો સંબંધ બતાવવા માટે ઉપર કહેલાં નામોથી સંબોધવામાં આવે છે. ઇન્દ્રિયોને, ધર્માસ્તિકાયને, અધર્માસ્તિકાયને વગેરેને બલાધાનકારણના નામથી પણ ઓળખવામાં આવે છે, પરંતુ તે કોઈ પણ ખરું કારણ નથી; છતાં 'કોઈ પણ સમયે તેમની મુખ્યતાએ કોઈ કાર્ય થાય છે' એમ માનવું તે નિમિત્તને જ ઉપાદાન માનવા બરાબર અથવા તો વ્યવહારને જ નિશ્ચય માનવા બરાબર છે.

૧૦. ઉપાદાનકારણને લાયક નિમિત્ત સંયોગરૂપે તે તે સમયે અવશ્ય હોય છે, એવો

સંબંધ ઉપાદાનકારણની (અર્થાત્ ઉપાદાનની) તે સમયની પરિણમનશક્તિને, જેના ઉપર નિમિત્તપણાનો આરોપ આવે છે તેની સાથે છે. ઉપાદાનને પોતાના પરિણમન વખતે તે તે નિમિત્તો આવવા માટે રાહ જોવી પડે અને તે ન આવે ત્યાં સુધી ઉપાદાન પરિણમે નહિ– એવી માન્યતા ઉપાદાન અને નિમિત્ત એ બે દ્રવ્યોને એકરૂપ માનવા બરાબર છે.

૧૧. આ જ પ્રમાણે ઘડાનો કુંભાર સાથેનો અને રોટલીનો અગ્નિ, રસોયા વગેરે સાથેનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ જાણી લેવો. સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવા માટે જીવે પોતે પોતાના પુરુષાર્થથી પાત્રતા મેળવી હોય છતાં તેને સમ્યગ્જ્ઞાન પ્રગટવા માટે સદ્ગુરુની રાહ જોવી પડે–એમ બને નહિ, પણ તે સંયોગરૂપે હોય જ; અને તેથી જ, જ્યારે ઘણા જીવો ધર્મ પામવાને તૈયાર હોય ત્યારે તીર્થંકર ભગવાનનો જન્મ થાય છે અને તેઓ યોગ્ય સમયે કેવળજ્ઞાન પામે છે, તથા તેમનો દિવ્યધ્વનિ સ્વયં પ્રગટે છે—એમ સમજી લેવું.

## (૮) તાત્પર્ય

તાત્પર્ય એ છે, કે—આ અધ્યાયમાં કહેલા પાંચ ભાવો અને તેમના બીજાં દ્રવ્યોની સાથેના નિમિત્ત-નૈમિત્તિકસંબંધનું જ્ઞાન કરીને બીજા ઉપરથી લક્ષ ખેંચીને પરમપારિણામિકભાવ તરફ પોતાનો પર્યાય વાળતાં સમ્યગ્દર્શન થાય છે અને પછી તેનું બળ વધતાં સમ્યક્ચારિત્ર થાય છે, તે જ ધર્મમાર્ગ (–મોક્ષમાર્ગ) છે.

એ પ્રમાણે શ્રી ઉમાસ્વામીવિરચિત મોક્ષશાસ્ત્રના
બીજા અધ્યાયની ગુજરાતી ટીકા પૂરી થઈ.



# મોક્ષશાસ્ત્ર–ગુજરાતી ટીકા

# અધ્યાય ત્રીજો

## ભૂમિકા

આ શાસ્ત્રના પહેલા અધ્યાયના પહેલા સૂત્રમાં 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે', એમ કહીને બીજો કોઈ મોક્ષમાર્ગ નથી એમ જણાવ્યું; તેથી એમાં એમ પણ જણાવ્યું, કે પુણ્યથી–શુભભાવથી કે પરવસ્તુ અનુકૂળ હોય તો ધર્મ થઈ શકે, એમ માનવું તે ભૂલ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આત્માના શુદ્ધ પર્યાય છે. તેને એક શબ્દમાં કહીએ તો 'સત્ય પુરુષાર્થ' તે મોક્ષમાર્ગ છે. આથી સિદ્ધ થયું કે આત્માની પોતાની શુદ્ધ પરિણતિ તે જ ધર્મ છે; આમ જણાવીને અનેકાંતસ્વરૂપ બતાવ્યું. તે સૂત્રમાં પહેલો શબ્દ 'સમ્યગ્દર્શન' કહ્યો છે, તે એમ સૂચવે છે કે ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે. તે અધ્યાયમાં સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું. ત્યાર પછી 'તત્ત્વાર્થ'નું સ્વરૂપ સમજાવ્યું અને સમ્યગ્જ્ઞાનના અનેક પ્રકાર કહ્યા તથા મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ પણ સમજાવ્યું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે એક જ મોક્ષમાર્ગ છે, એમ પહેલા સૂત્રમાં સ્પષ્ટપણે જણાવીને જાહેર કર્યું કે—કોઈ વખતે ઉપાદાનની પરિણતિની મુખ્યતાથી કાર્ય થાય અને કોઈ વખતે સંયોગરૂપ બાહ્ય અનુકૂળ નિમિત્તની (કે જેને ઉપચારકારણ કહેવામાં આવે છે તેની) મુખ્યતાથી કાર્ય થાય—એવું અનેકાંતનું સ્વરૂપ નથી.

બીજા અધ્યાયથી જીવતત્ત્વનો અધિકાર શરૂ કર્યો; તેમાં જીવના સ્વતત્ત્વરૂપ–નિજતત્ત્વરૂપ પાંચ પાંચ ભાવો જણાવ્યા; તે પાંચ ભાવોમાંથી સકળ નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધ પારિણામિક પરમ ભાવ (–જ્ઞાયકભાવ)ના આશ્રયે ધર્મ થાય છે એમ જણાવવા માટે, ઔપશમિક ભાવ–કે જે ધર્મની શરૂઆત છે તેને પહેલા ભાવ તરીકે વર્ણવ્યો. ત્યાર પછી જીવનું લક્ષણ ઉપયોગ છે એમ જણાવીને તેના ભેદો બતાવ્યા અને પાંચ ભાવોની સાથે પરદ્રવ્યો—ઈન્દ્રિયો વગેરે—નો કેવો સંબંધ હોય છે તે જણાવ્યું.

જીવનો ઔદયિકભાવ તે જ સંસાર છે. અજ્ઞાનદશામાં ઔદયિકભાવ હોય ત્યારે જીવને શુભ અને અશુભભાવો હોય છે. શુભભાવનું ફળ દેવપણું છે, અશુભભાવની તીવ્રતાનું ફળ નારકીપણું છે, શુભાશુભભાવના મિશ્રપણાનું ફળ મનુષ્યપણું છે અને માયાનું ફળ તિર્યંચપણું છે. જીવ અનાદિથી અજ્ઞાની છે, તેથી અશુદ્ધભાવોના કારણે તેનું ભ્રમણ થયા કરે છે; તે ભ્રમણ કેવું હોય છે તે ત્રીજા અને ચોથા અધ્યાયમાં બતાવ્યું છે; તે ભ્રમણમાં (–ભવોમાં) શરીર સાથે તેમ જ ક્ષેત્ર સાથે જીવનો કેવા પ્રકારનો સંયોગ હોય છે, તે અહીં બતાવવામાં આવે છે. માંસ,

દારૂ વગેરે ભક્ષણનો ભાવ, આકરું, જૂઠું, ચોરી, કુશીલ તથા લોભ વગેરેના તીવ્ર અશુભભાવને કારણે જીવ નરકગતિ પામે છે; તેનું આ અધ્યાયમાં પ્રથમ વર્ણન કર્યું છે અને પછી મનુષ્ય તથા તિર્યંચના ક્ષેત્રોનું વર્ણન કર્યું છે.

ચોથા અધ્યાયમાં દેવગતિને લગતી વિગતો આપવામાં આવી છે.

આ બે અધ્યાયનો સાર એવો છે, કે–જીવના શુભાશુભ વિકારી ભાવોના કારણે જીવને અનાદિથી આ પરિભ્રમણ ચાલી રહ્યું છે અને તેનું મૂળ કારણ મિથ્યાદર્શન છે; માટે ભવ્ય જીવોએ મિથ્યાદર્શન ટાળીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું. સમ્યગ્દર્શનનું બળ એવું છે, કે તેના જોરે ક્રમે ક્રમે સમ્યક્ચારિત્ર વધતું જાય છે અને ચારિત્રની પૂર્ણતા કરી આયુષ્યના અંતે જીવ સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે. પોતાની ભૂલના કારણે જીવની કેવી કેવી ગતિ થઈ; તે કેવાં કેવાં દુઃખો પામ્યો અને બહારના સંયોગો કેવા તથા કેટલા કાળ સુધી રહ્યા તે બતાવવા માટે અધ્યાય ૨-૩-૪ કહ્યા છે અને તે ભૂલ ટાળવાનો ઉપાય પહેલા અધ્યાયના પહેલા સૂત્રમાં જણાવ્યો છે.

## અધોલોકનું વર્ણન

### સાત નરક–પૃથ્વીઓ

**रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभ भूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठाः सप्ताऽधोऽधः ॥१॥**

***અર્થ** :–અધોલોકમાં રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા અને મહાતમપ્રભા એ સાત ભૂમિઓ છે અને ક્રમથી નીચે નીચે ઘનોદધિવાતવલય, ઘનવાતવલય, તનુવાતવલય તથા આકાશનો આધાર છે.

### ટીકા

(૧) રત્નપ્રભા પૃથ્વીના ત્રણ ભાગ છે–ખરભાગ, પંકભાગ અને અબ્બહુલભાગ. તેમાંથી ઉપરના પહેલા બે ભાગમાં વ્યંતર તથા ભવનવાસી દેવો રહે છે અને નીચેના અબ્બહુલભાગમાં નારકીઓ રહે છે. આ પૃથ્વીનો કુલ વિસ્તાર એક લાખ એંસી હજાર યોજન છે. [૨૦૦૦ કોસનો એક જોજન ગણવો].

(૨) આ પૃથ્વીઓનાં રૂઢિગત નામ–૧. ધમ્મા, ૨, વંશા, ૩. મેઘા, ૪. અંજના, ૫. અરિષ્ટા, ૬. મઘવી અને ૭. માઘવી છે.


---

★ આ અધ્યાયમાં ભૂગોળસંબંધી વર્ણન હોવાથી, પહેલા બે અધ્યાયોની માફક શબ્દો છૂટા પાડીને અર્થ આપવામાં આવ્યો નથી પણ આખા સૂત્રનો સીધો અર્થ આપવામાં આવ્યો છે.

(૩)–અમ્બુ (ઘનોદધિ) વાતવલય = વરાળનું ઘટ વાતાવરણ.

ઘનવાતવલય = ઘટ હવાનું વાતાવરણ. તનુવાતવલય = પાતળી હવાનું વાતાવરણ.

વાતવલય = વાતાવરણ. 'આકાશ' કહેતાં અહીં અલોકાકાશ સમજવું. ૧.



## સાત પૃથ્વીઓમાં બિલોની સંખ્યા

## तासु त्रिंशत्पंचविंशतिपंचदशदशत्रिपंचोनैकनरकशतसहस्राणि पंच चैव यथाक्रमम् ।।२।।

**અર્થ** :—તે પૃથ્વીઓમાં ક્રમથી પહેલીમાં ત્રીસ લાખ, બીજીમાં પચીસ લાખ, ત્રીજીમાં પંદર લાખ, ચોથીમાં દશ લાખ, પાંચમીમાં ત્રણ લાખ, છઠ્ઠીમાં એક લાખમાં પાંચ ઓછા (૯૯૯૯૫) અને સાતમીમાં પાંચ જ નરક-બિલો છે. [ આ બિલો જમીનમાં ખાડા કરેલા ઢોલની પોલ સમાન છે; કુલ ૮૪ લાખ નરકવાસા (બિલો) છે.]

કેટલાક જીવો મનુષ્યગતિ અને તિર્યંચગતિ એ બે જ ગતિ માને છે, કેમ કે તેઓ તે પ્રકારના જ જીવોને દેખે છે; તેમનું જ્ઞાન સંકુચિત હોવાથી તેઓ એમ માને છે, કે–મનુષ્ય કે તિર્યંચગતિમાં તીવ્રદુઃખ તે જ નરકગતિ છે; બીજી કોઈ નરકગતિ તેઓ માનતા નથી, પરંતુ તેમની તે માન્યતા ખોટી છે, કેમ કે મનુષ્ય અને તિર્યંચગતિથી જુદી એવી નરકગતિ તે જીવના અશુભભાવનું ફળ છે. તેના હોવાપણાની સાબિતી નીચે મુજબ છે.—

### નરકગતિની સાબિતી

જે જીવ મહા આકરાં ભૂંડાં દુષ્કૃત્યો કરે છે અને પાપકાર્યો કરતી વખતે સામા જીવોને શું દુઃખ થાય છે, તે જોવાની પોતે ધીરજ રાખતો નથી તથા પોતાને સગવડ થાય તેવી એક પક્ષની દુષ્ટ બુદ્ધિમાં એકાગ્ર થાય છે; તે જીવને તેવા ક્રૂર પરિણામોના ફળરૂપ આંતરા વિનાના અનંત અગવડતા ભોગવવાનાં સ્થાન અધોલોકમાં છે, તેને નરકગતિ કહેવાય છે.

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચારે ગતિ સદાય છે; તે કલ્પિત નથી પણ જીવોના પરિણામનું ફળ છે, જેણે બીજાને મારી નાખવાના ક્રૂર ભાવ કર્યા તેના ભાવમાં, પોતાની સગવડતા સાધવામાં વચ્ચે અગવડતા કરનાર કેટલા જીવો મારી નાખવા તે સંખ્યાની હદ નથી, તથા કેટલો કાળ મારવા તે કાળની હદ નથી, તેથી તેનું ફળ પણ હદ વિનાનું અનંત દુઃખ ભોગવવાનું જ હોય, એવું સ્થાન તે નરક છે; મનુષ્યલોકમાં એવું કોઈ સ્થાન નથી.

જે કોઈ બીજાને મારીને અગવડતા ટાળવા માગે છે તે જેટલા વિરોધી જણાય તે બધાને મારવા ઈચ્છે છે, પછી અગવડતા કરનારા બે-પાંચ હોય કે ઘણા હોય તે બધાયનો નાશ કરવાની ભાવના સેવે છે; તેના અભિપ્રાયમાં અનંત કાળ સુધી અનંત ભવ કરવાના ભાવ પડ્યા છે; તે ભવની અનંત સંખ્યાના કારણમાં અનંત જીવ મારવાનો–સંહાર કરવાનો ભાવ છે. જે જીવે કારણમાં અનંતકાળ સુધી અનંત જીવને મારવાના, અગવડતા દેવાના ભાવ સેવ્યા છે તેના

ફળમાં તે જીવને તીવ્ર દુઃખના સંયોગમાં જવું પડે છે અને તે નરકગતિ છે. લાખો ખૂન કરનારને લાખવાર ફાંસી મળે તેવું આ લોકમાં બનતું નથી, તેથી તેને ક્રૂર ભાવ પ્રમાણે પૂરું ફળ મળતું નથી, તેને તેના ભાવનું પૂરું ફળ મળવાનું સ્થાન-ઘણો કાળ અનંત દુઃખ ભોગવવાનું ક્ષેત્ર-નરક છે; તે નીચે શાશ્વત છે. ૨.

## નારકીઓનાં દુઃખનું વર્ણન

## नारका नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ।।३।।

**અર્થ** :-નારકી જીવો હંમેશાં જ અત્યંત અશુભ લેશ્યા, પરિણામ, શરીર, વેદના અને વિક્રિયાને ધારણ કરે છે.

## ટીકા

**(૧) લેશ્યા**—આ દ્રવ્યલેશ્યાનું સ્વરૂપ છે કે જે આયુ સુધી રહે છે. શરીરના રંગને અહીં દ્રવ્યલેશ્યા કહી છે. ભાવલેશ્યા અંતર્મુહૂર્તમાં બદલાય છે તેનું વર્ણન અહીં નથી. અશુભલેશ્યાના ત્રણ પ્રકાર છે—કાપોત, નીલ અને કૃષ્ણ. પહેલી તથા બીજી પૃથ્વીમાં કાપોત લેશ્યા, ત્રીજી પૃથ્વીમાં ઉપરના ભાગમાં કાપોત અને નીચેના ભાગમાં નીલ, ચોથીમાં નીલ, પાંચમીમાં ઉપરના ભાગમાં નીલ અને નીચેના ભાગમાં કૃષ્ણ અને છઠ્ઠી તથા સાતમી પૃથ્વીમાં કૃષ્ણલેશ્યા હોય છે.

**(૨) પરિણામ**—અહીં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દને 'પરિણામ' કહેલ છે.

**(૩) શરીર**—પહેલી પૃથ્વીમાં શરીરની ઊંચાઈ ૭ ધનુષ, ૩ હાથ અને ૬ અંગુલ છે. તે હુંડક આકારે છે; ત્યારપછી નીચે નીચેની પૃથ્વીના નારકીઓનાં શરીરની ઊંચાઈ ક્રમથી બમણી બમણી છે.

**(૪) વેદના**—પહેલેથી ચોથી નરક સુધીમાં ઉષ્ણ વેદના છે; પાંચમીમાં ઉપલા ભાગમાં ઉષ્ણ અને નીચલા ભાગમાં શીત છે, તથા છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં મહાશીત વેદન હોય છે. નારકીઓનું શરીર વૈક્રિયિક હોવા છતાં તેનાં શરીરના વૈક્રિયિક પુદ્‌ગલો મળ, મૂત્ર, કફ, વમન, સડેલ માંસ, હાડ અને ચામડીવાળાં ઔદારિક શરીર કરતાં પણ અત્યંત અશુભ હોય છે.

**(૫) વિક્રિયા**—તે નારકીઓને ક્રૂર સિંહ-વ્યાઘ્રાદિરૂપ અનેક પ્રકારના રૂપો ધારણ કરવારૂપ વિક્રિયા હોય છે. ૩.

## નારકીઓ એકબીજાને દુઃખ આપે છે

## परस्परोदीरितदुःखाः ॥४॥

**અર્થ** :–નારકી જીવો પરસ્પર એકબીજાને દુઃખ ઉત્પન્ન કરે છે. (–તેઓ કૂતરાની માફક પરસ્પર લડે છે. ૪.

## વિશેષ દુઃખ

## संक्लिष्टाऽसुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥५॥

### ટીકા

**અર્થ** :–અને તે નારકીઓ ચોથી પૃથ્વી પહેલાં પહેલાં (એટલે કે ત્રીજી પૃથ્વી પર્યંત) અત્યંત સંક્લિષ્ટ પરિણામના ધારક એવા અંબ–અંબરિષ આદિ જાતિના અસુરકુમાર દેવો દ્વારા દુઃખ પામે છે અર્થાત્ અંબ–અંબરિષ અસુરકુમાર દેવો ત્રીજી નરક સુધી જઈને નારકી જીવોને દુઃખ આપે છે તથા તેમને પૂર્વનું વેર સ્મરણ કરાવીને અંદરોઅંદર લડાવે છે અને દુઃખી દેખી રાજી થાય છે.

સૂત્ર ૩–૪–૫માં નારકીનાં દુઃખોનું વર્ણન કરતાં તેના શરીર, તેના રંગ, સ્પર્શ વગેરેને તથા બીજા નારકીઓ અને દેવોને દુઃખનાં કારણો કહ્યાં છે, તે ઉપચારકથન છે; ખરેખર તે કોઈ પરપદાર્થો દુઃખનાં કારણો નથી, તેમ જ તેનો સંયોગ તે દુઃખ નથી. પરપદાર્થો પ્રત્યેની જીવની એકત્વબુદ્ધિ તે જ ખરું દુઃખ છે. તે દુઃખ વખતે નરકગતિમાં નિમિત્ત તરીકે બાહ્ય સંયોગો કેવા હોય તેનું જ્ઞાન કરાવવા માટે આ ત્રણ સૂત્રો કહ્યાં છે; પણ તે શરીરાદિ દુઃખનાં ખરેખર કારણ છે, એમ સમજવું નહિ. ૫.

## નરકના ઉત્કૃષ્ટ આયુનું પ્રમાણ

## तेष्वेकत्रिसप्तदशसप्तदशद्वाविंशतित्रय-
## स्त्रिंशत्सागरोपमा सत्त्वानां परा स्थितिः ॥६॥

**અર્થ** :–તે નરકોમાં નારકી જીવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ક્રમથી પહેલીમાં એક સાગર, બીજીમાં ત્રણ સાગર, ત્રીજીમાં સાત સાગર, ચોથીમાં દસ સાગર, પાંચમીમાં સત્તર સાગર, છઠ્ઠીમાં બાવીસ સાગર અને સાતમીમાં તેત્રીસ સાગર છે.

## ટીકા

(૧) નારકીમાં ભયાનક દુ:ખ હોવા છતાં નારકીઓનું આયુષ્ય નિરુપક્રમ હોય છે—તેનું અકાળમૃત્યુ થતું નથી.

(૨) આયુષ્યનો આ કાળ વર્તમાન મનુષ્યના આયુષ્યની અપેક્ષાએ લાંબો લાગે, પણ જીવ અનાદિથી છે અને મિથ્યાદષ્ટિપણાના કારણે આવું નારકીપણું જીવે અનંતવાર ભોગવ્યું છે. અધ્યાય ૨, સૂત્ર ૧૦ની ટીકામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભવ અને ભાવ પરિભ્રમણ (પરાવર્તન)નું જે સ્વરૂપ આપ્યું છે, તે જોતાં માલૂમ પડશે કે આ કાળ તો મહાસાગરના એક બિંદુમાત્ર પાણી કરતાં પણ ઘણો ઓછો છે.

(૩) નારકીના જીવોને જે ભયાનક દુ:ખ છે તે ખરી રીતે જોતાં માઠાં શરીર, વેદના, મારપીટ, તીવ્ર ઉષ્ણતા, તીવ્ર શીતતા વગેરેના કારણે નથી; પણ મિથ્યાદષ્ટિપણે તે સંયોગો પ્રત્યે અનિષ્ટપણાની ખોટી કલ્પના કરી જીવ તીવ્ર આકુળતા કરે છે તેનું દુ:ખ છે. પર સંયોગો અનુકૂળ–પ્રતિકૂળ છે જ નહિ, પણ તે ખરી રીતે તો, જીવના જ્ઞાનના ક્ષયોપશમના ઉપયોગ અનુસાર જ્ઞેય (જ્ઞાનમાં જણાવાલાયક) પદાર્થો છે; તે પદાર્થો દેખીને જ્યારે અજ્ઞાની જીવ દુ:ખની કલ્પના કરે છે ત્યારે પરદ્રવ્યો ઉપર 'દુ:ખમાં નિમિત્ત થયાં' એવો આરોપ આવે છે.

(૪) શરીર ગમે તેટલું ખરાબ હોય, ખાવાનું પણ મળતું ન હોય, પાણી પીવા મળતું ન હોય, તીવ્ર ગરમી કે તીવ્ર ઠંડી હોય અને બહારના સંયોગો (અજ્ઞાનદષ્ટિએ) ગમે તેવા પ્રતિકૂળ ગણે, પરંતુ તે સંયોગો જીવોને સમ્યગ્દર્શન (ધર્મ) કરવામાં બાધક નીવડતાં નથી, કેમ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી બાધક થતું નથી. નરકગતિમાં પણ પહેલેથી સાતમી નરક સુધીમાં જ્ઞાની પુરુષના સત્સમાગમે પૂર્વભવે સાંભળેલ આત્મસ્વરૂપના સંસ્કાર તાજા કરીને નારકી જીવો સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. ત્રીજી નરક સુધીના નારકી જીવોને પૂર્વ ભવનો કોઈ સમ્યગ્જ્ઞાની મિત્ર આત્માનું સ્વરૂપ સમજાવતાં, તેનો ઉપદેશ સાંભળી, યથાર્થ નિર્ણય કરી, તે જીવો સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.

(૫) એ ઉપરથી સિદ્ધ થાય છે કે, "જીવોને શરીર સારું હોય, ખાવાપીવાનું બરાબર મળતું હોય અને બહારના સંયોગ અનુકૂળ હોય તો ધર્મ થઈ શકે અને તે પ્રતિકૂળ હોય તો જીવ ધર્મ ન કરી શકે"—એ માન્યતા સાચી નથી. પરને અનુકૂળ કરવામાં પ્રથમ લક્ષ રોકવું અને તે અનુકૂળ થયા પછી ધર્મ સમજવો જોઈએ એવી માન્યતા ભૂલ ભરેલી છે, કેમ કે ધર્મ પરાધીન નથી પણ સ્વાધીન છે અને સ્વાધીનપણે પ્રગટ કરી શકાય છે.

(૬) **પ્રશ્ન :**—જો બાહ્યસંયોગો અને કર્મોનો ઉદય ધર્મમાં બાધક નથી, તો નારકી જીવો ચોથા ગુણસ્થાનથી ઉપર કેમ જતા નથી?

**ઉત્તર** :—પૂર્વે તે જીવોએ પોતાના પુરુષાર્થની ઘણી ઉંધાઈ કરી છે અને વર્તમાનમાં પોતાની ભૂમિકા અનુસાર મંદ પુરુષાર્થ કરે છે, તેથી ઉપર ચડતાં વાર લાગે છે.

(૭) **પ્રશ્ન** :—સમ્યગ્દષ્ટિને નરકમાં કેવું દુઃખ હશે?

**ઉત્તર** :—નરક કે કોઈ ક્ષેત્રના કારણે કોઈ પણ જીવને સુખ–દુઃખ થતું નથી, પોતાની અણસમજણના કારણે દુઃખ અને પોતાની સાચી સમજણના કારણે સુખ થાય છે. પરવસ્તુના કારણે સુખ–દુઃખ કે લાભ–નુકશાન કોઈ જીવને છે જ નહિ. અજ્ઞાની નારકી જીવને જે દુઃખ થાય છે તે પોતાની ઊંધી માન્યતારૂપ દોષના કારણે થાય છે, બહારના સંયોગના કારણે દુઃખ થતું નથી. અજ્ઞાની જીવો પરવસ્તુને ક્યારેક પ્રતિકૂળ માને છે અને તેથી તે પોતાની અજ્ઞાનતાને કારણે દુઃખી થાય છે; અને ક્યારેક પરવસ્તુઓ અનુકૂળ છે એમ માની સુખની કલ્પના કરે છે; તેથી અજ્ઞાની જીવ પરદ્રવ્યો પ્રત્યે ઈષ્ટ–અનિષ્ટપણું સેવે છે.

સમ્યગ્દષ્ટિ નારકી જીવોને અનંત સંસારનું બંધન થાય તેવો કષાય ટળ્યો છે અને તેથી તેટલું સાચું સુખ તેમને નરકમાં પણ છે. જેટલો કષાય રહ્યો છે તેનું અલ્પ દુઃખ હોય છે, પણ થોડાક ભવમાં તે અલ્પ દુઃખનો પણ નાશ કરશે. તેઓ પરને દુઃખદાયક માનતા નથી પણ પોતાની અસાવધાનીને દુઃખનું કારણ માને છે, તેથી પોતાની અસાવધાની ટાળતાં જાય છે. અસાવધાની બે પ્રકારની છે— સ્વસ્વરૂપની માન્યતાની અસાવધાની અને સ્વસ્વરૂપના આચરણની અસાવધાની. તેમાંથી પહેલાં પ્રકારની અસાવધાની તો સમ્યગ્દર્શન થતાં ટળી છે અને બીજા પ્રકારની અસાવધાની છે તેને તે ટાળતાં જાય છે.

(૮) સમ્યગ્દર્શન પ્રગટ કરીને—સમ્યગ્દષ્ટિ થયા પછી જીવ નરક આયુષ્યનો બંધ કરતો નથી, પણ સમ્યગ્દર્શન પ્રગટ કર્યા પહેલાં તે જીવે નરકનું આયુષ્ય બાંધ્યું હોય તો તે પહેલી નરકમાં જાય છે. પણ ત્યાં તેની અવસ્થા પારા (૭)માં જણાવ્યા મુજબની હોય છે.

(૯) પહેલીથી ચોથી નરક સુધીથી નીકળીને મનુષ્ય થયેલા જીવોમાંથી લાયક જીવો તે ભવે મોક્ષ પ્રાપ્ત કરે છે, પાંચમી નરકથી નીકળીને મનુષ્ય થયેલા પાત્ર જીવો સાચું મુનિપણું ધારણ કરી શકે છે, છઠ્ઠા નરકથી નીકળીને મનુષ્ય થયેલા પાત્ર જીવો પાંચમા ગુણસ્થાન સુધી જઈ શકે છે અને સાતમી નરકથી નીકળેલા જીવો ક્રૂર તિર્યંચ ગતિમાં જ જાય છે. આ ભેદો જીવોના પુરુષાર્થની તારતમ્યતાના કારણે પડે છે.

(૧૦) **પ્રશ્ન** :–સમ્યગ્દષ્ટિ જીવોનો અભિપ્રાય નરકમાં જવાનો હોતો નથી, છતાં કોઈક સમ્યગ્દષ્ટિ નરકમાં જાય છે, તો ત્યાં તો જડકર્મનું જોર છે અને જડકર્મ જીવને નરકમાં લઈ જાય છે, તેથી જવું પડે છે—આ વાત ખરી છે કે નહિ?

**ઉત્તર** :–એ વાત ખરી નથી; એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકે નહિ માટે જડકર્મ

જીવને નરકમાં લઈ જાય એમ બનતું નથી. સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ કોઈ જીવ નરકમાં જવા માગતાં નથી છતાં જે જે જીવો નરકક્ષેત્રે જવા લાયક હોય તે તે જીવો પોતાની ક્રિયાવતીશક્તિના પરિણમનના કારણે ત્યાં જાય છે, તે વખતે કાર્મણ અને તૈજસશરીર પણ તેમની પોતાની (-પુદ્‌ગલ પરમાણુઓની) ક્રિયાવતીશક્તિના પરિણમનના કારણે તે ક્ષેત્રે જીવની સાથે જાય છે.

વળી અભિપ્રાય તો શ્રદ્ધાગુણનો પર્યાય છે અને ઈચ્છા તે ચારિત્રગુણનો વિકારી પર્યાય છે. દ્રવ્યના દરેક ગુણો સ્વતંત્ર અને અસહાય છે, તેથી જીવની ઈચ્છા કે-અભિપ્રાય ગમે તે જાતના હોવા છતાં જીવની ક્રિયાવતીશક્તિનું પરિણમન તેનાથી (-અભિપ્રાય અને ઈચ્છાથી) સ્વતંત્રપણે, તે વખતના તે પર્યાયના ધર્મ અનુસાર થાય છે. તે ક્રિયાવતીશક્તિ એવી છે કે જીવને ક્યા ક્ષેત્રે લઈ જવો તેનું જ્ઞાન હોવાની તેને જરૂર નથી. નરકાદિમાં જનારા તે તે જીવો તેમના આયુષ્યપર્યંત તે ક્ષેત્રના સંયોગને લાયક હોય છે અને ત્યારે તે જીવોના જ્ઞાનનો ઉઘાડ પણ તે તે ક્ષેત્રમાં રહેલા જીવો તથા પદાર્થોને જાણવાલાયક હોય છે. નરકગતિનો ભવ પોતાના પુરુષાર્થના દોષથી બંધાયો હતો, તેથી યોગ્ય સમયે તેના ફળપણે જીવની પોતાની લાયકાતના કારણે નારકીનું ક્ષેત્ર સંયોગરૂપે હોય છે; કર્મ તેને નરકમાં લઈ જતું નથી. કર્મના કારણે જીવ નરકમાં જાય છે એમ કહેવું તે તો માત્ર ઉપચાર કથન છે, જીવનો કર્મની સાથેનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવવા માટે શાસ્ત્રોમાં તે કથન જણાવ્યું છે, પરંતુ ખરેખર જડકર્મ જીવને નરકમાં લઈ જાય છે, એમ બતાવવા માટે તે કહ્યું નથી. ખરેખર કર્મ જીવને નરકમાં લઈ જાય છે, એમ માનવું તે મિથ્યા છે.

### (૧૧) સાગર કાળનું માપ—

૧ સાગર = દસ × ક્રોડ × ક્રોડ અદ્ધાપલ્ય.

૧ અદ્ધાપલ્ય = એક ગોળ ખાડો જેનો વ્યાસ **(diameter)** ૧ યોજન (=૨૦૦૦ કોસ) અને ઊંડાઈ પણ તેટલી જ હોય, તે ઉત્તમ ભોગભૂમિના સાત દિવસના ઘેટાના કૂણા વાળથી ઠાંસીઠાંસીને ભર્યો, તેમાંથી દર સો વર્ષે એક વાળ કાઢવો. એ પ્રમાણે કરતાં ખાડો ખાલી થતાં જે વખત લાગે તે એક વ્યવહારકલ્પ છે, એવા અસંખ્યાત વ્યવહારકલ્પ=એક ઉદ્ધારકલ્પ. અસંખ્યાત ઉદ્ધારકલ્પ=એક અદ્ધાપલ્ય.

આ રીતે અધોલોકનું વર્ણન પુરું થયું. ૬.

## મધ્યલોકનું વર્ણન

### કેટલાક દ્વીપ-સમુદ્રોનાં નામો

**जम्बूद्वीपलवणोदादयः शुभनामानो द्वीपसमुद्राः ॥७॥**

**અર્થ** :–આ મધ્યલોકમાં સારા સારા નામવાળા જંબૂદ્વીપ વગેરે દ્વીપો અને લવણસમુદ્ર વગેરે સમુદ્રો છે.

## ટીકા

સર્વથી વચમાં થાળીના આકારે જંબૂદ્વીપ છે–જેમાં આપણે અને શ્રી સીમંધરપ્રભુ વગેરે રહીએ છીએ, ત્યારપછી લવણસમુદ્ર છે. તેની ચારે બાજુ ધાતકીખંડ દ્વીપ છે. તેની ચારે બાજુ કાળો દધિસમુદ્ર છે. તેની ચારે બાજુ પુષ્કરવરદ્વીપ છે અને તેની ચારે બાજુ પુષ્કરવરસમુદ્ર છે; આવી રીતે એકબીજાથી ઘેરાયેલા અસંખ્યાત દ્વીપ-સમુદ્રો છે, સૌથી છેલ્લો દ્વીપ સ્વયંભૂરમણ દ્વીપ છે અને છેલ્લો સમુદ્ર સ્વયંભૂરમણ સમુદ્ર છે. ૭.

## દ્વીપો અને સમુદ્રોનો વિસ્તાર અને આકાર

### द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ॥८॥

**અર્થ** :–પ્રત્યેક દ્વીપ–સમુદ્ર બમણાં બમણાં વિસ્તારવાળા અને પહેલા પહેલાના દ્વીપ –સમુદ્રને ઘેરતા, ચૂડી સમાન આકારવાળા હોય છે. ૮.

## જંબૂદ્વીપનો વિસ્તાર તથા આકાર

### तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भो जम्बुद्वीपः ॥९॥

**અર્થ** :–તે બધા દ્વીપ–સમુદ્રોની વચમાં જંબૂદ્વીપ છે, તેની ગોળ નાભિ સમાન સુદર્શન મેરુ છે; તથા જંબૂદ્વીપ થાળી સમાન ગોળ છે અને એક લાખ યોજન તેનો વિસ્તાર છે.

## ટીકા

(૧) સુદર્શનમેરુની ઊંચાઈ એક લાખ યોજનની છે, તેમાંથી તે એક હજાર યોજન નીચે જમીનમાં અને નવાણું હજાર યોજન જમીનની ઉપર છે. તે સિવાય ૪૦ યોજનની ચૂલિકા છે. [બધી અકૃત્રિમ ચીજોના માપમાં ૨૦૦૦ કોસનો યોજન લેવામાં આવે છે, તે મુજબ અહીં લેવો.]

(૨) કોઈ પણ ગોળ ચીજનો પરિધિ તેના વ્યાસ કરતાં ત્રણગણાથી સહેજ વધારે (૨૨/૭) હોય છે. જંબૂદ્વીપનો પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન ૩ કોસ, ૧૨૮ ધનુષ અને ૧૩।। અંગુલથી કાંઈક અધિક થાય છે.

(૩) આ દ્વીપના વિદેહક્ષેત્રમાં આવેલ ઉત્તરકુરુ ભોગભૂમિમાં અનાદિનિધન પૃથ્વીકાયરૂપ

અકૃત્રિમ પરિવાર સહિત જંબૂવૃક્ષ છે, તેથી દ્વીપનું નામ જંબૂદ્વીપ છે. ૯.

## સાત ક્ષેત્રોનાં નામ

## भरतहैमवतहरिविदेहरम्यकहैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ॥१०॥

**અર્થ** :—આ જંબૂદ્વીપમાં ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત એ સાત ક્ષેત્ર છે.

## ટીકા

ભરતક્ષેત્રમાં આપણે રહીએ છીએ, વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરાદિક વીસ વિહરમાન તીર્થંકર ભગવાનો વિચરે છે. ૧૦.

## ક્ષેત્રોના સાત વિભાગ કરનારા છ પર્વતનાં નામ

## तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषधनीलरुक्मिशिखरिणो वर्षधरपर्वताः ॥११॥

**અર્થ** :–તે સાત ક્ષેત્રોના વિભાગ કરનારા પૂર્વથી પશ્ચિમ સુધી લાંબા ૧–હિમવત્, ૨–મહાહિમવત્, ૩–નિષધ, ૪–નીલ, ૫–રુક્મિ અને ૬–શિખરિન એ–છ વર્ષધર–કુલાચલ–પર્વત છે. [વર્ષ=ક્ષેત્ર] ૧૧.

## કુલાચલોનો રંગ

## हेमार्जुनतपनीयवैडूर्यरजतहेममयाः ॥१२॥

**અર્થ** :–ઉપર કહેલા પર્વતો ક્રમથી ૧–સુવર્ણ, ૨–ચાંદી, ૩–તાવેલું સોનું, ૪–વૈડૂર્ય (નીલ) મણિ, ૫–ચાંદી અને ૬–સુવર્ણ જેવા રંગના છે. ૧૨.

## કુલાચલોનું વિશેષસ્વરૂપ

## मणिविचित्रपार्श्वा उपरि मूले च तुल्यविस्ताराः ॥१३॥

**અર્થ** :–આ પર્વતોના તટ ચિત્ર–વિચિત્ર મણિઓના છે અને ઉપર, નીચે તથા મધ્યમાં એકસરખા વિસ્તારવાળા છે. ૧૩.

## કુલાચલો ઉપર સ્થિર સરોવરોનાં નામ

**पद्ममहापद्मतिगिञ्छकेशरिमहापुण्डरीकपुण्डरीका ह्रदास्तेषामुपरि ॥१४॥**

**અર્થ** :–એ પર્વતોની ઉપર ક્રમથી ૧–પદ્મ, ૨–મહાપદ્મ, ૩–તિગિઞ્છ, ૪–કેશરી, ૫–મહાપુંડરીક અને ૬–પુંડરીક નામનાં સરોવરો છે. ૧૪.

## પહેલા સરોવરની લંબાઈ–પહોળાઈ

**प्रथमो योजनसहस्रायामस्तदर्द्धविष्कम्भो ह्रदः ॥१५॥**

**અર્થ** :–પહેલું પદ્મસરોવર એક હજાર યોજન લાંબું અને લંબાઈથી અર્ધું અર્થાત્ પાંચસો યોજન વિસ્તારવાળું છે. ૧૫.

## પહેલા સરોવરની જાડાઈ (–ઊંડાઈ)

**दशयोजनावगाहः ॥१६॥**

**અર્થ** :–પહેલું સરોવર દસ યોજન અવગાહ (જાડાઈ–ઊંડાઈ)વાળું છે. ૧૬.

## તે સરોવરની વચ્ચેના કમળનું પ્રમાણ

**तन्मध्ये योजनं पुष्करम् ॥१७॥**

**અર્થ** :–તેની મધ્યમાં એક યોજન વિસ્તારવાળું કમળ છે. ૧૭.

## મહાપદ્માદિ સરોવરો તથા તેમાંનાં કમળનું પ્રમાણ

**तद्द्विगुणाद्विगुणा ह्रदा पुष्कराणि च ॥१८॥**

**અર્થ** :–આગળનાં સરોવરો તથા તેમાંનાં કમળ, પહેલા સરોવર તથા કમળથી, ક્રમે બમણાં બમણાં વિસ્તારવાળાં છે.

## ટીકા

આ બમણાં બમણાંનો ક્રમ તિગિંચ્છ નામના ત્રીજા સરોવર સુધી છે. પછી તેની આગળનાં ત્રણ સરોવરો તથા તેમાંનાં કમળ દક્ષિણનાં સરોવર અને કમળો સમાન વિસ્તારવાળાં છે. ૧૮.

## છ કમળોમાં રહેનાર છ દેવીઓ

## तन्निवासिन्यो देव्यः श्रीह्रीधृतिकीर्तिबुद्धिलक्ष्म्यः पल्योपमस्थितयः ससामानिकपरिषत्काः ॥१९॥

**અર્થ** :–એક પલ્યોપમના આયુષ્યવાળી અને સામાનિકા તથા પારિષદ જાતના દેવો સહિત શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી નામની દેવીઓ ક્રમથી એ કમળો પર નિવાસ કરે છે.

### ટીકા

ઉપર કહેલાં કમળોની કર્ણિકાના મધ્યભાગમાં એક કોસ લાંબુ, અર્ધો કોસ પહોળું અને એક કોસથી કાંઈક ઓછું ઊંચુ સફેદ રંગનું ભવન છે, તેમાં તે દેવીઓ રહે છે અને તે તળાવોમાં જે અન્ય પરિવાર કમળ છે, તે ઉપર સામાનિક તથા પારિષદ દેવો રહે છે. ૧૯.

## ચૌદ મહા નદીઓનાં નામ

## गंगासिंधुरोहिद्रोहितास्याहरिद्धरिकान्तासीतासीतोदा नारीनरकन्तासुवर्णरूप्यकूलारक्तारक्तोदाः सरितस्तन्मध्यगाः ॥२०॥

**અર્થ** :–(ભરતમાં) ગંગા-સિંધુ, (હૈમવતમાં) રોહિત-રોહિતાસ્યા, (હરિક્ષેત્રમાં) હરિત્–હરિકાન્તા, (વિદેહમાં) સીતા-સીતોદા, (રમ્યક્માં) નારી–નરકાન્તા, (હૈરણ્યવતમાં) સુવર્ણકૂલા–રૂપ્યકૂલા અને (ઐરાવતમાં) રક્તા–રક્તોદા એ પ્રમાણે જંબૂદ્વીપનાં ઉપર કહેલાં સાત ક્ષેત્રોમાં ચૌદ નદીઓ વચમાં વહે છે.

### ટીકા

પહેલા પદ્મસરોવરમાંથી પહેલી ત્રણ, છઠ્ઠા પુંડરીક સરોવરમાંથી છેલ્લી ત્રણ તથા બાકીનાં સરોવરમાંથી બે બે નદીઓ નીકળી છે. ૨૦.

## નદીઓનાં વહેણનો ક્રમ

## द्वयोर्द्वयोः पूर्वाः पूर्वगाः ॥२१॥

**અર્થ** :–(આ ચૌદે નદીઓને બબ્બેના સમૂહમાં લેવી.) દરેક બેના સમૂહમાંથી પહેલી નદી પૂર્વ તરફ વહે છે. (અને તે દિશાના સમુદ્રમાં ભળે છે.) ૨૧.

## शेषास्त्वपरगाः ॥२२॥

**અર્થ :** બાકી રહેલી સાત નદીઓ પશ્ચિમ તરફ જાય છે. (અને તે તરફના સમુદ્રમાં ભળે છે.) ૨૨.

## આ ચૌદ મહા નદીઓની સહાયક નદીઓ

## चतुर्दशनदीसहस्रपरिवृतागंगासिन्ध्वादयोनद्यः ॥२३॥

**અર્થ :**–ગંગા–સિંધુ આદિ નદીયુગલ ચૌદ હજાર સહાયક નદીઓથી ઘેરાયલ છે.

### ટીકા

સહાયક નદીઓની સંખ્યાનો ક્રમ પણ વિદેહક્ષેત્ર સુધી આગળ આગળનાં યુગલોમાં પહેલા પહેલાનાં યુગલથી બમણો બમણો છે અને ઉત્તરનાં ત્રણ ક્ષેત્રોમાં દક્ષિણનાં ત્રણ ક્ષેત્રોની સમાન છે.

| **નદી-યુગલ** | **સહાયક નદીઓની સંખ્યા** | |
|---|---|---|
| ગંગા–સિંધુ | ૧૪ હજાર | |
| રોહિત્–રોહિતાસ્યા | ૨૮ હજાર | |
| હરિ–હરિકાન્તા | ૫૬ હજાર | |
| સીતા–સીતોદા | ૧ લાખ ૧૨ હજાર | |
| નારી–નરકાન્તા | ૫૬ હજાર | |
| સુવર્ણકૂલા–રૂપ્યકૂલા | ૨૮ હજાર | |
| રક્તા–રક્તોદા | ૧૪ હજાર | ૨૩. |

## ભરતક્ષેત્રનો વિસ્તાર

## भरतः षड्विंशतिपंचयोजनशतविस्तारः षट् चैकोनविंशतिभागा योजनस्य ॥२४॥

**અર્થ :**–ભરતક્ષેત્રનો વિસ્તાર પાંચસો છવીસ અને એક યોજનના ઓગણીસ ભાગમાંથી છ ભાગ અધિક છે.

## ટીકા

(૧) ભરતક્ષેત્રનો વિસ્તાર ૫૨૬ ૬/૧૯ યોજન છે. (જુઓ સૂત્ર ૩૨)

(૨) ભરત અને ઐરાવતક્ષેત્રમાં, વચમાં, પૂર્વ–પશ્ચિમ સુધી લાંબો વિજયાર્ધ પર્વત છે, જેથી ગંગા–સિંધુ અને રક્તા–રક્તોદા નદીને કારણે બંને ક્ષેત્રોના છ છ ખંડ થઈ જાય છે; તેની વચમાં આર્યખંડ અને બાકીના મ્લેચ્છખંડ છે. તીર્થંકરાદિ પદવીધારી પુરુષો ભરત, ઐરાવતના આર્યખંડમાં તથા વિદેહક્ષેત્રોમાં જ જન્મે છે. ૨૪.

## આગળનાં ક્ષેત્રો અને પર્વતોનો વિસ્તાર

## तद्द्विगुणद्विगुणविस्तारा वर्षधरवर्षा विदेहान्ताः ॥२५॥

**અર્થ** :–વિદેહક્ષેત્ર પર્યંતનાં પર્વત અને ક્ષેત્ર ભરતક્ષેત્રથી બમણાં બમણાં વિસ્તારવાળાં છે. ૨૫.

## વિદેહક્ષેત્રથી આગળનાં પર્વત અને ક્ષેત્રોનો વિસ્તાર

## उत्तरा दक्षिणतुल्याः ॥२६॥

**અર્થ** :–વિદેહક્ષેત્રથી ઉત્તરના ત્રણ પર્વત અને ત્રણ ક્ષેત્ર દક્ષિણના પર્વત અને ક્ષેત્રોની સમાન વિસ્તારવાળા છે.

## ટીકા

ક્ષેત્રો અને પર્વતોનો પ્રકાર નીચે પ્રમાણે છે :

| ક્ષેત્ર કે પર્વત | વિસ્તાર યોજન | ઊંચાઈ | ઊંડાઈ |
|---|---|---|---|
| ૧. ભરતક્ષેત્ર | ૫૨૬ $\frac{૬}{૧૯}$ | × | × |
| ૨. હિમવત્ કુલાચલ | ૧૦૫૨ $\frac{૧૨}{૧૯}$ | ૧૦૦ યો. | ૨૫ યો. |
| ૩. હૈમવત્ક્ષેત્ર | ૨૧૦૫ $\frac{૫}{૧૯}$ | × | × |
| ૪. મહાહિમવત્ કુલાચલ | ૪૨૧૦ $\frac{૧૦}{૧૯}$ | ૨૦૦ | ૫૦ |
| ૫. હરિક્ષેત્ર | ૮૪૨૧ $\frac{૧}{૧૯}$ | × | × |
| ૬. નિષધ કુલાચલ | ૧૬૮૪૨ $\frac{૨}{૧૯}$ | ૪૦૦ | ૧૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૭. વિદેહક્ષેત્ર | ૩૩૬૮૪ ૪/૧૯ | × | × |
| ૮. નીલ કુલાચલ | ૧૬૮૪૨ ૨/૧૯ | ૪૦૦ | ૧૦૦ |
| ૯. રમ્યક્ક્ષેત્ર | ૮૪૨૧ ૧/૧૯ | × | × |
| ૧૦. રુક્મિકુલાચલ | ૪૨૧૦ ૧૦/૧૯ | ૨૦૦ | ૫૦ |
| ૧૧. હૈરણ્યક્ષેત્રે | ૨૧૦૫ ૫/૧૯ | × | × |
| ૧૨. શિખરી કુલાચલ | ૧૦૫૨ ૧૨/૧૯ | ૧૦૦ | ૨૫ |
| ૧૩. ઐરાવત ક્ષેત્ર | ૫૨૬ ૬/૧૯ | × | × |

[કુલાચલનો અર્થ પર્વત સમજવો.] ૨૬.

## ભરત અને ઐરાવત ક્ષેત્રમાં કાળચક્રનું પરિવર્તન

**भरतैरावतयोर्वृद्धिह्रासौ षट्समयाभ्यामुत्सर्पिण्यवसर्पिणीभ्याम् ॥२७॥**

**અર્થ :–** છ કાળવાળી ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ભરત અને ઐરાવતક્ષેત્રમાં જીવના અનુભવાદિમાં વૃદ્ધિ–હાનિ થતી રહે છે.

### ટીકા

(૧) વીસ કોડાકોડી સાગરને એક કલ્પકાળ કહેવામાં આવે છે, તેના બે ભેદ છે : ૧. ઉત્સર્પિણી—જેમાં જીવોનાં જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે અને ૨. અવસર્પિણી—જેમાં જીવોનાં જ્ઞાનાદિનો ઘટાડો થાય છે.

અવસર્પિણીના છ ભેદ છે : ૧. સુષમસુષમા, ૨. સુષમા, ૩. સુષમ-દુષમા, ૪. દુષમસુષમા, ૫. દુષમા અને ૬. દુષમદુષમા. આવી રીતે ઉત્સર્પિણીના પણ દુષમદુષમાથી શરૂ કરીને સુષમસુષમા સુધી છ ભેદ સમજવા.

(૨) ૧–સુષમસુષમાનો કાળ ચાર કોડાકોડી સાગર, ૨–સુષમાનો ત્રણ કોડાકોડી સાગર, ૩–સુષમદુષમાનો બે કોડાકોડી સાગર, ૪–દુષમસુષમાનો એક કોડાકોડી સાગરમાં બેંતાલીસ હજાર વર્ષ ઓછા, ૫–દુષમાનો એકવીસ હજાર વર્ષ અને ૬–દુષમદુષમા (–અતિદુષમા)નો એકવીસ હજાર વર્ષ છે.

ભરત–ઐરાવત ક્ષેત્રમાં આ છ ભેદોવાળું પરિવર્તન થયા કરે છે. અસંખ્યાત અવસર્પિણી વીતી ગયા પછી એક હુંડાવસર્પિણી કાળ આવે છે. હાલ હુંડાવસર્પિણી કાળ ચાલે છે.

(૩) ભરત–ઐરાવત ક્ષેત્રના મ્લેચ્છખંડો તથા વિજ્યાર્ધ પર્વતની શ્રેણીઓમાં અવસર્પિણી કાળમાં ચતુર્થ (દુષમ-સુષમા) કાળની શરૂઆતથી તે અવસર્પિણીના અંત સુધી પરિવર્તન થાય છે અને ઉત્સર્પિણી કાળમાં ત્રીજા (દુષમ-સુષમા) કાળના આદિથી તે ઉત્સર્પિણીના અંત સુધી પરિવર્તન થાય છે. તેમાં આર્યખંડોની માફક છએ કાળોનું પરિવર્તન થતું નથી અને તેમાં પ્રલયકાળ પણ હોતો નથી.

## (૪) ભરત–ઐરાવતક્ષેત્રના મનુષ્યોનું આયુષ્ય તથા ઊંચાઈ

| આરો (કાળ) | આયુષ્ય | | ઊંચાઈ | |
|---|---|---|---|---|
| | શરૂમાં | અંતમા | શરૂમાં | અંતમા |
| ૧. | ૩ પલ્ય | ૨ પલ્ય | ૩ કોસ | ૨ કોસ |
| ૨. | ૨ પલ્ય | ૧ પલ્ય | ૨ કોસ | ૧ કોસ |
| ૩. | ૧ પલ્ય | ૧ કોટી પૂર્વ | ૧ કોસ | ૫૦૦ ધનુષ્ય |
| ૪. | ૧ કોટી પૂર્વ | ૧૨૦ વર્ષ | ૫૦૦ ધનુષ્ય | ૭ હાથ |
| ૫. | ૧૨૦ વર્ષ | ૨૦ વર્ષ | ૭ હાથ | ૨ હાથ |
| ૬. | ૨૦ વર્ષ | ૧૫ વર્ષ | ૨ હાથ | ૧ હાથ |

## મનુષ્યનો આહાર

| કાળ | આહાર | |
|---|---|---|
| ૧. | ચોથા દિવસે બોર જેટલો | ત્રીજા કાળ સુધી ભરત–ઐરાવત ક્ષેત્રમાં ભોગભૂમિ હોય છે. |
| ૨. | એકાંતરા બેડા (ફળ) જેટલો | |
| ૩. | એકાંતરા આમળા જેટલો | |
| ૪. | રોજ એક વાર | |
| ૫. | ઘણીવાર | |

૬. અતિ પ્રચુર વૃત્તિ, મનુષ્ય નગ્ન, માછલાં વગેરેનો આહાર, મુનિ–શ્રાવકનો અભાવ, ધર્મનો નાશ. ૨૭.

## અન્ય ભૂમિઓની કાળઅવસ્થા

**ताभ्यामपरा भूमयोऽवस्थिताः ॥२८॥**

**અર્થ** :—ભરત અને ઐરાવત સિવાયના બીજાં ક્ષેત્રો એક જ અવસ્થામાં રહે છે– તેમાં કાળનું પરિવર્તન હોતું નથી. ૨૮.

## હેમવતક વગેરે ક્ષેત્રોમાં આયુષ્ય

## एकद्वित्रिपल्योपमस्थितयो हैमवतकहारिवर्षकदेवकुरवकाः ।।२९।।

**અર્થ** :–હેમવતક, હારિવર્ષક અને વિદેહક્ષેત્રમાં આવેલ દેવકુરુના મનુષ્યો, તિર્યંચો ક્રમથી એક પલ્ય, બે પલ્ય અને ત્રણ પલ્યના આયુષ્યવાળા હોય છે.

### ટીકા

એ ત્રણ ક્ષેત્રોના મનુષ્યોની ઊંચાઈ અનુક્રમે એક, બે અને ત્રણ કોસની હોય છે. રંગ નીલ, શુક્લ અને પીત હોય છે. ૨૯.

## હૈરણ્યવતકાદિ ક્ષેત્રોમાં આયુષ્ય

## तथोत्तराः ।।३०।।

**અર્થ** :–ઉત્તરનાં ક્ષેત્રોમાં વસતાં મનુષ્યો હૈમવતકાદિના મનુષ્યોની સમાન આયુષ્યવાળા હોય છે.

### ટીકા

(૧) હૈરણ્યવતક ક્ષેત્રની રચના હૈમવતકની સમાન, રમ્યક્ ક્ષેત્રની રચના હરિક્ષેત્રની સમાન અને વિદેહક્ષેત્રમાં આવેલ ઉત્તરકુરુની રચના દેવકુરુ સમાન છે.

(૨) ભોગભૂમિ—એવી રીતે ઉત્તમ, મધ્યમ અને જઘન્યરૂપ ત્રણ ભોગભૂમિનાં બબ્બે ક્ષેત્રો છે. જંબૂદ્વીપમાં છ ભોગભૂમિઓ અને અઢીદ્વીપમાં કુલ ત્રીસ ભોગભૂમિઓ છે. જેમાં સર્વ પ્રકારની સામગ્રી કલ્પવૃક્ષોમાંથી પ્રાપ્ત થાય છે, તેને ભોગભૂમિ કહેવાય છે. ૩૦.

## વિદેહક્ષેત્રમાં આયુષ્ય

## विदेहेषु संख्येयकालाः ।।३१।।

**અર્થ** :–વિદેહક્ષેત્રમાં મનુષ્યો અને તિર્યંચોનું આયુષ્ય અસંખ્યાત વર્ષનું હોય છે.

### ટીકા

વિદેહક્ષેત્રમાં ઊંચાઈ પાંચસો ધનુષ્ય અને આયુષ્ય એક કરોડ પૂર્વનું હોય છે. ૩૧.

## ભરતક્ષેત્રનો બીજી રીતે વિસ્તાર

## भरतस्य विष्कंभो जम्बूद्वीपस्य नवतिशतभागः ॥३२॥

**અર્થ** :–ભરતક્ષેત્રનો વિસ્તાર જંબૂદ્વીપના એકસો નેવુંમા ભાગ જેટલો છે.

### ટીકા

૨૪મા સૂત્રમાં ભરતક્ષેત્રનો વિસ્તાર બતાવ્યો છે, તેમાં અને આમાં કાંઈ ફેર નથી, માત્ર કથનનો પ્રકાર જુદો છે. જો એક લાખના એકસો નેવું હિસ્સા કરીએ તો દરેક હિસ્સાનું પ્રમાણ ૫૨૬ ૬/૧૯ યોજન થાય છે. [જુઓ, સૂત્ર ૯] ૩૨.

## ધાતકીખંડનું વર્ણન

## द्विर्धातकीखण्डे ॥३३॥

**અર્થ** :–ધાતકીખંડ નામના બીજા દ્વીપમાં ક્ષેત્ર, કુલાચલ, મેરુ, નદી વગેરે બધા પદાર્થોની રચના જંબૂદ્વીપથી બમણી બમણી છે.

### ટીકા

ધાતકીખંડ લવણ સમુદ્રને ઘેરે છે અર્થાત લવણ સમુદ્રને ફરતો છે. તેનો વિસ્તાર ચાર લાખ યોજન છે. તેના ઉત્તરકુરુ પ્રાંતમાં ધાતકી (આંબળા)નાં વૃક્ષો છે, તેથી તેને ધાતકીખંડ કહેવાય છે. ૩૩.

## પુષ્કરાર્દ્ધદ્વીપનું વર્ણન

## पुष्करार्द्धे च ॥३४॥

**અર્થ** :–પુષ્કરાર્દ્ધ દ્વીપમાં પણ બધી રચના જંબૂદ્વીપથી બમણી બમણી છે.

### ટીકા

પુષ્કરદ્વીપનો વિસ્તાર ૧૬ લાખ યોજન છે, તેની વચમાં ચૂડીના આકારે માનુષોત્તર પર્વત પડેલો છે, જેથી તે દ્વીપના બે હિસ્સા થઈ જાય છે. પૂર્વાર્ધમાં બધી રચના ધાતકીખંડ સમાન છે અને જંબૂદ્વીપથી બમણી છે. આ દ્વીપના ઉત્તરકુરુ પ્રાંતમાં એક પુષ્કર (કમળ) છે, તેથી તેને પુષ્કરદ્વીપ કહેવાય છે. ૩૪.

## મનુષ્ય ક્ષેત્ર

## प्राङ्मानुषोत्तरान्मनुष्याः ॥३५॥

**અર્થ** :–માનુષોત્તર પર્વત સુધી એટલે કે અઢીદ્વીપમાં જ મનુષ્યો હોય છે–માનુષોત્તર પર્વતથી આગળ ઋદ્ધિધારી મુનીશ્વર કે વિદ્યાધરો પણ જઈ શકતાં નથી.

### ટીકા

(૧) જંબૂદ્વીપ, લવણ સમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ અને પુષ્કરાર્દ્ધ–એ ક્ષેત્ર અઢીદ્વીપ છે, તેનો વિસ્તાર ૪૫ લાખ યોજન છે.

(૨) કેવળ સમુદ્દ્ઘાત અને મારણાંતિક સમુદ્દ્ઘાતના પ્રસંગ સિવાય મનુષ્યના આત્મપ્રદેશો અઢી દ્વીપ બહાર જઈ શકે નહિ.

(૩) આગળ ચાલતાં આઠમો નંદીશ્વરદ્વીપ છે, તેમાં ચાર દિશામાં ચાર અંજનગિરિ પર્વત, સોળ દધિમુખ પર્વત અને બત્રીસ રતિકર પર્વત છે. તે ઉપર મધ્યભાગમાં જિનમંદિરો છે. નંદીશ્વરદ્વીપમાં એવા બાવન જિનમંદિરો છે. બારમો કુંડલવરદ્વીપ છે. તેમાં ચાર દિશાનાં મળીને ચાર જિનમંદિરો છે. તેરમો રુચકવર નામનો દ્વીપ છે. તેની વચમાં રુચક નામનો પર્વત છે, તે પર્વત ઉપર ચારે દિશામાં થઈને ચાર જિનમંદિરો છે; ત્યાં દેવો જિનપૂજન માટે જાય છે; એ પર્વત ઉપર અનેક કૂટ છે. તેમાં અનેક દેવીના નિવાસ છે; તે દેવીઓ તીર્થંકરપ્રભુના ગર્ભ અને જન્મકલ્યાણકમાં પ્રભુના માતાની અનેક પ્રકારે સેવા કરે છે. ૩૫.

## મનુષ્યોના ભેદ

## आर्या मलेच्छाश्च ॥३६॥

**અર્થ** :–આર્ય અને મ્લેચ્છ એવા ભેદથી મનુષ્યો બે પ્રકારના છે.

### ટીકા

(૧) **આર્યના બે પ્રકાર છે**—ઋદ્ધિપ્રાપ્તઆર્ય અને અનૃદ્ધિપ્રાપ્તઆર્ય.

**ઋદ્ધિપ્રાપ્તઆર્ય** = જે આર્યજીવોને વિશેષ શક્તિ પ્રાપ્ત હોય તે.

**અનૃદ્ધિપ્રાપ્તઆર્ય** = જે આર્યજીવોને વિશેષ શક્તિ પ્રાપ્ત ન હોય તે.

### ઋદ્ધિપ્રાપ્તઆર્ય

(૨) **ઋદ્ધિપ્રાપ્તઆર્યના આઠ પ્રકાર છે**—૧–બુદ્ધિ, ૨–ક્રિયા, ૩–વિક્રિયા, ૪–તપ, ૫–બળ, ૬–ઔષધ, ૭–રસ અને ૮–ક્ષેત્ર. આ આઠ ઋદ્ધિઓનું સ્વરૂપ કહેવાય છે.

(૩) **બુદ્ધિઋદ્ધિ**—બુદ્ધિૠદ્ધિના અઢાર પ્રકાર છે—૧–કેવળજ્ઞાન, ૨–અવધિજ્ઞાન, ૩–મનઃપર્યયજ્ઞાન, ૪–બીજબુદ્ધિ, ૫–કોષ્ટબુદ્ધિ, ૬–પાદાનુસારિણી, ૭–સંભિન્નશ્રોતૃત્વ, ૮–દૂરાસ્વાદનસમર્થતા, ૯–દૂરદર્શનસમર્થતા, ૧૦–દૂરદર્શનસ્પર્શનસમર્થતા, ૧૧–દૂરઘ્રાણસમર્થતા, ૧૨–દૂરશ્રોતૃસમર્થતા, ૧૩–દશપૂર્વિત્વ, ૧૪–ચતુર્દશપૂર્વિત્વ, ૧૫–અષ્ટાંગનિમિત્તતા, ૧૬–પ્રજ્ઞાશ્રમણત્વ, ૧૭–પ્રત્યેકબુદ્ધતા અને ૧૮–વાદિત્વ. તેમનું સ્વરૂપ નીચે મુજબ છે :—

**૧–૩ કેવળજ્ઞાન–અવધિજ્ઞાન–મનઃપર્યયજ્ઞાન**—આ ત્રણેનું સ્વરૂપ અધ્યાય ૧, સૂત્ર ૨૧ થી ૨૫ તથા ૨૭ થી ૩૦ સુધીમાં આવી ગયું છે.

૪. **બીજબુદ્ધિ**—એક બીજપદને (મૂળપદને) ગ્રહણ કરવાથી અનેક પદ અને અનેક અર્થનું જાણવું, તે બીજબુદ્ધિ છે.

૫. **કોષ્ટબુદ્ધિ**—જેમ કોઠારમાં નાખેલ ધાન્ય, બીજ વગેરે ઘણા કાળ સુધી જેમનાં તેમ રહે, વધે–ઘટે નહિ, પરસ્પર મળે નહિ તેમ પરના ઉપદેશથી ગ્રહણ કરેલ ઘણા શબ્દો, અર્થ, બીજ જે બુદ્ધિમાં જેમ ને તેમ રહે—એક અક્ષર તથા અર્થ ઘટે-વધે નહિ, આગળ–પાછળ અક્ષર થાય નહિ, તે કોષ્ટબુદ્ધિ છે.

૬. **પાદાનુસારિણીબુદ્ધિ**—ગ્રંથની શરૂઆત, મધ્ય અગર અંતનું એક પદનું શ્રવણ કરી સમસ્ત ગ્રંથ તથા તેના અર્થનો નિશ્ચય કરવો, તે પાદાનુસારિણીબુદ્ધિ છે.

૭. **સંભિન્નશ્રોતૃત્વબુદ્ધિ**—ચક્રવર્તીની છાવણી બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી પડી હોય છે, તેમાં હાથી, ઘોડા, ઊંટ, મનુષ્યાદિના જુદાજુદા પ્રકારના અક્ષર-અનક્ષરાત્મક શબ્દો એક વખતે યુગપત્ ઊપજે છે; તેને તપવિશેષના કારણે (આત્માના બધા પ્રદેશોએ શ્રોત્રેન્દ્રિયાવરણકર્મનો ક્ષયોપશમ થતાં) એક કાળે જુદાજુદા શ્રવણ કરે (સાંભળે), તે સંભિન્નશ્રોતૃત્વબુદ્ધિ છે.

૮. **દૂરાસ્વાદનસમર્થતાબુદ્ધિ**—તપવિશેષના કારણે (પ્રગટ થતાં અસાધારણ રસનેન્દ્રિય શ્રુતજ્ઞાનાવરણ, વીર્યાંતરાયના ક્ષયોપશમ અને અંગોપાંગનામકર્મના ઉદયથી) મુનિને રસનો જે વિષય નવ યોજન પ્રમાણ હોય, તેના રસાસ્વાદનું (રસને જાણવાનું) સામર્થ્ય હોય, તે દૂરાસ્વાદનસમર્થતાબુદ્ધિ છે.

૯–**૧૨. દૂરદર્શન—સ્પર્શન—ઘ્રાણ—શ્રોતૃસમર્થતાબુદ્ધિ** :— ઉપર મુજબ ચક્ષુરિન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયના વિષયના ક્ષેત્રથી બહાર ઘણાં ક્ષેત્રનાં રૂપ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણવાનું સામર્થ્ય હોવું તે. તે તે નામની ચાર પ્રકારની બુદ્ધિ છે.

**૧૩. દશપૂર્વિત્વબુદ્ધિ**—મહારોહિણી વગેરે વિદ્યાદેવતા ત્રણ વાર આવે અને દરેક

પોતપોતાનું સ્વરૂપ-સામર્થ્ય પ્રગટ કરે એવી વેગવાન વિદ્યાદેવતાના લોભાદિથી જેનું ચારિત્ર ચલાયમાન ન થાય, તે દશપૂર્વિત્વબુદ્ધિ છે.

૧૪. **ચતુર્દશપૂર્વિત્વબુદ્ધિ**—સંપૂર્ણ શ્રુતકેવળીપણું હોવું, તે ચતુર્દશપૂર્વિત્વબુદ્ધિ છે.

૧૫. **અષ્ટાંગનિમિત્તતાબુદ્ધિ**—અંતરિક્ષ, ભોમ, અંગ, સ્વર, વ્યંજન, લક્ષણ, છિન્ન અને સ્વપ્ન એ આઠ પ્રકારનું નિમિત્તજ્ઞાન છે, તેનું સ્વરૂપ નીચે મુજબ છે.

સૂર્ય ચંદ્ર નક્ષત્રના ઉદય–અસ્તાદિક દેખી અતીત–અનાગત ફળનું જાણવું, તે અંતરિક્ષનિમિત્તજ્ઞાન છે–૧. પૃથ્વીની કઠોરતા, કોમળતા, ચીકાસ કે લૂખાશ દેખી, વિચાર કરી અગર પૂર્વાદિક દિશામાં સૂત્ર પડતાં દેખી હાનિ–વૃદ્ધિ, જય–પરાજય વગેરે જાણવું તથા ભૂમિમાં રહેલાં સુવર્ણ, રૂપું વગેરેનું પ્રગટ જાણવું; તે ભોમનિમિત્તજ્ઞાન છે–૨. અંગ-ઉપાંગાદિના દર્શન –સ્પર્શનાદિથી ત્રિકાળભાવી સુખ-દુઃખાદિ જાણવું, તે અંગનિમિત્તજ્ઞાન છે–૩. અક્ષર–અનક્ષરરૂપ તથા શુભ–અશુભને સાંભળી ઈષ્ટાનિષ્ટ ફળનું જાણવું, તે સ્વરનિમિત્તજ્ઞાન છે–૪. મસ્તક, મુખ, ડોક વગેરે ઠેકાણે તલ, મુસલ, લાખ ઈત્યાદિ લક્ષણ દેખીને ત્રિકાળ સંબંધી હિત-અહિતનું જાણવું, તે વ્યંજન નિમિત્તજ્ઞાન છે–૫. શરીર ઉપર શ્રીવૃક્ષ, સ્વસ્તિક, કળશ વગેરે ચિહ્ન દેખીને ત્રિકાળ સંબંધી પુરુષનાં સ્થાન, માન, ઐશ્વર્યાદિક વિષયોનું જાણવું, તે લક્ષણનિમિત્તજ્ઞાન છે–૬. વસ્ત્ર–શસ્ત્ર–આસન–શયનાદિકથી, દેવ–મનુષ્ય–રાક્ષસાદિથી તથા શસ્ત્ર–કંટકાદિથી છેદાય તેને દેખીને ત્રિકાળસંબંધી લાભ–અલાભ, સુખ–દુઃખનું જાણવું; તે છિન્નનિમિત્તજ્ઞાન છે–૭. વાત, પિત્ત, શ્લેષ્મ રહિત પુરુષને મુખમાં પાછલી રાત્રે ચંદ્રમા, સૂર્ય, પૃથ્વી, પર્વત કે સમુદ્રનું પ્રવેશાદિ થવું–એવું સ્વપ્ન તે શુભસ્વપ્ન છે, ઘી–તેલથી પોતાનો દેહ લેપાયેલો અને ગધેડા–ઊંટ ઉપર ચઢી દક્ષિણ દિશામાં ગમન ઈત્યાદિ કરે–એવું સ્વપ્ન તે અશુભસ્વપ્ન છે, તેના દર્શનથી આગામી કાળમાં જીવન–મરણ, સુખ–દુઃખાદિનું જ્ઞાન થવું, તે સ્વપ્નનિમિત્તજ્ઞાન છે. આ આઠ પ્રકારના નિમિત-જ્ઞાનના જે જ્ઞાતા હોય, તેને અષ્ટાંગનિમિત્તબુદ્ધિઋદ્ધિ છે.

૧૬. **પ્રજ્ઞાશ્રમણત્વબુદ્ધિ**—કોઈ અતિ સૂક્ષ્મ અર્થના સ્વરૂપનો વિચાર જેવો હોય તેવો ચૌદ પૂર્વધર જ નિરૂપણ કરી શકે, અન્ય ન કરી શકે; એવા સૂક્ષ્મ અર્થને જે સંદેહ રહિત નિરૂપણ કરે એવી પ્રકૃષ્ટ શ્રુતજ્ઞાનાવરણ અને વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રગટ થયેલી પ્રજ્ઞાશક્તિ, તે પ્રજ્ઞાશ્રમણત્વબુદ્ધિ છે.

૧૭. **પ્રત્યેકબુદ્ધતાબુદ્ધિ**—પરના ઉપદેશ વિના જે પોતાની શક્તિવિશેષથી જ્ઞાન –સંયમના વિધાનમાં નિપુણ હોય, તે પ્રત્યેકબુદ્ધતાબુદ્ધિ છે.

૧૮. **વાદિત્વબુદ્ધિ**—ઈંદ્ર વગેરે આવીને વાદ કરે તેને નિરુત્તર કરી દે, પોતે રોકાય નહિ અને સામા વાદીના છિદ્રને જાણી લે, એવી શક્તિ તે વાદિત્વબુદ્ધિ છે.

એ પ્રમાણે આઠ ઋદ્ધિઓમાંથી પહેલી બુદ્ધિઋદ્ધિના અઢાર પ્રકાર છે. આ બુદ્ધિઋદ્ધિ સમ્યગ્જ્ઞાનનો મહાન મહિમા જણાવે છે.

**(૫) બીજી ક્રિયાઋદ્ધિનું સ્વરૂપ**

ક્રિયાઋદ્ધિ બે પ્રકારની છે–૧ આકાશગામિત્વ અને ૨. ચારણ.

૧. ચારણઋદ્ધિ અનેક પ્રકારની છે. જળ ઉપર પગ મૂકતાં ઉપાડતાં જળકાયિક જીવોને બાધા ન ઊપજે, તે **જલચારણઋદ્ધિ** છે. ભૂમિથી ચાર આંગળ ઊંચા આકાશમાં શીઘ્રતાથી સેંકડો યોજન ગમન કરવામાં સમર્થતા, તે **જંઘાચારણઋદ્ધિ** છે. તેમ જ **તંતુચારણ, પુષ્પચારણ, પત્રચારણ, શ્રેણીચારણ, અગ્નિશિખાચારણ,** ઈત્યાદિ ચારણઋદ્ધિ છે. પુષ્પ, ફળ વગેરે ઉપર ગમન કરવાથી તે પુષ્પ, ફળ વગેરેના જીવોને બાધા ન થાય, તે સમસ્ત ચારણઋદ્ધિ છે.

**૨. આકાશગામિત્વવિક્રિયાઋદ્ધિ**–પર્યંકઆસને બેસી વા કાયોત્સર્ગ આસન કરી, પગને ઉપાડ્યા–મેલ્યા વગર આકાશમાં ગમન કરવામાં કુશળ હોય, તે આકાશગામિત્વ-ક્રિયાઋદ્ધિના ધારક છે.

**(૬) ત્રીજી વિક્રિયાઋદ્ધિનું સ્વરૂપ**

વિક્રિયાઋદ્ધિના અનેક પ્રકારો છે. ૧–અણિમા, ૨–મહિમા, ૩–લઘિમા, ૪–ગરિમા, ૫–પ્રાપ્તિ, ૬–પ્રાકામ્ય, ૭–ઈશિત્વ, ૮–વશિત્વ, ૯–અપ્રતિઘાત, ૧૦–અંતર્ધાન, ૧૧–કામરૂપિત્વ વગેરે અનેક છે. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

અણુમાત્ર શરીર કરવાનું સામર્થ્ય તે અણિમાઋદ્ધિ છે, તે કમળના છિદ્રમાં પ્રવેશ કરી ત્યાં બેસી ચક્રવર્તીની વિભૂતિ રચે–૧. મેરુથી પણ મહાન શરીર કરવાનું સામર્થ્ય, તે મહિમાઋદ્ધિ–૨. પવનથી પણ હલકું શરીર કરવાનું સામર્થ્ય તે લઘિમાઋદ્ધિ–૩. વજ્રથી પણ અતિ ભારે શરીર કરવાનું સામર્થ્ય, તે ગરિમાઋદ્ધિ–૪. ભૂમિમાં બેસી આંગળીને અગ્ર કરી મેરુપર્વતના શિખર તથા સૂર્ય-વિમાનાદિને સ્પર્શન કરવાનું સામર્થ્ય, તે પ્રાપ્તિઋદ્ધિ–૫. જળમાં જમીનને ઉન્મજ્જન (ઉપર લાવવી) તેમ જ નિમજ્જન (બુડાડવી) એવું સામર્થ્ય, તે પ્રાકમ્યઋદ્ધિ–૬. ત્રિલોકનું પ્રભુપણું રચવાનું સામર્થ્ય, તે ઈશિત્વઋદ્ધિ–૭. દેવ, દાનવ, મનુષ્ય વગેરેને વશીકરણ કરવાનું સામર્થ્ય, તે વશિત્વઋદ્ધિ–૮. પર્વતાદિકની અંદર આકાશની જેમ ગમન–આગમનનું સામર્થ્ય, તે અપ્રતિઘાતઋદ્ધિ–૯. અદ્રશ્ય હોવાનું સામર્થ્ય, તે અંતર્ધાનઋદ્ધિ–૧૦. યુગપત્ અનેક આકારરૂપ શરીર કરવાનું સામર્થ્ય, તે કામરૂપિત્વઋદ્ધિ–૧૧. આ વગેરે અનેક પ્રકારની વિક્રિયાઋદ્ધિ છે.

**નોંધ** :—અહીં નિમિત્ત–નૈમિત્તિકસંબંધ સમજાવ્યો છે, પરંતુ જીવ શરીરનું કે બીજા કોઈ દ્રવ્યનું કાંઈ કરે છે, એમ ન સમજવું. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકે નહિ. શરીરાદિ પરદ્રવ્યની જ્યારે તેવા પ્રકારની અવસ્થા થવા લાયક હોય ત્યારે જીવના ભાવ તેને અનુકૂળ જીવના કારણે હોય–એટલો નિમિત્ત–નૈમિત્તિકસંબંધ અહીં બતાવ્યો છે–એમ સમજવું.

## (૭) ચોથી તપઋદ્ધિ

તપઋદ્ધિ સાત પ્રકારની છે–૧. ઉગ્રતપ, ૨. દીપ્તિતપ, ૩. નિહારતપ, ૪. મહાનતપ, ૫. ઘોરતપ, ૮. ઘોરપરાક્રમતપ અને ૭. ઘોર બ્રહ્મચર્યતપ. તેનું સ્વરૂપ નીચે મુજબ છે—

એક ઉપવાસ, બે–ત્રણ–ચાર–પાંચ વગેરે ઉપવાસ નિમિત્તે કોઈ યોગનો આરંભ થયો તો મરણપર્યંત તે ઉપવાસથી ઓછા દિવસે પારણું ન કરે, કોઈ કારણથી અધિક ઉપવાસ થઈ જાય તો મરણપર્યંત તેનાથી ઓછા ઉપવાસ કરી પારણું ન કરે–આવું સામર્થ્ય પ્રગટ હોવું, તે ઉગ્રતપઋદ્ધિ–૧. મહાન ઉપવાસાદિક કરતાં મન-વચન-કાયનું બળ વધતું જ રહે, મુખ દુર્ગંધરહિત રહે, કમળાદિકની સુગંધ જેવો શ્વાસ નીકળે અને શરીરની મહાન દીપ્તિ પ્રગટ થાય, તે દીપ્તિતપઋદ્ધિ–૨. તપેલી લોઢાની કડાઈમાં પડતાં પાણીનાં ટીપાં જેમ સુકાઈ જાય તેમ આહાર પચી જાય, સુકાઈ જાય અને મળ, રુધિરાદિરૂપ ન પરિણમે, તેથી નિહાર ન થાય, આવું હોવું તે નિહારતપઋદ્ધિ–૩. સિંહક્રીડિતાદિ મહાન તપ કરવામાં તત્પર હોવું, તે મહાનતપઋદ્ધિ ૪. વાત, પિત્ત, શ્લેષ્મ વગેરેથી ઊપજેલ જ્વર, ઉધરસ, શ્વાસ, શૂળ, કોઢ, પ્રમેહાદિક અનેક પ્રકારના રોગવાળું શરીર હોવા છતાં પણ અનશન, કાયક્લેશાદિ છૂટે નહિ અને ભયાનક સ્મશાન, પર્વતનું શિખર, ગુફા, ખંડિયેર, ઉજ્જડ ગામ વગેરેમાં દુષ્ટ રાક્ષસ, પિશાચાદિ પ્રવર્તે અને માઠા વિકાર ધારણ કરે તથા શિયાળનાં કઠોર રુદન, સિંહ–વાઘ વગેરે દુષ્ટ જીવોના ભયાનક શબ્દ જ્યાં નિરંતર પ્રવર્તે એવા ભયંકર સ્થાનમાં પણ નિર્ભય થઈ વસે, તે ઘોરતપઋદ્ધિ–૫. પૂર્વે કહ્યું તેવું રોગસહિત શરીર હોવા છતાં અતિ ભયંકર સ્થાનમાં વસીને યોગ (સ્વરૂપની એકાગ્રતા) વધારવાની તત્પરતા હોવી, તે ઘોરપરાક્રમતપઋદ્ધિ–૬. ઘણા કાળથી બ્રહ્મચર્યના ધારક મુનિને અતિશય ચારિત્રના જોરથી (મોહનીયકર્મનો ક્ષયોપશમ થતાં) ખોટાં સ્વપ્નાંઓનો નાશ થવો, તે ઘોરબ્રહ્મચર્યતપઋદ્ધિ છે–૭. આ પ્રમાણે સાત પ્રકારની તપઋદ્ધિ છે.

**નોંધ** :–સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક ચારિત્રધારી જીવનો કેવો ઉગ્ર પુરુષાર્થ હોય છે, તે અહીં બતાવ્યું છે. તપઋદ્ધિના પાંચમા અને છઠ્ઠા ભેદોમાં અનેક પ્રકારના રોગવાળું શરીર કહ્યું છે, તે ઉપરથી એમ સિદ્ધિ થાય છે, કે—શરીર પરવસ્તુ છે, તે ગમે તેટલું ખરાબ હોય તોપણ આત્માને સત્ય પુરુષાર્થ કરવામાં તે બાધક થતું નથી. 'શરીર સારું હોય અને બહારની સગવડતા હોય તો ધર્મ થઈ શકે' એ માન્યતા ખોટી છે, એમ સિદ્ધ થાય છે.

## (૮) પાંચમી બળઋદ્ધિનું સ્વરૂપ

બળઋદ્ધિના ત્રણ પ્રકાર છે–૧. મનોબળઋદ્ધિ, ૨. વચનબળઋદ્ધિ અને ૩. કાયબળઋદ્ધિ. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે–પ્રકર્ષ પુરુષાર્થથી મનઃશ્રુતજ્ઞાનાવરણ અને વીર્યાંતરાયનો ક્ષયોપશમ થતાં અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ શ્રુત અર્થના ચિંતવનનું સામર્થ્ય, તે મનોબળઋદ્ધિ–૧. અતિશય પુરુષાર્થથી મન–ઈન્દ્રિયશ્રુતાવરણ તથા જિહ્વાશ્રુતજ્ઞાનાવરણ અને વીર્યાંતરાયનો ક્ષયોપશમ થતાં અંતર્મુહૂર્તમાં સકળશ્રુતનું ઉચ્ચારણ કરવાનું સામર્થ્ય હોવું તથા નિરંતર ઉચ્ચસ્વરથી બોલતાં ખેદ ઊપજે નહિ, કંઠ કે સ્વરભંગ થાય નહિ, તે વચનબળઋદ્ધિ –૨. વીર્યાંતરાયના ક્ષયોપશમથી અસાધારણ કાયબળ પ્રગટે અને એક માસ, ચાર માસ કે બાર માસ પ્રતિમાયોગ ધારણ કરતાં ખેદરૂપ ન થાય તે કાયબળઋદ્ધિ–૩.

## (૯) છઠ્ઠી ઔષધઋદ્ધિનું સ્વરૂપ

ઓષધ ઋદ્ધિ આઠ પ્રકારની છે : ૧–આમર્ષ, ૨–ક્ષ્વેલ, ૩–જળ, ૪–મળ, ૫–વિટ, ૬–સર્વ, ૭–આસ્યાવિષ અને ૮–દ્રષ્ટિવિષ. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

અસાધ્ય રોગ હોય તોપણ જેના હાથ–ચરણાદિઓ સ્પર્શ થતાં જ સર્વ રોગ જાય, તે આમર્ષઔષધિઋદ્ધિ–૧. જેનાં થૂંક, લાળ, કફાદિનો સ્પર્શ થતાં જ રોગ મટી જાય, તે ક્ષ્વેલઔષધઋદ્ધિ–૨. જેના દેહના પરસેવાનો સ્પર્શ થતાં જ રોગ મટી જાય, તે જળઔષધઋદ્ધિ છે–૩. જેનાં કાન, દાંત, નાક અને નેત્રનો મળ જ સર્વરોગનું નિરાકરણ કરવામાં સમર્થ હોય, તે મળઔષધઋદ્ધિ–૪. જેનો વીટ–ઝાડો તથા મૂત્ર જ ઔષધરૂપ હોય, તે વીટઔષધઋદ્ધિ–૫. જેના અંગ–ઉપાંગ, નખ, દાંત, કેશાદિનો સ્પર્શ થતાં જ સમસ્ત રોગને હરે તે સર્વોષધઋદ્ધિ–૬. તીવ્ર ઝેરમાં મળેલો આહાર પણ જેના મુખમાં જતાં ઝેર રહિત થઈ જાય તથા વિષથી વ્યાપ્ત જીવનું ઝેર જેના વચનથી ઉતરી જાય, તે આસ્યવિષઔષધઋદ્ધિ–૭. જેને દેખવાથી મહાન વિષધારી જીવનું વિષ જતું રહે તથા કોઈને ઝેર ચડ્યું હોય તો તે ઊતરી જાય–એવી ઋદ્ધિ, તે દ્રષ્ટિવિષઋદ્ધિ છે–૮. આ પ્રમાણે આઠ પ્રકારની ઔષધઋદ્ધિ છે.

## (૧૦) સાતમી રસઋદ્ધિનું સ્વરૂપ

રસઋદ્ધિના છ પ્રકાર છે–૧–આસ્યવિષ, ૨–દ્રષ્ટિવિષ, ૩–ક્ષીર, ૪–મધુસ્રાવી, ૫–ધૃતસ્રાવી અને ૬–અમૃતસ્રાવી. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

પ્રકૃષ્ટ તપવાળા યોગી કદાચિત્ ક્રોધી થઈ કહે તે 'તું મરી જા,' તો તત્કાળ વિષ ચડીને મરી જાય, તે આસ્યવિષરસઋદ્ધિ–૧. કદાચિત્ ક્રોધરૂપી દ્રષ્ટિ દેખી મરી જાય તે દ્રષ્ટિવિષરસઋદ્ધિ–૨. વીતરાગી મુનિને એવું સામર્થ્ય હોય કે તેઓ ક્રોધાદિકને પ્રાપ્ત ન થાય અને તેમના હાથમાં આવેલ વિરસભોજન ક્ષીરરસરૂપે થઈ જાય તથા જેનું વચન દુર્બલને ક્ષીરની

જેમ પુષ્ટ કરે, તે ક્ષીરરસઋદ્ધિ–૩. ઉપરના પ્રસંગમાં તે ભોજન મિષ્ટરસરૂપે પરિણમી જાય, તે મધુસ્રાવીરસઋદ્ધિ–૪. તેમ જ તે ભોજનઘૃતરસરૂપે પરિણમી જાય, તે ઋદ્ધિ ઘૃતસ્રાવીરસઋદ્ધિ–૫. તેમ જ તે ભોજન અમૃતરસરૂપે પરિણમી જાય, તે અમૃતસ્રાવીરસઋદ્ધિ–૬. આ પ્રમાણે છ પ્રકારની રસઋદ્ધિ છે.

## (૧૧) આઠમી ક્ષેત્રઋદ્ધિનું સ્વરૂપ

ક્ષેત્રઋદ્ધિ બે પ્રકારની છે—૧. અક્ષીણમહાન અને ૨. અક્ષીણમહાલય. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :—

લાભાંતરાયના પ્રકૃષ્ટ ક્ષયોપશમથી અતિ સંયમવાન મુનિને જે ભોજનમાંથી ભોજન આપે તે ભોજનમાંથી ચક્રવર્તીનું સમસ્ત સૈન્ય ભોજન કરે, તોપણ તે દિવસે ભોજનસામગ્રી ન ઘટે, તે અક્ષીણમહાનક્ષેત્રઋદ્ધિ–૧. ઋદ્ધિસહિત મુનિ જે સ્થાનમાં બેસે ત્યાં દેવ, રાજા, મનુષ્યાદિક ઘણા આવીને બેસે તોપણ ક્ષેત્ર સાંકડું ન પડે, પરસ્પર બાધા ન થાય; તે અક્ષીણમહાલયક્ષેત્રઋદ્ધિ છે. આ પ્રમાણે બે પ્રકારની ક્ષેત્રઋદ્ધિ છે.

આ રીતે, પહેલાં આર્ય અને મ્લેચ્છ એવા મનુષ્યના બે ભેદ પાડ્યા હતા, તેમાંથી આર્યના ઋદ્ધિપ્રાપ્ત અને અનૃદ્ધિપ્રાપ્ત એવા બે ભેદ પાડ્યા હતા. તેમાંથી ઋદ્ધિપ્રાપ્ત આર્યોની ઋદ્ધિના ભેદોનું સ્વરૂપ કહ્યું; હવે અનૃદ્ધિપ્રાપ્ત આર્યોના ભેદ કહેવામાં આવે છે.

## (૧૨) અનૃદ્ધિપ્રાપ્ત આર્ય

અનૃદ્ધિપ્રાપ્ત આર્યના પાંચ પ્રકાર છે—૧. ક્ષેત્રઆર્ય, ૨. જાતિઆર્ય, ૩. કર્મઆર્ય, ૪. ચારિત્રઆર્ય અને ૫. દર્શનઆર્ય. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

**૧. ક્ષેત્રઆર્ય** :–જે મનુષ્યો આર્યદેશમાં જન્મે, તે ક્ષેત્રઆર્ય છે.

**૨. જાતિઆર્ય** :–જે મનુષ્યો ઈક્ષ્વાકુવંશ, ભોજવંશાદિકમાં જન્મે, તે જાતિઆર્ય છે.

**૩. કર્મઆર્ય** :–તેના ત્રણ પ્રકાર છે–સાવદ્યકર્મઆર્ય, અલ્પસાવદ્યકર્મઆર્ય અને અસાવદ્યકર્મઆર્ય. તેમાંથી સાવદ્યકર્મઆર્યના છ પ્રકાર છે—અસિ, મસિ, કૃષિ, વિદ્યા, શિલ્પ અને વાણિજ્ય.

જે તલવાર વગેરે આયુધ ધારણ કરી આજીવિકા કરે, તે અસિકર્મઆર્ય. જે દ્રવ્યની આવક તથા ખર્ચ લખવામાં નિપુણ હોય, તે મસિકર્મઆર્ય. જે હળ, દાંતલા વગેરે ખેતીનાં સાધનો વડે ખેતી કરી આજીવિકામાં પ્રવીણ હોય, તે કૃષિકર્મઆર્ય. આલેખ્ય, ગણિતાદિ બોંતેર કળામાં પ્રવીણ હોય, તે વિદ્યાકર્મઆર્ય. ધોબી, હજામ, કુંભાર, લુહાર, સોની વગેરે કાર્યમાં

પ્રવીણ હોય, તે શિલ્પકર્મઆર્ય છે. ચંદનાદિ ગંધ, ઘી વગેરે રસ, ધાન્ય, કપાસ, વસ્ત્ર, મોતી– માણેક વગેરે અનેક પ્રકારની વસ્તુઓનો સંગ્રહ કરી વેપાર કરે, તે વાણિજ્યકર્મઆર્ય.

આ છએ પ્રકારનાં કર્મ જીવને અવિરતદશામાં (પહેલેથી ચોથા ગુણસ્થાન સુધી) હોય છે, તેથી તે સાવદ્યકર્મઆર્ય છે.

વિરતાવિરત પરિણત જે શ્રાવક (પાંચમા ગુણસ્થાનવર્તી) તે અલ્પસાવદ્યકર્મઆર્ય છે.

જે સકલસંયમી સાધુ તે અસાવદ્યકર્મઆર્ય છે.

(અસાવદ્યકર્મઆર્ય અને ચારિત્રઆર્ય વચ્ચે શું ભેદ છે, તે બતાવવામાં આવશે.)

૪. **ચારિત્રઆર્ય**—તેના બે પ્રકાર છે–અભિગતચારિત્રઆર્ય અને અનભિગતચારિત્રઆર્ય.

ઉપદેશ વગર જ ચારિત્રમોહના ઉપશમ કે ક્ષયથી, આત્માની ઉજ્જ્વળતારૂપ ચારિત્રપરિણામને ધારણ કરે એવા ઉપશાંતકષાય અને ક્ષીણકષાયગુણસ્થાનધારક મુનિ, તે અભિગતચારિત્રઆર્ય છે અને અંતરંગમાં ચારિત્રમોહના ક્ષયોપશમથી તથા બાહ્યથી ઉપદેશના નિમિત્તથી સંયમરૂપ પરિણામ ધારે, તે અનભિગતચારિત્રઆર્ય છે.

અસાવદ્યઆર્ય અને ચારિત્રઆર્ય એ બંને સાધુઓ જ હોય, પણ તે સાધુ જ્યારે પુણ્યકર્મનો બંધ કરે છે ત્યારે (–છઠ્ઠા ગુણસ્થાને) તેમને અસાવદ્યઆર્ય કહેવાય છે અને જ્યારે કર્મની નિર્જરા કરે છે ત્યારે (–છઠ્ઠા ગુણસ્થાનની ઉપર) તેમને ચારિત્રઆર્ય કહેવાય છે.

૫. **દર્શનઆર્ય** :—તેના દશ પ્રકાર છે–આજ્ઞા, માર્ગ, ઉપદેશ, સૂત્ર બીજ, સંક્ષેપ, વિસ્તાર, અર્થ, અવગાઢ અને પરમાવગાઢ. [આ દસ ભેદો સંબંધી વિશેષ ખુલાસો મોક્ષમાર્ગ પ્રકાશક–ગુજરાતી પાનું ૩૩૩ માંથી જાણી લેવો.]

આ પ્રમાણે અનૃદ્ધિપ્રાપ્ત આર્યના ભેદોનું સ્વરૂપ કહ્યું. એ રીતે આર્ય મનુષ્યોનું વર્ણન પુરું થયું. હવે મ્લેચ્છ મનુષ્યોનું વર્ણન કરવામાં આવે છે.

## (૧૩) મ્લેચ્છ

મ્લેચ્છ મનુષ્યો બે પ્રકારના છે–કર્મભૂમિજ અને અન્તર્દ્વીપજ. (૧) પાંચ ભરતના પાંચ ખંડ, પાંચ ઐરાવતના પાંચ ખંડ અને વિદેહના આઠસો ખંડ, એમ (૨૫ + ૨૫ + ૮૦૦) આઠસો પચાસ મ્લેચ્છ ક્ષેત્રો છે; તેમાં જન્મેલા મનુષ્યો કર્મભૂમિજ છે; (૨) લવણસમુદ્રમાં અડતાલીસ દ્વીપ તથા કાળોદધિસમુદ્રમાં અડતાલીસ દ્વીપ એ બંને મળી છન્નું દ્વીપમાં કુભોગભૂમિયા મનુષ્યો છે, તેને અન્તર્દ્વીપજ મ્લેચ્છ કહેવાય છે. તે અંતર્દ્વીપજ મ્લેચ્છ મનુષ્યોના ચહેરા વિચિત્ર પ્રકારના હોય છે; તેમને માણસનું શરીર (ધડ) અને તે ઉપર હાથી, રીંછ,

માછલાં વગેરે માથાં, ઘણા લાંબા કાન, એક પગ, પૂંછડું વગેરે હોય છે; તેમનું આયુષ્ય એક પલ્યનું હોય છે અને ઝાડના ફળ, માટી વગેરે તેમનો ખોરાક છે. ૩૬.

## કર્મભૂમિનું વર્ણન

## भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः ।।३७।।

**અર્થ** :–પાંચ મેરુ સંબંધી પાંચ ભરત, પાંચ ઐરાવત, દેવકુરુ તથા ઉત્તરકુરુ એ બેને છોડીને પાંચ વિદેહ એ રીતે અઢીદ્વીપમાં કુલ પંદર કર્મભૂમિઓ છે.

### ટીકા

(૧) જ્યાં અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય, વિદ્યા અને શિલ્પ એ છ કર્મની પ્રવૃત્તિ હોય, તેને કર્મભૂમિ કહે છે. વિદેહના એક મેરુ સંબંધી બત્રીસ ભેદ છે અને પાંચ વિદેહ છે તેથી ૩૨×૫=૧૬૦ ક્ષેત્ર પાંચ વિદેહનાં થયા અને પાંચ ભરત તથા પાંચ ઐરાવત એ દસ મળીને કુલ પંદર કર્મભૂમિઓના ૧૭૦ ક્ષેત્રો છે. આ પવિત્રતાનાં—ધર્મનાં ક્ષેત્રો છે અને મુક્તિ પ્રાપ્ત કરનારા મનુષ્યો ત્યાં જ જન્મે છે.

એક મેરુસંબંધી હિમવત્, હરિક્ષેત્ર, રમ્યક્, હિરણ્યવત્, દેવકુરુ અને ઉત્તરકુરુ એવી છ ભોગભૂમિ છે. એ પ્રમાણે પાંચ મેરુ સંબંધી ત્રીસ ભોગભૂમિ છે. તેમાં દસ જઘન્ય, દસ મધ્યમ અને દસ ઉત્કૃષ્ટ છે. તેમાં દસ પ્રકારનાં કલ્પવૃક્ષ છે. તેના ભોગ ભોગવી જીવ સંક્લેશરહિત –શાતારૂપ રહે છે.

(૨) પ્રશ્ન :–કર્મનો આશ્રય તો ત્રણે લોકનાં ક્ષેત્ર છે તો કર્મભૂમિનાં એકસો સિત્તેર ક્ષેત્ર જ કેમ કહો છો, ત્રણે લોકને કર્મભૂમિ કેમ કહેતાં નથી?

ઉત્તર :–સર્વાર્થસિદ્ધિ પહોંચવાનું શુભકર્મ અને સાતમી નરકે પહોંચવાનું પાપકર્મ આ ક્ષેત્રોમાં જ જન્મેલા મનુષ્યો ઉપાર્જન કરે છે. અસિ, મસિ, કૃષિ આદિ છ કર્મ પણ આ ક્ષેત્રોમાં જ થાય છે, તથા દેવપૂજા, ગુરુ ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન એ છ પ્રકારનાં શુભ (પ્રશસ્ત) કર્મ પણ આ ક્ષેત્રોમાં જ જન્મેલા મનુષ્યો કરે છે; તેથી આ ક્ષેત્રોને જ કર્મભૂમિ કહેવામાં આવે છે. ૩૭.

## મનુષ્યોનું ઉત્કૃષ્ટ તથા જઘન્ય આયુષ્ય

## नृस्थिती पराऽवरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ।।३८।।

**અર્થ** :–મનુષ્યોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્ય અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

## ટીકા

એ ધ્યાન રાખવું કે મનુષ્યભવ તે એક જાતની ત્રસગતિ છે. બે ઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી ત્રસ ગતિ છે. તેનો એક સાથે ઉત્કૃષ્ટ કાળ બે હજાર સાગરોપમથી સહેજ અધિક છે; તેમાં સંજ્ઞી પર્યાપ્તક મનુષ્યપણાનો કાળ તો બહુ જ થોડો છે. મનુષ્યભવમાં જો જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરી ધર્મની શરૂઆત નહિ કરે તો, મનુષ્યપણું મટ્યા પછી કદાચ ત્રસમાં જ રહે તોપણ, નારકી–દેવ–તિર્યંચ અને બહુ થોડા મનુષ્યભવ કરીને છેવટે ત્રસકાળ પૂરો કરી એકેન્દ્રિયપણું પામશે. ત્યાં ઘણો ઘણો કાળ (ઉત્કૃષ્ટપણે અસંખ્યાતા પુદ્ગલપરાવર્તનકાળ) સુધી રહી એકેન્દ્રિયપર્યાયો (શરીરો) ધારણ કરશે. ૩૮.

# તિર્યંચોની આયુષ્યસ્થિતિ

## तिर्यग्योनिजानां च ॥३९॥

**અર્થ** :–તિર્યંચોના આયુષ્યની ઉત્કૃષ્ટ તથા જઘન્ય સ્થિતિ તેટલી જ (મનુષ્યના જેટલી) છે.

## ટીકા

તિર્યંચોના આયુષ્યના પેટા–વિભાગ નીચે પ્રમાણે છે :–

| જીવની જાત | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|
| (૧) પૃથ્વીકાય | ૨૨૦૦૦ વર્ષ |
| (૨) વનસ્પતિકાય | ૧૦૦૦૦ વર્ષ |
| (૩) અપ્‌કાય | ૭૦૦૦ વર્ષ |
| (૪) વાયુકાય | ૩૦૦૦ વર્ષ |
| (૫) અગ્નિકાય | ૩ દિવસ |
| (૬) બે ઇન્દ્રિય | ૧૨ વર્ષ |
| (૭) ત્રણન્દ્રિય | ૪૯ દિવસ |
| (૮) ચતુરેન્દ્રિય | ૬ માસ |
| (૯) પંચેન્દ્રિય | |

| | |
|---|---|
| ૧. કર્મભૂમિનાં પશુ, અસંજ્ઞી પંચેન્દ્રિય, માછલાં વગેરે | ૧ કરોડ પૂર્વવર્ષ |
| ૨. પરિસર્પ જાતનાં સર્પો | ૯ પૂર્વાંગ વર્ષ |
| ૩. સર્પો | ૪૨૦૦૦ વર્ષ |
| ૪. પક્ષીઓ | ૭૨૦૦૦ વર્ષ |
| ૫. ભોગભૂમિનાં ચોપગાં પ્રાણી | ૩ પલ્ય |

ભોગભૂમિયા સિવાયનાં એ સર્વેનું જઘન્ય આયુષ્ય એક અંતર્મુહૂર્ત છે. ૩૯.

## ક્ષેત્રના માપનું કોષ્ટક

### —अ—

| | | |
|---|---|---|
| (૧) અનંત પુદ્‌ગલ × અનંત પુદ્‌ગલ | = | ૧ ઉત્સંજ્ઞાસંજ્ઞા |
| (૨) ૮ ઉત્સંજ્ઞાસંજ્ઞા | = | ૧ સંજ્ઞાસંજ્ઞા |
| (૩) ૮ સંજ્ઞાસંજ્ઞા | = | ૧ ત્રટરેણુ |
| (૪) ૮ ત્રટરેણુ | = | ૧ ત્રસરેણુ |
| (૫) ૮ ત્રસરેણુ | = | ૧ રથરેણુ |
| (૬) ૮ રથરેણુ | = | ૧ ઉત્તમ ભોગભૂમિયાના વાળનો અગ્રભાગ |
| (૭) ૮ તેવા (વાળના) અગ્રભાગ | = | ૧ મધ્યમ ભોગભૂમિયાના વાળનો અગ્રભાગ |
| (૮) ૮ તેવા (વાળના) અગ્રભાગ | = | ૧ જઘન્ય ભોગભૂમિયાના વાળનો અગ્રભાગ |
| (૯) ૮ તેવા (વાળના) અગ્રભાગ | = | ૧ કર્મભૂમિયાના વાળનો અગ્રભાગ |
| (૧૦) ૮ તેવા (વાળના) અગ્રભાગ | = | ૧ લીંખ. |
| (૧૧) ૮ લીંખ | = | ૧ જૂ (યૂક)–સરસવ. |
| (૧૨) ૮ યૂક | = | ૧ યવ (જવના બીજનો વ્યાસ) |
| (૧૩) ૮ યવ | = | ઉત્સેધ અંગુલ (નાની આંગળીની પહોળાઈ) |
| (૧૪) ૫૦૦ ઉત્સેધ અંગુલ | = | ૧ પ્રમાણઅંગુલ એટલે કે અવસર્પિણીના પહેલા ચક્રવર્તીની આંગળીની પહોળાઈ. |

—ब—

| | | |
|---|---|---|
| (૧) ૬ અંગુલ | = | ૧ પાદ |
| (૨) ૨ પાદ (૧૨ અંગુલ) | = | ૧ વિલસ્ત |
| (૩) ૨ વિલસ્ત | = | ૧ હાથ **(cubit)** |
| (૪) ૨ હાથ | = | ૧ ગજ (ઈષુ) |
| (૫) ૨ ગજ | = | ૧ ધનુષ **(Bow)** |
| (૬) ૨૦૦૦ ધનુષ | = | ૧ કોસ |
| (૭) ૪ કોસ | = | ૧ યોજન |

જ્યાં જે અંગુલ લાગુ પડતો હોય ત્યાં તે પ્રમાણે માપ સમજવું.

**નોંધ** :—૧. પ્રમાણઅંગુલ ઉત્સેધઅંગુલથી ૫૦૦ ગણો છે. તેના વડે દ્વીપ, સમુદ્ર, પર્વત, દ્વીપ–સમુદ્રની વેદી, વિમાન, નરકના પ્રસ્તાર વગેરે અકૃત્રિમ વસ્તુની લંબાઈ–પહોળાઈ મપાય છે.

૨. ઉત્સેધ અંગુલ વડે દેવ–મનુષ્ય–તિર્યંચ અને નારકીના દેહ તથા અકૃત્રિમ જિનપ્રતિમાના દેહનું માપ કરવામાં આવે છે, દેવના નગર તથા મંદિર પણ એ જ માપ વડે મપાય છે.

૩. જે કાળે જેવા મનુષ્ય હોય તે કાળે તેનો અંગુલ આત્માંગુલ કહેવાય છે. પલ્યના અર્ધચ્છેદના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ઘનાંગુલ માંડી ગુણીએ તો એક જગતશ્રેણી થાય છે.

જગત શ્રેણી = ૭ રાજુ લોકની લંબાઈ તેના છેડે નીચે છે તે.

જગત પ્રતર = ૭ રાજુ×૭ રાજુ = ૪૯ રાજુ ક્ષેત્ર, તે લોકના નીચલા ભાગનું ક્ષેત્રફળ (લંબાઈ × પહોળાઈ) છે.

જગતઘન (લોક) = ૭૩ રાજુ એટલે કે ૭ રાજુ×૭રાજુ×૭રાજુ=૩૪૩ રાજુ, તે આખા લોકનું માપ (લંબાઈ×પહોળાઈ×જાડાઈ) છે. ૩૯.

## —મધ્યલોકના વર્ણનનું ટૂંક અવલોકન—

### (૧) જંબૂદ્વીપ

૧. મધ્યલોકની અત્યંત વચમાં એક લાખ *યોજન પહોળો ગોળ (થાળી જેવો) જંબૂદ્વીપ

★ ૧ યોજન=૨૦૦૦ કોસ

છે. જંબૂદ્વીપની વચમાં એક લાખ યોજન સુમેરુ પર્વત છે, એક હજાર યોજન જમીનની અંદર તેનું મૂળ છે, નવ્વાણું હજાર યોજન જમીનની ઉપર છે અને ચાલીશ યોજનની તેની ચૂલિકા (ચોટલી) છે.

૨. જંબૂદ્વીપની વચમાં પશ્ચિમ-પૂર્વ લાંબા છ કુલાચલ (પર્વત) છે, તેનાથી જંબૂદ્વીપના સાત ખંડ થઈ ગયા છે, તે સાત ખંડોના નામ-ભરત, હૈમવત્, હરિ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત્ અને ઐરાવત છે.

## (૨) ઉત્તરકુરુ-દેવકુરુ

વિદેહક્ષેત્રમાં મેરુની ઉત્તર તરફ ઉત્તરકુરુ તથા દક્ષિણ તરફ દેવકુરુ ક્ષેત્ર છે.

## (૩) લવણસમુદ્ર

જંબૂદ્વીપની ચારે તરફ ખાઈની માફક વિંટાયેલો બે લાખ યોજન પહોળો લવણસમુદ્ર છે.

## (૪) ધાતકીખંડદ્વીપ

લવણસમુદ્રની ચારે બાજુ વિંટાયેલ ચાર લાખ યોજન પહોળો ધાતકીખંડદ્વીપ છે. આ દ્વીપમાં બે મેરુ પર્વત છે, તેમ જ ક્ષેત્ર તથા કુલાચલ (પર્વત) વગેરેની બધી રચના જંબૂદ્વીપથી બમણી છે.

## (૫) કાલોદધિ સમુદ્ર

ધાતકીખંડની ચારે બાજુ વિંટાયેલ આઠ લાખ યોજન પહોળો કાલોદધિ સમુદ્ર છે.

## (૬) પુષ્કરદ્વીપ

૧. કાલોદધિસમુદ્રની ચારે બાજુ વિંટાયેલ સોળ લાખ યોજન પહોળો પુષ્કરદ્વીપ છે. આ દ્વીપની વચોવચ વલય (ચૂડીના) આકારે પૃથ્વી ઉપર એક હજાર બાવીસ (૧૦૨૨) યોજન પહોળો, સત્તરસો એકવીસ (૧૭૨૧) યોજન ઊંચો અને ચારસો સત્તાવીશ (૪૨૭) યોજન જમીનની અંદર જડવાળો માનુષોત્તર પર્વત છે અને તેનાથી પુષ્કરદ્વીપના બે ખંડ થઈ ગયા છે.

૨. પુષ્કરદ્વીપના પહેલા અર્ધાભાગમાં જંબૂદ્વીપથી બમણી અર્થાત્ ધાતકીખંડની બરાબર સર્વે રચના છે.

## (૭) નરલોક (મનુષ્યક્ષેત્ર)

જંબૂદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરાર્ધ (પુષ્કરદ્વીપનો અર્ધો ભાગ), લવણસમુદ્ર અને કાલોદધિસમુદ્ર—એટલા ક્ષેત્રને નરલોક કહેવાય છે.

## (૮) બીજા દ્વીપો તથા સમુદ્રો

પુષ્કરદ્વીપથી આગળ પરસ્પર એકબીજાથી વિંટાયેલા બમણા–બમણા વિસ્તારવાળા મધ્યલોકના છેડા સુધી દ્વીપો અને સમુદ્રો છે.

## (૯) કર્મભૂમિ અને ભોગભૂમિની વ્યાખ્યા

જ્યાં અસિ, મસિ, કૃષિ, સેવા, શિલ્પ અને વાણિજ્ય એ ષટ્કર્મોની પ્રવૃત્તિ હોય, તે કર્મભૂમિ છે. જ્યાં તે પ્રવૃત્તિ ન હોય તેને ભોગભૂમિ કહેવાય છે.

## (૧૦) પંદર કર્મભૂમિઓ

પાંચ મેરુ સંબંધી પાંચ ભરત, પાંચ ઐરાવત અને (દેવકુરુ તથા ઉત્તરકુરુ સિવાયના) પાંચ વિદેહ—એમ કુલ પંદર કર્મભૂમિઓ છે.

## (૧૧) ભોગભૂમિઓ

પાંચ હૈમવત અને પાંચ હૈરણ્યવત એ દસ ક્ષેત્રો જઘન્ય ભોગભૂમિઓ છે, પાંચ હરિ અને પાંચ રમ્યક્ એ દસ ક્ષેત્રો મધ્યમ ભોગભૂમિઓ છે અને પાંચ દેવકુરુ તથા પાંચ ઉત્તરકુરુ એ દસ ક્ષેત્રો ઉત્કૃષ્ટ ભોગભૂમિઓ છે.

## (૧૨) ભોગભૂમિ અને કર્મભૂમિ જેવી રચના

મનુષ્યક્ષેત્રની બહારના બધા દ્વીપોમાં જઘન્ય ભોગભૂમિ જેવી રચના છે, પરંતુ સ્વયંભૂરમણ દ્વીપના ઉત્તરાર્ધમાં તથા સમસ્ત સ્વયંભૂરમણ સમુદ્રમાં અને ચારે ખૂણાની પૃથ્વીઓમાં કર્મભૂમિ જેવી રચના છે. લવણસમુદ્ર અને કાલોદધિસમુદ્રમાં ૯૬ અંતર્દ્વીપ છે. ત્યાં કુભોગભૂમિની રચના છે અને મનુષ્યો જ રહે છે, તે મનુષ્યોની આકૃતિઓ અનેક પ્રકારની કુત્સિત છે.

સ્વયંભૂરમણ દ્વીપના ઉત્તરાર્ધને, સ્વયંભૂરમણ સમુદ્રને અને ચારે ખૂણાને કર્મભૂમિ જેવા કહેવાય છે; કારણ કે કર્મભૂમિમાં અને ત્યાં વિકલત્રય (બે ઇન્દ્રિયથી ચતુરિંદ્રિય) જીવો છે અને ભોગભૂમિમાં વિકલત્રય જીવો નથી. તિર્યગ્લોકમાં પંચેન્દ્રિય તિર્યંચ રહે છે, પણ જળચર તિર્યંચો લવણસમુદ્ર, કાલોદધિસમુદ્ર અને સ્વયંભૂરમણસમુદ્ર સિવાય અન્ય સમુદ્રોમાં નથી. સ્વયંભૂરમણ સમુદ્રને ફરતા ખૂણા સિવાયના ભાગને **તિર્યગ્લોક** કહેવામાં આવે છે.

## ઉપસંહાર

આ ક્ષેત્રો (લોક) કોઈએ બનાવ્યાં નથી પણ અનાદિ અનંત છે. સ્વર્ગ–નરક અને દ્વીપ

–સમુદ્ર આદિ જે છે, તે અનાદિથી એ જ પ્રમાણે છે અને સદાકાળ એમ જ રહેશે. જેમ જીવાદિક પદાર્થો આ લોકમાં અનાદિનિધન છે તેમ આ પણ અનાદિનિધન સમજવા.

આ રીતે, યથાર્થ શ્રદ્ધાન વડે લોકમાં સર્વ પદાર્થો અકૃત્રિમ, જુદા જુદા, અનાદિનિધન જાણવા. જે કોઈ કૃત્રિમ ઘરબાર–ઈન્દ્રિયગમ્ય વસ્તુઓ નવી દેખાય છે તે તો અનાદિનિધન પુદ્ગલદ્રવ્યોના સંયોગી પર્યાયો છે, તેમાંના પુદ્ગલો કાંઈ નવા બન્યા નથી. માટે જો જીવ નિરર્થક ભ્રમ વડે સાચા–જૂઠનો જ નિશ્ચય ન કરે તો તે સાચું સ્વરૂપ જાણે નહિ. દરેક જીવ પોતાની શ્રદ્ધાનું ફળ પામે છે. માટે લાયક જીવોએ સમ્યક્શ્રદ્ધા કરવી.

સાત નરકભૂમિ, બીલ, લેશ્યા, આયુષ્ય, દ્વીપ, સમુદ્ર, પર્વત, સરોવર, નદી, મનુષ્ય –તિર્યંચનાં આયુષ્ય ઈત્યાદિનું વર્ણન કરી શ્રી આચાર્યદેવે ત્રીજો અધ્યાય પૂરો કર્યો.

આ રીતે, ત્રીજા અધ્યાયમાં અધોલોક અને મધ્યલોકનું વર્ણન કર્યું. હવે ઊર્ધ્વલોકનું વર્ણન ચોથા અધ્યાયમાં આવશે.

**એ પ્રમાણે શ્રી ઉમાસ્વામી વિરચિત મોક્ષશાસ્ત્રના ત્રીજા અધ્યાયની ગુજરાતી ટીકા પૂરી થઈ.**



# મોક્ષશાસ્ત્ર ગુજરાતી ટીકા

# અધ્યાય ચોથો

## ભૂમિકા

આ શાસ્ત્રના પહેલા અધ્યાયના પહેલા સૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે, એમ જણાવ્યું. ત્યાર પછી બીજા સૂત્રમાં સમ્યગ્દર્શનનું લક્ષણ 'તત્ત્વાર્થશ્રદ્ધાન' છે એમ કહ્યું. પછી જે તત્ત્વોના યથાર્થ શ્રદ્ધાનથી સમ્યગ્દર્શન થાય છે તેનાં નામો આપી, સાત તત્ત્વો છે એમ ચોથા સૂત્રમાં જણાવ્યું. તે સાત તત્ત્વોમાંથી પ્રથમ જીવતત્ત્વ છે. તે જીવનું સ્વરૂપ સમજાવવા માટે બીજા અધ્યાયમાં જીવના ભાવો, જીવનું લક્ષણ, ઇન્દ્રિયો–જન્મ–શરીર વગેરે સાથેનો સંસારી જીવોનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ કેવા પ્રકારનો હોય છે? તે જણાવ્યું.

ત્રીજા અધ્યાયમાં, ચાર પ્રકારના સંસારી જીવોમાંથી નારકી જીવોનું વર્ણ આપ્યું; જીવોને રહેવાનાં સ્થાનો જણાવ્યાં અને તેમાંથી મનુષ્યોને તથા બીજા જીવોને રહેવાનાં ક્ષેત્રો ક્યા છે? તે જણાવ્યું. તેમ જ મનુષ્યો તથા તિર્યંચોનાં આયુષ્ય વગેરે સંબંધી કેટલીક બાબતો વર્ણવી.

એ પ્રમાણે સંસારની ચાર ગતિના જીવોમાંથી મનુષ્ય, તિર્યંચ અને નારક એ ત્રણેનું વર્ણન ત્રીજા અધ્યાયમાં આવી ગયું; હવે દેવોને લગતો અધિકાર બાકી રહે છે. તે આ યોથા અધ્યાયમાં મુખ્યપણે આપવામાં આવ્યો છે. આ રીતે, પૂર્વે અધ્યાય ૨, સૂત્ર ૧૦માં જીવના બે ભેદ (સંસારી અને મુક્ત) જણાવ્યા હતાં, તેમાંથી સંસારી જીવો સંબંધી અધિકાર આવી જતાં મુક્ત જીવોનો અધિકાર બાકી રહે છે; મુક્તજીવોનો વિષય દસમા અધ્યાયમાં વર્ણવ્યો છે.

## ઊર્ધ્વલોકનું વર્ણન

### દેવોના ભેદ

### देवाश्चतुर्णिकायाः ।।१।।

**અર્થ** :–દેવો ચાર સમૂહવાળા છે અર્થાત્ દેવના ચાર ભેદ છે–૧. ભવનવાસી, ૨. વ્યંતર, ૩. જ્યોતિષી અને ૪. વૈમાનિક.

## ટીકા

દેવ = જે જીવ દેવગતિનામકર્મના ઉદયને વશ અનેક દ્વીપ, સમુદ્ર તથા પર્વતાદિ રમણીક સ્થાનોમાં ક્રીડા કરે, તેને દેવ કહેવાય છે. ૧.

## પહેલા ત્રણ પ્રકારના દેવોની લેશ્યા

## आदितस्त्रिषु पीतांतलेश्याः ।।२।।

**અર્થ** :–પ્રથમના ત્રણ પ્રકારના નિકાયોમાં પીત સુધી અર્થાત્ કૃષ્ણ, નીલ, કાપોત અને પીત એ ચાર લેશ્યા હોય છે.

## ટીકા

(૧) કૃષ્ણ = કાળી, નીલ = ગળીના રંગની, કાપોત = કાબરચીતરી, કબૂતરના રંગ જેવી, પીત = પીળી.

(૨) આ વર્ણન ભાવલેશ્યાનું છે. વૈમાનિક દેવોની ભાવલેશ્યાનું વર્ણન આ અધ્યાયના ૨૨મા સૂત્રમાં આપેલ છે. ૨.

## ચાર નિકાય દેવોના પેટા ભેદો

## दशाष्टपंचद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यंताः ।।३।।

**અર્થ** :–કલ્પોપપન્ન (સોળમા સ્વર્ગ સુધી) દેવો પર્યંત, તે ચાર પ્રકારના દેવોના ક્રમથી દશ, આઠ, પાંચ અને બાર ભેદ છે.

## ટીકા

ભવનવાસીના દસ, વ્યંતરના આઠ, જ્યોતિષીના પાંચ અને કલ્પોપપન્નના બાર ભેદ છે. [કલ્પોપપન્ન તે વૈમાનિક જાતનાં જ છે.] ૩.

## ચાર પ્રકારના દેવોના સામાન્ય ભેદ

## इंद्रसामानिकत्रायस्त्रिंशपारिषदात्मरक्षलोकपालानीक-
## प्रकीर्णकाभियोग्यकिल्विषिकाश्चैकशः ।।४।।

**અર્થ** :–ઉપર કહેલા ચાર પ્રકારના દેવોમાં દરેકના દસ ભેદ છે—૧. ઈંદ્ર, ૨.

સામાનિક, ૩. ત્રાયસ્ત્રિંશ, ૪. પારિષદ, ૫. આત્મરક્ષ, ૬. લોકપાળ, ૭. અનીક, ૮. પ્રકીર્ણક, ૯. આભિયોગ્ય અને ૧૦. કિલ્વિષિક.

## ટીકા

**૧. ઇન્દ્ર** = જે દેવ બીજા દેવોમાં નહિ રહેતી એવી અણિમાદિક ઋદ્ધિઓથી સહિત હોય, તેને ઇન્દ્ર કહેવાય છે. તે દેવ રાજા સમાન હોય છે. [**like a king**].

**૨. સામાનિક** = જે દેવનું આયુષ્ય, વીર્ય, ભોગ, ઉપભોગ વગેરે ઇન્દ્રસમાન હોય છે, તોપણ આજ્ઞારૂપી ઐશ્વર્યથી રહિત હોય છે, તે સામાનિક કહેવાય છે. તે દેવ પિતા કે ગુરુતુલ્ય હોય છે. [**like father, teacher**]

**૩. ત્રાયસ્ત્રિંશ** = જે દેવ મંત્રી–પુરોહિતના સ્થાન ઉપર હોય છે, તેને ત્રાયસ્ત્રિંશ કહેવામાં આવે છે. એક ઇન્દ્રની સભામાં આવા દેવો તેત્રીસ જ હોય છે. **(ministers)**

**૪. પારિષદ** = જે દેવ ઇન્દ્રની સભામાં બેસવાવાળા હોય છે, તેને પારિષદ કહેવામાં આવે છે. **(courtiers)**

**૫. આત્મરક્ષ** = જે દેવ અંગરક્ષક સમાન હોય છે, તેને આત્મરક્ષ કહેવામાં આવે છે. **(body guards)**

**નોંધ** :—જોકે દેવોમાં ઘાત વગેરે હોતું નથી, તોપણ ઋદ્ધિ મહિમાને અર્થે આત્મરક્ષક દેવો હોય છે.

**૬. લોકપાળ** = જે દેવ કોટવાળ (ફોજદાર)ની માફક લોકનું પાલન કરે, તેને લોકપાળ કહેવામાં આવે છે. **(police)**

**૭. અનીક** = જે દેવ પાયદળ વગેરે સાત પ્રકારની સેનામાં વિભક્ત રહે છે, તેને અનીક કહેવામાં આવે છે. **(army)**

**૮. પ્રકીર્ણક** = જે દેવ નગરવાસી સમાન હોય તેને પ્રકીર્ણક કહેવામાં આવે છે. **(people)**

**૯. આભિયોગ્ય** = જે દેવ દાસોની માફક સવારી આદિમાં કામ આવે, તેને આભિયોગ્ય કહેવાય છે. આ પ્રકારના દેવો ઘોડા, સિંહ, હંસ વગેરે પ્રકારના વાહનોરૂપે (બીજા દેવોના ઉપયોગ માટે) પોતે પોતાને બનાવે છે. **(conveyances)**

**૧૦. કિલ્વિષિક** = જે દેવ ચાંડાળાદિની માફક હલકું કામ કરવાવાળા હોય, તેને કિલ્વિષિક કહેવામાં આવે છે. **(servile grade)** ૪.

## વ્યંતર અને જ્યોતિષી દેવોમાં ઇન્દ્ર વગેરે ભેદોની વિશેષતા

## त्रायस्त्रिंशलोकपालवर्ज्या व्यन्तरज्योतिष्काः ।।५।।

**અર્થ** :-ઉપર જે દસ ભેદો કહ્યાં તેમાંથી ત્રાયસ્ત્રિંશ અને લોકપાળ એવા ભેદો વ્યંતર અને જ્યોતિષી દેવોમાં હોતા નથી અર્થાત્ તે બે ભેદોને છોડીને બાકીના આઠ ભેદો હોય છે. ૫.

## દેવોમાં ઇન્દ્રોની વ્યવસ્થા

## पूर्वयोर्द्वीन्द्राः ।।६।।

**અર્થ** :—પહેલા બે ભવનવાસી અને વ્યંતરોમાં-દરેક ભેદમાં બબ્બે ઈન્દ્ર હોય છે.

## ટીકા

(૧) ભવનવાસીના દસ ભેદ છે, તેથી તેમાં વીસ ઈન્દ્રો હોય છે. વ્યંતરોના આઠ ભેદ છે, તેથી તેમાં સોળ ઈન્દ્રો હોય છે અને બંનેમાં તેટલા જ (ઈન્દ્ર જેટલા જ) પ્રતીન્દ્ર હોય છે.

(૨) જે દેવ યુવરાજ સમાન અથવા ઈન્દ્ર સમાન હોય અર્થાત્ જે દેવ ઈન્દ્ર જેવું કાર્ય કરે, તેને પ્રતીન્દ્ર કહેવાય છે. (ત્રિલોક પ્રજ્ઞપ્તિ પાનું ૧૧૮-૧૧૯)

(૩) શ્રી તીર્થંકર ભગવાન સો ઈન્દ્રોથી પૂજ્ય છે, તે સો ઈન્દ્રો નીચે પ્રમાણે છે—

| | |
|---|---|
| ૪૦ | ભવનવાસીના—વીસ ઈન્દ્રો અને વીસ પ્રતીન્દ્રો. |
| ૩૨ | વ્યંતરના-સોળ ઈન્દ્રો અને સોળ પ્રતીન્દ્રો. |
| ૨૪ | સોળ સ્વર્ગમાંથી—પ્રથમના ચાર દેવલોકના ચાર, મધ્યના આઠ દેવલોકના ચાર અને અંતના ચાર દેવલોકના ચાર-એમ બાર ઈન્દ્રો અને બાર પ્રતીન્દ્રો. |
| ૨ | જ્યોતિષી દેવોમાં—ચંદ્રમા ઈન્દ્ર અને સૂર્ય પ્રતીન્દ્ર |
| ૧ | મનુષ્યમાં—ચક્રવર્તી ઈન્દ્ર. |
| ૧ | તિર્યંચમાં—અષ્ટાપદ-સિંહ ઈન્દ્ર. |
| ૧૦૦ | [યોગસાર-શીતલપ્રસાદજીકૃત ટીકા પાનું ૧૩૬] ૬. |

## દેવોમાં કામસેવન સંબંધી વર્ણન

## कायप्रवीचारा आ ऐशानात् ॥७॥

**અર્થ** :–ઐશાનસ્વર્ગ સુધીના દેવો (અર્થાત્ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને પહેલા તથા બીજા સ્વર્ગના દેવો) મનુષ્યોની માફક શરીરથી કામસેવન કરે છે. (પ્રવીચાર=કામસેવન)

### ટીકા

દેવોમાં સંતતિની ઉત્પત્તિ ગર્ભ દ્વારા થતી નથી, તેમ જ વીર્ય અને બીજી ધાતુઓનું બનેલું શરીર તેમને હોતું નથી. તેમનું શરીર વૈક્રિયિક હોય છે. માત્ર મનની કામભોગરૂપ વાસના તૃપ્ત કરવાનો તેઓ આ ઉપાય કરે છે. તેનો વેગ ઉત્તરોત્તર મંદ હોવાથી થોડાં જ સાધનોથી એ વેગ મટી જાય છે. નીચેના દેવોની વાસના તીવ્ર હોવાથી વીર્યસ્ખલનનો સંબંધ નહિ હોવા છતાં પણ શરીર સંબંધ થયા વિના તેમની વાસના દૂર થતી નથી. તેનાથી આગળના દેવોમાં વાસના કંઈક મંદ હોય છે, તેથી તેઓ આલિંગનમાત્રથી સંતોષ માને છે. આગળ આગળના દેવોની વાસના તેથી પણ મંદ હોવાથી રૂપ દેખવાથી તથા શબ્દ સાંભળવાથી જ તેમની વાસના શાંત થઈ જાય છે, તેથી આગળ દેવોને ચિંતવનમાત્રથી કામશાંતિ થઈ જાય છે. કામેચ્છા સોળમા સ્વર્ગ સુધી છે, ત્યાર પછીના દેવોને કામેચ્છા ઉત્પન્ન જ થતી નથી. ૭.

## शेषाः स्पर्शरूपशब्दमनः प्रवीचाराः ॥८॥

**અર્થ** :–બાકીનાં સ્વર્ગના દેવો દેવીઓના સ્પર્શથી, રૂપ દેખવાથી, શબ્દ સાંભળવાથી અને મનનાં વિચારોથી કામસેવન કરે છે.

### ટીકા

ત્રીજા અને ચોથા સ્વર્ગના દેવો દેવાંગનાઓના સ્પર્શથી, પાંચમાથી આઠમા સ્વર્ગ સુધીના દેવો દેવીઓનું રૂપ દેખવાથી, નવમાથી બારમા સ્વર્ગ સુધીના દેવો દેવીઓના શબ્દ સાંભળવાથી અને તેરમાથી સોળમા સ્વર્ગ સુધીના દેવો દેવીઓ સંબંધી મનના વિચારમાત્રથી તૃપ્ત થઈ જાય છે—તેમની કામેચ્છા તેટલાથી શાંત થઈ જાય છે. ૮.

## परेऽप्रवीचाराः ॥९॥

**અર્થ** :–સોળમા સ્વર્ગથી આગળના દેવો કામસેવન રહિત હોય છે. (તેમને કામેચ્છા જ ઉત્પન્ન થતી નથી, તો પછી તેના પ્રતિકારનું શું પ્રયોજન?)

## ટીકા

(૧) આ સૂત્રમાં 'परे' શબ્દથી કલ્પાતીત (સોળમા સ્વર્ગથી ઉપરના) સમસ્ત દેવોનો સંગ્રહ કરવામાં આવ્યો છે; તેથી એમ સમજવું કે અચ્યુત (સોળમા) સ્વર્ગની ઉપર નવ ગ્રૈવેયકના ૩૦૯ વિમાન, નવ અનુદિશ વિમાન અને પાંચ અનુત્તર વિમાનમાં વસનારા અહમિંદ્ર છે તેમને કામસેવન નથી; ત્યાં દેવાંગના નથી. [સોળ સ્વર્ગની ઉપરના દેવોમાં ભેદ નથી, બધા સરખા હોવાથી તેને અહમિંદ્ર કહેવાય છે.]

(૨) નવગ્રૈવેયકના દેવોમાંથી કેટલાક સમ્યગ્દષ્ટિ હોય છે અને કેટલાક મિથ્યાદષ્ટિ હોય છે. યથાજાત દ્રવ્યલિંગી જૈન મુનિ તરીકે અતિચાર રહિત પાંચ મહાવ્રતો વગેરે પાળ્યાં હોય, એવા મિથ્યાદષ્ટિઓ પણ નવમી ગ્રૈવેયકમાં ઊપજે છે; મિથ્યાદષ્ટિઓનો આ ઉત્કૃષ્ટ શુભભાવ છે. આવા શુભભાવો દરેક મિથ્યાદષ્ટિ જીવે અનંતવાર કર્યા [જુઓ, અધ્યાય ૨ સૂત્ર ૧૦ની ટીકા પારા ૧૦–૨૧–૨૩] છતાં પણ ધર્મનો અંશ કે શરૂઆત તે જીવ પામ્યો નહિ. આત્મભાન વગરનાં સર્વ વ્રત અને તપને બાળવ્રત અને બાળતપ કહેવાય છે; એવાં બાળવ્રત અને બાળતપ જીવ ગમે તેટલી વાર (અનંતી અનંતી વાર) કરે, તોપણ તે વડે સમ્યગ્દર્શન એટલે કે ધર્મની શરૂઆત થાય જ નહિ; માટે જીવોએ પ્રથમ આત્મભાન વડે સમ્યગ્દર્શન પામવાની ખાસ જરૂરિયાત છે. મિથ્યાદ્રષ્ટિના ઉત્કૃષ્ટ શુભભાવ વડે અંશમાત્ર ધર્મ થઈ શકે નહિ. શુભભાવ તે વિકાર છે અને સમ્યગ્દર્શન તે આત્માના શ્રદ્ધાગુણની અવિકારી અવસ્થા છે. વિકારથી કે વિકારભાવને વધારવાથી અવિકારી અવસ્થા પ્રગટે નહિ પણ તે વિકારને ટાળવાથી જ પ્રગટે. શુભભાવથી ધર્મ કદી થાય નહિ એવી માન્યતા પ્રથમ કરવી જોઈએ; એ રીતે પ્રથમ માન્યતાની ભૂલ જીવ ટાળે છે અને પછી ક્રમે-ક્રમે ચારિત્રના દોષ ટાળીને જીવ સંપૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ કરે છે.

(૩) નવગ્રૈવેયકના સમ્યગ્દષ્ટિ દેવો અને તે ઉપરના દેવો (કે જે બધા સમ્યગ્દષ્ટિ જ હોય છે) તેઓને ચોથું ગુણસ્થાન જ હોય છે. તેઓને દેવાંગનાનો સંયોગ હોતો નથી, તોપણ પાંચમા ગુણસ્થાનવર્તી સ્ત્રીવાળા મનુષ્યો અને તિર્યંચો કરતાં તેમને વધારે કષાય હોય છે, એમ સમજવું.

(૪) કોઈ જીવને કષાયની બાહ્ય પ્રવૃત્તિ તો ઘણી હોય અને અંતરંગ કષાયશક્તિ થોડી હોય છે–૧. તથા કોઈને અંતરંગ કષાયશક્તિ તો ઘણી હોય અને બાહ્ય પ્રવૃત્તિ થોડી હોય, તેને તીવ્ર કષાયી કહેવામાં આવે છે–૨. દૃષ્ટાંતો :—

૧. પહેલા ભાગનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :—વ્યંતરાદિ દેવો કષાયોથી નગરનાશાદિ કાર્ય કરે છે, તોપણ તેમને કષાયશક્તિ થોડી હોવાથી પીતલેશ્યા કહી છે. એકેન્દ્રિયાદિ જીવો

કષાયકાર્ય કરતાં (બાહ્યમાં) જણાતા નથી, તોપણ તેમને ઘણી કષાયશક્તિ હોવાથી કૃષ્ણાદિ લેશ્યાઓ કહી છે.

૨. બીજા ભાગનું દૃષ્ટાંત આ સૂત્ર જ છે. આ સૂત્ર એમ બતાવે છે, કે સર્વાર્થસિદ્ધિના દેવો કષાયરૂપ થોડા પ્રવર્તે છે. અબ્રહ્મચર્ય સેવતા નથી, દેવાંગનાઓ તેમને હોતી નથી, છતાં પંચમગુણસ્થાનવર્તી (દેશસંયમી) કરતાં તેમને કષાયશક્તિ ઘણી હોવાથી તે ચોથાગુણસ્થાનવર્તી–અસંયમી છે. પંચમગુણસ્થાનવર્તી જીવ વેપાર અને અબ્રહ્મચર્યાદિ કષાય કાર્યરૂપ ઘણા પ્રવર્તતા હોય છે, તોપણ તેમને મંદકષાયશક્તિ હોવાથી દેશસંયમી કહ્યા છે.

૩. વળી આ સૂત્ર એમ પણ બતાવે છે, કે નવ ગ્રૈવેયકના મિથ્યાદૃષ્ટિ જીવોને બાહ્ય બ્રહ્મચર્ય છે, તોપણ તેઓ પહેલા ગુણસ્થાને છે અને પાંચમા ગુણસ્થાનવર્તી જીવ પરણે છે તથા અબ્રહ્મચર્યાદિ કાર્યરૂપ પ્રવર્તે છે, તોપણ તે દેશસંયમી સમ્યગ્દૃષ્ટિ છે.

## (૫) આ સૂત્રનો સિદ્ધાંત

બાહ્ય સંયોગોના સદ્ભાવ કે અભાવને અને બાહ્ય પ્રવૃત્તિ કે નિવૃત્તિને અનુસરીને જીવની અપવિત્રતા કે પવિત્રતાનો નિર્ણય કરવો તે ન્યાયવિરુદ્ધ છે; પણ અંતરંગ માન્યતા અને કષાયશક્તિ ઉપરથી જ જીવની અપવિત્રતા કે પવિત્રતાનો નિર્ણય કરવો તે ન્યાયસર છે. મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા (બહારથી આત્માનું માપ કરનારો) હોવાથી તે સાચો નિર્ણય કરી શકે નહિ, કેમ કે તેનું લક્ષ બાહ્ય સંયોગોના સદ્ભાવ કે અભાવ ઉપર તથા બાહ્ય પ્રવૃત્તિ કે નિવૃત્તિ ઉપર હોવાથી તે બહારના આધારે નિર્ણય કરે છે. સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા (અંતરદૃષ્ટિથી આત્માનું માપ કરનાર) હોવાથી તેનો નિર્ણય અંતરંગ સ્થિતિ ઉપર અવલંબે છે, તેથી તે અંતરંગ માન્યતા અને કષાયશક્તિ કેવી છે? તે ઉપરથી નિર્ણય કરે છે, તે કારણે તેનો નિર્ણય સાચો હોય છે. ૯.

## ભવનવાસી દેવોના દસ ભેદો

**भवनवासिनोऽसुरनागविद्युत्सुपर्णाग्निवातस्तनितोदधिद्वीपदिक्कुमाराः ॥१०॥**

**અર્થ** :—ભવનવાસી દેવોના દસ ભેદ છે–૧. અસુરકુમાર, ૨. નાગકુમાર, ૩. વિદ્યુત્કુમાર, ૪. સુપર્ણકુમાર, ૫. અગ્નિકુમાર, ૬. વાતકુમાર, ૭. સ્તનિતકુમાર, ૮. ઉદધિકુમાર, ૯. દ્વીપકુમાર અને ૧૦. દિગ્કુમાર.

### ટીકા

(૧) ૨૦ વર્ષની નીચેના યુવાનોનું જેવું જીવન અને ટેવો હોય છે, તેવું જીવન અને ટેવો આ દેવોને પણ હોય છે, તેથી તેઓ 'કુમાર' કહેવાય છે.

(૨) તેઓનું રહેઠાણ નીચે મુજબ છે :—

પ્રથમ પૃથ્વી રત્નપ્રભામાં ત્રણ ભૂમિઓ **(strata)** છે. તેમાં પહેલી ભૂમિને 'ખરભાગ' કહેવાય છે. તેમાં અસુરકુમાર સિવાયના નવે પ્રકારના ભવનવાસી દેવો રહે છે.

જે ભૂમિમાં અસુરકુમાર રહે છે તે ભાગને 'પંકભાગ' કહેવાય છે, તેમાં રાક્ષસો પણ રહે છે. 'પંકભાગ' તે રત્નપ્રભા પૃથ્વીનો બીજો ભાગ છે.

રત્નપ્રભાનો ત્રીજો (સૌથી નીચલો) ભાગ 'અબ્બહુલ' કહેવાય છે. તે પહેલી નરક છે.

(૩) ભવનવાસી દેવોને આ અસુરકુમારાદિ દસ પ્રકારની સંજ્ઞા તે તે પ્રકારના નામકર્મના ઉદયથી છે, એમ જાણવું. 'જે દેવો યુદ્ધ કરે, પ્રહાર કરે તે અસુર છે' એમ કહેવું તે ખરું નથી અર્થાત્ તે દેવોનો અવર્ણવાદ છે અને તેમાં મિથ્યાત્વનો બંધ થાય છે.

(૪) દસ જાતિના ભવનવાસી દેવોના સાત કરોડ બોંતેર લાખ ભુવનો છે; એ ભુવનો મહાસુગંધી, મહારમણીક અને મહાઉદ્યોતરૂપ છે; અને તેટલી જ સંખ્યાના (૭,૭૨,૦૦,૦૦૦) જિન ચૈત્યાલય છે. દસ પ્રકારના ચૈત્યવૃક્ષ જિનપ્રતિમા વડે બિરાજિત હોય છે.

## (૫) ભવનવાસી દેવોનો આહાર અને શ્વાસનો કાળ

૧. અસુરકુમારદેવને[૧] એક હજાર વર્ષ ગયે આહારની ઇચ્છા ઊપજે અને મનમાં તેનો વિચાર આવતાં કંઠમાંથી અમૃત ઝરે, વેદના વ્યાપે નહિ; પંદર દિવસ વીત્યે શ્વાસ લે.

૨–૪. નાગકુમાર[૨], સુપર્ણકુમાર[૪] અને દ્વીપકુમાર[૯] એ ત્રણ પ્રકારના દેવોને સાડાબાર દિવસ ગયે આહારની ઇચ્છા ઊપજે અને સાડાબાર મુહૂર્ત વીત્યે શ્વાસ લે.

૫–૭. ઉદધિકુમાર[૮], વિદ્યુતકુમાર[૩] અને સ્તનિતકુમાર[૭] એ ત્રણ પ્રકારના દેવોને બાર દિવસ ગયે આહારની ઇચ્છા ઊપજે અને બાર મુહૂર્ત ગયે શ્વાસ લે.

૮–૧૦. દિગ્કુમાર[૧૦], અગ્નિકુમાર[૫] અને વાતકુમાર[૬] એ ત્રણ પ્રકારના દેવોને સાડાસાત દિવસ ગયે આહારની ઇચ્છા ઊપજે અને સાડાસાત મુહૂર્તે શ્વાસ લે.

દેવોને કવલાહાર હોતો નથી, તેમના કંઠમાંથી અમૃત ઝરે છે અને તેમને વેદના વ્યાપતી નથી.

આ અધ્યાયના છેડે દેવોની વ્યવસ્થા બતાવનારું કોષ્ટક છે, તેમાંથી બીજી વિગતો જાણી લેવી. ૧૦.

## વ્યંતર દેવોના આઠ ભેદો

## व्यन्तराः किन्नरकिंपुरुषमहोरगगन्धर्वयक्षराक्षसभूतपिशाचाः ॥११॥

**અર્થ** :—વ્યન્તર દેવોના આઠ ભેદ છે—૧. કિન્નર, ૨. કિંપુરુષ, ૩. મહોરગ, ૪. ગંધર્વ, ૫. યક્ષ, ૬. રાક્ષસ, ૭. ભૂત અને ૮. પિશાચ.

### ટીકા

(૧) કેટલાક વ્યંતર દેવો જંબૂદ્વીપ તથા બીજા અસંખ્યાત દ્વીપ સમુદ્રોમાં રહે છે. રાક્ષસો રત્નપ્રભા પૃથ્વીના 'પંકભાગ'માં રહે છે અને રાક્ષસ સિવાય બીજા સાત પ્રકારના વ્યંતર દેવો 'ખરભાગ'માં રહે છે.

(૨) જુદી જુદી દિશાંતરમાં આ દેવોનો નિવાસ છે, તેથી તેને વ્યંતર કહેવામાં આવે છે. ઉપર કહી તે આઠ સંજ્ઞાઓ જુદા જુદા નામકર્મના ઉદયથી છે. તે સંજ્ઞાઓનો કેટલાક વ્યુત્પત્તિ મુજબ અર્થ કરે છે પણ તે વિપરીત અર્થ છે. અર્થાત્ એમ કહેવું તે દેવનો અવર્ણવાદ છે અને તે મિથ્યાત્વના બંધનું કારણ છે.

(૩) પવિત્ર વૈક્રિયિક શરીરના ધારક દેવો કદી પણ મનુષ્યના અશુચિમય ઔદારિક શરીર સાથે કામસેવન કરતાં જ નથી; દેવોને માંસ ભક્ષણ કદી હોતું જ નથી. દેવોને કંઠના અમૃતનો આહાર હોય છે, પણ કવલાહાર હોતો નથી.

(૪) વ્યંતર દેવોનાં સ્થાનમાં જિનપ્રતિમા સહિત આઠ પ્રકારના ચૈત્યવૃક્ષ હોય છે અને તે માનસ્થંભાદિક સહિત હોય છે.

(૫) વ્યંતર દેવોનો આવાસ દ્વીપ, પર્વત, સમુદ્ર, દેશ, ગામ, નગર, ત્રિક, ચૌટા, ઘરઆંગણું, રસ્તો, ગલી, પાણીના ઘાટ, બાગ, વન, દેવકુળ વગેરે અસંખ્યાત સ્થળોએ છે. ૧૧.

## જ્યોતિષી દેવોના પાંચ ભેદો

## ज्योतिष्काः सूर्याचन्द्रमसौ ग्रहनक्षत्रप्रकीर्णकतारका ॥१२॥

**અર્થ** :—જ્યોતિષી દેવના પાંચ પ્રકાર છે—૧. સૂર્ય, ૨. ચંદ્રમા, ૩. ગ્રહ, ૪. નક્ષત્ર અને ૫. પ્રકીર્ણક તારાઓ.

### ટીકા

જ્યોતિષી દેવોનો નિવાસ મધ્યલોકમાં સમધરાતળથી ૭૯૦ યોજનની ઊંચાઈથી ૯૦૦

યોજનની ઊંચાઈ સુધી આકાશમાં હોય છે. સૌથી નીચે તારા છે; તેનાથી ૧૦ યોજન ઊંચે સૂર્ય છે; સૂર્યથી ૮૦ યોજન ઊંચે ચંદ્રમા છે; ચંદ્રમાથી ૪ યોજન ઊંચે ૨૭ નક્ષત્રો છે; નક્ષત્રોથી ૪ યોજન ઊંચે બુધનો ગ્રહ, તેનાથી ૩ યોજન ઊંચે શુક્ર, તેનાથી ૩ યોજન ઊંચે બૃહસ્પતિ, તેનાથી ૩ યોજન ઊંચે મંગળ અને તેનાથી ૩ યોજન ઊંચે શનિ છે; એ પ્રમાણે પૃથ્વીથી ઊંચે ૯૦૦ યોજન સુધી જ્યોતિષીમંડળ છે; તેનો આવાસ મધ્યલોકમાં છે. [અહીં ૨૦૦૦ કોસનો યોજન ગણવો.] ૧૨.

## જ્યોતિષી દેવોનું વિશેષ વર્ણન

## मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ॥१३॥

**અર્થ** :—ઉપર કહેલા જ્યોતિષી દેવો મેરુ પર્વતને પ્રદક્ષિણા દઈને મનુષ્યલોકમાં હંમેશાં ગમન કરે છે.

(અઢી દ્વીપ અને બે સમુદ્રને મનુષ્યલોક કહેવામાં આવે છે.) ૧૩.

## તેનાથી થતો કાળવિભાગ

## तत्कृतः कालविभागः ॥१४॥

**અર્થ** :—ઘડી, કલાક, દિવસ, રાત વગેરે વ્યવહારકાળનો વિભાગ તે ગતિશીલ જ્યોતિષી દેવો દ્વારા કરવામાં આવે છે.

### ટીકા

કાળ બે પ્રકારના છે—નિશ્ચયકાળ અને વ્યવહારકાળ. નિશ્ચયકાળનું સ્વરૂપ પાંચમા અધ્યાયના ૨૨મા સૂત્રમાં આવશે. આ વ્યવહારકાળ નિશ્ચયકાળને બતાવનારો છે. ૧૪.

## સ્થિર જ્યોતિષી દેવોનું સ્વરૂપ

## बहिरवस्थिताः ॥१५॥

**અર્થ** :—મનુષ્યલોક (અઢી દ્વીપ)ની બહારના જ્યોતિષી દેવો સ્થિર છે.

### ટીકા

અઢી દ્વીપની બહાર અસંખ્યાત દ્વીપ–સમુદ્રો છે. તેના ઉપરના (એટલે કે છેલ્લા સ્વયંભૂરમણસમુદ્ર પર્યંતના) જ્યોતિષી દેવો સ્થિર છે. ૧૫.

આ રીતે ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી એ ત્રણ પ્રકારના દેવોનું વર્ણન પૂરું થયું. હવે ચોથા પ્રકારના–વૈમાનિક દેવોનું સ્વરૂપ કહે છે.

## વૈમાનિક દેવોનું વર્ણન

## वैमानिकाः ॥१६॥

**અર્થ** :—હવે વૈમાનિક દેવોનું વર્ણન શરૂ થાય છે.

### ટીકા

**વિમાન** :—જે સ્થાનમાં રહેવાવાળા દેવો પોતાને વિશેષ પુણ્યાત્મા સમજે તે સ્થાનને વિમાન કહેવાય છે.

**વૈમાનિક** :—તે વિમાનોમાં પેદા થતાં દેવોને વૈમાનિક કહેવાય છે.

બધાં થઈને ચોરાસી લાખ સત્તાણું હજાર ત્રેવીસ વિમાનો છે. તેમાં ઉત્તમ મંદિરો, કલ્પવૃક્ષો, વન, બાગ, વાવડી, નગર વગેરે અનેક પ્રકારની રચના હોય છે. તેના મધ્યસ્થાનમાં જે વિમાન છે, તે ઇન્દ્રક વિમાન કહેવાય છે; તેની પૂર્વાદિ ચારે દિશામાં પંક્તિરૂપ (સીધી લાઈનમાં) જે વિમાનો છે, તે શ્રેણીબદ્ધ વિમાન કહેવાય છે. ચારે દિશાની વચ્ચે અંતરાળમાં—વિદિશાઓમાં જ્યાં ત્યાં વિખરાયેલાં ફૂલની માફક જે વિમાનો છે, તેને પ્રકીર્ણક વિમાન કહેવાય છે. એ રીતે ઇન્દ્રક, શ્રેણીબદ્ધ અને પ્રકીર્ણક એમ ત્રણ પ્રકારનાં વિમાનો છે. ૧૬.

## વૈમાનિક દેવોના બે ભેદ

## कल्पोपपन्नाः कल्पातीताश्च ॥१७॥

**અર્થ** :—વૈમાનિક દેવોના બે ભેદ છે—૧. કલ્પોપપન્ન અને ૨. કલ્પાતીત.

### ટીકા

જેમાં ઇંદ્રાદિ દસ પ્રકારના ભેદોની કલ્પના હોય છે, એવા સોળ સ્વર્ગોને કલ્પ કહે છે અને તે કલ્પમાં જે દેવો પેદા થાય તેને કલ્પોપપન્ન કહેવાય છે; તથા સોળમા સ્વર્ગથી ઉપર જે દેવો પેદા થાય તેને કલ્પાતીત કહેવાય છે. ૧૭.

## કલ્પોની સ્થિતિનો ક્રમ

## उपर्युपरि ॥१८॥

**અર્થ** :—સોળ સ્વર્ગના આઠ યુગલ, નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પાંચ અનુત્તર એ સર્વે વિમાનો ક્રમથી ઉપર ઉપર છે. ૧૮.

## વૈમાનિક દેવોને રહેવાનાં સ્થાન

**सौधर्मैशानसानत्कुमारमाहेंद्रब्रह्मब्रह्मोत्तरलान्तवकापिष्टशुक्रमहाशुक्र-सतारसहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसुग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धौ च॥१९॥**

**અર્થ** :—સૌધર્મ–ઐશાન, સાનત્કુમાર–માહેન્દ્ર, બ્રહ્મ–બ્રાહ્મોત્તર, લાન્તવ–કાપિષ્ઠ, શુક્ર–મહાશુક્ર, સતાર–સહસ્રાર—આ છ યુગલોનાં બાર સ્વર્ગોમાં, આનત–પ્રાણત એ બે સ્વર્ગોમાં, આરણ–અચ્યુત એ બે સ્વર્ગોમાં, નવ ગ્રૈવેયક વિમાનોમાં, નવ અનુદિશ વિમાનોમાં અને વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત તથા સર્વાર્થસિદ્ધિ એ પાંચ અનુત્તર વિમાનોમાં વૈમાનિક દેવો રહે છે.

### ટીકા

(૧) નવ ગ્રૈવેયકોનાં નામ–૧. સુદર્શન, ૨. અમોઘ, ૩. સુપ્રબુદ્ધ, ૪. યશોધર. ૫. સુભદ્ર, ૬. વિશાલ, ૭. સુમન, ૮. સૌમન અને ૯. પ્રીતિંકર.

(૨) નવ અનુદિશનાં નામ–૧. આદિત્ય, ૨. અર્ચિ, ૩. અર્ચિમાલી, ૪. વૈરોચન, ૫. પ્રભાસ, ૬. અર્ચિપ્રભ, ૭. અર્ચિર્મધ્ય, ૮. અર્ચિરાવર્ત અને ૯. અર્ચિવિશિષ્ઠ.

સૂત્રમાં 'અનુદિશ' નામ નથી, પરંતુ 'नवसु' પદથી તેનું ગ્રહણ થઈ જાય છે. નવ અને ગ્રૈવેયક એ બંનેને સાતમી વિભક્તિ લગાડી છે તે બતાવે છે, કે 'ગ્રૈવેયક'થી 'નવ' એ જુદાં સ્વર્ગ છે.

(૩) સૌધર્માદિક એકેક વિમાનમાં એકેક જિનમંદિર અનેક વિભૂતિ સહિત હોય છે. વળી ઈંદ્રના નગરની બહાર અશોકવન, આમ્રવન વગેરે હોય છે. તે વનમાં એક હજાર યોજન ઊંચું અને પાંચસો યોજન પહોળું એક ચૈત્યવૃક્ષ છે, તેની ચારે દિશાઓમાં પલ્યંકાસન જિનેન્દ્રદેવની પ્રતિમા છે.

(૪) ઈંદ્રના આ સ્થાનમંડપમાં અગ્રભાગે માનસ્થંભ હોય છે, તે માનસ્થંભમાં તીર્થંકરદેવ ગૃહસ્થદશામાં હોય ત્યાં સુધી તેને પહેરવા યોગ્ય આભરણનો એક રત્નમય કંડિયો (પટારો) હોય છે. તેમાંથી આભરણો કાઢીને ઈંદ્ર તે તીર્થંકરદેવને પહોંચાડે છે. સૌધર્મના માનસ્થંભના રત્નમય કંડિયામાં ભરતક્ષેત્રના તીર્થંકરના આભરણ હોય છે. ઐશાન સ્વર્ગના માનસ્થંભના

કંડિયામાં ઐરાવતક્ષેત્રના તીર્થંકરનાં આભરણ હોય છે. સાનત્કુમારના માનસ્થંભના કંડિયામાં પૂર્વ વિદેહના તીર્થંકરના આભરણ હોય છે; માહેન્દ્ર માનસ્થંભના કંડિયામાં પશ્ચિમ વિદેહના તીર્થંકરનાં આભરણ હોય છે; તેથી તે માનસ્થંભો દેવથી પૂજનિક છે. એ માનસ્થંભની નજીક જ આઠ યોજન પહોળું, આઠ યોજન લાંબું તથા ઊંચું ઉપપાદગૃહ છે. તે ઉપપાદગૃહમાં બે રત્નમય શય્યા હોય છે, તે ઇન્દ્રનું જન્મસ્થાન છે. આ ઉપપાદગૃહની નિકટમાં જ ઘણા શિખરવાળાં જિનમંદિરો છે. તેનું વિશેષ વર્ણન ત્રિલોકસારાદિ ગ્રંથમાંથી જાણવું. ૧૯.

## વૈમાનિક દેવોમાં ઉત્તરોત્તર અધિકતા

## स्थितिप्रभावसुखद्युतिलेश्याविशुद्धीन्द्रियावधिविषयतोऽधिकाः ॥२०॥

**અર્થ** :—આયુસ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યાની વિશુદ્ધિ, ઇંદ્રિયનો વિષય અને અવધિજ્ઞાનનો વિષય એ સર્વે ઉપર ઉપરનાં વિમાનોમાં (વૈમાનિક દેવોને) અધિક છે.

### ટીકા

**સ્થિતિ**—આયુકર્મના ઉદયથી જે ભવમાં રહેવાનું થાય છે, તે સ્થિતિ છે.

**પ્રભાવ**—પરને ઉપકાર તથા નિગ્રહ કરવાની ભાવની શક્તિ પ્રભાવ છે.

**સુખ**—શાતાવેદનીયના ઉદયથી ઇંદ્રિયના ઇષ્ટ વિષયોની સગવડ તે સુખ છે. અહીં 'સુખ'નો અર્થ બહારના સંયોગોની સગવડ કરવી, નિશ્ચયસુખ (આત્મિકસુખ) અહીં ન સમજવું; નિશ્ચયસુખની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે; અહીં સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિના ભેદની અપેક્ષાએ કથન નથી પણ સામાન્ય કથન છે, એમ સમજવું.

**દ્યુતિ**—શરીરની તથા વસ્ત્ર, આભૂષણ, બળની દીપ્તિ તે દ્યુતિ છે.

**લેશ્યાવિશુદ્ધિ**—લેશ્યાનિ ઉજ્જ્વલતા તે વિશુદ્ધિ છે; અહીં ભાવલેશ્યા સમજવી.

**ઇંદ્રિયવિષય**—ઇંદ્રિય દ્વારા (મતિજ્ઞાનથી) જાણવા યોગ્ય પદાર્થને ઇંદ્રિયવિષય કહેવાય છે.

**અવધિવિષય**—અવધિજ્ઞાનથી જાણવા યોગ્ય પદાર્થ તે અવધિવિષય છે. ૨૦.

## વૈમાનિક દેવોમાં ઉત્તરોત્તર હીનતા

## गतिशरीरपरिग्रहाभिमानतो हीनाः ॥२१॥

**અર્થ** :—ગતિ, શરીર, પરિગ્રહ અને અભિમાનની અપેક્ષાએ ઉપર ઉપરનાં વૈમાનિક દેવો હીન હીન છે.

## ટીકા

**(૧) ગતિ**—અહીં 'ગતિ'નો અર્થ ગમન થાય છે; એક ક્ષેત્ર છોડીને અન્ય ક્ષેત્રમાં જવું તે ગમન (ગતિ) છે. સોળમા સ્વર્ગથી આગળના દેવો પોતાનું વિમાન છોડી બીજે જતાં નથી.

**શરીર**—શરીરનો વિસ્તાર તે શરીર.

**પરિગ્રહ**—લોભકષાયના કારણે મમતા પરિણામ તે પરિગ્રહ છે.

**અભિમાન**—માનકષાયના કારણે અહંકાર તે અભિમાન છે.

**(૨) પ્રશ્ન** :—ઉપર ઉપરના દેવોને વિક્રિયા આદિની અધિકતાથી ગમન વગેરે વિશેષ હોવું જોઈએ છતાં તેની હીનતા કેમ કહી?

**ઉત્તર** :—ગમનની શક્તિ તો ઉપર ઉપરના દેવોમાં વધારે છે, પણ અન્ય ક્ષેત્રમાં ગમન કરવાના પરિણામ અધિક નથી, તેથી ગમન હીન છે; એમ કહ્યું છે. સૌધર્મ-ઐશાનના દેવ ક્રીડાદિક નિમિત્તે મહાન વિષયાનુરાગથી વારંવાર અનેક ક્ષેત્રોમાં ગમન કરે છે. ઉપરના દેવોને વિષયની ઉત્કટ (આકરી, તીવ્ર) વાંછાનો અભાવ છે, તેથી તેઓની ગતિ હીન છે.

(૩) શરીરનું પ્રમાણ ચાલુ અધ્યાયના છેલ્લે કોષ્ટકમાં આપ્યું છે, ત્યાંથી જાણી લેવું.

(૪) વિમાન, પરિવારાદિકરૂપ પરિગ્રહ તે ઉપર ઉપરના દેવોને ઓછો ઓછો હોય છે. કષાયના મંદપણાથી અવધિજ્ઞાનાદિમાં વિશુદ્ધતા વધે છે અને અભિમાન ઓછું હોય છે. જેને મંદ કષાય છે તે ઉપર ઉપર ઊપજે છે.

## (૫) શુભ પરિણામને લીધે થતા પુણ્યબંધથી કોણ ક્યાં ઊપજે તેનો વિશેષ ખુલાસો

| કોણ ઊપજે ? | ક્યાં ઊપજે ? |
|---|---|
| ૧. અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત તિર્યંચ | ભવનવાસી તથા વ્યંતર તરીકે; |
| ૨. કર્મભૂમિના સંજ્ઞી પર્યાપ્ત તિર્યંચ મિથ્યાદૃષ્ટિ કે સાસાદાન ગુણસ્થાનવાળા | બારમા સ્વર્ગપર્યંત; |
| ૩. ઉપરના તિર્યંચ-સમ્યગ્દૃષ્ટિ (સ્વયંપ્રભાચળથી બહારના ભાગમાં રહેનારા) | સૌધર્માદિથી અચ્યુત સ્વર્ગપર્યંત; |
| ૪. ભોગભૂમિના મનુષ્ય, તિર્યંચ-મિથ્યાદૃષ્ટિ કે સાસાદન ગુણસ્થાનવાળા | જ્યોતિષીમાં; |

| | | |
|---|---|---|
| ૫. | તાપસી | જ્યોતિષીમાં; |
| ૬. | ભોગભૂમિના સમ્યગ્દષ્ટિ મનુષ્ય કે તિર્યંચ | સૌધર્મ અને ઐશાનમાં; |
| ૭. | કર્મભૂમિના મનુષ્ય મિથ્યાદષ્ટિ અથવા સાસાદન | ભવનવાસીથી ઉપરિમ ગ્રૈવેયક સુધી; |
| ૮. | કર્મભૂમિના મનુષ્ય-જેને દ્રવ્ય (બાહ્ય) જિનલિંગ અને ભાવ મિથ્યાત્વ કે સાસાદન હોય તે | ગ્રૈવેયક પર્યંત |
| ૯. | ભવ્ય મિથ્યાદષ્ટિ નિર્ગ્રંથલિંગ ધારણ કરી, મહાન શુભભાવ અને તપ સહિત હોય તે | ઉપરિમ (નવમી) ગ્રૈવેયકમાં; |
| ૧૦. | પરિવ્રાજક તાપસીનો ઉત્કૃષ્ટ ઉપપાદ | બ્રહ્મ (પંચમ) સ્વર્ગ પર્યંત; |
| ૧૧. | આજીવક (કાંજીના આહારી)નો ઉત્કૃષ્ટ ઉપપાદ | બારમા સ્વર્ગ પર્યંત; |
| ૧૨. | સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રકર્ષતાવાળો શ્રાવક | સૌધર્માદિથી અચ્યુત સુધી (તેથી નીચે કે ઉપર નહિ); |
| ૧૩. | ભાવલિંગી નિર્ગ્રંથ સાધુ | સર્વાર્થસિદ્ધિ પર્યંત; |
| ૧૪. | અણુવ્રતધારી તિર્યંચ (સ્વયંપ્રભાચળની અંદરના) | સૌધર્મથી બારમા સ્વર્ગપર્યંત; |
| ૧૫. | પાંચ મેરુ સંબંધી ત્રીસ ભોગભૂમિના મનુષ્ય-તિર્યંચ મિથ્યાદષ્ટિ | ભવનત્રિકમાં; |
| ૧૬. | મિથ્યાદષ્ટિ સમ્યગ્દષ્ટિ | સૌધર્મ-ઐશાનમાં; |
| ૧૭. | છન્નું ભોગભૂમિ અને માનુષોત્તર સ્વયંપ્રભાચલ પર્વતની વચ્ચેના અસંખ્યાત દ્વીપમાં ઊપજેલા તિર્યંચો | ભવનત્રિકમાં. |

**નોટ** :—એકેન્દ્રિય, વિકલત્રય, દેવ તથા નારકી—તેઓ કોઈ પણ પ્રકારના શુભભાવે દેવમાં ઊપજતા નથી. દેવમાં ઊપજે એવા પ્રકારના શુભભાવ તેમને હોતાં જ નથી.

## (૬) દેવમાંથી ચ્યવીને કેવો પર્યાય ધારણ કરે તેની વિગત

| ક્યાંથી ચ્યવે ? | કેવો પર્યાય થાય ? |
|---|---|
| ૧. ભવનત્રિક દેવ અને સૌધર્મ ઐશાનથી | એકેંદ્રિય બાદર પર્યાપ્ત એવા પૃથ્વીકાય, અપ્‌કાય, પ્રત્યેક વનસ્પતિ, મનુષ્ય તથા પંચેંદ્રિય તિર્યંચમાં ઊપજે (વિકલત્રય ન થાય); |

| | |
|---|---|
| ૨. સનત્કુમારાદિકથી | સ્થાવર ન થાય; |
| ૩. બારમા સ્વર્ગ પર્યંતથી | પંચેંદ્રિય તિર્યંચ તથા મનુષ્ય થાય. |
| ૪. આનત–પ્રાણતાદિકથી (બારમા સ્વર્ગ પછીથી) | નિયમથી મનુષ્યમાં જ ઊપજે, તિર્યંચમાં નહિ. |
| ૫. સૌધર્મથી શરૂ કરીને નવ ગ્રૈવેયક પર્યંતના દેવોમાંથી કોઈ | ત્રેસઠ શલાકા પુરુષપણે પણ ઊપજી શકે. |
| ૬. અનુદિશ અને અનુત્તરથી આવેલ | તીર્થંકર, ચક્રવર્તી, બળભદ્ર તરીકે ઊપજે, પણ અર્ધચક્રી ન થાય. |
| ૭. ભવનત્રિકથી | ત્રેસઠ શલાકા પુરુષપણે ન ઊપજે. |
| ૮. દેવપર્યાયથી (સમુચ્ચય) | સર્વ સૂક્ષ્મમાં, તૈજસકાયમાં, વાત કાયમાં ન ઊપજે, તેમ જ વિકલત્રયમાં, અસંજ્ઞીમાં કે લબ્ધિઅપર્યાપ્તમાં ન ઊપજે અને ભોગભૂમિમાં, દેવમાં તથા નારકીમાં પણ ન ઊપજે. |

## (૭) આ સૂત્રના સિદ્ધાન્તો

૧. મિથ્યાદ્રષ્ટિપણે જીવ ઉત્કૃષ્ટ શુભભાવ કરે ત્યારે નવમી ગ્રૈવેયક સુધી જાય છે, પણ તે શુભભાવ સમ્યગ્દર્શનનું કે ધર્મનું કારણ નથી, તેથી મિથ્યાત્વને લીધે અનંત સંસારમાં રખડે, માટે શુભભાવને ધર્મનું કારણ માનવું નહિ.

૨. મિથ્યાદ્રષ્ટિને ઉત્કૃષ્ટ શુભભાવ થાય છે ત્યારે તેને ગૃહીતમિથ્યાત્વ છૂટી ગયું હોય છે, એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્રની રાગમિશ્રિત જ્ઞાનવાળી વ્યવહારશ્રદ્ધા સાચી હોય છે, તે વિના ઉત્કૃષ્ટ શુભભાવ થાય જ નહિ. મિથ્યાદ્રષ્ટિપણે નવમી ગ્રૈવેયકે જનાર જીવે દેવ–ગુરુ–શાસ્ત્રનો વ્યવહારથી (રાગમિશ્રિત વિચારથી) સાચો નિર્ણય કર્યો છે, પરંતુ નિશ્ચયથી એટલે કે રાગથી પર થઈને સાચો નિર્ણય કર્યો નથી, તેમ જ 'શુભભાવથી ધર્મ થાય' એવી સૂક્ષ્મ મિથ્યામાન્યતા તેને રહી જાય છે, તેથી તે મિથ્યાદ્રષ્ટિ રહે છે.

૩. સાચાં દેવ–ગુરુ–શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધા વગર ઊંચા શુભભાવ પણ થઈ શકતા નથી, માટે જે જીવોને સાચાં દેવ–ગુરુ–શાસ્ત્રનો સંયોગ મળ્યો હોવા છતાં જો તે તેનો રાગમિશ્રિત વ્યવહારૂ સાચો નિર્ણય ન કરે તો ગૃહિતમિથ્યાત્વ રહે છે; અને જેને કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રની માન્યતા હોય તેને પણ ગૃહીતમિથ્યાત્વ હોય જ છે, અને જ્યાં ગૃહીતમિથ્યાત્વ હોય ત્યાં

અગૃહીતમિથ્યાત્વ પણ હોય જ; તેથી એવા જીવને સમ્યગ્દર્શનાદિ ધર્મ તો ન જ થાય, પરંતુ મિથ્યાદૃષ્ટિને થતો ઉત્કૃષ્ટ શુભભાવ પણ તેને ન થાય, તેવા જીવોને જૈનધર્મની શ્રદ્ધા વ્યવહારે પણ ગણી શકાય નહિ.

૪. આ જ કારણે અન્ય ધર્મની માન્યતાવાળાઓને સાચા ધર્મની શરૂઆત અર્થાત્ સમ્યગ્દર્શન તો થાય જ નહિ, અને મિથ્યાદૃષ્ટિને લાયકનો ઉત્કૃષ્ટ શુભભાવ પણ તેઓ કરી શકે નહિ; તેઓ વધારેમાં વધારે બારમા દેવલોકની પ્રાપ્તિનો શુભભાવ કરી શકે.

૫. 'દેવગતિમાં સુખ છે' એમ ઘણા અજ્ઞાની લોકોની માન્યતા રહે છે, પણ તે ભૂલ છે. ઘણા દેવો તો મિથ્યાત્વ વડે અતત્ત્વશ્રદ્ધાન યુક્ત જ થઈ રહ્યા છે. ભવનવાસી વ્યંતર અને જ્યોતિષી દેવોને કષાય ઘણો મંદ નથી, ઉપયોગ બહુ ચંચળ છે તથા કંઈક શક્તિ છે, તેથી કુતૂહલ તથા વિષયાદિ કાર્યોમાં જ તેઓ લાગી રહ્યા છે અને તેથી તેની આકુળતાથી તેઓ દુઃખી જ છે. ત્યાં માયા–લોભ–કષાયનાં કારણો હોવાથી તેવાં કાર્યોની મુખ્યતા છે; છળ કરવો, વિષયસામગ્રીની ઈચ્છા કરવી ઈત્યાદિ કાર્ય ત્યાં વિશેષ હોય છે; પણ વૈમાનિક દેવોમાં ઉપર ઉપરના દેવોને તે કાર્યો થોડાં હોય છે. ત્યાં હાસ્ય અને રતિકષાયનાં કારણો હોવાથી તેવાં કાર્યોની મુખ્યતા હોય છે. એ પ્રમાણે દેવોને કષાયભાવ હોય છે અને કષાયભાવ એ દુઃખ જ છે. ઊંચા દેવોને ઉત્કૃષ્ટ પુણ્યનો ઉદય છે અને કષાય ઘણા મંદ છે; તથાપિ તેમને પણ ઈચ્છાનો અભાવ નથી, તેથી વસ્તુતાએ તેઓ દુઃખી જ છે. જે દેવો સમ્યગ્દર્શનરૂપી મોક્ષમાર્ગ પામ્યા હોય તેઓ જ, જેટલે દરજ્જે વીતરાગતા વધારે તેટલે દરજ્જે સાચા સુખી છે. સમ્યગ્દર્શન વગર ક્યાંય પણ સુખના અંશની શરૂઆત થતી નથી અને તેથી જ આ શાસ્ત્રના પહેલા જ સૂત્રમાં મોક્ષનો ઉપાય દર્શાવતાં તેમાં સમ્યગ્દર્શન પહેલું જણાવ્યું છે; માટે જીવોએ પ્રથમ જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય કરવો જરૂરી છે.

૬. ઉત્કૃષ્ટ દેવપણાને લાયકના સર્વોત્કૃષ્ટ શુભભાવ સમ્યગ્દૃષ્ટિને જ થાય છે, એટલે કે શુભભાવના સ્વામિત્વના નકારની ભૂમિકામાં જ તેવા ઉત્કૃષ્ટ શુભભાવ થાય છે, મિથ્યાદૃષ્ટિને તેવા ઊંચા શુભભાવ થતાં નથી. ૨૧.

## વૈમાનિકદેવોમાં લેશ્યાનું વર્ણન

## पीतपद्मशुक्ललेश्या द्वित्रिशेषेषु ॥२२॥

**અર્થ** :—બે યુગલોમાં પીત; ત્રણ યુગલોમાં પદ્મ અને બાકીના સમસ્ત વિમાનોમાં શુક્લલેશ્યા હોય છે.

## ટીકા

(૧) પહેલા અને બીજા સ્વર્ગમાં પીત લેશ્યા, ત્રીજા અને ચોથામા પીત તથા પદ્મલેશ્યા, પાંચમાથી આઠમા સુધીમાં પદ્મલેશ્યા, નવમાથી બારમા સુધીમાં પદ્મ અને શુક્લલેશ્યા અને બાકીના સમસ્ત વૈમાનિક દેવોને શુક્લલેશ્યા હોય છે. નવ અનુદિશ અને પાંચ અનુત્તર એ ચૌદ વિમાનોના દેવોને પરમશુક્લલેશ્યા હોય છે. ભવનત્રિક દેવોની લેશ્યાનું વર્ણન આ અધ્યાયના બીજા સૂત્રમાં આવી ગયું છે. અહીં ભાવલેશ્યા સમજવી.

(૨) પ્રશ્ન :—સૂત્રમાં મિશ્રલેશ્યાનું વર્ણન કેમ નથી?

ઉત્તર :—જે મુખ્ય લેશ્યા છે તે સૂત્રમાં જણાવી છે, જે ગૌણ લેશ્યા છે તે કહી નથી; ગૌણ લેશ્યાનું કથન તેમાં ગર્ભિત રાખ્યું છે, તેથી તેમાં અવિવક્ષિતપણે છે. આ શાસ્ત્રમાં ટૂંકાં સૂત્રોરૂપે મુખ્ય કથન કર્યું છે, બીજું તેમાં ગર્ભિત રાખ્યું છે; માટે એ ગર્ભિત કથન પરંપરા અનુસાર સમજી લેવું. [જુઓ અ. ૧ સૂ. ૧૧ ટીકા, પા. ૫૬] ૨૨.

## કલ્પસંજ્ઞા ક્યાં સુધી છે ?

## प्राग्ग्रैवेयकेभ्यः कल्पाः ॥२३॥

**અર્થ** :—ગ્રૈવેયકોની પહેલાનાં સોળ સ્વર્ગોને કલ્પ કહેવાય છે, તેની આગળનાં વિમાનો કલ્પાતીત છે.

## ટીકા

સોળ સ્વર્ગ પછી નવ ગ્રૈવેયક વગેરેના દેવો એક સરખા વૈભવના ધારક હોય છે, તેથી તેઓ અહમિન્દ્ર કહેવાય છે, ત્યાં ઈંદ્ર વગેરે ભેદ નથી, બધા સમાન છે. ૨૩.

## લૌકાંતિક દેવો

## ब्रह्मलोकालया लौकान्तिकाः ॥२४॥

**અર્થ** :—જેમનું નિવાસસ્થાન પાંચમું સ્વર્ગ (બ્રહ્મલોક) છે, તે લૌકાંતિક દેવો છે.

## ટીકા

આ દેવો બ્રહ્મલોકના અંતમાં રહે છે, તથા એક ભવાવતારી (એકાવતારી) છે, તેથી લોકનો અંત (–સંસારનો નાશ) કરવાવાળા છે, તેથી તેમને લૌકાંતિક કહેવાય છે. તેઓ દ્વાદશાંગના પાઠી હોય છે, ચૌદપૂર્વના ધારક હોય છે, બ્રહ્મચારી રહે છે અને તીર્થંકરપ્રભુના તપકલ્યાણકમાં આવે છે; તેમને દેવર્ષિ પણ કહેવામાં આવે છે. ૨૪.

## લૌકાંતિક દેવોનાં નામ

### सारस्वतादित्यवह्न्यरुणगर्दतोयतुषिताव्याबाधारिष्टाश्च ।।२५।।

**અર્થ** :—લૌકાંતિક દેવોના આઠ પ્રકાર છે-૧. સારસ્વત, ૨. આદિત્ય, ૩. વહ્નિ; ૪. અરુણ, ૫. ગર્દતોય, ૬. તુષિત, ૭. અવ્યાબાધ અને ૮. અરિષ્ટ. આ દેવો બ્રહ્મલોકની ઐશાન વગેરે આઠ દિશાઓમાં રહે છે.

### ટીકા

આ દેવોના આઠ મૂળ ભેદો છે અને તે આઠના રહેવાનાં સ્થાનની વચ્ચેના ભાગમાં રહેનારા દેવોના બીજા સોળ પ્રકાર છે; આ રીતે કુલ ચોવીશ ભેદો છે. આ દેવોનાં સ્વર્ગના નામ તેમનાં નામ અનુસાર જ છે. તેઓ બધા સરખા છે, તેમનામાં કોઈ નાનું-મોટું નથી, સૌ સ્વતંત્ર છે. તેમની કુલ સંખ્યા ૪,૦૭,૮૨૦ છે. સૂત્રમાં આઠ નામો આપીને છેડે 'च' શબ્દ મૂક્યો છે, તે એમ સૂચવે છે કે આ આઠ સિવાયના બીજા ભેદો પણ છે. ૨૫.

## અનુદિશ અને અનુત્તરવાસી દેવોના અવતારનો નિયમ

### विजयादिषु द्विचरमाः ।।२६।।

**અર્થ** :—વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને અનુદિશ વિમાનોના અહમિન્દ્રો દ્વિચરમી હોય છે અર્થાત્ મનુષ્યના બે જન્મ (ભવ) કરી અવશ્ય મોક્ષ જાય છે. (આ બધા જીવો સમ્યગ્દૃષ્ટિ જ હોય છે.)

### ટીકા

(૧) સર્વાર્થસિદ્ધિના દેવો તેમનાં નામ અનુસાર એકાવતારી જ હોય છે. વિજયાદિકમાં આવેલા જીવ એક મનુષ્યભવ કરે અથવા બે ભવ પણ કરે.

(૨) સર્વાર્થસિદ્ધિના દેવો, દક્ષિણ ઈંદ્રો, સૌ ધર્મના લોકપાળ, સૌ ધર્મની 'શચિ' નામની ઈંદ્રાણી અને લૌકાંતિક દેવો—એ બધા એક મનુષ્યજન્મ કરી નિર્વાણ પામે છે. ૨૬.

[ત્રીજા અધ્યાયમાં નારકી અને મનુષ્યો સંબંધી વર્ણન કર્યું હતું અને આ ચોથા અધ્યાયમાં અહીં સુધી દેવોનું વર્ણન કર્યું. હવે એક સૂત્ર દ્વારા તિર્યંચોની વ્યાખ્યા બતાવીને પછી દેવોનું ઉત્કૃષ્ટ તેમ જ જઘન્ય આયુષ્ય કેટલું છે તે બતાવશે, તેમ જ નારકીઓનું જઘન્ય આયુષ્ય કેટલું છે તે બતાવશે. મનુષ્યો તથા તિર્યંચોનાં આયુષ્યની સ્થિતિનું વર્ણન ત્રીજા અધ્યાયના સૂત્ર ૩૮-૩૯માં કહેવાઈ ગયું છે.

આ રીતે, બીજા અધ્યાયના દસમા સૂત્રમાં જીવોના સંસારી અને મુક્ત એવા જે બે ભેદ કહ્યા હતા, તેમાંથી સંસારી જીવોનું વર્ણન ચોથા અધ્યાય સુધીમાં પૂરું થાય છે. ત્યાર પછી પાંચમા અધ્યાયમાં અજીવ તત્ત્વોનું વર્ણન કરશે, છઠ્ઠા તથા સાતમા અધ્યાયમાં આસ્રવ તથા આઠમા અધ્યાયમાં બંધ તત્ત્વનું વર્ણન કરશે, તથા નવમા અધ્યાયમાં સંવર તથા નિર્જરા તત્ત્વનું વર્ણન કરશે અને મુક્તજીવોનું (મોક્ષતત્ત્વનું) વર્ણન દશમાં અધ્યાયમાં જણાવીને ગ્રંથ પૂર્ણ કરશે.]

## તિર્યંચ કોણ છે ?

### औपपादिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ॥२७॥

**અર્થ** :—ઉપપાદ જન્મવાળા (-દેવ તથા નારકી) અને મનુષ્યો સિવાયના બાકી રહેલા જીવો તિર્યંચયોનિવાળા જ છે.

### ટીકા

દેવ, નારકી અને મનુષ્ય સિવાયના જીવો તિર્યંચ છે. તેમાં સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો તો સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. લોકનો એક પણ પ્રદેશ સૂક્ષ્મ એકેંદ્રિય જીવો વિના નથી. બાદર એકેંદ્રિય જીવોને પૃથ્વી વગેરેનો આધાર હોય છે. ત્રણ જીવો અર્થાત્ વિકલત્રય (બે, ત્રણ અને ચાર ઈંદ્રિય) અને સંજ્ઞી-અસંજ્ઞી પંચેંદ્રિય જીવો ત્રસ નાડીમાં ક્યાંક ક્યાંક હોય છે. ત્રસ નાડીની બહાર ત્રસ જીવો હોતા નથી. તિર્યંચ જીવો સર્વ લોકમાં હોવાથી તેનો ક્ષેત્ર વિભાગ નથી. ૨૭.

## ભવનવાસી દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય

### स्थितिरसुरनागसुपर्णद्वीपशेषाणां सागरोपमित्र-पल्योपमार्द्धहीनमिताः ॥२८॥

**અર્થ** :—ભવનવાસી દેવોમાં અસુરકુમાર, નાગકુમાર, સુપર્ણકુમાર, દ્વીપકુમાર અને બાકીના છ કુમારોનું આયુષ્ય ક્રમથી એક સાગર, ત્રણ પલ્ય, અઢી પલ્ય અને દોઢ પલ્ય છે. ૨૮.

## વૈમાનિક દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય

### सौधर्मैशानयोः सागरोपमे अधिके ॥२९॥

**અર્થ** :—સૌધર્મ અને ઐશાન સ્વર્ગના દેવોનું આયુષ્ય બે સાગરથી કંઈક અધિક છે.

## ટીકા

(૧) ભવનવાસી દેવો પછી વ્યંતર અને જ્યોતિષી દેવોનું આયુષ્ય બતાવવાને બદલે વૈમાનિકનું આયુષ્ય બતાવવાનું કારણ એ છે, કે તેમ કરવાથી પછીનાં સૂત્રોમાં લઘુતા (–ટૂંકાપણું) આવી શકે છે.

(૨) 'सागरोपमे' આ શબ્દ દ્વિવચનરૂપ છે, તેનો અર્થ 'બે સાગર' થાય છે.

(૩) 'अधिके' આ શબ્દ ઘાતાયુષ્ક જીવોની અપેક્ષાએ છે; તેનો ખુલાસો એ છે, કે–કોઈ સમ્યગ્દષ્ટિ મનુષ્યે શુભ પરિણામથી દસ સાગર પ્રમાણ બ્રહ્મ–બ્રહ્મોત્તર સ્વર્ગનું આયુષ્ય બાંધ્યું, પછી તે જ મનુષ્યભવમાં સંક્લેશ પરિણામ વડે તે આયુની સ્થિતિનો ઘાત કર્યો અને સૌધર્મ–ઐશાનમાં ઊપજ્યો, તે જીવ ઘાતાયુષ્ક કહેવાય છે; સૌધર્મ-ઐશાનના બીજા દેવો કરતાં તેને અર્ધાસાગરમાં એક અંતર્મૂહૂર્ત ન્યૂન એટલું આયુષ્ય વધારે હોય છે. આવું ઘાતાયુષ્કપણું પૂર્વના મનુષ્ય તથા તિર્યંચ ભવમાં થાય છે.

(૪) આયુષ્યનો ઘાત બે પ્રકારે છે–એક અપવર્તનઘાત અને બીજો કદલીઘાત. બધ્યમાન આયુષ્યનું ઘટવું તે અપવર્તનઘાત છે અને ભૂજ્યમાન [ભોગવવામાં આવતાં] આયુષ્યનું ઘટવું તે કદલીઘાત છે. દેવોમાં કદલીઘાત આયુષ્ય હોતું નથી.

(૫) ઘાતાયુષ્ક જીવનો ઉત્પાદ બારમા દેવલોક પર્યંત જ હોય છે. ૨૯.

## सानत्कुमारमाहेंद्रयोः सप्त ।।३०।।

**અર્થ** :—સાનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગના દેવોનું આયુષ્ય સાત સાગરથી કંઈક અધિક છે.

**નોંધ** :—આ સૂત્રમાં 'અધિક' શબ્દનું અવતરણ પૂર્વ સૂત્રથી થાય છે. ૩૦.

## त्रिसप्तनवैकादशत्रयोदशपंचदशभिरधिकानि तु ।।३१।।

**અર્થ** :—પૂર્વ સૂત્રમાં કહેલ યુગલોનાં આયુષ્ય (સાત સાગર)થી ક્રમપૂર્વક ત્રણ, સાત, નવ, અગિયાર, તેર અને પંદર સાગર અધિક આયુષ્ય (ત્યાર પછીનાં સ્વર્ગોમાં) છે.

## ટીકા

(૧) બ્રહ્મ અને બ્રહ્મોત્તર સ્વર્ગમાં દસ સાગરથી કંઈક અધિક લાન્તવ અને કાપિષ્ટ સ્વર્ગમાં ચૌદ સાગરથી કંઈક અધિક, શુક્ર અને મહાશુક્ર સ્વર્ગમાં સોળ સાગરથી કંઈક અધિક, સતાર અને સહસ્રાર સ્વર્ગમાં અઢાર સાગરથી કંઈક અધિક, આનત અને પ્રાણત સ્વર્ગમાં વીસ સાગર તથા આરણ અને અચ્યુત સ્વર્ગમાં બાવીસ સાગર ઉત્કૃષ્ટ આયુષ્ય છે.

(૨) 'तु' શબ્દ હોવાને કારણે 'અધિક' શબ્દનો સંબંધ બારમા સ્વર્ગ સુધી જ થાય છે, કેમ કે ઘાતાયુષ્ક જીવોની ઉત્પત્તિ ત્યાં સુધી જ હોય છે. ૩૧.

કલ્પોપપન્ન દેવોનું આયુષ્ય કહેવાયું, હવે કલ્પાતીત દેવોનું આયુષ્ય કહે છે.

## કલ્પાતીત દેવોનું આયુષ્ય

## आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धौ च॥३२॥

**અર્થ** :—આરણ અને અચ્યુત સ્વર્ગથી ઉપર નવ ગ્રૈવેયકોમાં, નવ અનુદિશમાં, વિજય વગેરે વિમાનોમાં અને સર્વાર્થસિદ્ધિ વિમાનમાં દેવોનું આયુષ્ય એકેક સાગર વધારે છે.

### ટીકા

(૧) પહેલી ગ્રૈવેયકમાં ૨૩, બીજીમાં ૨૪, ત્રીજીમાં ૨૫, ચોથીમાં ૨૬, પાંચમીમાં ૨૭, છટ્ઠીમાં ૨૮, સાતમીમાં ૨૯, આઠમીમાં ૩૦, નવમીમાં ૩૧, નવ અનુદિશમાં ૩૨, વિજય આદિમાં ૩૩ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. સર્વાર્થસિદ્ધિના બધા દેવોને ૩૩ સાગરની જ સ્થિતિ હોય છે, તેથી ઓછી કોઈને હોતી નથી.

(૨) મૂળ સૂત્રમાં 'અનુદિશ' શબ્દ નથી પણ 'आदि' શબ્દથી અનુદિશનું પણ ગ્રહણ થાય છે. ૩૨.

## સ્વર્ગોનું જઘન્ય આયુષ્ય

## अपरा पल्योपममधिकम्॥३३॥

**અર્થ** :—સૌધર્મ અને ઐશાન સ્વર્ગમાં જઘન્ય આયુષ્ય એક પલ્યથી કંઈક અધિક છે.

### ટીકા

સાગર અને પલ્યનું માપ ત્રીજા અધ્યાયના છટ્ઠા સૂત્રની ટીકામાં આપ્યું છે, ત્યાં અદ્ધાપલ્ય લખ્યું છે તે જ પલ્ય સમજવું. ૩૩.

## परतः परतः पूर्वा पूर्वाऽनंतरा॥३४॥

**અર્થ** :—જે પહેલાં પહેલાંનાં યુગલોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે, તે પછી પછીનાં યુગલોનું જઘન્ય આયુષ્ય છે.

### ટીકા

સૌધર્મ અને ઐશાન સ્વર્ગનું ઉત્કૃષ્ટ આયુષ્ય બે સાગરથી કંઈક અધિક છે; તેટલું જ સાનત્કુમાર અને માહેન્દ્રનું જઘન્ય આયુષ્ય છે. આ ક્રમ મુજબ આગળના દેવોનું જઘન્ય આયુષ્ય જાણી લેવું. સર્વાર્થસિદ્ધિમાં જઘન્ય આયુષ્ય હોતું નથી. ૩૪.

## નારકીઓનું જઘન્ય આયુષ્ય

## नारकाणां च द्वितियादिषु ॥३५॥

**અર્થ** :—બીજી વગેરે નરકના નારકીઓનું જઘન્ય આયુષ્ય પણ દેવોના જઘન્ય આયુષ્યની જેમ છે–અર્થાત્ જે પહેલી નરકનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે તે જ બીજી નરકનું જઘન્ય આયુષ્ય છે. આ પ્રમાણે આગળની નરકોમાં પણ જઘન્ય આયુષ્ય જાણી લેવું. ૩૫.

### પહેલી નરકનું જઘન્ય આયુષ્ય

## दशवर्षसहस्राणि प्रथमायाम् ॥३६॥

**અર્થ** :—પહેલી નરકના નારકીઓનું જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું છે.

(નારકીઓના ઉત્કૃષ્ટ આયુષ્યનું વર્ણન ત્રીજા અધ્યાયના છટ્ઠા સૂત્રમાં કર્યું છે.) ૩૬.

### ભવનવાસીદેવોનું જઘન્ય આયુષ્ય

## भवनेषु च ॥३७॥

**અર્થ** :—ભવનવાસી દેવોનું પણ જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું છે. ૩૭.

### વ્યંતર દેવોનું જઘન્ય આયુષ્ય

## व्यंतराणां च ॥३८॥

**અર્થ** :—વ્યંતરદેવોનું પણ જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું છે. ૩૮.

### વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય

## परा पल्योपममधिकम् ॥३९॥

**અર્થ** :—વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમથી કંઈક અધિક છે. ૩૯.

## જ્યોતિષી દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય

## ज्योतिष्काणां च ॥४०॥

**અર્થ** :—જ્યોતિષી દેવોનું પણ ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમથી કંઈક અધિક છે. ૪૦.

## જ્યોતિષી દેવોનું જઘન્ય આયુષ્ય

## तदष्टभागोऽपरा ॥४१॥

**અર્થ** :—જ્યોતિષી દેવોનું જઘન્ય આયુષ્ય એક પલ્યોપમના આઠમા ભાગનું છે. ૪૧.

## લૌકાંતિક દેવોનું આયુષ્ય

## लौकांतिकानामष्टौ सागरोपमाणि सर्वेषाम् ॥४२॥

**અર્થ** :—સમસ્ત લૌકાંતિક દેવોનું જઘન્ય તેમ જ ઉત્કૃષ્ટ આયુષ્ય આઠ સાગર પ્રમાણ છે. ૪૨.

### ઉપસંહાર

આ ચોથા અધ્યાય સુધીમાં સાત તત્ત્વોમાંથી જીવ તત્ત્વનો અધિકાર પૂરો થાય છે.

પહેલા અધ્યાયના પહેલા સૂત્રમાં મોક્ષમાર્ગની વ્યાખ્યા કરતાં સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે, એમ જણાવ્યું. બીજા જ સૂત્રમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી, તેમાં જણાવ્યું કે તત્ત્વાર્થશ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, પછી ચોથા સૂત્રમાં તત્ત્વોનાં નામ આપ્યાં અને સાત તત્ત્વો છે તે જણાવ્યું. સાત નામો હોવા છતાં બહુવચન નહિ વાપરતાં 'तत्त्वं' એવું એકવચન વાપર્યું છે–તે એમ બતાવે છે, કે સાતે તત્ત્વોનું રાગમિશ્રિત વિચાર વડે જ્ઞાન કર્યા પછી તે જ્ઞાન રાગરહિત કરવું જોઈએ, ત્યારે સમ્યગ્દર્શન પ્રગટે છે.

સૂત્ર ૫ તથા સૂત્ર ૬માં એ તત્ત્વોને નિક્ષેપ, પ્રમાણ તથા નયો વડે જાણવાનું બતાવ્યું છે; તેમાં સપ્તભંગી પણ સમાઈ જાય છે. એ બધાને ટૂંકામાં સામાન્યપણે કહેવું હોય તો તત્ત્વોનું સ્વરૂપ જે અનેકાંતરૂપ છે, તેનો દ્યોતક (કથનપદ્ધતિ) સ્યાદ્‌વાદ છે. તેનું સ્વરૂપ બરાબર જાણવું જોઈએ.

જીવનું યથાર્થ જ્ઞાન થવા માટે, સ્યાદ્વાદ પદ્ધતિથી એટલે કે નિક્ષેપ, પ્રમાણ, નય અને

સપ્તભંગીથી જીવનું સ્વરૂપ ટૂંકામાં કહેવામાં આવે છે; તેમાં પ્રથમ સપ્તભંગી વડે જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે—સપ્તભંગીનું સ્વરૂપ જીવમાં લાગુ પાડવામાં આવે છે :—

## સપ્તભંગી

### [સ્યાત્ અસ્તિ સ્યાત્ નાસ્તિ]

'જીવ છે' એમ કહેતાં જ જીવ જીવસ્વરૂપે છે અને જીવ જડસ્વરૂપે (અજીવસ્વરૂપે) નથી—એમ જો સમજી શકાય તો જ જીવને જાણ્યો કહેવાય; એટલે કે 'જીવ છે' એમ કહેતાં જ 'જીવ જીવસ્વરૂપે છે' એમ નક્કી થયું અને તેમાં 'જીવ પરસ્વરૂપે નથી' એમ ગર્ભિત રહ્યું. વસ્તુના આ ધર્મને 'સ્યાત્ અસ્તિ' કહેવામાં આવે છે; તેમાં 'સ્યાત્'નો અર્થ 'એક અપેક્ષાએ' એવો છે, અને 'અસ્તિ'નો અર્થ 'છે' એમ થાય છે; આ રીતે સ્યાત્ અસ્તિનો અર્થ 'પોતાની અપેક્ષાએ છે' એમ થાય છે, તેમાં 'સ્યાત્ નાસ્તિ' એટલે કે 'પરની અપેક્ષાએ નથી' એમ ગર્ભિતપણે આવ્યું છે; આમ જે જાણે તેણે જ જીવનો 'સ્યાત્ અસ્તિ' ભંગ એટલે કે 'જીવ છે' એમ સાચું જાણ્યું છે, પણ જો 'પરની અપેક્ષાએ નથી' એવું તેના લક્ષમાં ગર્ભિતપણે ન આવે તો જીવનું 'સ્યાત્ અસ્તિ' સ્વરૂપ પણ તે જીવ બરાબર સમજ્યો નથી અને તેથી બીજા છ ભંગ પણ તે સમજ્યો નથી; તેણે જીવનું સાચું સ્વરૂપ જાણ્યું નથી. એ ધ્યાન રાખવું કે 'દરેક વખતે બોલવામાં 'સ્યાત્' શબ્દ બોલવો જ જોઈએ'–એવી જરૂર નથી; પરંતુ 'જીવ છે' એમ બોલનારને 'સ્યાત્' પદના ભાવનો યથાર્થ ખ્યાલ હોવો જોઈએ; જો તે ખ્યાલ ન હોય તો 'જીવ છે' એ પદનું યથાર્થ જ્ઞાન તે જીવને છે જ નહિ.

'જીવનું હોવાપણું પર સ્વરૂપે નથી' એમ પહેલા સ્યાત્ અસ્તિ ભંગમાં ગર્ભિત હતું; તે બીજા 'સ્યાત્ નાસ્તિ' ભંગમાં પ્રગટપણે જણાવવામાં આવે છે. 'સ્યાત્ નાસ્તિ'નો અર્થ એવો થાય છે, કે પરઅપેક્ષાએ જીવ નથી. 'સ્યાત્' એટલે કોઈ અપેક્ષાએ અને 'નાસ્તિ' એટલે 'ન હોવું તે.' જીવનું પરઅપેક્ષાએ નહિ હોવાપણું છે અર્થાત્ જીવ પરના સ્વરૂપે નથી, તેથી પરઅપેક્ષાએ જીવનું નાસ્તિપણું છે, એટલે કે જીવ અને પર એકબીજા પ્રત્યે અવસ્તુ છે–એમ 'સ્યાત્ નાસ્તિ' પદનો અર્થ સમજવો.

આથી એમ સમજવું કે–જેમ 'જીવ' શબ્દ બોલતાં જીવનું જે અસ્તિપણું (જીવની સત્તા) ભાસે છે તે જીવનું સ્વરૂપ છે, તેમ તે જ વખતે તે જીવ સિવાય બીજાનો નિષેધ ભાસે છે તે પણ જીવનું સ્વરૂપ છે. આ ઉપરથી સિદ્ધ થયું, કે સ્વપણે જીવનું સ્વરૂપ છે અને પરપણે ન હોવું તે પણ જીવનું સ્વરૂપ છે. આ જીવમાં સ્યાત્ અસ્તિ તથા સ્યાત્ નાસ્તિનું સ્વરૂપ બતાવ્યું. તે પ્રમાણે પરવસ્તુઓનું સ્વરૂપ તે વસ્તુઓપણે છે અને પરવસ્તુઓનું સ્વરૂપ જીવપણે નથી—એમ બધી જ વસ્તુઓમાં અસ્તિ–નાસ્તિ સ્વરૂપ સમજવું.

આ રીતે સપ્તભંગીના પહેલા બે ભંગ–સ્યાત્ અસ્તિ તથા સ્યાત્ નાસ્તિનું સ્વરૂપ કહ્યું. બાકીના પાંચ ભંગો આ બંને ભંગોનો જ વિસ્તાર છે, તેનું સ્વરૂપ ૩૮૧મા પાને કહેવાશે.

"આપ્તમીમાંસાની ૧૧૧મી કારિકાના વ્યાખ્યાનમાં અકલંકદેવ કહે છે, કે—વચનનો એવો સ્વભાવ છે, કે સ્વવિષયનું અસ્તિત્વ દેખાડતાં તે તેનાથી ઇતરનું (પરવસ્તુનું) નિરાકરણ કરે છે; તેથી અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બે મૂળ ધર્મોના આશ્રયથી સપ્તભંગીરૂપ સ્યાદ્વાદની સિદ્ધિ થાય છે." [તત્ત્વાર્થસાર પા. ૧૨૫ની ફુટનોટ]

## સાધક જીવને અસ્તિ–નાસ્તિના જ્ઞાનથી થતું ફળ

જીવ અનાદિ અવિદ્યાના કારણે શરીરને પોતાનું માને છે અને તેથી શરીર ઊપજતાં પોતે ઊપજ્યો તથા શરીરનો નાશ થતાં પોતાનો નાશ થાય છે, એમ માને છે. પહેલી ભૂલ તે 'જીવતત્વ'ની વિપરીત શ્રદ્ધા છે અને બીજી ભૂલ તે 'અજીવતત્ત્વ'ની વિપરીત શ્રદ્ધા છે. [જ્યાં એક તત્ત્વની ઊંધી શ્રદ્ધા હોય ત્યાં બીજાં તત્ત્વોની પણ ઊંધી શ્રદ્ધા હોય જ.]

આ વિપરીત શ્રદ્ધાને કારણે જીવ શરીરનું કરી શકે–હલાવી–ચલાવી–ઉઠાડી–બેસાડી–સુવડાવી શકે, શરીરની સંભાળ કરી શકે એમ માન્યા કરે છે. જીવતત્ત્વ સંબંધી આ ઊંધી શ્રદ્ધા અસ્તિ–નાસ્તિ ભંગના યથાર્થ જ્ઞાન વડે ટળે છે.

શરીર સારું હોય તો જીવને લાભ થાય, ખરાબ હોય તો નુકસાન થાય. શરીર સારું હોય તો જીવ ધર્મ કરી શકે, ખરાબ હોય તો ધર્મ ન કરી શકે, એ વગેરે પ્રકારે અજીવતત્ત્વસંબંધી ઊંધી શ્રદ્ધા કર્યા કરે છે, તે ભૂલ પણ અસ્તિ–નાસ્તિભંગના યથાર્થ જ્ઞાન વડે ટળે છે.

જીવ જીવથી અસ્તિરૂપે છે અને પરથી અસ્તિરૂપે નથી–પર નાસ્તિરૂપે છે એમ જ્યારે યથાર્થપણે જ્ઞાનમાં નક્કી કરે છે ત્યારે દરેક તત્ત્વ યથાર્થપણે ભાસે છે; તેમ જ જીવ પરદ્રવ્યોને સંપૂર્ણપણે અકિંચિત્કર છે તથા પરદ્રવ્યો જીવને સંપૂર્ણપણે અકિંચિત્કર છે, કેમ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે નાસ્તિ છે, આમ ખાતરી થાય છે અને તેથી જીવ પરાશ્રયી–પરાવલંબીપણું મટાડી સ્વાશ્રયી–સ્વાવલંબી થાય છે, તે જ ધર્મની શરૂઆત છે.

જીવનો પર સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ કેવો છે? તેનું જ્ઞાન આ બે ભંગો વડે કરી શકાય છે. નિમિત્ત પરદ્રવ્ય હોવાથી નૈમિત્તિક–જીવને તે કાંઈ કરી શકે નહિ, માત્ર આકાશપ્રદેશે એક ક્ષેત્રાવગાહરૂપે કે સંયોગ–અવસ્થારૂપે હાજર હોય; પણ નૈમિત્તિક તે નિમિત્તથી પર છે અને નિમિત્ત તે નૈમિત્તિકથી પર છે, તેથી એકબીજાને કાંઈ કરી શકે નહિ. નૈમિત્તિકના જ્ઞાનમાં નિમિત્ત પરજ્ઞેયરૂપે જણાય છે.

## બીજાથી ચોથા અધ્યાય સુધીમાં આ અસ્તિ-નાસ્તિ સ્વરૂપ ક્યાં ક્યાં બતાવ્યું છે તેનું વર્ણન

**અ. ૨ સૂ. ૧ થી ૭.** જીવના પાંચ ભાવો પોતાથી અસ્તિરૂપે છે અને પરથી નાસ્તિરૂપે છે, એમ જણાવે છે.

**અધ્યાય ૨. સૂત્ર ૮-૯.** જીવનું લક્ષણ અસ્તિરૂપે શું છે તે જણાવે છે; ઉપયોગ જીવનું લક્ષણ છે એમ કહેતાં બીજું કોઈ લક્ષણ જીવનું નથી, એમ પ્રતિપાદન થયું. જીવ પોતાના લક્ષણથી અસ્તિરૂપે છે અને તેથી જ પરની તેમાં નાસ્તિ આવી-એમ જણાવે છે.

**અ. ૨. સૂ. ૧૦.** જીવના વિકારી તેમ જ શુદ્ધ પર્યાય જીવથી અસ્તિરૂપે છે અને પરથી નાસ્તિરૂપે અર્થાત્ પરથી થતાં નથી, એમ જણાવે છે.

**અ. ૨ સૂ. ૧૪ થી ૧૭.** જીવના વિકારી ભાવોને પર સાથે-કર્મ, મન, શરીર, ઈંદ્રિયો, પરક્ષેત્ર વગેરે સાથે—કેવો નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે, તે જણાવી એમ બતાવ્યું કે જીવના વિકારી ભાવ પરલક્ષે જીવ કરે છે પણ પરનિમિત્તથી વિકારીભાવ થતાં નથી અર્થાત્ પરનિમિત્ત વિકારીભાવ કરાવતું નથી; એમ અસ્તિનાસ્તિપણું જણાવે છે.

**અ. ૨ સૂ. ૧૮.** જીવનો ક્ષયોપશમરૂપ પર્યાય પોતાથી અસ્તિરૂપે છે, પરથી નથી (-નાસ્તિરૂપે છે) એટલે કે પરથી-કર્મથી જીવનો પર્યાય થતો નથી, એમ બતાવે છે.

**અ. ૨. સૂ. ૨૭.** જીવને સિદ્ધક્ષેત્ર સાથે કેવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, તે બતાવે છે.

**અ. ૨. સૂ. ૫૦ થી ૫૨.** જીવનો વેદરૂપ (ભાવવેદરૂપ) વિકારી પર્યાય પોતાની લાયકાતથી અસ્તિરૂપે છે, પરથી નથી એમ બતાવે છે.

**અ. ૨. સૂ. ૫૩.** જીવનો આયુષ્યકર્મ સાથેનો નિમિત્ત-નૈમિત્તિકભાવ બતાવ્યો; તેમાં જીવનો નૈમિત્તિકભાવ જીવની પોતાની લાયકાતથી છે અને આયુષ્યકર્મથી કે પરથી તે નથી એમ બતાવ્યું; તેમ જ નિમિત્ત આયુષ્યકર્મનો સંબંધ જીવ કે બીજા કોઈ પર સાથે નથી, એમ અસ્તિ-નાસ્તિ ભંગો બતાવે છે.

**અ. ૩. સૂ. ૧ થી ૬.** નારકીભાવને ભોગવવા લાયક થતાં જીવને કેવા પ્રકારનાં ક્ષેત્રોનો સંબંધ નિમિત્તપણે હોય છે તથા ઉત્કૃષ્ટ આયુષ્યનું નિમિત્તપણું કેવા પ્રકારે હોય છે? તે બતાવીને નિમિત્તરૂપ ક્ષેત્ર કે આયુષ્ય તે જીવ નથી પણ જીવથી પર છે, એમ બતાવે છે.

**અ. ૩. સૂ. ૭ થી ૩૯.** મનુષ્યભાવ કે તિર્યંચભાવ ભોગવવા લાયક થતાં જીવને

કેવા પ્રકારનાં ક્ષેત્રોનો તથા આયુષ્યનો સંબંધ નિમિત્તરૂપે હોય છે? એ બતાવીને જીવ સ્વ છે અને નિમિત્ત પર છે, એમ અસ્તિ–નાસ્તિ સ્વરૂપ બતાવે છે.

**અધ્યાય ૪. સૂ. ૧ થી ૪૨.** દેવભાવ અને તિર્યંચભાવ થતાં તેમ જ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદૃષ્ટિપણાની અવસ્થામાં જીવને કેવા પરક્ષેત્રોનો તથા આયુષ્યનો નિમિત્ત –નૈમિત્તિકસંબંધ હોય તે બતાવીને અસ્તિ–નાસ્તિ સ્વરૂપ બતાવે છે.

## સપ્તભંગીના બાકીના પાંચ ભંગોની સમજણ

૧–૨. અસ્તિ અને નાસ્તિ એ બે, જીવના સ્વભાવ થઈ ગયા છે.

*[જુઓ પા. ૩૬૩]*

૩. જીવના અસ્તિ અને નાસ્તિ એ બંને સ્વભાવને ક્રમથી કહેવા હોય તો 'જીવ અસ્તિ-નાસ્તિ બંને ધર્મમય છે' એમ બોલાય છે, તેથી જીવ 'સ્યાત્ અસ્તિ–નાસ્તિ' છે; એ ત્રીજો ભંગ થયો.

૪. અસ્તિ અને નાસ્તિ એ બંને જીવના સ્વભાવ છે, તોપણ તે બંને એક સાથે કહેવા અશક્ય છે. એ અપેક્ષાએ જીવ 'સ્યાત્ અવક્તવ્ય' છે; એ ચોથો ભંગ થયો.

૫. જીવનું સ્વરૂપ જે વખતે અસ્તિથી કહી શકાય છે તે વખતે નાસ્તિ તથા બીજા ગુણો વગેરે કહી શકાતાં નથી–અવક્તવ્ય છે; તેથી જીવ 'સ્યાત્ અસ્તિ–અવક્તવ્ય' છે; એ પાંચમો ભંગ થયો.

૬. જીવનું સ્વરૂપ જે વખતે નાસ્તિથી કહી શકાય છે તે વખતે અસ્તિ તથા બીજા ગુણો વગેરે કહી શકાતાં નથી–અવક્તવ્ય છે; તેથી જીવ 'સ્યાત્ નાસ્તિ–અવક્તવ્ય' છે; એ છટ્ઠો ભંગ થયો.

૭. સ્યાત્ અસ્તિ અને સ્યાત્ નાસ્તિ એ બંને ભંગ ક્રમથી વક્તવ્ય છે પણ યુગપત્ વક્તવ્ય નથી, તેથી જીવ 'સ્યાત્ અસ્તિ–નાસ્તિ–અવક્તવ્ય' છે; એ સાતમો ભંગ થયો.

## જીવમાં ઊતરતી સપ્તભંગી

જીવ સ્યાત્ અસ્તિ છે. ૧. જીવ સ્યાત્ નાસ્તિ છે. ૨. જીવ સ્યાત્ અસ્તિ–નાસ્તિ છે. ૩. જીવ સ્યાત્ અવક્તવ્ય છે. ૪. જીવ સ્યાત્ અસ્તિ–અવક્તવ્ય છે. ૫. જીવ સ્યાત્ નાસ્તિ –અવક્તવ્ય છે. ૬. જીવ સ્યાત્ અસ્તિ–નાસ્તિ–અવક્તવ્ય છે. ૭.

'સ્યાત્'નો અર્થ કેટલાક 'સંશય કરે છે', પરંતુ તે તદ્દન ભૂલ છે; 'કથંચિત્ કોઈ અપેક્ષાએ' એવો તેનો અર્થ થાય છે. સ્યાત્ કથનથી (સ્યાદ્વાદથી) વસ્તુસ્વરૂપના જ્ઞાનની વિશેષ દૃઢતા થાય છે.

## સપ્તભંગને લાગુ પડતા નયો

'અસ્તિ' તે સ્વાશ્રય છે, તેથી નિશ્ચયનયે અસ્તિ છે અને નાસ્તિ તે પરાશ્રય છે, માટે વ્યવહારનયે નાસ્તિ છે. બાકીના પાંચે ભંગો વ્યવહારનયે છે, કેમ કે તેઓ ઓછે કે વધારે અંશે પરની અપેક્ષા રાખે છે.

## 'અસ્તિ'માં લાગુ પડતા નયો

'અસ્તિ'ના નિશ્ચય અસ્તિ અને વ્યવહાર અસ્તિ એમ બે ભેદ પડી શકે છે. જીવનો શુદ્ધ પર્યાય તે નિશ્ચયનયે અસ્તિ છે, કેમ કે તે જીવનું સ્વરૂપ છે અને વિકારી પર્યાય તે વ્યવહારનયે અસ્તિરૂપ છે, કેમ કે તે જીવનું સ્વરૂપ નથી. વિકારી પર્યાય અસ્તિરૂપ છે ખરો, પરંતુ તે ટાળવા યોગ્ય છે વ્યવહારનયે તે જીવનો છે અને નિશ્ચયનયે જીવનો નથી.

## 'અસ્તિ'માં બીજી રીતે ઊતરતા નયો

'અસ્તિ'નો અર્થ 'સત્' થાય છે, સત્ ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્ત હોય છે; તેમાં ધ્રૌવ્ય તે નિશ્ચયનયે અસ્તિ છે અને ઉત્પાદ–વ્યય તે વ્યવહારનયે અસ્તિ છે. જીવનું ધ્રૌવ્ય સ્વરૂપ ત્રિકાળી અખંડ શુદ્ધ ચૈતન્યચમત્કાર માત્ર છે, તે કદી વિકાર પામતું નથી; માત્ર ઉત્પાદરૂપ પર્યાયમાં પરલક્ષે ક્ષણિક વિકાર થાય છે. જીવ પોતાનું સ્વરૂપ સમજીને જ્યારે પોતાના ધ્રૌવ્યસ્વરૂપ તરફ વળે છે ત્યારે શુદ્ધપર્યાય પ્રગટે છે.

### પ્રમાણ

શ્રુતપ્રમાણનો એક અંશ તે નય છે. જ્યાં શ્રુતપ્રમાણ ન હોય ત્યાં નય હોય નહિ; જ્યાં નય હોય ત્યાં શ્રુતપ્રમાણ હોય જ. પ્રમાણ તે બંને નયોના વિષયનું યથાર્થ જ્ઞાન કરે છે; તેથી અસ્તિ-નાસ્તિનું એક સાથે જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે.

## નિક્ષેપ

અહીં જીવ જ્ઞેય છે; જ્ઞેયનો અંશ તે નિક્ષેપ છે. અસ્તિ, નાસ્તિ વગેરે ભંગો તે જીવના અંશો છે. જીવ સ્વજ્ઞેય છે અને અસ્તિ, નાસ્તિ વગેરે સ્વજ્ઞેયના અંશરૂપ નિક્ષેપ છે; આ ભાવનિક્ષેપ છે. તેનું યથાર્થ જ્ઞાન તે નય છે. નિક્ષેપ તે વિષય છે અને નય તે તેનો વિષય કરનાર (વિષયી) છે.

## સ્વજ્ઞેય

જીવ સ્વજ્ઞેય છે, તેમ જ પોતે જ્ઞાનસ્વરૂપ છે. દ્રવ્ય–ગુણ–પર્યાય જ્ઞેય છે અને તેનો ત્રિકાળી જાણવાનો સ્વભાવ તે ગુણ છે; તથા જ્ઞાનનો વર્તમાન પર્યાય તે સ્વજ્ઞેયને જાણે છે.

સ્વજ્ઞેયને જાણવામાં જો સ્વ-પરનું ભેદવિજ્ઞાન હોય તો જ તે જ્ઞાનનો સાચો પર્યાય છે.

## અનેકાંત

[સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા. ૩૧૧-૩૧૨, પા. ૧૧૮ થી ૧૨૦ના આધારે]

૧. વસ્તુનું સ્વરૂપ અનેકાન્ત છે. જેમાં અનેક અંત એટલે કે ધર્મ હોય તે અનેકાંત કહેવાય છે. તે ધર્મોમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અનેકત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, ભેદત્વ, અભેદત્વ, અપેક્ષાત્વ, અનપેક્ષાત્વ, દૈવસાધ્યત્વ, પૌરુષસાધ્યત્વ, હેતુસાધ્યત્વ, આગમસાધ્યત્વ, અંતરંગત્વ, બહિરંગત્વ, દ્રવ્યત્વ, પર્યાયત્વ, ઈત્યાદિ ધર્મો તો સામાન્ય છે; અને જીવત્વ, અજીવત્વ, સ્પર્શત્વ–રસત્વ–ગંધત્વ–વર્ણત્વ, શબ્દત્વ, શુદ્ધત્વ, અશુદ્ધત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ, સંસારિત્વ, સિદ્ધત્વ, અવગાહહેતુત્વ, ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ, વર્તનાહેતુત્વ ઈત્યાદિ વિશેષ ધર્મો છે. વસ્તુ સમજવાને માટે પ્રશ્ન ઊઠતાં પ્રશ્ન વશથી તે ધર્મોના સંબંધમાં વિધિ–નિષેધરૂપ વચનનાં સાત ભંગ થાય છે. તે સાત ભંગોમાં 'સ્યાત્' એવું પદ લગાડવું. 'કથંચિત્'–'કોઈ પ્રકારે' એવા અર્થમાં 'સ્યાત્' શબ્દ છે; તેના વડે વસ્તુને અનેકાન્ત સ્વરૂપે સાધવી.

## ૨. સપ્તભંગી અને અનેકાંત

(૧) વસ્તુ સ્યાત્ અસ્તિત્વરૂપ છે, એમ કોઈ પ્રકારે–પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવપણે અસ્તિત્વરૂપ કહેવાય છે.–૧. વસ્તુ સ્યાત્ નાસ્તિત્વરૂપ છે–એમ પરવસ્તુનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ –ભાવપણે નાસ્તિત્વરૂપ કહેવાય છે.–૨. વળી વસ્તુ સ્યાત્ અસ્તિત્વ–નાસ્તિત્વરૂપ છે–એમ વસ્તુમાં અસ્તિ–નાસ્તિ બંને ધર્મો રહેલા છે; તે વચન વડે ક્રમથી કહી શકાય છે.–૩. વળી વસ્તુ સ્યાત્ અવક્તવ્ય છે; જોકે વસ્તુમાં અસ્તિ, નાસ્તિ બંને ધર્મો એક જ વખતે રહેલા છે, તોપણ વચન વડે એક સાથે બંને ધર્મો કહી શકાતાં નથી; તેથી કોઈ પ્રકારે વસ્તુ અવક્તવ્ય છે.–૪. અસ્તિત્વપણે વસ્તુસ્વરૂપ કહી શકાય છે, પણ અસ્તિ–નાસ્તિ બંને ધર્મો વસ્તુમાં એક સાથે રહેલા છે, તેથી વસ્તુ કહી શકાતી નથી. આ રીતે વસ્તુ વક્તવ્ય પણ છે અને અવક્તવ્ય પણ છે; તેથી સ્યાત્ અસ્તિત્વ અવક્તવ્ય છે.–૫. એ જ પ્રમાણે (–અસ્તિત્વની જેમ) વસ્તુને સ્યાત્ નાસ્તિત્વ અવક્તવ્ય કહેવી.–૬. વળી બંને ધર્મ ક્રમે કહી શકાય પણ એક સાથે કહી શકાય નહિ, તેથી વસ્તુને સ્યાત્ અસ્તિત્વ–નાસ્તિત્વ અવક્તવ્ય કહેવી.–૭. ઉપર પ્રમાણે સાત ભંગ વસ્તુમાં સંભવે છે.

(૨) એ પ્રમાણે એકત્વ, અનેકત્વ વગેરે સામાન્ય ધર્મો પર તે સાત ભંગ વિધિ–નિષેધથી લગાડવા. જ્યાં જે અપેક્ષા સંભવે તે લગાડવી. વળી તે જ પ્રમાણે જીવત્વ, અજીવત્વ આદિ વિશેષ ધર્મોમાં તે ભંગો લગાડવા. જેમ કે–જીવ નામની વસ્તુ છે તે સ્યાત્ જીવત્વ છે, સ્યાત્ અજીવત્વ છે. ઈત્યાદિ પ્રકારે લગાડવા. ત્યાં આ પ્રમાણે અપેક્ષા સમજવી કે–જીવનો પોતાનો

જીવત્વ ધર્મ જીવમાં છે, તેથી જીવત્વ છે. પર–અજીવનો અજીવત્વધર્મ જીવમાં નથી, તોપણ જીવના બીજા (–જ્ઞાન સિવાયના) ધર્મોને મુખ્ય કરીને કહીએ ત્યારે તે ધર્મોની અપેક્ષાએ અજીવત્વ છે; ઈત્યાદિ સાત ભંગ લગાડવા, તથા અનંત જીવો છે તેની અપેક્ષાએ એટલે કે પોતાનું જીવત્વ પોતામાં છે અને પરનું જીવત્વ પોતામાં નથી, તેથી પર જીવોની અપેક્ષાએ અજીવત્વ છે; એ પ્રમાણે પણ અજીવત્વ ધર્મ સાધી શકાય છે–કહી શકાય છે. આ પ્રમાણે અનાદિનિધન અનંત જીવ, અજીવ વસ્તુઓ છે. તે દરેકમાં પોતપોતાના દ્રવ્યત્વ, પર્યાયત્વ વગેરે અનંત ધર્મો છે. તે ધર્મો સહિત સાત ભંગથી વસ્તુને સાધવી–સિદ્ધ કરવી.

(૩) વસ્તુના સ્થૂળ પર્યાયો છે તે પણ ચિરકાલસ્થાયી અનેક ધર્મરૂપ હોય છે. જેમ કે–જીવોમાં સંસારીપર્યાય અને સિદ્ધપર્યાય. વળી સંસારીમાં ત્રસ, સ્થાવર; તેમાં મનુષ્ય, તિર્યંચ ઈત્યાદિ. પુદ્‌ગલમાં અણુ, સ્કન્ધ તથા ઘટ, પટ વગેરે. તે પર્યાયોને પણ કથંચિત્ વસ્તુપણું સંભવે છે. તે પણ ઉપર પ્રમાણે જ સાત ભંગથી સાધવું; તેમ જ જે જીવ અને પુદ્‌ગલના સંયોગથી થયેલા આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, પુણ્ય, પાપ, મોક્ષ વગેરે ભાવોમાં પણ, ઘણા ધર્મપણાની અપેક્ષાએ તથા પરસ્પર વિધિ–નિષેધ વડે, અનેક–ધર્મરૂપ કથંચિત્ વસ્તુપણું સંભવે છે; તે સપ્તભંગ વડે સાધવું.

(૪) એ નિયમપૂર્વક જાણવું, કે દરેક વસ્તુ અનેક ધર્મસ્વરૂપ છે. તે સર્વને અનેકાન્તસ્વરૂપ જાણીને જે શ્રદ્ધા કરે અને તે પ્રમાણે જ લોકને વિષે વ્યવહાર પ્રવર્તાવે તે સમ્યગ્દ્રષ્ટિ છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ—એ નવ પદાર્થો છે, તેમને તે જ પ્રમાણે સપ્તભંગ વડે સાધવા. તેનું સાધન શ્રુતજ્ઞાનપ્રમાણ છે.

## 3. નય

(૧) શ્રુતજ્ઞાનના બે ભેદ છે–દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક; વળી તેના (દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકના) નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનય એ સાત ભેદ છે; તેમાંના પહેલા ત્રણ ભેદ દ્રવ્યાર્થિકના છે અને બાકીના ચાર ભેદ પર્યાયાર્થિકના છે અને તેના પણ ઉત્તરોત્તર ભેદ, જેટલા વચનના પ્રકાર છે તેટલા છે. તેને પ્રમાણસપ્તભંગી અને નયસપ્તભંગીના વિધાન વડે સાધવામાં આવે છે. આ પ્રમાણે પ્રમાણ અને નય દ્વારા જીવાદિ પદાર્થોને જાણીને શ્રદ્ધાન કરે, તે શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિ હોય છે.

(૨) વળી અહીં એટલું વિશેષ જાણવું કે, નય છે તે વસ્તુના એક એક ધર્મનો ગ્રાહક છે. તે દરેક નય પોતપોતાના વિષયરૂપ ધર્મને ગ્રહણ કરવામાં સમાન છે, તોપણ વક્તા પોતાના પ્રયોજનવશ તેમને મુખ્ય–ગૌણ કરીને કહે છે; જેમ કે જીવ નામની વસ્તુ છે, તેમાં અનેક ધર્મો છે તોપણ ચેતનપણું, પ્રાણધારણપણું વગેરે ધર્મો અજીવથી અસાધારણ દેખીને, જીવને અજીવથી

જુદો દર્શાવવાના પ્રયોજનવશ, તે ધર્મોને મુખ્ય કરીને વસ્તુનું નામ 'જીવ' રાખ્યું. એ જ પ્રમાણે વસ્તુના સર્વ ધર્મોમાં પ્રયોજનવશ મુખ્ય–ગૌણ કરવાનું જાણવું.

## ૪. અધ્યાત્મ નય

**(૧) આ જ આશયથી અધ્યાત્મકથનીમાં મુખ્યત્વે તો નિશ્ચય કહ્યો છે અને ગૌણને વ્યવહાર કહ્યો છે. તેમાં અભેદધર્મને તો મુખ્ય કરીને તેને નિશ્ચયનો વિષય કહ્યો અને ભેદનયને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો.** દ્રવ્ય તો અભેદ છે, તેથી નિશ્ચયનો આશ્રય દ્રવ્ય છે અને પર્યાય ભેદરૂપ છે, તેથી વ્યવહારનો આશ્રય પર્યાય છે. તેમાં પ્રયોજન આ પ્રમાણે છે, કે ભેદરૂપ વસ્તુને સર્વ લોક જાણે છે, તેમને ભેદરૂપ વસ્તુ જ પ્રસિદ્ધ છે, તેથી કરીને લોક પર્યાયબુદ્ધિ છે. જીવના નર, નારકાદિ પર્યાયો છે, તથા રાગ–દ્વેષ, ક્રોધ –માન–માયા–લોભ આદિ પર્યાયો છે, તેમ જ જ્ઞાનના ભેદરૂપ મતિ-જ્ઞાનાદિક પર્યાયો છે, તે પર્યાયોને જ લોકો જીવ સમજે છે; તેથી (—અર્થાત્ તે પર્યાયબુદ્ધિ છોડાવવાના પ્રયોજનથી) તે પર્યાયમાં અભેદરૂપ અનાદિ–અનંત એક ભાવ જે ચેતનાધર્મ છે, તેને ગ્રહણ કરી નિશ્ચયનયનો વિષય કહીને જીવદ્રવ્યનું જ્ઞાન કરાવ્યું અને પર્યાયાશ્રિત જે ભેદનય તેને ગૌણ કર્યો; તથા અભેદદૃષ્ટિમાં તે ભેદ દેખાતા નથી, તેથી અભેદનયની દૃઢ શ્રદ્ધા કરાવવા માટે કહ્યું કે–જે પર્યાયનય છે તે વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. ભેદબુદ્ધિના એકાંતનું નિરાકરણ કરવા માટે આ કથન જાણવું.

(૨) અહીં એમ ન સમજવું કે જે ભેદ છે તેને અસત્યાર્થ કહ્યા છે, તેથી ભેદ તે વસ્તુનું સ્વરૂપ જ નથી. 'ભેદ નથી' એમ જો સર્વથા માને તો તે અનેકાન્તને સમજ્યા નથી, સર્વથા એકાંત શ્રદ્ધાથી તે મિથ્યાદૃષ્ટિ છે. અધ્યાત્મશાસ્ત્રો વિષે જ્યાં નિશ્ચય–વ્યવહારનય કહ્યા છે ત્યાં પણ તે બંનેના પરસ્પર વિધિ–નિષેધ વડે સપ્તભંગીથી વસ્તુ સાધવી. એક નયને સર્વથા સત્યાર્થ માને અને એકને સર્વથા અસત્યાર્થ માને તો મિથ્યા શ્રદ્ધા થાય છે, માટે ત્યાં પણ 'કથંચિત્' જાણવું.

## ૫. ઉપચાર નય

(૧) એક વસ્તુનું બીજી વસ્તુમાં આરોપણ કરીને પ્રયોજન સાધવામાં આવે ત્યાં ઉપચાર નય કહેવાય છે; તે પણ વ્યવહારમાં જ ગર્ભિત છે એમ કહ્યું છે. જ્યાં પ્રયોજન કે નિમિત્ત હોય ત્યાં તે ઉપચાર પ્રવર્તે છે. ઘીનો ઘડો એમ કહીએ ત્યારે, માટીના ઘડાના આશ્રયે ઘી ભરેલું છે, તેમાં વ્યવહારીજનોને આધાર–આધેય ભાવ ભાસે છે; તેને પ્રધાન કરીને (ઘીનો ઘડો) કહેવામાં આવે છે. જો 'ઘીનો ઘડો છે' એમ જ કહીએ તો લોક સમજે અને 'ઘીનો ઘડો' મંગાવે ત્યારે તે લઈ આવે; માટે ઉપચાર વિષે પણ પ્રયોજન સંભવે છે તથા જ્યાં અભેદનયને

મુખ્ય કરવામાં આવે ત્યાં અભેદદ્રષ્ટિમાં ભેદ દેખાતા નથી, છતાં તે વખતે તેમાં (અભેદનયની મુખ્યતામાં) જ ભેદ કહે છે તે અસત્યાર્થ છે. ત્યાં પણ ઉપચારની સિદ્ધિ ગૌણપણે હોય છે.

## ૬. સમ્યગ્દ્રષ્ટિનું અને મિથ્યાદ્રષ્ટિનું જ્ઞાન

(૧) આ મુખ્ય–ગૌણના ભેદને સમ્યગ્દ્રષ્ટિ જાણે છે; મિથ્યાદ્રષ્ટિ અનેકાન્ત વસ્તુને જાણતો નથી અને સર્વથા એક ધર્મ ઉપર દ્રષ્ટિ પડે ત્યારે તે એક ધર્મને જ સર્વથા વસ્તુ માનીને વસ્તુના અન્ય ધર્મોને તો સર્વથા ગૌણ કરીને અસત્યાર્થ માને અથવા તો અન્ય ધર્મોનો સર્વથા અભાવ જ માને છે, એમ માનવાથી મિથ્યાત્વ દ્રઢ થાય છે. જ્યાં સુધી જીવ યથાર્થ વસ્તુસ્વરૂપ જાણવાનો પુરુષાર્થ કરતો નથી ત્યાં સુધી યથાર્થ શ્રદ્ધા થતી નથી. આ અનેકાન્ત વસ્તુને પ્રમાણ –નય વડે સપ્તભંગથી સાધવી તે સમ્યક્ત્વનું કાર્ય છે, તેથી તેને પણ સમ્યક્ત્વ જ કહીએ છીએ–એમ જાણવું. જિનમતની કથની અનેક પ્રકારે છે તે અનેકાન્તરૂપે સમજવી.

(૨) આ સપ્તભંગીના અસ્તિ અને નાસ્તિ એ બે પ્રથમ ભેદો ખાસ લક્ષમાં લેવા જેવા છે; તે બે ભેદો એમ બતાવે છે કે જીવ પોતામાં સવળા કે અવળા ભાવ કરી શકે પણ પરનું કાંઈ કરી શકે નહિ, તેમ જ પરદ્રવ્યરૂપ અન્ય જીવો કે જડ કર્મ વગેરે સૌ પોતપોતામાં કાર્ય કરી શકે પણ તે કોઈ આ જીવનું ભલું, બૂરું, કાંઈ કરી શકે નહિ; માટે પરવસ્તુઓ તરફથી લક્ષ ઉઠાવી અને પોતામાં પડતા ભેદોને ગૌણ કરવા માટે તે ભેદો ઉપરથી પણ લક્ષ ઉઠાવી લઈને પોતાના ત્રિકાળી અભેદ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ઉપર દ્રષ્ટિ આપવી; તેના આશ્રયે નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટે છે. તેનું ફળ અજ્ઞાનનો નાશ થઈને ઉપાદેયની બુદ્ધિ અને વીતરાગતાની પ્રાપ્તિ છે.

## ૭. અનેકાન્ત શું બતાવે છે ?

૧. અનેકાન્ત વસ્તુને પરથી અસંગ બતાવે છે. અસંગપણાની સ્વતંત્ર શ્રદ્ધા તે અસંગપણાની ખીલવટનો ઉપાય છે; પરથી જુદાપણું તે વસ્તુનો સ્વભાવ છે.

૨. અનેકાંત વસ્તુને 'સ્વપણે છે અને પરપણે નથી' એમ બતાવે છે. પરપણે આત્મા નથી, તેથી પરવસ્તુનું કાંઈ પણ કરવા આત્મા સમર્થ નથી અને પરવસ્તુ ન હોય, તેથી આત્મા દુઃખી પણ નથી.

'તું તારાપણે છો' તો પરપણે નથી અને પરવસ્તુ અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય તેને ફેરવવા તું સમર્થ નથી. બસ! આટલું નક્કી કર તો શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ તારી પાસે જ છે.

૩. અનેકાન્ત વસ્તુને સ્વપણે સત્ બતાવે છે. સત્‌ને સામગ્રીની જરૂર નથી, સંયોગની જરૂર નથી; પણ સત્‌ને સત્‌ના નિર્ણયની જરૂર છે કે 'સત્‌પણે છું, પરપણે નથી.'

૪. અનેકાન્ત વસ્તુને એક–અનેકસ્વરૂપે બતાવે છે. 'એક' કહેતાં જ 'અનેક'ની અપેક્ષા આવી જાય છે. તું તારામાં એક છો અને તારામાં જ અનેક છો. તારા ગુણ–પર્યાયથી અનેક છો, વસ્તુથી એક છો.

૫. અનેકાન્ત વસ્તુને નિત્ય–અનિત્યસ્વરૂપ બતાવે છે. પોતે નિત્ય છે અને પોતે જ પર્યાયે અનિત્ય છે; તેમાં જે તરફની રુચિ તે તરફનો પલટો (પરિણામ) થાય. નિત્યવસ્તુની રુચિ કરે તો નિત્ય ટકનારી એવી વીતરાગતા થાય અને અનિત્ય એવા પર્યાયની રુચિ થાય, તો ક્ષણિક એવા રાગ–દ્વેષ થાય.

૬. અનેકાન્ત દરેક વસ્તુની સ્વતંત્રતા જાહેર કરે છે. વસ્તુ પરથી નથી અને સ્વથી છે, એમ કહ્યું. તેમાં 'સ્વ અપેક્ષાએ દરેક વસ્તુ પરિપૂર્ણ જ છે' એ આવી જાય છે. વસ્તુને પરની જરૂર નથી, પોતાથી જ પોતે સ્વાધીન–પરિપૂર્ણ છે.

૭. અનેકાન્ત એકેક વસ્તુમાં અસ્તિ–નાસ્તિ આદિ બે વિરુદ્ધ શક્તિઓ બતાવે છે. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી બે વિરુદ્ધ શક્તિઓ થઈને જ તત્ત્વની પૂર્ણતા છે; એવી બે વિરુદ્ધ શક્તિઓનું હોવું તે વસ્તુનો સ્વભાવ છે.

## ૮. શાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ

વ્યવહારનય સ્વદ્રવ્ય–પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ–કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે, માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે, તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી, તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન** :—જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે, તેનું શું કારણ?

**ઉત્તર** :—જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો "સત્યાર્થ એમ જ છે" એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે, તેને "એમ નથી પણ નિમિત્તાદિની, અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે" એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે. પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી "આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે" એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

**પ્રશ્ન** :—જો વ્યવહારનય અસત્યાર્થ છે, તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો? એક નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું.

**ઉત્તર** :—એવો જ તર્ક શ્રી સમયસારમાં કર્યો છે ત્યાં આ ઉત્તર આપ્યો છે, કે–જેમ


કોઈ અનાર્ય–મલેચ્છને મલેચ્છ ભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી, તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે, તેથી વ્યવહારનો ઉપદેશ છે. વળી એ જ સૂત્રની વ્યાખ્યામાં એમ કહ્યું છે, કે–એ પ્રમાણે નિશ્ચયને અંગીકાર કરાવવા માટે વ્યવહાર વડે ઉપદેશ આપીએ છીએ પણ વ્યવહારનય છે, તે અંગીકાર કરવા યોગ્ય નથી. —*શ્રી મોક્ષમાર્ગપ્રકાશક*

## ૯. મુમુક્ષુઓનું કર્તવ્ય

અત્યારે આ પંચમકાળમાં આ કથનીને સમજનાર સમ્યગ્જ્ઞાની ગુરુનું નિમિત્ત સુલભ નથી, પણ જ્યાં મળી શકે ત્યાં તેમની પાસેથી મુમુક્ષુઓએ આ સ્વરૂપ સમજવું; અને જ્યાં ન મળી શકે ત્યાં શાસ્ત્ર સમજવાનો નિરંતર ઉદ્યમ રાખીને આ સમજવું. આના આશ્રયે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, માટે આ યથાર્થ સમજવું. સત્‌શાસ્ત્રનું શ્રવણ કરવું, પઠન કરવું, ચિંતન કરવું–ભાવના કરવી, ધારવું, હેતુ–યુક્તિ વડે નયવિવક્ષા સમજવી, ઉપાદાન–નિમિત્તનું સ્વરૂપ સમજવું અને વસ્તુના અનેકાન્ત સ્વરૂપનો નિશ્ચય કરવો. તે સમ્યગ્દર્શન પ્રાપ્તિનું મુખ્ય કારણ છે, તેથી મુમુક્ષુ જીવોએ તેનો ઉપાય નિરંતર કરવા યોગ્ય છે.

આ પ્રમાણે જીવનો અધિકાર પૂરો થયો; હવે પરજ્ઞેયનું એટલે કે અજીવ તત્ત્વનું સ્વરૂપ પાંચમા અધ્યાયમાં વર્ણવશે. તેમાં બધાં દ્રવ્યોને લાગુ પડતા નિયમો તથા તેમાંથી જીવને લાગુ પડતી બાબતો આચાર્ય ભગવાન બતાવશે.

**એ પ્રમાણે શ્રી ઉમાસ્વામી વિરચિત મોક્ષશાસ્ત્રના**
**ચોથા અધ્યાયની ગુજરાતી ટીકા પૂરી થઈ.**



## દેવગતિ વ્યવસ્થા (ભવનત્રિક)

| દેવ | નિવાસ | ભેદ | ઇન્દ્ર | લેશ્યા | શરીરની ઉંચાઈ | ઉત્કૃષ્ટ આયુ | જઘન્ય આયુ | પ્રવીચાર |
|---|---|---|---|---|---|---|---|---|
| **ભવનવાસી** | | ૧૦ | ૪૦ | કૃષ્ણ, નીલ, કાપોત તથા જઘન્ય પીત | | | | કાય પ્રવીચાર |
| ૧. અસુરકુમાર | રત્નપ્રભાનો પંકભાગ | | | ” | ૨૫ ધનુષ | ૧ સાગર | દસ હજાર વર્ષ | |
| ૨. નાગકુમાર | રત્નપ્રભા પૃથ્વીના ઉપર—નીચે એકૈક હજાર યોજન છોડીને ખર ભાગમાં | | | ” | ૧૦ ધનુષ | ૩ પલ્ય | ” | |
| ૩. વિદ્યુતકુમાર | | | | ” | ૧૦ ધનુષ | ૧ાા પલ્ય | ” | |
| ૪. સુપર્ણકુમાર | | | | ” | ૧૦ ધનુષ | ૨ાા પલ્ય | ” | |
| ૫. અગ્નિકુમાર | | | | ” | ૧૦ ધનુષ | ૧ાા પલ્ય | ” | |
| ૬. વાતકુમાર | | | | ” | ૧૦ ધનુષ | ૧ાા પલ્ય | ” | |
| ૭. સ્તનિતકુમાર | | | | ” | ૧૦ ધનુષ | ૧ાા પલ્ય | ” | |
| ૮. ઉદધિકુમાર | | | | ” | ૧૦ ધનુષ | ૧ાા પલ્ય | ” | |
| ૯. દ્વીપકુમાર | | | | ” | ૧૦ ધનુષ | ૨ પલ્ય | ” | |
| ૧૦. દિક્કુમાર | | | | ” | ૧૦ ધનુષ | ૧ાા પલ્ય | ” | |

| દેવ | નિવાસ | ભેદ | ઇન્દ્ર | લેશ્યા | શરીરની ઉંચાઈ | ઉત્કૃષ્ટ આયુ | જઘન્ય આયુ | પ્રવીચાર |
|---|---|---|---|---|---|---|---|---|
| **વ્યંતર** | | ૮ | ૩૨ | કૃષ્ણ, નીલ, કાપોત તથા જઘન્ય પીત | | ૧ પલ્યથી કાંઈક અધિક | દસ હજાર વર્ષ | કાય પ્રવીચાર |
| ૧. કિન્નર | ઉપરનો ખરભાગ | | | ” | ૧૦ ધનુષ | | | |
| ૨. કિંપુરુષ | ” | | | ” | ૧૦ ધનુષ | | | |
| ૩. મહોરગ | ” | | | ” | ૧૦ ધનુષ | | | |
| ૪. ગંધર્વ | ” | | | ” | ૧૦ ધનુષ | | | |
| ૫. યક્ષ | ” | | | ” | ૧૦ ધનુષ | | | |
| ૬. રાક્ષસ | પંક ભાગ | | | ” | ૧૦ ધનુષ | | | |
| ૭. ભૂત | ઉપરનો ખરભાગ | | | ” | ૧૦ ધનુષ | | | |
| ૮. પિશાચ | ” | | | ” | ૧૦ ધનુષ | | | |
| **જ્યોતિષી** | | ૫ | ૨ | | | ૧ પલ્યથી કાંઈક અધિક | $\frac{૧}{૮}$ પલ્ય | કાય પ્રવીચાર |
| ૧. સૂર્ય | સમાન ધરાતળથી ૭૯૦ યોજનની ઊંચાઈથી શરૂ કરી ૯૦૦ યોજન ઊંચાઈ સુધીના મધ્યલોકમાં | | | ” | ૭ ધનુષ | | | |
| ૨. ચંદ્રમા | | | | ” | ” | | | |
| ૩. ગ્રહ | | | | ” | ” | | | |
| ૪. નક્ષત્ર | | | | ” | ” | | | |
| ૫. પ્રકીર્ણક | | | | ” | ” | | | |

# દેવગતિ વ્યવસ્થા (વૈમાનિક)

| દેવ | નિવાસ | ભેદ | ઇન્દ્ર | લેશ્યા | શરીરની ઉંચાઈ | ઉત્કૃષ્ટ આયુ | જઘન્ય આયુ | પ્રવીચાર |
|---|---|---|---|---|---|---|---|---|
| **કલ્પ** | | | | | | | | |
| સૌધર્મ—ઐશાન | ઊર્ધ્વલોક | ૧૨ | ૨૪ | પીત | ૭ હાથ | ૨ સાગરથી અધિક | ૧ પલ્યથી અધિક | કાય |
| સાનત્કુમાર—માહેન્દ્ર | ” | | | પીત-પદ્મ | ૬ હાથ | ૭ સાગરથી અધિક | ૨ સાગરથી અધિક | સ્પર્શ |
| બ્રહ્મ—બ્રહ્મોત્તર | ” | | | પદ્મ | ૫ હાથ | ૧૦ સાગરથી અધિક | ૭ સાગરથી અધિક | રૂપ |
| લાન્તવ—કાપિષ્ટ | ” | | | પદ્મ | ૫ હાથ | ૧૪ સાગરથી અધિક | ૧૦ સાગરથી અધિક | રૂપ |
| શુક્ર—મહાશુક્ર | ” | | | પદ્મ-શુક્લ | ૪ હાથ | ૧૬ સાગરથી અધિક | ૧૪ સાગરથી અધિક | શબ્દ |
| સતાર—સહસ્રાર | ” | | | પદ્મ-શુક્લ | ૪ હાથ | ૧૮ સાગરથી અધિક | ૧૬ સાગરથી અધિક | શબ્દ |
| આનત—પ્રાણત | ” | | | શુક્લ | ૩।। હાથ | ૨૦ સાગર | ૧૮ સાગરથી અધિક | મન |
| આરણ—અચ્યુત | ” | | | શુક્લ | ૩ હાથ | ૨૨ સાગર | ૨૦ સાગરથી અધિક | મન |
| **ગ્રૈવેયક** | | | | | | | | |
| સુદર્શન | ” | | અહ- | શુક્લ | ૨।। હાથ | ૨૩ સાગર | ૨૨ સાગર | ૧૬ સ્વર્ગથી |
| અમોઘ | ” | | મિન્દ્ર | ” | ૨।। હાથ | ૨૪ સાગર | ૨૩ સાગર | ઉપરના |
| સુપ્રબુદ્ધ | ” | | | ” | ૨।। હાથ | ૨૫ સાગર | ૨૪ સાગર | બધા દેવો |
| યશોધર | ” | | | ” | ૨ હાથ | ૨૬ સાગર | ૨૫ સાગર | અપ્રવીચારી |
| સુભદ્ર | ” | | | ” | ૨ હાથ | ૨૭ સાગર | ૨૬ સાગર | છે, કેમ કે |
| વિશાલ | ” | | | ” | ૨ હાથ | ૨૮ સાગર | ૨૭ સાગર | તેઓને |
| સુમન | ” | | | ” | ૧।। હાથ | ૨૯ સાગર | ૨૮ સાગર | કામવાસના |
| સૌમન | ” | | | ” | ૧।। હાથ | ૩૦ સાગર | ૨૯ સાગર | જ ઉત્પન્ન |
| પ્રીતિંકર | ” | | | ” | ૧।। હાથ | ૩૧ સાગર | ૩૦ સાગર | થતી નથી. |

| દેવ | નિવાસ | ભેદ | ઇન્દ્ર | લેશ્યા | શરીરની ઉંચાઈ | ઉત્કૃષ્ટ આયુ | જઘન્ય આયુ | પ્રવીચાર |
|---|---|---|---|---|---|---|---|---|
| **અનુદિશ** | | | | | | | | |
| આદિત્ય | ઊર્ધ્વલોક | | અહમિંદ્ર | પરમ શુક્લ | ૧॥ હાથ | ૩૨ સાગર | ૩૧ સાગર | ૧૬ સ્વર્ગથી ઉપરના બધા દેવો અપ્રવીચારી છે, કેમ કે તેઓને કામવાસના જ ઉત્પન્ન થતી નથી. |
| અર્ચિ | ,, | | | ,, | ૧॥ હાથ | ૩૨ સાગર | ૩૧ સાગર | |
| અર્ચિમાલી | ,, | | | ,, | ૧॥ હાથ | ૩૨ સાગર | ૩૧ સાગર | |
| વૈરોચન | ,, | | | ,, | ૧॥ હાથ | ૩૨ સાગર | ૩૧ સાગર | |
| પ્રભાસ | ,, | | | ,, | ૧॥ હાથ | ૩૨ સાગર | ૩૧ સાગર | |
| અર્ચિપ્રભ | ,, | | | ,, | ૧॥ હાથ | ૩૨ સાગર | ૩૧ સાગર | |
| અર્ચિમધ્ય | ,, | | | ,, | ૧॥ હાથ | ૩૨ સાગર | ૩૧ સાગર | |
| અર્ચિરાવર્ત | ,, | | | ,, | ૧॥ હાથ | ૩૨ સાગર | ૩૧ સાગર | |
| અર્ચિર્વિશિષ્ઠ | ,, | | | ,, | ૧॥ હાથ | ૩૨ સાગર | ૩૧ સાગર | |
| **અનુત્તર** | | | | | | | | |
| વિજય | ,, | | અહમિન્દ્ર | ,, | ૧ હાથ | ૩૩ સાગર | ૩૧ સાગર | |
| વૈજયન્ત | ,, | | | ,, | ૧ હાથ | ૩૩ સાગર | ૩૧ સાગર | |
| જયન્ત | ,, | | | ,, | ૧ હાથ | ૩૩ સાગર | ૩૧ સાગર | |
| અપરાજિત | ,, | | | ,, | ૧ હાથ | ૩૩ સાગર | જઘન્ય આયુષ્ય | |
| સર્વાર્થસિદ્ધિ | ,, | | | ,, | ૧ હાથ | ૩૩ સાગર | હોતું જ નથી | |

**નોટ** : ૧. વૈમાનિક દેવાનાં સ્વર્ગ ૧૬ છે, પરંતુ તેમના ઈન્દ્રો ૧૨ છે. અહીં ઈન્દ્રોની અપેક્ષાએ ૧૨ ભેદ કહ્યા છે. પહેલાં ચાર તથા છેલ્લાં ચાર સ્વર્ગમાં દરેકનો એક ઈન્દ્ર છે અને વચલાં આઠ સ્વર્ગોમાં બબ્બે સ્વર્ગનો એક ઈન્દ્ર છે.

૨. પાંચમા સ્વર્ગમાં જે લૌકાંતિક દેવો રહે છે, તેમનું આયુષ્ય ૮ સાગરનું હોય છે.

## —મોક્ષશાસ્ત્ર–ગુજરાતી ટીકા—

# —અધ્યાય પાંચમો—

## ભૂમિકા

આ શાસ્ત્ર શરૂ કરતાં આચાર્ય ભગવાને પહેલા અધ્યાયના પહેલા જ સૂત્રમાં જણાવ્યું કે, સાચા સુખનો એક જ માર્ગ છે અને તે માર્ગ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા છે. ત્યાર પછી તત્ત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે એમ જણાવ્યું; પછી સાત તત્ત્વો જણાવ્યાં; તે તત્ત્વોમાં પહેલું જીવતત્ત્વ છે તેની સમજણ બીજા, ત્રીજા અને ચોથા અધ્યાયોમાં આપી.

બીજું અજીવતત્ત્વ છે, તેનું જ્ઞાન આ પાંચમા અધ્યાયમાં કરાવવામાં આવ્યું છે. પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ પાંચ 'અજીવ' દ્રવ્યો છે, એમ જણાવ્યા પછી તેને ઓળખવા માટે તેમનાં ખાસ લક્ષણો તથા તેમનાં ક્ષેત્રો બતાવ્યાં છે. જીવ સહિત છ દ્રવ્યો છે એમ જણાવીને દ્રવ્ય, ગુણ, પર્યાય, નિત્ય, અવસ્થિત તથા અનેકાંત વગેરેનું સ્વરૂપ બતાવ્યું છે.

ઈશ્વર આ જગતનો કર્તા છે એવી માન્યતા ભ્રમ ભરેલી છે; જગતનાં બધાં દ્રવ્યો પોતાથી સત્ છે, કોઈએ તેમને બનાવ્યાં નથી; આમ બતાવવા માટે 'सत् द्रव्य लक्षणं'—'દ્રવ્યનું લક્ષણ સત્ છે' એમ ૨૯મા સૂત્રમાં કહ્યું. જગતના બધા પદાર્થો ટકીને ક્ષણે ક્ષણે પોતામાં જ પોતાની અવસ્થા પોતે પોતાથી બદલ્યા કરે છે; આમ સત્‌નું સ્વરૂપ બતાવવા માટે ૩૦મું સૂત્ર કહ્યું. દરેક વસ્તુ દ્રવ્યપણે નિત્ય અને પર્યાયપણે અનિત્ય છે; એમ બતાવવા માટે, 'ગુણ–પર્યાયવાળું દ્રવ્ય છે' એવું દ્રવ્યનું બીજું લક્ષણ ૩૮મા સૂત્રમાં કહ્યું છે. દરેક દ્રવ્ય પોતે પોતાથી પરિણમે છે, તેથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ; આમ બતાવવા માટે ૪૨મું સૂત્ર કહ્યું છે. વસ્તુનું સ્વરૂપ અનેકાંતમય છે, પણ તે એક સાથે કહી શકાતું નથી, તેથી કથનમાં મુખ્ય–ગૌણપણું આવે છે; આમ ૩૨મા સૂત્રમાં બતાવ્યું. આ રીતે ઘણા ઉપયોગી સિદ્ધાંતો આ અધ્યાયમાં લેવામાં આવ્યા છે.

આ અધ્યાયમાં सद्द्रव्यलक्षणम्; उत्पादव्ययध्रव्ययुक्तं सत्; गुणपर्यायवत् द्रव्यं; अर्पितानर्पित सिद्धेः અને तद्भावः परिणामः એ પાંચ (૨૯, ૩૦, ૩૮, ૩૨ અને ૪૨) સૂત્રો વસ્તુસ્વરૂપના પાયારૂપ છે—વિશ્વધર્મના પાયારૂપ છે. આ અધ્યાય સિદ્ધ કરે છે કે, સર્વજ્ઞ સિવાય બીજું કોઈ જીવ અને અજીવનું સત્યસ્વરૂપ કહી શકે નહિ. જીવ અને બીજા પાંચ અજીવ (–પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશ તથા કાળ) દ્રવ્યોનું સ્વરૂપ જે આ

શાસ્ત્રમાં તેમ જ બીજાં જૈનશાસ્ત્રોમાં આપ્યું છે તે અદ્વિતીય છે, તેનાથી વિરુદ્ધ માન્યતા જગતના કોઈ પણ જીવોની હોય તો તે અસત્ય છે. માટે જિજ્ઞાસુઓએ સાચું સમજીને સત્યસ્વરૂપ ગ્રહણ કરવું અને અસત્ય માન્યતા તથા અજ્ઞાન છોડવાં.

ધર્મના નામે જગતમાં જૈન સિવાયની બીજી પણ અનેક માન્યતાઓ ચાલે છે, પણ તેમનામાં વસ્તુસ્વરૂપનું યથાર્થ કથન મળી આવતું નથી; જીવ, અજીવ વગેરે તત્ત્વોનું સ્વરૂપ તેઓ અન્યથા કહે છે; આકાશ અને કાળનું જે સ્વરૂપ તેઓ કહે છે તે સ્થૂળ અને અન્યથા છે; અને ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયના સ્વરૂપથી તો તેઓ તદ્દન અજ્ઞાત છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, વસ્તુના સાચા સ્વરૂપથી વિરુદ્ધ ચાલતી તે બધી માન્યતાઓ અસત્ય છે, તત્ત્વથી વિરુદ્ધ છે.

## અજીવતત્ત્વનું વર્ણન

## अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ॥१॥

**અર્થ** :—[धर्माधर्माकाशपुद्गलाः] ધર્મ (દ્રવ્ય) અધર્મ (દ્રવ્ય) આકાશ અને પુદ્‌ગલ એ ચાર [अजीव] અજીવ તથા [कायाः] બહુપ્રદેશી છે.

### ટીકા

(૧) સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરતાં તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યક્ત્વ છે એમ પહેલા અધ્યાયના બીજા સૂત્રમાં કહ્યું છે; પછી ત્રીજા સૂત્રમાં તત્ત્વોનાં નામ જણાવ્યાં છે, તેમાંથી જીવનો અધિકાર પૂરો થતાં અજીવતત્ત્વ કહેવું જોઈએ, તેથી આ અધ્યાયમાં મુખ્યપણે અજીવનું સ્વરૂપ કહ્યું છે.

(૨) જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ જાણતો નથી અને તેથી સાત તત્ત્વો સંબંધી તેને અજ્ઞાન વર્તે છે. શરીર જે પુદ્‌ગલપિંડ છે તેને તે પોતાનું ગણે છે; તેથી અહીં તે પુદ્‌ગલતત્ત્વ જીવથી તદ્દન ભિન્ન છે અને જીવ વગરનું છે, એટલે કે અજીવ છે એમ જણાવ્યું છે.

(૩) શરીર જન્મતાં હું જન્મ્યો અને શરીરનો વિયોગ થતાં મારો નાશ થયો—એમ અનાદિથી જીવ માને છે, એ તેની 'અજીવતત્ત્વ' સંબંધી મુખ્યપણે વિપરીત શ્રદ્ધા છે. આકાશના સ્વરૂપની પણ તેને ભ્રમણા છે અને પોતે તેનો માલિક છે એમ પણ જીવ માને છે, એ ઊંધી શ્રદ્ધા ટાળવા આ સૂત્રમાં 'તે દ્રવ્ય અજીવ છે' એમ કહ્યું છે. ધર્મ અને અધર્મને પણ જાણતો નથી તેથી છતી વસ્તુનો નકાર છે તે દોષ પણ આ સૂત્ર ટાળે છે. આકાશનું સ્વરૂપ સૂત્ર ૪–૬–૭–૯–૧૮માં આપ્યું છે, ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્યનું સ્વરૂપ સૂત્ર ૪–૬–૭–૮–૧૨ અને ૧૭માં આપ્યું છે. દિશા તે આકાશનો ભાગ છે.

(૪) પ્રશ્ન :—'કાર્ય'નો અર્થ તો શરીર થાય છે, છતાં અહીં ધર્માદિ દ્રવ્યને કાય કેમ કહ્યાં?

ઉત્તર :—અહીં ઉપચારથી તેમને કાય કહ્યાં છે. જેમ શરીર પુદ્‌ગલદ્રવ્યના સમૂહરૂપ છે તેમ ધર્માદિ દ્રવ્યોને પણ પ્રદેશોના સમૂહરૂપ કાય સરીખો વ્યવહાર છે. અહીં કાયનો અર્થ બહુપ્રદેશ કરવો.

(૫) પ્રશ્ન :—પુદ્‌ગલદ્રવ્ય તો એકપ્રદેશી છે, તેને 'કાય' શબ્દ કેમ લાગુ પડે છે?

ઉત્તર :—તેમાં બીજાં પુદ્‌ગલો સાથે ભળવાની અને તેથી બહુપ્રદેશી થવાની શક્તિ છે, તે અપેક્ષાએ તેને 'કાય' કહેવામાં આવે છે.

(૬) ધર્મ અને અધર્મ એ બે દ્રવ્યો સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રોમાં છે. એ નામ શાસ્ત્રરૂઢિથી આપવામાં આવ્યાં છે. ૧.

## એ અજીવકાય શું છે ?

## द्रव्याणि ॥२॥

**અર્થ** :—એ ચાર પદાર્થ [द्रव्याणि] દ્રવ્ય છે. (દ્રવ્યનું લક્ષણ સૂત્રો ૨૯–૩૦–૩૮માં આવશે).

### ટીકા

(૧) ત્રિકાળ પોતાના ગુણ–પર્યાયને દ્રવે–પ્રાપ્ત થાય છે, તેને દ્રવ્ય કહેવામાં આવે છે.

(૨) પોતાના ગુણ–પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત થાય છે એટલે કે પરના ગુણ–પર્યાયને કોઈ પ્રાપ્ત ન થાય એમ (અસ્તિ–નાસ્તિરૂપ) અનેકાંતદૃષ્ટિએ અર્થ થાય છે. પુદ્‌ગલ પોતાના પર્યાયરૂપ શરીરને પ્રાપ્ત થાય પણ જીવ કે બીજું કોઈ દ્રવ્ય શરીરને પ્રાપ્ત ન થાય. જો જીવ શરીરને પ્રાપ્ત થાય તો શરીર જીવનો પર્યાય થઈ જાય; તેથી એ સિદ્ધ થયું કે જીવ અને શરીર અત્યંત ભિન્ન પદાર્થ છે અને તેથી જીવ શરીરને પ્રાપ્ત થતો નહિ હોવાથી શરીરનું કાંઈ પણ ત્રણે કાળમાં કરી શકે નહિ. ૨.

## દ્રવ્યમાં જીવની ગણના

## जीवाश्च ॥३॥

**અર્થ** :—[जीवाः] જીવો [च] પણ દ્રવ્ય છે.

## ટીકા

અહીં 'जीवाः' શબ્દ બહુવચનમાં છે; તે એમ સૂચવે છે કે જીવો ઘણા છે. જીવનું વ્યાખ્યાન પૂર્વે (પહેલા ચાર અધ્યાયોમાં) થઈ ગયું છે; એ સિવાય ૩૯મા સૂત્રમાં 'કાળ' દ્રવ્ય બતાવ્યું છે; તેથી બધાં મળી છ દ્રવ્યો થયાં.

(૨) જીવો ઘણા છે અને દરેક જીવ 'દ્રવ્ય' છે એમ આ સૂત્રમાં પ્રતિપાદન કર્યું; તેનો અર્થ શું છે તેની વિચારણા કરીએ. જીવ પોતાના જ ગુણ-પર્યાયને પ્રાપ્ત થાય છે, તેથી તેને પણ દ્રવ્ય કહેવામાં આવે છે. શરીર તો જીવદ્રવ્યનો પર્યાય નથી, પણ તે પુદ્‌ગલદ્રવ્યનો પર્યાય છે, કેમ કે તેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ છે અને ચેતન નથી. કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યના ગુણ-પર્યાયને પ્રાપ્ત થાય જ નહિ, તેથી પુદ્‌ગલદ્રવ્ય કે તેના શરીરાદિ પર્યાય ચેતનપણાને-જીવપણાને કે જીવના કોઈ ગુણ-પર્યાયને પ્રાપ્ત કદી પણ થાય નહિ. એ નિયમ પ્રમાણે જીવ શરીરને ખરેખર પ્રાપ્ત થાય એમ બને જ નહિ. જીવ દરેક સમયે પોતાના પર્યાયને પ્રાપ્ત થાય અને શરીરને પ્રાપ્ત થાય નહિ; તેથી જીવ શરીરનું કાંઈ કરી શકે નહિ. એ ત્રિકાળી અબાધિત સિદ્ધાંત છે. આ સિદ્ધાંત સમજ્યા વિના જીવ-અજીવ તત્ત્વની અનાદિની ચાલી આવતી ભૂલ કદી ટળે નહિ.

(૩) શરીર સાથે જીવનો જે સંબંધ અધ્યાય ૨, ૩ અને ૪માં બતાવ્યો છે તે એકક્ષેત્રાવગાહસંબંધ માત્ર બતાવ્યો છે, તાદાત્મ્ય સંબંધ બતાવ્યો નથી; તેથી એ વ્યવહારકથન છે. વ્યવહારનાં વચનોને ખરેખરાં (-નિશ્ચયનાં) વચનો જેઓ માને છે તેઓ 'ઘીનો ઘડો' એમ કહેતાં ઘડાને ખરેખર ઘીનો બનેલો માને છે, માટી કે ધાતુનો બનેલો માનતા નથી, માટે તેઓ મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રમાં તેવા જીવોને 'વ્યવહારવિમૂઢ' કહ્યા છે. જિજ્ઞાસુ સિવાયના જીવો આ વ્યવહારવિમૂઢતા છોડશે નહિ અને વ્યવહારવિમૂઢ જીવોની મહામોટી સંખ્યા **(majority)** ત્રણે કાળ રહેશે. માટે ધર્મપ્રેમી જીવોએ (-દુઃખને ટાળવાના સાચા ઉમેદવારોએ) આ અધ્યાયના સૂત્ર ૧-૨-૩ની ટીકામાં જે સ્વરૂપ બતાવ્યું છે તે લક્ષમાં લઈ, આ સ્વરૂપ બરાબર સમજીને જીવ અને અજીવતત્ત્વના સ્વરૂપની અનાદિથી ચાલી આવતી ભ્રમણા ટાળવી. ૩.

## પુદ્‌ગલદ્રવ્ય સિવાયનાં દ્રવ્યોની વિશેષતા

### नित्यावस्थितान्यरूपाणि ॥४॥

**અર્થ** :—ઉપર કહેલામાંથી ચાર દ્રવ્યો [अरूपाणि] રૂપ રહિત, [नित्य] નિત્ય અને [अवस्थितानि] અવસ્થિત છે.

## ટીકા

**(૧) નિત્ય**–કદી નષ્ટ ન થાય તે નિત્ય (જુઓ, સૂત્ર ૩૧ તથા તેની ટીકા.)

**અવસ્થિત**–પોતાની સંખ્યાને ઉલ્લંઘન ન કરે તે અવસ્થિત.

**અરૂપી**—સ્પર્શ–રસ–ગંધ–વર્ણ રહિત તે અરૂપી.

(૨) પહેલા બે સ્વભાવ બધાં દ્રવ્યોમાં હોય છે. ઊંચે આસમાની રંગ દેખાય છે તેને લોકો આકાશ કહે છે પણ તે તો પુદ્ગલનો રંગ છે; આકાશ તો સર્વવ્યાપક, અરૂપી, અજીવ એક દ્રવ્ય છે.

## 'નિત્ય' અને 'અવસ્થિત'નો વિશેષ ખુલાસો

(૩) 'અવસ્થિત' શબ્દ એમ સૂચવે છે, કે–દરેક દ્રવ્ય પોતપોતાના પરિણામને કરે છે. પરિણામ અને પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નથી. જો એક દ્રવ્ય, તેના ગુણ કે પર્યાય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરે કે કરાવે તો તે તન્મય (–પરદ્રવ્યમય) થઈ જાય. પરંતુ કોઈ દ્રવ્ય પરદ્રવ્યમય તો થતું નથી. જો કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યમય થઈ જાય, તો તે દ્રવ્યના નાશની આપત્તિ આવે અને દ્રવ્યનું 'અવસ્થિતપણું' રહે નહિ. વળી દ્રવ્યોનો નાશ થતાં તેનું 'નિત્યપણું' પણ રહે નહિ.

(૪) દરેક દ્રવ્ય અનંત ગુણોનો પિંડ છે. દ્રવ્ય નિત્ય હોવાથી તેનો દરેક ગુણ નિત્ય રહે છે. વળી એક ગુણ તે જ ગુણરૂપ રહે છે, બીજો ગુણરૂપ થઈ જતો નથી. આ રીતે દરેક ગુણનું અવસ્થિતપણું છે; જો તેમ ન હોય તો ગુણનો નાશ થાય, અને ગુણનો નાશ થતાં આખા દ્રવ્યનો નાશ થાય અને તેમ થતાં દ્રવ્યનું 'નિત્યપણું' રહે નહિ.

(૫) જે દ્રવ્યો અનેકપ્રદેશી છે તેનો દરેક પ્રદેશ પણ નિત્ય અને અવસ્થિત રહે છે. તેમાંથી એક પણ પ્રદેશ બીજા પ્રદેશરૂપ થતો નથી. જો એક પ્રદેશનું સ્થાન બીજા પ્રદેશરૂપ થાય તો પ્રદેશોનું અવસ્થિતપણું રહે નહિ. એક પણ પ્રદેશનો નાશ થાય તો આખા દ્રવ્યનો નાશ થાય અને તેમ થાય તો તેનું નિત્યપણું રહે નહિ.

(૬) દરેક દ્રવ્યનો પર્યાય પોતપોતાના અવસરે પ્રગટે છે અને પછી પછીના અવસરોએ પછી પછીનો પર્યાય પ્રગટે છે અને પહેલાં પહેલાંનો પર્યાય પ્રગટતો નથી–એ રીતે પર્યાયોનું અવસ્થિતપણું સિદ્ધ થાય છે. જો પર્યાય પોતપોતાના અવસરે પ્રગટ ન થાય અને બીજા પર્યાયના અવસરે પ્રગટ થાય તો પર્યાયનો પ્રવાહ અવસ્થિત રહે નહિ અને તેમ થતાં દ્રવ્યનું અવસ્થિતપણું પણ રહે નહિ. ૪.

# એક પુદ્ગલદ્રવ્યનું રૂપીપણું

## रूपिणः पुद्गलाः ॥५॥

**અર્થ** :—[पुद्गलाः] પુદ્ગલ દ્રવ્ય [रूपिणः] રૂપી અર્થાત્ મૂર્તિક છે.

## ટીકા

(૧) 'રૂપી'નો અર્થ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ સહિત એમ થાય છે. (જુઓ, સૂત્ર ૨૩) પુદ્ + ગલ એ બે પદ વડે પુદ્ગલ શબ્દ બન્યો છે. પુદ્ એટલે ભેગું થવું-મળી જવું, અને ગલ એટલે છૂટા પડી જવું. સ્પર્શગુણના પર્યાયની વિચિત્રતાના કારણે મળી જવું અને છૂટા પડવું પુદ્ગલમાં જ બને છે. એ કારણે જ્યારે તેમાં સ્થૂળતા આવે છે ત્યારે પુદ્ગલદ્રવ્ય ઇન્દ્રિયોનો વિષય બને છે. રૂપ-રસ-ગંધ-સ્પર્શનું ગોળ, ત્રિકોળ, ચોરસ, લાંબો વગેરે આકારે પરિણમન તે મૂર્તિ છે.

(૨) પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને દ્રવ્યમન તે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળાં છે, તેથી તે પાંચેય પુદ્ગલદ્રવ્ય છે. દ્રવ્યમન સૂક્ષ્મ અને પુદ્ગલના પ્રચયરૂપ આઠ પાખંડીના ખીલેલા કમળના આકારે હૃદયસ્થાનમાં રહેલું છે. તે રૂપી એટલે કે સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળું હોવાથી પુદ્ગલદ્રવ્ય છે. (જુઓ, આ અધ્યાયના સૂત્ર ૧૯ની ટીકા)

(૩) નેત્રાદિ ઇન્દ્રિય સમાન મન, સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળું હોવાથી રૂપી છે, મૂર્તિક છે; જ્ઞાનોપયોગમાં તે નિમિત્ત છે.

**શંકા** :—શબ્દ મૂર્તિકશૂન્ય હોવા છતાં જ્ઞાનોપયોગ વખતે નિમિત્ત છે, માટે જે જ્ઞાનોપયોગને નિમિત્ત હોય તે પુદ્ગલ હોય એમ કહેવામાં વ્યભિચારી હેતુ આવે છે. (અર્થાત્ શબ્દ અમૂર્તિક હોવા છતાં જ્ઞાનોપયોગને નિમિત્ત જોવામાં આવે છે માટે તે હેતુ પક્ષ, સપક્ષ, અને વિપક્ષમાં રહેતો હોવાથી વ્યભિચારી થયો) તો મન મૂર્તિક છે, એમ કયા કારણે માનવું?

**સમાધાન** :—શબ્દ અમૂર્તિક નથી. શબ્દ પુદ્ગલજન્ય હોવાથી તેમાં મૂર્તિકપણું છે, માટે ઉપર આપેલ હેતુ વ્યભિચારી નથી પણ સપક્ષમાં જ રહેનારો છે, તેથી દ્રવ્યમન પુદ્ગલ છે એમ સિદ્ધ થયું.

(૪) આ ઉપરથી એમ સમજવાનું નથી, કે ઇન્દ્રિયોથી જ્ઞાન થાય છે. ઇન્દ્રિયો તો પુદ્ગલ છે, તેથી જ્ઞાન રહિત છે; જો તેનાથી જ્ઞાન થાય તો જીવ ચેતન મટી જડ-પુદ્ગલ થઈ જાય; પણ તેમ બને નહિ. જીવના જ્ઞાનોપયોગની જે પ્રકારની લાયકાત હોય તે પ્રમાણે પુદ્ગલ-ઇન્દ્રિયોનો સંયોગ હોય, એવો તેમનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે; પણ તેથી નિમિત્ત

–કે જે પર છે અને આત્મામાં નથી તે—આત્મામાં કાંઈ કરી શકે કે મદદ–સહાય કરી શકે, એમ માનવું તે વિપરીતતા છે.

(૫) સૂત્રમાં ''पुद्‌गलाः'' એમ બહુવચન છે. તે એમ જણાવે છે, કે પુદ્‌ગલોની સંખ્યા ઘણી છે તથા પુદ્‌ગલના અણુ, સ્કંધાદિ ભેદના કારણે પ્રકારો ઘણા છે.

(૬) મન તથા સૂક્ષ્મ પુદ્‌ગલો તો ઇન્દ્રિયો દ્વારા જાણી શકાતાં નથી. પણ તે સૂક્ષ્મતા છોડીને જ્યારે સ્થૂળતા ધારણ કરે ત્યારે ઇંદ્રિયો દ્વારા જાણી શકાય છે અને ત્યારે તેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણની અવસ્થા પ્રત્યક્ષ દેખાય છે; માટે સૂક્ષ્મ અવસ્થામાં પણ તે સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળાં છે, એમ નક્કી થાય છે.

(૭) પુદ્‌ગલ પરમાણુઓનું એક દશામાંથી બીજી દશામાં પલટવું થયા કરે છે. જેમ માટીના પરમાણુઓમાંથી જળ થાય છે, જળમાંથી પૃથ્વી થાય છે, પૃથ્વી–કાષ્ઠાદિથી અગ્નિ થાય છે, પાણીમાંથી વીજળી–અગ્નિ થાય છે, વાયુના સંમેલનથી જળ થાય છે. માટે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, મન વગેરેના પરમાણુઓ જુદી જુદી જાતના હોય છે એ માન્યતા બરાબર નથી, કેમ કે પૃથ્વી આદિ સમસ્ત પુદ્‌ગલના જ વિકાર છે. ૫.

## ધર્માદિ દ્રવ્યોની સંખ્યા

## आ आकाशादेकद्रव्याणि ॥६॥

**અર્થ** :—[आ आकाशात्] આકાશપર્યંત [एक] એક એક [द्रव्याणि] દ્રવ્ય છે અર્થાત્ ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને આકાશદ્રવ્ય એક એક છે.

### ટીકા

જીવદ્રવ્ય અનંત છે, પુદ્‌ગલદ્રવ્ય અનંતાનંત છે અને કાલદ્રવ્ય અસંખ્યાત અણુરૂપ છે. પુદ્‌ગલદ્રવ્ય એક નથી એમ બતાવવા 'आ' શબ્દ આ સૂત્રમાં પહેલા સૂત્રની સંધિ કરીને વાપર્યો છે. ૬.

## ગમનરહિતપણું

## निष्क्रियाणि च ॥७॥

**અર્થ** :—[च] વળી એ ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને આકાશદ્રવ્ય [निष्क्रियाणि] ક્રિયારહિત છે, અર્થાત્ તેઓ એક સ્થાનથી બીજા સ્થાનને પ્રાપ્ત થતાં નથી.

## ટીકા

(૧) ક્રિયા શબ્દના ઘણા અર્થ થાય છે. જેમ કે–ગુણની પરિણતિ, પર્યાય, એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે ગમન. આ અર્થમાંથી છેલ્લો અર્થ અહીં લાગુ પડે છે. કાલદ્રવ્ય પણ ક્ષેત્રગમનાગમનરહિત છે, પણ અહીં જે જણાવેલ નથી, કેમ કે પહેલા સૂત્રમાં કહેલાં ચાર દ્રવ્યો પૂરતો વિષય ચાલે છે, જીવ અને કાળનો વિષય ચાલતો નથી. અણુ અને સ્કંધ બંને દશાઓ વખતે પુદ્‌ગલદ્રવ્ય ગમન કરે છે અર્થાત્ એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે ગમન કરે છે, તેથી તેને અહીં બાતલ કરેલ છે. આ સૂત્રમાં ત્રણ દ્રવ્યોમાં ક્રિયાની નાસ્તિ જણાવી અને બાકી રહેલ પુદ્‌ગલદ્રવ્યમાં ક્રિયા—હલનચલનની અસ્તિ જણાવીને અનેકાંત સિદ્ધાંત પ્રમાણે ક્રિયાનું સ્વરૂપ સિદ્ધ કર્યું.

(૨) ઉત્પાદ–વ્યયરૂપ ક્રિયા દરેક દ્રવ્યમાં સમયે સમયે હોય છે, તે આ દ્રવ્યોમાં પણ છે એમ સમજવું.

(૩) દ્રવ્યોમાં ભાવવતી તથા ક્રિયાવતી એમ બે પ્રકારની શક્તિઓ છે; તેમાં ભાવવતી શક્તિ બધાં દ્રવ્યોમાં છે અને તેથી તે શક્તિનું પરિણમન—ઉત્પાદ–વ્યય દરેક દ્રવ્યમાં દ્રવ્યપણું ટકીને થાય છે. ક્રિયાવતી શક્તિ જીવ અને પુદ્‌ગલ એ બે જ દ્રવ્યોમાં છે; તે બન્ને એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે જાય છે; પણ તેમાં વિશિષ્ટતા એટલી છે કે જીવ વિકારી હોય ત્યારે અને સિદ્ધગતિમાં જતી વખતે ક્રિયાવાન બને છે અને સિદ્ધગતિમાં તે સ્થિરપણે રહે છે. (સિદ્ધગતિમાં જતી વખતે જીવ એક સમયમાં સાત રાજુ જાય છે.) સૂક્ષ્મ પુદ્‌ગલો પણ શીઘ્ર ગતિએ એક સમયમાં ચૌદ રાજલોક જાય છે એટલે પુદ્‌ગલમાં મુખ્યપણે હલનચલનરૂપ ક્રિયા છે, જ્યારે જીવદ્રવ્યમાં સંસારી અવસ્થામાં કોઈ કોઈ વખતે હલનચલનરૂપ ક્રિયા થાય છે. ૭.

## ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને એક જીવદ્રવ્યના પ્રદેશોની સંખ્યા

### असंख्येयाः प्रदेशाः धर्माधर्मैकजीवानाम् ॥८॥

**અર્થ** :— [धर्माधर्मैकजीवानाम्] ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને એક જીવદ્રવ્યના [असंख्येयाः] અસંખ્યાત [प्रदेशाः] પ્રદેશો છે.

## ટીકા

(૧) પ્રદેશ—એક પુદ્‌ગલ પરમાણુ જેટલા આકાશના ક્ષેત્રને રોકે તેટલા ક્ષેત્રને એક પ્રદેશ કહે છે.

(૨) આ દરેક દ્રવ્યો દ્રવ્યાર્થિકનયે અખંડ, એક, નિરંશ છે. પર્યાયાર્થિકદૃષ્ટિએ

અસંખ્યાતપ્રદેશી છે. તેને અસંખ્યાત પ્રદેશો છે, તેથી કાંઈ તેના અસંખ્ય ખંડ કે ટુકડા પડી જતા નથી, તેમ જ જુદા જુદા એકેક પ્રદેશ જેવડા ટુકડાના મિલનથી થયેલું તે દ્રવ્ય નથી.

(૩) આકાશ પણ દ્રવ્યઅપેક્ષાએ (દ્રવ્યાર્થિકનયે) અખંડ, નિરંશ, સર્વગત, એક અને ભિન્નતારહિત છે. પર્યાયાર્થિકનયની અપેક્ષાએ પરમાણુ રોકે તેટલા વિભાગને પ્રદેશ કહે છે; આકાશમાં કાંઈ ટુકડા નથી કે તેના ખંડ થઈ જતા નથી. ટુકડા તો સંયોગી પદાર્થના થાય; પુદ્‌ગલનો સ્કંધ સંયોગી છે, તેથી ટુકડા લાયક થાય ત્યારે ટુકડારૂપે તે પરિણમે છે.

(૪) આકાશને આ સૂત્રમાં લીધું નથી, કેમ કે તેના પ્રદેશો અનંત છે, તેથી તે નવમા સૂત્રમાં કહેશે.

(૫) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને જીવના પ્રદેશો અસંખ્યાત છે અને તે સંખ્યાએ લોકપ્રમાણ અસંખ્યાત છે, છતાં તે પ્રદેશની વ્યાપક અવસ્થામાં ફેર છે. ધર્મ અને અધર્મ દ્રવ્યો આખા લોકમાં વ્યાપેલ છે (તે બારમા અને તેરમા સૂત્રમાં કહ્યું છે), અને જીવના પ્રદેશો તે તે વખતના જીવના શરીર પ્રમાણે પહોળા-ટૂંકા થાય છે. (એ સોળમા સૂત્રમાં કહ્યું છે.) જીવ કેવળ સમુદ્‌ઘાત અવસ્થા ધારણ કરે ત્યારે સંપૂર્ણ લોકાકાશમાં તેના પ્રદેશો વ્યાપ્ત થાય છે, તથા બીજા સમુદ્‌ઘાતો વખતે તે તે શરીરમાં પ્રદેશો રહી કેટલાક પ્રદેશો બહાર નીકળે છે.

(૬) સમુદ્‌ઘાતનું સ્વરૂપ પૂર્વે અ. ૧ સૂ. ૧૬ની ટીકામાં કહેવાઈ ગયું છે. ૮.

## આકાશના પ્રદેશો

## आकाशस्यानन्ताः ॥९॥

**અર્થ** :—[आकाशस्य] આકાશના [अनन्ताः] અનંત પ્રદેશો છે.

### ટીકા

(૧) આકાશના બે વિભાગ છે—અલોકાકાશ અને લોકાકાશ. તેમાં લોકાકાશના પ્રદેશો અસંખ્યાત છે. જેટલા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પ્રદેશો છે તેટલા જ લોકાકાશના છે. વળી તેઓનો વિસ્તાર એક સરખો છે. લોકાકાશ છએ દ્રવ્યોનું સ્થાન છે. આ બાબત બારમા સૂત્રમાં કહી છે.

(૨) દિશા, ખૂણા, ઉપર, નીચે એ બધા આકાશના વિભાગ છે. ૯.

## પુદ્‌ગલના પ્રદેશો

## संख्येयाऽसंख्येयाश्च पुद्‌गलानाम् ॥१०॥

**અર્થ** :—[पुद्गलानाम् ] પુદ્‌ગલોનાં [संख्येयाऽसंख्येयाः च ] સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશ છે.

## ટીકા

(૧) આમાં પુદ્‌ગલના સંયોગી પર્યાય (સ્કંધ)ના પ્રદેશો જણાવ્યા છે. એક એક અણુ સ્વતંત્ર પુદ્‌ગલદ્રવ્ય છે. તેને એક જ પ્રદેશ હોય છે, એમ સૂત્ર ૧૧માં કહ્યું છે.

(૨) સ્કંધ બે પરમાણુઓથી શરૂ કરી અનંત પરમાણુઓના થાય છે, તેનું કારણ સૂત્ર ૩૩ માં આપ્યું છે.

(૩) **શંકા** :—જ્યારે લોકાકાશના અસંખ્યાત જ પ્રદેશો છે, તો તેમાં અનંત પ્રદેશવાળા પુદ્‌ગલદ્રવ્ય તથા બીજાં દ્રવ્યો પણ શી રીતે રહી શકે?

**સમાધાન** :—પુદ્‌ગલદ્રવ્યમાં બે પ્રકારનું પરિણમન થાય છે; એક સૂક્ષ્મ, બીજું સ્થૂળ. જ્યારે તેનું સૂક્ષ્મ પરિણમન થાય છે ત્યારે લોકાકાશના એક પ્રદેશમાં પણ અનંત પ્રદેશવાળો પુદ્‌ગલસ્કંધ રહી શકે છે. વળી બધાં દ્રવ્યોમાં એકબીજાને અવગાહન દેવાનું સામર્થ્ય છે, તેથી અલ્પ ક્ષેત્રમાં જ સમસ્ત દ્રવ્યોને રહેવામાં કાંઈ બાધા થતી નથી. આકાશમાં બધાં દ્રવ્યોને એકી સાથે સ્થાન દેવાનું સામર્થ્ય છે, તેથી એક પ્રદેશમાં અનંતાનંત પરમાણુ રહી શકે છે; જેમ ઓરડામાં એક દીવાનો પ્રકાશ રહી શકે છે અને તે જ ઓરડામાં તેટલા જ વિસ્તારમાં પચાસ દીવાનો પ્રકાશ રહી શકે છે તેમ. ૧૦.

# અણુ અપ્રદેશી છે

## नाणोः ॥११॥

**અર્થ** :—[अणोः ] પુદ્‌ગલના પરમાણુને [न ] બે વગેરે પ્રદેશ નથી અર્થાત્ તે એકપ્રદેશી છે.

## ટીકા

(૧) અણુ એક દ્રવ્ય છે, તેને એક જ પ્રદેશ છે, કેમ કે પરમાણુઓમાં ખંડનો અભાવ છે.

## (૨) દ્રવ્યોનું અનેકાંત સ્વરૂપ

૧. દ્રવ્યો મૂર્ત અને અમૂર્ત એમ બે પ્રકારે છે.

૨. અમૂર્ત દ્રવ્યો ચેતન અને જડ એમ બે પ્રકારે છે.

૩. મૂર્ત દ્રવ્યો અણુ અને સ્કંધ એમ બે પ્રકારે છે.

૪. મૂર્ત દ્રવ્યો સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે છે.

૫. સૂક્ષ્મ મૂર્ત દ્રવ્ય સૂક્ષ્મસૂક્ષ્મ અને સૂક્ષ્મ એમ બે પ્રકારે છે.

૬. સ્કંધ સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે છે.

૭. સૂક્ષ્મ અણુ બે પ્રકારે છે–પુદ્‌ગલઅણુ અને કાલાણુ.

૮. દ્રવ્યો બે પ્રકારે છે–અક્રિય (ગમનાગમન રહિત–ચાર દ્રવ્યો) અને સક્રિય (ગમનાગમન સહિત–જીવ અને પુદ્‌ગલ).

૯. દ્રવ્યો એકપ્રદેશી અને બહુપ્રદેશી એમ બે પ્રકારે છે.

૧૦. બહુપ્રદેશી દ્રવ્યો બે પ્રકારે છે–સંખ્યાત પ્રદેશવાળા અને સંખ્યાથી પર પ્રદેશવાળા.

૧૧. સંખ્યાથી પર બહુપ્રદેશી દ્રવ્યો બે પ્રકારે છે–અસંખ્યાતપ્રદેશી અને અનંતપ્રદેશી.

૧૨. અનંતપ્રદેશી દ્રવ્યો બે પ્રકારે છે–અખંડ આકાશ અને અનંતપ્રદેશી પુદ્‌ગલસ્કંધ.

૧૩. અસંખ્યાત લોકપ્રદેશ રોકતાં દ્રવ્યો બે પ્રકારે છે–અખંડ દ્રવ્યો (ધર્મ, અધર્મ તથા કેવળસમુદ્‌ઘાત કરતો જીવ) અને પુદ્‌ગલ મહાસ્કંધ તે સંયોગી દ્રવ્ય છે.

૧૪. અખંડ લોકપ્રમાણ અસંખ્યાતપ્રદેશી દ્રવ્યો બે પ્રકારે છે : ૧–ધર્મ તથા અધર્મ (લોકવ્યાપક) અને ૨–જીવ (લોકપ્રમાણ), સંખ્યાએ અસંખ્યાત પ્રદેશી અને વિસ્તારમાં શરીર પ્રમાણે વ્યાપક.

૧૫. અમૂર્ત બહુપ્રદેશી દ્રવ્યો બે પ્રકારે છે–સંકોચ–વિસ્તાર રહિત (આકાશ, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય તથા સિદ્ધજીવ) અને સંકોચ–વિસ્તાર સહિત (સંસારી જીવના પ્રદેશો સંકોચ –વિસ્તાર સહિત છે). [સિદ્ધજીવ ચરમશરીરથી કિંચિત્ ન્યૂન હોય છે.]

૧૬. દ્રવ્યો બે પ્રકારે છે–સર્વગત (આકાશ) અને દેશગત (બાકીનાં પાંચ દ્રવ્યો).

૧૭. સર્વગત બે પ્રકારે છે–ક્ષેત્રે સર્વગત (આકાશ) અને ભાવે સર્વગત (જ્ઞાનશક્તિ).

૧૮. દેશગત બે પ્રકારે છે—એકપ્રદેશગત (પરમાણુ, કાલાણુ તથા એકપ્રદેશસ્થિત સૂક્ષ્મ પુદ્‌ગલસ્કંધ) અને અનેકદેશગત (ધર્મ, અધર્મ, જીવ અને પુદ્‌ગલસ્કંધ).

૧૯. દ્રવ્યોમાં અસ્તિ બે પ્રકારે છે—અસ્તિકાય (આકાશ, ધર્મ, અધર્મ, જીવ તથા પુદ્‌ગલ) અને કાયરહિત અસ્તિ (કાલાણુ).

૨૦. અસ્તિકાય બે પ્રકારે છે—અખંડ અસ્તિકાય (આકાશ, ધર્મ, અધર્મ તથા જીવ) અને ઉપચરિત અસ્તિકાય (સંયોગી પુદ્‌ગલસ્કંધો, પુદ્‌ગલમાં સમૂહરૂપ થવાની શક્તિ).

૨૧. દરેક દ્રવ્યનું ગુણ તથા પર્યાયમાં અસ્તિપણું બે પ્રકારે છે—પોતાથી અસ્તિપણું અને પરથી નાસ્તિપણાનું અસ્તિપણું.

૨૨. દરેક દ્રવ્યમાં અસ્તિપણું બે પ્રકારે છે—ધ્રુવ અને ઉત્પાદ-વ્યય.

૨૩. દ્રવ્યોમાં શક્તિ ભાવવતી તથા ક્રિયાવતી એમ બે પ્રકારે છે.

૨૪. દ્રવ્યોમાં વિભાવ સંબંધી બે પ્રકાર છે—વિભાવ સહિત (જીવ, પુદ્‌ગલ; તેમને અશુદ્ધ દશામાં વિભાવ હોય છે) અને વિભાવ રહિત (બીજાં દ્રવ્યો ત્રિકાળ વિભાવરહિત છે).

૨૫. દ્રવ્યોમાં વિભાવ બે પ્રકારે છે—(૧) જીવનો વિજાતીય પુદ્‌ગલ સાથે, (૨) પુદ્‌ગલને સજાતીય એકબીજા સાથે તથા સજાતીય પુદ્‌ગલ અને વિજાતીય જીવ, બંને સાથે.

**નોંધ**—સ્યાદ્‌વાદ સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું, અર્હંત સર્વજ્ઞનું એક અસ્ખલિત શાસન છે. તે 'બધું અનેકાંતાત્મક છે' એમ ઉપદેશે છે. તે વસ્તુના સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરાવે છે. તે સંશયવાદ નથી. કેટલાક કહે છે કે સ્યાદ્‌વાદ વસ્તુને નિત્ય અને અનિત્ય વગેરે બે પ્રકારે બન્ને પક્ષથી કહે છે, માટે સંશયનું કારણ છે; પણ તે ખોટું છે. **અનેકાંતમાં તો બન્ને પક્ષ નિશ્ચિત છે, તેથી તે સંશયનું કારણ નથી.**

## (3) દ્રવ્યપરમાણુ તથા ભાવપરમાણુનો બીજો અર્થ-જે અહીં લાગુ નથી.

**પ્રશ્ન** :—'ચારિત્રસાર' વગેરે શાસ્ત્રોમાં કહ્યું છે, કે જે દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું ધ્યાન કરે તેને કેવળજ્ઞાન થાય. તેનો શું અર્થ છે?

**ઉત્તર** :—ત્યાં દ્રવ્યપરમાણુથી આત્મદ્રવ્યની સૂક્ષ્મતા અને ભાવપરમાણુથી ભાવની સૂક્ષ્મતા કહી છે. ત્યાં પુદ્‌ગલપરમાણુનું કથન નથી. રાગાદિ વિકલ્પની ઉપાધિરહિત આત્મદ્રવ્યને સૂક્ષ્મ કહેવામાં આવે છે, કારણ કે નિર્વિકલ્પ સમાધિનો વિષય આત્મદ્રવ્ય, મન અને ઇન્દ્રિયોથી અગોચર છે. ભાવ શબ્દનો અર્થ સ્વસંવેદન પરિણામ થાય છે. પરમાણુ શબ્દથી ભાવની સૂક્ષ્મ અવસ્થા સમજવી, કેમ કે વીતરાગ, નિર્વિકલ્પ, સમરસીભાવ પાંચ ઇન્દ્રિયો અને મનમાં વિષયથી અતીત છે. *(જુઓ, પરમાત્મપ્રકાશ અધ્યાય ૨ ગાથા ૩૩ની ટીકા, પાનું ૧૬૮-૧૬૯)*

આ અર્થો અહીં લાગુ પડતા નથી.

**પ્રશ્ન** :—દ્રવ્યપરમાણુનો આ અર્થ અહીં કેમ લાગુ નથી?

**ઉત્તર** :—આ સૂત્રમાં જે પરમાણુ લીધો છે તે પુદ્‌ગલપરમાણુ છે, તેથી દ્રવ્યપરમાણુનો ઉપરનો અર્થ અહીં લાગુ પડતો નથી. ૧૧.

## સમસ્ત દ્રવ્યોને રહેવાનું સ્થાન

## लोकाकाशेऽवगाहः ॥१२॥

**અર્થ** :—[अवगाहः ] ઉપર કહેલાં સમસ્ત દ્રવ્યોનો અવગાહ (સ્થાન) [लोकाकाशे ] લોકાકાશમાં છે.

(૧) આકાશના જેટલા ભાગમાં જીવ વગેરે છએ દ્રવ્યો છે તે ભાગને લોકાકાશ કહે છે, બાકીના આકાશને અલોકાકાશ કહે છે.

(૨) આકાશ એક અખંડ દ્રવ્ય છે. તેમાં કંઈ ભાગલા પડતા નથી, પણ પરદ્રવ્યના અવગાહની અપેક્ષાએ આ ભેદ પડે છે; એટલે કે નિશ્ચયે આકાશ એક અખંડ દ્રવ્ય છે, વ્યવહારે–પરદ્રવ્યના નિમિત્તની અપેક્ષાએ તેના બે ભાગ જ્ઞાનમાં પડે છે. (લોકાકાશ, અલોકાકાશ).

(૩) દરેક દ્રવ્ય ખરેખર પોતપોતાના ક્ષેત્રમાં રહે છે; લોકાકાશમાં રહે છે તે પરદ્રવ્યઅપેક્ષાએ નિમિત્તનું કથન છે; તેમાં પરક્ષેત્રની અપેક્ષા આવે છે, તેથી તે વ્યવહાર છે. આકાશ પહેલું થયું, તથા બીજાં દ્રવ્યો તેમાં પછી ઉત્પન્ન થયાં એમ નથી, કેમ કે બધાં દ્રવ્યો અનાદિ–અનંત છે.

(૪) આકાશ પોતે પોતાને અવગાહે છે, તે પોતાને નિશ્ચય અવગાહરૂપ છે. આકાશથી બીજું દ્રવ્ય મોટું છે નહિ અને હોઈ પણ ન શકે, તેથી તેમાં વ્યવહારઅવગાહની કલ્પના આવી શકે નહિ.

(૫) બધાં દ્રવ્યોને અનાદિ પારિણામિક યુગપદતા છે, પહેલા–પછીનો ભેદ નથી. જેમ યુતસિદ્ધને વ્યવહારથી આધાર–આધેયપણું હોય છે તેમ અયુતસિદ્ધને પણ વ્યવહારથી આધાર –આધેયપણું હોય છે.

યુતસિદ્ધ = પાછળથી જોડાયેલાં; અયુતસિદ્ધ = મૂળથી ભેગાં. દૃષ્ટાંત :—૧. કુંડામાં બોર એ પાછળથી જોડાયેલાનું દૃષ્ટાંત છે. ૨. થાંભલામાં સાર તે મૂળથી ભેગાનું દૃષ્ટાંત છે.

(૬) એવંભૂતનયની અપેક્ષાએ અર્થાત્ જે સ્વરૂપે પદાર્થ છે તે સ્વરૂપ વડે નિશ્ચય કરનારા નયની અપેક્ષાએ બધાં દ્રવ્યને પોતપોતાનો આધાર છે. દૃષ્ટાંત :—કોઈને એવો પ્રશ્ન પૂછીએ, કે તમે ક્યાં છો? તો તે કહે છે કે હું મારામાં છું. એ રીતે દરેક દ્રવ્યને નિશ્ચયનયે પોતપોતાનો આધાર છે. આકાશથી બીજું કોઈ દ્રવ્ય મોટું નથી. આકાશ બધી બાજુ અનંત છે, તેથી તે

ધર્માદિનો આધાર છે, એમ વ્યવહારનયે કહી શકાય છે. ધર્માદિક લોકાકાશની બહાર નથી એટલું સિદ્ધ કરવા માટે આ આધાર-આધેયસંબંધ માનવામાં આવે છે.

(૭) ધર્માદિક દ્રવ્યો જ્યાં દેખાય તે આકાશનો ભાગ લોક છે અને જ્યાં ન દેખાય તે ભાગ અલોક છે. આ ભેદ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ, પુદ્‌ગલ અને કાળના કારણે પડે છે, કેમ કે ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય આખા લોકાકાશવ્યાપી છે. આખા લોકાકાશમાં એવો એક પણ પ્રદેશ નથી કે જ્યાં જીવ ન હોય. વળી, જીવ જ્યારે કેવળસમુદ્‌ઘાત કરે છે ત્યારે આખા લોકાકાશમાં વ્યાપે છે. પુદ્‌ગલનો અનાદિ-અનંત એક મહાસ્કંધ છે, જે લોકાકાશવ્યાપી છે અને આખો લોક જુદાં જુદાં પુદ્‌ગલોથી પણ વ્યાપેલ છે. વળી, કાલાણુ એક એક છૂટાં હીરાના ઢગલાની માફક આખા લોકાકાશમાં વ્યાપેલ છે. ૧૨.

## ધર્માધર્મનું અવગાહન

## धर्माधर्मयोः कृत्स्ने ॥१३॥

**અર્થ** :—[धर्माधर्मयोः] ધર્મ અને અધર્મદ્રવ્યનો અવગાહ [कृत्स्ने] તલમાં તેલની માફક સમસ્ત લોકાકાશમાં છે.

### ટીકા

(૧) લોકાકાશમાં દ્રવ્યના અવગાહના પ્રકાર જુદા જુદા છે, એમ આ સૂત્ર બતાવે છે. ધર્મ અને અધર્મના અવગાહનો પ્રકાર આ સૂત્રમાં જણાવ્યો છે. પુદ્‌ગલના અવગાહનો પ્રકાર ૧૪મા સૂત્રમાં અને જીવના અવગાહનો પ્રકાર ૧૫મા તથા ૧૬મા સૂત્રમાં આપેલ છે. કાળદ્રવ્ય અસંખ્યાત છૂટાં છૂટાં છે, તેથી તેનો પ્રકાર સ્પષ્ટ છે, એટલે કહેવામાં આવ્યો નથી, પણ આ સૂત્રો ઉપરથી તેનું ગર્ભિત કથન સમજી લેવું.

(૨) આ સૂત્ર એમ પણ સૂચવે છે, કે ધર્મદ્રવ્યના એકેક પ્રદેશનો અધર્મદ્રવ્યના એકેક પ્રદેશમાં વ્યાઘાત રહિત પ્રવેશ છે અને અધર્મદ્રવ્યના એકેક પ્રદેશનો ધર્મદ્રવ્યના એકેક પ્રદેશમાં વ્યાઘાત રહિત પ્રવેશ છે. આ પરસ્પર પ્રવેશપણું ધર્મ-અધર્મની અવગાહનશક્તિના નિમિત્તે છે.

(૩) ભેદ-સંઘાતપૂર્વક આદિ (શરૂઆત) સહિત જેને સંબંધ હોય એવા અતિ સ્થૂળ સ્કંધમાં બીજા તેવા કોઈના પ્રદેશો રહેવામાં વિરોધ છે અને ધર્માદિક દ્રવ્યોને તો આદિમાન સંબંધ નથી, પણ પારિણામિક અનાદિ સંબંધ છે, તેથી પરસ્પર વિરોધ હોઈ શકે નહિ. જળ, ભસ્મ, ખાંડ વગેરે મૂર્તિક સંયોગી દ્રવ્યો પણ એક ક્ષેત્રમાં વિરોધ રહિત રહે છે તો પછી અમૂર્તિક એવાં ધર્મ, અધર્મ અને આકાશને સાથે રહેવામાં વિરોધ ક્યાંથી હોય? ન જ હોય. ૧૩.

## પુદ્ગલનું અવગાહન

## एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ॥१४॥

**અર્થ** :—[पुद्गलानाम्] પુદ્ગલદ્રવ્યનો અવગાહ [एकप्रदेशादिषु] લોકાકાશના એક પ્રદેશથી લઈ સંખ્યાત અને અસંખ્યાત પ્રદેશો સુધી [भाज्यः] વિભાગ કરવા યોગ્ય છે—જાણવા યોગ્ય છે.

### ટીકા

આખો લોક સર્વ તરફ સૂક્ષ્મ અને બાદર અનેક પ્રકારના અનંતાનંત પુદ્ગલોથી ગાઢોગાઢ, ઠસાઠસ અથવા ખીચોખીચ ભર્યો છે. એ રીતે સમગ્ર પુદ્ગલોનું અવગાહન આખા લોકમાં છે. અનંતાનંત પુદ્ગલો લોકાકાશમાં શી રીતે રહી શકે છે, તેનો ખુલાસો આ અધ્યાયના ૧૦મા સૂત્રની ટીકામાં આપ્યો છે, તે સમજવો. ૧૪.

## જીવોનું અવગાહન

## असंख्येयभागादिषु जीवानाम् ॥१५॥

**અર્થ** :—[जीवानाम्] જીવોનો અવગાહ [असंख्येयभागादिषु] લોકાકાશના અસંખ્યાત ભાગથી લઈ સંપૂર્ણ લોકક્ષેત્રમાં છે.

### ટીકા

જીવ તેની નાનામાં નાની અવસ્થામાં પણ અસંખ્યાત પ્રદેશો રોકે છે. જીવોને સૂક્ષ્મ અથવા બાદર શરીરો હોય છે. સૂક્ષ્મ શરીરો બાદર શરીરોમાંથી પસાર થઈ શકે છે. એક બાદર-શરીરી જીવ જે સ્થાન રોકે તે અનંતાનંત સૂક્ષ્મ-શરીરી જીવોને જગ્યા આપી શકે છે. નાના (–સૂક્ષ્મ) જીવો તો સમસ્ત લોકમાં છે. લોકાકાશનો કોઈ પ્રદેશ જીવ વિના નથી. ૧૫.

## જીવનું અવગાહન લોકના અસંખ્યાતમા ભાગમાં કઈ રીતે છે?

## प्रदेशसंहारविसर्पाभ्यां प्रदीपवत् ॥१६॥

**અર્થ** :—[प्रदीपवत्] દીપકના પ્રકાશની માફક [प्रदेशसंहारविसर्पाभ्याम्] પ્રદેશના સંકોચ અને વિસ્તાર દ્વારા જીવ લોકાકાશના અસંખ્યાતાદિક ભાગોમાં રહે છે.

## ટીકા

(૧) જેમ એક મોટા મકાનમાં દીપક રાખવાથી તેનો પ્રકાશ સમસ્ત મકાનમાં ફેલાઈ જાય છે અને તે જ દીપકને એક નાના ઘડામાં રાખવાથી તેનો પ્રકાશ તેમાં સંકુચિત થાય છે; તેમ જીવ પણ મોટું કે નાનું જે શરીર પામે છે તેમાં તેટલો જ વિસ્તૃત કે સંકુચિત થઈ રહી જાય છે; પરંતુ કેવળીના પ્રદેશો સમુદ્ઘાત અવસ્થામાં સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઈ જાય છે અને સિદ્ધ અવસ્થામાં અંતિમ શરીરથી કંઈક ન્યૂન રહે છે.

(૨) મોટામાં મોટું શરીર સ્વયંભૂરમણ સમુદ્રના મહામચ્છનું છે, કે જે ૧૦૦૦ યોજન લાંબું છે. નાનામાં નાનું શરીર (–અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ) લબ્ધ્યપર્યાપ્તક સૂક્ષ્મ નિગોદનું છે, કે જે એક શ્વાસમાં અઢાર વખત જન્મે છે તથા મરે છે.

(૩) જીવ સ્વભાવથી અમૂર્તિક છે પણ અનાદિથી કર્મ સાથે એકક્ષેત્રાવગાહસંબંધ છે અને એ રીતે નાનાં–મોટાં શરીર સાથે જીવને સંબંધ રહે છે. શરીરને અનુસાર જીવના પ્રદેશોનો સંકોચ–વિસ્તાર થાય છે, એવો નિમિત્ત–નૈમિત્તિકસંબંધ છે.

(૪) **પ્રશ્ન** :—ધર્માદિક છયે દ્રવ્યોને પરસ્પર પ્રદેશોનું અનુપ્રવેશન હોવાથી એકતા પ્રાપ્ત થાય છે કે કેમ?

**ઉત્તર** :—તેમને એકતા પ્રાપ્ત થતી નથી. પરસ્પર અત્યંત મિલાપ થવા છતાં પણ દ્રવ્યો પોતપોતાના સ્વભાવને છોડતાં નથી. કહ્યું છે કે :–"છયે દ્રવ્યો પરસ્પર પ્રવેશ કરે છે, એકબીજાને અવકાશ આપે છે અને નિત્ય મેળાપ હોવા છતાં પોતપોતાના સ્વભાવને છોડતાં નથી" [પંચાસ્તિકાય ગાથા ૭]. દ્રવ્યો પલટી પરસ્પર એક થાય નહિ, કેમ કે તેઓમાં પ્રદેશે ભેદ છે, સ્વભાવે ભેદ છે અને લક્ષણે ભેદ છે.

(૫) ૧૨ થી ૧૬ સુધીનાં સૂત્રો દ્રવ્યોના અવગાહ સંબંધમાં સામાન્ય–વિશેષાત્મક એટલે કે અનેકાંતસ્વરૂપને કહે છે. ૧૬.

## ધર્મ અને અધર્મદ્રવ્યનો જીવ–પુદ્ગલ સાથેનો વિશેષ સંબંધ

### गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ।।१७।।

**અર્થ** :—[गतिस्थिति उपग्रहो] સ્વયમેવ ગમન તથા સ્થિતિને પ્રાપ્ત થયેલાં જીવ અને પુદ્ગલોને ગતિ તથા સ્થિતિમાં સહાયકતા તે [धर्माधर्मयोः उपकारः] ક્રમથી ધર્મ અને અધર્મદ્રવ્યનો ઉપકાર છે.

## ટીકા

(૧) ઉપકાર, સહાયકતા, ઉપગ્રહનો વિષય ૧૭ થી ૨૨ સુધીનાં સૂત્રોમાં લીધો છે; તે જુદાં જુદાં દ્રવ્યોનું જુદાં જુદાં પ્રકારનું નિમિત્તપણું બતાવે છે. ઉપકાર, સહાયકતા કે ઉપગ્રહનો અર્થ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું 'ભલું' કરે એવો થતો નથી; કેમ કે સૂત્ર ૨૦માં જીવને દુઃખ અને મરણ થવામાં પુદ્‌ગલદ્રવ્યનો ઉપકાર છે–એમ જણાવ્યું છે; ત્યાં એમ સમજવું કે લૌકિકમાં કોઈને કોઈએ સગવડતા આપ્યાનું કલ્પવામાં આવે છે ત્યારે વ્યવહારભાષામાં એક જીવે બીજાનો ઉપકાર કર્યો–ભલું કર્યું એમ કહેવામાં આવે છે, પણ તે માત્ર નિમિત્તસૂચક ભાષા છે. એક દ્રવ્ય પોતાના ગુણ–પર્યાય છોડી શકતું નથી ને બીજા દ્રવ્યને આપી શકતું નથી. દરેકના પ્રદેશો બીજાં દ્રવ્યોના પ્રદેશોથી અત્યંત ભિન્ન છે, એકબીજાના ક્ષેત્રમાં પરમાર્થે પ્રવેશ કરી શકતા નથી; એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં ત્રિકાળ અભાવ છે, તેથી કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને ખરેખર લાભ –નુકસાન કરી શકતું નથી. એક દ્રવ્યને પોતાને પોતાના કારણે લાભ–નુકસાન થયું ત્યારે બીજું કયું દ્રવ્ય તે વખતે નિમિત્તરૂપ હાજર હતું–તે સૂચવવા માટે 'ઉપકાર' શબ્દ સૂત્ર ૧૭ થી ૨૨ સુધીમાં વાપર્યો છે. (આ બાબતમાં અધ્યાય ૧ સૂત્ર ૧૪ની નીચે જે ટીકા આપી છે તે તથા આ અધ્યાયના સૂત્ર ૨૨ની ટીકા છે, તે અહીં વાંચવી.)

(૨) આ સૂત્ર ધર્મ અને અધર્મદ્રવ્યનું લક્ષણ કહે છે.

(૩) ઉપગ્રહ, નિમિત્ત, અપેક્ષા, કારણ, હેતુ–એ બધાં 'નિમિત્ત' બતાવવા માટે પણ વપરાય છે. ઉપકારનો અર્થ નિમિત્તકારણ થાય છે. ''કોઈ કાર્યમાં જે નિમિત્ત હોય તેને ઉપકાર કહે છે.''

(જુઓ, પંડિત જયચંદ્રકૃત 'સર્વાર્થસિદ્ધિ વચનિકા' પા. ૪૩૪. 'અર્થપ્રકાશિકા' સૂત્ર ૧૯ની નીચે ટીકા—આવૃત્તિ પહેલી પા. ૩૦૬ આવૃત્તિ બીજી સુરતથી પ્રકાશિત પા. ૨૦૨).

(૪) **પ્રશ્ન :**—ધર્મ અને અધર્મદ્રવ્ય કોઈના દેખવામાં આવતાં નથી, માટે છે જ નહિ?

**ઉત્તર :**—સર્વજ્ઞ વીતરાગે પ્રત્યક્ષ દેખી કહ્યું છે, માટે કોઈના દેખવામાં આવતાં નથી; એ ખરું નથી. સર્વજ્ઞને પ્રત્યક્ષ હોવાથી ધર્માદિ દ્રવ્યો પ્રત્યક્ષ પણ છે. નેત્રથી જે દેખાય નહિ તેનો અભાવ કહેવો તે વ્યાજબી નથી. ઈન્દ્રિયના ગ્રહણમાં ન આવે તેનો અભાવ માનશો તો ઘણી વસ્તુઓનો અભાવ માનવો પડશે. જેમ કે અમુક પેઢીઓના વડીલો, દૂર આવેલા દેશો, ભૂતકાળમાં થયેલા પુરુષો, ભવિષ્યમાં થનારા પુરુષો એ કોઈ આંખથી દેખાતા નથી, તેથી તેનો પણ અભાવ માનવો પડશે; માટે તે દલીલ બરાબર નથી. અમૂર્તિક પદાર્થોને છદ્મસ્થ અનુમાનપ્રમાણથી નક્કી કરી શકે છે અને તેથી અહીં તેનું લક્ષણ કહ્યું છે. (આ અધિકારને છેડે છયે દ્રવ્યોની સાબિતી આપી છે, તે વાંચો.) ૧૭.

## આકાશનો બીજા દ્રવ્યો સાથેનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ

## आकाशस्यावगाहः ॥१८॥

**અર્થ** :—[अवगाहः] સમસ્ત દ્રવ્યોને અવકાશ દેવો તે [आकाशस्य] આકાશનો ઉપકાર છે.

### ટીકા

(૧) જે બધાં દ્રવ્યોને રહેવાને સ્થાન આપે છે તેને આકાશ કહે છે. 'ઉપકાર' શબ્દનું અનુસંધાન આગળના સૂત્રથી આવે છે.

(૨) અવગાહગુણ સમસ્ત દ્રવ્યોમાં છે તોપણ આકાશમાં તે ગુણ સર્વથી મોટો છે, કેમ કે તે સર્વ પદાર્થને સાધારણ યુગપદ્ અવકાશ આપે છે. અલોકાકાશમાં અવગાહ હેતુ છે પણ ત્યાં અવગાહ લેનારાં કોઈ દ્રવ્ય નથી, તો આકાશનો તેમાં શું દોષ? આકાશનો અવગાહ દેવાનો ગુણ તેથી બગડી જાય નહિ, કેમ કે દ્રવ્ય પોતાના સ્વભાવને છોડે નહિ.

(૩) **પ્રશ્ન** :—જીવ–પુદ્‌ગલ ક્રિયાવાળાં છે અને ક્રિયાપૂર્વક અવગાહને કરવાવાળાંને અવકાશદાન દેવું એ તો ઠીક છે, પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાલાણુ તો ક્ષેત્રાંતરની ક્રિયારહિત છે અને આકાશની સાથે નિત્ય સંબંધરૂપ છે તેને આકાશ અવકાશદાન આપે છે, એમ કેમ કહો છો?

**ઉત્તર** :—ઉપચારથી અવકાશદાન આપે છે, એમ કહેવાય છે. જેમ આકાશ ગતિરહિત છે તોપણ તેને સર્વગત કહેવામાં આવે છે, તેવી રીતે ઉપર જણાવેલાં દ્રવ્યો ગતિરહિત છે તોપણ લોકાકાશમાં તેની વ્યાપ્તિ છે, તેથી 'આકાશ તેને અવકાશ આપે છે'; એમ ઉપચાર કરવામાં આવે છે.

(૪) **પ્રશ્ન** :—આકાશમાં અવગાહનહેતુપણું છે છતાં વજ્ર વગેરેથી ગોળા વગેરેનું તથા ભીંતથી ગાય વગેરેનું રોકાવું કેમ થાય છે?

**ઉત્તર** :—સ્થૂળ પદાર્થોને અરસપરસ વ્યાઘાત થાય એવો નિમિત્ત-નૈમિત્તિકસંબધ છે; તેથી આકાશના ગુણને કાંઈ દૂષણ આવતું નથી. ૧૮.

## પુદ્‌ગલદ્રવ્યનો જીવ સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ

## शरीरवाङ्‌मनःप्राणापानाः पुद्‌गलानाम् ॥१९॥

**અર્થ** :—[शरीर] ઔદારિક આદિ શરીર, [वाक्] વચન, [मनः] મન તથા [प्राणापानाः] શ્વાસોચ્છ્‌વાસ એ પુદ્‌ગલદ્રવ્યનો ઉપકાર છે અર્થાત્ શરીરાદિની રચના પુદ્‌ગલથી જ થાય છે.

(૧) ઉપકાર શબ્દનો અર્થ ભલું કરવું એવો ન લેવો પણ કોઈ કાર્યમાં નિમિત્ત હોય એટલો લેવો. (જુઓ, સૂત્ર ૧૭ની ટીકા)

(૨) શરીરમાં કાર્મણશરીરનો સમાસ થાય છે. વચન તથા મન પુદ્‌ગલો છે, એ પાંચમા સૂત્રની ટીકામાં બતાવવામાં આવ્યું છે. પ્રાણાપાન પુદ્‌ગલ છે.

(૩) આ સૂત્રમાં જણાવેલ શરીરાદિનું ઉપાદાનકારણ પુદ્‌ગલદ્રવ્ય છે અને નિમિત્તકારણ જીવ છે. હવેના સૂત્રમાં જીવ ઉપાદાનકારણ અને પુદ્‌ગલ નિમિત્તકારણ એ પ્રકાર લેવામાં આવશે.

(૪) ભાવમન લબ્ધિરૂપ તથા ઉપયોગરૂપ છે. તે અશુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવની અવસ્થા છે. તે ભાવમન પૌદ્‌ગલિકમન તરફ જ્યારે વલણ કરે ત્યારે કાર્ય કરે છે, તેથી નિશ્ચય (પરમાર્થ, શુદ્ધ) નયે તે જીવનું સ્વરૂપ નથી; નિશ્ચયનયે તે પૌદ્‌ગલિક છે.

(૫) ભાવવચન પણ જીવની અવસ્થા છે. તે અશુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવની છે, તેના કાર્યમાં પુદ્‌ગલનું નિમિત્ત હોય છે, તેથી નિશ્ચયનયે જીવની તે અવસ્થા નથી. તે નિશ્ચયનયે જીવનું સ્વરૂપ નથી, તેથી પૌદ્‌ગલિક છે. જો તે જીવનો ત્રિકાળી સ્વભાવ હોય તો ટળે નહિ, પણ તે ભાવવચનરૂપ અવસ્થા જીવમાંથી ટળી શકે છે–એ અપેક્ષા લક્ષમાં રાખી તેને પૌદ્‌ગલિક ગણવામાં આવે છે.

(૬) ભાવમન સંબંધી અધ્યાય ૨, સૂત્ર ૧૧ની ટીકા વાંચવી. ત્યાં જીવની વિશુદ્ધિને ભાવમન કહ્યું છે. તે અશુદ્ધદ્રવ્યાર્થિકનયે કહ્યું છે, એમ સમજવું. ૧૯.

## જીવનો પુદ્‌ગલ સાથેનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ

## सुखदुःखजीवितमरणोपग्रहाश्च ॥२०॥

**અર્થ** :—[सुखदुःख] ઇન્દ્રિયજન્ય સુખ–દુઃખ, [जीवितमरण] જીવન, મરણ [उपग्रहाः च] એ પણ પુદ્‌ગલનો ઉપકાર છે.

### ટીકા

(૧) આ સૂત્રમાં 'उपग्रह' શબ્દ વાપર્યો છે, તેથી સૂચિત થાય છે કે પુદ્‌ગલ પરસ્પર

ઉપકાર કરે છે. જેમ કે રાખ કાંસાના વાસણને, પાણી લોખંડને, સાબુ કપડાંને.

(૨) 'ઉપકાર' શબ્દનો અર્થ નિમિત્તમાત્ર જ સમજવો જોઈએ, નહિ તો 'દુ:ખ, મરણાદિનો ઉપકાર' એમ નહિ કહી શકાય.

(૩) સૂત્રમાં च શબ્દ વાપર્યો છે તે એમ સૂચવે છે, કે શરીરાદિક જેમ નિમિત્ત છે તેમ પુદ્ગલકૃત ઈન્દ્રિયો પણ જીવને અન્ય ઉપકાર (નિમિત્ત)પણે છે.

(૪) સુખ-દુ:ખનું સંવેદન જીવને છે, પુદ્ગલ અચેતન–જડ છે, તેનું સુખ-દુ:ખનું સંવેદન હોઈ શકે નહિ.

(૫) આ સૂત્રમાં જીવ ઉપાદાનકારણ છે અને પુદ્ગલ નિમિત્તકારણ છે, આગલા સૂત્રમાં શરીરાદિનું પુદ્ગલ અને ઉપાદાનકારણ અને જીવ નિમિત્તકારણ છે, એમ બતાવવામાં આવ્યું હતું.

(૬) નિમિત્ત ઉપાદાનને કંઈ કરી શકતું નથી. નિમિત્ત પોતામાં પૂરેપૂરું કાર્ય કરે છે અને ઉપાદાન પોતામાં પૂરેપૂરું કાર્ય કરે છે. નિમિત્ત પરદ્રવ્યને ખરેખર કંઈ અસર કરે છે, એમ માનવું તે બે દ્રવ્યોને એક માનવારૂપ ખોટો નિર્ણય છે. ૨૦.

## જીવનો ઉપકાર

## परस्परोपग्रहो जीवानाम् ॥२१॥

**અર્થ** :—[जीवानाम्] જીવોને [परस्पर उपग्रहो] અરસપરસ ઉપકાર છે.

### ટીકા

(૧) એક જીવ બીજાને સુખનું નિમિત્ત, દુ:ખનું નિમિત્ત, જીવનનું નિમિત્ત, મરણનું નિમિત્ત, સેવા, સુશ્રૂષા આદિનું નિમિત્ત હોય છે.

(૨) અહીં 'उपग्रह' શબ્દ છે, દુ:ખ અને મરણ સાથે પણ તેનો સંબંધ છે, તેથી 'ભલું કરવું' એવો તેનો અર્થ નથી થતો, પણ નિમિત્તમાત્ર છે, એમ સમજવું.

(૩) ૨૦માં સૂત્રમાં જણાવેલ સુખ, દુ:ખ, જીવન, મરણ સાથેનો સંબંધ બતાવવા માટે 'उपग्रह' શબ્દ આ સૂત્રમાં વાપર્યો છે.

(૪) 'સહાયક' શબ્દ વાપર્યો હોય ત્યાં પણ નિમિત્તમાત્ર અર્થ કરવો. પ્રેરક કે અપ્રેરક ગમે તેવું નિમિત્ત હોય પણ તે પરમાં કંઈ કરતું નથી—એમ જ સમજવું; તથા તે ભેદો નિમિત્તના પ્રકારો બતાવે છે. આ સૂત્રમાં એક જીવ બીજા જીવને પ્રેરકનિમિત્ત હોય છે, એમ

સૂચવે છે. સૂત્ર ૧૭–૧૮માં અપ્રેરકનિમિત્ત કહ્યું છે. સૂત્ર ૧૯–૨૦માં જે પુદ્ગલનાં નિમિત્તો જણાવ્યાં છે તે પણ અપ્રેરક છે. ૨૧.

## કાળદ્રવ્યનો ઉપકાર

## वर्तनापरिणामक्रियाःपरत्वापरत्वे च कालस्य ॥२२॥

**અર્થ** :—[वर्तना परिणाम क्रियाः परत्व अपरत्वे च] વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ [कालस्य] એ કાળદ્રવ્યનો ઉપકાર છે.

### ટીકા

(૧) સત્ અવશ્ય ઉપકાર સહિત હોવા યોગ્ય છે અને કાળ સત્તાસ્વરૂપ છે, માટે તેનો શું ઉપકાર (નિમિત્તપણું) છે, તે આ સૂત્રમાં જણાવે છે. (અહીં પણ ઉપકારનો અર્થ નિમિત્તમાત્ર થાય છે.)

(૨) વર્તના :—સ્વ દ્રવ્યો પોતે પોતાના ઉપાદાનકારણથી પોતાના પર્યાયના ઉત્પાદરૂપ વર્તે તેમાં બાહ્ય નિમિત્તકારણ કાળદ્રવ્ય છે, તેથી વર્તના કાળનું લક્ષણ કે ઉપકાર કહેવાય છે.

પરિણામ :—દ્રવ્ય પોતાના સ્વભાવને છોડ્યા વગર પર્યાયરૂપે પલટે (બદલે) તે પરિણામ છે. ધર્માદિ સર્વ દ્રવ્યોને અગુરુલઘુત્વગુણના અવિભાગપ્રતિચ્છેદરૂપ અનંત પરિણામ (ષટ્ગુણ હાનિ-વૃદ્ધિસહિત) છે; તે અતિ સૂક્ષ્મસ્વરૂપ છે. જીવને ઉપશમાદિ પાંચ ભાવરૂપ પરિણામ છે અને પુદ્ગલને વર્ણાદિક પરિણામ છે તથા ઘટાદિક અનેકરૂપ પરિણામ છે. દ્રવ્યના પર્યાય–પરિણતિને પરિણામ કહે છે.

ક્રિયા :—એક ક્ષેત્રથી અન્ય ક્ષેત્રે ગમન કરવું તે ક્રિયા છે. તે ક્રિયા જીવ તથા પુદ્ગલ બન્નેને હોય છે; બીજાં ચાર દ્રવ્યોને ક્રિયા હોતી નથી.

પરત્વ :—જેને ઘણો કાળ લાગે તેને પરત્વ કહે છે.

અપરત્વ :—જેને અલ્પકાળ લાગે તેને અપરત્વ કહે છે.

આ બધાં કાર્યોનું નિમિત્તકારણ કાળદ્રવ્ય છે. તે કાર્યો કાળને બતાવે છે, માટે વર્તના –પરત્વાદિ કાળનાં લક્ષણ કહેવાય છે.

(૩) **પ્રશ્ન** :—પરિણામ આદિ ચાર ભેદ વર્તનાનાં જ છે, માટે એક 'વર્તના' કહેવું જોઈએ?

**ઉત્તર** :—કાળ બે પ્રકારના છે : નિશ્ચયકાળ અને વ્યવહારકાળ. તેમાં વર્તના તે

નિશ્ચયકાળનું લક્ષણ છે અને પરિણામ આદિ ચાર ભેદ છે તે વ્યવહારકાળનાં લક્ષણો છે. એ બન્ને પ્રકારના કાળ આ સૂત્રમાં બતાવ્યા છે.

(૪) વ્યવહારકાળ જીવ-પુદ્‌ગલનાં પરિણામથી પ્રગટ થાય છે. તે વ્યવહારકાળના ત્રણ પ્રકાર છે—ભૂત, વર્તમાન અને ભવિષ્ય. લોકાકાશના એકેક પ્રદેશે એકેક ભિન્ન-ભિન્ન અસંખ્યાત કાલાણુ દ્રવ્ય છે. તે પરમાર્થકાળ-નિશ્ચયકાળ છે. તે કાલાણુ પરિણતિરૂપ વર્તે છે.

## (૫) ઉપકારનાં સૂત્ર ૧૭ થી ૨૨ સુધીનો સિદ્ધાંત

પરદ્રવ્યની પરિણતિરૂપ કોઈ દ્રવ્ય વર્તતું નથી, પોતે પોતાની પરિણતિરૂપ જ દરેક દ્રવ્ય વર્તે છે. પરદ્રવ્ય તો બાહ્ય નિમિત્ત હોય છે; કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યના ક્ષેત્રમાં પ્રવેશતું નથી, (એટલે કે નિમિત્ત પરને કંઈ કરી શકતું નથી.) આ સૂત્રો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલ, જીવ અને કાળનાં પર સાથેનો નિમિત્તસંબંધ બતાવનારાં લક્ષણો તેમાં કહ્યાં છે.

(૬) **પ્રશ્ન** :—"કાળ વર્તાવનારો છે," એમ કહેતાં તેમાં ક્રિયાવાનપણું પ્રાપ્ત થાય છે? (અર્થાત્ કાળ પરદ્રવ્યને પરિણમાવે છે, એમ તેનો અર્થ થઈ જાય છે?)

**ઉત્તર** :—તે દૂષણ આવતું નથી. નિમિત્તમાત્રમાં હેતુનું કથન (વ્યપદેશ) કરવામાં આવે છે, (ઉપાદાનકારણમાં નહિ). જેમ 'શિયાળામાં અડાયાંની અગ્નિ શિષ્યને ભણાવે છે'-એમ કથન કરવામાં આવે છે; ત્યાં શિષ્ય પોતાથી ભણે છે, પણ અગ્નિ (તાપ) હાજર છે, તેથી 'તે ભણાવે છે' એમ ઉપચારથી કથન કરવામાં આવે છે. આ પ્રમાણે પદાર્થોને વર્તાવવામાં કાળનું હેતુપણું છે; તે હાજર હોવાથી ઉપચારથી કહેવાય છે. બીજાં પાંચ દ્રવ્યો હાજર છે પણ તેમને વર્તનામાં નિમિત્ત પણ કહી શકાય નહિ, કેમ કે તેમાં તે પ્રકારનું હેતુપણું નથી. ૨૨.

## પુદ્‌ગલનાં લક્ષણો

### स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः ॥२३॥

**અર્થ** :—[स्पर्श रस गन्ध वर्णवन्तः] સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ (રંગ) વાળાં [पुद्गलाः] પુદ્‌ગલદ્રવ્યો છે.

### ટીકા

(૧) સૂત્રમાં 'पुद्गलाः' શબ્દ બહુવચનમાં છે, તેથી પુદ્‌ગલો ઘણાં છે-એમ કહ્યું અને તે દરેકમાં ચાર લક્ષણો છે; કોઈમાં પણ ચારથી ઓછાં નથી, એમ સમજાવ્યું.

(૨) સૂત્ર ૧૯–૨૦માં પુદ્‌ગલોનું જીવ સાથેનું નિમિત્તપણું બતાવ્યું હતું અને અહીં પુદ્‌ગલનું તદ્‌ભૂત (ઉપાદાન) લક્ષણ બતાવે છે. જીવનું તદ્‌ભૂતલક્ષણ ઉપયોગ અધ્યાય ૨ સૂત્ર ૮માં બતાવવામાં આવ્યું હતું અને અહીં પુદ્‌ગલનાં તદ્‌ભૂતલક્ષણો કહ્યાં છે.

(૩) એ ચાર ગુણોના પર્યાયના ભેદો નીચે પ્રમાણે છે :—

**સ્પર્શગુણના આઠ પર્યાયો**—(૧) સ્નિગ્ધ, (૨) રુક્ષ, (૩) શીત, (૪) ઉષ્ણ, (૫) હળવો, (૬) ભારે, (૭) સુંવાળો અને (૮) કર્કશ.

**રસગુણના પાંચ પર્યાયો**—(૧) ખાટો, (૨) મીઠો, (૩) કડવો, (૪) કષાયેલો અને (૫) તીખો. એ પાંચમાંથી એક કાળમાં કે રસપર્યાય પરમાણુમાં પ્રગટ હોય છે.

**ગંધગુણના બે પર્યાયો**—(૧) સુગંધ અને (૨) દુર્ગંધ. એ બેમાંથી એક કાળમાં એક ગંધપર્યાય પ્રગટ હોય છે.

વર્ણગુણના પાંચ પર્યાયો—(૧) કાળો, (૨) લીલો, (૩) પીળો, (૪) લાલ અને (૫) સફેદ. એ પાંચમાંથી એક કાળમાં એક વર્ણપર્યાય પરમાણુને પ્રગટ હોય છે.

એ પ્રમાણે ચાર ગુણના કુલ વીસ પર્યાયો છે. દરેક પર્યાયના બે, ત્રણ, ચારથી માંડીને સંખ્યાત, અસંખ્યાત અને અનંત ભેદ પડે છે.

(૪) કોઈ કહે છે કે 'પૃથ્વી, જળ, અગ્નિ તથા વાયુના પરમાણુઓમાં જાતિભેદ છે.' પણ એ કથન પર્યાય નથી. પુદ્‌ગલ બધાય એક જાતિના છે. ચારેય ગુણ દરેકમાં હોય છે અને પૃથ્વી આદિ અનેકરૂપે તેના પરિણામ છે. પાષાણ અને લાકડારૂપ જે પૃથ્વી છે તે અગ્નિરૂપે પરિણમે છે. અગ્નિ, કાજળ, રાખાદિ પૃથ્વીરૂપે પરિણમે છે. ચંદ્રકાંતમણિ પૃથ્વી છે તેને ચંદ્ર સામે રાખતાં તે પાણીરૂપે પરિણમે છે. સૂર્યકાંતમણિ પૃથ્વી છે તેને સૂર્ય સામે રાખતાં તે અગ્નિરૂપે પરિણમે છે. જળ, મોતી, નમક આદિ પૃથ્વીરૂપે ઊપજે છે. જવ નામનું અનાજ (કે જે પૃથ્વીની જાત છે) તેના ભક્ષણથી વાયુ ઊપજે છે, કેમ કે પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ પુદ્‌ગલદ્રવ્યના જ વિકાર (–પર્યાય) છે.

(૫) **પ્રશ્ન** :—આ અધ્યાયના પાંચમા સૂત્રમાં પુદ્‌ગલનું લક્ષણ રૂપીપણું કહ્યું છે, છતાં આ સૂત્રમાં પુદ્‌ગલનાં લક્ષણો ફરીને શા માટે કહ્યાં?

**ઉત્તર** :—આ અધ્યાયના ચોથા સૂત્રમાં દ્રવ્યોની વિશેષતા બતાવવા નિત્ય, અવસ્થિત અને અરૂપી એમ કહ્યું હતું અને તેથી પુદ્‌ગલોને અમૂર્તિકપણું આવી પડે; તેના નિરાકરણ માટે પાંચમું સૂત્ર કહ્યું હતું અને આ સૂત્ર તો પુદ્‌ગલોનું સ્વરૂપ બતાવવા માટે કહ્યું છે.

(૬) આ અધ્યાયના પાંચમાં સૂત્રની ટીકા અહીં વાંચવી.

(૭) વિદારણાદિ કારણે જે તૂટે-ફૂટે છે તથા સંયોગના કારણે જે વધે છે-ઉપચિત થાય છે, તેને પુદ્‌ગલના સ્વભાવના જ્ઞાતા જિનેન્દ્ર પુદ્‌ગલ કહે છે. (જુઓ, તત્ત્વાર્થસાર અધ્યાય. ૩. ગાથા. ૫૫.)

(૮) **પ્રશ્ન** :—લીલો રંગ કેટલાક રંગોના મેળાપથી થાય છે, માટે રંગના જે પાંચ ભેદ બતાવ્યા છે તે મૂળ ભેદ કેમ ઠરે?

**ઉત્તર** :—મૂળ સત્તાની અપેક્ષાએ આ ભેદો કહેવામાં આવ્યા નથી પણ પરસ્પર સ્થૂળ અંતરની અપેક્ષાએ કહ્યા છે. રસાદિ સંબંધમાં એમ જ સમજવું. રંગ વગેરેની નિયત સંખ્યા નથી. (તત્ત્વાર્થસાર પા. ૧૫૮.) ૨૩.

## પુદ્‌ગલના પર્યાય

### शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमश्छायातपाद्योतवन्तश्च ।।२४।।

**અર્થ** :—ઉક્ત લક્ષણવાળા પુદ્‌ગલ [शब्द] શબ્દ, [बन्ध] બંધ, [सौक्ष्म्य] સૂક્ષ્મતા, [स्थौल्य] સ્થૂળતા, [संस्थान] સંસ્થાન (આકાર), [भेद] ભેદ, [तमस्] અંધકાર, [छाया] છાયા, [आतप] આતપ અને [उद्योतवन्तः च] ઉદ્યોતાદિવાળાં પણ હોય છે અર્થાત્ તે પણ પુદ્‌ગલના પર્યાયો છે.

### ટીકા

(૧) આ અવસ્થાઓમાંથી કેટલીક પરમાણુ અને સ્કંધ બન્નેમાં હોય છે, કેટલીક સ્કંધમાં હોય છે.

(૨) શબ્દ બે પ્રકારે છે—ભાષાત્મક અને અભાષાત્મક. તેમાંથી ભાષાત્મક બે પ્રકારે છે—અક્ષરરૂપ અને અનક્ષરરૂપ. તેમાં અક્ષરરૂપ ભાષા સંસ્કૃત અને દેશભાષારૂપ છે. તે બન્ને શાસ્ત્રને પ્રગટ કરનારી તથા મનુષ્યને વ્યવહારનું કારણ છે. અનક્ષરરૂપ ભાષા બે ઇન્દ્રિયથી ચાર ઇન્દ્રિયવાળા તથા કેટલાક પંચેન્દ્રિય જીવોને હોય છે તે અને અતિશયરૂપ જ્ઞાનને પ્રકાશવાનું કારણ કેવળી ભગવાનનો દિવ્યધ્વનિ—એ સમસ્ત અનક્ષરાત્મક ભાષા છે; પુરુષ નિમિત્ત છે, તેથી તે પ્રાયોગિક છે.

અભાષાત્મક શબ્દ પણ બે પ્રકારે છે—એક પ્રાયોગિક, બીજો વૈસ્રસિક. જે શબ્દ ઊપજવામાં પુરુષ નિમિત્ત હોય તે પ્રાયોગિક છે; પુરુષની અપેક્ષા રહિત સ્વાભાવિકપણે ઊપજે તે વૈસ્રસિક છે; જેમકે મેઘગર્જનાદિ. પ્રાયોગિક ભાષા ચાર પ્રકારે છે-તત, વિતત, ઘન અને સુષિર. ચામડાના ઢોલ, નગારાદિકથી ઊપજે તે તત છે. તારવાળી વીણા, સિતાર, તંબુરાદિકથી

ઊપજે તે વિતત છે. ઘંટ વગેરે વગાડવાથી ઊપજે તે ઘન છે. વાંસળી, શંખાદિથી ઊપજે તે સુષિર છે.

જે કાનથી સંભળાય તેને શબ્દ કહે છે. મુખથી ઉત્પન્ન થાય તે ભાષાત્મક શબ્દ છે. બે વસ્તુના આઘાતથી ઉત્પન્ન થાય તે અભાષાત્મક શબ્દ છે. અભાષાત્મક શબ્દ ઉત્પન્ન થવામાં પ્રાણી તથા જડપદાર્થ બન્ને નિમિત્ત છે. જે કેવળ જડપદાર્થોના આઘાતથી ઉત્પન્ન થાય તે વૈસ્રસિક છે. પ્રાણીઓનું જેને નિમિત્ત હોય છે તેને પ્રાયોગિક કહે છે.

મુખથી નીકળતા શબ્દ, અક્ષર, પદ, વાક્યરૂપ છે, તેને સાક્ષર ભાષાત્મક કહે છે—તેને વર્ણાત્મક પણ કહે છે.

ભગવાન તીર્થંકરને સર્વ પ્રદેશોથી જે નિરક્ષર ધ્વનિ નીકળે છે, તેને અનક્ષર ભાષાત્મક કહેવાય છે; તેને ધ્વનિ–આત્મક પણ કહેવાય છે.

**બંધ :**—બે પ્રકારે છે–વૈસ્રસિક અને પ્રાયોગિક. પુરુષના યત્નની અપેક્ષારહિત જે બંધ થાય તે વૈસ્રસિક છે. તે વૈસ્રસિક બે પ્રકારે છે—(૧) આદિમાન, (૨) અનાદિમાન. તેમાં સ્નિગ્ધ–રુક્ષાદિના કારણે વિજળી, ઉલ્કાપાત, વાદળાં, આગ, ઈંદ્રધનુષાદિ થાય તે આદિમાન વૈસ્રસિક બંધ છે. પુદ્ગલનો અનાદિમાન બંધ મહાસ્કંધ વગેરે છે. (અમૂર્તિક પદાર્થમાં પણ વૈસ્રસિક અનાદિમાન બંધ ઉપચારથી કહેવામાં આવે છે. તે ધર્મ, અધર્મ તથા આકાશનો છે અને અમૂર્તિક અને મૂર્તિક પદાર્થનો અનાદિમાન બંધ—ધર્મ, અધર્મ, આકાશ અને જગદ્વ્યાપી મહાસ્કંધનો છે.)

પુરુષની અપેક્ષાસહિત થાય તે પ્રાયોગિક બંધ છે. તેના બે પ્રકાર છે.–(૧) અજીવવિષય, (૨) જીવવિષય; લાખનો–લાકડાનો બંધ તે અજીવવિષય પ્રાયોગિક બંધ છે. જીવનો કર્મ અને નોકર્મ બંધ તે જીવાજીવવિષય પ્રાયોગિક છે.

**સૂક્ષ્મ**—બે પ્રકારે છે :–(૧) અંત્ય, (૨) આપેક્ષિક. પરમાણુ અંત્ય સૂક્ષ્મ છે. આમળાથી બોર સૂક્ષ્મ, તે આપેક્ષિક સૂક્ષ્મ છે.

**સ્થૂળ**—બે પ્રકારે છે :–(૧) અંત્ય (૨) આપેક્ષિક. જગદ્વ્યાપી મહાસ્કંધ તે અંત્ય સ્થૂળ છે, તેનાથી બીજો કોઈ સ્કંધ મોટો નથી. બોર, આમળું વગેરે આપેક્ષિક છે.

**સંસ્થાન**—આકૃતિને સંસ્થાન કહે છે. તેના બે પ્રકાર છે :–(૧) ઈત્થંલક્ષણ સંસ્થાન, (૨) અનિત્થંલક્ષણ સંસ્થાન. તેમાં ગોળ, ત્રિકોણ, ચોરસ, લાંબું, પહોળું, પરિમંડલરૂપ એ ઈત્થંલક્ષણ સંસ્થાન છે. વાદળાં વગેરે જેની કોઈ ખાસ આકૃતિ નથી, તે અનિત્થંલક્ષણ સંસ્થાન છે.

**ભેદ**—છ પ્રકારે છે :—(૧) ઉત્કર, (૨) ચૂર્ણ, (૩) ખંડ, (૪) ચૂર્ણિકા, (૫) પ્રતર, (૬) અનુચટન. કરવતાદિ વડે કાષ્ઠાદિનું વિદારણ તે ઉત્કર છે. જવ, ઘઉં, બાજરાનો લોટ, કણક આદિ તે ચૂર્ણ છે. ઘડા વગેરેના કટકા તે ખંડ છે. અડદ, મગ, ચણા, ચોળા આદિની દાળ તે ચૂર્ણિકા છે. અબરખ વગેરેના પડ ઊખડે તે પ્રતર છે. તપાયમાન લોઢાને ઘણ વગેરેથી ઘાત કરતાં જે તણખા (ફુલીંગ) ઊડે તે અનુચટન છે.

**અંધકાર**—પ્રકાશનો વિરોધી તે અંધકાર(-તમ) છે.

**છાયા**—પ્રકાશ-અજવાળાને ઢાંકનાર તે છાયા છે. તે બે પ્રકારે છે :-(૧) તદ્વર્ણ પરિણતિ, (૨) પ્રતિબિંબસ્વરૂપ. રંગીન કાચમાંથી જોતાં જેવો કાચનો રંગ હોય તેવું દેખાય તે તદ્વર્ણ પરિણતિ તથા દર્પણ, ફોટા આદિમાં પ્રતિબિંબ દેખાય તે પ્રતિબિંબસ્વરૂપ છે.

**આતપ**—સૂર્યવિમાનના કારણે ઉત્તમ પ્રકાશ થાય તે આતપ છે.

**ઉદ્યોત**—ચંદ્રમા, ચંદ્રકાન્તમણિ, દીવા આદિનો પ્રકાશ તે ઉદ્યોત છે.

'च'-સૂત્રમાં 'च' શબ્દ કહ્યો તે વડે પ્રેરણા, અભિઘાત (મારવું) આદિ જે પુદ્‌ગલ વિકારો છે, તેનો સમાવેશ કર્યો છે.

ઉપરના ભેદોમાં 'સૂક્ષ્મ' તથા 'સંસ્થાન' એ બે પ્રકારો પરમાણુ અને સ્કંધ બન્નેમાં આવે છે, બીજા બધાં સ્કંધના પ્રકારો છે.

(૩) બીજી રીતે પુદ્‌ગલના છ પ્રકાર છે— ૧. સૂક્ષ્મ-સૂક્ષ્મ, ૨. સૂક્ષ્મ, ૩. સૂક્ષ્મસ્થૂળ, ૪. સ્થૂળસૂક્ષ્મ, ૫. સ્થૂળ, ૬. સ્થૂળસ્થૂળ.

૧. **સૂક્ષ્મસૂક્ષ્મ**—પરમાણુ સૂક્ષ્મસૂક્ષ્મ છે.

૨. **સૂક્ષ્મ**—કાર્માણવર્ગણા સૂક્ષ્મ છે.

૩. **સૂક્ષ્મસ્થૂળ**—સ્પર્શ, રસ, ગંધ અને શબ્દ તે સૂક્ષ્મસ્થૂળ છે, કેમ કે આંખથી દેખાતાં નથી માટે સૂક્ષ્મ છે અને ચાર ઇન્દ્રિયોથી જણાય છે માટે સ્થૂળ છે.

૪. **સ્થૂળસૂક્ષ્મ**—છાયા, પડછાયો વગેરે સ્થૂળસૂક્ષ્મ છે, કેમ કે આંખથી દેખાય છે માટે સ્થૂળ છે, હાથથી પકડાતાં નથી માટે સૂક્ષ્મ છે.

૫. **સ્થૂળ**—જળ, તેલ આદિ સ્થૂળ છે, કેમ કે છેદન, ભેદન કરવાથી છૂટાં પડે છે અને ભેગાં કરવાથી મળી જાય છે.

૬. **સ્થૂળસ્થૂળ**—પૃથ્વી, પર્વત, કાષ્ઠ વગેરે સ્થૂળસ્થૂળ છે; તેઓ છૂટા કરવાથી છૂટાં પડે છે પણ મળી શકતાં નથી.

પરમાણુ ઇન્દ્રિયગ્રાહ્ય નથી તોપણ ઇન્દ્રિયગ્રાહ્ય થવાની તેમાં લાયકાત છે. સૂક્ષ્મ સ્કંધનું પણ તેમ જ સમજવું.

(૪) શબ્દને આકાશનો ગુણ માનવો તે ભૂલ છે, કારણ કે આકાશ અમૂર્તિક છે અને શબ્દ મૂર્તિક છે; માટે શબ્દ આકાશનો ગુણ હોઈ શકે નહિ. શબ્દનું મૂર્તિકપણું સાક્ષાત્ છે, કેમ કે શબ્દ કર્ણેન્દ્રિયથી ગ્રહણ થાય છે, હસ્તાદિથી તથા ભીંત આદિથી રોકાય છે અને પવનાદિક મૂર્તિક વસ્તુથી તેનો તિરસ્કાર થાય છે, દૂર જાય છે. શબ્દ પુદ્‌ગલદ્રવ્યનો પર્યાય છે, તેથી મૂર્તિક છે, એ પ્રમાણસિદ્ધ છે. પુદ્‌ગલસ્કંધનું પરસ્પર ભીડન થવાથી શબ્દપર્યાય પ્રગટ થાય છે. ૨૪.

## પુદ્‌ગલના ભેદો

### अणवः स्कन्धाश्च ॥२५॥

**અર્થ** :—પુદ્‌ગલદ્રવ્ય [अणवः स्कन्धाः च] અણુ અને સ્કંધ એ બે પ્રકારે છે.

### ટીકા

(૧) **અણુ**—જેનો બીજો વિભાગ ન થઈ શકે એવા પુદ્‌ગલને અણુ કહે છે. પુદ્‌ગલ મૂળ **(simple)** દ્રવ્ય છે.

**સ્કંધ**—બે, ત્રણથી માંડીને સંખ્યાત, અસંખ્યાત કે અનંત પરમાણુઓના પિંડને સ્કંધ કહે છે.

(૨) સ્કંધ તે પુદ્‌ગલદ્રવ્યની વિશેષતા છે. તેમાં સ્પર્શ ગુણ હોવાના કારણે તેઓ સ્કંધરૂપે પરિણમે છે. સ્કંધરૂપ ક્યારે થાય છે તે આ અધ્યાયના સૂત્ર ૨૬–૩૩–૩૬–૩૭માં કહ્યું છે અને ક્યારે સ્કંધરૂપ નથી થતાં તે સૂત્ર ૩૪–૩૫માં કહ્યું છે.

(૩) આવી વિશેષતા બીજાં કોઈ દ્રવ્યમાં નથી, કેમ કે બીજાં દ્રવ્યો અમૂર્તિક છે. આ સૂત્ર મિલાપ બાબતમાં દ્રવ્યોનું અનેકાંતપણું બતાવે છે.

(૪) પરમાણુ પોતે જ મધ્ય અને પોતે જ અંત છે, કેમ કે તે એકપ્રદેશી અને અવિભાગી છે. ૨૫.

## સ્કંધોની ઉત્પત્તિનું કારણ

### भेदसंघातेभ्यः उत्पद्यन्ते ॥२६॥

**અર્થ** :—પરમાણુઓના [भेदसंघातेभ्यः] ભેદ (છૂટા પડવાથી), સંઘાત (મળવાથી) અથવા ભેદસંઘાત બન્નેથી [उत्पद्यन्ते] પુદ્‌ગલસ્કંધોની ઉત્પત્તિ થાય છે.

(૧) પુદ્‌ગલદ્રવ્યની વિશિષ્ટતા આગલા સૂત્રોમાં બતાવતાં અણુ અને સ્કંધ બે પ્રકાર બતાવ્યા; ત્યારે સ્કંધોની ઉત્પત્તિ શી રીતે થાય છે તે પ્રશ્ન ઉઠે છે; તેના ખુલાસારૂપે ઉત્પત્તિનાં ત્રણ કારણો જણાવ્યાં. સૂત્રમાં દ્વિવચન નહિ વાપરતાં બહુવચન (संघातेभ्यः) વાપર્યું છે, તેથી ભેદ–સંઘાતનો ત્રીજો પ્રકાર વ્યક્ત થાય છે.

(૨) **દૃષ્ટાંત** :—એકસો પરમાણુનો સ્કંધ છે તેમાંથી દશ પરમાણુ છૂટાં પડી જવાથી નેવું પરમાણુનો સ્કંધ બન્યો; એ ભેદનું દૃષ્ટાંત છે. તેમાં (એકસો પરમાણુના સ્કંધમાં) દશ પરમાણુ મળવાથી એકસો ને દશ પરમાણુનો સ્કંધ થયો; એ સંઘાતનું દૃષ્ટાંત છે. તેમાં જ એકીસાથે દશ પરમાણુ છૂટા પડવાથી અને પંદર પરમાણુ મળી જવાથી એકસો ને પાંચ પરમાણુનો સ્કંધ થયો તે ભેદ–સંઘાતનું દૃષ્ટાંત છે. ૨૬.

## અણુની ઉત્પત્તિનું કારણ

## भेदादणुः ॥२७॥

**અર્થ** :—[अणुः] અણુની ઉત્પત્તિ [भेदात्] ભેદથી થાય છે. ૨૭.

## દેખાવાયોગ્ય સ્થૂળ સ્કંધની ઉત્પત્તિનું કારણ

## भेदसंघाताभ्यां चाक्षुषः ॥२८॥

**અર્થ** :—[चाक्षुषः] ચક્ષુઇન્દ્રિયથી દેખાવાયોગ્ય સ્કંધ [भेदसंघाताभ्यां] ભેદ અને સંઘાત બન્નેના એકત્રપણાથી ઉત્પન્ન થાય છે, એકલા ભેદથી નહિ.

### ટીકા

(૧) **પ્રશ્ન** :—ચક્ષુઇન્દ્રિયગોચર ન હોય એવા સ્કંધ ચક્ષુગોચર શી રીતે થાય?

**ઉત્તર** :—સૂક્ષ્મ સ્કંધનો ભેદ થાય અને તે જ વખતે ચક્ષુઇન્દ્રિયગોચર સ્કંધમાં તે સંઘાતરૂપ થાય એટલે તે ચક્ષુગોચર થઈ જાય છે. સૂત્રમાં 'चाक्षुषः' શબ્દ વાપર્યો છે તેનો અર્થ ચક્ષુઇન્દ્રિયગોચર થાય છે. સ્કંધ નેત્રઇન્દ્રિયગોચર એકલા ભેદથી કે એકલા સંઘાતથી થતો નથી. (જુઓ, રાજવાર્તિક સૂત્ર ૨૮ની ટીકા, પાન ૩૯૧; અર્થપ્રકાશિકા. પા. ૨૧૦.)

(૨) **Marsh-gas treated with chlorine gives Methyl Chloride and**

**Hydrochloric acid. The formula is :-CH4 + cl2 = CH3 cl + H cl.**

**અર્થ** :—સડતાં પાણીમાં થતા ગેસને 'માર્શ–ગેસ' કહે છે. તેની ગંધ આવતી નથી, તેમ રંગ પણ જણાતો નથી પણ તે બળી શકે છે. તેને એક ક્લોરીન નામનો ગેસ કે જે લીલાશવાળા પીળા રંગનો છે, તેની સાથે ભેળવતાં એક ત્રીજો નેત્રઇન્દ્રિયથી દેખાય તેવો એસિડ પદાર્થ થાય છે, તેને મેથીલ–ક્લોરાઈડ અને હાઈડ્રોક્લોરીક એસિડ કહે છે. (ઈંગ્લીશ તત્ત્વાર્થસૂત્રની આ સૂત્ર નીચેની ટીકા).

(૩) ઓક્સિજન અને હાઈડ્રોજન બે વાયુ છે, બન્ને નેત્રઇન્દ્રિયથી અગોચર સ્કંધો છે. બન્નેનો મિલાપ થતાં નેત્રઇન્દ્રિયગોચર જળ (પાણી) થાય છે. માટે નેત્રઇન્દ્રિયગોચર સ્કંધ થવા માટે જેમાં મિલાપ થાય તે નેત્રઇન્દ્રિયગોચર થવો જ જોઈએ એવો નિયમ નથી અને સૂત્રમાં પણ નેત્રઇન્દ્રિયગોચર સ્કંધ જોઈએ જ એવું કથન નથી. સૂત્રમાં સામાન્ય કથન છે. ૨૮.

**આ પ્રમાણે છયે દ્રવ્યોનાં વિશેષ લક્ષણોનું કથન આવી ગયું. હવે દ્રવ્યોનું સામાન્ય લક્ષણ કહે છે.**

## सद्द्रव्यलक्षणम् ।।२९।।

**અર્થ** :—[द्रव्यलक्षणम्] દ્રવ્યનું લક્ષણ [सत्] સત્ (અસ્તિત્વ) છે.

### ટીકા

(૧) વસ્તુસ્વરૂપ બતાવનારાં પાંચ મહાસૂત્રો આ અધ્યાયમાં આપવામાં આવ્યાં છે. તે સૂત્રો ૨૯–૩૦–૩૨–૩૮ અને ૪૨ છે. તેમાં પણ આ સૂત્ર મૂળ પાયારૂપ છે; કેમ કે કોઈ પણ વસ્તુ માટે વિચાર કરતાં સૌ પહેલાં તે છે કે નહિ તે નક્કી થવું જોઈએ. માટે જગતમાં જે જે વસ્તુ હોય તે 'છે' રૂપે (સત્‌રૂપે) હોવી જ જોઈએ. જે વસ્તુ હોય તેનો જ વિશેષ વિચાર કરવાનો રહે છે.

(૨) આ સૂત્રમાં 'દ્રવ્ય' શબ્દ વાપર્યો છે, તે એમ સૂચવે છે કે તેમાં 'દ્રવ્યત્વ' નામનો ગુણ છે, કે જે શક્તિના કારણે દ્રવ્ય સદા એકરૂપ ન રહેતાં તેની હાલતો (પર્યાયો) નિત્ય બદલતી રહે છે.

(૩) હવે જ્યારે દ્રવ્ય નિત્ય પોતપોતાનો પર્યાય બદલે છે ત્યારે પ્રશ્ન એ ઊઠે કે દ્રવ્ય બદલાઈને બીજા દ્રવ્યરૂપ થઈ જાય કે કેમ? તેનો ઉત્તર આ સૂત્રમાં વાપરવામાં આવેલો 'સત્' શબ્દ આપે છે. 'સત્' શબ્દ સૂચવે છે, કે દ્રવ્યમાં અસ્તિત્વગુણ છે અને તે શક્તિના કારણે દ્રવ્યનો કદી નાશ થતો નથી.

(૪) તેથી એમ સિદ્ધ થયું, કે દ્રવ્યના પર્યાય સમયે સમયે બદલે છે તોપણ દ્રવ્ય ત્રિકાળ ટકી રહે છે. આ સિદ્ધાંત સૂત્ર ૩૦ તથા ૩૮માં આપ્યો છે.

(૫) 'છે' પણું (અસ્તિત્વ) જેને હોય તે દ્રવ્ય છે. એ રીતે 'અસ્તિત્વ' ગુણ દ્વારા 'દ્રવ્ય'ને ઓળખી શકાય છે. માટે 'સત્'ને દ્રવ્યનું લક્ષણ આ સૂત્રમાં કહ્યું છે. જેને જેને અસ્તિત્વ હોય તે તે દ્રવ્ય છે, એમ આ સૂત્ર પ્રતિપાદન કરે છે.

(૬) 'સત્' લક્ષણ વડે દ્રવ્ય ઓળખી શકાય છે, એમ નક્કી થયું. તે ઉપરથી બે સિદ્ધાંતો નીકળ્યા, કે દ્રવ્યમાં 'પ્રમેયત્વ' (જ્ઞાનમાં જણાવા લાયક–**Knowable)** એવો ગુણ છે અને તે દ્રવ્ય પોતે પોતાને જાણનારું હોય અથવા બીજું દ્રવ્ય તેને જાણનારું હોય. જો એમ ન હોય તો 'દ્રવ્ય છે' એમ નક્કી થાય જ નહિ; માટે દ્રવ્યમાં 'પ્રમેયત્વ' નામનો ગુણ છે; અને દ્રવ્ય કાં તો જાણનારું (ચેતન) હોય અથવા નહિ જાણનારું (અચેતન) હોય. જાણનારું દ્રવ્ય તે 'જીવ' છે અને નહિ જાણનારું તે 'અજીવ' છે, એમ પણ સિદ્ધ થાય છે.

(૭) દરેક દ્રવ્ય પોતાની પ્રયોજનભૂત અર્થક્રિયા **(functionality)** કરે જ. જો દ્રવ્ય અર્થક્રિયા ન કરે તો તે કાર્ય વગરનું થાય એટલે કે તે ફોગટનું થાય, પણ ફોગટનું (પોતાના કાર્ય વગરનું) કોઈ દ્રવ્ય હોય જ નહિ, તેથી દરેક દ્રવ્યમાં 'વસ્તુત્વ' નામનો ગુણ છે, એમ સિદ્ધ થયું.

(૮) વળી પોતપોતાની ક્રિયા કરે તો જ વસ્તુ કહેવાય, તેથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરી શકે નહિ, એમ સિદ્ધ થયું.

(૯) વળી, જે દ્રવ્ય હોય તેનું દ્રવ્યપણું–ગુણપણું જે પ્રકારે હોય તે પ્રકારે કાયમ રહીને પરિણમે, પણ બીજામાં પ્રવેશ કરી શકે નહિ; એવા ગુણને 'અગુરુલઘુત્વ' ગુણ કહે છે. એ શક્તિના કારણે દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ન પરિણમે, અને એક ગુણ બીજા ગુણરૂપે ન પરિણમે તથા એક દ્રવ્યના અનેક (–અનંત) ગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય.

(૧૦) એ રીતે દરેક દ્રવ્યમાં સામાન્ય ગુણો ઘણા હોય છે પણ મુખ્યપણે છ સામાન્ય ગુણો છે; તેમનાં નામ–૧. અસ્તિત્વ (જે આ સૂત્રમાં 'સત્' શબ્દ દ્વારા સ્પષ્ટપણે જણાવેલ છે), ૨. વસ્તુત્વ, ૩. દ્રવ્યત્વ, ૪. પ્રમેયત્વ, ૫. અગુરુલઘુત્વ અને ૬. પ્રદેશત્વ.

(૧૧) પ્રદેશત્વ ગુણની એવી વ્યાખ્યા છે, કે જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈ ને કોઈ આકાર અવશ્ય હોય જ.

(૧૨) આ દરેક સામાન્ય ગુણોમાં 'सत्' (–અસ્તિત્વ) મુખ્ય છે, કારણ કે તેના વડે દ્રવ્યનું હોવાપણું નક્કી થાય છે. જો દ્રવ્ય હોય તો જ બીજા ગુણો હોઈ શકે, માટે 'सत्'ને અહીં દ્રવ્યનું લક્ષણ કહ્યું છે.

(૧૩) દરેક દ્રવ્યનાં વિશેષ લક્ષણો પૂર્વે કહેવામાં આવ્યાં છે. તે નીચે મુજબ છે–(૧) જીવ—અધ્યાય ૨, સૂ. ૧ તથા ૮. (૨) અજીવના પાંચ પ્રકારમાંથી પુદ્ગલ—અધ્યાય ૫, સૂત્ર ૨૩. (૩) ધર્મ અને અધર્મ—અધ્યાય ૫, સૂત્ર ૧૭. (૪) આકાશ—અધ્યાય ૫, સૂત્ર ૧૮. અને (૫) કાળ—અધ્યાય ૫, સૂત્ર ૨૨.

જીવ તથા પુદ્ગલની વિકારી અવસ્થાનો નિમિત્તનૈમિત્તિકસંબંધ આ અધ્યાયના સૂત્ર ૧૯–૨૦–૨૧–૨૪–૨૫–૨૬–૨૭–૨૮–૩૩–૩૫–૩૬–૩૭–૩૮માં આપ્યો છે; તેમાં જીવનો એકબીજા વચ્ચેનો સંબંધ ગાથા ૨૦માં બતાવ્યો. જીવનો પુદ્ગલ સાથેનો સંબંધ સૂત્ર ૧૯–૨૦માં બતાવ્યો. પુદ્ગલનો પરસ્પર સંબંધ બાકીનાં સૂત્રોમાં જણાવ્યો.

(૧૪) 'દ્રવ્ય સત્ છે' માટે પોતાથી છે, એમ 'सत्' લક્ષણ કહેવાથી સિદ્ધ થયું; તેનો અર્થ એ થયો, કે તે સ્વપણે છે અને પરપણે નથી. 'અસ્તિ'પણું પ્રગટપણે અને 'નાસ્તિ'પણું ગર્ભિતપણે આ સૂત્રમાં કહી એમ જણાવ્યું, કે દ્રવ્ય પોતે પોતાથી અને પર પરપણે હોવાથી એક દ્રવ્ય પોતે પોતાનું બધું કરી શકે પણ બીજા દ્રવ્યનું કદી કાંઈ કરી શકે નહિ. આ સિદ્ધાંતનું નામ 'અનેકાંત' છે અને તે આ અધ્યાયના સૂત્ર ૩૨માં જણાવ્યો છે.

(૧૫) દરેક દ્રવ્ય 'सत्' લક્ષણવાળું છે એટલે કે સ્વતઃસિદ્ધ તથા કોઈની અપેક્ષા નહિ રાખતું હોવાથી તે સ્વતંત્ર છે. ૨૯.

## સત્નું લક્ષણ

## उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ॥३०॥

**અર્થ** :—[उत्पादव्ययध्रौव्ययुक्तं] જે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસહિત હોય [सत्] તે સત્ છે.

## ટીકા

(૧) 'सत्' સંબંધે જગતમાં ઘણી ખોટી માન્યતા ચાલે છે. કેટલાક 'सत्'ને સર્વથા કૂટસ્થ—કદી ન બદલે તેવું માને છે; કેટલાક 'सत्'ને જ્ઞાનગોચર નથી એમ કહે છે; તેથી 'सत्'નું ખરું ત્રિકાળી અબાધિત સ્વરૂપ આ સૂત્રમાં કહ્યું છે.

(૨) દરેક વસ્તુનું સ્વરૂપ 'ટકીને બદલવું' એવું છે, તેને ઈંગ્લિશમાં **permanancy with a change** (બદલવા સાથે કાયમપણું) કહે છે. તેને બીજી રીતે એમ પણ કહે છે,

કે **No substance is destroyed, every substance changes its form** (કોઈ વસ્તુ નાશ પામતી નથી, દરેક વસ્તુ પોતાની અવસ્થા બદલે છે).

(૩) **ઉત્પાદ**—ચેતન અથવા અચેતન દ્રવ્યમાં કોઈ અવસ્થાનું પ્રગટ થવું તે ઉત્પાદ છે. પ્રત્યેક ઉત્પાદ થતાં પૂર્વ કાળથી ચાલ્યો આવતો જે સ્વભાવ કે સ્વજાતિ છે, તે કદી છૂટી શકતા નથી.

**વ્યય**—સ્વજાતિ યાને મૂળ સ્વભાવ તે નષ્ટ થયા વગર જે ચેતન તથા અચેતન દ્રવ્યમાં પૂર્વ અવસ્થાનો વિનાશ (ઉત્પાદના સમયે જ) થવો તે વ્યય છે.

**ધ્રૌવ્ય**—અનાદિ-અનંતકાળ કાયમ ટકી રહેવાનો મૂળ સ્વભાવ કે જેનો વ્યય કે ઉત્પાદ થતો નથી, તેને ધ્રૌવ્ય કહે છે. (જુઓ, તત્ત્વાર્થસાર-અધ્યાય ૩ ગાથા ૬ થી ૮.)

(૪) ધ્રૌવ્યની વ્યાખ્યા સર્વાર્થસિદ્ધિમાં આ સૂત્રની ટીકામાં પા. ૧૦૫માં સંસ્કૃતમાં નીચે આપી છે :—

**''अनादिपारिणामिकस्वभावेन व्ययोदयाभावात् ध्रुवति-स्थिरीभवतीति ध्रुवः''**॥

**અર્થ** :—અનાદિ પારિણામિકસ્વભાવ વડે વ્યય તથા ઉત્પાદના અભાવથી ધ્રુવ રહે છે-સ્થિર રહે છે, તે ધ્રુવ છે.

(૫) આ સૂત્રમાં સત્‌નું અનેકાંતપણું બતાવ્યું છે. જોકે ત્રિકાળ અપેક્ષાએ સત્ 'ધ્રુવ' છે તોપણ સમયે સમયે નવો પર્યાય ઉત્પન્ન થાય છે અને જૂનો પર્યાય વ્યય પામે છે એટલે કે દ્રવ્યમાં સમાઈ જાય છે, વર્તમાન કાળની અપેક્ષાએ અભાવરૂપ થાય છે-આ રીતે કથંચિત્ નિત્યપણું અને કથંચિત્ અનિત્યપણું તે દ્રવ્યનું અનેકાંતપણું છે.

(૬) આ સૂત્રમાં પર્યાયનું પણ અનેકાંતપણું બતાવ્યું છે. ઉત્પાદ તે અસ્તિરૂપ પર્યાય છે અને વ્યય તે નાસ્તિરૂપ પર્યાય છે. પોતાનો પર્યાય પોતાથી થાય અને પરથી થાય નહિ એમ 'ઉત્પાદ'થી બતાવ્યું. પોતાના પર્યાયની નાસ્તિ—અભાવ પણ પોતાથી જ થાય છે, પરથી થાય નહિ. ''દરેક દ્રવ્યનો ઉત્પાદ અને વ્યય સ્વતંત્ર તે તે દ્રવ્યથી છે'' એમ જણાવી દ્રવ્ય, ગુણ તથા પર્યાયની સ્વતંત્રતા જાહેર કરી—પરનું અસહાયકપણું જણાવ્યું.

(૭) ધર્મ (-શુદ્ધતા) આત્મામાં દ્રવ્યરૂપે ત્રિકાળ ભરપૂર છે, અનાદિથી જીવને પર્યાયરૂપે ધર્મ પ્રગટ થયો નથી, પણ જીવ જ્યારે પર્યાયમાં ધર્મ વ્યક્ત કરે ત્યારે તે વ્યક્ત થાય છે, એમ 'ઉત્પાદ' શબ્દ વાપરી બતાવ્યું અને તે જ વખતે વિકારનો વ્યય થાય છે, એમ 'વ્યય' શબ્દ વાપરી બતાવ્યું. તે અવિકારી ભાવ પ્રગટ થવાનો અને વિકારી ભાવ જવાનો લાભ ત્રિકાળ ટકનાર એવા ધ્રુવ દ્રવ્યને પ્રાપ્ત થાય છે, એમ 'ધ્રૌવ્ય' શબ્દ છેલ્લો મૂકી બતાવ્યું.

(૮) **પ્રશ્ન** :—'युक्तं' શબ્દ એક પદાર્થથી બીજા પદાર્થનું ભિન્નપણું બતાવે છે— જેમ કે દંડયુક્ત દંડી. આમ હોવાથી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્યથી ભિન્ન હોવાનું સમજાય છે, એટલે કે દ્રવ્યનાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો દ્રવ્યમાં અભાવ આવે છે, તેનો શું ખુલાસો છે?

**ઉત્તર** :—'युक्तं' શબ્દ અભેદની અપેક્ષા હોય ત્યાં પણ વપરાય છે, જેમ કે–સારયુક્ત સ્તંભ. અહીં 'युक्तं' શબ્દ અભેદનયથી કહ્યો છે. 'युक्तं' શબ્દ અહીં એકમેકતારૂપ અર્થમાં છે, એમ સમજવું.

(૯) સત્ સ્વતંત્ર અને સ્વસહાયક હોવાથી ઉત્પાદ અને વ્યય પણ દરેક દ્રવ્યમાં સ્વતંત્રપણે થાય છે.

**પ્રશ્ન** :—જીવમાં થતો વિકારી પર્યાય પરાધીન કહેવામાં આવે છે, તેનું શું કારણ?

**ઉત્તર** :—વિકારી પર્યાય જીવ પોતે સ્વતંત્રપણે પોતાના પુરુષાર્થ વડે કરે ત્યારે થાય છે. જો તેમ માનવામાં ન આવે તો દ્રવ્યનું લક્ષણ 'સત્' સાબિત થાય નહિ અને તેથી દ્રવ્યનો નાશ થાય. જીવ પોતે સ્વતંત્રપણે પોતાના ભાવમાં પરને આધીન થાય છે, તેથી વિકારી પર્યાયને પરાધીન કહેવામાં આવે છે. 'પરદ્રવ્ય જીવને આધીન કરે છે, તેથી વિકારી પર્યાય થાય છે,' એમ માનવું તે ન્યાયસર નથી.

**પ્રશ્ન** :—"પરંતુ દ્રવ્યકર્મનું જોર હોય ત્યારે તો કર્મો જીવને આધીન કરી લે છે, કેમ કે કર્મમાં મહાન શક્તિ છે." શું તે માન્યતા સાચી છે?

**ઉત્તર** :—ના, તેમ નથી. દરેક દ્રવ્યનું જોર અને શક્તિ તેના સ્વક્ષેત્રમાં રહે છે. કર્મની શક્તિ જીવમાં જઈ શકે નહિ, તેથી કર્મો જીવને કદી પણ આધીન કરી શકે નહિ. આ નિયમ શ્રી સમયસારનાટકમાં આપવામાં આવ્યો છે. તે ઉપયોગી હોઈ અહીં આપવામાં આવે છે—

## ૧. અજ્ઞાનીઓના વિચારમાં રાગ–દ્વેષનું કારણ

(દોહરા)

કોઉ મૂરખ યોં કહે, રાગદોષ પરિનામ।
પુગ્ગલકી જોરાવરી, વરતૈ આતમરામ.॥૬૨॥

જ્યોં જ્યોં પુગ્ગલ બલ કરૈ, ધરિધરિ કર્મજ ભેષ।
રાગ–દોષકૌ પરિનમન, ત્યોં ત્યોં હોઈ વિશેષ॥૬૩॥

**અર્થ** :—કોઈ કોઈ મૂર્ખ એમ કહે છે, કે આત્મામાં રાગ–દ્વેષ ભાવ પુદ્ગલની

જબરજસ્તીથી થાય છે. ૬૨. વળી તે કહે છે, કે પુદ્‌ગલકર્મરૂપ પરિણમનના ઉદયમાં જેટલું જેટલું જોર કરે છે તેટલી તેટલી બાહુલ્યતાથી રાગ–દ્વેષપરિણામ થાય છે. ૬૩.

## અજ્ઞાનીને સત્યમાર્ગનો ઉપદેશ

(દોહરા)

ઇહિ વિધિ જો વિપરીત પખ, ગહૈ સદ્દહૈ કોઈ।
સો નર રાગ વિરોધસૌં, કબહૂં ભિન્ન ન હોઈ ।।૬૪।।

સુગુરુ કહૈ જગમૈં રહૈ, પુગ્ગલ સંગ સદીવ।
સહજ શુદ્ધ પરિનમનિકૌ, ઔસર લહૈ ન જીવ ।।૬૫।।

તાતૈં ચિદ્‌ભાવનિ વિષૈ, સમરથ ચેતન રાઉ।
રાગ વિરોધ મિથ્યાતમૈં, સમકિતમૈં સિવભાઉ ।।૬૬।।

*(જુઓ, સમયસાર–નાટક પા. ૩૫૩)*

**અર્થ** :—ઉપર જે રીત કહી તે તો વિપરીત (ઊંધો) પક્ષ છે. જે કોઈ તેને ગ્રહે કે શ્રદ્ધે તે જીવને રાગ, દ્વેષ અને મોહ કદી ભિન્ન થાય જ નહિ. શ્રીગુરુ કહે છે, કે જીવને પુદ્‌ગલનો સંગ સદા (અનાદિનો) રહે, તો પછી સહજ શુદ્ધ પરિણમનનો અવસર જ કદી જીવને મળે જ નહિ. માટે ચૈતન્યના ભાવ કરવામાં ચેતન રાજા જ સમર્થ છે; તે પોતાથી મિથ્યાત્વદશામાં રાગ–દ્વેષરૂપ થાય છે અને સમ્યક્‌ત્વદશામાં શિવભાવ એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રરૂપ થાય છે.

૨. કર્મનો ઉદય જીવને કાંઈ અસર કરી શકતો નથી, એટલે કે નિમિત્ત ઉપાદાનને કાંઈ કરી શકતું નથી. ઇન્દ્રિયોના ભોગો, લક્ષ્મી, સગા–સંબંધી કે મકાનાદિ સંબંધે પણ તે જ નિયમ છે. આ નિયમ શ્રીસમયસાર–નાટકના સર્વવિશુદ્ધદ્વારમાં નીચે પ્રમાણે આપ્યો છે—

(સવૈયા)

કોઉ શિષ્ય કહૈ સ્વામી રાગદોષ પરિનામ,
તાકૌ મૂલ પ્રેરક કહહુ તુમ કૌન હૈ।
પુગ્ગલ કરમ જોગ કિધૌં, ઇન્દ્રિનિકૌ ભોગ,
કિધૌં ધન કિધૌં પરિજન કિધૌં ભૌન હૈ।।

ગુરુ કહૈ છહૌં દર્વ અપને અપને રૂપ,
સબનિકૌ સદા અસહાઈ પરિનૌન હૈ।

કોઉ દરવ કાહૂકૌ ન પ્રેરક કદાચિ તાતૈં,
રાગદોષ મોહ મૃષા મદિરા અચૌન હૈ ॥૬૧॥

**અર્થ** :—શિષ્ય કહે છે :—સ્વામી! રાગદ્વેષપરિણામનું મૂળ પ્રેરક કોણ છે તે તમે કહો. પુદ્‌ગલકર્મ કે ઇન્દ્રિયોનો ભોગ કે ધન કે ઘરના માણસો કે મકાન?

શ્રીગુરુ સમાધાન કરે છે, કે છએ દ્રવ્યો પોતપોતાના સ્વરૂપમાં સદા અસહાય પરિણમે છે. કોઈ દ્રવ્યનું કોઈ દ્રવ્ય કદી પણ પ્રેરક નથી. રાગ-દ્વેષનું કારણ મિથ્યાત્વરૂપી મદિરાનું પાન છે. ૩૦. *(સમયસાર નાટક. પા. ૩૫૧.)*

## નિત્યનું લક્ષણ

## तद्भावाव्ययं नित्यम् ॥३१॥

**અર્થ** :—[तद् भाव अव्ययं] તત્‌ ભાવથી જે અવ્યય છે, તે [नित्यम्] નિત્ય છે.

### ટીકા

(૧) જે પહેલા સમયે હોય તે જ બીજા સમયે હોય તેને તદ્‌ભાવ કહે છે; તે નિત્ય હોય છે. અવ્યય = અવિનાશી.

(૨) દ્રવ્યનું સ્વરૂપ 'નિત્ય' છે, એમ આ અધ્યાયના ચોથા સૂત્રમાં કહ્યું છે. તેની વ્યાખ્યા આ સૂત્રમાં આપી છે.

(૩) પ્રત્યભિજ્ઞાનના હેતુને તદ્‌ભાવ કહે છે. જેમ કે દ્રવ્યને પહેલા સમયમાં દેખ્યા પછી બીજા આદિ સમયોમાં દેખવાથી "આ તે જ છે કે જેને પહેલાં દીઠું હતું" એવું જોડરૂપ જ્ઞાન છે તે દ્રવ્યનું નિત્યપણું જણાવે છે; પરંતુ આ નિત્યતા કથંચિત્‌ છે, કેમ કે તે સામાન્યસ્વરૂપની અપેક્ષાએ હોય છે. પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય અનિત્ય છે. એ રીતે આ જગતમાં બધાં દ્રવ્યો નિત્યાનિત્યરૂપ છે. એ પ્રમાણદ્રષ્ટિ છે.

(૪) આત્મામાં સર્વથા નિત્યતા માનવાથી મનુષ્ય, નરકાદિરૂપ સંસાર તથા સંસારથી અત્યંત છૂટવારૂપ મોક્ષ બની શકશે નહિ. સર્વથા નિત્યતા માનવાથી સંસારસ્વરૂપનું વર્ણન અને મોક્ષ-ઉપાયનું કથન કરવામાં વિરોધતા આવે છે; માટે સર્વથા નિત્ય માનવું ન્યાયસર નથી. ૩૧.

## એક વસ્તુમાં બે વિરુદ્ધ ધર્મો સિદ્ધ કરવાની રીત

## अर्पितानर्पितसिद्धेः ॥३२॥

**અર્થ** :—[अर्पित] પ્રધાનતા અને [अनर्पित] ગૌણતાથી [सिद्धेः] પદાર્થોની સિદ્ધિ થાય છે.

## ટીકા

(૧) દરેક વસ્તુ અનેકાંતસ્વરૂપ છે, એ સિદ્ધાંત આ સૂત્રમાં સ્યાદ્વાદ દ્વારા કહ્યો છે. નિત્યતા અને અનિત્યતા પરસ્પર વિરુદ્ધ ધર્મો હોવા છતાં તેઓ વસ્તુને નિપજાવનારા છે; તેથી તે દરેક દ્રવ્યમાં હોય જ. તેનું કથન મુખ્ય–ગૌણપણે થાય છે, કેમ કે બધા ધર્મો એકી સાથે રહી શકતા નથી. જે વખતે જે ધર્મ સિદ્ધ કરવો હોય તે વખતે તેની મુખ્યતા લેવાય છે. તે મુખ્યતા–પ્રધાનતા–ને 'અર્પિત' કહેવામાં આવે છે અને તે વખતે જે ધર્મ ગૌણ રાખ્યા હોય તેને 'અનર્પિત' કહેવામાં આવે છે. અનર્પિત રાખેલ ધર્મ તે વખતે કહેવામાં આવ્યા નથી, તોપણ વસ્તુમાં તે ધર્મો રહેલા છે, એમ જ્ઞાન જાણે છે.

(૨) જે વખતે દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યને નિત્ય કહ્યું તે જ વખતે તે પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. માત્ર તે વખતે 'અનિત્યતા' કહી નથી પણ ગર્ભિત રાખી છે. તેમ જ જ્યારે પર્યાયની અપેક્ષાએ દ્રવ્યને અનિત્ય કહ્યું તે જ વખતે તે દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે, માત્ર તે વખતે 'નિત્યતા' કહી નથી; કારણ કે બન્ને ધર્મો એકી સાથે કહી શકાતા નથી.

### (૩) અર્પિત અને અનર્પિત કથન દ્વારા અનેકાન્તસ્વરૂપ

અનેકાંતની વ્યાખ્યા આ પ્રમાણે છે–"એક વસ્તુમાં **વસ્તુપણાની નિપજાવનારી** પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે." જેમ કે જે વસ્તુ સત્ છે તે જ અસત્ છે અર્થાત્ જે અસ્તિ છે તે જ નાસ્તિ છે; જે એક છે તે જ અનેક છે; જે નિત્ય છે તે જ અનિત્ય છે–વગેરે. *(જુઓ, સમયસાર–ગુજરાતી પા. ૪૮૮)*

અર્પિત અને અનર્પિતનું સ્વરૂપ સમજવા માટે અહીં કેટલાક દૃષ્ટાંતોની જરૂર છે. તે નીચે આપવામાં આવે છે :—

૧. 'જીવ ચેતન છે' એમ કહેતાં 'જીવ અચેતન નથી', એમ તેમાં સ્વયં ગર્ભિતપણે આવી ગયું. આમાં 'જીવ ચેતન છે' એ કથન અર્પિત થયું અને 'જીવ અચેતન નથી' એ કથન અનર્પિત થયું.

૨. 'અજીવ જડ છે' એમ કહેતાં 'અજીવ ચેતન નથી', એમ તેમાં સ્વયં ગર્ભિતપણે આવી ગયું. આમાં પહેલું કથન અર્પિત છે અને તેમાં 'અજીવ ચેતન નથી'. એ ભાવ અનર્પિતપણે આવી ગયો એટલે કે કહ્યા વિના પણ તેમાં ગર્ભિત છે–એમ સમજી લેવું.

૩. 'જીવ પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે સત્ છે', એમ કહેતાં તેમાં કહ્યા વગર પણ

'જીવ પર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે અસત્ છે', એમ આવી ગયું છે. પહેલું કથન 'અર્પિત' અને બીજું 'અનર્પિત' છે.

૪. 'જીવ દ્રવ્યે એક છે' એમ કહેતાં 'જીવ ગુણ અને પર્યાયે અનેક છે', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૫. 'જીવ દ્રવ્યે–ગુણે નિત્ય છે' એમ કહેતાં 'જીવ પર્યાયે અનિત્ય છે', એમ આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૬. 'જીવ સ્વથી તત્ **(Identical)** છે' એમ કહેતાં 'જીવ પરથી અસત્ છે', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૭. 'જીવ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી અભિન્ન છે' એમ કહેતાં 'જીવ પર દ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોથી ભિન્ન છે', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૮. 'જીવ પોતાના પર્યાયનો કર્તા થઈ શકે' એમ કહેતાં જીવ પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહિ', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૯. દરેક દ્રવ્ય પોતાના પર્યાયનું ભોક્તા થઈ શકે' એમ કહેતાં 'કોઈ દ્રવ્ય પરનું ભોક્તા ન થઈ શકે', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૧૦. 'કર્મનો વિપાક કર્મમાં આવી શકે' એમ કહેતાં 'કર્મનો વિપાક જીવમાં આવી શકે નહિ', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૧૧. 'સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે' એમ કહેતાં 'પુણ્ય, પાપ, આસ્રવ, બંધ તે મોક્ષમાર્ગ નથી', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૧૨. 'શરીર પર દ્રવ્ય છે' એમ કહેતાં 'જીવ શરીરની કોઈ ક્રિયા કરી શકે નહિ, તેને હલાવી–ચલાવી શકે નહિ, તેની સંભાળ રાખી શકે નહિ, કે તેનું બીજું કાંઈ કરી શકે નહિ, તેમ જ શરીરની ક્રિયાથી જીવને સુખ–દુઃખ થાય નહિ', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૧૩. 'નિમિત્ત પરદ્રવ્ય છે' એમ કહેતાં 'નિમિત્ત પરદ્રવ્યને કાંઈ કરી શકે નહિ, તેને સુધારી કે બગાડી શકે નહિ, માત્ર તે અનુકૂળ સંયોગપણે હોય', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૧૪. 'ઘીનો ઘડો' એમ કહેતાં 'ઘડો ઘી–મય નથી પણ માટીમય છે. ઘડો ઘીનો છે, એ તો માત્ર વ્યવહારકથન છે', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૧૫. 'મિથ્યાત્વકર્મના ઉદયથી જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે' એમ કહેતાં 'જીવ તે વખતની પોતાની ઊંધી શ્રદ્ધાને લીધે મિથ્યાદૃષ્ટિ થાય છે, ખરી રીતે મિથ્યાત્વકર્મના ઉદયના કારણે જીવ મિથ્યાદૃષ્ટિ થતો નથી; મિથ્યાત્વકર્મના ઉદયથી જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે–એ તો વ્યવહારકથન છે, ખરેખર જીવ પોતે મિથ્યાશ્રદ્ધારૂપે પરિણમ્યો ત્યારે મિથ્યાદર્શનકર્મનાં જે રજકણો તે વખતે પક્વરૂપ થયાં તેના ઉપર નિર્જરાનો આરોપ ન આવતાં ઉદયનો આરોપ આવ્યો', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૧૬. 'જીવ જડકર્મના ઉદયથી અગિયારમા ગુણસ્થાનકેથી પડ્યો' એમ કહેતાં 'જીવ પોતાના પુરુષાર્થની નબળાઈથી પડ્યો. જડકર્મ પરદ્રવ્ય છે, તેથી તેના ઉદયે જીવ પડે નહિ, પણ જીવ પોતાના પુરુષાર્થની નબળાઈથી જે વખતે પડ્યો તે વખતે જે જડકર્મો પક્વરૂપ થયાં હતાં તેના ઉપર "ઉદય"નો આરોપ આવ્યો', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૧૭. 'જીવ પંચેન્દ્રિય છે' એમ કહેતાં 'જીવ ચેતનમય છે પણ જડ ઇન્દ્રિયોમય નથી; પાંચ ઇન્દ્રિયો જડ છે તેનો તેને માત્ર સંયોગ છે', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૧૮. 'નિગોદનો જીવ કર્મનો ઉદય મંદ થતાં ઊંચે ચડે છે' એમ કહેતાં 'નિગોદનો જીવ પોતે પોતાના પુરુષાર્થ વડે મંદકષાય કરતાં ચડે છે. કર્મ પરદ્રવ્ય છે, તેથી તેની અવસ્થાના કારણે જીવ ચડી શકે નહિ', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૧૯. 'કર્મના ઉદયથી જીવ અસંયમી થાય છે, કારણ કે ચારિત્રમોહના ઉદય વિના તેની અનુપપત્તિ છે' એમ કહેતાં 'જીવ પોતાના ચારિત્ર ગુણના વિકારને ટાળતો નથી, તેથી તે અસંયમી થાય છે. તે વખતે ચારિત્રમોહનાં કર્મો જોકે નિર્જરી જાય છે તોપણ તે વિકારના નિમિત્તે નવાં કર્મ સ્વયં બંધાય છે, તેથી જૂનાં ચારિત્રમોહનાં કર્મો ઉપર ઉદયનો આરોપ આવે છે', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

૨૦. 'કર્મના ઉદયથી જીવ ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્યક્‌લોકમાં જાય છે, કારણ કે આનુપૂર્વિ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે' એમ કહેતાં 'જીવની ક્રિયાવતીશક્તિની તે વખતની તેવી લાયકાત છે, તેથી જીવ ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને

તિર્યંક્‌લોકમાં જાય છે, તે વખતે તેને અનુકૂળ આનુપૂર્વિ નામકર્મનો ઉદય સંયોગપણે હોય છે. કર્મ પરદ્રવ્ય છે, તેથી તે જીવને કોઈ જગ્યાએ લઈ જઈ શકે નહિ', એમ તેમાં આવી ગયું. પહેલું કથન 'અર્પિત' છે અને બીજું 'અનર્પિત' છે.

ઉપરનાં દૃષ્ટાંતો ધ્યાનમાં રાખીને, શાસ્ત્રમાં કોઈ પણ કથન કર્યું હોય, તેના નીચે મુજબ અર્થો કરવા—

પ્રથમ શબ્દાર્થ કરીને તે કથન ક્યા નયે કર્યું છે તે નક્કી કરવું. તેમાં જે કથન જે નયે કર્યું હોય તે કથન 'અર્પિત' છે એમ સમજવું; અને સિદ્ધાંત અનુસાર, ગૌણપણે બીજા જે ભાવ તેમાં ગર્ભિતપણે આવી જાય છે તે ભાવ જોકે ત્યાં શબ્દોમાં કહ્યા નથી, તોપણ તે ભાવ પણ ગર્ભિતપણે કહ્યા છે એમ સમજી લેવું; આ 'અનર્પિત' કથન છે. આ પ્રમાણે અર્પિત અને અનર્પિત બંને પડખાંને સમજીને જે જીવ અર્થ કરે તે જ જીવને પ્રમાણ અને નયનું સત્ય જ્ઞાન થાય. જો બંને પડખાં યથાર્થ ન સમજે તો તેનું જ્ઞાન અજ્ઞાનરૂપે પરિણમ્યું છે, તેથી તેનું જ્ઞાન અપ્રમાણ અને કુનયરૂપ છે. પ્રમાણને અનેકાંત પણ કહેવામાં આવે છે.

## (૪) અનેકાંતનું પ્રયોજન

અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી.

## (૫) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરી શકે–એ માન્યતામાં આવતા દોષોનું વર્ણન

જગતનાં છએ દ્રવ્યો અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યાં છે. તે પોતપોતામાં અંતર્મગ્ન રહેલા પોતાના અનંત ધર્મોના ચક્રને ચૂંબે છે–સ્પર્શે છે, તોપણ તેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી. જો એક દ્રવ્ય બીજાને સ્પર્શે તો તે પરદ્રવ્યરૂપ થઈ જાય અને પરરૂપ થઈ જાય, તો નીચેના દોષો આવે—

### (૧) સંકર દોષ

બે દ્રવ્યો એકરૂપ થઈ જાય તો સંકર દોષ આવે.

सर्वेषाम् युगपत्प्राप्ति संकर—અનેક દ્રવ્યોના એકરૂપપણાની પ્રાપ્તિ તે સંકર દોષ છે. જીવ અનાદિથી અજ્ઞાનદશામાં શરીરને, શરીરની ક્રિયાને, દ્રવ્ય ઇન્દ્રિયોને, ભાવ ઇન્દ્રિયોને તથા તેમના વિષયોને પોતાથી એકરૂપ માને છે; તે જ્ઞેય–જ્ઞાયક સંકર દોષ છે. આ સૂત્રમાં કહેલા અનેકાંતસ્વરૂપને સમજતાં—એટલે કે જીવ જીવરૂપે છે અને કર્મરૂપે નથી; તેથી કર્મ, ઇન્દ્રિયો,

શરીર, જીવની વિકારી અને અપૂર્ણ દશા તે જ્ઞેય છે પણ જીવનું સ્વરૂપ (જ્ઞાન) નથી, એમ સમજી ભેદવિજ્ઞાન પ્રગટ કરે ત્યારે—જ્ઞેય-જ્ઞાયક સંકર દોષ ટળે છે, અર્થાત્ સમ્યગ્દર્શન પ્રગટતાં જ આ દોષ ટળે છે.

જીવ જેટલા અંશે રાગ-દ્વેષ સાથે જોડાઈને દુઃખ ભોગવે છે તે ભાવ્ય-ભાવક સંકર દોષ છે; તે દોષ ટળવાની શરૂઆત સમ્યગ્દર્શન પ્રગટતાં થાય છે અને સર્વથા કષાયભાવ ટળતાં તે સંકરદોષ સર્વથા ટળે છે.

## (૨) વ્યતિકર દોષ

જો જીવ જડનું કાંઈ કાર્ય કરે કે જડ કર્મ અગર શરીર જીવનું કાંઈ ભલું-ભૂંડું કરે તો જીવ જડરૂપે થઈ જાય અને જડ ચેતનરૂપ થઈ જાય, તથા જો એક જીવને બીજા જીવો કાંઈ ભલું-ભૂંડું કરે તો એક જીવ બીજા જીવરૂપ થઈ જાય. આ પ્રમાણે એકનો વિષય બીજામાં ચાલ્યો જાય, તેથી વ્યતિકર દોષ આવે-परस्पर विषयगमनं व्यतिकर.

જડકર્મો હળવાં થાય અને માર્ગ આપે તો જીવને ધર્મ થાય અને જડકર્મો બળવાન હોય તો જીવ ધર્મ કરી શકે નહિ-એમ માનવામાં સંકર અને વ્યતિકર બંને દોષ આવે છે.

જીવ મોક્ષનો-ધર્મનો પુરુષાર્થ ન કરે અને અશુભભાવમાં રહે ત્યારે તેને ભારે કર્મી જીવ કહેવાય છે અથવા તો 'તેને કર્મનો તીવ્ર ઉદય છે, તેથી તે ધર્મ કરતો નથી' એમ કહેવાય છે. તે જીવનું લક્ષ સ્વ ઉપર નથી પણ પરવસ્તુ ઉપર છે, એટલું બતાવવા માટે તે વ્યવહારકથન છે, પરંતુ જડકર્મ જીવને નુકશાન કરે અથવા તો જીવ જડકર્મનો ક્ષય કરે એમ ખરેખર માનવાથી ઉપરના બંને દોષ આવે છે.

## (૩) અધિકરણ દોષ

જો જીવ શરીરનું કાંઈ કરી શકે, તેને હલાવી-ચલાવી શકે કે બીજા જીવનું કાંઈ કરી શકે તો તે બંને દ્રવ્યોનું અધિકરણ (-સ્વક્ષેત્રરૂપ આધાર) એક થઈ જાય અને તેથી 'અધિકરણ' દોષ આવે.

## (૪) પરસ્પરાશ્રય દોષ

જીવ પોતાની અપેક્ષાએ સત્ છે અને કર્મ પરવસ્તુ છે, તેની અપેક્ષાએ જીવ અસત્ છે તથા કર્મ તેની પોતાની અપેક્ષાએ સત્ છે અને જીવની અપેક્ષાએ કર્મ અસત્ છે. આમ હોવા છતાં જીવ કર્મને બાંધે-છોડે-તેનો ક્ષય કરે તેમ જ જડ કર્મ નબળાં પડે, તો જીવ ધર્મ કરી શકે-એમ માનવું તેમાં 'પરસ્પરાશ્રય' દોષ છે. જીવ, કર્મો વગેરે બધાં દ્રવ્યો સ્વતંત્ર છે અને પોતપોતાથી સ્વતંત્રપણે કાર્ય કરે છે, એમ માનવાથી 'પરસ્પર આશ્રય' દોષ આવતો નથી.

## (૫) સંશય દોષ

જીવ પોતાના વિકારભાવને જાણી શકે છે, છતાં તેને ટાળવાનો પ્રયત્ન કરે નહિ અને એમ માને કે 'કર્મનો ઉદય પાતળો પડે અને માર્ગ આપે તો ધર્મ થઈ શકે' તો તે અજ્ઞાન છે. પોતે જડ કર્મને તો દેખતો નથી, તેમ જ તેના રસને કે ઉદયને પણ દેખતો નથી. સમયે સમયે દરેક દ્રવ્યની અવસ્થા પોતપોતાના કારણે બદલતી જાય છે; ત્યાં, 'જડ કર્મ બળવાન હોય તો જીવ પડી જાય' એમ જે માને તેને પડી જવાનો ભય ટળે નહિ અને તેથી તેનો સંશય ટળે નહિ. સંશય તે સમ્યગ્જ્ઞાનનો દોષ છે, તે ટાળ્યા સિવાય જીવ સ્વતંત્ર પુરુષાર્થ કરી શકે નહિ અને પુરુષાર્થ વગર તે જીવને કદી ધર્મ કે સમ્યગ્દર્શન થાય નહિ. આ પ્રમાણે ઉપર્યુક્ત માન્યતામાં 'સંશય' દોષ આવે છે, તે ટાળવો જોઈએ.

## (૬) અનવસ્થા દોષ

જીવ પોતાનાં પરિણામનો જ કર્તા છે અને પોતાનું પરિણામ તેનું કર્મ છે. સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક ભાવનો અભાવ છે, તેથી જીવને અજીવની સાથે કાર્ય-કારણપણું સિદ્ધ થતું નથી. જો એક દ્રવ્ય બીજાનું કાર્ય કરે, બીજું દ્રવ્ય ત્રીજાનું કાર્ય કરે-એમ પરંપરા કરીએ તો અનંત દ્રવ્યો છે, તેમાંથી કયું દ્રવ્ય કયા દ્રવ્યનું કાર્ય કરે તેનો કોઈ નિયમ રહે નહિ અને તેથી 'અનવસ્થા' દોષ આવે. પરંતુ જો દરેક દ્રવ્ય પોતાનું જ કાર્ય કરે અને પરનું કાર્ય ન કરી શકે એવો નિયમ સ્વીકારીએ તો વસ્તુની યથાર્થ વ્યવસ્થા જળવાઈ રહે છે અને તેમાં કાંઈ અનવસ્થા દોષ આવતો નથી.

## (૭) અપ્રતિપત્તિ દોષ

દરેક દ્રવ્યનું દ્રવ્યપણું-ક્ષેત્રપણું-કાળપણું (-પર્યાયપણું) અને ભાવપણું (-ગુણો) જે પ્રકારે છે, તે પ્રકારે તેનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. જીવ શું કરી શકે અને શું ન કરી શકે? તેમ જ જડ દ્રવ્યો શું કરી શકે અને શું ન કરી શકે?-તેનું જ્ઞાન ન કરવું અને તત્ત્વજ્ઞાન કરવાની ના પાડવી તે 'અપ્રતિપત્તિ' દોષ છે.

## (૮) વિરોધ દોષ

એક દ્રવ્ય પોતે પોતાથી સત્ છે અને તે દ્રવ્ય પરથી પણ સત્ છે, એમ જો માનીએ તો 'વિરોધ' દોષ આવે છે, કેમ કે જીવ પોતાનું કાર્ય કરે અને પરદ્રવ્યનું—કર્મ તેમ જ પર જીવો વગેરેનું પણ કાર્ય કરે—એમ હોય તો વિરોધ દોષ લાગુ પડે છે.

## (૯) અભાવ દોષ

જો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે તો તે દ્રવ્યનો નાશ થાય અને એક દ્રવ્યનો નાશ થાય તો ક્રમે ક્રમે સર્વ દ્રવ્યોનો નાશ થાય, એ પ્રમાણે તેમાં 'અભાવ' દોષ આવે છે.

આ બધા દોષો ટાળીને વસ્તુનું અનેકાંતસ્વરૂપ સમજવા માટે આચાર્યભગવાને આ સૂત્ર જણાવ્યું છે.

## અર્પિત (–મુખ્ય) અને અનર્પિત (–ગૌણ)ની વિશેષ સમજણ

જ્ઞાન સમજાવવા તથા તેનું કથન કરવા માટે કોઈ વખતે ઉપાદાનને મુખ્ય કહેવામાં આવે છે અને કોઈ વખતે નિમિત્તને, કોઈ વખતે દ્રવ્યને મુખ્ય કહેવામાં આવે છે અને કોઈ વખતે પર્યાયને, કોઈ વખતે નિશ્ચયને મુખ્ય કહેવામાં આવે છે અને કોઈ વખતે વ્યવહારને. આ પ્રમાણે જ્યારે કોઈ એક પડખાને મુખ્ય કરીને કહેવામાં આવે ત્યારે બીજા ગૌણ રહેતા પડખાનું યથાયોગ્ય જ્ઞાન કરી લેવું જોઈએ. આ મુખ્ય–ગૌણતા જ્ઞાનઅપેક્ષાએ સમજવી.

—પરંતુ સમ્યગ્દર્શનની અપેક્ષાએ હંમેશાં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરીને ઉપદેશ આપવામાં આવે છે. દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતામાં કદી પણ વ્યવહારની મુખ્યતા થતી નથી; ત્યાં પર્યાયદૃષ્ટિના ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. ભેદદૃષ્ટિમાં રોકાતાં નિર્વિકલ્પ દશા થતી નથી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરીને અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવે છે. દર્શનની અપેક્ષાએ વ્યવહાર, પર્યાય કે ભેદ હંમેશાં ગૌણ રાખવામાં આવે છે; તેને કદી મુખ્ય કરવામાં આવતા નથી. ૩૨.

## પરમાણુઓમાં બંધ થવાનું કારણ

## स्निग्धरूक्षत्वाद्बन्धः ।।३३।।

**અર્થ** :—[स्निग्धरूक्षत्वात्] ચીકાશ અને લૂખાશને કારણે [बन्धः] બે, ત્રણ વગેરે પરમાણુઓનો બંધ થાય છે.

## ટીકા

(૧) પુદ્‌ગલમાં અનેક ગુણો છે પણ તેમાંથી સ્પર્શ ગુણ સિવાય બીજા ગુણોના પર્યાયોથી બંધ થતો નથી, તેમ જ સ્પર્શના આઠ પર્યાયમાંથી પણ સ્નિગ્ધ અને રૂક્ષ નામના પર્યાયોના કારણે જ બંધ થાય છે અને બીજા છ પ્રકારના પર્યાયોથી બંધ થતો નથી–એમ અહીં જણાવ્યું છે. સ્નિગ્ધ અને રૂક્ષ અવસ્થા કેવા પ્રકારની હોય ત્યારે બંધ થાય તે ૩૬મા સૂત્રમાં

કહેશે અને ક્યા પ્રકારે હોય ત્યારે બંધ ન થાય તે ૩૪–૩૫ મા સૂત્રમાં કહેશે. બંધ થતાં કેવી જાતનું પરિણમન થાય તે સૂત્ર ૩૭માં કહેશે.

(૨) **બંધ**—અનેક પદાર્થોમાં એકપણાનું જ્ઞાન કરાવવાવાળા સંબંધવિશેષને બંધ કહે છે.

(૩) બંધ ત્રણ પ્રકારના થાય—૧. પુદ્‌ગલોનો–સ્પર્શગુણના કારણે, ૨. જીવનો–પોતાના રાગાદિ ભાવ સાથે, ૩. જીવ–પુદ્‌ગલોનો–અન્યોન્ય અવગાહના કારણે. (જુઓ, પ્રવચનસાર–ગાથા ૧૭૭) તેમાંથી પુદ્‌ગલોનો બંધ આ સૂત્રમાં જણાવ્યો છે.

(૪) સ્નિગ્ધ અને રૂક્ષપણાના જે અવિભાગપ્રતિચ્છેદ છે, તેને 'ગુણ'* કહે છે. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ વગેરે તથા સંખ્યાત, અસંખ્યાત કે અનંત સ્નિગ્ધ ગુણરૂપે તથા રૂક્ષ ગુણરૂપે એક પરમાણુ પરિણમે છે.

(૫) સ્નિગ્ધ, સ્નિગ્ધ સાથે, રૂક્ષ રૂક્ષ સાથે તથા એકબીજા સાથે બંધ થાય છે. ૩૩.

## બંધ ક્યારે થતો નથી ?

## न जघन्यगुणानाम् ॥३४॥

**અર્થ** :—[जघन्यगुणानाम्] જઘન્ય ગુણસહિત પરમાણુઓનો [न] બંધ થતો નથી.

### ટીકા

(૧) 'ગુણ'ની વ્યાખ્યા સૂત્ર ૩૩ની ટીકામાં આપી છે. 'જઘન્ય ગુણસહિત પરમાણુ' એટલે કે જે પરમાણુમાં સ્નિગ્ધતા કે રૂક્ષતાનો એક અવિભાગી અંશ હોય, તેને જઘન્ય ગુણસહિત પરમાણુ કહે છે. જઘન્ય ગુણ એટલે એક ગુણ સમજવો.

(૨) પરમ ચૈતન્યભાવમાં પરિણતિ રાખવાવાળાને પરમાત્મસ્વરૂપની ભાવનારૂપ ધર્મધ્યાન અને શુક્લધ્યાનના બળથી જ્યારે જઘન્ય ચીકણાઈને સ્થાને રાગ ક્ષીણ થઈ જાય છે, તથા જઘન્ય રૂક્ષતાને સ્થાને દ્વેષ ક્ષીણ થઈ જાય છે ત્યારે, જેમ જળ અને રેતીનો બંધ થતો નથી તેમ, જઘન્ય સ્નિગ્ધ કે રૂક્ષ શક્તિધારી પરમાણુનો પણ કોઈની સાથે બંધ થતો નથી. (પ્રવચનસાર–અધ્યાય ૨. ગાથા ૭૨, શ્રી જયસેન આચાર્યની સંસ્કૃત ટીકા, હિંદી પુસ્તક પા. ૨૨૭) જળ અને રેતીના દૃષ્ટાંતે જેમ જીવોના રાગ-દ્વેષ પરમાનંદમય સ્વસંવેદન ગુણના બળથી હીયમાન થઈ જાય છે અને કર્મની સાથે બંધ થતો નથી, તેમ જે પરમાણુમાં જઘન્ય ચીકાશ કે રૂક્ષતા હોય છે તેને કોઈથી બંધ થતો નથી. *(હિંદી પ્રવચનસાર–ગાથા ૭૩, પા. ૨૨૮.)*

---

★ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં આવે છે તે 'ગુણ' અહીં ન સમજવો, પરંતુ 'ગુણ'નો અર્થ 'સ્નિગ્ધ-રૂક્ષપણાની શક્તિનું માપ કરવાનું સાધન' એમ સમજવો.

(૩) શ્રી પ્રવચનસાર–અધ્યાય ૨, ગાથા ૭૧ થી ૭૬ સુધી તથા ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૬૧૪ તથા તે નીચેની ટીકામાં પુદ્‌ગલોમાં બંધ ક્યારે ન થાય અને ક્યારે થાય તે જણાવ્યું છે, માટે તે વાંચવું.

## (૪) ચોત્રીસમા સૂત્રના સિદ્ધાંતો

(૧) દ્રવ્યમાં પોતા સાથે એકપણું તે બંધનું કારણ થતું નથી, પણ પોતામાં દ્વૈત—બેપણું થાય ત્યારે બંધ થાય છે. આત્મા એક–ભાવસ્વરૂપ છે, પરંતુ મોહ–રાગ–દ્વેષરૂપ પરિણમનથી દ્વૈતભાવરૂપ થાય છે અને તેથી બંધ થાય છે. (જુઓ, ગુજરાતી પ્રવચનસાર ગાથા ૧૭૫ની ટીકા.) આત્મા તેના ત્રિકાળી સ્વરૂપે શુદ્ધચૈતન્યમાત્ર છે. પર્યાય (વર્તમાન અવસ્થા)માં જો તે ત્રિકાળી શુદ્ધચૈતન્ય પ્રત્યે લક્ષ આપે તો દ્વૈતપણું થતું નથી, તેથી બંધ થતો નથી–એટલે કે મોહ–રાગ–દ્વેષમાં અટકતો નથી. આત્મા મોહ–રાગ–દ્વેષમાં અટકે તે જ ખરો બંધ છે. અજ્ઞાનતાપૂર્વકના રાગ-દ્વેષ તે જ ખરેખર સ્નિગ્ધ અને રૂક્ષપણાના સ્થાને હોવાથી બંધ છે. (જુઓ, ગુજરાતી પ્રવચનસાર–ગાથા ૧૭૬ની ટીકા.) એ પ્રમાણે આત્મામાં બેપણું થાય ત્યારે બંધ થાય છે અને તેનું નિમિત્ત પામીને દ્રવ્યબંધ થાય છે.

૨. આ સિદ્ધાંત પુદ્‌ગલમાં લાગુ પડે છે. જો પુદ્‌ગલ પોતાના સ્પર્શમાં એક ગુણરૂપે પરિણમે તો તેને પોતામાં જ બંધની શક્તિ (ભાવબંધ) પ્રગટ નહિ હોવાથી બીજા પુદ્‌ગલ સાથે બંધ થતો નથી. પણ જો તે પુદ્‌ગલના સ્પર્શમાં બેગુણપણું આવે તો બંધની શક્તિ (ભાવબંધશક્તિ) હોવાથી બીજા ચાર ગુણ સ્પર્શવાળા સાથે બંધાય છે; આ દ્રવ્યબંધ છે. બંધ થવામાં બેપણું–દ્વૈત એટલો ભેદ હંમેશા રહેવો જ જોઈએ.

૩. **દૃષ્ટાંત** :—દશમા ગુણસ્થાને સૂક્ષ્મસાંપરાય છે—જઘન્ય લોભકષાય છે, તોપણ મોહકર્મનો બંધ થતો નથી. સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ તથા પુરુષવેદ જે નવમા ગુણસ્થાને બંધાતો હતો, તેની ત્યાં વ્યુચ્છિત્તિ થઈ–એટલે કે તેનો બંધ ત્યાં અટક્યો. (જુઓ, અધ્યાય ૬, સૂત્ર ૧૪ની ટીકા)

**દૃષ્ટાંત ઉપરથી સિદ્ધાંત** :—(૧) જીવનો જઘન્ય લોભકષાય વિકાર છે પણ તે જઘન્ય હોવાથી કાર્માણવર્ગણાને લોભરૂપે પરિણમવામાં નિમિત્તકારણ થયું નહિ. (૨) તે સમયે સંજ્વલન લોભકર્મની પ્રકૃતિ ઉદયરૂપ હોવા છતાં તેની જઘન્યતા નવા મોહ કર્મના બંધનું નિમિત્તકારણ થતું નથી. (૩) જો જઘન્ય વિકાર કર્મબંધનું કારણ થાય તો કોઈ જીવ અબંધ થઈ શકે નહિ. ૩૪.

## બંધ ક્યારે થતો નથી તેનું વર્ણન

## गुणसाम्ये सदृशानाम् ।।३५।।

**અર્થ** :—[गुणसाम्ये] ગુણોની સમાનતા હોય ત્યારે [सदृशानाम्] સમાનજાતિવાળા પરમાણુની સાથે બંધ થતો નથી. જેમ કે–બે ગુણવાળા સ્નિગ્ધ પરમાણુનો બીજા બે ગુણવાળા સ્નિગ્ધ પરમાણુ સાથે બંધ થતો નથી અથવા તેવા સ્નિગ્ધ પરમાણુનો તેટલા જ ગુણવાળા રૂક્ષ પરમાણુ સાથે બંધ થતો નથી. 'न–(બંધ થતો નથી)' એ શબ્દ આ સૂત્રમાં કહ્યો નથી, પરંતુ ઉપરના સૂત્રમાં કહેલ 'न' શબ્દ આ સૂત્રમાં પણ લાગુ પડે છે.

### ટીકા

(૧) સૂત્રમાં 'सदृशानाम्' પદથી એ પ્રગટ થાય છે કે ગુણોની વિષમતામાં સમાનજાતિવાળા તથા ભિન્નજાતિવાળા પુદ્‌ગલોનો બંધ થાય છે.

(૨) બે કે વધારે ગુણ સ્નિગ્ધતા તેમ જ બે કે વધારે ગુણ રૂક્ષતા સમાનપણે હોય ત્યારે બંધ થતો નથી, એમ બતાવવા માટે 'गुणसाम्ये' પદ આ સૂત્રમાં લીધું છે. ૩૫.

*(જુઓ, સર્વાર્થસિદ્ધિ, સંસ્કૃત–હિંદી ટીકા, અધ્યાય ૫. પાનું–૧૨૩.)*

## બંધ ક્યારે થાય છે?

## द्व्यधिकादिगुणानां तु ।।३६।।

**અર્થ** :—[द्वि अधिक] બે અધિક ગુણ હોય [आदि] એવા પ્રકારના [गुणानां तु] ગુણવાળા સાથે જ બંધ થાય છે.

### ટીકા

જ્યારે એક પરમાણુથી બીજા પરમાણુમાં બે અધિક ગુણ હોય ત્યારે જ બંધ થાય છે. જેમ કે બે ગુણવાળા પરમાણુનો બંધ ચાર ગુણવાળા પરમાણુ સાથે થાય; ત્રણ ગુણવાળા પરમાણુનો પાંચ ગુણવાળા પરમાણુ સાથે બંધ થાય; પરંતુ તેનાથી અધિક કે ઓછા ગુણવાળા પરમાણુ સાથે બંધ થાય નહિ. આ બંધ સ્નિગ્ધનો સ્નિગ્ધ સાથે, રૂક્ષનો રૂક્ષ સાથે, સ્નિગ્ધનો રૂક્ષ સાથે તથા રૂક્ષનો સ્નિગ્ધ સાથે પણ થાય છે. ૩૬.

## બે ગુણ અધિકની સાથે મળતાં નવી અવસ્થા કેવી થાય છે?

## बन्धेऽधिकौ पारिणामिकौ च ।।३७।।

**અર્થ** :—(च) અને (बंधे) બંધરૂપ અવસ્થામાં (अधिकौ) અધિક ગુણવાળા પરમાણુઓ જેટલા ગુણરૂપે (पारिणामिकौ) ઓછા ગુણવાળા પરમાણુઓનું પરિણમન થાય છે.

## ટીકા

અલ્પગુણધારક જે પરમાણુઓ હોય તે જ્યારે અધિકગુણધારક પરમાણુઓ સાથે બંધ અવસ્થા પામે ત્યારે તે અલ્પગુણધારક પરમાણુઓ પોતાની પૂર્વ અવસ્થાને છોડીને બીજી અવસ્થા પ્રગટ કરે છે અને એક સ્કંધ થઈ જાય છે, એટલે કે અધિકગુણધારક પરમાણુની જાતનો અને તેટલા ગુણવાળો સ્કંધ થાય છે. ૩૭.

## દ્રવ્યનું અન્ય લક્ષણ

## गुणपर्ययवत् द्रव्यम् ॥३८॥

**અર્થ** :—[गुणपर्ययवत्] ગુણ-પર્યાયવાળું [द्रव्यम्] દ્રવ્ય છે.

## ટીકા

(૧) ગુણ—૧. દ્રવ્યના અનેક પર્યાય પલટવા છતાં પણ જે દ્રવ્યથી કદી પૃથક્ ન થાય, નિરંતર દ્રવ્યની સાથે સહભાવી રહે તે ગુણ કહેવાય; ૨. દ્રવ્યના પૂરા ભાગમાં તથા તેની બધી હાલતમાં જે રહે છે તેને ગુણ કહે છે. (જૈનસિદ્ધાંત પ્રવેશિકા પ્રશ્ન ૧૧૩.) ૩. દ્રવ્યમાં શક્તિની અપેક્ષાએ જે ભેદ કરવામાં આવે તે ગુણ શબ્દોનો અર્થ છે. (તત્ત્વાર્થસાર–અ. ૩. ગાથા ૯, પા. ૧૩૧.) ગુણની વ્યાખ્યા સૂત્રકાર સૂત્ર ૪૧માં આપશે.

(૨) પર્યાય–૧. ક્રમથી થતી વસ્તુની–ગુણની અવસ્થાને પર્યાય કહે છે; ૨. ગુણના વિકારને (વિશેષ કાર્યને) પર્યાય કહે છે. (જૈનસિદ્ધાંત પ્રવેશિકા પ્રશ્ન ૧૪૮.) ૩. દ્રવ્યમાં જે વિક્રિયા થાય–અથવા જે અવસ્થા બદલે તે પર્યાય કહેવાય.

(જુઓ તત્ત્વાર્થસાર અ. ૩. ગાથા ૯. પા. ૧૩૧)

પર્યાયની વ્યાખ્યા સૂત્રકાર ૪૨મા સૂત્રમાં આપશે.

(૩) આગળ સૂત્ર ૨૯–૩૦માં કહેવામાં આવેલા લક્ષણથી આ લક્ષણ જુદું નથી, શબ્દભેદ છે, પરંતુ ભાવભેદ નથી. પર્યાયથી ઉત્પાદ–વ્યયની અને ગુણથી ધ્રૌવ્યની પ્રતીતિ થઈ જાય છે.

(૪) ગુણને અન્વય, સહવર્તી પર્યાય કે અક્રમવર્તી પર્યાય પણ કહેવાય છે તથા પર્યાયને વ્યતિરેકી અથવા ક્રમવર્તી કહેવાય છે. દ્રવ્યનો સ્વભાવ ગુણ–પર્યાયરૂપ છે, એમ સૂત્રમાં કહીને દ્રવ્યનું અનેકાંતપણું સિદ્ધ કર્યું.

(૫) દ્રવ્ય, ગુણ અને પર્યાય વસ્તુપણે અભેદ-અભિન્ન છે. નામ, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં ભેદ છે, પરંતુ પ્રદેશથી અભેદ છે, એમ વસ્તુનું ભેદાભેદસ્વરૂપ સમજવું.

(૬) સૂત્રમાં 'वत्' શબ્દ વાપર્યો છે તે કથંચિત્ ભેદાભેદપણું સૂચવે છે.

(૭) જે ગુણ વડે 'એક દ્રવ્ય બીજા દ્રવ્યથી દ્રવ્યાંતર છે' એમ જણાય તેને વિશેષગુણ કહે છે. તે વડે તે દ્રવ્યનું વિધાન કરવામાં આવે છે. જો એમ ન હોય તો દ્રવ્યોની સંકરતા -એકતાને પ્રસંગ આવે અને એક દ્રવ્ય પલટીને બીજું થઈ જાય તો વ્યતિકરદોષનો પ્રસંગ આવે, માટે એ દોષો રહિત વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજવું. ૩૮.

## કાળ પણ દ્રવ્ય છે.

## कालश्च ॥३९॥

**અર્થ** :—[कालः] કાળ [च] પણ દ્રવ્ય છે.

### ટીકા

(૧) 'च'નો અન્વય 'द्रव्याणि' આ અધ્યાયના બીજા સૂત્રની સાથે છે.

(૨) કાળ ઉત્પાદ-વ્યય-ધ્રુવ તેમ જ ગુણ-પર્યાય સહિત છે, માટે તે દ્રવ્ય છે.

(૩) કાળદ્રવ્યોની સંખ્યા અસંખ્યાત છે. તેઓ રત્નોના રાશિની માફક એકબીજાથી પૃથક્ લોકાકાશના સમસ્ત પ્રદેશો પર સ્થિત છે. તે દરેક કાલાણુ જડ, એકપ્રદેશી અને અમૂર્તિક છે. તેનામાં સ્પર્શ ગુણ નથી, તેથી એક બીજાની સાથે મળીને સ્કંધરૂપ થતા નથી. કાળમાં મુખ્યપણે કે ઉપચારપણે પ્રદેશસમૂહની કલ્પના થઈ શકતી નથી, તેથી તેને અકાયપણું છે. તે નિષ્ક્રિય છે એટલે કે એક પ્રદેશથી બીજા પ્રદેશે જતું નથી.

(૪) મુખ્ય કાળનું લક્ષણ વર્તના સૂત્ર ૨૨માં કહ્યું. વ્યવહારકાળનું લક્ષણ તે જ સૂત્રમાં પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ કહ્યું. એ વ્યવહારકાળના અનંત સમયો છે, એમ હવે પછીના સૂત્રમાં કહે છે. ૩૯.

## વ્યવહારકાળનું પ્રમાણ

## सोऽनन्तसमयः ॥४०॥

**અર્થ** :—[सः] તે કાળદ્રવ્ય [अनन्त समयः] અનંત સમયવાળું છે. કાળનો પર્યાય

તે સમય છે. જોકે વર્તમાનકાળ એક સમયમાત્ર જ છે, તોપણ ભૂત-ભવિષ્યની અપેક્ષાથી તેના અનંત સમયો છે.

## ટીકા

(૧) **સમય**—મંદ ગતિથી ગમન કરનાર એક પુદ્‌ગલ પરમાણુને આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ પર જતાં જેટલો વખત લાગે તે એક સમય છે. તે કાળનો પર્યાય હોવાથી વ્યવહાર છે. સમયોના સમૂહથી જ આવલિ, ઘડી, કલાક આદિ વ્યવહારકાળ છે. વ્યવહારકાળ નિશ્ચયકાળનો પર્યાય છે.

**નિશ્ચયકાળદ્રવ્ય**—લોકાકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર રત્નોના રાશિની માફક કાળાણુ સ્થિત હોવાનું સૂત્ર ૩૯ની ટીકામાં કહ્યું છે; તે દરેક નિશ્ચયકાળદ્રવ્ય છે. તેનું લક્ષણ વર્તના છે; તે સૂત્ર ૨૨માં કહેવામાં આવ્યું છે.

(૨) એક સમયે અનંત પદાર્થોની પરિણતિ—જે અનંત પ્રકારની છે; તેને એક કાલાણુનો પર્યાય નિમિત્ત હોય છે, તે અપેક્ષાએ એક કાલાણુને ઉપચારથી 'અનંત' કહેવામાં આવે છે.

(૩) સમય તે નાનામાં નાનો વખત છે, તેથી તેના વિભાગ પડી શકતા નથી. ૪૦.

આ પ્રમાણે છ દ્રવ્યોનું વર્ણન પૂરું થયું. હવે બે સૂત્રો દ્વારા ગુણનું અને પર્યાયનું લક્ષણ જણાવીને આ અધિકાર પૂરો થશે.

## ગુણનું લક્ષણ

## द्रव्याश्रया निर्गुणा गुणाः ॥४१॥

**અર્થ** :—[द्रव्याश्रयाः] જેઓ દ્રવ્યના આશ્રયે હોય અને [निर्गुणाः] પોતે બીજા ગુણોથી રહિત હોય [गुणाः] તે ગુણો છે.

## ટીકા

(૧) જ્ઞાનગુણ જીવદ્રવ્યને આશ્રયે રહે છે, તથા જ્ઞાનમાં કોઈ બીજો ગુણ રહેતો નથી. જો તેમાં ગુણ રહે તો તે ગુણ મટીને ગુણી (-દ્રવ્ય) થઈ જાય, પણ તેમ બને નહિ. 'आश्रयाः' શબ્દ ભેદાભેદ બન્ને સૂચવે છે.

(૨) **પ્રશ્ન** :—પર્યાય પણ દ્રવ્યને આશ્રયે છે અને ગુણ રહિત છે, માટે પર્યાયમાં પણ ગુણપણું આવી જશે અને તેથી આ સૂત્રમાં કહેલા લક્ષણને અતિવ્યાપ્તિ દોષ લાગશે?

**ઉત્તર** :—'द्रव्याश्रयाः' પદ હોવાથી નિત્ય દ્રવ્યનો આશ્રય કરી વર્તે છે તેની વાત છે; તે ગુણ છે, પર્યાય નથી, તેથી 'द्रव्याश्रयाः' પદથી પર્યાય તેમાં આવતો નથી. પર્યાય એક જ સમયવર્તી છે.

## (૩) આ સૂત્રનો સિદ્ધાંત

દરેક ગુણ પોતપોતાના દ્રવ્યને આશ્રયે રહે છે, તેથી એક દ્રવ્યનો ગુણ બીજા દ્રવ્યને કાંઈ કરી શકે નહિ, તેમ જ બીજા દ્રવ્યને પ્રેરણા, અસર કે સહાય કરી શકે નહિ. પરદ્રવ્ય નિમિત્તપણે હોય છે પણ એક દ્રવ્ય પર દ્રવ્યમાં અકિંચિત્કર છે. (સમયસાર ગાથા ૨૬૭ની ટીકા. ગુજરાતી પા. ૩૨૮) પ્રેરણા, સહાય, મદદ, ઉપકાર વગેરે શબ્દો નિમિત્તને ઉદ્દેશીને વાપરવામાં આવે છે પણ તે ઉપચારમાત્ર છે, એટલે કે નિમિત્તનું જ્ઞાનમાત્ર કરાવવા માટે છે. ૪૧.

# પર્યાયનું લક્ષણ

## तद्भावः परिणामः ॥४२॥

**અર્થ** :—[तत् भावः] દ્રવ્યનો સ્વભાવ (નિજભાવ, નિજતત્ત્વ) [परिणामः] તે પરિણામ છે.

### ટીકા

(૧) દ્રવ્ય જે સ્વરૂપે હોય છે તથા જે સ્વરૂપે પરિણમે છે, તે તદ્ભાવ પરિણામ છે.

(૨) **પ્રશ્ન** :—ગુણ અને દ્રવ્ય સર્વથા ભિન્ન છે, એમ કોઈ કહે છે તે ખરું છે?

**ઉત્તર** :—ના; ગુણ અને દ્રવ્ય કથંચિત્ ભિન્ન છે, કથંચિત્ અભિન્ન છે એટલે કે ભિન્નાભિન્ન છે. સંજ્ઞા–સંખ્યા–લક્ષણ–વિષયાદિ ભેદથી ભિન્ન છે, વસ્તુપણે–પ્રદેશપણે અભિન્ન છે, કેમ કે ગુણ દ્રવ્યનો જ પરિણામ છે.

(૩) બધાં દ્રવ્યોને અનાદિ અને આદિમાન પરિણામ હોય છે. પ્રવાહરૂપે અનાદિ પરિણામ છે; પર્યાય ઊપજે–વિણસે છે, માટે તે આદિ સહિત છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યના અનાદિ તથા આદિમાન પરિણામ આગમગમ્ય છે તથા જીવ અને પુદ્ગલના અનાદિ પરિણામ આગમગમ્ય છે પણ તેના આદિમાન પરિણામ કથંચિત્ પ્રત્યક્ષ પણ છે.

(૪) ગુણને સહવર્તીપર્યાય અથવા અક્રમવર્તીપર્યાય કહેવામાં આવે છે અને પર્યાયને ક્રમવર્તીપર્યાય કહેવામાં આવે છે.

દ્રવ્ય, ગુણ ને પર્યાય—એમ વસ્તુના ત્રણ ભેદ કહ્યા છે, પરંતુ નય તો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે જ કહ્યા છે, ત્રીજો 'ગુણાર્થિક' નય કહ્યો નથી, તેનું શું કારણ છે? તેમ જ ગુણો કયા નયના વિષયમાં આવે છે? તેનો ખુલાસો પૂર્વે અધ્યાય ૧ સૂત્ર ૬ની ટીકા પા. ૩૧–૩૨માં આપ્યો છે.

પર્યાયાર્થિકનયને ભાવાર્થિકનય પણ કહેવામાં આવે છે. (જુઓ શ્રીમદ્‌રાજચંદ્ર કૃત મોક્ષમાળા–પાઠ ૯૧)

## (૫) આ સૂત્રનો સિદ્ધાંત

સૂત્ર ૪૧માં જે સિદ્ધાંત કહ્યો છે તે જ પ્રમાણે તે અહીં પણ લાગુ પડે છે, એટલે કે દરેક દ્રવ્ય પોતાના ભાવે પરિણમે છે, પરના ભાવે પરિણમતું નથી; તેથી એમ સિદ્ધ થયું કે દરેક દ્રવ્ય પોતાનું કામ કરી શકે પણ પરનું કાંઈ કરી શકે નહિ. ૪૨.

## ઉપસંહાર

આ પાંચમા અધ્યાયમાં અજીવતત્ત્વનું મુખ્યપણે કથન છે. અજીવતત્ત્વનું કથન કરતાં, તેનો જીવતત્ત્વ સાથે સંબંધ બતાવવાની જરૂર જણાતાં જીવનું સ્વરૂપ પણ અહીં જણાવવામાં આવ્યું છે. વળી છએ દ્રવ્યોનું સામાન્યસ્વરૂપ જીવ અને અજીવને લાગુ પડતું હોવાથી તે પણ કહ્યું છે. એ રીતે આ અધ્યાયમાં નીચેના વિષયો આવ્યા છે–

(૧) છએ દ્રવ્યોને એકસરખી રીતે લાગુ પડતા નિયમોનું સ્વરૂપ, (૨) દ્રવ્યોની સંખ્યા અને તેનાં નામો, (૩) જીવનું સ્વરૂપ, (૪) અજીવનું સ્વરૂપ, (૫) સ્યાદ્વાદ સિદ્ધાંત અને (૬) અસ્તિકાય.

## (૧) છએ દ્રવ્યોને લાગુ પડતું સ્વરૂપ

૧. દ્રવ્યનું લક્ષણ અસ્તિત્વ—હોવાપણું (સત્) છે. (સૂત્ર ૨૯) ૨. હોવાપણાનું (–સત્‌નું) લક્ષણ ત્રણે કાળ ટકીને દરેક સમયે જૂની અવસ્થા ટાળી નવી અવસ્થા ઉત્પન્ન કરવી તે છે. (સૂત્ર ૩૦) ૩. દ્રવ્ય પોતાના ગુણ અને અવસ્થાવાળું હોય છે, ગુણ દ્રવ્યને આશ્રયે રહે છે અને ગુણોમાં ગુણ હોતા નથી. તે પોતાના જે ભાવ છે તે ભાવે પરિણમે છે. (સૂત્ર ૩૮, ૪૨) ૪. દ્રવ્યના પોતાના ભાવનો નાશ થતો નથી, માટે નિત્ય છે અને તે પરિણમે છે, માટે અનિત્ય છે. (સૂત્ર ૩૧, ૪૨)

## (૨) દ્રવ્યોની સંખ્યા અને તેનાં નામો

દ્રવ્યો અનેક છે. (સૂત્ર ૨) તેનાં નામો–૧. જીવો (સૂત્ર ૩), ૨. પુદ્‌ગલો, ૩. એક

ધર્માસ્તિકાય, ૪. અધર્માસ્તિકાય, ૫. એક આકાશ (સૂત્ર ૧), ૬. કાળ, (સૂત્ર ૨૨, ૩૯).

## (૩) જીવનું સ્વરૂપ

૧. જીવો અનેક છે (સૂત્ર ૩), દરેક જીવના અસંખ્યાત પ્રદેશો છે (સૂત્ર ૮), તે લોકાકાશમાં જ રહે છે (સૂત્ર ૧૨), જીવના પ્રદેશો સંકોચ-વિસ્તાર પામે છે, તેથી લોકના અસંખ્યાતમા ભાગથી લઈને આખા લોકને અવગાહે છે. (સૂત્ર ૫, ૧૫), લોકાકાશના જેટલા પ્રદેશો છે તેટલા જ જીવના પ્રદેશો છે. એક જીવના, ધર્મદ્રવ્યના અને અધર્મદ્રવ્યના પ્રદેશોની સંખ્યા સરખી છે (સૂત્ર ૮); પરંતુ જીવના અવગાહ અને ધર્મદ્રવ્ય તથા અધર્મદ્રવ્યના અવગાહમાં ફેર છે. ધર્મ-અધર્મ દ્રવ્ય આખા લોકાકાશને અવગાહે છે જ્યારે જીવના પ્રદેશો સંકોચ-વિસ્તાર પામે છે. (સૂત્ર ૧૩, ૧૬)

૨. જીવને વિકારી અવસ્થામાં, સુખ-દુઃખ તથા જીવન-મરણમાં પુદ્‌ગલ દ્રવ્યો નિમિત્ત છે; જીવ દ્રવ્યો પણ પરસ્પર તે કાર્યોમાં નિમિત્ત થાય છે. સંસારી જીવોને સંયોગરૂપે કાર્મણાદિ શરીર, વચન, મન અને શ્વાસોચ્છ્‌વાસ હોય છે . (સૂત્ર ૨૦, ૨૧, ૧૯)

૩. જીવ ક્રિયાવાન છે, તેની ક્રિયાવતી શક્તિનો પર્યાય કોઈ વાર ગતિરૂપ અને કોઈ વાર સ્થિતિરૂપ થાય છે; જ્યારે ગતિરૂપ હોય ત્યારે ધર્મદ્રવ્ય અને જ્યારે સ્થિતિરૂપ હોય ત્યારે અધર્મદ્રવ્ય નિમિત્ત છે. (સૂત્ર-૧૭)

૪. જીવને પરિણમનકાળમાં કાળ દ્રવ્ય નિમિત્ત છે (સૂત્ર ૨૨) અને અવગાહનમાં આકાશ નિમિત્ત છે. (સૂત્ર ૧૮)

૫. જીવ દ્રવ્યે નિત્ય છે, તેની સંખ્યા એક સરખી રહેનારી છે અને તે અરૂપી છે. (સૂત્ર ૪)

**નોટ** :-છએ દ્રવ્યોનું જે સ્વરૂપ ઉપર નં. (૧) માં ચાર બોલથી જણાવ્યું છે તે જ સ્વરૂપ દરેક જીવ દ્રવ્યને પણ લાગુ પડે છે. જીવનું લક્ષણ ઉપયોગ છે, એમ જીવને લગતા અધિકારમાં અધ્યાય ૨. સૂત્ર ૮માં કહેવાઈ ગયું છે.

## (૪) અજીવનું સ્વરૂપ

જ્ઞાન રહિત એવા અજીવ દ્રવ્યો પાંચ છે—૧. એક ધર્મ, ૨. એક અધર્મ, ૩. એક આકાશ. ૪. અનેક પુદ્‌ગલો તથા ૫. અસંખ્યાત કાળાણું, (સૂત્ર ૧, ૩૯) હવે પાંચ પેટા વિભાગ દ્વારા તે પાંચ દ્રવ્યનું સ્વરૂપ કહેવાય છે.

## अ. ધર્મદ્રવ્ય

ધર્મદ્રવ્ય એક, અજીવ, બહુપ્રદેશી છે (સૂત્ર ૧, ૨, ૬). તે નિત્ય, અવસ્થિત, અરૂપી અને હલનચલન રહિત છે (સૂત્ર ૪, ૭). તેના લોકાકાશ જેટલા અસંખ્ય પ્રદેશો છે અને તે આખા લોકાકાશમાં વ્યાપક છે. (સૂત્ર ૮, ૧૩). તે પોતે હલનચલન કરતા જીવ તથા પુદ્ગલોને ગતિમાં નિમિત્ત છે (સૂત્ર ૧૭). તેને અવગાહનમાં આકાશ નિમિત્ત છે અને પરિણમનમાં કાળ નિમિત્ત છે (સૂત્ર ૧૮, ૨૨). અરૂપી (સૂક્ષ્મ) હોવાથી ધર્મ અને અધર્મ દ્રવ્યો લોકાકાશમાં એકસરખી રીતે (એકબીજાને વ્યાઘાત પહોંચાડ્યા વિના) વ્યાપી રહ્યાં છે (સૂત્ર ૧૩).

## ब. અધર્મદ્રવ્ય

ઉપર કહેલી બધી બાબતો અધર્મદ્રવ્યને પણ લાગુ પડે છે. વિશેષતા એટલી જ કે ધર્મદ્રવ્ય જીવ–પુદ્ગલોને ગતિમાં નિમિત્ત છે ત્યારે અધર્મદ્રવ્ય જીવ–પુદ્ગલોને સ્થિતિમાં નિમિત્ત છે.

## क. આકાશદ્રવ્ય

આકાશદ્રવ્ય એક, અજીવ, અનંતપ્રદેશી છે. (સૂત્ર ૧, ૨, ૬, ૯) નિત્ય, અવસ્થિત, અરૂપી અને હલનચલન રહિત છે (સૂત્ર ૪, ૭). બીજા પાંચેય દ્રવ્યોને અવગાહન આપવામાં નિમિત્ત છે. (સૂત્ર ૧૮) તેને પરિણમનમાં કાળદ્રવ્ય નિમિત્ત છે (સૂ. ૨૨).

## ड. કાળદ્રવ્ય

કાળદ્રવ્ય દરેક અણુરૂપ, અરૂપી, અસ્તિપણે પણ કાય રહિત, નિત્ય અને અવસ્થિત અજીવ પદાર્થ છે (સૂત્ર ૨, ૩૯, ૪). તે બધાં દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત છે (સૂત્ર ૨૨). કાળદ્રવ્યને અવગાહનમાં આકાશદ્રવ્ય નિમિત્ત છે. (સૂત્ર ૧૮). એક આકાશપ્રદેશે રહેલાં અનંત દ્રવ્યોને પરિણમનમાં એક કાલાણું નિમિત્ત થાય છે, તે કારણે ઉપચારથી તેને **અનંત સમય** કહેવામાં આવે છે, તથા ભૂત–ભવિષ્યની અપેક્ષાએ અનંત છે. કાળના એક પર્યાયને સમય કહે છે. (સૂત્ર ૪૦).

## इ. પુદ્ગલદ્રવ્ય

૧. આ પુદ્ગલ દ્રવ્યો અનંતાનંત છે. તે દરેક એક પ્રદેશી છે. (સૂત્ર ૧, ૨, ૧૦, ૧૧) તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આદિ વિશેષ ગુણો હોવાથી તે રૂપી છે (સૂત્ર ૨૩, ૫). તે વિશેષ ગુણોમાંથી સ્પર્શ ગુણની સ્નિગ્ધ કે રૂક્ષની અમુક પ્રકારની અવસ્થા થાય ત્યારે બંધ થાય છે (સૂત્ર ૩૩). બંધપ્રાપ્ત પુદ્ગલોને સ્કંધ કહેવામાં આવે છે. તેમાંથી જીવને સંયોગરૂપ

થતાં સ્કંધો શરીર, વચન, મન અને શ્વાસોચ્છ્‌વાસપણે પરિણમે છે (સૂત્ર ૨૫, ૧૯). કેટલાક સ્કંધો જીવને સુખ, દુઃખ, જીવન અને મરણમાં નિમિત્ત થાય છે (સૂત્ર ૨૦).

૨. સ્કંધરૂપે પરિણમેલા પરમાણુઓ સંખ્યાત, અસંખ્યાત અનંત હોય છે. તથા બંધની વિશિષ્ટતા એવી છે, કે એક પ્રદેશમાં અનેક રહે છે. અનેક સ્કંધો સંખ્યાત-પ્રદેશોને અને અનેક સ્કંધો અસંખ્યાત પ્રદેશોને રોકે છે, તેમ જ એક મહાસ્કંધ લોકપ્રમાણ અસંખ્યાત આકાશના પ્રદેશોને રોકે છે (સૂત્ર ૧૦, ૧૪, ૧૨).

૩. જે પુદ્‌ગલની સ્નિગ્ધતા કે રૂક્ષતા જઘન્યપણે હોય તે બંધને પાત્ર નથી, તેમ જ એક સરખા ગુણવાળા પુદ્‌ગલોનો બંધ થતો નથી (સૂત્ર ૩૪-૩૫). જઘન્ય ગુણ છોડીને બે અંશ જ અધિક હોય ત્યાં (પછી એકી ગુણ હોય કે બેકી ગુણ હોય) સ્નિગ્ધનો સ્નિગ્ધ સાથે, રૂક્ષનો રૂક્ષ સાથે તથા સ્નિગ્ધ રૂક્ષનો પરસ્પર બંધ થાય છે અને જેના ગુણો અધિક હોય તે -રૂપે આખો સ્કંધ થાય છે (સૂત્ર ૩૬, ૩૭). સ્કંધની ઉત્પત્તિ પરમાણુઓના ભેદ (છૂટા પડવાથી), સંઘાત (મળવાથી) અથવા એકી વખતે બન્ને રૂપે (ભેદ-સંઘાત) થવાથી થાય છે (સૂત્ર ૨૬); અને અણુની ઉત્પત્તિ ભેદથી થાય છે (સૂત્ર ૨૭). ભેદ-સંઘાત બન્નેથી મળી ઉત્પન્ન થયેલ સ્કંધ ચક્ષુઇન્દ્રિયગમ્ય હોય છે (સૂત્ર ૨૮).

૪. શબ્દ, બંધ, સૂક્ષ્મ, સ્થૂળ, સંસ્થાન, ભેદ, તમ, છાયા, આતપ અને ઉદ્યોત-એ બધા પુદ્‌ગલના પર્યાયો (અવસ્થા) છે.

૫. પુદ્‌ગલ દ્રવ્યને હલનચલનમાં ધર્મદ્રવ્ય અને સ્થિતિમાં અધર્મદ્રવ્ય નિમિત્ત છે (સૂત્ર ૧૭); અવગાહનમાં આકાશદ્રવ્ય નિમિત્ત છે અને પરિણમનમાં કાળદ્રવ્ય નિમિત્ત છે (સૂત્ર ૧૮, ૨૨).

૬. પુદ્‌ગલ સ્કંધોને શરીર, વચન, મન અને શ્વાસોચ્છ્‌વાસરૂપે પરિણમવામાં જીવ નિમિત્ત છે (સૂત્ર ૧૯); બંધરૂપ થવામાં પરસ્પર નિમિત્ત છે (સૂત્ર ૩૩).

**નોંધ** :—સ્નિગ્ધતા અને રૂક્ષતાના અનંત અવિભાગપ્રતિચ્છેદ થાય છે. તેમાંના એક અવિભાગી અંશને 'ગુણ' કહે છે, એમ અહીં 'ગુણ' શબ્દનો અર્થ છે.

## (૫) સ્યાદ્વાદ સિદ્ધાંત

દરેક દ્રવ્ય ગુણ-પર્યાયાત્મક છે; ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત છે; સપ્તભંગસ્વરૂપ છે. એ રીતે દ્રવ્યમાં ત્રિકાળી અખંડ સ્વરૂપ અને દરેક સમયે વર્તતી અવસ્થા—એમ બે પડખાં પડે છે. વળી પોતે પોતાથી અસ્તિરૂપ છે અને પરથી નાસ્તિરૂપ છે, તેથી દ્રવ્ય, ગુણ અને પર્યાય

બધું *અનેકાંતાત્મક (–અનેક ધર્મરૂપે) છે. અપૂર્ણ મનુષ્ય કોઈ પણ પદાર્થનો વિચાર કરતાં આખા પદાર્થને એકી સાથે વિચારમાં લઈ શકે નહિ; પરંતુ વિચારવામાં આવતા પદાર્થનો એક પડખાંનો વિચાર કરી શકે અને બીજા પડખાંનો વિચાર કરી શકે; એમ તેના વિચારમાં અને કથનમાં ક્રમ પડ્યા વિના રહે નહિ. તેથી જે વખતે ત્રિકાળી ધ્રુવ પડખાંનો વિચાર કરે ત્યારે બીજું પડખું વિચાર માટે મુલતવી રહે, તેથી જેનો વિચાર કરવામાં આવે તેને મુખ્ય અને વિચારમાં જે બાકી રહ્યું તેને ગૌણ કરવામાં આવે. આ પ્રકારે વસ્તુના અનેકાંતસ્વરૂપનો નિર્ણય કરવામાં ક્રમ પડે છે. એ અનેકાંત સ્વરૂપનું કથન કરવા માટે તથા તે સમજવા માટે ઉપર કહેલી પદ્ધતિ ગ્રહણ કરવી તેનું નામ 'સ્યાદ્વાદ' છે; અને તે આ અધ્યાયના ૩૨મા સૂત્રમાં આપી છે. જે વખતે જે પડખાંને (અર્થાત્ ધર્મને) જ્ઞાનમાં લેવામાં આવે તેને 'અર્પિત' કહેવાય છે, અને તે જ વખતે જે પડખાં અર્થાત્ ધર્મો જ્ઞાનમાં ગૌણ રહ્યા હોય તેને 'અનર્પિત' કહેવાય છે, એ રીતે આખા સ્વરૂપની સિદ્ધિ–પ્રાપ્તિ–સાબિતી–જ્ઞાન થઈ શકે છે. તે આખા પદાર્થના જ્ઞાનને પ્રમાણ અને એક પડખાંના જ્ઞાનને નય કહે છે અને 'સ્યાત્ અસ્તિ–નાસ્તિ'ના ભેદો દ્વારા તે જ પદાર્થના જ્ઞાનને 'સપ્તભંગી' સ્વરૂપ કહેવામાં આવે છે.

## (૬) અસ્તિકાય

છ દ્રવ્યોમાંથી જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્‌ગલ એ પાંચ અસ્તિકાય છે (સૂત્ર ૧, ૨, ૩); અને કાળ અસ્તિ છે (સૂત્ર ૨–૩૯) પણ કાય (–બહુપ્રદેશી) નથી (સૂત્ર ૧).

## (૭) જીવ અને પુદ્‌ગલ દ્રવ્યની સિદ્ધિ ૧–૨.

૧. 'જીવ' એક પદ છે અને તેથી તે જગતની કોઈ વસ્તુને—પદાર્થને સૂચવે છે, માટે તે શું છે એ આપણે વિચારીએ. એ વિચારવામાં આપણે એક મનુષ્યનું ઉદાહરણ લઈએ; જેથી વિચારવામાં સુગમતા પડે.

૨. એક મનુષ્યને આપણે જોયો. ત્યાં સર્વ પ્રથમ આપણી દૃષ્ટિ તેના શરીર ઉપર પડશે, તથા તે મનુષ્ય જ્ઞાનસહિત પદાર્થ પણ છે એમ જણાશે. શરીર છે એમ નક્કી કરવામાં આવ્યું તે ઇન્દ્રિય દ્વારા નક્કી થયું પણ તે મનુષ્યને જ્ઞાન છે, એમ જે નક્કી કર્યું તે ઇન્દ્રિય દ્વારા નક્કી કર્યું નથી; કેમ કે અરૂપી જ્ઞાન ઇન્દ્રિયગમ્ય નથી, પણ તે મનુષ્યના વચન કે શરીરની ચેષ્ટા ઉપરથી નક્કી કરવામાં આવ્યું છે. તેમાંથી ઇન્દ્રિય દ્વારા શરીર નક્કી કર્યું તે જ્ઞાનને આપણે ઇન્દ્રિયજન્ય કહીએ છીએ અને તે મનુષ્યમાં જ્ઞાન હોવાનું નક્કી કર્યું તે અનુમાનજન્યજ્ઞાન છે, એમ આપણે કહીએ છીએ.

---

★ અનેકાંત = અનેક + અંત (–ધર્મ) = અનેક ધર્મો.

૩. આ પ્રમાણે મનુષ્યમાં આપણે બે પ્રકાર જાણ્યા–૧. ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી શરીર. ૨. અનુમાનજન્યજ્ઞાનથી જ્ઞાન. પછી ભલે કોઈ મનુષ્યને જ્ઞાન ઓછા ઉઘાડરૂપ હોય કે કોઈને વધારે ઉઘાડરૂપ હોય. તે બે બાબતો જાણતાં તે એક જ પદાર્થના બે ગુણો છે કે જુદા જુદા બે પદાર્થના બે ગુણો છે, તે આપણે નક્કી કરવું જોઈએ.

૪. જે મનુષ્યને આપણે જોયો તેના સંબંધે નીચે પ્રમાણે બન્યાનું દાખલા માટે કલ્પીએ.

(૧) તે મનુષ્યના હાથમાં કાંઈ લાગ્યું અને શરીરમાંથી લોહી નીકળવા લાગ્યું.

(૨) તે મનુષ્યે લોહી નીકળતું જાણ્યું અને તે લોહી તરત જ બંધ થઈ જાય તો સારું–એવી તીવ્ર ભાવના ભાવી.

(૩) પણ તે જ વખતે લોહી વધારે નીકળવા માંડ્યું અને ઘણા ઉપાયો કર્યા, પણ તે બંધ પડતાં ઘણો વખત લાગ્યો.

(૪) લોહી બંધ પડ્યા પછી પોતાને જલદી આરામ થઈ જાય એવી તે મનુષ્યે ભાવના કરવાનું સતત્ ચાલુ રાખ્યું.

(૫) પણ ભાવના અનુસાર પરિણામ આવવાને બદલે તે ભાગ સડતો ગયો.

(૬) તે મનુષ્યને ઘણું દુ:ખ થયું અને તે દુ:ખનું તેને વેદન થયું.

(૭) બીજાં સગાંસંબંધીઓએ તે મનુષ્યને દુ:ખ થાય છે એમ જાણ્યું, પણ તે મનુષ્યના દુ:ખ–વેદનનો કાંઈ પણ અંશ તેઓ લઈ શક્યા નહિ.

(૮) આખરે તેણે હાથના સડતા ભાગને કપાવ્યો.

(૯) તે હાથ કપાવ્યા છતાં તે માણસનું જ્ઞાન તેટલું રહ્યું અને વિશેષ અભ્યાસથી ઘણું વધી ગયું અને બાકી રહેલું શરીર ઘણું નબળું પડતું ગયું, તેમ જ વજનમાં ઘટતું ગયું.

(૧૦) શરીર નબળું પડવા છતાં તેને જ્ઞાનાભ્યાસના બળથી ધીરજ રહી અને શાંતિ વધી.

૫. આ દશ બાબતો શું સાબિત કરે છે, તે આપણે જોઈએ. મનુષ્યમાં વિચાર–શક્તિ **(Reasoning Faculty)** છે અને તે તો દરેક મનુષ્યને અનુભવગમ્ય છે. હવે વિચાર કરતાં નીચેના સિદ્ધાંતો પ્રગટે છે :—

(૧) શરીર અને જ્ઞાન ધરાવતી વસ્તુ એ બંને જુદા જુદા પદાર્થો છે, કેમ કે તે જ્ઞાન ધરાવતી વસ્તુએ ‘લોહી તરત જ બંધ થઈ જાય તો સારું’ તેવી ઇચ્છા કરવા છતાં લોહી બંધ થયું નહિ, એટલું જ નહિ પણ ઇચ્છાથી વિરુદ્ધ શરીરની અને લોહીની અવસ્થા થઈ. જો શરીર અને જ્ઞાન ધરાવતી વસ્તુ તે બંને એક જ હોય તો તેમ થાય નહિ.

(૨) જો તે બન્ને એક જ વસ્તુ હોત, તો જ્યારે જ્ઞાન કરનારે ઈચ્છા કરી તે જ વખતે લોહી બંધ થઈ જાત.

(૩) જો તે બંને એક જ વસ્તુ હોત, તો લોહી તરત જ બંધ પડત, એટલું જ નહિ, પરંતુ ઉપર નં. (૪–૫)માં જણાવ્યા મુજબ ભાવના કરેલ હોવાથી શરીરનો તે ભાગ સડત પણ નહિ, ઊલટું જ્યારે ઈચ્છા કરી ત્યારે તરત જ આરામ થઈ જાત, પરંતુ બંને જુદાં હોવાથી તેમ બનતું નથી.

(૪) ઉપર નં. (૬–૭) માં જે હકીકત જણાવી છે તે સાબિત કરે છે, કે જેનો હાથ સડે છે તે મનુષ્ય અને તેનાં સગાંસંબંધી બધા સ્વતંત્ર પદાર્થો છે. જો તેઓ એક હોત, તો મનુષ્યનું દુઃખ તેઓ ભેગાં મળી ભોગવત અને તે મનુષ્ય પોતાના દુઃખનો ભાગ તેમને આપત અથવા ઘણાં સગાંઓ તેનું દુઃખ લઈને પોતે તે ભોગવત, પણ તેમ બની શકતું નથી. માટે તેઓ પણ આ મનુષ્યથી જુદી સ્વતંત્ર જ્ઞાનરૂપ અને શરીર સહિત વ્યક્તિઓ છે, એમ સિદ્ધ થયું.

(૫) ઉપર નં. (૮–૯) માં જે હકીકત જણાવી છે તે સાબિત કરે છે, કે શરીર સંયોગી પદાર્થ છે; તેથી હાથ જેટલો ભાગ તેમાંથી છૂટો પડી શક્યો. જો તે એક અખંડ પદાર્થ હોત, તો હાથ જેટલો ભાગ કપાઈને છૂટો પડી ન શકત. વળી તે સાબિત કરે છે કે શરીરથી જ્ઞાન સ્વતંત્ર છે, કેમ કે શરીરનો અમુક ભાગ કપાયા છતાં તેટલા પ્રમાણમાં જ્ઞાન ઘટતું નથી પણ તેટલું જ રહે છે; અને શરીર નબળું પડતું જાય છતાં જ્ઞાન વધતું જાય છે, એટલે શરીર અને જ્ઞાન એ સ્વતંત્ર વસ્તુઓ છે, એમ સાબિત થયું.

(૬) ઉપર નં. (૧૦) થી સાબિત થયું કે જ્ઞાન વધ્યું તોપણ વજન વધ્યું નહિ, પરંતુ જ્ઞાન સાથે સંબંધ રાખનાર ધીરજ, શાંતિ વગેરેમાં વધારો થયો; શરીરમાં વજન ઘટ્યું છતાં જ્ઞાનમાં ઘટાડો ન થયો, માટે જ્ઞાન અને શરીર બે જુદા, સ્વતંત્ર, વિરોધી ગુણવાળા પદાર્થો છે. જેમ કે : अ. શરીર વજનવાળું અને જ્ઞાન વજન વગરનું ब. શરીર ઘટ્યું, જ્ઞાન વધ્યું, क. શરીરનો ભોગ ઓછો થયો, જ્ઞાન તેટલું જ રહ્યું અને પછી વધ્યું; ड. શરીર ઈન્દ્રિયગમ્ય; સંયોગી, છૂટું પડી કોઈ બીજી જગ્યાએ તેના ભાગો રહી શકે તેવું છે; જ્ઞાન ઈન્દ્રિયગમ્ય નથી, પરંતુ જ્ઞાનગમ્ય છે. તેના કટકા કે ભાગલા થઈ શકે નહિ, કેમ કે તે અસંયોગી છે અને તેનો કોઈ ભાગ છૂટો પડીને બીજે રહી શકે નહિ, તેમ જ કોઈને આપી શકાય નહિ; इ. બજારમાંથી જડ વસ્તુઓ લાવીને તેનો ખોરાક બનાવી, તેને ખાવાથી આ સંયોગી પદાર્થ–શરીર બન્યું છે, તેના કટકા–ભાગ થઈ શકે છે; પરંતુ જ્ઞાન બજારમાંથી મળે નહિ; કોઈ પોતાનું જ્ઞાન બીજાને આપી શકે નહિ, પરંતુ પોતાના અભ્યાસથી જ જ્ઞાન વધારી શકાય; અસંયોગી અને પોતામાંથી આવતું હોવાથી જ્ઞાન પોતાને જ–આત્માને જ અવલંબનારું છે.

(૭) 'જ્ઞાન' ગુણવાચક નામ છે; તે ગુણી વિના હોય નહિ, માટે જ્ઞાનગુણની ધારક એવી એક વસ્તુ છે. તેને જીવ, આત્મા, સચેતન પદાર્થ, ચૈતન્ય ઈત્યાદિ નામોથી ઓળખી શકાય છે. આ રીતે જીવ પદાર્થ જ્ઞાનસહિત, અસંયોગી, અરૂપી સાબિત થયો અને તેનાથી વિરુદ્ધ શરીર જ્ઞાનરહિત, અજીવ, સંયોગી, રૂપી પદાર્થ સાબિત થયું; તે 'પુદ્‌ગલ' નામથી ઓળખાય છે. શરીર સિવાયના બીજા જે જે પદાર્થો દૃશ્યમાન થાય છે તે બધા પણ શરીરની જેમ પુદ્‌ગલ જ છે.

(૮) વળી, જ્ઞાનનું જ્ઞાનપણું કાયમ ટકીને તેમાં વધઘટ થાય છે. તે વધઘટને જ્ઞાનની તારતમ્યતારૂપ અવસ્થા કહેવામાં આવે છે. શાસ્ત્રપરિભાષામાં તેને 'પર્યાય' કહે છે. નિત્ય જે જ્ઞાનપણું ટકી રહે છે, તે 'જ્ઞાનગુણ' છે.

(૯) શરીર સંયોગી સાબિત થયું, તેથી તે વિયોગ સહિત જ હોય. વળી શરીરના નાના નાના ભાગ કરીએ તો ઘણા થાય અને બાળતાં રાખ થાય, તેથી એમ સાબિત થયું કે શરીર અનેક રજકણોનો પિંડ છે. જેમ જીવ અને જ્ઞાન ઈન્દ્રિયગમ્ય નથી પણ વિચાર **(Reasoning)** ગમ્ય છે; તેમ પુદ્‌ગલરૂપ અવિભાગી રજકણ તે પણ ઈન્દ્રિયગમ્ય નથી, પણ જ્ઞાનગમ્ય છે.

(૧૦) શરીર તે મૂળ વસ્તુ નથી પણ અનેક રજકણોનો પિંડ છે અને રજકણ સ્વતંત્ર વસ્તુ છે, એટલે કે અસંયોગી પદાર્થ છે.

(૧૧) જીવ અને રજકણ અસંયોગી છે, તેથી અનાદિઅનંત છે એમ સિદ્ધ થયું, કેમ કે જે પદાર્થ કોઈ સંયોગથી ઉત્પન્ન થયો ન હોય તેનો ક્યારેય નાશ પણ હોય નહિ.

(૧૨) શરીર એક સ્વતંત્ર પદાર્થ નથી પણ અનેક પદાર્થોની સંયોગી અવસ્થા છે. અવસ્થા હંમેશા શરૂઆત સહિત જ હોય, તેથી શરીર શરૂઆત સહિત છે. તે સંયોગી હોવાથી વિયોગી છે.

૬. જીવ અનેક અને અનાદિઅનંત છે, તથા રજકણો અનેક અને અનાદિઅનંત છે. એક જીવ બીજા કોઈ જીવ સાથે પિંડરૂપ થઈ શકે નહિ; પરંતુ રજકણો પિંડરૂપ થાય છે. આ પ્રમાણે દ્રવ્યનું લક્ષણ સત્, અનેક દ્રવ્યો, રજકણો, તેના સ્કંધ, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય એ આદિ વિષયો આ અધ્યાયમાં કહ્યા છે, તે સિદ્ધ થયા.

૭. આ પ્રમાણે જીવ અને પુદ્‌ગલનું ત્રિકાળ જુદાપણું તથા અનાદિઅનંતપણું સિદ્ધ થતાં નીચેની લૌકિક માન્યતાઓ અસત્ય ઠરે છે :—

(૧) અનેક રજકણો ભેગાં થતાં તેમાંથી નવો જીવ ઉત્પન્ન થાય છે, તે માન્યતા અસત્ય છે; કેમ કે રજકણો જ્ઞાનરહિત જડ છે, તેથી જ્ઞાનરહિત ગમે તેટલા પદાર્થો ભેગા થાય તોપણ

જીવ ઉત્પન્ન થાય જ નહિ. જેમ અનેક અંધારાં ભેગાં કરતાં તેમાંથી અજવાળું થાય નહિ, તેમ અજીવમાંથી જીવની ઉત્પત્તિ થાય નહિ.

(૨) જીવનું સ્વરૂપ શું છે તે આપણને ખબર ન પડે, એવી માન્યતા અસત્ય છે, કેમ કે જ્ઞાન શું ન જાણે? જ્ઞાનની રુચિ વધારતાં આત્માનું સ્વરૂપ બરાબર જાણી શકાય છે. માટે તે વિચારગમ્ય (**reasoning**-દલીલગમ્ય) છે, એમ ઉપર સાબિત કર્યું છે.

(૩) જીવ અને શરીર ઈશ્વરે બનાવ્યાં, એમ કોઈ માને છે પણ તે માન્યતા અસત્ય છે, કેમ કે બન્ને પદાર્થો અનાદિઅનંત છે. અનાદિઅનંત પદાર્થોનો કોઈ કર્તા હોઈ શકે જ નહિ.

૮. જીવ શરીરનું કાંઈ કરી શકે અગર તો શરીર જીવનું કાંઈ કરી શકે છે, એવી માન્યતા પણ તેટલી જ ભૂલ ભરેલી છે, એમ ઉપર પારા ૪ના પેટામાં જે દસ બનાવો આપ્યા છે, તે ઉપરથી સિદ્ધ થાય છે. આ બાબતનો સિદ્ધાંત આ અધ્યાયના સૂત્ર ૪૧ની ટીકામાં પણ આપ્યો છે.

## (૮) ઉપાદાન–નિમિત્ત સંબંધી સિદ્ધાંત

જીવ, પુદ્‌ગલ સિવાયના બીજાં ચાર દ્રવ્યોની સિદ્ધિ કરતાં પહેલાં આપણે ઉપાદાન –નિમિત્તના સિદ્ધાંતોને અને તેની સાબિતીને સમજી લેવાની જરૂર છે. ઉપાદાન એટલે વસ્તુની સહજશક્તિ–નિજશક્તિ અને નિમિત્ત એટલે સંયોગરૂપ પર વસ્તુ. તેનું દ્દષ્ટાંત—એક મનુષ્યનું નામ દેવદત્ત છે; તેનો અર્થ એ કે દેવદત્ત પોતે પોતાથી પોતારૂપ છે પણ તે યજ્ઞદત્ત વગેરે બીજા કોઈ પદાર્થરૂપે નથી; આમ સમજતાં બે પદાર્થો જુદાપણે સાબિત થાય છે :–૧. દેવદત્ત પોતે, ૨. યજ્ઞદત્ત વગેરે બીજા પદાર્થો. દેવદત્તનું હોવાપણું સિદ્ધ કરવામાં બે કારણો થયાં :— ૧. દેવદત્ત પોતે, ૨. યજ્ઞદત્ત વગેરે બીજા પદાર્થો જગતમાં સદ્‌ભાવરૂપ છે, તેમનો દેવદત્તમાં અભાવ. આ બે કારણોમાં દેવદત્તનું પોતાનું હોવાપણું તે નિજશક્તિ હોવાથી મૂળ કારણ અર્થાત્ ઉપાદાનકારણ છે, અને જગતના યજ્ઞદત્ત વગેરે બીજા પદાર્થોનો દરેકનો પોતપોતામાં સદ્‌ભાવ અને દેવદત્તમાં અભાવ તે દેવદત્તનું હોવાપણું સિદ્ધ કરવામાં નિમિત્તકારણ છે. જો આ પ્રમાણે ન માનવામાં આવે અને યજ્ઞદત્ત વગેરે બીજા કોઈ પણ પદાર્થનો દેવદત્તમાં સદ્‌ભાવ માનવામાં આવે, તો તે પણ દેવદત્ત થઈ જાય. આમ થતાં દેવદત્તની સ્વતંત્ર હયાતી જ સિદ્ધ ન થઈ શકે.

વળી જો યજ્ઞદત્ત વગેરે બીજા પદાર્થોની હયાતી જ–સદ્‌ભાવ જ માનીએ તો દેવદત્તનું હોવાપણું પણ સિદ્ધ થઈ શકે નહિ, કેમ કે એક મનુષ્યને બીજાથી જુદો પાડવા માટે તેને દેવદત્ત

કહ્યો; તેથી દેવદત્તના સત્તાપણામાં દેવદત્ત મૂળ ઉપાદાનકારણ અને જેમનાથી તેને જુદો પાડ્યો તેવા અન્ય પદાર્થો તે નિમિત્તકારણ છે.

આ ઉપરથી એવો નિયમ પણ સિદ્ધ થયો, કે નિમિત્તકારણ ઉપાદાનને અનુકૂળ હોય પણ પ્રતિકૂળ હોય નહિ. દેવદત્તના દેવદત્તપણામાં પરદ્રવ્યો તેને અનુકૂળ છે, કેમ કે તેઓ દેવદત્તરૂપે થતાં નથી. જો દેવદત્તરૂપે તેઓ થાય તો પ્રતિકૂળ થાય અને તેમ થતાં બંનેના (દેવદત્ત અને પરનો) નાશ થાય.

આ પ્રમાણે બે સિદ્ધાંતો નક્કી થયા : ૧. દરેક દ્રવ્ય–ગુણ–પર્યાયની સ્વથી અસ્તિ છે તે ઉપાદાનકારણ છે અને પરદ્રવ્ય–ગુણ–પર્યાયની તેમાં નાસ્તિ છે તે નિમિત્તકારણ છે; નિમિત્તકારણ તે માત્ર આરોપિતકારણ છે, ખરું કારણ નથી; તેમ જ તે ઉપાદાનકારણને કાંઈ જ કરતું નથી. જીવના ઉપાદાનમાં જે જાતનો ભાવ હોય તે ભાવને અનુકૂળપણાનો નિમિત્તમાં આરોપ આવે છે. સામે સત્ નિમિત્ત હોવા છતાં કોઈ જીવ જો ઊંધા ભાવ કરે, તો તે જીવના ઊંધા ભાવમાં પણ સામી ચીજને અનુકૂળ નિમિત્ત બનાવ્યું કહેવાય છે. જેમ કે–કોઈ જીવ તીર્થંકર ભગવાનના સમવસરણમાં ગયો અને દિવ્યધ્વનિમાં વસ્તુનું જે યથાર્થ સ્વરૂપ કહેવાયું તે સાંભળ્યું; પરંતુ તે જીવને વાત બેઠી નહિ તેથી તે ઊંધો પડ્યો, તો તે જીવે પોતાના ઊંધા ભાવને માટે ભગવાનના દિવ્યધ્વનિને અનુકૂળ નિમિત્ત બનાવ્યું કહેવાય.

## (૯) ઉપર્યુક્ત સિદ્ધાંતના આધારે જીવ, પુદ્‌ગલ સિવાયનાં ચાર દ્રવ્યોની સિદ્ધિ

દેખવામાં આવતા પદાર્થોમાં ચાર બાબતો જોવામાં આવે છે; ૧. તે પદાર્થ ઉપર, નીચે અહીં, ત્યાં—એમ જોવામાં આવે છે. ૨. તે જ પદાર્થ અત્યારે, પછી, જ્યારે, ત્યારે, ત્યારથી અત્યાર સુધી—એ રીતે જોવામાં આવે છે. ૩. તે જ પદાર્થ સ્થિર, સ્તબ્ધ, નિશ્ચળ એવા પ્રકારે જોવામાં આવે છે; અને ૪. તે જ પદાર્થ હાલતો–ચાલતો, ચંચળ, અસ્થિર જોવામાં આવે છે. આ ચાર બાબતો પદાર્થોને દેખતાં સમજવામાં આવે છે, તોપણ એ બાબતો દ્વારા પદાર્થની કાંઈ પણ આકૃતિ બદલતી નથી. તે તે કાર્યોનું ઉપાદાનકારણ તો દરેક દ્રવ્ય છે, પણ તે ચારે પ્રકારની ક્રિયા જુદા જુદા પ્રકારની હોવાથી તે ક્રિયાનાં સૂચક નિમિત્તકારણ જુદાં જ હોય છે.

આ સંબંધે ખ્યાલમાં રાખવું કે, કોઈ પદાર્થમાં પહેલી, બીજી અને ત્રીજી અથવા પહેલી, બીજી અને ચોથી બાબતો એકી સાથે દેખાય છે. તે સિવાય ત્રીજી, ચોથી અને પહેલી અથવા ત્રીજી, ચોથી અને બીજી એ પ્રમાણેની બાબતો કદી હોય નહિ.

હવે આપણે એક એક બાબત ક્રમસર જોઈએ.

## अ. આકાશની સિદ્ધિ–૩.

જગતની દરેક વસ્તુને પોતાનું ક્ષેત્ર હોય છે અર્થાત્ તેને લંબાઈ–પહોળાઈ હોય છે, એટલે કે તેને પોતાનું અવગાહન હોય છે. તે અવગાહન પોતાનું ઉપાદાનકારણ થયું અને તેમાં નિમિત્તકારણરૂપ બીજી વસ્તુ હોય છે.

નિમિત્તકારણરૂપ બીજી વસ્તુ એવી હોવી જોઈએ, કે તેની સાથે ઉપાદાનવસ્તુ અવગાહનમાં એકરૂપ ન થઈ જાય. ઉપાદાન પોતે અવગાહનરૂપ હોવા છતાં અવગાહનમાં જે પરદ્રવ્ય નિમિત્ત છે, તેનાથી તે ભિન્નપણે ટકી રહે, એટલે કે પરમાર્થે દરેક દ્રવ્ય પોતપોતાના અવગાહનમાં જ છે.

વળી, તે વસ્તુ જગતના બધા પદાર્થોને એકીસાથે નિમિત્તકારણ જોઈએ, કેમ કે જગતના બધા પદાર્થો અનાદિ છે અને સૌને પોતપોતાનું ક્ષેત્ર છે; તે તેમનું અવગાહન છે. અવગાહનમાં નિમિત્ત થનારી વસ્તુ બધાં અવગાહન લેનાર દ્રવ્યોથી મોટી જોઈએ. જગતમાં આવી એક વસ્તુ અવગાહનમાં નિમિત્તકારણરૂપ છે, તેને **'આકાશ'** કહેવામાં આવે છે.

વળી, જગતમાં સૂક્ષ્મ, સ્થૂળ એમ બે પ્રકારના તથા રૂપી અને અરૂપી એમ બે પ્રકારના પદાર્થો છે. તે ઉપાદાનરૂપ પદાર્થોને નિમિત્તપણે અનુકૂળ કોઈ પરદ્રવ્ય હોવું જોઈએ અને તેના ઉપાદાનમાં અભાવ જોઈએ; વળી અબાધિત અવગાહન આપનાર પદાર્થ અરૂપી જ હોઈ શકે. આ રીતે આકાશ એક, સર્વવ્યાપક, બધાથી મોટું, અરૂપી અને અનાદિ દ્રવ્યરૂપ સિદ્ધ થાય છે.

જો આકાશ દ્રવ્યને માનવામાં ન આવે તો દ્રવ્યમાં સ્વક્ષેત્રપણું રહેશે નહિ અને ઉપર –નીચે–અહીં–ત્યાં એમ નિમિત્તનું જ્ઞાન કરાવનારાં સ્થળ રહેશે નહિ. અપૂર્ણ પ્રાણીને નિમિત્ત દ્વારા જ્ઞાન કરાવ્યા વિના ઉપાદાન અને નિમિત્ત બન્નેનું સાચું જ્ઞાન તે કરી શકતો નથી, એટલું જ નહિ પણ ઉપાદાનને જે નહિ માને તે નિમિત્તને પણ માની શકશે નહિ અને નિમિત્તને નહિ માને તે ઉપાદાનને માની શકશે નહિ. બંનેને યથાર્થપણે માન્યા વગર જ્ઞાન સાચું થઈ શકશે નહિ; એ રીતે ઉપાદાન અને નિમિત્ત બન્નેને શૂન્યરૂપે એટલે કે નહિ હોવારૂપે માનવું પડશે અને એ રીતે બધા પદાર્થોને શૂન્યપણું આવશે; પરંતુ તેમ બની શકે જ નહિ.

## ब. કાળની સિદ્ધિ–૪.

દ્રવ્ય કાયમ રહીને એક અવસ્થા છોડીને બીજી અવસ્થારૂપે થાય છે, તેને વર્તના–વર્તવું કહેવામાં આવે છે. હવે આ વર્તનામાં તે વસ્તુની નિજશક્તિ ઉપાદાનકારણ છે; કેમ કે પોતામાં તે શક્તિ ન હોય તો પોતે પરિણમે નહિ. હવે કોઈ પણ કાર્ય માટે બે કારણો સ્વતંત્રપણે સ્વયં હોય છે, એમ આગળ સિદ્ધ કર્યું છે; તેથી નિમિત્તકારણ સંયોગરૂપે હોવું જોઈએ. માટે

તે વર્તનામાં નિમિત્તકારણ એક વસ્તુ છે. તે વસ્તુને 'કાળ' કહેવામાં આવે છે. વળી નિમિત્ત અનુકૂળ હોય છે. નાનામાં નાનું દ્રવ્ય એક રજકણ છે, તેથી તેને અનુકૂળ નિમિત્ત પણ એક રજકણ જેવડું જોઈએ. માટે કાલાણુ એક પ્રદેશી છે, એમ સિદ્ધ થયું.

**પ્રશ્ન** :—કાળદ્રવ્યને અણુપ્રમાણ ન માનીએ અને મોટું માનીએ તો શું દોષ આવે?

**ઉત્તર** :—તે અણુને પરિણમન થવામાં નાનામાં નાનો વખત (કાળ) નહિ લાગતાં વધારે વખત લાગશે અને પરિણમનશક્તિને વધારે વખત લાગે તો નિજશક્તિ ન કહેવાય. વળી નાનામાં નાનો કાળ સમય જેવડો નહિ થતાં કાળદ્રવ્ય મોટું હોય તો તેનો પર્યાય મોટો થાય. એ રીતે બે સમય, બે કલાક ક્રમે ક્રમે નહિ થતાં એકીસાથે થશે કે જે બની શકે નહિ. સમય ક્રમે ક્રમે થતાં કાળ ગમે તેટલો લાંબો ગણીએ તે જુદી વાત છે, પણ એકીસાથે લાંબો કાળ હોઈ શકે નહિ. જો એમ હોય તો કોઈ પણ વખતની ગણતરી થઈ શકે નહિ.

**પ્રશ્ન** :—કાળદ્રવ્ય એક પ્રદેશ કરતાં મોટું નથી, એમ સિદ્ધ થયું પણ કાલાણુઓ આખા લોકમાં છે, એમ શા માટે માનવું?

**ઉત્તર** :—જગતમાં આકાશના એકે એક પ્રદેશ ઉપર એક એક પુદ્ગલ પરમાણુ અને તેટલા જ ક્ષેત્રને રોકતાં સૂક્ષ્મ પુદ્ગલ સ્કંધો છે, અને તેમના પરિણમનમાં નિમિત્તકારણ તરીકે દરેક આકાશપ્રદેશે એક એક કાલાણુ હોવાનું સિદ્ધ થાય છે.

**પ્રશ્ન** :—એક આકાશપ્રદેશે વધારે કાલાણુ સ્કંધરૂપ માનવામાં શું વિરોધ આવે છે?

**ઉત્તર** :—જેમાં સ્પર્શ ગુણ હોય તેમાં જ સ્કંધરૂપ બંધ થાય અને તે તો પુદ્ગલ દ્રવ્ય છે. કાલાણુ પુદ્ગલદ્રવ્ય નથી, અરૂપી છે; માટે તેનો સ્કંધ થાય જ નહિ.

## क. અધર્માસ્તિકાય અને ધર્માસ્તિકાયની સિદ્ધિ ૫–૬.

જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યોમાં ક્રિયાવતી શક્તિ હોવાથી તેઓને હલનચલન હોય છે. પણ તે હલનચલનરૂપ ક્રિયા કાયમ હોતી નથી. કોઈ વખતે તેઓ સ્થિર હોય અને કોઈ વખતે ગતિરૂપે હોય; કેમ કે સ્થિરતા કે હલનચલનરૂપ ક્રિયા તે ગુણ નથી, પરંતુ ક્રિયાવતીશક્તિનો પર્યાય છે. તે ક્રિયાવતીશક્તિના સ્થિરતારૂપ પરિણમનનું મૂળકારણ દ્રવ્ય પોતે છે, તેનું નિમિત્તકારણ તેનાથી પર જોઈએ. જગતમાં નિમિત્તકારણ હોય જ છે, એમ આગળ બતાવવામાં આવ્યું છે, તેથી સ્થિરતારૂપ પરિણમનનું જે નિમિત્તકારણ છે, તે દ્રવ્યને અધર્મદ્રવ્ય કહે છે. ક્રિયાવતીશક્તિના હલનચલનરૂપ પરિણમનનું મૂળકારણ દ્રવ્ય પોતે છે અને હલનચલનમાં જે નિમિત્ત છે, તેને ધર્મદ્રવ્ય કહે છે. હલનચલનનું નિમિત્તકારણ અધર્મદ્રવ્યથી વિરુદ્ધ જોઈએ અને તે ધર્મદ્રવ્ય છે.

## (૧૦) આ છ દ્રવ્યો એક જ જગ્યાએ હોવાની સિદ્ધિ

આપણે આગળ જીવ–પુદ્‌ગલની સિદ્ધિ કરવામાં મનુષ્યનું દૃષ્ટાંત લીધું હતું, તે ઉપરથી આ સિદ્ધિ સરળ થશે.

૧. જ્ઞાનગુણધારક પદાર્થ જીવ છે.

૨. સંયોગી, જડ, રૂપી પદાર્થ શરીર છે; તે પણ તે જ જગ્યાએ છે; તેનું મૂળ અનાદિ–અનંત પુદ્‌ગલદ્રવ્ય છે, એમ તે શરીર સિદ્ધ કરે છે.

૩. તે મનુષ્ય આકાશના કોઈ ભાગમાં હંમેશા હોય છે, તેથી તે જગ્યાએ આકાશ પણ છે.

૪. તે મનુષ્યની એક અવસ્થા ટળીને બીજી અવસ્થા થાય છે, તે હકીકતથી તે જ સ્થળે કાળદ્રવ્યના હોવાપણાની સિદ્ધિ થાય છે.

૫. તે મનુષ્યના જીવના અસંખ્યાત પ્રદેશે એક ક્ષેત્રાવગાહરૂપે સમયે સમયે નવાં નવાં કર્મો બંધાઈને ત્યાં સ્થિર રહે છે, તે હકીકતથી તે સ્થળે અધર્મદ્રવ્યની સિદ્ધિ થાય છે.

૬. તે મનુષ્યના જીવના અસંખ્યાત પ્રદેશે તે જ વખતે જૂના કર્મ સમયે સમયે ઉદય પામીને નિર્જરી જાય છે; તે હકીકતથી તે જ સ્થળે ધર્મદ્રવ્યની સિદ્ધિ થાય છે.

આ પ્રમાણે છએ દ્રવ્યોનું એક ક્ષેત્રે હોવાપણું સિદ્ધ થયું.

## (૧૧) છ દ્રવ્યોના હોવાપણાની અન્ય પ્રકારે સિદ્ધિ

### ૧–૨. જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય

જે સ્થૂળ પદાર્થો નજરે દેખાય છે એવા શરીર, પુસ્તક, પથ્થર, લાકડાં વગેરેમાં જ્ઞાન નથી, એટલે કે તે અજીવ છે; તે પદાર્થોને તો અજ્ઞાની પણ જુએ છે. તે પદાર્થોમાં વધ–ઘટ થયા કરે છે અર્થાત્ તે ભેગા થાય છે અને છૂટા પડે છે. આવા નજરે દેખાતા પદાર્થોને પુદ્‌ગલ કહેવાય છે. રંગ, ગંધ, રસ અને સ્પર્શ એ ગુણો પુદ્‌ગલ દ્રવ્યના છે; તેથી પુદ્‌ગલ દ્રવ્ય કાળું–ધોળું, સુગંધી–દુર્ગંધી, ખાટું–મીઠું, હલકું–ભારે વગેરે પ્રકારે જણાય છે; એ બધી પુદ્‌ગલની જ શક્તિ છે. જીવ તો કાળો–ધોળો, સુગંધી–દુર્ગંધી વગેરે રૂપે નથી, જીવ તો જ્ઞાનવાળો છે. શબ્દ અથડાય છે કે બોલાય છે, તે પણ પુદ્‌ગલની જ હાલત છે. તે પુદ્‌ગલોથી જીવ જુદો છે. લોકોમાં બેભાન માણસને કહેવાય કે તારું ચેતન ક્યાં ઊડી ગયું? એટલે કે આ શરીર તો અજીવ છે, તે તો જાણતો નથી, પણ જાણનારું જ્ઞાન ક્યાં ગયું? અર્થાત્ જીવ ક્યાં ગયો? આમાં જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્યોની સાબિતી થઈ.

## ૩. આકાશ દ્રવ્ય

'આકાશ' નામનું દ્રવ્ય છે, તેને લોકો અવ્યક્તપણે તો સ્વીકારે છે. ''અમુક મકાન વગેરે જગ્યાનો આકાશથી પાતાળ સુધી અમારો હક છે'' એમ દસ્તાવેજોમાં લખાવે છે, એટલે કે આકાશથી પાતાળરૂપ કાંઈક એક વસ્તુ છે, એમ નક્કી થયું. જો આકાશથી પાતાળ સુધી કાંઈ જ વસ્તુ ન હોય તો 'આકાશથી પાતાળ સુધીનો હક્ક' એમ કેમ લખાવે? વસ્તુ છે માટે તેનો હક માને છે. આકાશથી પાતાળ સુધી એટલે કે સર્વવ્યાપી રહેલી તે વસ્તુને **'આકાશદ્રવ્ય'** કહેવાય છે. આ દ્રવ્ય જ્ઞાનરહિત છે અને અરૂપી છે, તેનામાં રંગ, રસ વગેરે નથી.

## ૪. કાળદ્રવ્ય

જીવ, પુદ્‌ગલ અને આકાશ દ્રવ્યને સિદ્ધ કર્યાં; હવે 'કાળ' નામની એક વસ્તુ છે, તેને સિદ્ધ કરવામાં આવે છે. લોકો દસ્તાવેજ કરાવે તેમાં એમ લખાવે છે, કે ''**यावत् चंद्रदिवाकरौ**—જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર રહે ત્યાં સુધી અમારો હક છે.'' આમાં કાળદ્રવ્યનો સ્વીકાર કર્યો. અત્યારે જ હક છે એમ નહિ પણ હજી કાળ લંબાતો જાય છે તે બધા કાળમાં અમારો હક છે, એમ કાળનો સ્વીકાર કરે છે. તેમ જ 'અમારી લીલી વાડી સદાય રહે' એમાં પણ ભવિષ્યકાળનો સ્વીકાર કર્યો. વળી 'અમે તો સાત પેઢીથી સુખી છીએ' એમ કહે છે ત્યાં પણ ભૂતકાળ સ્વીકારે છે. ભૂતકાળ, વર્તમાનકાળ કે ભવિષ્યકાળ એ બધા પ્રકાર **કાળદ્રવ્યના** વ્યવહારપર્યાયના છે. આ કાળદ્રવ્ય પણ અરૂપી છે અને તેનામાં જ્ઞાન નથી.

એ રીતે જીવ, પુદ્‌ગલ, આકાશ અને કાળદ્રવ્યની સિદ્ધિ થઈ. હવે બાકી ધર્મ અને અધર્મ એ બે દ્રવ્યો રહ્યાં.

## ૫. ધર્મદ્રવ્ય

આ ધર્મદ્રવ્યને પણ જીવ અવ્યક્તપણે કબૂલે તો છે. છ એ દ્રવ્યોની અસ્તિ કબૂલ્યા વગર કોઈ પણ વ્યવહાર ચાલી શકે નહીં. આવવું, જવું, રહેવું વગેરે બધામાં છએ દ્રવ્યોની અસ્તિ સિદ્ધ થઈ જાય છે. ચાર દ્રવ્યો તો સિદ્ધ થયાં છે; હવે બાકીનાં બે દ્રવ્યો સિદ્ધ કરવાં છે. 'એક ગામથી બીજે ગામ આવ્યા' આમ કહ્યું તેમાં ધર્મદ્રવ્ય સિદ્ધ થઈ જાય છે. એક ગામેથી બીજે ગામ આવ્યા એટલે શું? કે જીવ અને શરીરના પરમાણુઓની ગતિ થઈ. એક ક્ષેત્રથી બીજું ક્ષેત્ર બદલ્યું. હવે આ ક્ષેત્ર બદલવાના કાર્યમાં નિમિત્ત દ્રવ્ય કોને કહેશો? કેમ કે એવો નિયમ છે, કે **દરેક કાર્યમાં ઉપાદાન અને નિમિત્ત કારણ હોય જ છે.** જીવ અને પુદ્‌ગલોને એક ગામથી બીજે ગામ આવવામાં કયું દ્રવ્ય નિમિત્ત છે તે વિચારીએ. પ્રથમ તો, જીવ અને પુદ્‌ગલ એ ઉપાદાન છે, ઉપાદાન પોતે નિમિત્ત ન કહેવાય. નિમિત્ત તો ઉપાદાનથી જુદું જ હોય; માટે જીવ કે પુદ્‌ગલ તે ક્ષેત્રાંતરનું નિમિત્ત નથી. કાળદ્રવ્ય તે તો

પરિણમનમાં નિમિત્ત છે એટલે કે પર્યાય બદલવામાં તે નિમિત્ત છે, પણ ક્ષેત્રાંતરનું નિમિત્ત કાળદ્રવ્ય નથી; આકાશદ્રવ્ય બધાં દ્રવ્યોને રહેવા માટે જગ્યા આપે છે. પહેલા ક્ષેત્રે હતાં ત્યારે પણ જીવ અને પુદ્‌ગલને આકાશ નિમિત્ત હતું અને બીજા ક્ષેત્રે પણ તે જ નિમિત્ત છે, માટે ક્ષેત્રાંતરનું નિમિત્ત આકાશને પણ કહી શકાતું નથી. તો પછી ક્ષેત્રાંતરરૂપ જે કાર્ય થયું તેનું નિમિત્ત આ ચાર દ્રવ્યો સિવાય કોઈ અન્ય દ્રવ્ય છે, એમ નક્કી થાય છે. ગતિ કરવામાં કોઈ એક દ્રવ્ય નિમિત્ત તરીકે છે પણ તે દ્રવ્ય કયું છે તેનો જીવે કદી વિચાર કર્યો નથી, તેથી તેની ખબર નથી. ક્ષેત્રાંતર થવામાં નિમિત્તરૂપ જે દ્રવ્ય છે, તે દ્રવ્યને **'ધર્મદ્રવ્ય'** કહેવાય છે. આ દ્રવ્ય પણ અરૂપી છે અને જ્ઞાનરહિત છે.

## ૬. અધર્મદ્રવ્ય

જેમ ગતિ કરવામાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે તેમ સ્થિત થવામાં તેનાથી વિરુદ્ધ અધર્મદ્રવ્ય નિમિત્તરૂપ છે. ''એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે આવીને સ્થિર રહ્યા,'' સ્થિર રહેવામાં નિમિત્ત કોણ? સ્થિર રહેવામાં આકાશનું નિમિત્ત નથી, કેમ કે આકાશનું નિમિત્ત તો રહેવા માટે છે, ગતિ વખતે પણ રહેવામાં આકાશ નિમિત્ત હતું, તેથી સ્થિતિનું નિમિત્ત કોઈ અન્ય દ્રવ્ય જોઈએ. તે દ્રવ્ય **અધર્મદ્રવ્ય** છે. આ પણ અરૂપી છે અને જ્ઞાનરહિત છે.

આ રીતે જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ આકાશ અને કાળ એ છ દ્રવ્યની સિદ્ધિ કરી, આ છ સિવાય સાતમું કોઈ દ્રવ્ય છે જ નહિ અને આ છ માંથી એક પણ દ્રવ્ય ઓછું નથી. બરાબર છ એ છ દ્રવ્યો છે અને તેમ માનવાથી જ યથાર્થ વસ્તુની સિદ્ધિ થાય છે. જો આ છ સિવાય સાતમું કોઈ દ્રવ્ય હોય તો તેનું કાર્ય બતાવી આપો! એવું કોઈ કાર્ય નથી, કે જે આ છ દ્રવ્યોથી બહાર હોય; માટે સાતમું દ્રવ્ય છે જ નહિ. વળી, જો આ છ દ્રવ્યોમાંથી એક પણ ઓછું હોય તો તે દ્રવ્યનું કાર્ય કોણ કરે તે બતાવી આપો! છમાંથી એક પણ દ્રવ્ય એવું નથી, કે જેના વગર વિશ્વનિયમ ચાલી શકે.

## છ દ્રવ્યો વિષે કેટલીક માહિતી

**૧. જીવ**—આ જગતમાં અનંત જીવો છે. જાણપણાના ચિહ્ન (વિશેષ ગુણ) વડે જીવ ઓળખાય છે. કેમ કે જીવ સિવાયના કોઈ પદાર્થોમાં જાણપણું નથી. અનંત જીવો છે તે બધાય એક બીજાથી તદ્દન જુદા છે.

**૨. પુદ્‌ગલ**—આ જગતમાં અનંતાનંત પુદ્‌ગલો છે; સ્પર્શ, રસ, ગંધ, રંગ એ ચિહ્ન વડે પુદ્‌ગલો ઓળખાય છે, કેમ કે પુદ્‌ગલો સિવાય અન્ય કોઈ પદાર્થોમાં સ્પર્શ, રસ, ગંધ કે રંગ નથી. ઇન્દ્રિયો દ્વારા જે જે જણાય છે તે બધાય પુદ્‌ગલ દ્રવ્યના બનેલા સ્કંધો છે.

૩. **ધર્મ**—અહીં 'ધર્મ' કહેતાં આત્માનો ધર્મ ન સમજવો પણ 'ધર્મ' નામનું દ્રવ્ય છે તે સમજવું. આ દ્રવ્ય એક અખંડ છે, તે આખા લોકમાં રહેલું છે. જીવ અને પુદ્‌ગલોને ગતિ કરતી વખતે આ દ્રવ્ય નિમિત્તરૂપ ઓળખાય છે.

૪. **અધર્મ**—અહીં 'અધર્મ' કહેતાં આત્માના દોષ ન સમજવા, પરંતુ 'અધર્મ' નામનું દ્રવ્ય સમજવું. આ એક અખંડ દ્રવ્ય છે. તે આખા લોકમાં રહેલું છે. જીવ અને પુદ્‌ગલો ગતિ કરીને જ્યારે સ્થિર થાય છે ત્યારે આ દ્રવ્ય નિમિત્તરૂપ ઓળખાય છે.

૫. **આકાશ**—આ એક અખંડ સર્વ વ્યાપક દ્રવ્ય છે. બધા પદાર્થોને જગ્યા આપવાના નિમિત્તરૂપ આ દ્રવ્ય ઓળખાય છે. આ દ્રવ્યના જેટલા ભાગમાં અન્ય પાંચે દ્રવ્યો રહેલાં છે, તેટલા ભાગને 'લોકાકાશ' કહેવાય છે અને જેટલો ભાગ અન્ય પાંચ દ્રવ્યોથી ખાલી છે, તેને 'અલોકાકાશ' કહેવાય છે. 'ખાલી જગ્યા' કહેવાય છે, તેનો અર્થ 'એકલું આકાશ'—એવો થાય છે.

૬. **કાળ**—અસંખ્ય કાળ દ્રવ્યો છે. આ લોકના અસંખ્ય પ્રદેશો છે; તે દરેક પ્રદેશ ઉપર એક એક કાળ દ્રવ્ય રહેલું છે. અસંખ્ય કાળાણુઓ છે તે બધાય એક બીજાથી છૂટા છે. વસ્તુમાં રૂપાંતર (ફેરફાર) થવામાં નિમિત્તરૂપ આ દ્રવ્ય ઓળખાય છે.

આ છ દ્રવ્યોને સર્વજ્ઞ સિવાય કોઈ પણ પ્રત્યક્ષ જાણી શકે નહિ. સર્વજ્ઞદેવે જ આ છ દ્રવ્યો જાણ્યાં છે અને તેમણે જ તેનું સાચું સ્વરૂપ કહ્યું છે; તેથી સર્વજ્ઞના સત્ય માર્ગ સિવાય અન્ય કોઈ જગ્યાએ છ દ્રવ્યોનું સ્વરૂપ હોઈ શકે જ નહિ; કેમ કે બીજા અપૂર્ણ જીવો તે દ્રવ્યોને જાણી શકે નહિ; માટે છ દ્રવ્યના સ્વરૂપની સાચી સમજણ કરવી જોઈએ.

## ટોપી ઉપરથી છ દ્રવ્યોની સિદ્ધિ

જુઓ, આ લૂગડાની ટોપી છે; તે અનંત પરમાણુઓ ભેગા થઈને બનેલી છે અને તે ફાટી જતાં પરમાણુઓ છૂટા થાય છે. આ રીતે ભેગા થવું અને છૂટા થવું એવો પુદ્‌ગલનો સ્વભાવ છે; વળી આ ટોપી સફેદ છે, બીજી કોઈ કાળી, રાતી વગેરે રંગની ટોપી પણ હોય છે; રંગ એ પુદ્‌ગલ દ્રવ્યનું ચિહ્ન છે, તેથી જે નજરે દેખાય છે તે પુદ્‌ગલ દ્રવ્ય છે. ૧. 'આ ટોપી છે પણ ચોપડી નથી' એમ જાણનાર જ્ઞાન છે અને જ્ઞાન તે જીવનું ચિહ્ન છે, તેથી જીવ પણ સિદ્ધ થયો. ૨. હવે વિચારીએ કે ટોપી ક્યાં રહેલી છે? જોકે નિશ્ચયથી તો ટોપી ટોપીમાં જ છે, પરંતુ ટોપી ટોપીમાં જ છે, એમ કહેવાથી ટોપીનો બરાબર ખ્યાલ ન આવી શકે, તેથી નિમિત્ત તરીકે "અમુક જગ્યામાં ટોપી રહેલી છે" એમ ઓળખાવાય છે. 'જગ્યા' કહેવાય છે, તે આકાશદ્રવ્યનો અમુક ભાગ છે. આ રીતે **આકાશદ્રવ્ય** સિદ્ધ થયું. ૩. હવે આ ટોપી બેવડી વળે છે. ટોપી જ્યારે સીધી હતી ત્યારે આકાશમાં હતી અને બેવડી છે ત્યારે પણ આકાશમાં

જ છે, તેથી આકાશના નિમિત્ત વડે ટોપીનું બેવડાપણું ઓળખી શકાતું નથી. તો પછી ટોપીની બેવડી થવાની ક્રિયા થઈ એટલે કે પહેલાં તેનું ક્ષેત્ર લાંબુ હતું, હવે તે ટૂંકા ક્ષેત્રમાં રહેલી છે–આ રીતે ટોપી ક્ષેત્રાંતર થઈ છે અને તે ક્ષેત્રાંતર થવામાં જે વસ્તુ નિમિત્ત છે તે **ધર્મદ્રવ્ય** છે. ૪. હવે ટોપી વળાંકરૂપે સ્થિર પડી છે, તો સ્થિર પડી છે એમાં તેને કોણ નિમિત્ત છે? આકાશ દ્રવ્ય તો માત્ર જગ્યા આપવામાં નિમિત્ત છે. ટોપી ચાલે કે સ્થિર રહે તેમાં આકાશનું નિમિત્ત નથી; જ્યારે ટોપીએ સીધી દશામાંથી વાંકી દશારૂપે થવા માટે ગમન કર્યું ત્યારે ધર્મદ્રવ્યનું નિમિત્ત હતું; તો હવે સ્થિર રહેવાની ક્રિયામાં તેના કરતાં વિરુદ્ધ નિમિત્ત જોઈએ. ગતિમાં ધર્મદ્રવ્ય નિમિત્ત હતું; હવે સ્થિર રહેવામાં **અધર્મદ્રવ્ય** નિમિત્તરૂપ છે. ૫. ટોપી પહેલાં લીધી હતી, અત્યારે વાંકી છે અને હવે પછી અમુક વખત સુધી તે રહેશે–આમ જાણ્યું ત્યાં 'કાળ' સિદ્ધ થઈ ગયો. ભૂત, વર્તમાન, ભવિષ્ય અથવા તો જૂનું–નવું, દિવસ, કલાક વગેરે જે ભેદો પ્રવર્તે છે તે ભેદો કોઈ એક મૂળ વસ્તુ વગર હોઈ શકે નહિ. ઉપર્યુક્ત બધા ભેદો કાળ દ્રવ્યના છે, જો કાળ દ્રવ્ય ન હોય તો 'નવું–જૂનું', 'પહેલાં–પછી' એવી કોઈ પ્રવૃત્તિ હોઈ શકે નહિ, માટે **કાળદ્રવ્ય** સિદ્ધ થયું. ૬. આ રીતે ટોપી ઉપરથી છ દ્રવ્યો સિદ્ધ થયાં.

આ છ દ્રવ્યોમાંથી એક પણ દ્રવ્ય ન હોય તો જગત વ્યવહાર ચાલી શકે નહિ. જો પુદ્‌ગલ ન હોય તો ટોપી જ ન હોય, જો જીવ ન હોય તો ટોપીનું હોવાપણું કોણ નક્કી કરે? જો આકાશ ન હોય તો ટોપી ક્યાં છે તે ઓળખાવી શકાય નહિ, જો ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય ન હોય તો ટોપીમાં થતો ફેરફાર (ક્ષેત્રાંતર અને સ્થિરતા) ઓળખાવી શકાય નહિ, અને જો કાળદ્રવ્ય ન હોય તો **'પહેલાં'** જે ટોપી સીધી હતી તે જ **'અત્યારે'** વાંકી છે–એમ પૂર્વે અને પછી ટોપીનું હોવાપણું નક્કી ન થઈ શકે, માટે **ટોપીને સિદ્ધ કરવા માટે છએ દ્રવ્યનો સ્વીકાર કરવો પડે છે.** જગતની કોઈ પણ એક વસ્તુને કબૂલતાં વ્યક્તપણે કે અવ્યક્તપણે છ એ દ્રવ્યનો સ્વીકાર થઈ જાય છે.

## મનુષ્ય શરીર ઉપરથી છ દ્રવ્યોની સિદ્ધિ

આ શરીર તો નજરે દેખાય છે; તે પુદ્‌ગલનું બનેલું છે અને શરીરમાં જીવ રહેલો છે. જીવ અને પુદ્‌ગલ એક આકાશની જગ્યામાં રહ્યા હોવા છતાં બંને જુદાં છે. જીવનો સ્વભાવ જાણવાનો છે અને પુદ્‌ગલનું આ શરીર કાંઈ જાણતું નથી. શરીરનો કોઈ ભાગ કપાઈ જવા છતાં જીવનું જ્ઞાન કપાઈ જતું નથી, જીવ તો આખો જ રહે છે, કેમ કે શરીર અને જીવ સદાય જુદાં જ છે. બંનેનું સ્વરૂપ જુદું છે અને બંનેનાં કામ પણ જુદાં જ છે. આ **જીવ** અને **પુદ્‌ગલ** તો સ્પષ્ટ છે. ૧–૨. જીવ અને શરીર ક્યાં રહેલાં છે? અમુક ઠેકાણે પાંચ ફૂટ જગ્યામાં, બે ફૂટ જગ્યામાં વગેરેમાં રહેલાં છે, આ રીતે 'જગ્યા' કહેતાં **આકાશદ્રવ્ય** સિદ્ધ થયું. ૩.

એ ધ્યાન રાખવું કે જીવ અને શરીર આકાશમાં રહ્યાં છે, એમ કહેવાય છે ત્યાં ખરેખર જીવ, શરીર અને આકાશ ત્રણે સ્વતંત્ર જુદાં જુદાં જ છે, કોઈ એક બીજાના સ્વરૂપમાં ઘૂસી ગયા નથી. જીવ તો જાણનાર સ્વરૂપે જ રહ્યો છે; રંગ, ગંધ વગેરે શરીરમાં જ છે પણ આકાશ કે જીવ વગેરે કોઈમાં તે નથી. આકાશમાં રંગ, ગંધ વગેરે નથી તેમ જ જ્ઞાન પણ નથી, તે અરૂપી–અચેતન છે. જીવમાં જ્ઞાન છે પણ રંગ, ગંધ વગેરે નથી, એટલે તે અરૂપી–ચેતન છે; પુદ્‌ગલમાં રંગ, ગંધ વગેરે છે પણ જ્ઞાન નથી એટલે તે રૂપી–અચેતન છે, આ રીતે ત્રણે દ્રવ્યો એક બીજાથી જુદાં–સ્વતંત્ર છે. **સ્વતંત્ર વસ્તુઓને કોઈ બીજી વસ્તુ કાંઈ કરી શકે નહિ, જોકે એક વસ્તુમાં બીજી વસ્તુ કાંઈ કરતી હોય તો વસ્તુને સ્વતંત્ર કેમ કહેવાય ?**

જીવ, પુદ્‌ગલ અને આકાશ નક્કી કર્યા; હવે કાળ નક્કી કરીએ. ''તમારી ઉંમર કેટલી?'' એમ પૂછવામાં આવે છે, (ત્યાં 'તમારી' એટલે શરીરના સંયોગરૂપ ઉંમરની વાત સમજવી.) શરીરની ઉંમર ૪૦–૫૦ વર્ષો વગેરેની કહેવાય છે અને જીવ અનાદિ અનંત હોવાપણે છે. 'આ મારા કરતાં પાંચ વર્ષ નાના, આ પાંચ વર્ષ મોટા' એમ કહેવાય છે, ત્યાં શરીરના કદથી નાના–મોટાપણાની વાત નથી પણ કાળ અપેક્ષાએ નાના–મોટાપણાની વાત છે. જો કાળદ્રવ્યની અપેક્ષા ન લ્યો તો 'આ નાનો, આ મોટો, આ બાળક, આ યુવાન, આ વૃદ્ધ' એમ કહી શકાય નહિ. જૂની–નવી દશા બદલાયા કરે છે, તે ઉપરથી કાળ દ્રવ્યનું હોવાપણું નક્કી થાય છે. ૪.

ક્યારેક જીવ અને શરીર સ્થિર હોય છે અને ક્યારેક ગમન કરતાં હોય છે. સ્થિર હોવા વખતે તેમ જ ગમન કરતી વખતે–બંને વખતે તે આકાશમાં જ છે, એટલે આકાશ ઉપરથી તેમનું ગમન કે સ્થિર રહેવાપણું નક્કી થઈ શકતું નથી. ગમનરૂપદશા અને સ્થિર રહેવારૂપ દશા, એ બંનેને જુદી જુદી ઓળખવા માટે તે બંને દશામાં જુદાં જુદાં નિમિત્તરૂપ એવાં બે દ્રવ્યોને ઓળખવાં પડશે. ધર્મદ્રવ્યના નિમિત્ત વડે જીવ–પુદ્‌ગલનું ગમન ઓળખી શકાય છે અને અધર્મદ્રવ્યના નિમિત્ત વડે જીવ–પુદ્‌ગલની સ્થિરતા ઓળખી શકાય છે. જો આ **ધર્મ** અને **અધર્મદ્રવ્યો** ન હોય તો, ગમન અને સ્થિરતાના ભેદને ઓળખી શકાય નહીં (૫–૬).

જોકે ધર્મ–અધર્મ દ્રવ્યો જીવ–પુદ્‌ગલને કાંઈ ગતિ કે સ્થિતિ કરવામાં મદદરૂપ નથી, પરંતુ **એક દ્રવ્યના ભાવને અન્ય દ્રવ્યની અપેક્ષા વગર ઓળખાવી શકાતાં નથી.** જીવના ભાવને ઓળખવા માટે અજીવની અપેક્ષા આવે છે, જાણે તે જીવ–એમ કહેતાં જ 'જાણપણા વગરનાં અન્ય દ્રવ્યો છે, તે જીવ નથી'' એમ અજીવની અપેક્ષા આવી જાય છે. જીવ અમુક જગ્યાએ છે, એમ બતાવતાં આકાશની અપેક્ષા આવે છે. આ પ્રમાણે છએ દ્રવ્યોમાં અરસપરસ સમજી લેવું. એક આત્મદ્રવ્યનો નિર્ણય કરતાં છએ દ્રવ્યો જણાય છે; એ જ્ઞાનની

વિશાળતા છે અને જ્ઞાનનો સ્વભાવ સર્વ દ્રવ્યોને જાણી લેવાનો છે, એમ સિદ્ધ થાય છે. એક દ્રવ્યને સિદ્ધ કરતાં છએ દ્રવ્યો સિદ્ધ થઈ જાય છે; તેમાં દ્રવ્યની પરાધીનતા નથી; પરંતુ જ્ઞાનનો મહિમા છે. તે જે પદાર્થ હોય તે જ્ઞાનમાં જરૂર જણાય. પૂર્ણ જ્ઞાનમાં જેટલું જણાય તે સિવાય અન્ય કાંઈ આ જગતમાં નથી. પૂર્ણ જ્ઞાનમાં છ દ્રવ્યો જણાયાં છે, છ દ્રવ્યથી અધિક બીજું કાંઈ નથી.

## કર્મો ઉપરથી છ દ્રવ્યોની સિદ્ધિ

કર્મો તે **પુદ્‌ગલની** અવસ્થા છે; **જીવના** વિકારી ભાવના નિમિત્તથી તે જીવ સાથે રહેલાં છે; કેટલાંક ધર્મો બંધરૂપે સ્થિર થયાં છે તેને **અધર્માસ્તિકાયનું** નિમિત્ત છે; ક્ષણે ક્ષણે કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે; ખરી જવામાં ક્ષેત્રાંતર થાય છે તેમાં તેને **ધર્માસ્તિકાયનું** નિમિત્ત છે. કર્મની સ્થિતિ કહેવાય છે, કે ૭૦ ક્રોડાક્રોડીનું કર્મ અથવા અંતર્મુહૂર્તનું કર્મ, એમાં **'કાળ'** દ્રવ્યની અપેક્ષા આવે છે; ઘણા કર્મપરમાણુઓ એક ક્ષેત્રે રહેવામાં **આકાશદ્રવ્યની** અપેક્ષા છે. આ રીતે છ દ્રવ્યો સિદ્ધ થયાં.

## —દ્રવ્યોની સ્વતંત્રતા—

આ ઉપરથી એ પણ સિદ્ધ થાય છે, કે જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય (–કર્મ) બંને તદ્દન જુદી જુદી વસ્તુઓ છે અને બંને પોતપોતામાં સ્વતંત્ર છે, કોઈ એક બીજામાં કાંઈ જ કરતા નથી. જો જીવ અને કર્મો ભેગાં થઈ જાય તો આ જગતમાં છ દ્રવ્યો જ રહી શકે નહિ; જીવ અને કર્મ સદાય જુદાં જ છે. દ્રવ્યોનો સ્વભાવ અનાદિ અનંત ટકીને સમયે સમયે બદલવાનો છે. બધાંય દ્રવ્યો પોતાની તાકાતથી સ્વતંત્રપણે અનાદિ અનંત ટકીને પોતે જ પોતાની હાલત બદલાવે છે. જીવની હાલત જીવ બદલાવે છે, પુદ્‌ગલની હાલત પુદ્‌ગલ બદલાવે છે. પુદ્‌ગલનું કાંઈ જીવ કરે નહિ અને જીવનું કાંઈ પુદ્‌ગલ કરે નહિ.

## ઉત્પાદ–વ્યય–ધ્રુવ

દ્રવ્યનો કોઈ કર્તા નથી. જો કોઈ કર્તા હોય તો તેણે દ્રવ્યોને કઈ રીતે બનાવ્યાં? શેમાંથી બનાવ્યાં? તે કર્તા પોતે શેનો બન્યો? જગતમાં છ દ્રવ્યો પોતાના સ્વભાવથી જ છે તેનો કોઈ કર્તા નથી. કોઈ પણ નવા પદાર્થની ઉત્પત્તિ થતી જ નથી. કોઈ પણ પ્રયોગે કરીને નવા જીવની કે નવા પરમાણુની ઉત્પત્તિ થઈ શકે નહિ, પણ જે પદાર્થ હોય તે જ રૂપાંતર થાય; અર્થાત્ **જે દ્રવ્ય હોય તે નાશ પામે નહિ, જે દ્રવ્ય ન હોય તે ઉત્પન્ન થાય નહિ અને જે દ્રવ્ય હોય તે પોતાની હાલત ક્ષણેક્ષણે બદલ્યા જ કરે,** આવો નિયમ છે. આ સિદ્ધાંતને ઉત્પાદ–વ્યય–ધ્રુવ અર્થાત્ નિત્ય ટકીને બદલવું **(permanency with a change)** કહેવાય છે.

દ્રવ્યનો કોઈ બનાવનાર નથી, માટે નવું સાતમું કોઈ દ્રવ્ય થઈ શકતું નથી અને કોઈ દ્રવ્યનો કોઈ નાશ કરનાર નથી, માટે છ દ્રવ્યોમાંથી કદી ઓછાં થતાં નથી. શાશ્વતપણે છ દ્રવ્યો છે. સંપૂર્ણ જ્ઞાન વડે સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્યો જાણ્યાં અને તે જ ઉપદેશમાં દિવ્યવાણી દ્વારા કહ્યાં. સર્વજ્ઞ વીતરાગદેવપ્રણીત પરમ સત્યમાર્ગ સિવાય આ છ દ્રવ્યનું સાચું સ્વરૂપ બીજે ક્યાંય છે જ નહિ.

## દ્રવ્યની શક્તિ (ગુણ)

દ્રવ્યની **ખાસ શક્તિ** (ચિહ્ન, વિશેષ ગુણ) સંબંધી પૂર્વે સંક્ષિપ્તમાં કહેવાઈ ગયું છે; એક દ્રવ્યની ખાસ શક્તિ હોય તે અન્ય દ્રવ્યોમાં હોતી નથી; તેથી ખાસ શક્તિ વડે દ્રવ્યના સ્વરૂપને ઓળખી શકાય છે. જેમ કે-જ્ઞાન તે જીવ દ્રવ્યની ખાસ શક્તિ છે, જીવ સિવાયનાં અન્ય કોઈ દ્રવ્યમાં જ્ઞાન નથી, તેથી જ્ઞાનશક્તિ વડે જીવ ઓળખી શકાય છે.

અહીં હવે દ્રવ્યોની **સામાન્યશક્તિ** સંબંધી થોડું કહેવામાં આવે છે. જે શક્તિ બધાં દ્રવ્યોમાં હોય તેને સામાન્યશક્તિ (સામાન્યગુણ) કહેવાય છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ. આ છ સામાન્ય ગુણો મુખ્ય છે, તે બધાય દ્રવ્યોમાં છે.

**૧—અસ્તિત્વગુણને** લીધે દ્રવ્યના હોવાપણાનો કદી નાશ થતો નથી. દ્રવ્યો અમુક કાળ માટે છે અને પછી નાશ પામે છે-એમ નથી; દ્રવ્યો નિત્ય ટકી રહેનારાં છે. જો અસ્તિત્વગુણ ન હોય તો વસ્તુ જ હોઈ શકે નહિ, અને જો વસ્તુ જ ન હોય તો સમજાવવાનું કોને?

**૨—વસ્તુત્વગુણને** લીધે દ્રવ્ય પોતાનું પ્રયોજનભૂત કાર્ય કરે છે; જેમ ઘડો પાણીને ધારણ કરે છે તેમ દ્રવ્ય પોતે જ પોતાના ગુણપર્યાયોનું પ્રયોજનભૂત કાર્ય કરે છે. એક દ્રવ્ય બીજા કોઈનું કાર્ય કરતું નથી.

**૩—દ્રવ્યત્વગુણને** લીધે દ્રવ્ય નિરંતર એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં દ્રવ્યા કરે છે—પરિણમ્યા કરે છે. દ્રવ્ય ત્રિકાળ અસ્તિરૂપ હોવા છતાં તે સદા એક સરખું (કૂટસ્થ) નથી; પરંતુ નિરંતર નિત્ય બદલતું—પરિણામી છે. જો દ્રવ્યમાં પરિણમન ન હોય તો જીવને સંસારદશાનો નાશ થઈને મોક્ષદશાની ઉત્પત્તિ કેમ થાય? શરીરની બાલ્યદશામાંથી યુવકદશા કેમ થાય? છ એ દ્રવ્યોમાં દ્રવ્યત્વ શક્તિ હોવાથી બધાય સ્વતંત્રપણે પોતપોતાના પર્યાયમાં પરિણમી રહ્યાં છે; કોઈ દ્રવ્ય પોતાનો પર્યાય પરિણમાવવા માટે બીજા દ્રવ્યની મદદ કે અસર રાખતું નથી.

**૪—પ્રમેયત્વગુણને** લીધે દ્રવ્યો જ્ઞાનમાં જણાય છે. છ એ દ્રવ્યોમાં આ પ્રમેયશક્તિ હોવાથી જ્ઞાન છએ દ્રવ્યના સ્વરૂપનો નિર્ણય કરી શકે છે. જો વસ્તુમાં પ્રમેયત્વ ગુણ ન હોય

તો "આ વસ્તુ છે" એમ તે પોતાને કેવી રીતે જણાવી શકે? જગતનો કોઈ પદાર્થ જ્ઞાન દ્વારા અગમ્ય નથી; **આત્મામાં પ્રમેયત્વ ગુણ હોવાથી આત્મા પોતે પોતાને જાણી શકે છે.**

૫—**અગુરુલઘુત્વગુણ**ને લીધે દરેક વસ્તુ નિજ નિજ સ્વરૂપે જ ટકી રહે છે. જીવ બદલીને કદી પરમાણુરૂપે થઈ જતો નથી, પરમાણુ બદલીને કદી જીવરૂપે થઈ જતો નથી. જડ સદાય જડરૂપે અને ચેતન સદાય ચેતનરૂપે જ રહે છે. જ્ઞાનનો ઉઘાડ વિકારદશામાં ગમે તેટલો ઓછો થાય, તોપણ જીવદ્રવ્ય તદ્દન જ્ઞાન વગરનું થઈ જાય–એમ કદી ન બને. આ શક્તિને લીધે દ્રવ્યના ગુણો છૂટા પડી જતા નથી, તેમ જ કોઈ બે વસ્તુ એકરૂપ થઈને ત્રીજી નવી જાતની વસ્તુ ઉત્પન્ન થતી નથી; કેમ કે વસ્તુનું સ્વરૂપ કદાપિ અન્યથા થતું નથી.

૬—**પ્રદેશત્વગુણને** લીધે દરેક દ્રવ્યને પોતપોતાનો આકાર હોય છે. દરેક દ્રવ્ય પોતપોતાના સ્વ આકારમાં જ રહે છે. સિદ્ધદશા થતાં એક જીવ બીજા જીવમાં ભળી જતો નથી પણ દરેક જીવ પોતાના પ્રદેશાકારમાં સ્વતંત્રપણે ટકી રહે છે.

આ છ સામાન્યગુણો મુખ્ય છે, આ સિવાય બીજા સામાન્યગુણો પણ છે. આ રીતે ગુણો દ્વારા દ્રવ્યનું સ્વરૂપ વધારે સ્પષ્ટતાથી જાણી શકાય છે.

## છ કારક

૧૨૬ (૧) કર્તા કોને કહે છે?

જે સ્વતંત્રતાથી (–સ્વાધીનતાથી) પોતાના પરિણામ કરે તે કર્તા છે.

(પ્રત્યેક દ્રવ્ય પોતામાં સ્વતંત્ર વ્યાપક હોવાથી પોતાના જ પરિણામોનો કર્તા છે.)

(૨) કર્મ (–કાર્ય) કોને કહે છે?

કર્તા જે પરિણામને પ્રાપ્ત કરે છે, તે પરિણામ તેનું કર્મ છે.

(૩) કરણ કોને કહે છે?

તે પરિણામના સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધનને કરણ કહે છે.

(૪) સંપ્રદાન કોને કહે છે?

કર્મ (–પરિણામ–કાર્ય) જેને દેવામાં આવે અથવા જેને માટે કરવામાં આવે છે, તેને સંપ્રદાન કહે છે.

(૫) અપાદાન કોને કહે છે?

જેમાંથી કર્મ કરવામાં આવે છે, તે ધ્રુવ વસ્તુને અપાદાન કહેવામાં આવે છે.

(૬) અધિકરણ કોને કહે છે?

જેમાં અથવા જેના આધારે કર્મ કરવામાં આવે છે, તેને અધિકરણ કહે છે.

સર્વદ્રવ્યોની પ્રત્યેક પર્યાયમાં આ છ એ કારક એક સાથે વર્તે છે, તેથી આત્મા અને પુદ્‌ગલ શુદ્ધદશામાં કે અશુદ્ધદશામાં સ્વયં જ છએ કારકરૂપ પરિણમન કરે છે અને અન્ય કોઈ કારકો (–કારણો)ની અપેક્ષા રાખતાં નથી. *(પંચાસ્તિકાય ગાથા ૬૨ સં. ટીકા)*

૧૨૭ કાર્ય કેવી રીતે થાય છે?

૧૨૭ **'कारणानु विधायित्वादेव कार्याणां' 'कारणानु विधायीनि कार्याणि'–**

કારણ જેવા જ કાર્ય હોવાથી કારણ જેવું જ કાર્ય થાય છે. કાર્યને–ક્રિયા, કર્મ, અવસ્થા, પર્યાય, હાલત, દશા, પરિણામ, પરિણમન અને પરિણતિ પણ કહે છે.

[અહીં કારણને ઉપાદાનકારણ સમજવું, કારણ કે ઉપાદાનકારણ તે જ સાચું કારણ છે.]

૧૨૮ કારણ કોને કહે છે?

૧૨૮ કાર્યની ઉત્પાદક સામગ્રીને કારણ કહે છે.

૧૨૯ ઉત્પાદક સામગ્રીના કેટલા ભેદ છે?

૧૨૯ બે ભેદ છે. ઉપાદાન અને નિમિત્ત. ઉપાદાનને નિજ શક્તિ અથવા નિશ્ચય અને નિમિત્તને પરયોગ અથવા વ્યવહાર કહે છે.

૧૩૦ ઉપાદાન કારણ કોને કહે છે?

૧૩૦ (૧) જે પદાર્થ સ્વયં કાર્યરૂપ પરિણમે તેને ઉપાદાન કારણ કહે છે, જેમ કે ઘડાની ઉત્પત્તિમાં માટી.

(૨) અનાદિકાળથી દ્રવ્યમાં જે પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે, તેમાં અનન્તર પૂર્વક્ષણવર્તી પર્યાય ઉપાદાન કારણ છે અને અનંતર ઉત્તર ક્ષણવર્તી પર્યાય કાર્ય છે.

(૩) તે સમયની પર્યાયની યોગ્યતા તે ઉપાદાન કારણ છે અને તે જ પર્યાય કાર્ય છે. ઉપાદાન તે જ સાચું (–વાસ્તવિક) કારણ છે.

[નં. ૧ ધ્રુવ ઉપાદાન દ્રવ્યાર્થિક નયથી છે. નં. ૨–૩ ક્ષણિક ઉપાદાન પર્યાયાર્થિક નયથી છે.]

૧૩૧ યોગ્યતા કોને કહે છે?

૧૩૧ ''**योग्यतैव विषयप्रतिनियमकारण मिति**'' (ન્યાય દિ. પૃ. ૨૭) યોગ્યતા જ વિષયનું પ્રતિનિયામક કારણ છે. [આ કથન જ્ઞાનની યોગ્યતા (–સામર્થ્ય) ને માટે છે, પરંતુ યોગ્યતાનું કારણપણું સર્વમાં સર્વત્ર સમાન છે.] (૨) સામર્થ્ય, શક્તિ, પાત્રતા, લાયકાત, તાકાત તે યોગ્યતા શબ્દના અર્થ છે.[૧]

૧૩૨ નિમિત્ત કારણ કોને કહે છે?

૧૩૨ જે પદાર્થ સ્વયં કાર્યરૂપ ન પરિણમે, પરંતુ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ હોવાનો જેના ઉપર આરોપ આવી શકે તે પદાર્થને નિમિત્ત કારણ કહે છે. જેમ કે–ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, દંડ, ચક્ર આદિ. (નિમિત્ત સાચું કારણ નથી– [૨]અહેતુવત્ (અકારણવત્) છે, કારણ કે તે ઉપચાર માત્ર અથવા વ્યવહાર માત્ર કારણ છે.)

૧૩૩ ઉપાદાન કારણ અને નિમિત્તની ઉપસ્થિતિનો શું નિયમ છે?

(બનારસી વિલાસમાં કથિત દોહા–)

**પ્રશ્ન** :—(૧) ગુરુ ઉપદેશ નિમિત્ત બિન, ઉપાદાન બલહીન;
જ્યોં નર દુજે પાંવ બિન, ચલવેકો આધીન. ૧

**પ્રશ્ન** :—(૨) હૌં જાને થા એક હી, ઉપાદાન સો કાજ;
થકે સહાઈ પૌન બિન, પાની માંહી જહાજ. ૨

પ્રથમ પ્રશ્નનો **ઉત્તર** :

જ્ઞાન નૈન કિરિયા ચરન, દોઊં શિવમગ ધાર;
ઉપાદાન નિશ્ચય જહાઁ, તહઁ નિમિત્ત વ્યૌહાર. ૩

**અર્થ** :—સમ્યગ્દર્શન–જ્ઞાનરૂપ નેત્ર અને જ્ઞાનમાં ચરણ અર્થાત્ લીનતારૂપ ક્રિયા બન્ને મળીને મોક્ષમાર્ગ જાણો. ઉપાદાનરૂપ નિશ્ચયકારણ જ્યાં હોય ત્યાં નિમિત્તરૂપ વ્યવહારકારણ હોય જ છે.

**ભાવાર્થ** :—(૧) ઉપાદાન તે નિશ્ચય અર્થાત્ સાચું કારણ છે, નિમિત્ત વ્યવહાર અર્થાત્ ઉપચાર કારણ છે સાચું કારણ નથી, તેથી તો તેને અહેતુવત્ કહ્યું છે અને તેને ઉપચાર

૧. 'યોગ્યતા' શબ્દનો પ્રયોગ શાસ્ત્રોમાં અનેક ઠેકાણે છે. આધાર માટે જુઓ પરિશિષ્ટ.

૨. પંચાધ્યાયી ભાગ. ૨ ગા. ૩૫૧

(–આરોપ) કારણ કેમ કહ્યું કે તે ઉપાદાનનું કાંઈ કાર્ય કરતું કરાવતું નથી, તોપણ કાર્યના વખતે તેની ઉપસ્થિતિને કારણે તેને ઉપચારમાત્ર કારણ કહ્યું છે.

(૨) સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનમાં લીનતાને મોક્ષમાર્ગ જાણો એમ કહ્યું **તેમાં** શરીરાશ્રિત ઉપદેશ, ઉપવાસાદિક ક્રિયા અને શુભરાગરૂપ વ્યવહારને મોક્ષમાર્ગ ન જાણો તે વાત આવી જાય છે.

પ્રથમ પ્રશ્નનું સમાધાન :—

ઉપાદાન નિજ ગુણ જહાઁ, તહઁ નિમિત્ત પર હોય;
ભેદજ્ઞાન પ્રમાણ વિધિ, વિરલા બુઝે કોય. ૪

**અર્થ** :—જ્યાં નિજશક્તિરૂપ ઉપાદાન તૈયાર હોય ત્યાં નિમિત્ત હોય જ છે, એવી ભેદજ્ઞાન પ્રમાણની વિધિ (–વ્યવસ્થા) છે, આ સિદ્ધાંત કોઈ વીરલા જ સમજે છે. ૪.

**ભાવાર્થ** :—જ્યાં ઉપાદાનની યોગ્યતા હોય ત્યાં નિયમથી નિમિત્ત હોય છે, નિમિત્તની વાટ જોવી પડે એમ નથી અને નિમિત્તને કોઈ મેળવી શકે છે એમ પણ નથી. નિમિત્તની રાહ જોવી પડે છે અથવા તેને હું લાવી શકું છું, એવી માન્યતા પર પદાર્થમાં અભેદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાનસૂચક છે. **નિમિત્ત અને ઉપાદાન બન્ને અસહાયરૂપ છે એ તો મર્યાદા છે.** ૪.

ઉપાદાન બલ જહઁ તહાઁ, નહીં નિમિત્તકો દાવ;
એક ચક્રસોં રથ ચલૈ, રવિકો યહૈ સ્વભાવ. ૫

**અર્થ** :—જ્યાં જુઓ ત્યાં સદા ઉપાદાનનું જ બળ છે. નિમિત્ત હોય છે, પરંતુ નિમિત્તનો કાંઈ પણ દાવ (–બળ) નથી. જેમ એક ચક્રથી સૂર્યનો રથ ચાલે છે, એવી રીતે પ્રત્યેક કાર્ય ઉપાદાનની યોગ્યતા (–સામર્થ્ય)થી જ થાય છે. ૫.

**ભાવાર્થ** :—કોઈ એમ માને છે, કે–નિમિત્ત (–સંયોગરૂપ પરવસ્તુ) ઉપાદાન (–નિજશક્તિ) ઉપર ખરેખર અસર કરે છે, પ્રભાવ પાડે છે, સહાય–મદદ કરે છે, આધાર દે છે, તો એ અભિપ્રાય મિથ્યા છે એમ અહીં દોહા નં. ૪–૫–૬–૭માં સ્પષ્ટપણે કહ્યું છે. પોતાના હિતનો ઉપાય સમજવા માટે આ વાત મહાન પ્રયોજનભૂત છે.

શાસ્ત્રમાં જ્યાં પરદ્રવ્યને (–પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળાદિને) સહાયક, સાધન, કારણ, કારક આદિ કહ્યા હોય તો તે વ્યવહારનયની મુખ્યતાથી કથન છે, તેને **''એમ નથી પણ કાર્ય થાય તો તે કાળે નિમિત્તાદિની અપેક્ષાએ (નિમિત્ત બતાવવા માટે) ઉપચાર કર્યો છે, એમ જાણવું.''**

બીજા પ્રશ્નનું સમાધાન :—

સધૈ વસ્તુ અસહાય જહાઁ, તહાઁ નિમિત્ત હૈ કૌન;
જ્યોં જહાજ પર વાહમેં, તિરે સહજ વિન પૌન. ૬

**અર્થ** :—પ્રત્યેક વસ્તુ સ્વતંત્રતાથી પોતાની અવસ્થાને (–કાર્યને) પ્રાપ્ત કરે છે ત્યાં નિમિત્ત કોણ? જેમ વહાણ પ્રવાહમાં સહેજે જ પવન વિના જ તરે છે.

**ભાવાર્થ** :—જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય શુદ્ધ કે અશુદ્ધ અવસ્થામાં સ્વતંત્રપણે જ પોતાના પરિણામો કરે છે. અજ્ઞાની જીવ પણ સ્વતંત્રપણે નિમિત્તાધીન પરિણમન કરે છે. કોઈ નિમિત્ત તેને આધીન બનાવી શકતું નથી. ૬.

ઉપાદાન વિધિ નિર્વચન, હૈ નિમિત્ત ઉપદેશ;
વસે જુ જૈસે દેશમેં, કરે સુ તૈસે ભેષ. ૭

**ભાવાર્થ** :—ઉપાદાનનું કથન એક 'યોગ્યતા' શબ્દ દ્વારા જ થાય છે. ઉપાદાન પોતાની યોગ્યતાથી અનેક પ્રકારે પરિણમન કરે છે ત્યારે ઉપસ્થિત નિમિત્ત પર ભિન્ન-ભિન્ન કારણપણાનો આરોપ (–ભેષ) આવે છે. ઉપાદાનની વિધિ નિર્વચન હોવાથી નિમિત્ત દ્વારા આ કાર્ય થયું, એમ વ્યવહારથી કહેવાય છે.

**વિશેષાર્થ** :—ઉપાદાન જ્યારે જેવું કાર્ય કરે છે ત્યારે તેવા કારણપણાનો આરોપ (–ભેષ) નિમિત્ત ઉપર આવે છે. જેમ કોઈ વજ્રકાયવાળો પુરુષ સાતમા નરકને યોગ્ય મલિન ભાવ કરે તો વજ્રકાયશરીર ઉપર નરકના કારણપણાનો આરોપ **આવે છે** અને જો જીવ મોક્ષને યોગ્ય નિર્મળભાવ કરે તો તે જ નિમિત્ત પર મોક્ષના કારણપણાનો આરોપ **આવે છે.** આ રીતે ઉપાદાનના કાર્યાનુસાર નિમિત્તમાં કારણપણાનો ભિન્ન-ભિન્ન આરોપ કરવામાં આવે છે. તેથી એમ સિદ્ધ થાય છે કે નિમિત્તથી કાર્ય થતું નથી. પરંતુ કથન થાય છે. માટે ઉપાદાન સાચું કારણ છે અને નિમિત્ત આરોપિત કારણ છે.

૧૩૪ પુદ્‌ગલ કર્મ, યોગ, ઇન્દ્રિયોના ભોગ, ધન, ઘરના માણસો, મકાન ઇત્યાદિ આ જીવને રાગદ્વેષ પરિણામનાં પ્રેરક છે?

૧૩૪ નહીં, છએ દ્રવ્ય સર્વ પોતપોતાના સ્વરૂપથી સદા અસહાય (–સ્વતંત્ર) પરિણમન કરે છે, કોઈ દ્રવ્ય કોઈનું પ્રેરક કદી નથી, તેથી કોઈ પણ પરદ્રવ્ય રાગદ્વેષનું પ્રેરક નથી, પરંતુ મિથ્યાત્વ મોહરૂપ મદિરાપાન છે તે જ (અનંતાનુબંધી) રાગદ્વેષનું કારણ છે.

૧૩૫ પુદ્‌ગલ કર્મની જોરાવરીથી જીવને રાગદ્વેષ કરવા પડે છે, પુદ્‌ગલદ્રવ્ય કર્મોનો વેશ

ધારણ કરીને જેમ જેમ બળ કરે છે તેમ તેમ જીવને રાગદ્વેષ અધિક થાય છે, એ વાત સાચી છે?

૧૩૫ ના, કેમ કે જગતમાં પુદ્‌ગલનો સંગ તો હંમેશાં રહે છે, જો એની બળજોરીથી જીવને રાગાદિ વિકાર થાય તો શુદ્ધભાવરૂપ થવાનો કદી અવસર આવી શકે નહિ, તેથી એમ સમજવું જોઈએ કે શુદ્ધ કે અશુદ્ધ પરિણમન કરવામાં ચેતન સ્વયં સમર્થ છે.

(સ. સાર નાટક સર્વવિશુદ્ધદ્વાર કાવ્ય ૬૧ થી ૬૬)

[ નિમિત્તના કોઈ જગ્યાએ પ્રેરક અને ઉદાસીન એવા બે ભેદ કહ્યા હોય ત્યાં તે ગમન ક્રિયાવાળા અથવા ઇચ્છાવાળા છે કે નહિ એમ સમજાવવાને માટે છે, પરંતુ ઉપાદાનને માટે તો સર્વ પ્રકારના નિમિત્ત ધર્માસ્તિકાયવત્ ઉદાસીન જ કહ્યા છે. જુઓ શ્રી પૂજ્યપાદાચાર્યકૃત ઇષ્ટોપદેશ ગા. ૩૫]

૧૩૬ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કોને કહે છે?

૧૩૬ ઉપાદાન સ્વતઃ કાર્યરૂપે પરિણમે છે. તે વખતે ભાવરૂપ કે અભાવરૂપ કયા ઉચિત (-યોગ્ય) નિમિત્ત કારણનો તેની સાથે સંબંધ છે, એ બતાવવાને માટે તે કાર્યને નૈમિત્તિક કહે છે. આ રીતે ભિન્ન પદાર્થોના સ્વતંત્ર સંબંધને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહે છે.

[ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પરતંત્રતાનો સૂચક નથી, પરંતુ નૈમિત્તિકની સાથે કયો નિમિત્તરૂપ પદાર્થ છે, તેનું જ્ઞાન કરાવે છે. જે કાર્યને નૈમિત્તિક કહ્યું છે, તેને જ ઉપાદાનની અપેક્ષાએ ઉપાદેય પણ કહે છે.]

## નિમિત્ત-નૈમિત્તિક સંબંધના દૃષ્ટાંત—

(૧) કેવળજ્ઞાન નૈમિત્તિક છે અને લોકાલોકરૂપ સર્વ જ્ઞેયો નિમિત્ત છે. (પ્રવચનસાર ગા. ૨૬ની ટીકા)

(૨) સમ્યગ્દર્શન નૈમિત્તિક છે અને સમ્યગ્જ્ઞાનીના ઉપદેશાદિ નિમિત્ત છે. (આત્માનુશાસન ગા. ૧૦ની ટીકા)

(૩) સિદ્ધદશા નૈમિત્તિક છે અને પુદ્‌ગલ કર્મનો અભાવ નિમિત્ત છે. (સમયસાર ગા. ૮૩ની ટીકા)

(૪) "જેવી રીતે અધઃકર્મથી ઉત્પન્ન અને ઉદ્દેશથી ઉત્પન્ન થયેલ નિમિત્તભૂત (આહારાદિ) પુદ્‌ગલ દ્રવ્યનો ત્યાગ ન કરતો આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવનું પ્રત્યાખ્યાન (-ત્યાગ) કરતો નથી, તેવી જ રીતે સમસ્ત પરદ્રવ્યનું પ્રત્યાખ્યાન ન કરતો

આત્મા તેના નિમિત્તથી થવાવાળા ભાવને ત્યાગતો નથી.'' આમાં જીવનો બંધસાધકભાવ નૈમિત્તિક છે અને તે પરદ્રવ્ય નિમિત્ત છે.

*(સમયસાર ગાથા. ૨૮૬–૮૭ની ટીકા)*

## નિમિત્ત કર્તાનું વજન કેટલું ?

ગ્રંથાધિરાજ પંચાધ્યાયી શાસ્ત્રમાં નયાભાસોનું વર્ણન છે, તેમાં 'જીવ શરીરનું કાંઈ પણ કરી શકતો નથી–પરસ્પર બંધ્ય–બંધકભાવ નથી' એમ કહીને શરીર અને આત્માને નિમિત્ત -નૈમિત્તિકભાવનું પ્રયોજન શું છે? તેના ઉત્તરમાં **પ્રત્યેક દ્રવ્ય સ્વયં અને સ્વતઃ નિજશક્તિથી પરિણમન કરે છે ત્યાં નિમિત્તપણાનું કાંઈ પ્રયોજન જ નથી**, એવું સમાધાન શ્લોક નં. ૫૭૧માં કહ્યું છે.

**अथचेदवश्यमेतन्निमित्त नैमित्तिकत्वमास्तिमिथः।**
**न यतः स्वयं स्वतो वा परिणममानस्य किं निमित्ततया॥५७१॥**

અન્વયાર્થ :—[अर्थचेत्] જો કદાપિ એમ કહેવામાં આવે કે '[मिथः] પરસ્પર [एतन्निमित्तनैमित्तिकत्वं] એ બન્નેમાં નિમિત્ત-નૈમિત્તિકપણું [अवश्यंअस्ति] અવશ્ય છે' તો આ પ્રકારનું કથન પણ [ना] બરાબર નથી; [यतः] કારણ કે [स्वयं वा स्वतः] સ્વયં અથવા [परिणममानस्य] પરિણમનારી વસ્તુને [निमित्ततया] નિમિત્તપણાથી [किम्?] શું ફાયદો છે? અર્થાત્ સ્વતઃ પરિણમનશીલ વસ્તુને નિમિત્ત કારણથી કાંઈ જ પ્રયોજન નથી. આ વિષયમાં સ્પષ્ટતા માટે પંચાધ્યાયી ભા. ૧ શ્લોક ૫૬૫ થી ૫૮૫ સુધી દેખવું જોઈએ.

## પ્રયોજનભૂત

આ રીતે છ દ્રવ્યનું સ્વરૂપ અનેક પ્રકારે વર્ણવ્યું. આ છ દ્રવ્યોમાં સમયે સમયે પરિણમન થાય છે, તેને 'પર્યાય' (હાલત, અવસ્થા **condition)** કહેવાય છે. ધર્મ–અધર્મ–આકાશ અને કાળ એ ચાર દ્રવ્યોના પર્યાય તો સદાય શુદ્ધ જ છે; બાકીના જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યોમાં શુદ્ધ પર્યાય હોય છે અથવા અશુદ્ધ પર્યાય પણ હોઈ શકે છે.

જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યોમાંથી પણ પુદ્ગલ દ્રવ્યમાં જ્ઞાન નથી, તેનામાં જાણપણું નથી અને તેથી તેનામાં જ્ઞાનની ઊંધાઈરૂપ ભૂલ નથી; માટે પુદ્ગલને સુખ કે દુઃખ હોતાં નથી. સાચા જ્ઞાન વડે સુખ અને ઊંધા જ્ઞાન વડે દુઃખ થાય છે, પરંતુ પુદ્ગલ દ્રવ્યમાં જ્ઞાનગુણ જ નથી, તેથી તેને સુખ-દુઃખ નથી; તેનામાં સુખગુણ જ નથી. આમ હોવાથી પુદ્ગલ દ્રવ્યને તો અશુદ્ધદશા હો કે શુદ્ધદશા હો, બંને સમાન છે. શરીર પુદ્ગલદ્રવ્યની અવસ્થા છે, માટે શરીરમાં સુખ–દુઃખ થતાં નથી. શરીર નિરોગ હો કે રોગી હો, તે સાથે સુખ–દુઃખનો સંબંધ નથી.

## હવે બાકી રહ્યો જાણનારો જીવ

છએ દ્રવ્યોમાં આ એક જ દ્રવ્ય જ્ઞાનસામર્થ્યવાન છે. જીવમાં જ્ઞાનગુણ છે અને જ્ઞાનનું ફળ સુખ છે, તેથી જીવમાં સુખગુણ છે. જો સાચું જ્ઞાન કરે તો સુખ હોય, પરંતુ જીવ પોતાના જ્ઞાનસ્વભાવને ઓળખતો નથી અને જ્ઞાનથી જુદી અન્ય વસ્તુઓમાં સુખની કલ્પના કરે છે. આ તેના જ્ઞાનની ભૂલ છે અને તે ભૂલને લીધે જ જીવને દુઃખ છે. અજ્ઞાન તે જીવનો અશુદ્ધ પર્યાય છે. જીવનો અશુદ્ધ પર્યાય તે દુઃખ હોવાથી તે દશા ટાળીને સાચા જ્ઞાન વડે શુદ્ધ દશા કરવાનો ઉપાય સમજાવવામાં આવે છે; કેમ કે બધાય જીવો સુખ ઈચ્છે છે અને સુખ તો જીવની શુદ્ધદશામાં જ છે; માટે જે છ દ્રવ્યો જાણ્યાં તેમાંના જીવ સિવાયનાં પાંચ દ્રવ્યોના ગુણ–પર્યાય સાથે તો જીવને પ્રયોજન નથી; પણ પોતાના ગુણ–પર્યાય સાથે જ જીવને પ્રયોજન છે.

**એ પ્રમાણે શ્રી ઉમાસ્વામી વિરચિત મોક્ષશાસ્ત્રના**
**પાંચમા અધ્યાયની ગુજરાતી ટીકા પૂરી થઈ.**

## મોક્ષશાસ્ત્ર-ગુજરાતી ટીકા

# અધ્યાય છઠ્ઠો

## —ભૂમિકા—

૧. પહેલા અધ્યાયના ચોથા સૂત્રમાં સાત તત્ત્વો કહ્યાં છે ને તે તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે-એમ પહેલા અધ્યાયના બીજા સૂત્રમાં કહ્યું છે. બીજાથી પાંચમા અધ્યાય સુધીમાં જીવ અને અજીવ તત્ત્વનું વર્ણન કર્યું. આ અધ્યાય તથા સાતમા અધ્યાયમાં આસ્રવ તત્ત્વનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. આસ્રવની વ્યાખ્યા પૂર્વે ૨૦મા પાને આપી છે, તે અહીં લાગુ પડે છે.

## ૨. સાત તત્ત્વોની સિદ્ધિ

(બૃહત્દ્રવ્યસંગ્રહ પા. ૭૧-૭૨ના આધારે)

આ જગતમાં જીવ અને અજીવ દ્રવ્યો છે અને તેમના પરિણમનથી આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વો થાય છે. એ રીતે જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વો છે.

હવે અહીં શિષ્ય પ્રશ્ન કરે છે, કે-હે ગુરુદેવ! (૧) જો જીવ તથા અજીવ એ બંને દ્રવ્યો એકાંતે (-સર્વથા) પરિણામી જ હોય, તો તેમના સંયોગપર્યાયરૂપ એક જ પદાર્થ સિદ્ધ થાય છે, અને (૨) જો તેઓ સર્વથા અપરિણામી હોય, તો જીવ અને અજીવ દ્રવ્ય એવા બે જ પદાર્થો સિદ્ધ થાય છે. જો આમ છે તો આસ્રવાદિ તત્ત્વો કઈ રીતે સિદ્ધ થાય છે?

શ્રીગુરુ તેનો ઉત્તર કહે છે, કે-જીવ અને અજીવ દ્રવ્યો 'કથંચિત્ પરિણામી' હોવાથી બાકીનાં પાંચ તત્ત્વોનું કથન ન્યાયયુક્ત સિદ્ધ થાય છે.

(૧) 'કથંચિત્-પરિણામીપણું' તેનો શું અર્થ છે તે કહેવાય છે : જેમ સ્ફટિકમણિ છે તે જોકે સ્વભાવથી નિર્મળ છે, તોપણ જાસુદ પુષ્પ વગેરેની સમીપે પોતાની લાયકાતના કારણે પર્યાયાંતર પરિણતિ ગ્રહણ કરે છે; પર્યાયમાં સ્ફટિકમણિ જોકે ઉપાધિનું ગ્રહણ કરે છે, તોપણ નિશ્ચયથી પોતાનો જે નિર્મળસ્વભાવ છે, તેને તે છોડતો નથી. તેમ જીવનો સ્વભાવ પણ

શુદ્ધદ્રવ્યાર્થિક નયથી તો સહજ શુદ્ધ ચિદાનંદ એકરૂપ છે, પરંતુ અનાદિ કર્મબંધરૂપ પર્યાયને પોતે વશ થવાથી તે રાગાદિ પરદ્રવ્ય ઉપાધિ–પર્યાયને ગ્રહણ કરે છે. પર્યાયમાં જીવ જોકે પર પર્યાયપણે (પર દ્રવ્યના લક્ષે થતા અશુદ્ધ પર્યાયપણે) પરિણમે છે, તોપણ નિશ્ચયનયથી શુદ્ધસ્વરૂપને છોડતો નથી. પુદ્‌ગલદ્રવ્યનું પણ તેમ જ થાય છે. આ કારણે જીવ–અજીવનું પરસ્પર અપેક્ષાસહિત પરિણમન હોવું તે જ 'કથંચિત્–પરિણામીપણું, શબ્દનો અર્થ છે.

(૨) આ પ્રમાણે 'કથંચિત્–પરિણામીપણું' સિદ્ધ થતાં જીવ અને પુદ્‌ગલના સંયોગની પરિણતિ (–પરિણામ)થી રચાયેલાં બાકીનાં આસ્રવાદિ પાંચ તત્ત્વો સિદ્ધ થાય છે. જીવમાં આસ્રવાદિ પાંચ તત્ત્વોના પરિણમન વખતે પુદ્‌ગલકર્મરૂપ નિમિત્તનો સદ્‌ભાવ કે અભાવ હોય છે અને પુદ્‌ગલમાં આસ્રવાદિ પાંચ તત્ત્વોના પરિણમનમાં જીવના ભાવરૂપ નિમિત્તનો સદ્‌ભાવ કે અભાવ હોય છે. આથી જ સાત તત્ત્વોને 'જીવ અને પુદ્‌ગલના સંયોગની પરિણતિથી રચાયેલાં' કહેવાય છે; પરંતુ જીવ અને પુદ્‌ગલની ભેગી પરિણતિ થઈને બાકીનાં પાંચ તત્ત્વો થાય છે, એમ ન સમજવું.

પૂર્વોક્ત જીવ અને અજીવ એ બે દ્રવ્યોને આ પાંચ તત્ત્વોમાં મેળવતાં કુલ સાત તત્ત્વો થાય છે અને તેમાં પુણ્ય–પાપને જુદાં ગણવામાં આવે તો નવ પદાર્થ થાય છે. પુણ્ય અને પાપ નામના બે પદાર્થોનો અંતર્ભાવ (સમાવેશ) અભેદનયે આસ્રવ–બંધ પદાર્થમાં કરવામાં આવે ત્યારે સાત તત્ત્વો કહેવામાં આવે છે.

## ૩. સાત તત્ત્વોનું પ્રયોજન

(બૃહત્ દ્રવ્યસંગ્રહ પા. ૭૨–૭૩ના આધારે)

શિષ્ય ફરી પ્રશ્ન કરે છે, કે–હે ભગવન્! જોકે જીવ–અજીવનું કથંચિત્–પરિણામીપણું માનતાં ભેદપ્રધાન પર્યાયાર્થિકનયની અપેક્ષાએ સાત તત્ત્વો સિદ્ધ થઈ ગયાં, તોપણ તેનાથી જીવનું શું પ્રયોજન સિદ્ધ થયું?–કારણ કે, જેમ અભેદનયથી પુણ્ય–પાપ એ બે પદાર્થોનો સાત તત્ત્વોમાં અંતર્ભાવ પ્રથમ કર્યો છે, તે જ પ્રમાણે વિશેષ અભેદનયની વિવક્ષામાં આસ્રવાદિ પદાર્થોનો પણ જીવ અને અજીવ એ બે જ પદાર્થોમાં અંતર્ભાવ કરી લેવાથી એ બે જ પદાર્થો સિદ્ધ થઈ જશે.

શ્રીગુરુ તે પ્રશ્નનું સમાધાન કરે છે–કયા તત્ત્વો હેય છે અને કયા તત્ત્વો ઉપાદેય છે, તેનું પરિજ્ઞાન થાય એ પ્રયોજનથી આસ્રવાદિ તત્ત્વોનું નિરુપણ કરવામાં આવે છે.

હેય, ઉપાદેય તત્ત્વો કયા છે, તે હવે કહે છે : અક્ષય અનંત સુખ તે ઉપાદેય છે; તેનું કારણ મોક્ષ છે; મોક્ષનું કારણ સંવર અને નિર્જરા છે; તેનું કારણ વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવી

નિજ આત્મતત્ત્વસ્વરૂપના સમ્યક્શ્રદ્ધાન–જ્ઞાન તથા આચરણલક્ષણ સ્વરૂપ નિશ્ચયરત્નત્રય છે; તે નિશ્ચયરત્નત્રયને સાધવા માગનાર જીવે વ્યવહારરત્નત્રય શું છે? તે સમજીને પરદ્રવ્યો તેમ જ રાગ ઉપરથી પોતાનું લક્ષ વાળવું જોઈએ; એ પ્રમાણે કરતાં નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટે છે અને તેના જોરે સંવર, નિર્જરા તથા મોક્ષ પ્રગટે છે, માટે એ ત્રણ તત્ત્વો ઉપાદેય છે.

હવે હેયતત્ત્વો કયા છે, તે કહે છે : આકુળતાને ઉત્પન્ન કરનારાં એવાં નિગોદ–નરકાદિ ગતિનાં દુઃખ તેમ જ ઇન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થયેલ કલ્પિત સુખ તે હેય (–છોડવા યોગ્ય) છે; તેનું કારણ સંસાર છે; તે સંસારનું કારણ આસ્રવ તથા બંધ એ બે તત્ત્વો છે, પુણ્ય–પાપ બંને બંધતત્ત્વ છે; તે આસ્રવ તથા બંધનાં કારણ, પૂર્વે કહેલાં નિશ્ચય તેમ જ વ્યવહારરત્નત્રયથી વિપરીત લક્ષણનાં ધારક એવાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ ત્રણ છે, તેથી આસ્રવ અને બંધ એ બે તત્ત્વો હેય છે.

આ પ્રમાણે હેય ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન થવા માટે સાત તત્ત્વોનું સ્વરૂપ જ્ઞાનીઓ નિરૂપણ કરે છે.

## ૪. તત્ત્વની શ્રદ્ધા ક્યારે થઈ કહેવાય?

(૧) જૈનશાસ્ત્રોમાં કહેલા જીવના ત્રસ–સ્થાવર વગેરે ભેદોને, ગુણસ્થાન–માર્ગણા વગેરે ભેદોને, જીવ–પુદ્ગલ વગેરેના ભેદોને તથા વર્ણાદિભેદોને તો જીવ જાણે છે, પણ અધ્યાત્મશાસ્ત્રોમાં ભેદવિજ્ઞાનના કારણભૂત અને વીતરાગદશા થવાના કારણભૂત વસ્તુનું જેવું નિરૂપણ કર્યું છે તેવું જે જાણતો નથી, તેને જીવ અને અજીવતત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી.

(૨) વળી કોઈ પ્રસંગથી ભેદવિજ્ઞાનના કારણભૂત અને વીતરાગદશાના કારણભૂત વસ્તુના નિરૂપણનું જાણવું માત્ર શાસ્ત્રાનુસાર હોય, પરંતુ પોતાને પોતારૂપ જાણીને તેમાં પરનો અંશ પણ (માન્યતામાં) ન મેળવવો તથા પોતાનો અંશ પણ (માન્યતામાં) પરમાં ન મેળવવો–એવું શ્રદ્ધાન જ્યાં સુધી જીવ ન કરે ત્યાં સુધી તેને જીવ અને અજીવતત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી.

(૩) જેમ અન્ય મિથ્યાદૃષ્ટિ નિર્ધાર વિના (–નિર્ણય વગર) પર્યાયબુદ્ધિથી (–દેહદૃષ્ટિથી) જાણપણામાં તથા વર્ણાદિમાં અહંબુદ્ધિ ધારે છે, તેમ જે જીવ આત્માશ્રિત જ્ઞાનાદિમાં તથા શરીરાશ્રિત થતી ઉપદેશ, ઉપવાસાદિ ક્રિયામાં પોતાપણું માને છે, તેને જીવ–અજીવતત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી. એવો જીવ કોઈ વખત શાસ્ત્રાનુસાર સાચી વાત પણ બોલે, પરંતુ ત્યાં તેને અંતરંગ નિર્ધારરૂપ શ્રદ્ધા નથી, તેથી જેમ કેફી મનુષ્ય માતાને માતા કહે તોપણ તે શાણો નથી તેમ, આ જીવ પણ સમ્યગ્દૃષ્ટિ નથી.

(૪) વળી તે જીવ, કોઈ બીજાની જ વાત કરતો હોય તેમ આત્માનું કથન કરે છે, પરંતુ

'એ આત્મા હું જ છું' એવો ભાવ તેને ભાસતો નથી. વળી જેમ કોઈ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય તેમ આ આત્મા અને શરીરની ભિન્નતા પ્રરૂપે છે; પરંતુ 'હું એ શરીરાદિકથી ભિન્ન છું' એવો ભાવ તેને ભાસતો નથી; તેથી તેને જીવ-અજીવની યથાર્થ શ્રદ્ધા નથી.

(૫) પર્યાયમાં (-વર્તમાન દશામાં) જીવ-પુદ્‌ગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયા થાય છે; તે સર્વને બે દ્રવ્યોના મેળાપથી બનેલી માને છે, પણ 'આ જીવની ક્રિયા છે અને આ પુદ્‌ગલની ક્રિયા છે' એમ ભિન્ન-ભિન્ન ભાવ તેને ભાસતો નથી. આવો ભિન્ન ભાવ ભાસ્યા વિના તેને જીવ-અજીવનો સાચો શ્રદ્ધાની કહી શકાય નહિ, કારણ કે જીવ-અજીવને જાણવાનું પ્રયોજન તો એ જ હતું; તે આને થયું નહિ. (જુઓ, મોક્ષમાર્ગ-પ્રકાશક પા. ૨૨૯)

(૬) જ્યાં સુધી આવી યથાર્થ શ્રદ્ધા ન થાય ત્યાં સુધી જીવ સમ્યગ્દષ્ટિ થતો નથી-એમ પહેલા અધ્યાયના બત્રીસમા સૂત્રમાં★ કહ્યું છે. તેમાં 'સત્' શબ્દથી જીવ પોતે ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ શું છે? તે સમજવા કહ્યું છે અને 'અસત્' શબ્દથી એ બતાવ્યું છે, કે-જીવમાં થતો વિકાર જીવમાંથી ટાળી શકાય છે, માટે તે પર છે. પરવસ્તુઓ અને આત્મા ભિન્ન હોવાથી કોઈ પરનું કાંઈ કરી શકે નહિ; આત્માની અપેક્ષાએ પરવસ્તુઓ અસત્ છે-નાસ્તિપણે છે, આમ યથાર્થ સમજે ત્યારે જ સત્-અસત્‌ના વિશેષનું યથાર્થ જ્ઞાન જીવને થાય છે. જ્યાં સુધી એવું જ્ઞાન ન થાય ત્યાં સુધી જીવને આસ્રવ ટળે નહિ; જ્યાં સુધી જીવ પોતાનો અને આસ્રવનો ભેદ જાણે નહિ ત્યાં સુધી તેને વિકાર ટળે નહિ, તેથી એ ભેદ સમજાવવા આસ્રવનું સ્વરૂપ છઠ્ઠા અને સાતમા અધ્યાયોમાં કહ્યું છે.

## આ આસ્રવ-અધિકાર છે; તેમાં પ્રથમ યોગના ભેદ અને તેનું સ્વરૂપ કહે છે—

## कायवाङ्मनःकर्म योगः ॥१॥

**અર્થ** :—[कायवाङ्मनःकर्म] કાયા, વચન અને મનના અવલંબને (-નિમિત્તે) આત્માના પ્રદેશોનું સકંપ થવું, તે [योगः] યોગ છે.

### ટીકા

૧. અધ્યાય ૫, સૂત્ર ૨૨માં 'ક્રિયા' શબ્દ કહ્યો છે અને અહીં 'કર્મ' શબ્દ કહ્યો છે, તે બન્નેનો અર્થ એક જ છે.

૨. **યોગ**—આત્માના પ્રદેશોનું સકંપ થવું તે; સૂત્રમાં યોગના જે ત્રણ પ્રકાર કહ્યા છે,

★ सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत् ॥३२॥

તે નિમિત્ત અપેક્ષાએ છે. ઉપાદાનરૂપ યોગમાં ત્રણ પ્રકાર નથી પણ એક જ પ્રકાર છે. બીજી રીતે યોગના બે પ્રકાર પાડી શકાય છે–૧. ભાવયોગ અને ૨. દ્રવ્યયોગ. કર્મ–નોકર્મને ગ્રહણ કરવાની આત્માની શક્તિવિશેષ તે ભાવયોગ છે, અને તે શક્તિના કારણે આત્મપ્રદેશોનું પરિસ્પંદન (ચંચળ થવું) તે દ્રવ્યયોગ છે–(અહીં 'દ્રવ્ય'નો અર્થ 'આત્મદ્રવ્યના પ્રદેશો' થાય છે).

૩. આ આસ્રવ અધિકાર છે. યોગ તે આસ્રવ છે–એમ બીજા સૂત્રમાં કહેશે. આ યોગના બે પ્રકાર છે–૧. સકષાય યોગ અને ૨. અકષાય યોગ. (જુઓ, સૂત્ર ૪.)

૪. ભાવયોગ જોકે એક જ પ્રકારનો છે, તોપણ નિમિત્ત અપેક્ષાએ તેના પંદર ભેદ પડે છે. જ્યારે તે યોગ મન તરફ વળે છે ત્યારે તેમાં મન નિમિત્ત હોવાથી, યોગ અને મનનો નિમિત્ત–નૈમિત્તિકસંબંધ બતાવવા માટે, તે યોગને 'મનોયોગ' કહેવામાં આવે છે. આ જ પ્રમાણે જ્યારે વચન તરફ વળે છે ત્યારે 'કાયયોગ' કહેવાય છે. તેમાં મનોયોગના ચાર પ્રકાર, વચનયોગના ચાર પ્રકાર અને કાયયોગના સાત પ્રકાર છે; એ રીતે નિમિત્તની અપેક્ષાએ ભાવયોગના કુલ પંદર ભેદો પડે છે. (જૈનસિદ્ધાંત પ્રવેશિકા—પ્ર–૨૨૦, ૪૩૨, ૪૩૩).

૫. આત્માના અનંત ગુણોમાંનો એક 'યોગ' ગુણ છે; તે અનુજીવી ગુણ છે. તે ગુણના પર્યાયમાં બે પ્રકાર પડે છે—૧–પરિસ્પંદનરૂપ એટલે કે આત્મપ્રદેશોના કંપનરૂપ અને ૨–આત્મપ્રદેશોની નિશ્ચલતારૂપ–નિષ્કંપરૂપ. પહેલો પ્રકાર તે યોગગુણનો અશુદ્ધ પર્યાય છે અને બીજો પ્રકાર તે યોગગુણનો શુદ્ધ પર્યાય છે.

આ સૂત્રમાં યોગગુણના કંપનરૂપ અશુદ્ધ પર્યાયને 'યોગ' કહેલ છે.

## આસ્રવનું સ્વરૂપ

## स आस्रवः ।।२।।

**અર્થ** :—[सः ] તે યોગ [आस्रवः ] આસ્રવ છે.

### ટીકા

૧. સકષાય યોગ અને અકષાય યોગ આસ્રવ અર્થાત્ આત્માના વિકારભાવ છે, એમ આગળ સૂત્ર ૪માં કહેશે.

૨. કેટલાક જીવો કષાયનો અર્થ ક્રોધ–માન–માયા–લોભ કરે છે, પણ તે અર્થ પૂરતો નથી. મોહના ઉદયમાં જોડાતાં જીવને મિથ્યાત્વ ક્રોધાદિભાવ થાય છે, તે સર્વનું નામ સામાન્યપણે 'કષાય' છે. (જુઓ, મોક્ષમાર્ગપ્રકાશક. પા. ૩૧.) સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વભાવ નથી, એટલે તેને ક્રોધાદિભાવ થાય તે કષાય છે.

૩. યોગની ક્રિયા નવાં કર્મના આસ્રવનું નિમિત્તકારણ છે. આ સૂત્રમાં કહેલાં 'આસ્રવ' શબ્દમાં દ્રવ્યઆસ્રવનો સમાવેશ થાય છે. યોગની ક્રિયા તો નિમિત્તકારણ છે; તેમાં પરદ્રવ્યના દ્રવ્યાસ્રવરૂપ કાર્યનો ઉપચાર કરીને આ સૂત્રમાં યોગની ક્રિયાને જ આસ્રવ કહેલ છે.

એક દ્રવ્યના કારણે બીજા દ્રવ્યના કાર્યમાં મેળવીને વ્યવહારનયથી કથન કરવામાં આવે છે. તે પદ્ધતિ અહીં ગ્રહણ કરીને જીવના ભાવયોગની ક્રિયા કારણને દ્રવ્યકર્મના કાર્યમાં મેળવીને આ સૂત્રમાં કથન કર્યું છે; આવા વ્યવહારનયને આ શાસ્ત્રમાં નૈગમનયે કથન કર્યું કહેવાય છે; કેમ કે યોગની ક્રિયામાં દ્રવ્યકર્મરૂપ કાર્યનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

૪. **પ્રશ્ન** :—આસ્રવને જાણવાની શું જરૂર છે?

**ઉત્તર** :—દુઃખનું કારણ શું છે તે જાણ્યા સિવાય દુઃખ ટાળી શકાય નહિ; મિથ્યાત્વાદિક ભાવ પોતે જ દુઃખમય છે, તેને જેમ છે તેમ ન જાણે તો તેનો અભાવ પણ જીવ ન કરે અને તેથી જીવને દુઃખ જ રહે; માટે આસ્રવને જાણવો આવશ્યક છે.

*(જુઓ, મોક્ષમાર્ગપ્રકાશક પા. ૮૨)*

૫. **પ્રશ્ન** :—અનાદિથી જીવની આસ્રવતત્ત્વની વિપરીત શ્રદ્ધા શું છે?

**ઉત્તર** :—મિથ્યાત્વ-રાગાદિક પ્રગટ દુઃખદાયક છે છતાં તેનું સેવન કરવાથી સુખ થશે, એમ માનવું તે આસ્રવતત્ત્વની વિપરીત શ્રદ્ધા છે.

૬. **પ્રશ્ન** :—સૂત્ર ૧-૨ માં યોગને આસ્રવ કહ્યો છે અને અન્યત્ર તો મિથ્યાત્વાદિને આસ્રવ કહ્યાં—તેનો શું ખુલાસો છે?

**ઉત્તર** :—સકષાય યોગ અને અકષાય યોગ એવા બે પ્રકારનો યોગ છે, એમ ચોથા સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે; માટે સકષાય યોગમાં મિથ્યાત્વાદિનો સમાવેશ થઈ જાય છે, એમ સમજવું.

૭. આ બંને પ્રકારના યોગોમાંથી જે પદે જે યોગ હોય તે જીવનો વિકારી પર્યાય છે; તેનું નિમિત્ત પામીને નવાં દ્રવ્યકર્મો આત્મપ્રદેશે આવે છે, તેથી તે યોગ દ્રવ્યાસ્રવનું નિમિત્તકારણ કહેવાય છે.

૮. **પ્રશ્ન** :—પહેલાં યોગ ટળે છે કે મિથ્યાત્વાદિ ટળે છે?

**ઉત્તર** :—સૌથી પહેલાં મિથ્યાત્વભાવ ટળે છે. યોગ તો ચૌદમા અયોગકેવળી ગુણસ્થાને ટળે છે. તેરમા ગુણસ્થાને જ્ઞાન વીર્યાદિ સંપૂર્ણ પ્રગટે છે તોપણ યોગ હોય છે; માટે પ્રથમ મિથ્યાત્વ ટાળવું જોઈએ અને મિથ્યાત્વ ટળતાં તે પૂરતો યોગ સહજ ટળે છે.

૯. સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય નહિ હોવાથી તેને તે પ્રકારના ભાવ–આસ્રવો થતાં જ નથી. **સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ ટળી જવાથી અનંતાનુબંધી કષાયનો તેમ જ અનંતાનુબંધી કષાયની સાથે સંબંધ રાખતા અવિરતિ અને યોગભાવનો અભાવ થઈ જાય છે.** (જુઓ શ્રી સમયસાર પા. ૨૨૫) વળી મિથ્યાત્વ ટળી જવાથી તેની સાથે રહેનારી પ્રકૃતિઓનો બંધ થતો નથી અને અન્ય પ્રકૃતિઓ સામાન્ય-સંસારનું કારણ નથી. મૂળથી કપાયેલા વૃક્ષનાં લીલાં પાંદડાં જેવી તે પ્રકૃતિઓ શીઘ્ર સુકાવા યોગ્ય છે. સંસારનું મૂળ અર્થાત્ સંસારનું કારણ મિથ્યાત્વ જ છે. (શ્રી સમયસાર પા. ૨૧૭–૨૧૮) ૨.

## યોગના નિમિત્તથી આસ્રવના ભેદ

## शुभः पुण्यस्याशुभः पापस्य॥३॥

**અર્થ** :—[शुभः] શુભયોગ [पुण्यस्य] પુણ્યકર્મના આસ્રવમાં કારણ છે અને [अशुभः] અશુભયોગ [पापस्य] પાપકર્મના આસ્રવમાં કારણ છે.

### ટીકા

૧. યોગમાં શુભ કે અશુભ એવા ભેદ નથી, પણ આચરણરૂપ ઉપયોગમાં શુભોપયોગ અને અશુભોપયોગ એવા ભેદ હોય છે; તેથી શુભોપયોગ સાથેના યોગને ઉપચારથી શુભયોગ કહેવાય છે અને અશુભોપયોગ સાથેના યોગને ઉપચારથી અશુભયોગ કહેવાય છે.

### ૨. પુણ્ય આસ્રવ અને પાપ આસ્રવ સંબંધમાં થતી વિપરીતતા

**પ્રશ્ન** :—આસ્રવસંબંધી મિથ્યાદૃષ્ટિ જીવની શું વિપરીતતા છે?

**ઉત્તર** :—આસ્રવતત્ત્વમાં જે હિંસાદિક પાપાસ્રવ છે તેને તો જીવ હેય જાણે છે, પણ અહિંસાદિરૂપ પુણ્યાસ્રવ છે તેને ઉપાદેય માને છે; હવે એ બંને આસ્રવો હોવાથી કર્મબંધનાં કારણો છે, તેમાં ઉપાદેયપણું માનવું એ જ મિથ્યાદર્શન છે. સર્વ જીવોને જીવન–મરણ, સુખ–દુઃખ પોતપોતાના કર્મોદયના નિમિત્તથી થાય છે, છતાં જ્યાં અન્ય જીવ અન્ય જીવનાં કાર્યોનો કર્તા થાય એમ માનવું એ જ મિથ્યા અધ્યાવસાય બંધનું કારણ છે. અન્ય જીવને જીવાડવાનો કે સુખી કરવાનો અધ્યવસાય થાય, તે તો પુણ્યબંધના કારણરૂપ છે અને મારવાનો તથા દુઃખી કરવાનો અધ્યવસાય થાય, તે પાપબંધના કારણરૂપ છે. એ સર્વ મિથ્યા–અધ્યવસાય છે, તે ત્યાજ્ય છે; માટે હિંસાદિકની માફક અહિંસાદિકને પણ બંધનાં કારણરૂપ જાણીને હેય માનવાં. હિંસામાં સામા જીવને મારવાની બુદ્ધિ થાય પણ તેનું આયુ પૂર્ણ થયા વિના તે મરે નહિ અને

પોતાની દ્વેષપરિણતિથી પોતે જ પાપ બાંધે છે; તથા અહિંસામાં પરની રક્ષા કરવાની બુદ્ધિ થાય પણ તેના આયુ-અવશેષ વિના તે જીવે નહિ, માત્ર પોતાની શુભરાગ પરિણતિથી પોતે જ પુણ્ય બાંધે છે. એ પ્રમાણે એ બંને હેય છે. પણ જ્યાં જીવ વીતરાગ થઈ દ્રષ્ટા-જ્ઞાતારૂપ પ્રવર્તે ત્યાં જ નિર્બંધતા છે, માટે તે ઉપાદેય છે.

એવી નિર્બંધદશા ન થાય ત્યાં સુધી જીવને શુભરાગ થાય; **પરંતુ શ્રદ્ધાન તો એવું રાખવું કે** આ પણ બંધનું કારણ છે-હેય છે-અધર્મ છે. **જો શ્રદ્ધાનમાં જીવ તેને મોક્ષમાર્ગ જાણે તો તે મિથ્યાદ્રષ્ટિ જ છે.** (મોક્ષમાર્ગપ્રકાશક. પા. ૨૨૯-૨૩૦)

## ૩. શુભયોગ તથા અશુભયોગના અર્થો

**શુભયોગ** :—પંચ પરમેષ્ઠીની ભક્તિ, પ્રાણીઓ પ્રત્યે ઉપકારભાવ, રક્ષાભાવ, સત્ય બોલવાનો ભાવ, પરધન હરણ ન કરવાનો ભાવ—ઈત્યાદિ શુભ પરિણામથી રચાયેલા યોગને શુભયોગ કહે છે.

**અશુભયોગ** :—જીવોની હિંસા કરવી; અસત્ય બોલવું, પરધન હરણ કરવું, ઈર્ષા કરવી-ઈત્યાદિ ભાવોરૂપ અશુભપરિણામથી રચાયેલા યોગને અશુભયોગ કહે છે.

## ૪. આસ્રવમાં શુભ અને અશુભ એવા ભેદ શા માટે?

**પ્રશ્ન** :—આત્માને પરાધીન કરવામાં પુણ્ય અને પાપ બંને સમાન કારણ છે-સુવર્ણની સાંકળ અને લોઢાની સાંકળની જેમ પુણ્ય અને પાપ તે બંને આત્માની સ્વતંત્રતાનો અભાવ કરવામાં સરખાં છે-તો પછી તેમાં શુભ અને અશુભ એવા ભેદ કેમ કહ્યા?

**ઉત્તર** :—તેમના કારણે મળતી ઈષ્ટ-અનિષ્ટ ગતિ, જાતિ વગેરેની રચનાના ભેદનું જ્ઞાન કરાવવા માટે તેમાં ભેદ કહ્યો છે-એટલે કે સંસાર અપેક્ષાએ ભેદ છે, ધર્મ અપેક્ષાએ ભેદ નથી અર્થાત્ બંને પ્રકારના ભાવ 'અધર્મ' છે.

## ૫. શુભ તેમ જ અશુભ બંને ભાવોથી સાત કે આઠ કર્મો બંધાય છે, છતાં અહીં તેમ કેમ કહ્યું નથી?

**પ્રશ્ન** :—આયુ સિવાયના **સાતે કર્મનો આસ્રવ** રાગી જીવને નિરંતર થાય છે, છતાં શુભપરિણામને પુણ્ય આસ્રવનું જ કારણ અને અશુભ પરિણામને પાપઆસ્રવનું જ કારણ આ સૂત્રમાં કેમ કહ્યું છે?

**ઉત્તર** :—જોકે સંસારી રાગી જીવને સાતે કર્મનો આસ્રવ નિરંતર થાય છે, તોપણ સંક્લેશ (અશુભ) પરિણામથી દેવ, મનુષ્ય અને તિર્યંચ આયુષ્ય સિવાય એકસો પિસ્તાળીસ

પ્રકૃતિઓની સ્થિતિ વધી જાય છે અને મંદ (શુભ) પરિણામથી તે સમસ્ત કર્મની સ્થિતિ ઘટી જાય છે અને ઉપર્યુક્ત ત્રણ આયુની સ્થિતિ વધી જાય છે.

વળી તીવ્ર કષાયથી શુભપ્રકૃતિનો રસ તો ઘટી જાય છે અને અસાતાવેદનીયાદિક અશુભપ્રકૃતિનો રસ વધી જાય છે. મંદ કષાયથી પુણ્યપ્રકૃતિમાં રસ વધે છે અને પાપપ્રકૃતિમાં રસ ઘટે છે; માટે **સ્થિતિ તથા રસ (અનુભાગ)ની અપેક્ષાએ શુભ પરિણામને પુણ્યાસ્રવ કહ્યા અને અશુભ-પરિણામને પાપાસ્રવ કહ્યા છે.**

## ૬. શુભ–અશુભ કર્મો બંધાવાના કારણે શુભ–અશુભયોગ એવા ભેદ નથી

**પ્રશ્ન** :—શુભ પરિણામના કારણે શુભયોગ અને અશુભ પરિણામના કારણે અશુભયોગ છે–એમ માનવાને બદલે શુભ–અશુભ કર્મો બંધાવાના નિમિત્તે આ યોગના શુભ–અશુભ ભેદ પડે છે, એમ માનવામાં શું વાંધો છે?

**ઉત્તર** :—જો કર્મના બંધ અનુસાર યોગ માનવામાં આવશે તો શુભયોગ જ રહેશે નહિ, કેમ કે શુભયોગના નિમિત્તે જ્ઞાનાવરણાદિ અશુભકર્મો પણ બંધાય છે; તેથી શુભ–અશુભકર્મો બંધાવાના કારણે શુભ–અશુભયોગ એવા ભેદ નથી, પરંતુ મંદકષાયના કારણે શુભ યોગ અને તીવ્ર કષાયના કારણે અશુભ યોગ છે–એમ માનવું તે ન્યાયસર છે.

## ૭. શુભભાવથી પાપની નિર્જરા થતી નથી

**પ્રશ્ન** :—શુભભાવથી પુણ્યનો બંધ થાય એ ખરું, પણ તેનાથી પાપની નિર્જરા થાય એમ માનવામાં શું દોષ છે?

**ઉત્તર** :—આ સૂત્રમાં કહેલી તત્ત્વદૃષ્ટિથી જોતાં એ માન્યતા ભૂલભરેલી છે; શુભભાવથી પુણ્યનો બંધ થાય છે. બંધ તે સંસાર છે અને સંવરપૂર્વક નિર્જરા તે ધર્મ છે. જો શુભભાવથી પાપની નિર્જરા માનીએ તો તે (શુભભાવ) ધર્મ થયો; ધર્મથી બંધ કેમ થાય? માટે શુભભાવથી જૂનાં પાપકર્મની નિર્જરા થાય (આત્મપ્રદેશેથી પાપકર્મ ખરી જાય)–એ માન્યતા સાચી નથી. નિર્જરા શુદ્ધભાવથી જ થાય છે, એટલે કે તત્ત્વદૃષ્ટિ વગર સંવર પૂર્વક નિર્જરા થાય નહિ.

## ૮. ત્રીજા સૂત્રનો સિદ્ધાંત

શુભભાવ અને અશુભભાવ બંને કષાય છે, તેથી તે સંસારનું કારણ છે. શુભભાવ વધતાં વધતાં તેનાથી શુદ્ધભાવ થાય જ નહિ. જ્યારે શુદ્ધના લક્ષે શુભ ટાળે ત્યારે શુદ્ધતા થાય. જેટલા અંશે શુદ્ધતા પ્રગટે તેટલા અંશે ધર્મ છે. શુભ કે અશુભમાં ધર્મનો અંશ પણ નથી, એમ માનવું

તે યથાર્થ છે; તે માન્યતા કર્યા વિના સમ્યગ્દર્શન કદી થાય નહિ. શુભયોગ તે સંવર છે, એમ કેટલાક માને છે-તે અસત્ય છે, એમ બતાવવા આ સૂત્રમાં બંને યોગને સ્પષ્ટપણે આસ્રવ કહ્યા છે. ૩.

## આસ્રવ સર્વે સંસારીઓને સમાન ફળનો હેતુ થાય છે કે તેમાં વિશેષતા છે, તેનો ખુલાસો

## सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोः ॥४॥

**અર્થ** :—[सकषायस्य साम्परायिकस्य] કષાયસહિત જીવને સંસારના કારણરૂપ કર્મનો આસ્રવ થાય છે અને [अकषायस्य ईर्यापथस्य] કષાયરહિત જીવને સ્થિતિરહિત કર્મનો આસ્રવ થાય છે.

### ટીકા

૧. કષાયનો અર્થ મિથ્યાદર્શન-ક્રોધાદિ થાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવોને મિથ્યાદર્શનરૂપ કષાય હોતો નથી, એટલે સમ્યગ્દૃષ્ટિ જીવોને લાગુ પડતો કષાયનો અર્થ 'પોતાની નબળાઈથી થતાં ક્રોધ-માન-માયા-લોભ વગેરે' એવો સમજવો. મિથ્યાદર્શન એટલે આત્માના સ્વરૂપની મિથ્યામાન્યતા-ઊંધી માન્યતા.

૨. **સામ્પરાયિક આસ્રવ**—આ આસ્રવ સંસારનું જ કારણ છે. મિથ્યાત્વભાવરૂપ આસ્રવ અનંત સંસારનું કારણ છે; મિથ્યાત્વનો અભાવ થયા પછી થતો ભાવાસ્રવ અલ્પ સંસારનું કારણ છે.

૩. **ઇર્યાપથ આસ્રવ**—આ આસ્રવ સ્થિતિ અને અનુભાગ રહિત છે અને તે અકષાયી જીવોને ૧૧, ૧૨ અને ૧૩ મા ગુણસ્થાને હોય છે. ચૌદમે ગુણસ્થાને વર્તતા જીવ અકષાયી અને અયોગી બંને છે, તેથી ત્યાં આસ્રવ છે જ નહીં.

### ૪. કર્મબંધના ચાર પ્રકાર

કર્મબંધના ચાર ભેદ છે : પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ. તેમાં પહેલા બે પ્રકારના ભેદનું કારણ યોગ છે અને છેલ્લા બે ભેદનું કારણ કષાય છે. કષાય તે સંસારનું કારણ છે અને તેથી કષાય હોય ત્યાં સુધીના આસ્રવને સામ્પરાયિક આસ્રવ કહે છે; અને કષાય ટળ્યા પછી એકલો યોગ રહે છે; કષાયરહિત યોગથી થતા આસ્રવને ઈર્યાપથ આસ્રવ કહે છે. આત્માનો તે વખતનો પ્રગટતો ભાવ તે ભાવ-ઈર્યાપથ છે અને દ્રવ્યકર્મનો આસ્રવ તે દ્રવ્ય-ઈર્યાપથ છે. આ પ્રમાણે ભાવ અને દ્રવ્ય એવા બે ભેદ સામ્પરાયિક આસ્રવમાં પણ સમજી

લેવા. ૧૧ થી ૧૩ મા ગુણસ્થાન સુધી ઈર્યાપથ આસ્રવ હોય છે, તે પહેલાંના ગુણસ્થાનોએ સામ્પરાયિક આસ્રવ હોય છે.

જેમ વડનું ફળ વગેરે વસ્ત્રને કષાયેલા રંગનું નિમિત્ત થાય છે, તેમ મિથ્યાત્વ-ક્રોધાદિક આત્માને કર્મ-રંગ લાવવાનું નિમિત્ત છે, તેથી તે ભાવોને કષાય કહેવામાં આવે છે. જેમ કોરા ઘડાને રજ અડીને ચાલી જાય, તેમ કષાયરહિત આત્માને કર્મ-રજ અડીને તે જ વખતે ચાલી જાય છે-આને ઈર્યાપથ આસ્રવ કહેવામાં આવે છે. ૪.

## સામ્પરાયિક આસ્રવના ૩૯ ભેદ

## इन्द्रियकषायाव्रतक्रियाः पंचचतुःपंचपंचविंशतिसंख्याः पूर्वस्य भेदाः ॥५॥

**અર્થ** :—[इन्द्रियाणि पंच] સ્પર્શ વગેરે પાંચ ઈન્દ્રિયો, [कषायाः चतुः] ક્રોધ વગેરે ચાર કષાય, [अव्रतानि पंच] હિંસા વગેરે પાંચ અવ્રત અને [क्रियाः पंचविंशति] સમ્યક્ત્વ વગેરે પચીસ પ્રકારની ક્રિયાઓ [संख्या भेदाः] એ પ્રમાણે કુલ ૩૯ ભેદ [पूर्वस्य] પહેલા (સામ્પરાયિક) આસ્રવના છે, અર્થાત્ એ સર્વ ભેદો દ્વારા સામ્પરાયિક કર્મનો આસ્રવ થાય છે.

### ટીકા

**૧. ઇન્દ્રિય**—બીજા અધ્યાયના ૧૫ થી ૧૯ સૂત્રમાં ઈન્દ્રિયનો વિષય આવી ગયો છે. પુદ્ગલ-ઈન્દ્રિયો પરદ્રવ્ય છે, તેનાથી આત્માને લાભ કે નુકસાન થાય નહિ; માત્ર ભાવેન્દ્રિયના ઉપયોગમાં તે નિમિત્ત થાય. 'ઈન્દ્રિય'નો અર્થ ભાવેન્દ્રિય, દ્રવ્ય-ઈન્દ્રિય અને ઈન્દ્રિયના વિષયો-એમ થાય છે, એ ત્રણે જ્ઞેયો છે; જ્ઞાયક આત્મા સાથે તેઓના એકત્વની માન્યતા તે (મિથ્યાત્વભાવ) જ્ઞેયજ્ઞાયકસંકરદોષ છે. (જુઓ, શ્રી સમયસાર ગાથા ૩૧. ટીકા. પા. ૫૭-૫૮)

**કષાય**—રાગ-દ્વેષરૂપ આત્માની પ્રવૃત્તિ તે કષાય છે. તે પ્રવૃત્તિ તીવ્ર અને મંદ-એમ બે પ્રકારની હોય છે.

**અવ્રત**—હિંસા, જૂઠું, ચોરી, મૈથુન અને પરિગ્રહ—એમ પાંચ પ્રકારનાં અવ્રત છે.

**૨. ક્રિયા**—આત્માના પ્રદેશોના પરિસ્પંદનરૂપ યોગ તે ક્રિયા છે; તેમાં મન, વચન અને કાયા નિમિત્ત હોય છે. આ ક્રિયા સકષાય યોગમાં દશમા ગુણસ્થાન સુધી હોય છે. પૌદ્ગલિક મન, વચન કે કાયાની કોઈ પણ ક્રિયા આત્માની નથી અને તે આત્માને લાભકારક કે

નુકશાનકારક નથી. આત્મા જ્યારે સકષાય યોગરૂપે પરિણમે અને નવાં કર્મોનો આસ્રવ થાય ત્યારે આત્માનો સકષાય યોગ તે પુદ્‌ગલ-આસ્રવમાં નિમિત્ત છે અને પુદ્‌ગલ પોતે તે આસ્રવનું ઉપાદાન કારણ છે, ભાવાસ્રવનું ઉપાદાનકારણ આત્માની તે તે અવસ્થાની લાયકાત છે અને નિમિત્ત જૂનાં કર્મોનો ઉદય છે.

## ૩. પચીસ પ્રકારની ક્રિયાનાં નામ તથા તેના અર્થ

[નોંધ—પચીસ પ્રકારની ક્રિયાના વર્ણનમાં 'ક્રિયા'નો અર્થ ઉપર નં. ૨માં કહ્યો, તે પ્રમાણે કરવો– અર્થાત્ આત્માના પ્રદેશોની પરિસ્પંદનરૂપ ક્રિયા-એમ કરવો.]

**(૧) સમ્યક્ત્વ ક્રિયા**—ચૈત્ય, ગુરુ, પ્રવચનની પૂજા વગેરે કાર્યોથી સમ્યક્ત્વની વૃદ્ધિ થાય છે, તેથી તે સમ્યક્ત્વક્રિયા છે. અહીં મન, વચન, કાયાની જે ક્રિયા થાય છે, તે સમ્યક્ત્વી જીવને શુભભાવમાં નિમિત્ત છે. તેઓ શુભભાવને ધર્મ માનતા નથી, તેથી તે માન્યતાની દૃઢતા વડે તેમને સમ્યક્ત્વની વૃદ્ધિ થાય છે; માટે તે માન્યતા આસ્રવ નથી પણ જે સકષાય (શુભભાવસહિત) યોગ છે, તે ભાવ-આસ્રવ છે. દ્રવ્યકર્મના આસ્રવમાં તે સકષાયયોગ માત્ર નિમિત્તકારણ છે.

**(૨) મિથ્યાત્વ ક્રિયા**—કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રમાં સ્તવનાદિરૂપ મિથ્યાત્વના કારણવાળી ક્રિયામાં અભિરુચિ, તે મિથ્યાત્વ ક્રિયા છે.

**(૩) પ્રયોગ ક્રિયા**—હાથ, પગ વગેરે ચલાવવાના ભાવરૂપ ક્રિયા, તે પ્રયોગ ક્રિયા છે.

**(૪) સમાદાન ક્રિયા**—સંયમી પુરુષનું અસંયમ સન્મુખ થવું, તે સમાદાન ક્રિયા છે.

**(૫) ઇર્યાપથ ક્રિયા**—સમાદાન ક્રિયાથી ઊલટી ક્રિયા એટલે કે સંયમ વધારવા માટે સાધુ જે ક્રિયા કરે, તે ઈર્યાપથ ક્રિયા છે. ઈર્યાપથ પાંચ સમિતિરૂપ છે; તેમાં જે શુભભાવ છે, તે ઈર્યાપથ ક્રિયા છે. [સમિતિનું સ્વરૂપ નવમા અધ્યાયના પાંચમા સૂત્રમાં કહેવાશે.]

### હવે બીજી પાંચ ક્રિયાઓ કહેવામાં આવે છે; તેમાં પરહિંસાના ભાવની મુખ્યતા છે.

**(૬) પ્રાદોષિક ક્રિયા**—ક્રોધના આવેશથી દ્વેષાદિકરૂપ બુદ્ધિ કરવી, તે પ્રાદોષિક ક્રિયા છે.

**(૭) કાયિકી ક્રિયા**—ઉપર્યુક્ત પ્રદોષ ઉત્પન્ન થતાં હાથથી મારવું, મુખથી ગાળો દેવી-ઇત્યાદિ પ્રવૃત્તિનો ભાવ, તે કાયિકી ક્રિયા છે.

**(૮) અધિકરણિકી ક્રિયા**—હિંસાના સાધનભૂત બંદૂક, છરી વગેરેનું લેવું, દેવું, રાખવું, તે સર્વે અધિકરણિકી ક્રિયા છે.

**(૯) પરિતાપ ક્રિયા**—બીજાને દુ:ખ દેવામાં લાગવું, તે પરિતાપ ક્રિયા છે.

**(૧૦) પ્રાણાતિપાત ક્રિયા** :–બીજાનાં શરીર, ઇન્દ્રિય કે શ્વાસોશ્વાસને નષ્ટ કરવા, તે પ્રાણાતિપાત ક્રિયા છે.

**નોંધ** :—વ્યવહાર–કથન છે. તેનો અર્થ એમ સમજવો કે જીવ પોતામાં આ પ્રકારના અશુભભાવ કરે છે, ત્યારે આ ક્રિયામાં બનાવેલી પરવસ્તુઓ બાહ્ય નિમિત્તરૂપે સ્વયં હોય છે. જીવ પરપદાર્થોનું કાંઈ કરી શકે કે પરપદાર્થો જીવનું કાંઈ કરી શકે, એમ માનવું નહિ.

## હવે ૧૧ થી ૧૫ સુધીની પાંચ ક્રિયાઓ કહે છે; તેનો સંબંધ ઇન્દ્રિયના ભોગો સાથે છે.

**(૧૧) દર્શન ક્રિયા** :—સૌંદર્ય જોવાની ઇચ્છા, તે દર્શન ક્રિયા છે.

**(૧૨) સ્પર્શન ક્રિયા** :—કોઈ ચીજને સ્પર્શ કરવાની ઇચ્છા, તે સ્પર્શન ક્રિયા છે. (આમાં બીજી ઇન્દ્રિયો સંબંધી વાંછાનો સમાવેશ સમજી લેવો.)

**(૧૩) પ્રાત્યયિકી ક્રિયા** :—ઇન્દ્રિયના ભોગોની વૃદ્ધિ માટે નવી નવી સામગ્રી એકઠી કરવી કે ઉત્પન્ન કરવી, તે પ્રાત્યયિકી ક્રિયા છે.

**(૧૪) સમન્તાનુપાત ક્રિયા** :—સ્ત્રી, પુરુષ તથા પશુઓને બેસવા–ઊઠવાના સ્થાનો મળ–મૂત્રથી ખરાબ કરવાં, તે સમન્તાનુપાત ક્રિયા છે.

**(૧૫) અનાભોગ ક્રિયા** :—ભૂમિ જોયા વગર કે યત્નથી શોધ્યા વગર બેસવું, ઊઠવું, સૂવું કે કાંઈ નાંખવું તે, અનાભોગ ક્રિયા છે.

## હવે ૧૬ થી ૨૦ સુધીની પાંચ ક્રિયાઓ કહે છે, તે ઊંચા ધર્માચરણમાં ધક્કો પહોંચાડનારી છે.

**(૧૬) સ્વહસ્ત ક્રિયા** :—જે કામ બીજાને લાયક હોય તે પોતે કરવું, તે સ્વહસ્ત ક્રિયા છે.

**(૧૭) નિસર્ગ ક્રિયા** :—પાપનાં સાધનો લેવા–દેવામાં સંમતિ આપવી, તે નિસર્ગ ક્રિયા છે.

**(૧૮) વિદારણ ક્રિયા** :—આળસને વશ થઈ સારાં કામો ન કરવાં અને બીજાના દોષો જાહેર કરવા, તે વિદારણ ક્રિયા છે.

**(૧૯) આજ્ઞા વ્યાપાદિની ક્રિયા** :—શાસ્ત્રની આજ્ઞાનું પોતે પાલન ન કરવું અને તેના વિપરીત અર્થ કરવા તથા વિપરીત ઉપદેશ આપવો, તે આજ્ઞા વ્યાપાદિની ક્રિયા છે.

**(૨૦) અનાકાંક્ષા ક્રિયા :—**ઉન્મત્તપણું કે આળસને વશ થઈ પ્રવચનમાં (-શાસ્ત્રોમાં) કહેલી આજ્ઞાઓ પ્રત્યે આદર કે પ્રેમ ન રાખવો, તે અનાકાંક્ષા ક્રિયા છે.

## હવે છેલ્લી પાંચ ક્રિયાઓ કહે છે;
## તેના હોવાથી ધર્મ ધારવામાં વિમુખતા રહે છે.

**(૨૧) આરંભ ક્રિયા—**નુકસાનકારી કાર્યોમાં રોકાવું, છેદવું, તોડવું, ભેદવું કે બીજા કોઈ તેમ કરે તો હર્ષિત થવું, તે આરંભ ક્રિયા છે.

**(૨૨) પરિગ્રહ ક્રિયા—**પરિગ્રહનો કાંઈ પણ ધ્વંસ ન થાય એવા ઉપયોગમાં લાગ્યા રહેવું, તે પરિગ્રહ ક્રિયા છે.

**(૨૩) માયા ક્રિયા—**જ્ઞાનાદિ ગુણોને માયાચારથી છુપાવવા, તે માયા ક્રિયા છે.

**(૨૪) મિથ્યાદર્શન ક્રિયા—**મિથ્યાદ્રષ્ટિઓની તેમ જ મિથ્યાત્વથી ભરેલાં કામોની પ્રશંસા કરવી, તે મિથ્યાદર્શન ક્રિયા છે.

**(૨૫) અપ્રત્યાખ્યાન ક્રિયા—**જે ત્યાગ કરવા લાયક હોય તેનો ત્યાગ ન કરવો, તે અપ્રત્યાખ્યાન ક્રિયા છે. (પ્રત્યાખ્યાનનો અર્થ ત્યાગ છે, વિષયો પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવાને બદલે તેમાં આસક્તિ કરવી, તે અપ્રત્યાખ્યાન છે.)

**નોંધ—**નં. ૧૦ની ક્રિયા નીચે જે નોંધ છે, તે નં. ૧૧ થી ૨૫ સુધીની ક્રિયાને પણ લાગુ પડે છે.

નં. ૬ થી ૨૫ સુધીની ક્રિયાઓમાં આત્માનો અશુભભાવ છે; અશુભભાવરૂપ કષાય યોગ તે ભાવ-આસ્રવ છે, પરંતુ જડ મન, વચન કે શરીરની ક્રિયા તે કાંઈ ભાવ આસ્રવનું કારણ નથી. ભાવાસ્રવનું નિમિત્ત પામીને જડ રજકણરૂપ કર્મો જીવ સાથે એકક્ષેત્રાવગાહરૂપે આવે છે. ઈન્દ્રિય, કષાય તથા અવ્રત કારણ છે અને ક્રિયા તેનું કાર્ય છે. ૫.

## આસ્રવમાં વિશેષતા (-હીનાધિકતા)નું કારણ

**तीव्रमन्दज्ञाताज्ञातभावाधिकरणवीर्यविशेषेभ्यस्तद्विशेषः ।।६।।**

**અર્થ :—**[तीव्र मन्द ज्ञात अज्ञातभाव] તીવ્રભાવ, મંદભાવ, જ્ઞાતભાવ, અજ્ઞાતભાવ, [अधिकरणवीर्यविशेषेभ्यः] અધિકરણ વિશેષ અને વીર્ય વિશેષથી [तत् विशेषः] આસ્રવમાં વિશેષતા-હીનાધિકતા થાય છે.

## ટીકા

**તીવ્રભાવ**—અત્યંત વધેલા ક્રોધાદિ દ્વારા જે તીવ્રરૂપ ભાવ થાય છે, તે તીવ્રભાવ છે.

**મંદભાવ**—કષાયોની મંદતાથી જે ભાવ થાય છે, તે મંદભાવ છે.

**જ્ઞાતભાવ**—જાણીને ઈરાદાપૂર્વક કરવામાં આવતી પ્રવૃત્તિ, તે જ્ઞાતભાવ છે.

**અજ્ઞાતભાવ**—જાણ્યા વિના અસાવધાનતાથી પ્રવર્તવું, તે અજ્ઞાતભાવ છે.

**અધિકરણ**—જે દ્રવ્યનો આશ્રય લેવામાં આવે, તે અધિકરણ છે.

**વીર્ય**—દ્રવ્યની શક્તિવિશેષ તે વીર્ય-બળ છે. ૬.

## અધિકરણના ભેદ

### अधिकरणं जीवाऽजीवाः ॥७॥

**અર્થ** :—[अधिकरणं] અધિકરણ [जीवाऽजीवाः] જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય એમ બે ભેદરૂપ છે; તેનો સ્પષ્ટ અર્થ એ છે, કે આત્મામાં જે કર્માસ્રવ થાય છે તેમાં બે પ્રકારનાં નિમિત્તો છે : એક જીવનિમિત્ત અને બીજું અજીવનિમિત્ત.

## ટીકા

૧. અહીં અધિકરણનો અર્થ નિમિત્ત થાય છે. છઠ્ઠા સૂત્રમાં આસ્રવની તારતમ્યતાના કારણમાં એક કારણ 'અધિકરણ' કહ્યું છે. તે અધિકરણના પ્રકાર બતાવવા માટે આ સૂત્રમાં જીવ અને અજીવ કર્માસ્રવમાં નિમિત્ત છે, એમ જણાવ્યું છે.

૨. જીવ અને અજીવના પર્યાયો અધિકરણ છે, એમ બતાવવા માટે સૂત્રમાં દ્વિવચન નહિ વાપરતાં બહુવચન વાપરેલ છે. જીવ-અજીવ સામાન્ય અધિકરણ નથી પણ જીવ-અજીવના વિશેષ પર્યાયો અધિકરણ થાય છે. જો જીવ-અજીવના સામાન્યને અધિકરણ કહેવામાં આવે તો સર્વે જીવ અને સર્વે અજીવ અધિકરણ થાય. પણ એમ થતું નથી, કેમ કે જીવ-અજીવના વિશેષ—વિશેષ પર્યાય જ અધિકરણ સ્વરૂપ થાય છે. ૭.

## જીવ-અધિકરણના ભેદ

### आद्यं संरंभसमारंभारंभयोगकृतकारितानुमत-
### कषायविशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ॥८॥

**અર્થ** :—[आद्यं] પહેલો અર્થાત્ જીવ અધિકરણ–આસ્રવ [सरंभ समारम्भ आरंभ] સંરંભ–સમારંભ–આરંભ [योग] મન–વચન–કાયરૂપ ત્રણ યોગ [कृत कारित अनुमत] કૃત–કારિત–અનુમોદના તથા [कषायविशेषैः च] ક્રોધાદિ ચાર કષાયોની વિશેષતાથી [त्रिः त्रिः त्रिः चतुः] ૩ × ૩ × ૩ × ૪ [एकशः] ૧૦૮ ભેદરૂપ છે.

## ટીકા

સંરમ્ભાદિ ત્રણ પ્રકાર છે; તે દરેકમાં મન–વચન–કાય એ ત્રણ બોલ લગાડવાથી નવ ભેદ થયા; તે દરેક ભેદમાં કૃત–કારિત–અનુમોદના એ ત્રણ બોલ લગાડવાથી સત્તાવીશ ભેદ થયા અને તે દરેકમાં ક્રોધ–માન–માયા–લોભ એ ચાર બોલ લગાડવાથી કુલ એકસો આઠ ભેદ થાય છે. આ બધા ભેદ જીવ–અધિકરણ આસ્રવના છે.

સૂત્રમાં च શબ્દ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાયના ચાર પ્રકાર સૂચવે છે.

**અનંતાનુબંધી કષાય**—જે કષાયથી જીવ પોતાના સ્વરૂપાચરણ ચારિત્રનું ગ્રહણ ન કરી શકે, તેને અનંતાનુબંધી કષાય કહેવાય છે અર્થાત્ આત્માના સ્વરૂપાચરણ ચારિત્રને જે ઘાતે, તેને અનંતાનુબંધી કષાય કહેવાય છે.

અનંત સંસારનું કારણ હોવાથી મિથ્યાત્વને 'અનંત' કહેવામાં આવે છે; તેની સાથે જે કષાયનો બંધ થાય છે, તેને અનંતાનુબંધી કષાય કહેવાય છે.

**અપ્રત્યાખ્યાન કષાય**—જે કષાયથી જીવ એકદેશરૂપ સંયમ (–સમ્યગ્દષ્ટિ શ્રાવકનાં વ્રત) કિંચિત્ માત્ર પામી ન શકે, તેને અપ્રત્યાખ્યાન કષાય કહેવાય છે.

**પ્રત્યાખ્યાન કષાય**—જે કષાયથી જીવ સમ્યગ્દર્શનપૂર્વકના સકળ સંયમને ગ્રહણ કરી શકે નહિ, તેને પ્રત્યાખ્યાન કષાય કહેવાય છે.

**સંજ્વલન કષાય**—જે કષાયથી સંયમી જીવનો સંયમ તો ટકી રહે, પરંતુ શુદ્ધસ્વભાવમાં–શુદ્ધોપયોગમાં પૂર્ણપણે લીન થઈ શકે નહિ, તેને સંજ્વલન કષાય કહેવાય છે.

**સંરમ્ભ**—કોઈ પણ વિકારી કાર્ય કરવાનો નિર્ણય–સંકલ્પ કરવો, તેને સંરમ્ભ કહેવાય છે. (સંકલ્પ બે પ્રકારના છે—૧–મિથ્યાત્વરૂપ સંકલ્પ, ૨–અસ્થિરતારૂપ સંકલ્પ.)

**સમારંભ**—તે નિર્ણયને અનુસરીને સાધનો મેળવવાનો ભાવ, તેને સમારંભ કહેવાય છે.

**આરંભ**—તે કાર્યની શરૂઆત કરવી, તેને આરંભ કહેવાય છે.

**કૃત**—પોતે જાતે કરવાનો ભાવ, તેને કૃત કહેવાય છે.

**કારિત**—બીજા પાસે કરાવવાનો ભાવ, તેને કારિત કહેવાય છે.

**અનુમત**—બીજાઓ કરે તેને ભલું સમજવું, તેને અનુમત કહેવાય છે. ૮.

## અજીવ-અધિકરણ આસ્રવના ભેદો

## निर्वर्तनाक्षेपसंयोगनिसर्गा द्विचतुर्द्वित्रिभेदाः परम् ॥९॥

**અર્થ** :—[परम्] બીજો અર્થાત્ અજીવ—અધિકરણ આસ્રવ [निर्वर्तना द्वि] બે પ્રકારની નિર્વર્તના, [निक्षेप चतुः] ચાર પ્રકારના નિક્ષેપ, [संयोग द्वि] બે પ્રકારના સંયોગ અને [निसर्गाः त्रि भेदाः] ત્રણ પ્રકારના નિસર્ગ-એમ કુલ ૧૧ ભેદરૂપ છે.

### ટીકા

**નિર્વર્તના** :—રચના કરવી-નિપજાવવું તે નિર્વર્તના છે; તેના બે પ્રકાર છે : ૧-શરીરથી કુચેષ્ટા ઉપજાવવી તે દેહ-દુઃપ્રયુક્ત નિર્વર્તના છે અને ૨-શસ્ત્ર વગેરે હિંસાના ઉપકરણની રચના કરવી તે ઉપકરણનિર્વર્તના છે. અથવા બીજા પ્રકારે બે ભેદ આ પ્રમાણે પડે છે : ૧-પાંચ પ્રકારનાં શરીર, મન, વચન, શ્વાસોશ્વાસનું નિપજાવવું તે મૂળગુણ નિર્વર્તના છે અને ૨-કાષ્ટ, માટી વગેરેથી ચિત્ર વગેરેની રચના કરવી તે ઉત્તરગુણ નિર્વર્તના છે.

**નિક્ષેપ** :—વસ્તુને મૂકવી તે નિક્ષેપ છે. તેના ચાર ભેદ છે : ૧-જોયા વિના વસ્તુ મૂકવી તે અપ્રત્યવેક્ષિત નિક્ષેપાધિકરણ છે, ૨-યત્નાચારરહિત થઈને વસ્તુ મૂકવી તે દુઃપ્રમૃષ્ટનિક્ષેપાધિકરણ છે, ૩-ભયાદિકથી કે અન્ય કાર્ય કરવાની ઉતાવળમાં પુસ્તક, કમંડલ, શરીર કે શરીરાદિના મેલને મૂકવા તે સહસાનિક્ષેપાધિકરણ છે અને ૪-જીવ છે કે નહિ તે જોયા વગર કે વિચાર કર્યા વગર શીઘ્રતાથી પુસ્તક, કમંડળ, શરીર કે શરીરના મેલને મૂકવા (-નાંખવા) અને વસ્તુ જ્યાં રાખવી જોઈએ ત્યાં ન રાખવી તે અનાભોગનિક્ષેપાધિકરણ છે.

**સંયોગ** :-મિલાપ થવો તે સંયોગ છે; તેના બે ભેદ છે : ૧-ભક્તપાન સંયોગ અને ૨-ઉપકરણ સંયોગ. એક આહારપાણીને બીજા આહારપાણી સાથે મેળવી દેવા તે ભક્તપાન સંયોગ છે; અને ઠંડા પુસ્તક, કમંડળ, શરીરાદિકને તપ્ત પીંછી વગેરેથી પીછવું તથા શોધવું તે ઉપકરણ સંયોગ છે.

**નિસર્ગ**—પ્રવર્તવું તે નિસર્ગ છે; તેના ત્રણ ભેદ છે : ૧-મનને પ્રવર્તાવવું તે મન નિસર્ગ છે, ૨-વચનોને પ્રવર્તાવવાં તે વચન નિસર્ગ છે અને ૩-કાયાને પ્રવર્તાવવી તે કાયનિસર્ગ છે.

**નોંધ**—જ્યાં જ્યાં પરનું કરવાની વાત જણાવી છે ત્યાં ત્યાં વ્યવહારકથન છે, એમ

સમજવું. જીવ પરનું કાંઈ કરી શકતો નથી તેમ જ પરપદાર્થો જીવનું કાંઈ કરી શકતા નથી; પણ માત્ર નિમિત્ત-નૈમિત્તિકસંબંધ દર્શાવનારું આ સૂત્રનું કથન છે. ૯.

**અહીં સુધી સામાન્ય—આસ્રવનાં કારણો કહ્યાં; હવે વિશેષ આસ્રવનાં કારણો વર્ણવે છે, તેમાં દરેક કર્મના આસ્રવનાં કારણો બતાવે છે.**

## જ્ઞાનાવરણ અને દર્શનાવરણના આસ્રવનું કારણ

**तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाता ज्ञानदर्शनावरणयोः ॥१०॥**

**અર્થ** :—[तत्प्रदोष] જ્ઞાન અને દર્શન સંબંધમાં કરવામાં આવેલા પ્રદોષ, [निह्नव मात्सर्यं अन्तराय आसादन उपघाताः] નિહ્નવ, માત્સર્ય, અંતરાય, આસાદન અને ઉપઘાત તે [ज्ञानदर्शनावरणयोः] જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્માઆસ્રવનાં કારણો છે.

### ટીકા

**૧. પ્રદોષ** :—મોક્ષનું કારણ અર્થાત્ મોક્ષનો ઉપાય તત્ત્વજ્ઞાન છે, તેનું કથન કરનારા પુરુષની પ્રશંસા ન કરતાં અંતરંગમાં દુષ્ટ પરિણામ થાય, તે પ્રદોષ છે.

**નિહ્નવ** :—વસ્તુસ્વરૂપના જ્ઞાનાદિનું છુપાવવું—જાણતો હોવા છતાં હું નથી જાણતો એમ કહેવું, તે નિહ્નવ છે.

**માત્સર્ય** :—વસ્તુસ્વરૂપને જાણવાં છતાં 'જો હું આને કહીશ તો તે પંડિત થઈ જશે' એમ વિચારી કોઈને ન ભણાવવો, તે માત્સર્ય છે.

**અંતરાય** :—સાચા જ્ઞાનની પ્રાપ્તિમાં વિઘ્ન નાખવું, તે અંતરાય છે.

**આસાદન** :—પર દ્વારા પ્રકાશ થવાયોગ્ય જ્ઞાનને રોકવું, તે આસાદન છે.

**ઉપઘાત** :—લાચા પ્રશસ્ત જ્ઞાનમાં દોષ લગાડવો અથવા પ્રશંસવા લાયક જ્ઞાનને દૂષણ લગાડવું, તે ઉપઘાત છે.

આ સૂત્રમાં 'તત્'નો અર્થ 'જ્ઞાન–દર્શન' થાય છે.

ઉપર કહેલા છ દોષો જો જ્ઞાનસંબંધી હોય તો જ્ઞાનાવરણનું નિમિત્ત છે અને જો દર્શનસંબંધી હોય તો દર્શનાવરણનું નિમિત્ત છે.

૨. આ સૂત્રમાં જ્ઞાનાવરણ–દર્શનાવરણ કર્મના આસ્રવના જે છ કારણો કહ્યાં છે, તે ઉપરાંત જ્ઞાનાવરણ માટેનાં વિશેષ કારણો તત્ત્વાર્થસારના ચોથા અધ્યાયની ૧૩ થી ૧૬ ગાથામાં નીચે મુજબ આપ્યાં છે—

(૭) તત્ત્વોનું ઉત્સૂત્ર કથન કરવું,

(૮) તત્ત્વનો ઉપદેશ સાંભળવામાં અનાદર કરવો,

(૯) તત્ત્વનો ઉપદેશ સાંભળવામાં આળસ રાખવી,

(૧૦) લોભબુદ્ધિએ શાસ્ત્રો વેચવાં,

(૧૧) પોતાને બહુશ્રુત માનીને અભિમાનથી મિથ્યા ઉપદેશ આપવો,

(૧૨) અધ્યયન માટે જે સમયનો નિષેધ છે તે સમયે (અકાળમાં) શાસ્ત્ર ભણવાં,

(૧૩) સાચા આચાર્ય તથા ઉપાધ્યાયથી વિરુદ્ધ રહેવું,

(૧૪) તત્ત્વોમાં શ્રદ્ધા ન રાખવી,

(૧૫) તત્ત્વોનું અનુચિંતન ન કરવું,

(૧૬) સર્વજ્ઞ ભગવાનના શાસનના પ્રચારમાં બાધા નાખવી,

(૧૭) બહુશ્રુતજ્ઞાનીઓનું અપમાન કરવું,

(૧૮) તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવામાં શઠતા કરવી.

૩. અહીં તાત્પર્ય એ છે, કે કામો કરવાથી પોતાના તથા બીજાના તત્ત્વજ્ઞાનમાં બાધા આવે કે મલિનતા થાય તે સર્વે જ્ઞાનાવરણકર્મના આસ્રવનાં કારણો છે. જેમ કે–એક ગ્રંથને અસાવધાનીથી લખતાં કોઈ પાઠ છોડી દેવો અથવા તો કાંઈકનો કાંઈક લખી નાખવો, તે જ્ઞાનાવરણકર્મના આસ્રવનું કારણ થાય છે. (જુઓ, તત્ત્વાર્થસાર પા. ૨૦૦–૨૦૧)

૪. વળી દર્શનાવરણ માટે, આ સૂત્રમાં કહેલાં છ કારણો ઉપરાંત બીજાં વિશેષ કારણો શ્રી તત્ત્વાર્થસારના ચોથા અધ્યાયની ૧૭–૧૮–૧૯ મી ગાથામાં નીચે મુજબ આપ્યાં છે.

(૭) કોઈની આંખ કાઢી લેવી, (૮) બહુ ઊંઘવું, (૯) દિવસમાં ઊંઘવું, (૧૦) નાસ્તિકપણાની વાસના રાખવી, (૧૧) સમ્યગ્દર્શનમાં દોષ લગાડવો, (૧૨) કુતીર્થવાળાની પ્રશંસા કરવી, (૧૩) તપસ્વીઓને દેખીને ગ્લાનિ કરવી.—આ બધા દર્શનાવરણ કર્મના આસ્રવના હેતુઓ છે.

**૫. શંકા**—નાસ્તિકપણાની વાસના વગેરેથી દર્શનાવરણનો આસ્રવ કેમ થાય? તેનાથી તો દર્શનમોહનો આસ્રવ થવા સંભવ છે, કેમ કે સમ્યગ્દર્શનથી વિપરીત કાર્યો વડે સમ્યગ્દર્શન મલિન થાય છે, નહિ કે દર્શન–ઉપયોગ.

**સમાધાન**—જેમ બાહ્ય ઇન્દ્રિયોથી મૂર્તિક પદાર્થોનું દર્શન થાય છે તેમ વિશેષ જ્ઞાનીઓને અમૂર્તિક આત્માનું પણ દર્શન થાય છે; જેમ સર્વે જ્ઞાનોમાં આત્મજ્ઞાન અધિક પૂજ્ય

છે તેમ બાહ્ય પદાર્થોના દર્શન કરતાં અંતર્દર્શન અર્થાત્ આત્મદર્શન અધિક પૂજ્ય છે; તેથી આત્મદર્શનનાં બાધક કારણોને દર્શનાવરણ કર્મના આસ્રવના હેતુ માનવા તે અનુચિત નથી. આ પ્રકારે નાસ્તિકપણાની માન્યતા વગેરે જે લખ્યા છે તે દોષો દર્શનાવરણ કર્મના આસ્રવના હેતુ થઈ શકે છે. (જુઓ તત્ત્વાર્થસાર પા. ૨૦૧-૨૦૨)

જોકે આયુકર્મ સિવાય બાકીના સાતે કર્મોનો આસ્રવ સમયે સમયે થયા કરે છે, તોપણ પ્રદોષાદિ ભાવો દ્વારા જે જ્ઞાનાવરણાદિ ખાસ કર્મનો બંધ થવાનું જણાવ્યું છે, તે સ્થિતિબંધ અને અનુભાગબંધની અપેક્ષાએ સમજવું અર્થાત્ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ તો સર્વે કર્મોનો થયા કરે છે પણ તે વખતે જ્ઞાનાવરણાદિ ખાસ કર્મનો સ્થિતિ અને અનુભાગબંધ વિશેષ અધિક થાય છે. ૧૦.

## અસાતાવેદનીયના આસ્રવનું કારણ

## दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनान्यात्मपरोभयस्थान्यसद्वेद्यस्य ॥११॥

**અર્થ :**—[आत्म पर उभयस्थानि] પોતામાં, પરમાં અને બંનેના વિષયમાં સ્થિત [दुःख शोक ताप आक्रन्दन वध परिदेवनानि] દુઃખ, શોક, તાપ, આક્રંદન, વધ અને પરિદેવના તે [असत् वेद्यस्य] અસાતાવેદનીય કર્માઆસ્રવનાં કારણો છે.

### ટીકા

૧. **દુઃખ**—પીડારૂપ પરિણામવિશેષને દુઃખ કહે છે.

**શોક**—પોતાને લાભદાયક લાગતા પદાર્થનો વિયોગ થતાં વિકળતા થવી તે શોક છે.

**તાપ**—સંસારમાં પોતાની નિંદા વગેરે થતાં પશ્ચાત્તાપ થવો તે તાપ છે.

**આક્રંદન**—પશ્ચાત્તાપથી અશ્રુપાત કરીને રોવું તે આક્રંદન છે.

**વધ**—પ્રાણોનો વિયોગ કરવો તે વધ છે.

**પરિદેવના**—સંક્લેશ પરિણામોના આલંબને એવું રૂદન કરવું, કે જેથી સાંભળનારના હૃદયમાં દયા ઉત્પન્ન થઈ જાય તે પરિદેવના છે.

શોક, તાપ વગેરે જોકે દુઃખના જ ભેદો છે, તોપણ દુઃખની જાતિઓ બતાવવા માટે આ ભેદો બતાવ્યા છે.

૨. પોતાને, પરને કે બંનેને એક સાથે દુઃખ, શોકાદિ ઉત્પન્ન કરે તે અસાતાવેદનીય કર્મના આસ્રવનું કારણ થાય છે.

**પ્રશ્ન** :—જો દુઃખાદિક પોતામાં, પરમાં કે બંનેમાં સ્થિત થવાથી અસાતાવેદનીય કર્મના આસ્રવનું કારણ થાય છે, તો અર્હન્તમતને માનનારા જીવો કેશ–લોચ, અનશનતપ, આતપસ્થાન વગેરે દુઃખનાં નિમિત્તો પોતામાં કરે છે અને બીજાને પણ તેવો ઉપદેશ આપે છે, તો તેથી તેમને પણ અસાતાવેદનીય કર્મનો આસ્રવ થશે?

**ઉત્તર** :—ના, એ દૂષણ નથી. અંતરંગ ક્રોધાદિક પરિણામોના આવેશપૂર્વક પોતાને, પરને કે બંનેને દુઃખાદિ આપવાના ભાવ હોય તો જ તે અસાતાવેદનીય કર્મના આસ્રવનું નિમિત્ત થાય છે–આ વિશેષ કથન ધ્યાનમાં રાખવું. ભાવાર્થ એ છે, કે–અંતરંગ ક્રોધાદિને વશ થવાથી આત્માને જે દુઃખ થાય છે તે દુઃખ કેશ–લોચ, અનશનતપ કે આતાપયોગ વગેરે ધારણ કરવામાં સમ્યગ્દષ્ટિ મુનિને થતું નથી, માટે તેનાથી તેમને અસાતાવેદનીયનો આસ્રવ થતો નથી, તે તો તેમનો શરીર પ્રત્યેનો વૈરાગ્યભાવ છે.

આ વાત દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવે છે :—

**દૃષ્ટાંત** :—જેમ કોઈ દયાના અભિપ્રાયવાળા અને શલ્યરહિત વૈદ્ય સંયમી પુરુષના ફોડલાને કાપવા કે ચીરવાનું કામ કરે અને તે પુરુષને દુઃખ થાય છતાં તે બાહ્ય નિમિત્તમાત્રના કારણે પાપબંધ થતો નથી, કેમ કે વૈદ્યના ભાવ તેને દુઃખ આપવાના નથી.

**સિદ્ધાંત** :—તેમ સંસાર સંબંધી મહા દુઃખથી ઉદ્વિગ્ન થયેલ મુનિ સંસાર સંબંધી મહાદુઃખનો અભાવ કરવાના ઉપાય પ્રત્યે લાગી રહ્યા છે. તેઓને સંક્લેશપરિણામનો અભાવ હોવાથી, શાસ્ત્રમાં વિધાન કરવામાં આવેલાં કાર્યોમાં પોતે પ્રવર્તવાથી કે બીજાને પ્રવર્તાવવાથી પાપબંધ થતો નથી, કેમ કે તેમનો અભિપ્રાય દુઃખ આપવાનો નથી; નબળાઈના કારણે કિંચિત્ બાહ્ય દુઃખ થાય, તોપણ તે અસાતાવેદનીયના આસ્રવનું કારણ નથી.

## ૩. આ સૂત્રનો સિદ્ધાંત

બાહ્ય નિમિત્તોને અનુસરીને આસ્રવ કે બંધ થતો નથી, પણ જીવ પોતે જેવા ભાવ કરે તે ભાવને અનુસરીને આસ્રવ અને બંધ થાય છે. જો જીવ પોતે વિકાર ભાવ કરે તો બંધ થાય, અને પોતે વિકાર ભાવ ન કરે તો બંધ ન થાય. ૧૧.

# સાતાવેદનીયના આસ્રવનાં કારણો

**भूतव्रत्यनुकम्पादानसरागसंयमादियोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ॥१२॥**

**અર્થ** :—[भूत व्रती अनुकम्पा] પ્રાણીઓ પ્રત્યે અને વ્રતના ધારકો પ્રત્યે અનુકંપા [दान सरागसंयमादियोगः] દાન, સરાગસંયમાદિના યોગ, [क्षान्ति शौचम् इति] ક્ષાન્તિ, શૌચ, અર્હન્તભક્તિ ઇત્યાદિ [सत् वेद्यस्य] સાતાવેદનીય કર્માઆસ્રવનાં કારણો છે.

## ટીકા

૧. **ભૂત** = ચારે ગતિનાં પ્રાણીઓ,

**વ્રતી** = સમ્યગ્દર્શનપૂર્વક અણુવ્રત કે મહાવ્રત ધારણ કરેલ હોય તેવા જીવો;

આ બંને ઉપર અનુકંપા કરવી તે ભૂતવ્રત્યનુકંપા છે.

**પ્રશ્ન** :—'ભૂત' કહેતાં તેમાં બધા જીવો આવી ગયા તો પછી 'વ્રતી' જણાવવાની શી જરૂર છે?

**ઉત્તર** :—સામાન્ય પ્રાણીઓ કરતાં વ્રતી જીવો પ્રત્યે અનુકંપાનું વિશેષપણું જણાવવા માટે તે કહેલ છે; વ્રતી જીવો પ્રત્યે ભક્તિપૂર્વક ભાવ હોવા જોઈએ.

**દાન** = દુઃખિત, ભૂખ્યા વગેરે જીવોના ઉપકાર અર્થે ધન, ઔષધિ, આહારાદિક આપવાં તથા વ્રતી સમ્યગ્દૃષ્ટિ સુપાત્ર જીવોને ભક્તિપૂર્વક દાન આપવું તે દાન છે.

**સરાગસંયમ** = સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રના ધારક મુનિને જે મહાવ્રતરૂપ શુભભાવ છે, તે સંયમ સાથેનો રાગ હોવાથી સરાગ સંયમ કહેવાય છે. રાગ કાંઈ સંયમ નથી; જેટલો વીતરાગભાવ છે તે સંયમ છે.

૨. **પ્રશ્ન** :—વીતરાગ ચારિત્ર અને સરાગ ચારિત્ર એમ બે પ્રકારે ચારિત્ર કહ્યું છે, અને ચારિત્ર બંધનું કારણ નથી; તો પછી અહીં સરાગસંયમને આસ્રવ અને બંધનું કારણ કેમ કહ્યું છે?

**ઉત્તર** :—સરાગસંયમને બંધનું કારણ કહ્યું ત્યાં એમ સમજવું, કે ખરેખર ચારિત્ર (સંયમ) તે બંધનું કારણ નથી, પણ રાગ છે તે બંધનું કારણ છે. જેમ ચાવલ બે પ્રકારે છે—એક તો ફોતરાં સહિત અને બીજા ફોતરાં રહિત; ત્યાં ફોતરાં છે તે ચાવલનું સ્વરૂપ નથી પણ ચાવલમાં તે દોષ છે; હવે કોઈ ડાહ્યો પુરુષ ફોતરાં સહિત ચાવલનો સંગ્રહ કરતો હોય તેને જોઈને કોઈ ભોળો માણસ ફોતરાંને જ ચાવલ માનીને તેનો સંગ્રહ કરે, તો તે નિરર્થક ખેદખિન્ન જ થાય. તેમ ચારિત્ર (સંયમ) બે પ્રકારથી છે–એક તો સરાગ છે તથા બીજું વીતરાગ છે; ત્યાં એમ જાણવું કે જે રાગ છે તે ચારિત્રનું સ્વરૂપ નથી પણ ચારિત્રમાં તે દોષ છે. હવે કોઈ સમ્યગ્જ્ઞાની પ્રશસ્ત રાગ સહિત ચારિત્ર ધારે તેને દેખીને કોઈ અજ્ઞાની પ્રશસ્ત રાગને

જ ચારિત્ર માનીને તેને અંગીકાર કરે, તો તે નિરર્થક ખેદખિન્ન જ થાય. (જુઓ મોક્ષમાર્ગપ્રકાશક. પા. ૨૪૯ તથા શ્રી સમયસાર પા. ૪૮૨)

મુનિને ચારિત્રભાવ મિશ્રરૂપ છે, કંઈક વીતરાગ થયા છે અને કંઈક સરાગ છે; ત્યાં જે અંશે વીતરાગ થયા છે તે વડે તો સંવર જ છે અને જે અંશે સરાગ રહ્યા છે તે વડે બંધ છે. પોતાના મિશ્રભાવમાં 'આ સરાગતા છે અને આ વીતરાગતા છે' એવી ઓળખાણ સમ્યગ્દષ્ટિને જ હોય છે; તેથી તેઓ બાકી રહેલા સરાગ ભાવને હેયરૂપ શ્રદ્ધે છે. (જુઓ મોક્ષમાર્ગપ્રકાશક. પા. ૨૩૧)

આ રીતે સરાગ સંયમમાં જ મહાવ્રતાદિ પાળવાનો શુભભાવ છે તે આસ્રવ-બંધનું કારણ છે. પણ જેટલું નિર્મળ ચારિત્ર પ્રગટ્યું છે તે આસ્રવ-બંધનું કારણ નથી.

૩. આ સૂત્રમાં 'आदि' શબ્દ છે તેમાં સંયમાસંયમ, અકામનિર્જરા અને બાળતપનો સમાવેશ થાય છે.

**સંયમાસંયમ** = સમ્યગ્દષ્ટિ શ્રાવકનાં વ્રત.

**અકામનિર્જરા** = પરાધીનપણે (-પોતાની ઈચ્છા વગર) ભોગ-ઉપભોગનો નિરોધ થતાં સંક્લેશતા રહિત થવું અર્થાત્ કષાયની મંદતા કરવી તે.

**બાળતપ** = મિથ્યાદ્રષ્ટિને મંદ કષાયભાવે થતાં તપ.

૪. આ સૂત્રમાં 'इति' શબ્દ છે. તેમાં અર્હન્તનું પૂજન, બાળ, વૃદ્ધ કે તપસ્વી મુનિઓની વૈયાવૃત્ય કરવામાં ઉદ્યમી રહેવું, યોગની સરળતા અને વિનયનો સમાવેશ થઈ જાય છે.

**યોગ**-શુભપરિણામ સહિતની નિર્દોષ ક્રિયા વિશેષને યોગ કહે છે.

**ક્ષાન્તિ**-શુભપરિણામની ભાવનાથી ક્રોધાદિ કષાયમાં થતી તીવ્રતાના અભાવને ક્ષાન્તિ (ક્ષમા) કહે છે.

**શૌચ**-શુભપરિણામપૂર્વક લોભનો ત્યાગ તે શૌચ. વીતરાગી-નિર્વિકલ્પ ક્ષમા અને શૌચને 'ઉત્તમક્ષમા' અને 'ઉત્તમશૌચ' કહે છે; તે આસ્રવનું કારણ નથી. ૧૨.

## હવે અનંત સંસારનું કારણ જે દર્શનમોહ-
## તેના આસ્રવનું કારણ કહે છે.

**केवलिश्रुतसंघधर्मदेवावर्णवादो दर्शनमोहस्य ॥१३॥**

**અર્થ** :—[केवली श्रुत संघ धर्म देव] કેવળી, શ્રુત, સંઘ, ધર્મ અને દેવનો [अवर्णवादः] અવર્ણવાદ કરવો તે [दर्शनमोहस्य] દર્શનમોહનીય કર્માસ્રવનાં કારણો છે.

## ટીકા

**૧. અવર્ણવાદ** :—જેનામાં જે દોષ ન હોય તેનામાં તે દોષનું આરોપણ કરવું, તે અવર્ણવાદ છે.

કેવળીપણું, મુનિપણું, ધર્મ અને દેવપણું તે આત્માની જ જુદી જુદી અવસ્થાઓનું સ્વરૂપ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ એ પાંચે પદ નિશ્ચયથી આત્મા જ છે. (જુઓ યોગીન્દ્રદેવકૃત યોગસાર ગાથા ૧૦૪, પરમાત્મ-પ્રકાશ પા. ૩૯૩-૩૯૪) તેથી તેમનું સ્વરૂપ સમજવામાં જો ભૂલ થાય અને તેમનામાં ન હોય તેવા દોષો તેમનામાં કલ્પવામાં આવે તો આત્માનું સ્વરૂપ સમજાય નહિ અને મિથ્યાત્વભાવનું વિશેષ પોષણ થાય. ધર્મ તે આત્માનો સ્વભાવ છે, માટે ધર્મ સંબંધી જૂઠી દોષકલ્પના કરવી તે પણ મહાન દોષ છે.

**૨.** શ્રુત એટલે શાસ્ત્ર; જિજ્ઞાસુ જીવોને આત્માનું સ્વરૂપ સમજવામાં તે નિમિત્ત છે, તેથી મુમુક્ષુઓએ ખરા શાસ્ત્રોના સ્વરૂપનો પણ નિર્ણય કરવો જોઈએ.

### ૩. કેવળી ભગવાનના અવર્ણવાદનું સ્વરૂપ

(૧) ક્ષુધા અને તૃષા તે પીડા છે, તે પીડાથી આર્ત્ત (દુઃખી) થતાં જીવો જ આહાર લેવાની ઈચ્છા કરે છે. ક્ષુધા કે તૃષાના કારણે દુઃખનો અનુભવ થવો તે આર્ત્તધ્યાન છે. કેવળી ભગવાનને સંપૂર્ણ જ્ઞાન અને અનંત સુખ હોય છે, તથા તેમને પરમ શુક્લધ્યાન વર્તે છે; તે અવસ્થાને શુક્લધ્યાન પણ ઉપચારથી કહેવાય છે. ઈચ્છા તો વર્તમાન વર્તતી દશા ઉપરનો અણગમો અને પર વસ્તુ તરફના રાગની હયાતી સૂચવે છે, કેવળી ભગવાનને ઈચ્છા હોય જ નહિ; છતાં કેવળી ભગવાન અન્નનો આહાર (કવળાહાર) કરે એમ માનવું તે ન્યાય વિરુદ્ધ છે. કેવળી ભગવાનને સંપૂર્ણ વીર્ય પ્રગટ્યું હોવાથી ક્ષુધા અને તૃષાની પીડા તેમને હોય જ નહિ અને અનંત સુખ પ્રગટ્યું હોવાથી ઈચ્છા હોય જ નહિ. ઈચ્છા તે દુઃખ છે-લોભ છે, માટે કેવળી ભગવાનમાં આહારની ઈચ્છાનો દોષ કલ્પવો તે જીવના પોતાના શુદ્ધ સ્વરૂપનો અવર્ણવાદ છે અને ઉપચારથી અનંત કેવળી ભગવાનોનો અવર્ણવાદ છે. તે દર્શનમોહનીયકર્મના આસ્રવનું કારણ છે, એટલે કે તે અનંત સંસારનું કારણ છે.

(૨) આત્માને કેવળજ્ઞાન પ્રગટ્યા પછી શરીરમાં ઝાડાનું કે બીજું કોઈ દરદ થાય અને તેની દવા લેવી કે દવા લાવવા માટે કોઈને કહેવું-તે અશક્ય છે.★ દવા લેવાની ઈચ્છા થવી અને દવા લાવવા માટે કોઈ શિષ્યને કહેવું, તે બધું દુઃખની હયાતી સૂચવે છે. અનંત સુખના

★ તીર્થંકર ભગવાનને જન્મથી જ મળ-મૂત્ર હોતાં નથી અને તમામ કેવળી ભગવાનને કેવળજ્ઞાન થયા પછી આહાર-નિહાર હોતાં નથી.

સ્વામી કેવળી ભગવાનને આકુળતા, વિકલ્પ, લોભરૂપ ઇચ્છા કે દુઃખ હોય એમ કલ્પવું એટલે કે કેવળી ભગવાનને સામાન્ય છદ્મસ્થ જેવા કલ્પી લેવા તે ન્યાયવિરુદ્ધ છે. જો આત્મા પોતાનું સાચું સ્વરૂપ સમજે તો આત્માની બધી દશાઓનું સ્વરૂપ ખ્યાલમાં આવે. ભગવાન છદ્મસ્થ મુનિદશામાં કરપાત્ર (હાથમાં ભોજન કરનારા) હોય છે અને આહાર માટે જાતે જ જાય છે; અને કેવળજ્ઞાન થયા પછી રોગ થાય, દવાની ઇચ્છા ઊપજે અને તે લાવવા માટે શિષ્યને આજ્ઞા કરે-તે અશક્ય છે. કેવળજ્ઞાન થતાં શરીરની અવસ્થા ઉત્તમ થાય છે અને પરમ ઔદારિકપણે પરિણમી જાય છે. તે શરીરમાં રોગ હોય જ નહિ. 'જ્યાં રોગ હોય ત્યાં રાગ હોય જ' એ અબાધિત સિદ્ધાંત છે. ભગવાનને રાગ નથી, તેથી તેમના શરીરને રોગ પણ કદી હોતો જ નથી. આનાથી વિરુદ્ધ માનવું તે પોતાના આત્મસ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળી ભગવંતોનો અવર્ણવાદ છે.

(૩) કોઈ પણ જીવને ગૃહસ્થદશામાં કેવળજ્ઞાન પ્રગટે એમ માનવું તે ભૂલ ભરેલું છે. ગૃહસ્થપણું છોડ્યા વિના ભાવસાધુપણું આવી શકે જ નહિ; ભાવસાધુપણું આવ્યા વગર કેવળજ્ઞાન તે પ્રગટે જ શી રીતે? ભાવસાધુપણું છઠ્ઠા-સાતમા ગુણસ્થાને હોય છે ને કેવળજ્ઞાન તેરમા ગુણસ્થાને હોય છે; માટે ગૃહસ્થપણામાં કદી પણ કોઈ જીવને કેવળજ્ઞાન થાય નહિ. આનાથી વિરુદ્ધ માન્યતા તે પોતાના આત્માના શુદ્ધસ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળી ભગવાનનો અવર્ણવાદ છે.

(૪) છદ્મસ્થ જીવોને જે જ્ઞાન-દર્શન-ઉપયોગ થાય છે, તે જ્ઞેયસન્મુખ થવાથી થાય છે, એ દશામાં એક જ્ઞેયથી ખસીને બીજા જ્ઞેય તરફ પ્રવૃત્તિ કરે છે. એવી પ્રવૃત્તિ વિના છદ્મસ્થ જીવનું જ્ઞાન પ્રવૃત્ત થતું નથી; તેથી પહેલાં ચાર જ્ઞાન સુધીના કથનમાં 'ઉપયોગ' શબ્દનો પ્રયોગ તેના અર્થ પ્રમાણે (-'ઉપયોગ'ના અન્વયાર્થ પ્રમાણે) કહી શકાય; પરંતુ કેવળજ્ઞાન અને કેવળદર્શન તો અખંડ અવિચ્છિન્ન છે; તેને જ્ઞેયસન્મુખ થવું પડતું નથી, એટલે કે કેવળજ્ઞાન તથા કેવળદર્શનને એક જ્ઞેયથી ખસીને બીજા જ્ઞેય તરફ જોડાવું પડતું નથી; માટે કેવળજ્ઞાન અને કેવળદર્શનને ઉપયોગ કહેવો તે ઉપચાર છે. (જુઓ અમિતગતિ આચાર્યકૃત પંચસંગ્રહ હિંદી ટીકા, પા. ૧૨૧ ઉપયોગઅધિકાર) કેવળી ભગવાનને કેવળજ્ઞાન અને કેવળદર્શન એક સાથે જ પ્રવર્તે છે. આ પ્રમાણે હોવા છતાં 'કેવળીભગવાનને તેમ જ સિદ્ધભગવાનને જે સમયે જ્ઞાનોપયોગ હોય ત્યારે દર્શનોપયોગ ન હોય અને જ્યારે દર્શનોપયોગ હોય ત્યારે જ્ઞાનોપયોગ ન હોય' એમ માનવું તે મિથ્યામાન્યતા છે; તે માન્યતા "કેવળીભગવાનને તથા સિદ્ધભગવાનને કેવળજ્ઞાન પ્રગટ્યા પછી જે અનંત કાળ છે, તેના અર્ધાકાળમાં જ્ઞાનના કાર્ય વગર અને અર્ધાકાળમાં દર્શનના કાર્ય વગર કાઢવાનો હોય છે" એમ કહેવા બરાબર છે. એ માન્યતા ન્યાયવિરુદ્ધ છે, માટે તેવી ખોટી માન્યતા રાખવી તે પોતાના આત્માના શુદ્ધસ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળીભગવાનનો અવર્ણવાદ છે.

(૫) ચોથું ગુણસ્થાન (–સમ્યગ્દર્શન) સાથે લઈ જનાર આત્મા પુરુષપણે જન્મે છે, સ્રીપણે જન્મતા નથી; તેથી સ્રીપણે કોઈ તીર્થંકર હોઈ શકે નહિ; કેમ કે તીર્થંકર થનાર આત્મા સમ્યગ્દર્શન સહિત જ જન્મે છે, તેથી તે પુરુષ જ હોય છે. જો કોઈ કાળે પણ એક સ્રી તીર્થંકર થાય એમ માનીએ તો ભૂત–ભવિષ્યની અપેક્ષાએ (ભલે લાંબા કાળે થાય તોપણ) અનંત સ્રીઓ તીર્થંકર થાય અને તેથી સમ્યગ્દર્શનસહિત આત્મા સ્રીપણે ન જન્મે એ સિદ્ધાંત તૂટી જાય; માટે સ્રીને તીર્થંકરપણું માનવું તે મિથ્યા માન્યતા છે; અને એમ માનનારે આત્માની શુદ્ધદશાનું સ્વરૂપ જાણ્યું નથી. તે ખરેખર પોતાના શુદ્ધ સ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળીભગવાનોનો અવર્ણવાદ કરે છે.

(૬) કોઈ પણ કર્મભૂમિની સ્રીને પ્રથમનાં ત્રણ ઉત્તમ સંહનનનો ઉદય હોતો જ નથી;★ જ્યારે જીવને કેવળજ્ઞાન થાય ત્યારે પહેલું જ સંહનન હોય છે, એવો કેવળજ્ઞાન અને પહેલાં સંહનનને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. સ્રીને પાંચમા ગુણસ્થાન ઉપરની દશા પ્રગટ થતી નથી, છતાં સ્રીને તે જ ભવે કેવળજ્ઞાન થાય; એમ માનવું તે પોતાના શુદ્ધસ્વરૂપનો અવર્ણવાદ છે અને ઉપચારથી અનંત કેવળીભગવાનોનો તથા સાધુ સંઘનો અવર્ણવાદ છે.

(૭) કેવળીભગવાનની વાણી તાળુ, ઓષ્ઠ વગેરે દ્વારા નીકળે નહિ અને તેમાં ક્રમરૂપ ભાષા ન હોય તોપણ સર્વાંગ નિરક્ષરી વાણી નીકળે; આનાથી વિરુદ્ધ માનવું તે આત્માના શુદ્ધસ્વરૂપનો અને ઉપચારથી કેવળીભગવાનનો અવર્ણવાદ છે.

(૮) સાતમા ગુણસ્થાનથી વંદ્ય–વંદકભાવ હોતો નથી, તેથી ત્યાં વ્યવહાર વિનય–વૈયાવૃત્ય વગેરે હોતાં નથી. કોઈ જીવ કેવળજ્ઞાન થયા પછી ગૃહસ્થ, કુટુંબીઓ સાથે રહે કે ગૃહકાર્યમાં ભાગ લે, એમ માનવું તે વીતરાગને સરાગી માનવા બરાબર છે. કોઈ પણ દ્રવ્ય સ્રીને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય, એમ માનવું તે ન્યાયવિરુદ્ધ છે. કર્મભૂમિની મહિલાને પહેલાં ત્રણ સંહનન હોતાં જ નથી અને ચોથું સંહનન હોય ત્યારે વધારેમાં વધારે સોળમાં સ્વર્ગ સુધી તે જીવ જઈ શકે છે.—(જુઓ, ગોમ્મટ્ટસાર–કર્મકાંડ ગાથા ૨૯–૩૨) આથી વિરુદ્ધ માનવું તે આત્માના શુદ્ધસ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળીભગવાનનો અવર્ણવાદ છે.

(૯) આત્મા સર્વજ્ઞ ન થઈ શકે એમ કેટલાકનું માનવું છે; તે માન્યતા ભૂલભરેલી છે. આત્માનું સ્વરૂપ જ જ્ઞાન છે, જ્ઞાન શું ન જાણે? જ્ઞાન સર્વને જાણે, એવી તેનામાં શક્તિ છે અને વીતરાગી વિજ્ઞાન વડે તે શક્તિ પ્રગટ કરી શકાય છે. વળી કેટલાક એમ માને છે, કે 'કેવળજ્ઞાની આત્મા સર્વ દ્રવ્યો, તેના અનંત ગુણો અને તેના અનંત પર્યાયોને એક સાથે જાણે છે, છતાં તેમાંથી કેટલુંક જાણપણું હોતું નથી—જેમ કે, એક છોકરો બીજા છોકરાથી કેટલો

★ જુઓ ગોમ્મટ્ટસાર—કર્મકાંડ ગાથા ૩૨

મોટો, કેટલાં હાથ લાંબો; એક ઘર બીજા ઘરથી કેટલાં હાથ દૂર—એ વગેરે બાબત કેવળજ્ઞાનમાં જણાતી નથી.' આ માન્યતા દોષિત છે; તેમાં આત્માના શુદ્ધ સ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળીભગવાનોનો અવર્ણવાદ છે.

(૧૦) 'શુભથી ધર્મ થાય; શુભ કરતાં કરતાં ધર્મ થાય' એવો ઉપદેશ કેવળી–તીર્થંકર ભગવાને કર્યો છે–એમ માનવું તે તેમનો અવર્ણવાદ છે. 'શુભભાવ વડે ધર્મ થતો હોવાથી ભગવાને શુભભાવો કર્યા હતા. ભગવાને તો બીજાઓનું ભલું કરવામાં પોતાનું જીવન આર્પી દીધું હતું.' એ વગેરે પ્રકારે ભગવાનની જીવનકથા આલેખવી તે પોતાના શુદ્ધસ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળીભગવાનનો અવર્ણવાદ છે.

(૧૧) **પ્રશ્ન** :—જો ભગવાને પરનું કાંઈ નથી કર્યું; તો પછી જગત્‌ઉદ્ધારક, તરણતારણ, જીવનદાતા, બોધિદાતા ઈત્યાદિ ઉપનામોથી ભગવાન કેમ ઓળખાય છે?

**ઉત્તર** :—એ બધાં ઉપનામો ઉપચારથી છે; જ્યારે ભગવાનને દર્શનવિશુદ્ધિની ભૂમિકામાં અનિચ્છકભાવે ધર્મરાગ થયો ત્યારે તીર્થંકરનામકર્મ બંધાઈ ગયું. તત્ત્વસ્વરૂપ એમ છે, કે ભગવાનને તીર્થંકરપ્રકૃતિ બંધાતી વખતે જે શુભભાવ થયો હતો તે તેમણે ઉપાદેય માન્યો જ ન હતો, પણ તે શુભભાવ અને તે તીર્થંકરપ્રકૃતિ—બંનેનો અભિપ્રાયમાં નકાર જ હતો. તેઓ રાગને તોડવાનો પુરુષાર્થ કરતા હતા. છેવટે રાગ ટાળી વીતરાગ થયા પછી કેવળજ્ઞાન પ્રગટ્યું અને દિવ્યધ્વનિ સ્વયં પ્રગટ્યો; લાયક જીવો તે સાંભળીને સ્વરૂપ સમજ્યા અને તેવા જીવોએ ઉપચારથી જગત્‌ઉદ્ધારક, તરણતારણ ઈત્યાદિ ઉપનામ ભગવાનને આપ્યાં. જો ખરેખર ભગવાને બીજા જીવોનું કાંઈ કર્યું હોય કે કરી શકતાં હોય, તો જગતના સર્વે જીવોને મોક્ષમાં સાથે કેમ ન લઈ ગયા? માટે શાસ્ત્રનું કથન કયા નયનું છે તે લક્ષમાં રાખીને તેના યથાર્થ અર્થ સમજવા જોઈએ. ભગવાનને પરના કર્તા ઠરાવવા તે પણ ભગવાનનો અવર્ણવાદ છે.

એ વગેરે પ્રકારે આત્માના શુદ્ધસ્વરૂપમાં દોષોની કલ્પના આત્માને અનંત સંસારનું કારણ છે.

આ પ્રમાણે કેવળીભગવાનના અવર્ણવાદનું સ્વરૂપ કહ્યું.

## ૪. શ્રુતના અવર્ણવાદનું સ્વરૂપ.

(૧) જે શાસ્ત્રો ન્યાયની કસોટીએ ચડાવતાં અર્થાત્ સમ્યગ્જ્ઞાન વડે પરીક્ષા કરતાં પ્રયોજનભૂત બાબતોમાં સાચાં માલૂમ પડે, તેને જ ખરાં માનવાં જોઈએ. જ્યારે લોકોની યાદશક્તિ નબળી પડે ત્યારે જ શાસ્ત્રો લખવાની પદ્ધતિ થાય; તેથી લખેલાં શાસ્ત્રો ગણધરભગવાને ગૂંથેલા શબ્દોમાં ન જ હોય, પણ સમ્યગ્જ્ઞાની આચાર્યોએ તેમના યથાર્થ ભાવો જાળવીને પોતાની ભાષામાં શાસ્ત્રરૂપે ગૂંથ્યા હોય અને તે સત્‌શ્રુત છે.

(૨) સમ્યગ્જ્ઞાની આચાર્યોનાં બનાવેલાં શાસ્ત્રોની નિંદા કરવી તે પોતાના સમ્યગ્જ્ઞાનની જ નિંદા કરવા બરાબર છે; કેમ કે જેણે સાચાં શાસ્ત્રની નિંદા કરી તેનો ભાવ એવો થયો, કે મને આવા સાચાં નિમિત્તનો સંયોગ ન હો પણ ખોટાં નિમિત્તનો સંયોગ હો, એટલે કે મારું ઉપાદાન સમ્યગ્જ્ઞાનને લાયક ન હો પણ મિથ્યાજ્ઞાનને લાયક હો.

(૩) કોઈ ગ્રંથના કર્તા તરીકે તીર્થંકર ભગવાનનું, કેવળીનું, ગણધરનું કે આચાર્યનું નામ આપેલ હોય, તેથી તેને સાચું જ શાસ્ત્ર માની લેવું તે ન્યાયસર નથી. મુમુક્ષુ જીવોએ તત્ત્વદૃષ્ટિથી પરીક્ષા કરીને સત્ય–અસત્યનો નિર્ણય કરવો જોઈએ. ભગવાનના નામે અસત્‌શાસ્ત્રો બનાવ્યાં હોય તેને સત્‌શ્રુત માની લેવાં તે સત્‌શ્રુતનો અવર્ણવાદ છે; જે શાસ્ત્રોમાં માંસભક્ષણ, મદિરાપાન, વેદનાથી પીડિતને મૈથુનસેવન, રાત્રિભોજન ઇત્યાદિને નિર્દોષ કહ્યાં હોય, ભગવતી સતીને પાંચ પતિ કહ્યા હોય, જેમાં તીર્થંકર ભગવાનને બે માતા અને બે પિતા કહ્યા હોય–તે શાસ્ત્રો યથાર્થ નથી, માટે સત્યાસત્યની પરીક્ષા કરી અસત્યની માન્યતા છોડવી.

## ૫. સંઘના અવર્ણવાદનું સ્વરૂપ

સમ્યગ્દર્શન પ્રગટ્યા પછી જે જીવને સાતમું–છટ્ઠું ગુણસ્થાન પ્રગટે તેને સાચું સાધુપણું હોય છે; તેમને શરીર ઉપરનો સ્પર્શેન્દ્રિયને લગતો રાગ ટળી ગયો હોય છે; તેથી ટાઢ, તડકો, વરસાદ વગેરેથી રક્ષણ કરવાનો રાગભાવ તેમને હોતો નથી; માત્ર સંયમના હેતુ માટે તે પદને લાયક નિર્દોષ શુદ્ધ આહારની લાગણી હોય છે, તેથી તે ગુણસ્થાનવાળા જીવોને એટલે કે સાધુને શરીરના રક્ષણ માટે વસ્ત્ર હોય જ નહિ. છતાં 'જ્યારે તીર્થંકર ભગવાન દીક્ષા લે ત્યારે ધર્મબુદ્ધિથી દેવ તેમને વસ્ત્ર આપે અને ભગવાન તેને પોતાની સાથે રાખ્યા કરે' એમ માનવું તે ન્યાય વિરુદ્ધ છે, એમાં સંઘ અને દેવ બંનેનો અવર્ણવાદ છે. સ્ત્રીલિંગને સાધુપણું માનવું, અતિશુદ્ર જીવોને સાધુપણું હોય એમ માનવું તે સંઘનો અવર્ણવાદ છે. દેહમાં નિર્મમત્વી, નિર્ગ્રંથ, વીતરાગ મુનિઓના દેહને અપવિત્ર કહેવો, નિર્લજ્જ કહેવો, બેશરમ કહેવો. અહીં પણ દુ:ખ ભોગવે છે તો પરલોકમાં કેમ સુખી થશે?–ઇત્યાદિ પ્રકારે કહેવું તે સંઘનો અવર્ણવાદ છે.

સાધુ–સંઘ ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે–જેમને ઋદ્ધિ પ્રગટી હોય તે ઋષિ; જેમને અવધિ–મન:પર્યયજ્ઞાન હોય તે મુનિ; ઇન્દ્રિયોને જીતે તે યતિ અને અણગાર એટલે કે સામાન્ય સાધુ.

## ૬. ધર્મના અવર્ણવાદનું સ્વરૂપ

આત્માનો સ્વભાવ તે ધર્મ છે; સમ્યગ્દર્શન પ્રગટતાં તે ધર્મ શરૂ થાય છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય નહિ; પુણ્ય વિકાર હોવાથી તેનાથી ધર્મ થતો નથી, તેમ જ તે ધર્મમાં સહાયક

થતું નથી. આવું ધર્મનું સ્વરૂપ છે, તેનાથી વિપરીત માનવું તે ધર્મનો અવર્ણવાદ છે. "જિનેન્દ્ર ભગવાને કહેલા ધર્મમાં કાંઈ પણ ગુણ નથી, તેને સેવવાવાળા અસુર થશે. તીર્થંકર ભગવાને જે ધર્મ કહ્યો છે તે જ પ્રમાણે જગતના અન્ય મતોના પ્રવર્તકો પણ કહે છે" એમ માનવું તે ધર્મનો અવર્ણવાદ છે. આત્માના સાચા સ્વરૂપને સમજવું અને સાચી માન્યતા કરવી તથા ખોટી માન્યતા છોડવી તે દર્શન અપેક્ષાએ આત્માની અહિંસા છે અને ક્રમે ક્રમે સમ્યક્ચારિત્ર વધતાં રાગદ્વેષ સર્વથા ટળી જાય છે, તે આત્માની સંપૂર્ણ અહિંસા છે. આવી અહિંસા તે જીવનો ધર્મ છે, એમ અનંત જ્ઞાનીઓએ કહ્યું છે; તેનાથી વિરુદ્ધ માન્યતા તે ધર્મનો અવર્ણવાદ છે.

## ૭. દેવના અવર્ણવાદનું સ્વરૂપ

સ્વર્ગના દેવના અવર્ણવાદનો એક પ્રકાર પારા ૫માં જણાવ્યો છે. તે ઉપરાંત તે દેવ માંસભક્ષણ કરે, મદ્યપાન કરે, ભોજનાદિક કરે, મનુષ્યણી સાથે કામસેવન કરે-ઈત્યાદિ માન્યતા તે દેવનો અવર્ણવાદ છે.

૮. આ પાંચે પ્રકારના અવર્ણવાદ દર્શનમોહનીયના આસ્રવનું કારણ છે અને દર્શનમોહ તે અનંત સંસારનું કારણ છે.

## ૯. આ સૂત્રનો સિદ્ધાંત

શુભ વિકલ્પથી ધર્મ થાય-એવી માન્યતારૂપ અગૃહીતમિથ્યાત્વ તો જીવને અનાદિનું ચાલ્યું આવે છે. મનુષ્યગતિમાં જીવ જે કુળમાં જન્મે છે તે કુળમાં ઘણે ભાગે કોઈ ને કોઈ પ્રકારે ધર્મની માન્યતા હોય છે. વળી તે કુળધર્મમાં કોઈને દેવ તરીકે, કોઈને ગુરુ તરીકે, કોઈ પુસ્તકોને શાસ્ત્ર તરીકે અને કોઈ ક્રિયાને ધર્મ તરીકે માનવામાં આવે છે. નાનપણમાં તે માન્યતાનું જીવને પોષણ મળે છે અને મોટી ઉંમરે પોતાના કુળના ધર્મસ્થાને જતાં ત્યાં પણ મુખ્યપણે તે જ માન્યતાનું પોષણ મળે છે. આ અવસ્થામાં જીવ વિવેકપૂર્ણ સત્ય-અસત્યનો નિર્ણય ઘણે ભાગે કરતો નથી અને સત્ય-અસત્યના વિવેકરહિત દશા હોવાથી સાચાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને ધર્મ ઉપર અનેક પ્રકારના જુઠ્ઠા આરોપો કરે છે. તે માન્યતા આ ભવમાં નવી ગ્રહણ કરેલી હોવાથી અને તે મિથ્યા હોવાથી તેને ગૃહીતમિથ્યાત્વ કહેવામાં આવે છે. આ અગૃહીત અને ગૃહીતમિથ્યાત્વ અનંત સંસારનાં કારણ છે. માટે સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર-ધર્મનું અને પોતાના આત્માનું સાચું સ્વરૂપ સમજીને અગૃહીત તેમ જ ગૃહીત-બંને મિથ્યાત્વનો નાશ કરવા માટે જ્ઞાનીઓનો ઉપદેશ છે. (અગૃહીતમિથ્યાત્વનો વિષય આઠમા બંધ અધિકારમાં આવશે.) આત્માને ન માનવો, સત્ય મોક્ષમાર્ગને દૂષિત કલ્પવો, અસત્ માર્ગને સત્ય મોક્ષમાર્ગ કલ્પવો, પરમ સત્ય વીતરાગી વિજ્ઞાનમય ઉપદેશની નિંદા કરવી-ઈત્યાદિ જે જે કાર્યો સમ્યગ્દર્શન ગુણને મલિન કરે છે, તે સર્વે દર્શનમોહના આસ્રવનાં કારણો છે. ૧૩.

## ચારિત્રમોહના આસ્રવનું કારણ

## कषायोदयात्तीव्रपरिणामश्चारित्रमोहस्य ॥१४॥

**અર્થ** :—[कषायउदयात्] કષાયના ઉદયથી [तीव्र परिणामः] તીવ્ર પરિણામ થાય, તે [चारित्रमोहस्य] ચારિત્રમોહનીયના આસ્રવનું કારણ છે.

### ટીકા

૧. કષાયની વ્યાખ્યા આ અધ્યાયના પાંચમાં સૂત્રમાં આવી ગઈ છે. ઉદયનો અર્થ વિપાક–અનુભવ છે. જીવ કષાયકર્મના ઉદયમાં જોડાઈને જેટલો રાગ–દ્વેષ કરે તેટલો કષાયનો ઉદય—વિપાક–અનુભવ તે જીવને થયો, એમ કહેવાય. કષાયકર્મના ઉદયમાં જોડાતાં જીવને તીવ્રભાવ થાય તે ચારિત્રમોહનીયકર્મના આસ્રવનું કારણ (નિમિત્ત) છે, એમ સમજવું.

૨. ચારિત્રમોહનીયના આસ્રવનું આ સૂત્રમાં સંક્ષેપથી વર્ણન છે; તેનો વિસ્તાર નીચે પ્રમાણે છે—

(૧) પોતાને તથા પરને કષાય ઉપજાવવો;

(૨) તપસ્વી જનોને ચારિત્રદોષ લગાડવો;

(૩) સંક્લેશ પરિણામને ઉપજાવવાવાળા વેષ–વ્રત વગેરે ધારણ કરવા; એ વગેરે લક્ષણવાળા પરિણામ કષાય કર્મના આસ્રવનું કારણ છે.

(૧) ગરીબોનું અતિહાસ્ય કરવું;

(૨) ઘણો વૃથા પ્રલાપ કરવો;

(૩) હાસ્યસ્વભાવ રાખવો;

એ વગેરે લક્ષણવાળા પરિણામ હાસ્યકર્મના આસ્રવનું કારણ છે.

(૧) વિચિત્ર ક્રીડા કરવામાં તત્પરતા હોવી;

(૨) વ્રત–શીલમાં અરુચિપરિણામ કરવા;

એ વગેરે લક્ષણવાળા પરિણામ રતિકર્મના આસ્રવનું કારણ છે.

(૧) પરને અરતિ ઉપજાવવી;

(૨) પરની રતિનો વિનાશ કરવો;

(૩) પાપ કરવાનો સ્વભાવ હોવો;

(૪) પાપનો સંસર્ગ કરવો;

એ વગેરે લક્ષણવાળા પરિણામ અરતિ કર્મના આસ્રવનું કારણ છે.

(૧) પોતાને શોક ઉપજાવવો;

(૨) પરના શોકમાં હર્ષ માનવો;

એ વગેરે લક્ષણવાળા પરિણામ શોક કર્મના આસ્રવનું કારણ છે.

(૧) પોતાને ભયરૂપ ભાવ રાખવો;

(૨) બીજાને ભય ઉપજાવવો;

એ વગેરે લક્ષણવાળા પરિણામ ભયકર્મના આસ્રવનું કારણ છે.

ભલી ક્રિયા–આચાર પ્રત્યે ગ્લાનિ એ વગેરે પરિણામ હોવા તે જુગુપ્સા કર્મના આસ્રવનું કારણ છે.

(૧) જુઠ્ઠું બોલવાનો સ્વભાવ હોવો;

(૨) માયાચારમાં તત્પરતા રહેવી;

(૩) પરના છિદ્રની આકાંક્ષા અથવા અતિઘણો રાગ હોવો; એ વગેરે પરિણામ સ્ત્રીવેદકર્મના આસ્રવનું કારણ છે.

(૧) અલ્પ ક્રોધ હોવો;

(૨) ઈષ્ટ પદાર્થોમાં ઓછી આસક્તિ હોવી;

(૩) પોતાની સ્ત્રીમાં સંતોષ હોવો;

એ વગેરે પરિણામ પુરુષવેદકર્મના આસ્રવનું કારણ છે.

(૧) કષાયની પ્રબળતા હોવી;

(૨) ગુહ્ય ઈન્દ્રિયોનું છેદન કરવું;

(૩) પરસ્ત્રીગમન કરવું;

એ વગેરે પરિણામ હોવા તે નપુંસકવેદના આસ્રવનું કારણ છે.

૩. '**તીવ્રતા** તે બંધનું કારણ છે અને સર્વ જઘન્યતા તે બંધનું કારણ નથી.' આ સિદ્ધાંત

આત્માના તમામ ગુણોમાં લાગુ પડે છે. આત્મામાં થતાં મિથ્યાદર્શનનો જે ભાવ છેલ્લામાં છેલ્લો જઘન્ય હોય તે દર્શનમોહનીયકર્મના આસ્રવનું કારણ નથી. જો છેલ્લો અંશ પણ બંધનું કારણ થાય તો કોઈ જીવ વ્યવહારે પણ કર્મરહિત ન થઈ શકે. (જુઓ, અ. ૫ સૂ. ૩૪ ની ટીકા–પા. ૪૩૮.) ૧૪.

હવે આયુકર્મના આસ્રવનું કારણ કહે છે :—

## નરકાયુના આસ્રવનું કારણ

## वह्वारम्भपरिग्रहत्वं नारकस्यायुषः ॥१५॥

**અર્થ** :—[वहु आरम्भ परिग्रहत्वं] ઘણો આરંભ–પરિગ્રહ હોવો તે [नारकस्य आयुषः] નારકીના આયુના આસ્રવનું કારણ છે.

૧. બહુ આરંભ–પરિગ્રહ રાખવાનો જે ભાવ છે તે નરકાયુના આસ્રવનો હેતુ છે. 'બહુ' શબ્દ સંખ્યાવાચક છે તેમ જ પરિણામવાચક છે; એ બન્ને અર્થો અહીં લાગુ પડે છે. અધિક સંખ્યામાં આરંભ–પરિગ્રહ રાખવાથી નરકાયુનો આસ્રવ થાય છે. આરંભ–પરિગ્રહ રાખવાના બહુ પરિણામથી નરકાયુનો આસ્રવ થાય છે; બહુ આરંભ–પરિગ્રહનો ભાવ તે ઉપાદાન કારણ છે અને બાહ્ય બહુ આરંભ–પરિગ્રહ તે નિમિત્તકારણ છે.

૨. **આરંભ**—હિંસાદિ પ્રવૃત્તિનું નામ આરંભ છે. જેટલો પણ આરંભ કરવામાં આવે તેમાં સ્થાવરાદિ જીવોનો નિયમથી વધ થાય છે. આરંભની સાથે 'બહુ' શબ્દનો સમાસ કરીને ઘણો આરંભ અથવા બહુ તીવ્ર પરિણામથી જે આરંભ કરવામાં આવે તે બહુ આરંભ, એવો અર્થ થાય છે.

૩. **પરિગ્રહ**—'આ વસ્તુ મારી છે, હું તેનો સ્વામી છું' એવું પરમા પોતાપણાનું અભિમાન અથવા પર વસ્તુમાં 'આ મારી છે' એવો જે સંકલ્પ તે પરિગ્રહ છે. કેવળ બાહ્ય ધન–ધાન્યાદિ પદાર્થોને જ 'પરિગ્રહ' નામ લાગુ પડે છે એમ નથી; બાહ્યમાં કાંઈ પણ પદાર્થ ન હોવા છતાં પણ જો ભાવમાં મમત્વ હોય તો ત્યાં પણ પરિગ્રહ કહી શકાય છે.

૪. સૂત્રમાં નરકાયુના આસ્રવનાં કારણનું જે વર્ણન કર્યું છે, તે સંક્ષેપથી છે. ભાવોનું વિસ્તારથી વર્ણન નીચે પ્રમાણે છે—

(૧) મિથ્યાદર્શનસહિત હીનાચારમાં તત્પર રહેવું,

(૨) અત્યંત માન કરવું,

(૩) શિલાભેદ સમાન અત્યંત તીવ્ર ક્રોધ કરવો,
(૪) અત્યંત તીવ્ર લોભનો અનુરાગ રહેવો,
(૫) દયારહિત પરિણામોનું હોવું,
(૬) બીજાઓને દુઃખ દેવાનું ચિત્ત રાખવું,
(૭) જીવોને મારવાનો તથા બાંધવાનો ભાવ કરવો,
(૮) જીવોને નિરંતર ઘાત કરવાના પરિણામ રાખવા,
(૯) જેમાં બીજા પ્રાણીનો વધ થાય એવાં જૂઠાં વચન બોલવાનો સ્વભાવ રાખવો.
(૧૦) બીજાઓનું ધન હરણ કરવાનો સ્વભાવ રાખવો,
(૧૧) બીજાની સ્ત્રીઓને આલિંગન કરવાનો સ્વભાવ રાખવો,
(૧૨) મૈથુનસેવનથી વિરક્તિ ન થવી,
(૧૩) અત્યંત આરંભમાં ઈન્દ્રિયોને લગાવી રાખવી,
(૧૪) કામભોગોની અભિલાષાને સદૈવ વધાર્યા કરવી,
(૧૫) શીલ-સદાચારરહિત સ્વભાવ રાખવો,
(૧૬) અભક્ષ્ય ભક્ષણને ગ્રહણ કરવાનો કે કરાવવાનો ભાવ રાખવો,
(૧૭) ઘણા કાળ સુધી વૈર બાંધી રાખવું.
(૧૮) મહાક્રૂર સ્વભાવ રાખવો,
(૧૯) વિચાર્યા વિના રોવા-કૂટવાનો સ્વભાવ રાખવો,
(૨૦) દેવ-ગુરુ-શાસ્ત્રોમાં મિથ્યા દોષ લગાડવા,
(૨૧) કૃષ્ણલેશ્યાના પરિણામ રાખવા,
(૨૨) રૌદ્રધ્યાનમાં મરણ કરવું,

આ વગેરે લક્ષણવાળા પરિણામ નરકાયુનું કારણ થાય છે. ૧૫.

## તિર્યંચાયુના આસ્રવનું કારણ

## माया तैर्यग्योनस्य ॥१६॥

**અર્થ** :—[माया] માયા-છળકપટ તે [तैर्यक् योनस्य] તિર્યંચાયુના આસ્રવનું કારણ છે.

## ટીકા

આત્માનો કુટિલ સ્વભાવ તે માયા છે; તેનાથી તિર્યંચયોનિનો આસ્રવ થાય છે. તિર્યંચાયુના આસ્રવના કારણનું આ સૂત્રમાં જે વર્ણન કર્યું છે તે સંક્ષેપમાં છે. તે ભાવોનું વિસ્તારથી વર્ણન નીચે પ્રમાણે છે–

(૧) માયાથી મિથ્યાધર્મનો ઉપદેશ દેવો,

(૨) બહુ આરંભ–પરિગ્રહમાં કપટમય પરિણામ કરવા,

(૩) કપટ–કુટિલ કર્મમાં તત્પરપણું હોવું,

(૪) પૃથ્વીભેદ સમાન ક્રોધીપણું હોવું,

(૫) શીલરહિતપણું હોવું,

(૬) શબ્દથી–ચેષ્ટાથી તીવ્ર માયાચાર કરવો,

(૭) પરના પરિણામમાં ભેદ ઉપજાવવો,

(૮) અતિ અનર્થ પ્રગટ કરવો,

(૯) ગંધ–રસ–સ્પર્શનું વિપરીતપણું કરવું,

(૧૦) જાતિ–કુળ–શીલમાં દૂષણ લગાડવું,

(૧૧) વિસંવાદમાં પ્રીતિ રાખવી,

(૧૨) પરના ઉત્તમ ગુણને છુપાવવો,

(૧૩) પોતામાં ન હોય તેવા ગુણો કહેવા,

(૧૪) નીલ–કાપોત લેશ્યારૂપ પરિણામ કરવા,

(૧૫) આર્ત્તધ્યાનમાં મરણ કરવું.

—આ વગેરે લક્ષણવાળા પરિણામો તિર્યંચાયુના આસ્રવનાં કારણો છે. ૧૬.

## મનુષ્યાયુના આસ્રવનું કારણ

## अल्पारम्भपरिग्रहत्वं मानुषस्य ॥१७॥

**અર્થ** :—[अल्प आरंभपरिग्रहत्वं] અલ્પ આરંભપરિગ્રહપણું તે [मानुषस्य] મનુષ્યના આયુના આસ્રવનું કારણ છે.

## ટીકા

નરકાયુના આસ્રવનું કથન ૧૫ મા સૂત્રમાં કરવામાં આવ્યું છે, તે નરકાયુના આસ્રવથી જે વિપરીત છે તે મનુષ્યના આયુના આસ્રવનું કારણ છે. આ સૂત્રમાં મનુષ્યાયુના આસ્રવના કારણનું સંક્ષેપ કથન છે; તેનું વિસ્તારથી વર્ણન નીચે પ્રમાણે છે–

(૧) મિથ્યાત્વસહિત બુદ્ધિનું હોવું,

(૨) સ્વભાવમાં વિનય હોવો,

(૩) પ્રકૃતિમાં ભદ્રતા હોવી,

(૪) પરિણામોમાં કોમળતા હોવી અને માયાચારનો ભાવ ન હોવો,

(૫) સારાં આચરણોમાં સુખ માનવું,

(૬) વેળુની રેખા સમાન ક્રોધનું હોવું,

(૭) વિશેષ ગુણી પુરુષોની સાથે વ્યવહારપ્રિય હોવું,

(૮) થોડો આરંભ, થોડો પરિગ્રહ રાખવો,

(૯) સંતોષ રાખવામાં રુચિ કરવી,

(૧૦) પ્રાણીઓના ઘાતથી વિરક્ત થવું,

(૧૧) માઠાં કાર્યોથી નિવૃત્તિ હોવી,

(૧૨) મનમાં જે વાત હોય તે અનુસાર સરળતાથી બોલવું,

(૧૩) વ્યર્થ બકવાદ ન કરવો,

(૧૪) પરિણામોમાં મધુરતાનું હોવું,

(૧૫) સર્વે લોકો પ્રત્યે ઉપકાર બુદ્ધિ રાખવી,

(૧૬) પરિણામોમાં વૈરાગ્યવૃત્તિ રાખવી,

(૧૭) કોઈ પ્રત્યે ઈર્ષાભાવ ન રાખવો,

(૧૮) દાન દેવાનો સ્વભાવ રાખવો,

(૧૯) કાપોત તથા પીત લેશ્યા સહિત હોવું,

(૨૦) ધર્મધ્યાનમાં મરણ થવું,

—આ વગેરે લક્ષણવાળા પરિણામો મનુષ્યાયુના આસ્રવનાં કારણો છે.

**પ્રશ્ન** :—મિથ્યાદર્શનસહિત જેની બુદ્ધિ હોય તેને મનુષ્યાયુનો આસ્રવ કેમ કહ્યો?

**ઉત્તર** :—મનુષ્ય, તિર્યંચને સમ્યક્ત્વપરિણામ થતાં તે કલ્પવાસીદેવનું આયુ બાંધે છે, મનુષ્યાયુનો બંધ તેઓ કરતા નથી, એટલું બતાવવા માટે ઉપર પ્રમાણે કહ્યું છે. ૧૭.

## મનુષ્યઆયુના આસ્રવનું કારણ (ચાલુ)

## स्वभावमार्दवं च ॥१८॥

**અર્થ** :—[स्वभावमार्दवं] સ્વભાવથી જ સરળ પરિણામી હોવું [च] તે પણ મનુષ્યના આયુના આસ્રવનું કારણ છે.

### ટીકા

૧. આ સૂત્રને સત્તરમા સૂત્રથી જુદું લખવાનું કારણ એ છે, કે આ સૂત્રમાં જણાવેલી બાબત દેવાયુના આસ્રવનું પણ કારણ થાય છે.

૨. અહીં 'स्वभाव'નો અર્થ 'આત્માનો શુદ્ધ સ્વભાવ' એમ ન સમજવો; કેમ કે નિજસ્વભાવ બંધનું કારણ હોય નહિ. અહીં 'स्वभाव'નો અર્થ 'કોઈએ શીખવ્યા વગર' એમ થાય છે. માર્દવ પણ આત્માનો એક શુદ્ધભાવ છે, પરંતુ અહીં 'मार्दव'નો અર્થ 'શુભભાવરૂપ (મંદકષાયરૂપ) સરળ પરિણામ' એમ કરવો; કેમ કે જે શુદ્ધભાવરૂપ માર્દવ છે તે બંધનું કારણ નથી, પણ શુભભાવરૂપ માર્દવ તે જ બંધનું કારણ છે. ૧૮.

## બધાં આયુઓના આસ્રવનું કારણ

## निःशीलव्रतत्वं च सर्वेषाम् ॥१९॥

**અર્થ** :—[निःशीलव्रतत्वं च] શીલ અને વ્રતનો અભાવ તે પણ [सर्वेषाम्] બધા પ્રકારનાં આયુના આસ્રવનું કારણ છે.

### ટીકા

૧. **પ્રશ્ન** :—જે વ્રત અને શીલ રહિત હોય તેને દેવાયુનો આસ્રવ કેમ થાય?

**ઉત્તર** :—ભોગભૂમિના જીવોને શીલ-વ્રતાદિ નથી, તોપણ દેવાયુનો જ આસ્રવ થાય છે.

૨. એ વાત ખાસ લક્ષમાં રાખવી, કે મિથ્યાદૃષ્ટિને સાચાં શીલ કે વ્રત હોતાં નથી.

મિથ્યાદૃષ્ટિ જીવ ગમે તેવા શુભરાગરૂપ શીલવ્રત પાળતો હોય, તોપણ તે સાચાં શીલ-વ્રતરહિત જ છે. સમ્યગ્દૃષ્ટિ થયા પછી જીવ અણુવ્રત કે મહાવ્રત ધારણ કરે તેટલાથી તે જીવ આયુના બંધરહિત થઈ જતો નથી; સમ્યગ્દૃષ્ટિનાં સાચાં અણુવ્રત અને મહાવ્રત દેવાયુના આસ્રવનું કારણ છે, કેમ કે તે પણ રાગ છે. માત્ર વીતરાગભાવ જ બંધનું કારણ ન થાય; કોઈ પણ પ્રકારનો રાગ હોય તે તો આસ્રવ અને બંધનું કારણ થાય જ. હવે પછીના (૨૦ મા) સૂત્રમાં તે સ્પષ્ટ કર્યું છે. 'બાળતપ' આસ્રવનું કારણ છે, એમ ૧૨ તથા ૨૦ મા સૂત્રમાં કહ્યું છે. ૧૯.

## દેવાયુના આસ્રવનું કારણ

## सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि दैवस्य ॥२०॥

**અર્થ** :—[सरागसंयम संयमासंयम अकामनिर्जरा बालतपांसि] સરાગસંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા અને બાળતપ [दैवस्य] તે દેવાયુના આસ્રવનાં કારણો છે.

### ટીકા

૧. આ સૂત્રમાં જણાવેલા ભાવોના અર્થ પૂર્વે ૧૨ મા સૂત્રની ટીકામાં આવી ગયા છે. જુઓ પાનું ૫૩૧. પરિણામો બગડ્યા વગર મંદકષાય રાખીને દુઃખ સહન કરવું તે અકામનિર્જરા છે.

૨. મિથ્યાદૃષ્ટિને સરાગસંયમ અને સંયમાસંયમ હોતાં નથી પણ 'બાળતપ' હોય છે; માટે બાહ્ય વ્રત ધારણ કર્યાં હોય તે ઉપરથી તે જીવને સરાગસંયમ કે સંયમાસંયમ છે—એમ માની લેવું નહિ. સમ્યગ્દર્શન થયા પછી પાંચમા ગુણસ્થાને અણુવ્રત અર્થાત્ સંયમાસંયમ અને છઠ્ઠા ગુણસ્થાને મહાવ્રત અર્થાત્ સરાગસંયમ હોય છે. સમ્યગ્દર્શન હોવા છતાં અણુવ્રત કે મહાવ્રત ન હોય, એમ પણ બને છે. તેવા જીવોને વીતરાગદેવનાં દર્શન-પૂજા, સ્વાધ્યાય, અનુકંપા ઈત્યાદિ શુભભાવ હોય છે; પહેલાથી ચોથા ગુણસ્થાન સુધી તે જાતના શુભભાવ હોય છે; પણ ત્યાં વ્રત હોતાં નથી. અજ્ઞાનીના માનેલાં વ્રત અને તપને બાળવ્રત અને બાળતપ કહ્યાં છે. 'બાળતપ' શબ્દ તો આ સૂત્રમાં જણાવ્યો છે અને બાળવ્રતનો સમાવેશ ઉપરના (૧૯ મા) સૂત્રમાં થાય છે. (જુઓ સૂત્ર ૧૨ તથા ૨૧ ની ટીકા.)

૩. અહીં પણ એ જાણવું, કે સરાગસંયમ અને સંયમાસંયમમાં જેટલો વીતરાગભાવરૂપ સંયમ પ્રગટ્યો છે તે આસ્રવનું કારણ નથી, પણ તેની સાથે જે રાગ વર્તે છે તે આસ્રવનું કારણ છે. ૨૦.

## દેવાયુના આસ્રવનું કારણ (ચાલુ)

## सम्यक्त्वं च ॥२१॥

**અર્થ** :—[सम्यक्त्वं च] સમ્યગ્દર્શન પણ દેવાયુના આસ્રવનું કારણ છે અર્થાત્ સમ્યગ્દર્શન સાથે રહેલો રાગ તે પણ દેવાયુના આસ્રવનું કારણ છે.

### ટીકા

૧. જોકે સમ્યગ્દર્શન શુદ્ધભાવ હોવાથી તે કોઈ પણ કર્મના આસ્રવનું કારણ નથી, તોપણ તે ભૂમિકામાં જે રાગાંશ મનુષ્ય અને તિર્યંચને હોય છે તે દેવાયુના આસ્રવનું કારણ થાય છે. સરાગસંયમ અને સંયમાસંયમ સંબંધમાં પણ એ જ પ્રમાણે છે, તે ઉપર કહેવાઈ ગયું છે.

૨. દેવાયુના આસ્રવનાં કારણ સંબંધી ૨૦ મું સૂત્ર કહ્યા પછી આ સૂત્ર જુદું લખવાનું પ્રયોજન એ છે કે, સમ્યગ્દષ્ટિ મનુષ્ય તથા તિર્યંચને જે રાગ હોય છે તે વૈમાનિક દેવાયુના જ આસ્રવનું કારણ થાય છે. હલકા દેવોનાં આયુનું કારણ તે રાગ થતો નથી.

૩. સમ્યગ્દષ્ટિને જેટલા અંશે રાગ નથી તેટલા અંશે આસ્રવ-બંધ નથી અને જેટલા અંશે રાગ છે તેટલા અંશે આસ્રવ-બંધ છે. (જુઓ, શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત પુરુષાર્થસિદ્ધિ ઉપાય-ગાથા ૨૧૨ થી ૨૧૪) સમ્યગ્દર્શન પોતે અબંધ છે અર્થાત્ તે પોતે કોઈ પ્રકારના બંધનું કારણ નથી. મિથ્યાદૃષ્ટિને કોઈ પણ અંશે રાગનો અભાવ હોય એમ બનતું જ નથી, તેથી તે સંપૂર્ણપણે હંમેશાં બંધભાવમાં જ હોય છે.

અહીં આયુકર્મના આસ્રવ સંબંધી વર્ણન પૂરું થયું. ૨૧.

હવે નામકર્મના આસ્રવનું કારણ જણાવે છે—

## અશુભનામકર્મના આસ્રવનું કારણ

## योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ॥२२॥

**અર્થ** :—[योगवक्रता] યોગમાં કુટિલતા [विसंवादनं च] અને વિસંવાદન અર્થાત્ અન્યથા પ્રવર્તન તે [अशुभस्य नाम्नः] અશુભનામકર્મના આસ્રવનું કારણ છે.

### ટીકા

૧. આત્માના પ્રદેશોનું પરિસ્પંદન તે યોગ છે. (જુઓ, આ અધ્યાયના પહેલા સૂત્રની

ટીકા) એકલો યોગ માત્ર સાતાવેદનીયના આસ્રવનું કારણ છે. યોગમાં વક્રતા હોતી નથી પણ ઉપયોગમાં વક્રતા (-કુટિલતા) હોય છે. જે યોગની સાથે ઉપયોગની વક્રતા રહેલી હોય તે અશુભનામકર્મના આસ્રવનું કારણ છે. આસ્રવના પ્રકરણમાં યોગનું મુખ્યપણું છે અને બંધના પ્રકરણમાં બંધપરિણામોનું મુખ્યપણું છે; તેથી આ અધ્યાયમાં અને આ સૂત્રમાં યોગ શબ્દ વાપર્યો છે. પરિણામોનું વક્રપણું જડ—મન, વચન કે કાયા—માં હોતું નથી, તેમ જ યોગમાં પણ હોતું નથી પણ ઉપયોગમાં હોય છે. અહીં આસ્રવનું પ્રકરણ હોવાથી અને આસ્રવનું કારણ યોગ હોવાથી, ઉપયોગની વક્રતાને ઉપચારથી યોગ-વક્રતા કહેલ છે; યોગના વિસંવાદન સંબંધમાં પણ તે પ્રમાણે સમજી લેવું.

૨. **પ્રશ્ન** :—વિસંવાદનનો અર્થ અન્યથા પ્રવર્તન એવો થાય છે અને તેનો સમાવેશ વક્રતામાં થઈ જાય છે, છતાં 'વિસંવાદન' શબ્દ જુદો શા માટે કહ્યો?

**ઉત્તર** :—જીવની પોતાની અપેક્ષાએ યોગ વક્રતા કહેવાય છે અને પરની અપેક્ષાએ વિસંવાદન કહેવાય છે. મોક્ષમાર્ગમાં પ્રતિકૂળ એવી મન-વચન-કાયા દ્વારા ખોટી પ્રયોજના કરવી તે યોગ વક્રતા છે અને બીજાને તેમ કરવાનું કહેવું તે વિસંવાદન છે. કોઈ જીવ શુભ કરતો હોય તેને અશુભ કરવાનું કહેવું તે પણ વિસંવાદન છે. કોઈ જીવ શુભરાગ કરતો હોય અને તેમાં ધર્મ માનતો હોય તેને એમ કહેવું કે, શુભરાગથી ધર્મ ન થાય પણ બંધ થાય અને સાચી સમજણ તથા વીતરાગ ભાવથી ધર્મ થાય;—આવો ઉપદેશ આપવો તે વિસંવાદન નથી, કેમ કે તેમાં તો સમ્યક્ ન્યાયનું પ્રતિપાદન છે, તેથી તે કારણે અશુભ બંધ થાય નહિ.

૩. આ સૂત્રના 'च' શબ્દમાં મિથ્યાદર્શનનું સેવન, કોઈનું ખોટું વાંકું બોલવું, ચિત્તનું અસ્થિરપણું, કપટરૂપ માપ-તોલ, પરની નિંદા, પોતાની પ્રશંસા ઈત્યાદિનો સમાવેશ થઈ જાય છે. ૨૨.

## શુભનામકર્મના આસ્રવનું કારણ

## तद्विपरीतं शुभस्य ॥२३॥

**અર્થ** :—[तत् विपरीतं] તેનાથી અર્થાત્ શુભનામકર્મના આસ્રવનાં જે કારણો કહ્યાં તેનાથી વિપરીતભાવો [शुभस्य] શુભનામકર્મના આસ્રવનાં કારણો છે.

### ટીકા

૧. બાવીસમા સૂત્રમાં યોગની વક્રતા અને વિસંવાદનને અશુભકર્મના આસ્રવનાં કારણો કહ્યાં છે. તેનાથી વિપરીત એટલે સરળતા હોવી અને અન્યથા પ્રવૃત્તિનો અભાવ હોવો તે શુભનામકર્મના આસ્રવનાં કારણો છે.

૨. અહીં 'સરળતા' શબ્દનો અર્થ 'પોતાના શુદ્ધસ્વભાવરૂપ સરળતા' એમ ન સમજવો પણ 'શુભભાવરૂપ સરળતા' એમ સમજવો. અન્યથા પ્રવૃત્તિનો અભાવ તે પણ શુભભાવરૂપ સમજવો. શુદ્ધભાવ તો આસ્રવ–બંધનું કારણ હોય નહિ. ૨૩.

## તીર્થંકરનામકર્મના આસ્રવનાં કારણો

**दर्शनविशुद्धिर्विनयसम्पन्नता शीलव्रतेष्वनतीचारोऽभीक्ष्णज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसी साधुसमाधिर्वैयावृत्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचन-भक्तिरावश्यकापरिहाणिर्मार्गप्रभावनाप्रवचनवत्सलत्वमितितीर्थकरत्वस्य ॥२४॥**

**અર્થ** :—[दर्शनविशुद्धिः] ૧–દર્શનવિશુદ્ધિ, [विनयसम्पन्नता] ૨–વિનયસમ્પન્નતા, [शीलव्रतेषु अनतीचारो] ૩–શીલ અને વ્રતોમાં અનતિચાર, [अभिक्ष्णज्ञानोपयोगः] ૪–નિરંતર જ્ઞાનોપયોગ, [संवेगः] ૫–સંવેગ અર્થાત્ સંસારથી ભયભીત હોવું, [शक्तितः त्याग तपसी] ૬–૭–શક્તિ અનુસાર ત્યાગ તથા તપ કરવો, [साधुसमाधिः] ૮–સાધુસમાધિ, [वैयावृत्यकरणम्] ૯–વૈયાવૃત્ય કરવી, [अर्हत् आचार्य बहुश्रुत प्रवचन भक्तिः] ૧૦–૧૩–અર્હત્–આચાર્ય–બહુશ્રુત (ઉપાધ્યાય) અને પ્રવચન પ્રત્યે ભક્તિ, [आवश्यक अपरिहाणिः] ૧૪–આવશ્યકમાં હાનિ ન કરવી, [मार्गप्रभावना] ૧૫–માર્ગપ્રભાવના અને [प्रवचनवत्सलत्वम्] ૧૬–પ્રવચન–વાત્સલ્ય [इति तीर्थंकरत्वस्य] એ સોળ ભાવના તીર્થંકરનામકર્મના આસ્રવનાં કારણો છે.

### ટીકા

૧. આ બધી ભાવનાઓમાં દર્શનવિશુદ્ધિ મુખ્ય છે, તેથી પ્રથમ જ તે જણાવેલ છે; તેના અભાવમાં બીજી બધી ભાવના હોય, તોપણ તીર્થંકરનામકર્મનો આસ્રવ થતો નથી અને તેના સદ્‌ભાવમાં બીજી ભાવનાઓ હોય કે ન હોય, તોપણ તીર્થંકરનામકર્મનો આસ્રવ થાય છે.

૨. અહીં જણાવેલી સોળ ભાવના સંબંધમાં વિશેષ કહેવામાં આવે છે—

### (૧) દર્શનવિશુદ્ધિ

દર્શનવિશુદ્ધિ એટલે સમ્યગ્દર્શનની વિશુદ્ધિ. સમ્યગ્દર્શન પોતે આત્માનો શુદ્ધ પર્યાય હોવાથી તે બંધનું કારણ નથી, પણ સમ્યગ્દર્શનની ભૂમિકામાં એક ખાસ પ્રકારની કષાયની વિશુદ્ધિ થાય છે, તે તીર્થંકરનામકર્મના બંધનું કારણ થાય છે. દૃષ્ટાંત : વચન–કર્મને (અર્થાત્ વચનરૂપી કાર્યને) યોગ કહેવાય છે, પરંતુ 'વચન યોગ'નો અર્થ 'વચન દ્વારા થતું આત્મકર્મ

તે યોગ' એવો થાય છે, કેમ કે જડ વચન કાંઈ બંધનું કારણ નથી. આત્મામાં જે આસ્રવ થાય છે તે આત્માની ચંચળતાથી થાય છે, પુદ્ગલથી થતો નથી; પુદ્ગલ તો નિમિત્તમાત્ર છે. **સિદ્ધાંત :** દર્શનવિશુદ્ધિને તીર્થંકરનામકર્મના આસ્રવનું કારણ કહ્યું છે, ત્યાં ખરેખર દર્શનની શુદ્ધિ પોતે આસ્રવ-બંધનું કારણ નથી પણ રાગ જ બંધનું કારણ છે. તેથી દર્શનવિશુદ્ધિનો અર્થ 'દર્શન સાથે રહેલો રાગ' એમ સમજવો યોગ્ય છે. કોઈ પણ પ્રકારના બંધનું કારણ કષાય જ છે, સમ્યગ્દર્શનાદિ બંધનાં કારણ નથી. સમ્યગ્દર્શન કે જે આત્માને બંધથી છોડાવનારું છે તે પોતે બંધનું કારણ કેમ થઈ શકે? તીર્થંકરનામકર્મ તે પણ આસ્રવ-બંધ જ છે; તેથી તેનું કારણ પણ સમ્યગ્દર્શનાદિ ખરેખર નથી. સમ્યગ્દૃષ્ટિ જીવને જિનોપદિષ્ટ નિર્ગ્રંથ મોક્ષમાર્ગમાં જે દર્શન સંબંધી ધર્માનુરાગ થાય છે, તે દર્શનવિશુદ્ધિ છે. સમ્યગ્દર્શનના શંકાદિ દોષો ટળી જવાથી તે વિશુદ્ધિ થાય છે. (જુઓ, તત્ત્વાર્થસાર અધ્યાય ૪, ગાથા ૪૯ થી ૫૨ ની ટીકા. પા. ૨૨૧.)

## (૨) વિનયસંપન્નતા

૧. વિનયથી પરિપૂર્ણ રહેવું તે વિનયસંપન્નતા છે. સમ્યગ્જ્ઞાનાદિ ગુણોનો તથા જ્ઞાનાદિ ગુણસંયુક્ત જ્ઞાનીનો આદર ઉત્પન્ન થવો તે વિનય છે. આ વિનયમાં જે રાગ છે તે આસ્રવ-બંધનું કારણ છે.

૨. વિનય બે પ્રકારના છે-એક શુદ્ધભાવરૂપ વિનય છે; તેને નિશ્ચયવિનય પણ કહેવામાં આવે છે; પોતાના શુદ્ધસ્વરૂપમાં ટકી રહેવું તે નિશ્ચયવિનય છે. આ વિનય બંધનું કારણ નથી. બીજો શુભભાવરૂપ વિનય છે, તેને વ્યવહારવિનય પણ કહેવામાં આવે છે. અજ્ઞાનીને સાચો વિનય હોતો જ નથી. સમ્યગ્દૃષ્ટિને શુભભાવરૂપ વિનય હોય છે અને તે તીર્થંકરનામકર્મના આસ્રવનું કારણ છે. છટ્ઠા ગુણસ્થાન પછી વ્યવહારવિનય હોતો નથી પણ નિશ્ચયવિનય હોય છે.

## (3) શીલ અને વ્રતોમાં અનતિચાર

'શીલ' શબ્દના ત્રણ અર્થ થાય છે :—૧-સત્સ્વભાવ, ૨-સ્વ દ્વારા સંતોષ અને ૩-દિગ્વ્રત વગેરે સાત વ્રત જે અહિંસાદિ વ્રતના રક્ષણાર્થે હોય છે તે. સત્ સ્વભાવનો અર્થ ક્રોધાદિ કષાયને વશ ન થવું તે. આ શુભભાવ છે, અતિમંદ કષાય હોય ત્યારે તે થાય છે. 'શીલ'નો પહેલો અને ત્રીજો અર્થ અહીં લેવો; બીજો અર્થ 'વ્રત' શબ્દમાં આવી જાય છે. અહિંસા આદિ વ્રતો છે. અનતિચાર એટલે દોષ રહિતપણું.

## (૪) અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ

અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ એટલે સદા જ્ઞાનોપયોગમાં રહેવું તે; સમ્યગ્જ્ઞાન દ્વારા પ્રત્યેક કાર્યમાં વિચાર કરીને તેમાં પ્રવૃત્તિ કરવી તે જ્ઞાનોપયોગનો અર્થ છે. જ્ઞાનનું સાક્ષાત્ તેમ જ

પરંપરા ફળ વિચારવું. અજ્ઞાનની નિવૃત્તિ અને હિતાહિતની સમજણ સાચા જ્ઞાનથી જ થાય છે; તેથી તે પણ જ્ઞાનોપયોગનો અર્થ છે. માટે સાચા જ્ઞાનને પોતાનું હિતકારી માનવું જોઈએ. જ્ઞાનોપયોગમાં જે વીતરાગતા છે તે બંધનું કારણ નથી પણ જે શુભભાવરૂપ રાગ છે, તે બંધનું કારણ છે.

## (૫) સંવેગ

નિત્ય સંસારના દુઃખોથી ભીરુતાનો ભાવ તે સંવેગ છે; તેમાં જે વીતરાગભાવ છે તે બંધનું કારણ નથી પણ જે શુભરાગ છે, તે બંધનું કારણ છે. સમ્યગ્દ્રષ્ટિઓને જે વ્યવહાર સંવેગ હોય છે તે રાગભાવ છે; જ્યારે નિર્વિકલ્પદશામાં ન રહી શકાય ત્યારે તેવો સંવેગભાવ નિરંતર હોય છે.

## (૬–૭) શક્તિ અનુસાર ત્યાગ તથા તપ

૧. ત્યાગ બે પ્રકારના છે—શુદ્ધભાવરૂપ અને શુભભાવરૂપ; તેમાં જેટલે અંશે શુદ્ધતા હોય તેટલે અંશે વીતરાગતા છે અને તે બંધનું કારણ નથી. સમ્યગ્દ્રષ્ટિને શુભભાવરૂપ ત્યાગ શક્તિ–અનુસાર હોય છે; શક્તિથી હીન કે અધિક હોતો નથી, શુભરાગરૂપ ત્યાગભાવ બંધનું કારણ છે.

'ત્યાગ'નો અર્થ 'દાન દેવું' એવો પણ થાય છે.

૨. ઈચ્છા–નિરોધ તે તપ છે, એટલે કે શુભાશુભભાવનો નિરોધ તે તપ છે; આ તપ સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે; તેને નિશ્ચયતપ કહેવાય છે. સમ્યગ્દ્રષ્ટિને જેટલે અંશે વીતરાગભાવ છે તેટલે અંશે નિશ્ચયતપ છે અને તે બંધનું કારણ નથી; પણ જેટલે અંશે શુભરાગરૂપ વ્યવહારતપ છે, તે બંધનું કારણ છે. મિથ્યાદ્રષ્ટિને સાચું તપ હોતું નથી; તેના શુભરાગરૂપ તપને 'બાળતપ' કહેવામાં આવે છે. 'બાળ'નો અર્થ અજ્ઞાન, મૂઢ એવો છે. અજ્ઞાનીના તપ વગેરેમાં શુભભાવ તીર્થંકરપ્રકૃતિના આસ્રવનું કારણ થઈ શકે જ નહિ.

## (૮) સાધુસમાધિ

સમ્યગ્દ્રષ્ટિ સાધુને તપમાં તથા આત્મસિદ્ધિમાં વિઘ્ન આવતું દેખીને તે દૂર કરવાનો ભાવ અને તેમને સમાધિ ટકી રહે એવો ભાવ તે સાધુસમાધિ છે; આ શુભરાગ છે. આવો રાગ યથાર્થપણે સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે, પણ તેઓને તે રાગની ભાવના હોતી નથી.

## (૯) વૈયાવૃત્યકરણ

વૈયાવૃત્ય એટલે સેવા; રોગી, નાની ઉંમરના કે વૃદ્ધ મુનિઓની સેવા કરવી તે

વૈયાવૃત્યકરણ છે. 'સાધુસમાધિ'માં સાધુનું ચિત્ત સંતુષ્ટ રાખવું એવો અર્થ થાય છે અને 'વૈયાવૃત્યકરણ'માં તપસ્વીઓને યોગ્ય સાધન એકઠું કરવું, કે જે સદા ઉપયોગી થાય—એવા હેતુથી જે દાન દેવામાં આવે તે વૈયાવૃત્ય છે, પણ સાધુસમાધિ નથી. સાધુઓના સ્થાનને સાફ રાખવું, દુ:ખનું કારણ ઊપજતું દેખી તેમના પગ દાબવા વગેરે પ્રકારે સેવા કરવી, તે પણ વૈયાવૃત્ય છે; આ શુભભાવ છે.

## (૧૦–૧૩) અર્હત્–બહુશ્રુત અને પ્રવચનભક્તિ

ભક્તિ બે પ્રકારની છે—એક શુદ્ધભાવરૂપ અને બીજી શુભભાવરૂપ. સમ્યગ્દર્શન તે પરમાર્થ ભક્તિ એટલે કે શુદ્ધભાવરૂપ ભક્તિ છે. સમ્યગ્દષ્ટિની નિશ્ચયભક્તિ શુદ્ધાત્મતત્ત્વની ભાવનારૂપ છે; તે શુદ્ધભાવરૂપ હોવાથી બંધનું કારણ નથી. સમ્યગ્દષ્ટિને શુભભાવરૂપ જે સરાગભક્તિ હોય છે, તે પંચપરમેષ્ઠીની આરાધનારૂપ છે. (જુઓ, શ્રી હિંદી સમયસાર, આસ્રવ–અધિકાર ગાથા ૧૭૩ થી ૧૭૬ જયસેનાચાર્યકૃત સંસ્કૃત ટીકા, પા. ૨૫૦)

૧–અર્હત્ અને આચાર્યનો સમાવેશ પંચપરમેષ્ઠીમાં થઈ જાય છે. સર્વજ્ઞકેવળી જિન ભગવાન અર્હત્ છે; તેઓ સંપૂર્ણ ધર્મોપદેશના વિધાતા (કરનાર) છે; તેઓ સાક્ષાત્ જ્ઞાની પૂર્ણ વીતરાગ છે. ૨–સાધુસંઘમાં જે મુખ્ય સાધુ હોય તેમને આચાર્ય કહેવામાં આવે છે; તેઓ સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક ચારિત્રના પાલક છે અને બીજાને તેમાં નિમિત્ત થાય છે; તેમને ઘણી વીતરાગતા પ્રગટી હોય છે. ૩–બહુશ્રુતનો અર્થ 'બહુ જ્ઞાની,' 'ઉપાધ્યાય' કે 'સર્વ શાસ્ત્રસંપન્ન' એમ થાય છે; ૪–સમ્યગ્દષ્ટિની શાસ્ત્રભક્તિ તે પ્રવચનભક્તિ છે. આ ભક્તિમાં જેટલો રાગ ભાવ છે, તે આસ્રવનું કારણ છે; એમ સમજવું.

## (૧૪) આવશ્યક અપરિહાણિ

આવશ્યક અપરિહાણિનો અર્થ 'આવશ્યક ક્રિયાઓમાં હાનિ થવા ન દેવી' એમ છે. સમ્યગ્દષ્ટિ જીવ જ્યારે શુદ્ધભાવમાં ન રહી શકે ત્યારે અશુભભાવ ટાળતાં શુભભાવ રહી જાય છે; આ વખતે શુભરાગરૂપ છ આવશ્યક ક્રિયાઓ તેમને હોય છે. તે આવશ્યક ક્રિયાના ભાવમાં હાનિ ન થવા દેવી તેને આવશ્યક અપરિહાણિ કહેવાય છે. આ ક્રિયા આત્માના શુભભાવરૂપ છે પણ જડ શરીરની અવસ્થામાં આવશ્યક ક્રિયા હોતી નથી. શરીરની ક્રિયા આત્માથી થઈ શકતી નથી.

## (૧૫) માર્ગપ્રભાવના

સમ્યગ્જ્ઞાનના માહાત્મ્ય વડે, ઈચ્છાનિરોધરૂપ સમ્યક્તપ વડે તથા જિનપૂજા ઈત્યાદિ વડે ધર્મને પ્રકાશિત કરવો તે માર્ગપ્રભાવના છે. પ્રભાવનામાં સર્વથી ઉત્તમ આત્મપ્રભાવના છે–કે

જે રત્નત્રયના તેજથી દેદીપ્યમાન થતાં સર્વોત્કૃષ્ટ ફળ આપે છે. સમ્યગ્દષ્ટિને શુભરાગરૂપ જે પ્રભાવના છે તે આસ્રવ–બંધનું કારણ છે, પરંતુ સમ્યગ્દર્શનાદિરૂપ જે પ્રભાવના છે તે આસ્રવ–બંધનું કારણ નથી.

## (૧૬) પ્રવચનવાત્સલ્ય

સાધર્મીઓ પ્રત્યે પ્રીતિ તે વાત્સલ્ય છે. વાત્સલ્ય ને ભક્તિમાં એ ફેર છે, કે વાત્સલ્ય તો નાના–મોટા બધા ધર્મીઓ પ્રત્યે હોય છે અને ભક્તિ પોતાથી જે મોટા હોય તેમના પ્રત્યે હોય છે. શ્રુત અને શ્રુતના ધારણ કરનાર બંને પ્રત્યે વાત્સલ્ય રાખવું તે પ્રવચન વાત્સલ્ય છે. આ શુભરાગરૂપ ભાવ છે, તે આસ્રવ–બંધનું કારણ છે.

## ૩. તીર્થંકરોના ત્રણ પ્રકાર

તીર્થંકરદેવો ત્રણ પ્રકારના છે—(૧) પંચ કલ્યાણિક, (૨) ત્રણ કલ્યાણિક અને (૩) બે કલ્યાણિક. જેમને પૂર્વભવમાં તીર્થંકર–પ્રકૃતિ બંધાયેલી હોય તેઓને તો નિયમથી ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન અને નિર્વાણ એ પાંચ કલ્યાણિક હોય છે. જેઓને વર્તમાન મનુષ્યપર્યાયના ભવમાં જ ગૃહસ્થ અવસ્થામાં તીર્થંકરપ્રકૃતિ બંધાય તેમને તપ, જ્ઞાન અને નિર્વાણ એ ત્રણ કલ્યાણિક હોય છે અને જેઓને વર્તમાન મનુષ્યપર્યાયના ભવમાં મુનિ દીક્ષા લીધા પછી તીર્થંકરપ્રકૃતિ બંધાય તેમને જ્ઞાન અને નિર્વાણ એ બે જ કલ્યાણિક હોય છે. બીજા અને ત્રીજા પ્રકારના તીર્થંકરો મહાવિદેહક્ષેત્રમાં જ થાય છે. મહાવિદેહમાં જે પંચ–કલ્યાણિક તીર્થંકરો છે, તેમના સિવાયના બે કે ત્રણ કલ્યાણિકવાળા તીર્થંકરો પણ હોય છે; તથા તેઓ મહાવિદેહના જે ક્ષેત્રે બીજા તીર્થંકરો ન હોય ત્યાં જ થાય છે. મહાવિદેહક્ષેત્ર સિવાય ભરત–ઐરાવત ક્ષેત્રોમાં જે તીર્થંકરો થાય છે, તેઓ નિયમથી પંચકલ્યાણિક જ હોય છે.

## ૪. અરિહંતોના સાત પ્રકાર

ઉપર તીર્થંકરોના જે ત્રણ પ્રકાર કહ્યા, તે ત્રણ પ્રકાર અરિહંતોના સમજવા અને તે ઉપરાંત બીજા પ્રકારો નીચે મુજબ છે—

**(૪) સાતિશય કેવળી**—જે અરિહંતોને તીર્થંકરપ્રકૃતિનો ઉદય હોતો નથી, પરંતુ ગંધકુટી ઈત્યાદિ હોય છે, તેમને સાતિશય કેવળી કહેવાય છે.

**(૫) સામાન્ય કેવળી**—જે અરિહંતોને ગંધકુટી ઈત્યાદિ વિશેષતા ન હોય તેમને સામાન્ય કેવળી કહેવાય છે.

**(૬) અંતકૃત કેવળી**—જે અરિહંતો કેવળજ્ઞાન પ્રગટ થતાં લઘુ અંતર્મુહૂર્તકાળમાં જ નિર્વાણ પામે છે, તેમને અંતકૃત કેવળી કહેવાય છે.

**(૭) ઉપસર્ગ કેવળી**—જેઓને ઉપસર્ગ અવસ્થામાં જ કેવળજ્ઞાન થયું હોય તે અરિહંતોને ઉપસર્ગ કેવળી કહેવાય છે. (જુઓ, સત્તાસ્વરૂપ-ગુજરાતી પા. ૩૮-૩૯). કેવળજ્ઞાન થયા પછી ઉપસર્ગ હોઈ શકે જ નહિ.

અરિહંતોના આ ભેદો પુણ્ય અને સંયોગની અપેક્ષાએ સમજવા; કેવળજ્ઞાનાદિ ગુણોમાં તો બધાય અરિહંતો સમાન જ છે.

## ૫. આ સૂત્રનો સિદ્ધાંત

(૧) જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવને અથવા તે પ્રકૃતિને જે જીવ ધર્મ માને અગર તો તેને ઉપાદેય માને તે મિથ્યાદૃષ્ટિ છે, કેમ કે તે રાગને-વિકારને ધર્મ માને છે. જે શુભભાવે તીર્થંકરનામકર્મનો આસ્રવ-બંધ થાય તે ભાવને કે તે પ્રકૃતિને સમ્યગ્દૃષ્ટિઓ ઉપાદેય માનતાં નથી. સમ્યગ્દૃષ્ટિને જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય છે, તે પુણ્યભાવ છે, તેને તેઓ આદરણીય માનતા નથી. (જુઓ, પરમાત્મપ્રકાશ અધ્યાય ૨, ગાથા ૫૪ની ટીકા, પાનું. ૧૯૫)

(૨) જેને આત્માના સ્વરૂપનું ભાન નથી, તેને શુદ્ધભાવરૂપ ભક્તિ અર્થાત્ ભાવભક્તિ તો હોતી જ નથી, પણ આ સૂત્રમાં કહેલી સત્ પ્રત્યેના શુભરાગવાળી વ્યવહારભક્તિ અર્થાત્ દ્રવ્યભક્તિ પણ ખરેખર હોતી નથી. લૌકિક ભક્તિ ભલે હોય. (જુઓ, પરમાત્મપ્રકાશ, અધ્યાય ૨, ગાથા ૧૪૩ની ટીકા, પા. ૨૦૩, ૨૮૮)

(૩) સમ્યગ્દૃષ્ટિ સિવાયના જીવોને તીર્થંકરપ્રકૃતિ હોય જ નહિ. સમ્યગ્દર્શન વગર કોઈ પ્રકારનો ધર્મ હોતો જ નથી. આથી સમ્યગ્દર્શનનું પરમ માહાત્મ્ય ઓળખીને જીવોએ તે પ્રાપ્ત કરવા માટે મથવું જોઈએ. સમ્યગ્દર્શન સિવાય ધર્મની શરૂઆત બીજી કોઈ નથી, એટલે કે સમ્યગ્દર્શન તે જ ધર્મની શરુઆત છે અને સિદ્ધદશા તે ધર્મની પૂર્ણતા છે. ૨૪.

હવે ગોત્રકર્મના આસ્રવનાં કારણો કહે છે—

## નીચ ગોત્રકર્મના આસ્રવનાં કારણો

**परात्मनिंदाप्रशंसे सदसद्गुणोच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य॥२५॥**

**અર્થ** :—[पर निंदा आत्म प्रशंसे] બીજાની નિંદા અને પોતાની પ્રશંસા કરવી, [सत् गुण उच्छादन असत् उद्भावने च] તેમ જ પ્રગટ ગુણોને ઢાંકવા અને ન હોય તેવા ગુણોને જાહેર કરવા તે [नीचैः गोत्रस्य] નીચગોત્રકર્મના આસ્રવનાં કારણો છે.

### ટીકા

એકેન્દ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના બધા તિર્યંચો, નારકીઓ તથા લબ્ધિ-અપર્યાપ્તક

મનુષ્યો તે બધાને નીચ ગોત્ર છે, દેવોને ઉચ્ચ ગોત્ર છે, ગર્ભજ મનુષ્યોને બંને પ્રકારનાં ગોત્રકર્મો હોય છે. ૨૫.

## ઉચ્ચ ગોત્રકર્મના આસ્રવનું કારણ

## तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥२६॥

**અર્થ** :—[तत् विपर्ययः] તે નીચગોત્રના આસ્રવનાં કારણોથી વિપરીત અર્થાત્ પરપ્રશંસા, આત્મનિંદા વગેરે [च] તેમ જ [नीचैः वृत्ति अनुत्सेकौ] નમ્ર વૃત્તિ હોવી તથા મદનો અભાવ–તે [उत्तरस्य] બીજા ગોત્રકર્મના એટલે કે ઉચ્ચ ગોત્રકર્મના આસ્રવનાં કારણો છે.

### ટીકા

અહીં નમ્રવૃત્તિ હોવી અને મદનો અભાવ હોવો તે અશુભભાવનો અભાવ સમજવો; તેમાં જે શુભભાવ છે, તે ઉચ્ચ ગોત્રકર્મના આસ્રવનું કારણ છે. 'અનુત્સેક'નો અર્થ અભિમાન ન હોવું એમ થાય છે. ૨૬.

અહીં સુધી સાત કર્મના આસ્રવનાં કારણોનું વર્ણન કર્યું. હવે છેલ્લા અંતરાયકર્મના આસ્રવનું કારણ જણાવીને આ અધ્યાય પૂરો કરે છે.

## અંતરાયકર્મના આસ્રવનું કારણ

## विघ्नकरणमन्तरायस्य ॥२७॥

**અર્થ** :—[विघ्नकरणम्] દાન, લાભ, ભોગ, ઉપભોગ તથા વીર્યમાં વિઘ્ન કરવું તે [अंतरायस्य] અંતરાયકર્મના આસ્રવનું કારણ છે.

### ટીકા

આ અધ્યાયના ૧૦ થી ૨૭ સુધીના સૂત્રોમાં કર્મના આસ્રવનું જે કથન કર્યું છે, તે અનુભાગસંબંધી નિયમ બતાવે છે. જેમ કે, કોઈ પુરુષના દાન દેવાના ભાવમાં કોઈએ અંતરાય કર્યો તો, તે સમયે તેને જે કર્મોનો આસ્રવ થયો તે જોકે સાતે કર્મોમાં વહેંચાઈ ગયો, તોપણ તે વખતે દાનાંતરાયકર્મમાં પ્રચૂર (ઘણો) અનુભાગ પડ્યો અને અન્ય પ્રકૃતિઓમાં મંદ અનુભાગ પડ્યો. પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગને આધીન છે તથા સ્થિતિ અને અનુભાગબંધ કષાયભાવને આધીન છે. ૨૭.

## ઉપસંહાર

૧. આ આસ્રવ અધિકાર છે. કષાયસહિત યોગ હોય તે આસ્રવનું કારણ છે. તેને સાંપરાયિક આસ્રવ કહેવામાં આવે છે. કષાય શબ્દમાં મિથ્યાત્વ, અવિરતિ અને કષાય એ ત્રણેનો સમાવેશ થઈ જાય છે; તેથી અધ્યાત્મશાસ્ત્રોમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય તેમ જ યોગને આસ્રવના ભેદ ગણવામાં આવે છે. તે ભેદોને બાહ્યરૂપથી માને પણ અંતરંગમાં તે ભાવોની જાતિને યથાર્થ ન ઓળખે, તો તે મિથ્યાદૃષ્ટિ છે અને તેને આસ્રવ થાય છે.

૨. આ વ્યવહાર શાસ્ત્ર હોવાથી યોગને આસ્રવનું કારણ કહી યોગના પેટાવિભાગ પાડી સકષાય અને અકષાય યોગને આસ્રવ કહ્યો છે.

૩. અજ્ઞાની જીવોને રાગ–દ્વેષ, મોહરૂપ જે આસ્રવભાવ છે, તેનો નાશ કરવાની તો તેને ચિંતા નથી અને બાહ્યક્રિયાને તથા બાહ્ય નિમિત્તોને મટાડવાનો ઉપાય તે જીવો રાખે છે; પરંતુ એના મટાડવાથી કાંઈ આસ્રવ મટતાં નથી. દૃષ્ટાંત : દ્રવ્યલિંગી મુનિ અન્ય કુદેવાદિકની સેવા કરતા નથી. હિંસા તથા વિષયમાં પ્રવર્તતા નથી. ક્રોધાદિ કરતા નથી તથા મન–વચન–કાયાને રોકવાના ભાવ કરે છે, તોપણ તેને મિથ્યાત્વાદિ ચારે આસ્રવ હોય છે; વળી એ કાર્યો તેઓ કપટ વડે પણ કરતા નથી, કેમ કે જો કપટથી કરે તો તે ગ્રૈવેયક સુધી કેવી રીતે પહોંચે? સિદ્ધાંત : આથી એમ સિદ્ધ થાય છે, કે બાહ્ય શરીરાદિની ક્રિયા તે આસ્રવ નથી પણ અંતરંગ અભિપ્રાયમાં જે મિથ્યાત્વાદિ રાગાદિભાવ છે તે જ આસ્રવ છે, તેને જે જીવ ન ઓળખે તે જીવને આસ્રવતત્ત્વનું સાચું શ્રદ્ધાન નથી.

૪. સમ્યગ્દર્શન થયા વગર આસ્રવતત્ત્વ જરા પણ ટળે નહિ, માટે જીવોએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો સત્ય ઉપાય પ્રથમ કરવો જોઈએ. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન વગર કોઈ પણ જીવને આસ્રવ ટળે નહિ અને ધર્મ થાય નહિ.

૫. મિથ્યાદર્શન તે સંસારનું મૂળ કારણ છે અને આત્માના સાચા સ્વરૂપનો અવર્ણવાદ તે મિથ્યાત્વના આસ્રવનું કારણ છે; માટે પોતાના સ્વરૂપનો તેમ જ આત્માના શુદ્ધ પર્યાયોનો અવર્ણવાદ ન કરવો, એટલે કે સ્વરૂપ જેવું છે તેવું યથાર્થ સમજીને પ્રતીતિ કરવી.

(જુઓ, સૂત્ર ૧૩ તથા તેની ટીકા).

૬. સમ્યગ્દૃષ્ટિ જીવોને સમિતિ, અનુકંપા, વ્રત, સરાગસંયમ, ભક્તિ, તપ, ત્યાગ, વૈયાવૃત્ય, પ્રભાવના, આવશ્યકક્રિયા ઇત્યાદિ જે શુભરાગ છે તે બધા આસ્રવ–બંધનાં કારણો છે; એમ આ અધ્યાયમાં જણાવ્યું છે મિથ્યાદૃષ્ટિને તો તેવા શુભભાવ ખરેખર હોતાં નથી, તેના વ્રત–તપના શુભભાવને 'બાળવ્રત' ને 'બાળતપ' કહેવાય છે.

૭. માર્દવપણું, પરની પ્રશંસા, આત્મનિંદા, નમ્રતા, અનૂઉત્સેકતા—એ શુભરાગ હોવાથી બંધનાં કારણો છે; તથા રાગ તે કષાયનો અંશ હોવાથી તેનાથી ઘાતિ તેમ જ અઘાતિ બંને પ્રકારના કર્મો બંધાય છે તથા તે શુભભાવ હોવાથી અઘાતિ કર્મોમાં શુભઆયુ, શુભગોત્ર, સાતાવેદનીય તથા શુભનામકર્મો બંધાય છે; અને તેનાથી વિપરીત અશુભભાવો વડે અઘાતિ કર્મો અશુભ બંધાય છે. આ રીતે શુભ કે અશુભ બંને ભાવો બંધનું જ કારણ છે, એટલે એ સિદ્ધાંત ઠરે છે, કે શુભ કે અશુભભાવ કરતાં કરતાં તેનાથી કદી શુદ્ધતા પ્રગટે જ નહિ.

૮. સમ્યગ્દર્શન તે આત્માનો પવિત્ર ભાવ છે, તે પોતે બંધનું કારણ નથી; પણ સમ્યગ્દર્શનની ભૂમિકામાં શુભ રાગ હોય ત્યારે તે રાગના નિમિત્તે કેવા પ્રકારના કર્મનો આસ્રવ થાય તે અહીં જણાવ્યું છે. વીતરાગતા પ્રગટતાં માત્ર ઈર્યાપથ આસ્રવ હોય છે. આ આસ્રવ એક જ સમયનો હોય છે. (અર્થાત્ તેમાં લાંબી સ્થિતિ હોતી નથી, તેમ જ અનુભાગ પણ હોતો નથી.) આ ઉપરથી સિદ્ધ થયું, કે સમ્યગ્દર્શન પ્રગટ્યા પછી જેટલા જેટલા અંશે વીતરાગતા હોય છે તેટલા તેટલા અંશે આસ્રવ અને બંધ હોતાં નથી તથા જેટલે અંશે રાગ–દ્વેષ હોય છે તેટલે અંશે આસ્રવ અને બંધ થાય છે. આથી જ્ઞાનીને તો અંશે આસ્રવ–બંધનો અભાવ નિરંતર વર્તે છે. મિથ્યાદૃષ્ટિને તો શુભાશુભરાગનું સ્વામીત્વ હોવાથી તેને કોઈ પણ અંશે રાગ–દ્વેષનો અભાવ થતો નથી અને તેથી તેને આસ્રવ–બંધ ટળતાં નથી. સમ્યગ્દર્શનની ભૂમિકામાં આગળ વધતાં જીવને કેવા પ્રકારના શુભ ભાવો આવે છે, તેનું વર્ણન હવે સાતમા અધ્યાયમાં કરીને આસ્રવનું વર્ણન પૂર્ણ કરશે. ત્યાર પછી આઠમા અધ્યાયમાં બંધતત્ત્વનું અને નવમા અધ્યાયમાં સંવર તથા નિર્જરાતત્ત્વનું સ્વરૂપ કહેશે. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનની થાય છે. સમ્યગ્દર્શન થતાં સંવર થાય છે, સંવરપૂર્વક નિર્જરા થાય છે અને નિર્જરા થતાં મોક્ષ થાય છે, તેથી મોક્ષતત્ત્વનું સ્વરૂપ છેલ્લા અધ્યાયમાં જણાવ્યું છે.

૯. આ અધ્યાયમાં, જીવના વિકારીભાવોને પરદ્રવ્યો સાથે કેવો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે, તે પણ સમજાવ્યું છે. જીવમાં થતી પચીસ પ્રકારની વિકારી ક્રિયા અને તેનો પર સાથે નિમિત્તનૈમિત્તિકસંબંધ કેવો હોય, તેનું વર્ણન પણ આ અધ્યાયમાં આપ્યું છે.

**આ પ્રમાણે શ્રી ઉમાસ્વામીવિરચિત મોક્ષશાસ્ત્રની ગુજરાતી ટીકામાં છઠ્ઠો અધ્યાય પૂરો થયો.**

K

## મોક્ષશાસ્ત્ર ગુજરાતી ટીકા

# અધ્યાય સાતમો

## ભૂમિકા

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ મોક્ષ માર્ગ છે' એમ આચાર્ય ભગવાને આ શાસ્ત્ર શરૂ કરતાં પહેલાં જ સૂત્રમાં કહ્યું છે. તેમાં ગર્ભિતપણે એમ આવ્યું, કે તેનાથી વિરુદ્ધ ભાવો અર્થાત્ શુભાશુભભાવો તે મોક્ષમાર્ગ નથી પણ સંસારમાર્ગ છે. એ રીતે તે સૂત્રમાં જે વિષય ગર્ભિત રાખ્યો હતો, તે વિષય આ છઠ્ઠા–સાતમા અધ્યાયોમાં આચાર્યદેવે સ્પષ્ટ કર્યો છે. છઠ્ઠા અધ્યાયમાં કહ્યું કે શુભાશુભ બંને ભાવો આસ્રવ છે અને તે વિષયને વધારે સ્પષ્ટ કરવા માટે આ સાતમા અધ્યાયમાં મુખ્યપણે શુભાસ્રવને જુદો વર્ણવ્યો છે.

પહેલા અધ્યાયના ચોથા સૂત્રમાં જે સાત તત્ત્વો કહ્યાં છે, તેમાંથી આસ્રવતત્ત્વના અજાણપણાના કારણે જગતના જીવો 'પુણ્યથી ધર્મ થાય છે' એમ માને છે. વળી કેટલાક શુભયોગને સંવર માને છે, તથા વ્રત–મૈત્રી વગેરે ભાવના, કરુણાબુદ્ધિ વગેરેથી ધર્મ થાય અથવા તો તે ધર્મનું (સંવરનું) કારણ થાય–એમ કેટલાક માને છે. પણ તે માન્યતા અજ્ઞાન ભરેલી છે. એ અજ્ઞાનતા દૂર કરવા માટે આ એક અધ્યાય ખાસ જુદો રચ્યો છે અને તેમાં એ વિષયને સ્પષ્ટ કર્યો છે.

ધર્મની અપેક્ષાએ પુણ્ય અને પાપનું એકત્વ ગણવામાં આવે છે. એ સિદ્ધાંત શ્રી સમયસારમાં ૧૪૫ થી ૧૬૩ ગાથા સુધીમાં સમજાવ્યો છે. તેમાં પહેલા જ ૧૪૫ મી ગાથામાં કહ્યું છે, કે અશુભકર્મ કુશીલ છે અને શુભકર્મ સુશીલ છે; એમ લોકો માને છે, પણ જે સંસારમાં દાખલ કરે તે સુશીલ કેમ હોય?—ન જ હોઈ શકે. ત્યારપછી ૧૫૪મી ગાથામાં કહ્યું છે, કે—જે જીવો પરમાર્થથી બાહ્ય છે તેઓ મોક્ષના હેતુને નહિ જાણતા થકા—જોકે પુણ્ય સંસારગમનનો હેતુ છે, તોપણ—અજ્ઞાનથી પુણ્યને ઇચ્છે છે. આ પ્રમાણે ધર્મ અપેક્ષાએ પુણ્ય–પાપનું એકત્વ જણાવ્યું છે. વળી શ્રી પ્રવચનસાર ગાથા ૭૭માં કહ્યું છે, કે—પુણ્ય–પાપમાં વિશેષ નથી, (અર્થાત્ સમાનતા છે) એમ જે માનતો નથી. તે મોહથી આચ્છન્ન છે અને અપાર સંસારે ભમે છે.

ઉપરના કારણોથી આ શાસ્ત્રમાં પુણ્ય અને પાપનું એકત્વ સ્થાપન કરવા માટે આચાર્યદેવે તે બંનેને આસ્રવમાં જ સમાવી દઈને તેને લગતા છઠ્ઠો અને સાતમો એ બે અધ્યાય કહ્યાં છે; તેમાં છઠ્ઠો અધ્યાય પૂરો થયા પછી આ સાતમા અધ્યાયમાં આસ્રવઅધિકાર ચાલુ રાખ્યો છે અને તેમાં શુભાસ્રવનું વર્ણન કર્યું છે.

આ અધ્યાયમાં જણાવ્યું છે, કે સમ્યગ્દૃષ્ટિ જીવને થતાં વ્રત, દયા, દાન, કરુણા, મૈત્રી વગેરે ભાવો પણ શુભ આસ્રવો છે અને તેથી તેઓ બંધનું કારણ છે; તો પછી મિથ્યાદૃષ્ટિ જીવને (-કે જેને સાચાં વ્રત જ હોઈ શકતા નથી) તેના શુભભાવ ધર્મ, સંવર કે તેનું કારણ શી રીતે હોઈ શકે? કદી થઈ શકે જ નહીં.

**પ્રશ્ન** :-શુભભાવ તે પરંપરાએ ધર્મનું કારણ છે, એમ શાસ્ત્રમાં કેટલીક જગ્યાએ કહેવામાં આવે છે, તેનો અર્થ શું છે?

**ઉત્તર** :-સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાના સ્વરૂપમાં જ્યારે સ્થિર રહી શકતા નથી ત્યારે રાગ-દ્વેષ તોડવાનો પુરુષાર્થ કરે છે, પણ પુરુષાર્થ નબળો હોવાથી અશુભભાવ ટળે છે અને શુભભાવ રહી જાય છે. તેઓ તે શુભભાવને ધર્મ કે ધર્મનું કારણ માનતા નથી પણ તેને આસ્રવ જાણીને ટાળવા માગે છે, તેથી જ્યારે તે શુભભાવ ટળી જાય ત્યારે જે શુભભાવ ટળ્યો તેને શુદ્ધભાવ (-ધર્મ)નું પરંપરા કારણ કહેવામાં આવે છે, સાક્ષાત્‌પણે તે ભાવ શુભાસ્રવ હોવાથી બંધનું કારણ છે અને જે બંધનું કારણ છે અને જે બંધનું કારણ હોય તે સંવરનું કારણ થઈ શકે નહિ.

અજ્ઞાની તો શુભભાવને ધર્મ કે ધર્મનું કારણ માને છે અને તેને તે ભલો જાણે છે, તેથી તેનો શુભભાવ સાક્ષાત્ બંધનું કારણ છે અને તેને થોડા વખતમાં ટાળીને અશુભભાવરૂપે પોતે પરિણમશે; આ રીતે અજ્ઞાનીના શુભભાવ તો અશુભભાવનું (-પાપનું) પરંપરા કારણ કહેવાય છે, એટલે કે તે શુભ ટાળીને જ્યારે અશુભપણે પરિણમે ત્યારે પૂર્વનો જે શુભભાવ ટળ્યો તેને અશુભભાવનું પરંપરા કારણ થયું કહેવાય છે.

આટલી ભૂમિકા લક્ષમાં રાખીને આ અધ્યાયના સૂત્રોમાં રહેલા ભાવો બરાબર સમજવાથી વસ્તુસ્વરૂપની ભૂલ ટળી જાય છે.

## વ્રતનું લક્ષણ

### हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ।।१।।

**અર્થ** :-[हिंसा अनृत स्तेय अब्रह्म परिग्रहेभ्यो विरतिः] હિંસા, જૂઠું, ચોરી, મૈથુન અને પરિગ્રહ (અર્થાત્ પદાર્થ) પ્રત્યે મમત્વરૂપ પરિણામ-એ પાંચ પાપોથી (બુદ્ધિપૂર્વક) નિવૃત્તિ તે [व्रतम्] વ્રત છે.

### ટીકા

૧. આ અધ્યાયમાં આસ્રવતત્ત્વનું નિરૂપણ કર્યું છે; છઠ્ઠા અધ્યાયના બારમા સૂત્રમાં વ્રતી પ્રત્યેની અનુકંપા સાતા વેદનીયના આસ્રવનું કારણ છે એમ કહ્યું હતું, પણ ત્યાં મૂળ સૂત્રમાં

'વ્રતી'ની વ્યાખ્યા કરવામાં આવી ન હતી, તેથી અહીં આ સૂત્રમાં વ્રતનું લક્ષણ આપવામાં આવ્યું છે. આ અધ્યાયના ૧૮મા સૂત્રમાં કહ્યું છે, કે निःशल्यो व्रती–મિથ્યાદર્શન વગેરે શલ્યરહિત જીવ જ વ્રતી હોય છે, એટલે મિથ્યાદ્રષ્ટિને કદી વ્રત હોતાં જ નથી, સમ્યગ્દ્રષ્ટિ જીવને જ વ્રત હોઈ શકે. મિથ્યાદ્રષ્ટિના શુભરાગરૂપ વ્રતને ભગવાને બાળવ્રત કહ્યાં છે. (જુઓ શ્રી સમયસાર ગાથા ૧૫૨ તથા તેની ટીકા) 'બાળ'નો અર્થ અજ્ઞાન છે.

૨. આ અધ્યાયમાં મહાવ્રત અને અણુવ્રત પણ આસ્રવરૂપ કહ્યાં છે, માટે તે ઉપાદેય કેવી રીતે હોય? આસ્રવ તો બંધનો સાધક છે, તેથી મહાવ્રત અને અણુવ્રત પણ બંધના સાધક છે અને વીતરાગ-ભાવરૂપ ચારિત્ર તે મોક્ષનું સાધક છે : આથી મહાવ્રતાદિરૂપ આસ્રવભાવોને ચારિત્રપણું સંભવતું નથી. સર્વ કષાયરહિત જે ઉદાસીનભાવ છે, તેનું જ નામ ચારિત્ર છે. જેમ કોઈ પુરુષ કંદમૂળાદિ ઘણા દોષવાળી હરિતકાયનો ત્યાગ કરે છે તથા બીજી હરિતકાયનો અહાર કરે છે પણ તેને ધર્મ માનતો નથી, તેમ સમ્યગ્દ્રષ્ટિ મુનિ અને શ્રાવક હિંસાદિ તીવ્ર કષાયરૂપ ભાવોનો ત્યાગ કરે છે તથા કોઈ મંદ કષાયરૂપ મહાવ્રત–અણુવ્રતાદિ પાળે છે, પરંતુ તેને મોક્ષમાર્ગ માનતાં નથી.

૩. **પ્રશ્ન** :–જો એ પ્રમાણે છે, તો મહાવ્રત અને દેશવ્રતને ચારિત્રના ભેદોમાં શા માટે કહ્યાં છે? *(જુઓ, રત્નકરંડ શ્રાવકાચાર ગાથા ૪૯–૫૦)*

**ઉત્તર** :–ત્યાં તે મહાવ્રતાદિને વ્યવહારચારિત્ર કહેલ છે અને વ્યવહાર નામ ઉપચારનું છે. નિશ્ચયથી તો જે નિષ્કષાયભાવ છે, તે જ સાચું ચારિત્ર છે. સમ્યગ્દ્રષ્ટિના ભાવ મિશ્રરૂપ છે, એટલે કંઈક વીતરાગરૂપ થયા છે અને કંઈક સરાગ છે; આ કારણે જ્યાં અંશે વીતરાગચારિત્ર પ્રગટ્યું છે ત્યાં જે અંશે સરાગતા છે, તે મહાવ્રતાદિકરૂપ હોય છે. આવો સંબંધ જાણીને તે મહાવ્રતાદિકમાં ચારિત્રનો ઉપચાર કર્યો છે; પણ તે પોતે સાચું ચારિત્ર નથી, પરંતુ શુભભાવ છે–આસ્રવભાવ છે. તે શુભભાવને ધર્મ માનવો તે માન્યતા આસ્રવતત્ત્વને સંવરતત્ત્વ માનવારૂપ છે, તેથી તે માન્યતા ખોટી છે. *(જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક પા. ૨૩૧-૨૩૩)*

ચારિત્રનો વિષય આ શાસ્ત્રના ૯મા અધ્યાયના ૧૮મા સૂત્રમાં લીધો છે, ત્યાં તે બાબતની ટીકા લખી છે, તે અહીં પણ લાગુ પડે છે.

૪. વ્રત બે પ્રકારનાં છે—નિશ્ચય અને વ્યવહાર. રાગ-દ્વેષાદિ વિકલ્પ રહિત થવું તે નિશ્ચયવ્રત છે. (જુઓ, દ્રવ્યસંગ્રહ ગાથા ૩૫ ટીકા.) સમ્યગ્દ્રષ્ટિ જીવને સ્થિરતાની વૃદ્ધિરૂપ નિર્વિકલ્પ દશા તે નિશ્ચયવ્રત છે, તેમાં જેટલા અંશે વીતરાગતા છે તેટલે અંશે સાચું ચારિત્ર છે; અને સમ્યગ્દર્શન–જ્ઞાન થયા પછી પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ જે શુભભાવ તે અણુવ્રત–મહાવ્રત છે, તેને વ્યવહારવ્રત કહેવાય છે. આ સૂત્રમાં વ્યવહારવ્રતનું લક્ષણ આપ્યું છે; તેમાં અશુભભાવ ટળે છે પણ શુભભાવ રહે છે, તે પુણ્યાસ્રવનું કારણ છે.

૫. શ્રી પરમાત્મપ્રકાશ અધ્યાય ૨, ગાથા—પ૨ની ટીકામાં વ્રત તે પુણ્યબંધનું કારણ છે અને અવ્રત તે પાપબંધનું કારણ છે એમ જણાવીને, આ સૂત્રનો અર્થ નીચે પ્રમાણે કર્યો છે.—

તેનો અર્થ એ છે, કે–પ્રાણીઓને પીડા દેવી, જુઠ્ઠાં વચન બોલવા, પરધન હરવું, કુશીલનું સેવન અને પરિગ્રહ તેનાથી વિરક્ત થવું તે વ્રત છે; એ અહિંસાદિ વ્રત પ્રસિદ્ધ છે. તે વ્યવહારનયે એકદેશ વ્રત છે—એ દેખાડવામાં આવે છે.

જીવઘાતમાં નિવૃત્તિ–જીવદયામાં પ્રવૃત્તિ, અસત્ય વચનમાં નિવૃત્તિ–સત્ય વચનમાં પ્રવૃત્તિ, અદત્તાદાન (ચોરી) થી નિવૃત્તિ–અચૌર્યમાં પ્રવૃત્તિ ઈત્યાદિ સ્વરૂપથી તે એકદેશ વ્રત છે.'' (પરમાત્મપ્રકાશ પા. ૧૯૧–૧૯૨) અહીં અણુવ્રત અને મહાવ્રત બંનેને એકદેશ વ્રત કહ્યાં છે.

ત્યારપછી તરત જ નિશ્ચયવ્રતનું સ્વરૂપ નીચે પ્રમાણે કહ્યું છે. (નિશ્ચયવ્રત એટલે સ્વરૂપસ્થિરતા અથવા સમ્યક્ચારિત્ર)—

''અને રાગ-દ્વેષરૂપ સંકલ્પ વિકલ્પોના કલ્લોલોથી રહિત ત્રણ ગુપ્તિથી ગુપ્ત સમાધિમાં શુભાશુભના ત્યાગથી પરિપૂર્ણ વ્રત થાય છે.'' *(પરમાત્મપ્રકાશ પા. ૧૯૨)*

સમ્યગ્દષ્ટિને શુભાશુભનો ત્યાગ અને શુદ્ધનું ગ્રહણ તે નિશ્ચયવ્રત છે અને તેમને અશુભનો ત્યાગ અને શુભનું ગ્રહણ તે વ્યવહાર વ્રત છે—એમ સમજવું. મિથ્યાદષ્ટિને નિશ્ચય કે વ્યવહાર બેમાંથી એકે પ્રકારના વ્રત હોતાં નથી. તત્ત્વજ્ઞાન વગર મહાવ્રતાદિકનું આચરણ તે મિથ્યાચારિત્ર જ છે. સમ્યગ્દર્શનરૂપ ભૂમિ વગર વ્રતરૂપી વૃક્ષ થાય જ નહિ.

૧.—વ્રતાદિ શુભોપયોગ વાસ્તવમાં બંધનું કારણ છે. પંચાધ્યાયી ભા. ૨ ગા. ૭૫૯ થી ૭૬૨માં કહ્યું છે કે **'જોકે લોકરૂઢિથી શુભોપયોગ પણ ચારિત્ર' એ નામથી કહેવામાં આવે છે પણ પોતાની અર્થક્રિયા કરવામાં અસમર્થ છે,** માટે તે નિશ્ચયથી સાર્થક નામવાળું નથી. ૭૫૯. પરંતુ વાસ્તવમાં તે અશુભોપયોગ સમાન બંધનું જ કારણ છે, માટે તે શ્રેષ્ઠ નથી. શ્રેષ્ઠ તો તે છે જે ઉપકાર–અપકાર કરવાવાળું નથી. ૭૬૦. શુભોપયોગ વિરુદ્ધ કાર્યકારી છે. એ વાત વિચાર કરવાથી અસિદ્ધ પણ પ્રતીત થતી નથી, કેમ કે **શુભોપયોગ એકાન્તથી બંધનું કારણ હોવાથી** તે શુદ્ધોપયોગના અભાવમાં જ હોય છે. ૭૬૧. બુદ્ધિના દોષથી એવી તર્કણા પણ ન કરવી જોઈએ, કે શુભોપયોગ એક અંશે નિર્જરાનું કારણ છે, કેમ કે ન તો શુભોપયોગ જ બંધના અભાવનું કારણ છે અને ન તો અશુભોપયોગ જ બંધના અભાવનું કારણ છે અર્થાત્ શુભ-અશુભ બેઉ બંધના જ કારણ છે.

૨.–સમ્યગ્દષ્ટિના શુભોપયોગથી પણ બંધની પ્રાપ્તિ થાય છે, એમ શ્રી કુન્દકુન્દાચાર્યકૃત પ્રવચનસાર ગા. ૧૧માં કહ્યું છે. તેમાં શ્રી અમૃતચંદ્રાચાર્ય તે ગાથાની સૂચનિકામાં કહે છે, કે

'હવે જેનો ચારિત્ર પરિણામ સાથે સંપર્ક છે એનો જે શુદ્ધ અને શુભ (બે પ્રકાર) પરિણામ છે, તેના ગ્રહણ ત્યાગ માટે (-શુદ્ધ પરિણામના ગ્રહણ અને શુભ પરિણામના ત્યાગ માટે) તેનું ફળ વિચારે છે :—

**धर्मेण परिणतात्मा यदि शुद्ध संप्रयोगयुतः।**
**प्राप्नोति निर्वाण सुखं शुभोपयुक्तो वा स्वर्ग सुखम्॥११॥**

**અન્વયાર્થ**—ધર્મથી પરિણમેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધોપયોગમાં જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે અને જો શુભોપયોગવાળો હોય તો સ્વર્ગના સુખને (બંધને) પામે છે.

## ટીકા

જ્યારે આ આત્મા ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો શુદ્ધોપયોગ પરિણતિને વહન કરે છે-ટકાવી રાખે છે ત્યારે, જે વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે પોતાનું કાર્ય કરવાને સમર્થ છે, એવા ચારિત્રવાળો હોવાથી (તે) સાક્ષાત્ મોક્ષને પામે છે; અને જ્યારે તે ધર્મ પરિણત સ્વભાવવાળો હોવા છતાં શુભોપયોગ પરિણતિ સાથે જોડાય છે ત્યારે, જે વિરોધી શક્તિ સહિત હોવાને લીધે **સ્વકાર્ય કરવાને અસમર્થ છે અને કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું છે.** એવા ચારિત્રવાળો હોવાથી, જેમ અગ્નિથી ગરમ થયેલું ઘી જેના ઉપર છાંટવામાં આવ્યું હોય તે પુરુષ દાહદુ:ખને પામે છે તેમ, સ્વર્ગસુખના બંધને પામે છે. આથી શુદ્ધોપયોગ ઉપાદેય છે અને શુભોપયોગ હેય છે. *(પ્રવચનસાર ગા. ૧૧ની ટીકા)*

**મિથ્યાદ્રષ્ટિને અથવા સમ્યગ્દ્રષ્ટિને પણ રાગ તો બંધનું જ કારણ છે; શુદ્ધસ્વરૂપ પરિણામ માત્રથી જ મોક્ષ છે.**

૩. સમયસાર શાસ્ત્રના પુણ્ય-પાપના અધિકારના ૧૧૦મા કળશમાં આચાર્યદેવ કહે છે, કે :—''यावत्पाकमुपैति कर्म विरति....''

**અર્થ** :-જ્યાં સુધી જ્ઞાનની કર્મ વિરતિ બરાબર પરિપૂર્ણતા પામતી નથી ત્યાં સુધી કર્મજ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે; તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી. પણ અહીં એટલું વિશેષ જાણવું કે આત્મામાં અવશેષપણે (જબરદસ્તીથી) કે કર્મ પ્રગટ થાય છે અર્થાત્ ઉદય થાય છે, **તે તો બંધનું કારણ થાય છે અને મોક્ષનું કારણ તો, જે એક પરમજ્ઞાન છે તે એક જ થાય છે**-કે જે જ્ઞાન સ્વત: વિમુક્ત (અર્થાત્ ત્રણે કાળે પર દ્રવ્યભાવોથી ભિન્ન છે.)

**ભાવાર્થ** :-જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી ત્યાં સુધી સમ્યગ્દ્રષ્ટિને બે ધારા

રહે છે—શુભાશુભકર્મધારા અને જ્ઞાનધારા. તે બંને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી. (જેમ મિથ્યાજ્ઞાનને અને સમ્યગ્જ્ઞાનને પરસ્પર વિરોધ છે તેમ કર્મ સામાન્યને અને જ્ઞાનને સાથે હોવામાં વિરોધ નથી.) **તે સ્થિતિમાં કર્મ પોતાનું કાર્ય કરે છે અને જ્ઞાન પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મ બંધ થાય છે અને જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે.** વિષય-કષાયના વિકલ્પો કે વ્રત નિયમના વિકલ્પો—શુદ્ધ સ્વરૂપનો વિચાર (-વિકલ્પ) પણ બંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે. ૧૧૦ (સમયસાર ગુજરાતી પૃ. ૨૬૩-૬૪)

વળી આ કળશનાં અર્થમાં શ્રી રાજમલ્લજીએ પણ સ્પષ્ટપણે કહ્યું છે, કે—**"અહીં કોઈ ભ્રાન્તિ કરશે કે"**—'મિથ્યાદૃષ્ટિને યતિપણું ક્રિયારૂપ છે તે તો બંધનું કારણ છે; પણ સમ્યગ્દૃષ્ટિને જે યતિપણું (મુનિપણું) શુભક્રિયારૂપ છે તે મોક્ષનું કારણ છે; કેમ કે અનુભવજ્ઞાન તથા દયા, વ્રત, તપ, સંયમરૂપી ક્રિયા-એ બેઉ મળીને જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષય કરે છે'—એવી પ્રતીતિ કોઈ અજ્ઞાની જીવ કરે છે, તેનું સમાધાન આ પ્રકારે છે, કે—

જે કોઈ પણ શુભ-અશુભ ક્રિયા—બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યના વિચારરૂપ અથવા શુદ્ધ સ્વરૂપના વિચાર ઈત્યાદિ-છે તે સર્વ કર્મ બંધનું કારણ છે; **એવી ક્રિયાનો એવો જ સ્વભાવ છે. તેમાં સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિનો એવો તો કોઈ ભેદ નથી.** (અર્થાત્ અજ્ઞાનીના ઉપરોક્ત કથનાનુસાર શુભક્રિયા મિથ્યાદૃષ્ટિને તો બંધનું કારણ થાય અને તે જ ક્રિયા સમ્યગ્દૃષ્ટિને મોક્ષનું કારણ થાય-એવો તો તેનો ભેદ નથી.) એવી **ક્રિયાથી તો તેને (સમ્યગ્દૃષ્ટિવંતને પણ) બંધ છે અને શુદ્ધ સ્વરૂપ પરિણમન માત્રથી મોક્ષ છે.** જોકે એક જ કાળમાં સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધજ્ઞાન પણ છે અને ક્રિયારૂપ પરિણામ પણ છે; પણ તેમાં જે વિક્રિયારૂપ પરિણામ છે તેનાથી તો માત્ર બંધ થાય છે; તેનાથી કર્મનો ક્ષય એક અંશ પણ થતો નથી—એવું વસ્તુનું સ્વરૂપ છે; તો પછી ઉપાય શું? તે કાળે જ્ઞાનીને શુદ્ધસ્વરૂપનો અનુભવનું અનુભવજ્ઞાન પણ છે, તે વડે તે સમયે કર્મનો ક્ષય થાય છે, તેનાથી તો એક અંશ માત્ર પણ બંધન થતું નથી;—એવું જ વસ્તુનું સ્વરૂપ છે; તે જેવું છે તેવું કહે છે."

*(જુઓ, સમયસાર કળશ ટીકા રાજમલજી હિન્દી, પૃ. ૧૨૨ સુરતથી પ્રકાશિત)*

ઉપર મુજબ સ્પષ્ટિકરણ કરીને પછી તે કળશનો અર્થ તેમણે જ વિસ્તારપૂર્વક લખ્યો છે; તેમાં તે સંબંધી પણ સ્પષ્ટતા છે. તેમાં છેવટે લખે છે, કે **"શુભ ક્રિયા કદાપિ મોક્ષનું સાધન થઇ શકતી નથી, તે માત્ર બંધન જ કરવાવાળી છે—એવી શ્રદ્ધા કરવાથી જ મિથ્યાબુદ્ધિનો નાશ થઈને સમ્યગ્જ્ઞાનનો લાભ થશે. મોક્ષનો ઉપાય તો એક માત્ર નિશ્ચયરત્નત્રયમય આત્માની શુદ્ધ વીતરાગ પરિણતિ છે."**

૪. શ્રી રાજમલ્લજીકૃત સમયસાર કળશ ટીકા (સુરતથી પ્રકાશિત) તેમાં પૃ. ૧૧૪ લીટી ૧૭ થી એમ લખ્યું છે, કે—"અહીંયા એ વાતને દૃઢ કરી છે, કે કર્મોની નિર્જરાનું સાધન તો માત્ર શુદ્ધજ્ઞાનભાવ છે. જેટલા અંશે કાલિમા છે તેટલા અંશે તો બંધ જ છે, શુભક્રિયા કદી પણ મોક્ષનું સાધન થઈ શકતી નથી. તે કેવળી બંધને જ કરવાવાળી છે, એવી શ્રદ્ધા કરવાથી જ મિથ્યાબુદ્ધિનો નાશ થઈ સમ્યગ્જ્ઞાનનો લાભ થાય છે.

મોક્ષનો ઉપાય તો એક માત્ર નિશ્ચયરત્નત્રયમય આત્માની શુદ્ધ વીતરાગ પરિણતિ છે. જેમ કે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આચાર્યે કહ્યું છે, કે "असमग्रं भावयतो.....ગા. ૨૧૧. યેનાંશેન સુદૃષ્ટિ ૨૧૨. પછી ભાવાર્થમાં લખ્યું છે, કે—જ્યાં શુદ્ધભાવની પૂર્ણતા થઈ નથી ત્યાં પણ રત્નત્રય છે પણ જે કાંઈ ત્યાં કર્મોનો બંધ થાય છે તે રત્નત્રયથી થતો નથી, પણ અશુદ્ધતાથી–રાગભાવથી છે, કેમ કે જેટલી ત્યાં અપૂર્ણતા છે અર્થાત્ શુદ્ધતામાં કમી છે તે મોક્ષનો ઉપાય નથી. તે તો કર્મનું બંધન જ કરવાવાળી છે. જેટલા અંશમાં શુદ્ધ દૃષ્ટિ છે અર્થાત્ સમ્યગ્દર્શન સહિત શુદ્ધભાવની પરિણતિ છે તેટલા અંશે નવીન કર્મબંધ કરતી નથી, પરંતુ સંવર નિર્જરા કરે છે અને તે જ સમયે જેટલા અંશે રાગભાવ છે તેટલા અંશે કર્મબંધ પણ થાય છે.

૫–શ્રી રાજમલ્લજીએ 'વૃત્તં કર્મ સ્વભાવેન જ્ઞાનસ્ય ભવનં નહિ' સમયસાર પુણ્ય-પાપ અધિકારના આ કળશની ટીકામાં લખ્યું છે, કે 'જેટલી શુભ અથવા અશુભ ક્રિયારૂપ આચરણ છે–ચારિત્ર છે, તેનાથી તો સ્વભાવરૂપ ચારિત્ર–જ્ઞાનનું (શુદ્ધ ચૈતન્ય વસ્તુનું) શુદ્ધ પરિણમન ન થઈ શકે એવો નિશ્ચય છે. ભાવાર્થ–જેટલી શુભાશુભક્રિયા-આચરણ છે અથવા બાહ્ય વકતવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગ ચિંતવનરૂપ અભિલાષા, સ્મરણ ઈત્યાદિ સમસ્ત અશુદ્ધ પરિણમન છે તે શુદ્ધ પરિણમન નથી, તેથી તે બંધનું કારણ છે–મોક્ષનું કારણ નથી. જેમ કામળાનો સિંહ (કપડા ઉપર ચિતરેલો વાઘ) તે કહેવામાત્ર સિંહ છે. **તેમ–શુભક્રિયા આચરણરૂપ ચારિત્ર કહેવામાત્ર ચારિત્ર છે પણ ચારિત્ર નથી, એમ નિઃસંદેહપણે જાણો.**

*(જુઓ, રા. કળશ ટીકા–હિ.– પૃ. ૧૦૮)*

૬–એ જ કળશ ટીકા પૃ. ૧૧૩માં સમ્યગ્દૃષ્ટિની પણ શુભભાવની ક્રિયાને–બંધક કહેલ છે–'બંધાયસમુલ્લસતિ' એટલે જેટલી ક્રિયા છે તેટલી જ્ઞાનાવરણીય આદિ કર્મનો બંધ કરે છે, સંવરનિર્જરા અંશમાત્ર પણ કરતી નથી; 'तत् एकं ज्ञानं मोक्षायस्थितं' પરંતુ તે એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ જ્ઞાનાવરણાદિ કર્મક્ષયનું નિમિત્ત છે. ભાવાર્થ એવો છે કે જીવમાં શુદ્ધત્વ, અશુદ્ધત્વ એક જ કાળે એક જ સાથે હોય છે પણ જેટલા અંશે શુદ્ધત્વ છે, તેટલા અંશે કર્મક્ષપણ છે અને જેટલા અંશે અશુદ્ધત્વ છે, તેટલા અંશે કર્મબંધ થાય છે, એક જ સમયે બેઉ કાર્ય થાય છે, એમ જ છે તેમાં સંદેહ કરવો નહીં.

કવિવર બનારસીદાસજીએ કહ્યું છે, કે

કક્ક પુણ્યપાપકી દોઉ ક્રિયા મોક્ષપંથકી કતરણી;
બંધકી કરૈયા દોઉ, દુહૂકી પ્રકૃતિ ન્યારી, ન્યારી ન્યારી ઘરની.

એટલું વિશેષ કે–

કર્મધારા બંધરૂપ, પરાધીન શક્તિ વિવિધ બંધ કરની,
જ્ઞાનધારા મોક્ષરૂપ, મોક્ષકી કરનહાર, દોષકી હરનહાર ભૌ સમુદ્રતરની. ૧૪.

૭. શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત પુ.સિ.ઉપાય ગા. ૨૧૨ થી ૧૪માં સમ્યગ્દષ્ટિના સંબંધમાં કહ્યું છે, કે જેટલા અંશે આ આત્મા પોતાના સ્વભાવરૂપે પરિણમે છે તે અંશ સર્વથા બંધનો હેતુ નથી; પણ જે અંશોથી આ રાગાદિક વિભાવરૂપ પરિણમન કરે છે તે જ અંશ બંધનો હેતુ છે.

શ્રી રાયચન્દ્ર જૈન શાસ્ત્રમાળાથી પ્રકાશિત પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગા. ૧૧૧ નો અર્થ ટીકાકારે વિરૂદ્ધ કરેલ છે તથા અણગાર ધર્મામૃતમાં પણ તેની ફૂટનોટમાં જૂઠો અર્થ છે, તે નીચે બતાવવામાં આવે છે.

**असमग्रं भावयतो रत्नत्रयमस्ति कर्मबन्धोयः।**
**स विपक्ष कृतोऽवस्य मोक्षोपाय न बन्धनोपायः॥२११॥**

**અન્વયાર્થ**—અસંપૂર્ણ રત્નત્રયને ભાવનાર આત્માને જે શુભ કર્મનો બંધ થાય છે, તે બંધ વિપક્ષકૃત અર્થાત્ બંધરાગકૃત હોવાથી અવશ્ય જ મોક્ષનો ઉપાય છે, બંધનો ઉપાય નથી.

હવે સુસંગત સાચો અર્થ જુઓ. તેને માટે આધાર શ્રી ટોડરમલજીકૃત ટીકાવાળો પુરુષાર્થસિદ્ધિ ગ્રંથ, પ્રકાશક જિનવાણી પ્રચારક કાર્યાલય કલકત્તા–તેનું પૃ. ૧૧૫ ગા. ૧૧૧.

**અન્વયાર્થ**—અસમગ્રં રત્નત્રય ભાવયતઃ યઃ કર્મબંધઃ અસ્તિ સઃ વિપક્ષકૃત રત્નત્રય તુ મોક્ષોપાય અસ્તિ, ન બન્ધનોપાયઃ

(**અર્થ**—એકદેશ રત્નત્રયને પ્રાપ્ત કરવાવાળા પુરુષને જે કર્મબંધ થાય છે તે રત્નત્રયથી નથી થતો, પણ રત્નત્રયના વિપક્ષી જે રાગ-દ્વેષ છે તેનાથી થાય છે, તે રત્નત્રય તો વાસ્તવમાં મોક્ષનો ઉપાય છે, બંધનો ઉપાય નથી થતો.)

**ભાવાર્થ**—સમ્યગ્દષ્ટિ જીવ જે એકદેશ રત્નત્રય ધારણ કરે છે, તેમાં જે કર્મબંધ થાય છે, તે રત્નત્રયથી નથી થતો પણ તેની જે શુભ કષાયો છે તેનાથી જ થાય છે. તેથી સિદ્ધ થયું કે કર્મબંધ કરવાવાળી શુભકષાયો છે, પરંતુ રત્નત્રય નથી.

હવે રત્નત્રય અને રાગનું ફળ બતાવે છે, તે સ્થાને ગા. ૨૧૨ થી ૨૧૪ માં ગુણસ્થાનાનુસાર સમ્યગ્દ્રષ્ટિના રાગને બંધનું જ કારણ કહ્યું છે અને વીતરાગભાવરૂપ સમ્યક્રત્નત્રયને મોક્ષનું જ કારણ કહ્યું છે. પછી ગાથા ૨૨૦માં કહ્યું છે, કે—રત્નત્રયરૂપ ધર્મ મોક્ષનું જ કારણ છે અને બીજી ગતિનું કારણ નથી પણ રત્નત્રયના સદ્ભાવમાં જે શુભપ્રકૃતિઓનો આસ્રવ થાય તે બધાય (કર્મોનો આસ્રવ–બંધ શુભકષાયથી; શુભાપયોગથી જ થાય છે અર્થાત્ તે **શુભોપયોગનો જ અપરાધ છે** પણ રત્નત્રયનો નથી.)

કોઈ એમ માને છે, કે સમ્યગ્દ્રષ્ટિને શુભોપયોગમાં (–શુભભાવમાં) અંશે શુદ્ધતા છે પણ એમ માનવું વિપરીત છે, કારણ કે નિશ્ચયસમ્યક્ત્વ થયા પછી ચારિત્રની અંશે શુદ્ધિ સમ્યગ્દ્રષ્ટિને થાય છે, તે તો ચારિત્ર ગુણની શુદ્ધ પરિણતિ છે અને શુભોપયોગ છે, તે તો અશુદ્ધતા છે.

કોઈ એમ માને છે કે, સમ્યગ્દ્રષ્ટિનો શુભોપયોગ મોક્ષનું સાચું કારણ છે અર્થાત્ તેનાથી સંવર નિર્જરા છે, માટે તે બંધનું કારણ નથી, તો એ બેઉ માન્યતા અયથાર્થ જ છે, એવું ઉપરોક્ત શાસ્ત્રાધારોથી સિદ્ધ થાય છે.

## ૬. આ સૂત્રનો સિદ્ધાંત

સૌથી પ્રથમ તત્ત્વજ્ઞાનનો ઉપાય કરીને જીવોએ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરવાં જોઈએ, તે પ્રગટ કર્યા પછી પોતાના સ્વરૂપમાં સ્થિર રહેવા પ્રયત્ન કરવો; અને જ્યારે સ્થિર ન રહી શકે ત્યારે અશુભભાવ ટાળી દેશવ્રત–મહાવ્રતાદિ શુભભાવમાં જોડાય પણ તે શુભને ધર્મ ન માને, તેમ જ તેને ધર્મનો અંશ કે ધર્મનું સાધન ન માને. પછી તે શુભભાવને પણ ટાળીને નિશ્ચયચારિત્ર પ્રગટ કરવું અર્થાત્ નિર્વિકલ્પદશા પ્રગટ કરવી. ૧.

## વ્રતના ભેદ

## देशसर्वतोऽणुमहती ॥२॥

**અર્થ** :—વ્રતના બે ભેદ છે–[देशतः अणु] ઉપર કહેલાં હિંસાદિ પાપોનો એકદેશ ત્યાગ તે અણુવ્રત અને [सर्वतः महती] સર્વદેશ ત્યાગ તે મહાવ્રત છે.

## ટીકા

૧. શુભભાવરૂપ વ્યવહારવ્રતના આ બે પ્રકાર છે. પાંચમા ગુણસ્થાને દેશવ્રત હોય છે અને છઠ્ઠા ગુણસ્થાને મહાવ્રત હોય છે. આ વ્યવહારવ્રત આસ્રવ છે, એમ છઠ્ઠા અધ્યાયના વીસમા સૂત્રમાં કહેવામાં આવ્યું છે. નિશ્ચયવ્રતની અપેક્ષાએ આ બંને પ્રકારના વ્રતો એકદેશ વ્રત છે. (જુઓ સૂત્ર ૧ ની ટીકા, પારો ૫) સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પદશા થતાં આ વ્યવહાર

મહાવ્રત પણ છૂટી જાય છે અને આગળની અવસ્થામાં નિર્વિકલ્પ દશા વિશેષ વિશેષ દૃઢ હોય છે, તેથી ત્યાં પણ આ મહાવ્રત હોતાં નથી.

૨. સમ્યગ્દૃષ્ટિ દેશવ્રતી શ્રાવક હોય તે સંકલ્પપૂર્વક ત્રસ જીવની હિંસા કરે નહિ, કરાવે નહિ અને અન્ય કોઈ કરે તેને ભલી જાણે નહિ. તેને સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ નથી, તોપણ પ્રયોજન વિના સ્થાવર જીવોની વિરાધના કરે નહિ અને પ્રયોજનવશ પૃથ્વી, જલ વગેરે જીવોની વિરાધના થાય, તેને ભલી જાણે નહિ.

૩. **પ્રશ્ન** :—આ શાસ્ત્રના અ. ૯ ના સૂત્ર ૧૮ માં વ્રતને સંવર ગણેલ છે અને અ. ૯ના સૂત્ર ૨માં તેને સંવરના કારણમાં ગર્ભિત કર્યું છે; ત્યાં દશ પ્રકારના ધર્મમાં અથવા સંયમમાં તેનું ગર્ભિતપણું છે અર્થાત્ ઉત્તમ ક્ષમામાં અહિંસા, ઉત્તમ સત્યમાં સત્યવચન, ઉત્તમ શૌચમાં અચૌર્ય, ઉત્તમ બ્રહ્મચર્યમાં બ્રહ્મચર્ય અને ઉત્તમ આકિંચન્યમાં પરિગ્રહત્યાગ—એ રીતે વ્રતોનો સમાવેશ તેમાં આવી જાય છે, છતાં અહીં વ્રતને આસ્રવનું કારણ કેમ કહ્યું છે?

**ઉત્તર** :—તેમાં દોષ નથી; નવમો સંવર અધિકાર છે ત્યાં નિવૃત્તિસ્વરૂપ વીતરાગભાવરૂપ વ્રતને સંવર કહ્યો છે અને અહીં આસ્રવ અધિકાર છે તેમાં પ્રવૃત્તિ દેખાડવામાં આવી છે; કેમ કે હિંસા, અસત્ય, ચોરી વગેરે છોડી દેતાં અહિંસા, સત્ય, અચૌર્ય—દીધેલી વસ્તુનું ગ્રહણ વગેરે ક્રિયા થાય છે, તેથી તે વ્રત શુભકર્મોના આસ્રવનું કારણ છે. એ વ્રતોમાં પણ અવ્રતોની માફક કર્મોનો પ્રવાહ હોય છે; તેનાથી કર્મોની નિવૃત્તિ થતી નથી, તેથી વ્રતોનો સમાવેશ આસ્રવ અધિકારમાં કર્યો છે. (જુઓ, સર્વાર્થસિદ્ધિ અધ્યાય ૭ સૂત્ર ૧ ની ટીકા. પા. ૫–૬)

૪. મિથ્યાત્વ જેવા મહાપાપને છોડાવવાની પ્રવૃત્તિ મુખ્યતાએ ન કરવી અને કેટલીક બાબતોમાં હિંસા બતાવીને તે છોડાવવાની મુખ્યતા કરવી, તે ક્રમભંગ ઉપદેશ છે.

*(મોક્ષમાર્ગ પ્રકાશક પા. ૧૬૩–૧૬૪)*

૫. એકદેશ વીતરાગતા અને શ્રાવકદશાને નિમિત્તનૈમિત્તિકસંબંધ છે, એટલે કે એકદેશ વીતરાગતા થતાં શ્રાવકનાં વ્રત હોય જ; એ પ્રમાણે વીતરાગતાને અને મહાવ્રતને નિમિત્તનૈમિત્તિકસંબંધ છે. ધર્મની પરીક્ષા અંતર વીતરાગભાવથી થાય, બાહ્ય સંયોગથી થાય નહિ.

*(જુઓ મોક્ષમાર્ગપ્રકાશક પા. ૨૭૩)*

## ૬. આ સૂત્રમાં કહેલા ત્યાગનું સ્વરૂપ

અહીં છદ્મસ્થને બુદ્ધિગોચર સ્થૂળપણાની અપેક્ષાએ લોકપ્રવૃત્તિની મુખ્યતાસહિત કહ્યું છે પણ કેવળજ્ઞાનગોચર સૂક્ષ્મપણાની અપેક્ષાએ કહ્યું નથી, કેમ કે તેનું આચરણ થઈ શકતું નથી. તેના દૃષ્ટાંતો—

## (૧) અહિંસા વ્રત સંબંધી

અણુવ્રતીને ત્રસહિંસાનો ત્યાગ કહ્યો છે; તેને સ્ત્રીસેવનાદિ કાર્યોમાં ત્રસહિંસા તો થાય છે, વળી એ પણ જાણે છે, કે જિનવાણીમાં અહીં ત્રસ જીવ કહ્યા છે, પરંતુ તેને ત્રસ જીવ મારવાનો અભિપ્રાય નથી તથા લોકમાં જેનું નામ ત્રસઘાત છે તેને તે કરતો નથી; એ અપેક્ષાએ તેને ત્રસહિંસાનો ત્યાગ છે.

મહાવ્રતધારી મુનિને સ્થાવર હિંસાનો પણ ત્યાગ કહ્યો. હવે મુનિ પૃથ્વી, જળાદિકમાં ગમન કરે છે; ત્યાં ત્રસનો પણ સર્વથા અભાવ નથી, કારણ કે ત્રસજીવોની પણ એવી સૂક્ષ્મ અવગાહના છે કે જે દૃષ્ટિગોચર પણ થતી નથી, તથા તેની સ્થિતિ પણ પૃથ્વી, જળાદિકમાં છે. વળી મુનિ જિનવાણીથી તે જાણે છે અને કોઈ વેળા અવધિજ્ઞાનાદિ વડે પણ જાણે છે; પણ મુનિને પ્રમાદથી સ્થાવર—ત્રસ હિંસાનો અભિપ્રાય નથી, લોકમાં ભૂમિ ખોદવી, અપ્રાસુક જળથી ક્રિયા કરવી ઇત્યાદિ પ્રવૃત્તિનું નામ સ્થાવરહિંસા છે અને સ્થૂળ ત્રસ જીવોને પીડવાનું નામ ત્રસહિંસા છે. તેને મુનિ કરતા નથી, તેથી તેમને હિંસાનો સર્વથા ત્યાગ કહેવામાં આવે છે.

## (૨) સત્યાદિ ચાર વ્રતો સંબંધી

મુનિને અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહનો ત્યાગ છે, પણ કેવળજ્ઞાનમાં જાણવાની અપેક્ષાએ અસત્યવચનયોગ બારમા ગુણસ્થાન સુધી કહ્યો છે, અદત્ત કર્મપરમાણુ આદિ પર દ્રવ્યોનું ગ્રહણ તેરમા ગુણસ્થાન સુધી છે, વેદનો ઉદય નવમા ગુણસ્થાન સુધી છે, અંતરંગ પરિગ્રહ દસમા ગુણસ્થાન સુધી છે, તથા સમવસરણાદિ બાહ્ય પરિગ્રહ કેવળી ભગવાનને હોય છે; પરંતુ ત્યાં પ્રમાદપૂર્વક પાપરૂપ અભિપ્રાય નથી. લોકપ્રવૃત્તિમાં જે ક્રિયાઓ વડે 'આ જૂઠું બોલે છે, ચોરી કરે છે, કુશીલ સેવે છે તથા પરિગ્રહ રાખે છે' એવું નામ પામે છે, તે ક્રિયાઓ તેમને નથી, તેથી તેમને અસત્યાદિકનો ત્યાગ કહેવામાં આવ્યો છે.

## (3) મૂળગુણોમાં પાંચ ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ કહ્યો તે સંબંધી

મુનિને મૂળગુણોમાં પાંચ ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ કહ્યો છે. પણ ઇન્દ્રિયોનું જાણવું તો મટતું નથી; તથા જો વિષયોમાં રાગ-દ્વેષ સર્વથા દૂર થયા હોય તો ત્યાં યથાખ્યાતચારિત્ર થઈ જાય, તે તો અહીં થયું નથી; પરંતુ સ્થૂળપણે વિષય–ઇચ્છાનો અભાવ થયો છે તથા બાહ્ય વિષયસામગ્રી મેળવવાની પ્રવૃત્તિ દૂર થઈ છે, તેથી તેમને ઇન્દ્રિયવિષયોનો ત્યાગ કહ્યો છે.

## (૪) ત્રસહિંસાનાં ત્યાગ સંબંધી

કોઈએ ત્રસહિંસાનો ત્યાગ કર્યો, તો ત્યાં તેણે ચરણાનુયોગમાં અથવા લોકમાં જેને

ત્રસહિંસા કહે છે, તેનો ત્યાગ કર્યો છે. પણ કેવળજ્ઞાન વડે જે ત્રસજીવો દેખાય છે, તેની હિંસાનો ત્યાગ બનતો નથી. અહીં જે ત્રસહિંસાનો ત્યાગ કર્યો તેમાં તો તે હિંસારૂપ મનનો વિકલ્પ ન કરવો તે મનથી ત્યાગ છે, વચન ન બોલવાં તે વચનથી ત્યાગ છે અને કાયાથી ન પ્રવર્તવું તે કાયાથી ત્યાગ છે. ૨.

## વ્રતોમાં સ્થિરતાનાં કારણો

## तत्स्थैर्यार्थं भावनाः पंच पंच ॥३॥

**અર્થ** :–[तत् स्थैर्य अर्थं] તે વ્રતોની સ્થિરતા માટે [भावनाः पंच पंच] દરેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે.

કોઈ વસ્તુનું વારંવાર ચિંતવન કરવું તે ભાવના છે. ૩.

## અહિંસા વ્રતની પાંચ ભાવનાઓ

## वाङ्मनोगुप्तीर्यादाननिक्षेपणसमित्यालोकितपानभोजनानि पंच ॥४॥

**અર્થ** :–[वाङ्मनोगुप्ति] વચનગુપ્તિ–વચનને રોકવું, મનગુપ્તિ–મનની પ્રવૃત્તિને રોકવી, [इर्या आदाननिक्षेपणसमिति] ઈર્યાસમિતિ ચાર હાથ જમીન જોઈને ચાલવું, આદાન-નિક્ષેપણસમિતિ–જીવરહિત ભૂમિ જોઈને સાવધાનીથી કોઈ વસ્તુને લેવી–મૂકવી અને [आलोकितपानभोजनानी] જોઈને–શોધીને ભોજન–પાણી ગ્રહણ કરવાં. [पंच] એ પાંચ અહિંસા વ્રતની ભાવનાઓ છે.

### ટીકા

૧. જીવ પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહિ; તેથી વચન, મન વગેરેની પ્રવૃત્તિને જીવ રોકી શકે નહિ પણ બોલવાના ભાવને તથા મન તરફ લક્ષ કરવાના ભાવને જીવ રોકી શકે; તેને વચનગુપ્તિ તથા મનગુપ્તિ કહેવાય છે. ઈર્યાસમિતિ વગેરેમાં પણ તે જ પ્રમાણે અર્થ થાય છે. જીવ શરીરને ચલાવી શકતો નથી પણ પોતે એકક્ષેત્રથી બીજા ક્ષેત્રે જવાનો ભાવ કરે છે અને શરીર તેની પોતાની તે વખતની લાયકાતના કારણે ચાલવા લાયક હોય તો સ્વયં ચાલે છે. જ્યારે જીવ ચાલવાનો ભાવ કરે ત્યારે ઘણે ભાગે શરીર તેની પોતાની લાયકાતથી સ્વયં ચાલે છે–એવો નિમિત્તનૈમિત્તિકસંબંધ હોય છે, તેથી વ્યવહારનયે 'વચનને રોકવું, મનને રોકવું, જોઈને ચાલવું, વિચારીને બોલવું' એમ કહેવામાં આવે છે. તે કથનનો ખરો અર્થ શબ્દ પ્રમાણે નહિ પણ ભાવ પ્રમાણે થાય છે.

૨. **પ્રશ્ન** :–અહીં ગુપ્તિ અને સમિતિને પુણ્યાસ્રવમાં ગણી અને અ. ૯ના સૂત્રમાં તેને સંવરના કારણમાં ગણી છે—એ રીતે તો કથનમાં પરસ્પર વિરોધ થશે?

**ઉત્તર** :–એ વિરોધ નથી; કેમ કે અહીં ગુપ્તિ તથા સમિતિનો અર્થ અશુભ વચનનો વિરોધ તથા અશુભ વિચારનો નિરોધ–એમ થાય છે; તથા નવમા અધ્યાયના બીજા સૂત્રમાં શુભાશુભ બંને ભાવોનો નિરોધ એવો અર્થ થાય છે. (જુઓ, તત્ત્વાર્થસાર, અધ્યાય ૪, ગાથા ૬૩ હિંદી ટીકા, પા. ૨૧૯)

૩. **પ્રશ્ન** :–અહીં કાયગુપ્તિ કેમ લીધી નથી?

**ઉત્તર** :–ઈર્યાસમિતિ અને આદાન નિક્ષેપણનો અર્થ શુભકાયગુપ્તિ થઈ શકે છે, કેમ કે તે બંને પ્રવૃત્તિમાં અશુભકાયપ્રવૃત્તિનો નિરોધ સારી રીતે થઈ જાય છે.

૪. આલોકિતપાનભોજનમાં રાત્રિભોજન ત્યાગનો સમાવેશ થઈ જાય છે. ૪.

## સત્ય વ્રતની પાંચ ભાવનાઓ

## क्रोधलोभभीरुत्वहास्यप्रत्याख्यानान्यवीचिभाषणं च पंच ॥५॥

**અર્થ** :—[क्रोध लोभ भीरुत्व हास्यप्रत्याख्यानानि] ક્રોધપ્રત્યાખ્યાન, લોભપ્રત્યાખ્યાન, ભીરુત્વપ્રત્યાખ્યાન, હાસ્યપ્રત્યાખ્યાન અર્થાત્ ક્રોધનો ત્યાગ કરવો, લોભનો ત્યાગ કરવો, ભયનો ત્યાગ કરવો, હાસ્યનો ત્યાગ કરવો [अनुवीचि भाषणं च] અને શાસ્ત્રની આજ્ઞા અનુસાર નિર્દોષ વચન બોલવા—[पंच] એ પાંચ સત્ય વ્રતની ભાવનાઓ છે.

### ટીકા

૧. **પ્રશ્ન** :—સમ્યગ્દૃષ્ટિ નિર્ભય છે, તેથી નિઃશંક છે અને એવી અવસ્થ ચોથા ગુણસ્થાને હોય છે. તો અહીં સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને અને મુનિને ભયનો ત્યાગ કરવાનું કેમ કહ્યું છે?

**ઉત્તર** :—ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ અભિપ્રાય અપેક્ષાએ નિર્ભય છે; અનંતાનુબંધી કષાય હોય ત્યારે જે પ્રકારનો ભય હોય છે તે પ્રકારનો ભય તેમને હોતો નથી, તેથી તેમને નિર્ભય કહ્યા છે; પણ ચારિત્ર અપેક્ષાએ તેઓ સર્વથા નિર્ભય થયા છે–એમ કહેવાનો આશય ત્યાં નથી. આઠમા ગુણસ્થાન સુધી ભય હોય છે, તેથી અહીં શ્રાવકને તથા મુનિને ભય છોડવાની ભાવના કરવાનું કહ્યું છે.

૨. પ્રત્યાખ્યાન બે પ્રકારનાં હોય છે–એક નિશ્ચયપ્રત્યાખ્યાન અને બીજું વ્યવહારપ્રત્યાખ્યાન. નિશ્ચયપ્રત્યાખ્યાન તે નિર્વિકલ્પદશારૂપ છે, તેમાં બુદ્ધિપૂર્વક થતાં

શુભાશુભભાવો છૂટે છે; વ્યવહાર પ્રત્યાખ્યાન શુભભાવરૂપ છે; તેમાં સમ્યગ્દૃષ્ટિને અશુભભાવો છૂટીને શુભભાવ રહે છે. આત્મસ્વરૂપના અજાણ—આત્મસ્વરૂપનું જ્ઞાન વર્તમાનમાં કરવાની ના પાડે તેને—આત્મસ્વરૂપનું જ્ઞાન વર્તમાનમાં મેળવવાના ઉપદેશ પ્રત્યે જેને અરુચિ હોય તેને શુભભાવરૂપ પ્રત્યાખ્યાન પણ હોતું નથી; મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિ પાંચ મહાવ્રત નિરતિચાર પાળે તેને પણ આ ભાવનાઓ બતાવેલ પ્રત્યાખ્યાન હોતાં નથી, કેમ કે આ ભાવનાઓ પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, મિથ્યાદૃષ્ટિને હોતી નથી.

૩. **અનુવીચિ ભાષણ**—આ ભાવના પણ સમ્યગ્દૃષ્ટિ જ કરી શકે, કેમ કે તેને જ શાસ્ત્રના મર્મની ખબર છે, તેથી તે સત્શાસ્ત્ર અનુસાર નિર્દોષ વચન બોલવાના ભાવ કરે છે. આ ભાવનાનું રહસ્ય એ છે, કે સાચા સુખના શોધકે શાસ્ત્ર અભ્યાસ કરીને તેનો મર્મ સમજવો જોઈએ. શાસ્ત્રોમાં જુદે જુદે ઠેકાણે પ્રયોજન સાધવા અનેક પ્રકારનો ઉપદેશ આપ્યો છે, તેને સમ્યગ્જ્ઞાન વડે યથાર્થ પ્રયોજનપૂર્વક ઓળખે તો જીવને હિત-અહિતનો નિશ્ચય થાય. માટે 'સ્યાત્' પદની સાપેક્ષતા સહિત સમ્યગ્જ્ઞાન વડે જ જીવો પ્રીતિસહિત જિનવચનમાં રમે છે, તે જીવ થોડા જ વખતમાં શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. મોક્ષમાર્ગનો પ્રથમ ઉપાય આગમજ્ઞાન કહ્યું છે, માટે સાચા આગમ ક્યા છે તેની પરીક્ષા કરીને આગમજ્ઞાન મેળવવું જોઈએ. આગમજ્ઞાન વિના ધર્મનું સત્ય સાધન થઈ શકે નહિ; માટે દરેક મુમુક્ષુ જીવે યથાર્થ બુદ્ધિ વડે સત્ય આગમનો અભ્યાસ કરવો અને સમ્યગ્દર્શન પ્રગટ કરવું, તેનાથી જ જીવનું કલ્યાણ થાય છે. ૫.

## અચૌર્ય વ્રતની પાંચ ભાવનાઓ

**शून्यागारविमोचितावासपरोपरोधाकरणभैक्ष्यशुद्धिसधर्माऽविसंवादाः पंच ॥६॥**

**અર્થ** :—[शून्यागार विमोचितावास] શૂન્યાગારવાસ—પર્વતોની ગૂફા, વૃક્ષની કોટર વગેરે નિર્જન સ્થાનોમાં રહેવું, વિમોચિતાવાસ—બીજાઓએ છોડી દીધેલા સ્થાનમાં નિવાસ કરવો, [परोपरोधाकरण] કોઈ સ્થાન પર રહેલા બીજાઓને ઉઠાડવા નહિ તથા કોઈ પોતાના સ્થાનમાં આવે તો તેને રોકવા નહિ, [भैक्ष्यशुद्धि] શાસ્ત્રાનુસાર ભિક્ષાની શુદ્ધિ રાખવી અને [सधर्मा अविसंवादाः] સહધર્મીઓ સાથે આ મારું છે–આ તારું છે, એવો ક્લેશ ન કરવો– [पंच] આ પાંચ અચૌર્યવ્રતની ભાવનાઓ છે.

### ટીકા

સમાન ધર્મના ધારક જૈન સાધુ–શ્રાવકોએ પરસ્પર વિસંવાદ કરવો નહિ, કેમ કે વિસંવાદથી આ મારું—આ તારું એવો પક્ષ ગ્રહણ થાય છે અને તેથી અગ્રાહ્યનું ગ્રહણ કરવાનો સંભવ થાય છે. ૬.

## બ્રહ્મચર્ય વ્રતની પાંચ ભાવનાઓ

## स्त्रीरागकथाश्रवणतन्मोनोहराङ्गनिरीक्षणपूर्वरतानु-
## स्मरणवृष्येष्टरसस्वशरीरसंस्कारत्यागाः पंच ॥७॥

**અર્થ** :—[स्त्रीरागकथाश्रवणत्यागः] સ્ત્રીઓમાં રાગ વધારનારી કથા સાંભળવાનો ત્યાગ, [तत् मनोहर अंगनिरीक्षण त्यागः] તેના મનોહર અંગો નિરખીને જોવાનો ત્યાગ, [पूर्वरत अनुस्मरण त्यागः] અવ્રત અવસ્થામાં ભોગવેલા વિષયોના સ્મરણનો ત્યાગ, [वृष्येष्टरस त्याग] કામવર્ધક ગરિષ્ટ રસોનો ત્યાગ અને [स्व शरीर संस्कार त्यागः] પોતાના શરીરના સંસ્કારોનો ત્યાગ–[पंच] એ પાંચ બ્રહ્મચર્ય વ્રતની ભાવનાઓ છે.

### ટીકા

**પ્રશ્ન** :—પર વસ્તુ આત્માને કાંઈ લાભ-નુકશાન કરી શકતી નથી, તેમ જ પરવસ્તુનો ત્યાગ આત્માથી થઈ શકતો નથી, તો પછી અહીં સ્ત્રીરાગની કથા સાંભળવી એ વગેરેનો ત્યાગ કેમ કહ્યો છે?

**ઉત્તર** :—પર વસ્તુઓને આત્માએ કદી ગ્રહણ કરી નથી તેમ ગ્રહણ કરી પણ શકતો નથી, તેથી તેનો ત્યાગ બને જ શી રીતે? માટે ખરેખર પરનો ત્યાગ જ્ઞાનીઓએ કહ્યો છે— એમ માનવું તે યોગ્ય નથી. બ્રહ્મચર્ય પાલન કરનારાએ સ્ત્રીઓ અને શરીર પ્રત્યેનો રાગ ટાળવો જોઈએ, માટે તે પ્રત્યેના રાગનો ત્યાગ કરવાનું આ સૂત્રમાં કહ્યું છે. વ્યવહારનાં કથનોને જ નિશ્ચયના કથન તરીકે માનવાં નહિ; પરંતુ તે કથનનો જે પરમાર્થ અર્થ થાય તે કરવો.

જો જીવને સ્ત્રી આદિ પ્રત્યે રાગ ટળી ગયો હોય તો તે સંબંધી રાગવાળી વાત સાંભળવા તરફ તેની રુચિનું વલણ કેમ થાય? તે પ્રકારની રુચિનો વિકલ્પ તે તરફનો રાગ સૂચવે છે; માટે તે રાગનો ત્યાગ કરવાની ભાવના આ સૂત્રમાં જણાવી છે. ૭.

## પરિગ્રહત્યાગ વ્રતની પાંચ ભાવનાઓ

## मनोज्ञामनोज्ञेन्द्रियविषयरागद्वेषवर्जनानि पंच ॥८॥

**અર્થ** :–[इन्द्रिय] સ્પર્શન વગેરે પાંચ ઇન્દ્રિયોના [मनोज्ञ अमनोज्ञ विषय] ઇષ્ટ–અનિષ્ટ વિષયો પ્રત્યે [रागद्वेष वर्जनानि] રાગ-દ્વેષનો ત્યાગ કરવો–[पंच] તે પાંચ પરિગ્રહત્યાગવ્રતની ભાવનાઓ છે.

### ટીકા

ઈન્દ્રિયો બે પ્રકારની છે—દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય; તેની વ્યાખ્યા બીજા અધ્યાયના ૧૭-૧૮મા સૂત્રની ટીકામાં આપી છે—જુઓ પા. ૨૬૫ થી ૨૬૭. ભાવેન્દ્રિય તે જ્ઞાનનો ઉઘાડ છે; તે જે પદાર્થોને જાણે તે પદાર્થો જ્ઞાનના વિષય હોવાથી જ્ઞેય છે, પણ જો તે પ્રત્યે રાગ-દ્વેષ કરવામાં આવે તો તેને ઉપચારથી ઈન્દ્રિયોના વિષયો કહેવામાં આવે છે. ખરેખર તે વિષયો (જ્ઞેયપદાર્થો) પોતે ઈષ્ટ કે અનિષ્ટ નથી પણ જીવ જ્યારે રાગ-દ્વેષ કરે ત્યારે ઉપચારથી તે પદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ કહેવાય છે. આ સૂત્રમાં તે પદાર્થો તરફના રાગ-દ્વેષ છોડવાની ભાવના કરવાનું જણાવ્યું છે.

રાગનો અર્થ લોલુપતા છે અને દ્વેષનો અર્થ નારાજી, તિરસ્કાર છે. ૮.

## હિંસા વગેરેથી વિરક્ત થવાની ભાવના

## हिंसादिष्विहामुत्रापायावद्यदर्शनम् ।।९।।

**અર્થ** :—[हिंसादिषु] હિંસા વગેરે પાંચ પાપોથી [इह अमुत्र] આ લોકમાં તથા પરલોકમાં [अपायावद्यदर्शनम्] નાશની (દુઃખ, આપત્તિ, ભય તથા નિંદ્યગતિની) પ્રાપ્તિ થાય છે—એમ વારંવાર ચિંતવન કરવું જોઈએ.

### ટીકા

**અપાય** = અભ્યુદય અને મોક્ષ માટેની જીવની ક્રિયાને નાશ કરનારો ઉપાય, તે અપાય છે.

**અવદ્ય** = નિંદ્ય, નિંદવાયોગ્ય.

હિંસા વગેરે પાપોની વ્યાખ્યા સૂત્ર ૧૩ થી ૧૭ સુધીમાં આવશે. ૯.

## दुःखमेव वा ।।१०।।

**અર્થ** :—[वा] અથવા તે હિંસાદિક પાંચ પાપો [दुःखम् एव] દુઃખરૂપ જ છે–એમ વિચારવું.

### ટીકા

૧. અહીં કારણમાં કાર્યનો ઉપચાર સમજવો, કેમ કે હિંસાદિ તો દુઃખનાં કારણ છે, પણ તેને જ કાર્ય અર્થાત્ દુઃખરૂપ વર્ણવ્યાં છે.

**૨. પ્રશ્ન** :–વિષયરમણતાથી તથા ભોગવિલાસથી રતિસુખ ઊપજે છે, એમ અમે દેખીએ છીએ, છતાં તેને દુઃખરૂપ કેમ કહ્યું?

**ઉત્તર** :–એ વિષયાદિમાં સુખ નથી, અજ્ઞાની લોકો ભ્રાંતિથી તેને સુખરૂપ માને છે; પરથી સુખ થાય એમ માનવું તે મોટી ભ્રમણા છે. જેમ ચામડી-માંસ-લોહીમાં જ્યારે વિકાર થાય ત્યારે નખ-પથ્થર વગેરેથી શરીરને ખંજોળે છે, ત્યાં જોકે ખંજોળવાથી વધારે દુઃખ થાય છે, છતાં ભ્રમણાથી સુખ માને છે; તેમ અજ્ઞાની જીવ પરથી સુખ–દુઃખ માને છે, તે મોટી ભ્રમણા છે.

જીવ પોતે ઇન્દ્રિયોને વશ થાય તે જ સ્વાભાવિક દુઃખ છે; જો તેમને દુઃખ ન હોય તો ઇન્દ્રિયવિષયોમાં જીવ પ્રવૃત્તિ શા માટે કરે? નિરાકુળતા તે જ સાચું સુખ છે; સમ્યગ્દર્શન-જ્ઞાન વિના તે સુખ હોઈ શકે નહિ. પોતાના સ્વરૂપની ભ્રમણારૂપ મિથ્યાત્વ અને તે પૂર્વક થતું મિથ્યાચારિત્ર તે જ બધા દુઃખનું કારણ છે. વેદના ઓછી થાય તેને અજ્ઞાનીઓ સુખ માને છે, પણ તે સુખ નથી. વેદના જ ન ઊપજે તે સુખ છે અથવા તો અનાકુળતા તે સુખ છે–બીજું નથી; અને તે સુખ સમ્યગ્જ્ઞાનનું અવિનાભાવી છે.

**૩. પ્રશ્ન** :—ધનસંચયથી તો સુખ દેખાય છે, છતાં ત્યાં પણ દુઃખ કેમ કહો છો?

**ઉત્તર** :—ધનસંચય વગેરેથી સુખ નથી. એક પંખી પાસે માંસનો કટકો પડ્યો હોય ત્યારે બીજા પંખીઓ તેને ચૂંથે છે અને તે પંખીને પણ ચાંચો મારે છે, ત્યારે તે પંખીની જેવી હાલત થાય છે તેવી હાલત ધન–ધાન્ય વગેરે પરિગ્રહધારી મનુષ્યોની થાય છે. સંપત્તિમાન મનુષ્યને લોકો તેવી રીતે જ ચૂંથે છે. ધનને સંભાળવામાં પણ આકુળતાથી દુઃખી થવું પડે છે, એટલે ધનસંચયથી સુખ થાય છે એ માન્યતા ભ્રમરૂપ છે. પરવસ્તુથી સુખ–દુઃખ કે લાભ–નુકશાન થાય, એમ માનવું તે જ મોટી ભ્રમણા છે. પર વસ્તુમાં આ જીવના સુખ-દુઃખનો સંગ્રહ પડ્યો નથી, કે જેથી તે પરવસ્તુ આ જીવને સુખ-દુઃખ આપે.

**૪. પ્રશ્ન** :—હિંસાદિ પાંચ પાપોથી વિરક્ત થવાની ભાવના કરવાનું કહ્યું, પરંતુ મહાપાપ તો મિથ્યાત્વ છે, છતાં તે છોડવા સંબંધી કાંઈ કેમ ન કહ્યું?

**ઉત્તર** :—સમ્યગ્દષ્ટિ જીવને કેવા શુભાસ્રવ હોય તેની પ્રરૂપણા આ અધ્યાય કરે છે. સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વરૂપ મહાપાપ તો હોતું જ નથી, તેથી તે સંબંધી વર્ણન આ અધ્યાયમાં નથી. આ અધ્યાયમાં સમ્યગ્દર્શન પછીના વ્રતસંબંધી વર્ણન છે. જેણે મિથ્યાત્વ છોડ્યું હોય તે અસંયત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ થઈ શકે છે—એ સિદ્ધાંત આ અધ્યાયના ૧૮મા સૂત્રમાં કહ્યો છે.

મિથ્યાદર્શન મહાપાપ છે, તેને છોડવાનું પૂર્વે છઠ્ઠા અધ્યાયના ૧૩મા સૂત્રમાં કહ્યું છે તથા હવે પછી આઠમા અધ્યાયના પહેલા સૂત્રમાં કહેશે. ૧૦.

## વ્રતધારી સમ્યગ્દષ્ટિની ભાવના

## मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थानि च सत्त्वगुणाधिकक्लिश्यमानाविनयेषु ॥११॥

**અર્થ** :—[सत्त्वेषु मैत्री] પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રી-નિર્વેરબુદ્ધિ [गुणाधिकेषु प्रमोद] અધિક ગુણવાનો પ્રત્યે પ્રમોદ, [क्लिश्यमानेषु कारुण्य] દુઃખી-રોગી જીવો પ્રત્યે કરુણા [अविनयेषु माध्यस्थानि च] અને હઠાગ્રહી-મિથ્યાદષ્ટિ જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવના—આ ચાર ભાવના અહિંસાદિ પાંચ વ્રતોની સ્થિરતા માટે વારંવાર ચિંતવવી યોગ્ય છે.

### ટીકા

૧. આ ચાર ભાવના સમ્યગ્દષ્ટિ જીવોને શુભભાવરૂપે હોય છે. આ ભાવના મિથ્યાદષ્ટિને હોતી નથી, કેમ કે તેને વસ્તુસ્વરૂપનો વિવેક નથી.

**મૈત્રી**—બીજાને દુઃખ ન દેવાની ભાવના તે મૈત્રી છે.

**પ્રમોદ**—અધિક ગુણોના ધારક જીવો પ્રત્યે પ્રસન્નતા વગેરેથી અંતરંગ ભક્તિ પ્રગટ થાય તે પ્રમોદ છે.

**કારુણ્ય**—દુઃખી જીવોને દેખીને તેમના પ્રત્યે કરુણાભાવ થવો તે કારુણ્ય છે.

**માધ્યસ્થ**—જે જીવ તત્ત્વાર્થશ્રદ્ધાથી રહિત છે અને તત્ત્વનો ઉપદેશ દેવાથી ઉલટો ચિડાય છે, તેની પ્રત્યે ઉપેક્ષા રાખવી તે માધ્યસ્થપણું છે.

૨. આ સૂત્રના અર્થની પૂર્ણતા કરવા માટે નીચેના ત્રણમાંથી કોઈ એક વાક્ય ઉમેરવું—

૧. 'तत्स्थयार्थम् भावयितव्यानि'= તે અહિંસાદિક પાંચે વ્રતોની સ્થિરતા માટે ભાવવાયોગ્ય છે.

૨. 'भावयतः पुर्णान्यहिंसादीनि व्रतानि भवन्ति' = આ ભાવના ભાવવાથી અહિંસાદિક પાંચ વ્રતોની પૂર્ણતા થાય છે.

૩. 'तत्स्थैर्यार्थम् भावयेत्' = તે પાંચ વ્રતોની દઢતા માટે ભાવના કરે.

*(જુઓ, સર્વાર્થસિદ્ધિ અ. ૭. પાનું-૨૯)*

૩. 'જ્ઞાનીઓને અજ્ઞાની જીવો પ્રત્યે દ્વેષ હોતો નથી, પણ કરુણા હોય છે; આ સંબંધમાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની ત્રીજી ગાથામાં કહ્યું છે, કે—

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ. ૩

**અર્થ**—કોઈ ક્રિયામાં જ જડ થઈ રહ્યા છે, કોઈ જ્ઞાનમાં શૂષ્ક થઈ રહ્યા છે અને એમાં તેઓ મોક્ષમાર્ગ માની રહ્યા છે, તે જોઈને કરુણા ઊપજે છે.

૪. **ગુણાધિક**—સમ્યગ્જ્ઞાનાદિ ગુણોમાં જે પ્રધાન-માન્ય-મોટા હોય તે ગુણાધિક છે.

**ક્લિશ્યમાન**—મહામોહરૂપ મિથ્યાત્વથી જે ગ્રસ્ત છે, કુમતિ-કુશ્રુતાદિ અજ્ઞાનથી પરિપૂર્ણ છે, વિષયો સેવવાની તીવ્ર તૃષ્ણારૂપ અગ્નિથી જેઓ અત્યંત દગ્ધ થઈ રહ્યા છે અને વાસ્તવિક હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર કરવામાં જે વિપરીત છે—તે કારણે જેઓ દુઃખથી પીડિત છે, તે જીવો ક્લિશ્યમાન છે.

**અવિનયી**—માટીનો પિંડ, લાકડું કે ભીંત સમાન જે જીવ જડ-અજ્ઞાની છે, જેઓ વસ્તુસ્વરૂપનું ગ્રહણ કરવા (સમજવા અને ધારણ કરવા) માગતાં નથી, વિવેક શક્તિ દ્વારા હિતાહિતનો વિચાર કરવા માગતાં નથી, તર્કશક્તિથી જ્ઞાન કરવા માગતાં નથી તથા દૃઢપણે વિપરીત શ્રદ્ધાવાળા છે અને દ્વેષાદિકને વશ થઈ વસ્તુસ્વરૂપને અન્યથા ગ્રહણ કરી રાખે છે, તેવા જીવો અવિનયી છે; આવા જીવોને અપદૃષ્ટિ પણ કહેવાય છે. ૧૧.

## વ્રતોની રક્ષા અર્થે સમ્યગ્દૃષ્ટિની વિશેષ ભાવના

## जगत्कायस्वभावौ वा संवेगवैराग्यार्थम् ॥१२॥

**અર્થ** :-[संवेगवैराग्य अर्थम्] સંવેગ અર્થાત્ સંસારનો ભય અને વૈરાગ્ય અર્થાત્ રાગ-દ્વેષનો અભાવ-તે માટે [जगत् कायस्वभावौ वा] ક્રમથી સંસાર અને શરીરના સ્વભાવનું ચિંતવન કરવું.

### ટીકા

### ૧. જગતનો સ્વભાવ

છ દ્રવ્યોનો સમૂહ તે જગત છે. દરકે દ્રવ્ય અનાદિ અનંત છે; તેમાં જીવ સિવાયના પાંચ દ્રવ્યો જડ છે અને જીવદ્રવ્ય ચેતન છે. જીવોની સંખ્યા અનંત છે; પાંચ અચેતન દ્રવ્યોને સુખ-દુઃખ નથી, જીવદ્રવ્યને સુખ-દુઃખ છે. અનંત જીવોમાં કેટલાક સુખી છે અને મોટા ભાગના જીવો દુઃખી છે. જે જીવો સુખી છે તેઓ સમ્યગ્જ્ઞાની જ છે, સમ્યગ્જ્ઞાન વગર કોઈ જીવ સુખી હોઈ શકે નહિ; સમ્યગ્જ્ઞાનનું કારણ સમ્યગ્દર્શન છે; આ રીતે સુખની શરૂઆત

સમ્યગ્દર્શનથી જ થાય છે અને સુખની પૂર્ણતા સિદ્ધદશામાં થાય છે. પોતાનું સ્વરૂપ નહિ સમજનારા મિથ્યાદૃષ્ટિ જીવો દુઃખી છે. તે જીવોને અનાદિથી બે મહાન ભૂલો ચાલી આવે છે; તે ભૂલો નીચે મુજબ છે—

(૧) શરીર વગેરે પરદ્રવ્યનું હું કરી શકું અને પરદ્રવ્ય મારું કરી શકે, એમ પરવસ્તુથી મને લાભ-નુકશાન થાય અને પુણ્યથી જીવને લાભ થાય–આવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આ માન્યતા ખોટી છે. શરીરાદિનાં રજકણે રજકણ સ્વતંત્ર દ્રવ્ય છે, જગતનું દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, પરમાણુ દ્રવ્યો સ્વતંત્ર છે, છતાં જીવ તેને હલાવી ચલાવી શકે, તેની વ્યવસ્થા સંભાળી શકે. એ માન્યતા દ્રવ્યોની સ્વતંત્રતા છીનવી લેવા બરાબર છે અને તેમાં દરેક રજકણ ઉપર જીવનું સ્વામિત્વ હોવાની માન્યતા આવે છે; તે અજ્ઞાનરૂપ માન્યતા સંસારનું કારણ છે. દરેક જીવ પણ સ્વતંત્ર છે; જો આ જીવ પરજીવોનું કાંઈ કરી શકે અગર પરજીવો આ જીવનું કાંઈ કરી શકે, તો એક જીવ ઉપર બીજા જીવનું સ્વામીત્વ આવી પડે અને સ્વતંત્ર વસ્તુનો નાશ થાય. પુણ્યભાવ તે વિકાર છે, સ્વદ્રવ્યનો આશ્રય ચૂકીને અનંત પરદ્રવ્યોના આશ્રયે તે ભાવ થાય છે, તેનાથી જીવને લાભ થાય એમ માને તો 'પરાશ્રય–પરાધીનતાથી લાભ છે અર્થાત્ પરાધીનતા તે સુખ છે'–એવો સિદ્ધાન્ત ઠરે, પણ તે માન્યતા અપસિદ્ધાંત છે–મિથ્યા છે.

(૨) મિથ્યાદૃષ્ટિ જીવની અનાદિથી બીજી ભૂલ એ છે, કે–જીવ વિકારી અવસ્થા જેટલો જ છે અગર તો જન્મથી મરણ સુધી જ છે, એમ માનીને પોતાના દરેક સમયે ધ્રુવરૂપ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યચમત્કારસ્વરૂપને ઓળખતો નથી અને તે તરફ લક્ષ કરતો નથી.

આ બે ભૂલો તે જ સંસાર છે, તે જ દુઃખ છે. તે ટાળ્યા સિવાય કોઈ જીવ સમ્યગ્જ્ઞાની–ધર્મી–સુખી થઈ શકે નહીં. જ્યાં સુધી તે માન્યતા હોય ત્યાં સુધી જીવ દુઃખી જ છે.

શ્રી સમયસાર શાસ્ત્રમાંથી આ સંબંધી કેટલાક આધારો આપવામાં આવે છે :—

(પા. ૩૮૦) "સર્વ દ્રવ્યોના પરિણામો જુદા જુદા છે, પોત-પોતાના પરિણામોના સૌ દ્રવ્ય કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે. નિશ્ચયથી (ખરેખર) કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી, માટે જીવ પોતાનાં પરિણામોનો જ કર્તા છે, પોતાનાં પરિણામ જ કર્મ છે. એવી જ રીતે અજીવ પોતાનાં પરિણામનો જ કર્તા છે, પોતાનાં પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે."

(પા. ૩૯૦ કળશ ૧૯૯) "જેઓ અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને (પરનો) કર્તા માને છે, **તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય તોપણ** સામાન્ય (લૌકિક)જનોની માફક તેમનો પણ મોક્ષ થતો નથી."

(પા. ૩૯૪) “જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે, તે–લૌકિકજન હો કે મુનિજન હો–મિથ્યાદ્રષ્ટિ જ છે.”

(પા. ૩૯૪) “કારણ કે આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, તેથી જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં કર્તાકર્મ ઘટના હોતી નથી—એમ મુનિજનો અને લૌકિકજનો તત્ત્વને (વસ્તુના યથાર્થ સ્વરૂપને) અકર્તા દેખો (–કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે, એમ શ્રદ્ધામાં લાવો).”

આવી સાચી બુદ્ધિને શિવબુદ્ધિ અથવા કલ્યાણકારી બુદ્ધિ કહેવાય છે.

શરીર, સ્ત્રી, પુત્ર, ધન વગેરે પરવસ્તુઓમાં જીવનો સંસાર નથી; પણ હું તે પરદ્રવ્યોનું કાંઈ કરી શકું અથવા તેમનાથી મને સુખ-દુઃખ થાય, એવી ઊંધી માન્યતા (મિથ્યાત્વ) તે જ સંસાર છે. સંસાર એટલે (સં+સાર) સારી રીતે સરી જવું. જીવ પોતાના સ્વરૂપની સાચી માન્યતામાંથી સારી રીતે સરી જવાનું કાર્ય (અર્થાત્ ઊંધી માન્યતારૂપી કાર્ય) અનાદિથી કરે છે, તેથી તે સંસારઅવસ્થાને પ્રાપ્ત થયો છે. આ રીતે જીવની વિકારી અવસ્થા તે જ સંસાર છે, પણ જીવનો સંસાર જીવથી બહાર નથી. દરેક જીવ પોતે પોતાના ગુણ–પર્યાયોમાં છે, પોતાના ગુણ-પર્યાયો તે જીવનું સ્વ-જગત છે. જીવમાં જગતના અન્ય દ્રવ્યો નથી અને જગતનાં અન્ય દ્રવ્યોમાં આ જીવ નથી.

આવા પ્રકારે જગતના સ્વરૂપનું ચિંતવન સમ્યગ્દ્રષ્ટિ જીવો કરે છે.

## ૨. શરીરનો સ્વભાવ

શરીર અનંત રજકણોનો પિંડ છે. કાર્મણશરીર અને તૈજસશરીર સાથે જીવને અનાદિથી સંબંધ છે, તે શરીરો સૂક્ષ્મ હોવાથી ઈન્દ્રિયગમ્ય નથી. આ સિવાય જીવને એક સ્થૂળ શરીર હોય છે; પરંતુ જીવ જ્યારે એક શરીર છોડીને બીજું શરીર ધારણ કરે ત્યારે વચમાં જેટલો વખત લાગે તેટલો વખત સુધી (એટલે કે વિગ્રહગતિ વખતે) તે સ્થૂળ શરીર જીવને હોતું નથી. મનુષ્યો તથા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના તિર્યંચોને જે સ્થૂળ શરીર હોય છે, તે ઔદારિકશરીર છે અને દેવ તથા નારકીઓને વૈક્રિયિક શરીર હોય છે. આ સિવાય એક આહારક શરીર થાય છે, આ શરીર સ્થૂળ હોય છે અને વિશુદ્ધ સંયમના ધારક મુનિરાજને જ તે હોય છે. આ પાંચે પ્રકારના શરીરો ખરેખર જડ છે–અચેતન છે એટલે ખરી રીતે તે શરીરો જીવના નથી. કાર્મણશરીર તો ઈન્દ્રિયથી દેખાતું નથી; છતાં પણ ‘સંસારી જીવોને કાર્મણશરીર હોય છે’ એવું વ્યવહારકથન સાંભળીને તેનો ખરો આશય સમજવાને બદલે તેને નિશ્ચય કથન માની લઈને અજ્ઞાનીઓ ખરેખર જીવનું જ શરીર હોય–એમ માની લે છે.

શરીર અનંત રજકણોનો પિંડ છે અને તે દરેક રજકણ સ્વતંત્ર દ્રવ્ય છે; તે હલન–

ચલનાદિરૂપ પોતાની અવસ્થા પોતાના કારણે સ્વતંત્રપણે ધારણ કરે છે. દરેક પરમાણુ દ્રવ્ય પોતાની નવી પર્યાય સમયે-સમયે ઉત્પન્ન કરે છે અને જુની પર્યાયનો અભાવ કરે છે. આ રીતે પર્યાયના ઉત્પાદ-વ્યયરૂપ કાર્ય કરતા થકા તે દરેક પરમાણુ ધ્રુવપણે હંમેશા ટકી રહે છે. આ રીતે જગતનાં સમસ્ત દ્રવ્યો ટકીને બદલનારાં (Permanent with a change) છે. આમ હોવા છતાં શરીરના અનંત પરમાણુદ્રવ્યોની પર્યાય જીવ કરી શકે એવી ભ્રમણા અજ્ઞાની જીવ સેવે છે, અને જગતના અજ્ઞાનીઓ તરફથી જીવને પોતાની તે ઊંધી માન્યતાનું બળવાનપણે પોષણ મળ્યા કરે છે. શરીર સાથેની એકત્વબુદ્ધિ તે આ અજ્ઞાનનું કારણ હોવાથી તેના ફળરૂપે, જીવને પોતાના વિકારભાવો અનુસાર નવા નવા શરીરનો સંયોગ થયા કરે છે. આ ભૂલ ટાળવા માટે ચેતન અને જડ વસ્તુના સ્વભાવની સ્વતંત્રતા સમજવાની જરૂર છે.

આ વસ્તુસ્વભાવને સમ્યગ્દષ્ટિ જીવો સમ્યગ્જ્ઞાનથી જાણે છે. આ સમ્યગ્જ્ઞાન અને સાચી માન્યતાને વિશેષ સ્થિર-નિશ્ચલ કરવા માટે તેનો વારંવાર વિચાર-ચિંતવન કરવાનું અહીં કહ્યું છે.

## ૩. સંવેગ

સમ્યગ્દર્શનાદિ ધર્મમાં તથા તેના ફળમાં ઉત્સાહ હોવો અને સંસારનો ભય હોવો તે સંવેગ છે. પર વસ્તુ તે સંસાર નથી પણ પોતાનો વિકારીભાવ તે સંસાર છે, તે વિકારીભાવનો ભય રાખવો, એટલે કે તે વિકારીભાવ ન થવાની ભાવના રાખવી અને વીતરાગદશાની ભાવના વધારવી. સમ્યગ્દષ્ટિ જીવોને સંપૂર્ણ વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી અનિત્ય રાગ-દ્વેષ રહે છે, તેનાથી ભય રાખવાનું અહીં કહ્યું છે. જેમ બને તેમ વિકારભાવ થવા દેવો નહિ અને જે વિકાર થાય તેમાં પણ અશુભ તો થવા દેવો નહિ, અશુભ ટાળતાં શુભ રહી જાય તેને પણ ધર્મ માનવો નહિ, પણ તે ટાળવાની ભાવના કરવી.

## ૪. વૈરાગ્ય

રાગ-દ્વેષનો અભાવ તે વૈરાગ્ય આ શબ્દ 'નાસ્તિ' વાચક છે; પરંતુ કંઈક અસ્તિ વગર નાસ્તિ હોય નહિ. જ્યારે જીવમાં રાગ-દ્વેષનો અભાવ હોય ત્યારે શેનો સદ્‌ભાવ હોય? જીવમાં જેટલા અંશે રાગ-દ્વેષનો અભાવ થાય છે તેટલા અંશે વીતરાગતા-જ્ઞાન-આનંદ-સુખનો સદ્‌ભાવ થાય છે. સમ્યગ્દષ્ટિ જીવોને સંવેગ અને વૈરાગ્યને માટે જગત અને શરીરના સ્વભાવનું વારંવાર ચિંતવન કરવાનું અહીં જણાવ્યું છે.

## ૫. વિશેષ ખુલાસા

**પ્રશ્ન** :-જો જીવ શરીરનું કાંઈ કરતો નથી અને શરીરની ક્રિયા તેનાથી સ્વયં જ થાય છે, તો શરીરમાંથી જીવ નીકળી ગયા પછી શરીર કેમ ચાલતું નથી?

**ઉત્તર** :–પરિણામો (પર્યાયનો ફેરફાર) પોતપોતાના દ્રવ્યના આશ્રયે થાય છે; એક દ્રવ્યના પરિણામને અન્ય દ્રવ્યનો આશ્રય હોતો નથી. વળી કોઈ પણ કર્મ (કાર્ય) કર્તા વિના હોતું નથી; **તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી.** આ સિદ્ધાંત પ્રમાણે મૃતકશરીરના પુદ્‌ગલોની લાયકાત જ્યારે લંબાઈરૂપે સ્થિર પડી રહેવાની હોય છે ત્યારે તેઓ તેવી દશામાં પડ્યા રહે છે અને તે મૃતકશરીરના પુદ્‌ગલોના પિંડની લાયકાત જ્યારે ઘરબહાર અન્યત્ર ક્ષેત્રાંતર થવાની હોય ત્યારે તેઓ પોતાના કારણે ક્ષેત્રાંતર થાય છે અને તે વખતે રાગી જીવ વગેરે નિમિત્તપણે –હાજરરૂપ હોય છે, પણ તે રાગી જીવ વગેરે પદાર્થોએ મડદાની અવસ્થા કરી નથી. મડદાનાં પુદ્‌ગલો સ્વતંત્ર વસ્તુ છે; તે દરેક રજકણનું પરિણમન તેના પોતાના કારણે થાય છે; તે રજકણોની જે વખતે જેવી હાલત થવા યોગ્ય હોય તેવી જ હાલત તેના સ્વાધીનપણે થાય છે. પરદ્રવ્યોની અવસ્થામાં જીવનું કાંઈ પણ કર્તાપણું નથી. એટલી વાત ખરી છે, કે તે વખતે રાગી જીવને પોતામાં જે કષાયવાળો ઉપયોગ અને યોગ થાય છે, તેનો કર્તા તે જીવ પોતે છે.

સંસાર (અર્થાત્ જગત્) અને શરીરના સ્વભાવનો યથાર્થ વિચાર સમ્યગ્દ્રષ્ટિ જ કરી શકે છે. જેઓને જગત અને શરીરના સ્વભાવનું યથાર્થ ભાન નથી. એવા જીવો (–મિથ્યાદ્રષ્ટિ જીવો) 'આ શરીર અનિત્ય છે, સંયોગી છે; જેનો સંયોગ થાય તેનો વિયોગ થાય છે' એ પ્રકારે શરીરાશ્રિત માન્યતાથી ઉપલક વૈરાગ્ય (અર્થાત્ મોહગર્ભિત કે દ્વેષગર્ભિત વૈરાગ્ય) પ્રગટ કરે છે, પણ તે ખરો વૈરાગ્ય નથી. સમ્યગ્જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય તે જ સાચો વૈરાગ્ય છે. આત્માના સ્વભાવને જાણ્યા વગર યથાર્થ વૈરાગ્ય હોય નહિ. આત્માના ભાન વગર, માત્ર જગત અને શરીરની ક્ષણિકતાને લક્ષે થયેલો વૈરાગ્ય તે અનિત્ય જાગ્રીકા છે, તે ભાવમાં ધર્મ નથી. સમ્યગ્દ્રષ્ટિને પોતાના અસંયોગી નિત્ય જ્ઞાયક સ્વભાવના લક્ષપૂર્વક અનિત્યભાવના હોય છે, તે જ સાચો વૈરાગ્ય છે. ૧૨.

## હિંસા–પાપનું લક્ષણ

## प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा ॥१३॥

**અર્થ** :–[प्रमत्तयोगात्] કષાય-રાગ-દ્વેષ અર્થાત્ અયત્નાચાર (અસાવધાની, પ્રમાદ)ના સંબંધથી—અથવા તો પ્રમાદી જીવના મન-વચન-કાયયોગથી [प्राणव्यपरोपणं] જીવના ભાવપ્રાણનો, દ્રવ્યપ્રાણનો, અગર તે બંનેનો વિયોગ કરવો તે [हिंसा] હિંસા છે.

### ટીકા

૧. જૈનશાસનનું આ એક મહાસૂત્ર છે; ને તે બરાબર સમજવાની જરૂર છે.

આ સૂત્રમાં 'प्रमत्तयोगात्' શબ્દ ભાવવાચક છે; તે એમ બતાવે છે કે, પ્રાણોનો વિયોગ

થવા માત્રથી હિંસાનું પાપ નથી, પણ પ્રમાદભાવ તે હિંસા છે અને તેનાથી પાપ છે. શાસ્ત્રોમાં કહ્યું છે, કે—પ્રાણીઓના પ્રાણોથી જુદા થવા માત્રથી હિંસાનો બંધ થતો નથી; જેમ કે ઈર્યાસમિતિવાળા મુનિને તેમાના નીકળવાના સ્થાનમાં કોઈ જીવ આવી પડે અને પગના સંયોગથી તે જીવ મરી જાય તો ત્યાં તે મુનિને તે જીવના મૃત્યુ નિમિત્તે જરા પણ બંધ થતો નથી, કેમ કે તેમના ભાવમાં પ્રમાદયોગ નથી.

૨. આત્માના શુદ્ધોપયોગરૂપ પરિણામને ઘાતવાવાળો ભાવ તે સંપૂર્ણ હિંસા છે; ખરેખર રાગાદિ ભાવોની ઉત્પત્તિ ન થવી તે અહિંસા છે અને તે રાગાદિ ભાવોની ઉત્પત્તિ થવી તે હિંસા છે-આવું જૈનશાસનનું ટૂંકું રહસ્ય છે. (પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા ૪૨-૪૪)

૩. **પ્રશ્ન** :-જીવ મરે કે ન મરે, તોપણ પ્રમાદ યોગથી (અયત્નાચારથી) નિશ્ચય હિંસા થાય છે, તો પછી અહીં સૂત્રમાં 'प्राणव्यपरोपणं' એ શબ્દ શા માટે વાપર્યો છે?

**ઉત્તર** :-પ્રમાદયોગથી જીવના પોતાના ભાવપ્રાણોનું મરણ અવશ્ય થાય છે. પ્રમાદમાં પ્રવર્તતાં, જીવ પ્રથમ તો પોતાના જ શુદ્ધભાવપ્રાણોનો વિયોગ કરે છે; પછી ત્યાં અન્ય જીવના દ્રવ્ય પ્રાણોનો વિયોગ (વ્યપરોપણ) થાય કે ન થાય, તોપણ પોતાના ભાવપ્રાણોનું મરણ તો અવશ્ય થાય છે-એમ બતાવવા માટે 'प्राणव्यपरोपणं' શબ્દ વાપર્યો છે.

૪. જે પુરુષને ક્રોધાદિક કષાય પ્રગટ થાય છે, તેને પોતાના શુદ્ધોપયોગરૂપ ભાવપ્રાણોનો ઘાત થાય છે. કષાયના પ્રગટવાથી જીવના ભાવપ્રાણોનું જે વ્યપરોપણ થાય છે, તે ભાવ હિંસા છે અને તે હિંસા વખતે જો સામા જીવના પ્રાણનો વિયોગ થાય તો તે દ્રવ્યહિંસા છે.

૫. આત્મામાં વિભાવ ભાવોની ઉત્પત્તિ થાય તેનું નામ જ ભાવહિંસા છે,—આ જૈન સિદ્ધાંતનું રહસ્ય છે. ધર્મનું લક્ષણ જ્યાં અહિંસા કહ્યું છે ત્યાં 'રાગાદિ વિભાવભાવોનો અભાવ તે અહિંસા' એમ સમજવું. માટે રાગાદિ વિભાવ રહિત પોતાનો સ્વભાવ છે એવા ભાવપૂર્વક જે પ્રકારે જેટલા બને તેટલા પોતાના રાગાદિ ભાવોનો નાશ કરવો તે ધર્મ છે. મિથ્યાદૃષ્ટિ જીવને રાગાદિ ભાવોના નાશ થતો નથી; તેને દરેક સમયે ભાવમરણ થયા જ કરે છે; ભાવમરણ તે જ હિંસા છે, તેથી તેને ધર્મનો અંશ પણ નથી.

૬. ઇન્દ્રિયોની પ્રવૃત્તિ પાપમાં હો કે પુણ્યમાં હો, પણ તે પ્રવૃત્તિ ટાળવા વિચાર ન કરવો તે પ્રમાદ છે. (તત્ત્વાર્થસાર પા. ૨૨૩)

૭. આ હિંસા-પાપમાં અસત્ય વગેરે બીજા ચારે પાપો સમાઈ જાય છે. અસત્ય વગેરે ભેદો તો શિષ્યને સમજાવવા માટે દૃષ્ટાંતરૂપે જુદાં કહ્યાં છે.

૮. કોઈ જીવ બીજાને મારવા ચાહતો હોય પણ પ્રસંગ ન મળવાથી મારી ન શક્યો,

તોપણ તે જીવને હિંસાનું પાપ તો લાગ્યું, કેમ કે તે જીવ પ્રમાદભાવ સહિત છે અને પ્રમાદભાવ તે જ ભાવપ્રાણોની હિંસા છે.

૯. જે એમ માને છે, કે 'હું પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે' તે મૂઢ છે, અજ્ઞાની છે અને આનાથી વિપરીત—અર્થાત્ જે આવું નથી માનતો તે–જ્ઞાની છે. (જુઓ, સમયસાર ગાથા ૨૪૭)

જીવોને મારો કે ન મારો–અધ્યવસાનથી જ કર્મબંધ થાય છે. સામો જીવ મરે ન મરે તે કારણે બંધ નથી. (જુઓ, સમયસાર ગાથા ૨૬૨)

૧૦. 'યોગ'નો અર્થ અહીં સંબંધ થાય છે. 'પ્રમત્તયોગાત્' એટલે પ્રમાદના સંબંધથી. વળી, મન-વચન-કાયાના લક્ષે આત્માના પ્રદેશોનું હલન-ચલન તે યોગ–એવો અર્થ પણ અહીં થઈ શકે છે. પ્રમાદરૂપ પરિણામના સંબંધથી થતો યોગ તે 'પ્રમત્તયોગ' છે.

૧૧. પ્રમાદના પંદર ભેદ છે—૪ વિકથા (સ્ત્રીકથા, ભોજનકથા, રાજકથા, ચોરકથા), ૫ પાંચ ઈન્દ્રિયના વિષયો, ૪ કષાય (ક્રોધ, માન, માયા, લોભ), ૧ નિદ્રા અને ૧ પ્રણય. ઈન્દ્રિયાદિ તો નિમિત્ત છે અને જીવનો અસાવધાન ભાવ તે ઉપાદાનકારણ છે. પ્રમાદનો અર્થ પોતાના સ્વરૂપની અસાવધાની–એવો પણ થાય છે.

### ૧૨. તેરમા સૂત્રનો સિદ્ધાંત

જીવનો પ્રમત્તભાવ તે શુદ્ધોપયોગને ઘાત કરે છે, માટે તે હિંસા છે અને સ્વરૂપના ઉત્સાહથી શુદ્ધોપયોગનો જેટલે અંશે ઘાત ન થાય તેટલે અંશે અહિંસા છે. મિથ્યાદૃષ્ટિને ખરી અહિંસા કદી હોતી નથી. ૧૩.

## અસત્યનું સ્વરૂપ

## असदभिधानमनृतम् ॥१४॥

**અર્થ** :–પ્રમાદના યોગથી [असत् अभिधानं] જીવોને દુઃખદાયક અથવા મિથ્યારૂપ વચન બોલવાં તે [अनृतम्] અસત્ય છે.

### ટીકા

૧. પ્રમાદના સંબંધથી જૂઠું બોલવું તે અસત્ય છે. જે શબ્દો નીકળે છે તે તો પુદ્‌ગલ દ્રવ્યની અવસ્થા છે, તેને જીવ પરિણમાવતો નથી, તેથી માત્ર શબ્દોના ઉચ્ચારનું પાપ નથી પણ જીવનો અસત્ય બોલવાનો પ્રમાદભાવ તે જ પાપ છે.

## ૨. સત્યનું પરમાર્થ સ્વરૂપ

(૧) આત્મા સિવાય બીજો કોઈ પદાર્થ આત્માનો થઈ શકતો નથી, બીજા કોઈનું આત્મા કરી શકતો નથી–આમ વસ્તુસ્વરૂપનો નિશ્ચય કરવો જોઈએ; અને દેહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, ગૃહ વગેરે પર વસ્તુઓના સંબંધમાં વ્યવહારથી ભાષા બોલતાં એ ઉપયોગ (–અભિપ્રાય) રાખવો જોઈએ, કે 'હું આત્મા છું, એક આત્મા સિવાય બીજું કોઈ મારું નથી; એ કોઈનું હું કાંઈ કરી શકતો નથી.' અન્ય આત્માના સંબંધમાં બોલતાં પણ એ ઉપયોગ (અભિપ્રાય) રાખવો જોઈએ કે 'જાતિ, લિંગ ઈન્દ્રિયાદિક ઉપચરિત ભેદવાળો તે આત્મા ખરેખર નથી, પણ પ્રયોજન પૂરતું વ્યવહારનયથી સંબોધવામાં આવે છે.' જો આ રીતની ઓળખાણના ઉપયોગપૂર્વક સત્ય બોલવાનો ભાવ હોય તો તે પારમાર્થિક સત્ય છે. વસ્તુસ્વરૂપના ભાન વગર સત્ય પરમાર્થે હોય નહિ. આ સંબંધી સ્પષ્ટ સમજાવવામાં આવે છે—

(અ) કોઈ જીવ આરોપિત વાત કરતાં 'મારો દેહ, મારું ઘર, મારી સ્ત્રી, મારા પુત્ર' ઈત્યાદિ પ્રકારે ભાષા બોલે છે; તે વખતે, હું તે અન્ય દ્રવ્યોથી ભિન્ન છું, કોઈ ખરેખર મારાં નથી, હું તેમનું કાંઈ કરી શકતો નથી' આવું જો તે જીવને સ્પષ્ટપણે ભાન હોય તો તે પરમાર્થ સત્ય કહેવાય.

(બ) કોઈ ગ્રંથકાર શ્રેણિક રાજા અને ચેલણા રાણીનું વર્ણન કરતા હોય; તે વખતે 'તે બંને આત્મા હતા અને માત્ર શ્રેણિકના ભવ–આશ્રયે તેમનો સંબંધ હતો' એ વાત જો તેમના લક્ષમાં હોય અને ગ્રંથ રચવાની પ્રવૃત્તિ કરે, તો તે પરમાર્થ સત્ય છે.

*(જુઓ શ્રીમદ્ રાજચંદ્ર આવૃત્તિ ૨. પાનું ૬૧૩)*

(૨) લૌકિક સત્ય બોલવાના ભાવ જીવે ઘણીવાર કર્યા છે, પણ પરમાર્થ સત્યનું સ્વરૂપ સમજ્યો નથી, તેથી જીવનું ભવભ્રમણ મટતું નથી. સમ્યગ્દર્શન પૂર્વકના અભ્યાસથી પરમાર્થ સત્ય બોલવાનું થઈ શકે છે અને તેના વિશેષ અભ્યાસથી સહજ ઉપયોગ રહ્યા કરે છે. મિથ્યાદષ્ટિના કથનમાં કારણ વિપરીતતા, સ્વરૂપ વિપરીતતા અને ભેદાભેદ વિપરીતતા હોય છે, તેથી લૌકિક અપેક્ષાએ તે કથન સત્ય હોય, તોપણ પરમાર્થથી તેનું સર્વ કથન અસત્ય છે.

(૩) જે વચન પ્રાણીઓને પીડા આપવાના ભાવ સહિત હોય તે પણ અપ્રશસ્ત છે, પછી ભલે વચનો અનુસાર વસ્તુસ્થિતિ વિદ્યમાન હોય, તોપણ તે અસત્ય છે.

(૪) પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વરૂપ વસ્તુને અન્યથા કહેવી તે અસત્ય છે. વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું સ્વરૂપ નીચે પ્રમાણે છે–

**દ્રવ્ય**—જે સત્ છે અર્થાત્ જેની સત્તા (હોવાપણું) નિત્ય ટકી રહે છે; દ્રવ્યનું સત્ લક્ષણ છે, તે ઉત્પાદ-વ્યય-ધ્રુવપણા સહિત છે. ગુણ-પર્યાયના સમુદાયનું નામ દ્રવ્ય છે.

**ક્ષેત્ર**—પોતાના જે પ્રદેશમાં દ્રવ્ય સ્થિત હોય તે તેનું ક્ષેત્ર છે.

**કાળ**—જે પર્યાયરૂપે દ્રવ્ય પરિણમે તે તેનો કાળ છે.

**ભાવ**—દ્રવ્યની નિજશક્તિ–ગુણ તે તેનો ભાવ છે.

આ ચાર પ્રકારથી દ્રવ્ય જે રીતે છે, તે રીતે ન માનતાં અન્યથા માનવું, એટલે કે–જીવ પોતે શરીર વગેરે પરદ્રવ્યોપણે થઈ જાય, પોતાની અવસ્થા કર્મ કે શરીર વગેરે પરદ્રવ્ય કરાવે કે કરી શકે અને પોતાના ગુણ બીજાથી થાય અગર તો દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબને ઉઘડે–ઈત્યાદિ પ્રકારે માનવું તથા તે માન્યતાનુસાર બોલવું તે અસત્યવચન છે. પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પર વસ્તુઓ નાસ્તિરૂપ છે, તેનું પોતે કાંઈ કરી શકે એવી માન્યતાપૂર્વક બોલવું તે પણ અસત્ય છે.

(૫) આત્મા કોઈ સ્વતંત્ર પદાર્થ નથી અથવા પરલોક નથી, એમ કહેવું તે અસત્ય છે; તે બંને પદાર્થો આગમથી, યુક્તિથી તેમ જ અનુભવથી સિદ્ધ થઈ શકે છે, છતાં તેનું અસ્તિત્વ ન માનવું તે અસત્ય છે અને જે રીતે આત્માનું સ્વરૂપ ન હોય તે રીતે કહેવું તે પણ અસત્ય વચન છે.

(૬) બધા પાપોનું કારણ પ્રમાદ છે; પ્રમાદ અહિતનું મૂળ છે. પ્રમાદથી બોલવાવાળા જીવના સુખ–ચૈતન્યરૂપ ભાવપ્રાણનો ઘાત થાય છે, તેથી પ્રમાદથી બોલવું તે અસત્ય વચન છે અને પાપ છે.

**૩. પ્રશ્ન** :—વચન તે તો પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે, જીવ તેને કરી શકતો નથી, છતાં અસત્યવચનથી જીવને કેમ પાપ લાગે છે?

**ઉત્તર** :—ખરેખર પાપ કે બંધન અસત્ય વચનથી થતું નથી, પણ 'प्रमत्तयोगात्' એટલે કે પ્રમાદના સંયોગથી જ પાપ લાગે છે અને બંધન થાય છે. અસત્ય વચન જડ છે તે તો માત્ર નિમિત્ત છે. જ્યારે જીવ અસત્ય બોલવાના ભાવ કરે ત્યારે જો પુદ્ગલ પરમાણુઓ વચનરૂપે પરિણમવા લાયક હોય તો અસત્ય વચનરૂપે જ પરિણમે. જીવ અસત્ય બોલવાના ભાવ કરે છતાં ત્યાં પુદ્ગલ પરમાણુઓ વચનરૂપે ન પણ પરિણમે; એમ થાય તોપણ જીવનો વિકારીભાવ તે જ પાપ છે અને તે બંધનું કારણ છે.

પ્રમાદ બંધનું કારણ છે, એમ આઠમા અધ્યાયના પહેલા સૂત્રમાં કહેશે.

૪. સમ્યગ્દૃષ્ટિ જીવોને ચોથા ગુણસ્થાને અનંતાનુબંધી કષાય પૂર્વકનો પ્રમાદ ટળી જાય છે; પાંચમા ગુણસ્થાને અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાન કષાય પૂર્વકનો પ્રમાદ ટળી જાય છે; છઠ્ઠા ગુણસ્થાને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન કષાય પૂર્વકનો પ્રમાદ ટળી જાય

છે, પણ સંજ્વલનના તીવ્ર કષાય પૂર્વકનો પ્રમાદ હોય છે. આમ ઉત્તરોત્તર પ્રમાદ ટળતો જાય છે અને બારમા ગુણસ્થાને સર્વ કષાયનો નાશ થાય છે.

૫. ઉજ્જ્વલ વચન, વિનય વચન અને પ્રિય વચનરૂપ ભાષાવર્ગણા સમસ્ત લોકમાં ભરેલી છે, તેનું કાંઈ કમીપણું નથી, કાંઈ કિંમત આપી લાવવી પડતી નથી, વળી મીઠાં કોમળરૂપ વચનો બોલવાથી જીભ દુઃખતી નથી, શરીરમાં કષ્ટ ઉપજતું નથી—આમ સમજીને, અસત્ય વચનને દુઃખનું મૂળ જાણી શીઘ્ર તેનો ત્યાગ કરવો જોઈએ અને સત્ય તથા પ્રિય વચનની જ પ્રવૃત્તિ કરવી જોઈએ. ૧૪.

## સ્તેય (ચોરી)નું સ્વરૂપ

## अदत्तादानं स्तेयम् ॥१५॥

**અર્થ** :—પ્રમાદના યોગથી [अदत्तादानं] દીધા વગર કોઈ પણ વસ્તુને ગ્રહણ કરવી તે [स्तेयम्] ચોરી છે.

### ટીકા

**પ્રશ્ન** :—કર્મવર્ગણા અને નોકર્મવર્ગણાઓનું ગ્રહણ તે ચોરી કહેવાય કે નહિ?

**ઉત્તર** :—તે ચોરી કહેવાય; જ્યાં લેવા-દેવાનો સંભવ હોય ત્યાં ચોરીનો વ્યવહાર થાય છે—એ હેતુથી 'अदत्त' શબ્દ મૂક્યો છે.

**પ્રશ્ન** :—મુનિરાજને ગામ-નગર વગેરેમાં પર્યટન કરતાં શેરી-દરવાજો વગેરેમાં પ્રવેશ કરવાથી અદત્તાદાન થાય કે કેમ?

**ઉત્તર** :—તે અદત્તાદાન ન કહેવાય, કેમ કે તે જગ્યા બધાને આવવા-જવા માટે ખુલ્લી છે. વળી શેરી વગેરેમાં પ્રવેશ કરતાં મુનિને પ્રમત્તયોગ હોતો નથી.

બાહ્ય વસ્તુનું ગ્રહણ થાય કે ન થાય, તોપણ ચોરી કરવાનો ભાવ હોય તે જ ચોરી છે અને તે જ બંધનું કારણ છે. પરવસ્તુને ખરેખર કોઈ ગ્રહણ કરી શકતું જ નથી, પોતાને પરવસ્તુ ગ્રહણ કરવાનો જે પ્રમાદયુક્ત ભાવ છે, તે જ દોષ છે. ૧૫.

## કુશીલ (બ્રહ્મચર્ય)નું સ્વરૂપ

## मैथुनमब्रह्म ॥१६॥

**અર્થ** :—[मैथुनम् अब्रह्मं] મૈથુન તે અબ્રહ્મ અર્થાત્ કુશીલ છે.

## ટીકા

૧. **મૈથુન** :–ચારિત્રમોહનીયના ઉદયમાં જોડાવાથી રાગ–પરિણામ સહિત સ્ત્રી–પુરુષોની પરસ્પર સ્પર્શ કરવાની ઈચ્છા તે મૈથુન છે. (આ વ્યાખ્યા વ્યવહાર મૈથુનની છે.)

મૈથુન બે પ્રકારનું છે—નિશ્ચય અને વ્યવહાર. આત્મા પોતે બ્રહ્મસ્વરૂપ છે; આત્માની પોતાના બ્રહ્મસ્વરૂપમાં લીનતા તે ખરું બ્રહ્મચર્ય છે અને રાગ કે કષાય સાથે જોડાણ થવું તે અબ્રહ્મચર્ય છે. આ જ નિશ્ચય મૈથુન છે. વ્યવહાર મૈથુનની વ્યાખ્યા ઉપર આપી છે.

૨. તેરમા સૂત્રમાં કહેલા 'प्रमत्तयोगात्' શબ્દની અનુવૃત્તિ આ સૂત્રમાં પણ આવે છે; તેથી સ્ત્રી–પુરુષના યુગલસંબંધી રતિસુખને માટે જે ચેષ્ટા (પ્રમાદ પરિણામ) કરવામાં આવે તે મૈથુન છે–એમ સમજવું.

૩. જેના પાલનથી અહિંસાદિક ગુણો વૃદ્ધિ પામે તે બ્રહ્મ છે અને જે બ્રહ્મથી વિરુદ્ધ છે, તે અબ્રહ્મ છે. અબ્રહ્મ (મૈથુન)માં હિંસાદિક દોષ પુષ્ટ થાય છે; વળી તેમાં ત્રસ–સ્થાવર જીવો પણ હણાય છે, મિથ્યાવચન બોલાય છે, વિના દીધેલી વસ્તુને ગ્રહણ કરવાનું બને છે અને ચેતન તથા અચેતન પરિગ્રહનું ગ્રહણ પણ થાય છે–માટે તે અબ્રહ્મ છોડવા લાયક છે. ૧૬.

# પરિગ્રહનું સ્વરૂપ

## मूर्च्छा परिग्रहः ॥१७॥

**અર્થ** :—[मूर्च्छा परिग्रह] મૂર્ચ્છા તે પરિગ્રહ છે.

## ટીકા

૧. અંતરંગ પરિગ્રહ ચૌદ પ્રકારના છે—એક મિથ્યાત્વ, ચાર કષાય અને નવ નોકષાય.

બાહ્ય પરિગ્રહ દસ પ્રકારના છે—ક્ષેત્ર, મકાન, ચાંદી, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડાં અને વાસણ.

૨. પરદ્રવ્યમાં મમત્વબુદ્ધિ તે મૂર્છા છે. બાહ્ય સંયોગ વિદ્યમાન ન હોવા છતાં પણ 'આ મારું છે' એવો સંકલ્પ જે જીવ કરે છે તે પરિગ્રહ સહિત છે; બાહ્ય દ્રવ્ય તો નિમિત્તમાત્ર છે.

૩. પ્રશ્ન :–'આ મારું છે' એવી બુદ્ધિને જો તમે મૂર્છા કહેશો તો સમ્યગ્જ્ઞાન વગેરે પણ પરિગ્રહ ઠરશે, કેમ કે તે મારાં છે, એવી બુદ્ધિ જ્ઞાનીને પણ થાય છે?

ઉત્તર :—પરદ્રવ્યમાં મમત્વબુદ્ધિ તે પરિગ્રહ છે. સ્વદ્રવ્યને પોતાનું માનવું તે પરિગ્રહ નથી. સમ્યગ્જ્ઞાનાદિ તો આત્માનો સ્વભાવ હોવાથી તેનો ત્યાગ હોઈ શકે નહિ, માટે તેને પોતાનાં માનવા તે અપરિગ્રહપણું છે.

રાગાદિમાં 'આ મારાં છે' એવો સંકલ્પ કરવો તે પરિગ્રહ છે, કેમ કે રાગાદિથી જ સર્વ દોષ ઉત્પન્ન થાય છે.

૪. તેરમા સૂત્રના 'प्रमत्तयोगात्' શબ્દની અનુવૃત્તિ આ સૂત્રમાં પણ છે; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાન જીવને જેટલા અંશે પ્રમાદભાવ ન હોય તેટલા અંશે અપરિગ્રહપણું છે. ૧૭.

## વ્રતીની વિશેષતા

## निःशल्यो व्रती ॥१८॥

**અર્થ** :–[व्रती] વ્રતી જીવ [निःशल्यो] શલ્યરહિત જ હોય છે.

## ટીકા

૧. **શલ્ય**—શરીરમાં ભોંકાયેલા બાણ, કાંટા વગેરે શસ્ત્રની માફક જે મનમાં બાધા કરે તે શલ્ય છે અથવા આત્માને કાંટાની માફક જે દુઃખ આપે તે શલ્ય છે.

શલ્યના ત્રણ ભેદ છે—મિથ્યાત્વશલ્ય, માયાશલ્ય અને નિદાનશલ્ય.

**મિથ્યાદર્શનશલ્ય**—આત્માના સ્વરૂપની શ્રદ્ધાનો અભાવ તે મિથ્યાદર્શનશલ્ય છે.

**માયાશલ્ય**—છળ, કપટ, ઠગાઈ તે માયાશલ્ય છે.

**નિદાનશલ્ય**—આગામી વિષય-ભોગની વાંછા તે નિદાનશલ્ય છે.

૨. મિથ્યાદૃષ્ટિ જીવ શલ્ય સહિત જ છે, તેથી તેને સાચાં વ્રત હોય નહિ, બાહ્યવ્રત હોય. દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ છે, તેથી તે પણ ખરો વ્રતી નથી. માયાવી-કપટીના બધાં વ્રત જૂઠાં છે. ઇન્દ્રિયજનિત વિષયભોગોની વાંછા તે તો આત્મજ્ઞાનરહિત રાગ છે; તે રાગસહિતના વ્રત તે પણ અજ્ઞાનીનાં વ્રત છે, તે ધર્મ માટે નિષ્ફળ છે. સંસાર માટે સફળ છે, માટે શલ્યરહિત પરમાર્થથી જ વ્રતી થઈ શકાય છે.

## ૩. દ્રવ્યલિંગીનું અન્યથાપણું

**પ્રશ્ન** :–દ્રવ્યલિંગી મુનિ જિનપ્રણીત તત્ત્વોને તો માને છે, છતાં તેને મિથ્યાદૃષ્ટિ કેમ કહો છો?

**ઉત્તર** :–તેને વિપરીત અભિનિવેશ હોવાથી શરીરાશ્રિત ક્રિયાકાંડને તે પોતાના માને છે. (તે અજીવતત્ત્વમાં જીવતત્ત્વની શ્રદ્ધા થઈ). આસ્રવ–બંધરૂપ શીલ–સંયમાદિ પરિણામોને તે સંવર–નિર્જરારૂપ માને છે. તે જોકે પાપથી વિરક્ત થાય છે, પરંતુ પુણ્યમાં ઉપાદેયબુદ્ધિ રાખે છે, તેથી તેને તત્ત્વાર્થની યથાર્થ શ્રદ્ધા નથી; માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

**પ્રશ્ન** :–દ્રવ્યલિંગીના ધર્મ સાધનમાં અન્યથાપણું શું છે?

**ઉત્તર** :–(૧) સંસારમાં નરકાદિનાં દુઃખ જાણી તથા સ્વર્ગાદિમાં પણ જન્મ–મરણાદિના દુઃખ જાણી સંસારથી ઉદાસ થઈ તે મોક્ષને ઈચ્છે છે; હવે, એ દુઃખોને તો બધાય દુઃખ જાણે છે. પણ ઈન્દ્ર અહમિન્દ્રાદિક વિષયાનુરાગથી ઈન્દ્રિયજનિત સુખ ભોગવે છે, તેને પણ દુઃખ જાણી નિરાકુળ અવસ્થાને ઓળખી તેને જે મોક્ષ જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ છે.

(૨) વિષય સુખાદિકના ફળ નરકાદિક છે, શરીર અશુચિમય અને વિનાશિક છે, તે પોષણ કરવા યોગ્ય નથી, તથા કુંટુંબાદિક સ્વાર્થનાં સગાં છે–ઈત્યાદિ **પર દ્રવ્યોના દોષ** વિચારી તેનો ત્યાગ કરે છે. પર દ્રવ્યોના દોષ જોવા તે તો મિથ્યાત્વસહિત દ્વેષ છે.

(૩) વ્રતાદિનું ફળ સ્વર્ગ–મોક્ષ છે, તપશ્ચરણાદિક પવિત્ર ફળ આપનાર છે, એ વડે શરીર શોષવા યોગ્ય છે તથા દેવ-ગુરુ-શાસ્ત્રાદિ હિતકારી છે—ઈત્યાદિ પરદ્રવ્યોના ગુણ વિચારી તેને અંગીકાર કરે છે. પરદ્રવ્યને હિતકારી માનવું તે મિથ્યાત્વ સહિત રાગ છે.

(૪) એ વગેરે પ્રકારે કોઈ પરદ્રવ્યોને બૂરાં જાણી અનિષ્ટરૂપ શ્રદ્ધા કરે છે તથા કોઈ પરદ્રવ્યોને ભલાં જાણી ઈષ્ટરૂપ શ્રદ્ધા કરે છે; પર દ્રવ્યમાં ઈષ્ટ–અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરવું તે મિથ્યાત્વ છે. વળી એ જ શ્રદ્ધાનથી તેની ઉદાસીનતા પણ દ્વેષરૂપ હોય છે, કેમ કે કોઈ પરદ્રવ્યોને બૂરાં જાણવાં તેનું નામ દ્વેષ છે.

(૫) વળી જેમ પહેલાં શરીરાશ્રિત પાપ કાર્યોમાં તે કર્તાપણું માનતો હતો તે જ પ્રમાણે હવે તે શરીરાશ્રિત પુણ્યકાર્યોમાં પોતાનું કર્તાપણું માને છે. એ પ્રમાણે પર્યાયાશ્રિત (–શરીરાશ્રિત) કાર્યોમાં અહંબુદ્ધિ માનવાની સમાનતા થઈ; જેમ કે–હું જીવને મારું છું, પરિગ્રહધારી છું–ઈત્યાદિરૂપ માન્યતા પહેલાં હતી, તે જ પ્રમાણે હું જીવોની રક્ષા કરું છું, હું પરિગ્રહરહિત નગ્ન છું–એવી માન્યતા હવે થઈ, તે મિથ્યા છે.

## ૪. અઢારમાં સૂત્રનો સિદ્ધાંત

(૧) અજ્ઞાન અંધકારથી આચ્છાદિત થયા થકા જેઓ આત્માને (પરનો) કર્તા માને છે. તેઓ મોક્ષને ઈચ્છનારા હોય, તોપણ લૌકિકજનોની માફક તેમનો પણ મોક્ષ થતો નથી; એવા જીવો ભલે મુનિ થયા હોય, તોપણ તેઓ લૌકિકજન જેવા જ છે. લોક ઈશ્વરને કર્તા માને

છે અને તે મુનિઓએ આત્માને પરદ્રવ્યનો કર્તા (પર્યાયાશ્રિત ક્રિયાનો—શરીરનો અને તેની ક્રિયાનો કર્તા) માન્યો, એમ બંનેની માન્યતા સમાન થઈ. તત્ત્વને જાણનાર પુરુષ 'સઘળુંય પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, લોક અને શ્રમણ (દ્રવ્યલિંગી મુનિ) એ બંનેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે, એમ સુનિશ્ચિતપણે જાણે છે. જે પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે, લૌકિકજન હો કે મુનિજન હો,—મિથ્યાદૃષ્ટિ જ છે. (જુઓ શ્રી સમયસાર પા. ૩૯૦ થી ૩૯૪)

(૨) **પ્રશ્ન** :—સમ્યગ્દૃષ્ટિ પણ પરદ્રવ્યોને બૂરાં જાણીને ત્યાગ કરે છે?

**ઉત્તર** :—સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્યોને બૂરાં જાણતાં નથી; પરદ્રવ્યનું ગ્રહણ-ત્યાગ થઈ શકતું નથી, એમ તે જાણે છે. પોતાના રાગભાવને તે બૂરો જાણે છે, તેથી સરાગભાવને છોડે છે અને તેના નિમિત્તરૂપ પરદ્રવ્યોનો પણ સહજ ત્યાગ થાય છે. વસ્તુ વિચારતાં કોઈ પરદ્રવ્ય તો ભલાં-બૂરાં છે જ નહિ. મિથ્યાત્વભાવ સૌથી બૂરો છે, તે મિથ્યાભાવ તો સમ્યગ્દૃષ્ટિએ પ્રથમ છોડ્યો જ હોય છે.

(૩) **પ્રશ્ન** :-વ્રત હોય તેને જ વ્રતી કહેવા જોઈએ, તેને બદલે 'નિઃશલ્ય હોય તે વ્રતી થાય' એમ શા માટે કહો છો?

**ઉત્તર** :-શલ્યનો અભાવ થયા વિના, હિંસાદિક પાપભાવોના ટળવા માત્રથી કોઈ જીવ વ્રતી થઈ શકે નહિ. શલ્યનો અભાવ થતાં વ્રતના સંબંધથી વ્રતીપણું આવે છે, તેથી સૂત્રમાં 'निःशल्यो' શબ્દ વાપર્યો છે. ૧૮.

## વ્રતીના ભેદ

## अगार्यनगारश्च ॥१९॥

**અર્થ** :-[अगारी] અગારી અર્થાત્ સાગાર (ગૃહસ્થ) [अनगारः च] અને અણગાર (ગૃહત્યાગી ભાવમુનિ)—એ પ્રમાણે વ્રતીના બે ભેદ છે.

**નોંધ** :-મહાવ્રતોને પાળનારા મુનિ અણગારી કહેવાય છે અને દેશવ્રતને પાળનારા શ્રાવક સાગારી કહેવાય છે. ૧૯.

## સાગારનું લક્ષણ

## अणुव्रतोऽगारी ॥२०॥

**અર્થ** :-[अणुव्रतः] અણુવ્રત અર્થાત્ એકદેશવ્રત પાળનારા સમ્યગ્દૃષ્ટિ જીવ [अगारी] સાગાર કહેવાય છે.

## ટીકા

અહીંથી અણુવ્રતધારીઓનું વિશેષ વર્ણન શરૂ થાય છે અને આ અધ્યાય પૂરો થતાં સુધી તે જ વર્ણન છે. અણુવ્રતના પાંચ ભેદ છે—૧. અહિંસા અણુવ્રત, ૨. સત્ય અણુવ્રત, ૩. અચૌર્ય અણુવ્રત, ૪. બ્રહ્મચર્ય અણુવ્રત અને ૫. પરિગ્રહ પરિમાણ અણુવ્રત. ૨૦.

## અણુવ્રતના સહાયક સાત શીલવ્રતો

## दिग्देशानर्थदंडविरतिसामायिकप्रौषधोपवासोपभोग-परिभोगपरिमाणातिथिसंविभागव्रतसंपन्नश्च ।।२१।।

**અર્થ** :–[च] વળી તે વ્રતી [दिग् देश अनर्थदंडविरतिः] દિગ્વ્રત, દેશવ્રત તથા અનર્થદંડવ્રત એ ત્રણ ગુણવ્રત અને [सामायिक प्रौषधोपवास उपभोगपरिभोगपरिमाण अतिथिसंविभागव्रत] સામાયિક, પ્રૌષધ ઉપવાસ, ઉપભોગ–પરિભોગનું પરિમાણ (–મર્યાદા) તથા અતિથિસંવિભાગ વ્રત–એ ચાર શિક્ષાવ્રત [संपन्न] સહિત હોય છે અર્થાત્ વ્રતધારી શ્રાવક પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત–એ રીતે બાર વ્રતો સહિત હોય છે.

## ટીકા

૧. પૂર્વે ૧૩ થી ૧૭ સુધીના સૂત્રોમાં હિંસાદિ પાંચ પાપોનું જે વર્ણન કર્યું છે, તેમનો એકદેશ ત્યાગ તે પાંચ અણુવ્રત છે. અણુવ્રતોને જે પુષ્ટિ કરે તે ગુણવ્રત છે અને જેનાથી મુનિવ્રત પાલન કરવાનો અભ્યાસ થાય તે શિક્ષાવ્રત છે.

૨. ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

**દિગ્વ્રત** :—મરણપર્યંત સૂક્ષ્મ પાપોની નિવૃત્તિને માટે દશે દિશાઓમાં આવવા–જવાની મર્યાદા કરવી તે દિગ્વ્રત છે.

**દેશવ્રત** :—જીવનપર્યંત લીધેલા દિગ્વ્રતની મર્યાદામાંથી પણ વધારે સંકોચ કરીને ઘડી, કલાક, માસ, વર્ષ વગેરે વખત સુધી અમુક ઘર, શેરી વગેરે સુધી જવા–આવવાની મર્યાદા કરવી તે દેશવ્રત છે.

**અનર્થદંડવ્રત** :—પ્રયોજનરહિત પાપવર્ધક ક્રિયાનો ત્યાગ કરવો તે અનર્થદંડવ્રત છે; અનર્થદંડના પાંચ ભેદ છે–૧. પાપોપદેશ (હિંસાદિ પાપારંભનો ઉપદેશ કરવો તે); ૨. હિંસાદાન (તલવાર વગેરે હિંસાના ઉપકરણો આપવા તે); ૩. અપધ્યાન (બીજાનું બૂરું વિચારવું તે); ૪. દુઃશ્રુતિ (રાગ-દ્વેષને વધારનારાં ખોટાં શાસ્ત્રોનું શ્રવણ કરવું તે) અને ૫. પ્રમાદચર્યા (પ્રયોજન વગર જ્યાં–ત્યાં જવું તથા પૃથ્વી વગેરે ખોદવું તે).

શિકાર, જય, પરાજય, યુદ્ધ, પરસ્ત્રીગમન, ચોરી વગેરેનું કોઈ પણ વખતે ચિંતવન કરવું નહિ, કેમ કે તે માઠાં ધ્યાનોનું ફળ પાપ જ છે.

—આ ત્રણ ગુણવ્રત છે.

**સામાયિક** :—મન, વચન, કાયા વડે કૃત કારિત અનુમોદનાથી હિંસાદિ પાંચ પાપોનો ત્યાગ કરવો તે સામાયિક છે; આ સામાયિક શુભભાવરૂપ છે. (સામાયિકચારિત્રનું સ્વરૂપ નવમા અધ્યાયમાં આપવામાં આવશે.)

**પૌષધોપવાસ**—પહેલા અને પછીના દિવસે એકાશનપૂર્વક આઠમ અને ચૌદશ આદિ દિવસે ઉપવાસાદિ કરી, એકાંતવાસમાં રહી, સંપૂર્ણ સાવદ્યયોગને છોડી, સર્વ ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈ ધર્મધ્યાનમાં રહેવું તે પ્રૌષધોપવાસ છે.

**ઉપભોગપરિભોગપરિમાણવ્રત**—શ્રાવકોને ભોગનાં નિમિત્તથી હિંસા થાય છે. ભોગ અને ઉપભોગની વસ્તુઓનું માપ કરી (મર્યાદા બાંધી) પોતાની શક્તિ અનુસાર ભોગઉપભોગને છોડવા તે ઉપભોગપરિભોગપરિમાણવ્રત છે.

**અતિથિસંવિભાગવ્રત**—અતિથિ અર્થાત્ મુનિ વગેરેને માટે આહાર, કમંડળ, પીંછી, વસતિકા આદિનું દાન દેવું તે અતિથિસંવિભાગવ્રત છે.

—આ ચાર શિક્ષાવ્રત છે.

### ૩. લક્ષમાં રાખવા લાયક સિદ્ધાંત

અનર્થદંડવ્રત નામે આઠમા વ્રતમાં દુઃશ્રુતિનો ત્યાગ કહ્યો છે. તે સૂચવે છે, કે–જીવોએ દુઃશ્રુતિરૂપ શાસ્ત્રો ક્યા છે અને સુશ્રુતિરૂપ શાસ્ત્રો ક્યા છે, તેનો વિવેક કરવો જોઈએ. જે જીવને ધર્મના નિમિત્ત તરીકે દુશ્રુતિ હોય તેને સમ્યગ્દર્શન પ્રગટે જ નહિ; અને ધર્મના નિમિત્ત તરીકે જેને સુશ્રુતિ (સત્શાસ્ત્રો) હોય તેણે પણ તેનો મર્મ જાણવો જોઈએ; જો તેનો મર્મ સમજે તો જ સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે અને જો સમ્યગ્દર્શન પ્રગટ કરે તો જ અણુવ્રતધારી શ્રાવક કે મહાવ્રતધારી મુનિ થઈ શકે. જે સુશાસ્ત્રનો મર્મ જાણે તે જ જીવ. આ અધ્યાયના પાંચમા સૂત્રમાં સત્યવ્રત સંબંધી કહેલી અનુવિચી ભાષણ એટલે કે શાસ્ત્રની આજ્ઞાનુસાર નિર્દોષ વચન બોલવાની ભાવના કરી શકે. સુશાસ્ત્ર અને કુશાસ્ત્રનો વિવેક કરી શકવા માટે દરેક મનુષ્ય લાયક છે; માટે મુમુક્ષુ જીવોએ તે વિવેક બરાબર કરવો જોઈએ. જો સત્-અસત્નો વિવેક જીવ નહિ સમજે તો સાચો વ્રતધારી થઈ શકશે નહિ. ૨૧.

## વ્રતીને સંલ્લેખના ધારણ કરવાનો ઉપદેશ

## मारणांतिकीं सल्लेखनां जोषिता॥२२॥

**અર્થ** :-વ્રતધારી શ્રાવક [माणांतिकीं] મરણ વખતે થનારી [सल्लेखनां] સલ્લેખનાનું [जोषिता] પ્રીતિપૂર્વક સેવન કરે છે.

## ટીકા

૧. આ લોક કે પરલોક સંબંધી કાંઈ પણ પ્રયોજનની અપેક્ષા કર્યા વગર શરીર અને કષાયને કૃશ કરવાં (—સમ્યક્ પ્રકારે પાતળાં પાડવા) તે સલ્લેખના છે.

૨. **પ્રશ્ન** :-શરીર તો પર વસ્તુ છે, જીવ તેને કૃશ કરી શકે નહિ છતાં અહીં શરીરને કૃશ કરવાનું કેમ કહ્યું?

**ઉત્તર** :-કષાયને કૃશ કરતાં શરીર તેના પોતાના કારણે ઘણે ભાગે કૃશ થાય છે, એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવવા માટે ઉપચારથી તેમ કહ્યું છે. વાત-પિત્ત-કફ વગેરેના પ્રકોપથી મરણ અવસરે પરિણામમાં આકુળતા આવવા ન દેવી અને આરાધનાથી ચલાયમાન ન થવું તે જ ખરી કાય સલ્લેખના છે; મોહ-રાગ-દ્વેષાદિથી પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન પરિણામ મરણ અવસરે મલિન ન થવા દેવા તે કષાય સલ્લેખના છે.

૩. **પ્રશ્ન** :-સમાધિપૂર્વક દેહનો ત્યાગ થયો માટે તેમાં આત્મઘાત છે કે નહિ?

**ઉત્તર** :-રાગ-દ્વેષ-મોહથી લેપાયેલો જીવ ઝેર, શસ્ત્ર વગેરેથી ઘાત કરે તે આત્મઘાત છે, પણ સમાધિપૂર્વક સલ્લેખના મરણ કરે તેમાં રાગાદિક નથી અને આરાધના છે, તેથી તેને આત્મઘાત નથી. પ્રમત્તયોગ રહિત અને આત્મજ્ઞાન સહિત જે જીવ, કલેવર અવશ્ય વિનાશિક છે, એમ જાણીને તે પ્રત્યેનો રાગ ઓછો કરે છે, તેને હિંસા નથી. ૨૨.

## સમ્યગ્દર્શનના પાંચ અતિચાર

## शंकाकांक्षाविचिकित्सान्यदृष्टिप्रशंसासंस्तवाः सम्यग्दृष्टेरतीचाराः ॥२३॥

**અર્થ** :-[शंका कांक्षा विचिकित्सा] શંકા, કાંક્ષા, વિચિકિત્સા, [अन्यदृष्टिप्रशंसा संस्तवाः] અન્યદૃષ્ટિની પ્રશંસા અને અન્યદૃષ્ટિનું સંસ્તવ—એ પાંચ [सम्यग्दृष्टेः अतीचाराः] સમ્યગ્દર્શનના અતિચારો છે.

## ટીકા

૧. જે જીવનું સમ્યગ્દર્શન નિર્દોષ હોય તે વ્રત બરાબર પાળી શકે છે, તેથી અહીં પ્રથમ સમ્યગ્દર્શનના અતિચારો જણાવ્યા છે, કે જેથી તે અતિચાર ટાળી શકાય. ઔપશમિક સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ તો નિર્મળ હોય છે, તેમાં અતિચાર હોતાં નથી. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ચળ, મળ અને અગાઢ એ દોષ સહિત હોય છે. એટલે તેમાં અતિચાર લાગે છે.

૨. સમ્યગ્દષ્ટિને આઠ ગુણ (-અંગ, લક્ષણ અર્થાત્ આચાર) હોય છે, તેનાં નામ— નિઃશંકા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના.

૩. સમ્યગ્દર્શનના પાંચ અતિચાર કહ્યાં, તેમાંથી પહેલા ત્રણ તો નિઃશંકિતાદિ પહેલા ત્રણ ગુણોમાં આવતા દોષો છે અને બાકીના બે અતિચારોનો સમાવેશ છેલ્લા પાંચ ગુણોના દોષમાં થાય છે. આ અતિચારો ચોથાથી સાતમા ગુણસ્થાનવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને હોય છે, એટલે કે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનવાળા મુનિ, શ્રાવક કે સમ્યગ્દષ્ટિ-એ ત્રણેને આ અતિચાર હોઈ શકે છે. આ અતિચારમાં સમ્યક્ત્વમોહનીયનો ઉદય નિમિત્ત છે. અંશે ભંગ થાય (અર્થાત્ દોષ લાગે) તેને અતિચાર કહે છે, તેના પરિણામે સમ્યગ્દર્શન નિર્મૂળ થતું નથી, માત્ર મલિન થાય છે.

૪. શુદ્ધાત્મસ્વભાવની પ્રતીતિરૂપ નિશ્ચયસમ્યગ્દર્શનના સદ્ભાવમાં સમ્યગ્દર્શન સંબંધી વ્યવહાર દોષો હોવા છતાં મિથ્યાત્વપ્રકૃતિઓનું બંધન થતું નથી. વળી બીજા ગુણસ્થાને પણ સમ્યગ્દર્શન સંબંધી વ્યવહાર દોષો હોવા છતાં ત્યાં પણ મિથ્યાત્વ પ્રકૃતિનું બંધન નથી.

૫. સમ્યગ્દર્શન એ ધર્મરૂપી વૃક્ષની જડ છે, મોક્ષ મહેલનું પહેલું પગથિયું છે; તેના વિના જ્ઞાન અને ચારિત્ર સમ્યક્પણાને પામતાં નથી. માટે લાયક જીવોને માટે એ ઉચિત છે, કે જે પ્રકારે બને તે રીતે અર્થાત્ ગમે તેમ કરીને આત્માના વાસ્તવિક સ્વરૂપને સમજીને સમ્યગ્દર્શનરૂપી રત્નથી પોતાના આત્માને ભૂષિત કરે અને તે સમ્યગ્દર્શનને અતિચાર રહિત બનાવે. ધર્મરૂપી કમળની મધ્યમાં સમ્યગ્દર્શનરૂપી કળી શોભાયમાન છે, નિશ્ચય વ્રત, શીલ વગેરે તે કળીનાં પાંદડાં છે. માટે ગૃહસ્થોએ અને મુનિઓએ તે સમ્યગ્દર્શનરૂપી કળીમાં અતિચાર આવવા ન દેવો.

## ૬. પાંચ અતિચારનું સ્વરૂપ

**શંકા** :—પોતાના આત્માને જ્ઞાતા—દ્રષ્ટા, અખંડ, અવિનાશી અને પુદ્ગલથી ભિન્ન જાણીને પણ આલોક, પરલોક, મરણ, વેદના, અરક્ષા, અગુપ્તિ અને અકસ્માત્—એ સાત ભયને પ્રાપ્ત થવું અથવા તો અર્હંત સર્વજ્ઞ વીતરાગદેવે કહેલા તત્ત્વના સ્વરૂપમાં સંદેહ થવો તે શંકા નામનો અતિચાર છે.

**કાંક્ષા**—આ લોક કે પરલોક સંબંધી ભોગોમાં તથા મિથ્યાદષ્ટિઓના જ્ઞાન કે આચરણાદિમાં વાંછા થઈ આવવી તે વાંછા-અતિચાર છે. આ રાગ છે.

**વિચિકિત્સા**—રત્નત્રય વડે પવિત્ર પણ બાહ્યમાં મલિન શરીર—એવા ધર્માત્મા મુનિઓને દેખીને તેમના પ્રત્યે અથવા ધર્માત્માના ગુણો પ્રત્યે કે દુઃખી-દારિદ્રી જીવોને દેખીને તેમના પ્રત્યે ગ્લાનિ થઈ આવવી તે વિચિકિત્સા-અતિચાર છે. આ દ્વેષ છે.

**અન્યદષ્ટિ પ્રશંસા**—આત્મસ્વરૂપના અજાણ જીવોનાં જ્ઞાન, તપ, શીલ, ચારિત્ર, દાન વગેરેને પોતામાં પ્રગટ કરવાનો મનમાં વિચાર થવો અગર તો તેને સારાં જાણવાં, તે અન્યદષ્ટિ પ્રશંસા–અતિચાર છે. (અન્યદષ્ટિ એટલે મિથ્યાદષ્ટિ.)

**અન્યદષ્ટિ સંસ્તવ**—આત્મસ્વરૂપના અજાણ જીવોનાં જ્ઞાન, તપ, શીલ, ચારિત્ર, દાનાદિકનાં ફળને સારું જાણીને વચનો દ્વારા તેની સ્તુતિ થઈ જવી, તે અન્યદષ્ટિ સંસ્તવ–અતિચાર છે.

૭. આ બધાં દોષો થતાં સમ્યગ્દષ્ટિ જીવ તેને દોષ તરીકે ગણે છે અને તે દોષોનો તેને ખેદ છે, માટે તે અતિચાર છે. પણ જે જીવ તે દોષોને દોષ તરીકે ન જાણે અને ઉપાદેય ગણે તેને તો તે અનાચાર છે, એટલે કે તે તો મિથ્યાદષ્ટિ જ છે.

૮. આત્માનું સ્વરૂપ સમજવા માટે શંકા કરીને જે પ્રશ્ન કરવામાં આવે તે શંકા નથી પણ આશંકા છે; અતિચારોમાં જે શંકા દોષ કહ્યો છે, તેમાં તેનો સમાવેશ થતો નથી.

પ્રશંસા અને સંસ્તવમાં એટલો ભેદ છે કે, પ્રશંસા મન દ્વારા થાય છે અને સંસ્તવ વચન દ્વારા થાય છે. ૨૩.

## પાંચ વ્રત અને સાત શીલોના અતિચાર

## व्रतशीलेषु पंच पंच यथाक्रमम् ॥२४॥

**અર્થ** :–[व्रतशीलेषु] વ્રત અને શીલોમાં પણ [यथाक्रमम्] અનુક્રમે દરેકમાં [पंच पंच] પાંચ–પાંચ અતિચારો છે.

નોંધ—વ્રત કહેતાં અહિંસાદિક પાંચ અણુવ્રત સમજવા અને શીલ કહેતાં ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત એ સાત સમજવા. આ દરેકના પાંચ અતિચારોનું વર્ણન હવેના સૂત્રમાં કરે છે. ૨૪.

## અહિંસા–અણુવ્રતના પાંચ અતિચાર

## बंधवधच्छेदातिभारारोपणान्नपाननिरोधाः ॥२५॥

**અર્થ** :—[बंध वध च्छेद] બંધ, વધ, છેદ [अतिभारआरोपण] ઘણો ભાર લાદવો અને [अन्नपाननिरोधाः] અન્નપાનનો નિરોધ કરવો—એ પાંચ અહિંસા–અણુવ્રતના અતિચાર છે.

### ટીકા

**બંધ**—પ્રાણીઓને ઇચ્છિત સ્થાનમાં જતાં રોકવા માટે રસ્સી વગેરેથી બાંધવા તે.

**વધ**—પ્રાણીઓને લાકડી વગેરેથી મારવું તે.

**છેદ**—પ્રાણીઓના નાક-કાન વગેરે અંગો છેદવા તે.

**અતિભાર–આરોપણ**—પ્રાણીની શક્તિથી અધિક ભાર લાદવો તે.

**અન્નપાનનિરોધ**—પ્રાણીઓને વખતસર ખાવા-પીવા ન દેવું તે.

અહીં અહિંસા–અણુવ્રતના અતિચાર તરીકે 'પ્રાણવ્યપરોપણ'ને ગણવું નહિ, કેમ કે પ્રાણવ્યપરોપણ તે હિંસાનું લક્ષણ છે, એટલે કે તે અતિચાર નથી પણ અનાચાર છે. તે સંબંધી પૂર્વે સૂત્ર ૧૩મા કહેવાઈ ગયું છે. ૨૫.

## સત્ય–અણુવ્રતના પાંચ અતિચાર

## मिथ्योपदेशरहोभ्याख्यानकूटलेखक्रियान्यासापहारसाकारमन्त्रभेदाः ॥२६॥

**અર્થ** :–[मिथ्या उपदेश] મિથ્યા ઉપદેશ, [रहोभ्याख्यान] રહોભ્યાખ્યાન [कूटलेखक्रिया] કૂટલેખક્રિયા, [न्यास अपहार] ન્યાસ અપહાર અને [साकारमन्त्रभेदाः] સાકાર મંત્રભેદ—એ પાંચ સત્ય–અણુવ્રતના અતિચારો છે.

### ટીકા

**મિથ્યા ઉપદેશ** :—કોઈ જીવને અભ્યુદય અગર મોક્ષ સાથે સંબંધ રાખવાવાળી ક્રિયામાં સંદેહ ઉત્પન્ન થયો અને તેણે આવીને પૂછ્યું કે આ વિષયમાં મારે શું કરવું? તેનો ઉત્તર આપતાં સમ્યગ્દૃષ્ટિ વ્રતધારીએ પોતાની ભૂલથી વિપરીતમાર્ગનો ઉપદેશ આપ્યો, તો તે મિથ્યાઉપદેશ કહેવાય છે; અને તે સત્ય–અણુવ્રતનો અતિચાર છે. જાણવા છતાં જો મિથ્યા ઉપદેશ કરે તો તે અનાચાર છે. વિવાદ ઉપસ્થિત થતાં સંબંધને ઉલંઘીને અસંબંધરૂપ ઉપદેશ આપવો તે પણ અતિચારરૂપ મિથ્યાઉપદેશ છે.

**રહોભ્યાખ્યાન** :—કોઈ ખાનગી વાત પ્રગટ કરવી તે.

**કૂટલેખક્રિયા** :—પર પ્રયોગના વશે (અજાણતાં) કોઈ ખોટો લેખ લખવો તે.

**ન્યાસ અપહાર** :—કોઈ માણસ કાંઈ વસ્તુ મૂકી ગયો અને તે પાછી માગતી વખતે તેણે ઓછી માંગી ત્યારે એ પ્રમાણે ઓછું કહીને 'તમારું' જેટલું હોય તેટલું લઈ જાવ', એમ કહેવું તથા ઓછું પાછું આપવું તે ન્યાસ અપહાર છે.

**સાકાર મંત્રભેદ** :—હાથ વગેરેની ચેષ્ટા ઉપરથી બીજાના અભિપ્રાયને જાણીને તે પ્રગટ કરી દેવો તે સાકાર મંત્રભેદ છે.

વ્રતધારીને આ દોષો પ્રત્યે ખેદ હોય છે, તેથી તે અતિચાર છે, પણ જીવને જો તે પ્રત્યે ખેદ ન હોય તો તે અનાચાર છે, એટલે કે ત્યાં વ્રતનો અભાવ જ છે; એમ સમજવું. ૨૬.

## અચૌર્ય–અણુવ્રતના પાંચ અતિચાર

### स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रमहीनाधिक-मानोन्मानप्रतिरूपकव्यवहाराः ॥२७॥

**અર્થ :** [स्तेन प्रयोग] ચોરી માટે ચોરને પ્રેરણા કરવી કે તેનો ઉપાય બતાવવો, [तत् आहृत आदान] ચોરે ચોરેલી વસ્તુને ખરીદવી, [विरुद्ध राज्य अतिक्रम] રાજ્યની આજ્ઞા વિરુદ્ધ ચાલવું, [हिनाधिकमानोन्मान] દેવા–લેવાનાં માપ ઓછાં વધારે રાખવાં અને [प्रतिरूपक व्यवहाराः] કિંમતી વસ્તુમાં હલકી (–ઓછી કિંમતની) વસ્તુ મેળવીને અસલી ભાવે વેચવી—આ પાંચ અચૌર્ય–અણુવ્રતના અતિચારો છે.

### ટીકા

**સ્તેનપ્રયોગ** :–ચોરને એમ કહેવું, કે–'આજકાલ ધંધા વગરના કેમ છો? ભોજન વગેરે ન હોય તો મારી પાસેથી લઈ જજો; તમારી પાસેની ચીજનો કોઈ ખરીદનાર ન મળે તો હું વેંચી દઈશ' ઇત્યાદિ વચનોથી ચોરને ચોરીમાં પ્રવૃત્ત કરે, પણ પોતે પોતાની કલ્પનાથી ચોરી કરતો નથી, તો તેને અચૌર્યવ્રત ટકી રહેવાથી વ્રતધારી કહેવાય છે. ચોરીને માટે ચોરને સહાયક થાય છે, તેથી તેને સ્તેનપ્રયોગ અતિચાર છે. ૨૭.

## બ્રહ્મચર્ય–અણુવ્રતના પાંચ અતિચાર

### परविवाहकरणेत्वरिकापरिगृहीतापपरिगृहीतागमना–नंगक्रीडाकामतीव्राभिनिवेशाः ॥२८॥

**અર્થ** :—[परविवाहकरण] બીજાનાં પુત્ર–પુત્રીઓના વિવાહ કરવા–કરાવવાં, [परिगृहीत इत्वरिकागमन] પતિસહિત વ્યભિચારિણી સ્ત્રીઓ પાસે આવવું–જવું, લેણ-દેણ રાખવી, રાગ–ભાવપૂર્વક વાતચીત કરવી, [अपरिगृहीत इत्वरिकागमन] પતિરહિત વ્યભિચારિણી સ્ત્રી (વેશ્યાદિ) ને ત્યાં આવવું–જવું, લેણ-દેણ વગેરેનો વ્યવહાર રાખવો, [अनंगक्रीडा] અનંગક્રીડા એટલે કે કામસેવન માટે નિશ્ચિત અંગોને છોડીને અન્ય અંગોથી કામસેવન કરવું અને [कामतीव्राभिनिवेशाः] કામસેવનની અત્યંત અભિલાષા—એ પાંચ બ્રહ્મચર્ય–અણુવ્રતના અતિચારો છે. ૨૮.

## પરિગ્રહ–પરિણામ–અણુવ્રતના પાંચ અતિચાર

## क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्यप्रमाणात्रिक्रमाः ।।२९।।

**અર્થ** :—[क्षेत्रवास्तु प्रमाणातिक्रमाः] ક્ષેત્ર અને રહેવાના સ્થાનના પરિમાણનું ઉલ્લંઘન કરવું, [हिरण्यसुवर्णप्रमाणातिक्रमाः] ચાંદી અને સોનાના પરિમાણનું ઉલ્લંઘન કરવું, [धनधान्यप्रमाणातिक्रमाः] ધન (પશુ વગેરે) તથા ધાન્યના પરિમાણનું ઉલ્લંઘન કરવું, [दासीदासप्रमाणातिक्रमाः] દાસી અને દાસના પરિમાણનું ઉલ્લંઘન કરવું તથા [कृप्यप्रमाणातिक्रमाः] વસ્ત્ર, વાસણ, વગેરેના પરિમાણનું ઉલ્લંઘન કરવું–એ પાંચ અપરિગ્રહ–અણુવ્રતના અતિચારો છે. ૨૯.

આ રીતે પાંચ અણુવ્રતોના અતિચારોનું વર્ણન કર્યું. હવે ત્રણ ગુણવ્રતના અચિતાચોર વર્ણવે છે.

## દિગ્વ્રતના પાંચ અતિચાર

## उर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्तराधानानि ।।३०।।

**અર્થ** :–[ऊर्ध्व व्यतिक्रम] માપથી અધિક ઊંચાઈવાળા સ્થળોએ જવું, [अधः व्यतिक्रम] માપથી નીચા (કૂવો, ખાણ વગેરે) સ્થળોએ ઉતરવું, [तिर्यक् व्यतिक्रम] ત્રાંસા અર્થાત્ સમાન સ્થાનના માપથી વધારે દૂર જવું, [क्षेत्रवृद्धि] મર્યાદા કરેલા ક્ષેત્રને વધારવું અને [स्मृति अन्तराधानानि] મર્યાદા કરેલા ક્ષેત્રને ભૂલી જવું—એ પાંચ દિગ્વ્રતના અતિચારો છે. ૩૦.

## દેશવ્રતના પાંચ અતિચાર

## आनयनप्रेष्यप्रयोगशद्वरूपानुपातपुद्गलक्षेपाः ।।३१।।

**અર્થ** :—[आनयन] મર્યાદા બહારની ચીજને મંગાવવી, [प्रेष्यप्रयोग] મર્યાદા બહાર નોકર વગેરેને મોકલવા, [शब्द अनुपात] ખાંસી, શબ્દ વગેરેથી મર્યાદા બહારનાં જીવોને પોતાનો અભિપ્રાય સમજાવી દેવો, [रूपानुपात] પોતાનું રૂપ વગેરે દેખાડીને મર્યાદા બહારનાં જીવોને ઈશારા કરવા અને [पुद्गल क्षेपाः] મર્યાદા બહાર કાંકરા વગેરે ફેંકવા—એ પાંચ દેશવ્રતના અતિચારો છે. ૩૧.

## અનર્થદંડવ્રતના પાંચ અતિચાર

## कन्दर्पकौत्कुच्यमौखर्याऽसमीक्ष्याधिकरणोपभोग-परिभोगानर्थक्यानि ॥३२॥

**અર્થ** :–[कन्दर्प] રાગથી હાસ્યસહિત અશીષ્ટ વચન બોલવામાં, [कौत्कुच्य] શરીરની કુચેષ્ટા કરીએ અશીષ્ટ વચન બોલવાં, [मौखर्य] દુષ્ટતાપૂર્વક જરૂર કરતાં વધારે બોલવું, [असमीक्ष्याधिकरण] પ્રયોજન વગર મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરવી અને [उपभोग परिभोग अनर्थक्यानि] ભોગ-ઉપભોગના પદાર્થોનો જરૂર કરતાં વધારે સંગ્રહ કરવો–એ પાંચ અનર્થદંડવ્રતના અતિચારો છે. ૩૨.

આ રીતે ત્રણ ગુણવ્રતના અતિચારોનું વર્ણન કર્યું, હવે ચાર શિક્ષાવ્રતના અતિચારો વર્ણવે છે.

## સામાયિક–શિક્ષાવ્રતના પાંચ અતિચાર

## योगदुष्प्रणिधानानादरस्मृत्यनुपस्थानानि ॥३३॥

**અર્થ** :–[(मन वचन काय) योग दुष्प्रणिधान] મન સંબંધી પરિણામોની અન્યથા પ્રવૃત્તિ કરવી, વચન સંબંધી પરિણામોની અન્યથા પ્રવૃત્તિ કરવી, કાયા સંબંધી પરિણામોની અન્યથા પ્રવૃત્તિ કરવી, [अनादर] સામાયિક પ્રત્યે ઉત્સાહરહિત થવું અને [स्मृति अनुपस्थानानि] એકાગ્રતાના અભાવને લીધે સામાયિકના પાઠ વગેરે ભૂલી જવા–એ પાંચ સામાયિક–શિક્ષાવ્રતના અતિચારો છે. ૩૩.

**નોંધ** :—સૂત્રમાં 'योगदुष्प्रणिधान' શબ્દ છે, તેને મન, વચન અને કાયા એ ત્રણેમાં લાગુ પાડીને તે ત્રણ પ્રકારને ત્રણ અતિચાર ગણવામાં આવ્યા છે.

## પ્રૌષધઉપવાસ–શિક્ષાવ્રતના પાંચ અતિચાર

## अप्रत्यवेक्षिताप्रमार्जितोत्सर्गादानसंस्तरोपक्रमणाना-दरस्मृत्यनुपस्थानानि ॥३४॥

**અર્થ** :–[अप्रत्यक्षवेक्षित अप्रमार्जित] જોયા વિનાની અને શોધ્યા વિનાની જમીનમાં–[उत्सर्ग] મળ–મૂત્રાદિનું ક્ષેપણ કરવું, [आदान] પૂજન વગેરેનાં ઉપકરણો લેવાં, [संस्तर

उपक्रमण ] વસ્ત્ર, ચટાઈ વગેરે બિછાવવી, [अनादर ] ભૂખ વગેરેથી વ્યાકુળ થઈ આવશ્યક ધર્મકાર્યો ઉત્સાહરહિત થઈને કરવાં અને [समत्रृति अनुपस्थानानि ] આવશ્યક ધર્મકાર્યો ભૂલી જવાં—એ પાંચ પ્રૌષધોપવાસ-શિક્ષાવ્રતના અતિચારો છે. ૩૪.

## ઉપભોગપરિભોગપરિણામ-શિક્ષાવ્રતના પાંચ અતિચાર

## सचित्तसंबंधसंमिश्राभिषवदुःपक्वाहाराः ॥३५॥

**અર્થ** :-[सचित्त ] સચિત્ત-જીવવાળાં (કાચાં ફળ વગેરે) પદાર્થો [संबंध ] સચિત્ત પદાર્થની સાથે સંબંધવાળા પદાર્થો, [संमिश्र ] સચિત્ત પદાર્થની સાથે મળેલાં પદાર્થો, [अभिषव ] ગરિષ્ટ પદાર્થો અને [दुःपक्व ] દુઃપક્વ અર્થાત્ અર્ધ પાકેલ કે માઠી રીતે પાકેલ પદાર્થો-[आहाराः ] તેમનો આહાર કરવો—એ પાંચ ઉપભોગ પરિભોગ-શિક્ષાવ્રતના અતિચારો છે.

### ટીકા

**ભોગ**—જે વસ્તુ એક જ વખત વપરાય તે ભોગ, જેમ કે અન્ન; તેને પરિભોગ પણ કહેવાય છે.

**ઉપભોગ**—જે વસ્તુ વારંવાર વપરાય તે ઉપભોગ, જેમ કે વસ્ત્ર વગેરે. ૩૫.

## અતિથિસંવિભાગ-શિક્ષાવ્રતનાં પાંચ અતિચાર

## सचित्तनिक्षेपापिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ॥३६॥

**અર્થ** :-[सचित्तनिक्षेप ] પત્ર-પાન વગેરે સચિત્ત વસ્તુમાં રાખીને ભોજન દેવું, [अपिधान ] સચિત્ત વસ્તુથી ઢાંકેલ ભોજન દેવું, [परव्यपदेश ] બીજા દાતારની વસ્તુને દેવી, [मात्सर्य ] અનાદરપૂર્વક દેવું અથવા બીજા દાતારની ઈર્ષાપૂર્વક દેવું અને [कालातिक्रमाः ] યોગ્યકાળનું ઉલ્લંઘન કરીને દેવું—એ પાંચ અતિથિસંવિભાગ-શિક્ષાવ્રતના અતિચારો છે.

આ રીતે ચાર શિક્ષાવ્રતના અતિચારો કહ્યા. ૩૬.

## સલ્લેખનાના પાંચ અતિચાર

## जीवितमरणाशंसामित्रानुरागसुखानुबन्धनिदानानि ॥३७॥

**અર્થ** :-સલ્લેખના ધારણ કર્યા પછી [जीवितमरणआशंसा ] જીવવાની ઈચ્છા કરવી કે વેદનાથી વ્યાકુળ થઈને શીઘ્ર મરવાની ઈચ્છા કરવી, [मित्रानुराग ] અનુરાગ વડે મિત્રોનું સ્મરણ

કરવું, [सुखानुबंध] પૂર્વે ભોગવેલા સુખોનું સ્મરણ કરવું અને [निदानानि] નિદાન કરવું એટલે કે ભવિષ્યમાં વિષયો મળે એવી ઇચ્છા કરવી—એ પાંચ સલ્લેખના વ્રતના અતિચારો છે.

આ પ્રમાણે શ્રાવકના અતિચારોનું વર્ણન પૂરું થયું. ઉપર કહ્યા પ્રમાણે સમ્યગ્દર્શનના ૫, બાર વ્રતના ૬૦ અને સલ્લેખનાના ૫ એ રીતે કુલ ૭૦ અતિચારોનો જે ત્યાગ કરે, તે જ નિર્દોષ વ્રતી છે. ૩૭.

## દાનનું સ્વરૂપ

## अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ॥३८॥

**અર્થ** :–[अनुग्रहअर्थं] અનુગ્રહના હેતુથી [स्वस्य अतिसर्गः] ધન વગેરે પોતાની વસ્તુનો ત્યાગ કરવો તે [दानम्] દાન છે.

### ટીકા

**૧. અનુગ્રહ**—પોતાના આત્માને અનુસરીને થતો ઉપકારનો લાભ—એમ અનુગ્રહનો અર્થ છે. પોતાના આત્માને લાભ થાય તેવા ભાવથી કરવામાં આવતું કોઈ કાર્ય બીજાને લાભમાં નિમિત્ત થાય ત્યારે તે પરનો અનુગ્રહ થયો, એમ કહેવાય છે; ખરેખર અનુગ્રહ સ્વનો છે, પર તો નિમિત્તમાત્ર છે.

ધન વગેરેના ત્યાગથી ખરી રીતે પોતાને શુભભાવનો અનુગ્રહ છે, કેમ કે તેથી અશુભભાવ અટકે છે અને પોતાના લોભકષાયનો અંશે ત્યાગ થાય છે. જો તે વસ્તુ (ધન વગેરે) બીજાને લાભનું નિમિત્ત થાય તો બીજાને અનુગ્રહ (ઉપકાર) થયો, એમ ઉપચારથી કહેવાય છે, પણ ખરેખર બીજાને જે ઉપકાર થયો છે તે તેના ભાવનો થયો છે. તેણે પોતાની આકુળતા મંદ કરી તેથી તેને ઉપકાર થયો, પણ જો આકુળતા મંદ ન કરે અને નારાજી કરે અથવા તો લોલુપતા કરી આકુળતા વધારે તો તેને ઉપકાર થાય નહિ. દરેક જીવને પોતાના ભાવનો ઉપકાર થાય છે. પરદ્રવ્યથી કે પરમનુષ્યથી કોઈ જીવને ઉપકાર થતો નથી.

૨. શ્રી મુનિરાજને દાન આપવાના અનુસંધાનમાં આ સૂત્ર કહેવાયું છે. મુનિને આહારનું અને ધર્મના ઉપકરણોનું દાન ભક્તિભાવપૂર્વક આપવામાં આવે છે. દાન દેવામાં પોતાનો અનુગ્રહ (–ઉપકાર) તો એ છે, કે પોતાને અશુભ રાગ ટળીને શુભ થાય છે અને ધર્માનુરાગ વધે છે; અને પરનો અનુગ્રહ એ છે, કે દાન લેનારા મુનિ સમ્યગ્જ્ઞાન વગેરે ગુણોની વૃદ્ધિનું નિમિત્ત થાય છે. કોઈ જીવ વડે પરને ઉપકાર થયો એમ કહેવું તે કથન માત્ર છે.

૩. આ વાત લક્ષમાં રાખવી કે આ દાન શુભરાગરૂપ છે, તેનાથી પુણ્યનો બંધ થાય

છે, તેથી તે ધર્મ નથી; પોતાને પોતાના શુદ્ધસ્વભાવનું દાન તે જ ધર્મ છે. જેવો શુદ્ધસ્વભાવ છે, તેવી શુદ્ધતા પર્યાયમાં પ્રગટ કરવી તેનું નામ શુદ્ધસ્વભાવનું દાન છે.

બીજાઓ દ્વારા પોતાની ખ્યાતિ, લાભ કે પૂજા થાય, એવા હેતુથી જે કાંઈ આપવામાં આવે તે દાન નથી, પણ પોતાના આત્મકલ્યાણ માટે તથા પાત્ર જીવોને રત્નત્રયીની પ્રાપ્તિ માટે, રક્ષા માટે કે પુષ્ટિ માટે શુભભાવપૂર્વક જે કાંઈ દેવામાં આવે તે દાન છે; આમાં શુભભાવ તે દાન છે, વસ્તુ દેવા-લેવાની ક્રિયા તે તો પરદ્રવ્યની ક્રિયા છે.

૪. જેનાથી પોતાને તથા પરને આત્મધર્મની વૃદ્ધિ થાય એવું દાન તે ગૃહસ્થોનું એક મુખ્ય વ્રત છે; એ વ્રતને અતિથિસંવિભાગ વ્રત કહેવાય છે. શ્રાવકોએ પ્રતિદિન કરવા યોગ્ય છ કર્તવ્યોમાં પણ દાનનો સમાવેશ થાય છે.

૫. આ અધિકારમાં શુભાસ્રવનું વર્ણન છે. સમ્યગ્દ્રષ્ટિ જીવોને શુદ્ધતાના લક્ષે શુભભાવરૂપ દાન કેવું હોય તે આ સૂત્રમાં જણાવ્યું છે. શુભભાવથી ધર્મ થાય એમ સમ્યગ્દ્રષ્ટિઓ કદી માનતાં નથી, પણ પોતાના સ્વરૂપમાં સ્થિર રહી શકતાં નથી, તેથી શુદ્ધતાના લક્ષે અશુભભાવ ટાળીને શુભભાવ કરે છે. ત્યાં જેટલો અશુભરાગ ટળ્યો તેટલો લાભ છે એમ સમજે છે અને જે શુભરાગ રહ્યો તે આસ્રવ છે, એમ સમજીને તેને પણ ટાળવાની ભાવના વર્તે છે; તેથી તેમને અંશે શુદ્ધતાનો લાભ થાય છે. મિથ્યાદ્રષ્ટિ જીવો આ પ્રકારનું દાન કરી શકે નહિ; સમ્યગ્દ્રષ્ટિના જેવી દાનની બાહ્ય ક્રિયા તેઓ કરે પણ આ સૂત્રમાં કહેલું 'દાન' તેઓને લાગુ પડે નહિ, કેમ કે શુદ્ધતાનું તેને ભાન નથી અને શુભને તે પોતાનું સ્વરૂપ માને છે. આ સૂત્રમાં કહેલું દાન સમ્યગ્દ્રષ્ટિને જ લાગુ પડે છે.

૬. આ સૂત્રનો સામાન્ય અર્થ કરવામાં આવે તો તે બધા જીવોને લાગુ પડે; આહાર, પાત્ર, ધર્મ-ઉપકરણ કે ધન વગેરે આપવાની જે બાહ્ય ક્રિયા તે દાન નથી, પરંતુ તે વખતે જીવનો શુભભાવ તે દાન છે. શ્રી પૂજ્યપાદસ્વામી સર્વાર્થસિદ્ધિમાં આ સૂત્રનું મથાળું બાંધતાં દાનની વ્યાખ્યા નીચે પ્રમાણે કરે છે—

'શીલવિધાનમાં અર્થાત્ શિક્ષાવ્રતોના વર્ણનમાં અતિથિસંવિભાગવ્રત કહેવામાં આવ્યું, પણ તેમાં દાનનું લક્ષણ જાણવામાં ન આવ્યું; માટે તે કહેવું જોઈએ, તેથી આચાર્ય દાનના લક્ષણનું સૂત્ર કહે છે.'

ઉપરના કથનથી જણાય છે, કે આ સૂત્રમાં કહેલું દાન સમ્યગ્દ્રષ્ટિ જીવના શુભભાવરૂપ છે.

૭. આ સૂત્રમાં વાપરેલ સ્વ શબ્દનો અર્થ ધન થાય છે અને ધનનો અર્થ 'પોતાની માલિકીની વસ્તુ' એમ થાય છે.

### ૮. કરુણા દાન

કરુણાદાન સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બંને કરી શકે છે, પણ તેઓના ભાવમાં મહાન અંતર હોય છે. આ દાનના ચાર પ્રકાર છે—૧. આહારદાન, ૨. ઔષધિદાન, ૩. અભયદાન અને ૪. જ્ઞાનદાન. જરૂરીયાતવાળા જૈન, અજૈન, મનુષ્ય કે તિર્યંચ વગેરે કોઈ પણ પ્રાણી પ્રત્યે અનુકંપાબુદ્ધિથી આ દાન થઈ શકે છે. મુનિને જે આહારદાન દેવામાં આવે છે તે કરુણાદાન નથી, પણ ભક્તિદાન છે. પોતાથી મહાન ગુણો ધરાવનાર હોય તેમના પ્રત્યે ભક્તિદાન હોય છે. આ સંબંધમાં વિશેષ હકીકત હવે પછીના સૂત્રની ટીકામાં જણાવી છે. ૩૮.

## દાનમાં વિશેષતા

## विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः ।।३९।।

**અર્થ** :-[विधिद्रव्यदातृपात्रविशेषात्] વિધિ, દ્રવ્ય, દાતૃ અને પાત્રની વિશેષતાથી [तत् विशेषः] દાનમાં વિશેષતા હોય છે.

### ટીકા

૧. **વિધિવિશેષ**—નવધા ભક્તિના ક્રમને વિધિવિશેષ કહે છે.

**દ્રવ્યવિશેષ**—તપ, સ્વાધ્યાય વગેરેની વૃદ્ધિમાં કારણ એવા આહારાદિને દ્રવ્યવિશેષ કહે છે.

**દાતૃવિશેષ**—જે દાતાર શ્રદ્ધા વગેરે સાત ગુણો સહિત હોય તેને દાતૃવિશેષ કહે છે. (દાતૃ=દાતાર)

**પાત્રવિશેષ**—જે સમ્યક્ચારિત્ર વગેરે ગુણોસહિત હોય એવા મુનિ વગેરેને પાત્રવિશેષ કહે છે.

### ૨. નવધા ભક્તિનું સ્વરૂપ

(૧) **સંગ્રહ (-પ્રતિગ્રહણ)**—'પધારો, પધારો, અહીં શુદ્ધ આહાર-પાણી છે' ઇત્યાદિ શબ્દો વડે ભક્તિ-સત્કારપૂર્વક વિનયથી મુનિને આવકાર આપવો તે.

(૨) **ઉચ્ચસ્થાન**—તેમને ઊંચા સ્થાન ઉપર બેસાડવા તે.

(૩) **પાદોદક**—ગરમ કરેલા શુદ્ધ જળ વડે તેમના ચરણ ધોવા.

(૪) **અર્ચન**—તેમની ભક્તિ-પૂજા કરવી.

(૫) **પ્રણામ**—તેમને નમસ્કાર કરવાં.

(૬-૭-૮) **મનઃશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયશુદ્ધિ**

(૯) **એષણાશુદ્ધિ**—આહારની શુદ્ધિ.

આ નવે ક્રિયાઓ ક્રમસર હોવી જોઈએ; આવો ક્રમ ન હોય તો મુનિ આહાર લઈ શકે નહિ.

**પ્રશ્ન** :—સ્ત્રી એ પ્રમાણે નવધા ભક્તિ વડે મુનિને આહાર આપે કે નહિ?

**ઉત્તર** :—હા, સ્ત્રીનો કરેલો અને સ્ત્રીના હાથથી પણ સાધુઓ આહાર લે છે. ભગવાન મહાવીર જ્યારે છદ્મસ્થ મુનિ હતા ત્યારે ચંદનબાળાએ નવધાભક્તિપૂર્વક તેમને આહાર આપ્યો હતો, એ વાત પ્રસિદ્ધ છે.

મુનિને તથા ક્ષુલ્લકને 'તિષ્ઠ! તિષ્ઠ! તિષ્ઠ! (અહીં બિરાજો) એમ અતિ અનુરાગ અને અતિ પૂજ્યભાવથી કહેવું તથા અન્ય શ્રાવકાદિક યોગ્ય પાત્ર જીવોને તેમના પદ અનુસાર આદરનાં વચન કહેવાં તે સંગ્રહ છે. જેને હૃદયમાં નવધાભક્તિ નથી તેને ત્યાં મુનિ ભોજન કરે જ નહિ; અને અન્ય ધર્માત્મા પાત્ર જીવો પણ આદર વગર, લોભી થઈને ધર્મનો નિરાદર કરાવીને ભોજનાદિક કદી ગ્રહણ કરે નહિ. જૈનીપણું તો દીનતા રહિત પરમ સંતોષ ધારણ કરવો તે છે.

## ૩. દ્રવ્ય વિશેષ

પાત્રદાનની અપેક્ષાએ દેવા યોગ્ય પદાર્થો ચાર પ્રકારના છે—૧. આહાર, ૨. ઔષધ, ૩. ઉપકરણ (પીંછી, કમંડળ, શાસ્ત્ર વગેરે) અને ૪. આવાસ. આ પદાર્થો તપ, સ્વાધ્યાયાદિ ધર્મકાર્યમાં વૃદ્ધિનાં કારણ થાય, એવાં હોવાં જોઈએ. (તપ=મુનિપણું)

## ૪. દાતૃવિશેષ

દાતારમાં નીચેના સાત ગુણો હોવા જોઈએ—

(૧) **ઐહિક ફળ અનપેક્ષા**—સાંસારિક લાભની ઈચ્છા ન હોવી તે.

(૨) **ક્ષાંતિ**—દાન આપતાં ગુસ્સારહિત શાંતપરિણામ હોવા તે.

(૩) **મુદિત**—દાન આપતાં પ્રસન્નતા હોવી તે.

(૪) **નિષ્કપટતા**—કપટરહિતપણું હોવું તે.

(૫) **અનસૂયત્વ**—ઈર્ષારહિતપણું હોવું તે.

(૬) **અવિષાદિત્વ**—વિષાદ (ખેદ) રહિતપણું હોવું તે.

(૭) **નિરહંકારિત્વ**—અભિમાનરહિતપણું હોવું તે.

દાતારમાં રહેલા આ ગુણોની હીનાધિકતા પ્રમાણે તેને દાનનું ફળ થાય છે.

## ૫. પાત્રવિશેષ

સત્પાત્રના ત્રણ પ્રકાર છે :—

(૧) ઉત્તમપાત્ર—સમ્યક્ચારિત્રવાન મુનિ.

(૨) મધ્યમપાત્ર—વ્રતધારી સમ્યગ્દષ્ટિ.

(૩) જઘન્યપાત્ર—અવ્રતી સમ્યગ્દષ્ટિ.

આ ત્રણે સમ્યગ્દષ્ટિ હોવાથી સુપાત્ર છે. સમ્યગ્દર્શન વગરના જે જીવો બાહ્યવ્રત સહિત હોય તે કુપાત્ર છે અને સમ્યગ્દર્શન રહિત તેમ જ બાહ્યવ્રત–ચારિત્રથી પણ રહિત હોય તે જીવો અપાત્ર છે.

## ૬. દાન સંબંધી જાણવા યોગ્ય વિશેષ બાબતો

(૧) અપાત્ર જીવોને દુઃખથી પીડિત દેખીને તેમના ઉપર દયાભાવ વડે તેમનું દુઃખ દૂર કરવાની ભાવના ગૃહસ્થ અવશ્ય કરે, પણ તેમના પ્રત્યે ભક્તિભાવ ન કરે; કેમ તે તેવા પ્રત્યે ભક્તિભાવ કરવો તે તેમના પાપની અનુમોદના છે. કુપાત્રને યોગ્ય રીતે (કરુણાબુદ્ધિ વડે) આહારાદિ દાન દેવું જોઈએ.

(૨) **પ્રશ્ન** :—અપાત્રને દાન આપતાં અજ્ઞાનીને જો શુભભાવ હોય તો તેનું ફળ શું? અપાત્રને દાન આપવાનું ફળ નરક નિગોદ છે–એમ કોઈ કહે છે, તે ખરું છે?

**ઉત્તર** :—અપાત્રને દાન આપતાં શુભભાવ છે, તેનું ફળ નરક–નિરોદ હોઈ શકે નહિ. આત્માનું જ્ઞાન અને આચરણ નહિ હોવાથી જે પરમાર્થશૂન્ય છે, એવા અજ્ઞાની છદ્મસ્થ વિપરીત ગુરુ પ્રત્યે સેવા-ભક્તિથી વૈયાવૃત્ય, તથા આહારાદિક દાન દેવાની ક્રિયાથી જે પુણ્ય થાય છે, તેનું ફળ નીચ દેવ અને નીચ મનુષ્યપણું છે.

*[જુઓ ગુજરાતી પ્રવચનસાર પાનું ૪૧૬ તથા ચર્ચા સમાધાન પાનું ૪૮]*

(૩) આહાર, ઔષધ, અભય અને જ્ઞાનદાન—એવા દાનના ચાર પ્રકાર પણ છે. કેવળી ભગવાનને દાનાંતરાયનો સર્વથા નાશ થવાથી ક્ષાયિક દાનશક્તિ પ્રગટ થઈ છે. તેનું મુખ્ય કાર્ય એ છે, કે સંસારના શરણાગત જીવોને અભય પ્રદાન કરે. આ અભયદાનની પૂર્ણતા

કેવળજ્ઞાનીઓને હોય છે. તેમ જ દિવ્ય વાણી દ્વારા તત્ત્વોપદેશ દેવાથી ભવ્ય જીવોને જ્ઞાનદાનની પ્રાપ્તિ પણ થાય છે. બાકીનાં બે દાન (આહાર અને ઔષધ) રહ્યાં તે ગૃહસ્થનાં કાર્ય છે. એ બે સિવાયના પહેલાં બે દાન પણ ગૃહસ્થોને યથાશક્તિ હોય છે. કેવળી ભગવાન વીતરાગી છે, તેમને દાનની ઈચ્છા હોતી નથી. ૩૯. *(જુઓ, તત્ત્વાર્થસાર પા. ૨૫૬)*

## ઉપસંહાર

૧. આ અધિકારમાં પુણ્યાસ્રવનું વર્ણન છે; વ્રત તે પુણ્યાસ્રવનું કારણ છે. અઢારમાં સૂત્રમાં વ્રતીની વ્યાખ્યા આપી છે. તેમાં જણાવ્યું છે કે જે જીવ મિથ્યાત્વ, માયા અને નિદાન એ ત્રણ શલ્યરહિત હોય તે જ વ્રતી હોઈ શકે. 'જેને વ્રત હોય તે વ્રતી' એવી વ્યાખ્યા કરી નથી, માટે એ ખાસ લક્ષમાં રાખવું કે વ્રતી થવા માટે સમ્યગ્દર્શન અને વ્રત બંને હોવાં જોઈએ.

૨. સમ્યગ્દૃષ્ટિ જીવને અંશે વીતરાગચારિત્રપૂર્વક મહાવ્રતાદિરૂપ શુભોપયોગ હોય તેને સરાગચારિત્ર કહેવાય છે; તે સરાગચારિત્ર અનિષ્ટ ફળવાળું હોવાથી છોડવા યોગ્ય છે. જેમાં કષાયકણ વિદ્યમાન હોવાથી જીવને જે પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ છે, એવું તે સરાગચારિત્ર વચ્ચે આવી પડ્યું હોવા છતાં તેને દૂર ઓળંગી જવાનો પ્રયત્ન સમ્યગ્દૃષ્ટિને ચાલુ હોય છે. *(જુઓ પ્રવચનસાર ગાથા ૧-૫, ૬)*

૩. મહાવ્રતાદિ શુભોપયોગને ઉપાદેયપણાથી ગ્રહણરૂપ માનવું તે મિથ્યાદૃષ્ટિપણું છે. આ અધ્યાયમાં તે વ્રતોને આસ્રવરૂપે વર્ણવ્યાં છે, તો તે ઉપાદેય કેવી રીતે હોય? આસ્રવ તો બંધનો સાધક છે અને ચારિત્ર તો મોક્ષનું સાધક છે, તેથી એ મહાવ્રતાદિરૂપ આસ્રવભાવોમાં ચારિત્રપણું સંભવતું નથી. ચારિત્રમોહના દેશઘાતી સ્પર્ધકોના ઉદયમાં જોડાવાથી જે મહામંદ પ્રશસ્ત રાગ થાય છે, તે તો ચારિત્રનો દોષ છે. તેને નહિ છૂટતો જાણીને જ્ઞાનીઓ તેનો ત્યાગ કરતા નથી અને સાવદ્યયોગનો જ ત્યાગ કરે છે. પણ જેમ કોઈ પુરુષ કંદમૂળાદિ ઘણા દોષવાળી હરિતકાયનો ત્યાગ કરે છે અને કોઈ હરિતકાયને વાપરે છે પણ તેને ધર્મ માનતો નથી, તેમ મુનિ હિંસાદિ તીવ્ર કષાયરૂપ ભાવોનો ત્યાગ કરે છે તથા કોઈ મંદ કષાયરૂપ મહાવ્રતાદિને પાળે છે, પરંતુ તેને મોક્ષમાર્ગ માનતાં નથી. *(જુઓ, મોક્ષમાર્ગપ્રકાશક પા. ૨૩૩)*

૪. આ આસ્રવ અધિકારમાં અહિંસાદિ વ્રતોનું વર્ણન કર્યું છે, તેથી એમ સમજવું, કે કોઈ જીવને ન મારવો એવા શુભભાવરૂપ અહિંસા, સત્ય, અચૌર્યતા, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ભાવ એ બધા પુણ્યાસ્રવ છે. આ અધિકારમાં સંવર-નિર્જરાનું વર્ણન નથી. તે અહિંસાદિ જો સંવર-નિર્જરાનું કારણ હોત તો આ આસ્રવ અધિકારમાં તેમનું વર્ણન આચાર્યદેવ કરત નહિ.

૫. વ્રતાદિના શુભભાવ વખતે પણ ચાર ઘાતિકર્મો બંધાય છે અને ઘાતિકર્મો તો પાપ છે. સમ્યગ્દૃષ્ટિ જીવને સાચી શ્રદ્ધા હોવાથી દર્શનમોહ, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ

તથા નરકગતિ ઈત્યાદિ કુલ ૪૧ કર્મપ્રકૃતિઓનો બંધ થતો નથી; તે તો ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનનું ફળ છે અને ઉપરની દશામાં જેટલે અંશે ચારિત્રની શુદ્ધતા પ્રગટે છે તે વીતરાગચારિત્રનું ફળ છે, પરંતુ મહાવ્રત કે દેશવ્રતનું ફળ તે શુદ્ધતા નથી. મહાવ્રત કે દેશવ્રતનું ફળ તો બંધન છે.

૬. અશુભભાવમાં તો ધર્મ નથી, એમ તો સાધારણ જીવો ઓઘદ્રષ્ટિએ માને છે, એટલે તે સંબંધી વિશેષ કહેવાની જરૂર નથી, પરંતુ પોતાને ધર્મી તરીકે માનતાં જીવો પણ મોટે ભાગે શુભભાવને ધર્મ અગર તો ધર્મનો સહાયક માને છે–તે માન્યતા ખરી નથી. શુભભાવ તે ધર્મનું કારણ નથી પણ કર્મબંધનું કારણ છે. એ વાત છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં કરી છે, તેની ટૂંક નોંધ નીચે પ્રમાણે છે—

| | | |
|---|---|---|
| ૧. | શુભભાવ પુણ્યનો આસ્રવ છે. | અ. ૬. સૂ. ૩ |
| ૨. | સમ્યક્ત્વક્રિયા, ઈર્યાપથ સમિતિ | અ. ૬. સૂ. ૫ |
| ૩. | મંદ કષાય તે આસ્રવ છે. | અ. ૬. સૂ. ૬ |
| ૪. | સર્વ પ્રાણીઓ અને વ્રતધારી પ્રત્યે અનુકંપા. | અ. ૬ સૂ. ૧૮ |
| ૫. | માર્દવ | અ. ૬ સૂ. ૧૮ |
| ૬. | સરાગસંયમ, સંયમાસંયમ | અ. ૬. સૂ. ૨૦ |
| ૭. | યોગોની સરળતા | અ. ૬. સૂ. ૨૩ |
| ૮. | તીર્થંકરકર્મબંધના કારણરૂપ સોળ ભાવના | અ. ૬. સૂ. ૨૪ |
| ૯. | પર પ્રશંસા, આત્મનિંદા, નમ્રવૃત્તિ, મદનો અભાવ | અ. ૬. સૂ. ૨૬ |
| ૧૦. | મહાવ્રત, અણુવ્રત | અ. ૭. સૂ. ૧ થી ૮ તથા ૨૧ |
| ૧૧. | મૈત્રી વગેરે ચાર ભાવનાઓ. | અ. ૭. સૂ. ૧૧ |
| ૧૨. | જગત્ અને કાયના સ્વભાવનો વિચાર. | અ. ૭. સૂ. ૧૨ |
| ૧૩. | સલ્લેખના. | અ. ૭. સૂ. ૨૨ |
| ૧૪. | દાન. | અ. ૭. સૂ. ૩૮–૩૯ |

ઉપર કહેલા બધા બોલોને આસ્રવ તરીકે વર્ણવ્યા છે. એ રીતે છઠ્ઠા અને સાતમા અધિકારમાં આસ્રવનું વર્ણન પૂરું કરીને હવે આઠમા અધિકારમાં બંધનું વર્ણન કહેવામાં આવશે.

૭. હિંસા, જૂઠું, ચોરી, કુશીલ અને પરિગ્રહનો ત્યાગ તે વ્રત છે–એમ શ્રી અમૃતચંદ્રાચાર્યે તત્ત્વાર્થસારના ચોથા અધ્યાયની ૧૦૧મી ગાથામાં કહ્યું છે, એટલે કે તે વ્રત પુણ્યાસ્રવ છે, એમ જણાવ્યું છે. ગાથા ૧૦૩માં કહ્યું કે–સંસારમાર્ગમાં પુણ્ય અને પાપ વચ્ચે ભેદ છે; પણ ત્યારપછી ગાથા ૧૦૪માં સ્પષ્ટપણે જણાવ્યું કે–મોક્ષમાર્ગમાં પુણ્ય અને પાપ વચ્ચે ભેદ (વિશેષ, જુદાપણું) નથી. કેમ કે તે બન્ને સંસારનું કારણ છે—આ પ્રમાણે જણાવીને આસ્રવ અધિકાર પૂરો કર્યો છે.

૮. **પ્રશ્ન** :—વ્રત તો ત્યાગ છે, જો ત્યાગને પુણ્યાસ્રવ કહેશો પણ ધર્મ નહિ કહો તો ત્યાગનો ત્યાગ તે ધર્મ કેમ થઈ શકે?

**ઉત્તર** :–(૧) વ્રત તે શુભભાવ છે; શુભભાવનો ત્યાગ બે પ્રકારે થાય છે–એ તો શુભને છોડીને અશુભમાં જવું તે; આ પ્રકારનો ત્યાગ તો જીવ અનાદિથી કરતો આવ્યો છે, પણ આ ત્યાગ તે ધર્મ નથી પણ પાપ છે. બીજો પ્રકાર એ છે, કે—સમ્યક્ભાનપૂર્વક શુદ્ધતા પ્રગટ કરતાં શુભનો ત્યાગ થાય છે; આ ત્યાગ તે ધર્મ છે, તેથી સમ્યગ્દ્રષ્ટિ જીવો વ્રતરૂપ શુભભાવનો ત્યાગ કરીને જ્ઞાનમાં સ્થિરતા કરે છે, એ સ્થિરતા તે જ ચારિત્રધર્મ છે. આ રીતે, જેટલે અંશે વીતરાગચારિત્ર વધે તેટલે અંશે વ્રતનો ત્યાગ થાય છે.

(૨) એ ધ્યાનમાં રાખવું કે–વ્રતમાં શુભ–અશુભ બંનેનો ત્યાગ નથી, પરંતુ વ્રતમાં અશુભભાવનો ત્યાગ અને શુભભાવનું ગ્રહણ છે એટલે કે વ્રત તે રાગ છે; અને અવ્રત તેમ જ વ્રત (અશુભ તેમ જ શુભ) બંનેનો ત્યાગ તે વીતરાગતા છે. શુભ–અશુભ બંનેનો ત્યાગ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પૂર્વક જ હોઈ શકે.

(૩) 'ત્યાગ' તો નાસ્તિવાચક છે; યથાર્થ નાસ્તિ ત્યારે કહેવાય કે જો તે અસ્તિ સહિત હોય. હવે જો વ્રતને ત્યાગ કહીએ તો તે ત્યાગરૂપ નાસ્તિ થતાં આત્મામાં અસ્તિત્વરૂપે શું થયું? વીતરાગતા તો સમ્યક્ચારિત્ર વડે પ્રગટે છે અને વ્રત તો આસ્રવ છે–એમ આ અધિકારમાં જણાવ્યું છે, તેથી વ્રત તે ખરો ત્યાગ નથી, પણ જેટલા અંશે વીતરાગતા પ્રગટી તેટલો ખરો ત્યાગ છે, કેમ કે જ્યાં જેટલે અંશે વીતરાગતા હોય ત્યાં તેટલા અંશે સમ્યક્ચારિત્ર પ્રગટ્યું હોય છે અને તેમાં શુભ–અશુભ બંનેનો (અર્થાત્ વ્રત–અવ્રત બંનેનો) ત્યાગ હોય છે.

**એ પ્રમાણે શ્રી ઉમાસ્વામીવિરચિત મોક્ષશાસ્ત્રની ગુજરાતી ટીકામાં સાતમો અધ્યાય પૂરો થયો.**

K

# મોક્ષશાસ્ત્ર-ગુજરાતી ટીકા

# અધ્યાય આઠમો

## —: ભૂમિકા :—

પહેલા અધ્યાયના પહેલા સૂત્રમાં કહ્યું, કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. બીજા સૂત્રમાં કહ્યું કે તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે; ત્યાર પછી ચોથા સૂત્રમાં સાત તત્ત્વોનાં નામ જણાવ્યાં; તેમાંથી જીવ, અજીવ અને આસ્રવ એ ત્રણ તત્ત્વોનું વર્ણન સાત અધ્યાય સુધીમાં કર્યું. આસ્રવ પછી બંધતત્ત્વ આવે છે; તેથી આચાર્યદેવ આ અધ્યાયમાં બંધ તત્ત્વનું વર્ણન કરે છે.

બંધના બે પ્રકાર છે—ભાવબંધ અને દ્રવ્યબંધ. આ અધ્યાયના પહેલા બે સૂત્રમાં જીવના ભાવબંધનું અને તે ભાવબંધનું નિમિત્ત પામીને થતાં દ્રવ્યકર્મના બંધનું વર્ણન કર્યું છે. ત્યારપછીના સૂત્રોમાં દ્રવ્યબંધના પ્રકાર, તેની સ્થિતિ અને તે ક્યારે છૂટે એ વગેરેનું વર્ણન કર્યું છે.

## બંધના કારણો

## मिथ्यादर्शनाऽविरतिप्रमादकषाययोगा बंधहेतवः ॥१॥

**અર્થ** :—[मिथ्यादर्शन अविरति प्रमाद कषाय योगाः] મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ—એ પાંચ [बंधहेतवः] બંધનાં કારણો છે.

## ટીકા

૧. આ સૂત્ર ઘણું ઉપયોગી છે; સંસાર શું કારણે છે તે આ સૂત્ર બતાવે છે. ધર્મમાં પ્રવેશ કરવા ઈચ્છતા જીવો તથા ઉપદેશકો, જ્યાં સુધી આ સૂત્રનો મર્મ ન સમજે ત્યાં સુધી એક મહાન ભૂલ કરે છે. તે આ પ્રમાણે છે : બંધનાં પાંચ કારણોમાંથી સૌથી પહેલાં મિથ્યાદર્શન ટળે છે અને પછી અવિરતિ વગેરે ટળે છે, છતાં તેઓ પ્રથમ મિથ્યાદર્શનને ટાળ્યા વગર અવિરતિને ટાળવા મથે છે અને તે હેતુથી તેમણે માનેલાં બાળવ્રત વગેરે ગ્રહણ કરે છે, તથા બીજાને પણ તેઓ ઉપદેશ આપે છે; વળી આ બાળવ્રત વગેરે ગ્રહણ કરવાથી અને તેનું પાલન કરવાથી મિથ્યાદર્શન ટળી જશે-એમ માને છે. તે જીવોની આ માન્યતા સંપૂર્ણપણે જૂઠી છે, એમ આ સૂત્રમાં 'મિથ્યાદર્શન' પહેલું જણાવીને સૂચવ્યું છે.

૨. આ સૂત્રમાં બંધના કારણોનાં નામ જે ક્રમથી આપ્યા છે તે જ ક્રમથી તે ટળે છે, પરંતુ પહેલું કારણ વિદ્યમાન હોય અને ત્યારપછીનું કારણ ટળી જાય એ રીતે ક્રમભંગ થતો નથી. તેમના ટળવાનો ક્રમ આ પ્રમાણે છે— (૧) મિથ્યાદર્શન ચોથા ગુણસ્થાને ટળે છે. (૨) અવિરતિ પાંચમા–છઠ્ઠા ગુણસ્થાને ટળે છે. (૩) પ્રમાદ સાતમા ગુણસ્થાને ટળે છે. (૪) કષાય બારમા ગુણસ્થાને ટળે છે અને (૫) યોગ ચૌદમા ગુણસ્થાને ટળે છે. વસ્તુસ્થિતિનો આ નિયમ નહીં સમજવાથી અજ્ઞાનીઓ પ્રથમ બાળવ્રત અંગીકાર કરે છે અને તેને ધર્મ માને છે; એ રીતે અધર્મને ધર્મ માનવાના કારણે તેઓને મિથ્યાદર્શન અને અનંતાનુબંધી કષાયનું પોષણ થાય છે, માટે જિજ્ઞાસુઓએ વસ્તુસ્થિતિનો આ નિયમ સમજવાની ખાસ જરૂર છે. આ નિયમ સમજીને ખોટા ઉપાયો છોડી પ્રથમ મિથ્યાદર્શન ટાળવા માટે સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવો યોગ્ય છે.

૩. મિથ્યાત્વાદિ કે જેઓ બંધના કારણો છે, તેઓ જીવ અને અજીવ એમ બે પ્રકારના છે. જે મિથ્યાત્વાદિ પરિણામો જીવમાં થાય છે તેઓ જીવ છે, તેને ભાવબંધ કહેવાય છે; અને જે મિથ્યાત્વાદિ પરિણામો પુદ્‌ગલમાં થાય છે તેઓ અજીવ છે, તેને દ્રવ્યબંધ કહેવામાં આવે છે. *(જુઓ શ્રી સમયસારજી ગાથા ૮૭-૮૮)*

## ૪. બંધના પાંચ કારણો કહ્યાં તેમાં અંતરંગ ભાવોની ઓળખાણ કરવી જોઈએ

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના ભેદોને જીવ બાહ્યરૂપથી જાણે પણ અંતરંગમાં એ ભાવોની જાતને ઓળખે નહીં તો મિથ્યાત્વ ટળે નહિ. અન્ય કુદેવાદિના સેવનરૂપ ગૃહીત મિથ્યાત્વને તો મિથ્યાત્વ તરીકે જાણે પણ અનાદિ અગૃહીત મિથ્યાત્વ છે તેને ન ઓળખે, તેમ જ બાહ્ય ત્રસ–સ્થાવરની હિંસાને તથા ઈન્દ્રિય–મનના વિષયોમાં પ્રવૃત્તિ થાય. તેને અવિરતિ જાણે પણ હિંસામાં પ્રમાદ પરિણતિ તે મૂળ છે તથા વિષયસેવનમાં અભિલાષા મૂળ છે. તેને અવલોકે નહિ, તો ખોટી માન્યતા ટળે નહિ. બાહ્યક્રોધ કરવો તેને કષાય જાણે પણ અભિપ્રાયમાં જે રાગ-દ્વેષ રહે છે તે જ મૂળ ક્રોધ છે; જો તેને ન ઓળખે તો મિથ્યા માન્યતા ટળે નહિ. બાહ્ય ચેષ્ટા થાય તેને યોગ જાણે પણ શક્તિભૂત (–આત્મપ્રદેશોના પરિસ્પંદનરૂપ) યોગને ન જાણે તો મિથ્યા માન્યતા ટળે નહિ, માટે તેમના અંતરંગ ભાવને ઓળખીને તે સંબંધી અન્યથા માન્યતા ટાળવી જોઈએ.

## ૫. મિથ્યાદર્શનનું સ્વરૂપ

(૧) જીવને અનાદિથી મિથ્યાદર્શનરૂપ અવસ્થા છે. તમામ દુ:ખનું મૂળ (સંસારની જડ) મિથ્યાદર્શન છે. જેવું જીવને શ્રદ્ધાન છે તેવું પદાર્થસ્વરૂપ ન હોય અને જેવું પદાર્થસ્વરૂપ ન

હોય તેવું એ માને તેને મિથ્યાદર્શન કહેવામાં આવે છે. જીવ પોતાને અને શરીરને એકરૂપ માને છે; શરીર કોઈ વેળા દૂબળું થાય, કોઈ વેળા જાડું થાય, કોઈ વાર નષ્ટ થઈ જાય, કોઈ વાર નવીન ઊપજે ત્યારે એ બધી ક્રિયાઓ શરીરાધીન થવા છતાં આ જીવ તેને પોતાને આધીન માની ખેદખિન્ન થાય છે.

**દૃષ્ટાંત** :—જેમ કોઈ જગ્યાએ એક ગાંડો બેઠો હતો ત્યાં અન્ય ઠેકાણેથી માણસ, ઘોડા અને ધનાદિક આવી ઉતર્યા; તે સર્વેને આ ગાંડો પોતાના માનવા લાગ્યો, પણ એ બધાં પોતપોતાને આધીન હોવાથી તેમાં કોઈ આવે, કોઈ જાય; કોઈ અનેક અવસ્થારૂપે પરિણમે, એમ સર્વેની ક્રિયા પોતપોતાને આધીન હોવા છતાં આ ગાંડો તેને પોતાને આધીન માની ખેદખિન્ન થાય છે.

**સિદ્ધાંત** :—તેમ આ જીવ જ્યાં શરીર ધારણ કરે ત્યાં, કોઈ અન્ય ઠેકાણેથી પુત્ર, ઘોડા, ધનાદિક આવીને સ્વયં પ્રાપ્ત થાય છે; તે સર્વેને આ જીવ પોતાના જાણે છે, પણ એ બધાં તો પોતપોતાને આધીન હોવાથી કોઈ આવે, કોઈ જાય તથા કોઈ અનેક અવસ્થારૂપ પરિણમે, તે ક્રિયા તેમને આધીન છે, આ જીવને આધીન નથી, તોપણ તેને પોતાને આધીન માનીને આ જીવ ખેદખિન્ન થાય છે.

(૨) આ જીવ પોતે જેમ છે તેમ પોતાને માનતો નથી, પણ જેમ નથી તેમ માને છે તે મિથ્યાદર્શન છે. પોતે અમૂર્તિક પ્રદેશોનો પૂંજ, પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક, અનાદિનિધન વસ્તુરૂપ છે, તથા મૂર્તિક પુદ્‌ગલ દ્રવ્યોનો પિંડ, પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણો રહિત, નવીન જ જેનો સંયોગ થયો છે, એવા આ શરીરાદિ પુદ્‌ગલ કે જે પોતાથી પર છે—એ બંનેના સંયોગરૂપ મનુષ્ય, તિર્યંચાદિ અનેક પ્રકારની અવસ્થાઓ થાય છે, તેમાં આ મૂઢ જીવ પોતાપણું ધારી રહ્યો છે, સ્વ-પરનો ભેદ કરી શકતો નથી; જે પર્યાય પામ્યો હોય તેને જ પોતાપણે માને છે. એ પર્યાયમાં (૧) જે જ્ઞાનાદિ ગુણો છે તે તો પોતાના ગુણો છે, (૨) જે રાગાદિક ભાવો થાય છે તે વિકારીભાવો છે, તથા (૩) જે વર્ણાદિ છે તે પોતાના ગુણો નથી પણ શરીરાદિ પુદ્‌ગલના ગુણો છે અને (૪) શરીરાદિમાં પણ વર્ણાદિનું તથા પરમાણુઓનું પલટાવું ઘણા જુદા જુદા પ્રકારે થાય છે; તે સર્વે પુદ્‌ગલની અવસ્થાઓ છે; આ બધાંને આ જીવ પોતાનું સ્વરૂપ માને છે; સ્વભાવ અને પરભાવનો વિવેક કરતો નથી; વળી પોતાથી પ્રત્યક્ષ ભિન્ન ધન–કુટુંબાદિકનો સંયોગ થાય છે. તેઓ પોતપોતાને આધીન પરિણમે છે, તથા આ જીવને આધીન થઈ પરિણમતા નથી; છતાં પણ એમાં આ જીવ મમકાર કરે છે, કે 'આ બધાં મારાં છે,' પણ એ કોઈ પણ પ્રકારથી તેનાં થતાં નથી, માત્ર પોતાની માન્યતાથી જીવ તેને પોતાનાં માને છે.

(૩) મનુષ્યાદિ અવસ્થામાં કોઈ વેળા દેવ-ગુરુ-શાસ્ત્ર અથવા ધર્મનું જે અન્યથા કલ્પિત સ્વરૂપ હોય તેની તો પ્રતીત કરે છે, પણ તેઓનું જે યથાર્થ સ્વરૂપ છે તેની પ્રતીત કરતો નથી.

(૪) જગતની દરેક વસ્તુ અર્થાત્ દરેક દ્રવ્યો પોતપોતાને આધીન પરિણમે છે, પણ આ જીવ તેમ માનતો નથી અને પોતે તેને પરિણમાવી શકે અથવા કોઈ વખતે અંશે પરિણમાવી શકે-એમ માને છે.

ઉપર પ્રમાણે બધી માન્યતા મિથ્યાદષ્ટિની છે. પોતાનું અને પરદ્રવ્યોનું જેવું સ્વરૂપ નથી, તેવું માનવું તથા જેવું છે તેવું ન માનવું તે વિપરીત અભિપ્રાય હોવાથી મિથ્યાદર્શન છે.

(૫) જીવ અનાદિકાળથી અનેક શરીર ધારણ કરે છે, પૂર્વનું છોડી નવીન શરીર ધારણ કરે છે; ત્યાં એક તો પોતે આત્મા (જીવ) તથા અનંત પુદ્ગલ પરમાણુમય શરીર-એ બંનેના એક પિંડ બંધનરૂપ એ અવસ્થા હોય છે; તેમાં તે સર્વમાં 'આ હું છું' એવી અહંબુદ્ધિ કરે છે. જીવ તો જ્ઞાનસ્વરૂપ છે અને પુદ્ગલ પરમાણુઓનો સ્વભાવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ છે, એ સર્વને પોતાનું સ્વરૂપ માની 'આ મારાં છે' એવી બુદ્ધિ કરે છે. હાલવું-ચાલવું ઈત્યાદિ ક્રિયા શરીર કરે છે, તેને હું કરું છું' એમ જીવ માને છે. અનાદિથી ઈન્દ્રિયજ્ઞાન તરફ લક્ષ છે, તેથી અમૂર્તિક એવો પોતે તો પોતાને ભાસતો નથી અને મૂર્તિક એવું શરીર જ ભાસે છે, તેથી અન્યને પોતારૂપ જાણીને જીવ તેમાં અહંબુદ્ધિ ધારણ કરે છે. પોતાનું સ્વરૂપ પોતાને પરથી જુદું ન ભાસ્યું એટલે શરીર, જ્ઞાનાદિગુણ, ક્રોધાદિ વિકાર તથા સગાસંબંધીનો સમુદાય તે સર્વેમાં પોતે અહંબુદ્ધિ ધારે છે. વળી પોતાને અને શરીરને નિમિત્ત-નૈમિત્તિક ઘનિષ્ટ સંબંધ હોવાથી શરીરથી પોતાની ભિન્નતા યથાર્થપણે ભાસતી નથી. (આત્માના સ્થાનનું ચલન થતું હોય ત્યારે શરીરનું સ્થાન પણ ચલનરૂપ હોય જ—તેથી ઘનિષ્ટ સંબંધ કહ્યો છે.)

(૬) પોતાનો સ્વભાવ તો જ્ઞાતાદ્રષ્ટા છે છતાં પોતે કેવળ દેખવા જાણવાવાળો તો રહેતો નથી, પણ જે જે પદાર્થોને દેખે-જાણે છે તેમાં ઈષ્ટ-અનિષ્ટપણું માને છે; એ ઈષ્ટ-અનિષ્ટપણું માનવું તે મિથ્યા છે, કારણ કે કોઈ પણ પર પદાર્થ ઈષ્ટ-અનિષ્ટરૂપ નથી. પદાર્થોમાં જો ઈષ્ટ-અનિષ્ટપણું હો તો જે પદાર્થ ઈષ્ટરૂપ હોય તે સર્વેને ઈષ્ટરૂપ જ થાય તથા જે પદાર્થ અનિષ્ટરૂપ હોય તે સર્વેને અનિષ્ટરૂપ જ થાય, પણ એમ તો થતું નથી; માત્ર જીવ પોતે જ કલ્પના કરીને તેને ઈષ્ટ-અનિષ્ટરૂપ માને છે. એ માન્યતા જૂઠી છે-કલ્પિત છે.

(૭) જીવ કોઈ પદાર્થના સદ્ભાવ તથા કોઈના અભાવને ઈચ્છે છે પણ તેનો સદ્ભાવ કે અભાવ આ જીવનો કર્યો થતો નથી, કારણ કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કે તેની પર્યાયનું કર્તા છે જ નહિ, પણ સર્વ દ્રવ્યો પોતપોતાનાં સ્વરૂપે પોતાથી જ પરિણમે છે.

(૮) રાગાદિ ભાવો વડે મિથ્યાદષ્ટિ જીવ તો સર્વ દ્રવ્યોને અન્ય પ્રકારે પરિણમાવવા ઈચ્છે છે પણ તે સર્વ દ્રવ્યો જીવની ઈચ્છાને આધીન પરિણમતા નથી, તેથી તેને આકુળતા થાય છે. જો સર્વ કાર્ય જીવની ઈચ્છાનુસાર જ થાય છે, અન્યથા ન થાય તો જ નિરાકુળતા

રહે, પણ એમ તો થઈ શકતું નથી, કારણ કે કોઈ દ્રવ્યનું પરિણમન કોઈ દ્રવ્યને આધીન નથી. માટે જીવને રાગાદિ ભાવ દૂર થાય તો જ નિરાકુળતા થાય છે—એમ ન માનતાં પોતે પર દ્રવ્યનો કર્તા, ભોક્તા, દાતા, હર્તા આદિ છે અને પરદ્રવ્યથી પોતાને લાભ-નુકશાન થાય છે—એમ માનવું તે મિથ્યા છે.

## (૯) મિથ્યાદર્શનની ટૂંકી વ્યાખ્યાઓ

૧. સ્વ-પરને એકત્વદર્શન, ૨. પરની કર્તૃત્વબુદ્ધિ, ૩. પર્યાયબુદ્ધિ, ૪. વ્યવહાર-વિમુઢ, ૫. અતત્ત્વશ્રદ્ધાન, ૬. પોતાના સ્વરૂપની ભ્રમણા, ૭. રાગથી-શુભભાવથી આત્માને લાભ થાય એવી બુદ્ધિ, ૮. બહિરદષ્ટિ, ૯. વિપરીત રુચિ, ૧૦. વસ્તુસ્વરૂપ ન હોય તેમ માનવું, હોય તેમ ન માનવું, ૧૧. અવિદ્યા, ૧૨. પરથી લાભ-નુકશાન થાય એવી માન્યતા, ૧૩. અનાદિ અનંત ચૈતન્યમાત્ર ત્રિકાળી આત્માને માનવો, પણ વિકાર જેટલો જ આત્મા માનવો, ૧૪. વિપરીત અભિપ્રાય, ૧૫. પરસમય, ૧૬. પર્યાયમૂઢ, ૧૭. શરીરની ક્રિયા જીવ કરી શકે એવી માન્યતા, ૧૮. પર દ્રવ્યોની વ્યવસ્થા કરનાર તથા તેનો કર્તા, ભોક્તા, દાતા, હર્તા જીવને માનવો, ૧૯. જીવને ન જ માનવો, ૨૦. નિમિત્તાધીનદૃષ્ટિ, ૨૧. પરાશ્રયે લાભ થાય એવી માન્યતા, ૨૨. શરીરાશ્રિત ક્રિયાથી લાભ થાય એવી માન્યતા, ૨૩. સર્વજ્ઞની વાણીમાં જેવું આત્માનું પૂર્ણસ્વરૂપ કહ્યું છે તેવા સ્વરૂપની અશ્રદ્ધા, ૨૪. વ્યવહારનય ખરેખર આદરણીય હોવાની માન્યતા, ૨૫. શુભાશુભભાવનું સ્વામીત્વ, ૨૬. શુભવિકલ્પથી આત્માને લાભ થાય એવી માન્યતા, ૨૭. વ્યવહારરત્નત્રય કરતાં કરતાં નિશ્ચયરત્નત્રય પ્રગટે એવી માન્યતા, ૨૮. શુભ-અશુભમાં સરખાપણું ન માનવું તે અર્થાત્ શુભ સારાં અને અશુભ ખરાબ એવી માન્યતા, ૨૯. મનુષ્ય અને તિર્યંચ પ્રત્યે મમત્વબુદ્ધિથી કરુણા થવી તે.

## ૬. મિથ્યાદર્શનના બે પ્રકાર

(૧) મિથ્યાત્વના બે પ્રકાર છે—અગૃહીતમિથ્યાત્વ અને ગૃહીતમિથ્યાત્વ. અગૃહીત-મિથ્યાત્વ અનાદિથી ચાલ્યું આવે છે. જીવ પરદ્રવ્યનું કાંઈ કરી શકે કે શુભ વિકલ્પથી આત્માને લાભ થાય એવી માન્યતા તે અનાદિનું અગૃહીતમિથ્યાત્વ છે. જન્મ થયા પછી પરોપદેશના નિમિત્તથી જે અતત્ત્વશ્રદ્ધા જીવ ગ્રહણ કરે છે તે ગૃહીતમિથ્યાત્વ કહેવાય છે. અગૃહીતમિથ્યાત્વને નિસર્ગજ મિથ્યાત્વ અને ગૃહીતમિથ્યાત્વને બાહ્ય પ્રાપ્ત મિથ્યાત્વ પણ કહેવામાં આવે છે. જેને ગૃહીતમિથ્યાત્વ હોય તેને તો અગૃહીતમિથ્યાત્વ હોય જ.

**અગૃહીતમિથ્યાત્વ**—શુભવિકલ્પથી આત્માને લાભ થાય એવી અનાદિથી ચાલી આવતી જીવની માન્યતા તે મિથ્યાત્વ છે; તે કોઈના શીખવવાથી થયું નથી, માટે અગૃહીત છે.

**ગૃહીતમિથ્યાત્વ**—ખોટા દેવ, ખોટા ગુરુ અને ખોટાં શાસ્ત્રોની શ્રદ્ધા તે ગૃહીત-મિથ્યાત્વ છે.

(૨) **પ્રશ્ન** :–જીવ જે કુળમાં જન્મ્યો હોય તે કુળમાં માનવામાં આવતાં દેવ, ગુરુ, શાસ્ત્ર સાચાં હોય અને જીવ તેને ઓઘદૃષ્ટિએ સાચાં માનતો હોય, તો તેને ગૃહીતમિથ્યાત્વ ટળ્યું છે કે નહિ?

**ઉત્તર** :–ના, તેને પણ ગૃહીતમિથ્યાત્વ છે, કેમ કે સાચા દેવ, સાચા ગુરુ અને સાચાં શાસ્ત્રોનું સ્વરૂપ શું છે તથા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રમાં શું દોષો હોય? તેનો સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરીને બધા પડખેથી તેને ગુણ **(merits)** અને દોષ **(demerits)**નો યથાર્થ નિર્ણય ન કર્યો હોય ત્યાં સુધી જીવને ગૃહીતમિથ્યાત્વ છે અને તે સર્વજ્ઞ વીતરાગદેવનો ખરો અનુયાયી નથી.

(૩) **પ્રશ્ન** :–આ જીવે પૂર્વે કોઈ વાર ગૃહીતમિથ્યાત્વ છોડ્યું હશે કે નહિ?

**ઉત્તર** :–હા; જીવે પૂર્વે અનંતવાર ગૃહીતમિથ્યાત્વ છોડ્યું અને દ્રવ્યલિંગી મુનિ થઈ નિરતિચાર મહાવ્રત પાળ્યાં; પરંતુ અગૃહીતમિથ્યાત્વ છોડ્યું નહિ, તેથી સંસાર ઊભો રહ્યો; ફરી પાછું ગૃહીત મિથ્યાત્વ અંગીકાર કર્યું. નિર્ગ્રન્થદશાપૂર્વક પંચ મહાવ્રત તથા અઠ્ઠાવીશ મૂળગુણાદિના શુભવિકલ્પ તે દ્રવ્યલિંગ છે; ગૃહીતમિથ્યાત્વ છોડ્યા વગર જીવ દ્રવ્યલિંગી થઈ શકે નહિ અને દ્રવ્યલિંગ વગર નિરતિચાર મહાવ્રત હોઈ શકે નહિ. દ્રવ્યલિંગીના નિરતિચાર મહાવ્રતને પણ વીતરાગ ભગવાને બાળવ્રત અને અસંયમ કહ્યાં છે, કેમ કે તેણે અગૃહીતમિથ્યાત્વ છોડ્યું નથી.

## ૭. ગૃહીતમિથ્યાત્વના ભેદ

ગૃહીતમિથ્યાત્વના પાંચ ભેદ છે—(૧) એકાંત મિથ્યાત્વ; (૨) સંશય મિથ્યાત્વ; (૩) વિનય મિથ્યાત્વ; (૪) અજ્ઞાન મિથ્યાત્વ અને (૫) વિપરીત મિથ્યાત્વ. તે દરેકની વ્યાખ્યા નીચે મુજબ છે.

**(૧) એકાંત મિથ્યાત્વ**—પદાર્થનું સ્વરૂપ અનેકાંતમય (અનેક ધર્મોવાળું) હોવા છતાં તેને સર્વથા એક જ ધર્મવાળું માનવું તે એકાંત મિથ્યાત્વ છે. જેમ કે જીવને સર્વથા ક્ષણિક અથવા સર્વથા નિત્ય માનવો તે એકાંત મિથ્યાત્વ છે.

**(૨) સંશય મિથ્યાત્વ**—આત્મા પોતાના કાર્યનો કર્તા થતો હશે કે પરવસ્તુના કાર્યનો કર્તા થતો હશે? એ વગેરે પ્રકારે સંશય રહેવો તે સંશય મિથ્યાત્વ છે.

**(૩) વિપરીત મિથ્યાત્વ**—સગ્રંથને નિર્ગ્રન્થ માનવાં, મિથ્યાદૃષ્ટિ સાધુને સાચા ગુરુ માનવાં, કેવળીના સ્વરૂપને વિપરીતપણે માનવું ઈત્યાદિ પ્રકારે ઊંધી રુચિ તે વિપરીત મિથ્યાત્વ છે.

**(૪) અજ્ઞાન મિથ્યાત્વ**—જ્યાં હિત–અહિતનો કાંઈ પણ વિવેક ન હોય, કે કાંઈ

પણ પરીક્ષા કર્યા વગર ધર્મની શ્રદ્ધા કરવી તે અજ્ઞાન મિથ્યાત્વ છે. જેમ કે પશુવધમાં ધર્મ માનવો તે અજ્ઞાન મિથ્યાત્વ છે.

**(૫) વિનય મિથ્યાત્વ**—સમસ્ત દેવને તથા સમસ્ત ધર્મમતોને સરખા માનવાં તે વિનય મિથ્યાત્વ છે.

## ૮. ગૃહીતમિથ્યાત્વના પાંચ ભેદોનો વિશેષ ખુલાસો

**(૧) એકાંત મિથ્યાત્વ**—વસ્તુને સર્વથા અસ્તિરૂપ, સર્વથા નાસ્તિરૂપ, સર્વથા એકરૂપ, સર્વથા અનેકરૂપ, સર્વથા નિત્ય, સર્વથા અનિત્ય, ગુણ–પર્યાયોથી સર્વથા અભિન્ન, ગુણ–પર્યાયોથી સર્વથા ભિન્ન ઇત્યાદિ સ્વરૂપે માનવી તે એકાંત મિથ્યાત્વ છે; વળી કાળ જ બધુ કરે છે, કાળ જ બધાનો નાશ કરે છે, કાળ જ ફળ, ફૂલ વગેરેને ઉપજાવે છે, કાળ જ સંયોગ–વિયોગ કરાવે છે, કાળ જ ધર્મ પમાડે છે—ઇત્યાદિ માન્યતા જૂઠ્ઠી છે, તે એકાંત મિથ્યાત્વ છે. દરેક વસ્તુ પોતે પોતાના કારણે પોતાની પર્યાય ધારણ કરે છે, તે જ તે વસ્તુનો સ્વકાળ છે અને તે વખતે વર્તતી કાળદ્રવ્યની પર્યાય (સમય) તે નિમિત્ત છે; આમ સમજવું તે યથાર્થ સમજણ છે અને તે વડે એકાંત મિથ્યાત્વનો નાશ થાય છે.

કોઈ કહે છે કે–આત્મા તો અજ્ઞાની છે, આત્મા અનાથ છે; આત્માનાં સુખ–દુઃખ, જીવન–મરણ, લાભ–અલાભ, જ્ઞાનીપણું, પાપીપણું, ધર્મીપણું, સ્વર્ગગમન, નરકગમન ઇત્યાદિ બધુ ઈશ્વર કરે છે; સંસારના કર્તા ઈશ્વર છે, હર્તા પણ ઈશ્વર છે, ઈશ્વરથી જ સંસારની ઉત્પત્તિ અને પ્રલય છે–ઈત્યાદિ પ્રકારે ઇશ્વરકર્તૃત્વની કલ્પના કરે છે, તે મિથ્યા છે. ઇશ્વરપણું તો આત્માની સંપૂર્ણ શુદ્ધ (સિદ્ધ) અવસ્થા છે. આત્મા નિજસ્વભાવે જ્ઞાની છે પણ પોતાના સ્વરૂપની અનાદિથી ખોટી માન્યતાના કારણે પર્યાયમાં અજ્ઞાનીપણું, દુઃખ, જીવન, મરણ, લાભ, અલાભ, પાપીપણું વગેરે પોતે પ્રાપ્ત કરે છે અને જ્યારે પોતે પોતાના સ્વરૂપની ખોટી માન્યતા ટાળે ત્યારે પોતે જ જ્ઞાની–ધર્મી થાય છે; ઈશ્વર (સિદ્ધ) તો તેના જ્ઞાતા-દ્રષ્ટા છે.

**(૨) વિપરીત મિથ્યાત્વ**—૧–સ્ત્રીના રાગી, રોટલા ખાનાર, પાણી પીનાર, માંદા થનાર, મંદવાડ થતાં દવા લેનાર ઇત્યાદિ દોષ સહિત જીવને પરમાત્મા કે કેવળજ્ઞાની માનવા, ૨–સતી સ્ત્રીને પાંચ ભરથારવાળી માનવી, ૩–ગૃહસ્થદશામાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ માનવી, ૪–કેવળજ્ઞાની ભગવાન છદ્મસ્થ જીવની વૈયાવચ્ચ કરે એમ માનવું, ૫–છઠ્ઠા ગુણસ્થાન ઉપર વંદ્યવંદકભાવ હોય અને કેવળી ભગવાનને છદ્મસ્થ ગુરુ પ્રત્યે, ચતુર્વિધ સંઘ અર્થાત્ તીર્થ પ્રત્યે કે બીજા કેવળી પ્રત્યે વંદ્યવંદકભાવ હોય એમ માનવું, ૬–વસ્ત્રોને પરિગ્રહ તરીકે ન ગણવા અર્થાત્ વસ્ત્ર સહિત હોવા છતાં અપરિગ્રહીપણું માનવું, ૭–વસ્ત્ર વડે આત્માનું સાધન વધારે થઈ શકે, એવી બધી માન્યતાઓ તે વિપરીત મિથ્યાત્વ છે.

૮–સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં અને પછી છટ્ઠા ગુણસ્થાન સુધી જે શુભભાવો થાય છે. તે શુભભાવમાં જુદે જુદે વખતે જુદી જુદી વ્યક્તિઓને જુદા જુદા પદાર્થો નિમિત્ત હોય છે, કેમ કે શુભભાવ તે વિકાર છે અને વિકારને પરાવલંબન હોય છે. કેટલાક જીવોને શુભરાગ વખતે વીતરાગદેવની તદાકાર પ્રતિમાના દર્શન-પૂજનાદિ નિમિત્તરૂપે હોય છે. વીતરાગી પ્રતિમાના દર્શન–પૂજન તે પણ રાગ છે, પરંતુ કોઈ પણ જીવને શુભરાગ વખતે વીતરાગી પ્રતિમાના દર્શન–પૂજનાદિનું નિમિત્ત ન જ હોય, એમ માનવું તે શુભભાવના સ્વરૂપની વિપરીત માન્યતા હોવાથી વિપરીત મિથ્યાત્વ છે.

૯–વીતરાગી પ્રતિમાના દર્શન–પૂજનાદિના શુભરાગને ધર્માનુરાગ કહેવામાં આવે છે; ધર્મ તો નિરાવલંબી છે, દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબનથી છૂટીને સ્વભાવનો આશ્રય કરે ત્યારે ધર્મ પ્રગટે છે. જો તે શુભરાગને ધર્મ માને તો તે શુભભાવના સ્વરૂપની વિપરીત માન્યતા હોવાથી વિપરીત મિથ્યાત્વ છે.

છટ્ઠા અધ્યાયના તેરમાં સૂત્રની ટીકામાં અવર્ણવાદનું સ્વરૂપ વર્ણવ્યું છે, તેનો સમાવેશ વિપરીત મિથ્યાત્વમાં થાય છે. *(જુઓ અ. ૬. સૂ. ૧૩ની ટીકા)*

**(૩) સંશય મિથ્યાત્વ**—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે, તે જ સાચો મોક્ષમાર્ગ હશે કે અન્ય સમસ્ત મતોમાં જુદા જુદા માર્ગ પ્રરૂપ્યા છે, તે માર્ગ સાચો હશો? તેમના વચનમાં પરસ્પર વિરુદ્ધતા છે અને કોઈ પ્રત્યક્ષ જાણવાવાળા સર્વજ્ઞ નથી, શાસ્ત્રો પરસ્પર એક બીજાને મળતાં નથી, તેથી કોઈ નિશ્ચય નિર્ણય થઈ શકતો નથી,–ઈત્યાદિ પ્રકારનો અભિપ્રાય તે સંશય મિથ્યાત્વ છે.

**(૪) વિનય મિથ્યાત્વ**—૧–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-સંયમ-ધ્યાનાદિ વગર માત્ર ગુરુ પૂજનાદિક વિનયથી જ મુક્તિ થશે; એમ માનવું તે, ૨–સર્વ દેવ, સર્વ શાસ્ત્ર, સમસ્ત મત તથા સમસ્ત વેષધારકોને સમાન માનીને તે બધાયનો વિનય કરવો તે અને ૩–વિનય માત્રથી જ પોતાનું કલ્યાણ થઈ જશે, એમ માનવું તે વિનય મિથ્યાત્વ છે. ૪–સંસારમાં જેટલા દેવો પૂજાય છે અને જેટલા શાસ્ત્રો કે દર્શનો પ્રચલિત છે તે બધાય સુખદાયી છે, તેમનામાં ભેદ નથી, તે બધાથી મુક્તિ (અર્થાત્ આત્મકલ્યાણની પ્રાપ્તિ) થઈ શકે છે, એવી માન્યતા તે વિનય મિથ્યાત્વ છે અને તે માન્યતાવાળા જીવો વૈનયિક મિથ્યાદૃષ્ટિ છે.

ગુણગ્રહણની અપેક્ષાથી અનેક ધર્મમાં પ્રવૃત્તિ કરવી અર્થાત્ સત્–અસત્નો વિવેક કર્યા વગર સાચા તથા ખોટા બધા ધર્મોને સમાનપણે જાણીને તેનું સેવન કરવું, તેમાં અજ્ઞાનની મુખ્યતા નથી, પણ વિનયના અતિરેકની મુખ્યતા છે, તેથી તેને વિનય મિથ્યાત્વ કહેવામાં આવે છે.

(૫) **અજ્ઞાન મિથ્યાત્વ**—૧–સ્વર્ગ, નરક, મુક્તિ કોણે દીઠાં? ૨–સ્વર્ગના સમાચાર કોને આવ્યાં? બધાં ધર્મશાસ્ત્ર જૂઠ્ઠાં છે, કોઈ સાચું જ્ઞાન બતાવી શકતા નથી, ૩–પુણ્ય–પાપ ક્યાં લાગે અથવા પુણ્ય-પાપ કાંઈ છે જ નહિ, ૪–પરલોકને કોણે જાણ્યો? શું પરલોકના સમાચાર–પત્ર કે તાર કોઈને આવ્યા? ૫–સ્વર્ગ–નરક તો ઈત્યાદિ બધું કહેવામાત્ર છે, સ્વર્ગ–નરક તો અહીં જ છે; અહીં સુખ ભોગવે તે સ્વર્ગ, દુઃખ ભોગવે તે નરક; ૬–હિંસાને પાપ કહે છે તથા દયાને પુણ્ય કહે છે તે કહેવામાત્ર છે, કોઈ ઠેકાણું હિંસા રહિત નથી, સર્વમાં હિંસા છે, ક્યાંય પગ મૂકવાનું ઠેકાણું નથી, જમીન પવિત્ર છે તે પગ મૂકવા આપે છે, ૭–આ ભક્ષ્ય અને આ અભક્ષ્ય—એવો વિચાર પણ નિરર્થક છે, એકેન્દ્રિય વૃક્ષ તથા અન્ન વગેરે ભક્ષણ કરવામાં અને માંસભક્ષણ કરવામાં તફાવત નથી, તે બંનેમાં જીવહિંસા સમાન છે, ૮–જીવને જીવનો જ આહાર ભગવાને બનાવ્યો છે અથવા જગતની બધી વસ્તુઓ ખાવા ભોગવવા માટે જ છે ઈત્યાદિ—આ બધા અભિપ્રાયો અજ્ઞાન મિથ્યાત્વ છે.

૯. ઉપર પ્રમાણે મિથ્યાત્વનું સ્વરૂપ જાણીને સર્વ જીવોએ ગૃહીત તથા અગૃહીત મિથ્યાત્વ છોડવું જોઈએ. સર્વ પ્રકારનાં બંધનું મૂળ કારણ મિથ્યાત્વ છે અને તે જ સૌથી પહેલાં ટળે છે. મિથ્યાત્વ ટળ્યા વગર અન્ય બંધના કારણો (અવિરતિ આદિ) પણ ટળતાં નથી, માટે સૌથી પહેલાં મિથ્યાત્વ ટાળવું જોઈએ.

## ૧૦. અવિરતિનું સ્વરૂપ

પાંચ ઈન્દ્રિયો તથા મનના વિષયો અને પાંચ સ્થાવર તથા એક ત્રસની હિંસા એ બાર પ્રકારના ત્યાગરૂપ ભાવ ન થવા તે બાર પ્રકારની અવિરતિ છે.

જેને મિથ્યાત્વ હોય તેને તો અવિરતિ હોય જ છે, પરંતુ મિથ્યાત્વ છૂટી જવા છતાં તે કેટલોક કાળ રહે છે. અવિરતિને અસંયમ પણ કહેવાય છે. સમ્યગ્દર્શન પ્રગટ્યા પછી દેશચારિત્રના બળ વડે એકદેશવિરતિ થાય તેને અણુવ્રત કહેવાય છે. મિથ્યાત્વ છૂટ્યા પછી તરત અવિરતિનો પૂર્ણ અભાવ થઈ જાય અને સાચાં મહાવ્રત તથા મુનિદશા પ્રગટ કરે, એવા જીવો તો થોડા વિરલા જ હોય છે.

## ૧૧. પ્રમાદનું સ્વરૂપ

ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મોમાં ઉત્સાહ ન રાખવો, તેને સર્વજ્ઞદેવે પ્રમાદ કહ્યો છે.

જેને મિથ્યાત્વ અને અવિરતિ હોય તેને તો પ્રમાદ હોય જ છે, પરંતુ મિથ્યાત્વ અને અવિરતિ ટળ્યા પછી પ્રમાદ તરત ટળી જ જાય એવો નિયમ નથી, તેથી સૂત્રમાં અવિરતિ પછી પ્રમાદ કહ્યો છે, તે અવિરતિથી જુદો છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ પ્રમાદ ટાળીને અપ્રમત્તદશા પ્રગટ કરે, એવા જીવો વિરલા જ હોય છે.

## ૧૨. કષાયનું સ્વરૂપ

કષાયના ૨૫ પ્રકાર છે. ક્રોધ, માન, માયા, લોભ; તે દરેકના અનંતાનુબંધી આદિ ચાર પ્રકાર—એ રીતે ૧૬ તથા હાસ્યાદિક ૯ નોકષાય; એ બધા કષાય છે અને તે બધામાં આત્મહિંસા કરવાનું સામર્થ્ય છે. મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદ એ ત્રણે અથવા અવિરતિ અને પ્રમાદ એ બે અથવા તો પ્રમાદ જ્યાં હોય ત્યાં તો કષાય અવશ્ય હોય જ છે, પણ એ ત્રણે ટળી જવા છતાં પણ કષાય હોઈ શકે છે.

## ૧૩. યોગનું સ્વરૂપ

યોગનું સ્વરૂપ છઠ્ઠા અધ્યાયના પહેલા સૂત્રની ટીકામાં આવી ગયું છે. (જુઓ, પા. ૪૮૦) મિથ્યાદૃષ્ટિથી ઠેઠ તેરમા ગુણસ્થાન સુધી યોગ રહે છે. ૧૧, ૧૨ ને ૧૩ મા ગુણસ્થાનને મિથ્યાત્વાદિ ચારનો અભાવ થવા છતાં યોગનો સદ્‌ભાવ રહે છે.

કેવળજ્ઞાની ગમનાદિ ક્રિયારહિત થયા હોય, તોપણ તેમને ઘણો યોગ છે અને બે ઈન્દ્રિયાદિ જીવો ગમનાદિ ક્રિયા કરે છે, તોપણ તેમને અલ્પ યોગ હોય છે. એ ઉપરથી સિદ્ધ થાય છે, કે યોગ તે બંધનું ગૌણકારણ છે, તે તો પ્રકૃતિ અને પ્રદેશબંધનું કારણ છે. બંધનું મુખ્ય કારણ તો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય છે અને તે ચારમાં પણ સર્વોત્કૃષ્ટ કારણ તો મિથ્યાત્વ જ છે. મિથ્યાત્વ ટાળ્યા વિના અવિરતિ આદિ બંધનાં કારણો ટળે જ નહિ–એ અબાધિત સિદ્ધાંત છે.

## ૧૪. ક્યા ગુણસ્થાને ક્યા બંધ હોય ?

મિથ્યાદૃષ્ટિ (ગુણસ્થાન–૧)ને પાંચે બંધ હોય છે. સાસાદન, સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ અને અસંયત સમ્યગ્દૃષ્ટિ (ગુણસ્થાન ૨-૩-૪) ને મિથ્યાત્વ સિવાયના અવિરતિ આદિ ચારે બંધ હોય છે. દેશસંયમી (ગુણસ્થાન–૫)ને અંશે અવિરતિ તથા પ્રમાદાદિ ત્રણે બંધ હોય છે. પ્રમત્ત સંયમી (ગુણસ્થાન–૬) ને મિથ્યાત્વ અને અવિરતિ સિવાયના પ્રમાદાદિ ત્રણ બંધ હોય છે. અપ્રમત્ત સંયમીને (ગુણસ્થાન ૭ થી ૧૦ સુધી) કષાય અને યોગ એ બે જ બંધ હોય છે. ૧૧-૧૨ ને ૧૩મા ગુણસ્થાને એક માત્ર યોગનો સદ્‌ભાવ છે અને ચૌદમા ગુણસ્થાને એકે પ્રકારનો બંધ નથી; તે અબંધ છે અને ત્યાં સંપૂર્ણ સંવર છે.

## ૧૫. મહાપાપ

**પ્રશ્ન** :—જીવને સૌથી મહાન પાપ ક્યું?

**ઉત્તર** :—મિથ્યાત્વ એક જ. મિથ્યાત્વ હોય ત્યાં અન્ય સર્વે પાપોનો સદ્‌ભાવ છે. મિથ્યાત્વ સમાન અન્ય કોઈ પાપ નથી.

## ૧૬. આ સૂત્રનો સિદ્ધાંત

આત્મસ્વરૂપની ઓળખાણ વડે મિથ્યાત્વ ટાળતાં તેની સાથે અનંતાનુબંધી કષાયનો તેમ જ એકતાલીસ પ્રકૃતિઓના બંધનો અભાવ થાય છે, તથા બાકીના કર્મોની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરની રહી જાય છે અને જીવ થોડા જ કાળમાં મોક્ષપદને પામે છે. સંસારનું મૂળ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વનો અભાવ કર્યા સિવાય અન્ય અનેક ઉપાય કરવા છતાં મોક્ષ કે મોક્ષમાર્ગ થતો નથી માટે સૌથી પહેલાં યથાર્થ ઉપાયો વડે સર્વ પ્રકારથી ઉદ્યમ કરી એ મિથ્યાત્વનો સર્વથા નાશ કરવો યોગ્ય છે. ૧.

## બંધનું લક્ષણ

## सकषायत्वाज्जीवः कर्मणो योग्यान्पुद्गलानादत्ते सबंधः ।।२।।

**અર્થ** :—[जीवः सकषायत्वात्] જીવ કષાય સહિત હોવાથી [कर्मणः योग्यान्] કર્મને યોગ્ય [पुद्‌गलान्] પુદ્‌ગલ પરમાણુઓનું [आदत्ते] ગ્રહણ કરે છે, [स बंधः] તે બંધ છે.

### ટીકા

૧. આખા લોકમાં કાર્મણવર્ગણારૂપ પુદ્‌ગલો ભર્યાં છે. જ્યારે જીવ કષાય કરે ત્યારે તે કષાયનું નિમિત્ત પામીને કાર્મણવર્ગણા પોતે કર્મરૂપે પરિણમે છે અને જીવની સાથે સંબંધ પામે છે, તેને બંધ કહેવામાં આવે છે. અહીં જીવ અને પુદ્‌ગલના એક ક્ષેત્રાવગાહરૂપ સંબંધને બંધ કહ્યો છે. બંધ થવાથી જીવ અને કર્મ એક વસ્તુ થઈ જતી નથી, તેમજ તે બે ભેગાં થઈને કોઈ કાર્ય કરતાં નથી, એટલે જીવ અને કર્મ એ બંને ભેગાં થઈને આત્મામાં વિકાર કરતાં નથી, તેમ જ જીવ અને કર્મ બંને ભેગાં થઈને પુદ્‌ગલ કર્મમાં વિકાર કરતાં નથી. કર્મોનો ઉદય જીવમાં વિકાર કરતો નથી, જીવ કર્મોમાં વિકાર કરતો નથી, પણ બંને સ્વતંત્રપણે પોતપોતાના પર્યાયના કર્તા છે. જ્યારે જીવ પોતાની વિકારી અવસ્થા કરે ત્યારે જૂના કર્મોના વિપાકને 'ઉદય' કહેવામાં આવે છે અને જો જીવ વિકારી અવસ્થા ન કરે તો તેને મોહકર્મની નિર્જરા થઈ—એમ કહેવામાં આવે છે. પરલક્ષ વગર જીવમાં વિકાર થાય નહિ, જીવ જ્યારે પરલક્ષે પોતાની અવસ્થામાં વિકારભાવ કરે ત્યારે તે ભાવ અનુસાર નવાં કર્મો બંધાય છે— આટલો જીવ પુદ્‌ગલનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. તે આ સૂત્રમાં બતાવે છે.

૨. જીવ અને પુદ્‌ગલનો જે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, તે ત્રિકાળી દ્રવ્યમાં નથી પણ માત્ર એક સમયની અવસ્થા પૂરતો છે. જીવમાં કદી બે સમયનો વિકાર ભેગો થતો નથી, તેથી તેનો કર્મ સાથેનો સંબંધ પણ બે સમયનો નથી.

**પ્રશ્ન :**—જો તે સંબંધ એક જ સમય પૂરતો છે, તો જીવ સાથે લાંબી સ્થિતિવાળાં કર્મનો સંબંધ કેમ બતાવ્યો છે?

**ઉત્તર :**—ત્યાં પણ સંબંધ તો વર્તમાન એક સમય પૂરતો જ છે; પરંતુ જીવ જો વિભાવ પ્રત્યેનો જ પુરુષાર્થ ચાલુ રાખશે અને જો સમ્યગ્દર્શનાદિરૂપ સત્ય પુરુષાર્થ નહિ કરે તો તેનો કર્મ સાથેનો સંબંધ ક્યાં સુધી રહેશે, તે જણાવ્યું છે.

૩. આ સૂત્રમાં सकषायत्वात् શબ્દ છે, તે જીવ અને કર્મ બંનેને (અર્થાત્ કષાયરૂપ ભાવ અને કષાયરૂપ કર્મ એ બંનેને) લાગુ પડી શકે છે અને એ પ્રમાણે લાગુ પાડતાં તેમાંથી નીચેના નિયમો નીકળે છે.

(૧) અનાદિથી જીવ કદી પણ શુદ્ધ થયો નથી પણ કષાયસહિત જ છે અને તેથી જીવ અને કર્મનો સંબંધ અનાદિથી છે.

(૨) કષાયભાવવાળો જીવ કષાય-કર્મના નિમિત્તે નવો બંધ કરે છે.

(૩) કષાય-કર્મને મોહકર્મ કહેવાય છે, આઠ કર્મોમાંથી તે એક જ કર્મ બંધનું નિમિત્ત થાય છે.

(૪) પહેલા સૂત્રમાં બંધના જે પાંચ કારણો જણાવ્યાં છે, તેમાંથી પહેલાં ચારનો સમાવેશ અહીં કહેલા કષાય શબ્દમાં થઈ જાય છે.

(૫) અહીં જીવ સાથે કર્મનો બંધ થવાનું કહ્યું છે; તે કર્મ પુદ્ગલો છે એમ બતાવવા માટે સૂત્રમાં પુદ્ગલ શબ્દ કહ્યો છે, તેથી 'કર્મ આત્માનો અદૃષ્ટ ગુણ છે' એવી કેટલાક જીવોની જે માન્યતા છે તે દૂર થાય છે.

૪. 'सकषायत्वात्'—અહીં પાંચમી વિભક્તિ લગાડવાનો હેતુ એવો છે કે તીવ્ર, મધ્યમ કે મંદ કષાય જીવ કરે તે મુજબ જ કર્મોમાં સ્થિતિ અને અનુભાગબંધ થાય છે.

૫. કર્મના નિમિત્તે જીવ સકષાય થાય છે, એટલે કે જે જીવની અવસ્થામાં વિકારી થવા યોગ્ય લાયકાત હોય તેને કર્મનું નિમિત્ત હાજર હોય છે અને જે જીવને કર્મનો સંબંધ ન હોય તે જીવની પોતાની લાયકાત પણ સકષાયરૂપ થવાની હોતી નથી. એ ધ્યાન રાખવું કે સામે કર્મ ઉદય હોય માટે જીવને કષાય કરવો જ પડે એમ નથી; કર્મ હાજર હોવા છતાં જીવ પોતે જો સ્વલક્ષમાં ટકીને કષાયરૂપે ન પરિણમે તો તે કર્મોને બંધનું નિમિત્ત કહેવાતું નથી.

૬. જીવને કર્મ સાથે જે સંબંધ છે તે પ્રવાહે અનાદિથી ચાલ્યો આવે છે, પણ તે એક જ સમય પૂરતો છે. દરેક સમયે પોતાની યોગ્યતાથી જીવ નવો નવો વિકાર કરે છે, તેથી તે સંબંધ ચાલુ રહે છે. પણ જડ કર્મો જીવને વિકાર કરાવતાં નથી. જીવ પોતાની યોગ્યતાથી વિકાર કરે તો થાય અને ન કરે ન થાય. જેમ ઘણાં કાળથી ઊનું થયેલું પાણી ક્ષણમાં ઠરી જાય

છે તેમ અનાદિથી વિકાર ચાલ્યો આવતો હોવા છતાં, વિકારની યોગ્યતા એક જ સમય પૂરતી હોવાથી સ્વભાવના લક્ષે તે ટળી શકે છે. વિકાર ટળતાં કર્મ સાથેનો સંબંધ પણ ટળે છે.

૭. **પ્રશ્ન** :—આત્મા તો અમૂર્તિક છે, હાથ–પગ વગરનો છે અને કર્મો તો મૂર્તિક છે, તો તે કર્મોને કઈ રીતે ગ્રહણ કરે?

**ઉત્તર** :—ખરેખર એક દ્રવ્ય બીજા દ્રવ્યને ગ્રહણ કરી શકતું નથી; તેથી અહીં જે 'ગ્રહણ' કરવાનું કહ્યું છે તે ઉપચારથી કહ્યું છે, એમ સમજવું. જીવને અનાદિથી કર્મપુદ્‌ગલો સાથે સંબંધ છે અને જીવના વિકારનું નિમિત્ત પામીને સમયે સમયે જૂના કર્મો સાથે નવાં કર્મો સ્કંધરૂપ થાય છે–એટલો સંબંધ બતાવવા માટે આ ઉપચાર કર્યો છે; ખરેખર જીવ સાથે કર્મપુદ્‌ગલો બંધાતાં નથી પણ જૂનાં કર્મપુદ્‌ગલો સાથે નવાં કર્મપુદ્‌ગલોનો બંધ થાય છે; પરંતુ જીવમાં વિકારની યોગ્યતા છે અને તે વિકારનું નિમિત્ત પામીને કર્મપુદ્‌ગલો બંધાય છે, માટે ઉપચારથી જીવને કર્મપુદ્‌ગલોનું ગ્રહણ કહ્યું છે.

૮. જગતમાં ઘણા પ્રકારનાં 'બંધ' હોય છે, જેમ કે–ગુણગુણી બંધ વગેરે. તે બધા પ્રકારના બંધથી આ બંધ જુદો છે, એમ બતાવવા માટે આ સૂત્રમાં બંધ પહેલાં 'सः' શબ્દ વાપર્યો છે.

જીવ અને પુદ્‌ગલને ગુણગુણીસંબંધ કે કર્તાકર્મસંબંધ નથી, એમ 'सः' શબ્દથી બતાવ્યું છે, તેથી અહીં તેમનો એક ક્ષેત્રાવગાહરૂપ સંબંધ અથવા તો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ સમજવો. કર્મનો બંધ જીવના તમામ પ્રદેશોએ થાય છે અને બંધમાં અનંતાનંત પરમાણુઓ હોય છે. (જુઓ. અ. ૮. સૂ. ૨૪.)

૯. અહીં બંધ શબ્દનો અર્થ વ્યાકરણ દૃષ્ટિએ નીચે જણાવેલ ચારે પ્રકારે સમજવો—

(૧) આત્મા બંધાયો તે બંધ, એ કર્મસાધન છે.

(૨) આત્મા પોતે જ બંધરૂપ પરિણમે છે, તેથી બંધને કર્તા કહેવાય, એ કર્તૃસાધન છે.

(૩) પહેલા બંધની અપેક્ષાએ આત્મા બંધ વડે નવીન બંધ કરે, તેથી બંધ કરણસાધન છે.

(૪) બંધનરૂપ ક્રિયા તે જ ભાવ, એવી ક્રિયારૂપ પણ બંધ છે તે ભાવ સાધન છે. ૨.

## બંધના ભેદ

## प्रकृतिस्थित्यनुभवप्रदेशास्तद्विधयः ।।३।।

**અર્થ** :–[तत्] તે બંધના [प्रकृति स्थिति अनुभव प्रदेशाः] પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ [विधयः] એ ચાર ભેદ છે.

## ટીકા

૧. **પ્રકૃતિબંધ**—કર્મોના સ્વભાવને પ્રકૃતિબંધ કહે છે.

**સ્થિતિબંધ**—જ્ઞાનાવરણાદિ કર્મો પોતાના સ્વભાવરૂપે જેટલો કાળ રહે તે સ્થિતિબંધ છે.

**અનુભાગબંધ**—જ્ઞાનાવરણાદિ કર્મોના રસવિશેષને અનુભાગબંધ કહે છે.

**પ્રદેશબંધ**—જ્ઞાનાવરણાદિ કર્મોરૂપે થનાર પુદ્ગલસ્કંધોના પરમાણુઓની સંખ્યા તે પ્રદેશબંધ છે. બંધના ઉપર્યુક્ત ચાર પ્રકારમાંથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગના નિમિત્તે થાય છે અને સ્થિતિબંધ તથા અનુભાગબંધ કષાયના નિમિત્તે થાય છે.

૨. અહીં જે બંધના પ્રકાર વર્ણવ્યા છે તે પુદ્ગલકર્મબંધના છે; તે દરેક પ્રકારના ભેદ–ઉપભેદ હવે અનુક્રમે કહે છે. ૩.

## પ્રકૃતિબંધના મૂળ ભેદ

### आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुर्नामगोत्रान्तरायाः ।।४।।

**અર્થ** :–[आद्यो] પહેલો અર્થાત્ પ્રકૃતિબંધ [ज्ञानदर्शनावरण] જ્ઞાનાવરણ, દર્શનાવરણ, [वेदनीय मोहनीय] વેદનીય, મોહનીય, [आयुः नाम गोत्र अन्तरायाः] આયુ, નામ, ગોત્ર અને અંતરાય—એ આઠ પ્રકારનો છે.

## ટીકા

૧. **જ્ઞાનાવરણ**—જ્યારે આત્મા પોતે પોતાના જ્ઞાનભાવનો ઘાત કરે ત્યારે આત્માના જ્ઞાનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય, તેને જ્ઞાનાવરણ કહે છે.

**દર્શનાવરણ**—જ્યારે આત્મા પોતે પોતાના દર્શનભાવનો ઘાત કરે ત્યારે આત્માના દર્શનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય, તેને દર્શનાવરણ કહે છે.

**વેદનીય**—જ્યારે આત્મા પોતે મોહભાવ વડે પરલક્ષે આકુળતા કરે ત્યારે સગવડતા કે અગવડતારૂપ સંયોગો પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય, તેને વેદનીય કહે છે.

**મોહનીય**—જીવ પોતાના સ્વરૂપને ભૂલીને અન્યને પોતાના સમજે અથવા સ્વરૂપાચરણમાં અસાવધાની કરે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય, તેને મોહનીય કહે છે.

**આયુ**—જ્યારે જીવ પોતાની યોગ્યતાથી નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવના શરીરમાં રોકાઈ રહે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય, તેને આયુકર્મ કહે છે.

**નામ**—જીવ જે શરીરમાં હોય તે શરીરાદિકની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય, તેને નામકર્મ કહે છે.

**ગોત્ર**—જીવને ઊંચ કે નીચ આચરણવાળા કુળમાં પેદા થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય, તેને ગોત્રકર્મ કરહે છે.

**અંતરાય**—જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યના વિઘ્નમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય, તેને અંતરાયકર્મ કહે છે.

૨. પ્રકૃતિબંધના આ આઠ ભેદોમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિકર્મ કહેવાય છે, કેમ કે તેઓ જીવના અનુજીવી ગુણોના પર્યાયના ઘાતમાં નિમિત્ત છે; અને બાકીના વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચારને અઘાતિકર્મ કહેવાય છે, કેમ કે તેઓ જીવના અનુજીવી ગુણોના પર્યાયના ઘાતમાં નિમિત્ત નથી પણ પ્રતિજીવી ગુણોની પર્યાયના ઘાતમાં નિમિત્ત છે.

વસ્તુમાં ભાવસ્વરૂપ ગુણ અનુજીવી ગુણ અને અભાવસ્વરૂપ ગુણ પ્રતિજીવી ગુણ કહેવાય છે.

૩. જેમ એક જ વખતે ખાધેલા આહાર ઉદરાગ્નિના સંયોગે રસ, લોહી વગેરે જુદા જુદા પ્રકારે થઈ જાય છે, તેમ એક જ વખતે ગ્રહણ થયેલાં કર્મો જીવના પરિણામો અનુસાર જ્ઞાનાવરણ ઇત્યાદિ અએક ભેદરૂપ થઈ જાય છે. અહીં ઉદાહરણથી એટલો ફેર છે કે આહાર તો રસ, લોહી વગેરે રૂપે ક્રમે ક્રમે થાય છે, પરંતુ કર્મો તો જ્ઞાનાવરણાદિરૂપે એક સાથે થઈ જાય છે. ૪.

## પ્રકૃતિબંધના ઉત્તર ભેદ

**पंचनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपंचभेदा यथाक्रमम् ।।५।।**

**અર્થ** :—[यथाक्रमम्] ઉપર કહેલાં જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના અનુક્રમે [पंच नव द्वि अष्टाविंशति] પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, [चतुः द्विचत्वारिंशत् द्वि पंचभेदा] ચાર, બેંતાલીસ, બે અને પાંચ ભેદો છે.

**નોંધ** :—તે ભેદોનાં નામ હવે પછીના સૂત્રોમાં અનુક્રમે જણાવે છે. ૫.

## જ્ઞાનાવરણકર્મના પાંચ ભેદ

**मतिश्रुतावधिमनःपर्ययकेवलानाम् ।।६।।**

**અર્થ** :–[मति श्रुत अवधि] મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, [मनःपर्यय केवलानाम्] મનઃપર્યયજ્ઞાનાવરણ અને કેવળજ્ઞાનાવરણ–એ પાંચ ભેદો જ્ઞાનાવરણકર્મના છે.

**પ્રશ્ન** :–અભવ્ય જીવને મનઃપર્યયજ્ઞાન તથા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવાનું સામર્થ્ય નથી, જો તે સામર્થ્ય હોય તો અભવ્યપણું કહી શકાય નહિ; માટે તે બે જ્ઞાનના સામર્થ્ય વગર તેને એ બે જ્ઞાનના આવરણ કહેવાં તે શું નિરર્થક નથી?

**ઉત્તર** :–દ્રવ્યાર્થિકનયે અભવ્યજીવને પણ તે બંને જ્ઞાનની શક્તિ વિદ્યમાન છે, માટે તે અપેક્ષાએ તેને મનઃપર્યય અને કેવળજ્ઞાન બંને છે અને પર્યાયાર્થિકનયે અભવ્યને તે બે જ્ઞાન નથી, કેમ કે તેને કોઈ કાળે પણ તેની વ્યક્તિ નહિ થાય; શક્તિમાત્ર છે પણ પ્રગટરૂપે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અભવ્યને થતાં નથી, માટે શક્તિમાંથી વ્યક્તિ નહિ થવાના નિમિત્ત તરીકે આવરણ હોવું જ જોઈએ; તેથી અભવ્ય જીવને પણ તે બે આવરણો છે. ૬.

## દર્શનાવરણકર્મના નવ ભેદ

## चक्षुरचक्षुवधिकेवलानां निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानगृद्धयश्च ।।७।।

**અર્થ** :–[चक्षुः अचक्षुः अवधि केवलानां] ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, [निद्रा निद्रानिद्रा] નિદ્રા, નિદ્રાનિદ્રા, [प्रचला प्रचलाप्रचला] પ્રચલા, પ્રચલાપ્રચલા [स्त्यानगृद्धयः च] અને સ્ત્યાનગૃદ્ધિ–એ નવ ભેદ દર્શનાવરણકર્મના છે.

### ટીકા

૧. છદ્મસ્થ જીવોને દર્શન અને જ્ઞાન ક્રમથી હોય છે અર્થાત્ પહેલાં દર્શન અને પછી જ્ઞાન હોય છે; પરંતુ કેવળી ભગવાનને દર્શન અને જ્ઞાન બંને એક સાથે હોય છે, કેમ કે દર્શન અને જ્ઞાન બંનેના બાધક કર્મોનો ક્ષય એક સાથે થાય છે.

૨. મનઃપર્યયદર્શન હોતું નથી, કેમ કે મનઃપર્યયજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ થાય છે; તેથી મનઃપર્યયદર્શનાવરણકર્મ નથી.

૩. આ સૂત્રમાં આવેલ શબ્દોના અર્થ શ્રી જૈનસિદ્ધાંત પ્રવેશિકામાંથી જોઈ લેવા. ૭.

## વેદનીયકર્મના બે ભેદ

## सदसद्वेद्ये ।।८।।

**અર્થ** :–[सत् असत्वेद्ये] સાતાવેદનીય અને અસાતાવેદનીય–એ બે ભેદ વેદનીયકર્મના છે.

## ટીકા

સાતાવેદનીય અને અસાતાવેદનીય; તે બે જ વેદનીય કર્મની પ્રકૃતિઓ છે.

સાત તે નામ સુખનું છે. તે સુખનું જે વેદન અર્થાત્ ભોગવટો કરાવે તે સાતાવેદનીય કર્મ છે. અસાતા નામ દુઃખનું છે; તેનું જે વેદન અર્થાત્ ભોગવટો કરાવે તે અસાતાવેદનીય કર્મ છે.

**શંકા** :—જો સુખ અને દુઃખ કર્મોથી થાય છે તો કર્મોનું વિનષ્ટ થઈ જવા પછી જીવ સુખ અને દુઃખથી રહિત થઈ જવો જોઈએ? કેમ કે તેને સુખ અને દુઃખના કારણભૂત કર્મોનો અભાવ થઈ ગયો છે. જો એમ કહેવામાં આવે કે કર્મો નષ્ટ થઈ જતાં જીવ સુખ અને દુઃખ રહિત જ થઈ જાય છે, તો એમ કહી શકાતું નથી. કારણ કે જીવ દ્રવ્યને, નિઃસ્વભાવ થઈ જવાથી, અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય છે; અથવા જો દુઃખને જ કર્મજનિત માનવામાં આવે તો સાતા વેદનીય કર્મનો અભાવ પ્રાપ્ત થશે, કેમ કે પછી તેનું કોઈ ફળ રહેતું નથી?

**સમાધાન** :—દુઃખ નામની જે કોઈ પણ વસ્તુ છે તે અસાતાવેદનીય કર્મના ઉદયથી થાય છે, કારણ કે તે જીવનું સ્વરૂપ નથી. જો જીવનું સ્વરૂપ માનવામાં આવે તો ક્ષીણકર્મા અર્થાત્ કર્મ રહિત જીવોને પણ દુઃખ હોવું જોઈએ, કેમ કે જ્ઞાન અને દર્શનની સમાન, કર્મનો વિનાશ થવા છતાં, દુઃખનો વિનાશ નહીં થાય. પણ સુખ કર્મથી ઉત્પન્ન થતું નથી, કેમ કે તે જીવનો સ્વભાવ છે અને તેથી તે કર્મનું ફળ નથી. સુખને જીવનો સ્વભાવ માનતાં સાતાવેદનીય કર્મનો અભાવ પણ થતો નથી, કેમ કે દુઃખ–ઉપશમનના કારણભૂત ★સુદ્રવ્યોના સંપાદનમાં સાતાવેદનીય કર્મનો વ્યાપાર થાય છે.

---

★ ધન સ્ત્રી, પુત્ર વગેરે બાહ્ય પદાર્થોના સંયોગ–વિયોગમાં પૂર્વકર્મનો ઉદય (નિમિત્ત) કારણ છે. તેના આધારો :—

સમયસાર–ગાથા ૮૪ની ટીકા. પ્રવચનસાર–ગાથા ૧૪ની ટીકા. પંચાસ્તિકાય ગાથા ૨૭ની ટીકા. પરમાત્મપ્રકાશ –અ. ૨. ગાથા ૫૭, ૬૦. નિયમસાર–ગાથા ૧૫૭ની ટીકા, પંચાધ્યાય–અ. ૧ ગાથા ૧૮૧. પંચાધ્યાયી–અ. ૨. ગાથા ૫૦, ૪૪૦, ૪૪૧. રયણસાર–ગાથા ૨૯. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા–ગાથા ૧૦, ૧૯, ૫૬, ૫૭, ૩૧૯, ૩૨૦, ૪૨૭. પદ્મનંદી પંચવિંશતિ–પૃષ્ઠ ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૬, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૨૮, ૧૩૧, ૧૩૮, ૧૪૦, ૧૫૫. મોક્ષમાર્ગપ્રકાશક–પૃષ્ઠ ૮, ૪૫, ૬૧, ૬૨, ૬૪, ૬૮, ૭૦, ૭૧, ૭૨, ૭૩ વગેરે અનેક સ્થળે. ગોમ્મટસાર–કર્મકાંડ–પૃષ્ઠ ૯૦૩, શ્લોકવાર્તિક—અ. ૮–સૂત્ર ૧૧ની ટીકા; અ. ૯. સૂત્ર ૧૬. રાજવાર્તિક–અ. ૮–સૂત્ર ૧૧ની ટીકા; અ. ૯ સૂત્ર ૧૬.

શ્રીમદ્ રાજચંદ્ર (ગુજરાતી બીજી આવૃત્તિ) પૃષ્ઠ ૨૩૫, ૪૪૩ તથા મોક્ષમાળા–પાઠ ૩. સત્તાસ્વરૂપ–પૃષ્ઠ ૨૬. અણગાર ધર્મામૃત–પૃષ્ઠ ૬૦, ૭૬.

આવી વ્યવસ્થા માનતાં સાતાવેદનીય પ્રકૃતિને પુદ્‌ગલવિપાકીપણું પ્રાપ્ત થશે! એવી આશંકા ન કરવી; કેમ કે દુઃખના ઉપશમથી ઉત્પન્ન થયેલ, દુઃખના અવિનાભાવી, ઉપચારથી જ સુખ સંજ્ઞાને પ્રાપ્ત અને જીવથી અપૃથગ્ભૂત એવા સ્વાસ્થ્યના કણનો હેતુ હોવાથી સૂત્રમાં સાતાવેદનીય કર્મને જીવ–વિપાકીત્વ અને સુખ–હેતુત્વનો ઉપદેશ દેવામાં આવ્યો છે. જો એમ કહેવામાં આવે કે ઉપર્યુક્ત વ્યવસ્થાનુસાર તો સાતાવેદનીય કર્મને જીવ–વિપાકીપણું અને પુદ્‌ગલ–વિપાકીપણું પ્રાપ્ત થાય છે; (તો) તે પણ કોઈ દોષ નથી, કેમ કે જીવનું અસ્તિત્વ અન્યથા બની શકતું નથી, તેથી તે પ્રકારના ઉપદેશના અસ્તિત્વની સિદ્ધિ થઈ જાય છે. સુખ અને દુઃખના કારણભૂત દ્રવ્યોનું સંપાદન કરવાવાળું બીજું કોઈ કર્મ નથી, કેમ કે એવું કોઈ કર્મ મળતું નથી. (ધવલા ટીકા. પુસ્તક. ૬. પૃષ્ઠ ૩૫–૩૬.) ૮.

## મોહનીય કર્મના અઠ્ઠાવીસ ભેદ

**दर्शनचारित्रमोहनीयाकषायकषायवेदनीयाख्या-**
**स्त्रिद्विनवषोडशभेदाः सम्यक्त्वमिथ्यात्वतदुभयान्यि**
**कषायकषायौ हास्यरत्यरतिशोकभयजुगुप्सास्त्री-**
**पुंनपुंसकवेदा अनंतानुबंध्यप्रत्याख्यानप्रत्याख्यान-**
**संज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभाः ॥९॥**

**અર્થ** :—[दर्शन चारित्रमोहनीय अकषाय कषाय कषावेदनीय आख्याः] દર્શનમોહનીય, ચારિત્રમોહનીય, અકષાયવેદનીય અને કષાયવેદનીય એ ચાર ભેદરૂપ મોહનીયકર્મ છે અને તેના પણ અનુક્રમે [त्रि द्वि नव षोडशभेदाः] ત્રણ, બે, નવ અને સોળ ભેદ છે. તે આ પ્રમાણે—[सम्यक्त्व मिथ्यात्व तदुभयानि] સમ્યક્ત્વમોહનીય, મિથ્યાત્વમોહનીય અને સમ્યગ્મિથ્યામોહનીય આ ત્રણ ભેદ દર્શનમોહનીયના છે; [अकषायकषायौ] અકષાય વેદનીય અને કષાયવેદનીય—આ બે ભેદ ચારિત્ર મોહનીયના છે; [हास्य, रति, अरति शोक भय जुगुप्सा स्त्री पुं नपुंसकवेदाः] હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ—આ નવ ભેદ અકષાયવેદનીયના છે; અને [अनंतानुबंधी अप्रत्याख्यान प्रत्याख्यान संज्वलन विकल्पाः च] અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન તથા સંજ્વલનના ભેદથી તથા [एकशः क्रोध मान माया लोभाः] એ દરેકના ક્રોધ, માન, માયા તથા લોભ એ ચાર પ્રકાર—એ સોળ ભેદ કષાય વેદનીયના છે. આ રીતે કુલ અઠ્ઠાવીસ ભેદ મોહનીયકર્મના છે.

**નોંધ**—અકષાયવેદનીય અને કષાયવેદનીય એ બેનો સમાવેશ ચારિત્રમોહમાં થઈ જાય છે, તેથી તેમને ગણતરીમાં જુદા લેવામાં આવ્યા નથી.

## ટીકા

૧. મોહનીયકર્મના મુખ્ય બે ભેદ છે—દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. જીવનો મિથ્યાત્વભાવ એ જ સંસારનું મૂળ છે. તેમાં નિમિત્ત મિથ્યાત્વમોહનીયકર્મ છે; તે દર્શનમોહનીયનો એક ભેદ છે. દર્શનમોહનીયના ત્રણ ભેદ છે—મિથ્યાત્વપ્રકૃતિ, સમ્યક્ત્વપ્રકૃતિ અને સમ્યક્મિથ્યાત્વપ્રકૃતિ. આ ત્રણમાંથી બંધ એક મિથ્યાત્વપ્રકૃતિનો જ થાય છે. જીવનો એવો કોઈ ભાવ નથી, કે જેનું નિમિત્ત પામીને સમ્યક્ત્વમોહનીયપ્રકૃતિ કે સમ્યક્મિથ્યાત્વમોહનીયપ્રકૃતિ બંધાય; જીવને પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ થવાના કાળમાં (–ઉપશમકાળમાં) મિથ્યાત્વ પ્રકૃતિના ત્રણ ટુકડા થઈ જાય છે, તેમાંથી એક મિથ્યાત્વરૂપે રહે છે, એક સમ્યક્ત્વપ્રકૃતિરૂપે થાય છે અને એક સમ્યક્મિથ્યાત્વપ્રકૃતિરૂપે થાય છે. ચારિત્રમોહનીયના પચીસ ભેદ છે, તેનાં નામ સૂત્રમાં જણાવ્યાં છે. એ રીતે બધાં મળીને ૨૮ ભેદ મોહનીયકર્મના છે.

૨. આ સૂત્રમાં આવેલ શબ્દોના અર્થ જૈનસિદ્ધાન્તપ્રવેશિકામાંથી જોઈ લેવા.

૩. અહીં હાસ્યાદિક નવને અકષાયવેદનીય કહેલ છે; તેને નોકષાયવેદનીય પણ કહેવાય છે.

૪. **અનંતાનુબંધીનો અર્થ**—અનંત=મિથ્યાત્વ, સંસાર; અનુબંધી=તેને અનુસરીને બંધાય તે. મિથ્યાત્વને અનુસરીને જે કષાય બંધાય છે, તેને અનંતાનુબંધી કષાય કહેવામાં આવે છે. અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભની વ્યાખ્યા નીચે મુજબ છે—

(૧) આત્માના શુદ્ધસ્વરૂપની અરુચિ તે અનંતાનુબંધી ક્રોધ છે.

(૨) 'હું પરનું કરી શકું' એવી માન્યતાપૂર્વક જે અહંકાર તે અનંતાનુબંધી માન–અભિમાન છે.

(૩) પોતાનું સ્વાધીનસ્વરૂપ ન સમજાય એવી આડ મારીને વિકારીદશા વડે આત્માને ઠગવો તે અનંતાનુબંધી માયા છે.

(૪) પુણ્યાદિ વિકારથી લાભ માનીને પોતાની વિકારીદશાને વધાર્યા કરવી તે અનંતાનુબંધી લોભ છે.

અનંતાનુબંધી કષાય આત્માના સ્વરૂપાચરણ ચારિત્રને રોકે છે. શુદ્ધાત્માના અનુભવને સ્વરૂપાચરણ ચારિત્ર કહેવાય છે. તેની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે અને ચૌદમા ગુણસ્થાને તેની પૂર્ણતા થઈને સિદ્ધદશા પ્રગટે છે. ૯.

## આયુકર્મના ચાર ભેદ

**नारकतैर्यग्योनमानुषदैवानि ॥१०॥**

**અર્થ** :—[नारकतैर्यग्योन] નરકાયુ, તિર્યંચાયુ, [मानुष देवानि] મનુષ્યાયુ અને દેવાયુ—એ ચાર ભેદ આયુકર્મના છે. ૧૦.

## નામ કર્મના બેંતાલીસ ભેદ

૪ ૫ ૫ ૩ ૨ ૫ ૫ ૬
**गतिजातिशरीरांगोपांगनिर्माणबंधनसंघातसंस्थान–**
૬ ૮ ૫ ૨ ૫ ૪
**संहननस्पर्शरसगंधवर्णानुपूर्व्यागुरुलधूपघातपरघाता-**
૨
**तपोद्योतोच्छ्वासविहायोगतयः प्रत्येकशरीरत्रससु–**
**भगसुस्वरशुभसूक्ष्मपर्याप्तिस्थिरादेययशःकीर्तिसेतराणि**
**तीर्थकरत्वं च ॥११॥**

**અર્થ** :–[गति जाति शरीर अंगोपांग निर्माण] ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, નિર્માણ, [बंधन संघात संस्थान संहनन] બંધન, સંઘાત, સંસ્થાન, સંહનન [स्पर्श रस गंध वर्ण] સ્પર્શ, રસ, ગંધ, વર્ણ [आनुपूर्व्य अगुरुलघु उपघात परघात] આનુપૂર્વ્ય, અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, [आतप उद्योत उच्छ्वास विहायोगतयः] આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ અને વિહાયોગતિ–એ એકવીસ, તથા [प्रत्येकशरीर त्रस सुभग सुस्वर शुभ सूक्ष्म पर्याप्ति स्थिर आदेय यशःकीर्ति] પ્રત્યેક શરીર, ત્રસ, સુભગ, સુસ્વર, શુભ, સૂક્ષ્મ, પર્યાપ્તિ, સ્થિર, આદેય અને યશઃકીર્તિ એ દસ તથા [स इतराणि] તેમનાથી ઊલટા દસ અર્થાત્ સાધારણ શરીર, સ્થાવર દુર્ભગ, દુસ્વર, અશુભ, બાદર (–સ્થૂળ), અપર્યાપ્ત, અસ્થિર, અનાદેય અને અયશઃકીર્તિ–એ દસ [तीर्थकरत्वं च] અને તીર્થંકરત્વ—એ રીતે કુલ બેંતાલીસ ભેદ નામકર્મના છે.

### ટીકા

સૂત્રના જે શબ્દ ઉપર આંકડો લખેલ છે તે, તે શબ્દના તેટલાં પેટા ભેદ છે–એમ સૂચવે છે; ઉદા૦ ગતિ શબ્દ ઉપર ચારનો આંકડો છે તે એમ સૂચવે છે; કે ગતિના ચાર

પેટા ભેદ છે. ગતિ વગેરેના પેટા ભેદ સહિત ગણવામાં આવે તો નામકર્મના કુલ ૯૩ ભેદ થાય છે.

આ સૂત્રમાં આવેલા શબ્દોના અર્થ શ્રી જૈનસિદ્ધાંતપ્રવેશિકામાંથી જોઈ લેવા. ૧૧.

## ગોત્રકર્મના બે ભેદ

### उच्चैर्नीचैश्च ॥१२॥

**અર્થ** :—[उच्चैः नीचः च] ઊંચગોત્ર અને નીચગોત્ર એ બે ભેદ ગોત્રકર્મના છે. ૧૨.

## અંતરાયકર્મના પાંચ ભેદ

### दानलाभभोगोपभोगवीर्याणाम् ॥१३॥

**અર્થ** :–[दान, लाभ भोग उपभोग वीर्याणाम्] દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય—એ પાંચ ભેદ અંતરાય કર્મના છે.

પ્રકૃતિબંધના પેટા ભેદોનું વર્ણન અહીં પૂરું થયું. ૧૩.

હવે સ્થિતિબંધના ભેદોનું વર્ણન કરે છે—

## જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ

### आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागररोपमकोटीकोट्यः परा स्थितिः ॥१४॥

**અર્થ** :–[आदितः तिसृणाम्] પેહલેથી ત્રણ (અર્થાત્) જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા વેદનીય) [अंतरायस्य च] અને અંતરાય–એ ચાર કર્મોની [परा स्थितिः] ઉત્કૃષ્ટ સ્થિતિ [त्रिंशत् सागरोपमकोटीकोट्यः] ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમ છે.

**નોંધ** :—(૧) આ ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ મિથ્યાદષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક જીવને જ થાય છે. (૨) એક કરોડને એક કરોડથી ગુણતાં જે ગુણાકાર આવે તે ક્રોડાક્રોડી છે. ૧૪.

## મોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ

**सप्ततिर्मोहनीयस्य ॥१५॥**

**અર્થ** :–[मोहनीयस्य] મોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ [सप्ततिः] સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ છે.

**નોંધ** :–આ સ્થિતિ પણ મિથ્યાદ્રષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક જીવને જ બંધાય છે. ૧૫.

## નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ

**विंशतिर्नामगोत्रयोः ॥१६॥**

**અર્થ** :—[नामगोत्रयोः] નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ [विंशतिः] વીસ ક્રોડાક્રોડી સાગરોપમ છે. ૧૬.

## આયુકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ

**त्रयस्त्रिंशत्सागरोपमाण्यायुषः ॥१७॥**

**અર્થ** :—[आयुषः] આયુકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ [त्रयस्त्रिंशत् सागरोपमाणि] તેત્રીસ સાગરોપમ છે. ૧૭.

## વેદનીયકર્મની જઘન્યસ્થિતિ

**अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य ॥१८॥**

**અર્થ** :—[वेदनीयस्य अपरा] વેદનીયકર્મની જઘન્યસ્થિતિ [द्वादशमुहूर्ता] બાર મુહૂર્ત છે. ૧૮.

## નામ અને ગોત્રકર્મની જઘન્યસ્થિતિ

**नामगोत्रयोरष्टौ ॥१९॥**

**અર્થ** :—[नामगोत्रयोः] નામ અને ગોત્રકર્મની જઘન્યસ્થિતિ [अष्टौ] આઠ મુહૂર્તની છે. ૧૯.

## બાકીનાં જ્ઞાનાવરણાદિ પાંચ કર્મોની જઘન્યસ્થિતિ

## शेषाणामंतर्मुहूर्ता ॥२०॥

**અર્થ** :—[शेषाणाम्] બાકીનાં એટલે કે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય અને આયુ—એ પાંચ કર્મોની જઘન્યસ્થિતિ [अंतर्मुहूर्ता] અંતર્મુહૂર્ત છે.

સ્થિતિબંધના પેટાભેદનું વર્ણન અહીં પુરું થયું. ૨૦.

હવે અનુભાગબંધનું વર્ણન કરે છે. (અનુભાગબંધને અનુભવબંધ પણ કહેવાય છે.)

## અનુભવબંધનું વર્ણન

## विपाकोऽनुभवः ॥२१॥

**અર્થ** :–[विपाकः] વિવિધ પ્રકારનો પાક [अनुभवः] તે અનુભવ છે.

### ટીકા

(૧) મોહકર્મનો વિપાક થતાં જીવ જે પ્રકારનો વિકાર કરે તે પ્રકારે જીવે ફળ ભોગવ્યું કહેવાય છે; તેનો અર્થ એટલો છે કે જીવને વિકાર કરવામાં મોહકર્મનો વિપાક નિમિત્ત છે. કર્મનો વિપાક કર્મમાં થાય, જીવમાં થાય નહિ. જીવને પોતાના વિભાવભાવનો અનુભવ થાય તે જીવનો વિપાક—અનુભવ છે.

(૨) આ સૂત્ર પુદ્‌ગલકર્મના વિપાક—અનુભવને સૂચવનારું છે. બંધ થતી વખતે જીવનો જેવો વિકારીભાવ હોય તેને અનુસરીને પુદ્‌ગલકર્મમાં અનુભાગ બંધ થાય છે અને તે ઉદયમાં આવે ત્યારે કર્મનો વિપાક, અનુભાગ કે અનુભવ થયો–એમ કહેવાય છે. ૨૧.

## અનુભાગબંધ કર્મના નામ અનુસાર થાય છે.

## स यथानाम ॥२२॥

**અર્થ** :—[सः] તે અનુભાગબંધ [यथानाम] કર્મોના નામ પ્રમાણે જ થાય છે.

### ટીકા

જે કર્મનું જે નામ છે, તે કર્મમાં તેનો જ અનુભાગબંધ પડે છે. જેમ કે– જ્ઞાનાવરણકર્મમાં 'જ્ઞાન જ્યારે રોકાય ત્યારે નિમિત્ત થાય' એવો અનુભાગ હોય છે; દર્શનાવરણકર્મમાં 'દર્શન જ્યારે રોકાય ત્યારે નિમિત્ત થાય' એવો અનુભાગ હોય છે. ૨૨.

## ફળ આપ્યા પછી કર્મોનું શું થાય છે?

## ततश्च निर्जरा ॥२३॥

**અર્થ** :–[ततः च] તીવ્ર, મધ્યમ કે મંદ ફળ (અનુભાગ) આપ્યા પછી [निर्जरा] તે કર્મોની નિર્જરા થઈ જાય છે અર્થાત્ ઉદયમાં આવ્યા પછી કર્મ આત્માથી જુદાં થઈ જાય છે.

### ટીકા

૧. આઠે કર્મો ઉદય થયા પછી નિર્જરી જાય છે; તેમાં કર્મની નિર્જરાના બે ભેદ છે— સવિપાક નિર્જરા અને અવિપાક નિર્જરા.

(૧) **સવિપાક નિર્જરા**—આત્મા સાથે એક ક્ષેત્રે રહેલાં કર્મ પોતાની સ્થિતિ પૂરી થતાં જુદાં થઈ ગયાં, તે સવિપાક નિર્જરા છે.

(૨) **અવિપાક નિર્જરા**—ઉદયકાળ પ્રાપ્ત થયા પહેલાં જે કર્મો આત્માના પુરુષાર્થના કારણે આત્માથી જુદાં થઈ ગયાં, તે અવિપાક નિર્જરા છે. તેને સકામનિર્જરા પણ કહેવાય છે.

૨. નિર્જરાના બે ભેદ બીજી રીતે પણ પડે છે, તેનું વર્ણન—

**(૧) અકામનિર્જરા**—તેમાં બાહ્ય નિમિત્ત તો ઈચ્છા રહિત ભૂખ–તૃષા સહન કરવી એ છે અને ત્યાં જો મંદ કષાયરૂપ ભાવ હોય તો પાપની નિર્જરા થાય અને દેવાદિ પુણ્યનો બંધ થાય–તેને અકામનિર્જરા કહે છે.

જે અકામનિર્જરાથી જીવની ગતિ કંઈક ઊંચી થાય છે, તે પ્રતિકૂળ સંયોગો વખતે જીવ મંદકષાય કરે છે તેથી થાય છે, પણ કર્મો જીવને ઊંચી ગતિમાં લઈ જતાં નથી.

**(૨) સકામનિર્જરા**—તેની વ્યાખ્યા ઉપર આવી ગઈ છે.

૩. આ સૂત્રમાં च શબ્દ છે, તે નવમા અધ્યાયના ત્રીજા સૂત્ર [तपसा निर्जरा च] સાથે સંબંદ ધરાવે છે.

અનુભાગબંધનું વર્ણન અહીં પૂરું થયું. ૨૩.

હવે પ્રદેશબંધનું વર્ણન કરે છે—

## પ્રદેશબંધનું સ્વરૂપ

## नामप्रत्ययाः सर्वतो योगविशेषात्सूक्ष्मैकक्षेत्रावगाहस्थिताः सर्वात्मप्रदेशेष्वनंतानंतप्रदेशाः ॥२४॥

**અર્થ** :—[नाम प्रत्ययाः] જ્ઞાનાવરણાદિ કર્મપ્રકૃતિઓનું કારણ, [सर्वतो] સર્વ તરફથી અર્થાત્ સમસ્ત ભવોમાં, [योगविशेषात्] યોગ વિશેષથી, [सूक्ष्म एकक्षेत्रावगाहस्थिताः] સૂક્ષ્મ, એકક્ષેત્રાવગાહરૂપ સ્થિત [सर्वात्मप्रदेशेषु] અને સર્વ આત્મપ્રદેશોએ [अनंतानंतप्रदेशाः] જે કર્મપુદ્‌ગલના અનંતાનંત પ્રદેશો (પરમાણુઓ) છે, તે પ્રદેશબંધ છે.

નીચેની છ બાબતો આ સૂત્રમાં જણાવી છે—

(૧) સર્વ કર્મના જ્ઞાનાવરણાદિ મૂળપ્રકૃતિરૂપ, ઉત્તરપ્રકૃતિરૂપ અને ઉત્તરોત્તરપ્રકૃતિરૂપ થવાનું કારણ કાર્મણવર્ગણા છે.

(૨) ત્રિકાળવર્તી સમસ્ત ભવોમાં (–જન્મોમાં) મન-વચન-કાયાના યોગના નિમિત્તે તે કર્મો આવે છે.

(૩) તે કર્મો સૂક્ષ્મ છે–ઇન્દ્રિયગોચર નથી.

(૪) આત્માના સર્વ પ્રદેશોની સાથે દૂધ–પાણીની જેમ એક ક્ષેત્રમાં તે કર્મો વ્યાપ્ત છે.

(૫) આત્માના સર્વ પ્રદેશોએ અનંતાનંત પુદ્‌ગલો સ્થિત થાય છે.

(૬) એક આત્માના અસંખ્યપ્રદેશ છે, તે દરેક પ્રદેશે સંસારી જીવને અનંતાનંત પુદ્‌ગલસ્કંધો વિદ્યમાન છે.

પ્રદેશબંધનું વર્ણન અહીં પૂરું થયું. ૨૪.

આ રીતે ચારે પ્રકારના બંધનું વર્ણન કર્યું. હવે કર્મપ્રકૃતિઓમાંથી પુણ્યપ્રકૃતિ કેટલી છે તથા પાપપ્રકૃતિ કેટલી છે, તે જણાવીને આ અધ્યાય પૂરો કરે છે.

## પુણ્ય પ્રકૃતિઓ

## सद्वेद्यशुभायुर्नामगोत्राणि पुण्यम् ॥२५॥

**અર્થ** :—[सत् वेद्य शुभायुः नाम गोत्राणि] સાતાવેદનીય, શુભ આયુ, શુભ નામ અને શુભ ગોત્ર [पुण्यम्] એ પુણ્ય પ્રકૃતિઓ છે.

### ટીકા

૧. ઘાતિકર્મોની ૪૭ પ્રકૃતિઓ છે; તે બધી પાપરૂપ છે; અઘાતિકર્મોની ૧૦૧ પ્રકૃતિઓ છે; તેમાં પુણ્ય અને પાપ બંને પ્રકાર છે; તેમાંથી ૬૮ પ્રકૃતિઓ પુણ્યરૂપ છે, તે નીચે પ્રમાણે—

૧. સાતાવેદનીય, ૨. તિર્યંચાયુ, ૩. મનુષ્યાયુ, ૪. દેવાયુ, ૫. ઉચ્ચ ગોત્ર, ૬. મનુષ્યગતિ, ૭. મનુષ્યગત્યાનુપૂર્વી, ૮. દેવગતિ, ૯. દેવગત્યાનુપૂર્વી, ૧૦. પંચેન્દ્રિય જાતિ, ૧૧-૧૫. પાંચ પ્રકારના શરીર, ૧૬-૨૦. શરીરનાં પાંચ પ્રકારના બંધન, ૨૧–૨૫. પાંચ પ્રકારના સંઘાત, ૨૬–૨૮. ત્રણ પ્રકાર અંગોપાંગ, ૨૯–૪૮. સ્પર્શ, વર્ણાદિકની વીસ પ્રકૃતિ, ૪૯, સમચતુરસ્રસંસ્થાન, ૫૦. વજ્રર્ષભનારાચસંહનન, ૫૧. અગુરુલઘુ, ૫૨. પરઘાત, ૫૩. ઉચ્છ્વાસ, ૫૪. આતપ, ૫૫. ઉદ્યોત, ૫૬. પ્રશસ્ત વિહાયોગતિ, ૫૭. ત્રસ, ૫૮. બાદર, ૫૯. પર્યાપ્તિ, ૬૦. પ્રત્યેક શરીર, ૬૧. સ્થિર, ૬૨. શુભ, ૬૩. સુભગ, ૬૪. સુસ્વર, ૬૫. આદેય, ૬૬. યશઃકીર્તિ, ૬૭. નિર્માણ અને ૬૮ તીર્થંકરત્વ. ભેદ વિવક્ષાએ આ ૬૮ પુણ્યપ્રકૃતિ છે અને અભેદ વિવક્ષાથી ૪૨ પુણ્યપ્રકૃતિ છે, કેમ કે વર્ણાદિકના ૧૬ ભેદ, શરીરમાં અંતર્ગત ૫ બંધન અને ૫ સંઘાત એમ કુલ ૨૬ પ્રકૃતિઓ ઘટાડવાથી ૪૨ પ્રકૃતિ રહે છે.

૨. પૂર્વે ૧૧મા સૂત્રમાં નામકર્મની ૪૨ પ્રકૃતિ જણાવી છે તેમાં ગતિ, જાતિ, શરીરાદિકના પેટાભેદો જણાવ્યા નથી; પરંતુ પુણ્યપ્રકૃતિ અને પાપપ્રકૃતિ એવા ભેદ પાડતાં તેમના પેટા ભેદ આવ્યા વગર રહેતાં નથી. ૨૫.

## પાપપ્રકૃતિઓ

## अतोऽन्यत्पापम् ।।२६।।

**અર્થ** :—[अतः अन्यत्] તે પુણ્યપ્રકૃતિઓથી અન્ય અર્થાત્ અસાતાવેદનીય, અશુભ આયુ, અશુભ નામ અને અશુભ ગોત્ર [पापम्] એ પાપપ્રકૃતિઓ છે.

### ટીકા

૧. પાપપ્રકૃતિઓ નીચે પ્રમાણે છે—

૧–૪૭ ઘાતિકર્મોની સર્વ પ્રકૃતિઓ, ૪૮. નીચ ગોત્ર, ૪૯ અસાતાવેદનીય, ૫૦. નરકગતિ, ૫૧ નરકગત્યાનુપૂર્વી, ૫૨. તિર્યંચગતિ, ૫૩ તિર્યંચગત્યાનુપૂર્વી, ૫૪–૫૭. એકેન્દ્રિયથી ચતુરિન્દ્રય એ ચાર જાતિ, ૫૯–૬૩. પાંચ સંસ્થાન, ૬૪–૬૮. પાંચ સંહનન. ૬૯–૮૮. વર્ણાદિક વીસ પ્રકાર, ૮૯. ઉપઘાત, ૯૦. અપ્રશસ્ત વિહાયોગતિ, ૯૧. સ્થાવર, ૯૨. સૂક્ષ્મ, ૯૩. અપર્યાપ્તિ, ૯૪. સાધારણ, ૯૫. અસ્થિર, ૯૬. અશુભ, ૯૭. દુર્ભગ, ૯૮. દુઃસ્વર, ૯૯. અનાદેય અને ૧૦૦. અયશઃકીર્તિ. ભેદ વિવક્ષાએ આ ૧૦૦ પાપપ્રકૃતિઓ છે; અને અભેદવિવક્ષાએ ૮૪ છે; કેમ કે વર્ણાદિકના ૧૬ પેટા ભેદ ઘટાડવાથી ૮૪ રહે છે. આમાંથી પણ સમ્યક્મિથ્યાત્વપ્રકૃતિ તથા સમ્યક્ત્વમોહનીયપ્રકૃતિ એ બે પ્રકૃતિઓને બંધ થતો

નહિ હોવાથી તે બે બાદ કરતાં ભેદવિવક્ષાએ ૯૮ અને અભેદવિવક્ષાઓ ૮૨ પાપ પ્રકૃતિઓનો બંધ થાય છે; પરંતુ તે બે પ્રકૃતિઓની સત્તા તથા ઉદય હોય છે, તેથી સત્તા અને ઉદય તો ભેદવિવક્ષાએ ૧૦૦ તથા અભેદવિવક્ષાએ ૮૪ પ્રકૃતિઓના થાય છે.

૨. વર્ણાદિક ચાર અથવા તો તેના ભેદ ગણવામાં આવે તો વીસ પ્રકૃતિઓ છે, તેઓ પુણ્યરૂપ પણ છે અને પાપરૂપ પણ છે, તેથી તે પુણ્ય અને પાપ બંનેમાં ગણાય છે.

૩. આ સૂત્રમાં આવેલા શબ્દોના અર્થ શ્રી જૈનસિદ્ધાંતપ્રવેશિકામાંથી જોઈ લેવા. ૨૬.

## ઉપસંહાર

૧. આ અધ્યાયમાં બંધતત્ત્વનું વર્ણન છે; પહેલા સૂત્રમાં મિથ્યાત્વાદિ પાંચ વિકારી પરિણામોને બંધના કારણ તરીકે જણાવ્યાં છે, તેમાં પહેલું મિથ્યાદર્શન જણાવ્યું છે, કેમ કે તે પાંચે કારણોમાં સંસારનું મૂળ મિથ્યાદર્શન છે. તે પાંચે પ્રકારના જીવના વિકારી પરિણામોનું નિમિત્ત પામીને આત્માના એકેક પ્રદેશે અનંતાનંત કાર્મણવર્ગણારૂપ પુદ્‌ગલ પરમાણુઓ એકક્ષેત્રાવગાહરૂપે બંધાય છે, તે દ્રવ્યબંધ છે.

૨. બંધના ચાર પ્રકાર વર્ણવ્યા છે. કર્મબંધ જીવ સાથે કેટલા વખત સુધી રહીને પછી તેનો વિયોગ થાય એ પણ આમાં જણાવ્યું છે. પ્રકૃતિબંધમાં મુખ્ય આઠ ભેદ પડે છે, તેમાંથી એક મોહનીયપ્રકૃતિ જ નવા કર્મબંધમાં નિમિત્ત થાય છે.

૩. વર્તમાનગોચર જે દેશો છે તેમાં કોઈ પણ સ્થળે આવી સ્પષ્ટ અને વૈજ્ઞાનિક પદ્ધતિએ જીવના વિકારી ભાવોનું તથા તેના નિમિત્તે થતાં પુદ્‌ગલબંધના પ્રકારોનું સ્વરૂપ જૈનદર્શન સિવાય બીજા કોઈ દર્શનમાં કહેવામાં આવ્યું નથી અને તે પ્રકારનું કથન સર્વજ્ઞ–વીતરાગતા વગર આવી શકે જ નહિ, માટે જૈનદર્શનનું બીજા કોઈ પણ દર્શનની સાથે સમાનપણું માનવું તે વિનયમિથ્યાત્વ છે.

૪. મિથ્યાત્વ સંબંધમાં પહેલા સૂત્રમાં જે વિવેચન કરવામાં આવ્યું છે, તે બરાબર સમજવું.

૫. બંધતત્ત્વ સંબંધી ખાસ ખ્યાલમાં રાખવા યોગ્ય સિદ્ધાંત એ છે, કે શુભ તેમ જ અશુભ બંને ભાવો બંધનું જ કારણ છે, તેથી તેમનામાં તફાવત નથી અર્થાત્ બંને બૂરાં છે. જે અશુભભાવ વડે નરકાદિરૂપ પાપબંધ થાય તેને તો જીવ બૂરાં જાણે છે, પણ જે શુભભાવો વડે દેવાદિરૂપ પુણ્યબંધ થાય તેને તે ભલા જાણે છે; એ રીતે દુઃખ સામગ્રીમાં (–પાપબંધના ફળમાં) દ્વેષ અને સુખસામગ્રીમાં (–પુણ્યબંધના ફળમાં) રાગ થયો; માટે જો પુણ્ય સારું અને

પાપ ખરાબ એમ માનીએ તો રાગ-દ્વેષ કરવા યોગ્ય છે, એવી શ્રદ્ધા થઈ; અને જેવા આ પર્યાય સંબંધી રાગ-દ્વેષ કરવાની શ્રદ્ધા થઈ તેમ ભાવી પર્યાય સંબંધી પણ સુખ-દુઃખ સામગ્રીમાં રાગ-દ્વેષ કરવા યોગ્ય છે, એવી શ્રદ્ધા થઈ. અશુદ્ધ (શુભ-અશુભ) ભાવો વડે જે કર્મબંધ થાય તેમાં અમુક ભલો અને અમુક બૂરો એવા ભેદ માનવા તે જ મિથ્યાશ્રદ્ધા છે; એવી શ્રદ્ધાથી બંધતત્ત્વનું સત્ય શ્રદ્ધાન થતું નથી. શુભ કે અશુભ બંને બંધભાવ છે, તે બંનેથી ઘાતિકર્મોનો બંધ તો નિરંતર થાય છે; સર્વે ઘાતિકર્મો પાપરૂપ જ છે અને તે જ આત્મગુણના ઘાતમાં નિમિત્ત છે. તો પછી શુભભાવથી જે બંધ થાય તેને સારો કેમ કહેવાય?

૬. જીવના એક સમયના વિકારી ભાવમાં સાત કર્મના બંધમાં અને કોઈ વખતે આઠે પ્રકારના કર્મના બંધમાં નિમિત્ત થવાની લાયકાત કેવી રીતે છે, તે અહીં બતાવવામાં આવે છે—

(૧) જીવ પોતાના સ્વરૂપની અસાવધાની રાખે છે, તે મોહ કર્મના બંધનું નિમિત્ત થાય છે.

(૨) સ્વરૂપની અસાવધાની હોવાથી જીવ તે સમયે પોતાનું જ્ઞાન પોતાના તરફ ન વાળતાં પર તરફ વાળે છે, તે ભાવ જ્ઞાનાવરણકર્મના બંધનું નિમિત્ત થાય છે.

(૩) તે જ સમયે, સ્વરૂપની અસાવધાનીને લીધે પોતાનું દર્શન પોતાના તરફ ન વાળતાં પર તરફ વાળે છે, તે ભાવ દર્શનાવરણકર્મના બંધનું નિમિત્ત થાય છે.

(૪) તે જ સમયે, સ્વરૂપની અસાવધાની હોવાથી પોતાનું વીર્ય પોતાના તરફ ન વાળતાં પર તરફ વાળે છે, તે ભાવ અંતરાયકર્મના બંધનું નિમિત્ત થાય છે.

(૫) પર તરફના લક્ષે પરનો સંયોગ થાય છે, તેથી તે સમયનો (-સ્વરૂપની અસાવધાની સમયનો) ભાવ શરીર વગેરે નામકર્મના બંધનું નિમિત્ત થાય છે.

(૬) જ્યાં શરીર હોય ત્યાં ઊંચ-નીચ આચારવાળા કુળમાં ઉત્પત્તિ હોય, તેથી તે જ સમયનો વિકારી ભાવ ગોત્રકર્મના બંધનું નિમિત્ત થાય છે.

(૭) જ્યાં શરીર હોય ત્યાં બહારની સગવડ, અગવડ, સાજું, માંદું વગેરે હોય; તેથી તે સમયનો ભાવ વેદનીયકર્મના બંધનું નિમિત્ત થાય છે.

અજ્ઞાનદશામાં આ સાત કર્મો તો સમયે સમયે બંધાયા જ કરે છે; સમ્યગ્દર્શન થયા પછી ક્રમે ક્રમે જેમ જેમ ચારિત્રની અસાવધાની દૂર થાય તેમ તેમ જીવમાં અવિકારીદશા વધતી જાય અને તે અવિકારી ભાવ પુદ્ગલકર્મના બંધમાં નિમિત્ત થાય નહિ, તેથી તેટલે અંશે બંધન ટળે છે.

(૮) શરીર તે સંયોગી વસ્તુ છે, તેથી જ્યાં તે સંયોગ હોય ત્યાં વિયોગ પણ થાય જ, એટલે કે શરીરની સ્થિતિ અમુક કાળની હોય. ચાલુ ભવમાં જે ભવને લાયક ભાવ જીવને થાય તેવા આયુનો બંધ નવા શરીર માટે થાય છે.

૭. કર્મબંધનાં જે પાંચ કારણો છે તેમાં મુખ્ય મિથ્યાત્વ છે અને તે કર્મબંધનો અભાવ કરવા માટે સૌથી પહેલું કારણ સમ્યગ્દર્શન જ છે. સમ્યગ્દર્શન થતાં જ મિથ્યાદર્શનનો અભાવ થાય છે અને ત્યાર પછી જ ક્રમે ક્રમે અવિરતિ વગેરેનો અભાવ થાય છે.

**એ પ્રમાણે શ્રી ઉમાસ્વામી વિરચિત મોક્ષશાસ્ત્રના આઠમા અધ્યાયની ગુજરાતી ટીકા પૂરી થઈ.**

## મોક્ષશાસ્ત્ર–ગુજરાતી ટીકા

# અધ્યાય નવમો

## ભૂમિકા

૧. આ અધ્યાયમાં સંવર અને નિર્જરાતત્ત્વનું વર્ણન છે. આ મોક્ષશાસ્ત્ર હોવાથી સૌથી પહેલાં મોક્ષનો ઉપાય બતાવ્યો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. પછી સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું અને સાત તત્ત્વોના નામ દર્શાવ્યાં; ત્યારપછી અનુક્રમે તે તત્ત્વોનું વર્ણન કર્યું છે; તેમાંથી જીવ, અજીવ, આસ્રવ અને બંધ એ ચાર તત્ત્વોનું વર્ણન અત્યાર સુધીમાં કર્યું. હવે આ અધ્યાયમાં સંવર તથા નિર્જરા એ બંને તત્ત્વોનું વર્ણન કર્યું છે અને ત્યારપછી છેલ્લા અધ્યાયમાં મોક્ષતત્ત્વનું વર્ણન કરીને આ શાસ્ત્ર આચાર્યદેવે પૂરું કર્યું છે.

૨. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને સાચા સંવર અને નિર્જરાતત્ત્વ કદી પ્રગટ્યાં નથી; તેથી તેને આ સંસારરૂપ વિકારીભાવો ઊભા રહ્યા છે અને સમયે સમયે અનંત દુઃખ પામે છે. તેનું મૂળ કારણ મિથ્યાત્વ જ છે. ધર્મની શરૂઆત સંવરથી થાય છે અને સમ્યગ્દર્શન તે જ પ્રથમ સંવર છે; તેથી ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સંવરનો અર્થ જીવના વિકારીભાવોને અટકાવવા તે છે; સમ્યગ્દર્શન પ્રગટ કરતાં મિથ્યાત્વભાવ અટકે છે, તેથી સૌથી પહેલાં મિથ્યાત્વભાવનો સંવર થાય છે.

### ૩. સંવરનું સ્વરૂપ

(૧) 'સંવર' શબ્દનો અર્થ 'રોકવું' થાય છે. છટ્ઠા-સાતમા અધ્યાયમાં જણાવેલા આસ્રવને રોકવો તે સંવર છે. જીવ જ્યારે આસ્રવભાવને રોકે ત્યારે જીવમાં કોઈ ભાવનો ઉત્પાદ તો થવો જ જોઈએ. જે ભાવનો ઉત્પાદ થતાં આસ્રવભાવ રોકાય તે સંવરભાવ છે. સંવરનો અર્થ વિચારતાં તેમાં નીચેના ભાવો આવે છે :—

૧. આસ્રવ રોકાતાં આત્મામાં જે પર્યાયનો ઉત્પાદ થાય છે તે શુદ્ધોપયોગ છે; તેથી ઉત્પાદ અપેક્ષાએ સંવરનો અર્થ શુદ્ધોપયોગ થાય છે. ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્મામાં ઉપયોગનું રહેવું–ટકવું તે સંવર છે. (જુઓ શ્રી સમયસાર ગાથા ૧૮૧)

૨. ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્મામાં જ્યારે જીવનો ઉપયોગ રહે છે ત્યારે નવો વિકારી પર્યાય (–આસ્રવ) અટકે છે અર્થાત્ પુણ્ય-પાપના ભાવ અટકે છે. તે અપેક્ષાએ સંવરનો અર્થ 'જીવના નવા પુણ્ય-પાપના ભાવ રોકવા' એવો થાય છે.

૩. ઉપરના જણાવેલ ભાવ પ્રગટતાં નવાં કર્મો આત્મા સાથે એકક્ષેત્રાવગાહરૂપે આવતાં અટકે છે, તેથી કર્મ અપેક્ષાએ સંવરનો અર્થ 'નવાં કર્મનો આસ્રવ અટકવો' એવો થાય છે.

(૨) ઉપરના ત્રણે અર્થો નય અપેક્ષાએ કરવામાં આવ્યા છે, તે આ પ્રમાણે–૧–પહેલો અર્થ આત્માનો શુદ્ધપર્યાય પ્રગટ્યાનું જણાવે છે, તેથી પર્યાય અપેક્ષાએ તે કથન શુદ્ધ નિશ્ચયનયનું છે. ૨–બીજો અર્થ આત્મામાં ક્યા પર્યાય અટક્યા તે જણાવે છે; તેથી તે કથન વ્યવહારનયનું છે અને ૩–ત્રીજો અર્થ જીવના તે પર્યાય વખતે પરવસ્તુની સ્થિતિ કેવી હોય તેનું જ્ઞાન કરાવે છે, તેથી તે કથન અસદ્ભૂત વ્યવહારનયનું છે. તેને અસદ્ભૂત કહેવાનું કારણ એ છે, કે આત્મા જડ કર્મનું કાંઈ કરી શકતો નથી પણ આત્માના તે પ્રકારના શુદ્ધભાવને અને નવા કર્મના આસ્રવને રોકાઈ જવાને માત્ર નિમિત્તનૈમિત્તિકસંબંધ છે.

(૩) આ ત્રણે વ્યાખ્યાઓ નય અપેક્ષાએ હોવાથી તે દરેક વ્યાખ્યામાં બાકીની બે વ્યાખ્યાઓ ગર્ભિત રીતે અંતર્ભૂત થાય છે, કેમ કે નય–અપેક્ષાના કથનમાં એકની મુખ્યતા અને બીજાની ગૌણતા હોય છે. જે કથન મુખ્યતાએ કર્યું હોય તેને આ શાસ્ત્રના પાંચમા અધ્યાયના ૩૨ મા સૂત્રમાં 'અર્પિત' કહેવામાં આવેલ છે અને જે કથન ગૌણ રાખવામાં આવ્યું હોય તેને 'અનર્પિત' કહેવામાં આવેલ છે. અર્પિત અને અનર્પિત એ બંને કથનોને એકત્રિત કરતાં જે અર્થ થાય તે પૂર્ણ (–પ્રમાણ) અર્થ છે, તેથી તે સર્વાંગ વ્યાખ્યા છે. અર્પિત કથનમાં અનર્પિતની જો ગૌણતા રાખવામાં આવી હોય તો તે નય કથન છે. સર્વાંગ વ્યાખ્યારૂપ કથન કોઈ પડખું ગૌણ નહીં રાખતાં બધાં પડખાંને એકીસાથે બતાવે છે. શાસ્ત્રમાં નયદૃષ્ટિથી વ્યાખ્યા કરી હોય કે અનેકાન્તદૃષ્ટિએ વ્યાખ્યા કરી હોય, પણ ત્યાં અનેકાંત સ્વરૂપ સમજીને અનેકાંતસ્વરૂપે જે વ્યાખ્યા હોય, તે પ્રમાણે સમજવું.

(૪) સંવરની સર્વાંગ વ્યાખ્યા શ્રી સમયસારજી ગાથા ૧૮૭ થી ૧૮૯ સુધીમાં નીચે મુજબ આપી છે—

"આત્માને આત્મા વડે બે પુણ્ય-પાપરૂપ શુભાશુભયોગોથી રોકીને દર્શનજ્ઞાનમાં સ્થિત થયો થકો અને અન્ય વસ્તુની ઇચ્છાથી વિરમ્યો થકો જે આત્મા, સર્વ સંગથી રહિત થયો થકો પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે—કર્મ અને નોકર્મને ધ્યાતો નથી, ચેતયિતા હોવાથી એકત્વને જ ચિંતવે છે—ચેતે છે—અનુભવે છે. તે આત્મા, આત્માને ધ્યાતો, દર્શનજ્ઞાનમય અને અનન્યમય થયો થકો અલ્પકાળમાં જ કર્મથી રહિત આત્માને પામે છે."

આ વ્યાખ્યામાં સંપૂર્ણ કથન હોવાથી આ કથન અનેકાંતદૃષ્ટિએ છે; માટે કોઈ શાસ્ત્રમાં નયદૃષ્ટિએ વ્યાખ્યા કરી હોય, કે કોઈ શાસ્ત્રમાં અનેકાંતદૃષ્ટિએ સર્વાંગ વ્યાખ્યા કરી હોય તો ત્યાં વિરોધ ન સમજતાં બંનેમાં સમાન પ્રકારે વ્યાખ્યા કરી છે—એમ સમજવું.

(૫) શ્રી સમયસાર કળશ ૧૨૫ માં સંવરનું સ્વરૂપ નીચે પ્રમાણે કહ્યું છે—

૧. આસ્રવનો તિરસ્કાર કરવાથી જેણે સદા વિજય મેળવ્યો છે, એવા સંવરને ઉત્પન્ન કરતી જ્યોતિ.....

૨. પરરૂપથી જુદી પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચલપણે પ્રકાશતી, ચિન્મય, ઉજ્જ્વળ અને નિજરસના ભારવાળી જ્યોતિનું પ્રગટવું.

(આ વર્ણનમાં આત્માની શુદ્ધ પર્યાય અને આસ્રવનો નિરોધ એ રીતે આત્માના બંને પડખાં આવી જાય છે.)

(૬) શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય, ગાથા ૨૦૫ માં બાર અનુપ્રેક્ષાના નામ કહ્યાં છે, તેમાં એક સંવર અનુપ્રેક્ષા છે; ત્યાં પંડિત ઉગ્રસેનકૃત ટીકા પા. ૨૧૮ માં 'સંવર'નો અર્થ નીચે પ્રમાણે કર્યો છે—

'જિન પુણ્ય પાપ નહીં કીના, આતમ અનુભવ ચિત દીના;
તિન હી વિધિ આવત રોકે, સંવર લહિ સુખ અવલોકે.'

**અર્થ** :–જે જીવોએ પોતાના ભાવને પુણ્ય-પાપરૂપ કર્યા નથી અને આત્મ-અનુભવમાં પોતાના જ્ઞાનને જોડ્યું છે. તેઓએ કર્મોને આવતા રોક્યાં છે અને સંવરની પ્રાપ્તિરૂપ સુખને તેઓ અવલોકે છે.

(આ વ્યાખ્યામાં ઉપર કહેલ ત્રણે પડખાં આવી જાય છે, તેથી તે અનેકાંત અપેક્ષાએ સર્વાંગ વ્યાખ્યા છે.)

(૭) શ્રી જયસેનાચાર્યે પંચાસ્તિકાય ગાથા ૧૪૨ની ટીકામાં સંવરની વ્યાખ્યા નીચે પ્રમાણે કરી છે—

**'अत्र शुभाशुभसंवर समर्थः शुद्धोपयोगो भावसंवरः,
भावसंवराधारेण नवतरकर्मनिरोधो द्रव्यसंवर इति तात्पर्यार्थः ॥**

**અર્થ** :—અહીં શુભાશુભભાવને રોકવાને સમર્થ જે શુદ્ધોપયોગ તે ભાવસંવર છે; ભાવસંવરના આધારે નવા કર્મનો નિરોધ થવો તે દ્રવ્યસંવર છે, આ તાત્પર્ય અર્થ છે.' (પંચાસ્તિકાય પા. ૨૦૭)

(સંવરની આ વ્યાખ્યા અનેકાંતદષ્ટિએ છે, તેમાં પહેલાં ત્રણે અર્થો આવી જાય છે.)

(૮) શ્રી અમૃતચંદ્રાચાર્યે પંચાસ્તિકાય, ગાથા ૧૪૪ની ટીકામાં સંવરની વ્યાખ્યા નીચે પ્રમાણે કરી છે—

'शुभाशुभपरिणामनिरोधः संवरः शुद्धोपयोगः એટલે કે શુભાશુભ પરિણામના નિરોધરૂપ સંવર તે શુદ્ધોપયોગ છે.' (પા. ૨૦૮)

(સંવરની આ વ્યાખ્યા અનેકાંતદષ્ટિએ છે, તેમાં પહેલાં બે અર્થો આવી જાય છે.)

(૯) **પ્રશ્ન** :—આ અધ્યાયના પહેલાં સૂત્રમાં સંવરની વ્યાખ્યા 'आस्रव निरोधः संवरः' એટલી કરી છે, પણ સર્વાંગ વ્યાખ્યા કરી નથી. તેનું શું કારણ છે?

**ઉત્તર** :—આ શાસ્ત્રમાં વસ્તુ સ્વરૂપનું વર્ણન નય અપેક્ષાએ ઘણું જ ટૂંકામાં આપવામાં આવ્યું છે. વળી આ શાસ્ત્રનું વર્ણન મુખ્યપણે પર્યાયાર્થિકનયથી હોવાથી 'आस्रवनिरोधः संवरः' એવી વ્યાખ્યા પર્યાય અપેક્ષાએ કરી છે અને તેમાં દ્રવ્યાર્થિકનયનું કથન ગૌણ છે.

(૧૦) પાંચમા અધ્યાયના ૩૨ મા સૂત્રની ટીકામાં જૈનશાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ જણાવી છે. તે પદ્ધતિ પ્રમાણે આ અધ્યાયના પહેલાં સૂત્રનો અર્થ કરતાં શ્રી સમયસાર, શ્રી પંચાસ્તિકાય વગેરે શાસ્ત્રોમાં સંવરનો જે અર્થ કર્યો છે તે જ અર્થ અહીં કહ્યો છે; એમ સમજવું.

## ૪. લક્ષમાં રાખવાયોગ્ય કેટલીક બાબતો

(૧) પહેલાં અધ્યાયના ચોથા સૂત્રમાં જે સાત તત્ત્વો કહ્યાં છે તેમાં સંવર અને નિર્જરા એ બે તત્ત્વો મોક્ષમાર્ગરૂપ છે. પહેલાં અધ્યાયના પહેલાં સૂત્રમાં મોક્ષમાર્ગની વ્યાખ્યા 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' એ પ્રમાણે કરી છે; તે વ્યાખ્યા મોક્ષમાર્ગ થતાં આત્માની શુદ્ધ પર્યાય કેવી હોય તે જણાવે છે અને આ અધ્યાયના પહેલાં સૂત્રમાં 'आस्रवनिरोधः संवरः' એમ કહીને મોક્ષમાર્ગરૂપ શુદ્ધપર્યાય થતાં અશુદ્ધપર્યાય તથા નવાં કર્મો અટકે છે, તે જણાવ્યું છે.

(૨) એ રીતે એ બંને સૂત્રોમાં (અ. ૧ સૂ.૧ તથા અ. ૯ સૂ. ૧માં) જણાવેલી મોક્ષમાર્ગની વ્યાખ્યા સાથે લેતાં આ શાસ્ત્રમાં સર્વાંગ કથન આવી જાય છે. શ્રી સમયસાર, શ્રી પંચાસ્તિકાય વગેરે શાસ્ત્રોમાં મુખ્યપણે દ્રવ્યાર્થિકનયે કથન છે, તેમાં સંવરની જે વ્યાખ્યા આપી છે, તે જ વ્યાખ્યા પર્યાયાર્થિકનયે કથન કરનાર આ શાસ્ત્રમાં જુદા શબ્દોથી આપી છે.

(૩) શુદ્ધોપયોગનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે.

(૪) આ શાસ્ત્રમાં આચાર્યદેવે નિર્જરાની વ્યાખ્યા આપી નથી, પણ સંવર થતાં જે

અશુદ્ધિ ટળી અને શુદ્ધિ વધી તે જ નિર્જરા છે, તેથી 'શુદ્ધોપયોગ' કે 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર' કહેતાં તેમાં જ નિર્જરા આવી જાય છે.

(૫) સંવર તથા નિર્જરા એ બંને એક જ સમયે હોય છે, કેમ કે જે સમયે શુદ્ધપર્યાય (–શુદ્ધોપયોગ) પ્રગટે તે જ સમયે નવો અશુદ્ધપર્યાય (–શુભાશુભોપયોગ) અટકે તે સંવર છે અને તે જ સમયે જૂની અશુદ્ધિ ટળે અને શુદ્ધતા વધે તે નિર્જરા છે.

(૬) આ અધ્યાયના પહેલાં સૂત્રમાં સંવરની વ્યાખ્યા કર્યા પછી બીજા સૂત્રમાં તેના છ ભેદ કહ્યા છે. તે ભેદોમાં સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્ર એ પાંચ ભેદો ભાવવાચક (–અસ્તિસૂચક) છે અને છઠ્ઠો ભેદ ગુપ્તિ છે તે અભાવવાચક (–નાસ્તિસૂચક) છે. પહેલાં સૂત્રમાં સંવરની વ્યાખ્યા નય અપેક્ષાએ નિરોધવાચક કરી છે, તેથી તે વ્યાખ્યા 'સંવર થતાં કેવો ભાવ થયો' તે ગૌણપણે સૂચવે છે અને 'કેવો ભાવ અટક્યો' તે મુખ્યપણે સૂચવે છે.

(૭) 'आस्रवनिरोधः संवरः' એ સૂત્રમાં 'નિરોધ' શબ્દ જોકે અભાવવાચક છે, તોપણ તે શૂન્યવાચક નથી; અન્ય પ્રકારના સ્વભાવપણાનું તેમાં સામર્થ્ય હોવાથી, જોકે આસ્રવનો નિરોધ થાય છે, તોપણ આત્મા સંવૃત સ્વભાવપણે થાય છે, તે એક પ્રકારનો આત્માનો શુદ્ધપર્યાય છે. સંવરથી આસ્રવનો નિરોધ થતો હોવાથી અને બંધનું કારણ આસ્રવ હોવાથી સંવર થતાં બંધનો પણ નિરોધ થાય છે. (જુઓ, શ્લોકવાર્તિક સંસ્કૃત ટીકા, આ સૂત્ર નીચેની કારિકા ૨. પા. ૪૮૬)

(૮) શ્રી સમયસારજીની ૧૮૬મી ગાથામાં કહ્યું છે, કે–'શુદ્ધ આત્માને જાણતો–અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો–અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે.'

આમાં શુદ્ધ આત્માને પામવો તે સંવર છે અને અશુદ્ધ આત્માને પામવો તે આસ્રવ-બંધ છે.

(૯) સમયસાર નાટકની ઉત્થાનિકામાં ૨૩ મે પાને સંવરની વ્યાખ્યા નીચે મુજબ કરી છે—

જો ઉપયોગ સ્વરૂપ ધરિ, વરતે જોગ વિરત્ત,
રોકે આવત કરમકોં, સો હૈ સંવર તત્ત. ૩૧.

**અર્થ** :—આત્માનો જે ભાવ જ્ઞાનદર્શન ઉપયોગને પામીને યોગોની ક્રિયાથી વિરક્ત થાય છે અને નવા કર્મના આસ્રવને રોકે છે, તે સંવરતત્ત્વ છે.

## ૫. નિર્જરાનું સ્વરૂપ

ઉપર કહેલા ૯ બોલોમાં નિર્જરા સંબંધી કેટલીક હકીકત આવી ગઈ છે. સંવરપૂર્વકની નિર્જરા તે મોક્ષમાર્ગ છે; તેથી તે નિર્જરાની વ્યાખ્યા જાણવાની જરૂર છે.

(૧) શ્રી પંચાસ્તિકાયની ૧૪૪ ગાથામાં નિર્જરાની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.—

संवरजोगेहिं जुदो तवेहिं तो चिट्ठदे बहुविहेहिं।
कम्माणं णिज्जरणं बहुगाणं कुणदि सो णियदं।।

**અર્થ** :—શુભાશુભાસ્રવના નિરોધરૂપ સંવર અને શુદ્ધોપયોગરૂપ યોગોથી સંયુક્ત એવો જે ભેદવિજ્ઞાની જીવ અનેક પ્રકારના અંતરંગ–બહિરંગ તપો દ્વારા ઉપાય કરે છે, તે નિશ્ચયથી ઘણા પ્રકારનાં કર્મોની નિર્જરા કરે છે.

આ વ્યાખ્યામાં 'કર્મોની નિર્જરા થાય છે' એમ કહ્યું છે; તે વખતે આત્માની શુદ્ધપર્યાય કેવી હોય છે તે તેમાં ગર્ભિત રાખ્યું છે; આ ગાથાની ટીકા કરતાં શ્રી અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે, કે—

'.....स खलु बहूनां कर्मणां निर्जरणं करोति। तदत्र कर्मविर्यशातनसमर्थो बहिरंगान्तरंगतपोभिर्बृंहितः शुद्धोपयोगो भावनिर्जरा।'

**અર્થ** :—તે (જીવ) ખરેખર ઘણા કર્મોની નિર્જરા કરે છે, તેથી એ સિદ્ધાંત થયો કે, અનેક કર્મોની શક્તિઓને ગાળવામાં સમર્થ બહિરંગ-અંતરંગ તપોથી વૃદ્ધિ પામેલો જે શુદ્ધોપયોગ તે ભાવ નિર્જરા છે. (જુઓ, પંચાસ્તિકાય પા. ૨૦૯)

(૨) શ્રી સમયસાર ગાથા ૨૦૬માં નિર્જરાનું સ્વરૂપ નીચે જણાવ્યું છે—

एदह्मि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदह्मि।
एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं।।२०६।।

**અર્થ** :—'હે ભવ્ય પ્રાણી! તું આમાં (–જ્ઞાનમાં) નિત્ય રત અર્થાત્ પ્રીતિવાળો થા, આમાં નિત્ય સંતુષ્ટ થા અને આનાથી તૃપ્ત થા; આમ કરવાથી તને ઉત્તમ સુખ થશે.'

નિર્જરા થતાં આત્માની શુદ્ધપર્યાય કેવી હોય છે, તે આમાં જણાવ્યું છે.

(૩) સંવરની સાથે અવિનાભાવપણે નિર્જરા હોય છે. નિર્જરાના આઠ આચાર (–અંગ, લક્ષણ) છે, તેમાં ઉપબૃંહણ અને પ્રભાવના એ બે આચાર શુદ્ધિની વૃદ્ધિ બતાવે છે. આ સંબંધમાં શ્રી સમયસાર ગાથા ૨૩૩ની ટીકામાં નીચે પ્રમાણે જણાવ્યું છે.—

"કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી, ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે, તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી (અર્થાત્ મંદતાથી) થતો બંધ નથી, પરંતુ નિર્જરા જ છે."

(૪) વળી ગાથા ૨૩૬ની ટીકા તથા ભાવાર્થમાં કહ્યું છે કે :–

**ટીકા** :–કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે જ્ઞાનની સમસ્ત શક્તિને પ્રગટ કરવા–વિકસાવવા ફેલાવવા વડે પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી, પ્રભાવના કરનાર છે, તેથી તેને જ્ઞાનની પ્રભાવનાના અપ્રકર્ષથી (અર્થાત્ જ્ઞાનની પ્રભાવના નહિ વધવાથી) થતો બંધ નથી, પરંતુ નિર્જરા જ છે.

**ભાવાર્થ** :—પ્રભાવના એટલે પ્રગટ કરવું, ઉદ્યોત કરવો વગેરે; માટે જે પોતાના જ્ઞાનને નિરંતર અભ્યાસથી પ્રગટ કરે છે–વધારે છે, તેને પ્રભાવના અંગ હોય છે. તેને અપ્રભાવનાકૃત કર્મબંધ નથી, કર્મ રસ દઈને ખરી જાય છે, તેથી નિર્જરા જ છે.

(૫) આ પ્રમાણે અનેકાંતદષ્ટિમાં સ્પષ્ટપણે સર્વાંગ વ્યાખ્યા કહેવામાં આવે છે. જ્યાં વ્યવહારનયે વ્યાખ્યા કરવામાં આવે ત્યાં 'જૂના વિકારનું તથા જૂના કર્મનું ખરી જવું' એવો નિર્જરાનો અર્થ કહેવામાં આવે છે. પણ તેમાંય 'શુદ્ધિની વૃદ્ધિ તે નિર્જરા' એવો અર્થ ગર્ભિતપણે કહ્યો છે, એમ સમજવું.

(૬) અષ્ટપાહુડમાં ભાવપ્રાભૃતની ૧૪૪મી ગાથાના ભાવાર્થમાં સંવર, નિર્જરા તથા મોક્ષની વ્યાખ્યા નીચે પ્રમાણે કરી છે—

'પાંચમું સંવરતત્ત્વ છે. રાગ-દ્વેષ-મોહરૂપ જીવના વિભાવનું ન હોવું અને દર્શનજ્ઞાનરૂપ ચેતનાભાવનું સ્થિર થવું તે સંવર છે; તે જીવનો પોતાનો ભાવ છે અને તેનાથી પુદ્ગલકર્મ જનિત ભ્રમણ મટે છે. એ રીતે એ તત્ત્વોની ભાવનામાં આત્મતત્ત્વની ભાવના પ્રધાન છે; તેનાથી કર્મની નિર્જરા થઈને મોક્ષ થાય છે. આત્માના ભાવ અનુક્રમે શુદ્ધ થવા તે નિર્જરાતત્ત્વ છે અને સર્વ કર્મનો અભાવ થવો તે મોક્ષતત્ત્વ છે.'

૬. એ રીતે સંવરતત્ત્વમાં આત્માની શુદ્ધ પર્યાયનું પ્રગટવું હોય છે અને નિર્જરાતત્ત્વમાં આત્માની શુદ્ધ પર્યાયની વૃદ્ધિ થાય છે. આ શુદ્ધ પર્યાયને એક શબ્દથી 'શુદ્ધોપયોગ' કહેવાય છે, બે શબ્દોથી કહેવું હોય તો 'સંવર, નિર્જરા' કહેવાય છે અને ત્રણ શબ્દોથી કહેવું હોય તો 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર' કહેવાય છે. સંવર-નિર્જરામાં અંશે શુદ્ધ પર્યાય હોય છે, એમ સમજવું.

આ શાસ્ત્રમાં જ્યાં જ્યાં સંવર-નિર્જરાનું વિવરણ હોય ત્યાં ત્યાં આત્માની પર્યાય જે અંશે

શુદ્ધ છે તે સંવર-નિર્જરા છે, એમ સમજવું. વિકલ્પ રાગ કે શુભભાવ તે સંવર-નિર્જરા નથી, પરંતુ તેનો નિરોધ થવો અને જૂની અશુદ્ધિનું ખરી જવું તે સંવર-નિર્જરા છે.

૭. મોક્ષના બીજરૂપ સંવર-નિર્જરાભાવ અનાદિથી અજ્ઞાની જીવે પ્રગટ કર્યો નથી અને તેનું યથાર્થ સ્વરૂપ પણ સમજ્યો નથી, સંવર-નિર્જરા પોતે ધર્મ છે; તેનું સ્વરૂપ સમજ્યા વગર ધર્મ કેમ થાય? માટે મુમુક્ષુ જીવોએ તેનું સ્વરૂપ સમજવાની ખાસ જરૂર છે; આચાર્યદેવ આ અધ્યાયમાં તેમનું વર્ણન ટૂંકમાં કરે છે, તેમાં પ્રથમ સંવરનું સ્વરૂપ વર્ણવે છે.

## સંવરનું લક્ષણ

## आस्रवनिरोधः संवरः ॥१॥

**અર્થ** :—[आस्रवनिरोधः] આસ્રવને રોકવા તે [संवरः] સંવર છે અર્થાત્ આત્મામાં જે કારણોથી કર્મોનો આસ્રવ થાય છે, તે કારણોને દૂર કરવાથી કર્મોનું આવવું અટકી જાય છે, તેને સંવર કહે છે.

### ટીકા

**૧.** સંવરના બે ભેદ છે—ભાવસંવર અને દ્રવ્યસંવર. તે બન્નેની વ્યાખ્યા ભૂમિકાના ત્રીજા પારાના (૭)મા પેટાભેદમાં આપી છે.

**૨.** સંવર તે ધર્મ છે; સંવરના શરૂઆત જીવ જ્યારે સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે થાય છે; સમ્યગ્દર્શન વગર કદી પણ સાચો સંવર હોતો નથી. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોનું સ્વરૂપ યથાર્થપણે વિપરીત અભિનિવેશરહિત જાણવું જોઈએ.

**૩.** સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી જીવને અંશે વીતરાગભાવ અને અંશે સરાગભાવ હોય છે; ત્યાં વીતરાગભાવ વડે સંવર થાય છે અને સરાગભાવ વડે બંધ થાય છે, એમ સમજવું.

**૪.** અહિંસા વગેરે શુભાસ્રવને ઘણા જીવો સંવર માને છે, પણ તે ભૂલ છે. શુભાસ્રવથી તો પુણ્યબંધ થાય છે. જે ભાવ વડે બંધ થાય તે જ ભાવ વડે સંવર થાય નહિ.

**૫.** આત્માને જેટલે અંશે સમ્યગ્દર્શન છે તેટલે અંશે સંવર છે અને બંધ નથી, પણ જેટલે અંશે રાગ છે તેટલે અંશે બંધ છે; જેટલે અંશે સમ્યગ્જ્ઞાન છે તેટલે અંશે સંવર છે અને બંધ નથી, પણ જેટલે અંશે રાગ છે તેટલે અંશે બંધ છે; તથા જેટલે અંશે સમ્યક્ચારિત્ર છે તેટલે અંશે સંવર છે અને બંધ નથી, પણ જેટલે અંશે રાગ છે તેટલે અંશે બંધ છે– (જુઓ, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા ૨૧૨ થી ૨૧૪)

૬. **પ્રશ્ન** :—સમ્યગ્દર્શન તે સંવર છે અને બંધનું કારણ નથી તો પછી અ. ૬ સૂ. ૨૧ માં સમ્યક્ત્વને પણ દેવાયુકર્મના આસ્રવનું કારણ કેમ કહ્યું? તેમ જ અ. ૬. સૂ. ૨૪ માં દર્શનવિશુદ્ધિથી તીર્થંકરનામકર્મનો આસ્રવ થાય છે, એમ કેમ કહ્યું?

**ઉત્તર** :–તીર્થંકરનામકર્મનો બંધ ચોથા ગુણસ્થાનથી આઠમા ગુણસ્થાનના છઠ્ઠા ભાગ સુધી થાય છે; અને ત્રણે પ્રકારના સમ્યક્ત્વની ભૂમિકામાં તે બંધ થાય છે. ખરેખર (ભૂતાર્થનયથી) સમ્યગ્દર્શન પોતે કદી પણ બંધનું કારણ નથી, પણ તે ભૂમિકામાં રહેલાં રાગથી જ બંધ થાય છે. તીર્થંકરનામકર્મના બંધનું કારણ પણ સમ્યગ્દર્શન પોતે નથી, પરંતુ સમ્યગ્દર્શનને આસ્રવ કે બંધનું કારણ કહ્યું હોય ત્યાં માત્ર ઉપચારથી વ્યવહાર કથન છે એમ સમજવું; તેને અભૂતાર્થનયનું કથન પણ કહેવાય છે. સમ્યગ્જ્ઞાન વડે નયવિભાગના સ્વરૂપને યથાર્થ જાણનારા જ આ કથનના આશયને અવિરુદ્ધપણે સમજે છે.

પ્રશ્નમાં જે સૂત્રનો આધાર આપવામાં આવ્યો છે તે સૂત્રોની ટીકામાં પણ ખુલાસો કર્યો છે, કે સમ્યગ્દર્શન પોતે બંધનું કારણ નથી.

૭. સમ્યગ્દૃષ્ટિ જીવો બે પ્રકારના છે–સરાગી અને વીતરાગી. તેમાંથી સરાગ–સમ્યગ્દૃષ્ટિ જીવો રાગ સહિત હોવાથી રાગને કારણે તેમને કર્મપ્રકૃતિઓનો આસ્રવ થાય છે; તે જીવોને સરાગસમ્યક્ત્વ છે એમ પણ કહેવાય છે; પરંતુ ત્યાં એમ સમજવું કે જે રાગ છે તે સમ્યક્ત્વનો દોષ નથી પણ ચારિત્રનો દોષ છે. જે સમ્યગ્દૃષ્ટિ જીવોને નિર્દોષ ચારિત્ર છે, તેમને વીતરાગસમ્યક્ત્વ કહેવાય છે. ખરેખર એ બે જીવોના સમ્યગ્દર્શનમાં ભેદ નથી પણ ચારિત્રના ભેદની અપેક્ષાએ એ બે ભેદ છે. જે સમ્યગ્દૃષ્ટિ જીવ ચારિત્રના દોષ સહિત છે, તેમને સરાગસમ્યક્ત્વ છે એમ કહેવાય છે અને જે જીવને નિર્દોષ ચારિત્ર છે, તેમને વીતરાગસમ્યક્ત્વ છે એમ કહેવાય છે; એ રીતે ચારિત્રની સદોષતા કે નિર્દોષતાની અપેક્ષાએ તે ભેદ છે. સમ્યગ્દર્શન પોતે સંવર છે અને તે તો શુદ્ધભાવ જ છે, તેથી તે આસ્રવ કે બંધનું કારણ નથી. (જુઓ, પા.) ૧.

## સંવરના કારણો

## स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ।।२।।

**અર્થ** :—[गुप्ति समिति] ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, [धर्म अनुप्रेक्षा] દશ ધર્મ, બાર અનુપ્રેક્ષા [परीषहजय चारित्रैः] બાવીસ પરિષહજય અને પાંચ ચારિત્ર એ છ કારણોથી [सः] તે સંવર થાય છે.

## ટીકા

૧. જે જીવને સમ્યગ્દર્શન હોય તેને જ સંવરના આ છ કારણો હોય છે; મિથ્યાદ્રષ્ટિને આ છ કારણોમાંથી એક પણ સાચું હોતું નથી. સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થને તેમ જ સાધુને આ છ એ કારણો યથાસંભવ હોય છે. (જુઓ, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય, ગાથા ૨૦૩, ટીકા) સંવરના આ છ કારણોનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર સંવરનું સ્વરૂપ સમજવામાં પણ જીવની ભૂલ થયા વગર રહે નહિ. માટે આ છ કારણોનું યથાર્થસ્વરૂપ સમજવું જોઈએ.

## ૨. ગુપ્તિનું સ્વરૂપ

(૧) મન-વચન-કાયાની ચેષ્ટા મટે, પાપચિંતવન ન કરે, મૌન ધારે તથા ગમનાદિ ન કરે તેને કેટલાક જીવો ગુપ્તિ માને છે; પણ તે ગુપ્તિ નથી; કેમ કે જીવને મનમાં ભક્તિ વગેરે પ્રશસ્તરાગાદિના ઘણા પ્રકારના વિકલ્પો થાય છે અને વચન-કાયાની ચેષ્ટા રોકવાનો ભાવ તે તો શુભપ્રવૃત્તિ છે; પ્રવૃત્તિમાં ગુપ્તિપણું બને નહિ. વીતરાગભાવ થતાં જ્યાં મન-વચન-કાયાની ચેષ્ટા થાય નહિ ત્યાં સાચી ગુપ્તિ છે. ખરી રીતે ગુપ્તિનો એક જ પ્રકાર છે અને તે વીતરાગભાવરૂપ છે. ગુપ્તિના ત્રણ પ્રકાર નિમિત્તની અપેક્ષાએ કહ્યા છે. મન-વચન-કાયા એ તો પરદ્રવ્ય છે, તેની કોઈ ક્રિયા બંધનું કે અબંધપણાનું કારણ નથી. વીતરાગભાવ થતાં જેટલે અંશે મન-વચન-કાયા તરફ જીવ જોડાતો નથી, તેટલે અંશે નિશ્ચયગુપ્તિ છે અને તે જ સંવરનું કારણ છે.

(૨) નયોના રાગને છોડી, જે જીવો પોતાના સ્વરૂપમાં ગુપ્ત થાય છે તે જીવોને ગુપ્તિ હોય છે. તેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થાય છે અને તેઓ સાક્ષાત્ અમૃતરસ પીએ છે. આ સ્વરૂપગુપ્તિની શુદ્ધક્રિયા છે. જેટલા અંશે વીતરાગદશા થઈને સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે તેટલા અંશે ગુપ્તિ છે; તે દશામાં ક્ષોભ મટે છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે. (જુઓ, શ્રી સમયસાર કળશ ૬૯. પા. ૧૭૫)

(૩) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પૂર્વક લૌકિક વાંછારહિત થઈને યોગોનો યથાર્થ નિગ્રહ કરવો તે ગુપ્તિ છે. યોગોના નિમિત્તથી આવનારા કર્મોનું આવવું બંધ પડી જવું તે સંવર છે. (જુઓ તત્ત્વાર્થસાર અ. ૬, ગાથા ૫, પા. ૩૪૦)

(૪) આ અધ્યાયના ચોથા સૂત્રમાં ગુપ્તિનું લક્ષણ કહ્યું છે. તેમાં જણાવ્યું છે, કે 'સમ્યક્ યોગનિગ્રહ' તે ગુપ્તિ છે. આમાં સમ્યક્ શબ્દ ઘણો ઉપયોગી છે; તે એમ સૂચવે છે કે સમ્યગ્દર્શન વગર યોગોનો યથાર્થ નિગ્રહ હોતો નથી, એટલે કે સમ્યગ્દર્શનપૂર્વક જ યોગોનો નિગ્રહ હોઈ શકે છે.

(૫) **પ્રશ્ન** :–યોગ ચૌદમાં ગુણસ્થાને અટકે છે; તેરમા ગુણસ્થાન સુધી તો તે હોય છે; તો પછી નીચલી ભૂમિકાવાળાને 'યોગનો નિગ્રહ' (ગુપ્તિ) ક્યાંથી થાય?

**ઉત્તર** :–મન-વચન-કાયા તરફ આત્માનો ઉપયોગ જેટલો ન જોડાય તેટલો યોગનો નિગ્રહ થયો કહેવાય છે. અહીં યોગ શબ્દનો અર્થ 'પ્રદેશોનું કંપન' એમ સમજવાનો નથી. પ્રદેશોના કંપનનો નિગ્રહ થાય તેને ગુપ્તિ કહેવામાં આવતી નથી પણ તેને તો અકંપપણું કે અયોગપણું કહેવામાં આવે છે, તે ચૌદમા ગુણસ્થાને પ્રગટે છે અને ગુપ્તિ તો કેટલેક અંશે ચોથે ગુણસ્થાને પણ હોય છે.

(૬) ખરેખર આત્માનું સ્વરૂપ (નિજરૂપ) જ પરમ ગુપ્તિ છે, તેથી આત્મા જેટલા અંશે પોતાના શુદ્ધસ્વરૂપમાં સ્થિર રહે તેટલે અંશે ગુપ્તિ છે. [જુઓ, શ્રી સમયસાર કળશ ૧૫૮, પા. ૨૯૧]

૩. આત્માનો વીતરાગભાવ એકરૂપ છે અને નિમિત્ત અપેક્ષાએ ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્ર એવા જુદા જુદા ભેદો પાડીને સમજાવવામાં આવે છે; તે ભેદો દ્વારા પણ અભેદતા બતાવી છે. સ્વરૂપની અભેદતા તે સંવર–નિર્જરાનું કારણ છે.

૪. ગુપ્તિ, સમિતિ વગેરેના સ્વરૂપનું વર્ણન ચોથા સૂત્રથી શરૂ કરીને ક્રમે ક્રમે કહેવામાં આવશે. ૨.

## નિર્જરા અને સંવરનું કારણ

## तपसा निर्जरा च ॥३॥

**અર્થ** :—[तपसा] તપથી [निर्जरा च] સંવર અને નિર્જરા પણ થાય છે.

### ટીકા

૧. દશ પ્રકારના ધર્મમાં તપનો સમાવેશ થઈ જાય છે, તોપણ તેને અહીં જુદું કહેવાનું કારણ એ છે કે તે સંવર અને નિર્જરા બંનેનું કારણ છે; અને તેમાં સંવરનું તે પ્રધાન કારણ છે.

૨. અહીં જે તપ કહ્યું છે તે સમ્યક્તપ છે, કેમ કે તે તપ જ સંવર નિર્જરાનું કારણ છે. સમ્યગ્દૃષ્ટિ જીવને જ સમ્યક્તપ હોય છે. મિથ્યાદૃષ્ટિના તપને બાળતપ કહેવામાં આવે છે અને તે આસ્રવ છે, એમ અ. સૂ. ૧૨ની ટીકામાં કહ્યું છે. તે સૂત્રમાં આપેલા 'આદિ' શબ્દમાં બાળતપનો સમાવેશ થાય છે. જેઓ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાનથી રહિત છે, એવા જીવો ગમે

તેટલું તપ કરે તોપણ તેના બધા તપને બાળતપ (અર્થાત્ અજ્ઞાનતપ, મૂર્ખતાવાળો તપ) કહેવાય છે. (જુઓ, સમયસાર, ગાથા ૧૫૨, પા. ૧૯૮) સમ્યગ્દર્શન પૂર્વકના તપને ઉત્તમ તરીકે આ અધ્યાયના છઠ્ઠા સૂત્રમાં વર્ણવ્યો છે.

## ૩. તપનો અર્થ

શ્રી પ્રવચનસાર, ગાથા ૧૪માં તપનો અર્થ આ પ્રમાણે આપ્યો છે— **'स्वरूपविश्रांतनिस्तरंगचैतन्यप्रतपनाच्च तपः'** અર્થાત્ સ્વરૂપમાં વિશ્રાંત તરંગ વિનાના ચૈતન્યનું પ્રતપન તે તપ છે.

## તપનું સ્વરૂપ અને તે સંબંધી થતી ભૂલ

(૧) ઘણા જીવો અનશનાદિને તપ માને છે અને તે તપથી નિર્જરા માને છે, પણ બાહ્ય તપથી નિર્જરા થાય નહિ. નિર્જરાનું કારણ તો શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગમાં જીવની રમણતા થતાં અનશન વગેરે 'શુભ-અશુભ ઈચ્છાનો નિરોધ થાય છે' તે સંવર છે. જો બાહ્ય દુઃખ સહન કરવું તે નિર્જરા હોય તો તિર્યંચાદિક પણ ભૂખ–તરસાદિક દુઃખ સહન કરે છે, તેથી તેને પણ નિર્જરા થાય.

(૨) **પ્રશ્ન** :—તિર્યંચાદિક તો પરાધીનપણે ભૂખ–તરસાદિ સહન કરે છે, પણ જે સ્વાધીનપણે ધર્મબુદ્ધિથી ઉપવાસાદિરૂપ તપ કરે, તેને તો નિર્જરા થાય ને?

**ઉત્તર** :—ધર્મબુદ્ધિથી બાહ્ય ઉપવાસાદિક તો કરે પણ ત્યાં ઉપયોગ અશુભ, શુભ કે શુદ્ધરૂપ જેમ પરિણમે તે અનુસાર જ બંધ કે નિર્જરા થાય છે. જો અશુભ કે શુભરૂપ ઉપયોગ હોય તો બંધ થાય છે અને સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધોપયોગ હોય તો ધર્મ થાય છે. જો બાહ્ય ઉપવાસથી નિર્જરા થતી હોય તો ઘણા ઉપવાસાદિ કરતાં ઘણી નિર્જરા થાય અને થોડા કરતાં થોડી થાય–એવો નિયમ ઠરે, તથા નિર્જરાનું મુખ્ય કારણ ઉપવાસાદિ જ ઠરે. પણ એમ તો બને નહિ; કેમ કે બાહ્ય ઉપવાસાદિ કરવા છતાં જો દુષ્ટપરિણામ કરે તો તેને નિર્જરા કેમ થાય? આથી એમ સિદ્ધ થાય છે કે અશુભ, શુભ કે શુદ્ધરૂપે જેવો ઉપયોગ પરિણમે તે અનુસાર બંધ કે નિર્જરા થાય છે; તેથી ઉપવાસાદિ તપ નિર્જરાનું મુખ્ય કારણ નથી, પણ અશુભ તથા શુભ પરિણામ એ બંને બંધના કારણ છે અને શુદ્ધ પરિણામ નિર્જરાનું કારણ છે.

(૩) **પ્રશ્ન** :–જો એમ છે તો આ સૂત્રમાં 'તપથી નિર્જરા પણ થાય છે' એમ કહ્યું?

**ઉત્તર** :–બાહ્ય ઉપવાસાદિ તે તપ નથી પણ તપની વ્યાખ્યા એમ છે, કે **'इच्छानिरोधस्तपः'** અર્થાત્ ઈચ્છાને રોકવી તે તપ છે. શુભ-અશુભ ઈચ્છા તે તપ નથી પણ શુભ-અશુભ ઈચ્છા મટતાં ઉપયોગ શુદ્ધ થાય છે, તે સમ્યક્તપ છે અને તે તપથી નિર્જરા થાય છે.

(૪) **પ્રશ્ન** :–આહારાદિ લેવારૂપ અશુભભાવની ઈચ્છા દૂર થતાં તપ થાય પણ ઉપવાસાદિ કે પ્રાયશ્ચિતાદિ શુભકાર્ય છે, તેની ઈચ્છા તો રહે જ ને?

**ઉત્તર** :–જ્ઞાની પુરુષોને ઉપવાસાદિની ઈચ્છા નથી પણ એક શુદ્ધોપયોગની જ ભાવના છે. જ્ઞાની પુરુષો ઉપવાસાદિ કરતાં શુદ્ધોપયોગ વધારે છે; પણ જ્યાં ઉપવાસાદિથી શરીરની કે પરિણામોની શિથિલતા વડે શુદ્ધોપયોગ શિથિલ થતો જાણે ત્યાં આહારાદિક ગ્રહણ કરે છે. જો ઉપવાસાદિથી જ સિદ્ધિ થતી હોય તો શ્રી અજિતનાથાદિ ત્રેવીસ તીર્થંકરો દીક્ષા લઈને બે ઉપવાસ જ કેમ ધારણ કરે? સાધન વડે એક વીતરાગ શુદ્ધોપયોગનો અભ્યાસ કર્યો.

(૫) **પ્રશ્ન** :–જો એમ છે, તો અનશનાદિને તપસંજ્ઞા કેમ કહી છે?

**ઉત્તર** :—અનશનાદિને બાહ્યતપ કહ્યાં છે. બાહ્ય એટલે કે બહારમાં બીજાઓને દેખાય કે આ તપસ્વી છે. છતાં ત્યાં પણ પોતે જેવા અંતરંગ પરિણામ કરશે તેવું જ ફળ પામશે. શરીરની ક્રિયા જીવને કાંઈ ફળદાતા નથી. સમ્યગ્દષ્ટિ જીવને વીતરાગતા વધે છે તે ખરું તપ છે, અનશનાદિને નિમિત્ત અપેક્ષાએ 'તપ' સંજ્ઞા આપવામાં આવી છે.

## તપના ફળ સંબંધી ખુલાસો

સમ્યગ્દષ્ટિને તપ કરતાં નિર્જરા થાય છે અને સાથે પુણ્યકર્મનો બંધ પણ થાય છે; પણ જ્ઞાનીઓને તપનું પ્રધાનફળ નિર્જરા છે, તેથી આ સૂત્રમાં સાચા તપથી નિર્જરા થાય–એમ કહ્યું. જેટલી તપમાં (અર્થાત્ શુદ્ધોપયોગમાં) ન્યૂનતા હોય છે તેટલો પુણ્યકર્મનો બંધ થઈ જાય છે; આ અપેક્ષાએ પુણ્યનો બંધ થવો તે તપનું ગૌણ ફળ કહેવાય છે. જેમ ખેતી કરવાનું પ્રધાનફળ તો ધાન્ય ઉત્પન્ન કરવું તે છે, પણ રાડાં વગેરે ઉત્પન્ન થવું તે તેનું ગૌણ ફળ છે; તેમ અહીં એટલું સમજવું કે સમ્યગ્દષ્ટિને તપનો જે વિકલ્પ આવે છે તે રાગ હોવાથી તેના ફળમાં પુણ્ય બંધાઈ જાય છે અને જેટલો રાગ તૂટીને વીતરાગભાવ–શુદ્ધોપયોગ વધે છે તે નિર્જરાનું કારણ છે. આહાર પેટમાં જવો કે ન જવો તે બંધ કે નિર્જરાનું કારણ નથી, કેમ કે તે પરદ્રવ્ય છે અને પરદ્રવ્યનું પરિણમન આત્માને આધીન નથી, તેથી તેના પરિણમનથી આત્માને લાભ કે નુકશાન નથી. જીવને પોતાના પરિણામથી જ લાભ કે નુકશાન થાય છે.

૬. અ. ૮. સૂ. ૨૩માં પણ નિર્જરા સંબંધી વર્ણન હોવાથી તે સૂત્રની ટીકા અહીં પણ વાંચવી. તપના બાર ભેદ કહ્યાં છે. તે સંબંધી વિશેષ ખુલાસો આ અધ્યાયના સૂ. ૧૯-૨૦માં કરવામાં આવ્યો છે, માટે ત્યાંથી જોઈ લેવો. ૩.

# ગુપ્તિનું લક્ષણ અને ભેદ

## सम्यग्योगनिग्रहोगुप्तिः ॥४॥

**અર્થ** :—[सम्यक् योगनिग्रहो] સમ્યક્ પ્રકારે યોગનો નિગ્રહ તે [गुप्तिः] ગુપ્તિ છે.

### ટીકા

૧. આ સૂત્રમાં સમ્યક્ શબ્દ ઘણો ઉપયોગી છે; તે એમ સૂચવે છે કે સમ્યગ્દર્શનપૂર્વક જ ગુપ્તિ હોય છે; અજ્ઞાનીને ગુપ્તિ હોતી નથી. તથા જેને ગુપ્તિ હોય તે જીવને વિષયસુખની અભિલાષા હોતી નથી, એમ પણ 'સમ્યક્' શબ્દ બતાવે છે. જો જીવને સંક્લેશતા (આકુળતા) થાય તો તેને ગુપ્તિ હોતી નથી. બીજા સૂત્રની ટીકામાં ગુપ્તિનું સ્વરૂપ જણાવ્યું છે, તે અહીં પણ લાગુ પડે છે.

### ૨. ગુપ્તિની વ્યાખ્યા

(૧) જીવના ઉપયોગનું મન સાથે જોડાણ તે મનોયોગ છો. વચન સાથે જોડાણ એ વચનયોગ છો અને કાય સાથે જોડાણ તે કાયયોગ છે તથા તેનો અભાવ તે અનુક્રમે મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ છે. આ રીતે નિમિત્તના અભાવની અપેક્ષાએ ગુપ્તિના ત્રણ ભેદ છે.

પર્યાયમાં શુદ્ધોપયોગની હીનાધિકતા હોવા છતાં તેમાં શુદ્ધતા તો એક જ પ્રકારની છે; નિમિત્ત અપેક્ષાએ તેના અનેક પ્રકાર કહેવામાં આવે છે.

જીવ જ્યારે વીતરાગભાવ વડે પોતાની સ્વરૂપગુપ્તિમાં રહે ત્યારે મન, વચન ને કાયા તરફનું લક્ષ છૂટી જાય છે; તેથી તેની નાસ્તિ અપેક્ષાએ ત્રણ ભેદ પડે છે; એ બધા ભેદ નિમિત્તના છે એમ જાણવું.

(૨) સર્વ મોહ-રાગ-દ્વેષને દૂર કરીને ખંડરહિત અદ્વૈત પરમ ચૈતન્યમાં સારી રીતે સ્થિત થવું તે નિશ્ચયમનોગુપ્તિ છે; સંપૂર્ણ અસત્ય ભાષાને એવી રીતે ત્યાગવી કે (અથવા એવી રીતે મૌનવ્રત રાખવું કે) મૂર્તિક દ્રવ્યમાં, અમૂર્તિક દ્રવ્યમાં કે બંનેમાં વચનની પ્રવૃત્તિ અટકે અને જીવ પરમ ચૈતન્યમાં સ્થિર થાય, તે નિશ્ચયવચનગુપ્તિ છે. સંયમધારી મુનિ જ્યારે પોતાના આત્મસ્વરૂપમાં ચૈતન્યમય શરીરથી જડ શરીરનું ભેદજ્ઞાન કરે છે (અર્થાત્ શુદ્ધાત્માના અનુભવમાં લીન થાય છે) ત્યારે અંતરંગમાં પોતાના આત્માની ઉત્કૃષ્ટ મૂર્તિનું નિશ્ચલપણું થવું તે કાયગુપ્તિ છે. *(જુઓ, શ્રી નિયમસાર ગાથા ૬૯-૭૦ તથા તેની ટીકા પાનું. ૮૪-૮૫)*

(૩) અનાદિ અજ્ઞાની જીવોએ કદી સમ્યગ્ગુપ્તિ ધારણ કરી નથી. અનેકવાર દ્રવ્યલિંગી મુનિ થઈને જીવો શુભોપયોગરૂપ ગુપ્તિ–સમિતિ વગેરે નિરતિચાર પાળી, પણ તે સમ્યક્ ન હતી.

સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વગર કોઈ જીવને સમ્યગ્ગુપ્તિ થઈ શકે નહિ અને તેનું ભવભ્રમણ ટળે નહિ. માટે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરીને ક્રમે ક્રમે આગળ વધીને સમ્યગ્ગુપ્તિ પ્રગટ કરવી જોઈએ. *(જુઓ, પંચાસ્તિકાય, ગાથા ૧૭૨, ટીકા; મોક્ષમાર્ગ પ્રકાશક પા. ૨૪૭)*

(૪) છઠ્ઠા ગુણસ્થાનવર્તી સાધુને શુભભાવરૂપ ગુપ્તિ પણ હોય છે, પણ તે આત્માનું સ્વરૂપ નથી; તે શુભવિકલ્પ છે તેથી તે જ્ઞાનીને હેયબુદ્ધિએ હોય છે, કેમ કે તેનાથી બંધ થાય છે. તેને વ્યવહારગુપ્તિ કહેવાય છે. તે ટાળીને સાધુ નિર્વિકલ્પદશામાં સ્થિર થાય છે; તે સ્થિરતાને નિશ્ચયગુપ્તિ કહેવાય છે, તે નિશ્ચયગુપ્તિ સંવરનું કારણ છે. (જુઓ, શ્રી પ્રવચનસાર અ. ૩. ગાથા ૨.) ૪.

બીજા સૂત્રમાં સંવરના છ કારણો બતાવ્યાં છે; તેમાંથી ગુપ્તિનું વર્ણન પુરું થયું.

હવે સમિતિનું વર્ણન કરે છે.

## સમિતિના પાંચ ભેદ

## ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गाः समितयः ॥५॥

**અર્થ** :—[ईर्या भाषा एषणा आदाननिक्षेप उत्सर्गाः] સમ્યક્ ઈર્યા, સમ્યક્ ભાષા, સમ્યક્ એષણા, સમ્યક્ આદાનનિક્ષેપ અને સમ્યક્ ઉત્સર્ગ—એ પાંચ [समितयः] સમિતિ છે. (ચોથા સૂત્રનો 'સમ્યક્' શબ્દ આ સૂત્રમાં પણ લાગુ પડે છે.)

### ટીકા

### ૧. સમિતિનું સ્વરૂપ અને તે સંબંધી થતી ભૂલ

(૧) પરજીવોની રક્ષાર્થે યત્નાચાર પ્રવૃત્તિને ઘણા જીવો સમિતિ માને છે, પણ તે યથાર્થ નથી, કેમ કે હિંસાના પરિણામોથી તો પાપ થાય છે અને જો રક્ષાના પરિણામોથી સંવર થાય છે, એમ માનવામાં આવે તો પુણ્યબંધનું કારણ કોણ ઠરશે? વળી એષણા–સમિતિમાં પણ તે અર્થ ઘટતો નથી, કેમ કે ત્યાં દોષ ટળે છે, પણ કાંઈ પર જીવની રક્ષાનું પ્રયોજન નથી.

(૨) **પ્રશ્ન** :—તો પછી સમિતિનું ખરું સ્વરૂપ શું?

**ઉત્તર** :—મુનિને કિંચિત્ રાગ થતાં ગમનાદિ ક્રિયા થાય છે; ત્યાં તે ક્રિયામાં અતિ આસક્તિના અભાવથી તેમને પ્રમાદરૂપ પ્રવૃત્તિ થતી નથી, તથા બીજા જીવને દુઃખી કરીને પોતાનું ગમનાદિ પ્રયોજન સાધતા નથી, તેથી તેમનાથી સ્વયં દયા પળાય છે; એ પ્રમાણે સાચી સમિતિ છે. (જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક પા. ૨૩૨)

अ. અભેદ, ઉપચારરહિત જે રત્નત્રયનો માર્ગ તે માર્ગરૂપ પરમધર્મ દ્વારા પોતાના આત્મસ્વરૂપમાં 'સમ' અર્થાત્ સમ્યક્ પ્રકારે 'ઈતા' અર્થાત્ ગમન તથા પરિણમન તે સમિતિ છે. અથવા ब. પોતાના આત્માના પરમતત્ત્વમાં લીન સ્વાભાવિક પરમજ્ઞાનાદિ પરમધર્મોની એકતા તે સમિતિ છે. આ સમિતિ સંવર-નિર્જરારૂપ છે. (જુઓ, શ્રી નિયમસાર ગાથા ૬૧)

(૩) સમ્યગ્દષ્ટિ જીવો જાણે છે કે આત્મા પર જીવોને હણી શકે નહિ, પરદ્રવ્યોનું કાંઈ કરી શકે નહિ, ભાષા બોલી શકે નહિ, શરીરનું હલન-ચલનાદિ કરી શકે નહિ; શરીર ચાલવા લાયક હોય ત્યારે સ્વયં ચાલે, પરમાણુઓ ભાષારૂપે પરિણમવાના હોય ત્યારે સ્વયં પરિણમે; પર જીવ તેના આયુષ્યની યોગ્યતા પ્રમાણે જીવે કે મરે; પણ તે કાર્યો વખતે પોતાની યોગ્યતાનુસાર જીવને રાગ હોય છે એટલો નિમિત્તનૈમિત્તિકસંબંધ છે; તેથી નિમિત્ત અપેક્ષાએ સમિતિના પાંચ પ્રકાર પડે છે. ઉપાદાનમાં તો ભેદ પડતા નથી.

(૪) ગુપ્તિ નિવૃત્તિસ્વરૂપ છે અને સમિતિ પ્રવૃત્તિસ્વરૂપ છે. સમ્યગ્દષ્ટિને સમિતિમાં જેટલે અંશે વીતરાગભાવ છે તેટલે અંશે સંવર છે અને જેટલે અંશે રાગ છે તેટલે અંશે બંધ છે.

(૫) મિથ્યાદષ્ટિ જીવ તો એમ માને છે કે હું પર જીવોને બચાવી શકું તથા હું પરદ્રવ્યોનું કરી શકું, તેથી તેને સમિતિ હોતી જ નથી. દ્રવ્યલિંગી મુનિને શુભોપયોગરૂપ સમિતિ હોય છે પણ તે સમ્યક્સમિતિ નથી અને સંવરનું કારણ નથી; વળી તે તો શુભોપયોગને ધર્મ માને છે, તેથી તે મિથ્યાત્વી છે. *(જુઓ, શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૭૨ ટીકા.)*

## ૨. પૂર્વે સમિતિને આસ્રવરૂપ કહી હતી અને અહીં સંવરરૂપ કહી, તેનું કારણ

અ. ૬. સૂ. ૫માં પચીસ પ્રકારની ક્રિયાઓને આસ્રવનું કારણ કહ્યું છે; ત્યાં ગમન વગેરેમાં થતી ક્રિયા તે ઈર્યાપથ ક્રિયા છે અને તે પાંચ સમિતિરૂપ છે, એમ જણાવ્યું છે અને તેને બંધના કારણોમાં ગણી છે. પરંતુ અહીં સમિતિને સંવરના કારણમાં ગણી છે તેનું કારણ એ છે, કે જેમ સમ્યગ્દષ્ટિને પાંચ સમિતિ સંવરનું કારણ થાય છે તેમ તેને જેટલે અંશે રાગ છે તેટલે અંશે તે આસ્રવનું પણ કારણ થાય છે. અહીં સંવર અધિકારમાં સંવરની મુખ્યતા હોવાથી સમિતિને સંવરના કારણરૂપે વર્ણવી છે અને છઠ્ઠા અધ્યાયમાં આસ્રવની મુખ્યતા હોવાથી ત્યાં સમિતિમાં જે રાગ છે, તેને આસ્રવના કારણરૂપ વર્ણવેલ છે.

૩. ઉપર પ્રમાણે સમિતિ તે મિશ્રભાવરૂપ છે; એવા ભાવ સમ્યગ્દષ્ટિને હોય છે; તેમાં અંશે વીતરાગતા છે અને અંશે રાગ છે. જે અંશે વીતરાગતા છે તે અંશ વડે તો સંવર જ છે તથા જે અંશે સરાગતા છે તે અંશ વડે બંધ થાય છે. સમ્યગ્દષ્ટિને આવા મિશ્રરૂપ ભાવથી તો સંવર અને બંધ એ બંને કાર્ય બને, પણ એકલા રાગ વડે એ બે કાર્ય બને નહિ; તેથી

'એકલા પ્રશસ્ત રાગ'થી પુણ્યાસ્રવ પણ માનવો અને સંવર-નિર્જરા પણ માનવાં તે ભ્રમ છે. મિશ્રરૂપ ભાવમાં પણ આ સરાગતા છે અને આ વીતરાગતા છે, એવી યથાર્થ ઓળખાણ સમ્યગ્દષ્ટિને જ હોય છે; તેથી તેઓ બાકી રહેલા સરાગભાવને હેયરૂપ શ્રદ્ધે છે. મિથ્યાદષ્ટિને સરાગભાવ અને વીતરાગભાવની યથાર્થ ઓળખાણ નથી, તેથી તે સરાગભાવને સંવરરૂપ માને છે અને પ્રશસ્તરાગરૂપ કાર્યોને ઉપાદેયરૂપ શ્રદ્ધે છે, તે ભ્રમ છે–અજ્ઞાન છે.

## ૪. સમિતિના પાંચ ભેદો

સાધુ જ્યારે ગુપ્તિરૂપ પ્રવર્તનમાં સ્થિર રહી શકતા નથી ત્યારે ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગ એ પાંચ સમિતિમાં તેઓ પ્રવર્તે છે; ત્યારે અસંયમના નિમિત્તે બંધાતા કર્મ બંધાતા નથી તેટલો સંવર થાય છે.

આ સમિતિ મુનિ અને શ્રાવકો બંને યથાયોગ્ય પાળે છે.

*(જુઓ, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ગાથા ૨૦૩. ભાવાર્થ)*

પાંચ સમિતિની વ્યાખ્યા નીચે મુજબ છે—

**ઈર્યાસમિતિ**—ચાર હાથ આગળ ભૂમિ જોઈને શુદ્ધમાર્ગમાં ચાલવું તે ઈર્યાસમિતિ છે.

**ભાષાસમિતિ**—હિત, મિત અને પ્રિય વચન બોલવાં તે ભાષાસમિતિ છે

**એષણાસમિતિ**—દિવસમાં એક જ વાર નિર્દોષ આહાર લેવો તે એષણાસમિતિ છે.

**આદાનનિક્ષેપસમિતિ**—સાવધાનીપૂર્વક જોઈને વસ્તુ રાખવી, મૂકવી તથા ઉપાડવી તે આદાનનિક્ષેપસમિતિ છે.

**ઉત્સર્ગસમિતિ**—જીવરહિત સ્થળમાં મળ–મૂત્રાદિનું ક્ષેપણ કરવું તે ઉત્સર્ગસમિતિ છે.

આ વ્યવહાર–વ્યાખ્યા છે; તે માત્ર નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવે છે, પરંતુ જીવ પરદ્રવ્યનો કર્તા છે અને પરદ્રવ્યની અવસ્થા જીવનું કર્મ છે–એમ સમજવું નહિ. ૫.

બીજા સૂત્રમાં સંવરનાં છ કારણો જણાવ્યાં છે. તેમાંથી સમિતિ અને ગુપ્તિનું વર્ણન પૂરું થયું. હવે દશ ધર્મનું વર્ણન કરે છે.

## દશ ધર્મ

**उत्तमक्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिंचन्य-**
**ब्रह्मचर्याणि धर्मः ॥६॥**

**અર્થ** :—[उत्तम क्षमा मार्दव आर्जव शौच सत्य] ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ

આર્જવ, ઉત્તમ શૌચ, ઉત્તમ સત્ય, [संयम तपः त्याग आकिंचन्य ब्रह्मचर्याणि] ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય અને ઉત્તમ બ્રહ્મચર્ય [धर्मः] એ દશ ધર્મો છે.

## ટીકા

૧. **પ્રશ્ન** :—આ દશ પ્રકારનો ધર્મ શા માટે કહ્યો?

**ઉત્તર** :—પ્રવૃત્તિને રોકવા માટે પ્રથમ ગુપ્તિ જણાવી; તે ગુપ્તિમાં પ્રવર્તવા જીવ જ્યારે અસમર્થ હોય ત્યારે પ્રવૃત્તિનો ઉપાય કરવા માટે સમિતિ કહી. એ સમિતિમાં પ્રવર્તનારા મુનિને પ્રમાદ દૂર કરવા માટે આ દશ પ્રકારનો ધર્મ જણાવ્યો છે.

૨. **ઉત્તમ**—આ સૂત્રમાં જણાવેલો 'ઉત્તમ' શબ્દ ક્ષમા વગેરે દશે બોલોને લાગુ પડે છે; તે શબ્દ ગુણવાચક છે. ઉત્તમ ક્ષમાદિ કહેવાથી અહીં રાગરૂપ ક્ષમા ન લેવી પણ સ્વરૂપના ભાનસહિત ક્રોધાદિ કષાયના અભાવરૂપ ક્ષમા સમજવી. ઉત્તમક્ષમાદિ ગુણો પ્રગટતાં ક્રોધાદિ કષાયનો અભાવ થાય છે; તેથી આસ્રવની નિવૃત્તિ થાય છે, એટલે કે સંવર થાય છે.

## ૩. ધર્મનું સ્વરૂપ અને તે સંબંધી થતી ભૂલ

રાગ-દ્વેષ નહિ, પુણ્ય નહિ, કષાય નહિ, ઓછું–અધૂરું કે વિકારીપણું નહિ; એવા પૂર્ણ વીતરાગ જ્ઞાયકમાત્ર એકરૂપ સ્વભાવની પ્રતીતિ, લક્ષ અને તેમાં ટકવું તે ધર્મ છે, તે વીતરાગની આજ્ઞા છે. *(આત્મસિદ્ધિ–પ્રવચનો પા. ૪૮૭)*

ઘણા જીવો એમ માને છે કે, બંધાદિકના ભયથી અથવા તો સ્વર્ગ-મોક્ષની ઈચ્છાથી ક્રોધાદિ ન કરવા તે ધર્મ છે. પરંતુ તેમની એ માન્યતા ખોટી છે; કેમ કે તેનો ક્રોધાદિક કરવાનો અભિપ્રાય તો ટળ્યો નથી. જેમ કોઈ મનુષ્ય રાજાદિકના ભયથી કે મહંતપણાના લોભથી પરસ્ત્રી સેવતો નથી, તો તેથી તેને ત્યાગી કહી શકાય નહિ; તે જ પ્રમાણે ઉપર્યુક્ત માન્યતાવાળા જીવો પણ ક્રોધાદિકના ત્યાગી નથી; તેમને ધર્મ થતો નથી.

**પ્રશ્ન** :–તો ક્રોધાદિકનો ત્યાગ કેવી રીતે થાય?

**ઉત્તર** :–પદાર્થો ઈષ્ટ–અનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસથી જ્યારે કોઈ પદાર્થ ઈષ્ટ–અનિષ્ટ ન ભાસે ત્યારે સ્વયં ક્રોધાદિ ઉપજતા નથી અને ત્યારે જ સાચો ધર્મ થાય છે.

## ૪. ક્ષમાદિની વ્યાખ્યા નીચે પ્રમાણે છે—

(૧) **ક્ષમા**—નિંદા, ગાળ, હાસ્ય, અનાદર, માર, શરીરનો ઘાત વગેરે થતાં અથવા તો તે પ્રસંગ નજીક આવતાં દેખીને ભાવોમાં મલિનતા ન થવી તે ક્ષમા છે.

(૨) **માર્દવ**—જાતિ વગેરે આઠ પ્રકારના મદના આવેશથી થતાં અભિમાનનો અભાવ તે માર્દવ છે, અથવા તો પરદ્રવ્યનું હું કરી શકું એવી માન્યતારૂપ અહંકારભાવને જડ મૂળથી ઉખેડી નાખવો તે માર્દવ છે.

(૩) **આર્જવ**—માયા–કપટથી રહિતપણું, સરળતા, સીધાપણું તે આર્જવ છે.

(૪) **શૌચ**—લોભથી ઉત્કૃષ્ટપણે ઉપરામ પામવું–નિવૃત્ત થવું તે શૌચ–પવિત્રતા છે.

(૫) **સત્ય**—સત્ જીવોમાં—પ્રશંસનીય જીવોમાં સાધુ વચન (સરળ વચન) બોલવાનો ભાવ તે સત્ય છે.

[**પ્રશ્ન** :—ઉત્તમ સત્ય અને ભાષા સમિતિમાં શું તફાવત છે?

**ઉત્તર** :—સમિતિરૂપે પ્રવર્તનાર મુનિને સાધુ અને અસાધુ પુરુષો પ્રત્યે વચન વ્યવહાર હોય છે અને તે હિત, પરિમિત વચન છે. તે મુનિને શિષ્યો તથા તેમના ભક્તો (–શ્રાવકો)માં ઉત્તમસત્ય જ્ઞાન, ચારિત્રનાં લક્ષણાદિક શીખવા-શીખવવામાં ઘણો ભાષા વ્યવહાર કરવો પડે છે, તેને ઉત્તમસત્યધર્મ કહેવાય છે.]

(૬) **સંયમ**—સમિતિમાં પ્રવર્તનારા મુનિને પ્રાણીઓને પીડા કરવાનો ત્યાગ છે, તે સંયમ છે.

(૭) **તપ**—ભાવકર્મના નાશ માટે પોતાની શુદ્ધતાનું પ્રતપન તે તપ છે.

(૮) **ત્યાગ**–સંયમી જીવોને યોગ્ય જ્ઞાનાદિક દેવાં તે ત્યાગ છે.

(૯) **આકિંચન્ય**—વિદ્યમાન શરીરાદિમાં પણ સંસ્કારના ત્યાગ માટે, 'આ મારું છે' એવા અનુરાગની નિવૃત્તિ તે આકિંચન્ય છે. આત્મસ્વરૂપથી ભિન્ન એવા શરીરાદિકમાં કે રાગાદિકમાં મમત્વરૂપ પરિણામોનો અભાવ તે આકિંચન્ય છે.

(૧૦) **બ્રહ્મચર્ય**—સ્ત્રી માત્રનો ત્યાગ કરી પોતાના આત્મસ્વરૂપમાં લીન રહેવું તે બ્રહ્મચર્ય છે. પૂર્વે ભોગવેલી સ્ત્રીઓના ભોગનું સ્મરણ તથા તેની કથા સાંભળવાના ત્યાગથી તથા સ્ત્રીઓ પાસે બેસવાનું છોડવાથી અને સ્વચ્છંદ પ્રવર્તન રોકવા માટે ગુરુકુળમાં રહેવાથી બ્રહ્મચર્ય પરિપૂર્ણ પળાય છે.

આ દશે બોલમાં 'ઉત્તમ' શબ્દ લગાડતાં 'ઉત્તમક્ષમા' વગેરે દશ ધર્મ થાય છે. ઉત્તમક્ષમા વગેરે કહેતાં તે શુભરાગરૂપ ન સમજવા પણ કષાયરહિત શુદ્ધભાવરૂપ સમજવા.

## ૫. દશ પ્રકારના ધર્મોનું વર્ણન

ક્ષમાના નીચે મુજબ પાંચ પ્રકાર છે—

(૧) જેમ નિર્બળ પોતે સબળનો વિરોધ ન કરે તેમ, 'હું ક્ષમા કરું તો મને કોઈ હેરાન ન કરે' એવા ભાવથી ક્ષમા રાખવી તે. આ ક્ષમામાં 'હું ક્રોધરહિત ત્રિકાળ સ્વભાવે શુદ્ધ છું' એવું ભાન ન આવ્યું પણ રાગભાવ આવ્યો, તેથી તે ખરી ક્ષમા નથી, તે ધર્મ નથી.

(૨) ક્ષમા કરું તો બીજા તરફથી મને નુકશાન ન થાય પણ લાભ થાય–એવા ભાવથી શેઠ વગેરેનો ઠપકો સહન કરે, સામો ક્રોધ ન કરે, પણ તે ખરી ક્ષમા નથી; તે ધર્મ નથી.

(૩) હું ક્ષમા કરું તો કર્મબંધન અટકે, ક્રોધ કરવાથી નરકાદિ હલકી ગતિમાં જવું પડશે, માટે ક્રોધ ન કરું–એવા ભાવે ક્ષમા કરે પણ તે સાચી ક્ષમા નથી; તે ધર્મ નથી; કેમ કે તેમાં ભય છે, નિર્ભયતા–નિસંદેહતા નથી.

(૪) ક્રોધાદિ ન કરવા એવી વીતરાગની આજ્ઞા છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે, માટે મારે ક્ષમા રાખવી જોઈએ, જેથી મને પાપ નહિ થાય અને લાભ થશે–એવા ભાવે શુભપરિણામ રાખે અને તેને વીતરાગની આજ્ઞા માને તે પણ સાચી ક્ષમા નથી; કારણ કે તે પરાધીન ક્ષમા છે, તે ધર્મ નથી.

(૫) 'સાચી ક્ષમા' અર્થાત્ 'ઉત્તમ ક્ષમા'નું સ્વરૂપ એ છે કે, આત્મા અવિનાશી, અબંધ, નિર્મળ, જ્ઞાયક જ છે. મારી વર્તમાન દશામાં ભૂલને કારણે શુભાશુભ ભાવ થાય છે, તેનું કર્તાપણું છોડી શુદ્ધનય દ્વારા પોતે જેવો છે તેવો પોતાને જાણીને, માનીને તેમાં ઠરવું તે વીતરાગની આજ્ઞા છે અને તે ધર્મ છે. આ પાંચમી ક્ષમા તે ક્રોધમાં નહિ નમવું, ક્રોધનો પણ જ્ઞાતા એવો સહજ અકષાય ક્ષમાસ્વરૂપ છે. નિજસ્વભાવમાં, શુદ્ધસ્વરૂપમાં રહેવું તે ઉત્તમ ક્ષમા છે. 'ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે' એમ કહેવાય છે ત્યાં આ જ ક્ષમા સમજવી. પદાર્થ ઈષ્ટાનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ ઈષ્ટ-અનિષ્ટ ન ભાસે ત્યારે જ્ઞાતાસ્વભાવમાં ધૈર્ય–સાવધાન રહેવાથી સ્વયં ક્રોધાદિ ઊપજતા નથી અને ત્યારે જ સાચો ધર્મ થાય છે.

**નોંધ** :–અહીં જેમ ક્ષમાના પાંચ પ્રકાર જણાવ્યા તથા તેમાં પાંચમા પ્રકારને ઉત્તમક્ષમાધર્મ જણાવ્યો, તે જ પ્રમાણે માર્દવ, આર્જવાદિ સર્વ બોલોમાં એ પાંચ પ્રકાર સમજવા અને તે દરેકમાં પાંચમો પ્રકાર ધર્મ છે, એમ સમજવું.

૬. ક્ષમાના શુભવિકલ્પનો હું કર્તા નથી, એમ સમજીને રાગ-દ્વેષથી છૂટી સ્વરૂપની સાવધાની કરવી તે સ્વની ક્ષમા છે. 'ક્ષમા કરવી, સરળતા રાખવી' એમ નિમિત્તની ભાષામાં બોલાય તથા લખાય, પણ તેનો અર્થ એમ સમજવો કે–શુભ કે શુદ્ધપરિણામ કરવાના વિકલ્પ કરવા તે પણ નિત્ય સહજ સ્વભાવનો ક્ષમાગુણ નથી. 'હું સરળતા રાખું, ક્ષમા કરું'–એમ ભંગરૂપ વિકલ્પ તે રાગ છે, તે નિત્ય જ્ઞાયકતત્ત્વને ગુણ કરતો નથી; કેમ કે તે પુણ્ય પરિણામ પણ બંધભાવ છે; તેનાથી અબંધ અરાગી તત્ત્વને ગુણ થાય નહિ. ૬.

બીજા સૂત્રમાં કહેલા સંવરના છ કારણોમાંથી પહેલા ત્રણ કારણોનું વર્ણન પૂરું થયું. હવે ચોથું કારણ બાર અનુપ્રેક્ષા છે. તેનું વર્ણન કરે છે.

## બાર અનુપ્રેક્ષા

**अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुच्यास्रवसंवरनिर्जरा-**
**लोकबोधिदुर्लभधर्मस्वाख्याततत्त्वानुचिंतनमुप्रेक्षाः ।।७।।**

**અર્થ** :—[अनित्य अशरण संसार एकत्व अन्यत्व] અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, [अशुचि आस्रव संवर निर्जरा] અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, [लोक बोधिदुर्लभ धर्म] લોક, બોધિદુર્લભ અને ધર્મ [स्वाख्याततत्त्वानुचिंतनं अनुप्रेक्षाः] —એ બારના સ્વરૂપનું વારંવાર ચિંતવન કરવું તે અનુપ્રેક્ષા છે.

### ટીકા

૧. અનિત્યાદિ ચિંતવન શરીરાદિને બૂરાં જાણી–હિતકારી ન જાણી તેનાથી ઉદાસ થવું તેનું નામ અનુપ્રેક્ષા છે એમ કેટલાક માને છે, પણ તે યથાર્થ નથી; એ તો, જેમ પહેલાં કોઈ મિત્ર હતો ત્યારે તેના પ્રત્યે રાગ હતો અને પાછળથી તેના અવગુણ જોઈ ઉદાસીન થયો તેમ પહેલાં શરીરાદિકથી રાગ હતો પણ પાછળથી તેના અનિત્યપણું વગેરે અવગુણ દેખીને ઉદાસીન થયો, તેની એ ઉદાસીનતા દ્વેષરૂપ છે, તે સાચી અનુપ્રેક્ષા નથી.

**પ્રશ્ન** :—તો સાચી અનુપ્રેક્ષાનું સ્વરૂપ શું છે?

**ઉત્તર** :—જેવો પોતાનો અને શરીરાદિકનો સ્વભાવ છે તેવો ઓળખીને ભ્રમ છોડવો અને તે શરીરાદિકને ભલાં જાણી રાગ ન કરવો તથા બૂરાં જાણી દ્વેષ ન કરવો; આવી સાચી ઉદાસીનતા અર્થે અનિત્યત્વ વગેરેનું યથાર્થ ચિંતવન કરવું તે જ સાચી અનુપ્રેક્ષા છે. તેમાં જેટલી વીતરાગતા વધે છે તેટલો સંવર છે અને જે રાગ રહે છે તે બંધનું કારણ છે. આ અનુપ્રેક્ષા સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે, કેમ કે અહીં સમ્યક્અનુપ્રેક્ષા જણાવી છે. અનુપ્રેક્ષાનો અર્થ (અનુ+પ્રેક્ષા) આત્માને અનુસરીને તેને જોવો–એમ થાય છે.

૨. જેમ અગ્નિથી તપાવવામાં આવતાં લોઢાનો પિંડ તન્મય (-અગ્નિમય) થઈ જાય છે, તેમ જ્યારે આત્મા ક્ષમાદિકમાં તન્મય થઈ જાય છે ત્યારે ક્રોધાદિક ઉત્પન્ન થતા નથી. તે સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે અનિત્ય વગેરે બાર ભાવનાઓનું વારંવાર ચિંતવન કરવાની જરૂરીયાત છે. તે બાર ભાવનાઓ આચાર્યદેવે આ સૂત્રમાં જણાવી છે.

## ૩. બાર ભાવનાનું સ્વરૂપ

**(૧) અનિત્ય અનુપ્રેક્ષા**—સંવરના દૃશ્યમાન, સંયોગી એવા શરીરાદિ સમસ્ત પદાર્થો ઈન્દ્ર–ધનુષ, વીજળી અથવા પાણીના પરપોટા સમાન શીઘ્ર નાશ થઈ જાય તેવા છે; એવો વિચાર કરવો તે અનિત્ય અનુપ્રેક્ષા છે.

શુદ્ધનિશ્ચયનયથી આત્માનું સ્વરૂપ દેવ, અસુર અને મનુષ્યના વૈભવાદિથી વ્યતિરિક્ત છે, આત્મા જ્ઞાનસ્વરૂપી સદા શાશ્વત છે અને સંયોગી ભાવો અનિત્ય છે–એમ ચિંતવન તે અનિત્યભાવના છે.

**(૩) અશરણ અનુપ્રેક્ષા**—જેમ નિર્જન વનમાં ભૂખ્યા સિંહે પકડેલાં હરણના બચ્ચાને કોઈ શરણ નથી, તેમ સંસારમાં જીવને કોઈ શરણભૂત નથી. જો જીવ પોતે પોતાના સ્વભાવને ઓળખીને શુદ્ધભાવથી ધર્મનું સેવન કરે તો તે દુઃખથી બચી શકે છે, નહિ તો તે સમયે સમયે ભાવમરણથી દુઃખી છે–એમ ચિંતવવું તે અશરણ અનુપ્રેક્ષા છે.

આત્મામાં જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ રહે છે; તેથી આત્મા જ શરણભૂત છે અને તેનાથી પર બધું અશરણ છે–એમ ચિંતવવું તે અશરણભાવના છે.

**(૩) સંસાર અનુપ્રેક્ષા**—આ ચતુર્ગતિરૂપ સંસાર વિષે ભ્રમણ કરતાં જીવ જેનો પિતા હતો તેનો જ પુત્ર, જેનો પુત્ર હતો તેનો જ પિતા, જેનો સ્વામી હતો તેનો જ દાસ, જેનો દાસ હતો તેનો જ સ્વામી થઈ જાય છે અથવા તો પોતે પોતાનો જ પુત્ર થઈ જાય છે; ઇત્યાદિ પ્રકારે સંસારના સ્વરૂપનો અને તેના કારણરૂપ વિકારીભાવોના સ્વરૂપનો વિચાર કરવો તે સંસાર અનુપ્રેક્ષા છે.

જોકે આત્મા કર્મના નિમિત્તે થતા રાગ-દ્વેષ-અજ્ઞાનરૂપ ભાવોથી સંસારરૂપ ઘોર વનમાં ભટક્યા કરે છે–તોપણ નિશ્ચયનયે આત્મા વિકારીભાવોથી અને કર્મોથી રહિત છે–એમ ચિંતવવું તે સંસારભાવના છે.

**(૪) એકત્વ અનુપ્રેક્ષા**—જીવ પોતે એકલો જ છે, પોતે પોતાથી જ વિકાર કરે છે, પોતે પોતાથી જ ધર્મ કરે છે, પોતે પોતાથી જ સુખી-દુઃખી થાય છે. જીવમાં પરદ્રવ્યોનો અભાવ છે, માટે કર્મ કે પરદ્રવ્યો જીવને કાંઈ લાભ-નુકશાન કરે નહિ–એવું ચિંતવન કરવું તે એકત્વ અનુપ્રેક્ષા છે.

હું એક છું, મમતારહિત છું, શુદ્ધ છું, જ્ઞાનદર્શનલક્ષણ છું, કાંઈ અન્ય પરમાણુમાત્ર પણ મારું નથી, શુદ્ધ એકત્વ જ ઉપાદેય છે; એમ ચિંતવવું તે એકત્વ ભાવના છે.

**(૫) અન્યત્વ અનુપ્રેક્ષા**—આત્મા અને સર્વ પદાર્થો ભિન્ન છે; તેઓ દરેક પોતપોતાનું કાર્ય કરે છે. જીવ પરપદાર્થોને કાંઈ કરી શકતો નથી અને પર પદાર્થો જીવને કાંઈ કરી શકતા નથી. જીવના વિકારી ભાવો પણ જીવના સ્વભાવથી અન્ય છે, કેમ કે તેઓ જીવથી છૂટા પડી જાય છે. વિકારી ભાવ તીવ્ર હોય કે મંદ હોય, તોપણ તેનાથી આત્માને લાભ થાય નહિ. પરદ્રવ્યોથી અને વિકારથી આત્માને અન્યત્વપણું છે, એવા તત્ત્વજ્ઞાનની ભાવનાપૂર્વક વૈરાગ્યની વૃદ્ધિ થવાથી છેવટે મોક્ષ થાય છે–આ પ્રમાણે ચિંતવન કરવું તે અન્યત્વ અનુપ્રેક્ષા છે.

આત્મા જ્ઞાનદર્શનસ્વરૂપ છે અને શરીરાદિ જે બાહ્ય દ્રવ્ય તે સર્વે આત્માથી ભિન્ન છે. પર દ્રવ્ય છેદાય કે ભેદાય, કોઈ લઈ જાય કે નષ્ટ થઈ જાય અથવા તો ગમે તેમ થાય, પણ પર દ્રવ્યનો પરિગ્રહ મારો નથી—એમ ચિંતવવું તે અન્યત્વ ભાવના છે.

**(૬) અશુચિત્વ અનુપ્રેક્ષા**—શરીર સ્વભાવથી જ અશુચિમય છે અને જીવ સ્વભાવથી શુચિમય (શુદ્ધસ્વરૂપી) છે; શરીર લોહી, માંસ વગેરેથી ભરેલું છે, તે કદી પવિત્ર થઈ શકતું નથી; ઈત્યાદિ પ્રકારે આત્માની શુદ્ધતાનું અને શરીરની અશુચિનું જ્ઞાન કરીને શરીર ઉપરનું મમત્વ તથા રાગ અને આત્માનું લક્ષ વધારવું. શરીર પ્રત્યે દ્વેષ કરવો તે અનુપ્રેક્ષા નથી, પણ શરીર પ્રત્યેનો રાગ-દ્વેષ મટાડવો અને આત્માના પવિત્ર સ્વભાવ તરફ લક્ષ કરવું તથા સમ્યગ્દર્શનાદિકની ભાવના વડે આત્મા અત્યંત પવિત્ર થાય છે–એવું વારંવાર ચિંતવન કરવું તે અશુચિત્વ અનુપ્રેક્ષા છે.

આત્મા દેહથી જુદો, કર્મરહિત, અનંત સુખનું પવિત્ર ધામ છે, એની નિત્ય ભાવના કરવી અને વિકારી ભાવો અનિત્ય દુઃખરૂપ અશુચિમય છે, એમ જાણીને તેનાથી પાછા ફરવાની ભાવના કરવી તે અશુચિ ભાવના છે.

**(૭) આસ્રવ અનુપ્રેક્ષા**—મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપ ભાવોથી સમયે સમયે નવા વિકારી ભાવો ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વ તે મુખ્ય આસ્રવ છે, કેમકે તે સંસારની જડ છે; માટે તેનું સ્વરૂપ જાણીને તેને છોડવાનું ચિંતવન કરવું તે આસ્રવ અનુપ્રેક્ષા છે.

મિથ્યાત્વ, અવિરતિ આદિ આસ્રવ ભેદ કહ્યાં છે તે આસ્રવો નિશ્ચયનયે જીવને નથી. દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના આસ્રવરહિત શુદ્ધ આત્માનું ચિંતવન કરવું તે આસ્રવ ભાવના છે.

**(૮) સંવર અનુપ્રેક્ષા**—મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપ ભાવો અટકવા તે ભાવસંવર છે; તેનાથી નવા કર્મનું આવવું અટકી જાય તે દ્રવ્યસંવર છે. પ્રથમ તો આત્માના શુદ્ધસ્વરૂપના લક્ષે મિથ્યાત્વ અને તેના સહગામી અનંતાનુબંધી કષાયનો સંવર થાય છે. સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ

તે સંવર છે અને તેનાથી આત્માનું કલ્યાણ થાય છે–એવું ચિંતવન કરવું તે સંવર અનુપ્રેક્ષા છે.

પરમાર્થનયે શુદ્ધભાવે આત્મામાં સંવર જ નથી; તેથી સંવરભાવરહિત શુદ્ધાત્માને નિત્ય ચિંતવવો તે સંવરભાવના છે.

**(૯) નિર્જરા અનુપ્રેક્ષા**—અજ્ઞાનીને સવિપાક નિર્જરાથી આત્માનું કાંઈ પણ ભલું થતું નથી; પણ આત્માનું સ્વરૂપ જાણીને તેના ત્રિકાળી સ્વભાવના લક્ષે શુદ્ધતા પ્રગટ કરવાથી જે નિર્જરા થાય છે, તેનાથી આત્માનું કલ્યાણ થાય છે–એ વગેરે પ્રકારે નિર્જરાના સ્વરૂપનું ચિંતવન કરવું તે નિર્જરા અનુપ્રેક્ષા છે.

સ્વકાળ પક્વ નિર્જરા (સવિપાક નિર્જરા) ચારે ગતિવાળાને હોય છે પણ તપકૃત નિર્જરા (અવિપાક નિર્જરા) સમ્યગ્દર્શન પૂર્વક વ્રતધારીઓને જ હોય છે, એમ ચિંતવવું તે નિર્જરા ભાવના છે.

**(૧૦) લોક અનુપ્રેક્ષા**—અનંત લોકાલોકની મધ્યમાં ચૌદ રાજુ પ્રમાણ લોક છે. તેનો આકાર તથા તેની સાથે જીવનો નિમિત્તનૈમિત્તિકસંબંધ વિચારવો અને પરમાર્થદૃષ્ટિએ આત્મા પોતે જ પોતાનો લોક છે, માટે પોતે પોતામાં જ જોવું તે લાભદાયક છે; આત્માની અપેક્ષાએ પર વસ્તુ તેનો અલોક છે, માટે આત્માને તેના તરફ લક્ષ કરવાની જરૂર નથી. પોતાના આત્મસ્વરૂપ લોક (દેખવા જાણવારૂપ સ્વભાવમાં) માં સ્થિર થતાં પર વસ્તુઓ જ્ઞાનમાં સહેજે જણાય છે– આવું ચિંતવન કરવું તે લોક અનુપ્રેક્ષા છે; તેનાથી તત્ત્વજ્ઞાનની શુદ્ધિ થાય છે.

આત્મા પોતાના અશુભભાવથી નરક તથા તિર્યંચગતિ પામે છે, શુભભાવથી દેવ તથા મનુષ્યગતિ પામે છે અને શુદ્ધભાવથી મોક્ષ પામે છે–એમ ચિંતવવું તે લોકભાવના છે.

**(૧૧) બોધિદુર્લભ અનુપ્રેક્ષા**—રત્નત્રયરૂપ બોધિ પ્રાપ્તિ કરવામાં ઘણા પુરુષાર્થની જરૂર છે, માટે તે માટેનો પુરુષાર્થ વધારવો અને તેનું ચિંતવન કરવું તે બોધિદુર્લભ અનુપ્રેક્ષા છે.

નિશ્ચયનયે જ્ઞાનમાં હેય ઉપાદેયપણાનો વિકલ્પ નથી, માટે મુનિઓએ સંસારથી વિરક્ત થવાનું ચિંતવન કરવું તે બોધિદુર્લભ ભાવના છે.

**(૧૨) ધર્મ અનુપ્રેક્ષા**—સમ્યગ્ધર્મના યથાર્થ તત્ત્વોનું વારંવાર ચિંતવન કરવું; ધર્મ તે વસ્તુનો સ્વભાવ છે; આત્માનો શુદ્ધસ્વભાવ તે પોતાનો ધર્મ છે તથા આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ અથવા દશલક્ષણરૂપ ધર્મ અથવા સ્વરૂપની હિંસા નહિ કરવારૂપ અહિંસાધર્મ આત્માને ઈષ્ટસ્થાને (સંપૂર્ણ પવિત્રદશાએ) પહોંચાડે છે; ધર્મ જ પરમ રસાયણ છે. ધર્મ જ

ચિંતામણિરત્ન છે, ધર્મ જ કલ્પવૃક્ષ છે, ધર્મ જ કામધેનુ ગાય છે, ધર્મ જ મિત્ર છે, ધર્મ જ સ્વામી છે, ધર્મ જ બંધુ, હિતુ, રક્ષક અને સાથે રહેનારો છે, ધર્મ જ શરણ છે, ધર્મ જ ધન છે, ધર્મ જ અવિનાશી છે, ધર્મ જ સહાયક છે, જિનેશ્વરભગવાને ઉપદેશેલો ધર્મ તે જ ધર્મ છે—એ પ્રકારે ચિંતવન કરવું તે ધર્મ અનુપ્રેક્ષા છે.

નિશ્ચયનયે આત્મા શ્રાવકધર્મ કે મુનિધર્મથી ભિન્ન છે, માટે માધ્યસ્થભાવ અર્થાત્ રાગ-દ્વેષરહિત શુદ્ધાત્માનું ચિંતવન કરવું તે ધર્મભાવના છે.

આ બારે ભેદો નિમિત્ત અપેક્ષાએ છે. ધર્મ તો વીતરાગભાવરૂપ એક જ છે; તેમાં ભેદ પડતાં નથી. જ્યાં રાગ હોય ત્યાં ભેદ પડે છે.

૪. આ બાર ભાવના જ પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના અને સમાધિ છે, માટે નિરંતર અનુપ્રેક્ષાનું ચિંતવન કરવું જોઈએ. (ભાવના અને અનુપ્રેક્ષા એ બંને એકાર્થવાચક છે.)

૫. આ અનુપ્રેક્ષાઓનું ચિંતવન કરવાવાળા જીવો ઉત્તમક્ષમાદિ ધર્મો પાળે છે અને પરિષહોને જીતે છે, તેથી તેનું કથન બંનેની વચ્ચે કરવામાં આવ્યું છે. ૭.

બીજા સૂત્રમાં કહેલા સંવરના છ કારણોમાંથી પહેલા ચાર કારણોનું વર્ણન પૂરું થયું. હવે પાંચમું કારણ પરિષહજય છે, તેનું વર્ણન કરે છે.

## પરિષહ સહન કરવાનો ઉપદેશ

## मार्गाच्यवननिर्जरार्थं परिसोढव्याः परिषहाः ॥८॥

**અર્થ** :—[मार्ग अच्यवन निर्जरार्थं] સંવરના માર્ગથી ચ્યુત ન થવા માટે અને કર્મોની નિર્જરાને માટે [परिसोढव्याः परिषहाः] બાવીસ પરિષહો સહન કરવા યોગ્ય છે. (આ સંવરનું વર્ણન ચાલતું હોવાથી, આ સૂત્રમાં કહેલા 'मार्ग' શબ્દનો અર્થ 'સંવરનો માર્ગ' એમ સમજવો.)

### ટીકા

૧. અહીંથી શરૂ કરીને સત્તરમાં સૂત્ર સુધી પરિષહનું વર્ણન છે. આ વિષયમાં જીવોની ઘણી ભૂલો થાય છે, માટે તે ભૂલો ટાળવા પરિષહજયનું યથાર્થ સ્વરૂપ અહીં જણાવ્યું છે. આ સૂત્રમાં પહેલો શબ્દ 'मार्ग अच्यवन' વાપર્યો છે, તેનો અર્થ 'માર્ગથી ચ્યુત ન થવા માટે' એવો થાય છે. જે જીવ માર્ગથી (સમ્યગ્દર્શનાદિથી) ચ્યુત થઈ જાય તેને સંવર ન થાય પણ બંધ થાય, કેમ કે તેણે પરિષહજય ન કર્યો, પરંતુ પોતે વિકારથી હણાઈ ગયો. હવે પછીના સૂત્ર ૯-૧૦-૧૧ની સાથે આ સૂત્રને મેળવવાની ખાસ જરૂર છે.

૨. દસમા સૂત્રમાં કહ્યું છે, કે દસ–અગિયાર અને બારમા ગુણસ્થાને બાવીસ પરિષહોમાંથી આઠ તો હોતાં જ નથી, એટલે તેને જીતવાપણું નથી અને બાકીના ચૌદ પરિષહ હોય છે, તેથી તે જીતી લે છે એટલે કે ક્ષુધા, તૃષા વગેરે પરિષહોથી તે ગુણસ્થાનવર્તી જીવો હણાતા નથી પણ તેના ઉપર જય મેળવે છે અર્થાત્ તે ગુણસ્થાનોએ ક્ષુધા, તૃષા વગેરે ઉત્પન્ન થવાનાં નિમિત્ત કારણરૂપ કર્મનો ઉદય હોવા છતાં તે નિર્મોહી જીવો તેમાં જોડાતા નથી, તેથી તેમને ક્ષુધા, તૃષા વગેરે સંબંધી વિકલ્પ પણ ઊઠતો નથી; એ રીતે તે પરિષહો ઉપર જીવો સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરે છે. આથી તે ગુણસ્થાને વર્તતા તે જીવોને રોટલા વગેરેનો આહાર, પાણી વગેરે લેવાનું હોતું જ નથી, એવો નિયમ છે.

૩. પરિષહ સંબંધે એ ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ, કે સંક્લેશ રહિત ભાવોથી પરિષહોને જીતી લેવાથી જ સંવર થાય છે. જો દસ–અગીયાર તથા બારમા ગુણસ્થાને ખાવા પીવા વગેરેનો વિકલ્પ આવે તો સંવર કેમ થાય? અને પરિષહજય થયો કેમ કહેવાય? ચૌદે પરિષહો ઉપર જય મેળવવાથી સંવર થાય છે, એમ દસમા સૂત્રમાં કહ્યું છે. સાતમા ગુણસ્થાને જ જીવને ખાવા પીવાનો વિકલ્પ ઊઠતો નથી, કેમ કે ત્યાં નિર્વિકલ્પ દશા છે; ત્યાં અબુદ્ધિપૂર્વક વિકલ્પો હોય છે પણ ખાવા પીવાના વિકલ્પો ત્યાં હોતાં નથી, તેમ જ તે વિકલ્પો સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ રાખનારી આહાર–પાનની ક્રિયા પણ હોતી નથી. તો પછી દસમા ગુણસ્થાને તો કષાય તદ્દન સૂક્ષ્મ થઈ ગયો છે અને અગિયારમા તથા બારમા ગુણસ્થાને તો કષાયનો અભાવ થવાથી નિર્વિકલ્પદશા જામી છે; ત્યાં ખાવા પીવાનો વિકલ્પ હોય જ ક્યાંથી? ખાવા પીવાનો વિકલ્પ અને તેની સાથે નિમિત્તપણે સંબંધ રાખનાર ખાવા પીવાની ક્રિયા તો બુદ્ધિપૂર્વક વિકલ્પદશામાં જ હોય છે; તેથી તે વિકલ્પ અને ક્રિયા તો છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોઈ શકે, પણ તેનાથી ઉપર તે હોતા નથી. આથી દસ–અગીઆર તથા બારમા ગુણસ્થાને તો તે પ્રકારનો વિકલ્પ તથા બાહ્યક્રિયા અશક્ય છે.

૪. દસ–અગિયાર અને બારમા ગુણસ્થાને અજ્ઞાન પરિષહનો જય હોય છે, એમ દસમા સૂત્રમાં કહ્યું છે. તેનું તાત્પર્ય હવે વિચારીએ.

અજ્ઞાન પરિષહનો જય એમ સૂચવે છે, કે ત્યાં હજી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું નથી પણ અપૂર્ણ જ્ઞાન છે અને તેના નિમિત્તરૂપ જ્ઞાનાવરણીયનો ઉદય છે. ઉપર કહેલા ગુણસ્થાનોએ જ્ઞાનાવરણીયનો ઉદય હોવા છતાં જીવને તે સંબંધી લેશમાત્ર આકુળતા નથી. દસમા ગુણસ્થાને સૂક્ષ્મ કષાય છે પણ ત્યાં 'મારું જ્ઞાન ઓછું છે' એવો વિકલ્પ ઊઠતો નથી અને અગિયાર તથા બારમા ગુણસ્થાને તો અકષાયભાવ વર્તે છે, તેથી ત્યાં પણ જ્ઞાનની અપૂર્ણતાનો વિકલ્પ હોઈ શકે નહિ. આ રીતે તેમને અજ્ઞાન (જ્ઞાનની અપૂર્ણતા) હોવા છતાં તેનો પરિષહજય વર્તે છે. એ જ પ્રમાણે તે ગુણસ્થાનોએ અશન–પાનના પરિષહજય સંબંધી સિદ્ધાંત પણ સમજવો.

૫. આ અધ્યાયના ૧૬મા સૂત્રમાં વેદનીયના ઉદયથી ૧૧ પરિષહ કહ્યા છે. તેનાં નામ–૧. ક્ષુધા, ૨. તૃષા, ૩. શીત, ૪. ઉષ્ણ, ૫. દંશમશક, ૬. ચર્યા, ૭. શય્યા, ૮. વધ, ૯. રોગ, ૧૦. તૃણસ્પર્શ અને ૧૧. મળ.

દસ–અગિયાર અને બારમા ગુણસ્થાને જીવને પોતાના સ્વભાવથી જ આ અગિયાર પરિષહોનો જય વર્તે છે.

૬. કર્મનો ઉદય બે પ્રકારે હોય છે; પ્રદેશઉદય અને વિપાકઉદય. જ્યારે જીવ વિકાર કરે ત્યારે તે ઉદયને વિપાકઉદય કહેવાય છે અને જીવ વિકાર ન કરે તો તેને પ્રદેશઉદય કહેવાય છે. આ અધ્યાયમાં સંવર-નિર્જરાનું વર્ણન છે. જીવ જો વિકાર કરે તો તેને પરિષહ જય થાય નહિ અને સંવર-નિર્જરા થાય નહિ. પરિષહજયથી સંવર-નિર્જરા થાય છે. દસ–અગિયાર અને બારમા ગુણસ્થાનોએ અશન–પાનનો પરિષહજય કહ્યો છે, તેથી ત્યાં તે સંબંધી વિકલ્પ કે બાહ્ય ક્રિયા હોતા નથી.

૭. પરિષહજયનું આ સ્વરૂપ તેરમા ગુણસ્થાને બિરાજતાં તીર્થંકર ભગવાન અને સામાન્ય કેવળીઓને પણ લાગુ પડે છે. તેથી તેમને પણ ક્ષુધા, તૃષા વગેરેના ભાવ ઉત્પન્ન થાય જ નહિ અને અશન–પાનની બાહ્યક્રિયા પણ હોય નહિ. જો તે હોય તો પરિષહજય કહેવાય નહિ; પરિષહજય તો સંવર-નિર્જરાનું કારણ છે. જો ક્ષુધા, તૃષા વગેરેના વિકલ્પ હોવા છતાં ક્ષુધા-પરિષહજય તૃષાપરિષહજય વગેરે માનવામાં આવે તો પરિષહજય સંવર–નિર્જરાનું કારણ ઠરશે નહિ.

૮. શ્રી નિયમસારની છઠ્ઠી ગાથામાં ભગવાન શ્રીકુંદકુંદાચાર્યે કહ્યું છે, કે–૧. ક્ષુધા, ૨. તૃષા, ૩. ભય, ૪. રોષ, ૫. રાગ, ૬. મોહ, ૭. ચિંતા, ૮. જરા, ૯. રોગ, ૧૦ મરણ, ૧૧ સ્વેદ, ૧૨. ખેદ, ૧૩. મદ, ૧૪. રતિ, ૧૫ વિસ્મય, ૧૬ નિદ્રા, ૧૭. જન્મ અને ૧૮. ઉદ્વેગ—એ અઢાર મહાદોષ આપ્ત અર્હંત વીતરાગ ભગવાનને હોતા નથી.

૯. ભગવાને ઉપદેશેલા માર્ગથી નહિ ડગતાં તે માર્ગમાં લગાતાર પ્રવર્તન કરવાથી કર્મના દ્વાર બંધ થાય છે અને તેથી સંવર થાય છે, તથા પુરુષાર્થના કારણે નિર્જરા થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે; માટે પરિષહ સહવા યોગ્ય છે.

## ૧૦. પરિષહનું સ્વરૂપ અને તે સંબંધી થતી ભૂલ

પરિષહજયનું સ્વરૂપ ઉપર કહેવાઈ ગયું છે, કે ક્ષુધાદિ લાગતાં તે સંબંધી વિકલ્પ પણ ન ઊઠવો તેનું નામ પરિષહજય છે. ક્ષુધાદિ લાગતાં તેના નાશનો ઉપાય ન કરવો તેને કેટલાક જીવો પરિષહ સહનતા માને છે, પણ તે મિથ્યા છે. ક્ષુધાદિ દૂર કરવાનો ઉપાય ન કર્યો, પરંતુ

અંતરંગમાં તો ક્ષુધાદિ અનિષ્ટ સામગ્રી મળતાં દુઃખી થયો તથા રતિ આદિનું કારણ (-ઈષ્ટ સામગ્રી) મળતાં સુખી થયો. એવા દુઃખ-સુખરૂપ પરિણામ છે તે જ આર્ત્ત-રૌદ્રધ્યાન છે; એ ભાવોથી સંવર કેવી રીતે થાય? અને તેને પરિષહજય કેમ કહેવાય? જો દુઃખના કારણો મળતાં દુઃખી ન થાય તથા સુખના કારણો મળતાં સુખી ન થાય, પણ જ્ઞેયરૂપથી તેનો જાણનાર જ રહે તો જ તે પરિષહજય છે. ૮.

## પરિષહના બાવીસ પ્રકાર

## क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याक्रोशवध-याचनाऽलाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाऽज्ञानादर्शनानि ।।९।।

**અર્થ** :—[क्षुत् पिपासा शीत उष्ण दंशमशक] ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમશક, [नाग्न्य अरति स्त्री चर्या निषद्या शय्या] નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, [आक्रोश वध याचना अलाभ रोग तृणस्पर्श] આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, [मल सत्कारपुरस्कार प्रज्ञा अज्ञान अदर्शनानि] મલ, સત્કારપુસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન— એ બાવીશ પ્રકારના પરિષહ છે.

### ટીકા

૧. આઠમા સૂત્રમાં આપેલા 'परिसोढव्याः' શબ્દનું અવતરણ આ સૂત્રમાં સમજવું; તેથી દરેક બોલની સાથે 'परिसोढव्याः' શબ્દ લાગુ પાડીને અર્થ કરવો, એટલે કે આ સૂત્રમાં કહેલા બાવીશ પરિષહો સહન કરવા યોગ્ય છે. જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ચારિત્રદશા હોય ત્યાં પરિષહનું સહન હોય છે. મુખ્યપણે મુનિદશામાં પરિષહજય હોય છે. અજ્ઞાનીને પરિષહજય હોય જ નહિ, કેમ કે પરિષહજય તે તો સમ્યગ્દર્શનપૂર્વકનો વીતરાગભાવ છે.

૨. અજ્ઞાનીઓ એમ માને છે, કે પરિષહ સહન કરવા તે દુઃખ છે પણ તેમ નથી; 'પરિષહ સહન કરવા' તેનો અર્થ દુઃખ ભોગવવું એમ થતો નથી. કેમ કે જે ભાવથી જીવને દુઃખ થાય તે તો આર્તધ્યાન છે અને તે પાપ છે, તેનાથી અશુભબંધન છે અને અહીં તો સંવરના કારણોનું વર્ણન ચાલે છે. લોકોની દૃષ્ટિએ બાહ્ય સંયોગ ગમે તેવા પ્રતિકૂળ હોય કે અનુકૂળ હોય, તોપણ દ્વેષ કે રાગ ન થવા દેવો, એટલે કે વીતરાગભાવ પ્રગટ કરવો તેનું જ નામ પરિષહજય છે-અર્થાત્ તેને જ પરિષહજય સહન કર્યા કહેવાય છે. જો ઠીક-અઠીકનો વિકલ્પ ઉઠે તો પરિષહ સહન કર્યા કહેવાય નહિ, પણ રાગ-દ્વેષ કર્યો કહેવાય; રાગ-દ્વેષથી કદી સંવર થાય જ નહિ પણ બંધ થાય. માટે જેટલે અંશે વીતરાગતા છે તેટલે અંશે પરિષહજય

છે, એમ સમજવું અને આ પરિષહજય સુખ-શાંતિરૂપ છે. લોકો પરિષહજયને દુઃખ કહે છે, તે મિથ્યા છે. વળી પાર્શ્વનાથ ભગવાને અને મહાવીર ભગવાને પરિષહના ઘણા દુઃખ ભોગવ્યાં– એમ અજ્ઞાનીઓ માને છે; પરંતુ ભગવાન તો પોતાના શુદ્ધોપયોગ વડે આત્માનુભવમાં સ્થિર હતા અને પોતાના આત્માનુભવના શાંતરસમાં ઝૂલતા હતા–લીન હતા, તેનું જ નામ પરિષહજય છે. જો તે પ્રસંગે ભગવાનને દુઃખ થયું હોત તો તે દ્વેષ છે અને દ્વેષથી બંધ થાત, પણ સંવર-નિર્જરા થાત નહિ. લોકો જેને પ્રતિકૂળ ગણે છે એવા સંયોગોમાં પણ ભગવાન પોતાના સ્વરૂપમાંથી ચ્યુત થયા ન હતા, તેથી તેમને દુઃખ ન હતું પણ સુખ હતું અને તેનાથી તેમને સંવર-નિર્જરા થયા હતા. એ ધ્યાન રાખવું કે ખરેખર કોઈ પણ સંયોગો અનુકૂળ કે પ્રતિકૂળરૂપ નથી, પણ જીવ પોતે જે પ્રકારના ભાવ કરે છે તેવો તેમાં આરોપ કરવામાં આવે છે અને તેથી લોકો તેને અનુકૂળસંયોગ કે પ્રતિકૂળસંયોગ કહે છે.

## ૩. બાવીશ પરિષહજયનું સ્વરૂપ

**(૧) ક્ષુધા**–ક્ષુધાપરિષહ સહન કરવા યોગ્ય છે; સાધુનું ભોજન તો ગૃહસ્થો ઉપર જ નિર્ભર છે, ભોજન માટે કોઈ વસ્તુ તેમની પાસે હોતી નથી. તેઓ કોઈ પાત્રમાં ભોજન કરતા નથી પણ પોતાના હાથમાં જ ભોજન કરે છે; તેમને શરીર ઉપર વસ્ત્રાદિક પણ હોતાં નથી, એક શરીર માત્ર ઉપકરણ છે. વળી અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન વગેરે તપ કરતાં બે દિવસ, ચાર દિવસ, આઠ દિવસ, પક્ષ, માસ વગેરે વ્યતીત થઈ જાય છે; અને શુદ્ધ નિર્દોષ આહાર અંતરાય રહિત, યોગ્ય કાળમાં, યોગ્ય ક્ષેત્રમાં ન મળે તો તેઓ ભિક્ષા ગ્રહણ કરતા નથી અને ચિત્તમાં કાંઈ પણ વિષાદ કે ખેદ કરતા નથી પણ ધૈર્ય ધારણ કરે છે. આ રીતે ક્ષુધારૂપી અગ્નિ પ્રજ્વલિત થવા છતાં પણ ધૈર્યરૂપી જળથી તેને શાંત કરી દે છે અને રાગ-દ્વેષ કરતા નથી, એવા મુનિઓને ક્ષુધાપરિષહનું સહન કરવું હોય છે.

અસાતાવેદનીયકર્મની ઉદીરણા હોય ત્યારે જ ક્ષુધા ઉપજે છે અને તે વેદનીયકર્મની ઉદીરણા છટ્ઠા ગુણસ્થાન સુધી જ હોય છે, તેના ઉપરના ગુણસ્થાનોએ હોતી નથી. છટ્ઠા ગુણસ્થાનમાં વર્તતા મુનિને ક્ષુધા ઉપજવા છતાં તેઓ આકુળતા કરતા નથી અને આહાર લેતા નથી, પણ ધૈર્યરૂપી જળથી તે ક્ષુધાને શાંત કરે છે ત્યારે તેમણે પરિષહજય કર્યો કહેવાય છે. છટ્ઠા ગુણસ્થાને વર્તતા મુનિને પણ એટલો પુરુષાર્થ હોય છે, કે જો યોગ્ય વખતે નિર્દોષ ભોજનનો યોગ ન બને તો આહારનો વિકલ્પ તોડીને નિર્વિકલ્પ દશામાં લીન થાય છે ત્યારે તેમને પરિષહજય કહેવાય છે.

**(૨) તૃષા** :—પિપાસા (તૃષા)ને ધૈર્યરૂપી જળથી શાંત કરવી તે તૃષા પરિષહજય છે.

**(૩) શીત** :—શીત (ઠંડી) ને શાંતભાવે અર્થાત્ વીતરાગભાવે સહન કરવી તે શીત પરિષહજય છે.

**(૪) ઉષ્ણ** :—ગરમીને શાંતભાવે સહન કરવી અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપ કરવી તે ઉષ્ણપરિષહજય છે.

**(૫) દંશમશક** :—ડાંસ, મચ્છર, કીડી, વીંછી વગેરે કરડે ત્યારે શાંતભાવ રાખવો તે દંશમશકપરિષહજય છે.

**(૬) નાગ્ન્ય** :—નગ્ન રહેવા છતાં પોતામાં કોઈ પ્રકારનો વિકાર ન થવા દેવો તે નાગ્ન્યપરિષહજય છે. પ્રતિકૂળ પ્રસંગ આવતાં વસ્ત્રાદિ પહેરી લેવાં તે નાગ્ન્ય પરિષહ નથી, પણ એ તો માર્ગથી જ ચ્યુતપણું છે અને પરિષહ તો માર્ગથી ચ્યુત ન થવું તે છે.

**(૭) અરતિ** :—અરતિનું કારણ ઉપસ્થિત થવા છતાં પણ સંયમમાં અરતિ ન કરવી તે અરતિપરિષહજય છે.

**(૮) સ્ત્રી** :—સ્ત્રીઓના હાવભાવ પ્રદર્શન વગેરે ચેષ્ટાને શાંતભાવે સહન કરવી અર્થાત્ તે દેખીને મોહિત ન થવું તે સ્ત્રી પરિષહજય છે.

**(૯) ચર્યા** :—ગમન કરતાં ખેદખિન્ન ન થવું તે ચર્યાપરિષહજય છે.

**(૧૦) નિષદ્યા** :—ધ્યાનને માટે નિયમિત કાળ સુધી આસનથી ચ્યુત ન થવું તે નિષદ્યાપરિષહજય છે.

**(૧૧) શય્યા** :—વિષમ, કઠોર, કાંકરીવાળા સ્થાનોમાં એક પડખે નિદ્રા લેવી અને અનેક ઉપસર્ગ આવવા છતાં પણ શરીરને ચલાયમાન ન કરવું તે શય્યાપરિષહજય છે.

**(૧૨) આક્રોશ** :—દુષ્ટ જીવો દ્વારા કહેવાયેલા કઠોર શબ્દોને શાંતભાવે સહી લેવા તે આક્રોશપરિષહજય છે.

**(૧૩) વધ** :—તલવાર વગેરેથી શરીર પર પ્રહાર કરવાવાળા પ્રત્યે પણ ક્રોધ ન કરવો તે વધ પરિષહજય છે.

**(૧૪) યાચના** :—પોતાના પ્રાણોનો વિયોગ થવાનો સંભવ હોય, તોપણ આહારાદિની યાચના ન કરવી તે યાચના પરિષહજય છે.

**નોંધ** :—યાચના કરવી તેનું નામ યાચના પરિષહજય નથી પણ યાચના ન કરવી તેનું નામ યાચનાપરિષહજય છે. જેમ અરતિ કરવાનું નામ અરતિપરિષહ નથી, પણ અરતિ ન કરવી તે અરતિપરિષહજય છે, તેમ યાચનામાં પણ સમજવું. જો યાચના કરવી તે પરિષહજય હોય તો, રંક વગેરે ઘણી યાચના કરે છે, તેથી તેમને ઘણો

ધર્મ થાય માટે તેમ નથી. કોઈ કહે છે કે 'યાચના કરી તેમાં માન ઘટાડવાથી પરિષહજય કહીએ છીએ' તે પણ યથાર્થ નથી, કેમ કે કોઈ પ્રકારના તીવ્રકષાયી કાર્યને અર્થે કોઈ પ્રકારનો કષાય છોડે તોપણ તે પાપી જ છે; જેમ કોઈ લોભ અર્થે પોતાના અપમાનને ન ગણે તો તેને લોભની અતિ તીવ્રતા જ છે, તેથી એ અપમાન કરાવવાથી પણ મહાપાપ થાય છે; તથા પોતાને કાંઈ પણ ઈચ્છા નથી અને કોઈ સ્વયં અપમાન કરે તો તે સહન કરનારને મહાધર્મ થાય છે. ભોજનના લોભથી યાચના કરીને અપમાન કરાવવું તે તો પાપ જ છે, ધર્મ નથી. વળી વસ્ત્રાદિક માટે યાચના કરવી તે પાપ છે, ધર્મ નથી, (મુનિને તો વસ્ત્ર હોતાં જ નથી) કેમ કે વસ્ત્રાદિ કાંઈ ધર્મનું અંગ નથી, તે તો શરીરસુખનું કારણ છે, તેથી તેની યાચના કરવી તે યાચનાપરિષહજય નથી પણ યાચનાદોષ છે. માટે યાચનાનો નિષેધ છે, એમ જાણવું.

યાચના તો ધર્મરૂપ ઉચ્ચ પદને નીચું કરે છે અને યાચના કરવાથી ધર્મની હીનતા થાય છે.

**(૧૫) અલાભ** :—આહારાદિ પ્રાપ્ત ન થવા છતાં સંતોષ ધારણ કરવો તે અલાભપરિષહજય છે.

**(૧૬) રોગ** :—શરીરમાં અનેક રોગ થવા છતાં શાંતભાવથી તે સહન કરી લેવા તે રોગપરિષહજય છે.

**(૧૭) તૃણસ્પર્શ** :–ચાલતી વખતે પગમાં તૃણ, કાંટો, કાંકરી વગેરે લાગતાં કે સ્પર્શ થતાં આકુળતા ન કરવી તે તૃણસ્પર્શપરિષહજય છે.

**(૧૮) મલ** :—મલિન શરીર દેખીને ગ્લાનિ ન કરવી તે મલપરિષહજય છે.

**(૧૯) સત્કારપુરસ્કાર** :—પોતામાં ગુણોની અધિકતા હોવા છતાં પણ જો કોઈ સત્કારપુરસ્કાર ન કરે તો ચિત્તમાં કલુષતા ન કરવી તે સત્કારપુરસ્કાર પરિષહજય છે. (પ્રશંસા તે સત્કાર છે અને કોઈ સારા કાર્યમાં મુખી બનાવવા તે પુરસ્કાર છે.)

**(૨૦) પ્રજ્ઞા** :—જ્ઞાનની અધિકતા હોવા છતાં પણ માન ન કરવું તે પ્રજ્ઞાપરિષહજય છે.

**(૨૧) અજ્ઞાન** :—જ્ઞાનાદિકની હીનતા હોય ત્યારે લોકો દ્વારા કરવામાં આવતો તિરસ્કાર શાંતભાવથી સહન કરી લેવો અને પોતે પણ પોતાના જ્ઞાનની હીનતાનો ખેદ ન કરવો તે અજ્ઞાનપરિષહજય છે.

**(૨૨) અદર્શન** :—ઘણા વખત સુધી કઠોર તપશ્ચર્યા કરવા છતાં પણ મને અવધિજ્ઞાન તથા ચારણઋદ્ધિ વગેરેની પ્રાપ્તિ ન થઈ, માટે તપશ્ચર્યા વગેરે ધારણ કરવાં વ્યર્થ છે– એવો અશ્રદ્ધાનો ભાવ ન થવા દેવો તે અદર્શન પરિષહજય છે.

આ બાવીશ પરિષહોને આકુળતારહિત જીતી લેવાથી સંવર-નિર્જરા થાય છે.

## ૪. આ સૂત્રનો સિદ્ધાંત

પરદ્રવ્ય અર્થાત્ જડ કર્મનો ઉદય કે શરીરાદિ નોકર્મનો સંયોગ–વિયોગ જીવને કાંઈ વિક્રિયા (વિકાર) કરી શકતા નથી, એ સિદ્ધાંત આ સૂત્રમાં પ્રતિપાદન કર્યો છે. તે કઈ રીતે પ્રતિપાદન થાય છે, તે કહેવામાં આવે છે—

(૧) ક્ષુધા અને તૃષા એ નોકર્મરૂપ શરીરની અવસ્થા છે; તે જીવ અવસ્થા ગમે તેવી થાય તોપણ જીવને કાંઈ કરી શકે નહિ. જીવ જો શરીરની અવસ્થાને જ્ઞેય તરીકે જાણે–તેમાં રાગાદિ ન કરે તો તેને શુદ્ધતા પ્રગટે છે અને જો તે વખતે રાગ-દ્વેષ કરે તો અશુદ્ધતા પ્રગટે છે. જો જીવ શુદ્ધ અવસ્થા પ્રગટ કરે તો પરિષહજય કહેવાય તથા સંવર-નિર્જરા થાય અને જો તે અશુદ્ધ અવસ્થા પ્રગટ કરે તો બંધ થાય. શુદ્ધ અવસ્થા સમ્યગ્દૃષ્ટિ જીવો જ પ્રગટ કરી શકે, મિથ્યાદૃષ્ટિને શુદ્ધ અવસ્થા હોય નહિ, તેથી તેને પરિષહજય પણ હોય નહિ.

(૨) સમ્યગ્દૃષ્ટિઓને નીચલી અવસ્થામાં ચારિત્ર મિશ્રભાવે હોય છે અર્થાત્ અંશે શુદ્ધતા અને અંશે અશુદ્ધતા હોય છે. જેટલે અંશે શુદ્ધતા થાય છે તેટલે અંશે સંવર-નિર્જરા છે અને તે ખરું ચારિત્ર છે અને જેટલે અંશે અશુદ્ધતા છે તેટલે અંશે બંધ છે. અસાતાવેદનીયનો ઉદય જીવને કાંઈ વિક્રિયા ઉત્પન્ન કરતો નથી. કર્મનો ઉદય કે નોકર્મનો પ્રતિકૂળ સંયોગ જીવને વિક્રિયા કરાવતાં નથી. *(જુઓ, સમયસાર ગાથા ૩૭૨ થી ૩૮૨, પા. ૪૩૫ થી ૪૪૪)*

(૩) શીત અને ઉષ્ણ એ બંને શરીર સાથે સંબંધ રાખનાર બાહ્ય જડ દ્રવ્યોની અવસ્થા છે અને દંશમશક તે શરીરની સાથે સંબંધ રાખનારા જીવ–પુદ્ગલના પિંડરૂપ તિર્યંચાદિ જીવોના નિમિત્તે થતી શરીરની અવસ્થા છે; તે સંયોગ કે શરીરની અવસ્થા જીવને દોષનું કારણ નથી, પણ શરીર પ્રત્યે પોતાનો મમત્વ ભાવ તે જ દોષનું કારણ છે. શરીર વગેરે તો પરદ્રવ્યો છે અને તેઓ જીવને વિક્રિયા ઉપજાવી શકતાં નથી, એટલે કે તે પરદ્રવ્યો જીવને લાભ કે નુકશાન [–ગુણ કે દોષ] ઉપજાવી શકતાં નથી. જો તે પરદ્રવ્યો જીવને કાંઈ કરતાં હોય તો જીવ કદી મુક્ત થઈ શકે જ નહિ.

(૪) નાગ્ન્ય એટલે નગ્નપણું, તે શરીરની અવસ્થા છે. શરીર તે અનંત જડ પરદ્રવ્યનો સ્કંધ છે. એક રજકણ બીજા રજકણને કાંઈ કરી શકે નહિ, તેમ જ રજકણો જીવને કાંઈ

કરી શકે નહિ, છતાં જીવ વિકાર કરે તો તે તેની પોતાની અસાવધાની છે. તે અસાવધાની ન થવા દેવી તે પરિષહજય છે. ચારિત્રમોહનો ઉદય જીવને વિક્રિયા કરાવી શકે નહિ, કેમ કે તે પણ પરદ્રવ્ય છે.

(૫) અરતિ એટલે દ્વેષ; અરતિના નિમિત્તરૂપ ગણાતાં કાર્યો ઉપસ્થિત હોય તો તે જીવને અરતિ ઉપજાવી શકતાં નથી, કેમ કે તે તો નોકર્મરૂપ પરદ્રવ્ય છે. જીવ પોતે વિકારી લાગણી કરે ત્યારે ચારિત્રમોહનીયકર્મનો જે ઉદય હોય છે, તે પણ જડદ્રવ્યોનો સ્કંધ છે, તે જીવને કાંઈ વિક્રિયા કરાવતો નથી.

(૬) આ જ નિયમ સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કાર-પુરસ્કાર એ પાંચ પરિષહોમાં પણ લાગુ પડે છે.

(૭) પ્રજ્ઞાપરિષહ કહ્યો છે, ત્યાં એમ સમજવું કે પ્રજ્ઞા તો જ્ઞાનની દશા છે; તે કાંઈ દોષનું કારણ નથી પણ જીવને જ્ઞાનનો અપૂર્ણ ઉઘાડ હોય ત્યારે જ્ઞાનાવરણીયનો ઉદય પણ હોય છે અને તે વખતે જીવ જો મોહમાં જોડાય તો જીવમાં પોતાના કારણે વિકાર થાય છે; માટે અહીં 'પ્રજ્ઞા'નો અર્થ માત્ર 'જ્ઞાન' નહિ કરતાં 'જ્ઞાનમાં થતો મદ' એમ કરવો. પ્રજ્ઞા શબ્દ તો અહીં ઉપચારથી વાપર્યો છે પણ તેના નિશ્ચય અર્થમાં તે વાપર્યો નથી, એમ સમજવું. બીજા પરિષહો સંબંધમાં કહેલી બધી બાબતો પણ અહીં લાગુ પડે છે.

(૮) અજ્ઞાન તે જ્ઞાનની ગેરહાજરી છે, તે જ્ઞાનની ગેરહાજરી કાંઈ બંધનું કારણ નથી, પણ તે ગેરહાજરીને નિમિત્ત બનાવીને જીવ મોહ કરે તો જીવમાં વિકાર થાય છે. અજ્ઞાન તો જ્ઞાનાવરણીય કર્મના ઉદયની હાજરી બતાવે છે. પરદ્રવ્ય બંધનું કારણ નથી, પણ પોતાનો દોષ બંધનું કારણ છે. જીવ જેટલો મોહ-રાગ-દ્વેષ કરે તેટલો બંધ થાય છે. સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વમોહ હોતો નથી, પણ ચારિત્રની અસ્થિરતાથી રાગ-દ્વેષ હોય છે. જેટલે અંશે તે રાગ-દ્વેષને તોડે તેટલા અંશે પરિષહજય કહેવાય છે.

(૯) અલાભ અને અદર્શન એ બે પરિષહોમાં પણ ઉપર પ્રમાણે સમજવું, ફેર માત્ર એટલો છે કે અદર્શન તે દર્શનમોહના ઉદયની હાજરી બતાવે છે અને અલાભ તે અંતરાયકર્મના ઉદયની હાજરી બતાવે છે. કર્મનો ઉદય, અદર્શન કે અલાભ તે કોઈ બંધના કારણો નથી. અલાભ એ તે પરદ્રવ્યનો વિયોગ (અભાવ) સૂચવે છે, તે કાંઈ જીવને વિક્રિયા કરી શકે નહિ, માટે તે બંધનું કારણ નથી.

(૧૦) ચર્યા, શય્યા વધ, રોગ, તૃષ્ણા, સ્પર્શ અને મલ એ છએ શરીર અને તેની સાથે સંબંધ રાખનારા પરદ્રવ્યોની અવસ્થા છે. તે માત્ર વેદનીયનો ઉદય સૂચવે છે, પણ તે કોઈ પણ જીવને વિક્રિયા ઉત્પન્ન કરી શકતાં નથી. ૯.

બાવીશ પરિષહોનું વર્ણન કર્યું. તેમાંથી ક્યા ગુણસ્થાને કેટલા પરિષહો હોય છે, તેનું વર્ણન હવે કરે છે.

## દસમાથી બારમા ગુણસ્થાન સુધીના પરિષહો

## सूक्ष्मसांपरायछद्मस्थवीतरागयोश्चतुर्दश ॥१०॥

**અર્થ** :—[सूक्ष्मसांपराय] સૂક્ષ્મ સાંપરાયવાળા જીવો [च] અને [छद्मस्थवीतरागयोः चतुर्दश] છદ્મસ્થ વીતરાગોને ચૌદ પરિષહ હોય છે.

### ટીકા

મોહ અને યોગના નિમિત્તે થતા આત્મપરિણામોની તારતમ્યતાને ગુણસ્થાન કહે છે; તે ચૌદ છે, સૂક્ષ્મસાંપરાય તે દસમું ગુણસ્થાન છે અને છદ્મસ્થ વીતરાગીપણું અગિયાર તથા બારમા ગુણસ્થાને હોય છે; આ ત્રણ ગુણસ્થાને ચૌદ પરિષહ હોય છે. તે આ પ્રમાણે ૧. ક્ષુધા; ૨. તૃષા; ૩. શીત; ૪. ઉષ્ણ; ૫. દંશમશક; ૬. ચર્યા; ૭. શય્યા; ૮ વધ; ૯. અલાભ; ૧૦. રોગ; ૧૧. તૃણસ્પર્શ; ૧૨. મલ; ૧૩. પ્રજ્ઞા અને ૧૪. અજ્ઞાન. આ સિવાયના ૧. નગ્નતા; ૨. સંયમમાં અપ્રીતિ (–અરતિ); ૩. સ્ત્રીઅવલોકન—સ્પર્શ; ૪. આસન (નિષદ્યા); ૫. દુર્વચન (-આક્રોશ); ૬. યાચના; ૭. સત્કારપુરસ્કાર અને ૮. અદર્શન એ આઠ મોહકર્મજનિત પરિષહો ત્યાં હોતા નથી.

૨. **પ્રશ્ન** :—દશમા સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાને તો લોભકષાયનો ઉદય છે, તો પછી ત્યાં આઠ પરિષહો કેમ નથી?

**ઉત્તર** :—સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાને મોહનો ઉદય અત્યંત અલ્પ છે અર્થાત્ નામમાત્ર છે, તેથી ત્યાં ઉપર કહેલા ચૌદ પરિષહનો સદ્‌ભાવ અને બાકીના આઠ પરિષહનો અભાવ કહ્યો તે યુક્ત છે; કેમ કે તે ગુણસ્થાને એકલા સંજ્વલન લોભકષાયનો ઉદય છે અને તે પણ ઘણો અલ્પ છે–કહેવા માત્ર છે; તેથી સૂક્ષ્મસાંપરાય અને વીતરાગી છદ્મસ્થની તુલ્યતા ગણીને ચૌદ પરિષહ કહ્યા છે; તે નિયમ બરાબર છે.

૩. **પ્રશ્ન** :—અગિયારમાં અને બારમા ગુણસ્થાને મોહકર્મના ઉદયનો અભાવ છે તથા દસમા ગુણસ્થાને તે અતિ સૂક્ષ્મ છે, તેથી તે જીવોને ક્ષુધા, તૃષાદિ ચૌદે પ્રકારની વેદના હોતી નથી, તો પછી એ ગુણસ્થાનોમાં પરિષહ વિદ્યમાન છે, એમ કેમ કહ્યું?

**ઉત્તર** :—ત્યાં વેદના નથી એ તો ખરું છે, પણ સામર્થ્ય (શક્તિ) અપેક્ષાએ ત્યાં ચૌદ પરિષહોનું વિદ્યમાનપણું કહેવું તે યુક્ત છે. જેમ સર્વાર્થસિદ્ધિ વિમાનના દેવોને સાતમી નરકમાં

જવાનું સામર્થ્ય છે, પણ તે દેવોને ત્યાં જવાનું પ્રયોજન નથી, તેમ જ તેવો રાગભાવ નથી, તેથી ગમન નથી; તેમ દસ, અગિયાર અને બારમા ગુણસ્થાનોમાં ચૌદે પરિષહોનું કથન ઉપચારથી કહ્યું છે.

**પ્રશ્ન** :—આ સૂત્રમાં નય વિભાગ કઈ રીતે લાગુ પડે છે?

**ઉત્તર** :—નિશ્ચયનયે કોઈ પણ પરિષહ દસ, અગિયાર કે બારમા ગુણસ્થાને નથી, પણ વ્યવહારનયે ત્યાં ચૌદ પરિષહ છે; વ્યવહારનયે છે એટલે કે ખરેખર તેમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ તે ઉપચાર કર્યો છે–એમ સમજવું. એ પ્રમાણે જાણવાથી જ બંને નયોનું ગ્રહણ થાય છે પણ બંને નયોના જ્ઞાનને સમાન સત્યાર્થ જાણી 'આ પ્રમાણે પણ છે અને આ પ્રમાણે પણ છે' અર્થાત્ ત્યાં પરિષહો છે એ પણ ખરું અને નથી એ પણ ખરું, એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયોનું ગ્રહણ થતું નથી. (જુઓ મોક્ષમાર્ગપ્રકાશક પા. ૨૫૬) સારાંશ એ છે, કે તે ગુણસ્થાનોએ ખરેખર કોઈ પણ પરિષહ હોતા નથી, માત્ર તે ચૌદ પ્રકારના વેદનીય કર્મના મંદ ઉદય છે, એટલું બતાવવા માટે ઉપચારથી ત્યાં પરિષહ કહ્યા છે. પણ જીવ ત્યાં તે ઉદયથી જોડાઈ દુઃખી થાય છે અથવા તેને વેદના થાય છે. એમ માનવું તે અસત્ય છે. ૧૦.

## તેરમા ગુણસ્થાનના પરિષહો

## एकादशजिने ॥११॥

**અર્થ** :—[जिने] તેરમા ગુણસ્થાને જિનેન્દ્રદેવને [एकादश] ઉપર લખેલા ચૌદમાંથી અલાભ, પ્રજ્ઞા અને અજ્ઞાન, એ ત્રણ છોડીને બાકીના અગિયાર પરિષહો હોય છે.

### ૧. ટીકા

જોકે મોહનીયકર્મનો ઉદય નહિ હોવાથી ભગવાનને ક્ષુધાદિકની વેદના હોતી નથી, તેથી તેમને પરિષહો પણ હોતા નથી; તોપણ તે પરિષહોના નિમિત્તકારણરૂપ વેદનીયકર્મનો ઉદય વર્તતો હોવાથી ત્યાં પણ ઉપચારથી અગિયાર પરિષહો કહ્યા છે. ખરેખર તેમને એક પણ પરિષહ નથી.

૨. **પ્રશ્ન** :–મોહકર્મના ઉદયની સહાયતાના અભાવે ભગવાનને ક્ષુધા વગેરેની વેદના નથી, છતાં અહીં તે પરિષહ કેમ કહ્યા છે?

**ઉત્તર** :–ભગવાનને ક્ષુધાદિ વેદના નથી એ તો ખરું છે, પણ મોહકર્મજનિત વેદના ન હોવા છતાં દ્રવ્યકર્મનું વિદ્યમાનપણું બતાવવા માટે ત્યાં ઉપચારથી પરિષહ કહેવામાં આવ્યા

છે. જેમ સમસ્ત જ્ઞાનાવરણ નષ્ટ થવાથી યુગપત્ સમસ્ત વસ્તુઓને જાણવાવાળા કેવળજ્ઞાનના પ્રભાવથી તેમને ચિંતા નિરોધરૂપ ધ્યાનનો અસંભવ હોવા છતાં, ધ્યાનનું ફળ જે શેષ કર્મોની નિર્જરા તેનું વિદ્યમાનપણું બતાવવા માટે ત્યાં ઉપચારથી ધ્યાન જણાવ્યું છે, તેમ ત્યાં આ પરિષહો પણ ઉપચારથી જણાવ્યા છે.

૨. **પ્રશ્ન** :–આ સૂત્રમાં નયવિભાગ કઈ રીતે લાગુ પડે છે?

**ઉત્તર** :–તેરમા ગુણસ્થાને અગિયાર પરિષહ કહેવા તે વ્યવહારનય છે. વ્યવહારનયનો અર્થ કરવાની રીત એ છે, કે—'ખરેખર તેમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ તે ઉપચાર કર્યો છે.' નિશ્ચયનયે કેવળી ભગવાનને તેરમા ગુણસ્થાને પરિષહ હોતા નથી.

**પ્રશ્ન** :–વ્યવહારનયનું દૃષ્ટાંત શું છે અને તે અહીં કઈ રીતે લાગુ પડે છે?

**ઉત્તર** :–'ઘીનો ઘડો' એ વ્યવહારનયનું કથન છે, તેનો અર્થ એવો છે કે ઘડો છે તે માટીમય છે, ઘીમય નથી' (જુઓ, શ્રી સમયસાર, ગાથા ૬૭ તથા કળશ ૪૦. પા. ૯૬-૯૭); તેમ 'જિનને અગિયાર પરિષહો છે' એ વ્યવહારનયનું કથન છે, તેનો અર્થ એવો છે કે 'જિન અનંત પુરુષાર્થમય છે, પરિષહના દુઃખમય નથી;' નિમિત્તરૂપ પરદ્રવ્યની હાજરીનું જ્ઞાન કરાવવા માટે 'પરિષહ છે' એમ કથન કર્યું છે, પરંતુ વીતરાગને દુઃખ કે વેદના છે એમ તે કથનથી સમજવું નહિ. જો વીતરાગને દુઃખ કે વેદના છે એવો તે કથનનો અર્થ માનવામાં આવે તો, વ્યવહારનયના કથનનો અર્થ નિશ્ચયનયના કથન મુજબ જ કર્યો અને તેવો અર્થ કરવો, તે મહાન ભ્રમણા છે—અજ્ઞાન છે.

*(જુઓ, શ્રી સમયસાર ગાથા ૩૨૪ થી ૩૨૭ પા. ૩૯૨ થી ૩૯૫)*

**પ્રશ્ન** :—આ શાસ્ત્રમાં, આ સૂત્રમાં 'જિનને અગિયાર પરિષહ છે' એવું કથન કર્યું તે વ્યવહારનયનું કથન નિમિત્ત બતાવવા માટે છે—એમ કહ્યું, તો આ સંબંધી નિશ્ચયનયનું કથન ક્યા શાસ્ત્રમાં છે?

**ઉત્તર** :—શ્રી નિયમસારજી ગાથા ૬. પા. ૯ માં કહ્યું છે, કે વીતરાગભગવાન તેરમા ગુણસ્થાને હોય ત્યારે તેમને અઢાર મહાદોષો હોતા નથી. તે દોષો આ પ્રમાણે છે—૧. ક્ષુધા, ૨. તૃષા, ૩. ભય, ૪. ક્રોધ, ૫. રાગ, ૬. મોહ, ૭. ચિંતા, ૮. જરા, ૯. રોગ, ૧૦. મૃત્યુ, ૧૧. પરસેવો, ૧૨. ખેદ, ૧૩. મદ, ૧૪ રતિ, ૧૫. આશ્ચર્ય, ૧૬. નિદ્રા, ૧૭. જન્મ, ૧૮. આકુળતા.

આ કથન નિશ્ચયનયનું છે અર્થાત્ તે યથાર્થ સ્વરૂપ છે.

## ૪. કેવળી ભગવાનને આહાર ન હોય તે સંબંધી કેટલાક ખુલાસા

(૧) આ સૂત્રમાં કહેલા પરિષહોની વેદના ભગવાનને ખરેખર થાય છે, એમ માનવામાં આવે તો ઘણા દોષ આવે છે. જો ક્ષુધાદિક હોય તો આકુળતા થાય અને આકુળતા હોય તો પછી ભગવાનને અનંત સુખ કેમ બને? અહીં જો કોઈ એમ કહે, કે શરીરમાં ભૂખ લાગે છે, તેથી આહાર લે છે પણ આત્મા તદ્રૂપ થતો નથી, તો તેનો ખુલાસો એમ છે, કે જો આત્મા તદ્રૂપ થતો નથી, તો ક્ષુધાદિક મટવાના ઉપાયરૂપ આહારાદિનું ગ્રહણ કર્યું, એમ શા માટે કહો છો? જો ક્ષુધાદિક વડે પીડિત થાય તો જ આહાર ગ્રહણ કરે. વળી જો એમ માનવામાં આવે કે-જેમ કર્મોદયથી વિહાર થાય છે તેમ આહાર ગ્રહણ પણ થાય છે, તો તે પણ બરાબર નથી, કેમ કે વિહાર તો વિહાયોગતિ નામના નામકર્મના ઉદયથી થાય છે, તથા તે પીડાનું કારણ નથી અને ઈચ્છા વિના પણ કોઈ જીવને થતો જોવામાં આવે છે; પરંતુ આહાર ગ્રહણ તો પ્રકૃતિના ઉદયથી નથી પણ ક્ષુધા વડે પીડિત થાય ત્યારે જ જીવ તે ગ્રહણ કરે છે. વળી આત્મા પવનાદિકને પ્રેરવાનો ભાવ કરે ત્યારે જ આહારનું ગળી જવું થાય છે, માટે વિહારવત આહાર સંભવતો નથી. અર્થાત્ કેવળી ભગવાનને વિહાર તો સંભવે છે પણ આહાર સંભવતો નથી.

(૨) જો એમ કહેવામાં આવે, કે—કેવળી ભગવાનને સાતાવેદનીય કર્મના ઉદયથી આહારનું ગ્રહણ થાય છે તો એમ પણ બનતું નથી, કારણ કે જીવ ક્ષુધાદિ વડે પીડિત હોય અને આહારાદિક ગ્રહણથી સુખ માને તેને આહારાદિ સાતાના ઉદયથી થયા કહી શકાય, સાતાવેદનીયના ઉદયથી આહારાદિનું ગ્રહણ સ્વયં તો થતું નથી, કેમ કે જો તેમ હોય તો દેવોને તો સાતાવેદનીયનો મુખ્ય ઉદય વર્તે છે છતાં તેઓ નિરંતર આહાર કેમ કરતા નથી? વળી મહામુનિ ઉપવાસાદિ કરે છે, તેમને સાતાનો ઉદય પણ હોય છે છતાં આહારનું ગ્રહણ નથી અને નિરંતર ભોજન કરવાવાળાને પણ અસાતાનો ઉદય સંભવે છે. માટે કેવળી ભગવાનને ઈચ્છા વગર પણ જેમ વિહાયોગતિના ઉદયથી વિહાર સંભવે છે તેમ ઈચ્છા વગર કેવળ સાતાવેદનીયકર્મના ઉદયથી જ આહારગ્રહણ સંભવતું નથી.

(૩) વળી કોઈ એમ કહે, કે—સિદ્ધાંતમાં કેવળીને ક્ષુધાદિક અગિયાર પરિષહ કહ્યા છે, તેથી તેમને ક્ષુધાનો સદ્‌ભાવ સંભવે છે અને આહાર વિના તે ક્ષુધા ઉપશાંત કેવી રીતે થાય? માટે તેમને આહારાદિક પણ માનવા જોઈએ. તેનું સમાધાન—કર્મપ્રકૃતિઓનો ઉદય મંદ-તીવ્ર ભેદસહિત હોય છે. તે અતિ મંદ થતાં તેના ઉદયજનિત કાર્યની વ્યક્તતા ભાસતી નથી; તેથી મુખ્યપણે તેનો અભાવ કહેવામાં આવે છે, પણ તારતમ્યપણે તેનો સદ્‌ભાવ કહેવામાં આવે છે. જેમ નવમા ગુણસ્થાનમાં વેદાદિકનો મંદ ઉદય છે; ત્યાં મૈથુનાદિક ક્રિયા વ્યક્ત નથી, તેથી ત્યાં સદ્‌ભાવ કહેવાય છે. તેમ કેવળીભગવાને અસાતાનો ઉદય અતિ મંદ છે, તેના ઉદયમાં

એવી ક્ષુધા થતી નથી કે જે શરીરને ક્ષીણ કરે; વળી મોહના અભાવથી ક્ષુધાજનિત દુઃખ પણ નથી અને તેથી આહાર લેવાપણું નથી. માટે કેવળીભગવાનને ક્ષુધાદિકનો અભાવ છે, પણ ઉદય અપેક્ષાએ તારતમ્યતાથી તેનો સદ્‌ભાવ કહેવામાં આવે છે.

(૪) 'આહારાદિક વિના ક્ષુધાની ઉપશાંતતા કેવળી ભગવાનને કેવી રીતે થાય?' એ શંકાનું સમાધાન એમ છે, કે–કેવળીને અસાતાનો ઉદય અત્યંત મંદ છે; જો આહારાદિક વડે જ ઉપશાંત થાય એવી ક્ષુધા લાગે તો મંદ ઉદય ક્યાં રહ્યો? દેવો, ભોગભૂમિયા વગેરેને અસાતાનો કિંચિત્ મંદ ઉદય થતાં પણ તેમને ઘણા કાળ પછી જ આહાર ગ્રહણ હોય છે, તો પછી કેવળીને તો અસાતાનો ઉદય ઘણો જ મંદ છે, તેથી તેમને આહારનો અભાવ જ છે. અસાતાનો તીવ્ર ઉદય હોય અને મોહ વડે તેમાં જોડાણ હોય, તો જ આહાર હોઈ શકે.

(૫) **શંકા** :—દેવો તથા ભોગભૂમિયાનું તો શરીર જ એવું છે, કે તેને ઘણા કાળ પછી થોડી ભૂખ લાગે, પણ કેવળી ભગવાનનું શરીર તો કર્મભૂમિનું ઔદારિક છે, તેથી તેમનું શરીર આહાર વિના ઉત્કૃષ્ટપણે દેશેન્યૂન ક્રોડપૂર્વ સુધી કેવી રીતે રહી શકે?

**સમાધાન** :—દેવાદિકનું શરીર પણ કર્મના જ નિમિત્તથી છે. અહીં કેવળીભગવાનને શરીરમાં પહેલાં કેશ-નખ વધતા હતા, છાયા થતી હતી અને નિગોદ જીવો થતા હતા, પણ કેવળજ્ઞાન થતાં હવે કેશ–નખ વધતા નથી, છાયા થતી નથી અને નિગોદ જીવો થતા નથી. આ રીતે ઘણા પ્રકારથી શરીરની અવસ્થા અન્યથા થઈ, તેમ આહાર વગર પણ શરીર જેવું ને તેવું ટકી રહે–એવી અવસ્થા પણ થઈ.

પ્રત્યક્ષ જુઓ! અન્ય જીવોને ઘડપણ વ્યાપતાં શરીર શિથિલ થઈ જાય છે, પરંતુ કેવળી ભગવાનને તો આયુના અંત સુધી પણ શરીર શિથિલ થતું નથી. તેથી અન્ય મનુષ્યોના શરીરને અને કેવળી ભગવાનના શરીરને સમાનતા સંભવતી નથી.

(૬) **શંકા**—દેવ વગેરેને તો આહાર એવો છે, કે ઘણા કાળની ભૂખ મટી જાય, પણ કેવળી ભગવાનને આહાર વિના શરીર કેવી રીતે પુષ્ટ રહે?

**સમાધાન** :—ભગવાનને અસાતાનો ઉદય મંદ હોય છે તથા સમયે સમયે પરમ ઔદારિક શરીરવર્ગણાઓનું ગ્રહણ થાય છે. તેથી એવી નોકર્મવર્ગણાઓનું ગ્રહણ થાય છે, કે જેથી તેમને ક્ષુધાદિક વ્યાપતા જ નથી, શરીર શિથિલ થતું જ નથી.

(૭) વળી અન્ન વગેરેનો આહાર જ શરીરની પુષ્ટતાનું મુખ્ય કારણ નથી. પ્રત્યક્ષ જુઓ કે કોઈ થોડો આહાર કરે છે, છતાં શરીર ઘણું પુષ્ટ હોય છે અને કોઈ ઘણો આહાર કરે છે, છતાં શરીર ક્ષીણ રહે છે.

પવનાદિક સાધવાવાળા ઘણા કાળ સુધી આહાર લેતા નથી, છતાં તેમનું શરીર પુષ્ટ રહે છે અને ૠદ્ધિધારી મુનિઓ ઘણા ઉપવાસ કરે છતાં તેમનું શરીર પુષ્ટ રહે છે. તો પછી કેવળી ભગવાનને તો સર્વોત્કૃષ્ટપણું છે, એટલે તેમને અન્નાદિક વિના પણ શરીર પુષ્ટ બન્યું રહે, તેમાં શું આશ્ચર્ય છે?

(૮) વળી કેવળીભગવાન કેવી રીતે આહાર માટે જાય તથા કેવી રીતે યાચના કરે? તેઓ આહાર અર્થે જાય ત્યારે સમવસરણ ખાલી કેમ રહે? અથવા તો કોઈ અન્ય તેમને આહાર લાવી આપે. એમ માનીએ તો તેમના મનની વાત કોણ જાણે? અને પૂર્વે ઉપવાસાદિકની પ્રતિજ્ઞા કરી હતી તેનો નિર્વાહ કેવી રીતે થાય? વળી જીવ અંતરાય સર્વત્ર ભાસે ત્યાં કેવી રીતે આહાર કરે? માટે કેવળીને આહાર માનવો તે વિરુદ્ધતા છે.

(૯) વળી કોઈ એમ કહે, કે 'તેઓ આહાર ગ્રહે છે, પરંતુ કોઈને દેખાતો નથી' એવો અતિશય છે 'તો તે પણ મિથ્યા છે; કેમ કે આહાર ગ્રહણ તો નિંદ્ય ઠર્યું; તેને ન દેખે એવો અતિશય ગણીએ તોપણ તે આહારગ્રહણનું નિંદ્યપણું રહે. વળી ભગવાનના પુણ્યના કારણે બીજાના જ્ઞાનનો ક્ષયોપશમ શી રીતે અવરાઈ જાય? માટે ભગવાનને આહાર માનવો અને બીજા તે ન દેખે એવો અતિશય માનવો એ બંને ન્યાયવિરુદ્ધ છે.

## ૫. કર્મસિદ્ધાંત પ્રમાણે કેવળીને અન્નાહાર હોય જ નહિ.

(૧) અસાતાવેદનીયની ઉદીરણા હોય ત્યારે ક્ષુધા ઉપજે છે, તે વેદનીયની ઉદીરણા છટ્ઠા ગુણસ્થાન પર્યંત જ છે, તેથી ઉપર નથી. તેથી વેદનીયની ઉદીરણા વગર કેવળીને ક્ષુધાદિ બાધા ક્યાંથી હોય?

(૨) જેમ નિદ્રા, પ્રચલા એ બે દર્શનાવરણ પ્રકૃતિનો ઉદય બારમા ગુણસ્થાન પર્યંત છે, પરંતુ ઉદીરણા વગર નિદ્રા વ્યાપે નહિ. વળી જો નિદ્રાકર્મના ઉદયથી જ ઉપરના ગુણસ્થાનોમાં નિદ્રા આવી જાય તો ત્યાં પ્રમાદ થાય અને ધ્યાનનો અભાવ થઈ જાય. નિદ્રા, પ્રચલાનો ઉદય બારમા ગુણસ્થાન સુધી હોવા છતાં અપ્રમત્તદશામાં મંદ ઉદય હોવાથી નિદ્રા વ્યાપતી નથી. વળી સંજ્વલનનો મંદ ઉદય હોવાથી અપ્રમત્ત ગુણસ્થાનોમાં પ્રમાદનો અભાવ છે, કેમ કે પ્રમાદ તો સંજ્વલનના તીવ્ર ઉદયમાં જ હોય છે. વેદના તીવ્ર ઉદયથી સંસારી જીવને મૈથુનની સંજ્ઞા થાય છે અને વેદનો ઉદય નવમા ગુણસ્થાન સુધી છે; પરંતુ શ્રેણીના ચડેલા સંયમી મુનિને વેદના મંદ ઉદયથી મૈથુન સંજ્ઞા થાય છે અને વેદનો ઉદય નવમા ગુણસ્થાન સુધી છે; પરંતુ શ્રેણીના ચડેલા સંયમી મુનિને વેદના મંદ ઉદયથી મૈથુન સંજ્ઞાનો અભાવ છે; મંદ ઉદયથી તેમને મૈથુનની વાંછા ઉપજતી નથી.

(૩) કેવળી ભગવાનને વેદનીયનો અતિ મંદ ઉદય છે; તેનાથી ક્ષુધાદિક ઉપજતા નથી;

શક્તિરહિત અસાતાવેદનીય કેવળીને ક્ષુધાદિક ઉપજાવવા સમર્થ નથી. જેમ સ્વયંભૂરમણસમુદ્રના સમસ્ત જળમાં અનંતમા ભાગે ઝેરની કટકી તે પાણીને વિષરૂપ કરવા સમર્થ નથી, તેમ અનંત-ગુણા અનુભાગવાળા સાતાવેદનીયના ઉદય સહિત કેવળી ભગવાનને અનંતમા ભાગે અસંખ્યાત વાર જેનો ખંડ થઈ ગયો છે, એવું અસાતાવેદનીયકર્મ ક્ષુધાદિક વેદના ઉપજાવી શકતું નથી.

(૪) અધઃપ્રવૃત્તકરણમાં અશુભકર્મપ્રકૃતિઓની વિષ, હળાહળરૂપ જે શક્તિ છે, તેનો અભાવ થાય છે અને નિમ્બ (લીંબડા), કાંજીરૂપ રસ રહી જાય છે. અપૂર્વકરણ, ગુણસ્થાનમાં ગુણશ્રેણીનિર્જરા, ગુણસંક્રમણ, સ્થિતિકાંડોત્કીર્ણ અને અનુભાગકાંડોત્કીર્ણ એ ચાર આવશ્યક થાય છે; તેથી કેવળી ભગવાનને અસાતાવેદનીયાદિ અપ્રશસ્ત પ્રકૃતિઓનો રસ અસંખ્યાત વાર ઘટીને અનંતાનંતમો ભાગ રહી ગયો છે, તેથી અસાતામાં સામર્થ્ય ક્યાં રહ્યું છે, કે જેથી કેવળી ભગવાનને ક્ષુધાદિક ઉપજાવવામાં તે નિમિત્ત થાય? (અર્થપ્રકાશિકા પા. ૪૪૬ આવૃત્તિ બીજી)

### ૬. સૂત્ર ૧૦-૧૧નો સિદ્ધાંત અને સૂત્ર ૮ સાથેનો સંબંધ

વેદનીયકર્મનો ઉદય હોય પણ જો મોહનીયકર્મનો ઉદય ન હોય તો જીવને વિકાર થાય નહિ. (સૂત્ર ૧૧); કેમ કે જીવને અનંતવીર્ય પ્રગટ્યું છે.

વેદનીયકર્મનો ઉદય હોય અને જો મોહનીયકર્મનો મંદ ઉદય હોય તો તે પણ વિકારનું નિમિત્ત થાય નહિ, (સૂત્ર ૧૦) કેમ કે જીવને ત્યાં ઘણો પુરુષાર્થ પ્રગટ્યો છે.

દસથી તેરમા ગુણસ્થાન સુધીના જીવોને સંપૂર્ણ પરિષહજય વર્તે છે અને તેથી તેમને વિકાર થતો નથી. જો ઉત્તમ ગુણસ્થાનકવાળા જીવો પરિષહજય ન કરી શકે તો પછી, 'સંવરના માર્ગથી ચ્યુત ન થવા માટે અને નિર્જરાના અર્થે પરિષહ સહન કરવા યોગ્ય છે' એવો આઠમા સૂત્રનો ઉપદેશ વ્યર્થ જાય. દશમા તથા અગિયારમા સૂત્રમાં ઉત્તમ ગુણસ્થાનોએ જે પરિષહ કહ્યા છે તે ઉપચારથી છે, પણ નિશ્ચયથી નથી એમ સમજવું. ૧૧.

## છઠ્ઠાથી નવમા ગુણસ્થાન સુધીના પરિષહો

## बादरसाम्पराये सर्वे ॥१२॥

**અર્થ :—**[बादरसाम्पराये] બાદરસાંપરાય અર્થાત્ સ્થૂળકષાયવાળા જીવોને [सर्वे] સર્વે પરિષહો હોય છે.

### ટીકા

૧. છઠ્ઠાથી નવમા ગુણસ્થાનને બાદરસાંપરાય કહેવાય છે. આ ગુણસ્થાનોમાં પરિષહના

કારણભૂત બધા કર્મોનો ઉદય છે, પણ જીવ જેટલે અંશે તેમાં જોડાતો નથી તેટલે અંશે (આઠમા સૂત્રની માફક) પરિષહજય કરે છે.

૨. સામાયિક, છેદોપસ્થાન અને પરિહારવિશુદ્ધિ, એ ત્રણે સંયમોમાંથી કોઈ એકમાં બધા પરિષહોનો સંભવ છે. ૧૨.

આ રીતે ક્યા ગુણસ્થાને કેટલા પરિષહજય હોય છે તેનું વર્ણન કર્યું. હવે ક્યા કર્મના ઉદયથી ક્યા ક્યા પરિષહો હોય છે, તે જણાવે છે.

## જ્ઞાનાવરણકર્મના ઉદયથી થતા પરિષહો

## ज्ञानवरणे प्रज्ञाऽज्ञाने ॥१३॥

**અર્થ** :—[ज्ञानावरण] જ્ઞાનાવરણીયના ઉદયથી [प्रज्ञा अज्ञाने] પ્રજ્ઞા અને અજ્ઞાન એ બે પરિષહો હોય છે.

### ટીકા

પ્રજ્ઞા આત્માનો ગુણ છે, તે પરિષહનું કારણ થાય નહિ; પણ જ્ઞાનનો ઉઘાડ હોય અને તેના મદજનિત પરિષહ હોય તો તે વખતે જ્ઞાનાવરણકર્મનો ઉદય હોય છે. જ્ઞાની જીવ જો મોહનીયકર્મના ઉદયમાં જોડાય તો તેમને અનિત્ય મદ આવી જાય છે, પણ પુરુષાર્થપૂર્વક જ્ઞાની જીવ જેટલે અંશે તેમાં ન જોડાય તેટલે અંશે તેમને પરિષહજય છે. (જુઓ, સૂત્ર ૮.) ૧૩.

## દર્શનમોહનીય તથા અંતરાયકર્મના ઉદયથી થતા પરિષહો

## दर्शनमोहांतराययोरदर्शनाऽलाभौ ॥१४॥

**અર્થ** :—[दर्शनमोह] દર્શનમોહનીયના ઉદયથી [अदर्शन] અદર્શનપરિષહ અને [अंतराययोः अलाभौ] અંતરાયકર્મના ઉદયથી અલાભપરિષહ હોય છે.

તેરમા સૂત્રની ટીકા મુજબ અહીં સમજવું. ૧૪.

## ચારિત્રમોહનીયકર્મના ઉદયથી થતા પરિષહો

## चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याक्रोशयाचनासत्कारपुरस्काराः ॥१५॥

**અર્થ** :—[चारित्रमोहे] ચારિત્રમોહનીયના ઉદયથી [नागन्य अरति स्त्री] નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, [निषद्या आक्रोश याचना सत्कारपुरस्कारः] નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કારપુરષ્કાર એ સાત પરિષહો હોય છે.

તેરમા સૂત્રની ટીકા મુજબ અહીં સમજવું. ૧૫.

## વેદનીયકર્મના ઉદયથી થતા પરિષહો

## वेदनीये शेषाः ॥१६॥

**અર્થ** :—[वेदनीये] વેદનીયકર્મના ઉદયથી [शेषाः] બાકીના અગિયાર અર્થાત્ ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મળ એ પરિષહો હોય છે.

તેરમા સૂત્રની ટીકા મુજબ અહીં સમજવું. ૧૬.

## એક જીવને એક સાથે થતા પરિષહોની સંખ્યા

## एकादयो भाज्या युगपदेकस्मिन्नैकोनविंशतेः ॥१७॥

**અર્થ** :—[एकस्मिन् युगपत्] એક જીવને એક સાથે [एकादयो आ एकोनविंशतेः] એકથી શરૂ કરીને ઓગણીસ પરિષહો સુધી [भाज्याः] જાણવા જોઈએ.

૧. એક જીવને એક વખતે વધારેમાં વધારે ઓગણીસ પરિષહ હોઈ શકે છે, કેમ કે શીત અને ઉષ્ણ એ બેમાંથી એક વખતે એક જ હોય છે અને શય્યા, ચર્યા તથા નિષદ્યા (–સૂવું, ચાલવું તથા આસનમાં રહેવું) એ ત્રણમાંથી એક કાળે એક જ હોય છે; આ રીતે આ ત્રણ પરિષહો બાદ કરવાથી બાકીના ઓગણીસ પરિષહો હોઈ શકે છે.

૨. **પ્રશ્ન** :–પ્રજ્ઞા અને અજ્ઞાન એ બંને પણ એકી સાથે હોઈ શકે નહિ, માટે એક પરિષહ વધારે બાદ કરવો જોઈએ.

**ઉત્તર** :–પ્રજ્ઞા અને અજ્ઞાન એ બંનેને સાથે રહેવામાં કાંઈ બાધ નથી. એક જ કાળમાં એક જીવને શ્રુતજ્ઞાનાદિની અપેક્ષાએ પ્રજ્ઞા અને અવધિજ્ઞાનાદિની અપેક્ષાએ અજ્ઞાન એ બંને સાથે રહી શકે છે.

૩. **પ્રશ્ન** :–ઔદારિક શરીરની સ્થિતિ કવળાહાર (અન્નપાણી) વિના દેશોનક્રોડપૂર્વ (કરોડ પૂર્વમાં થોડું ઓછું) કેમ રહે?

**ઉત્તર** :–આહારના છ ભેદ છે–૧. નોકર્મ આહાર, ૨. કર્માહાર, ૩. કવળાહાર, ૪. લેપાહાર, ૫. ઓજાહાર અને ૬. મનસાહાર. એ છ પ્રકાર યથાસંભવ દેહની સ્થિતિનું કારણ છે. જેમ કે–(૧) કેવળીને નોકર્મ આહાર બતાવ્યો છે. તેમને લાભાંતરાયકર્મના ક્ષયથી અનંત લાભ પ્રગટ થયો હોવાથી તેમના શરીર સાથે અપૂર્વ અસાધારણ પુદ્‌ગલોનો પ્રતિસમય સંબંધ થાય છે, તે નોકર્મ કેવળીને દેહની સ્થિતિનું કારણ છે, બીજું નથી; એ હેતુથી કેવળીને નોકર્મનો

આહાર કહ્યો છે. (૨) નારકીઓને નરકાયુ નામકર્મનો ઉદય છે. તે તેને દેહની સ્થિતિનું કારણ છે, તેથી તેને કર્મઆહાર કહેવાય છે. (૩) મનુષ્યો અને તિર્યંચને કવળાહાર પ્રસિદ્ધ છે. (૪) વૃક્ષ જાતિને લેપાહાર છે. (૫) પંખીના ઈંડાને ઓજાહાર છે. શુક્ર નામની ધાતુની ઉપધાતુ ઓજ છે. ઈંડાને પંખી સેવે તેને ઓજ આહાર ન સમજવો. (૬) દેવો મનથી તૃપ્ત થાય છે, તેમને મનસાહાર કહેવાય છે.

આ છ પ્રકારના આહાર દેહની સ્થિતિનું કારણ છે. તેની ગાથા નીચે મુજબ છે—

**णोकमकम्महारोकवलाहारो य लेप्पहारो य।**
**उज्ज्ञ मणो वि य कमसो आहारो छव्विहो भणिओ॥**

**णोकमतित्थयरे कम्मं च णयरे मानसो अमरे।**
**णरपसु कवलाहारो पंखी उज्झो इगि लेऊ॥**

**અર્થ** :–૧. નોકર્મ આહાર, ૨. કર્માહાર, ૩. કવળાહાર, ૪. લેપાહાર, ૫. ઓજાહાર અને ૬. મનોઆહાર એમ ક્રમથી છ પ્રકારના આહાર છે; તેમાં નોકર્મ આહાર તીર્થંકરને, કર્માહાર નારકીને, મનોઆહાર દેવને, કવળાહાર મનુષ્યો તથા પશુને, ઓજાહાર પક્ષીના ઈંડાને અને લેપાહાર વૃક્ષને હોય છે.

આથી સિદ્ધ થાય છે, કે કેવળીભગવાનને કવળાહાર હોતો નથી.

૪. **પ્રશ્ન** :—મુનિ અપેક્ષાએ છટ્ઠા ગુણસ્થાનથી શરૂ કરીને તેરમા ગુણસ્થાન સુધીના પરિષહોનું કથન આ અધ્યાયના ૧૩ થી ૧૬ સુધીના સૂત્રોમાં કર્યું છે. તે વ્યવહારનય અપેક્ષાએ છે કે નિશ્ચયનય અપેક્ષાએ?

**ઉત્તર** :—તે કથન વ્યવહારનય અપેક્ષાએ છે, કેમ કે તે જીવનો પરવસ્તુ સાથેનો સંબંધ બતાવે છે; તે કથન નિશ્ચય અપેક્ષાએ નથી.

**પ્રશ્ન** :—વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન હોય તેને 'એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે.' એ પ્રમાણે જાણવાનું મોક્ષમાર્ગપ્રકાશક પા. ૨૫૬માં કહ્યું છે, તો ઉપર્યુક્ત સૂત્ર ૧૩ થી ૧૬ના કથનમાં તે કઈ રીતે લાગુ પડે છે?

**ઉત્તર** :—તે સૂત્રોમાં જીવને જે પરિષહોનું વર્ણન કર્યું છે તે વ્યવહારથી છે, તેનો ખરો અર્થ એવો છે કે–જીવ જીવમય છે, પરિષહમય નથી. જેટલે દરજ્જે જીવમાં પરિષહવેદન થાય તેટલે દરજ્જે સૂત્ર ૧૩ થી ૧૬માં કહેલ કર્મનો ઉદય નિમિત્તરૂપ કહેવાય, પણ નિમિત્તે જીવને કાંઈ કર્યું નથી.

૫. **પ્રશ્ન** :—સૂત્ર ૧૩ થી ૧૬ સુધીમાં પરિષહો સંબંધમાં જે કર્મનો ઉદય કહ્યો છે, તેને અને સૂત્ર ૧૭માં પરિષહોની એકી સાથે જે સંખ્યા કહી તેને આ અધ્યાયના ૮મા સૂત્રમાં કહેલો નિર્જરાનો વ્યવહાર ક્યારે લાગુ પડે?

**ઉત્તર** :—જીવ પોતાના પુરુષાર્થ વડે જેટલે અંશે પરિષહવેદન ન કરે તેટલે અંશે તેણે પરિષહજય કર્યો અને તેથી તેટલે અંશે સૂત્ર ૧૩ થી ૧૬માં કહેલા કર્મોની નિર્જરા કરી એમ આઠમા સૂત્ર અનુસાર કહી શકાય; તેને વ્યવહારકથન કહેવામાં આવે છે, કેમ કે પરવસ્તુ (–કર્મ) સાથેના સંબંધનો કેટલો અભાવ થયો, તે તેમાં બતાવવામાં આવ્યું છે.

એ રીતે પરિષહજયનો વિષય પૂરો થયો. ૧૭.

બીજા સૂત્રમાં કહેલા સંવરના છ કારણોમાં પાંચ કારણોનું વર્ણન અહીં પુરું થયું; હવે છેલ્લું કારણ ચારિત્ર છે, તેનું વર્ણન કરે છે.

## ચારિત્રના પાંચ પ્રકાર

## सामायिकछेदोपस्थापनापरिहारविशुद्धिसूक्ष्मसांपराय-
## यथाख्यातमिति चारित्रम् ॥१८॥

**અર્થ** :—[सामायिक छेदोपस्थापना परिहारविशुद्धि] સામાયિક છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધ, [सूक्ष्मसांपराय यथाख्यातम्] સૂક્ષ્મ સાંપરાય અને યથાખ્યાત [इतिचारित्रम्]— એ પાંચ ભેદો ચારિત્રના છે.

### ટીકા

### ૧. સૂત્રમાં કહેલા શબ્દોની વ્યાખ્યા

(૧) **સામાયિક**—સમસ્ત સાવદ્યયોગનો ત્યાગ કરીને શુદ્ધાત્મસ્વરૂપમાં અભેદ થતાં શુભાશુભ ભાવોનો ત્યાગ થવો તે સામાયિક ચારિત્ર છે. આ ચારિત્ર છઠ્ઠાથી નવમા ગુણસ્થાન સુધી હોય છે.

(૨) **છેદોપસ્થાપના**—કોઈ જીવ સામાયિક, ચારિત્રરૂપ થયો હોય અને તેમાંથી ખસીને સાવદ્યવ્યાપારરૂપ થઈ જાય, પછી પ્રાયશ્ચિત્ત દ્વારા તે સાવદ્ય વ્યાપારથી ઉપજેલા દોષોને છેદીને આત્માને સંયમમાં સ્થિર કરે તે છેદોપસ્થાપના ચારિત્ર છે. વ્રત, સમિતિ, ગુપ્તિ આદિ ભેદરૂપ ચારિત્ર તે પણ છેદોપસ્થાપના ચારિત્ર છે. આ ચારિત્ર છઠ્ઠાથી નવમા ગુણસ્થાન સુધી હોય છે.

(૩) **પરિહારવિશુદ્ધિ**—જે જીવ જન્મથી ત્રીસ વર્ષ સુધી સુખી રહીને પછી દીક્ષા ગ્રહણ કરે અને શ્રી તીર્થંકર ભગવાનના પાદમૂળમાં આઠ વર્ષ સુધી પ્રત્યાખ્યાન નામના નવમા પૂર્વનું અધ્યયન કરે, તેને આ સંયમ હોય છે. જીવોની ઉત્પત્તિ–મરણનાં સ્થાન, કાળની મર્યાદા, જન્મ યોનિના ભેદ દ્રવ્ય-ક્ષેત્રના સ્વભાવ, વિધાન તથા વિધિ–એ બધાનો જાણનારો હોય અને પ્રમાદરહિત મહાવીર્યવાન હોય, તેમને શુદ્ધતાના બળથી કર્મની પ્રચૂર નિર્જરા થાય છે. અતિ કઠિન આચરણ કરવાવાળા મુનિઓને આ સંયમ હોય છે. જેમને આ સંયમ હોય છે તેમના શરીરથી જીવોની વિરાધના થતી નથી. આ ચારિત્ર ઉપર કહ્યા તેવા સાધુને છટ્ઠા અને સાતમા ગુણસ્થાને હોય છે.

(૪) **સૂક્ષ્મસાંપરાય**—જ્યારે અતિ સૂક્ષ્મ લોભ કષાયનો ઉદય હોય ત્યારે જે ચારિત્ર હોય છે, તે સૂક્ષ્મસાંપરાય છે. આ ચારિત્ર દસમા ગુણસ્થાને હોય છે.

(૫) **યથાખ્યાત**—તમામ મોહનીય કર્મોના ક્ષય અથવા ઉપશમથી આત્માના શુદ્ધસ્વરૂપમાં સ્થિર થવું તે યથાખ્યાત ચારિત્ર છે. આ ચારિત્ર ૧૧ થી ૧૪મા ગુણસ્થાન સુધી હોય છે.

૨. સંવર શુદ્ધભાવથી થાય પણ શુભભાવથી ન થાય, માટે આ પાંચે પ્રકારમાં જેટલો શુદ્ધભાવ છે તેટલું ચારિત્ર છે, એમ સમજવું.

## ૩. છટ્ઠા ગુણસ્થાનની દશા

સાતમા ગુણસ્થાનથી તો નિર્વિકલ્પદશા હોય છે. છટ્ઠા ગુણસ્થાને મુનિને આહાર વિહારાદિનો વિકલ્પ હોય છે ત્યારે પણ તેમને ત્રણ કષાય નહિ હોવાથી સંવર-નિર્જરા થાય છે અને શુભભાવનો અલ્પ બંધ થાય છે; જે વિકલ્પ ઉઠે છે તે વિકલ્પના સ્વામીત્વનો તેમને નકાર વર્તે છે અને અકષાયદૃષ્ટિએ જેટલે દરજ્જે રાગ ટળે છે તેટલે દરજ્જે સંવર-નિર્જરા છે, તથા જેટલો શુભભાવ થાય છે તેટલું બંધન છે. *(જુઓ, મોક્ષમાર્ગપ્રકાશક પા. ૨૩૫)*

## ૪. ચારિત્રનું સ્વરૂપ

કેટલાક જીવો માત્ર હિંસાદિક પાપના ત્યાગને ચારિત્ર માને છે અને મહાવ્રતાદિરૂપ શુભોપયોગને ઉપાદેયપણાથી ગ્રહણ કરે છે, પણ તે યથાર્થ નથી. આ શાસ્ત્રના સાતમા અધ્યાયમાં આસ્રવ પદાર્થનું નિરૂપણ કરવામાં આવ્યું છે, ત્યાં મહાવ્રત અને અણુવ્રતને આસ્રવરૂપ માન્યાં છે, તો તે ઉપાદેય કેવી રીતે હોય? આસ્રવ તો બંધનું કારણ છે અને ચારિત્ર તો મોક્ષનું કારણ છે, માટે તે મહાવ્રતાદિરૂપ આસ્રવભાવોને ચારિત્રપણું સંભવતું નથી; પણ જે સર્વ કષાયરહિત ઉદાસીન ભાવ છે, તેનું જ નામ ચારિત્ર છે. સમ્યગ્દર્શન થયા પછી જીવના કંઈક ભાવ વીતરાગ થયા હોય છે અને કંઈક ભાવ સરાગ હોય છે; તેમાં જે અંશ વીતરાગરૂપ છે, તે જ ચારિત્ર છે અને તે સંવરનું કારણ છે. *(જુઓ, મોક્ષમાર્ગપ્રકાશક પા. ૨૩૧–૨૩૩)*

## ૫. ચારિત્રમાં ભેદો શા માટે બતાવ્યા ?

**પ્રશ્ન** :–વીતરાગભાવ તે ચારિત્ર છે અને વીતરાગભાવ તો એક જ પ્રકારનો છે, તો પછી ચારિત્રના ભેદો શા માટે કહ્યા?

**ઉત્તર** :–વીતરાગભાવ એક પ્રકારનો છે, પરંતુ તે એક સાથે આખો પ્રગટતો નથી પણ ક્રમે ક્રમે પ્રગટે છે, તેથી તેમાં ભેદ પડે છે. જેટલે અંશે વીતરાગભાવ પ્રગટે છે તેટલે અંશે ચારિત્ર પ્રગટે છે, માટે ચારિત્રના ભેદો કહ્યા છે.

**પ્રશ્ન** :–જો એમ છે તો છટ્ઠા ગુણસ્થાને જે શુભભાવ છે, તેને પણ ચારિત્ર કેમ કહો છો?

**ઉત્તર** :–ત્યાં શુભભાવને ખરૂં ચારિત્ર કહેવામાં આવતું નથી પણ તે શુભભાવ વખતે જે અંશે વીતરાગભાવ છે, તેને ખરૂં ચારિત્ર કહેવામાં આવે છે.

**પ્રશ્ન** :–શુભભાવરૂપ સમિતિ, ગુપ્તિ, મહાવ્રતાદિને પણ કેટલેક ઠેકાણે ચારિત્ર કહે છે, તેનું શું કારણ?

**ઉત્તર** :–ત્યાં તેને વ્યવહાર ચારિત્ર કહ્યું છે. વ્યવહાર એટલે ઉપચાર; છટ્ઠા ગુણસ્થાને જે વીતરાગચારિત્ર હોય છે તેની સાથે મહાવ્રતાદિ હોય છે, એવો સંબંધ જાણીને એ ઉપચાર કર્યો છે, એટલે કે તે નિમિત્ત અપેક્ષાએ અર્થાત્ વિકલ્પના ભેદો બતાવવા માટે કહ્યું છે, પણ ખરી રીતે તો નિષ્કષાયભાવ તે જ ચારિત્ર છે, શુભરાગ તે ચારિત્ર નથી.

**પ્રશ્ન** :–નિશ્ચયમોક્ષમાર્ગ તો નિર્વિકલ્પ છે, તે વખતે સવિકલ્પ (–સરાગ, વ્યવહાર) મોક્ષમાર્ગ નથી હોતો, તો પછી તે સવિકલ્પ મોક્ષમાર્ગને સાધક કેમ કહી શકાય?

**ઉત્તર** :–ભૂતનૈગમનયની અપેક્ષાએ તે સવિકલ્પપણાને મોક્ષમાર્ગ કહ્યો છે, એટલે કે ભૂતકાળમાં તે વિકલ્પો (રાગમિશ્રિત વિચારો) થયા હતા, તે વર્તમાનમાં નથી, છતાં પણ 'તે વર્તમાન છે' એમ ભૂતનૈગમનયની અપેક્ષાએ ગણી શકાય છે, તેથી તે નયની અપેક્ષાએ સવિકલ્પ મોક્ષમાર્ગને સાધક કહ્યો છે, એમ સમજવું. (જુઓ, પરમાત્મપ્રકાશ પા. ૧૪૨ અ. ૨ ગાથા–૧૪ સંસ્કૃત ટીકા તથા આ ગ્રંથમાં છેલ્લે પરિશિષ્ટ ૧માં આપેલ 'મોક્ષમાર્ગનું બે પ્રકારે કથન'—એ વિષય.)

## ૬. સામાયિકનું સ્વરૂપ

**પ્રશ્ન** :–મોક્ષના કારણભૂત સામાયિકનું સ્વરૂપ શું છે?

**ઉત્તર** :–જે સામાયિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થ જ્ઞાનના ભવનમાત્ર

(પરિણમનમાત્ર) છે, એકાગ્રતા લક્ષણવાળી છે તે સામાયિક મોક્ષના કારણભૂત છે.

*(જુઓ, સમયસાર ગાથા. ૧૫૪ પા. ૨૦૦)*

શ્રી નિયમસાર ગાથા ૧૨૫ થી ૧૩૩માં ખરી સામાયિકનું સ્વરૂપ આપ્યું છે, તે આ પ્રમાણે છે—

જે કોઈ મુનિ એકેન્દ્રિયાદિ પ્રાણીઓના સમૂહને દુઃખ દેવાના કારણરૂપ જે સંપૂર્ણ પાપભાવ સહિત વેપાર, તેનાથી અલગ થઈ મન, વચન અને કાયાના શુભ-અશુભ સર્વ વ્યાપારોને ત્યાગીને ત્રણ ગુપ્તિરૂપ રહે તથા જિતેન્દ્રિય રહે છે, તેવા સંયમીને ખરું સામાયિક વ્રત હોય છે. (ગાથા. ૧૨૫)

જે સર્વ ત્રસ અને સ્થાવર પ્રાણીઓમાં સમતાભાવ રાખે છે, મધ્યસ્થ ભાવમાં આરૂઢ છે, તેને જ ખરી સામાયિક હોય છે. (ગાથા ૧૨૬)

સંયમ પાળતાં, નિયમ કરતાં તથા તપ ધરતાં જેને એક આત્મા જ નિકટ વર્તી રહ્યો છે, તેને ખરી સામાયિક હોય છે. (ગાથા ૧૨૭)

જેને રાગ-દ્વેષ વિકાર પ્રગટ નથી થતા તેને ખરી સામાયિક હોય છે. (ગાથા ૧૨૮)

જે આર્ત્ત અને રૌદ્રધ્યાનને ટાળે છે, તેને ખરું સામાયિક વ્રત થાય છે. (ગાથા ૧૨૯)

જે પુણ્ય અને પાપ એ બંને ભાવોને નિત્ય છોડે છે, તેને ખરી સામાયિક હોય છે. (ગાથા ૧૩૦)

જે જીવ નિત્ય ધર્મધ્યાન તથા શુક્લધ્યાનને ધ્યાવે છે, તેને ખરી સામાયિક હોય છે. (ગાથા ૧૩૩)

સામાયિક ચારિત્રને પરમ સમાધિ પણ કહેવામાં આવે છે.

૭. **પ્રશ્ન** :—આ અધ્યાયના છઠ્ઠા સૂત્રમાં સંવરના કારણ તરીકે જે દસ પ્રકારના ધર્મ કહ્યા છે. તેમાં સંયમ આવી જાય છે અને સંયમ તે જ ચારિત્ર છે, છતાં અહીં ફરીથી ચારિત્રને સંવરના કારણ તરીકે કેમ કહ્યું?

**ઉત્તર** :—જોકે સંયમધર્મમાં ચારિત્ર આવી જાય છે, તોપણ આ સૂત્રમાં ચારિત્રનું કથન નિરર્થક નથી. ચારિત્ર તે મોક્ષપ્રાપ્તિનું સાક્ષાત્ કારણ છે, એમ જણાવવા માટે અહીં અંતમાં ચારિત્રનું કથન કર્યું છે. ચૌદમા ગુણસ્થાનને અંતે ચારિત્રની પૂર્ણતા થતાં જ મોક્ષ થાય છે, તેથી મોક્ષપ્રાપ્તિ માટે ચારિત્ર સાક્ષાત્ હેતુ છે–એવું જ્ઞાન કરાવવા માટે આ સૂત્રમાં તે જુદું જણાવ્યું છે.

### ૮. વ્રત અને ચારિત્ર વચ્ચે તફાવત

શુભ-અશુભની નિવૃત્તિ તે સંવર છે અને આસ્રવ અધિકારમાં (અ. ૭. સૂ. ૧માં) હિંસા, અનૃત, અદત્તાદાન વગેરેના ત્યાગથી અહિંસા, સત્ય, દત્તાદાન વગેરે ક્રિયામાં શુભ પ્રવૃત્તિ છે, તેથી (ત્યાં અવ્રતોની જેમ વ્રતોમાં) પણ કર્મોનો પ્રવાહ ચાલે છે, પણ તે વ્રતોથી કર્મોની નિવૃત્તિ થતી નથી. એ અપેક્ષા લક્ષમાં રાખીને ગુપ્તિ વગેરે સંવરનો પરિવાર કહ્યો છે. જેટલી આત્માના સ્વરૂપમાં અભેદતા થાય છે તેટલો સંવર છે. શુભાશુભભાવનો ત્યાગ તે નિશ્ચયવ્રત અથવા વીતરાગ ચારિત્ર છે. જે શુભભાવરૂપ વ્રત છે તે વ્યવહારચારિત્રરૂપ રાગ છે અને તે સંવરનું કારણ નથી. (જુઓ, શ્રી સર્વાર્થસિદ્ધિ, અધ્યાય ૭, પા. ૫ થી ૭) ૧૮.

બીજા સૂત્રમાં કહેલાં સંવરનાં છ કારણોનું વર્ણન અહીં પૂરું થયું. એ રીતે સંવરતત્ત્વનું વર્ણન પૂરું થયું. હવે નિર્જરા તત્ત્વનું વર્ણન કરે છે.

# નિર્જરાતત્ત્વનું વર્ણન

## ભૂમિકા

૧. પહેલાં અઢાર સૂત્રોમાં સંવરતત્ત્વનું વર્ણન કર્યું; હવે ઓગણીસમા સૂત્રથી નિર્જરાતત્ત્વનું વર્ણન શરૂ થાય છે. જેને સંવર થાય તેને નિર્જરા થાય. પ્રથમ સંવર તો સમ્યગ્દર્શન છે, તેથી જે જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરે તેને જ સંવર-નિર્જરા થઈ શકે. મિથ્યાદૃષ્ટિને સંવર-નિર્જરા હોય નહિ.

૨. અહીં નિર્જરાતત્ત્વનું વર્ણન કરવું છે અને નિર્જરાનું કારણ તપ છે, (જુઓ, અધ્યાય ૯. સૂ ૩) તેથી તપનું અને તેના ભેદોનું વર્ણન કર્યું છે. તપની વ્યાખ્યા ૧૯મા સૂત્રની ટીકામાં આપી છે અને ધ્યાનની વ્યાખ્યા ૨૭મા સૂત્રમાં આપી છે.

### ૩. નિર્જરાના કારણો સંબંધી થતી ભૂલો અને તેનું નિરાકરણ

(૧) કેટલાક જીવો અનશનાદિ તપથી નિર્જરા માને છે પણ તે તો બાહ્યતપ છે. હવે પછીનાં સૂત્ર ૧૯-૨૦માં બાર પ્રકારનાં તપ કહ્યાં છે તે બધાં બાહ્યતપ છે, પણ તેઓ એક બીજાની અપેક્ષાએ બાહ્ય અભ્યંતર છે; તેથી તેનાં બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ કહ્યાં છે. કેવળ બાહ્ય તપ કરવાથી નિર્જરા થાય નહિ. જો ઘણા ઉપવાસાદિ કરવાથી ઘણી નિર્જરા થાય અને થોડા કરવાથી થોડી થાય એમ હોય તો નિર્જરાનું કારણ ઉપવાસાદિક જ ઠરે, પણ તેવો નિયમ નથી. ઈચ્છાનો નિરોધ તે તપ છે; તેથી સ્વાનુભવની એકાગ્રતા વધતા શુભાશુભ ઈચ્છા ટળે છે, તેને તપ કહેવાય છે.

(૨) અહીં અનશનાદિકને તથા પ્રાયશ્ચિત્તાદિકને તપ કહ્યાં છે. તેનું કારણ એ છે, કે– જો જીવ અનશનાદિ તથા પ્રાયશ્ચિત્તાદિરૂપ પ્રવર્તે અને રાગને ટાળે તો વીતરાગભાવરૂપ સત્ય તપ પોષી શકાય છે, તેથી તે અશનાદિ તથા પ્રાયશ્ચિત્તાદિને ઉપચારથી તપ કહ્યાં છે. જો કોઈ જીવ વીતરાગભાવરૂપ સત્ય તપને તો ન જાણે અને તે અનશનાદિને જ તપ જાણી સંગ્રહ કરે, તો તે સંસારમાં જ ભ્રમણ કરે.

(૩) આટલું ખાસ સમજી લેવું કે—નિશ્ચય ધર્મ તો વીતરાગભાવ છે, અન્ય અનેક પ્રકારના જે ભેદો કહેવાય છે, તે ભેદો બાહ્ય નિમિત્ત અપેક્ષાએ ઉપચારથી કહ્યાં છે, તેને વ્યવહારમાત્ર ધર્મ સંજ્ઞા જાણવી. આ રહસ્યને જે જીવ જાણતો નથી, તેને નિર્જરાતત્ત્વની સાચી શ્રદ્ધા નથી.

તપ તે નિર્જરાનું કારણ છે, તેથી તેનું વર્ણન કરે છે. તેમાં પ્રથમ તપના પ્રકારો કહે છે—

## બાહ્ય તપના છ પ્રકારો

## अनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्त– शय्यासनकायक्लेशा बाह्यं तपः ॥१९॥

**અર્થ** :—[अनशन अवमौदर्य वृत्तिपरिसंख्यान] સમ્યક્ પ્રકારે અનશન, સમ્યક્ અવમૌદર્ય, સમ્યક્ વૃત્તિપરિસંખ્યાન, [रसपरित्याग विविक्तशय्यासन कायक्लेशाः] સમ્યક્ રસપરિત્યાગ, સમ્યક્ વિવિક્ત શય્યાસન અને સમ્યક્ કાયક્લેશ [बाह्यं तपः] એ છ પ્રકારના બાહ્ય તપ છે.

નોંધ—આ સૂત્રમાં 'સમ્યક્' શબ્દનું અનુસંધાન આ અધ્યાયના ચોથા સૂત્રથી આવે છે. અનશનાદિ છએ પ્રકારમાં 'સમ્યક્' શબ્દ લાગુ પડે છે.

### ટીકા

### ૧. સૂત્રમાં કહેલા શબ્દોની વ્યાખ્યા

(૧) **સમ્યક્ અનશન**—સમ્યગ્દષ્ટિ જીવને આહાર ત્યાગનો ભાવ થતાં વિષય કષાયનો ભાવ ટળી, અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

(૨) **સમ્યક્ અવમૌદર્ય**—સમ્યગ્દષ્ટિ જીવને રાગ ભાવ દૂર કરવા માટે ભૂખ હોય તે કરતાં ઓછું ભોજન કરવાનો ભાવ થતાં, અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

(૩) **સમ્યક્ વૃત્તિપરિસંખ્યાન**—સમ્યગ્દષ્ટિ જીવને સંયમના હેતુએ નિર્દોષ આહારની ભિક્ષા માટે જતી વખતે, ભોજનની વૃત્તિ તોડનારો નિયમ કરતાં, અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

(૪) **સમ્યક્ રસ પરિત્યાગ**—સમ્યગ્દષ્ટિ જીવને ઇન્દ્રિયો ઉપરના રાગનું દમન કરવા માટે ઘી, દૂધ, તેલ, મીઠાઈ, લવણ વગેરે રસોનો યથાશક્તિ ત્યાગ કરવાનો ભાવ થતાં, અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

(૩) **સમ્યક્ વિવિક્ત શય્યાસન**—સમ્યગ્દષ્ટિ જીવને સ્વાધ્યાય, ધ્યાન વગેરેની પ્રાપ્તિ માટે કોઈ એકાંત નિર્દોષ સ્થાનમાં પ્રમાદરહિત સૂવા–બેસવાની વૃત્તિ થતાં અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

(૬) **સમ્યક્ કાયક્લેશ**—સમ્યગ્દષ્ટિ જીવને શરીર ઉપરની આસક્તિ ઘટાડવા આતપન વગેરે યોગ ધારણ કરતી વખતે અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

૨. 'સમ્યક્' શબ્દ એમ સૂચવે છે, કે સમ્યગ્દષ્ટિને જ આ તપ હોય છે, મિથ્યાદષ્ટિને તપ હોતું નથી.

૩. સમ્યગ્દષ્ટિ જીવ અનશનની પ્રતિજ્ઞા કરે છે, તે વખતે નીચે પ્રમાણે જાણે છે—

(૧) આહાર ન લેવાનો જે રાગ મિશ્રિત વિચાર આવે છે તે શુભભાવ છે અને તેનું ફળ પુણ્ય-બંધન છે; હું તેનો સ્વામી નથી.

(૨) અન્ન, પાણી વગેરે પર વસ્તુઓ છે; આત્મા તેને કોઈ પ્રકારે ગ્રહી કે છોડી શકે નહિ. પણ જ્યારે સમ્યગ્દષ્ટિ જીવ પરવસ્તુ ઉપરનો તે પ્રકારનો રાગ છોડે છે ત્યારે પુદ્‌ગલ પરાવર્તનના નિયમ પ્રમાણે એવો નિમિત્ત–નૈમિત્તિકસંબંધ હોય છે, કે તેટલો વખત તેને અન્ન-પાણી વગેરેનો સંબંધ હોતો નથી.

(૩) અન્ન, પાણી વગેરેનો સંયોગ ન થયો તે પરદ્રવ્યની ક્રિયા છે, તેનાથી આત્માને ધર્મ કે અધર્મ થતો નથી.

(૪) સમ્યગ્દષ્ટિને રાગનું સ્વામિત્વ નહિ હોવાથી જે સમ્યક્ માન્યતા છે, તે દૃઢ થાય છે અને તેથી સાચા અભિપ્રાયપૂર્વક જે અન્ન, પાણી વગેરે લેવાનો રાગ ટળ્યો તે સમ્યક્ અનશન તપ છે. તે વીતરાગતાનો અંશ છે, તેથી તે ધર્મનો અંશ છે. તેમાં જેટલે અંશે અંતરંગ પરિણામોની શુદ્ધતા થઈ અને શુભાશુભ ઇચ્છાનો નિરોધ થયો તેટલે અંશે સમ્યક્‌તપ છે અને તે જ નિર્જરાનું કારણ છે.

છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અંતરંગ એ બારે પ્રકારના તપ સંબંધમાં ઉપર પ્રમાણે સમજી લેવું.

## સમ્યક્ તપની વ્યાખ્યા

(૧) स्वरूपविश्रांतनिस्तरंगचैतन्यप्रतपनात् तपः એટલે કે સ્વરૂપની સ્થિરતારૂપ તરંગ વગરનું (–નિર્વિકલ્પ) ચૈતન્યનું પ્રતપન (દેદીપ્યમાન થવું) તે તપ છે.

*(જુઓ, શ્રી પ્રવચનસાર અ. ૧. ગા. ૧૪ની ટીકા.)*

(૨) सहजनिश्चयनयात्मकपरमस्वभावात्मपरमात्मनि प्रतपनं तपः એટલે કે સહજનિશ્ચયનયરૂપ-પરમસ્વભાવમય પરમાત્માનું પ્રતપન (અર્થાત્ દ્રઢતાથી તન્મય થવું) તે તપ છે. (નિયમસાર ગા. ૫૫ ટીકા)

(૩) प्रसिद्धशुद्धकारणपरमात्मतत्त्वे सदान्तर्मुखतया प्रतपनं यत्ततपः એટલે કે પ્રસિદ્ધશુદ્ધ-કારણપરમાત્મા તત્ત્વમાં સદા અંતરમુખપણે જે પ્રતપન (અર્થાત્ લીનતા) તે તપ છે. (નિયમસાર ટીકા, ગાથા. ૧૮૮નું મથાળું)

(૪) आत्मानमात्मना संधत्त इत्यध्यात्मं तपनं એટલે કે આત્માને આત્મા દ્વારા ધરવો તે અધ્યાત્મ તપ છે. (નિયમસાર ગાથા ૧૨૩ ટીકા)

(૩) इच्छानिरोधः तपः એટલે કે શુભાશુભ ઇચ્છાનો નિરોધ તે તપ છે.

## ૫. તપના ભેદો શા માટે?

પ્રશ્ન :–જો તપની વ્યાખ્યા ઉપર પ્રમાણે છે તો તે તપના ભેદ પડી શકે નહિ, છતાં અહીં તપના બાર ભેદ કેમ કહ્યા છે?

**ઉત્તર** :–શાસ્ત્રોનું કથન કોઈ વાર ઉપાદાન (–નિશ્ચય)ની અપેક્ષાએ અને કોઈ વાર નિમિત્ત (–વ્યવહાર)ની અપેક્ષાએ હોય છે. નિમિત્ત જુદા જુદા હોવાથી તેમાં ભેદ પડે, પણ ઉપાદાન તો આત્માનો શુદ્ધસ્વભાવ હોવાથી તેમાં ભેદ પડે નહિ. અહીં તપના જે બાર ભેદ જણાવ્યા છે, તે ભેદો નિમિત્ત અપેક્ષાએ છે. આ શાસ્ત્ર મુખ્યપણે પર્યાયાર્થિકનયથી કથન કરતું હોવાથી તે ભેદો જણાવ્યા છે.

૬. જે જીવને સમ્યગ્દર્શન ન હોય તે જીવ વનમાં રહે, ચોમાસામાં ઝાડ નીચે રહે, ગરમીમાં અત્યંત તીવ્ર કિરણોથી સંતપ્ત પર્વતના શિખર ઉપર આસન લગાવે, શિયાળામાં ખુલ્લા મેદાનમાં ધ્યાન કરે, બીજા અનેક પ્રકારના કાયક્લેશ કરે, ઘણા ઉપવાસો કરે, શાસ્ત્રો ભણવામાં ઘણો ચતુર હોય, મૌનવ્રત ધારે ઇત્યાદિ બધું કરે પણ તેનું બધું વૃથા છે—સંસારનું કારણ

છે, તેનાથી ધર્મનો અંશ પણ થતો નથી. જે જીવ સમ્યગ્દર્શનથી રહિત હોય તે જીવ અનશનાદિ બાર તપો કરે, તોપણ તેના કાર્યની સિદ્ધિ થતી નથી. માટે હે જીવ! આકુળતારહિત સમતાદેવીનું કુળમંદિર જે પોતાનું આત્મિકતત્ત્વ છે, તેનું જ તું ભજન કર. (જુઓ, શ્રી નિયમસાર, ગાથા ૧૨૪). ૧૯.

## અભ્યંતર તપના છ પ્રકારો

## प्रायश्चित्तविनयवैयावृत्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् ।।२०।।

**અર્થ** :—[प्रायश्चित्त विनय वैयावृत्य] સમ્યક્ પ્રકારે પ્રાયશ્ચિત્ત, સમ્યક્ વિનય, સમ્યક્ વૈયાવૃત્ય, [स्वाध्याय व्युत्सर्ग ध्यानानि] સમ્યક્ સ્વાધ્યાય, સમ્યક્ વ્યુત્સર્ગ અને સમ્યક્ ધ્યાન [उत्तरम्] એ છ પ્રકાર આભ્યંતર તપના છે.

**નોંધ**—આ સૂત્રમાં 'સમ્યક્' શબ્દનું અનુસંધાન આ અધ્યાયના ચોથા સૂત્રથી આવે છે; પ્રાયશ્ચિત્તાદિ છએ પ્રકારમાં તે લાગુ પડે છે. જો 'સમ્યક્' શબ્દનું અનુસંધાન ન લેવામાં આવે તો નાટક વગેરે સંબંધી અભ્યાસ કરવો તે પણ સ્વાધ્યાય તપ ઠરશે, પરંતુ 'સમ્યક્' શબ્દ વડે તેનો નિષેધ થાય છે.

### ટીકા

૧. ઉપરના સૂત્રની જે ટીકા છે, તે અહીં પણ લાગુ પડે છે

### ૨. સૂત્રોમાં કહેલા શબ્દોની વ્યાખ્યા

(૧) **સમ્યક્ પ્રાયશ્ચિત્ત**—પ્રમાદ અથવા અજ્ઞાનથી લાગેલાં દોષોની શુદ્ધિ કરતાં વીતરાગ સ્વરૂપના લક્ષ વડે અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

(૨) **સમ્યક્ વિનય**—પૂજ્ય પુરુષોનો આદર કરતાં વીતરાગ સ્વરૂપના લક્ષ વડે અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

(૩) **સમ્યક્વૈયાવૃત્ય**—શરીર તથા અન્ય વસ્તુઓથી મુનિઓની સેવા કરતાં વીતરાગ સ્વરૂપના લક્ષ વડે અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય તે.

(૪) **સમ્યક્ સ્વાધ્યાય**—જ્ઞાનની ભાવનામાં આળસ ન કરવી–તેમાં વીતરાગ સ્વરૂપના લક્ષ વડે અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

(૫) **સમ્યક્ વ્યુત્સર્ગ**—બાહ્ય અને આભ્યંતર પરિગ્રહના ત્યાગની ભાવનાથી વીતરાગ સ્વરૂપના લક્ષ વડે અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

(૬) **સમ્યક્ ધ્યાન**—ચિત્તની ચંચળતાને રોકીને તત્ત્વના ચિંતવનમાં લાગવું, તેમાં વીતરાગ સ્વરૂપના લક્ષ વડે અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

૩. આ છએ પ્રકારનાં તપ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. આ છએ પ્રકારમાં સમ્યગ્દૃષ્ટિને પોતાના સ્વરૂપના લક્ષે જેટલી અંતરંગ પરિણામોની શુદ્ધતા થાય તેટલું જ તપ છે. જે શુભ વિકલ્પ છે તેને ઉપચારથી તપ કહેવાય છે, પણ ખરેખર તો તે રાગ છે, તપ નથી. ૨૦.

## આભ્યંતર તપના પેટા ભેદો

## नवचतुर्दशपंचद्विभेदा यथाक्रमं प्राग्ध्यानात् ॥२१॥

**અર્થ** :–[प्राक् ध्यानात्] ધ્યાન પહેલાંના પાંચ તપના [यथाक्रमं नव चतुः दश पंच द्विभेदा] અનુક્રમે નવ, ચાર, દસ, પાંચ અને બે ભેદો છે, અર્થાત્ સમ્યક્ પ્રાયશ્ચિત્તના નવ, સમ્યક્ વિનયના ચાર, સમ્યક્ વૈયાવૃત્યના દસ, સમ્યક્ સ્વાધ્યાયના પાંચ અને સમ્યક્ વ્યુત્સર્ગના બે ભેદ છે.

**નોંધ** :–આભ્યંતર તપનો છઠ્ઠો પ્રકાર ધ્યાન છે, તેના ભેદોનું વર્ણન ૨૮મા સૂત્રમાં આવશે. ૨૧.

## સમ્યક્ પ્રાયશ્ચિત્ત તપના નવ ભેદો

## आलोचनप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेदपरिहारोपस्थापनाः ॥२२॥

**અર્થ** :—[आलोचना प्रतिक्रमण तदुभय] આલોચના, પ્રતિક્રમણ, તદુભય, [विवेक व्युत्सर्ग तपः] વિવેક, વ્યુત્સર્ગ, તપ, [छेदपरिहार उपस्थापनाः] છેદ, પરિહાર અને ઉપસ્થાપન—આ નવ ભેદો પ્રાયશ્ચિત્તતપના છે.

### ટીકા

### ૧. સૂત્રોમાં આવેલા શબ્દોની વ્યાખ્યા

**પ્રાયશ્ચિત્ત**—પ્રાયઃ=અપરાધ, ચિત્ત=શુદ્ધિ; અપરાધની શુદ્ધિ કરવી તે પ્રાયશ્ચિત્ત છે.

(૧) **આલોચના**—પ્રમાદથી થયેલા દોષોને ગુરુ પાસે જઈને નિષ્કપટ રીતે કહેવા તે.

(૨) **પ્રતિક્રમણ**—પોતે કરેલા અપરાધ મિથ્યા થાઓ–એવી ભાવના.

(૩) **તદુભય**—તે બંને અર્થાત્ આલોચના અને પ્રતિક્રમણ બંને કરવાં તે.

(૪) **વિવેક**—આહાર-પાણીનો નિયમિત સમય સુધી ત્યાગ કરવો તે.

(૫) **વ્યુત્સર્ગ**—કાર્યોત્સર્ગ કરવો.

(૬) **તપ**—ઉપવાસાદિ કરવા તે.

(૭) છેદ—એક દિવસ, પખવાડિયું, મહિનો વગેરે વખત સુધી દીક્ષાનો છેદ કરવો તે.

(૮) **પરિહાર**—એક દિવસ, પખવાડિયું, મહિનો વગેરે નિયમિત સમય સુધી સંઘથી પૃથક્ કરવો તે.

(૯) **ઉપસ્થાપન**—દીક્ષાનો સંપૂર્ણ છેદ કરીને ફરીથી નવી દીક્ષા દેવી તે.

૨. આ બધા ભેદો વ્યવહારપ્રાયશ્ચિત્તના છે. જે જીવને નિશ્ચયપ્રાયશ્ચિત્ત પ્રગટ્યું હોય તે જીવના આ નવ પ્રકારના પ્રાયશ્ચિત્તને વ્યવહારપ્રાયશ્ચિત્ત કહેવાય; પણ જો નિશ્ચયપ્રાયશ્ચિત્ત ન પ્રગટ્યું હોય, તો તે વ્યવહારાભાસ છે.

## ૩. નિશ્ચયપ્રાયશ્ચિત્તનું સ્વરૂપ

પોતાના જ આત્માના જે ઉત્કૃષ્ટ બોધ, જ્ઞાન તથા ચિત્ત છે તેને જે જીવ નિત્ય ધારણ કરે છે, તેને જ પ્રાયશ્ચિત્ત હોય છે. (બોધ, જ્ઞાન ને ચિત્તનો અર્થ એક જ છે.) પ્રાયઃ=પ્રકૃષ્ટપણે અને ચિત્ત=જ્ઞાન; પ્રકૃષ્ટપણે જે જ્ઞાન તે જ પ્રાયશ્ચિત્ત છે. ક્રોધાદિ વિભાવભાવનો ક્ષય કરવાની ભાવનામાં વર્તવું તથા પોતાના આત્મિક ગુણોની ચિંતા કરવી તે ખરું પ્રાયશ્ચિત્ત છે. પોતાના આત્મિકતત્ત્વમાં રમણરૂપ જે તપશ્ચરણ તે જ શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. (જુઓ, શ્રી નિયમસાર ગાથા ૧૧૩ થી ૧૨૧)

## ૪. નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ

વચનની રચનાને છોડીને તથા રાગદ્વેષાદિ ભાવોનું નિવારણ કરીને જે કોઈ પોતાના આત્માને ધ્યાવે છે, તેને પ્રતિક્રમણ હોય છે. સર્વે વિરાધના અર્થાત્ અપરાધને છોડીને જે મોક્ષાર્થી જીવ સ્વરૂપની આરાધનામાં વર્તન કરે છે, તેને ખરું પ્રતિક્રમણ છે.

(શ્રી નિયમસાર ગાથા ૮૩-૮૪)

## ૫. નિશ્ચયઆલોચનાનું સ્વરૂપ

જે જીવ પોતાના આત્માને નોકર્મ, દ્રવ્યકર્મ તથા વિભાવ ગુણપર્યાયથી રહિત ધ્યાવે છે, તેને ખરી આલોચના હોય છે. સમતાભાવમાં પોતાના પરિણામને ધરીને પોતાના આત્માને દેખવો તે ખરી આલોચના છે. (જુઓ, શ્રી નિયમસાર ગાથા ૧૦૭ થી ૧૧૨) ૨૨.

## સમ્યક્ વિનયતપના ચાર ભેદ

## ज्ञानदर्शनचारित्रोपचाराः ॥२३॥

**અર્થ** :—[ज्ञान दर्शन चारित्र उपचाराः] જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનય—આ ચાર ભેદ વિનયતપના છે.

### ટીકા

(૧) **જ્ઞાનવિનય**—આદરપૂર્વક યોગ્યકાળમાં સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો; મોક્ષને માટે જ્ઞાનનું ગ્રહણ–અભ્યાસ–સંસ્મરણ વગેરે કરવું તે જ્ઞાનવિનય છે.

(૨) **દર્શનવિનય**—શંકા, કાંક્ષા વગેરે દોષરહિત સમ્યગ્દર્શનને ધારણ કરવું તે દર્શનવિનય છે.

(૩) **ચારિત્રવિનય**—ચારિત્રને નિર્દોષ રીતે પાળવું તે ચારિત્રવિનય છે.

(૪) **ઉપચારવિનય**—આચાર્ય વગેરે પૂજ્ય પુરુષોને દેખીને ઊભા થવું, નમસ્કાર કરવા એ વગેરે ઉપચારવિનય છે. આ બધા ભેદો વ્યવહારવિનયના છે.

### નિશ્ચયવિનયનું સ્વરૂપ

શુદ્ધભાવ તે નિશ્ચયવિનય છે. પોતાના અકષાયભાવમાં અભેદપરિણમન સહિત શુદ્ધતારૂપે ટકવું તે નિશ્ચયવિનય છે; તેથી જ કહેવાય છે, કે 'વિનયવંત ભગવાન કહાવૈ, નહિ કિસીકો શિષ નમાવે' (આત્મસિદ્ધિ–પ્રવચનો પા. ૧૭૩), અર્થાત્ ભગવાન વિનયવંત કહેવાય છે પણ કોઈને શિષ નમાવતાં નથી. ૨૩.

## સમ્યક્ વૈયાવૃત્યતપના દસ ભેદ

## आचार्योपाध्यायतपस्विशैक्ष्यग्लानगणकुलसंघसाधुमनोज्ञानाम् ॥२४॥

**અર્થ** :—[आचार्य उपाध्याय तपस्वि] આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, [शैक्ष्य ग्लान गण कुल] શૈક્ષ્ય, ગ્લાન, ગણ, કુળ [संघ साधु मनोज्ञानाम्] સંઘ, સાધુ અને મનોજ્ઞ–એ દસ પ્રકારના મુનિઓની સેવા કરવી, તે દસ પ્રકાર વૈયાવૃત્યતપના છે.

### ટીકા

### ૧. સૂત્રમાં આવેલા શબ્દોના અર્થ

(૧) **આચાર્ય**—જે મુનિ પોતે પાંચ આચારને આચરે અને બીજાને આચરણ કરાવે તે.

(૨) **ઉપાધ્યાય**—જેની પાસે શાસ્ત્રોનું અધ્યયન કરવામાં આવે તે.

(૩) **તપસ્વી**—મહાન ઉપવાસ કરનાર સાધુ.

(૪) **શૈક્ષ્ય**—શાસ્ત્રના અધ્યયનમાં તત્પર મુનિ.

(૫) **ગ્લાન**—રોગથી પીડિત મુનિ.

(૬) **ગણ**—વૃદ્ધ મુનિઓ અનુસાર ચાલનારા મુનિઓનો સમુદાય.

(૭) **કુળ**—દીક્ષા દેનારા આચાર્યના શિષ્યો.

(૮) **સંઘ**—ઋષિ, યતિ, મુનિ અને અણગાર એ ચાર પ્રકારના મુનિઓનો સમૂહ. (સંઘના બીજા પ્રકારે ચાર ભેદો આ પ્રમાણે છે–સાધુ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા.)

(૯) **સાધુ**—જેણે ઘણા કાળથી દીક્ષા લીધી હોય તે, અથવા રત્નત્રયભાવનાથી પોતાના આત્માને સાધે તે.

(૧૦) **મનોજ્ઞ**—લોકમાં જેની ઘણી પ્રશંસા થઈ રહી હોય એવા મુનિ.

૨. આ દરેકની સેવા કરવી તે વૈયાવૃત્ય છે. આ વૈયાવૃત્ય શુભભાવરૂપ છે, તેથી વ્યવહાર છે. વૈયાવૃત્યનો અર્થ સેવા છે. પોતાના અકષાયભાવની સેવા તે નિશ્ચય વૈયાવૃત્ય છે. (આત્મસિદ્ધિ–પ્રવચનો પા. ૧૭૪)

### ૩. સંઘના ચાર ભેદ કહ્યા તેના અર્થ

ઋષિ = ઋદ્ધિધારી સાધુ. યતિ = ઇન્દ્રિયોને વશ કરનારા સાધુ અથવા ઉપશમ કે ક્ષપકશ્રેણી માંડનારા સાધુ. મુનિ = અવધિજ્ઞાની કે મનઃપર્યયજ્ઞાની સાધુ. અણગાર = સામાન્ય સાધુ.

વળી ઋદ્ધિના પણ ચાર ભેદ છે—(૧) રાજર્ષિ = વિક્રિયા, અક્ષીણ ઋદ્ધિપ્રાપ્ત. (૨) બ્રહ્મર્ષિ = બુદ્ધિ ઔષધયુક્ત ઋદ્ધિ પ્રાપ્ત. (૩) દેવર્ષિ = ગગનગમન ઋદ્ધિપ્રાપ્ત. (૪) પરમઋષિ = કેવળજ્ઞાની. ૨૪.

## સમ્યક્ સ્વાધ્યાયતપના પાંચ ભેદ

## वाचनापृच्छनानुप्रेक्षाम्नायधर्मोपदेशाः ।।२५।।

**અર્થ** :—[वाचना पृच्छना अनुप्रेक्षा] વાચના, પૂછવું, અનુપ્રેક્ષા [आम्नाय धर्मोपदेशाः] આમ્નાય અને ધર્મોપદેશ કરવો—આ પાંચ ભેદો સ્વાધ્યાયતપના છે.

## ટીકા

**વાચના**—નિર્દોષ ગ્રંથ, તેના અર્થ તથા તે બંનેનું ભવ્ય જીવોને શ્રવણ કરાવવું તે.

**પૃચ્છના**—સંશયને દૂર કરવા માટે અથવા નિશ્ચયને દૃઢ કરવા માટે પ્રશ્ન પૂછવા તે.

પોતાનું ઉચ્ચપણું પ્રગટ કરવા માટે, કોઈને ઠગવા માટે, કોઈનો પરાજય કરવા માટે, બીજાનું હાસ્ય કરવા માટે ઈત્યાદિ ખોટા પરિણામોથી પ્રશ્ન કરવા તે પૃચ્છનાસ્વાધ્યાયતપ નથી.

**અનુપ્રેક્ષા**—જાણેલા પદાર્થોનું વારંવાર ચિંતવન કરવું તે.

**આમ્નાય**—નિર્દોષ ઉચ્ચારણ કરીને પાઠ બોલવા તે.

**ધર્મોપદેશ**—ધર્મનો ઉપદેશ કરવો તે.

**પ્રશ્ન** :—આ પાંચ પ્રકારના સ્વાધ્યાય શા માટે છે?

**ઉત્તર** :—પ્રજ્ઞાની અધિકતા, પ્રશંસનીય અભિપ્રાય કે આશય, ઉત્કૃષ્ટ ઉદાસીનતા, તપની વૃદ્ધિ, અતિચારની વિશુદ્ધિ એ વગેરેના હેતુથી આ પાંચ પ્રકારના સ્વાધ્યાય કહેવામાં આવ્યા છે. ૨૫.

## સમ્યક્ વ્યુત્સર્ગતપના બે ભેદ

## बाह्याभ्यंतरोपध्योः ॥२६॥

**અર્થ** :–[बाह्य आभ्यंतर उपध्योः] બાહ્ય ઉપધિ વ્યુત્સર્ગ અને આભ્યંતર ઉપધિ વ્યુત્સર્ગ—એ બે ભેદ વ્યુત્સર્ગતપના છે.

## ટીકા

૧. બાહ્ય ઉપધિ એટલે બાહ્ય પરિગ્રહ અને આભ્યંતર ઉપધિ એટલે અંતરંગ પરિગ્રહ. દસ પ્રકારના બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહનો ત્યાગ તે વ્યુત્સર્ગતપ છે. આત્માના વિકારી પરિણામ તે અંતરંગ પરિગ્રહ છે; તેને બાહ્યપરિગ્રહણ સાથે નિમિત્ત-નૈમિત્તિક-સંબંધ છે.

૨. **પ્રશ્ન** :–આ વ્યુત્સર્ગતપ શા માટે છે?

**ઉત્તર** :–નિઃસંગપણું, નિડરતા, જીવિતની આશાનો અભાવ, એ વગેરે માટે આ તપ છે.

૩. જે ચૌદ અંતરંગ પરિગ્રહ છે તેમાં સૌથી પ્રથમ મિથ્યાત્વ ટળે છે; તે ટળ્યા સિવાય બીજા કોઈ પણ પરિગ્રહ ટળે જ નહિ. એ સિદ્ધાંત બતાવવા માટે આ શાસ્ત્રના પહેલાં જ

સૂત્રમાં મોક્ષમાર્ગ તરીકે આત્માના જે ત્રણ શુદ્ધ ભાવોના એકત્વની જરૂરીયાત બતાવી છે, તેમાં પણ પહેલાં જ સમ્યગ્દર્શન જણાવ્યું છે. સમ્યગ્દર્શન વગર જ્ઞાન કે ચારિત્ર પણ સમ્યક્ હોતાં નથી. ચારિત્ર માટે જે 'સમ્યક્' વિશેષણ મૂકવામાં આવે છે, તે અજ્ઞાનપૂર્વકના આચરણની નિવૃત્તિ સૂચવે છે. પહેલાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન થયા પછી જે યથાર્થ ચારિત્ર હોય તે જ સમ્યક્ચારિત્ર છે. માટે મિથ્યાત્વ ટાળ્યા વગર કોઈ પ્રકારનું તપ કે ધર્મ થાય નહિ. ૨૬.

આ નિર્જરાતત્ત્વનું વર્ણન ચાલે છે. નિર્જરાનું કારણ તપ છે; તપના ભેદોનું વર્ણન ચાલે છે, તેમાં આભ્યંતર તપના પહેલાં પાંચ ભેદોનું વર્ણન પૂરું થયું. હવે છઠ્ઠો ભેદ ધ્યાન છે; તેનું વર્ણન કરે છે.

## સમ્યક્ ધ્યાનતપનું લક્ષણ

## उत्तमसंहननस्यैकाग्रचिंतानिरोधोध्यानमान्तर्मुहूर्तात् ॥२७॥

**અર્થ** :—[उत्तमसंहननस्य] ઉત્તમ સંહનનવાળાને [आ अन्तर्मुहूर्तात्] અંતર્મુહૂર્ત સુધી [एकाग्रचिंतानिरोधः ध्यानम्] એકાગ્રતાપૂર્વક ચિંતાનો નિરોધ તે ધ્યાન છે.

### ટીકા

૧. **ઉત્તમસંહનન**—વજ્રર્ષભનારાચ વજ્રનારાચ અને નારાચ એ ત્રણ ઉત્તમ સંહનન છે. તેમાં મોક્ષ જનાર જીવને પહેલું સંહનન હોય છે.

**એકાગ્ર**—એકાગ્રનો અર્થ મુખ્ય, સહારો, અવલંબન, આશ્રય પ્રધાન અથવા સન્મુખ થાય છે. વૃત્તિને અન્ય ક્રિયાથી ખેંચીને એક જ વિષયમાં રોકવી તે એકાગ્ર ચિંતાનિરોધ છે અને તે જ ધ્યાન છે. જ્યાં એકાગ્રતા નથી ત્યાં ભાવના છે.

૨. આ સૂત્રમાં ધ્યાતા, ધ્યાન, ધ્યેય અને ધ્યાનનો કાળ એ ચાર બાબતો નીચે પ્રમાણે આવી જાય છે—

(૧) ઉત્તમસંહનનધારી પુરુષ તે ધ્યાતા.

(૨) એકાગ્રચિંતાનિરોધ તે ધ્યાન.

(૩) જે એક વિષયને પ્રધાન કર્યો તે ધ્યેય.

(૪) અંતર્મુહૂર્ત તે ધ્યાનનો ઉત્કૃષ્ટ કાળ.

મુહૂર્ત એટલે ૪૮ મિનિટ અને અંતર્મુહૂર્ત એટલે ૪૮ મિનિટની અંદરનો કાળ. ૪૮ મિનિટમાં એક સમય ઓછો તે ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે.

૩. ઉત્તમ સંહનનવાળાને અંતર્મુહૂર્ત સુધી ધ્યાન રહી શકે છે, એમ અહીં કહ્યું છે. તેનો અર્થ એવો થયો કે અનુત્તમ સંહનનવાળાને સામાન્ય ધ્યાન થાય છે, એટલે કે જેટલો વખત ઉત્તમ સંહનનવાળાને રહે છે તેટલો વખત તેને રહેતું નથી. આ સૂત્રમાં કાળનું કથન કર્યું છે, તેમાં આ બાબત ગર્ભિતપણે આવી જાય છે.

૪. અષ્ટપ્રાભૃતમાં મોક્ષપ્રાભૃતમાં કહ્યું છે, કે-જીવ આજે પણ ત્રિરત્ન વડે શુદ્ધાત્માને ધ્યાવીને સ્વર્ગલોકમાં વા લૌકાંતિકમાં દેવપણું પામે છે અને ત્યાંથી ચ્યવીને મનુષ્ય થઈ મોક્ષ પામે છે (ગાથા-૭૭); માટે પંચમકાળના અનુત્તમ સંહનનવાળા જીવોને પણ ધર્મધ્યાન થઈ શકે છે.

૫. **પ્રશ્ન** :-ધ્યાનમાં ચિંતાનો નિરોધ છે અને ચિંતાનો નિરોધ તે અભાવ છે, તેથી તે અભાવના કારણે ધ્યાન પણ ગધેડાના શિંગડાની જેમ અસત્ થયું?

**ઉત્તર** :-ધ્યાન અસત્‌રૂપ નથી. બીજા વિચારોથી નિવૃત્તિની અપેક્ષાએ અભાવ છે, પરંતુ સ્વવિષયના આકારની અપેક્ષાએ સદ્‌ભાવ છે, એટલે કે તેમાં સ્વરૂપની પ્રવૃત્તિનો સદ્‌ભાવ છે, એમ 'એકાગ્ર' શબ્દથી નક્કી કરી શકાય છે. સ્વરૂપની અપેક્ષાએ ધ્યાન વિદ્યમાન-સત્‌રૂપ છે.

૬. આ સૂત્રનો એવો અર્થ પણ થઈ શકે છે કે, જે જ્ઞાન ચળાચળતા રહિત અચલ પ્રકાશવાળું અથવા દેદિપ્યમાન થાય છે, તે ધ્યાન છે. ૨૭.

## ધ્યાનના ભેદ

## आर्त्तरौद्रधर्म्यशुक्लानि ।।२८।।

**અર્થ** :—[आर्त्त रौद्र धर्म्य शुक्लानि] આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ—એ ચાર ભેદ ધ્યાનના છે.

### ટીકા

**પ્રશ્ન** :—આ સંવર-નિર્જરાનો અધિકાર છે અને અહીં નિર્જરાના કારણોનું વર્ણન ચાલે છે. આર્ત્ત અને રૌદ્રધ્યાન તો બંધના કારણ છે, તો તેને અહીં કેમ લીધાં?

**ઉત્તર** :-નિર્જરાના કારણરૂપ જે ધ્યાન છે તેનાથી આ ધ્યાનને જુદા બતાવીને, ધ્યાનના બધા પ્રકારો સમજાવ્યા છે.

**આર્ત્તધ્યાન**—દુઃખ-પીડા વિષે ચિંતવન.

**રૌદ્રધ્યાન**—નિર્દય-ક્રૂર આશયનું ચિંતવન.

Final moxshastra
619



**ધર્મધ્યાન**—ધર્મસહિત ચિંતવન.

**શુક્લધ્યાન**—શુદ્ધ પવિત્ર ઉજ્જ્વળ પરિણામવાળું ચિંતવન.

આ ચાર ધ્યાનોમાં પહેલા બે અશુભ છે અને બીજાં બે ધર્મરૂપ છે. ૨૮.

## મોક્ષના કારણરૂપ ધ્યાન

## परे मोक्षहेतू ॥२९॥

**અર્થ** :–[परे] જે ચાર પ્રકારનાં ધ્યાન કહ્યાં, તેમાંથી પાછળનાં બે અર્થાત્ ધર્મ અને શુક્લધ્યાન [मोक्षहेतू] મોક્ષના કારણ છે.

## ટીકા

પહેલાં બે—આર્ત્તધ્યાન અને રૌદ્ર ધ્યાન—સંસારનાં કારણ છે અને ધર્મ તથા શુક્લધ્યાન મોક્ષનાં કારણ છે.

**પ્રશ્ન** :–છેલ્લાં બે ધ્યાન મોક્ષનાં કારણ છે, એ તો સૂત્રમાં કહ્યું છે;

પરંતુ પહેલાં બે ધ્યાન સંસારનું કારણ છે, એવો અર્થ સૂત્રમાંથી શી રીતે કાઢ્યો?

**ઉત્તર** :–મોક્ષ અને સંસાર એ બે સિવાય વચલો કોઈ સાધવા યોગ્ય પદાર્થ નથી. આ જગતમાં બે જ માર્ગ છે–મોક્ષમાર્ગ અને સંસારમાર્ગ. આ બે સિવાય ત્રીજો કોઈ સાધનીય પદાર્થ નથી, તેથી આ સૂત્ર એમ પણ સ્થાપન કરે છે, કે ધર્મધ્યાન અને શુક્લધ્યાન સિવાયના આર્ત્ત અને રૌદ્રધ્યાન સંસારનાં કારણ છે. ૨૯.

આર્ત્તધ્યાનના ચાર ભેદ છે; તેનું વર્ણન હવે અનુક્રમે ચાર સૂત્રો દ્વારા કરે છે.

## आर्तममनोज्ञस्य संप्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥३०॥

**અર્થ** :–[अमनोज्ञस्य संप्रयोगे] અનિષ્ટ પદાર્થનો સંયોગ થતાં [तत् विप्रयोगाय] તેને દૂર કરવા માટે [स्मृति समन्वाहारः] વારંવાર વિચાર કરવો તે [आर्त्तम्] અનિષ્ટ સંયોગજ નામનું આર્ત્તધ્યાન છે. ૩૦.

## विपरीतं मनोज्ञस्य ॥३१॥

**અર્થ** :—[मनोज्ञस्य] ઈષ્ટ પદાર્થ સંબંધી [विपरीतं] ઉપર કરતાં વિપરીત અર્થાત્ ઈષ્ટ પદાર્થનો વિયોગ થતાં તેના સંયોગ માટે વારંવાર વિચાર કરવો તે 'ઈષ્ટ વિયોગજ' નામનું આર્ત્તધ્યાન છે. ૩૧.

Dt : 10-10-10

## वेदनायाश्च ॥३२॥

**અર્થ** :–[वेदनाया च] રોગજનિત પીડા થતાં તેને દૂર કરવા માટે વારંવાર ચિંતવન કરવું, તે વેદનાજન્ય આર્ત્તધ્યાન છે. ૩૨.

## निदानं च ॥३३॥

**અર્થ** :–[निदानं च] ભવિષ્યકાળ સંબંધી વિષયોની પ્રાપ્તિમાં ચિત્તને તલ્લીન કરી દેવું તે નિદાન જ આર્ત્તધ્યાન છે. ૩૩.

## ગુણસ્થાન અપેક્ષાએ આર્તધ્યાનના સ્વામી

## तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् ॥३४॥

**અર્થ** :—[तत्] તે આર્ત્તધ્યાન [अविरत] અવિરત—પહેલા ચાર ગુણસ્થાન, [देशविरत] દેશવિરત–પાંચમું ગુણસ્થાન અને [प्रमत्तसंयतानाम्] પ્રમત્ત સંયત—છઠ્ઠા ગુણસ્થાનને હોય છે.

**નોંધ**—'નિદાનજ' આર્ત્તધ્યાન છઠ્ઠા ગુણસ્થાને હોતું નથી.

### ટીકા

મિથ્યાદૃષ્ટિ જીવ તો અવિરત છે અને સમ્યગ્દૃષ્ટિ જીવ પણ અવિરત હોય છે. જેથી ચાર પ્રકારના જીવોને આર્ત્તધ્યાન હોય છે—(૧) મિથ્યાદૃષ્ટિ, (૨) સમ્યગ્દૃષ્ટિ–અવિરતિ, (૩) દેશવિરત અને (૪) પ્રમત્ત સંયત. મિથ્યાદૃષ્ટિને સૌથી ખરાબ આર્ત્તધ્યાન હોય છે અને ત્યારપછી પ્રમત્તસંયત સુધી તે ક્રમે ક્રમે મંદ થતું જાય છે. છઠ્ઠા ગુણસ્થાન પછી આર્ત્તધ્યાન હોતું નથી.

મિથ્યાદૃષ્ટિ જીવ પર વસ્તુના સંયોગ–વિયોગને આર્ત્તધ્યાનનું કારણ માને છે, તેથી તેને આર્ત્તધ્યાન ખરેખર મંદ પણ થતું નથી. સમ્યગ્દૃષ્ટિ જીવોને આર્ત્તધ્યાન ક્વચિત્ થાય છે અને તેનું કારણ તેઓના પુરુષાર્થની નબળાઈ છે; તેથી તેઓ પોતાનો પુરુષાર્થ વધારીને ક્રમે ક્રમે આર્ત્તધ્યાનનો અભાવ કરીને છેવટે તેનો સર્વથા નાશ કરે છે. મિથ્યાદૃષ્ટિ જીવને પોતાના જ્ઞાનસ્વભાવની અરુચિ છે, તેથી તેને સર્વત્ર નિરંતર દુઃખમય એવું આર્ત્તધ્યાન વર્તે છે. સમ્યગ્દૃષ્ટિને પોતાના જ્ઞાન સ્વભાવની અખંડ રુચિ વર્તે છે, તેથી તેને નિત્ય ધર્મધ્યાન વર્તે છે, માત્ર પુરુષાર્થની નબળાઈથી કોઈક વખત અશુભભાવરૂપ આર્ત્તધ્યાન હોય છે, પણ તે મંદ હોય છે. ૩૪.

## રૌદ્રધ્યાનના ભેદ અને સ્વામી

## हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः ।।३५।।

અર્થઃ—[हिंसा अनृत स्तेय विषयसंरक्षणेभ्यो] હિંસા, અસત્ય, ચોરી અને વિષયસંરક્ષણના ભાવથી ઉત્પન્ન થતું ધ્યાન [रौद्रम्] રૌદ્ર ધ્યાન છે, આ ધ્યાન [अविरत देशविरतयोः] અવિરત અને દેશવિરત (પહેલેથી પાંચ) ગુણસ્થાનોએ હોય છે.

### ટીકા

ક્રૂર પરિણામોથી જે ધ્યાન થાય છે તે રૌદ્રધ્યાન છે. નિમિત્તના ભેદની અપેક્ષાએ રૌદ્રધ્યાનના ચાર પ્રકાર પડે છે. તે નીચે પ્રમાણે—

૧. **હિંસાનંદી**—હિંસામાં આનંદ માની તેના સાધન મેળવવામાં તલ્લીન રહેવું તે.

૨. **મૃષાનંદી**—અસત્ય બોલવામાં આનંદ માની તેનું ચિંતવન કરવું તે.

૩. **ચૌર્યાનંદી**—ચોરીમાં આનંદ માની તેનું ચિંતવન કરવું તે.

૪. **પરિગ્રહાનંદી**—પરિગ્રહની રક્ષાની ચિંતા કરવામાં તલ્લીન થઈ જવું તે. ૩૫.

## ધર્મધ્યાનના ભેદ

## आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्म्यम् ।।३६।।

**અર્થ** :—[आज्ञाअपायविपाकसंस्थानविचयाय] આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચયને માટે ચિંતવન કરવું તે [धर्म्यम्] ધર્મધ્યાન છે.

### ટીકા

૧. ધર્મધ્યાનના ચાર પ્રકાર નીચે પ્રમાણે છે—

(૧) **આજ્ઞાવિચય**—આગમની પ્રમાણતાથી અર્થનો વિચાર કરવો તે.

(૨) **અપાયવિચય**—સંસારી જીવોના દુઃખનો અને તેમાંથી છૂટવાના ઉપાયનો વિચાર કરવો તે.

(૩) **વિપાકવિચય**—કર્મના ફળનો (-ઉદયનો) વિચાર કરવો તે.

(૪) **સંસ્થાનવિચય**—લોકના આકારનો વિચાર કરવો તે.

૨. ઉપર્યુક્ત ચાર પ્રકારનો વિચાર

(૧) વીતરાગઆજ્ઞાવિચાર, સાધક દશાનો વિચાર, હું વર્તમાનમાં કેટલી ભૂમિકામાં છું એ સંબંધી વિચાર કરવો તે આજ્ઞાવિચય છે.

(૨) બાધકતાનો વિચાર, વિઘ્ન કેટલું બાકી છે તેનો તથા દુઃખના કારણોનો વિચાર તે અપાયવિચય છે.

(૩) વિપાકનો વિચાર, કર્મોદયજન્ય કષાયભાવની અસ્થિરતા ટાળવાનો વિચાર કરવો તે વિપાકવિચય છે.

(૪) સંસ્થાનવિચાર, કર્મોદયની સત્તાનો ક્યારે નાશ થશે અને મારા શુદ્ધ આત્મદ્રવ્યનું પ્રગટ નિરાવરણ સંસ્થાન કેવા પુરુષાર્થથી પ્રગટ થાય; શુદ્ધોપયોગની આકૃતિ સહિત સ્વભાવ વ્યંજન પર્યાયનો સ્વયં સ્થિર શુદ્ધ આકાર ક્યારે પ્રગટ થશે; તે સંબંધી વિચાર કરવો તે સંસ્થાન વિચય છે.

૩. **પ્રશ્ન** :—છઠ્ઠા ગુણસ્થાને તો નિર્વિકલ્પ દશા હોતી નથી, તો ત્યાં ધર્મધ્યાન કેમ સંભવે?

**ઉત્તર** :—છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ હોય છે ખરો, પરંતુ ત્યાં તે વિકલ્પનું સ્વામિત્વ નથી અને સમ્યગ્દર્શનની દૃઢતા થઈને અશુભ-રાગ ટળતો જાય છે, તેથી તેટલે દરજ્જે ત્યાં ધર્મધ્યાન છે અને તેનાથી સંવર–નિર્જરા થાય છે. ચોથા અને પાંચમા ગુણસ્થાને પણ એ જ રીતે ધર્મધ્યાન હોય છે અને તેનાથી તે ગુણસ્થાનને લાયક સંવર–નિર્જરા થાય છે. જે શુભભાવ હોય તે તો બંધનું કારણ થાય છે, તે ખરૂં ધર્મધ્યાન નથી.

૪. **ધર્મધ્યાન**—(ધર્મ=સ્વભાવ; ધ્યાન=એકાગ્રતા;) પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્રતા તે નિશ્ચયધર્મધ્યાન છે; જેમાં ક્રિયાકાંડના સર્વ આડંબરોનો ત્યાગ છે, એવી અંતરંગક્રિયાના આધારરૂપ જે આત્મા તેને, મર્યાદારહિત તથા ત્રણે કાળના કર્મોની ઉપાધિરહિત એવા સ્વરૂપે જે જાણે છે, તે જ્ઞાનની વિશેષપરિણતિ–કે જેમાં આત્મા પોતાના આશ્રયમાં સ્થિર થાય છે– તે નિશ્ચયધર્મધ્યાન છે અને તે જ સંવર-નિર્જરાનું કારણ છે.

વ્યવહારધર્મધ્યાન તે શુભભાવ છે; કર્મના ચિંતવનમાં મન લાગ્યું રહે એ તો શુભપરિણામરૂપ ધર્મધ્યાન છે. જેઓ કેવળ શુભપરિણામથી મોક્ષ માને છે તેમને સમજાવ્યા છે, કે શુભરિણામ અર્થાત્ વ્યવહારધર્મધ્યાનથી મોક્ષ થતો નથી. [જુઓ, શ્રી સમયસાર ગાથા ૨૯૧ ટીકા તથા ભાવાર્થ] ૩૬.

## શુક્લધ્યાનના સ્વામી

## शुक्ले चाद्ये पूर्वविदः ॥३७॥

**અર્થ** :—[शुक्ले च आद्ये ] પહેલા બે પ્રકારનાં શુક્લધ્યાન અર્થાત્ પૃથક્ત્વવિતર્ક અને એકત્વવિતર્ક એ બે ધ્યાન પણ [पूर्वविदः ] પૂર્વજ્ઞાનધારી શ્રુતકેવળીને હોય છે.

**નોંધ** :—આ સૂત્રમાં च શબ્દ છે તે એમ સૂચવે છે, કે શ્રુતકેવળીને ધર્મધ્યાન પણ હોય છે.

### ટીકા

૧. શુક્લધ્યાનના ચાર પ્રકાર ૩૯ મા સૂત્રમાં કહેશે. શુક્લધ્યાનનો પહેલો ભેદ આઠમા ગુણસ્થાને શરુ થાય છે અને દસમા ગુણસ્થાન સુધી રહે છે; તેના નિમિત્તે મોહનીયકર્મનો ક્ષય કે ઉપશમ થાય છે. બીજો ભેદ બારમા ગુણસ્થાને હોય છે; તેના નિમિત્તે બાકીનાં ઘાતિકર્મોનો ક્ષય થાય છે. અગિયારમા ગુણસ્થાને પહેલો ભેદ હોય છે.

૨. આ સૂત્રમાં પૂર્વધારી શ્રુતકેવળીને શુક્લધ્યાન હોવાનું કહ્યું છે તે ઉત્સર્ગ કથન છે; તેમાં અપવાદ કથનનો સમાવેશ ગૌણપણે થઈ જાય છે. અપવાદ કથન એ છે, કે કોઈ જીવને નિશ્ચયસ્વરૂપ આશ્રિત આઠ પ્રવચનમાતા પૂરતું સમ્યગ્જ્ઞાન હોય તો તે પુરુષાર્થ વધારીને પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ શુક્લધ્યાન પ્રગટ કરે છે. તેનું દૃષ્ટાંત શિવભૂતિ મુનિ છે; તેઓને વિશેષ શાસ્ત્રજ્ઞાન ન હોવા છતાં નિશ્ચયસ્વરૂપઆશ્રિત સમ્યગ્જ્ઞાન હતું અને તેથી પુરુષાર્થ વધારી શુક્લધ્યાન પ્રગટ કરીને કેવળજ્ઞાન પામ્યા હતા.

(જુઓ, તત્ત્વાર્થસાર અ. ૬. ગાથા ૪૬ ની ટીકા ) ૩૭.

શુક્લધ્યાનના ચાર ભેદોમાંથી પહેલા બે ભેદ કોને હોય તે જણાવ્યું, હવે બાકીના બે ભેદ કોને હોય છે, તે જણાવે છે.

## परे केवलिनः ॥३८॥

**અર્થ** :—[परे ] શુક્લધ્યાનના છેલ્લા બે ભેદ અર્થાત્ સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ અને વ્યુપરતક્રિયાનિવર્તિ એ બે ધ્યાન [केवलिनः ] કેવળી ભગવાનને હોય છે.

### ટીકા

ત્રીજો ભેદ તેરમા ગુણસ્થાનના છેલ્લા ભાગમાં હોય છે; ત્યાર પછી ચૌદમું ગુણસ્થાન પ્રગટે છે અને ચોથો ભેદ ચૌદમા ગુણસ્થાને હોય છે. ૩૮.

## શુક્લધ્યાનના ચાર ભેદ

## पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रियानिवर्तीनि ॥३९॥

**અર્થ** :—[पृथक्त्व एकत्ववितर्क] પૃથકત્વવિતર્ક, એકત્વવિતર્ક, [सूक्ष्मक्रियाप्रतिपाति व्युपरतक्रियानिवर्तीनि] સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ અને વ્યુપરતક્રિયાનિવર્તિ–એ ચાર ભેદ શુક્લધ્યાનના છે. ૩૯.

## યોગ અપેક્ષાએ શુક્લધ્યાનના સ્વામી

## त्र्येकयोगकाययोगायोगानाम् ॥४०॥

**અર્થ** :—[त्रि एकयोग काययोग अयोगानाम्] ઉપર કહેલા ચાર પ્રકારના શુક્લધ્યાન અનુક્રમે ત્રણ યોગવાળા, એક યોગવાળા, માત્ર કાયયોગવાળા અને અયોગી જીવોને હોય છે.

### ટીકા

૧. પહેલું પૃથક્ત્વવિતર્કધ્યાન મન, વચન કાય એ ત્રણ યોગના ધારક જીવોને હોય છે. (ગુણસ્થાન ૮ થી ૧૧)

બીજું એકત્વવિતર્કધ્યાન ત્રણમાંથી કોઈ એક યોગના ધારકને હોય છે.(ગુણસ્થાન ૧૨)

ત્રીજું સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિધ્યાન માત્ર કાયયોગના ધારકને હોય છે. (ગુણસ્થાન ૧૩ નો છેલ્લો ભાગ)

ચોથું વ્યુપરતક્રિયાનિવર્તિધ્યાન યોગરહિત–અયોગી જીવોને હોય છે. (ગુણસ્થાન ૧૪ )

### ૨. કેવળીના મનોયોગસંબંધી સ્પષ્ટીકરણ

(૧) કેવળી ભગવાનને અતીન્દ્રિયજ્ઞાન હોય છે, તેનો અર્થ એવો નથી કે તેમને દ્રવ્યમન નથી. દ્રવ્યમનનો તેમને સદ્‌ભાવ છે, પણ તેમને મનોનૈમિત્તિક જ્ઞાન નથી, કેમ કે માનસિક જ્ઞાન તો ક્ષયોપશમરૂપ છે અને કેવળી ભગવાનને ક્ષાયિકજ્ઞાન હોવાથી તેનો અભાવ છે.

(૨) મનોયોગ ચાર પ્રકારના છે–૧–સત્ય મનોયોગ, ૨–મૃષા મનોયોગ, ૩–સત્યમૃષા મનોયોગ અને ૪–અસત્યમૃષા મનોયોગ, એટલે કે જેમાં સત્યપણું અને મૃષાપણું એ બંને નથી, આને અનુભય મનોયોગ પણ કહેવાય છે. કેવળી ભગવાનને આ ચારમાંથી પહેલો અને ચોથો મનોયોગ વચનના નિમિતે ઉપચારથી કહેવામાં આવે છે.

(૩) પ્રશ્નઃ—કેવળીને સત્યમનોયોગનો સદ્ભાવ હોય તે તો બરાબર છે, પણ તેમને વસ્તુનું યથાર્થ જ્ઞાન છે અને સંશય તથા અનધ્યવસાયરૂપ જ્ઞાનનો અભાવ છે, તેથી તેમને અનુભય અર્થાત્ અસત્યમૃષા મનોયોગ કેવી રીતે સંભવે છે?

ઉત્તરઃ—સંશય અને અનધ્યવસાયના કારણરૂપ જે વચન તેનું નિમિત્તકારણ મન હોય છે, તેથી તેમાં શ્રોતાના ઉપચારથી અનુભયધર્મ રહી શકે છે, માટે સયોગી જિનને અનુભય મનોયોગનો સદ્ભાવ ઉપચારથી કહેવામાં આવે છે. આ રીતે સયોગી જિનને અનુભયમનોયોગ સ્વીકારવામાં કાંઈ વિરોધ નથી. કેવળીના જ્ઞાનના વિષયભૂત પદાર્થો અનંત હોવાથી અને શ્રોતાને આવરણકર્મનો ક્ષયોપશમ અતિશય રહિત હોવાથી કેવળીના વચનોના નિમિત્તે સંશય અને અનધ્યવસાયની ઉત્પત્તિ થઈ શકે છે, તેથી અનુભય મનોયોગનો સદ્ભાવ ઉપચારથી કહેવામાં આવે છે. *(શ્રી ધવલા પુસ્તક ૧ પા. ૨૮૨ થી ૨૮૪ તથા ૩૦૭)*

## ૩. કેવળીને બે પ્રકારના વચનયોગ

કેવળી ભગવાનને ક્ષાયોપશમિકજ્ઞાન (ભાવમન) નહિ હોવા છતાં તેમને સત્ય અને અનુભય એ બે પ્રકારના મનોયોગની ઉત્પત્તિ કહેવામાં આવી છે, તે ઉપચારથી કહેવામાં આવી છે. ઉપચારથી મન દ્વારા એ બંને પ્રકારનાં વચનોની ઉત્પત્તિનું વિધાન કરવામાં આવ્યું છે. જેમ બે પ્રકારના મનોયોગ કહ્યા છે, તેમ બે પ્રકારના વચનયોગ પણ કહેવામાં આવ્યા છે, તે પણ ઉપચારથી છે, કેમ કે કેવળી ભગવાનને બોલવાની ઈચ્છા નથી, સહજપણે દિવ્યધ્વનિ છે.

*(શ્રી ધવલા પુસ્તક ૧ પા. ૨૮૩ તથા ૩૦૮)*

## ૪. ક્ષપક તથા ઉપશમક જીવોને ચારે મનોયોગ કઈ રીતે છે.

**શંકા**—ક્ષપક (–ક્ષપકશ્રેણીવાળા) અને ઉપશમક (–ઉપશમશ્રેણીવાળા) જીવોને સત્યમનોયોગ અને અનુભયમનોયોગનો સદ્ભાવ ભલે હો, પણ બાકીનાં બે—અસત્યમનોયોગ અને ઉભયમનોયોગનો સદ્ભાવ શી રીતે છે? કેમ કે તે બંનેમાં રહેવાવાળો અપ્રમાદ તે અસત્ય અને ઉભયમનોયોગના કારણભૂત પ્રમાદનો વિરોધી છે અર્થાત્ ક્ષપક અને ઉપશમક પ્રમાદરહિત હોય છે, માટે તેને અસત્યમનોયોગ અને ઉભયમનોયોગ કઈ રીતે હોય?

**સમાધાન**—આવરણ કર્મયુક્ત જીવોને વિપર્યય અને અનધ્યવસાયરૂપ અજ્ઞાનના કારણભૂત મનનો સદ્ભાવ માનવામાં અને તેથી અસત્ય તથા ઉભય મનોયોગ માનવામાં કાંઈ વિરોધ નથી; પરંતુ તે કારણે ક્ષપક અને ઉપશમક જીવો પ્રમત્ત માની શકાય નહિ, કેમ કે પ્રમાદ મોહનો પર્યાય છે. (શ્રી ધવલા પુ. ૧, પા. ૨૮૫–૨૮૬)

**નોંધ**–સમનસ્ક (–મનસહિત) જીવોને જ્ઞાનની ઉત્પત્તિ મનોયોગથી થાય છે–એમ

માનવામાં દોષ છે. કેમ કે એમ માનવામાં કેવળજ્ઞાનથી વ્યભિચાર આવે છે. પણ સમનસ્ક જીવોને ક્ષાયોપશમિકજ્ઞાન થાય છે, તેમાં મનોયોગ નિમિત્ત છે-એ વાત સાચી છે. બધાં વચનો થવામાં મન નિમિત્ત છે એમ માનવામાં દોષ છે, કેમ કે એમ માનવાથી કેવળીભગવાનને મન નિમિત્ત નથી, તેથી તેમને વચનનો અભાવ થશે. (શ્રી ધવલા પુ. ૧. પા. ૨૮૭-૨૮૮)

### ૫. ક્ષપક અને ઉપશમક જીવોના વચનયોગ સંબંધી

**શંકા** :—જેમને કષાય ક્ષીણ થઈ ગયા છે, તે જીવોને અસત્યવચનયોગ કેમ હોઈ શકે?

**સમાધાન** :—અસત્યવચનનું કારણ અજ્ઞાન છે, તે બારમા ગુણસ્થાન સુધી હોય છે, તે અપેક્ષાએ અસત્યવચનનો સદ્‌ભાવ બારમા ગુણસ્થાન સુધી હોય છે; અને તેથી ઉભયસંયોગ જ સત્યમૃષાવચન પણ બારમા ગુણસ્થાન સુધી હોય છે, તેમાં કાંઈ વિરોધ નથી.

**શંકા** :—વચનગુપ્તિનું પૂરી રીતે પાલન કરનારા કષાયરહિત જીવોને વચનયોગ કેમ સંભવે?

**સમાધાન** :—કષાયરહિત જીવોમાં અન્તર્જલ્પ હોવામાં કાંઈ વિરોધ નથી. (શ્રી ધવલા પુ. ૧, પા. ૨૮૯) ૪૦.

## શુક્લધ્યાનના પહેલા બે ભેદોની વિશેષતા

## एकाश्रये सवितर्कवीचारे पूर्वे ॥४१॥

**અર્થ** :—[एकाश्रये] એક (શ્રુતજ્ઞાની)ના આશ્રયે રહેનારાં [पूर्वे] શુક્લધ્યાનના પહેલા બે ભેદો [सवितर्कवीचारे] વિતર્ક અને વિચારસહિત છે, પરંતુ—

## अवीचारं द्वितियम् ॥४२॥

**અર્થ** :—[द्वितीयम्] ઉપર કહેલાં બે શુક્લધ્યાનમાંથી બીજું [अवीचारं] વિચારથી રહિત છે, (પણ સવિતર્ક હોય છે).

### ટીકા

૧. ૪૨મું સૂત્ર ૪૧મા સૂત્રના અપવાદરૂપ છે, એટલે કે શુક્લધ્યાનનો બીજો ભેદ વિચારરહિત છે. જેમાં વિતર્ક અને વિચાર બંને હોય તે પહેલું પૃથક્‌ત્વવિતર્ક શુક્લધ્યાન છે, અને જે વિચારરહિત તથા વિતર્કસહિત, મણિના દીપકની સમાન અચલ છે તે બીજું—એકત્વવિતર્ક શુક્લધ્યાન છે; તેમાં અર્થ, વચન અને યોગનું પલટવું દૂર થયું હોય છે, એટલે તે સંક્રાંતિરહિત છે. વિતર્કની વ્યાખ્યા ૪૩મા સૂત્રમાં અને વિચારની વ્યાખ્યા ૪૪મા સૂત્રમાં આવશે.

૨. સૂક્ષ્મ કાયયોગના અવલંબનથી જે ધ્યાન થાય છે, તેને સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ (ત્રીજું) શુક્લધ્યાન કહેવાય છે; અને જેમાં આત્મપ્રદેશોમાં પરિસ્પંદ પેદા કરવાવાળી શ્વાસોચ્છ્વાસાદિ સમસ્ત ક્રિયાઓ નિવૃત્ત થઈ જાય છે, તેને વ્યુપરતક્રિયાનિવર્તિ (ચોથું) શુક્લધ્યાન કહેવાય છે. ૪૧–૪૨.

## વિતર્કનું લક્ષણ

## वितर्कः श्रुतम् ।।४३।।

**અર્થ** :—[श्रुतम्] શ્રુતજ્ઞાનને [वितर्कः] વિતર્ક કહેવાય છે.

**નોંધ**—'શ્રુતજ્ઞાન' શબ્દ શ્રવણપૂર્વક જ્ઞાનનું ગ્રહણ સૂચવે છે. મતિજ્ઞાનના ભેદરૂપ ચિંતાને પણ તર્ક કહેવાય છે, તે અહીં ગ્રહણ કરવો નહીં. ૪૩.

## વિચારનું લક્ષણ

## वीचारोऽर्थव्यंजनयोगसंक्रान्तिः ।।४४।।

**અર્થ** :—[अर्थ व्यंजन योगसंक्रान्तिः] અર્થ, વ્યંજન અને યોગની સંક્રાંતિ (–બદલવું) તે [वीचारः] વિચાર છે.

### ટીકા

**અર્થસંક્રાંતિ**—અર્થ અટલે ધ્યાન કરવાયોગ્ય પદાર્થ અને સંક્રાંતિ એટલે બદલવું તે, ધ્યાન કરવા યોગ્ય પદાર્થમાં દ્રવ્યને છોડી પર્યાયને ધ્યાવે અથવા પર્યાયને છોડી દ્રવ્યને ધ્યાવે તે અર્થસંક્રાંતિ છે.

**વ્યંજનસંક્રાંતિ**—વ્યંજન એટલે વચન અને સંક્રાંતિ એટલે બદલવું તે. શ્રુતના કોઈ એક વચનને છોડીને અન્યનું અવલંબન કરવું તથા તેને છોડીને કોઈ અન્યનું અવલંબન કરવું તથા તેને છોડીને કોઈ અન્યનું અવલંબન કરવું તે વ્યંજનસંક્રાંતિ છે.

**યોગસંક્રાંતિ**—કાયયોગને છોડીને મનોયોગ કે વચનયોગને ગ્રહણ કરવો અને તે છોડીને અન્ય યોગને ગ્રહણ કરવો તે યોગ સંક્રાંતિ છે.

એ લક્ષમાં રાખવું કે જે જીવને શુક્લધ્યાન વર્તે છે તે જીવ નિર્વિકલ્પદશામાં જ છે, તેથી તેને આ સંક્રાંતિની ખબર નથી; પણ તે દશામાં તેવી પલટના છે તે કેવળજ્ઞાની જાણે છે.

**ઉપર કહેલ સંક્રાંતિ**—પરિવર્તનને વિચાર કહેવાય છે. જ્યાં સુધી એ વિચાર રહે

ત્યાં સુધી તે ધ્યાનને સવિચાર (અર્થાત્ પહેલું પૃથક્ત્વવિતર્ક ) કહેવાય છે. પછી ધ્યાનમાં દૃઢતા થાય છે ત્યારે પરિવર્તન બંધ થઈ જાય છે. તે ધ્યાનને અવિચાર (અર્થાત્ બીજું એકત્વવિતર્ક) કહેવાય છે.

**પ્રશ્ન** :—કેવળીભગવાનને ધ્યાન હોય?

**ઉત્તર** :—ધ્યાનનું લક્ષણ 'એકાગ્ર ચિંતાનિરોધ' છે. એક એક પદાર્થનું ચિંતવન તો ક્ષયોપશમજ્ઞાનીને હોય, કેવળીભગવાનને તો યુગપત્ સકલ પદાર્થોનું જ્ઞાન પ્રત્યક્ષ વર્તે છે; એવો કોઈ પદાર્થ બાકી રહ્યો નથી, કે જેનું તેઓ ધ્યાન કરે. કેવળીભગવાન કૃતકૃત્ય છે, તેમને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી; આથી તેમને ખરેખર ધ્યાન નથી. તોપણ આયુ પૂર્ણ થતાં તથા અન્ય ત્રણ કર્મોની સ્થિતિ પૂર્ણ થતાં યોગનો નિરોધ અને કર્મોની નિર્જરા સ્વયમેવ થાય છે, અને ધ્યાનનું કાર્ય પણ યોગનો નિરોધ અને કર્મની નિર્જરા થવી તે છે, તેથી કેવળીભગવાનને ધ્યાન જેવું કાર્ય દેખીને ઉપચારથી તેમને શુક્લધ્યાન કહેવાય છે. ખરેખર ધ્યાન તેમને નથી. ૪૪.

અહીં ધ્યાનતપનું વર્ણન પૂરું થયું.

## અનુપ્રેક્ષા તથા ધ્યાન

જોકે અનુપ્રેક્ષા અને ધ્યાનમાં કાંઈ અંતર નથી, પણ તેના ફળ અપેક્ષાએ ભિન્નતા છે. અનુપ્રેક્ષાનું ફળ એ છે, કે તેમાં અનિત્યતા વગેરેનું ચિંતવન કરવાથી ઉપેક્ષાબુદ્ધિ ઉત્પન્ન કરી શકાય છે અને તેને વધારી શકાય છે. ધ્યાનનું ફળ એ છે, કે તેમાં ચિત્તને અનેક વિષયોથી હટાવીને એક વિષયમાં સ્થિર કરી શકાય છે. આ કારણે અનુપ્રેક્ષા પછી ધ્યાનનું સ્વરૂપ, લક્ષણ તથા ભેદ વર્ણવીને તે બંનેને જુદા લખવામાં આવ્યા છે. (તત્ત્વાર્થસાર અધ્યાય ૭. ગાથા ૪૩. ટીકા)

આ નવમાં અધ્યાયના પહેલા અઢાર સૂત્રોમાં સંવર અને તેના કારણોનું વર્ણન કર્યું. ત્યારપછી નિર્જરા અને તેના કારણોનું વર્ણન શરૂ કર્યું. નિર્જરા તપથી થાય છે (तपसा निर्जरा च—सुत्र ૩), તેથી સૂ.૧૯-૨૦ માં તપના બાર પ્રકાર વર્ણવ્યા, ત્યારપછી છ પ્રકારના અંતરંગતપના પેટા ભેદોનું વર્ણન અહીં સુધી કર્યું.

## વ્રત, ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા; પરિષહજય, બાર પ્રકારના તપ વગેરે સંબંધી ખાસ લક્ષમાં રાખવા લાયક સ્પષ્ટીકરણ

૧. કેટલાક જીવો કેવળ વ્યવહારનયનું જ અવલંબન કરે છે, તેમને પરદ્રવ્યરૂપ ભિન્ન સાધનસાધ્યભાવની દૃષ્ટિ છે, તેથી તેઓ વ્યવહારમાં જ ખેદખિન્ન રહે છે. તેઓ નીચે પ્રમાણે વર્તે છે—

**શ્રદ્ધા સંબંધમાં**—ધર્મ દ્રવ્યાદિ પરદ્રવ્યોની શ્રદ્ધા કરે છે.

**જ્ઞાન સંબંધમાં**—દ્રવ્યશ્રુતના પઠન પાઠનાદિ સંસ્કારોથી અનેક પ્રકારના વિકલ્પ જાળથી કલંકિત ચૈતન્યવૃત્તિને ધારણ કરે છે.

**ચારિત્ર સંબંધમાં**—યતિના સમસ્ત વ્રતસમુદાયરૂપ તપ (સાધુ)–પ્રવૃત્તિરૂપ કર્મકાંડોને અચલિતપણે આચરે છે; તેમાં કોઈ વેળા પુણ્યની રુચિ કરે છે, કદાચિત્ દયાવંત થાય છે.

**દર્શનાચાર સંબંધમાં**—કોઈ વાર પ્રશમતા, કોઈ વાર વૈરાગ્ય, કોઈ વાર અનુકંપા અને કોઈ વાર આસ્તિક્યમાં વર્તે છે; તથા શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢદૃષ્ટિ આદિ ભાવો ઉત્પન્ન ન થાય તેવી શુભોપયોગરૂપ સાવધાની રાખે છે; કેવળ વ્યવહારનયરૂપ ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય, પ્રભાવના એ અંગોની ભાવના ચિંતવે છે અને તે બાબતનો ઉત્સાહ વારંવાર વધારે છે.

**જ્ઞાનાચાર સંબંધમાં**—સ્વાધ્યાયનો કાળ વિચારે છે, ઘણા પ્રકારના વિનયમાં પ્રવર્તે છે, શાસ્ત્રની ભક્તિ અર્થે દુર્ધર ઉપધાન કરે છે– આરંભ કરે છે, શાસ્ત્રનું રૂડા પ્રકારે બહુમાન કરે છે, ગુરુ વગેરેમાં ઉપકારપ્રવૃત્તિને ભૂલતા નથી, અર્થ, વ્યંજન અને તે બંનેની શુદ્ધતામાં સાવધાન રહે છે.

**ચારિત્રાચાર સંબંધમાં**—હિંસા, અસત્ય, ચોરી, સ્ત્રીસેવન અને પરિગ્રહ; એ બધાથી વિરતિરૂપ પંચમહાવ્રતમાં સ્થિરવૃત્તિ ધારણ કરે છે; યોગ (-મન-વચન-કાય)ના નિગ્રહરૂપ ગુપ્તિઓનાં અવલંબનનો ઉદ્યોગ કરે છે; ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ અને ઉત્સર્ગ એ પાંચ સમિતિમાં સર્વથા પ્રયત્નવંત છે.

**તપાચાર સંબંધમાં**—અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશમાં નિરંતર ઉત્સાહ રાખે છે; પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાનને અર્થે ચિત્તને વશ કરે છે.

**વીર્યાચાર સંબંધમાં**—કર્મકાંડમાં સર્વશક્તિપૂર્વક વર્તે છે.

આ જીવો ઉપર પ્રમાણે કર્મચેતનાની પ્રધાનતાપૂર્વક અશુભભાવની પ્રવૃત્તિ છોડે છે, પણ શુભભાવની પ્રવૃત્તિને આદરવા યોગ્ય માનીને અંગીકાર કરે છે; તેથી સકલ ક્રિયાકાંડના આડંબરથી પર, દર્શન-જ્ઞાન-ચારિત્રની ઐક્ય પરિણતિરૂપ જ્ઞાનચેતનાને તેઓ કોઈ પણ કાળે પામતાં નથી.

તેઓ ઘણા પુણ્યના ભારથી ગર્ભિત ચિત્તવૃત્તિ ધારી રહે છે, તેથી સ્વર્ગલોકાદિ ક્લેશ-

પ્રાપ્તિ કરીને પરંપરાએ લાંબા કાળ સુધી સંસાર-સાગરમાં પરિભ્રમણ કરે છે. (જુઓ, શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૭૨ ટીકા)

૨. **પ્રશ્ન** :—આ અધિકારમાં જે જે કાર્યો સંવર–નિર્જરારૂપ કહ્યાં છે તે કાર્યોને કેવળ વ્યવહારાલંબી જીવ પણ આદરે છે, છતાં તેને સંવર-નિર્જરા કેમ થતાં નથી?

**ઉત્તર** :—આ અધિકારમાં જે કાર્યો સંવર-નિર્જરારૂપ કહ્યાં છે, તે વ્યવહારાલંબી જીવના શુભભાવરૂપ નથી. કેવળ વ્યવહારાલંબી તો મિથ્યાદ્રષ્ટિ છે, કેમ કે શુભભાવને ધર્મ માને છે તથા તેને ધર્મમાં મદદગાર માને છે, તેથી તેને શુદ્ધતા પ્રગટે નહિ અને સંવર-નિર્જરા થાય નહિ. જે જીવોને શુદ્ધ નિશ્ચયનયનું આલંબન હોય તેઓ સમ્યગ્દ્રષ્ટિ છે, તેઓ શુભભાવને ધર્મ માનતા નથી. તેમને રાગ-દ્વેષ ટાળવાનો પુરુષાર્થ કરતાં અશુભ ટળીને જે શુભ રહી જાય છે તેને તેઓ ધર્મ માનતા નથી; તેથી ક્રમે ક્રમે વીતરાગભાવ વધારીને, તે શુભભાવને પણ તેઓ ટાળે છે. એવા જીવોના વ્યવહારને આ અધિકારમાં ઉપચારથી સંવર-નિર્જરાનું કારણ કહેલ છે.

આ ઉપચાર પણ જ્ઞાનીના શુભભાવરૂપ વ્યવહારને લાગુ પડે છે, કેમ કે તેમને તે વ્યવહારની હેયબુદ્ધિ હોવાથી તેને ટાળે છે. અજ્ઞાની તો વ્યવહારને જ ધર્મ માનીને આદરે છે, તેથી શુભરાગને તો ઉપચારથી પણ સંવર-નિર્જરાનું કારણ કહેવાય નહિ.

ખરી રીતે તો શુદ્ધભાવ જ સંવર-નિર્જરારૂપ છે. જો શુભભાવ ખરેખર સંવર-નિર્જરાનું કારણ હોય તો કેવળ વ્યવહારાલંબીને બધા પ્રકારનો નિરતિચાર વ્યવહાર છે, તેથી તેને શુદ્ધતા પ્રગટવી જોઈએ, પરંતુ રાગ સંવર નિર્જરાનું કારણ છે જ નહિ. અજ્ઞાની શુભભાવને ધર્મ માનતો હોવાથી તથા શુભ કરતાં-કરતાં ધર્મ થશે, એમ માનતો હોવાથી અને શુભ–અશુભ બંને ટાળતાં ધર્મ થશે, એમ નહિ માનતો હોવાથી તેનો તમામ વ્યવહાર નિરર્થક છે, તેથી તેને વ્યવહારાભાસી કહેવામાં આવે છે.

આવો વ્યવહાર (–જે ખરેખર વ્યવહારાભાસ છે તે ) ભવ્ય તેમ જ અભવ્ય જીવોએ અનંતવાર કર્યો છે અને તેના ફળમાં અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયા છે, પણ તેનાથી ધર્મ થયો નથી. ધર્મ તો શુદ્ધ નિશ્ચયસ્વભાવના આશ્રયે થતા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી જ થાય છે.

શ્રી સમયસારજીમાં કહ્યું છે કે—

**वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।**
**कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु॥२७३॥**

જિનવર કહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ–શીલને
કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે. ૨૭૩.

**અર્થ** :—જિનવરોએ કહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, તપ કરવા છતાં પણ અભવ્ય જીવ અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ છે.

**ટીકા** :—શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તો પણ તે નિશ્ચારિત્ર (—ચારિત્રરહિત) અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે, કારણ કે **નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન શ્રદ્ધાનથી શૂન્ય છે.**

**ભાવાર્થ**—અભવ્ય જીવ મહાવ્રત, સમિતિ, ગુપ્તિરૂપ ચારિત્ર પાળે તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાન—શ્રદ્ધા વિના તે ચારિત્ર 'સમ્યક્ચારિત્ર' નામ પામતું નથી; માટે તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને નિશ્ચયચારિત્ર જ છે. (શ્રી સમયસાર પા. ૩૩૫—૩૩૬)

**નોંધ** :—અહીં અભવ્ય જીવનો દાખલો આપ્યો છે, પણ આ સિદ્ધાંત વ્યવહારનો આશ્રય લેનાર બધા જીવોને એક સરખી રીતે લાગુ પડે છે.

૩. શુદ્ધ આત્માનો અનુભવ તે સાચો મોક્ષમાર્ગ છે, તેથી તેને નિશ્ચય કહ્યો છે. વ્રત, તપાદિ કાંઈ સાચો મોક્ષમાર્ગ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહ્યો, તેથી તેને વ્યવહાર કહેવાય છે. **એ પ્રમાણે ભૂતાર્થ મોક્ષમાર્ગપણા વડે નિશ્ચયનય અને અભૂતાર્થ મોક્ષમાર્ગપણા વડે વ્યવહારનય કહ્યા છે એમ જાણવું. પણ એ બંનેને સાચા મોક્ષમાર્ગ જાણીને તેને ઉપાદેય માનવા તે તો મિથ્યાબુદ્ધિ જ છે.** (જુઓ શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક. પા. ૨૫૪)

૪. નિશ્ચય–વ્યવહારનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર કોઈ જીવને ધર્મ કે સંવર–નિર્જરા થાય નહિ, શુદ્ધ આત્માનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર નિશ્ચય-વ્યવહારનું યથાર્થ સ્વરૂપ સમજાય નહિ; માટે આત્માનું યથાર્થ સ્વરૂપ સમજવાની પહેલી જરૂર છે.

## પાત્રની અપેક્ષાએ નિર્જરામાં થતી ન્યૂનાધિકતા

**सम्यद्दष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोपशमकोपशान्तमोह-**
**क्षपकक्षीणमोहजिनाःक्रमशोऽसंख्येयगुणनिर्जराः ॥४५॥**

**અર્થ** :—[सम्यग्दृष्टि श्रावक विरति] સમ્યગ્દૃષ્ટિ, પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક, વિરત મુનિ, [अनन्तवियोजक दर्शनमोहक्षपक] અનંતાનુબંધી વિસંયોજન કરનાપર, દર્શનમોહનો ક્ષય કરનાર, [उपशमक उपशान्तमोह] ઉપશમશ્રેણી માંડનાર, ઉપશાન્તમોહ, [क्षपक क्षीणमोह] ક્ષપકશ્રેણી માંડનાર, ક્ષીણમોહ અને [जिनाः] જિન—એ સર્વેને (અંતર્મુહૂર્ત પર્યંત પરિણામોની વિશુદ્ધતાની અધિકતાથી, આયુકર્મને છોડીને) પ્રતિસમય [क्रमशः असंख्येयगुण निर्जराः] ક્રમથી અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.

## ટીકા

(૧) અહીં પ્રથમ સમ્યગ્દૃષ્ટિની—ચોથા ગુણસ્થાનની—દશા જણાવી છે. જે અસંખ્યાતગુણી નિર્જરા કહી છે તે, સમ્યગ્દર્શન પામ્યા પહેલાંની તદ્દન નજીકની આત્માની દશામાં થતી નિર્જરા કરતાં અસંખ્યાતગુણી સમજવી. પ્રથમોપશમ સમ્યક્ત્વની ઉત્પત્તિ પહેલાં ત્રણ કરણ થાય છે. તેમાં અનિવૃત્તિકરણના અંત સમયમાં વર્તતી વિશુદ્ધતાથી વિશુદ્ધ જે સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદૃષ્ટિ તેને આયુ સિવાયના સાત કર્મોની જે નિર્જરા થાય છે. તેના કરતાં અસંખ્યાતગુણી નિર્જરા અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન પ્રાપ્ત કરતાં અંતર્મુહૂર્તપર્યંત સમયે સમયે થાય છે, એટલે કે સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદૃષ્ટિની નિર્જરા કરતાં સમ્યગ્દૃષ્ટિને ગુણશ્રેણી નિર્જરામાં અસંખ્યગુણા દ્રવ્ય છે. આ ચોથા ગુણસ્થાનવાળા અવિરતિસમ્યગ્દૃષ્ટિની નિર્જરા છે.

(૨) તે જીવ જ્યારે પાંચમું ગુણસ્થાન–શ્રાવકપણું પ્રગટ કરે ત્યારે અંતર્મુહૂર્તપર્યંત નિર્જરા થવા યોગ્ય કર્મપુદ્‌ગલરૂપ ગુણશ્રેણી નિર્જરાદ્રવ્ય ચોથા ગુણસ્થાન કરતાં અસંખ્યાતગુણા છે.

(૩) પાંચમાથી અસંખ્યાતગુણી નિર્જરા સકળસંયમરૂપ અપ્રમત્તસંયત (સાતમું) ગુણસ્થાન પ્રગટે ત્યારે થાય છે. પાંચમા પછી પ્રથમ સાતમું ગુણસ્થાન પ્રગટે છે અને પછી વિકલ્પ ઉઠતાં છટ્ઠું પ્રમત્ત ગુણસ્થાન આવે છે. સૂત્રમાં 'વિરત' શબ્દ કહ્યો છે, તેમાં સાતમું અને છટ્ઠું બંને ગુણસ્થાનવાળા જીવોનો સમાવેશ થાય છે.

(૪) ત્રણ કરણના પ્રભાવથી ચાર અનંતાનુબંધી કષાયને બાર કષાય તથા નવ નોકષાયરૂપ પરિણમાવી દે તે જીવોને અંતર્મુહૂર્તપર્યંત સમયે સમયે અસંખ્યાતગુણી દ્રવ્યનિર્જરા થાય છે. અનંતાનુબંધીની આ વિસંયોજના ચોથું, પાંચમું, છટ્ઠું અને સાતમું એ ચાર ગુણસ્થાનોમાં થાય છે; તે ચારે ગુણસ્થાનમાં જે અનંતવિયોજક છે તે પોતાના ગુણસ્થાનમાં પોતાની પૂર્વની નિર્જરાથી અસંખ્યાતગુણી નિર્જરા કરે છે;

(૫) અનંત વિયોજકથી અસંખ્યાતગુણી નિર્જરા દર્શનમોહના ક્ષપકને (તે જ જીવને) થાય છે. પહેલાં અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી દર્શનમોહના ત્રિકને ક્ષપાવે એવો ક્રમ છે.

(૬) દર્શનમોહના ક્ષપક કરતાં 'ઉપશમક'ને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.

**પ્રશ્ન** :–ઉપશમકની વાત દર્શનમોહના ક્ષપક પછી કેમ કરી?

**ઉત્તર** :–ક્ષપકનો અર્થ ક્ષાયિક થાય છે, અહીં ક્ષાયિક સમ્યગ્દર્શનની વાત છે; અને 'ઉપશમક' કહેતાં દ્વિતીયોપશમ સમ્યક્ત્વયુક્ત ઉપશમશ્રેણીવાળો જીવ સમજવો ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ કરતાં ઉપશમશ્રેણીવાળાને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે, તેથી પહેલાં ક્ષપકની વાત કરી છે અને ક્ષપક પછી ઉપશમકની વાત કરી છે. ક્ષાયિક સમ્યગ્દર્શન ચોથે, પાંચમે, છટ્ઠે અને સાતમે

ગુણસ્થાને પ્રગટે છે અને જે જીવ ચારિત્રમોહનો ઉપશમ કરવાને ઉદ્યમી થયેલ છે; તેને આઠમું, નવમું અને દસમું ગુણસ્થાન હોય છે.

(૭) ઉપશમક જીવ કરતાં અસંખ્યાતગુણી નિર્જરા અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાને હોય છે.

(૮) ઉપશાંતમોહવાળા જીવ કરતાં ક્ષપકશ્રેણીવાળાને અસંખ્યાતગુણી નિર્જરા હોય છે; આ જીવને આઠમું, નવમું અને દશમું ગુણસ્થાન હોય છે.

(૯) ક્ષપકશ્રેણીવાળા જીવ કરતાં બારમા ક્ષીણમોહ ગુણસ્થાને અસંખ્યાતગુણી નિર્જરા હોય છે.

(૧૦) બારમા ગુણસ્થાન કરતાં જિનને (તેરમા અને ચૌદમા ગુણસ્થાને) અસંખ્યાતગુણી નિર્જરા હોય છે. જિનના ત્રણ ભેદ છે–(૧) સ્વસ્થાન કેવળી, (૨) સમુદ્‌ઘાત કેવળી અને (૩) અયોગ કેવળી. આ ત્રણેમાં પણ વિશુદ્ધતાના કારણે ઉત્તરોત્તર અસંખ્યાતગુણી નિર્જરા છે. અત્યંત વિશુદ્ધતાને કારણે સમુદ્‌ઘાત કેવળીને નામ, ગોત્ર અને વેદનીયકર્મની સ્થિતિ આયુકર્મ સમાન થઈ જાય છે.

## આ સૂત્રનો સિદ્ધાંત

આ સૂત્રમાં નિર્જરા માટે પ્રથમ પાત્ર સમ્યગ્દૃષ્ટિ જણાવેલ છે, તેથી એમ સિદ્ધ થાય છે કે સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે.

આ સૂત્રમાં નિર્જરાના દસ પાત્રોનો જે અનુક્રમ આપ્યો છે. તેનો અર્થ એમ ન સમજવો કે વિરત ગુણસ્થાનવાળા જીવ કે જેને ત્રીજા પાત્રમાં મૂકેલાં છે, તેના કરતાં ચોથા અને પાંચમા પાત્રમાં મૂકેલાં ચોથા કે પાંચમા ગુણસ્થાનવર્તી અનંતાનુબંધીના વિસંયોજકને કે દર્શનમોહના ક્ષપકને વધારે નિર્જરા થાય છે. પણ એમ સમજવું કે તે તે ગુણસ્થાનવર્તી જીવ જો અનંતવિયોજક થાય કે દર્શનમોહ ક્ષપક થાય, તો તે જીવને પહેલાં કરતાં અસંખ્યાતગુણી દ્રવ્યનિર્જરા થાય છે. ૪૫.

# નિર્ગ્રંથ (–સાધુઓ)ના ભેદ

## पुलाकबकुशकुशीलनिर्ग्रंथस्नातका निर्ग्रंथा ।।४६।।

**અર્થ** :–[पुलाक बकुश कुशील निर्ग्रंथ स्नातकाः] પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક—એ પાંચ પ્રકારના [निर्ग्रंथाः] નિર્ગ્રંથ (–સાધુ) છે.

## ટીકા

### ૧. સૂત્રમાં આવેલા શબ્દોની વ્યાખ્યા

**(૧) પુલાક**—જે ઉત્તરગુણોની ભાવનાથી રહિત હોય અને કોઈ ક્ષેત્ર તથા કાળમાં કોઈ મૂળગુણમાં પણ અતિચાર લગાડે તથા જેને અલ્પ વિશુદ્ધતા હોય તેને પુલાક કહે છે. (જુઓ સૂત્ર ૪૭માં આપેલ પ્રતિસેવનાની વિગત)

**(૨) બકુશ**—જે મૂળગુણોનું નિર્દોષ પાલન કરે છે પણ શરીર તથા ઉપકરણોની શોભા વધારવા માટે ધર્માનુરાગના કારણે કાંઈક ઈચ્છા રાખે છે, તેને બકુશ કહે છે.

**(૩) કુશીલ**—તેના બે પ્રકાર છે–૧–પ્રતિસેવના કુશીલ અને ૨–કષાય કુશીલ. જેને શરીરાદિ તથા ઉપકરણાદિથી પૂર્ણ વિરક્તતા ન હોય અને મૂળગુણ તથા ઉત્તરગુણની પરિપૂર્ણતા હોય, પરંતુ ઉત્તરગુણમાં કાંઈક વિરાધના કોઈ વાર થતી હોય, તેને પ્રતિસેવના કુશીલ કહે છે અને જેમણે સંજ્વલન સિવાય બીજા કષાયોને જીતી લીધા હોય, તેને કષાય કુશીલ કહે છે.

**(૪) નિર્ગ્રંથ**—જેમને મોહકર્મ ક્ષીણ થઈ ગયું છે તથા જેમને મોહકર્મના ઉદયનો અભાવ છે, એવા બારમા તથા અગિયારમાં ગુણસ્થાનવર્તી મુનિને નિર્ગ્રંથ કહે છે.

**(૫) સ્નાતક**—સમસ્ત ઘાતિકર્મોનો નાશ કરનાર કેવળી ભગવાનને સ્નાતક કહે છે. (આમાં તેરમું તથા ચૌદમું બંને ગુણસ્થાન સમજવા.)

### ૨. પરમાર્થનિર્ગ્રંથ અને વ્યવહારનિર્ગ્રંથ

બાર, તેર અને ચૌદમા ગુણસ્થાને બિરાજતા જીવો પરમાર્થનિર્ગ્રંથ છે, કેમ કે તેમને સમસ્ત મોહનો નાશ થયો છે; તેઓને નિશ્ચયનિર્ગ્રંથ કહેવાય છે. બીજા સાધુઓ જોકે સમ્યગ્દર્શન અને નિષ્પરિગ્રહપણાને લીધે નિર્ગ્રંથ છે અર્થાત્ તેઓ મિથ્યાદર્શન તથા વસ્ત્ર, આભરણ, હથિયાર, કટક, ધન-ધાન્ય વગેરે પરિગ્રહથી રહિત હોવાથી નિર્ગ્રંથ છે, તોપણ તેમને મોહનીયકર્મનો અંશે સદ્‌ભાવ છે, તેથી તેઓ વ્યવહારનિર્ગ્રંથ છે.

### ૩. કેટલાક ખુલાસા

(૧) **પ્રશ્ન :**—પુલાક મુનિને કોઈ અવસરમાં કોઈ એક વ્રતનો ભંગ ક્ષેત્ર-કાળને વશ હોય છે, છતાં તેને નિર્ગ્રંથ કહ્યા, તો શ્રાવકને પણ નિર્ગ્રંથપણું કહેવાનો પ્રસંગ આવશે?

**ઉત્તર :**—પુલાક મુનિ સમ્યગ્દ્રષ્ટિ છે અને પરવશથી કે જબરજસ્તીથી વ્રતમાં ક્ષણિક દોષ થઈ જાય છે; પણ યથાજાતરૂપ છે તેથી નૈગમનયે તે નિર્ગ્રંથ છે; શ્રાવકને યથાજાતરૂપ (નગ્નપણું) નથી તેથી તેને નિર્ગ્રંથપણું કહેવાય નહિ.

(૨) **પ્રશ્ન** :—જો યથાજાતપણાને લીધે જ પુલાક મુનિને નિર્ગ્રંથ કહેશો તો ઘણા મિથ્યાદ્રષ્ટિઓ પણ નગ્ન રહે છે, તેમને પણ નિર્ગ્રંથ કહેવાનો પ્રસંગ આવશે?

**ઉત્તર** :—તેમને સમ્યગ્દર્શન નથી. એકલું નગ્નપણું તો ગાંડાને, બાળકને તથા તિર્યંચોને પણ હોય છે, પરંતુ તેથી તેને નિર્ગ્રંથ કહેવાય નહિ. જે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સંસાર અને દેહ ભોગથી વિરક્ત થઈ નગ્નપણું ધારે તેને નિર્ગ્રંથ કહેવાય, બીજાને નહિ. ૪૬.

## પુલાકાદિ મુનિઓમાં વિશેષતા

## संयमश्रुतप्रतिसेवनातीर्थलिंगलेश्योपपादस्थानविकल्पतः साध्याः ॥४७॥

**અર્થ** :—ઉપર કહેલા મુનિઓ [संयम श्रुत प्रतिसेवना तीर्थ] સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, [लिंग लेश्या उपपाद स्थान] લિંગ લેશ્યા ઉપપાદ અને સ્થાન—એ આઠ અનુયોગોદ્વાર [विकल्पतः साध्याः] ભેદરૂપથી સાધ્ય છે અર્થાત્ આ આઠ પ્રકારથી તે પુલાકાદિ મુનિઓમાં વિશેષ ભેદ પડે છે.

### ટીકા

**(૧) સંયમ**—પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુને સામાયિક અને છેદોપસ્થાપન એ બે સંયમ હોય છે; કષાયકુશીલ સાધુને સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસાંપરાય એ ચાર સંયમ હોય છે; નિર્ગ્રંથ અને સ્નાતકને યથાખ્યાતચારિત્ર હોય છે.

**(૨) શ્રુત**—પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુ વધારેમાં વધારે સંપૂર્ણ દસ પૂર્વધારી હોય છે; પુલાકને જઘન્ય આચારાંગમાં આચારવસ્તુનું જ્ઞાન હોય છે અને બકુશ તથા પ્રતિસેવના કુશીલને જઘન્ય આઠ પ્રવચનમાતાનું જ્ઞાન હોય છે, એટલે કે આચારાંગના ૧૮૦૦૦ પદોમાંથી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પરમાર્થ વ્યાખ્યાન સુધી આ સાધુઓનું જ્ઞાન હોય છે; કષાયકુશીલ અને નિર્ગ્રંથને ઉત્કૃષ્ટજ્ઞાન ચૌદપૂર્વનું હોય છે અને જઘન્ય જ્ઞાન આઠ પ્રવચનમાતાનું હોય છે. સ્નાતક તો કેવળજ્ઞાની છે, તેથી તેઓ શ્રુતજ્ઞાનથી પર છે.

**(૩) પ્રતિસેવના** (=વિરાધના)—પાંચ મહાવ્રતો અને રાત્રિભોજનનો ત્યાગ એ છમાંથી કોઈ એકની વિરાધના પુલાકમુનિને પરવશથી કે જબરદસ્તીથી થઈ જાય છે. મહાવ્રતોમાં તથા રાત્રિભોજન ત્યાગમાં કૃત, કારિત, અનુમોદનાથી પાંચે પાપોનો ત્યાગ છે, તેમાં કોઈ પ્રકારમાં સામર્થ્યની હીનતાથી દૂષણ લાગે છે; ઉપકરણ–બકુશ મુનિને કમંડલ, પીંછી, પુસ્તકાદિ ઉપકરણની શોભાની અભિલાષાના સંસ્કારનું સેવન હોય છે તે વિરાધના જાણવી, તેમ જ શરીર–બકુશમુનિને શરીરના સંસ્કારરૂપ વિરાધના હોય છે; પ્રતિસેવના કુશીલમુનિ પાંચ

મહાવ્રતની વિરાધના કરતા નથી પણ ઉત્તરગુણમાં કોઈ એકની વિરાધના કરે છે; કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતકને વિરાધના હોતી નથી.

(૪) **તીર્થ**—આ પુલાકાદિ પાંચે પ્રકારના નિર્ગ્રંથો સમસ્ત તીર્થંકરોના ધર્મશાસનમાં થાય છે.

(૫) **લિંગ**—તેના બે પ્રકાર છે–૧–દ્રવ્યલિંગ અને ૨–ભાવલિંગ. ભાવલિંગી પાંચે પ્રકારના નિર્ગ્રંથો હોય છે. તેઓ સમ્યગ્દર્શનસહિત સંયમ પાળવામાં સાવધાન છે. ભાવલિંગને દ્રવ્યલિંગ સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. યથાજાતરૂપ લિંગમાં કોઈને ભેદ નથી પણ પ્રવૃત્તિરૂપ લિંગમાં ફેર હોય છે; જેમ કે–કોઈ આહાર કરે છે, કોઈ અનશનાદિ તપ કરે છે, કોઈ ઉપદેશ કરે છે, કોઈ અધ્યયન કરે છે, કોઈ તીર્થમાં વિહાર કરે છે, કોઈ અનેક આસનરૂપ ધ્યાન કરે છે; કોઈ દૂષણ લાગ્યા હોય તેનું પ્રાયશ્ચિત્ત લે છે, કોઈ દૂષણ લગાડતા નથી, કોઈ આચાર્ય છે, કોઈ ઉપાધ્યાય છે, કોઈ પ્રવર્તક છે, કોઈ નિર્યાપક છે, કોઈ વૈયાવૃત્ય કરે છે, કોઈ ધ્યાનમાં શ્રેણીનો પ્રારંભ કરે છે; ઈત્યાદિ રાગ વિકલ્પરૂપ દ્રવ્યલિંગમાં મુનિગણોને ભેદ હોય છે. મુનિના શુભભાવને દ્રવ્યલિંગ કહેવામાં આવે છે. તેના પ્રકારો ઘણા છે; તે પ્રકારોને દ્રવ્યલિંગો કહેવામાં આવે છે.

(૬) **લેશ્યા**—પુલાકમુનિને ત્રણ શુભ લેશ્યાઓ હોય છે. બકુશ તથા પ્રતિસેવના કુશીલમુનિને છએ લેશ્યા પણ હોય છે. કષાયથી અનુરંજિત યોગ–પરિણતિ તે લેશ્યા છે.

**પ્રશ્ન** :—બકુશ તથા પ્રતિસેવનાકુશીલ મુનિને કૃષ્ણાદિ ત્રણ અશુભ લેશ્યાઓ કઈ રીતે હોય?

**ઉત્તર** :—તે બંને પ્રકારના મુનિને ઉપકરણની કાંઈક આસક્તિ હોવાથી કોઈક વખતે આર્ત્તધ્યાન પણ થઈ જાય છે અને તેથી તેમને કૃષ્ણાદિ અશુભલેશ્યા પણ હોઈ શકે છે.

કષાયકુશીલમુનિને કાપોત, પીત, પદ્મ અને શુક્લ એ ચાર લેશ્યાઓ હોય છે. સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનવર્તીને તથા નિર્ગ્રંથને શુક્લલેશ્યા હોય છે. સ્નાતકને ઉપચારથી શુક્લલેશ્યા છે; અયોગકેવળી લેશ્યારહિત છે.

(૭) **ઉપપાદ (=જન્મ)**—પુલાક મુનિનો ઉત્કૃષ્ટ જન્મ અઢાર સાગરના આયુ સાથે બારમા સહસ્રાર કલ્પમાં થાય છે; બકુશ અને પ્રતિસેવનાકુશીલનો ઉત્કૃષ્ટ જન્મ બાવીસ સાગરના આયુ સાથે પંદરમા આરણ અને સોળમા અચ્યુત સ્વર્ગમાં થાય છે. કષાયકુશીલ અને નિર્ગ્રંથનો ઉત્કૃષ્ટ જન્મ તેત્રીસ સાગર આયુ સાથે સર્વાર્થસિદ્ધિમાં થાય છે. આ સર્વેનો જઘન્ય જન્મ સૌધર્મ સ્વર્ગમાં બે સાગર આયુ સાથે થાય છે. સ્નાતક કેવળી ભગવાન છે, તેમનો ઉપપાદ નિર્વાણ મોક્ષપણે થાય છે.

(૮) **સ્થાન**—તીવ્ર કે મંદ કષાય હોવાના કારણે અસંખ્યાત સંયમલબ્ધિસ્થાનો હોય છે; તેમાં સૌથી નાનું સંયમ–લબ્ધિસ્થાન પુલાક મુનિને અને કષાયકુશીલને હોય છે. એ બંને યુગપત્ અસંખ્યાત[૧] લબ્ધિસ્થાનો પ્રાપ્ત કરે છે; એ અસંખ્યાત લબ્ધિસ્થાનો પછી આગળનાં લબ્ધિસ્થાનો પુલાક મુનિ પ્રાપ્ત કરી શકતા નથી. કષાયકુશીલ મુનિ તેનાથી આગળ અસંખ્યાત[૨] લબ્ધિસ્થાનો પ્રાપ્ત કરે છે.

અહીં બીજીવાર કહેલા આ અસંખ્યાત લબ્ધિસ્થાનથી કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ મુનિ એ ત્રણ યુગપત્ (–એકસાથે) અસંખ્યાત[૩] લબ્ધિસ્થાનો પ્રાપ્ત કરે છે.

આ ત્રીજીવાર કહેલા અસંખ્યાત લબ્ધિસ્થાને બકુશ મુનિ અટકી જાય છે–આગળનાં સ્થાનો પ્રાપ્ત કરી શકતાં નથી, પ્રતિસેવનાકુશીલ ત્યાંથી આગળ અસંખ્યાત[૪] લબ્ધિસ્થાનો પ્રાપ્ત કરી શકે છે.

આ ચોથીવાર કહેલા અસંખ્યાત લબ્ધિસ્થાનોથી આગળ અસંખ્યાત[૫] લબ્ધિસ્થાનો કષાયકુશીલ પ્રાપ્ત કરી શકે છે, તેથી આગળનાં સ્થાનો પ્રાપ્ત કરી શકતાં નથી.

આ પાંચમીવાર કહેલા લબ્ધિસ્થાનોથી આગળ કષાયરહિત સંયમ લબ્ધિસ્થાનોને નિર્ગ્રંથ મુનિ પ્રાપ્ત કરી શકે છે. તે નિર્ગ્રંથમુનિ પણ આગળના અસંખ્યાત લબ્ધિસ્થાનોની પ્રાપ્તિ કરી શકે છે, પછી અટકી જાય છે. ત્યાર પછી એક સંયમલબ્ધિસ્થાનને પ્રાપ્ત કરીને સ્નાતક નિર્વાણને પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે સંયમલબ્ધિનાં સ્થાનો છે, તેમાં અવિભાગપ્રતિચ્છેદોની અપેક્ષાએ સંયમની પ્રાપ્તિ અનંત–અનંતગુણી થાય છે. ૪૭.

## ઉપસંહાર

૧. આ અધ્યાયમાં આત્માની ધર્મપરિણતિનું સ્વરૂપ કહ્યું છે; તે પરિણતિને 'જિન' કહેવામાં આવે છે.

૨. અપૂર્વકરણ પરિણામને પામેલા પ્રથમોપશમ સમ્યક્ત્વસન્મુખ જીવોને 'જિન' કહેવામાં આવે છે. (ગોમ્મટ્ટસાર–જીવકાંડ ગાથા ૧, ટીકા, પાનું ૧૬) ત્યાંથી શરૂ થઈને પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરનારા બધા જીવો સામાન્યપણે 'જિન' કહેવાય છે. શ્રી પ્રવચનસારના ત્રીજા અધ્યાયની પહેલી ગાથામાં શ્રી જયસેનાચાર્ય કહે છે, કે—"બીજા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના જીવો 'એકદેશ જિન' છે. કેવળીભગવાન 'જિનવર' છે અને તીર્થંકરભગવાન 'જિનવરવૃષભ' છે." મિથ્યાત્વ, રાગાદિને જીતવાથી અસંયત સમ્યગ્દષ્ટિ શ્રાવક તથા મુનિને 'જિન' કહેવામાં આવે છે; તેમાં ગણધરાદિ શ્રેષ્ઠ છે, તેથી તેમને 'શ્રેષ્ઠ જિન' અથવા 'જિનવર' કહેવાય છે અને

તીર્થંકરદેવ તેમનાથી પણ પ્રધાન છે, તેથી તેમને 'જિનવરવૃષભ' કહેવાય છે. (જુઓ, દ્રવ્યસંગ્રહ ગાથા ૧ ટીકા) શ્રી સમયસારજીની ૩૧મી ગાથામાં પણ સમ્યગ્દૃષ્ટિને 'જિતેન્દ્રિય જિન' કહ્યા છે.

સમ્યક્ત્વસન્મુખ મિથ્યાદૃષ્ટિ અને અધઃકરણ, અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણનું સ્વરૂપ શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પા. ૨૬૨ થી ૨૭૦ સુધીમાં આપ્યું છે. ગુણસ્થાનોનું સ્વરૂપ શ્રી જૈનસિદ્ધાંતપ્રવેશિકાના છેલ્લા અધ્યાયમાં આપ્યું છે, ત્યાંથી સમજી લેવું.

૩. સમ્યગ્દર્શનથી ધર્મની શરૂઆત થાય છે, એમ બતાવવા આ શાસ્ત્રમાં પહેલા અધ્યાયનું પહેલું જ સૂત્ર **'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'** મૂક્યું છે. ધર્મમાં પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટે છે અને સમ્યગ્દર્શન પ્રગટ થતી વખતના અપૂર્વકરણથી સંવર-નિર્જરાની શરૂઆત થાય છે. આ અધિકારના બીજા સૂત્રમાં સમ્યગ્દર્શનને સંવર-નિર્જરાના કારણ તરીકે જુદું કહ્યું નથી. તેનું કારણ એ છે, કે આ અધ્યાયના ૪૫મા સૂત્રમાં તેનો સમાવેશ થઈ જાય છે.

૪. 'જિનધર્મ'નો અર્થ 'વસ્તુસ્વભાવ' થાય છે. જેટલે અંશે આત્માની સ્વભાવદશા (–શુદ્ધદશા) પ્રગટે તેટલે અંશે જીવને 'જિનધર્મ' પ્રગટ્યો કહેવાય. જિનધર્મ એ કોઈ સંપ્રદાય, વાડો કે સંઘ નથી પણ આત્માની શુદ્ધદશા છે; અને આત્માની શુદ્ધતામાં તારતમ્યતા હોવા છતાં શુદ્ધપણું તો એક જ પ્રકારનું હોવાથી જિનધર્મમાં ફાંટાઓ હોઈ શકે નહિ. જૈનધર્મના નામે જે વાડાઓ જોવામાં આવે છે, તેને ખરી રીતે 'જિનધર્મ' કહી શકાય નહીં. જિનધર્મ ભરતક્ષેત્રમાં પાંચમા આરાના છેડા સુધી રહેવાનો છે, એટલે ત્યાં સુધી પોતાની શુદ્ધતા પ્રગટ કરનારા મનુષ્યો આ ક્ષેત્રે હોય જ, અને તેમને શુદ્ધતાના ઉપાદાનકારણની તૈયારી હોવાથી આત્મજ્ઞાની ગુરુ અને સત્‌શાસ્ત્રોનું નિમિત્ત પણ હોય જ. જૈનધર્મના નામે કહેવામાં આવતા શાસ્ત્રોમાંથી ક્યા શાસ્ત્રો પરમ સત્યના ઉપદેશક છે, તેનો નિર્ણય ધર્મ કરવા માંગતા જીવોએ અવશ્ય કરવો જોઈએ. જ્યાં સુધી પોતે યથાર્થ પરીક્ષા કરીને સત્શાસ્ત્રો ક્યા છે, તેનો નિર્ણય જીવ ન કરે ત્યાં સુધી ગૃહીતમિથ્યાત્વ ટળે નહિ; ગૃહીતમિથ્યાત્વ ટળ્યા વગર અગૃહીત મિથ્યાત્વ ટળીને સમ્યગ્દર્શન તો થાય જ શી રીતે? તેથી પોતામાં જિનધર્મ પ્રગટ કરવા માટે અર્થાત્ સાચા સંવર-નિર્જરા પ્રગટ કરવા માટે જીવોએ સમ્યગ્દર્શન પ્રગટ કરવું જ જોઈએ.

૫. સમ્યગ્દૃષ્ટિ જીવ આત્મસ્વભાવનું ભાન કરીને, અજ્ઞાનમોહને જીતીને રાગ-દ્વેષના સ્વામી થતા નથી; તે હજારો રાણીઓના સંયોગ વચ્ચે હોવા છતાં 'જિન' છે. ચોથા અને પાંચમા ગુણસ્થાને વર્તતા જીવોનું આવું સ્વરૂપ છે. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય કેવું છે, એ બતાવવા માટે અનંત જ્ઞાનીઓએ આ સ્વરૂપ કહ્યું છે. તે સમ્યગ્દૃષ્ટિ જીવોને પોતાના શુદ્ધપર્યાયના પ્રમાણમાં સંવર-નિર્જરા થાય છે.

૬. સમ્યગ્દર્શનના માહાત્મ્યને નહિ સમજનારા મિથ્યાદૃષ્ટિ જીવોની બાહ્ય સંયોગો અને બાહ્ય ત્યાગ ઉપર દૃષ્ટિ હોય છે, તેથી તેઓ ઉપરના કથનનો આશય સમજી શકતા નથી અને સમ્યગ્દૃષ્ટિના અંતરના પરિણમનને તેઓ જાણી શકતા નથી. માટે ધર્મ કરવા માગતા જીવોએ સંયોગદૃષ્ટિ છોડીને વસ્તુસ્વરૂપ સમજવાની અને યથાર્થ તત્ત્વજ્ઞાન પ્રગટ કરવાની આવશ્યકતા છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને તે પૂર્વકના સમ્યક્ચારિત્ર વિના સંવર-નિર્જરા પ્રગટ કરવાનો બીજો કોઈ ઉપાય નથી. આ નવમા અધ્યાયના ૧૯મા સૂત્રની ટીકા ઉપરથી માલૂમ પડશે, કે મોક્ષ અને સંસાર એ બે સિવાય વચલો કોઈ સાધવાયોગ્ય પદાર્થ નથી. આ જગતમાં બે જ માર્ગ છે–મોક્ષમાર્ગ અને સંસારમાર્ગ.

૭. સમ્યક્ત્વ તે મોક્ષમાર્ગનું મૂળ છે અને મિથ્યાત્વ તે સંસારમાર્ગનું મૂળ છે. જેઓ સંસારમાર્ગથી વિમુખ થાય તે જીવો જ મોક્ષમાર્ગ (અર્થાત્ ધર્મ) પામી શકે છે. સમ્યગ્દર્શન વગર જીવને સંવર-નિર્જરા થાય નહીં; તેથી બીજા સૂત્રમાં સંવરના કારણો જણાવતાં તેમાં પ્રથમ ગુપ્તિ જણાવ્યા પછી બીજાં કારણો કહ્યાં છે.

૮. એ ખાસ ધ્યાનમાં રાખવાયોગ્ય છે, કે આ શાસ્ત્રમાં આચાર્ય મહારાજે મહાવ્રતો કે દેશવ્રતોને સંવરના કારણો તરીકે ગણાવ્યાં નથી; કેમ કે સાતમા અધ્યાયના પહેલા સૂત્રમાં જણાવ્યા પ્રમાણે તે શુભાસ્રવ છે. મહાવ્રત તે સંવરનું કારણ નથી, એમ ૧૮મા સૂત્રની ટીકામાં જણાવ્યું છે.

૯. ગુપ્તિ, સમિતિ, અનુપ્રેક્ષા, દસ પ્રકારના ધર્મ, પરિષહજય અને ચારિત્ર એ સર્વે સમ્યગ્દર્શન વગર હોય નહિ–એમ સમજાવવા માટે ચોથા સૂત્રમાં 'सम्यक्' શબ્દ વાપરવામાં આવ્યો છે.

૧૦. ધર્મના દસ પ્રકાર છઠ્ઠા સૂત્રમાં બતાવ્યા છે. તેમાં 'उत्तम' વિશેષણ વાપર્યું છે; તે એમ સૂચવે છે કે તે ધર્મના પ્રકારો સમ્યગ્દર્શન પૂર્વક જ હોઈ શકે. ત્યાર પછી અનુપ્રેક્ષાનું સ્વરૂપ સાતમા સૂત્રમાં અને પરિષહજયનું સ્વરૂપ ૮ થી ૧૭ સુધીના સૂત્રોમાં કહ્યું છે. નોકર્મ અને બીજી બાહ્ય વસ્તુઓની જે અવસ્થાને લોકો પ્રતિકૂળ ગણે છે તેને અહીં પરિષહ કહેવામાં આવ્યા છે. આઠમા સૂત્રમાં 'परिसोढव्याः' શબ્દ વાપરીને તે પરિષહોને સહન કરવાનો ઉપદેશ આપ્યો છે. નિશ્ચયથી પરિષહ શું છે અને ઉપચારથી પરિષહ શું કહેવાય—એ નહીં જાણનારા જીવો સૂત્ર ૧૦-૧૧નો આશ્રય લઈ (–કુતર્ક વડે) એમ માને છે, કે—'કેવળીભગવાનને ક્ષુધા અને તૃષાના વ્યાધિરૂપ નિશ્ચયપરિષહ હોય છે અને છદ્મસ્થ રાગી જીવોની માફક કેવળી ભગવાન પણ ક્ષુધા અને તૃષાનો વ્યાધિ ટાળવા અશન–પાન ગ્રહણ કરે છે અને રાગી જીવોની માફક ભગવાન પણ અતૃપ્ત રહે છે.' પરંતુ તેમની એ માન્યતા ખોટી છે. સાતમા ગુણસ્થાનથી

જ આહારસંજ્ઞા હોતી નથી. (ગોમ્મટસાર જીવકાંડ ગાથા–૧૩૯ મોટી ટીકા પા. ૩૫૧-૩૫૨) એમ છતાં જેઓ ભગવાનને અશન-પાન માને છે, તેઓ ભગવાનને અહારસંજ્ઞાથી પણ પર થયેલા માનતા નથી. (જુઓ, સૂત્ર ૧૦-૧૧ની ટીકા).

૧૧. ભગવાન જ્યારે મુનિપદે હતા ત્યારે તો કરપાત્રી હોવાથી પોતે જ આહાર માટે નીકળતા અને દાતાર શ્રાવક જો યોગ્ય ભક્તિ-પૂર્વક તે વખતે વિનતિ કરે તો ઊભા રહી કરપાત્રમાં તેઓ આહાર લેતા. પરંતુ વીતરાગી થયા પછી પણ અસહ્ય વેદનાના કારણે ભગવાન આહાર લે છે એમ જેઓ માને છે, તેઓને 'ભગવાનને કોઈ ગણધર કે મુનિ આહાર લાવી દે છે તેઓ પોતે જતા નથી' એમ માનવું પડે છે. હવે છદ્મસ્થદશામાં તો ભગવાન આહાર માટે કોઈ પાસે માગણી કરે નહિ અને વીતરાગ થયા પછી આહાર લાવવા માટે શિષ્યો પાસે માગણી કરે—એ તો ઘણી તાજૂબી ભરેલી વાત છે. વળી ભગવાનને અશન–પાનના સીધા દાતાર તો તે આહાર લાવનાર મુનિ થયા. ભગવાન કેટલો આહાર લેશે, શું શું લેશે, પોતે જે કાંઈ લઈ જશે તે બધું ભગવાન લેશે, તેમાંથી કાંઈ વધારશે કે નહિ?—એ વગેરે બાબત ભગવાન પોતે પ્રથમથી નક્કી કરીને મુનિને કહે, કે આહાર લાવનાર મુનિ પોતે નક્કી કરે? તે પણ વિચારવા લાયક પ્રશ્નો છે. વળી નગ્ન મુનિ પાસે પાત્ર તો હોય નહિ, તેથી તે તો આહાર લાવવા માટે નિરુપયોગી છે; તેથી, ભગવાન પોતે મુનિદશામાં નગ્ન હતા છતાં તેઓ વીતરાગ થયા પછી તેમના ગણધરાદિને પાત્ર રાખનારાં એટલે કે પરિગ્રહધારી કલ્પવા પડે અને ભગવાને તે પાત્રધારી મુનિને આહાર લાવવાની આજ્ઞા કરી એમ માનવું પડે. પણ એ બધું અસંગત છે.

૧૨. વળી જો ભગવાન જાતે અશન-પાન કરતા હોય તો ભગવાનની ધ્યાનમુદ્રા ટળી જાય, કેમ કે અધ્યાનમુદ્રા સિવાય પાત્રોમાં રહેલો આહાર જોવાનું, તેના કટકા કરવાનું, કોળિયો લેવાનું, દાંતથી ચાવવાનું, ગળે ઉતારવાનું—એ વગેરે ક્રિયાઓ થઈ શકે નહિ. હવે જો ભગવાનને અધ્યાનમુદ્રા કે ઉપરની ક્રિયાઓ સ્વીકારીએ તો તે પ્રમાદદશા થાય છે. વળી આઠમા સૂત્રમાં પરિષહો '**परिसोढव्याः**' એવો ઉપદેશ આપે છે અને ભગવાન પોતે જ તેમ કરી શકતા નથી, એટલે કે ભગવાન અશક્ય કાર્યોનો ઉપદેશ આપે છે. એવો તેનો અર્થ થતાં ભગવાનને મિથ્યા ઉપદેશી કહેવા પડે.

૧૩. ૪૬મા સૂત્રમાં નિર્ગ્રંથોના ભેદ જણાવ્યા છે. તેમાં 'બકુશ' નામનો એક પ્રકાર જણાવ્યો છે; તેમને ધર્મ પ્રભાવનાના રાગથી શરીર ઉપરનો તથા શાસ્ત્ર, કમંડળ, પીછીં ઉપરનો મેલ કાઢવાનો રાગ થઈ આવે છે. તે ઉપરથી કેટલાક એમ કહેવા માગે છે, કે તે 'બકુશ' મુનિને વસ્ત્ર હોવામાં વાંધો નથી. પરંતુ તેમનું એ કથન ન્યાયવિરુદ્ધ છે, એમ છઠ્ઠા અધ્યાયના

તેરમા સૂત્રની ટીકામાં જણાવ્યું છે. (જુઓ પા. ૫૨૬) વળી મુનિનું સ્વરૂપ નહિ સમજનારા એમ પણ કહેવા માગે છે, કે મુનિને શરીરની રક્ષા માટે વસ્ત્રની ભાવના હોય તોપણ તેઓ ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટ કરી શકે છે, એ વાત પણ ખોટી છે. આ અધ્યાયના ૪૭મા સૂત્રની ટીકામાં સંયમલબ્ધિસ્થાનોનું સ્વરૂપ આપ્યું છે. તે ઉપરથી માલુમ પડશે કે બકુશ મુનિ ત્રીજીવારના સંયમલબ્ધિસ્થાને અટકી જાય છે અને કષાયરહિત દશા પ્રાપ્ત કરી શકતા નથી; તો પછી ઋતુ વગેરેની વિષમતાથી શરીરની રક્ષાને માટે રાખવામાં આવતી વસ્ત્ર વગેરે વસ્તુઓ પ્રત્યે રાગવાળા સમ્યગ્દષ્ટિ તો મુનિપદ પ્રાપ્ત કરી શકે નહિ અને સર્વથા અકષાયદશાની પ્રાપ્તિ તો તેઓ ન જ કરી શકે એ દેખીતું જ છે.

૧૪. ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રના સ્વરૂપ સંબંધમાં થતી ભૂલો અને તેનું નિરાકરણ તે તે વિષયોને લગતા સૂત્રોની ટીકામાં આપ્યું છે, ત્યાંથી સમજી લેવું. કેટલાક જીવો આહાર ન લેવો તેને તપ માને છે; પણ તે માન્યતા યથાર્થ નથી. તપની તે વ્યાખ્યામાં થતી ભૂલો ટાળવા માટે સમ્યક્તપનું સ્વરૂપ ૧૯મા સૂત્રની ભૂમિકામાં તથા ટીકા–પારા ૫ માં આપ્યું છે, તે સમજવું.

૧૫. મોક્ષમાર્ગ પ્રગટ કરવા માટે મુમુક્ષુ જીવોએ ઉપરની બાબતોનો યથાર્થ વિચાર કરીને સંવર–નિર્જરાતત્ત્વોનું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ. જે જીવો અન્ય પાંચ તત્ત્વો સહિત આ સંવર તથા નિર્જરાતત્ત્વની શ્રદ્ધા કરે છે, જાણે છે તે પોતાના ચૈતન્યસ્વરૂપ સ્વભાવભાવ તરફ વળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તથા સંસારચક્રને તોડી નાખીને અલ્પકાળમાં વીતરાગચારિત્રને પ્રગટ કરી નિર્વાણને પામે છે.

૧૬. આ અધ્યાયમાં સમ્યક્ચારિત્રનું સ્વરૂપ કહેતાં તેના અનુસંધાનમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું સ્વરૂપ પણ જણાવ્યું છે. (જુઓ સૂત્ર–૩૬–૩૯) ચારિત્રના વિભાગમાં યથાખ્યાતચારિત્ર પણ સમાઈ જાય છે; ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયે પરમ યથાખ્યાત ચારિત્ર પ્રગટ થતાં ચારિત્રની પૂર્ણતા થાય છે અને તે જ સમયે જીવ નિર્વાણ દશા પામે છે–મોક્ષ પામે છે. ૪૯મા સૂત્રમાં સંયમલબ્ધિસ્થાનનું કથન કરતાં તેમાં નિર્વાણપદ પ્રાપ્ત થવા સુધીની દશાનું વર્ણન જણાવ્યું છે. એ રીતે આ અધ્યાયમાં સર્વે પ્રકારની 'જિન'દશાનું સ્વરૂપ ઘણાં ટૂંકા સૂત્રો દ્વારા આચાર્ય ભગવાને જણાવ્યું છે.

**એ પ્રમાણે શ્રી ઉમાસ્વામી વિરચિત મોક્ષશાસ્ત્રની**
**ગુજરાતી ટીકામાં નવમો અધ્યાય પૂરો થયો.**

## મોક્ષશાસ્ત્ર–ગુજરાતી ટીકા

# અધ્યાય દસમો

### ભૂમિકા

૧. આ શાસ્ત્ર શરૂ કરતાં આચાર્યદેવે પહેલા અધ્યાયના પહેલા જ સૂત્રમાં કહ્યું હતું, કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ–કલ્યાણમાર્ગ છે. ત્યાર પછી સાત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, એમ જણાવીને તે સાત તત્ત્વોનાં નામ જણાવ્યા અને દસ અધ્યાયમાં તે સાત તત્ત્વોનું વર્ણન કર્યું. તેમાં આ છેલ્લા અધ્યાયમાં મોક્ષતત્ત્વનું વર્ણન કરીને આ શાસ્ત્ર પૂરું કર્યું છે.

૨. મોક્ષ સંવર–નિર્જરાપૂર્વક થાય છે; તેથી નવમા અધ્યાયમાં સંવર–નિર્જરાનું સ્વરૂપ કહ્યું; અને અપૂર્વકરણ પ્રગટ કરનારા સમ્યક્ત્વસન્મુખ જીવોથી શરૂ કરીને ચૌદમા ગુણસ્થાને બિરાજતા કેવળી ભગવાન સુધીના તમામ જીવોને સંવર–નિર્જરા થાય છે, એમ તેમાં જણાવ્યું. તે નિર્જરાની પૂર્ણતા થતાં જીવ પરમ સમાધાનરૂપ નિર્વાણપદમાં બિરાજે છે; તે દશાને મોક્ષ કહેવાય છે. મોક્ષદશા પ્રગટ કરનાર જીવોએ સર્વ કાર્ય સિદ્ધ કર્યું હોવાથી 'સિદ્ધ ભગવાન' કહેવાય છે.

૩. કેવળીભગવાનને (તેરમા તથા ચૌદમા ગુણસ્થાને) સંવરનિર્જરા થતાં હોવાથી તેમનો ઉલ્લેખ નવમા અધ્યાયમાં કરવામાં આવ્યો છે; પણ ત્યાં કેવળજ્ઞાનનું સ્વરૂપ જણાવ્યું નથી. કેવળજ્ઞાન તે ભાવમોક્ષ છે અને તે ભાવમોક્ષના બળે દ્રવ્યમોક્ષ (સિદ્ધદશા) થાય છે. (જુઓ પ્રવચનસાર અ. ૧ ગા. ૮૪. જયસેનાચાર્યની ટીકા) તેથી આ અધ્યાયમાં પ્રથમ ભાવમોક્ષરૂપ કેવળજ્ઞાનનું સ્વરૂપ જણાવીને પછી દ્રવ્યમોક્ષનું સ્વરૂપ જણાવ્યું છે.

## કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ

**मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ।।१।।**

**અર્થ** :—[मोहक्षयात्] મોહનો ક્ષય થવાથી (અંતર્મુહૂર્તપર્યંત ક્ષીણકષાય નામનું ગુણસ્થાન પામ્યા બાદ) [ज्ञानदर्शनावरण अंतराय क्षयात् च] જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને–અંતરાય–એ ત્રણે કર્મોનો એકી સાથે ક્ષય થવાથી [केवलम्] કેવળજ્ઞાન–ઉત્પન્ન થાય છે.

## ટીકા

૧. જીવ દ્રવ્ય એક પૂર્ણ અખંડ હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થતાં સંપૂર્ણ સર્વજ્ઞતા પ્રગટે છે. જ્યારે જીવ સંપૂર્ણ વીતરાગ થાય ત્યારે કર્મ સાથેનો નિમિત્તનૈમિત્તિકસંબંધ એવો હોય છે, કે મોહકર્મ જીવના પ્રદેશે સંયોગરૂપે રહે જ નહિ, એને મોહકર્મનો ક્ષય થયો કહેવાય છે. જીવની સંપૂર્ણ વીતરાગતા પ્રગટ થયા પછી અલ્પકાળમાં તુરત જ સંપૂર્ણ જ્ઞાન પ્રગટે છે તેને કેવળજ્ઞાન કહેવાય છે, કારણ કે તે જ્ઞાન શુદ્ધ, નિર્ભેળ, અખંડ, રાગ વગરનું છે. તે દશામાં જીવને 'કેવળી ભગવાન' કહેવાય છે. ભગવાન સમસ્ત પદાર્થોને જાણે છે, તેથી કાંઈ તેઓ કેવળી કહેવાતા નથી, પરંતુ 'કેવળ' અર્થાત્ શુદ્ધ આત્માને જાણતા અનુભવતા હોવાથી તેઓ 'કેવળી' કહેવાય છે. ભગવાન યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે અનાદિનિધન નિષ્કારણ અસાધારણ સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતક સ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (–એકલો, નિર્ભેળ, શુદ્ધ, અખંડ) છે, એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે.

(જુઓ, શ્રી પ્રવચનસાર ગાથા. ૩૩)

૨. આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે, કે–

કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન,
કહીયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૩૩.

ભગવાન પરને જાણે છે–એ વ્યવહાર કથન છે. વ્યવહારે કેવળજ્ઞાન લોકાકાશને યુગપત્ જાણે છે એમ કહેવાય છે; કેમ કે ભગવાન સંપૂર્ણ જ્ઞાનપણે પરિણમતા હોવાથી કોઈ પણ દ્રવ્ય, ગુણ કે પર્યાય તેમના જ્ઞાન બહાર નથી. નિશ્ચયથી તો કેવળજ્ઞાન પોતાના શુદ્ધસ્વભાવને જ અખંડપણે જાણે છે.

૩. કેવળજ્ઞાન સ્વરૂપથી ઉત્પન્ન થયું છે, સ્વતંત્ર છે તથા અક્રમ છે. તે જ્ઞાન પ્રગટ થાય ત્યારે જ્ઞાનાવરણકર્મનો કાયમને માટે ક્ષય થાય છે, તેથી તે જ્ઞાનને ક્ષાયિક જ્ઞાન કહેવાય છે. કેવળજ્ઞાન પ્રગટ થાય તે જ સમયે કેવળદર્શન અને સંપૂર્ણ વીર્ય પણ પ્રગટે છે અને દર્શનાવરણ તથા અંતરાયકર્મનો સર્વથા ક્ષય થાય છે.

૪. કેવળજ્ઞાન થતાં ભાવમોક્ષ થયો કહેવાય છે (આ અરિહંતદશા છે) અને આયુષ્યની સ્થિતિ પુરી થતાં ચાર અઘાતિકર્મનો અભાવ થઈને દ્રવ્યમોક્ષ થાય છે; તે સિદ્ધદશા છે. કેવળજ્ઞાનપૂર્વક જ મોક્ષ થાય છે, માટે મોક્ષનું વર્ણન કરતાં તેમાં પહેલાં કેવળજ્ઞાનની ઉત્પત્તિનું સૂત્ર જણાવ્યું છે.

૫. **પ્રશ્ન** :—જીવને તેરમા ગુણસ્થાને અનંત વીર્ય પ્રગટ્યું હોવા છતાં યોગ વગેરે ગુણનો વિકાર રહે છે અને સંસારીપણું રહે છે. તેનું કારણ અઘાતિકર્મનો ઉદય છે–એ માન્યતા ખરી છે?

**ઉત્તર** :—એ માન્યતા ખરી નથી. તેરમા ગુણસ્થાને સંસારીપણું રહેવાનું ખરું કારણ એ છે કે ત્યાં જીવના યોગ ગુણનો વિકાર છે, તેમ જ જીવના પ્રદેશોની વર્તમાન લાયકાત તે ક્ષેત્રે (–શરીર સાથે) રહેવાની છે, તથા જીવના અવ્યાબાધ, નિર્નામી, નિર્ગોત્રી અને અનાયુષ્યી ધર્મો હજી પૂર્ણ પ્રગટ થતા નથી. આ પ્રમાણે જીવ પોતાના જ કારણે સંસારમાં રહે છે. જડ, અઘાતિકર્મના ઉદયના કારણે કે કોઈ પરના કારણે જીવ સંસારમાં ખરેખર રહે છે, એ માન્યતા તદ્દન ખોટી છે. 'તેરમા ગુણસ્થાને ચાર અઘાતિ કર્મોનો ઉદય છે, તેથી જીવ સિદ્ધપણું પામતો નથી' એ તો માત્ર વ્યવહારકથન છે; જ્યારે જીવને પોતાના વિકારીભાવને કારણે સંસાર હોય ત્યારે તેરમા અને ચૌદમા ગુણસ્થાને–જડકર્મની સાથેનો નિમિત્તનૈમિત્તિકસંબંધ કેવો હોય છે, તે બતાવવા માટે કર્મશાસ્ત્રોમાં ઉપર જણાવ્યા મુજબનું વ્યવહારકથન કર્યું હોય છે. ખરેખર કર્મના ઉદય–સત્તા વગેરેને કારણે કોઈ જીવ સંસારમાં રહે છે એમ માનવું તે, જીવ અને જડકર્મોને એકમેક માનવારૂપ મિથ્યા માન્યતા છે. શાસ્ત્રોના અર્થ કરવામાં અજ્ઞાનીઓની મૂળભૂત ભૂલ એ છે, કે વ્યવહારનયના કથનોને તે નિશ્ચયનયના કથનો માનીને વ્યવહારને જ પરમાર્થ માની લે છે. તે ભૂલ ટાળવા માટે આ શાસ્ત્રના પહેલા અધ્યાયના છટ્ઠા સૂત્રમાં પ્રમાણ તથા નયનું યથાર્થ જ્ઞાન કરવાની આચાર્યભગવાને આજ્ઞા કરી છે (**प्रमाणनयैरधिगमः**). જેઓ વ્યવહારના કથનોને જ નિશ્ચયના કથનો માનીને શાસ્ત્રોના તેવા અર્થો કરે છે, તેમનું તે અજ્ઞાન ટાળવા માટે શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસારજીમાં *૩૨૪ થી ૩૨૬ ગાથા કહી છે......માટે જિજ્ઞાસુઓએ શાસ્ત્રોનાં કથનો કયા નયથી છે અને તેનો પરમાર્થ (–ભૂતાર્થ, સાચો) અર્થ શું થાય છે? તે બરાબર સમજીને શાસ્ત્રકારના કથનના મર્મને જાણી લેવો જોઈએ, પરંતુ ભાષાના શબ્દોને વળગવું ન જોઈએ.

---

★ તે ગાથાઓ આ પ્રમાણે છે—

વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,
'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.

જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે,'
પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારાં' કહે; ૩૨૫.

એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,
નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.

## ૬. કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં જ મોક્ષ કેમ થતો નથી?

(૧) **પ્રશ્ન :**—કેવળજ્ઞાનની ઉત્પત્તિ વખતે મોક્ષના કારણભૂત રત્નત્રયની પૂર્ણતા થઈ જાય છે તો પછી તે જ સમયે મોક્ષ થવો જોઈએ; આ રીતે, જે સયોગી તથા અયોગી કેવળીનાં બે ગુણસ્થાનો કહ્યાં છે તે રહેવાનો કોઈ સમય જ રહેતો નથી?

**ઉત્તર :**—કેવળજ્ઞાનની ઉત્પત્તિ વખતે જોકે યથાખ્યાતચારિત્ર થઈ ગયું છે, તોપણ હજી પરમયથાખ્યાતચારિત્ર થયું નથી. કષાય અને યોગ અનાદિથી અનુસંગી હોવા છતાં પ્રથમ કષાયનો નાશ થાય છે; તેથી કેવળી ભગવાનને વીતરાગતારૂપ યથાખ્યાતચારિત્ર પ્રગટ્યું હોવા છતાં પણ યોગના વ્યાપારનો નાશ થયો નથી. યોગનો વ્યાપાર તે ચારિત્રને દૂષણ ઉત્પન્ન કરનારો છે. તે યોગના વિકારની ક્રમે-ક્રમે ભાવનિર્જરા થાય છે. તે યોગના વ્યાપારની સંપૂર્ણ ભાવનિર્જરા થઈ જતાં સુધી તેરમું ગુણસ્થાન રહે છે. યોગનો વ્યાપાર બંધ પડ્યા પછી પણ કેટલાક વખત સુધી અવ્યાબાધ, નિર્નામ (નામરહિતપણું), અનાયુષ્ય (આયુષ્યરહિતપણું) અને નિર્ગોત્ર—એ ધર્મો પ્રગટ થતાં નથી; તેથી ચારિત્રમાં દૂષણ રહે છે. ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયનો વ્યય થતાં તે દોષનો અભાવ થઈ જાય છે અને તે જ સમયે પરમ યથાખ્યાતચારિત્ર પ્રગટ થતાં અયોગીજિન મોક્ષરૂપ અવસ્થા ધારણ કરે છે; એ રીતે, મોક્ષ અવસ્થા પ્રગટ્યા પહેલાં સયોગીકેવળી અને અયોગીકેવળી એવા બે ગુણસ્થાનો દરેક કેવળીભગવાનને હોય છે.

(૨) **પ્રશ્ન :**—જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય તે જ વખતે મોક્ષ અવસ્થા પ્રગટ થઈ જાય છે, એમ માનીએ તો શું દોષ આવે?

**ઉત્તર :**—તેમ થતાં નીચેના દોષો આવે—

૧–જીવમાં યોગગુણનો વિકાર હોવા છતાં, તેમ જ બીજા (અવ્યાબાધ આદિ) ગુણોમાં વિકાર હોવા છતાં, અને પરમયથાખ્યાતચારિત્ર પ્રગટ થયા સિવાય જીવની સિદ્ધદશા પ્રગટ થઈ જાય કે જે અશક્ય છે.

૨–જો કેવળજ્ઞાન પ્રગટ થાય તે જ સમયે સિદ્ધદશા પ્રગટ થઈ જાય તો ધર્મતીર્થ જ રહે નહિ; જો અરિહંતદશા જ ન રહે તો કોઈ સર્વજ્ઞઉપદેશક—આપ્તપુરુષ થાય જ નહિ. તેનું પરિણામ એ આવે કે ભવ્ય જીવો પોતાના પુરુષાર્થથી ધર્મ પામવા લાયક પર્યાય પ્રગટ કરવા તૈયાર હોય છતાં તેને નિમિત્તરૂપ સત્યધર્મના ઉપદેશનો (–દિવ્યધ્વનિનો) સંયોગ ન થાય, એટલે કે ઉપાદાન નિમિત્તનો મેળ તૂટી જાય. આ પ્રમાણે બની શકે જ નહિ, કેમ કે એવો નિયમ છે કે જે સમયે જે જીવ પોતાના ઉપાદાનની જાગૃતિથી ધર્મ પામવાની યોગ્યતા મેળવે તે સમયે તે જીવને એટલા પુણ્યનો તો સંયોગ હોય જ, કે જેથી તેને ઉપદેશાદિક યોગ્ય નિમિત્તો (–સામગ્રી) સ્વયં આવી મળે જ. ઉપાદાનની પર્યાયનો અને નિમિત્તની પર્યાયનો આવો જ સહજ

સ્વાભાવિક નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. જો આમ ન થતું હોય તો જગતમાં કોઈ જીવ ધર્મ પામી શકે જ નહિ. અર્થાત્ બધા જીવો દ્રવ્યદૃષ્ટિએ પૂર્ણ હોવા છતાં પોતાનો શુદ્ધપર્યાય પ્રગટ કરી શકે જ નહિ, તેમ થતાં જીવોનું દુઃખ કદી ટળે નહિ અને સુખસ્વરૂપે તેઓ કદી થઈ શકે નહિ.

૩—જગતમાં જો કોઈ જીવ ધર્મ ન પામી શકે તો તીર્થંકર, સિદ્ધ, અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, શ્રાવક, સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં રહેતા ઉપદેશક એ વગેરે પદો પણ જગતમાં રહે નહિ; જીવની સાધક અને સિદ્ધ દશા પણ રહે નહિ, સમ્યગ્દૃષ્ટિની ભૂમિકા જ પ્રગટ થાય નહિ, તેમ જ તે ભૂમિકામાં થતો ધર્મપ્રભાવનાદિનો રાગ—પુણ્યાનુબંધી પુણ્ય, સમ્યગ્દૃષ્ટિને લાયક દેવગતિ—દેવક્ષેત્રો એ વગેરે વ્યવસ્થાનો પણ નાશ થાય.

(૩) આ ઉપરથી એમ સમજવું, કે જીવના ઉપાદાનના દરેક સમયના પર્યાયની જે પ્રકારની યોગ્યતા હોય તે મુજબ તે જીવને તે સમયે યોગ્ય નિમિત્તનો સંયોગ સ્વયં મળે છે–એવો નિમિત્ત–નૈમિત્તિકસંબંધ તેરમા ગુણસ્થાનની હયાતી સિદ્ધ કરે છે; એક બીજાના કર્તારૂપે કોઈ છે જ નહિ, તેમ જ ઉપાદાનની પર્યાયમાં જે સમયે લાયકાત હોય તે સમયે તેને નિમિત્તની રાહ જોવી પડે એમ પણ નથી; બંનેનો સહજપણે એવો જ મેળ હોય જ છે. તે જ નિમિત્ત-નૈમિત્તિકભાવ છે, છતાં બંને દ્રવ્યો સ્વતંત્ર છે. નિમિત્ત પરદ્રવ્ય છે તેને જીવ મેળવી શકે નહિ, તેમ જ તે નિમિત્ત જીવમાં કાંઈ કરી શકે નહિ, કેમ કે કોઈ દ્રવ્ય પરદ્રવ્યની પર્યાયનું કર્તા-હર્તા નથી. ૧.

## મોક્ષનું કારણ અને લક્ષણ

## बंधहेत्वभावनिर्जराभ्यां कृत्स्नकर्मविप्रमोक्षो मोक्षः ।।२।।

**અર્થ** :—[बंधहेतु अभाव] બંધનાં કારણો (–મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ)નો અભાવ તથા [निर्जराभ्यां कृत्स्नकर्मविप्रमोक्षो] નિર્જરા વડે સમસ્ત કર્મોનો અત્યંત નાશ [मोक्षः] તે મોક્ષ છે.

### ટીકા

૧. કર્મ ત્રણ પ્રકારનાં છે–(૧) ભાવકર્મ, (૨) દ્રવ્યકર્મ અને (૩) નોકર્મ. ભાવકર્મ જીવનો વિકાર છે અને દ્રવ્યકર્મ તથા નોકર્મ જડ છે. ભાવકર્મનો અભાવ થતાં દ્રવ્યકર્મનો અભાવ થાય છે અને દ્રવ્યકર્મનો અભાવ થતાં નોકર્મ (–શરીર)નો અભાવ થાય છે. અસ્તિથી કહીએ તો જીવની સંપૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે અને નાસ્તિથી કહીએ તો જીવની સંપૂર્ણ વિકારથી

મુક્તદશા તે મોક્ષ છે. આ દશામાં જીવ કર્મ તથા શરીર રહિત હોય છે અને તેનો આકાર છેલ્લા શરીરથી સહેજ ન્યૂન હોય છે.

## ૨. મોક્ષ યત્નથી સાધ્ય છે.

(૧) **પ્રશ્ન** :—મોક્ષ યત્નસાધ્ય છે કે અયત્નસાધ્ય છે?

**ઉત્તર** :–મોક્ષ યત્ન સાધ્ય છે. જીવ પોતાના યત્નથી (–પુરુષાર્થથી) પ્રથમ મિથ્યાત્વ ટાળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે અને પછી વિશેષ પુરુષાર્થથી ક્રમે-ક્રમે વિકાર ટાળીને મુક્ત થાય છે. પુરુષાર્થના વિકલ્પથી મોક્ષ સાધ્ય નથી.

(૨) મોક્ષનું પ્રથમ કારણ સમ્યગ્દર્શન છે અને તે પુરુષાર્થથી જ પ્રગટે છે. શ્રી સમયસાર કળશ ૩૪માં અમૃતચંદ્રસૂરિ કહે છે, કે–

હે ભવ્ય! તને નકામો કોલાહલ કરવાથી શું લાભ છે? એ કોલાહલથી તું વિરક્ત થા અને એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચળ થઈ દેખ; એવો છ મહિના અભ્યાસ કર અને જો (તપાસ) કે એમ કરવાથી આત્માની પ્રાપ્તિ નથી થતી કે થાય છે? અર્થાત્ એવો પ્રયત્ન કરવાથી આત્માની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

વળી કળશ ૨૩ માં પણ કહે છે કે—

હે ભાઈ! તું કોઈ પણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ (એટલે કે ઘણા પ્રયત્ન વડે) તત્ત્વોનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્તદ્રવ્યોનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર, કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિ મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે એકપણાના મોહને તું તરત જ છોડીશ.

**ભાવાર્થ** :—જો આત્મા બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે (તેમાં લીન થાય), પરિષહ આવ્યે પણ ડગે નહિ, તો ઘાતિકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય. આત્માનુભવનું એવું માહાત્મ્ય છે.

આમાં આત્માનુભવ માટેનો પુરુષાર્થ કરવાનું જણાવ્યું છે.

(૩) સમ્યક્ પુરુષાર્થ વડે મોક્ષની પ્રાપ્તિ થાય છે. સમ્યક્‌પુરુષાર્થ કારણ છે અને મોક્ષ કાર્ય છે. કારણ વિના કાર્ય સિદ્ધ થતું નથી. પુરુષાર્થથી મોક્ષ થાય છે એમ સૂત્રકારે પોતે, આ અધ્યાયના છટ્ઠા સૂત્રમાં 'पूर्व प्रयोगात्' શબ્દ વાપરીને જણાવ્યું છે.

(૪) સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદઆચાર્ય જણાવે છે, કે—

अयत्नसाध्यं निर्वाणं चित्तत्त्वं भूतजं यदि।
अन्यथा योगतस्तस्मान्न दुखं योगिनां क्वचित् ॥१००॥

**અર્થ** :—જો પૃથ્વીઆદિ ભૂતથી જીવતત્ત્વની ઉત્પત્તિ હોય તો નિર્વાણ અયત્નસાધ્ય છે, પણ જો તેમ ન હોય તો યોગથી એટલે કે સ્વરૂપસંવેદનનો અભ્યાસ કરવાથી નિર્વાણની પ્રાપ્તિ થાય; તે કારણે નિર્વાણ માટે પુરુષાર્થ કરનારા યોગીઓને ગમે તેવા ઉપસર્ગ ઉપસ્થિત થવા છતાં દુઃખ થતું નથી.

(૫) શ્રી અષ્ટપ્રાભૃતમાં દર્શનપ્રાભૃત ગા. ૬, સૂત્રપ્રાભૃત ગા. ૧૬ અને સંવરપ્રાભૃત ગા. ૮૭ થી ૯૦ માં સ્પષ્ટ રીતે જણાવ્યું છે, કે ધર્મ-સંવર–નિર્જરા–મોક્ષ એ આત્માના વીર્ય–બળ–પ્રયત્ન વડે જ થાય છે; તે શાસ્ત્રની વચનિકા પા. ૧૫–૧૬ તથા ૨૪૨ માં પણ તેમ જ કહ્યું છે.

(૬) **પ્રશ્ન** :—આમાં અનેકાંતસ્વરૂપ ક્યાં આવ્યું?

**ઉત્તર** :—આત્માના સત્ય પુરુષાર્થથી જ ધર્મ–મોક્ષ થાય છે અને બીજા કોઈ પ્રકારે થતો નથી, તે જ સમ્યક્ અનેકાંત થયો.

(૭) **પ્રશ્ન** :—આપ્તમીમાંસાની ૮૮ મી ગાથામાં કહ્યું છે, કે પુરુષાર્થ અને દૈવ બંનેની જરૂરિયાત છે, તેનો શું ખુલાસો છે?

**ઉત્તર** :—જ્યારે જીવ મોક્ષનો પુરુષાર્થ કરે છે ત્યારે પરમ પુણ્યનો ઉદય હોય છે, એટલું બતાવવા માટે તે કથન છે. પુણ્યોદયથી ધર્મ કે મોક્ષ નથી, પરંતુ નિમિત્તનૈમિત્તિકસંબંધ એવો છે કે મોક્ષનો પુરુષાર્થ કરનારા જીવને તે વખતે ઉત્તમસંહનન વગેરે બાહ્યસંયોગ હોય છે. ખરેખર પુરુષાર્થ અને પુણ્ય એ બંનેથી મોક્ષ થાય છે–એમ પ્રતિપાદન કરવા માટે તે કથન નથી. પણ તે વખતે પુણ્યનો ઉદય હોતો નથી, એમ કહેનારની ભૂલ છે–એમ બતાવવા માટે તે ગાથાનું કથન છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે મોક્ષની સિદ્ધિ પુરુષાર્થ વડે જ થાય છે; તે સિવાય થઈ શકતી નથી. ૨.

મોક્ષમાં સર્વકર્મોનો અત્યંત અભાવ થાય છે તે ઉપરના સૂત્રમાં જણાવ્યું; કર્મો સિવાય બીજા શેનો અભાવ થાય છે, તે હવે જણાવે છે–

## औपशमिकादि भव्यत्वानां च ॥३॥

**અર્થ** :—[च] વળી [औपशमिकादि भव्यत्वानां] ઔપશમિકાદિ ભાવોનો તથા પારિણામિક ભાવોમાંથી ભવ્યત્વભાવનો મુક્ત જીવને અભાવ થાય છે.

## ટીકા

'ઔપશમિકાદિ' કહેતાં ઔપશમિક, ઔદયિક અને ક્ષાયોપશમિક એ ત્રણે ભાવો સમજવા, ક્ષાયિકભાવ તેમાં ગણવો નહિ.

જે જીવોને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરવાની યોગ્યતા હોય તે ભવ્યજીવ કહેવાય છે. જ્યારે જીવને સમ્યગ્દર્શનાદિ ગુણો પૂર્ણરૂપે પ્રગટ થઈ જાય છે ત્યારે તે આત્મામાં 'ભવ્યત્વ'નો વ્યવહાર મટી જાય છે. આ સંબંધમાં વિશેષ એ લક્ષમાં રાખવા યોગ્ય છે, કે 'ભવ્યત્વ' જોકે પારિણામિકભાવ છે તોપણ, જેમ પર્યાયાર્થિકનયે જીવના સમ્યગ્દર્શનાદિ ગુણોને નિમિત્તપણે ઘાતક દેશઘાતિ તથા સર્વઘાતિ નામના મોહાદિક કર્મસામાન્ય છે તેમ, જીવના ભવ્યત્વગુણને પણ કર્મસામાન્ય નિમિત્તપણે પ્રચ્છાદક કહી શકાય છે. (જુઓ, હિંદી સમયસાર, શ્રી જયસેનાચાર્યની સંસ્કૃત ટીકા પા.-૪૨૩) સિદ્ધપણું પ્રગટ થતાં ભવ્યત્વગુણની વિકારી પર્યાયનો નાશ થાય છે. એ અપેક્ષા લક્ષમાં રાખીને ભવ્યત્વ ભાવનો નાશ થાય છે-એમ અહીં કહ્યું છે. અધ્યાય-૨, સૂત્ર-૭, પાનું-૨૨૪ માં ભવ્યત્વભાવની પર્યાયની અશુદ્ધતાનો નાશ થાય છે, એમ કહ્યું છે— માટે તે ટીકા પણ અહીં વાંચવી. ૩.

## अन्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः ॥४॥

**અર્થ** :—[केवलसम्यक्त्व ज्ञान दर्शन] કેવળસમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન અને [सिद्धत्वेभ्यः अन्यत्र] સિદ્ધત્વ-એ ભાવો સિવાયના બીજા ભાવોના અભાવથી મોક્ષ થાય છે.

## ટીકા

મુક્ત અવસ્થામાં કેવળજ્ઞાનાદિ ગુણો સાથે જે ગુણોનો સહભાવીસંબંધ છે; એવાં અનંત વીર્ય, અનંત સુખ, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ વગેરે ગુણો પણ હોય છે. ૪.

# મુક્ત જીવોનું સ્થાન

## तदनंतरमूर्ध्वं गच्छत्यालोकांतात् ॥५॥

**અર્થ** :—[तदनंतरम्] તુરત જ [ऊर्ध्वं गच्छति आलोक अंतात्] ઊર્ધ્વગમન કરીને આ લોકના છેડા સુધી જાય છે.

## ટીકા

ચોથા સૂત્રમાં કહેલ સિદ્ધત્વગુણ જ્યારે પ્રગટે છે ત્યારે ત્રીજા સૂત્રમાં કહેલા ભાવો હોતા

નથી, તેમ જ કર્મોનો પણ અભાવ થાય છે; તે જ સમયે જીવ ઊર્ધ્વગમન કરીને સીધો લોકને છેડે જાય છે અને ત્યાં કાયમ સ્થિત રહે છે. ઊર્ધ્વગમન થવાનું કારણ છટ્ઠા-સાતમા સૂત્રમાં જણાવ્યું છે અને લોકના છેડાથી આગળ નહિ જવાનું કારણ આઠમા સૂત્રમાં જણાવ્યું છે. ૫.

## મુક્તજીવના ઊર્ધ્વગમનનું કારણ

## पूर्वप्रयोगादसंगत्वाद्बन्धच्छेदात्तथागतिपरिणामाच्च ॥६॥

**અર્થ** :—[पूर्वप्रयोगात्] ૧-પૂર્વપ્રયોગથી, [असंगत्वात्] ૨-સંગરહિત થવાથી, [बंधच्छेदात्] ૩-બંધનો નાશ થવાથી [तथागतिपरिणामात् च] અને ૪-તથાગતિપરિણામ અર્થાત્ ઊર્ધ્વગમનસ્વભાવ હોવાથી—મુક્તજીવને ઊર્ધ્વગમન થાય છે.

**નોંધ** :—પૂર્વપ્રયોગ એટલે પૂર્વે કરેલો પુરુષાર્થ, પ્રયત્ન, ઉદ્યમ; આ સંબંધમાં આ અધ્યાયના બીજા સૂત્રની ટીકા તથા સાતમા સૂત્રના પહેલા દ્રષ્ટાંત ઉપરની ટીકા વાંચીને સમજવી. ૬.

## ઉપરના સૂત્રમાં કહેલાં ચારે કારણોનાં દ્રષ્ટાંત

## आविद्धकुलालचक्रवद्व्यपगतलेपालाबुवदेरण्डबीजवदग्निशिखावच्च ॥७॥

**અર્થ** :—મુક્તજીવ [आविद्धकुलालचक्रवत्] ૧-કુંભાર દ્વારા ઘુમાવેલા ચાકની માફક પૂર્વપ્રયોગથી, [व्यपगतलेपआलाबुवत्] ૨-લેપ દૂર થયેલા તૂંબડાની માફક અસંગપણાથી, [एरण्डबीजवत्] ૩-એરંડાના બીજની માફક બંધનરહિત થવાથી [च] અને [अग्निशिखावत्] ૪-અગ્નિશિખાની માફક ઊર્ધ્વગમન સ્વભાવથી ઊર્ધ્વગમન કરે છે.

## ટીકા

**૧-પૂર્વપ્રયોગનું દ્રષ્ટાંત**—જેમ કુંભાર ચાકને ફેરવીને હાથ લઈ લે છતાં તે ચાક પૂર્વના વેગથી ફરે છે, તેમ જીવ પણ સંસાર અવસ્થામાં મોક્ષપ્રાપ્તિ માટે વારંવાર અભ્યાસ (ઉદ્યમ, પ્રયત્ન, પુરુષાર્થ) કરતો હતો તે અભ્યાસ છૂટી જાય છે, તોપણ પહેલાના અભ્યાસના સંસ્કારથી મુક્તજીવને ઊર્ધ્વગમન થાય છે.

**૨-અસંગનું દ્રષ્ટાંત**—તૂંબડાને જ્યાં સુધી લેપનો સંયોગ રહે છે ત્યાં સુધી તે પોતાના ઉપાદાનની લાયકાતના કારણે પાણીમાં ડૂબેલું રહે છે, પણ જ્યારે લેપ (-માટી) ગળીને દૂર થાય છે ત્યારે તે પાણીની ઉપર સ્વયં પોતાની લાયકાતથી આવી જાય છે; તેમ જીવ જ્યાં સુધી સંગવાળો હોય ત્યાં સુધી પોતાની યોગ્યતાથી સંસારસમુદ્રમાં ડૂબેલો રહે છે અને અસંગી થતાં ઊર્ધ્વગમન કરીને લોકના છેડે ચાલ્યો જાય છે.

**૩–બંધછેદનું દ્રષ્ટાંત**—જેમ એરંડાના ઝાડનું સૂકું બી જ્યારે છટકે છે ત્યારે ઉપરનું પડ (–બંધન) છૂટી જવાથી તેનું મિંજ ઉપર જાય છે, તેમ જ્યારે જીવની પક્વદશા (મુક્તદશા) થતાં કર્મબંધનો છેદ થાય છે ત્યારે તે મુક્તજીવ ઊર્ધ્વગમન કરે છે.

**૪–ઊર્ધ્વગમન સ્વભાવનું દ્રષ્ટાંત**—જેમ અગ્નિની શિખાનો સ્વભાવ ઊર્ધ્વગમન કરવાનો છે અર્થાત્ હવાના અભાવમાં જેમ અગ્નિ (–દીપકાદિ)ની શિખા ઊર્ધ્વ જાય છે તેમ જીવનો સ્વભાવ ઊર્ધ્વગમન કરવાનો છે; તેથી મુક્ત દશા થતાં જીવ પણ ઊર્ધ્વગમન કરે છે. ૭.

## લોકાગ્રથી આગળ નહિ જવાનું કારણ

## धर्मास्तिकायाभावात् ॥८॥

**અર્થ** :—[धर्मास्तिकाय अभावात्] આગળ (–અલોકમાં) ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી મુક્ત જીવ લોકના અંત સુધી જ જાય છે.

### ટીકા

૧. આ સૂત્રનું કથન નિમિત્તની મુખ્યતાથી છે. ગતિ કરતાં દ્રવ્યોને નિમિત્તરૂપ ધર્માસ્તિકાય દ્રવ્ય છે; તે દ્રવ્ય લોકાકાશ જેવડું છે. તે એમ સૂચવે છે, કે જીવ અને પુદ્ગલની ગતિ જ સ્વભાવથી એટલી છે કે તે લોકના છેડા સુધી જ ગમન કરે. જો એમ ન હોય તો એકલા આકાશમાં 'લોકાકાશ' અને 'અલોકાકાશ' એવા બે ભેદ પડે જ નહિ. છ દ્રવ્યનો બનેલો લોક છે અને અલોકાકાશમાં એકલું આકાશ જ છે. જીવ અને પુદ્ગલ એ બે જ દ્રવ્યોમાં ગમનશક્તિ છે; તેમની ગતિશક્તિ જ સહજપણે એવી છે, કે તે લોકમાં જ રહે. ગતિનું નિમિત્ત જે ધર્માસ્તિકાય, તેનો અલોકાકાશમાં અભાવ છે, તે એમ સૂચવે છે કે ગતિ કરનારા દ્રવ્યોની ઉપાદાનશક્તિ જ લોકના છેડા સુધી ગમન કરવાની છે. એટલે ખરેખર તો જીવની પોતાની યોગ્યતા જ અલોકમાં જવાની નથી, તેથી જ તે અલોકમાં જતો નથી. ધર્માસ્તિકાયનો અભાવ તો તેમાં નિમિત્તમાત્ર છે.

૨. બૃહદ્દ્રવ્યસંગ્રહમાં સિદ્ધના અગુરુલઘુગુણનું વર્ણન કરતાં જણાવે છે, કે–જો સિદ્ધસ્વરૂપ સર્વથા ગુરુ (–ભારે) હોય તો લોઢાના ગોળાની જેમ તેનું સદા અધઃપતન થયા કરે અર્થાત્ તે નીચે જ પડ્યા કરે, અને જો તે સર્વથા લઘુ (હલકું) હોય તો જેમ પવનના ઝપાટાથી આકોલીયા વૃક્ષનું રૂ ઊડ્યા કરે છે તેમ તે સિદ્ધસ્વરૂપનું પણ નિરંતર ભ્રમણ જ થયા કરે; પરંતુ સિદ્ધસ્વરૂપ એવું નથી, તેથી તેમાં અગુરુલઘુગુણ કહેવામાં આવ્યો છે.

Final moxshastra
652



(બૃહદ્દ્રવ્યસંગ્રહ પા. ૩૮) આ અગુરુલઘુગુણના કારણે સિદ્ધ જીવ સદા લોકાગ્રે સ્થિર રહે છે, ત્યાંથી આગળ જતા નથી અને નીચે આવતા નથી. ૮.

## મુક્તજીવોમાં વ્યવહારનયે ભેદ

## क्षेत्रकालगतिलिंगतीर्थचारित्रप्रत्येकबुद्धबोधित–
## ज्ञानावगाहनान्तरसंख्याल्पबहुत्वतः साध्याः ॥९॥

**અર્થ** :—[क्षेत्र काल गति लिंग तीर्थ चारित्र] ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, [प्रत्येकबुद्धबोधित ज्ञान अवगाहना अन्तर संख्या अल्पबहुत्वतः] પ્રત્યેકબુદ્ધબોધિત, જ્ઞાન, અવગાહના, અંતર, સંખ્યા અને અલ્પબહુત્વ—આ બાર અનુયોગોથી [साध्याः] મુક્ત જીવો (–સિદ્ધો)માં પણ ભેદ સાધી શકાય છે.

### ટીકા

૧. **ક્ષેત્ર**—ૠજુસૂત્રનય અપેક્ષાએ (–વર્તમાન અપેક્ષાએ) આત્મપ્રદેશોમાં સિદ્ધ થાય છે. આકાશપ્રદેશોમાં સિદ્ધ થાય છે. સિદ્ધક્ષેત્રમાં સિદ્ધ થાય છે. ભૂતનૈગમનયની અપેક્ષાએ પંદર કર્મભૂમિમાં જન્મેલા પુરુષો જ સિદ્ધ થાય છે. પંદર કર્મભૂમિમાં જન્મેલા પુરુષનું કોઈ દેવાદિ અન્યક્ષેત્રમાં સંહરણ કરે તો અઢી દ્વીપપ્રમાણ સમસ્ત મનુષ્યક્ષેત્રથી સિદ્ધ થાય છે.

૨. **કાળ**—ૠજુસૂત્રનય અપેક્ષાએ એક સમયમાં સિદ્ધ થાય છે. ભૂતનૈગમનયે ઉત્સર્પિણી તથા અવસર્પિણી બન્ને કાળમાં સિદ્ધ થાય છે; તેમાં અવસર્પિણીકાળના ત્રીજા આરાના અંત ભાગમાં ચોથા આરામાં અને પાંચમા આરાની શરૂઆતમાં (–ચોથા આરામાં જન્મ્યા હોય તેવા જીવો) સિદ્ધ થાય છે, ઉત્સર્પિણી કાળના 'દુષમસુષમ' કાળમાં ચોવીશ તીર્થંકરો થાય છે અને તે કાળમાં જીવો સિદ્ધ થાય છે (ત્રિલોકપ્રજ્ઞપ્તિ પા.–૩૫૦); વિદેહક્ષેત્રમાં અવસર્પિણી કે ઉત્સર્પિણી એવા કાળના ભેદ નથી. પંચમકાળમાં જન્મેલા જીવો સમ્યગ્દર્શનાદિ ધર્મ પામે પણ તે ભવે મોક્ષ પામે નહિ. વિદેહક્ષેત્રમાં જન્મેલા જીવો અઢીદ્વીપના કોઈ પણ ભાગમાં સર્વકાળે મોક્ષ પામે છે.

૩. **ગતિ**—ૠજુસૂત્રનયે સિદ્ધગતિ વિષે જ મોક્ષ પામે છે; ભૂતનૈગમનયે મનુષ્યગતિમાં જ મોક્ષ પામે છે.

૪. **લિંગ** :—ૠજુસૂત્રનયે લિંગ (–વેદ) રહિત જ મોક્ષ પામે છે; ભૂતનૈગમનયે ત્રણે

Dt : 10-10-10

પ્રકારના ભાવવેદમાં ક્ષપકશ્રેણી ચડીને મોક્ષ પામે છે; અને દ્રવ્યવેદમાં તો પુરુષલિંગ અને યથાજાતરૂપ લિંગે જ મોક્ષ પામે છે.

૫. **તીર્થ**—કોઈ જીવો તીર્થંકર થઈને મોક્ષ પામે અને કોઈ જીવો સામાન્ય કેવળી થઈને મોક્ષ પામે છે. સામાન્ય કેવળીમાં પણ કોઈ તો તીર્થંકર વિદ્યમાન હોય ત્યારે મોક્ષ પામે અને કોઈ તીર્થંકરોની પછી તેમના તીર્થમાં મોક્ષ પામે છે.

૬. **ચારિત્ર**—ૠજુસૂત્રનયે ચારિત્રના ભેદનો અભાવ કરીને મોક્ષ પામે; ભૂતનૈગમનયે–નજીકની અપેક્ષાએ યથાખ્યાતચારિત્રથી જ મોક્ષ પામે. દૂરની અપેક્ષાએ સામાયિક, છેદોપસ્થાન, સૂક્ષ્મસાંપરાય તથા યથાખ્યાતથી અને કોઈને પરિહારવિશુદ્ધ હોય તો તેનાથી—એ પાંચ પ્રકારના ચારિત્રથી મોક્ષ પામે છે.

૭. **પ્રત્યેકબુદ્ધિબોધિત**—પ્રત્યેકબુદ્ધ જીવો વર્તમાનમાં નિમિત્તની હાજરી વગર પોતાની શક્તિથી બોધ પામે, પણ ભૂતકાળમાં સમ્યગ્દર્શન થયું ત્યારે કે ત્યાર પહેલાં સમ્યગ્જ્ઞાનીના ઉપદેશનું નિમિત્ત હોય; અને બોધિત જીવો વર્તમાનમાં સમ્યગ્જ્ઞાનીના ઉપદેશના નિમિત્તથી ધર્મ પામે. આ બંને પ્રકારના જીવો મોક્ષ પામે છે.

૮. **જ્ઞાન**—ૠજુસૂત્રનયે કેવળજ્ઞાનથી જ સિદ્ધ થાય છે; ભૂતનૈગમનયે કોઈ મતિ, શ્રુત એ બે જ્ઞાનથી; કોઈ મતિ શ્રુત, અવધિ એ ત્રણથી અથવા તો મતિ, શ્રુત, મનઃપર્યય એ ત્રણથી અને કોઈ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ ચાર જ્ઞાનથી (–કેવળજ્ઞાનપૂર્વક) સિદ્ધ થાય છે.

૯. **અવગાહના**—કોઈને ઉત્કૃષ્ટ–પાંચસો પચીસ ધનુષની, કોઈને જઘન્ય–સાડાત્રણ હાથમાં કંઈક ઓછી અને કોઈને મધ્યમ અવગાહના હોય છે. મધ્યમ અવગાહનાના ઘણા ભેદ છે.

૧૦. **અંતર**—એક સિદ્ધ પછી બીજા સિદ્ધ થવાનું જઘન્ય અંતર એક સમયનું અને ઉત્કૃષ્ટ અંતર છ માસનું છે.

૧૧. **સંખ્યા**—જઘન્યપણે એક સમયમાં એક જીવ સિદ્ધ થાય છે, ઉત્કૃષ્ટપણે એક સમયમાં એકસો આઠ જીવો સિદ્ધ થાય છે.

૧૨. **અલ્પબહુત્વ**—સંખ્યામાં હીન–અધિકતા. ઉપરના અગિયારે પ્રકારમાં અલ્પબહુત્વ લાગુ પડે છે. તે નીચે મુજબ—

(૧) **ક્ષેત્ર**–સંહરણ સિદ્ધો કરતાં જન્મસિદ્ધ સંખ્યાત ગુણા છે. સમુદ્ર વગેરે જળક્ષેત્રોથી થોડા સિદ્ધ થાય છે અને મહાવિદેહાદિ ક્ષેત્રોથી અધિક સિદ્ધ થાય છે.

(૨) **કાળ**—ઉત્સર્પિણીકાળમાં થયેલા સિદ્ધો કરતાં અવસર્પિણીકાળમાં થયેલા સિદ્ધોની સંખ્યા અધિક છે, અને તે બંને કાળ વિના સિદ્ધ થયેલા જીવોની સંખ્યા તેનાથી સંખ્યાતગુણી છે, કેમ કે વિદેહક્ષેત્રમાં અવસર્પિણી કે ઉત્સર્પિણી એવા ભેદ નથી.

(૩) **ગતિ**—બધા જીવો મનુષ્ય ગતિથી જ સિદ્ધ થાય છે, માટે તે અપેક્ષાએ ગતિમાં અલ્પબહુત્વ નથી; પરંતુ એક ગતિના અંતર અપેક્ષાએ (અર્થાત્ મનુષ્યભવ પહેલાની ગતિ અપેક્ષાએ) તિર્યંચગતિથી આવીને મનુષ્ય થઈ સિદ્ધ થયા તેવા જીવ થોડા છે. તેના કરતાં સંખ્યાતગુણા જીવો મનુષ્યગતિથી આવીને મનુષ્ય થઈ સિદ્ધ થાય છે. તેનાથી સંખ્યાતગુણા જીવો નરકગતિથી આવીને મનુષ્ય થઈને સિદ્ધ થાય છે અને તેનાથી સંખ્યાતગુણા જીવો દેવગતિથી આવીને મનુષ્ય થઈ સિદ્ધ થાય છે.

(૪) **લિંગ**—ભાવનપુંસકવેદવાળા પુરુષો ક્ષપકશ્રેણી માંડીને સિદ્ધ થાય એવા જીવો થોડા છે. તેનાથી સંખ્યાતગુણા ભાવસ્ત્રીવેદવાળા પુરુષો ક્ષપકશ્રેણી માંડીને સિદ્ધ થાય છે અને તેનાથી સંખ્યાતગુણા ભાવપુરુષવેદવાળા પુરુષો ક્ષપકશ્રેણી માંડીને સિદ્ધ થાય છે.

(૫) **તીર્થ**—તીર્થંકર થઈને સિદ્ધ થનારા જીવો થોડા છે અને તેનાથી સંખ્યાતગુણા સામાન્ય કેવળી થઈને સિદ્ધ થાય છે.

(૬) **ચારિત્ર**—પાંચે ચારિત્રથી સિદ્ધ થનારા જીવો થોડા છે અને તેનાથી સંખ્યાતગુણા જીવો પરિહારવિશુદ્ધ સિવાયના ચાર ચારિત્રથી સિદ્ધ થનાર છે.

(૭) **પ્રત્યેકબુદ્ધબોધિત**—પ્રત્યેકબુદ્ધ સિદ્ધ થનારા જીવો અલ્પ છે અને તેનાથી સંખ્યાતગુણા બોધિતબુદ્ધ જીવો સિદ્ધ થાય છે.

(૮) **જ્ઞાન**—મતિ, શ્રુત એ બે જ્ઞાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધ થનારા જીવો અલ્પ છે. તેનાથી સંખ્યાતગુણા ચાર જ્ઞાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધ થાય છે અને તેનાથી સંખ્યાતગુણા ત્રણ જ્ઞાનથી કેવળજ્ઞાન પ્રગટાવી સિદ્ધ થાય છે.

(૯) **અવગાહના**—જઘન્ય અવગાહનાથી સિદ્ધ થનારા જીવો અલ્પ છે. તેનાથી સંખ્યાતગુણા ઉત્કૃષ્ટ અવગાહનાથી અને તેનાથી સંખ્યાતગુણા મધ્યમ અવગાહનાથી સિદ્ધ થાય છે.

(૧૦) **અંતર**—છ માસના અંતરવાળા સિદ્ધ સર્વથી થોડા છે અને તેનાથી સંખ્યાતગુણા એક સમયના અંતરવાળા સિદ્ધ થાય છે.

**(૧૧) સંખ્યા**—ઉત્કૃષ્ટપણે એક સમયમાં એકસો આઠ જીવો સિદ્ધ થાય છે. તેનાથી અનંતગુણા એક સમયમાં ૧૦૭ થી લઈને ૫૦ સુધી સિદ્ધ થાય છે. તેનાથી અસંખ્યાત ગુણા જીવો એક સમયમાં ૪૯ થી ૨૫ સુધી સિદ્ધ થનારા છે અને તેનાથી સંખ્યાતગુણા એક સમયમાં ૨૪ થી માંડીને ૧ સુધી સિદ્ધ થનારા જીવો છે.

એ રીતે બાહ્ય નિમિત્તોની અપેક્ષાએ સિદ્ધોમાં ભેદની કલ્પના કરવામાં આવી છે; વાસ્તવમાં અવગાહનાગુણ સિવાયના બીજા આત્મીય ગુણોની અપેક્ષાએ તેમનામાં કાંઈ ભેદ નથી. અહીં એમ ન સમજવું, કે 'એક સિદ્ધમાં બીજા સિદ્ધ ભળી જાય છે-માટે ભેદ નથી.' સિદ્ધદશામાં પણ દરેક જીવો જુદે જુદા જ રહે છે, કોઈ જીવો એક બીજામાં ભળી જતાં નથી. ૯.

# ઉપસંહાર

## ૧. મોક્ષતત્ત્વની માન્યતા સંબંધી થતી ભૂલ અને તેનું નિરાકરણ

કેટલાક જીવો એમ માને છે કે, સ્વર્ગના સુખ કરતાં અનંતગણું સુખ મોક્ષમાં છે. પણ તે માન્યતા મિથ્યા છે, કેમ કે એ ગુણાકારમાં તે સ્વર્ગ અને મોક્ષના સુખની જાતિ એક ગણે છે; સ્વર્ગમાં તો વિષયાદિ સામગ્રીજનિત ઇન્દ્રિય-સુખ હોય છે; તેની જાતિ તેને ભાસે છે, પણ મોક્ષમાં વિષયાદિ સામગ્રી નથી, એટલે ત્યાંના અતીન્દ્રિય સુખની જાતિ તેને ભાસતી નથી, પરંતુ મહાપુરુષો મોક્ષને સ્વર્ગથી ઉત્તમ કહે છે, તેથી તે અજ્ઞાની પણ સમજ્યા વગર બોલે છે. જેમ કોઈ ગાયનના સ્વરૂપને તો ઓળખતો નથી પણ આ બધી સભા ગાયનને વખાણે, તેથી તે પણ વખાણે છે. તેમ જ્ઞાની જીવો તો મોક્ષનું સ્વરૂપ જાણીને તેને ઉત્તમ કહે છે, તેથી અજ્ઞાની જીવ પણ સમજ્યા વગર ઉપર પ્રમાણે કહે છે.

**પ્રશ્ન** :—અજ્ઞાની જીવ સિદ્ધના સુખની અને સ્વર્ગના સુખની જાતિ એક જાણે છે-એમ શા ઉપરથી કહી શકાય?

**ઉત્તર** :—જે સાધનનું ફળ તે સ્વર્ગ માને છે તે જ જાતના સાધનનું ફળ તે મોક્ષ માને છે. તે એમ માને છે, કે તે જાતનું થોડું સાધન હોય તો તેનાથી ઈંદ્રાદિ પદ મળે અને જેને તે સાધન સંપૂર્ણ હોય તે મોક્ષ પામે છે. એ પ્રમાણે બંનેના સાધનની એક જાતિ માને છે, તેથી તેનાં કાર્યની (સ્વર્ગ તથા મોક્ષની) પણ એક જાતિ હોવાનું તેને શ્રદ્ધાન છે—એમ નક્કી થાય છે. ઈંદ્ર વગેરેને જે સુખ છે તે તો કષાયભાવોથી આકુળતારૂપ છે, તેથી પરમાર્થે તે દુઃખી છે અને સિદ્ધને તો કષાયરહિત અનાકુળ સુખ છે. માટે એમ સમજવું કે તે બંનેની જાતિ એક નથી. સ્વર્ગનું કારણ તો પ્રશસ્ત રાગ છે અને મોક્ષનું કારણ વીતરાગભાવ છે. એ રીતે તે બંનેના કારણમાં ફેર છે. જે જીવોને આ ભાવ ભાસતો નથી તેને મોક્ષતત્ત્વનું સાચું શ્રદ્ધાન નથી.

## ૨. અનાદિ કર્મબંધન નષ્ટ થવાની સિદ્ધિ

શ્રી તત્ત્વાર્થસારના આઠમા અધ્યાયમાં કહ્યું છે, કે—

आद्यभावान्नभावस्य कर्मबंधनसंततेः
अन्ताभावः प्रसज्येत दृष्टत्वादन्तबीजवत् ॥६॥

**ભાવાર્થ**—જે વસ્તુની ઉત્પત્તિનો આદ્યસમય ન હોય તે અનાદિ કહેવાય છે, તેનો કદી

અંત થતો નથી. જો અનાદિ પદાર્થનો અંત થઈ જાય તો સત્‌નો વિનાશ થાય છે એમ માનવું પડે, પરંતુ સત્‌નો નાશ થવો તે સિદ્ધાંતથી અને યુક્તિથી વિરુદ્ધ છે.

આ ન્યાયને કારણે, આ પ્રકરણમાં એવી શંકા ઉપસ્થિત થઈ શકે કે–અનાદિ કર્મબંધનની સંતતિનો નાશ કેમ થઈ શકે? અર્થાત્ કર્મબંધનનો કોઈ આદ્યસમય નથી, તેથી તે અનાદિ છે અને જે અનાદિ હોય તેનો અંત પણ થવો ન જોઈએ, માટે જેમ કર્મબંધન અનાદિથી ચાલ્યું આવે છે તેમ અનંતકાળ સુધી સદા જીવની સાથે રહેવું જોઈએ. એટલે તેનું ફળ એ થશે કે કર્મબંધનથી જીવ મુક્ત થઈ શકશે નહિ.

આ શંકામાં બે પ્રકાર રહેલા છે–(૧) આ જીવને કર્મબંધ કદી છૂટવો ન જોઈએ અને (૨) કર્મત્વરૂપ જે પુદ્‌ગલો છે તેમાં કર્મત્વ સદા ચાલુ રહેવું જોઈએ; કેમ કે કર્મત્વ એક જાતિ છે, તે સામાન્ય હોવાથી ધ્રુવ છે તેથી તેની ગમે તેટલી પર્યાયો બદલે તોપણ તે સર્વે કર્મરૂપ જ રહેશે. જે સ્વભાવનું જે હોય તે તે જ સ્વભાવનું હંમેશાં રહે છે. જીવ પોતાના ચૈતન્યસ્વભાવને છોડતો નથી અને પુદ્‌ગલો પોતાના રસ, રૂપાદિ સ્વભાવને છોડતાં નથી; આ રીતે જ્યારે બીજાં દ્રવ્યો પોતપોતાના સ્વભાવને છોડતાં નથી, તો પછી કર્મદ્રવ્ય પણ પોતાના કર્મત્વસ્વભાવને કેમ છોડે?

ઉપરની શંકાનું સમાધાન આ પ્રમાણે છે—કર્મનો સંબંધ જોકે અનાદિથી છે, પરંતુ તે અનાદિ સંબંધ તેને તે જ **(identical)** રજકણોનો નથી, પણ એકેક કર્મનો સંબંધ કેટલીક મુદત સુધી જ રહે છે. એકેક કર્મની ઉત્પત્તિનો પણ કોઈને કોઈ સમય હોય છે અને તેના છૂટવાનો પણ નિયત સમય હોય છે. એટલું ખરું છે, કે જીવને વિકારી અવસ્થામાં કોઈને કોઈ કર્મનો સંયોગ ચાલુ રહે છે. સંસારી જીવોને વિકારી અવસ્થા અનાદિથી થઈ રહી છે, તેથી કર્મનો સંબંધ કોઈ નિયતકાળથી થયો નથી, તે કારણે તે અનાદિ છે. આ તો સમુચ્ચય કર્મની અપેક્ષાએ વાત છે; પણ કોઈ એક કર્મ અનાદિકાળથી જીવની સાથે લાગેલું ચાલુ છે—એવો તેનો અર્થ નથી. આ રીતે, એકેક કર્મના સંબંધની અવધિ–મર્યાદા છે, તેમ જ જે રીતે ઉત્પત્તિનો વખત હોય છે તેમ તેના નાશનો પણ વખત હોય છે; કેમ કે જેનો સંયોગ થાય તેનો વિયોગ થાય જ. જ્યારે કર્મોનો વિયોગ થાય ત્યારે જો જીવ નવીન કર્મોનું બંધન ન થવા દે તો કર્મનો સંબંધ નિર્મૂળ નષ્ટ થઈ શકે છે. આથી એ તાત્પર્ય સિદ્ધ થયું કે જુદી જુદી ચીજોનો સંબંધ અનાદિ કાળથી હોય, તોપણ તે નષ્ટ થઈ શકે છે. તેનું ઉદાહરણ પણ મળે છે—બીજ–વૃક્ષનો સંબંધ સંતતિ પ્રવાહપણે અનાદિથી છે. કોઈ પણ બીજ પોતાથી પૂર્વના વૃક્ષ વગર પેદા થઈ શકતું નથી અને વૃક્ષ પોતાથી પૂર્વના બીજ વગર હોતું નથી. બીજનું ઉપાદાનકારણ પૂર્વ વૃક્ષ કહી શકાય અને પૂર્વ બીજ પણ કહી શકાય. પ્રત્યેક બીજના પૂર્વમાં કોઈને કોઈ ઉપાદાન હોય છે; એ રીતે બીજ–વૃક્ષની અથવા તો બીજ–બીજની સંતતિ અનાદિ થઈ જાય છે. એ સંતતિ અનાદિ હોવા છતાં

પણ તે સંતતિના અંતિમ બીજને જો પીસી નાંખે અગર બાળી નાંખે તો તેનો સંતતિપ્રવાહ નષ્ટ થઈ જાય છે. એવી રીતે કર્મોની સંતતિ અનાદિ હોવા છતાં પણ કર્મનાશના પ્રયોગો દ્વારા પૂર્વોપાર્જિત કર્મોમાંથી આ અંતિમ રહેલાં કર્મોનો નાશ કરી દેવામાં આવે, તો પછી તેની સંતતિ નિઃશેષ નષ્ટ થઈ જાય છે. પૂર્વોપાર્જિત કર્મોના નાશનો અને નવાં કર્મોની ઉત્પત્તિ ન થવા દેવાનો ઉપાય સંવર–નિર્જરા–પ્રકરણમાં (નવમા અધ્યાયમાં) જણાવ્યો છે. આ ઉત્તરથી 'કર્મોનો સંબંધ જીવથી કદી છૂટી ન શકે' એવો શંકાનો પહેલો પ્રકાર દૂર થાય છે.

શંકાનો બીજો પ્રકાર એ છે, કે–જો કોઈ દ્રવ્ય પોતાના સ્વભાવને છોડતું નથી તો પછી કર્મરૂપ પદાર્થ પણ અકર્મરૂપ કેમ થાય? તેનું સમાધાન એ છે કે, કર્મ એ કોઈ દ્રવ્ય નથી પણ સંયોગી પર્યાય છે. જે દ્રવ્યમાં કર્મપણાની પર્યાય થાય છે તે પુદ્‌ગલદ્રવ્ય છે અને તે તો સદા ટકી રહે છે તથા પોતાના વર્ણાદિ સ્વભાવને છોડતું નથી. પુદ્‌ગલદ્રવ્યમાં તેની લાયકાત અનુસાર શરીરાદિ તથા માટી, પત્થર વગેરે કાર્યરૂપ અવસ્થા થાય છે અને તેની અવધિ પૂરી થતાં તે વિનાશ પામી જાય છે; તેવી જ રીતે કોઈ પુદ્‌ગલોમાં જીવ સાથે એકક્ષેત્રે બંધન થવારૂપ સામર્થ્ય અને જીવને પરાધીન થવામાં નિમિત્તપણું પ્રગટ થાય છે; જ્યાં સુધી પુદ્‌ગલોની એ દશા રહે છે ત્યાં સુધી તેને 'કર્મ' કહેવાય છે. કર્મ એ મૂળ દ્રવ્ય નહિ હોવાથી, પણ પર્યાય હોવાથી તે પર્યાય ટળીને અન્ય પર્યાય થઈ શકે છે. પુદ્‌ગલ દ્રવ્યોની એક કર્મપર્યાય નષ્ટ થઈને બીજી જે પર્યાય થાય તે કર્મરૂપ પણ થઈ શકે છે અને અકર્મરૂપ પણ થઈ શકે છે. કોઈ એક દ્રવ્યને ઉત્તરોત્તર કાળમાં જો એક સરખી લાયકાત રહ્યા કરે તો તેની પર્યાય એક સરખી થતી રહે અને જો તેની લાયકાત બદલે તો તેની પર્યાય જુદી જુદી જાતની થાય. જેમ કોઈ માટીમાં ઘડારૂપે થવાની લાયકાત હોય ત્યારે કુંભાર નિમિત્ત મળે અને તે માટી સ્વયં ઘડારૂપે થઈ જાય છે. ફરી પહેલી અવસ્થા બદલીને બીજી વાર ઘડો બની શકે છે, અગર કોઈ બીજી પર્યાય પણ થઈ શકે છે. એવી રીતે કર્મરૂપ પર્યાયમાં પણ સમજવું. જો 'કર્મ' એ કોઈ નિરાળું દ્રવ્ય જ હોય તો તેનું અકર્મરૂપ થવું બની શકે નહિ, પરંતુ કર્મ એ કોઈ ખાસ દ્રવ્ય નહિ હોવાથી તે જીવથી છૂટી શકે છે અને કર્મપણું છોડીને અકર્મરૂપે થઈ શકે છે.

૩. એ પ્રકારે, જીવમાંથી કર્મરૂપ અવસ્થાને છોડીને પુદ્‌ગલો અકર્મરૂપ ઘટ–પટાદિપણે થઈ શકે છે–એ સિદ્ધ કર્યું, પરંતુ જીવમાંથી અમુક કર્મો જ અકર્મરૂપે થવાથી જીવ કર્મરહિત થઈ જતો નથી, કેમ કે જેમ એક કર્મરૂપ પુદ્‌ગલો કર્મત્વને છોડીને અકર્મરૂપે બની જાય છે તેમ, જીવના વિકારનું નિમિત્ત પામીને, અકર્મરૂપે રહેલાં પુદ્‌ગલો કર્મરૂપે પણ પરિણમ્યા કરે છે. જ્યાં સુધી જીવ વિકાર કરે ત્યાં સુધી તેની પરતંત્રતા ચાલુ રહે છે અને બીજાં પુદ્‌ગલો કર્મરૂપ થઈને તેની સાથે બંધાયા કરે છે; એ રીતે સંસારમાં કર્મશૃંખલા ચાલુ રહે છે. અમુક કર્મોનું છૂટવું અને તેનું જ અથવા તો અન્ય અકર્મરૂપ પરમાણુઓનું નવા કર્મરૂપે થવું, એવી

પ્રક્રિયા સંસારી જીવોને ચાલ્યા કરે છે, પરંતુ કર્મ સદા કર્મ જ રહે છે, અથવા તો જીવો સદાય કોઈ અમુક જ કર્મોથી બંધાયેલા રહે છે, અથવા બધાં જ કર્મો સર્વ જીવોને છૂટી જાય છે અને સર્વ જીવો સર્વથા મુક્ત થઈ જાય છે—એમ નથી.

૪. એ રીતે અનાદિકાળની કર્મશૃંખલા અનેક કાળ સુધી ચાલતી જ રહે છે એમ દેખવામાં આવે છે; પરંતુ શૃંખલાઓનો નિયમ એવો નથી કે જે અનાદિકાલીન હોય તે અનંતકાળ પર્યંત રહેવી જ જોઈએ, કેમ કે શૃંખલા સંયોગથી થાય છે અને સંયોગનો કોઈને કોઈ વખતે વિયોગ થઈ શકે છે. જો તે વિયોગ અંશતઃ હોય તો તો શૃંખલા ચાલુ રહે છે, પણ જ્યારે તેનો આત્યંતિક વિયોગ થઈ જાય છે ત્યારે શૃંખલાનો પ્રવાહ તૂટી જાય છે. જેમ શૃંખલા બળવાન કારણ દ્વારા તૂટે છે તેમ કર્મશૃંખલા અર્થાત્ સંસારશૃંખલા પણ જીવના સમ્યગ્દર્શનાદિ સત્ય પુરુષાર્થ દ્વારા નિર્મૂળ નષ્ટ થઈ જાય છે. વિકારીશૃંખલામાં અર્થાત્ વિકારી પર્યાયમાં પણ અનંતતાનો નિયમ નથી, તેથી જીવ વિકારી પર્યાયનો અભાવ કરી શકે છે અને વિકારનો અભાવ કરતાં કર્મનો સંબંધ પણ છૂટી જાય છે અને તેનું કર્મત્વ નષ્ટ થઈને અન્યરૂપે પરિણમી જાય છે.

## ૫. આત્માને બંધન છે તેની સિદ્ધિ

કોઈ જીવો કહે છે કે આત્માને બંધન હોતું જ નથી. તેઓની એ માન્યતા ખોટી છે, કેમ કે બંધન વગર પરતંત્રતા હોય નહિ. જેમ ગાય, ભેંસ વગેરે પશુઓ જ્યારે બંધનમાં નથી હોતાં ત્યારે પરતંત્ર હોતાં નથી; પરતંત્રતા તે બંધનની હયાતી સૂચવે છે, માટે આત્માને બંધન માનવું યોગ્ય છે. આત્માને ખરું બંધન પોતાના વિકારીભાવનું જ છે; તેનું નિમિત્ત પામીને જડકર્મનું બંધન થાય છે અને તેના ફળ તરીકે શરીરનો સંયોગ થાય છે. શરીરના સંયોગમાં આત્મા રહે છે તે પરતંત્રતા સૂચવે છે. એ ધ્યાન રાખવું કે કર્મ, શરીર ઈત્યાદિ પરદ્રવ્યો કાંઈ આત્માને પરતંત્ર કરતાં નથી પણ જીવ પોતે અજ્ઞાનતાથી પોતાને પરતંત્ર માને છે અને પરવસ્તુથી પોતાને લાભ–નુકશાન થાય એવી ઊંધી પક્કડ કરીને પરમાં ઈષ્ટ–અનિષ્ટપણું કલ્પે છે. દુઃખનું કારણ પરાધીનતા છે. શરીરના નિમિત્તે જીવને દુઃખ થાય છે, તેથી જે જીવ શરીરથી પોતાને લાભ–નુકશાન માને તે પરતંત્ર રહે જ છે. કર્મ કે પરવસ્તુ જીવને પરતંત્ર કરતી નથી. પણ જીવ સ્વયં પરતંત્ર થાય છે. એ રીતે સંસારી આત્માને ત્રણ પ્રકારનું બંધન સિદ્ધ થાય છે—એક તો પોતાનો વિકારી ભાવ, બીજું તેનું નિમિત્ત પામીને સૂક્ષ્મકર્મ સાથે થતો સંબંધ અને ત્રીજું તેના નિમિત્તે સ્થૂળ શરીર સાથે થતો સંબંધ. (જુઓ, તત્ત્વાર્થસાર, પાનું–૩૯૪)

## ૬. મુક્ત થયા પછી ફરી બંધ કે જન્મ ન થાય

જીવના મિથ્યાદર્શનાદિ વિકારી ભાવોનો અભાવ થવાથી કર્મનો કારણ–કાર્યસંબંધ પણ

છૂટી જાય છે. જાણવું–દેખવું તે કાંઈ કર્મબંધનું કારણ નથી પણ પર વસ્તુઓમાં–રાગ–દ્વેષમાં આત્મીયપણાની ભાવના તે બંધનું કારણ થાય છે. મિથ્યાભાવનાના કારણે જીવના જ્ઞાન તથા દર્શનને (–શ્રદ્ધાને) મિથ્યાજ્ઞાન તથા મિથ્યાદર્શન કહેવાય છે. એ મિથ્યાભાવના છૂટી જવાથી જગતની ચરાચર વસ્તુઓનું જાણવું–દેખવું થાય છે; કેમ કે જ્ઞાન–દર્શન તો જીવના સ્વાભાવિક અસાધારણ ધર્મો છે. વસ્તુના સ્વાભાવિક અસાધારણ ધર્મોનો કદી નાશ થતો નથી; જો તેનો નાશ થાય તો વસ્તુનો પણ નાશ થઈ જાય, તેથી મિથ્યાવાસનાના અભાવમાં પણ જાણવું–દેખવું તો હોય છે; પણ બંધના કારણ–કાર્યનો અભાવ મિથ્યાવાસનાના અભાવની સાથે જ થઈ જાય છે. કર્મને આવવાના કારણોનો અભાવ થયા પછી, જાણવા–દેખવા છતાં પણ જીવને કર્મોનો બંધ થતો નથી અને કર્મોનો બંધ નહિ થવાથી તેના ફળરૂપે સ્થૂળ શરીરનો સંયોગ પણ મળતો નથી, તેથી તેને ફરીને જન્મ હોતો નથી. (જુઓ, તત્ત્વાર્થસાર પા. ૩૯૪)

## ૭. બંધ તે જીવનો સ્વાભાવિક ધર્મ નથી

જો બંધ તે જીવનો સ્વાભાવિક ધર્મ હોય તો તે બંધ જીવને સદા રહેવો જોઈએ; પણ તે તો સંયોગ–વિયોગરૂપ છે; તેથી જુનો ટળે છે અને જીવ વિકાર કરે તો નવો બંધાય છે. જો બંધ સ્વાભાવિક હોય તો બંધથી જુદો કોઈ મુક્તાત્મા હોઈ શકે નહિ. વળી બંધ જો સ્વાભાવિક હોય તો જીવોમાં પરસ્પર અંતર ન દેખાય. ભિન્ન કારણ વિના એક જાતિના પદાર્થોમાં અંતર હોય નહિ, પણ જીવોમાં અંતર જોવામાં આવે છે. તેનું કારણ એ છે કે, જીવોનું લક્ષ ભિન્ન ભિન્ન પર વસ્તુ ઉપર છે. પર વસ્તુઓ અનેક પ્રકારની હોવાથી તેના લક્ષે જીવની અવસ્થા એક સરખી રહે નહિ. જીવ પોતે પરાધીન થતો રહે છે; તે પરાધીનતા જ બંધનનું કારણ છે. જેમ બંધન સ્વાભાવિક નથી તેમ તે આકસ્મિક પણ નથી અર્થાત્ કારણ વગર તેની ઉત્પત્તિ નથી. દરેક કાર્ય પોતપોતાના કારણ અનુસાર થાય છે. સ્થૂળ બુદ્ધિવાળા લોકો તેનું કારણ ન જાણતા હોવાથી તેને અકસ્માત્ કહે છે. બંધનું કારણ જીવના વિકારી ભાવ છે. જીવના વિકારી ભાવોમાં તારતમ્યતા દેખાય છે, તેથી તે ક્ષણિક છે અને વિકારીભાવ ક્ષણિક હોવાથી, તેના કારણે થતો કર્મબંધ પણ ક્ષણિક છે; કેમ કે જેનું કારણ શાશ્વત હોય તેનું કાર્ય પણ શાશ્વત હોય. તારતમ્યતા સહિત હોવાથી કર્મબંધ શાશ્વત નથી. શાશ્વતપણું અને તારતમ્યતા એ બંનેને શીત અને ઉષ્ણતાની માફક પરસ્પર વિરોધ છે. તારતમ્યતાનું કારણ ક્ષણભંગુર છે; જેનું કારણ ક્ષણિક હોય તે કાર્ય શાશ્વત કેમ હોઈ શકે? કર્મનો બંધ અને ઉદય તારતમ્યતા સહિત જ થાય છે, માટે બંધ શાશ્વતિક કે સ્વાભાવિક ચીજ નથી; તેથી બંધના હેતુઓનો અભાવ થતાં મોક્ષ થાય છે—એમ સ્વીકારવું જ જોઈએ.

*(જુઓ, તત્ત્વાર્થસાર પાનું ૩૯૬).*

## ૮. સિદ્ધોનું લોકાગ્રથી સ્થાનાંતર થતું નથી.

**પ્રશ્ન** :—આત્મા મુક્ત થતાં પણ સ્થાનવાળો હોય છે. જેને સ્થાન હોય તે એક સ્થાનમાં જ સ્થિર ન રહે પણ નીચે જાય અથવા તો વિચલિત થતો રહે છે, તેથી મુક્ત આત્મા પણ ઊર્ધ્વલોકમાં જ સ્થિર ન રહેતાં નીચે જાય અથવા તો એક સ્થાનથી બીજે સ્થાને જાય– એમ શા માટે નથી બનતું?

**ઉત્તર** :—પદાર્થમાં સ્થાનાંતર થવાનું કારણ સ્થાન નથી, પરંતુ સ્થાનાંતરનું કારણ તો તેની ક્રિયાવતીશક્તિ છે. જેમ નાવમાં જ્યારે પાણી આવીને ભરાય છે ત્યારે તે ડગમગ થાય છે અને નીચે ડૂબી જાય છે; તેમ આત્મામાં પણ જ્યારે કર્માસ્રવ થતો રહે છે ત્યારે તે સંસારમાં ડૂબે છે અને સ્થાનો બદલતો રહે છે. પણ મુક્ત અવસ્થામાં તો જીવ કર્માસ્રવથી રહિત થઈ જાય છે, તેથી ઊર્ધ્વગમન સ્વભાવને કારણે લોકાગ્રે સ્થિત થયા પછી સ્થાનાંતર થવાનું કાંઈ કારણ રહેતું નથી.

જો સ્થાનાંતરનું કારણ સ્થાનને માનીએ તો, એવો કોઈ પદાર્થ નથી કે જે સ્થાનવાળો ન હોય; કેમ કે જેટલા પદાર્થો છે તે બધાય કોઈક ને કોઈક સ્થાનમાં રહેલા છે અને તેથી તે બધાય પદાર્થોનું સ્થાનાંતર થવું જોઈએ; પરંતુ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ આદિ સ્થાનાંતર રહિત દ્રવ્યો દેખાવાથી તે હેતુ મિથ્યા ઠરે છે. માટે સિદ્ધ થયું કે–સંસારી જીવોને પોતાની ક્રિયાવતીશક્તિના પરિણમનની તે વખતની લાયકાત તે ક્ષેત્રાંતરનું મૂળકારણ છે અને કર્મનો ઉદય તે માત્ર નિમિત્તકારણ છે. મુક્તાત્મા કર્માસ્રવથી સર્વથા રહિત હોવાથી તેઓ પોતાના સ્થાનથી વિચલિત થતા નથી. (જુઓ, તત્ત્વાર્થસાર પા. ૩૯૭) વળી તત્ત્વાર્થસાર અ. ૮ની ગા. ૧૨માં જણાવ્યું છે, કે–ગુરુત્વના અભાવને લીધે મુક્તાત્માનું નીચે પતન થતું નથી.

૯. જીવની મુક્તદશા મનુષ્યપર્યાયથી જ થાય છે અને મનુષ્યો અઢી દ્વીપમાં જ હોય છે; તથા સિદ્ધશિલા પણ બરાબર અઢી દ્વીપસમાન વિસ્તારની (૪૫ લાખ યોજનની) અઢી દ્વીપની ઉપર છે. તેથી મુક્ત થનાર જીવ મોડા (વળાંક) વગર સીધા ઊર્ધ્વગતિથી લોકાંતે જાય છે. તેમાં તેને એક જ સમય લાગે છે.

## ૧૦. અધિક જીવો થોડા ક્ષેત્રમાં રહે છે.

**પ્રશ્ન** :—સિદ્ધ ક્ષેત્રના પ્રદેશો તો અસંખ્યાત છે અને મુક્ત જીવો તો અનંત છે; તો અસંખ્યાત પ્રદેશમાં અનંત જીવો કઈ રીતે રહી શકે?

**ઉત્તર** :—સિદ્ધ જીવોને શરીર નથી અને જીવ સૂક્ષ્મ (–અરૂપી) છે, તેથી એક જગ્યાએ અનંત જીવ સાથે રહી શકે છે. જેમ એક જ જગ્યાએ અનેક દીપકોનો પ્રકાશ રહી

શકે છે તેમ. તે પ્રકાશ તો પુદ્‌ગલ છે; પુદ્‌ગલ વસ્તુઓ પણ આ રીતે રહી શકે, તો પછી અનંત શુદ્ધ જીવોને એક ક્ષેત્રે સાથે રહેવામાં કાંઈ બાધ નથી.

## ૧૧. સિદ્ધ જીવોને આકાર છે

કેટલાક જીવો એમ માને છે, કે જીવ અરૂપી છે માટે તેને આકાર હોય નહીં. એ માન્યતા ખોટી છે. દરેક વસ્તુમાં પ્રદેશત્વ નામનો ગુણ છે; તેથી વસ્તુનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય છે. જેનો આકાર ન હોય એવી કોઈ ચીજ હોઈ શકે નહિ. જે વસ્તુ હોય તેને પોતાનો આકાર હોય છે. જીવ અરૂપી—અમૂર્તિક છે, અમૂર્તિક વસ્તુને પણ અમૂર્તિક—આકાર હોય છે. જે શરીરને છોડીને જીવ મુક્ત થાય તે શરીરના આકાર કરતાં સહેજ ન્યૂન આકાર મુક્ત દશામાં પણ જીવને હોય છે.

**પ્રશ્ન** :—આત્માને જો આકાર હોય તો પછી તેને નિરાકાર કઈ રીતે કહેવામાં આવે છે?

**ઉત્તર** :—આકારના બે અર્થ થાય છે–એક તો લંબાઈ–પહોળાઈ–મોટાઈરૂપ આકાર અને બીજો મૂર્તિકપણારૂપ આકાર. મૂર્તિકપણારૂપ આકાર એક પુદ્‌ગલદ્રવ્યમાં જ હોય છે, અન્ય કોઈ દ્રવ્યમાં હોતો નથી, તેથી જ્યારે આકારનો અર્થ મૂર્તિકપણું કરવામાં આવે ત્યારે પુદ્‌ગલ સિવાયના સર્વે દ્રવ્યોને નિરાકાર કહેવાય છે. એ રીતે પુદ્‌ગલનો મૂર્તિક આકાર નહિ હોવાથી અપેક્ષાએ જીવને નિરાકાર કહેવાય છે, પરંતુ પોતાના સ્વક્ષેત્રની લંબાઈ–પહોળાઈ–મોટાઈ અપેક્ષાએ બધાં દ્રવ્યો આકારવાન છે. આમ જ્યારે સદ્‌ભાવથી આકારનો સંબંધ માનવામાં આવે ત્યારે આકારનો અર્થ લંબાઈ–પહોળાઈ–મોટાઈ જ થાય છે. આત્માને પોતાનો આકાર છે, તેથી તે સાકાર છે.

સંસારદશામાં જીવની લાયકાતના કારણે તેના આકારનો પર્યાય સંકોચ–વિસ્તારરૂપ થતો હતો. હવે પૂર્ણ શુદ્ધતા થતાં સંકોચ–વિસ્તાર થતો નથી. સિદ્ધદશા થતાં જીવને સ્વભાવવ્યંજનપર્યાય પ્રગટે છે અને તે જ પ્રમાણે અનંતકાળ સુધી રહ્યા કરે છે. (જુઓ, તત્ત્વાર્થસાર. પાનું–૩૯૮ થી ૪૦૬)

**એ પ્રમાણે શ્રી ઉમાસ્વામીવિરચિત મોક્ષશાસ્ત્રની**
**ગુજરાતી ટીકામાં દસમો અધ્યાય પૂરો થયો.**



## મોક્ષશાસ્ત્ર–ગુજરાતી ટીકા :

# પરિશિષ્ટ–૧

આ મોક્ષશાસ્ત્રના આધાર ઉપરથી શ્રી અમૃતચંદ્રસૂરિએ 'શ્રી તત્ત્વાર્થસાર' શાસ્ત્ર બનાવ્યું છે; તેના ઉપસંહારમાં તે ગ્રંથનો સારાંશ ૨૩ ગાથા દ્વારા આપ્યો છે. તે આ શાસ્ત્રને લાગુ પડતો હોવાથી અહીં આપવામાં આવે છે.

### ગ્રંથનો સારાંશ

**प्रमाणनयनिक्षेपनिर्देशादिसदादिभिः।**
**सप्ततत्त्वमिति ज्ञात्वा मोक्षमार्गं समाश्रयेत्॥१॥**

**અર્થ** :—જે સાત તત્ત્વોનું સ્વરૂપ ક્રમથી કહેવામાં આવ્યું છે તેને પ્રમાણ, નય, નિક્ષેપ, નિર્દેશાદિ તથા સત્ આદિ અનુયોગો દ્વારા જાણીને મોક્ષમાર્ગનો યથાર્થપણે આશ્રય કરવો જોઈએ.

**પ્રશ્ન** :—આ શાસ્ત્રના પહેલા સૂત્રનો અર્થ નિશ્ચયનય, વ્યવહારનય અને પ્રમાણ દ્વારા શું થાય?

**ઉત્તર** :—સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે–એ કથનમાં અભેદસ્વરૂપ નિશ્ચયનયની વિવક્ષા હોવાથી તે નિશ્ચયનયનું કથન જાણવું, મોક્ષમાર્ગને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ભેદથી કહેવો તેમાં ભેદસ્વરૂપ વ્યવહારનયની વિવક્ષા હોવાથી તે વ્યવહારનયનું કથન જાણવું; અને તે બંનેનું યથાર્થજ્ઞાન કરવું તે પ્રમાણ છે. મોક્ષમાર્ગ એ પર્યાય છે, તેથી આત્માના ત્રિકાળી ચૈતન્યસ્વભાવની અપેક્ષાએ તે સદ્‌ભૂતવ્યવહાર છે.

**પ્રશ્ન** :—નિશ્ચયનય એટલે શું?

**ઉત્તર** :—'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું તે.

**પ્રશ્ન** :—વ્યવહારનય એટલે શું?

**ઉત્તર** :—'સત્યાર્થ એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે' એમ જાણવું તે. અથવા પર્યાયભેદનું કથન પણ વ્યવહારનયે કથન છે.

મોક્ષમાર્ગનું બે પ્રકારે કથન

**निश्चयव्यवहाराभ्यां मोक्षमार्गो द्विधा स्थितः।**
**तत्राद्यः साध्यरूपः स्याद् द्वितीयस्तस्य साधनम्॥२॥**

**અર્થ**—નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ એમ બે પ્રકારે મોક્ષમાર્ગનું કથન છે; તેમાં પહેલો સાધ્યરૂપ છે અને બીજો તેના સાધનરૂપ છે.

૧. **પ્રશ્ન** :—વ્યવહારમોક્ષમાર્ગ સાધન છે, તેનો અર્થ શું?

**ઉત્તર** :—પ્રથમ રાગરહિત દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ જાણવું અને તે જ વખતે 'રાગ તે ધર્મ નથી કે ધર્મનું સાધન નથી' એમ માનવું. એમ માન્યા પછી જીવ જ્યારે રાગને તોડીને નિર્વિકલ્પ થાય ત્યારે તેને નિશ્ચયમોક્ષમાર્ગ થાય છે અને તે જ વખતે રાગસહિત દર્શન-જ્ઞાન-ચારિત્રનો વ્યય થયો, તેને વ્યવહારમોક્ષમાર્ગ કહેવાય છે; એ રીતે 'વ્યય' તે સાધન છે.

૨. આ સંબંધમાં શ્રી પરમાત્મપ્રકાશમાં નીચે પ્રમાણે જણાવ્યું છે—

**પ્રશ્ન** :—નિશ્ચયમોક્ષમાર્ગ તો નિર્વિકલ્પ છે અને તે વખતે સવિકલ્પ મોક્ષમાર્ગ નથી, તો તે (સવિકલ્પ મોક્ષમાર્ગ) શી રીતે સાધક થાય છે?

**ઉત્તર** :—ભૂતનૈગમનયથી પરંપરાએ સાધક થાય છે, એટલે કે પૂર્વે તે હતો પણ વર્તમાનમાં નથી છતાં ભૂતનૈગમનયે તે વર્તમાનમાં છે, એવો સંકલ્પ કરીને તેને સાધક કહ્યો છે. (પા. ૧૪૨ સંસ્કૃત ટીકા) આ સંબંધમાં અધ્યાય ૬ સૂત્ર ૧૮ ની ટીકા પારા ૫ માં છેલ્લો પ્રશ્ન અને તેનો ઉત્તર છે, તે વાંચવો.

**૩. શુદ્ધનિશ્ચયનયે શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ (-નિશ્ચય) સમ્યક્ત્વનું કારણ નિત્ય આનંદસ્વભાવ એવો નિજ શુદ્ધાત્મા જ છે.** (પરમાત્મપ્રકાશ પા. ૧૪૫)

## ૪. મોક્ષમાર્ગ બે નથી.

મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો છે તે નિશ્ચય (ખરો) મોક્ષમાર્ગ છે; તથા જે મોક્ષમાર્ગ તો નથી, પરંતુ મોક્ષમાર્ગમાં નિમિત્ત છે અથવા સાથે હોય છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે, પણ તે ખરો મોક્ષમાર્ગ નથી.

## નિશ્ચયમોક્ષમાર્ગનું સ્વરૂપ

**श्रद्धानाधिगमोपेक्षाः शुद्धस्य स्वात्मनो हि याः।**
**सम्यक्त्वज्ञानवृत्तात्मा मोक्षमार्गः स निश्चयः।।३।।**

**અર્થ**—નિજ શુદ્ધાત્માની અભેદરૂપથી શ્રદ્ધા કરવી, અભેદરૂપથી જ જ્ઞાન કરવું તથા અભેદરૂપથી જ તેમાં લીન થવું-એ પ્રકારે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા તે નિશ્ચયમોક્ષમાર્ગ છે.

## વ્યવહારમોક્ષમાર્ગનું સ્વરૂપ

श्रद्धानाधिगमोपेक्षा याः पुनः स्युः परात्मना।
सम्यकत्वज्ञानवृत्तात्मा स मार्गो व्यवहारतः।।४।।

**અર્થ** :—આત્મામાં જે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર ભેદની મુખ્યતાથી પ્રગટ થઈ રહ્યાં છે, તે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયને વ્યવહારમાર્ગ સમજવો જોઈએ.

## વ્યવહારી મુનિનું સ્વરૂપ

श्रद्धानः परद्रव्यं बुध्यमानस्तदेव हि।
तदेवोपेक्षमाणश्च व्यवहारी स्मृतो मुनिः।।५।।

**અર્થ** :—જે પરદ્રવ્યની (–સાતે તત્ત્વોની, ભેદરૂપે) શ્રદ્ધા કરે છે, તેવી જ રીતે ભેદરૂપ જાણે છે અને તેવી જ રીતે ભેદરૂપે ઉપેક્ષા કરે છે, તે મુનિને વ્યવહારી કહેવાય છે.

## નિશ્ચયી મુનિનું સ્વરૂપ

स्वद्रव्यं श्रद्धानस्तु बुध्यमानस्तदेव हि।
तदेवोपेक्षमाणश्च निश्चयान्मुनिसत्तमः।।६।।

**અર્થ** :—જે સ્વદ્રવ્યને જ શ્રદ્ધામય તથા જ્ઞાનમય બનાવી લે છે અને જેને આત્માની પ્રવૃત્તિ ઉપેક્ષારૂપ જ થઈ જાય છે, એવા શ્રેષ્ઠ મુનિ નિશ્ચયરત્નત્રયયુક્ત છે.

## નિશ્ચયીનું અભેદસમર્થન

आत्मा ज्ञातृतया ज्ञानं सम्यक्त्वं चरितं हि सः।
स्वस्थो दर्शनचारित्रमोहाभ्यामनुपप्लुतः।।७।।

**અર્થ** :—જે જાણે છે તે આત્મા છે, જ્ઞાન જાણે છે તેથી જ્ઞાન જ આત્મા છે; એવી જ રીતે જ સમ્યક્શ્રદ્ધા કરે છે તે આત્મા છે. શ્રદ્ધા કરનાર સમ્યગ્દર્શન છે, તેથી તે જ આત્મા છે. જે ઉપેક્ષિત થાય છે તે આત્મા છે. ઉપેક્ષા ગુણ ઉપેક્ષિત થાય છે, તેથી તે જ આત્મા છે અથવા આત્મા જ તે છે. આ અભેદરત્નત્રયસ્વરૂપ છે. આવી અભેદરૂપ સ્વસ્થદશા તેમને જ થઈ શકે છે, કે જેઓ દર્શનમોહ અને ચારિત્રમોહના ઉદયાધીન રહેતા નથી.

આનું તાત્પર્ય એ છે કે, મોક્ષનું કારણ રત્નત્રય બતાવ્યું છે; તે રત્નત્રયને મોક્ષનું કારણ માનીને તેના સ્વરૂપને જાણવાની ઈચ્છા જ્યાં સુધી રહે છે ત્યાં સુધી સાધુ તે રત્નત્રયને

વિષયરૂપ (ધ્યેયરૂપ) માનીને તેનું ચિંતવન કરે છે; તે રત્નત્રયના સ્વરૂપનો વિચાર કરે છે. જ્યાં સુધી એવી દશા રહે છે ત્યાં સુધી પોતાના વિચાર દ્વારા રત્નત્રય ભેદરૂપ જ જાણવામાં આવે છે, તેથી સાધુના તે પ્રયત્નને ભેદરૂપ રત્નત્રય કહેવામાં આવે છે; તે વ્યવહારની દશા છે. એવી દશામાં અભેદરત્નત્રય કદી થઈ શકતાં નથી, પરંતુ જ્યાં સુધી એવી દશા પણ ન હોય અથવા એ પ્રકારે મુમુક્ષુ સમજી ન લે ત્યાં સુધી તેને નિશ્ચયદશા કેમ પ્રાપ્ત થઈ શકે? વ્યવહાર કરતાં કરતાં નિશ્ચયદશા પ્રગટે જ નહીં.

એ ખ્યાલમાં રાખવું કે વ્યવહારદશા વખતે રાગ છે, તેથી મુમુક્ષુને તે ટાળવાયોગ્ય છે, તે લાભદાયક નથી. સ્વાશ્રિત એકતારૂપ નિશ્ચયદશા જ લાભદાયક છે–એવું જો પહેલેથી જ લક્ષ હોય તો જ તેને વ્યવહારદશા હોય છે. જો પહેલેથી જ એવી માન્યતા ન હોય અને તે રાગદશાને જ ધર્મ અગર ધર્મનું કારણ માને તો તેને કદી ધર્મ થાય નહિ અને તેને તે વ્યવહારદશા પણ કહેવાય નહીં; ખરેખર તે વ્યવહારાભાસ છે–એમ સમજવું, માટે રાગરૂપ વ્યવહારદશા ટાળીને નિશ્ચયદશા પ્રગટ કરવાનું લક્ષ પહેલેથી જ હોવું જોઈએ.

એવી દશા થઈ જતાં જ્યારે સાધુ સ્વલક્ષ તરફ વળે છે, ત્યારે સ્વયમેવ સમ્યગ્દર્શનમય–સમ્યગ્જ્ઞાનમય તથા સમ્યક્ચારિત્રમય થઈ જાય છે. તેથી તે પોતાથી અભેદરત્નત્રયની દશા છે અને તે યથાર્થ વીતરાગદશા હોવાથી નિશ્ચયરત્નત્રયરૂપ કહેવામાં આવે છે.

આ અભેદ અને ભેદનું તાત્પર્ય સમજી જતાં એ વાત માનવી પડશે, કે **વ્યવહારરત્નત્રય તે યથાર્થ રત્નત્રય નથી, તેથી તેને હેય કહેવામાં આવે છે. જો સાધુ તેમાં જ લાગ્યા રહે તો તેનો તે વ્યવહારમાર્ગ મિથ્યામાર્ગ છે, નિરુપયોગી છે. એમ કહેવું જોઈએ કે તે સાધુએ તેને હેયરૂપ ન જાણતાં યથાર્થરૂપ જાણી રાખ્યો છે. જે જેને યથાર્થરૂપે જાણે અને માને તે તેને કદી છોડે નહિ; તેથી તે સાધુનો વ્યવહારમાર્ગ મિથ્યામાર્ગ છે અથવા તે અજ્ઞાનરૂપ સંસારનું કારણ છે.**

વળી તેવી જ રીતે જે વ્યવહારને હેય સમજીને અશુભભાવમાં રહે છે અને નિશ્ચયનું અવલંબન કરતા નથી, તે ઉભયભ્રષ્ટ (શુદ્ધ અને શુભ બંનેથી ભ્રષ્ટ) છે. નિશ્ચયનયનું અવલંબન પ્રગટ્યું નથી અને વ્યવહારને તો હેય માનીને અશુભમાં રહ્યા કરે છે. તેઓ નિશ્ચયને લક્ષે શુભમાં પણ જતા નથી તો પછી તેઓ નિશ્ચય સુધી પહોંચી શકે નહીં–એ નિર્વિવાદ છે.

આ શ્લોકમાં અભેદરત્નત્રયનું સ્વરૂપ કૃદંત શબ્દો દ્વારા કર્તૃભાવ–સાધન શબ્દોનું અભેદપણું બતાવીને સિદ્ધ કર્યું. હવે આગળના શ્લોકોમાં ક્રિયાપદો દ્વારા કર્તાકર્મભાવ વગેરેમાં સર્વ વિભક્તિનું રૂપ દેખાડીને અભેદ સિદ્ધ કરે છે.

## નિશ્ચયરત્નત્રયનું કર્તા સાથે અભેદપણું

पश्यति स्वस्वरुपं यो जानाति च चरत्यपि।
दर्शनज्ञानचारित्रत्रयमात्मैव स स्मृतः ॥८॥

**અર્થ** :—જે નિજસ્વરૂપને દેખે છે, નિજસ્વરૂપને જાણે છે અને નિજસ્વરૂપ અનુસાર પ્રવૃત્તિ કરે છે તે આત્મા જ છે, તેથી દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેરૂપ આત્મા જ છે.

## કર્મરૂપ સાથે અભેદપણું

पश्यति स्वस्वरुपं यं जानाति च चरत्यपि।
दर्शनज्ञानचारित्रत्रयमात्मैव तन्मयः ॥९॥

**અર્થ** :—જે પોતાના સ્વરૂપને દેખવામાં આવે છે, પોતાના સ્વરૂપને જાણવામાં આવે છે અને પોતાના સ્વરૂપને ધારણ કરવામાં આવે છે તે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય છે, પરંતુ તન્મય આત્મા જ છે, તેથી આત્મા જ અભેદરૂપથી રત્નત્રયરૂપ છે.

## કરણરૂપની સાથે અભેદપણું

दृश्यते येन रुपेण ज्ञायते चर्यतेपि च।
दर्शनज्ञानचारित्रत्रयमात्मैव तन्मयः ॥१०॥

**અર્થ** :—જે નિજસ્વરૂપ દ્વારા દેખવામાં આવે છે. નિજસ્વરૂપ દ્વારા જાણવામાં આવે છે અને નિજસ્વરૂપ દ્વારા સ્થિરતા થાય છે તે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય છે, તે કોઈ જુદી ચીજ નથી, પણ તન્મય આત્મા જ છે, તેથી આત્મા જ અભેદરૂપથી રત્નત્રયરૂપ છે.

## સંપ્રદાનરૂપની સાથે અભેદપણું

यस्मै पश्यति जानाति स्वरूपाय चरत्यपि।
दर्शनज्ञानचारित्रत्रयमात्मैव तन्मयः ॥११॥

**અર્થ** :—જે સ્વરૂપની પ્રાપ્તિને માટે દેખે છે. જે સ્વરૂપની પ્રાપ્તિને માટે જાણે છે તથા જે સ્વરૂપની પ્રાપ્તિને માટે પ્રવૃત્તિ કરે છે તે દર્શન-જ્ઞાન-ચારિત્ર નામવાળાં રત્નત્રય છે; તે કોઈ જુદી ચીજ નથી, પરંતુ તે-મય આત્મા જ છે અર્થાત્ આત્મા તે રત્નત્રયથી જુદો નથી પણ તન્મય જ છે.

## અપાદાનસ્વરૂપની સાથે અભેદપણું

यस्मात्पश्यति जानाति स्वस्वरुपाच्चरत्यपि।
दर्शनज्ञानचारित्रत्रयमात्मैव तन्मयः ।।१२।।

**અર્થ** :—જે નિજસ્વરૂપથી દેખે છે, નિજસ્વરૂપથી જાણે છે તથા નિજસ્વરૂપથી વર્તે છે તે દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ રત્નત્રય છે; તે બીજું કોઈ નથી પણ તન્મય થયેલો આત્મા જ છે.

## સંબંધી સ્વરૂપ સાથે અભેદપણું

यस्य पश्यति जानाति स्वस्वरुपस्य चरत्यपि।
दर्शनज्ञानचारित्रत्रयमात्मैव तन्मयः ।।१३।।

**અર્થ** :—જે નિજસ્વરૂપના સંબંધને દેખે છે, નિજસ્વરૂપના સંબંધને જાણે છે તથા નિજસ્વરૂપના સંબંધની પ્રવૃત્તિ કરે છે, તે દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રય છે. તે આત્માથી જુદી બીજી કોઈ ચીજ નથી પણ આત્મા જ તન્મય છે.

## આધારસ્વરૂપ સાથે અભેદપણું

यस्मिन् पश्यति जानाति स्वस्वरुपे चरत्यपि।
दर्शनज्ञानच्चारित्रत्रयमात्मैव तन्मयः ।।१४।।

**અર્થ** :—જે નિજસ્વરૂપમાં દેખે છે, જે નિજસ્વરૂપમાં જાણે છે તથા જે નિજસ્વરૂપમાં સ્થિર થાય છે તે દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રય છે. તે આત્માથી કોઈ ભિન્ન વસ્તુ નથી પણ આત્મા જ તન્મય છે.

## ક્રિયાસ્વરૂપનું અભેદપણું

ये स्वभावाद् दृशिज्ञप्तिचर्यारुपक्रियात्मकाः।
दर्शनज्ञानचारित्रत्रयमात्मैव तन्मयः ।।१५।।

**અર્થ** :—જે દેખવારૂપ, જાણવારૂપ તથા ચારિત્રરૂપ ક્રિયાઓ છે તે દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રય છે; પરંતુ એ ક્રિયાઓ આત્માથી કોઈ જુદી ચીજ નથી, તન્મય આત્મા જ છે.

## ગુણસ્વરૂપનું અભેદપણું

दर्शनज्ञानचारित्रगुणानां य इहाश्रयः।
दर्शनज्ञानचारित्रत्रयमात्मैव तन्मयः ।।१६।।

**અર્થ** :—જે દર્શન, જ્ઞાન, ચારિત્ર ગુણોનો આશ્રય છે તે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય છે. દર્શનાદિ ગુણો આત્માથી જુદી કોઈ ચીજ નથી, પરંતુ આત્મા જ તન્મય થયો માનવો જોઈએ અથવા આત્મા તન્મય જ છે.

## પર્યાયોના સ્વરૂપનું અભેદપણું

**दर्शनज्ञानचारित्रपर्यायाणां य आश्रयः।**
**दर्शनज्ञानचारित्रत्रयमात्मैव स स्मृतः॥१७॥**

**અર્થ** :—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય પર્યાયોનો જે આશ્રય છે તે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય છે. રત્નત્રય આત્માથી કોઈ જુદી ચીજ નથી, આત્મા જ તન્મય થઈને રહે છે અથવા તન્મય જ આત્મા છે. આત્મા તેનાથી કોઈ જુદી ચીજ નથી.

## પ્રદેશસ્વરૂપનું અભેદપણું

**दर्शनज्ञानचारित्रप्रदेशा ये प्ररुपिताः।**
**दर्शनज्ञानचारित्रमयस्यात्मन एव ते॥१८॥**

**અર્થ** :—દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પ્રદેશો બતાવવામાં આવ્યા છે તે આત્માના પ્રદેશોથી કાંઈ ભિન્ન નથી. દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્માના જ તે પ્રદેશો છે અથવા દર્શન-જ્ઞાન-ચારિત્રના પ્રદેશરૂપ જ આત્મા છે અને તે જ રત્નત્રય છે. જેમ આત્માના પ્રદેશો અને રત્નત્રયના પ્રદેશો ભિન્ન ભિન્ન નથી તેમ પરસ્પર દર્શનાદિ ત્રણેના પ્રદેશો પણ ભિન્ન નથી, તેથી આત્મા અને રત્નત્રય ભિન્ન નથી પણ આત્મા તન્મય જ છે.

## અગુરુલઘુસ્વરૂપનું અભેદપણું

**दर्शनज्ञानचारित्रागुरुलध्वावाह्वया गुणाः।**
**दर्शनज्ञानचारित्रत्रयस्यात्मन एव ते॥१९॥**

**અર્થ** :—અગુરુલઘુ નામનો ગુણ હોવાથી વસ્તુમાં જેટલા ગુણો છે તે એ સીમાથી અધિક પોતાની હાનિ-વૃદ્ધિ કરતા નથી; એ જ બધા દ્રવ્યોમાં અગુરુલઘુગુણનું પ્રયોજન છે. એ ગુણના નિમિત્તથી બધા ગુણોમાં જે સીમાનું ઉલ્લંઘન થતું નથી તેને પણ અગુરુલઘુ કહેવાય છે; તેથી અહીં અગુરુલઘુને દર્શનાદિકનું વિશેષણ કહેવું જોઈએ.

**અર્થાત્**-અગુરુલઘુરૂપ પ્રાપ્ત થવાવાળા જે દર્શન, જ્ઞાન, ચારિત્ર છે તે આત્માથી જુદાં નથી અને પરસ્પરમાં પણ તેઓ કાંઈ જુદાં જુદાં નથી; દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે રત્નત્રય છે, તેનું તે (અગુરુલઘુ) સ્વરૂપ છે અને તે તન્મય જ છે. એ રીતે અગુરુલઘુરૂપ રત્નત્રયમય આત્મા

છે, પણ આત્મા તેનાથી જુદી ચીજ નથી. કેમ કે આત્માનો અગુરુલઘુસ્વભાવ છે અને આત્મા રત્નત્રયસ્વરૂપ છે, તેથી તે સર્વે આત્માથી અભિન્ન છે.

## ઉત્પાદ્–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપનું અભેદપણું

**दर्शनज्ञानचारित्रध्रौव्योत्पादव्ययास्तु ये।**
**दर्शनज्ञानचारित्रमयस्यात्मन एव ते।।२०।।**

**અર્થ** :—દર્શન–જ્ઞાન–ચારિત્રમાં જે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે તે સર્વે આત્માના જ છે; કેમ કે દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે રત્નત્રય છે તે આત્માથી ભિન્ન નથી. દર્શન–જ્ઞાન–ચારિત્રમય જ આત્મા છે, અથવા તો દર્શન–જ્ઞાન–ચારિત્ર આત્મામય જ છે, તેથી રત્નત્રયના જે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય છે તે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય આત્માના જ છે. પરસ્પરમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય પણ અભિન્ન જ છે.

આ રીતે, જો રત્નત્રયનાં જેટલાં વિશેષણો છે તે સર્વે આત્માનાં જ છે અને આત્માથી અભિન્ન છે, તો રત્નત્રયને પણ આત્મસ્વરૂપ જ માનવું જોઈએ.

આ પ્રકારે અભેદરૂપથી જે નિજાત્માનાં દર્શન–જ્ઞાન–ચારિત્ર છે તે નિશ્ચયરત્નત્રય છે. તેના સમુદાયને (–એકતાને) નિશ્ચયમોક્ષમાર્ગ કહેવાય છે. આ જ મોક્ષમાર્ગ છે.

## નિશ્ચય વ્યવહાર માનવાનું તાત્પર્ય

**स्यात् सम्यक्त्वज्ञानचारित्ररूपः पर्यायार्थादेशतो मुक्तिमार्गः।**
**एको ज्ञाता सर्वदैवाद्वितीयः स्याद् द्रव्यार्थादेशतो मुक्तिमार्गः।।२१।।**

**અર્થ** :—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રરૂપ જુદી જુદી પર્યાયો દ્વારા જીવને જાણવો તે પર્યાયાર્થિકનયની અપેક્ષાએ મોક્ષમાર્ગ છે અને એ સર્વે પર્યાયોમાં જ્ઞાતા જીવ એક જ સદા રહે છે, પર્યાય તથા જીવનો કોઈ ભેદ નથી–એમ રત્નત્રયથી આત્માને અભિન્ન જાણવો તે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ મોક્ષમાર્ગ છે.

અર્થાત્ રત્નત્રયથી જીવ અભિન્ન છે અથવા ભિન્ન છે, એમ જાણવું તે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયનું સ્વરૂપ છે; પરંતુ રત્નત્રયમાં ભેદપૂર્વક પ્રવૃત્તિ હોવી તે વ્યવહારમોક્ષમાર્ગ છે અને અભેદપૂર્વક પ્રવૃત્તિ હોવી તે નિશ્ચયમોક્ષમાર્ગ છે, તેથી ઉપરના શ્લોકોનું તાત્પર્ય એ છે કે :—

આત્માને પ્રથમ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય દ્વારા જાણીને પર્યાય ઉપરથી લક્ષ ઉઠાવી પોતાનો ત્રિકાળી સામાન્ય ચૈતન્યસ્વભાવ—જે દ્રવ્યાર્થિકનયનો વિષય છે તે તરફ વળતાં શુદ્ધતા અને નિશ્ચયરત્નત્રય પ્રગટે છે.

## તત્ત્વાર્થસાર ગ્રંથનું પ્રયોજન

(વસંતતિલકા)

तत्त्वार्थसारमिति यः समिधिर्विदित्वा,
निर्वाणमार्गमधितिष्ठति निष्प्रकम्पः।
संसारबन्धमवधूय स धूतमोह—
श्चैतन्यरुपमचलं शिवतत्त्वमेति॥२२॥

**અર્થ** :—બુદ્ધિમાન અને સંસારથી ઉપેક્ષિત થયેલ જે જીવ આ ગ્રંથને અથવા તત્ત્વાર્થના સારને આ ઉપર કહેલા પ્રકારે સમજીને નિશ્ચલતાપૂર્વક મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થશે. તે જીવ મોહનો નાશ કરી સંસારબંધનને દૂર કરી, નિશ્ચળ ચૈતન્યસ્વરૂપી મોક્ષતત્ત્વને (–શિવતત્ત્વને) પ્રાપ્ત કરી શકે છે.

## આ ગ્રંથના કર્તા પુદ્‌ગલો છે, આચાર્ય નથી.

वर्णाः पदानां कर्तारो वाक्यानां तु पदावलिः।
वाक्यानि चास्य शास्त्रस्य कर्तृणि न पुनर्वयम्॥२३॥

**અર્થ** :—વર્ણો (અર્થાત્ અનાદિસિદ્ધ અક્ષરોનો સમૂહ) આ પદોના કર્તા છે, પદાવલિ વાક્યોના કર્તા છે અને વાક્યોએ આ શાસ્ત્ર કર્યું છે. આ શાસ્ત્ર મેં (–આચાર્યે) બનાવ્યું છે— એમ કોઈએ ન સમજવું. (જુઓ તત્ત્વાર્થસાર પા. ૪૨૧ થી ૪૨૮)

**નોંધ** :—(૧) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા થઈ શકતું નથી—એ સિદ્ધાંત પ્રતિપાદન કરીને અહીં આચાર્યભગવાને સ્પષ્ટપણે જણાવ્યું છે, કે જીવ જડશાસ્ત્રને બનાવી શકે નહીં.

(૨) શ્રી સમયસારની ટીકા, શ્રી પ્રવચનસારની ટીકા, શ્રી પંચાસ્તિકાયની ટીકા અને શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય શાસ્ત્રના કર્તૃત્વસંબંધમાં પણ આચાર્યભગવાનશ્રી અમૃતચંદ્રસૂરિએ જણાવ્યું છે, કે–આ શાસ્ત્રના અથવા ટીકાના કર્તા પુદ્‌ગલદ્રવ્યો છે, હું (આચાર્ય) નથી. આ તત્ત્વ–જિજ્ઞાસુઓએ ખાસ ખ્યાલમાં રાખવાની જરૂરિયાત હોવાથી આચાર્યભગવાને તત્ત્વાર્થસાર પૂરું કરતાં પણ તે સ્પષ્ટપણે જણાવ્યું છે, માટે પ્રથમ ભેદવિજ્ઞાન પ્રાપ્ત કરી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરી શકે નહીં એમ નક્કી કરવું; એ નક્કી કરતાં જીવને પોતા તરફ જ વળવાનું રહે છે. હવે પોતા તરફ વળતાં પોતામાં બે પડખાં છે. તેમાં એક ત્રિકાળી ચૈતન્યસ્વભાવ–જે પરમપારિણામિકભાવ કહેવાય છે–તે છે અને બીજું પોતાની વર્તમાન પર્યાય છે. પર્યાય ઉપર લક્ષ કરતાં વિકલ્પ (–રાગ) ટળતા નથી, માટે ત્રિકાળી ચૈતન્યસ્વભાવભાવ તરફ વળવા માટે

સર્વ વીતરાગીશાસ્ત્રોની અને શ્રીગુરુઓની આજ્ઞા છે. માટે તે તરફ વળી પોતાની શુદ્ધ દશા પ્રગટાવવી એ જ જીવનું કર્તવ્ય છે. માટે તે પ્રમાણે જ કરવા સર્વ જીવોએ પુરુષાર્થ કરવો જોઈએ. તે શુદ્ધદશાને જ મોક્ષ કહે છે. 'મોક્ષ'નો અર્થ નિજશુદ્ધતાની પૂર્ણતા અથવા સર્વ સમાધાન છે અને તે જ અવિનાશી અને શાશ્વત–ખરું સુખ છે. જીવ દરેક સમયે સાચું કાયમી સુખ મેળવવા ઈચ્છે છે અને પોતાના જ્ઞાન અનુસાર ઉપાય પણ કરે છે, પણ તેને મોક્ષના સાચા ઉપાયની ખબર ન હોવાથી ઊંધા ઉપાય હરસમયે કર્યા કરે છે. તે ઊંધા ઉપાયથી પાછા હઠીને સવળા ઉપાય તરફ લાયક જીવો વળે–એટલો આ શાસ્ત્રનો હેતુ છે.

# પરિશિષ્ટ–૨

## દરેક દ્રવ્ય અને તેના દરેક પર્યાયની સ્વતંત્રતાનો ઢંઢેરો

૧. દરેક દ્રવ્ય ત્રિકાળી પર્યાયોનો પિંડ છે અને તેથી તે ત્રણેકાળના વર્તમાન પર્યાયોને લાયક છે; અને પર્યાય એક એક સમયનો છે; તેથી દરેક દ્રવ્ય દરેક સમયે તે તે સમયના પર્યાયને લાયક છે; અને તે તે સમયનો પર્યાય તે તે સમયે થવા લાયક હોવાથી થાય છે; કોઈ દ્રવ્યનો પર્યાય આઘો–પાછો થતો જ નથી.

૨. માટીદ્રવ્ય (–માટીના પરમાણુઓ) પોતાના ત્રણે કાળના પર્યાયોને લાયક છે, છતાં ત્રણે કાળે એક ઘડો થવાની જ તેમાં લાયકાત છે, એમ માનવામાં આવે તો, માટીદ્રવ્ય એક પર્યાય પૂરતું જ થઈ જાય અને તેના દ્રવ્યપણાનો નાશ થાય.

૩. માટીદ્રવ્ય ત્રણે કાળ ઘડો થવાને લાયક છે, એમ કહેવામાં આવે છે. તે પરદ્રવ્યોથી માટીને જુદી પાડીને એમ બતાવવા માટે છે, કે માટી સિવાય બીજા દ્રવ્યો માટીનો ઘડો થવાને કોઈ કાળે લાયક નથી. પરંતુ જે વખતે માટીદ્રવ્યનો તથા તેના પર્યાયની લાયકાતનો નિર્ણય કરવાનો હોય ત્યારે, 'માટીદ્રવ્ય ત્રણે કાળે ઘડો થવાને લાયક છે' એમ માનવું તે મિથ્યા છે; કેમ કે તેમ માનતાં, માટીદ્રવ્યના બીજા જે પર્યાયો થાય છે તે પર્યાયો થવાને માટીદ્રવ્ય લાયક નથી, તોપણ થાય છે—એમ થયું કે જે સર્વથા ખોટું છે.

૪. ઉપરનાં કારણોને લીધે, 'માટીદ્રવ્ય ત્રણે કાળ ઘડો થવાને લાયક છે અને કુંભાર ન આવે ત્યાં સુધી ઘડો થતો નથી' એમ માનવું તે મિથ્યા છે; પણ માટીદ્રવ્યનો પર્યાય જે સમયે ઘડાપણે થવાને લાયક છે તે એક સમયની જ લાયકાત હોવાથી તે જ સમયે ઘડા–રૂપ પર્યાય થાય, આઘો–પાછો થાય નહિ; અને તે વખતે કુંભાર વગેરે નિમિત્તો સ્વયં યોગ્ય સ્થળે હોય જ.

૫. દરેક દ્રવ્ય પોતે જ પોતાના પર્યાયનો સ્વામી હોવાથી તેનો પર્યાય તે તે સમયની લાયકાત પ્રમાણે સ્વયં થયા જ કરે છે; એ રીતે દરેક દ્રવ્યનો પોતાનો પર્યાય દરેક સમયે તે તે દ્રવ્યને જ આધીન છે, બીજા કોઈ દ્રવ્યને આધીન તે પર્યાય નથી.

૬. જીવદ્રવ્ય ત્રિકાળ પર્યાયનો પિંડ છે, તેથી તે ત્રિકાળ વર્તમાન પર્યાયોને લાયક છે અને પ્રગટ પર્યાય એક સમયનો હોવાથી તે તે પર્યાયને લાયક છે.

૭. જો એમ ન માનવામાં આવે તો, એક પર્યાય પૂરતું જ દ્રવ્ય થઈ જાય. દરેક દ્રવ્ય

પોતાના પર્યાયનો સ્વામી હોવાથી તેનો વર્તમાન વર્તતો એક એક સમયનો પર્યાય છે તે, તે દ્રવ્યને હાથ છે-આધીન છે.

૮. જીવને 'પરાધીન' કહેવામાં આવે છે, તેનો અર્થ 'પર દ્રવ્યો તેને આધીન કરે છે અથવા તો પરદ્રવ્યો તેને પોતાનું રમકડું બનાવે છે' એમ નથી, પણ તે તે સમયનો પર્યાય જીવ પોતે પર દ્રવ્યના પર્યાયને આધીન થઈ કરે છે. પરદ્રવ્યો કે તેનો કોઈ પર્યાય જીવને કદી પણ આશ્રય આપી શકે, તેને રમાડી શકે, હેરાન કરી શકે કે દુઃખી-સુખી કરી શકે—એ માન્યતા જૂઠ્ઠી છે.

૯. દરેક દ્રવ્ય સત્ છે, માટે તે દ્રવ્યે, ગુણે ને પર્યાયે પણ સત્ છે અને તેથી તે હંમેશા સ્વતંત્ર છે. જીવ પરાધીન થાય છે તે પણ સ્વતંત્રપણે પરાધીન થાય છે. કોઈ પરદ્રવ્ય કે તેનો પર્યાય તેને પરાધીન કે પરતંત્ર બનાવતાં નથી.

૧૦. એ રીતે શ્રી વીતરાગદેવોએ સંપૂર્ણ સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો છે.

# પરિશિષ્ટ–૩

## સાધક જીવની દષ્ટિનું સળંગ ધોરણ

અધ્યાત્મશાસ્ત્રોમાં 'અભેદ તે નિશ્ચયનય' એમ કહ્યું નથી. જો અભેદ તે નિશ્ચયનય એવો અર્થ કરીએ તો કોઈ વખતે નિશ્ચયનય મુખ્ય થાય અને કોઈ વખતે વ્યવહારનય મુખ્ય થાય, કેમ કે આગમશાસ્ત્રોમાં કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય અને નિશ્ચયનયને ગૌણ કરીને કથન કરવામાં આવે છે. અધ્યાત્મશાસ્ત્રોમાં હંમેશા 'મુખ્ય તે નિશ્ચયનય' છે, અને તેના જ આશ્રયે ધર્મ થાય–એમ સમજાવવામાં આવે છે; અને તેમાં નિશ્ચયનય સદા મુખ્ય જ રહે છે. જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને જ મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે–એમ સમજવું. કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુદ્ધપર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશા નિશ્ચયનય જ આદરણીય છે; તે વખતે બંને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બંને નયો કદી આદરણીય નથી. વ્યવહારનયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી, પરંતુ તેના આશ્રયે તો રાગ–દ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

છ એ દ્રવ્યો, તેના ગુણો અને તેના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને કોઈ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે. અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારીપર્યાય જીવ સ્વયં કરે છે, તેથી થાય છે અને તે જીવનાં અનન્ય પરિણામ છે—એમ વ્યવહારનયે કહેવામાં–સમજાવવામાં આવે, પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે, એમ જ્ઞાનીઓનું કથન છે. કોઈ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહારનય આદરણીય છે—એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે, એમ સમજવું.

**પ્રશ્ન** :—શું સાધક જીવને નય હોતા જ નથી?

**ઉત્તર** :—સાધકદશામાં જ નય હોય છે, કેમ કે કેવળીને તો પ્રમાણ હોવાથી તેમને નય હોતા નથી. અજ્ઞાનીઓ વ્યવહારનયના આશ્રયે ધર્મ થાય એમ માને છે, તેથી તેમનો વ્યવહારનય તો નિશ્ચયનય જ થઈ ગયો, એટલે અજ્ઞાનીને સાચા નય હોતા નથી. એ રીતે સાધક જીવોને જ તેમના શ્રુતજ્ઞાનમાં નય પડે છે. નિર્વિકલ્પદશા સિવાયના કાળમાં જ્યારે તેમને

શ્રુતજ્ઞાનના ભેદરૂપ ઉપયોગ નયપણે હોય છે ત્યારે, અને સંસારના કામમાં હોય કે સ્વાધ્યાય, વ્રત, નિયમાદિ કાર્યોમાં હોય ત્યારે, જે વિકલ્પો ઊઠે છે તે બધા વ્યવહારનયના વિષય છે; પરંતુ તે વખતે પણ તેમના જ્ઞાનમાં નિશ્ચયનય એક જ આદરણીય હોવાથી (–અને વ્યવહારનય તે વખતે હોવા છતાં પણ તે આદરણીય નહિ હોવાથી–) તેમની શુદ્ધતા વધે છે. એ રીતે સવિકલ્પ દશામાં નિશ્ચયનય આદરણીય છે અને વ્યવહારનય ઉપયોગરૂપ હોવા છતાં જ્ઞાનમાં તે જ વખતે હેયપણે છે; એ રીતે નિશ્ચયનય અને વ્યવહારનય–એ બંને સાધક જીવોને એકી વખતે હોય છે.

માટે સાધક જીવોને નય હોતા જ નથી એ માન્યતા સાચી નથી, પણ સાધક જીવોને જ નિશ્ચય અને વ્યવહાર–બંને નયો એકી સાથે હોય છે. નિશ્ચયનયના આશ્રય વિના સાચો વ્યવહારનય હોય જ નહિ. જેને અભિપ્રાયમાં વ્યવહારનયનો આશ્રય હોય તેને તો નિશ્ચયનય રહ્યો જ નહિ; કેમ કે તેને તો, જે વ્યવહારનય છે તે જ નિશ્ચયનય થઈ ગયો.

ચારે અનુયોગોમાં કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે અને કોઈ વખતે નિશ્ચયનયને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે, પણ તે દરેક અનુયોગમાં કથનનો સાર એક જ છે અને તે એ છે, કે–નિશ્ચયનય અને વ્યવહારનય બંને જાણવા યોગ્ય છે, પણ શુદ્ધતા માટે આશ્રય કરવા યોગ્ય નિશ્ચયનય એક જ છે અને વ્યવહારનય કદી પણ આશ્રય કરવા યોગ્ય નથી–તે હંમેશા હેય જ છે, એમ સમજવું.

વ્યવહારનયના જ્ઞાનનું ફળ તેનો આશ્રય છોડીને નિશ્ચયનયનો આશ્રય કરવો તે છે. જો વ્યવહારનયને ઉપાદેય માનવામાં આવે તો તે વ્યવહારનયના સાચા જ્ઞાનનું ફળ નથી પણ વ્યવહારનયના અજ્ઞાનનું એટલે કે મિથ્યાજ્ઞાનનું ફળ છે.

નિશ્ચયનયનો આશ્રય કરવો તેનો અર્થ એ છે કે, નિશ્ચયનયના વિષયભૂત આત્માના ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપનો આશ્રય કરવો; અને વ્યવહારનયનો આશ્રય છોડવો–તેને હેય સમજવો–તેનો અર્થ એ છે કે, વ્યવહારનયના વિષયરૂપ વિકલ્પ, પરદ્રવ્યો કે સ્વદ્રવ્યની અધૂરી અવસ્થા તરફનો આશ્રય છોડવો.

## અધ્યાત્મનું રહસ્ય

અધ્યાત્મમાં મુખ્ય તે નિશ્ચય અને ગૌણ તે વ્યવહાર–એ ધોરણ હોવાથી તેમાં સદાય મુખ્યતા નિશ્ચયની જ છે ને વ્યવહાર સદાય ગૌણપણે જ છે. અધ્યાત્મનું અર્થાત્ સાધક જીવનું આ ધોરણ છે. સાધક જીવની દૃષ્ટિનું સળંગ ધોરણ એ જ રીતે છે.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ

કરતા જાય છે; તેથી સાધકદશામાં **નિશ્ચયની મુખ્યતાના જોરે** સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્ય–ગૌણપણું હોતું નથી અને નય પણ હોતા નથી.

## વસ્તુસ્વભાવ અને તેમાં કઈ તરફ ઢળવું !

વસ્તુમાં દ્રવ્ય અને પર્યાય, નિત્યપણું અને અનિત્યપણું, ઈત્યાદિ જે વિરુદ્ધ ધર્મસ્વભાવ છે તે કદી ટળતો નથી. પણ જે બે વિરુદ્ધધર્મો છે તેમાં એકના લક્ષે વિકલ્પ તૂટે છે અને બીજાના લક્ષે રાગ થાય છે. અર્થાત્ દ્રવ્યના લક્ષે વિકલ્પ તૂટે છે અને પર્યાયના લક્ષે રાગ થાય છે, તેથી બે નયોનો વિરોધ છે. હવે, દ્રવ્યસ્વભાવની મુખ્યતા અને અવસ્થાની ગૌણતા કરીને સાધક જીવ જ્યારે સ્વભાવ તરફ ઢળી ગયો ત્યારે વિકલ્પ તૂટીને સ્વભાવમાં અભેદ થતાં જ્ઞાન પ્રમાણ થઈ ગયું. હવે તે જ્ઞાન જો પર્યાયને જાણે તો પણ ત્યાં મુખ્યતા તો સદાય દ્રવ્યસ્વભાવની જ રહે છે. એ રીતે, જે દ્રવ્યસ્વભાવની મુખ્યતા કરીને ઢળતાં જ્ઞાન પ્રમાણ થયું તે જ દ્રવ્યસ્વભાવની મુખ્યતા સાધકદશાની પૂર્ણતા સુધી નિરંતર રહ્યા કરે છે. અને જ્યાં દ્રવ્યસ્વભાવની જ મુખ્યતા છે ત્યાં સમ્યગ્દર્શનથી પાછા પડવાનું કદી હોતું જ નથી; તેથી સાધક જીવને સળંગપણે દ્રવ્યસ્વભાવની મુખ્યતાના જોરે શુદ્ધતા વધતાં વધતાં જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે વસ્તુના પરસ્પર વિરૂદ્ધ બંને ધર્મોને (દ્રવ્ય અને પર્યાયને) એક સાથે જાણે છે, પણ ત્યાં હવે એકની મુખ્યતા ને બીજાની ગૌણતા કરીને ઢળવાનું રહ્યું નથી. ત્યાં સંપૂર્ણ પ્રમાણ થઈ જતાં બે નયોનો વિરોધ ટળી ગયો (અર્થાત્ નયો જ ટળી ગયા), તોપણ વસ્તુમાં જે વિરુદ્ધ ધર્મસ્વભાવ છે તે તો ટળતા નથી.

# પરિશિષ્ટ–૪

## શાસ્ત્રનો ટૂંક સાર

૧. **આ** જગતમાં જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ છ દ્રવ્યો અનાદિ અનંત છે, તેને ટૂંકામાં 'વિશ્વ' કહેવાય છે. (અધ્યાય—૫)

૨. **તેઓ** સત્ હોવાથી તેમના કોઈ કર્તા નથી, કે તેમના કોઈ નિયામક નથી, પણ વિશ્વના તે દરેક દ્રવ્યો પોતે સ્વતંત્રપણે નિત્ય ટકીને સમયે સમયે પોતાની નવી અવસ્થા પ્રગટ કરે છે અને જૂની અવસ્થા ટાળે છે. (અ. ૫ સૂ. ૩૦)

૩. **તે** છ દ્રવ્યોમાંથી જીવ સિવાયના પાંચ દ્રવ્યો જડ છે. તેમનામાં જ્ઞાન, આનંદ ગુણ નહિ હોવાથી તેઓ સુખી–દુઃખી નથી; જીવોમાં જ્ઞાન, આનંદ ગુણ છે પણ તેઓ પોતાની ભૂલથી અનાદિથી દુઃખી થઈ રહ્યા છે; તેમાં જે જીવો મનવાળાં છે તેઓ હિત-અહિતની પરીક્ષા કરવાની શક્તિ ધરાવતા હોવાથી તેમને દુઃખ ટાળી અવિનાશી સુખ પ્રગટ કરવાનો ઉપદેશ જ્ઞાનીઓએ આપ્યો છે.

૪. શરીરની ક્રિયા, પર જીવોની દયા, દાન, વ્રત વગેરે સુખનો ઉપાય હોવાનું અજ્ઞાની જીવો માને છે. તે ઉપાયો ખોટા છે એમ જણાવવા આ શાસ્ત્રમાં સૌથી પહેલાં જ 'સમ્યગ્દર્શન' સુખનું મૂળ કારણ છે' એમ જણાવ્યું છે. સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી તે જીવને સમ્યક્ચારિત્ર પ્રગટ થયા વિના રહેતું જ નથી.

૫. **જીવ** જ્ઞાતા–દ્રષ્ટા છે અને તેનો વ્યાપાર કે જેને ઉપયોગ કહેવામાં આવે છે તે તેનું લક્ષણ છે; રાગ, વિકાર, પુણ્ય, વિકલ્પ કરુણા વગેરે જીવનું લક્ષણ નથી–એમ તેમાં ગર્ભિતપણે કહ્યું છે. (અ. ૨ સૂ. ૮)

૬. દયા, દાન, અણુવ્રત, મહાવ્રત, મૈત્રી આદિ ચાર ભાવના વગેરે શુભભાવો તેમ જ હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ વગેરે અશુભભાવો આસ્રવનાં કારણો છે–એમ કહીને પુણ્ય–પાપ બંનેને આસ્રવ તરીકે વર્ણવ્યાં છે. (અ. ૬ તથા ૭)

૭. મિથ્યાદર્શન તે સંસારનું મૂળ છે, એમ અ. ૮. સૂ. ૧ માં જણાવ્યું છે. તથા બંધનાં બીજા કારણો અને બંધના પ્રકારોનું સ્વરૂપ પણ જણાવ્યું છે.

૮. સંસારનું મૂળ કારણ મિથ્યાદર્શન છે, તે સમ્યગ્દર્શન વડે જ ટળી શકે, તે સિવાય ઉત્કૃષ્ટ શુભભાવ વડે પણ તે ટળી શકે નહિ. સંવર–નિર્જરારૂપ ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી

જ થાય છે. તે સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી અંશે-અંશે શુદ્ધિ પ્રગટતાં શ્રાવકદશા તથા મુનિદશા કેવી હોય છે તે પણ જણાવ્યું છે. મુનિઓ બાવીસ પ્રકારના પરિષહો ઉપર જય મેળવે છે, એમ જણાવ્યું છે. જો કોઈ પણ વખતે મુનિ પરિષહજય ન કરે તો તેને બંધ થાય છે, તે વિષયનો સમાવેશ આઠમા બંધ અધિકારમાં આવી ગયો છે અને પરિષહજય જ સંવર–નિર્જરા હોવાથી તે વિષય નવમા અધ્યાયમાં જણાવ્યો છે.

૯. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતાની પૂર્ણતા થતાં (અર્થાત્ સંવર–નિર્જરાની પૂર્ણતા થતાં) અશુદ્ધતાનો સર્વથા નાશ થઈને જીવ સંપૂર્ણપણે જડકર્મ અને શરીરથી ભિન્ન થાય છે અને અવિચળ સુખદશા પ્રાપ્ત કરે છે, તે જ મોક્ષતત્ત્વ છે. એનું વર્ણન દસમા અધ્યાયમાં કર્યું છે.

એ પ્રમાણે આ શાસ્ત્રના વિષયોનો ટૂંક સાર છે.

**ઇતિ શ્રી મોક્ષશાસ્ત્ર–ગુજરાતી ટીકા**

**સમાપ્ત**

## મોક્ષશાસ્ત્રના મૂળ સૂત્રોને લગતા મુખ્ય વિષયોનું

# કક્કાવાર સૂચી પત્રક


| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| **અ** | | |
| અકામનિર્જરા | ૬ | ૧૨ |
| અક્ષિપ્ર | ૧ | ૧૬ |
| અગારી | ૭ | ૨૦ |
| અગૃહીત મિથ્યાદર્શન | ૮ | ૧ |
| અઘાતિયા | ૮ | ૪ |
| અઙ્ગોપાંઙ્ગ | ૮ | ૧૧ |
| અચક્ષુદર્શન | ૮ | ૭ |
| અચૌર્યાણુવ્રત | ૭ | ૨૦ |
| અજીવ | ૧ | ૪ |
| અજ્ઞાતભાવ | ૬ | ૬ |
| અજ્ઞાન | ૮ | ૧ |
| અજ્ઞાન પરીષહજય | ૯ | ૯ |
| અંડજ | ૨ | ૩૩ |
| અણુ | ૫ | ૨૫ |
| અણુવ્રત | ૭ | ૨ |
| અતિથિસંવિભાગ વ્રત | ૭ | ૨૧ |
| અતિચાર | ૭ | ૨૩ |
| અતિભારારોપણ | ૭ | ૨૫ |
| અદર્શન પરિષહજય | ૯ | ૯ |
| અધિગમજ સમ્યગ્દર્શન | ૧ | ૩ |
| અધિકરણ ક્રિયા | ૬ | ૫ |
| અધિકરણ | ૬ | ૬ |
| અધ્રુવ | ૧ | ૧૬ |
| અધોવ્યતિક્રમ | ૭ | ૩૦ |
| અન્તર | ૧ | ૮ |
| અનિઃસૃત | ૧ | ૧૬ |
| અનુક્ત | ૧ | ૧૬ |
| અનુગામી અવધિજ્ઞાન | ૧ | ૨૨ |
| અનનુગામી અવધિજ્ઞાન | ૧ | ૨૨ |
| અનવસ્થિત અવધિજ્ઞાન | ૧ | ૨૨ |
| અનીક | ૪ | ૪ |
| અનર્પિત | ૫ | ૩૨ |
| અનાભોગ | ૬ | ૫ |
| અનાકાંક્ષા | ૬ | ૫ |
| અનુમત | ૬ | ૮ |
| અનાભોગનિક્ષેપાધિકરણ | ૬ | ૯ |
| અન્તરાય | ૬ | ૧૦ |
| અનુવીચિભાષણ | ૭ | ૫ |
| અનૃત–અસત્ય | ૭ | ૧૪ |
| અનગારી | ૭ | ૨૦ |
| અનર્થદંડવ્રત | ૭ | ૨૧ |
| અન્યદૃષ્ટિપ્રશંસા | ૭ | ૨૩ |
| અન્નપાનનિરોધ | ૭ | ૨૫ |
| અનંગક્રીડા | ૭ | ૨૮ |
| અનાદર | ૭ | ૩૩ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર | શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|---|---|---|
| અનાદર | ૭ | ૩૪ | અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ | ૬ | ૨૪ |
| અનુભાગબંધ | ૮ | ૩ | અભિષવાહાર | ૭ | ૩૫ |
| અન્તરાય | ૮ | ૪ | અમનસ્ક | ૨ | ૧૧ |
| અનંતાનુબંધી ક્રો. મા. મા. લો. | ૮ | ૯ | અયશઃકીર્તિ | ૮ | ૧૧ |
| અન્તર્મુહૂર્ત | ૮ | ૨૦ | અરતિ | ૮ | ૯ |
| અનુભવબન્ધ | ૮ | ૨૧ | અરતિ પરિષહજય | ૯ | ૯ |
| અનુપ્રેક્ષા | ૯ | ૨ | અર્થ સંક્રાંતિ | ૯ | ૪૪ |
| અનિત્યાનુપ્રેક્ષા | ૯ | ૭ | અર્થ વિગ્રહ | ૧ | ૧૮ |
| અન્યત્વાનુપ્રેક્ષા | ૯ | ૭ | અર્પિત | ૫ | ૩૨ |
| અનશન | ૯ | ૧૯ | અર્હદ્ભક્તિ | ૬ | ૨૪ |
| અનુપ્રેક્ષા | ૯ | ૨૫ | અલ્પબહુત્વ | ૧ | ૮ |
| અનિષ્ટસયોગજ આર્તધ્યાન | ૯ | ૩૦ | અલાભ પરિષહજય | ૯ | ૯ |
| અનન્ત વિયોજક | ૯ | ૪૫ | અલ્પબહુત્વ | ૧૦ | ૯ |
| અન્તર | ૧૦ | ૯ | અવધિજ્ઞાન | ૧ | ૯ |
| અપ્રત્યાખ્યાન | ૬ | ૫ | અવગ્રહ | ૧ | ૧૫ |
| અપ્રત્યવેક્ષિતનિક્ષેપાધિકરણ | ૬ | ૯ | અવાય | ૧ | ૧૫ |
| અપધ્યાન | ૭ | ૨૧ | અવસ્થિત | ૧ | ૨૨ |
| અપરિગૃહીતેત્વરિકાગમન | ૭ | ૨૮ | અવિગ્રહગતી | ૨ | ૨૭ |
| અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગ | ૭ | ૩૪ | અવર્ણવાદ | ૬ | ૧૩ |
| અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતાદાન | ૭ | ૩૪ | અવિરતિ | ૮ | ૧ |
| અપ્રત્યાખ્યાનાવરણ | | | અવધિજ્ઞાનાવરણ | ૮ | ૬ |
| ક્રો. મા.મા.લો. | ૮ | ૯ | અવધિદર્શનાવરણ | ૮ | ૭ |
| અપર્યાપ્ત નામકર્મ | ૮ | ૧૧ | અવિપાક નિર્જરા | ૮ | ૨૩ |
| અપર્યાપ્તક | ૮ | ૧૧ | અવમૌદર્ય | ૯ | ૧૯ |
| અપાયવિચય | ૯ | ૩૬ | અવગાહન | ૧૦ | ૯ |
| અબ્રહ્મ–કુશીલ | ૭ | ૧૬ | અશુભ યોગ | ૬ | ૩ |
| અભિનિબોધ | ૧ | ૧૩ | અશરણાનુપ્રેક્ષા | ૯ | ૭ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર | શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|---|---|---|
| અશુચિત્વાનુપ્રેક્ષા | ૯ | ૭ | આર્તધ્યાન | ૯ | ૩૩ |
| અશુભ | ૮ | ૧૧ | આલોકિતપાનભોજન | ૭ | ૪ |
| અસ્તિકાય (ટીકા) | ૫ | ૧ | આલોચના | ૯ | ૨૨ |
| અસમીક્ષ્યાધિકરણ | ૭ | ૩૨ | આવશ્યકાપરિહાણિ | ૬ | ૨૪ |
| અસદ્વેદ્ય | ૮ | ૮ | આસાદન | ૬ | ૧૦ |
| અસ્થિર | ૮ | ૮ | આસ્રવ | ૧ | ૪ |
| અહિંસાણુવ્રત | ૭ | ૨૦ | આસ્રવાનુપ્રેક્ષા | ૯ | ૭ |
| **[ આ ]** | | | આસ્રવ | ૬ | ૧ |
| આક્રંદન | ૬ | ૧૧ | આહાર | ૨ | ૨૭ |
| આક્રોશ | ૯ | ૨ | આહારક | ૨ | ૩૬ |
| આચાર્યભક્તિ | ૬ | ૨૪ | **[ ઇ - ઈ ]** | | |
| આચાર્ય | ૯ | ૨૪ | ઈષ્ટવિયોગજ આર્તધ્યાન | ૯ | ૩૧ |
| આજ્ઞા વ્યાપાદિકી | ૯ | ૩૫ | ઈન્દ્રિય | ૨ | ૧૪ |
| આજ્ઞા વિચય | ૯ | ૩૬ | ઈન્દ્રિ | ૪ | ૪ |
| આત્મરક્ષ | ૪ | ૪ | ઈર્યાપથ આસ્રવ | ૬ | ૪ |
| આતપ | ૮ | ૧૧ | ઈર્યાપથક્રિયા | ૬ | ૫ |
| આદાનનિક્ષેપણસમિતિ | ૭ | ૧૧ | ઈર્યાસમિતિ | ૭ | ૪ |
| આદેય | ૮ | ૧૧ | ઈર્યા | ૯ | ૫ |
| આદાન નિક્ષેપ | ૯ | ૫ | ઈહા | ૧ | ૧૫ |
| આનયત | ૭ | ૩૧ | **[ ઉ ]** | | |
| આનુપૂર્વ્ય | ૮ | ૧૧ | ઉચ્છ્વાસ | ૮ | ૧૧ |
| આભિયોગ્ય | ૪ | ૪ | ઉચ્ચગોત્ર | ૮ | ૧૨ |
| આભ્યન્તરોપધિ | ૯ | ૨૬ | ઉત્સર્પિણી | ૩ | ૨૭ |
| આમ્નાય | ૯ | ૨૫ | ઉત્પાદ | ૫ | ૩૦ |
| આર્ય | ૩ | ૩૬ | ઉત્તમ ક્ષમા | ૯ | ૬ |
| આરમ્ભ | ૬ | ૮ | ઉત્તમ માર્દવ | ૯ | ૬ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| ઉત્તમ આર્જવ | ૯ | ૬ |
| ઉત્તમ શૌચ | ૯ | ૬ |
| ઉત્તમ સત્ય | ૯ | ૬ |
| ઉત્તમ સંયમ | ૯ | ૬ |
| ઉત્તમ તપ | ૯ | ૬ |
| ઉત્તમ ત્યાગ | ૯ | ૬ |
| ઉત્તમ આકિંચન | ૯ | ૬ |
| ઉત્તમ બ્રહ્મચર્ય | ૯ | ૬ |
| ઉત્સર્ગ | ૯ | ૫ |
| ઉદય–ઔદયિકભાવ | ૨ | ૧ |
| ઉદ્યોત | ૮ | ૧૧ |
| ઉપશમ–ઔપશમિકભાવ | ૨ | ૧ |
| ઉપયોગ | ૨ | ૮ |
| ઉપકરણ | ૨ | ૧૭ |
| ઉપયોગ | ૨ | ૧૮ |
| ઉપપાદ જન્મ | ૨ | ૩૧ |
| ઉપકરણ સંયોગ | ૬ | ૯ |
| ઉપઘાત | ૬ | ૧૦ |
| ઉપભોગ પરિભોગ–પરિમાણવ્રત | ૭ | ૨૧ |
| ઉપઘાત | ૮ | ૧૧ |
| ઉપસ્થાપન | ૯ | ૨૨ |
| ઉપચાર વિનય | ૯ | ૨૩ |
| ઉપાધ્યાય | ૯ | ૨૪ |
| **[ ઊ ]** | | |
| ઊર્ધ્વવ્યતિક્રમ | ૮ | ૩૦ |
| ઋજુમતિ મનઃપર્યય | ૧ | ૨૩ |
| ઋજુસૂત્રનય | ૧ | ૩૩ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| **[ એ - ઔ ]** | | |
| એકવિધ | ૧ | ૧૬ |
| એકાન્ત મિથ્યાત્વ | ૮ | ૧ |
| એકાત્વાનુપ્રેક્ષા | ૯ | ૭ |
| એકત્વવિતર્ક | ૯ | ૪૨ |
| એવંભૂત નય | ૧ | ૩૩ |
| એષણાસમિતિ | ૯ | ૫ |
| ઔપશમિક સમ્યક્ત્વ | ૨ | ૩ |
| ઔપશમિક ચારિત્ર | ૨ | ૩ |
| **[ ક ]** | | |
| કર્મયોગ | ૨ | ૨૫ |
| કર્મભૂમિ | ૩ | ૩૭ |
| કલ્પોપપન્ન | ૪ | ૧૭ |
| કલ્પાતીત | ૪ | ૧૭ |
| કલ્પ | ૪ | ૨૩ |
| કષાય | ૬ | ૮ |
| કૃત | ૬ | ૮ |
| કન્દર્પ | ૭ | ૩૨ |
| કષાય | ૮ | ૧ |
| કષાય કુશીલ | ૯ | ૪૬ |
| કાળ | ૧ | ૮ |
| કાર્મણ શરીર | ૨ | ૩૬ |
| કાયયોગ | ૬ | ૧ |
| કાયિકી ક્રિયા | ૬ | ૫ |
| કારિત | ૬ | ૮ |
| કાય નિસર્ગ | ૬ | ૯ |
| કારુણ્ય | ૭ | ૧૧ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| કાંક્ષા | ૭ | ૨૩ |
| કામતીવ્રાભિનિવેશ | ૭ | ૨૮ |
| કાયયોગ દુષ્પ્રણિધાન | ૭ | ૩૩ |
| કાલાતિક્રમ | ૭ | ૩૬ |
| કાયક્લેશ | ૯ | ૧૯ |
| કાળ | ૧૦ | ૯ |
| કિલ્વિષક | ૪ | ૪ |
| ક્રિયા | ૫ | ૨૨ |
| કીલક સંહનન | ૮ | ૧૧ |
| કુપ્ય પ્રમાણાતિક્રમ | ૭ | ૨૯ |
| કુબ્જક સંસ્થાન | ૮ | ૧૧ |
| કુળ | ૯ | ૨૪ |
| કુશીલ | ૯ | ૪૬ |
| કૂટલેખ ક્રિયા | ૭ | ૨૬ |
| કૃત | ૬ | ૮ |
| કેવળજ્ઞાન | ૧ | ૯ |
| કેવળજ્ઞાન | ૨ | ૪ |
| કેવળદર્શન | ૨ | ૪ |
| કેવળીનો અવર્ણવાદ | ૬ | ૧૩ |
| કેવળજ્ઞાનાવરણ | ૮ | ૬ |
| કેવળ દર્શનાવરણ | ૮ | ૭ |
| ક્રોધપ્રત્યાખ્યાન | ૭ | ૫ |
| ક્રોડાક્રોડી | ૮ | ૧૪ |
| કૌત્કુચ્ય | ૭ | ૩૨ |
| **[ ક્ષ ]** | | |
| ક્ષયોપશમ–ક્ષાયોપશમિકભાવ | ૨ | ૧ |
| ક્ષય-ક્ષાયિકભાવ | ૨ | ૧ |
| ક્ષયોપશમ દાનાદિ | ૨ | ૪ |
| ક્ષાયિક સમ્યક્ત્વ | ૨ | ૪ |
| ક્ષાયિક ચારિત્ર | ૨ | ૪ |
| ક્ષાયોપશમિક સમ્યક્ત્વ | ૨ | ૫ |
| ક્ષાયોપશમિક ચારિત્ર | ૨ | ૫ |
| ક્ષાન્તિ | ૬ | ૧૨ |
| ક્ષિપ્ર | ૧ | ૧૬ |
| ક્ષુધાપરિષહજય | ૯ | ૯ |
| ક્ષેત્ર | ૧ | ૮ |
| ક્ષેત્ર | ૧૦ | ૯ |
| ક્ષેત્રવાસ્તુપ્રમાણાતિક્રમ | ૭ | ૨૯ |
| ક્ષેત્રવૃદ્ધિ | ૭ | ૩૦ |
| **[ ગ ]** | | |
| ગર્ભ જન્મ | ૨ | ૩૧ |
| ગતિનામ કર્મ | ૮ | ૧૧ |
| ગન્ધ | ૮ | ૧૧ |
| ગણ | ૯ | ૨૪ |
| ગતિ | ૧૦ | ૯ |
| ગ્લાન | ૯ | ૨૦ |
| ગુણપ્રત્યય | ૧ | ૨૧ |
| ગુણ | ૫ | ૩૮ |
| ગુણ | ૫ | ૩૪ |
| ગુણ | ૫ | ૪૧ |
| ગુણવ્રત | ૭ | ૨૦ |
| ગુપ્તિ | ૯ | ૨ |
| ગુણસ્થાન | ૯ | ૧૦ |
| ગૃહિત મિથ્યાત્વ | ૮ | ૧ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| ગોત્ર | ૮ | ૪ |
| **[ ઘ ]** | | |
| ઘાતિયાકર્મ | ૮ | ૪ |
| **[ ચ ]** | | |
| ચક્ષુદર્શનાવરણ | ૮ | ૭ |
| ચર્યાપરિષહ જય | ૯ | ૨ |
| ચારિત્ર | ૯ | ૨ |
| ચારિત્ર વિનય | ૯ | ૨૩ |
| ચારિત્ર | ૧૦ | ૯ |
| ચિન્તા | ૧ | ૧૩ |
| **[ છ ]** | | |
| છેદ | ૭ | ૨૫ |
| છેદોપસ્થાપના | ૯ | ૧૮ |
| છેદ | ૯ | ૨૨ |
| **[ જ ]** | | |
| જઘન્ય ગુણ | ૫ | ૩૪ |
| જરાયુજ | ૨ | ૩૨ |
| જાતિ નામકર્મ | ૮ | ૩૧ |
| જીવ | ૧ | ૪ |
| જીવિતાશંસા | ૭ | ૩૭ |
| જુગુપ્સા | ૮ | ૯ |
| **[ જ્ઞ ]** | | |
| જ્ઞાતભાવ | ૬ | ૬ |
| જ્ઞાનોપયોગ | ૨ | ૯ |
| જ્ઞાનાવરણ | ૮ | ૪ |
| જ્ઞાનવિનય | ૯ | ૨૩ |
| જ્ઞાન | ૧૦ | ૯ |
| **[ ત ]** | | |
| તદાહૃતાદાન | ૭ | ૧૭ |
| તદુભય | ૯ | ૨૨ |
| તન્મનોહરાંગ નિરીક્ષણત્યાગ | ૭ | ૭ |
| તપ | ૯ | ૨૨ |
| તપસ્વી | ૯ | ૨૪ |
| તાપ | ૬ | ૧૧ |
| તિર્યંચ | ૪ | ૨૭ |
| તિર્યગ્વ્યતિક્રમ | ૭ | ૩૦ |
| તીવ્રભાવ | ૬ | ૬ |
| તીર્થંકરત્વ | ૮ | ૧૧ |
| તીર્થ | ૧૦ | ૯ |
| તૃષા પરિષહજય | ૯ | ૯ |
| તૈજસ શરીર | ૨ | ૩૬ |
| **[ ત્ર ]** | | |
| ત્રસ | ૨ | ૧૪ |
| ત્રસ | ૮ | ૧ |
| ત્રાયસ્ત્રિંશ | ૪ | ૪ |
| **[ દ ]** | | |
| દર્શનોપયોગ | ૨ | ૯ |
| દર્શન ક્રિયા | ૬ | ૫ |
| દર્શનવિશુદ્ધિ | ૬ | ૨૪ |
| દર્શનાવરણ | ૮ | ૪ |
| દર્શનવિનય | ૯ | ૨૩ |
| દંશમશક પરીષહજય | ૨ | ૯ |
| દ્રવ્ય | ૧ | ૫ |
| દ્રવ્યાર્થિકનય | ૧ | ૬ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| દ્રવ્યેન્દ્રિય | ૨ | ૧૭ |
| દ્રવ્ય | ૫ | ૨૯ |
| દ્રવ્યવિશેષ | ૫ | ૩૯ |
| દ્રવ્યસંવર | ૯ | ૯ |
| દાતૃવિશેષ | ૭ | ૩૯ |
| દાનાન્તરાય આદિ | ૮ | ૧૩ |
| દાન | ૭ | ૩૮ |
| દાસીદાસ પ્રમાણાતિક્રમ | ૭ | ૨૯ |
| દિગ્વ્રત | ૭ | ૨૧ |
| દુઃપ્રમૃષ્ટ નિક્ષેપાધિકરણ | ૬ | ૯ |
| દુઃખ | ૬ | ૧૧ |
| દુઃશ્રુતિ | ૭ | ૨૧ |
| દુઃસ્વર | ૮ | ૧૧ |
| દુર્ભગ | ૮ | ૧૧ |
| દુષ્પકવાહાર | ૭ | ૩૫ |
| દેવ | ૪ | ૧ |
| દેવનો અવર્ણવાદ | ૬ | ૧૩ |
| **[ ધ ]** | | |
| ધનધાન્ય પ્રમાણાતિક્રમ | ૭ | ૨૯ |
| ધર્મના અવર્ણવાદ | ૬ | ૧૩ |
| ધર્મ | ૯ | ૨ |
| ધર્માનુપ્રેક્ષા | ૯ | ૭ |
| ધર્મોપદેશ | ૯ | ૨૫ |
| ધારણા | ૧ | ૧૫ |
| ધ્યાન | ૯ | ૨૦ |
| ધ્યાન | ૯ | ૨૭ |
| ધ્રુવ | ૧ | ૧૬ |
| ધ્રૌવ્ય | ૫ | ૩૧ |
| **[ ન ]** | | |
| નય | ૧ | ૫ |
| નપુંસકવેદ | ૮ | ૯ |
| નરકાયુ | ૮ | ૧૦ |
| નરકગત્યાનુપૂર્વ્ય આદિ | ૮ | ૧૧ |
| નામ | ૧ | ૫ |
| નામ | ૮ | ૪ |
| નારાચ સંહનન | ૮ | ૧૧ |
| નાગ્ન્ય પરિષહજય | ૯ | ૯ |
| નિસર્ગજ સમ્યગ્દર્શન | ૧ | ૩ |
| નિર્જરા | ૧ | ૪ |
| નિક્ષેપ | ૧ | ૫ |
| નિર્દેશ | ૧ | ૭ |
| નિઃસૃત | ૧ | ૧૬ |
| નિર્વૃત્તિ | ૨ | ૧૦ |
| નિશ્ચય કાળદ્રવ્ય | ૫ | ૪૦ |
| નિસર્ગ ક્રિયા | ૬ | ૫ |
| નિર્વર્તના | ૬ | ૯ |
| નિક્ષેપ | ૬ | ૯ |
| નિસર્ગ | ૬ | ૯ |
| નિહ્નવ | ૬ | ૧૦ |
| નિદાન શલ્ય | ૭ | ૧૮ |
| નિદાન | ૭ | ૩૭ |
| નિદ્રા | ૮ | ૭ |
| નિદ્રાનિદ્રા | ૮ | ૭ |
| નિર્માણ | ૮ | ૧૧ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર | શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|---|---|---|
| નિર્વૃત્યપર્યાપ્તિક | ૮ | ૧૧ | પર્યાય | ૫ | ૩૨ |
| નિર્જરાનુપ્રેક્ષા | ૯ | ૭ | પર્યાયાર્થિક નય | ૧ | ૬ |
| નિષદ્યાપરિષહજય | ૯ | ૯ | પ્રમાણ | ૧ | ૫ |
| નિદાન આર્ત્તધ્યાન | ૯ | ૩૧ | પ્રત્યક્ષ પ્રમાણ | ૧ | ૬ |
| નિર્ગ્રન્થ | ૯ | ૪૬ | પ્રકીર્ણક | ૪ | ૪ |
| નીચગોત્ર | ૮ | ૧૨ | પ્રવિચાર | ૪ | ૭ |
| નૈગમ નય | ૧ | ૩૩ | પ્રદેશ | ૫ | ૮ |
| ન્યાસાપહાર | ૭ | ૨૬ | પ્રદોષ | ૬ | ૧૦ |
| **[ ૫ ]** | | | પ્રવચનભક્તિ | ૬ | ૨૪ |
| પરોક્ષપ્રમાણ | ૧ | ૬ | પ્રવચનવત્સલત્વ | ૬ | ૨૪ |
| પરિણામ | ૫ | ૨૨ | પ્રમોદ | ૭ | ૧૧ |
| પરિણામ પર્યાય | ૫ | ૪૨ | પ્રમાદચર્યા | ૭ | ૨૧ |
| પરિદેવન | ૬ | ૧૧ | પ્રતિરૂપક વ્યવહાર | ૭ | ૨૭ |
| પરોપરોધાકરણ | ૭ | ૬ | પ્રમાદ | ૮ | ૧ |
| પરિગ્રહ | ૭ | ૧૭ | પ્રકૃતિબન્ધ | ૮ | ૩ |
| પરિગ્રહ પરિમાણવ્રત | ૭ | ૨૦ | પ્રદેશબન્ધ | ૮ | ૩ |
| પરવિવાહકરણ | ૭ | ૨૮ | પ્રતિજીવિગુણ | ૮ | ૪ |
| પરિગૃહીતેત્વરિકાગમન | ૭ | ૨૮ | પ્રચલા | ૮ | ૭ |
| પરવ્યપદેશ | ૭ | ૩૬ | પ્રચલાપ્રચલા | ૮ | ૭ |
| પરઘાત | ૮ | ૧૧ | પ્રત્યાખ્યાનાવરણ | ૮ | ૯ |
| પરીષહજય | ૯ | ૨ | પ્રત્યેક શરીર | ૮ | ૧૧ |
| પરિહારવિશુદ્ધિ | ૯ | ૧૮ | પ્રદેશબન્ધ | ૯ | ૨૪ |
| પરિહાર | ૯ | ૨૨ | પ્રજ્ઞાપરીષહજય | ૯ | ૯ |
| પરિગ્રહાનન્દી રૌદ્રધ્યાન | ૯ | ૩૫ | પ્રતિક્રમણ | ૯ | ૨૨ |
| પરત્વાપરત્વ | ૫ | ૨૨ | પૃચ્છના | ૯ | ૨૫ |
| પર્યાપ્તક | ૮ | ૧૧ | પ્રતિસેવના કુશીલ | ૯ | ૪૬ |
| પર્યાપ્તિ નામકર્મ | ૮ | ૧૧ | પ્રત્યેકબુદ્ધબોધિત | ૧૦ | ૯ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| પારિષદ | ૪ | ૪ |
| પાપ | ૬ | ૩ |
| પારિતાપિકી ક્રિયા | ૬ | ૫ |
| પારિગ્રહિકી ક્રિયા | ૬ | ૫ |
| પાપોપદેશ | ૬ | ૨૧ |
| પાત્રવિશેષ | ૬ | ૩૯ |
| પ્રાયશ્ચિત | ૯ | ૨૦ |
| પ્રાયોગ ક્રિયા | ૬ | ૫ |
| પ્રાદોષિકી ક્રિયા | ૬ | ૫ |
| પારિતાપિકી ક્રિયા | ૬ | ૫ |
| પ્રાણાતિપાતિકી ક્રિયા | ૬ | ૫ |
| પ્રાત્યયિકી ક્રિયા | ૬ | ૫ |
| પ્રારમ્ભ ક્રિયા | ૬ | ૫ |
| પુંવેદ | ૮ | ૯ |
| પુદ્ગલ | ૫ | ૨૨ |
| પુદ્ગલક્ષેપ | ૭ | ૩૧ |
| પુણ્ય | ૬ | ૩ |
| પુરસ્કાર | ૯ | ૫ |
| પુલાક | ૯ | ૪૬ |
| પૂર્વરતાનુસ્મરણયોગ | ૭ | ૭ |
| પૃથક્ત્વવિતર્ક | ૯ | ૪૨ |
| પ્રેષ્યપ્રયોગ | ૭ | ૩૧ |
| પોત | ૨ | ૨૩ |
| પ્રૌષધોપવાસ | ૭ | ૨૧ |
| **[ બ ]** | | |
| બકુશ | ૯ | ૪૬ |
| બન્ધ | ૧ | ૪ |
| બન્ધ | ૫ | ૩૩ |
| બન્ધ | ૭ | ૨૫ |
| બન્ધતત્ત્વ | ૮ | ૨ |
| બન્ધન | ૮ | ૧૧ |
| બહુ | ૧ | ૧૬ |
| બહુવિધ | ૧ | ૧૬ |
| બહુશ્રુતભક્તિ | ૬ | ૨૪ |
| બાદર | ૮ | ૧૧ |
| બાલતપ | ૬ | ૧૨ |
| બાહ્યોપધિવ્યુત્સર્ગ | ૯ | ૨૬ |
| બોધિદુર્લભાનુપ્રેક્ષા | ૯ | ૭ |
| **[ ભ ]** | | |
| ભક્તપાનસંયોગ | ૬ | ૯ |
| ભય | ૭ | ૯ |
| ભવપ્રત્યય | ૧ | ૨૧ |
| ભાવ | ૧ | ૫ |
| ભાવ | ૧ | ૮ |
| ભાવેન્દ્રિય | ૨ | ૧૮ |
| ભાવના | ૭ | ૩ |
| ભાવસંવર | ૯ | ૧ |
| ભાષાસમિતિ | ૯ | ૫ |
| ભીરુત્વ પ્રત્યાખ્યાન | ૭ | ૫ |
| ભૂતવ્રત્યનુકમ્પા | ૬ | ૧૧ |
| ભૈક્ષ્યશુદ્ધિ | ૭ | ૬ |
| ભોગભૂમિ | ૩ | ૨૮ |
| ભોગ | ૭ | ૨૧ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| **[ મ ]** | | |
| મતિજ્ઞાન | ૧ | ૮ |
| મતિજ્ઞાન | ૧ | ૮ |
| મતિ | ૧ | ૧૩ |
| મતિજ્ઞાનાવરણ | ૮ | ૬ |
| મન્દભાવ | ૬ | ૬ |
| મનોનિસર્ગ | ૬ | ૧૦ |
| મનોવાગ્ગુપ્તિ | ૭ | ૪ |
| મનોયોગ દુષ્પ્રણિધાન | ૭ | ૩૫ |
| મનઃપર્યયજ્ઞાન | ૧ | ૯ |
| મનઃપર્યયજ્ઞાનાવરણ | ૮ | ૬ |
| મનોજ્ઞ | ૯ | ૨૪ |
| મરણાશંસા | ૭ | ૩૭ |
| મલપરીષહજય | ૭ | ૯ |
| મહાવ્રત | ૭ | ૨ |
| માયાક્રિયા | ૬ | ૫ |
| માત્સર્ય | ૬ | ૨૪ |
| માર્ગપ્રભાવના | ૭ | ૨૪ |
| માધ્યસ્થ | ૭ | ૧૧ |
| માયાશલ્ય | ૭ | ૧૮ |
| માત્સર્ય | ૭ | ૩૬ |
| મિથ્યાત્વક્રિયા | ૬ | ૫ |
| મિથ્યાદર્શનક્રિયા | ૬ | ૫ |
| મિથ્યાત્વશલ્ય | ૭ | ૧૮ |
| મિથ્યોપદેશ | ૭ | ૨૬ |
| મિથ્યાદર્શન | ૮ | ૧ |
| મિથ્યાત્વપ્રકૃતિ | ૮ | ૯ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| મુક્ત | ૨ | ૧૦ |
| મુહૂર્ત | ૮ | ૧૮ |
| મૂળગુણનિર્વર્તના | ૬ | ૯ |
| મૂર્ચ્છા | ૭ | ૧૭ |
| મૃષાનન્દી રૌદ્રધ્યાન | ૯ | ૩૫ |
| મૈત્રી | ૭ | ૧૧ |
| મોક્ષ | ૧ | ૪ |
| મોક્ષ | ૧૦ | ૨ |
| મોહનીય | ૮ | ૪ |
| મૌખર્ય | ૭ | ૩૨ |
| મ્લેચ્છ | ૩ | ૩૬ |
| **[ ય ]** | | |
| યથાખ્યાતચારિત્ર | ૮ | ૯ |
| યથાખ્યાતચારિત્ર | ૯ | ૧૮ |
| યશઃકીર્તિ | ૮ | ૧૧ |
| યાચનાપરીષહજય | ૯ | ૯ |
| યોગ | ૬ | ૧૨ |
| યોગ | ૮ | ૧ |
| યોગ સંક્રાન્તિ | ૯ | ૪૪ |
| **[ ર ]** | | |
| રતિ | ૮ | ૯ |
| રસ | ૮ | ૧૧ |
| રસ પરિત્યાગ | ૯ | ૧૯ |
| રહોભ્યાખ્યાન | ૭ | ૨૬ |
| રૂપાનુપાત | ૭ | ૩૧ |
| રોગપરીષહજય | ૯ | ૯ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| **[ લ ]** | | |
| લબ્ધિ | ૨ | ૧૮ |
| લબ્ધિ | ૨ | ૪૭ |
| લિંગ | ૧૦ | ૯ |
| લેશ્યા | ૨ | ૬ |
| લોકપાલ | ૪ | ૪ |
| લોકાનુપ્રેક્ષા | ૧ | ૫ |
| લોભ પ્રત્યાખ્યાન | ૭ | ૫ |
| લૌકાન્તિક દેવ | ૪ | ૨૪ |
| **[ વ ]** | | |
| વર્ધમાન | ૯ | ૨૧ |
| વર્તના | ૫ | ૨૨ |
| વચનયોગ | ૬ | ૧ |
| વ્રત | ૭ | ૧ |
| વધ | ૭ | ૨૫ |
| વર્ણ | ૮ | ૧૧ |
| વાઙ્નિસર્ગ | ૬ | ૯ |
| વાગ્ગુપ્તિ | ૭ | ૪ |
| વાગ્યોગદુષ્પ્રણિધાન | ૮ | ૩૩ |
| વાચના | ૯ | ૨૫ |
| વિધાન | ૧ | ૭ |
| વિપુલમતિ | ૧ | ૨૩ |
| વિગ્રહગતિ | ૨ | ૨૫ |
| વિગ્રહગતિ | ૨ | ૨૭ |
| વિવૃત્તયોનિ | ૨ | ૩૨ |
| વિમાન | ૪ | ૧૬ |
| વિદારણક્રિયા | ૬ | ૫ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| વિસંવાદન | ૬ | ૨૨ |
| વિનયસંપન્નતા | ૬ | ૨૪ |
| વિમોચિતાવાસ | ૭ | ૬ |
| વિચિકિત્સા | ૭ | ૨૩ |
| વિનય | ૯ | ૨૯ |
| વિવેક | ૯ | ૨૨ |
| વિપાકવિચય | ૯ | ૩૬ |
| વિરુદ્ધરાજ્યાતિક્રિમ | ૭ | ૨૫ |
| વિધિવિશેષ | ૭ | ૩૯ |
| વિપરીત મિથ્યાત્વ | ૮ | ૧ |
| વિહાયોગતિ | ૮ | ૧૧ |
| વિવિક્ત શય્યાસન | ૯ | ૧૯ |
| વીર્યભાવ | ૬ | ૬ |
| વિચાર | ૯ | ૪૪ |
| વૃત્તિપરિસંખ્યાન | ૯ | ૧૯ |
| વૃત્યેષ્ટરસત્યાગ | ૭ | ૭ |
| વેદનીયકર્મ | ૮ | ૪ |
| વેદનાજન્ય આર્ત્તધ્યાન | ૯ | ૩૨ |
| વૈક્રિયિક શરીર | ૨ | ૩૬ |
| વૈમાનિક | ૪ | ૧૬ |
| વૈયાવૃત્યકરણ | ૬ | ૨૪ |
| વૈયાવૃત્ય | ૯ | ૨૦ |
| વૈનયિક મિથ્યાત્વ | ૮ | ૧ |
| વ્યંજનાવગ્રહ | ૧ | ૧૮ |
| વ્યવહારનય | ૧ | ૩૩ |
| વ્યય | ૫ | ૩૦ |
| વ્યુત્સર્ગ | ૯ | ૨૦ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| વ્યુત્સર્ગ | ૯ | ૨૨ |
| વ્યુપરતક્રિયાનિવર્તિ | ૯ | ૪૩ |
| વ્યંજનસંક્રાંતિ | ૯ | ૪૪ |
| **[ શ ]** | | |
| શબ્દનય | ૧ | ૩૩ |
| શક્તિ પ્રમાણે ત્યાગ | ૬ | ૨૪ |
| શક્તિ પ્રમાણે તપ | ૬ | ૨૪ |
| શલ્ય | ૭ | ૧૮ |
| શબ્દાનુપાત | ૮ | ૩૧ |
| શરીર નામકર્મ | ૮ | ૧૧ |
| શય્યાપરિષહજય | ૯ | ૯ |
| શંકા | ૭ | ૩૩ |
| શિક્ષાવ્રત | ૭ | ૨૧ |
| શિલાવ્રતોમાં અનતિચાર | ૬ | ૨૪ |
| શીતપરિષહજય | ૯ | ૯ |
| શુભોપયોગ | ૬ | ૩ |
| શૂન્યાગારવાસ | ૭ | ૬ |
| શૈંક્ષ્ય | ૯ | ૨૪ |
| શોક | ૬ | ૨૧ |
| શોક | ૮ | ૯ |
| શૌચ | ૬ | ૧૨ |
| શ્રુત | ૧ | ૯ |
| શ્રુતનો અવર્ણવાદ | ૬ | ૧૩ |
| શ્રુતજ્ઞાનાવરણ | ૮ | ૬ |
| શ્રેણી | ૨ | ૨૫ |
| **[ સ ]** | | |
| સમ્યગ્જ્ઞાન | ૧ | ૧ |
| સમ્યક્ચારિત્ર | ૧ | ૧ |
| સમ્યગ્દર્શન | ૧ | ૨ |
| સંવર | ૧ | ૪ |
| સત્ | ૧ | ૮ |
| સંજ્ઞા | ૧ | ૧૩ |
| સંગ્રહનય | ૧ | ૩૩ |
| સમભિરૂઢ નય | ૧ | ૩૩ |
| સંયમાસંયમ | ૨ | ૫ |
| સંસારી | ૨ | ૧૦ |
| સમનસ્ક | ૨ | ૧૧ |
| સંજ્ઞા | ૨ | ૨૪ |
| સમ્મૂર્ચ્છન જન્મ | ૨ | ૩૧ |
| સચિત્તયોનિ | ૨ | ૩૨ |
| સંવૃત્તયોનિ | ૨ | ૩૨ |
| સમુદ્ઘાત | ૨ | ૧૬ |
| સમય | ૫ | ૪૪ |
| સમ્યક્ત્વ ક્રિયા | ૬ | ૫ |
| સમાદાન ક્રિયા | ૬ | ૫ |
| સત્ | ૫ | ૩૦ |
| સમન્તાનુપાત ક્રિયા | ૬ | ૫ |
| સંરમ્ભ | ૬ | ૮ |
| સમારમ્ભ | ૬ | ૮ |
| સહસા નિક્ષેપાધિકરણ | ૬ | ૯ |
| સંયોગ નિક્ષેપાધિકરણ | ૬ | ૯ |
| સરાગ સંયમાદિયોગ | ૬ | ૧૨ |
| સંઘના અવર્ણવાદ | ૬ | ૧૩ |
| સંવેગ | ૬ | ૨૪ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર | શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|---|---|---|
| સધર્માવિસંવાદ | ૭ | ૬ | સાધુસમાધિ | ૬ | ૨૪ |
| સત્યાણુવ્રત | ૭ | ૨૦ | સામાયિક | ૭ | ૨૧ |
| સલ્લેખના | ૭ | ૨૨ | સાકાર મન્ત્રભેદ | ૭ | ૨૬ |
| સચિત્તાહાર | ૭ | ૩૫ | સાધારણ શરીર | ૮ | ૧૧ |
| સચિત્ત સંબન્ધાહાર | ૭ | ૩૫ | સામાયિક | ૯ | ૧૮ |
| સચિત્ત સમ્મિશ્રાહાર | ૭ | ૩૫ | સાધુ | ૯ | ૨૪ |
| સચિત્ત નિક્ષેપ | ૭ | ૩૬ | સુખાનુબન્ધ | ૭ | ૩૭ |
| સંશય મિથ્યાત્વ | ૮ | ૧ | સુભગ | ૮ | ૧૧ |
| સદ્વેદ્ય | ૮ | ૮ | સુસ્વર | ૮ | ૧૧ |
| સમ્યક્મિથ્યાત્વ | ૮ | ૯ | સૂક્ષ્મ | ૮ | ૧૧ |
| સંજ્વલન ક્રોધાદિ | ૮ | ૯ | સૂક્ષ્મસામ્પરાય | ૯ | ૧૮ |
| સંઘાત | ૮ | ૧૧ | સ્થાપના | ૧ | ૫ |
| સંસ્થાન | ૮ | ૧૧ | સ્વામિત્વ | ૧ | ૭ |
| સંહનન | ૮ | ૧૧ | સ્થિતિ | ૧ | ૭ |
| સવિપાકનિર્જરા | ૮ | ૨૩ | સ્પર્શન | ૧ | ૮ |
| સંવર | ૯ | ૧ | સ્મૃતિ | ૧ | ૧૩ |
| સમિતિ | ૯ | ૧ | સ્થાવર | ૨ | ૧૩ |
| સંસારાનુપ્રેક્ષા | ૯ | ૭ | સ્કન્ધ | ૫ | ૨૫ |
| સંવરાનુપ્રેક્ષા | ૯ | ૭ | સ્પર્શન ક્રિયા | ૬ | ૫ |
| સત્કારપુરસ્કારપરીષહજય | ૯ | ૯ | સ્વહસ્ત ક્રિયા | ૬ | ૫ |
| સત્કાર | ૯ | ૯ | સ્ત્રીરાગકથાશ્રવણત્યાગ | ૭ | ૭ |
| સંઘ | ૯ | ૨૪ | સ્વશરીરસંસ્કાર ત્યાગ | ૭ | ૭ |
| સંસ્થાન | ૯ | ૩૬ | સ્તેય ચોરી | ૭ | ૧૫ |
| સંખ્યા | ૧૦ | ૯ | સ્તેનપ્રયોગ | ૭ | ૨૭ |
| સાધન | ૧ | ૭ | સ્મૃત્યન્તરાધાન | ૭ | ૩૦ |
| સામાનિક | ૪ | ૪ | સ્મૃત્યનુપસ્થાન | ૭ | ૩૩ |
| સામ્પરાયિક આસ્રવ | ૬ | ૪ | સ્મૃત્યનુપસ્થાન | ૭ | ૩૪ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| સ્થિતિબન્ધ | ૮ | ૩ |
| સ્ત્યાનગૃદ્ધિ | ૮ | ૭ |
| સ્ત્રીવેદ | ૮ | ૯ |
| સ્વરૂપાચરણ ચારિત્ર | ૮ | ૯ |
| સ્પર્શ | ૮ | ૧૧ |
| સ્થાવર નામકર્મ | ૮ | ૧૧ |
| સ્થિર | ૮ | ૧૧ |
| સ્ત્રીપરીષહજય | ૯ | ૯ |
| સ્વાધ્યાય | ૯ | ૨૦ |
| સ્તેયાનન્દી રૌદ્રધ્યાન | ૯ | ૩૬ |
| સ્નાતક | ૯ | ૪૬ |

| શબ્દ | અધ્યાય | સૂત્ર |
|---|---|---|
| **[ હ ]** | | |
| હાસ્ય પ્રત્યાખ્યાન | ૭ | ૫ |
| હાસ્ય | ૮ | ૯ |
| હિરણ્યસુવર્ણપ્રમાણાતિક્રમ | ૭ | ૨૯ |
| હિંસા | ૭ | ૧૩ |
| હિંસાદાન | ૭ | ૨૧ |
| હિંસાનન્દી રૌદ્રધ્યાન | ૯ | ૩૫ |
| હીનાધિકમાનોન્માન | ૭ | ૩૭ |
| હીયમાન અવધિ | ૧ | ૨૧ |
| હુણ્ડક સંસ્થાન | ૮ | ૧૧ |